દિન શુદ્ધિ-દીપિકા

વિશ્વપ્રભા અને હસ્તરેખા શાસ્ત્ર

: લેખક :
મુનિરાજશ્રી
દર્શનવિજયજી
મહારાજ સાહેબ
(ત્રિપુટી)

: પ્રેરક સંશોધક :
મુનિરાજશ્રી
ભદ્રસેનવિજયજી
મહારાજ સાહેબ
(સાહિત્ય સેવી–સેવાસંઘ)

: સંપાદક :
મુનિરાજશ્રી
જ્ઞાનવિજયજી
મહારાજ સાહેબ
(ત્રિપુટી)

: હસ્તરેખા લેખક :
શ્રી હસમુખભાઇ ર. ઝવેરી
ગોરેગામ, મુંબઈ.

પ્રકાશક :– શ્રી ચારિત્ર સ્મારક સમિતિ - મુંબઈ.

卐 દિન શુદ્ધિ–દીપિકા 卐

(વિશ્વપ્રભા અને હસ્તરેખા શાસ્ત્ર)

પ્રથમ આવૃત્તિ : સં. ૧૯૮૩

બીજી આવૃત્તિ : સં. ૨૦૪૨

(સુધારા વધારા સાથે)

serving JinShasan

104151

gyanmandir@kobatirth.org

કિંમત ૧૦૦ રૂપિયા.

મુદ્રક :

બચુભાઈ ખોડીદાસ શાહ (રાશમવાળા)

મુદ્રણ સ્થળ :

જસવંતલાલ ખોડીદાસ શાહ (રાશમવાળા)

પારસ પ્રિન્ટર્સ

સુર્ય નિવાસ, ૧૦, ગૌશાળા લેન, દફતરી રોડ,

મલાડ (ઈસ્ટ), મુંબઈ–૪૦૦૦૯૭.

સમર્પણ ....

જેની નસેનસમાં જૈનત્વની ધગશ હતી.
જેના શ્વાસોશ્વાસમાં શાસનસેવાનો મંત્ર હતો.
જેના શબ્દે શબ્દે સત્ય માર્ગનો પાઠ હતો.
જેની કૃપાદૃષ્ટિથી મારો આત્મવિકાસ થયો છે.

એવા

પરમ પૂનિત પૂજ્યપાદ ગુરૂદેવ

શ્રીમદ્ ચારિત્રવિજયજી મ. સા. (કચ્છી)

ના ચરણારવિંદમાં

સેવક-દર્શન

પ્રાપ્તીસ્થાનો :

શ્રી પંકજભાઈ હિંમતલાલ શાહ
૧૬, કીર્તિકુંજ, પહેલે માળે,
મામલતદારવાડી, બેન્કઓફ મહારાષ્ટ્ર પાસે,
મલાડ (વેસ્ટ), **મુંબઈ-૪૦૦ ૦૬૪.**

શ્રી હસમુખરાય રસીકલાલ ઝવેરી
૨/૫૩, હર્ષવર્ધન ત્રીજે માળે,
એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૨.

શ્રી મેઘરાજ પુસ્તકભંડાર
૨૧૯ એ, કીકાસ્ટ્રીટ,
ગોડીજી બીલ્ડીંગ, પહેલે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

શ્રી સેવંતીલાલ વી. જૈન
માધવ બાગ, સી. પી. ટેન્ક.
મુંબઈ-૪૦૦ ૦૦૪

શ્રી મહેન્દ્ર ગુલાબચંદ શેઠ
જૈન-ધર્મલાભ કાર્યાલય,
દાણાપીઠ, પો. બો. નં. ૧૭૫,
ભાવનગર-૩૬૪ ૦૦૧.

શ્રી સોમંદભાઈ ડી-શાહ
જીવન નીવાસ સામે,
પાલીતાણા-૩૬૪ ૨૫૦.

શ્રી જસવંતરાય ગીરધરલાલ શાહ
દોશીવાડાની પોળ, કાળુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

શ્રી યશોવિજય જૈન ગુરૂકુળ
ગુરૂકુળ ચેમ્બર્સ,
મંમાદેવી તલાવ સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

-: પ્રસ્તાવના :-

श्रीमद् चारित्रविजयसद्गुरुभ्यो नमोनमः

પ્રાચીનત્વ

જૈન સાહિત્ય એ સર્વાંગ પૂર્ણ સાહિત્ય છે, જેમાં દરેક વિષયોને સારા રૂપમાં ઓળખવામાં આવ્યા છે.

પ્રભુ મહાવીર દેવથી આગમસૃષ્ટિનો નવો પ્રાદુર્ભાવ થયો છે, તેમાં પૂર્વના દરેક તીર્થંકરોના આગમોનો સમાવેશ થયો છે; અને એ આગમ પ્રવાહમાંથી કાલિક-ઉત્કાલિક વિગેરે આગમ નહેરો નીકળી છે.

કાલિક આગમોમાં **જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂર્ય** પ્રજ્ઞપ્તિ, **ચંદ્ર** પ્રજ્ઞપ્તિ અને **દ્વિપ**-સાગરપ્રજ્ઞપ્તિ એ સત્યવસ્તુ પ્રરૂપક-પ્રજ્ઞપ્તિઓ છે. જે પૈકીની જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જંબુદ્વીપ-ભરતક્ષેત્રનો, સૂર્યપ્રજ્ઞપ્તિમાં સૂર્ય વિગેરેનો, ચંદ્ર પ્રજ્ઞપ્તિમાં ચંદ્ર વિગેરેનો અને દ્વીપસાગર પ્રજ્ઞપ્તિમાં સમસ્ત દ્વીપસમુદ્રોનો વિષય ચર્ચ્યો છે. એટલે એ આગમોમાં ભૂગોળ આપી છે. અને એ આગમોમાં ખગોળનું આલેખન છે.

અત્યારે તો સ્પષ્ટ થયું છે કે-હિંદમાં પ્રાચીનમાં પ્રાચીન જ્યોતિષ વિષયક જો કોઇ સ્વતંત્ર ગ્રંથ હોય તો તે સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિઓ છે. જેમાં તિથિ, નક્ષત્ર, કરણ, સૂર્યાચાર, યોગ, ગુરૂ, શનિ, ગ્રહણ અને ૮૮ ગ્રહોનો અધિકાર છે.

ત્યાર પછી * **ભદ્રબાહુ** સંહિતાની રચના થઈ છે, જે અત્યારે ઉપલબ્ધ થતી નથી. આ સિવાય પણ ગણિત-જાતક મૂહૂર્ત વિગેરેના અનેક ગ્રંથો રચાયા હશે.

કેટલેક કાળે દુષ્કાળ વિગેરે વિષમ પ્રસંગો ઉપસ્થિત થતાં આ વિષયમાં પીછેહઠની શરૂઆત થઈ.

અર્વાચીનતા-

વળી વિક્રમની બીજી સહસ્ત્રાબ્દીના પૂર્વાર્ધમાં જૈનાચાર્યોએ દરેક સાહિત્ય સાથે ગણિત, હોરા અને મુહૂર્ત જ્યોતિષને પણ સારૂં પોષણ આપ્યું છે; અને તેમાં મંગળ, બુધ, શુક્ર, રાહુ. કેતુ તથા વારોને પણ સ્થાન આપ્યું છે.

*ભદ્રબાહુ સંહિતા પ્રાકૃતમાં હોવી જોઈએ, જેનાં સંસ્કૃત તરજુમામાં ભૃગુસંહિતાનો જન્મ થયો છે, અને ઉપલબ્ધ થતી ભદ્રબાહુ સંહિતા અર્વાચીન છે; એમ મારૂં માનવું છે.

આર્યાવર્તમાં રાહુ કેતુ અને વારના ઉલ્લેખો વધારે નજીકના કાળના છે, કેમકે– એશિઆના તોરણમાં સં. ૧૦૩૫ આ. શુ રવિવાર–સ્વાતિનો (લેખાંક ૭૯૮) ઉલ્લેખ છે. તથા ઘટીઆળાના જીનમંદિરમાં એક બ્રાહ્મણે સં. ૯૧૮ ચૈત્ર શુદિ ૨ હસ્તનક્ષત્ર–બુધવારે હાટ સમર્પણ કર્યાની પ્રાકૃત યાદી છે. (લેખાંક ૯૪૫) હવે આ પહેલાંના ગ્રંથોમાં કે લેખોમાં રાહુ કેતુ કે વારના ઉલ્લેખો નથી, એટલે સમજી શકાય છે કે–લગભગ તે અરસામાંજ વાર વિગેરેની પ્રવૃત્તિ થઇ છે, અને પછીના ગ્રંથોએ તેનો સ્વીકાર કર્યો છે. પ્રસ્તુત દિનશુધ્ધિ પણ આ યુગનોજ મૌહૂર્તિક ગ્રંથ છે.

દિનશુદ્ધિ–કર્તા

વિક્રમ સંવત્ ૧૩૩૦ થી ૧૩૬૦ માં બૃહદગચ્છમાં શ્રી જયશેખર સૂરિની પાટે શ્રી **વજસેન** નામના આચાર્ય હતા, આ સૂરિ ઉપદેશ કરવામાં લબ્ધીવંત હતા. જેથી તેમને **સારંગ** ભૂપતિએ **દેશનાજલધર**નું બીરૂદ આપ્યું હતું. અલ્લાઉદ્દીન ખીલજીએ શિહડ રાણા દ્વારા આ સૂરિની ખ્યાતિ સાંભળીને બહુ માન આપ્યું હતું. તથા તેમના યોગના ચમત્કાર વડે ખુશી થઇને મંત્રિશિહડરાણા દ્વારા **રૂણા** ગામમાં એક સુંદર હાર અને કેટલાક **ફરમાનો** સમર્પ્યા હતા. પ્રો. પીટર્સન અને વેબર પણ પોતાના રીપોર્ટમાં આજ યાદીનો ઉલ્લેખ કરે છે. આ સૂરીશ્વરે વિ. સં. ૧૩૪૨ માં લોઢાણા ગોત્રિય ૧૦૦૦ ઘરોને જૈન બનાવ્યા છે. ગુરૂષડિત્રંશિકા અને લઘુ ત્રિષષ્ઠિ પુરૂષ સારની રચના કરી છે તથા શ્રી મહેશ્વરસૂરિને શ્રી મુનિચંદ્રસૂરિકૃત આવશ્યક સપ્તતિપર ટીકા રચવામાં મદદ કરી છે.

તેમના શિષ્ય ગણમાંથી બે શિષ્યોના નામો મળી શકે છે.

૧–શ્રી **હેમ**તિલકસૂરિ–જેમણે સં. ૧૩૮૨માં **ભાટી** રાજાને અને દુલચીરાયને ઉપદેશ આપી જૈન બનાવ્યા હતા. માની શકાય છે કે–ભૂવન દીપકની **વૃત્તિ** પણ તેઓએ બનાવી હોય.

૨–હરિમુનિ–પોતાના કર્પૂર પ્રકરણમાં લખે છે કે–

श्रीवज्रसेनस्य गुरोस्त्रिषष्टि सार प्रबंध स्फूटसद्‌गुणस्य
शिष्येण चक्रे हरिणेयमिष्टा सूक्तावली नेमिचरित्रकर्त्ता ॥

શ્રી હેમતિલકસૂરિના શિષ્યરત્ન શ્રીમાન રત્નશેખરસૂરિ હતા. જેમનો જન્મ સં. ૧૩૭૨ માં દિક્ષા સં. ૧૩૮૫માં સૂરિપદ સં. ૧૪૦૦ બીલાડા ગામમાં, અને સ્વર્ગગમન

સં. ૧૪૨૮ પછી થએલ છે. જેમણે ખરતર ગચ્છાધિપતિ જીનસિંહ સૂરિના શિષ્ય જીનપ્રભસૂરિ પાસે અભ્યાસ કર્યો હતો. તેઓશ્રીને "મથ્યાંધકાર નભોમણિ"નું બિરૂદ હતું.

દિલ્હીપતિ ફિરોજશાહ તઘલક (ઈ. સ. ૧૩૫૧ થી ૧૩૮૮) પાસે પેથડસંઘવી (સં. ૧૪૪૪) ની સારી પ્રતિષ્ઠા હતી. તેમની દ્વારા આ સૂરિનો પરિચય થતાં પાદશાહે સૂરિજીને ફરમાનો લખી આપ્યાં હતાં. જેમના શિષ્ય શ્રી હેમચંદ્રસૂરિ થયા છે.

આચાર્ય રત્નશેખર સૂરિજીએ લગ્નના વિષયને અલગ રાખી માત્ર પંચાગ શુદ્ધિથી દિવસ જોવા માટે લક્ષ્ય સ્થિર કરી આ **દિનશુદ્ધિ** ગ્રંથ બનાવ્યો છે તેઓએ આ ગ્રંથમાં એવી ગુંથણી કરી છે કે જે મુગ્ધ જીવોને પ્રાથમિક શિક્ષણમાં એક ભોમિઆની ગરજ સારે છે. તેમજ આ ગ્રંથ પ્રતિષ્ઠિત–પ્રમાણભૂત રોચક શૈલીદાર અને સરલ છે. જેનું માપ તેના અભ્યાસીજ આંકી શકે.

* તે સૂરિની જ બનાવેલી અન્ય કૃતિઓ નીચે મુજબ છે.

સ્વોપજ્ઞ વીરંજય ક્ષેત્ર સમાસ. (પ્રકાશક–આત્મા૦ ભાવનગર.)

સ્વોપજ્ઞ ગુણસ્થાનક ક્રમારોહ, (પ્ર. દે. લા. પુ. ફંડ. સુરત)

પ્રાકૃત શ્રીપાલ ચરિત્ર રચના સં ૧૪૧૮ (પ્ર દે. લા.)

સિધ્ધચક્ર લિખન વીધિ.

ગુરૂગુણ ષટ્ત્રિંશિકા–વૃત્તિ.

છંદો રત્નાવાળી (જે અમદાવાદ ભંડાર–૨ નો પ્રાકૃત છંદ કોષ, ગાથા ૧૦૦ સંભવે છે.)

સંબોધ સીત્તરી ટીકા

ન્યાયકંદલી (આ ગ્રંથ કયો હશે? તે સમજી શકાતું નથી.)

*** વસંતગઢના શિલાલેખ** (૯૫૪)માં ઉલ્લેખ છે કે–તપગચ્છાધિપતિ સોમસુંદરસૂરિ-શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિ–શિષ્ય શ્રી જયચંદ્રસૂરિના શિષ્ય બાલસરસ્વતી શ્રી રત્નશેખરસૂરિ (વિ. સં. ૧૪૫૭ થી ૧૫૧૭ પોષ વદિ ૬) થયા છે. તેમણે સ્વોપજ્ઞ શ્રાદ્ધવીધિ, રત્નચુડરાસ આચારપ્રદીપ. અને શ્રાદ્ધપ્રતિક્રમણ વૃત્તિ બનાવેલ છે.

આ ઉપરાંત ષડાવશ્યકવૃત્તિ (સં. ૧૪૯૬), લક્ષણ સંગ્રહ (ડેક્કન), હેમ, અવચુરિ (અમ. ભં. ૨) તથા પ્રબોધ ચદ્રોદય વૃત્તિ આદિના કરનારા અને નેમિ રાજીમતીના બાર રાસા કાર અંચલગચ્છિય કપૂરવિજયના ગુરૂ વિગેરે પણ જુદા જુદા રત્નશેખર સૂરીશ્વરો છે.

ડો. ત્રિભુવનદાસ લહેરચંદ કૃત અપ્રકટ "જૈન જ્ઞાન મહોદધિ" તથા જૈન ગ્રંથાવલી" ના આધારે

મારા પૂજ્ય ગુરૂદેવ કહેતા કે પ્રત્યેક સાધુ સમુદાય વિવિધ ભાષા-શક્તિ-વિજ્ઞાનવાળા મુનિઓથી રચાયેલો હોવો જોઇએ. એટલે તેઓશ્રીએ મને જ્યોતિષ વિષય અને બંગાળી ભાષાનું જ્ઞાન સંપાદન કરવાને અનુકુળતા કરી આપી. અને મને પૂજ્ય ગુરૂદેવની કૃપાથી સં૦ ૧૯૭૩ ના ચોમાસામાં હીરસૌભાગ્ય, નૈષધ, હિંદી બંગલા શિક્ષા, અને **બાળબોધ** જ્યોતિષનું જ્ઞાન મળ્યું. અને સં. ૧૯૭૫ ના ચોમાસામાં ગ્રહલાઘવ ભણવાનો પ્રસંગ મળ્યો. આ દરમ્યાન જે વિષયની ખીલવટ કરવી હોય તે વિષયમાં કંઇ સ્વતંત્ર લખવું જોઈએ. એ ઇચ્છાથી મેં "વિજયકમલ જ્યોતિષ" તથા "વિનય સામુદ્રિક છંદ" લખ્યા હતા, અને સ્વતંત્ર મૌહૂર્તિક ગ્રંથ લખવા ભાવના રહ્યા કરતી હતી. પરંતુ મહાન જૈનાચાર્યોના સામર્થ્ય સામે મારી શક્તિની ખામીનો મને ખ્યાલ હતો, માટે પ્રાચીન પ્રતિષ્ઠિત ગ્રંથોની નામાવલીમાં એક ક્ષુદ્ર ગ્રંથ ઉમેરવા કરતાં તેમાંના એક ગ્રંથને જાહેરાતમાં લાવવા પ્રયાસ કરવો, એથી જ્ઞાન વધારે ખીલશે, એમ મને લાગ્યું; અને **દિનશુદ્ધિ** તથા **લગ્નશુદ્ધિ** ઉપર દૃષ્ટિ પડી.

અમારૂં સં૦ ૧૯૭૬ નું ચાતુર્માસ શ્રી સંઘના આગ્રહથી ધાંગધ્રામાં થયું. ત્યારે શેઠ હરિભાઇ તથા ભુરાભાઈએ તેમનાં માતુશ્રી મીઠીબાઈના કહેવાથી ઈચ્છા દર્શાવી કે—"આપ મુનિમહારાજોને ઉપયોગી થઈ પડે અને જેમાં ધાંગધ્રાના ચોમાસાની યાદી રહે, એવું એક પુસ્તક તૈયાર કરો; અમો તેને છપાવવામાં કંઇ રકમ આપી જ્ઞાનની ભક્તિ કરવા ભાગ્યશાળી થઇશું." તેમની આ પ્રેરણાથી કયું નવું પુસ્તક તૈયાર કરવું ? એ પ્રશ્ન ઉઠયો.

દિનશુદ્ધિએ દિવસનું બળ દર્શાવ્યું છે, જ્યારે લગ્નશુદ્ધિએ લગ્નબળ પર ભાર મૂકયો છે. દિનશુદ્ધિ અભ્યાસના પ્રારંભમાં ઉપયોગી છે, જ્યારે લગ્નશુદ્ધિનું અધ્યયનમાં પછી સ્થાન છે. આ પ્રમાણેની વિચારમાળામાં મણકો એ સ્થિર થયો કે—આબાલવૃદ્ધને ઉપયોગી થઈ પડે તેવું દિનશુદ્ધિનું વિવરણ લખવું, બીજે દિવસેજ વિશ્વપ્રભાનો પ્રારંભ કર્યો. સાથે સાથે વિષયને સુંદર રીતે છણવા માટે પ્રસ્તુત ગ્રંથોનું અધ્યયન પ્રારંભ્યું.

ગ્રંથ	કર્તા	ગ્રંથ	કર્તા
૧ સૂર્યપ્રજ્ઞપ્તિ–ટીકા.		સૂશ્રીરશૃંગારવાર્તિક.	શ્રીહેમહંસગણિજી
ચંદ્રપ્રજ્ઞપ્તિ.		જૈનમતપ્રભાકર	ન્યા. વિ. શાંતિવિજય
૨ નારચંદ્ર.	શ્રી નરચંદ્રસૂરિ	મુહૂર્તચિંતામણી.	દૈવજ્ઞવલ્લભ
,, ટીપ્પન.	શ્રી સાગરચંદ્રસૂરિ	,, ટીકા	
પ્રશ્નશતક.	શ્રી નરચંદ્રોપાધ્યાય	પ્રતિષ્ઠાકલ્પ.	પૂર્વાચાર્ય
,, બેડાલવૃત્તિ.	,,	બાળબોધ જ્યોતિષ.	
પ્રશ્નચતુર્વિંશતિકા.	,,	બૃહજ્જ્યોતિષસાર	
લગ્નશુદ્ધિ.	શ્રી હરિભદ્રસૂરિ	શિલ્પદીપક.	
ભુવનદીપક.	શ્રી પદ્મપ્રભસૂરિ	સર્વતોભદ્ર.	
જોઈસિહીર.	આ૦ શ્રી વિજયહીરસૂરિ	કાળજ્ઞાન.	પં૦ શંભુનાથ
મેઘમહોદય.	ઉ૦ શ્રી મેઘવિજયજી	પંજીકા (બંગાળી)	ગુપ્તપ્રેસ
આરંભસિદ્ધિ.	શ્રી ઉદયપ્રભસૂરિ		

આ વિશ્વપ્રભામાં આરંભસિદ્ધિ–વાર્તિકને મુખ્ય રાખેલ છે, બાકીના ગ્રંથોની જુદા પડતા પાઠોમાં સહાય લીધી છે, અને કોઇ પણ જરૂરી વિષય રહી ન જાય તે તરફ પુરતું લક્ષ્ય રાખેલ છે.

૧ સૂર્યપ્રજ્ઞપ્તિના યંત્રો અને ચંદ્રપ્રપ્તિ મૂળ છપાવવાની જરૂર છે.

૨ નરચંદ્રસૂરિ અનેક થયેલ છે.

देवानंद मुनीश्वर पदपंकज सेवनैक षट्चरण:
ज्योति:शास्त्रमकार्षित् नरचंदाख्यो मुनि प्रवर: ॥ १ ॥

આ સૂરિએ ચતુર્વિંશતિ જીનસ્તોત્ર પણ રચ્યું છે. તેમના શિષ્ય **સાગરચંદ્રસૂરિએ** "નારદચંદ્ર ટિપ્પન" કરેલ છે. માંગરોળ જૈન સંઘના ભંડારમાં જેની સં૦ ૧૪૭૬ દ્વિ૦ જેઠ. શુદિ ૧૦ ભોમે શ્રી સોમસુંદરસૂરિ–શિષ્ય સોમદેવસૂરિ–શિષ્ય સંયમરૂચિગણિ–શિષ્ય કુલોદય ગણીએ લખેલ એક પ્રત છે. મેં આ ગ્રંથમાં તેનો ઉપયોગ કરેલ છે. આરંભસિદ્ધિવાર્તિકમાં અવતરણ કરેલ નારચંદ્ર ટિપ્પનના શ્લોકો અને આ પ્રતના તેજ શ્લોકોમાં બહુ તફાવત છે.

श्रीकाशहृदगणेशोद्योतन सूरीष्ट सिंहसूरिभूत:
नरचंद्रोपाध्याय: शास्त्रंचक्रेर्थबहुलमिदं ॥ प्रकाश ७ श्लोक ९ ॥

તેની જ્ઞાનદિપિકાવૃત્તિમાં લખ્યું છે કે—કાશેન્દ્રગચ્છપતિ ઉદ્યોતનસૂરિના પ્રીતિપાત્ર

સિંહસૂરિએ બાલ્યકાળથી લઇ અન્નપાનાદિથી પોષી કક્કો–વ્યાકરણ–સાહિત્ય–છંદ–કાવ્ય અને જ્યોતિષ વિગેરે ભણાવી દીક્ષા આપી ઉ૦ પદવીપર સ્થાપેલ અને જન્મપ્રકાશવાળો પ્રશ્ન-પ્રકાશ જન્માંભોધિ તથા તેની બેડાવૃત્તિના કરનાર **નરચંદ** ઉપાધ્યાયે બહુઅર્થવાળું અલ્પાક્ષરી પ્રશ્નશતકશાસ્ત્ર રચેલ છે. અને સં૦ ૧૩૨૪ મહા શુદિ ૮ રવિવારે તેની બેડાલલઘુભગીની–૧૦૫૦ શ્લોકપ્રમાણ જ્ઞાનદીપિકા રચેલ છે.

C—જૈન જ્ઞાનમહોદધિમાં લખ્યું છે કે—હર્ષપુરીય (કૃષ્ણર્ષિ) ગચ્છીય પાંડવ ચરિત્રકાર મલધારી શ્રી દેવપ્રભસૂરિના શિષ્ય શ્રી નરચંદ્રસૂરિ (સ્વર્ગ૦ સં૦ ૧૨૨૭ ભા૦ વ૦ ૧૦) એ મંત્રીશ્વર વસ્તુપાળની પ્રેરણાથી કથા (૧૫) રત્નસાગર, જ્યોતિઃસાર, પ્રાકૃતદીપિકા—હૈમપ્રાકૃતરૂપ સિદ્ધિ શ્લોક ૧૫૦૦, અનર્ઘરાઘવ ટિપ્પન, પાંડવચરિત્ર સંશોધન, ઉદયપ્રભ-સૂરિ કૃત ધર્માભ્યુદય સંશોધન, પરમતિય (ન્યાય) કંદલીનું ટિપ્પનક, સંબોધનપંચાશિકા–ઔપદેશિક, અને ગીરનારપરના સં૦ ૧૨૮૮ ના વસ્તુપાળના મંદિર માટેની પ્રશસ્તિ રચેલ છે.

જેના શિષ્ય ૧—નરેંદ્રપ્રભે વસ્તુપાળની પ્રેરણાથી અલંકાર મહોદધિ, ૨—ઉદયપ્રભસૂરિએ ઉપદેશમાળાકર્ણિકા (સં૦ ૧૨૯૯), અને ૩—પદ્મદેવના શિષ્ય તિલકસૂરિએ.......રચેલ છે.

D—ગુણભદ્રના ભ્રાતૃ પંડિત નરચંદ્રસૂરિના શિષ્ય રત્નસૂરિ (સં૦ ૧૪૧૮) હતા.

હું આ ભાષાંતર ચોમાસામાંજ લખતો હતો. એક નાનકડું પુસ્તક રચવાની ભાવના હતી, પરંતુ વિશ્વપ્રભાનું કદ વધતું ગયું, ઉત્સાહ વેગિત બન્યો, અને જ્ઞાનવરણીય પ્રકૃતિનો ક્ષય પણ થતો આવ્યો. છેવટે એ ભાવના ત્રણગણા પૂર–પ્રમાણ ગ્રંથને તૈયાર કરી સંતોષ પામી.

કેટલીક વિશેષતાઓ—

આ ગ્રંથમાં ગાથા ૪૫ ના ઉત્તરાર્ધમાં—ભરણી વિગેરે નક્ષત્રો સાત ગ્રહના જન્મ નક્ષત્રો છે, જે અશુભ છે એવો સિધો અર્થ નીકળે છે. જોઇસહીરમાં પણ એવુંજ સૂચન છે, પરંતુ અન્ય સ્થાને તે યોગને વજ્ર મુશળ તરીકે ઓળખાવી જન્મ નક્ષત્રો જુદા પાડયા છે એટલે મેં પણ આ બીજા માર્ગનો સ્વીકાર કર્યો છે.

વાસ્તુનું જન્મનક્ષત્ર કૃતિકા છે, અને મેષના છેલ્લા નવાંશથી રાશિપ્રારંભ થાય છે. પણ આરંભ સિદ્ધિની ટીકામાં આ નક્ષત્ર અશ્વિનિથી ગણેલ છે, જેથી મેં પણ એજ રીતિએ વસ્તુનો અધિકાર આપ્યો છે અને રાશિમાં એક ભપાદનો તફાવત ન રહે એમ અર્થ સંકલના કરી છે.

કેટલાએક જ્યોતિર્વિદો વૃશ્ચિકના ચંદ્રને અને ફાગણ શુદિમાં બીજા અઠવાડીઆને દુષ્ટ માને છે. પરંતુ તે ભ્રમ છે કેમકે–અનુરાધા અને જયેષ્ઠા નક્ષત્રો પ્રયાણમાં સિદ્ધિદાયક છે ગાથા ૬૮) એટલે માની શકાય છે કે—વીંછીડાનો દોષ સર્વથા કલ્પિત છે; દેશભેદવાળો છે × × કાર્યને આશ્રીને સ્વીકારાયો છે.

શ્રીયુત પૂરણચંદજી નાહાર M.A. સંગ્રહીત લેખ સંગ્રહના ૪૦૯, ૫૩૪, ૬૨૮, ૭૯૭, ૮૦૬, ૮૦૭, ૮૧૩, ૮૮૨, ૯૧૪ અને ૯૨૦ નંબરના લેખોમાં ફાગણ શુકલ ૫–૮–૯–૧૧–૧૩ અને ૧૪ તિથિની પ્રતિષ્ઠા થયાનું લખેલ છે.

લગ્નબળ વિશેષ હોય તો વૃદ્ધિમાસ ચૈત્ર અને જેઠ પણ શુભકાર્યમાં સ્વીકાર્યા છે. જુઓ તેજ લેખ સંગ્રહમાં લેખાંક ૭૭૨ મા બીજા ચૈત્ર શુદિ ૮, ૬૦૬ માં બીજો વૈશાખ, ૮૩૮ માં પ્રથમ અષાઢ વદી ૭૨૫–૨૬ માં બીજો આષાઢ અને ૮૩૨ માં સં. ૧૨૦૯ નો બીજા જેઠ વદિનો ઉલ્લેખ છે. લેખાંક ૭૬૨–૮૦૫ અને ૮૨૦ માં ચૈત્ર શુદિની યાદી છે, અને લેખાંક ૫૫૮, ૭૭૫, ૮૦૧ અને ૮૧૦ (વદિ ૪ માં જેઠ માસનાં બન્ને પક્ષો પ્રતિષ્ઠા માટે ગ્રહણ કર્યા છે.)

અત્યારે ઉદ્યાપન, શાંતિસ્નાત્ર, વૃદ્ધસ્નાત્ર અને પદાધિરોપણ વિગેરે મંગળ કાર્યો પણ **શુક્રાસ્તમાં** કરાય છે પણ જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ એ માર્ગ પ્રશસ્ય નથી. માત્ર રોગાદિ શાંતિ માટે શાંતિસ્નાત્ર–મહાસ્નાત્ર શુક્રાસ્તમાં પણ કરી શકાય છે.

ઋણુદાન—

આ ગ્રંથ રચવામાં મુનિ જ્ઞાનવિજય અને મુનિ ન્યાયવિજય અવિભક્ત મદદનીશો છે, શેઠ હરિભાઈની ખાસ પ્રેરણા છે. પૂ પાદ આચાર્ય–મહારાજ શ્રી વિજયમેઘસૂરિએ લગ્નશુદ્ધિમાંની ઉદયાસ્ત શુદ્ધિ ગાથાની નેયં અને નેહની ભુલ સુધરાવી છે. એ વયોવૃદ્ધ–અનુભવ વૃદ્ધ પૂજ્ય અમર-વિજયજી મ. સા. ને તો કેમ ભૂલાય? તેમણે જરૂરી સાધનો પૂરાં પાડયાં છે. પૂ૦ વિચક્ષણ વિ. મ. પરિશિષ્ટો ૯–૧૦ અને ૧૧ ની કોપી પૂરી પાડી છે. અમૃતલાલ અમરચંદ સલોતે આ પુસ્તકની સંપૂર્ણ પ્રેસ કોપી કરી આપી છે; અને પં૦ અંબાલાલભાઇએ અનુક્રમણિકા તથા શુદ્ધિપત્રક કરેલ છે, હું આ દરેકનો ઉપકૃત છું.

વાચક મહાશયો આ ગ્રંથમાં જે ભૂલ લાગે તે સૂચવશે તો બીજી આવૃત્તિમાં સુધારવા તરફ લક્ષ્ય રાખીશ

સં. ૧૯૮૩ ચા. ક. સં. ૯
વસંતપંચમી–રવિવાર, મુબઈ.

લી૦ ચારિત્રચરણોપાસક–દર્શન

પ્રેરક તરફથી....

હું કયા શબ્દોથી મારા સદ્ભાગ્યનું વર્ણન કરૂં ! જગતના જંગલમાં ભટકતાં ભટકતાં કોઈ શ્રમિત કઠિયારાને લાકડાં વીણતાં વીણતાં શુદ્ધ ચંદનનુ કાષ્ટ મળી જાય, કોઈ મહાદરિદ્રને છાંણાં વીણતાં વીણતાં પારસમણી સાંપડે તો તેના હૃદયની પ્રસન્નતા એ કયા શબ્દોથી સંભળાવે ! આનો હર્ષ એ કેમ વ્યક્ત કરે !

પરમપૂજ્ય મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ, પરમપૂજ્ય મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી મહારાજ તથા પરમપૂજ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજ સાહેબોની આ ત્રિપુટી ગુરુભગવંતોની સેવા કરવાની જે કંઈ તક મારા માટે એવાજ સદ્ભાગ્યનો વિષય છે. જીવનની એ મંગળ પળે તેઓશ્રીની પ્રેરણાથી હું આ સંયમમાર્ગે વર્યો, એ માટે તેઓશ્રીનો મારા ઉપર અનંત ઉપકાર ને અમીદ્રષ્ટી વર્ષાવી રહેલ છે. તેઓશ્રીના સ્વર્ગવાસ પછી પણ તેમની ભાવ–પ્રેરણા અને સંયમ માર્ગમાં સ્થીર રહેવાની મકમતા મળતીજ રહેલ છે.

આવા ઉપકારીનો ઉપકાર વાળવા માત્રજ નહીં પણ જૈનશાસનના અણમોલ સાહિત્ય દ્વારા અણમોલ ખજાનો ત્રિપુટી મહારાજોએ રજુ કરેલ છે. તેનો લાભ–વર્તમાન જૈન સંઘને–શ્રમણોને મળે તેવી ભાવનાથી એક અદના પિરસણીયા–તરીકે મારી સેવા સ્વીકારશો.

પરમ પૂજ્ય શ્રમણશ્રેષ્ઠ મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી મહારાજ (પાલીતાણા જૈન ગુરૂકુળ સ્થાપકની) જન્મ શતાબ્દિ નિમિત્તે માનવજીવનમાં પ્રેરક બળ મળે તથા ઉપયોગી થાય તેવા મનોરથોથી સાહિત્ય પ્રકાશન કરવાની ભાવના થઇ. અનેક પ્રકારનું સાહિત્યસર્જન કરતાં તેમના જ સ્વર્ગસ્થ શિષ્યરત્નો મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજ, તથા મુનિરાજશ્રી ન્યાયવિજયજી મહારાજની ત્રિપુટી મહારાજો દ્વારા તૈયાર થયેલ "જૈન પરંપરાનો ઇતિહાસ" ભાગ ચોથો તથા "ચારિત્ર વિજયજી"નું જીવન ચરિત્ર પ્રથમ પ્રગટ કરેલ છે. અને હવે "દિનશુદ્ધિ–દીપિકા"નું આ પ્રકાશન હાથ ધરેલ હોઇ તેની ઉપયોગીતા આપ સૌ પણ સ્વીકારશો.

વર્તમાનમાં દરેક પ્રકારના સાહિત્યનું ખેડાણ અને સર્જન ખેડાણ અને સર્જન જે કોઈ શ્રમણ ભગવંતોએ કરેલ હોય તો તે મારા મહાન ઉપકારી બને સંયમના પ્રેરણા દાતા પરમ પૂજ્ય ત્રિપુટી મહારાજોએ કરેલ છે. તેની વિશેષ જાણકારી તો તેમની કૃતિઓની આદિ ઉપરથી જ આપણે સમજી શકીશુ.

તેઓમાંના એક પરમપૂજ્ય સ્વ. મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ રચિત "દિનશુદ્ધિ દીપિકા" અને "વિશ્વપ્રભા"નું આ પ્રકાશન ૬૦ વર્ષ (સં. ૧૯૮૩) બાદ કરી મુંબઈની ધરતી પરથી જ યોગાનુયોગ હાથ ધરતાં આનંદ અનભવું છું. અને હવે પછી તેમના અધુરા રહેલા "જૈન પરંપરાનો ઈતિહાસ" ભાગ–પાંચમાનું પ્રકાશન હાથમાં લેવાની ભાવના સેવું છું, તેમ જ આ સ્વર્ગસ્થ ત્રિપુટી મહારાજોની કૃતિઓને, લેખન સામગ્રીને ગ્રંથસ્થ કરવાની ભાવના છે.

આજનો યુગ તે વિજ્ઞાનનો યુગ છે. તેમાં દરેક વસ્તુ વિજ્ઞાનની સરાણે ચડતી હોય છે. અને તેમાં સર્વપ્રથમ જ્યોતિષ આવે છે. એ વિશ્વનું સૌથી વધુ પ્રાચીન વિજ્ઞાન છે. બીજા બધા શાસ્ત્રો માત્ર મનોરંજન કે જાણકારી માટે છે. તે પૃથ્વી ઉપર કે આકાશમાં કોઈ બતાવી શકે તેમ નથી. પરંતુ જ્યોતિષશાસ્ત્ર ડગલે ને પગલે પોતાની પર્યાયતાની સાબીતી આપી પોતાની સત્યતા સિધ્ધ કરે છે. અને એથીજ વિશ્વના મહાન દેશો કે જે ભૌતિક વિજ્ઞાનમાં ખુબજ આગળ આવેલા છે. ત્યાં પણ જ્યોતિષ શાસ્ત્રનો દિનપ્રતિદિન વધુ ને વધુ ફેલાવો થઈ રહ્યો છે. જે બતાવી આપે છે કે જ્યોતિષશાસ્ત્ર પણ એક મહાન વિજ્ઞાન જ છે.

જ્યોતિષ એ મારો પરમ શોખનો વિષય છે. પ્રેરણા પરમ પૂજ્ય ત્રિપુટી મહારાજો દ્વારા જે જ્ઞાન મળ્યું તેથી આ વિષયમાં રસ–રૂચી વધતી રહેલ અને અનુભવ્યું છે કે જ્યોતિષ મનનનો, દર્શનનો અનુભવનો વિષય છે જેમ વિજ્ઞાનને કોઈ સીમા હોતી નથી તેમજ જ્યોતિષ વિજ્ઞાનને પણ કોઈ સીમા ન હોઈ શકે.

આપણા ધાર્મિક પ્રસંગો જેવા કે પ્રવેશ, અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, ઉપધાન આદિ અનેક પ્રસંગો નિર્વિઘ્ને પાર પાડવા (સામાજીક કે સંસારીક પ્રસંગો) માટે જ્યોતિષના જ્ઞાનની જરૂરિયાત ઉપયોગીતા સર્વ કોઈને રહેવાની અને તેના પ્રથમથી દરેક વિષયોની જાણકારી તથા જ્ઞાન મળી રહે તેવું ઉપયોગી પ્રકાશન આ દિનશુદ્ધિ દીપીકા છે. જેમાં જ્યોતિષ શાસ્ત્રની પ્રાથમિક દરેક માહિતિ તેના મુળ સુધીની સમજુતી, દાખલા સાથે આપેલ છે. જે સર્વેને ઉપયોગી અને માર્ગદર્શક થશે.

વર્તમાનમાં આ વિષયના ઓછા કે અધુરા જ્ઞાનને કારણે કે ચોકસાઈ ન કરવાને લીધે આ જ્ઞાન અવિશ્વાસને પાત્ર બનતું જાય છે. અને અંધશ્રદ્ધામાં પરીણમતું જાય છે. અને તેને કારણે સ્વાર્થી અને લોભી વર્ગ દ્વારા જ્ઞાનને બદલે અજ્ઞાનતા ફેલાય છે. અને આવા વિષયનું ગંભીરપણું ન રહેવા દેતા તેનું અવ મુલ્યાંકન કરે છે.

દિનશુદ્ધિ-દીપિકાની સાથે વર્તમાન સમયમાં સર્વેને જ્યોતિષના વિષયમાં રસ રૂચી થાય તે માટે શ્રી હસમુખભાઈ ઝવેરીએ હસ્તરેખા-વિજ્ઞાન સચિત્ર રૂપે મહેનત કરીને તૈયાર કરી આપેલ છે. તેમજ પ્રુફ સંશોધનનું કાર્ય ઉદાર ભાવે કરી આપેલ છે.

અંતમાં આ પ્રકાશનમાં જૈન શાસ્ત્રને આધારે તૈયાર થયેલ જ્યોતિષને લગતા આ ગ્રંથમાં મારી પ્રેરણાથી જે સંઘોએ તથા શ્રાવક-શ્રાવિકાઓએ ફોટા વિગેરે મુકાવી આર્થિક સહાય કરનાર તેમજ પ્રેસવાળા ભાઈશ્રી **પુનમચંદભાઇ** (બચુભાઈ) શાશમવાળા અને **જશુભાઈ** આદિ નામિ-અનામિના સહયોગથી આ કાર્ય પૂર્ણ થયેલ છે તે બદલ હું તેમનો ઉપકૃત છું. જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ.

મુનિ ભદ્રસેન
સં. ૨૦૪૨ વૈશાખ સુદ-૩
અક્ષય તૃતીયા

卐

પ્રકાશકિય....

પરમ પૂજ્ય સેવાભાવી મુનિરાજશ્રી **ભદ્રસેનવિજયજી** મહારાજની પ્રેરણા તથા માર્ગ-દર્શનથી તેઓશ્રીના પરમ ઉપકારી ગુરૂદેવ મુનિરાજ **શ્રી** દર્શનવિજયજી મહારાજ, પરમ પૂજ્ય મુનિરાજશ્રી જ્ઞાનવિજયજી મ. સા, પરમ પૂજ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી મ. સા., દ્વારા માનવજીવનમાં દરેક ક્ષેત્રને ઉપયોગી થાય અને જૈન સંઘનું અણમોલ સાહિત્ય સર્જન કરેલ તે સાહિત્ય જૈન સંઘ ઉપર પરમ ઉપકારી પૂજ્ય મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજના શુભનામે શરૂ કરેલ **શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા**ના નામે અનેક પ્રકાશનો કરેલ, પૂજ્ય ત્રીપુટી મહારાજોના સ્વર્ગવાસ થતા પ્રકાશન પ્રવૃત્તિ બંધ થઈ ગયેલ. અને તેમાંથી ઘણા પ્રકાશનોની ઉંપયોગીતા તથા માગણી રહેતાં તથા જૈન પરંપરાનો ઇતિહાસ જેવા અલભ્ય સર્જનનું પ્રકાશન પણ થયેલ નહીં હોઈ.... તે પ્રકાશનો પ્રગટ થાય તેવી ભાવનાથી પુનઃ પ્રકાશનની પ્રવૃત્તિ હાથ ધરેલ છે.

આજથી બે વર્ષ પહેલાં જૈન પરંપરાના ઈતિહાસના ચોથા ભાગનું પ્રકાશન કરેલ, બાદ પાંચમા ભાગના પ્રકાશનનું કાર્ય હાથ ધરેલ પરંતુ તે પહેલાં જૈન જ્યોતિષ–મુહુર્ત કાઢવાના અભ્યાસપ્રદ ગ્રંથ શ્રી દિનશુદ્ધિ–દીપિકા અને વિશ્વપ્રભા'ની માગણી વિશેષ ઉભી થતાં આ પ્રકાશન કરેલ છે.

આજથી સિત્તોર વર્ષ પહેલાં આ ગ્રંથની તૈયારી કરતાં પૂજ્ય ત્રિપુટી મહારાજે દસ વર્ષના મહાન પરિશ્રમ બાદ તૈયાર કરેલા આ દિનશુદ્ધિ–દીપિકાનું પ્રકાશન સાઈઠ વર્ષ પહેલાં મુંબઈથીજ પ્રગટ થયેલ અને તેની બીજી આવૃત્તી પણ મુંબઈથી પ્રગટ થાય છે. તે માટે પરમ પૂજ્ય સેવાભાવી મુનિરાજશ્રી **ભદ્રસેનવિજયજી** મ. સા. ની પ્રેરણા અને માર્ગદર્શનથી શકય બનેલ છે. તે માટે અમે તેઓશ્રીના ખૂબજ ઋણી છીએ.

બીજું આ પ્રકાશનને વિશેષ લોક ઉપયોગી અને વર્તમાન યુગને અનુરૂપ વિશેષ જ્યોતિષની જાણકારી મળે તે દષ્ટિએ વ્યવસાયએ ઝવેરી પણ શોખથી અને જ્યોતિષ અંગેની વધુ અભ્યાસની દષ્ટિએ કાર્યકરતા શ્રી **હસમુખભાઈ રસિકલાલ ઝવેરી**એ પણ હસ્ત રેખા અંગેની વિપુલ માહિતી સચિત્ર સમજુતી સાથે આપેલ છે તેથી અમો તેમના પણ વિશેષ આભારી છીએ.

આ દિનશુદ્ધિ–દીપિકાની ઉપયોગીતા તથા જરૂરીયાતને આવકાર આપતાં પરમપૂજ્ય આચાર્ય દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. આચાર્ય શ્રી લબ્ધિસુરીશ્વરજી મ. સા. પરમ પુજ્ય મુનિરાજ શ્રી હરિભદ્રવિજયજી મહારાજશ્રીના તથા જ્યોતિષ–જ્ઞાતા શ્રી રઘુનાથ શાસ્ત્રી (ગાયત્રી પંચાગવાળા) શ્રી નવિનભાઈ ઝવેરી એજે આવકાર લખેલ છે તેઓશ્રીના અમો આભારી છીએ.

૫,૧૦૧) શ્રી કાંદીવલી મહાવીર નગર (શંકરગલી) જૈન સંઘ મુંબઈ.
૫,૧૦૧) શ્રી નમિનાથ જૈન સંઘ (પાયધુની) મુંબઈ.
૧,૧૧૧) શ્રી કાંદીવલી મહાવીર નગર (શંકરગલી) ની બહેનો તરફથી મુંબઈ.
૭૦૧) શ્રી ભાદરણનગર જૈન સંઘ મલાડ (વેસ્ટ) મુંબઈ
૫૦૧) શ્રી કિર્તીલાલ મંગળજી શાહ (મજાદરવાળા) મુંબઈ.
૫૦૧) શ્રી કિશોરભાઈ અહીચંદ દોશી, મુંબઈ.
૨૫૧) શ્રી નમિનાથ જૈન બહેનો તરફથી (પાયધુની) મુંબઈ.
૫૦૧) શેઠશ્રી કાન્તીલાલ મોહનલાલ શાહ (કાંદીવલી) મુંબઈ
૧૦૧) શ્રી ચાણસ્મા જૈન યુવા મંડળના ભાઈઓ તરફથી, મુંબઈ.
૧૦૧) શ્રી કેશુભાઈ શાહ (ગોરેગામ) મુંબઈ.

ઉપર મુજબની રકમ અમને પરમ પૂજ્ય સેવાભાવિ મુનિરાજ શ્રી ભદ્રસેન વિજયજી મ. સાહેબની પ્રેરણાથી મળેલ છે. તે બદલ અમો તે સર્વેના ખુબજ આભારી છીએ તેમજ ફોટા આદિ આ પુસ્તકમાં મુકાવી આર્થિક સહાય થનાર દરેકના અમે ખુબજ આભારી છીએ.

આ પ્રકાશનમાં આર્થિક જવાબદારીમાં સહાય કરનાર શેઠશ્રી પ્રદિપભાઈ એસ. પારેખની હુંફ મળવાથી આ કાર્ય પૂર્ણ થઈ શકેલ છે. તે બદલ અમો તેમના ઋણિ છીએ.

શ્રી હસમુખભાઈ પી. પંચમીયા, શ્રી મહેન્દ્રભાઈ ગુલાબચંદ શેઠ (ભાવનગરવાળા) શ્રી જીતેન્દ્રભાઈ વીરવાડીયા, અધ્યાપક શ્રી હરેશભાઈ એચ. ઝોટા, શ્રી પ્રફુલકુમાર સી. મોરખીયા આદિ નામી–અનામી જે કોઈપણ વ્યકિતએ અમને સાથ સહકાર આપેલ છે. તે બદલ અમે તેમના આભારી છીએ.

આ રીતે શ્રુતજ્ઞાનની સેવા કરવાનું સદ્ભાગ્ય ફરીથી મને મળે તેવિ અભિલાષા

શુદ્ધિ ઉપર ધ્યાન આપેલ છે. છતાં પણ પ્રેસ દોષના કારણે કોઈપણ અશુદ્ધિ રહી ગયેલ હોય તો અમને જાણ કરશો જેથી બીજી આવૃત્તિ વખતે અમો તે સુધારી શકીએ આપશ્રીએ જે રીતે સાથ–સહકાર આપ્યો છે. તે રીતે આપશો તેવી અપેક્ષા....

જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છામિ દુકકડમ્.

—શ્રી ચારીત્ર સ્મારક સમિતિ વતી.
પંકજ હીંમતલાલ શાહ

મલાડ
મુંબઈ-૪૦૦ ૦૬૪.
સં. ૨૦૪૨ જેઠ સુદિ ૯



આવકાર અને આશિર્વાદ

આજથી છસો વર્ષ પહેલાં પૂજ્ય આ. **શ્રી** રત્નશેખરસૂરિશ્વરજી મહારાજ રચિત બહુ-મુલ્ય **'દિન-શુદ્ધિ-દીપિકા'** વિશ્વપ્રભા વિવેચન સહિતની જ્યોતિષનો માર્ગદર્શક ગ્રંથ આજથી ૬૦ વર્ષ પહેલાં મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજ (ત્રિપુટી) એ પ્રગટ કરેલ જે ઘણાજ વર્ષોથી અપ્રાપ્ય હતો. આથી મેં વર્ષો પૂર્વે મુનિરાજશ્રી **દર્શનવિજયજી** મહારાજને પણ જણાવેલ કે "તમારા ઉપયોગી અને અપ્રાપ્ય પુસ્તકોનું ફરી પ્રકાશન કરવા જણાવેલ." પણ તેમનો સ્વર્ગવાસ થતાં આ પ્રકાશનો શકય ન બનેલ. આદ સેવાભાવી મુનિશ્રી ભદ્રસેન-વિજયજીએ તેનું પ્રકાશન હાથ ધરી આ દિનશુદ્ધિ ગ્રંથને બીજી આવૃત્તિ રૂપે પ્રગટ કરી રહેલ છે. તે **આવકાર** પાત્ર છે. આ જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસી અને માર્ગદર્શક ગ્રંથને તે વિષયના પિપાસુને ઉપયોગી બની રહેશે. આવી રીતે મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી આમ સાહિત્યની પ્રવૃત્તિ કરતા રહે તેવા **આશીર્વાદ.**

—આ. વિજય પ્રેમસુરિ

મહાન જ્યોતિર્ધર શ્રી ઉદયપ્રભસૂરીશ્વરજી મહારાજે જ્યોતિષના મહાન ગ્રન્થ 'આરંભસિદ્ધિ'ની રચના કરીને જૈન શાસનને અર્પણ કર્યો.

જ્યોતિર્વિદ્ જૈનાચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે 'લગ્નશુદ્ધિ' નામનો ગ્રન્થ બનાવીને ફળાદેશના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો. તેમજ અદ્વિતીય જ્યોતિર્વિદ્ આચાર્યદેવશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજે 'દિનશુદ્ધિ–દીપિકા' નામના ભવ્ય ગ્રન્થને તૈયાર કરીને જૈન શાસન ઉપર મહાન ઉપકાર કર્યો છે. 'દિનશુદ્ધિ–દીપિકા' ખરેખર નાના દીપકનું કામ કરે છે. આ મહાપુરુષે જીવનને સ્પર્શતા તમામ મુહૂર્તો આવરી લીધા છે,

આરંભસિદ્ધિ, લગ્નશુદ્ધિ અને દિનશુદ્ધિ આ ત્રણ વિષયોનો સમાવેશ કરીને આરંભસિદ્ધિ' ગ્રન્થ બાર વર્ષ પૂર્વે મેં સંપાદિત કરી છપાવ્યો હતો. જે આજે અલભ્ય છે.

'દિનશુદ્ધિ–દીપિકા' ગ્રન્થ ઉપર વિશ્વ–પ્રભા નામની ટીકા વીર સં. ૨૪૫૩ માં જ્ઞાનપંચમી (કાર્તિક સુદિ ૫) એ અનેક વિષયના જ્ઞાતા વિદ્વદ્વર્ય મુનિશ્રી **દર્શનવિજયજી મ.** [ત્રિપુટી મ.] રચી હતી તેને પુસ્તકાકારે વર્ષો પૂર્વે બહાર પાડી હતી. પરંતુ તે અલભ્ય હોવાથી અમદાવાદના ત્રિપુટી મહારાજના પરમભક્ત શ્રી ચંદુલાલ લખુભાઈ પાસેથી પુસ્તક મંગાવી, તેને સાદ્યંત જોઈ અને છપાવવા માટે મેં મારી ઇચ્છા પ્રગટ કરી હતી. ચંદુભાઈએ તે માટે સંમતિ આપવા સાથે તેને અંગેની પડેલી રકમ આપવાની પણ તૈયારી બતાવી હતી પરંતુ ત્યાર બાદ અમારે મુંબઈ આવવાનું થતાં તે કાર્ય રહી ગયું.

કહ્યું છે ને કે, 'ભવિતવ્યતાનો પરિપાક થાય ત્યારે જ કાર્ય થાય છે.'

યોગાનુયોગ જૈન પરંપરાનો ઇતિહાસ–ચોથા ભાગનું વિમોચન મારી નિશ્રામાં થયું ત્યારે મારા પ્રશિષ્ય સેવાભાવી મુનિશ્રી **ભદ્રસેનવિજયજીએ** આ 'દિનશુદ્ધિ–દીપિકા' પ્રકાશન કરવાનું નક્કી કરેલ.

મુનિશ્રી ભદ્રસેનવિજયજી ઉપર ત્રિપુટી મહારાજનો મહાન ઉપકાર છે, તે ઉપકારના ઋણમાંથી મુક્ત થવા માટે પ્રતિવર્ષે ત્રિપુટી મહારાજનું સાહિત્ય અનુકુળતા મુજબ પ્રગટ કરવું તેવી તેમની ભાવના તદનુસાર આ ગ્રંથ બહાર પડી રહ્યો છે. તે મારા માટે તો વિશેષ આનંદનો વિષય છે. કારણ કે આ વિષય મને વિશેષ પ્રિય છે.

જ્યોતિષ શાસ્ત્રએ મહાન દીપક છે. વ્યવહારિક અને ધાર્મિક બન્ને પ્રકારે તેનો ઉપયોગ થાય છે આસ્તિક કે નાસ્તિક સહુ કોઈ આ વિષયને રસપૂર્વક જાણવા માંગે છે.

જો કે કેટલાક લોકો એવા હોય છે, જેઓ એમ બોલતા હોય છે કે, "અમે જ્યોતિષને નથી માનતા. અમને તે વિષયમાં શ્રદ્ધા નથી" પરંતુ એજ લોકો પાછા અવસરે જ્યોતિષીઓના બારણાં ખટખટાવતા જોવા મળે છે.

શ્રી તીર્થંકર ભગવંતોનો જન્મ થાય છે ત્યારે સાત ગ્રહો પરમ ઉચ્ચના હોય છે. આવી રીતે એક ઉત્સર્પિણીમાં ૨૪ વખત અને એક અવસર્પિણીમાં ૨૪ વખત જ સાત ગ્રહો પરમ ઉચ્ચ કક્ષાના થાય છે. માટે જ તીર્થંકરો ચોવીશ જ થાય છે. આ બધું જ્યોતિષશાસ્ત્રનું ગણિત છે.

કેટલાક તો વળી એવું પણ બોલતા સંભળાય છે કે, "જૈન સાધુઓથી જ્યોતિષ ભણાય જ નહિ, અને ભણાય તો મુહૂર્તો કઢાય નહિ. અને ફળાદેશ પણ કહેવાય નહિ."

આવું કહેનારા લોકોને મારે જણાવવું છે કે, સાવધયોગના વિષય સિવાય તમામ મુહૂર્તો અને ફળાદેશ પણ કહેવાય.

જીવનમાં શાંતિ માટે મન્ત્ર પણ આપી શકાય ધર્મમાં સ્થિર રાખવા એવા જીવોને લાભાલાભની દૃષ્ટિએ શાંત્વન પણ આપવું જરૂરી હોય છે.

દિનશુદ્ધિકારે તો જન્મથી માંડીન તમામ વ્યવહારિક [લગ્ન, વ્યાપાર, ખેતી, રાજ્યાભિષેક] સાવધ મુહૂર્તો અને ફળાદેશો પણ આપ્યા છે. સુજ્ઞેષુ કિંબહુના.

આ દિનશુદ્ધિ–દીપિકા ગ્રન્થને વાંચી, વિચારી અને ભણીને સહુ કોઈ શુભ કાર્યોમાં પ્રવૃત્તિશીલ બને. શાસ્ત્ર તથા શાસનને દિવ્ય બનાવે તથા ભવની પરંપરાને મિટાવે એ જ શુભાભિલાષા.

વિજય લબ્ધિસૂરિ

જેઠ સુદ ૧; રવિવાર,

વિ. સં. ૨૦૪૨, ઈરાનીવાડી,

કાંદિવલી [વેસ્ટ].

વાંચકોના હાથમાં 'દિનશુદ્ધિ દીપિકા' જેવા દળદાર ઉપયોગી ગ્રંથનું પુનઃ મુદ્રણ ઇતિહાસવેત્તા આજીવન સાહિત્યોપાસક પૂ. મુનિરાજ શ્રી ચારિત્ર વિજયજી મહારાજની શતાબ્દીવર્ષના પાવન પ્રસંગે જે પહોંચી રહેલ છે તે આનંદ હર્ષની વાત છે.

જૈન શાસ્ત્ર સંપૂર્ણ શાસ્ત્ર છે. જ્યોતિષ સંબંધિ જૈન શાસ્ત્રમાં કેવા સત્ય વિચારો આલેખાયા છે. તેના પ્રતિક રૂપે આ એક નાનકડો ગ્રંથ છે. આવા અનેક ગ્રંથો જ્યોતિષ વિષયના જ્ઞાતા—ભોમિયા થવા માટે ઉપલબ્ધ છે. તે કહેવું અસ્થાને નથી.

જ્યોતિષમાં—મુખ્ય તિથિ—વાર—ગ્રહ—નક્ષત્ર અને તારા એ પાંચના મિલન ઉપરથી તૈયાર થએલ નકશો અથવા પંચાંગ મહત્વનો ભાગ ભજવે છે આ પાંચની મદદથીજ જન્મમરણનો કુંડલી વિચાર, હસ્તરેખા, આદિ ભવિષ્ય કથનના પ્રશ્નોના ઉત્તર મળે છે. જેનું બીજુ નામ 'ફળાદેશ' પણ કહેવાય.

જ્યોતિષશાસ્ત્ર અંગવિદ્યા, સ્વરવિદ્યા, દિનશુદ્ધિ, સ્વપ્ન—શુકન—લગ્નબળ—રાશિમેળ—છાયાલગ્ન જેવા અનેક વિભાગોમાં વહેંચાઈ જાય છે. અને તેના દ્વારા શુભ ઘડી—સમય—ચૌઘડીયા અને પળો જિનમંદિરાદિની ખનન—પૂજન—પ્રતિષ્ઠા આદિ વિધિઓ દિક્ષા—પ્રયાણ—પ્રવેશ—આદિ માંગલિક કાર્યો કરવાના નિર્ણયો થાય છે.

એક અપેક્ષાએ જ્યોતિષશાસ્ત્રમાં સમય ને પળની કિંમત ઘણી આંકવામાં આવી છે. કારણ એકક્ષણ પૂર્વે જન્મેલ બાળક રાજા બને છે ને બીજી ક્ષણે જન્મેલ ભીખારી થાય છે. એક ક્ષણ પૂર્વે પ્રારંભેલ કાર્ય યશસ્વી બને છે અને બીજી ક્ષણે શરૂ કરેલ અધુરુ રહે છે.

આ ગ્રંથનો મુખ્ય વિષય દિનશુદ્ધિ છે એના કર્તા પૂ. આ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ છે. આજથી લગભગ ૬૦ વર્ષ પૂર્વે પૂ. મુ. શ્રી દર્શનવિજયજી મહારાજ અને પૂ. મુ. શ્રી જ્ઞાનવિજયજી મહારાજે એ જ્યોતિષ ગ્રંથ—સાહિત્યને સમ્પાદીત કરી સરળતા-પૂર્વક સમજાય તેવો બનાવી—છપાવી જૈન સમાજની અને શ્રુતજ્ઞાનની મહાન સેવા કરી છે. જેનો ઉપકાર વિચારક સમાજ કોઈપણ રીતે ભૂલી શકે તેમ નથી.

આજે એજ અપ્રાપ્યગ્રંથને ફરીથી સમાજની સમક્ષ મૂકવા અને જૈન શાસ્ત્ર અને જૈન શાસ્ત્રના સત્ય જ્યોતિષજ્ઞાનને સુરક્ષિત અખંડીત રાખવાની ભાવના સાથે પોતાના ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની શ્રુતભક્તિની ભક્તિ કરવા વૈયાવચ્ચ રસિક પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રસેન વિજયજી મહારાજે જે પ્રયત્ન કર્યો છે તે ખરેખર અનુમોદનીય છે. સાથો સાથ આ કાર્યમાં શ્રી હસમુખભાઈ ઝવેરીએ જે થોડો અનુકુળ વિષય ઉમેરી ગ્રંથની શોભામાં ઉમેરો કર્યો છે તે પ્રસંશનીય છે.

અપૂર્ણ જ્યોતિષનું જ્ઞાન ધરાવતા માનવંતા જ્યોષિઓ આવા ગ્રંથનું અવલોકન કરી, ફળાદેશના અર્થઘટનને બરાબર ઘટાડી અને જ્યોતિષવિદ્યા પ્રત્યે જે સમાજમાં અશ્રદ્ધાના બીજારોપણ થઈ રહ્યા છે. તે દૂર કરવા પુરુષાર્થ આ ગ્રંથ દ્વારા કરશે એવી મહત્વાકાંક્ષા.

૨૦૪૨, ગુરુસપ્તમી, મુંબઈ.

મુનિશ્રી હરિભદ્રવિજય
"વિજય ભદ્ર"

આ ગ્રંથ અંગે.......

આજથી લગભગ છસો (૬૦૦) વર્ષ પહેલાં પ. પૂ. સ્વ. આચાર્યદેવશ્રી **રત્નશેખર સૂરિશ્વરજી** મ સા. દ્વારા લખાએલ શ્રી **દિનશુદ્ધિ-દીપિકા** સંસ્કૃત ગ્રંથનું અનુવાદન કરી લગભગ સાઇઠ (૬૦) વર્ષ પહેલાં પ. પૂ. સ્વ. મુનિરાજશ્રી **દર્શનવિજયજી** મ. સા. દ્વારા લખાએલ અને શ્રી **ચારિત્ર સ્મારક ગ્રંથમાળાના** નામે બહાર પડેલ આ ગ્રંથ જ્યોતિષ જ્ઞાન માટે ખુબજ ઉપયોગી છે.

હાલમાં આ ગ્રંથ મળતો ન હોવાના કારણે-જ્યોતિષના જાણકારો માટે ઉપયોગી હોવાથી મારા પૂજ્ય ગુરૂદેવશ્રી **ભદ્રસેન વિજયજી** મ સા. એ અલભ્ય ગ્રંથને લભ્ય બનાવવા માટેનું કાર્ય હાથ ધરેલ છે.

અતિ મુશ્કેલ કાર્યને પોતાના હાથમાં લઈ ખંતથી તેમજ ધીરજથી આર્થિક તેમજ માનસિક મુશ્કેલીઓ વચ્ચે પણ અડીખમ ઉભા રહીને આ પુસ્તકનું પુનઃ પ્રકાશન કરે છે. તે ખરેખર આનંદની વાત છે.

આજના જમાનામાં લોકોને ઉંધે રસ્તે દોરનારા પોતાની વાહ-વાહ કરાવનારા ઘણા જ્યોતિષિઓ છે, જેમની પાસે સાચુ (પુરૂ) જ્ઞાન પણ નથી. પોતાના સ્વાર્થ ખાતર કે પૈસા કમાવવાની લાલસાથી સાચા ખોટા મુહૂર્તો આપીને લોકોને ઘણુ નુકશાન પહોંચાડે છે.

જ્યોતિષના અભ્યાસીઓને શ્રી **દિનશુદ્ધિ-દીપિકા** પુસ્તક સાચોરાહ બતાવનાર છે. તેનું વાંચન સામાન્ય માનવી પણ સમજી શકે તેવી સરળ ભાષામાં લખેલ છે

આ સાથે વિશેષ જાણકારી મળે તે દ્રષ્ટિએ **હસ્ત રેખા વિભાગ** પણ આપવામાં આવેલ છે. આ વિભાગમાં હાથની જુદી-જુદી રેખાઓની જાણકારી મળે તે દ્રષ્ટિએ સચિત્ર હાથની આકૃતિઓ આપીને સમજાવવામાં આવેલ છે. જેનાથી દરેક વ્યકિત પોતાનું ભવિષ્ય ખુબજ સરળ રીતે જાણી શકે છે. આ વિભાગ લખવા માટે મને પ. પૂ. સેવાભાવિ મુનિરાજ શ્રી **ભદ્રસેન વિજયજી** મ. સા. એ પ્રેરણા આપી છે તેમના આશીર્વાદથી હું આ કાર્ય પૂર્ણ કરી શકેલ છું તે બદલ હું તેમનો ખુબજ આભારી છું.

મારા ધર્મપત્ની શ્રી જ્યોતિબેનના સહકારથી હું જ્યોતિષનું જ્ઞાન મેળવી શકેલ છું અને તેમના સહકારથી હું આ વિભાગ તૈયાર કરી શકેલ છું. તે બદલ હું તેમનો પણ આભાર માનુ છું.

અમારી આપ સૌને નમ્ર વિનંતિ છે કે આપશ્રીની પાસે જ્યોતિષને લગતા કોઈપણ પ્રાચિન પુસ્તકો હોય અને આપને જરૂરી ન હોય તો અમને મોકલાવવા માટે નમ્ર વિનંતિ છે. અમે જુદા-જુદા પુસ્તકમાંથી અગત્યનું તેમજ દરેકને ઉપયોગી થાય તેવું એક પુસ્તક છાપવા ઇચ્છીએ છીએ.

જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયુ હોય તો મિચ્છામિ દુકકડમ્.

લી.

હસમુખલાલ આર. ઝવેરી

૨/૫૩, હર્ષવર્ધન, ઓશીવાલાબ્રીજ,
એસ. વી. રોડ ગોરેગામ (વે.),
મુંબઈ-૪૦૦ ૦૬૨. ફોન નં.: ૬૭૨ ૩૪ ૭૧

ભારતીય જ્યોતિષ શાસ્ત્રની અમુલ્ય સેવા

ભારતીય શાસ્ત્રોમાં જ્યોતિષશાસ્ત્ર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સર્વપ્રથમ જ્યોતિષવિદ્યાનો પ્રારંભ થયેલ અને તે પણ ભારતમાંજ અને પછી આખા ભૂમંડલમાં ફેલાયેલ છે. જ્યોતિષશાસ્ત્રના મુખ્ય ત્રણ અંગો છે. (૧) સિદ્ધાંત (૨) સંહીતા (૩) હોરા, મુહૂર્તગ્રંથો સંહીતા વિભાગમાં આવે છે. છતાં ત્રણે અંગો સાથે મુહૂર્તશાસ્ત્ર સંકળાયેલ છે. **સિધ્ધાંત** એટલે ગ્રહગણિત આદિ, **હોરા** એટલે ભાવિકથન, ભવિષ્યફળ, ગ્રહોના ફેરફારોથી માનવ, પશુ અને પૃથ્વી પર થતી અસરોની માહિતી, **સંહીતા** વિભાગમાં શુભાશુભ સમયની જાણકારી, મુહૂર્ત શુકન, નીમિત્ત, વાસ્તુવિદ્યા, વૃષ્ટિવિચાર, સ્વપ્નસ્વર આદિ વિભાગોનો સમાવેશ થાય છે. મુહૂર્તશાસ્ત્ર માનવના જન્મથી મરણ સુધી દરેક કાર્યમાં વ્યાપ્ત છે. અશુભ સમયને જાણી વિઘ્નમાંથી માનવને બચાવવાનું અને શુભસમયને જાણી માનવમાત્રની ઉન્નતિનો સમય બનાવવો તે મુહૂર્ત શાસ્ત્રનું કર્તવ્ય છે. જ્યોતિષશાસ્ત્ર પ્રત્યક્ષ છે. અને પૂર્ણવિજ્ઞાન છે. ગ્રહોના આધારેજ ગરમી, શરદી, વરસાદ, ઋતુપરિવર્તન, રોગ, ધરતીકંપ, ગ્રહણ, સમુદ્રમાં ભરતી. ઓટ આદિ અનેક પ્રત્યક્ષ બનાવો જ્યોતિષશાસ્ત્રના આધારે જાણી શકાય છે ભારતીય જ્યોતિષશાસ્ત્રના અમૂલ્ય ગ્રંથો નષ્ટ થઇ ગયા છે, ઘણા ગ્રંથો અને હસ્તલેખિત સાહિત્ય અન્ય દેશોમાં જતું રહ્યું છે પ્રાકૃત અને સંસ્કૃતના જૂના અનેક જ્યોતિષ ગ્રંથો ભંડારોમાં ભૂગર્ભમાં નષ્ટ થઈ રહ્યા છે. જેનું પુનઃનિર્માણ અતિ આવશ્યક છે ભારતીય જ્યોતિષ શાસ્ત્રમાં જૈનાચાર્યોનો ફાળો ઘણોજ મોટો છે. પ્રસ્તુત ગ્રંથ **દિનશુધ્ધિ-દીપિકા** જ્યોતિષ શાસ્ત્રના પ્રચંડ વિદ્વાન શ્રીમદ્ આચાર્યદેવ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ. સા. જે ખગોળ, ભૂગોળ અને જ્યોતિષશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન હતા. તેમણે ઘણા ગ્રંથોની રચના કરી છે. જેમાં આ ગ્રંથ યા ને દિનશુદ્ધિ-દીપિકા વિક્રમ સંવત ૧૪૧૦ આજથી લગભગ ૭૦૦ વર્ષ પૂર્વે જેમણે રચના કરેલ છે. આ ગ્રંથમાં–સંસ્કૃત, પાલી, માગધી ભાષા સંમિશ્રણથી તૈયાર કરેલ છે. આમાં પાકૃત ગાથાઓ જ્યોતિષવિષયમાં મહત્ત્વપૂર્ણ છે. મુહૂર્ત શાસ્ત્રમાં દિવસની શુદ્ધિ મહત્વની છે. દીક્ષા, પ્રતિષ્ઠા, પ્રયાણ, વાસ્તુ લગ્નાદિ માંગલિક કાર્યો માટે તથા મુહૂર્તશાસ્ત્રના અનેક ઉપયોગી સિદ્ધાંતો જેમાં રજુ કરેલ છે. આ ગ્રંથમાં અનેક ગ્રંથોનો સાર સમન્વય રજુ કરેલ છે. જેવાકે આરંભસિદ્ધિ, રત્નમાલા, નરપતિજયચર્યા, હર્ષપ્રકાશ, ત્રૈલોકયપ્રકાશ, યતિવલ્લભ, જ્યોતિષસાર, વહેવાર પ્રકાશ, મુહૂર્તમાર્તન્ડ, મુહૂર્ત ચિંતામણી, કર્ણકુતુહલ નારચંદ્ર જૈન જ્યોતિષ, આદિ ગ્રંથો તથા મહાન જ્યોતિર્ધરો જેવા કે ઉદયપ્રભસૂરિ, હેમહંસગણી, ભલ્લ, હરીભદ્રાચાર્ય ગર્ગાચાર્ય, નારચંદ્રસૂરિ, ભાસ્કરાચાર્ય આદિ અનેક જ્યોતિષ મહર્ષિઓના વચનો પ્રસ્તુત

ગ્રન્થમાં સમાવેલ છે. મુહુર્ત શાસ્ત્રમાં પંચાગ શુદ્ધિ અને દિન શુદ્ધિ માટે પ્રસ્તુત અલંકાર રૂપી અને મહાન જ્યોતિ (દીપક) સમાન છે.

પૂજ્ય શ્રી ભદ્રસેનવિજયજી મહારાજે આ અમુલ્ય ગ્રંથ જે અતિ લોકોપયોગી શાસ્ત્રને જીવંત રાખવા માટે અગાધ પરિશ્રમ અને ખંતથી પુર્નમુદ્રિત કરે છે. જે ભારતીય જ્યોતિષ શાસ્ત્રની અમૂલ્ય સેવા સમાન છે. આશા છે કે તેઓ આવા અમૂલ્ય ગ્રંથો જે લુપ્ત થઈ રહ્યા છે તેમને પુર્નમુદ્રિત કરી જ્યોતિષ જગતનાં જીજ્ઞાસુઓની આશાઓને નવા પ્રાણ પુરશે. જ્યોતિષ જીજ્ઞાસુઓને માટે અભ્યાસ કરવા માટે આ ગ્રન્થ ઉત્તમ છે.

શાસ્ત્રી રઘુનાથ ચુનીલાલ દવે
(સાહિત્યશાસ્ત્રી – જ્યોતિષાચાર્ય)
ગાયત્રી પંચાંગ કાર્યાલય
દોશીવાડાની પોળ, અમદાવાદ–૧.

ઉપયોગીતા અંગે....

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **રત્નશેખરસૂરીશ્વરજી** મ. સા. વિરચિત અને પ. પૂ. મુનિરાજશ્રી **દર્શનવિજયજી** મ. સા. (ત્રિપુટી) દ્વારા અનુવાદન કર્યા પછી શ્રી **દિનશુદ્ધિ દીપિકા** આજથી લગભગ સાંઈઠ વર્ષ પહેલાં બહાર પડેલ. આજે તેની **બીજી આવૃત્તિ** બહાર પડે છે તેથી પ્રસ્તાવના લખતાં પિસ્તાલીસ વર્ષના જ્યોતિષના વાંચન, મનન અને વિના વેતન વિના જ્યોતિષના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના અનુભવ છતાં. આ અનેક લક્ષી જ્યોતિષના પુસ્તક વિશે લખતાં આનંદ સાથે સંકોચ અનુભવું છું.

પૂજ્યશ્રીએ આ પુસ્તકદ્વારા જ્યોતિષના જાણનારા, શિખનારા અને કદાચ ઉદાસીનતાથી એ શાસ્ત્ર પર અવિશ્વાસની નજરથી જોનારા દરેકને મઝધારમાં દિવાદાંડી રૂપ બને તેવી વિગતો સરળતાથી સમજુતી પૂર્વક બીજા લલ્લ, દૈવજ્ઞ વલ્લભના પુસ્તકમાંથી નારચંદ્ર, ગણેશ દેવજ્ઞ, શ્રી ચિદાનંદજી સ્વામી વગેરે અનેક મહારથીના ફલીત સાથે ગણિતનો આધાર લઈ ઘણું કષ્ટ ઉઠાવી આ દળદાર પુસ્તક લખવા બદલ મસ્તક નમ્યા વગર રહેતું નથી.

ગૃહસ્થ જીવનમાં શુભ અને અશુભ દિવસ, કાળ, હોરા નક્ષત્ર તેમજ કોઈપણ કાર્યની શરૂઆત કરતાં તેનું શુભ પરિણામ આવે, સુખ સમૃદ્ધિ શાંતિ તેમજ દેવ આરાધનામાં મન પરોવાય તેવા હેતુથી દરેક પ્રસંગોને ખુબજ ઝીણવટથી છણાવટ કરી દરેકનો મોટા પાયે ઉપકાર કર્યો છે.

ગૃહસ્થ જીવનમાં ઇચ્છિતકર્મ, અને પરેચ્છીત કર્મ અને અનિચ્છિતકર્મ કરતાં જાણે, અજાણે પાપના બંધનમાં ફસાઇ જવાય છે ને મોહજાળમાં લપટાતાં બચવા માટે અનેક તિથિ, વાર, નક્ષત્ર વગેરેનો પૂર્ણ ખ્યાલ આપી જીવનમાં સરળતાથી પોતાને કુટુંબીજનોને ભવસાગરમાંથી કેમ પાર પાડવા તેનું સુચન, માર્ગદર્શન અને મુહુર્તો આપ્યા છે.

હાલના જમાનામાં સુઠને ગાંગડે ગાંધી થનારા ધંધાકીય જ્યોતિષીઓએ કરેલાં ઉટાંગ અને આપેલાં મુહુર્તો પ્રમાણે ઘર પ્રવેશ, ધંધા કે નોકરીની શરૂઆત, પ્રયાણ કે પછી દેવ-મંદિરની સ્થાપના કરવી કે જુના દેવાલયનો જીર્ણોદ્ધાર કરી પુણ્યાઇ ને નામના કમાવવા અપાતા એ મુહુર્તો કેટલા અશુદ્ધ અને દુઃખદાયક નિવડે છે.

આ પુસ્તકમાંથી કોઇપણ સંસારી તેવા મુહુર્તો શુભદિનો, દેહ શુદ્ધિના મનને સ્થિર કરી ધર્મલાભ મેળવી શકે છે. એટલું સરળ અને શુદ્ધ વિવેચન આ પુસ્તકમાંથી મળે છે.

દેવ મંદિરો નવા થાય છે લોકો તેમાં ખર્ચ કરે છે. મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરે છે છતાં પણ તેમાં ભાવિકોને એટલો આનંદ આકર્ષણ કે ઉત્સાહ રહેતો નથી, જ્યારે કેટલા મંદિરો ભલે દૂર હોય નાના હોય છતા પણ તે સ્થાનોમાં દર્શને જતાં આત્માને અનેરો આનંદ ને શાંતિ મળે છે કારણ કે તે મૂર્તિની સ્થાપના અને મંદિરનો પાયો નાખતાં લીધેલા મુહૂર્તો અતિ શુદ્ધ રીતે ફાળવેલા હોય છે.

આજ પ્રમાણે દીક્ષા લેનાર તથા પ્રયાણ કરતાં પણ નાડી, સૂર્ય, ચંદ્ર, એટલે શિવસ્વરોદયનો, તેમજ વસ્ત્રધારણ કરવાની બાબતનો ખૂબજ વિસ્તારથી ઉલ્લેખ છે. બધા કાનુનોને માન આપી. મનન કરી શુદ્ધભાવનાથી કરેલા દરેક કાર્યો યશવેતા બને છે, તે આ પુસ્તકમાં સરળ રીતે સમજાવવામાં આવેલ છે

આ પુસ્તકને દરેક જ્યોતિષ શિખનારે અને વ્યવહારુ જ્ઞાન તથા માર્ગ દર્શન માટે અને એક પાઠય પુસ્તક તરીકે જ્યોતિષના વર્ગોમાં શિખવવામાં આવે તો જીવનમાં આવતી ઘણી અડચણો અને આટી ઘુટીમાંથી મુક્તિ મેળવી શકાય.

લખવાનું અને વિચારવાનુ તો ઘણુ છે પણ પ્રસ્તાવના કારે પુસ્તકના રચ્યતાને (રચૈતાને) નમન કરી આટલેથી વિરમવું તે ઉચીત છે.

ઇતિશુભં

નવીનભાઈ ઝવેરી
ફાગણ સુદ અષ્ટમી બુધવાર
તા. ૧૯–૩–૮૯

દિનશુદ્ધિ દીપિકા અંગે

દિનશુદ્ધિ દીપિકા અને વિશ્વપ્રભા ગ્રંથનું પુનઃ પ્રકાશન થવાનું છે તે જાણી હું આનંદિત થયો. તેમજ જરા ખચકાયો પણ ખરો કારણ કે પૂજ્ય મુનિવર્ય **શ્રી ભદ્રસેન વિજયજી** મ. સા આ કાર્ય કરી શકશે કે કેમ તેવી મને શંકા જાગી, પણ તરત તેનું નિરાકરણ થયું તેમણે આજથી બે વર્ષ પહેલાં **શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ** ભાગ ૪થો ખુબજ મહેનત કરીને બહાર પાડેલ. તેવીજ રીતે ખુબજ જહેમત ઉઠાવીને આ ગ્રંથનું ખંત પૂર્વક પુનઃ પ્રકાશન કરી રહેલ છે. પ. પૂ. સ્વ. **દર્શનવિજયજી** મ. સા. શ્રી દિનશુદ્ધિ દીપિકા ગ્રંથનું અનુવાદન કરી પ્રકાશન કરવામાં ઘણી મહેનત કરેલ અને એમને ઘણા ગ્રંથોની અવગાહના પણ કરી હતી, તે તેમની લગભગ સાઈઠ વર્ષ પહેલાંની વાતચીતથી હું જાણી શક્યો હતો. મેં પણ લગભગ સાઈઠ વર્ષ પહેલાં આ ગ્રંથ વાંચેલ અને પૂ. શ્રી ને તે અંગે કેટલીક હકીકત પણ કહેલી હતી

પ્રાચીન ઘણા આચાર્યો, જ્યોતિષ વિદ્યાનું જ્ઞાન ધરાવતા હતા અને તેમાં મતમતાંતર પણ હતાં અગાઉ મુખ્ય નવગ્રહો હતા આજે હર્ષલ, નેપ્ચુન, પ્લુટો આ ત્રણ ગ્રહો દાખલ થયા છે. તેમા પણ સંશોધન થયું હર્ષલ, નેપ્ચુન, પ્લુટો આ ત્રણ ગ્રહો પંચાગોમાં ઉપલબ્ધ છે અને તેનુ પણ ફળાદેશ છે.

પહેલાં જ્યોતિષ કલ્પતરૂ, જાતક, પારિજાતક (સોમેશ્વર દ્વારકાદાસમાં) ગણિત અને ફલિત વિભાગ સહ સુંદર હતા, અભ્યાસનીય હતા.

આપણે ત્યાં ઘણા ગ્રંથો છે જેમાં આરંભસિદ્ધિ, નારચંદ્ર, ભદ્રબાહુ સંહિતા વિગેરે અને ઘણા ગ્રંથો આજે પણ છે

મુહુર્ત વિષે દિનશુદ્ધિ દીપિકા એકંદરે સુંદર છે. સુંદર મુહુર્ત પણ સાચી તિથિ પર નભે છે. સાચી તિથિ સુક્ષ્મ પંચાંગ પરથી મળે છે. કલા, વિકલા, પ્રતિવિકલા સુધી આકાશના ગ્રહો સાથે મળી રહે તેજ સાચુ પાંચાગ.

આ વિષય પર મેં ઘણા વર્ષો પહેલાં ઘણુ લખેલું છે. સ્વ. આચાર્ય શ્રી વિકાશચંદ્ર સૂરિ મ. સા. અને સ્વ. આચાર્ય લલિતસૂરિના શિષ્ય સ્વ. આચાર્ય પુર્ણાનંદસૂરિ સાથે અભ્યાસ કરેલ હતો

સ્વ. પૂ. આચાર્ય શ્રી વિકાસવિજયજી મ. સા. (તે વખતે) મહેન્દ્ર પંચાંગ બહાર પાડી પાંત્રીસ વર્ષ સુધી ચલાવ્યું આ મહેન્દ્ર પંચાંગ ઘણું શુદ્ધ–સુક્ષ્મ હતું અને તેનો સંપાદક

વર્ષો સુધી હું હતો આ વિષે આચાર્ય લબ્ધિસૂરીશ્વરજીના જૈનોદય પંચાંગ તથા સીમંધર સ્વામિ પ્રત્યક્ષ પંચાંગની પ્રસ્તાવનામાં પણ સુક્ષ્મ પંચાંગજ કાર્યરત છે તે જણાવેલ છે.

આજે ચોકખુ મુહુર્ત આવતું હોય કે નહિ તે માટે પણ તહેવાર રજાનો દિવસ રવિવારને વધુ અગત્ય આપવામાં આવે છે. જ્યારે સાચા મુહુર્તનો અભાવ હોય ત્યારે તેને સાચા **મુહુર્ત** તરીકે ખપાવવામાં આવે છે. આનું નામજ જ્યોતિષનું અવમુલ્યનકર્યું કહેવાય. ઉચ્ચ–નીચના **ગ્રહોનું** પણ પુરૂ જ્ઞાન નથી તેઓ જ્યોતિષ માર્તંડ કહેવાય આવુ આવુ આજે ઘણું ચાલે છે. આજે તો પંચાંગોમાં વિસ્તીર્ણ માહીતી આપવામાં આવે છે એટલે અભ્યાસથી સાચી વસ્તુની ખોજ કરી શકાય તેવી સુલભતા પ્રાપ્ત છે. એટલે સાચુ મુહુર્ત કાઢવું હોય તેને શુદ્ધદિવસ માટે સાચું પંચાંગ ગ્રહણ કરવુંજ પડે. શુદ્ધદિવસ માટે આવા **"દિનશુદ્ધિ દીપકા"** જેવા ગ્રંથનું અવલંબન લેવું પડે એટલે સાચુ મુહુર્ત નીકળી શકે જ્યોતિષએ ઓપચારિક વિષય છે એટલે તેનુ ફલિત પણ તે રીતે અંતિમ જાણવું જરૂરી છે.

ભગવાન રામચંદ્રનું રાજ્યાભિષેકનું મુહુર્ત મહર્ષિ વશિષ્ઠ જેવા ઋષિએ અપેલ હતું અને તેજ મુહુર્તે ચૌદ વર્ષનો વનવાસ ભોગવવો પડ્યો ! એટલે શું મુહુર્ત ખોટુ હતુ ? ના મુહુર્ત કાઢનાર અષ્ટાંગ નિમિત્તના જાણકાર એવા વશિષ્ઠ ઋષિ હતા.

ત્યાં જૈન શાસન સમન્વય કરે છે કે ગમે તેવા ઉચ્ચ ગ્રહોવાળી કુંડળી હોય પણ જ્યારે અ શાતાનો ઉદય થાય છે ત્યારે શુભ ગ્રહો પણ અશુભ બની જાય છે. કહ્યું છે કે

कर्मण्येव प्रधानत्वं, किं कुर्वन्ति शुभाग्रहाः ;
वशिष्ठत्त लग्नेन, रामोप्रव्रजिते वने.

એટલે કે ફળા દેશ માટે કોઈ એકાંતિક નિયમ નથી છતાં જ્યોતિષ એક મહાન દિપકના પ્રકાશની ગરજ સારે છે. આ વિષે વધુ ન લખતાં પરમ પૂજ્ય સેવાભાવિ મુનિ શ્રી **ભદ્રસેન વિજયજી મ. સા.** (પૂ સ્વ. **ચારિત્ર વિજયજી** મ. સા.) એ ગુરૂશતાબ્દિ પર આ ગ્રંથનું નિર્માણ કરવા–**પુનઃ** મુદ્રણ કરવા માટે હું અભિનંદુ છું, તેઓ મારા ચીર–પરિચીત હોવાથી તેમનો **પ્રસ્તાવના** લખવા માટેનો આગ્રહ પાછો ઠેલી શકયો નહિ. ઉપરની હકીકતમાં કઇ ક્ષતિ જણાયતો વિદ્વદવર્ય જણાવશે તો સુધારી લેવામાં આવશે.

લી.

વાડીલાલ જીવરાજ શાહ
૭, ગૌતમ નિવાસ, દફતરી રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ.

શ્રી દિનશુદ્ધિ–વિશ્વપ્રભાની અનુક્રમણિકા

ગાથા	વિષય	પૃષ્ઠ
૧	**મંગલાચરણ**	૧
	***વારદ્વાર.**	
૨	**વારો અને સ્વભાવો**	૨
,,	વાર લાવવાની રીતિ....	૩
,,	વાર ફળ....	૩
,,	વારમાં કાર્ય સિદ્ધિ...	૪
,,	વારોની ચર સ્થિરતા....	૪
૩	**કાલહોરા**	૪
	+દિનરાત્રિ હોરા યંત્ર....	૫
	રાત્રિ હોરા યંત્ર	૬
	ચોઘડીયા નામો....	૬
	+ચોઘડીયાનો કોઠો....	૭
	+શુભાશુભ ઘંટી યંત્ર....	૮
,,	બાર માસનો ઘટી યંત્ર	૯
૪	**વારપ્રારંભ**	૧૦
,,	સંક્રાન્તિમાં દિનમાનક્રમ	૧૧
,,	દિનમાન વૃદ્ધિ હાનિ....	૧૨
	+દિનમાન યંત્ર....	૧૨
,,	૨–વાર પ્રવૃત્તિ....	૧૩
,,	૩–વાર પ્રવૃત્તિ	૧૩
,,	૪–વાર પ્રવૃત્તિ....	૧૩
૫	**વારોમાં સુવેલા**	૧૪
૬	**કુલિકાદિ ૪ કુવેલા**	૧૫
,,	કુલિકાનયન પ્રકાર....	૧૬
,,	ત્રિશ મુહૂર્તો....	૧૭
,,	મુહૂર્તનાં સ્વામી	૧૭
,,	કુલિક મુહૂર્તો....	૧૭
,,	કુલિક બળ	૧૭
,,	કંટક	૧૭
,,	ઉપકુલિક....	૧૭
,,	કાળવેળા....	૧૮
૭	**વર્જ્ય અર્ધ પ્રહર**	૧૮
	+ દિવસનાં શુભાશુભ ચોઘડીયાં...	૧૯
૭	અંત્ય વર્જ્ય કાળ	૧૯
,,	ઘડિપળાદિનું માપ–ગ્રહોના નામો	૨૦
,,	વારની વિશ ઘડીઓ–રાશી ભોગ	૨૦
	ગ્રહ ચાર વિવરણ	
,,	ગ્રહોની ગતિ....	૨૦
,,	ત્રિશાંશ ભોગ....	૨૦
,,	છવર્ગ ભોગ....	૨૦
,,	હરાદિનું સ્વરૂપ....	૨૦
,,	ઉદયાસ્ત દિશા....	૨૧
,,	ઉદયાસ્ત કાળ....	૨૨
,,	આતચાર	૨૨
,	વક્રી ગ્રહ ફળ...	૨૨
,,	ગ્રહોનાં સ્વભાવ લિંગ	૨૩
,,	ગ્રહોની મૈત્રી શત્રુભાવ....	૨૩
,,	ગ્રહ સંજ્ઞા વિવરણ....	૨૪
,,	+ ગ્રહચક્ર...	૨૭
	*** તિથિદ્વાર.**	
૭	વર્ષારંભ વિચાર....	૩૩
,,	સિંહસ્થ ગુરૂ....	૩૪
,,	ગુરૂનિષિદ્ધ કાર્યો....	૩૪
,,	લુપ્તસંવત્સર દોષ....	૩૫
,,	સૌર વર્ષ....	૩૫
,,	ચાંદ્ર વર્ષ....	૩૫
,,	ત્રણ પ્રકારના મહિના....	૩૫
,,	ઋતુ તૈથા અયન....	૩૬
,,	શુભાશુભ માસ....	૩૬
,,	ધનાર્ક મીનાર્ક વિચાર....	૩૭
,,	અધિકમાસ, ક્ષયમાસ	૩૭
,,	અધિકમાસ લાવવાનું....	૩૮

ગાથા	વિષય	પૃષ્ઠ
,,	ક્ષય માસનાં વર્ષો....	૩૯
,,	માસ શુદ્ધિ....	૩૯
૮	**નન્દા–ભદ્રાદિ તિથિઓ**	૪૦
,,	તિથિઓના કાર્યો....	૪૦
,,	હીન મધ્યમ–ઉતમતિથિઓ....	૪૦
૯	**વર્જ્ય તિથિ વર્ણનમ્**	૪૧
,,	તિથિઓમાં વિષ ઘડીઓ....	૪૧
,,	વૃદ્ધિતિથિ તથા ક્ષયતિથિની સમજણ	૪૨
,,	સંક્રાન્તજર્ય દિવસ....	૪૩
,,	વર્જ્ય ગ્રહણ દિન	૪૩
,,	જન્મ તિથિ વિગેરે	૪૩
	જન્મ૦ દોષ શમન....	૪૪
,,	કેટલાક ગ્રહણો...	૪૪
,,	ગુરૂ–શુક્રની બાલ–વૃદ્ધ દશા	૪૪
,,	વર્જ્ય દિવસો....	૪૪
,,	કુચિન્હો....	૪૫
,,	અકસ્માત્....	૪૫
૧૦	**ક્રૂર તિથિનું વર્ણન**	૪૫
,,	વર્જ્ય તિથિ–ભાગ	૪૫
૧૧	**સૂર્યદગ્ધા વર્ણનમ્**	૪૬
,,	દગ્ધાતિથિનું વર્ણન....	૪૬
,,	સૂર્યદગ્ધા તિથિ....	૪૬
,,	સ્થૂલ શુદ્ધિની આવશ્યકતા....	૪૬
,,	ચંદ્રદગ્ધા તિથિ....	૪૬
,,	દગ્ધાતિથિ ફળ....	૪૬
,,	કુલ્યાદિ તિથિ સંજ્ઞા	૪૭
,,	નક્ષત્રદગ્ધતિથિ....	૪૭
	+તિથિ ચક્રમ્....	૪૮
	*** કરણદ્વાર.**	
૧૨	**સ્થિર કરણનું વર્ણન**	૫૦
,,	કરણ લાવવાની રીત....	૫૦
,,	કરણ ભાગ....	૫૧
૧૩	**ચરકરણોનાં નામ તથા ફળ**	૫૧
,,	વિષ્ટિ કરણનું ફળ....	૫૨
,,	શુભવિષ્ટિ....	૫૨
૧૪	**ભદ્રાનોકાળ**	૫૩
૧૫	**પ્રવાસમાં વર્જ્ય ભદ્રાના સ્થાન તથા કામ**	૫૪
,,	વર્જ્યભદ્રા જાણવાનો બીજો પ્રકાર	૫૪
,,	વિષ્ટિ પ્રયાણનું ફળ	૫૫
૧૬	**ભદ્રાની શુભાશુભ ઘટી અને ફળ**	૫૫
,,	વિષ્ટિની ઘડીઓ	૫૬
,,	વિષ્ટિનો પ્રારંભ	૫૬
,,	વિષ્ટિનો નિવાસ	૫૭
,,	ત્રિલોકી વિષ્ટનું ફળ	૫૭
૧૭	**કરણની અવસ્થાનું વર્ણન.**	૫૮
,,	સક્રાન્તિનાં નામ તથા ફળ	૫૮
,,	સંક્રાતિ નક્ષત્ર ફળ	૫૯
	*** નક્ષત્રદ્વાર.**	
૧૮–૧૯	**નક્ષત્રના તારાઓ**	૫૯
,,	નક્ષત્રનાં નામો	૬૦
,,	નક્ષત્રના ઉદય પળ	૬૦
,,	નક્ષત્રની આકૃતિ–તારા	૬૦
,,	નક્ષત્રના તારા	૬૧
,,	ચંદ્રયોગી નક્ષત્રો	૬૨
,,	નક્ષત્રનાં મુહૂર્ત	૬૨
,,	નક્ષત્રનો સ્વામી	૬૩
,,	ચરાદિ સંજ્ઞા ફળ	૬૪
,,	કુલ્યોપકુલ્યાદિ નક્ષત્ર	૬૪
,,	નક્ષત્ર મુખ	૬૪
,,	નક્ષત્રોની દષ્ટિ	૬૪
,,	નક્ષત્રોની નાડી	૬૪
,,	નક્ષત્રોની યોની	૬૫
,,	નક્ષત્રના અક્ષરો	૬૬

ગાથા વિષય	પૃષ્ઠ
,, નક્ષત્રોના કાર્યો	૬૬
,, નવ પ્રકારના નક્ષત્રો	૬૭
,, +પક્ષચક્ર	૬૮
,, નક્ષત્ર પીડા	૬૮
,, રવિ નક્ષત્ર	૬૮
,, નક્ષત્રદગ્ધ તિથિ	૬૯
,, ભદગ્ધ ફળ પાક	૬૯
,, ×નક્ષત્ર ચક્ર	૭૦ થી ૭૪
,, નક્ષત્ર શુદ્ધિ	૭૫
,, પુષ્પ નક્ષત્રનું બળ	૭૭
અભિજિત્ નક્ષત્ર નિર્ણય.	૭૮
,, તિથિ વાર નક્ષત્ર કરણનું બળાબળ	૭૮
,, લગ્ન બળ	૮૦
*** રાશિદ્વાર**	
૨૧ રાશિપાદ વિચાર	૮૧
,, બાર રાશિ	૮૧
,, બાર રાશિનાં નક્ષત્રો	૮૧
,, ઇષ્ટ ઘટિનું જ્ઞાન	૮૨
,, મધ્યાન્હ છાયા પદ	૮૩
,, રાશિની આંતભુર્કિત	૮૪
,, સૂર્ય ભુક્તિ	૮૪
,, સ્થૂલ લગ્ન	૮૫
,, સાયન લગ્ન	૮૬
,, ગુજરાતનાં લગ્ન પળો	૮૭
,, સ્પષ્ટ સૂર્ય	૮૭
,, નિરયન લગ્ન	૮૮
,, છ વર્ગની શુદ્ધિ	૮૯
,, નવાંશની મુખ્યતા	૯૦
,, ષડ્વર્ગ શુદ્ધ ત્રિશાંશો	૯૨
૨૧ ષડ્વર્ગપતિ ફળ	૯૨
,, રાશિનક્ષત્ર પાયા	૯૩
,, રાશિના અક્ષરો	૯૩
,, રાશિનું સ્વરૂપ	૯૪
,, રાશિનો રંગ	૯૪
,, રાશિની દિશાઓ	૯૪
,, રાશિની સંજ્ઞા	૯૪
,, રાશિનો સ્વભાવ	૯૪
,, રાશિનો ઉદય	૯૪
,, રાશિનાં લિંગ	૯૪
,, રાશિના સ્વામીઓ	૯૫
,, ગ્રહોના ઉચ્ચાંશો	૯૫
,, ઉચ્ચ ગ્રહ ફળ	૯૫
,, સ્વગ્રહી ફળ	૯૬
,, નીચ ગ્રહ ફળ	૯૬
,, ત્રિકોણ સ્થાન	૯૬
,, ઉચ્ચાદિ શ્રેષ્ઠ ત્રિશાંશો	૯૭
,, મૈત્રીભાવ	૯૭
,, લગ્નશુદ્ધિ વર્ણનમ્	૯૭
,, કુંડલિની રીતિ	૯૭
*** લગ્નદ્વાર**	
,, ×રાશિ લગ્ન ચક્રમ્	૯૮ થી ૧૦૪
,, બારભાવો	૧૦૫
,, બાર લગ્નનાં કાર્યો	૧૦૫
,, સામાન્ય ગોચર શુદ્ધિ	૧૦૭
,, વિશેષ ગોચર શુદ્ધિ	૧૦૯
,, વિલગ્નો	૧૦૯
,, ૬-૮-૧૨ સ્થાનો	૧૦૯
,, જન્મ રાશિ	૧૧૦
,, અનિષ્ટ ગ્રહ શુદ્ધિ	૧૧૦
,, નિષિદ્ધ ગ્રહો	૧૧૧
,, કુયોગ દોષ	૧૧૨
,, લગ્નનો ચંદ્ર	૧૧૩
,, ભાવકફળની દુષ્ટતા	૧૧૩
,, કર્તરી દોષ	૧૧૪
,, જામિત્ર દોષ	૧૧૪
,, યુતિ દોષ	૧૧૫

ગાથા વિષય	પૃષ્ઠ
૨૧ ક્રાંતિસામ્ય દોષ	૧૧૬
,, બુધ પંચક	૧૧૯
,, એકસત્તાક વિલગ્નો	૧૧૯
,, ગણુસત્તાક વિલગ્નો	૧૨૦
,, અસાધ્ય–સાધ્ય દોષો	૧૨૦
,, વિલગ્નોની શુદ્ધિ	૧૨૦
૨૧ ગુરૂ શુક્રબળ	૧૨૧
,, ઉદયાસ્ત શુદ્ધિ	૧૨૨
,, ગુરૂ–શુક્ર ઉદયાસ્ત ૧૬૧	૧૨૩
,, જન્મરાશિ ગોચર (૧૯૩)	૧૨૪
,, પનોતી	૧૨૫
,, દશા	૧૨૫
,, ગ્રહશાંતિ પૂજા	૧૨૬
,, વેધક સ્થાનો	૧૨૬
,, + વામવેધ ચક્ર	૧૨૭
,, ગ્રહોનું બળાબળ	૧૨૮
,, તાન–કારક યોગ ૧૬૭	૧૨૮
,, ચાર હર્ષસ્થાનો	૧૨૮
,, દૃષ્ટિવર્ણન	૧૨૯
,, નિર્બળ ગ્રહો	૧૨૯
,, વીશ ગ્રહબળો	૧૩૦
,, ગ્રહોનું વિશેષ બળ	૧૩૦
,, નૈઃર્ગિક બળ	૧૩૧
,, ગ્રહોનું સ્થાનબળ	૧૩૨
,, પ્રત્યેક ગ્રહબળ	૧૩૪
,, ગ્રહની રેખાઓ	૧૩૫
,, રેખાની રીતિ–ફળ	૧૩૮
,, +સર્વ રેખા કુંડળી	૧૩૯
,, ગ્રહયોગો	૧૩૯
,, +ગ્રહરેખા ચક્ર	૧૪૦
,, લગ્નભુવન ચક્ર	૧૪૪
***ચંદ્રદ્વાર**	
૨૨–૨૩ ચંદ્રની અવસ્થા અને ફળ	૧૪૬
,, ૨૨–૨૩ ચંદ્રબળની મુખ્યતા	૧૪૭
,, જન્મનો રવિ (૧૬૨)	૧૪૭
,, જન્મનો ગુરૂ (૧૬૨)	૧૪૭
,, ચંદ્રગોચર (૧૬૨)	૧૪૭
,, ×જન્મરાશિ ચક્ર	૧૪૮
,, અશુભ જન્મચંદ્ર	૧૪૯
,, બારમો શુભ ચંદ્ર	૧૫૦
,, ઘાતચંદ્ર તિથિ વિગેરે	૧૫૦
,, +રાશિઘાત ચક્રમ્	૧૫૨
,, ચંદ્રના પંદર બળો	૧૫૩
,, પંથારાહુમાં ચંદ્ર	૧૫૬
૨૪ શ્રેષ્ઠ ચંદ્રદર્શન પ્રકાર	૧૫૯
,, ચંદ્રોદય ફળાફળ	૧૫૬
,, વિષુવવતી ફળ	૧૬૦
,, ગ્રહયુતિ ચંદ્ર ફળ	૧૬૧
,, દિવ્યકાળ	૧૬૨
,, ***તારા દ્વાર**	
૨૫ તારા અને ફળ	૧૬૩
,, +તારા કોષ્ટક	૧૬૪
૨૬–૨૭ નવ તારા અને ફળ	૧૬૫
,, શુભાશુભ તારા	૧૬૬
,, તારાબળ	૧૬૭
***યોગદ્વાર**	
૨૮ શુભ રવિ યોગ	૧૬૭
,, યોગના પાંચ વર્ગ	૧૬૮
,, રવિયોગોનું ફળ	૧૬૯
,, મૃત્યુ યોગ	૧૬૯
,, ભસ્મ યોગ	૧૭૦
,, દણ્ડ યોગ	૧૭૦
,, આડલ યોગ	૧૭૦
,, ભ્રમણ યોગ	૧૭૧
,, ધૂમિતાદિ યોગો	૧૭૧
,, ચતુષ્ક યોગ	૧૭૧

ગાથા વિષય	પૃષ્ઠ	ગાથા વિષય	પૃષ્ઠ
,, કુલ્ય યોગ	૧૭૨	૪૫–જન્મ ગ્રહ	૧૯૦
,, હિંબર યોગ	૧૭૨	,, શત્રુયોગ	૧૯૦
૨૯ કુમાર યોગ	૧૭૨	,, ચરયોગ	૧૯૦
,, ત્રિકયોગ કુમાર ફળ	૧૭૩	,, યમદંષ્ટ્રા યોગ	૧૯૧
૩૦ રાજયોગ	૧૭૩	**૪૬ વર્જ્ય યોગ**	૧૯૧
.. ત્રણ યોગોનું બળ	૧૭૪	**૪૭–૪૮ વારતિથિનાં અશુભ યોગ**	૧૯૧
૩૧ સ્થવિર યોગ	૧૭૪	,, મૃત્યુ યોગ	૧૯૨
,, અમૃત સિદ્ધિક્ષ યોગ	૧૭૫	,, દગ્ધ યોગ	૧૯૨
,, અબળાદિ યોગ	૧૭૫	,, ચોથનું ઘર	૧૯૨
,, વિષ યોગ	૧૭૬	,, સંવર્તક યોગ	૧૯૨
,, સર્વાંક યોગ	૧૭૬	,, ×વાર યોગ ચક્ર	૧૯૩
,, ત્રણ યોગો	૧૭૬	**૪૯–૫૦ ગંડાંત યોગ**	૧૯૭
૩૨–૩૩ દ્વિપુષ્કર ત્રિપુષ્કર–પંચક	૧૭૭	,, ગંડાંત ફળ	૧૯૭
,, +ત્રિયોગ યંત્રકમ્	૧૭૮	,, સંધિદોષ	૧૯૮
૩૪ વિષ્કંભાદિની વર્જ્ય ઘટી	૧૭૯	**૫૧ વજ્રપાત યોગ**	૧૯૮
,, વિષ્કંભાદિ ૨૭ યોગ	૧૭૯	,, કાલમુખી	૧૯૯
,, વિશેષ ક્રૂરતા	૧૮૦	,, જવાળા મુખી	૨૦૦
,, વ્યતિપાતનું નિવારણ	૧૮૦	,; વર્જ્ય યોગ	૨૦૦
૩૫–૩૬ આનંદાદિ ઉપયોગો	૧૮૦	**૫૨–૫૩–૫૪ મૃતક નક્ષત્રો**	૨૦૦
,, શુભાશુભ યોગો	૧૮૪	,, દુષ્ટ યોગો	૨૦૧
,, વર્જ્ય ઘટી	૧૮૪	,, કુયોગ વર્જ્ય ઘડી	૨૦૧
,, +યોગ ચક્ર	૧૮૩	,, યોગ શુદ્ધિ	૨૦૧
,, સર્વાંતક સાત યોગો	૧૮૪	,, ×તિથિ મૃત્યુ યોગ ચક્ર	૨૦૧
૩૭–૩૮ વાર તિથિના શુભ યોગો	૧૮૪	,, પ્રવ્રજ્યા યોગ	૨૦૨
,, રિક્તા તિથિનું યોગબળ	૧૮૫	**૫૫–૫૯ નક્ષત્રની તીક્ષ્ણાદિસંજ્ઞા**	૨૦૩
૩૯–૪૦–૪૧–૪૨ વાર નક્ષત્રનાં શુભયોગો	૧૮૫	,, તિક્ષ્ણાદિનાં કાર્ય	૨૦૩
		*** ગમનદ્વાર**	
,, સાત વારનો શુભ યોગ	૧૮૬	**૬૦ પ્રસ્થાન મર્યાદા**	૨૦૪
૪૩ અમૃતસિદ્ધિ યોગ	૧૮૭	,, નક્ષત્રને લઈને પ્રસ્થાન દિવસો	૨૦૪
,, વર્જ્ય અમૃતસિદ્ધિ	૧૮૭	,, પ્રસ્થાનમાં સ્થાપવાની વસ્તુ	૨૦૪
,, (અમૃતલગ્નો)	૩૧૬	**૬૧ લગ્ન વિગેરેનુ ફળ**	૨૦૫
૪૪ ઉત્પાદિ ચાર યોગ	૧૮૭	,, લગ્ન વિચાર	૨૦૫
૪૫ યમઘંટ અને જન્મ નક્ષત્ર	૧૮૮	,, પ્રયાણ તિથિ	૨૦૬
,, વજ્રમુશળ	૧૮૯	,, પ્રયાણ મુહૂર્તો	૨૦૬

ગાથા વિષય	પૃષ્ઠ
૬૧ પ્રયાણનાં શુભ નક્ષત્રો	૨૦૭
,, પ્રયાણમાં શકુન અયન-માસ	૨૦૭
૬૨-૬૩ પ્રયાણની શુભ તિથિઓ	૨૦૭
૬૪ પ્રયાણમાં વર્જ્ય તિથિઓ	૨૦૮
૬૫ પ્રયાણમાં વર્જ્ય વાર	૨૦૯
,, સાત વારોના ફળ	૨૦૯
,, શુભ અશુભ વારો	૨૦૯
૬૬ પ્રયાણમાં શુભ યોગો	૨૧૦
,, વર્જ્ય અમૃત સિદ્ધિ	૨૧૦
૬૭ પ્રયાણના સિદ્ધ નક્ષત્રો	૨૧૧
,, અપવાદ દોષ	૨૧૧
૬૮-૬૯-૭૦ પ્રયાણનાં શુભા શુભ નક્ષત્રો	૨૧૧
,, વર્જ્ય નક્ષત્ર ઘડી	૨૧૨
,, અભિજીતનું ગમન	૨૧૨
,, નવીન દીક્ષિતનો વિહાર	૨૧૨
૭૧ પ્રયાણનો કાળ	૨૧૩
,, સંધ્યા-વિજય યોગ	૨૧૩
,, કાળ અને દિશા	૨૧૩
,, નવમો દિવસ	૨૧૪
,, દુર્દિન-મર્યાદા લોપ	૨૧૪
,, ચંદ્રસ્થાન ફળ	૨૧૫
૭૨ પરિઘ રેખા	૨૧૫
,, દિશા જાણવાની રીતિ	૨૧૬
,, દિશા-વિદિશાનો મેળ	૨૧૬
,, દિશાનાં રાશિભુવનો	૨૧૭
,, નક્ષત્ર દ્વારો	૨૧૭
,, પરિઘ લાવવાની રીતિ	૨૧૭
,, સ્વજન દિશા-વાર યોગ	૨૧૭
,, +પરિઘ ચક્ર	૨૧૮
૭૩ દિક્ શુલનું કથન	૨૧૮
૭૪ વિદિક્ શુલનુ કથન	૨૧૯
૭૪ +દિક-વિદિક્ શૂળનું કોષ્ટક	૨૧૯
૭૫ વારશુળનો પરિહાર	૨૧૯
,, મતાંતર	૨૨૦
૭૬ નક્ષત્ર શુળ	૨૨૧
,, દિકિકલ	૨૨૧
,, દિશાવર્જ્ય નક્ષત્રો	૨૨૧
,, શુભાશુભ નક્ષત્રો	૨૨૨
૭૭ વત્સચાર	૨૨૨
,, અવશ્ય સન્મુખતા	૨૨૨
,, અપવાદ	૨૨૩
,, + વત્સચક્ર	૨૨૩
,, સર્વ ગ્રહાચાર	૨૨૩
૭૮-૭૯ યોગીનીના બે વાસ	૨૨૪
,, યોગીનીનું ફળ	૨૨૫
,, યોગિનીની દૃષ્ટિ	૨૨૫
૮૦ રાહુ વિચાર	૨૨૫
,, વાર રાહુ	૨૨૬
,, + રાહુ ચક્ર	૨૨૭
૮૧ શિવચાર	૨૨૭
,, પલસંક્રમણ	૨૨૭
,, + શિવચાર ચક્ર	૨૨૮
,, શિવચાર ફળ	૨૨૮
૮૨ રવિચાર	૨૨૮
,, અયન વિભાગ	૨૨૯
,, + રવિચાર ચક્ર	૨૨૯
૮૩ ચંદ્ર ચાર	૨૨૯
,, ત્રણ ઉદય	૨૩૦
,, રાશિ ચંદ્ર	૨૩૦
,, + ચંદ્રચાર ચક્ર	૨૩૧
૮૪ શુક્રચાર કથન	૨૩૧
,, સન્મુખ શુક્ર ફળ	૨૩૨
,, અપવાદ-અંધશુક્ર	૨૩૨

ગાથા	વિષય	પૃષ્ઠ
,,	બુધ-મંગળનો નિષેધ	૨૩૨
,,	અયન વિભાગ	૨૩૨
૮૫	**પાશ અને કાળ**	૨૩૩
,,	વાર કાળ	૨૩૪
,,	+ મહાન્ દિશાચક્ર	૨૩૬-૨૩૭
૮૬	**હંસા ચાર**	૨૩૫
,,	સ્વરોદય નાડી	૨૩૫
,,	તત્ત્વો	૨૩૯
,,	+ સ્વરોદય તત્ત્વ ચક્ર	૨૪૦-૨૪૧
,,	ત્રણ નાડીનું જ્યોતિષાંક	૨૪૧
,,	તત્ત્વ વિવરણ	૨૪૨
,,	યોગ	૨૪૨
,,	નાડીમાં શુભ કાર્યો	૨૪૩
,,	તત્ત્વમાં શુભ કાર્યો	૨૪૩
,,	પૂર્ણાંગનાં કાર્યો	૨૪૪
,,	ચંદ્રનાડીનાં કાર્યો	૨૪૫
,,	સૂર્યનાડીનાં કાર્યો	૨૪૬
,,	સુષુમ્ણા નાડીનાં કાર્યો	૨૪૬
,,	તત્ત્વોનાં જુદાં જુદાં કાર્યો	૨૪૭
,,	સ્વરોદયની મહત્તા	૨૪૭
,,	નિર્વાણ રોધ	૨૪૮
,,	લગ્નોનાં તત્ત્વો	૨૪૯
,,	પ્રયાણમાં પૂર્ણ નાડી	૨૫૦
	*** ચૈત્ય વ્હાર**	
૮૭	**સૂત્રપાત શિલાસ્થાપના**	૨૫૧
,,	પ્રશ્ન ફળ	૨૫૧
,,	ભુવન દિશા	૨૫૧
,,	વાસ્તુનો જન્મ	૨૫૧
,,	સોળ ઘરનાં નામ	૨૫૨
,,	(૧) ક્ષેત્રફળ	૨૫૩
,,	જાળીમાં નળ વેધ	૨૫૪
,,	નામાંકનું ફળ	૨૫૪
,,	(૨) આયનું વર્ણન	૨૫૫
,,	(૩) ગ્રહ જન્મ નક્ષત્ર	૨૫૫
,,	(૪) તારા	૨૫૫
,,	(૫) દ્વાર	૨૫૬
,,	(૬) રાશિ	૨૫૬
,,	(૭) વ્યય	૨૫૬
,,	(૮) અંશ-શુભઘર	૨૫૭
,,	(૯) અધિપતિ	૨૫૮
,,	(૧૦) વર્ગવૈર	૨૫૮
,,	(૧૧) ઉત્પત્તિ	૨૫૮
,,	(૧૨) તત્વ	૨૫૮
,,	(૧૩) આયુષ્ય	૨૫૮
,,	ગ્રહારંભ	૨૫૯
,,	તિથિવાર નક્ષત્ર	૨૬૦
,,	પાશ	૨૬૦
,,	વૃષ ચક્ર	૨૬૦
,,	લગ્ન ગ્રહો	૨૬૦
,,	ભૂમિ પરીક્ષા	૨૬૧
,,	ખાતના માસો	૨૬૧
,,	શરણ પંચક-કૃતિકા	૨૬૨
,,	નવા ઘરનું દ્વાર	૨૬૩
૮૮	**પ્રવેશનાં નક્ષત્રો**	૨૬૩
,,	ગામની રાશિ-વશા	૨૬૪
,,	માસ-તિથિ-વાર	૨૬૪
,,	શુભાશુભ નક્ષત્રો	૨૬૫
,,	અશુભ નવમું	૨૬૬
૮૮	યોગ-લગ્ન	૨૬૬
,,	ચતુર્મુખી ઘર	૨૬૭
,,	એક દિને બન્ને	૨૬૭
,,	પુર્વાન્હ કાળ	૨૬૭
,,	પાંચ માર્ગ	૨૬૮
,,	+ નક્ષત્ર કુંભ ચક્ર	૨૬૮

ગાથા વિષય	પૃષ્ઠ	ગાથા વિષય	પૃષ્ઠ
૮૯–૯૦ **નક્ષત્રના મુખો અને ધ્વજારોપણુના નક્ષત્રો**	૨૬૯	શિલ્પ, નૃત્ય કાવ્ય	૨૮૯
		,, મંત્ર	૨૯૦
*** ષડષ્ટકાદિ દ્વાર**		**૧૦૪–૧૦૫ લોચનાં નક્ષત્રે**	૨૯૧
૯૧ ષડષ્ટકાદિ છ	૨૬૯	**૧૦૬ કર્ણવેધ-નૃપદર્શન**	૨૯૨
,, ૬–૮ અને ૧૩ ભેદો	૨૭૦	,, સ્વામીસેવા	૨૯૨
,, ચોવિશ જીનોનાં નામ	૨૭૧	**૧૦૭ વસ્ત્રધારણુના વારો**	૨૯૩
,, જિનેશ્વરનાં નક્ષત્રો	૨૭૧	,, નક્ષત્રોનું ફળ	૨૯૪
,, જિનેશ્વરની રાશિઓ	૨૭૧	,, વસ્ત્રનિમિત્ત જ્ઞાન	૨૯૪
,, + જિનરાશિ ચક્ર	૨૭૨–૨૭૩	,, બાળક માટે	૨૯૫
,, + સ્થાપક રાશિકૂટ ચક્ર	૨૭૪	**૧૦૮ નવા પાત્રનું મુહુર્ત**	૨૯૫
૯૨–૯૩ રાશિકુટ	૨૭૧	**૧૦૯ નષ્ટ પ્રાપ્તના નક્ષત્રો**	૨૯૫
,, ૬+૮, ૨+૧૨, ૯+૫	૨૭૬	**૧૧૦ નષ્ટ પ્રાપ્તિની બીજી રીતિ**	૨૯૬
,, સ્વામી ગ્રહ બળ	૨૭૬	,, પ્રશ્ન જ્ઞાન	૨૯૭
,, ઉત્તરોત્તર બળ	૨૭૭	, + ચોરી રોગ જ્ઞાન ચક્ર	૨૯૮
,, + રાશિકુટ ચક્ર	૨૭૮	**૧૧૧ સર્પદંશ ફળ**	૩૦૦
,, વર્ણ તથા સ્ત્રી દૂર	૨૭૮	**૧૧૨–૧૧૩ રોગ શાંતિનાં નક્ષત્રો**	૩૦૦
,, વશ્ય, તારા, યુજી	૨૭૮	**૧૧૪ ઔષધ તથા સ્નાન**	૩૦૧
,, પાઘડીએ મંગળ	૨૭૯	**૧૧૫ મૃત્યુ યોગ**	૩૦૨
૯૪–૯૫ નક્ષત્ર યોનિ કથન	૨૭૯	,, અન્ય મૃત્યુયોગ	૩૦૩
૯૬ યોનિ વૈર	૨૮૦	,, મૃત્યુ પ્રશ્નજ્ઞાન	૩૦૪
૯૭ અષ્ટવર્ગ	૨૮૦	**૧૧૬ નાડીચક્રની રચના**	૩૦૫
૯૮ નાડીવેધ વર્જ્ય તારા	૨૮૧	,, + ત્રણ નાડીચક્રો	૩૦૬
૯૯ વિંશોપક	૨૮૩	**૧૧૭ મૃતકાર્યમાં કુનક્ષત્રો**	૩૦૭
,, + લેણાદેણી ચક્ર	૨૮૩	**૧૧૮ અગ્નિસંસ્કાર વિધિ**	૩૦૭
૧૦૦–૧૦૧ ગણુનું કથન	૨૮૪	**૧૧૯–૧૨૦ નક્ષત્રના મુહુર્તો**	૩૦૮
,, + ગણુ ચક્ર	૨૮૫	,, નવા ગામમાં વાસ	૩૦૮
,, + અક્ષર ચક્ર	૨૮૬	,, જાતકર્મ–બાળકનું નામ	૩૦૮
*** કાર્ય દ્વાર**		,, અગ્નિસ્થાપન	૩૦૮
૧૦૨–૧૦૩ વિદ્યારંભના વાર અને નક્ષત્રો	૨૮૫	,, નવું અનાજ	૩૦૮
		,, ક્રય, વિક્રય વ્યાજ	૩૦૯
,, તિથિઓ	૨૮૯	,, નવી દુકાનનું મુહુર્ત	૩૦૯
,, લીપી, ગણિત, વ્યાકરણ,		,, વહાણુ માટે	૩૦૯

ગાથા વિષય	પૃષ્ઠ
,, વિવાહ માટે	૩૦૯
,, વિવાહના મુહુર્તો	૩૧૦
,, × વિવાહ કુંડળી કોષ્ટક	૩૧૧
,, વિવાહમાં અપવાદ	૩૧૧
,, રાજ્યાભિષેક	૩૧૨
,, × રાજ્યાભિષેક ગૃહસ્થાપના	૩૧૩
,, ક્રુર કાર્યો	૩૧૩
,, સત્કાર્યો	૩૧૪
,, શુક્રાસ્તમાં શાંતિ કાર્યો	૩૧૫
,, અશ્લેષા શાંતિ	૩૧૫
,, અમૃત લગ્નો	૩૧૬
*** શુદ્ધિદ્વાર કથન**	
૧૨૧ શુદ્ધિ પ્રકાર	૩૧૬
૧૨૨-૧૨૩ માસ દિવસની શુદ્ધિ	૩૧૬
,, વિલગ્ન નામાવળી	૩૧૭
૧૨૪ દિનશુદ્ધિ	૩૧૮
*** દિક્ષા દ્વાર**	
૧૨૫ દીક્ષાના નક્ષત્રો	૩૧૯
,, માસ-સંક્રાંતી-અસ્ત	૩૧૯
,, વાર-તિથિ-નક્ષત્રો	૩૧૯
,, પ્રવ્રજ્યા યોગ-યોગો	૩૨૦
,, લગ્ન, નવાંશ, વર્ગ	૩૨૦
,, શુભ ત્રિશાંશો	૩૨૧
,, + દીક્ષાકુંડળી કોષ્ટક	૩૨૪
,, ગુરૂશિષ્યને બળ-નામ	૩૨૩
,, સૂરિપદ મુહુર્ત	૩૨૩
*** પ્રતિષ્ઠા દ્વાર**	
૧૨૬ પ્રતિષ્ઠા દીક્ષાના નક્ષત્રો	૩૨૪
,, સિંહસ્થ ગુર્વાદિ	૩૨૫
,, માસ-તિથિ	૩૨૫
,, વારફળ	૩૨૫
,, નક્ષત્રો, યોગ, લગ્ન	૩૨૫
,, નવાંશ ફળ	૩૨૬
૧૨૬ ષડવર્ગો-બે-નવાંશો	૩૨૬
,, ગ્રહસ્થાપના	૩૨૮
,, બાર ભુવનનું ફળ	૩૩૧
,, + પ્રતિષ્ઠા ગ્રહ ચક્ર	૩૩૨
૧૨૭ વર્જ્ય નક્ષત્રો	૩૩૩
,, અન્ય દેવદેવી માટે	૩૩૩
,, પ્રતિષ્ઠા કાળ શંકા	૩૩૪
*** નક્ષત્ર દોષ દ્વાર**	
૧૨૮-૨૯-૩૦ સાત દોષો	૩૩૪
૧૩૧-૧૩૨ તેનું ફળ	૩૩૫
૧૩૩ ઉપગ્રહ	૩૩૫
૧૩૪ એકાગર્લ	૩૩૬
,, × ખર્જુર ચક્ર	૩૩૭
,, બીજી રીતે એકાર્ગલ	૩૩૭
,, એકાર્ગલ ફળ	૩૩૭
,, × પાદવેદ યંત્ર	૩૩૮
૧૩૫ પાત યોગ	૩૩૮
,, છ પાતનાં નામો	૩૩૯
,, પાતનું બાળ	૩૩૯
૧૩૬ લત્તા	૩૪૦
,, લતાદોષ ફળ	૩૪૦
૧૩૭ સપ્તશલાકા વેધ	૩૪૧
,, ×સપ્તશલાકા યત્ર	૩૪૧
,, પાદાંતરિત વેધ ફળ	૩૪૨
,, વેધ મતાન્તરો	૩૪૨
,, વેધ નિવારણ	૩૪૨
,, ત્રણ પ્રકારનાં વેધો	૩૪૩
૧૩૮ પંચશલાકાવેધ	૩૪૩
,, પંચશલાકા ચંદ્ર	૩૪૪
,, બળ ફળ અને પાદ	૩૪૩
*** શિઘ્રસિદ્ધિ દ્વાર**	
૧૩૯ છાયા લગ્ન	૩૪૪
,, આંગળ લગ્ન	૩૪૫
૧૩૯ છાયાપળ	૩૪૫

ગાથા વિષય	પૃષ્ઠ
૧૩૯ કાર્ય પ્રારંભ	૩૪૫
,, લગ્નનાં દોષો	૩૪૫
,, છાયાનું બળ	૩૪૫
૧૪૦ ધ્રુવ ચક્ર	૩૪૬
,, ધ્રુમાંકડીનું જ્ઞાન	૩૪૬
,, ધ્રુલગ્ન કાળ	૩૪૬
,, ધ્રુવ લગ્નનાં કાર્યો	૩૪૬
૧૪૧ શંકુછાયા	૩૪૭
,, બળ અને ફળ	૩૪૭
,, બે અભીચ્	૩૪૭
,, મધ્યાહ્ન કાળ	૩૪૭
,, વર્જ્ય ૨૦ પળો	૩૪૭
,, ઉષાકાળ	૩૪૭
,, સંધ્યાકાળ	૩૪૮
,, ગોરજ લગ્ન	૩૪૮
,, કાળ અને બળ	૩૪૮
,, આવશ્યક શુદ્ધિ	૩૪૮
,, ગોરજમાં દોષો	૩૪૯
,, ગોધૂલિ–કે ધૂલિ	૩૪૯
,, શુભ વર્ણ વિવાહ	૩૫૦
,, શિવચક્ર બળ	૩૫૦
,, શકુન	૩૫૦
,, ચિત્તોલ્લાસ	૩૫૦
૧૪૨ નંદી પ્રમુખ મુહુર્ત	૩૫૧
૧૪૩ ગ્રંથ રચના ફળ	૩૫૧
,, ગ્રંથનો ઉદ્દેશ	૩૫૧
,, સાધુનો માર્ગ	૩૫૧
૧૪૪ ગ્રન્થકારની પ્રશસ્તિ	૩૫૨
,, વિવેચનકારની પ્રશસ્તિ	૩૫૨

ઇતિ કાર્ય ખંડ સમાપ્ત

પરિશિષ્ટો.

૧ જૈન પંચાગ	૩૫૫
૨ વીર વર્ષ નિર્ણય	૩૫૭
૩ લઘુ પંચાગ	૩૫૭
૪ માસ વૃદ્ધિ–હાનિ વિચાર	૩૫૯
,, + ,, યંત્ર	૩૬૧.
૫ ગ્રહ નામમાળા	૩૬૧
૬ રાશિ વિવરણ	૩૬૨
૭ × શુભત્રિશાંશ સ્વામીચક્ર	૩૬૩
,, ૧૨ વાગ્યાના ટાઈમો	૩૬૪
૮ પાદછાયા–લગ્ન, ઘટિકા	૩૬૫
,, × છાયા યંત્ર	૩૬૭
૯ અર્ઘકાંડ	૩૬૮
,, ધ્રુવાંકો	૩૭૦
૧૦ ઉપદેશમાળાના શકુન	૩૭૧
,, જીવિત વિજ્ઞાન	૩૭૨
,, વસ્તુપ્રશ્ન	૩૭૩
૧૧ પારસી જાતક	૩૭૪
૧૨ જીનબીંબ શિલ્પ–માન	૩૭૫
,, પ્રતિમાં વિચાર	૩૭૭
૧૩ જિનબિંબ પ્રતિષ્ઠા	૩૭૮
૧૪ ખાતમુહુર્ત	૩૭૯
૧૫ દીક્ષા	૩૮૧
૧૬ રાશિઓની સમજ આપતો કોઠો	૩૮૨
,, નવગ્રહોની સમજ આપતો કોઠો	૩૮૩
૧૭ સંક્રાન્તીના દીવસો	૩૮૪
,, ચંદ્રમાસ નક્ષત્ર	૩૮૪
૧૮ યાત્રા–પ્રવાશ–પ્રવેશ–પ્રમાણ	૩૮૫
૧૯ મૈત્રી	૩૮૮
૨૦ અંગસ્કુરાહ અને તેનું ફળ	૩૮૯
૨૧ જન્મ કુંડળીના ફળો	૩૯૧
૨૨ હસ્ત રેખા વિભાગ	૪૧૧

श्रीवर्धमानस्वामिने नमो नमः।
लब्धिनिधये गणधराय श्रीगौतमस्वामिने नमः।
श्री रत्नशेखरसूरि विरचिता.

દિનશુદ્ધિઃ

विश्वप्रभा-विवेचन सहित

પ્રણમું વીર જીણંદને પ્રીતિ ધરી, માંગલ્ય દાતારને;
શ્રીમદ્ ગૌતમ સ્વામિને મન થકી, ને શ્રુતને જ્ઞાનને;
શ્રીચારિત્ર મુનીંદ સદ્‌ગુરૂ નમી સન્મિત્ર ચાહી સદા;
દિનશુદ્ધિ દીપિકાનું તેજ લઈને, વિસ્તારૂં **વિશ્વપ્રભા** ॥ ૧ ॥

जोइमयं जोइगुरुं,
वीरं नमिऊण जोइदीवाउ।
दिनसुद्धिदीविअमिणं,
पयडत्थं चेव पयडेमि ॥१॥

અર્થ :– જ્યોતિષમય અને જ્યોતિષના ગુરૂરૂપ શ્રીમહાવીર સ્વામીને નમસ્કાર કરીને જ્યોતિષ દીપકથી આ પ્રગટ અર્થવાળી દિનશુદ્ધિ નામની દીપિકાને પ્રગટાવું છું

વિવેચન—ગ્રન્થકર્તા શ્રીરત્નશેખર સૂરીશ્વરજી દિનશુદ્ધિ નામના જ્યોતિષના ગ્રન્થને બનાવતાં પ્રારંભમાં "જોઈમયં ઈત્યાદિ શબ્દોથી મંગલાચરણ કરે છે. જોકે મંગલાચરણ કરવામાં અનેક ધ્યેય પદાર્થો હોય છે, પણ ગ્રન્થકારને જે ક્રિયા કરવાની છે તે ક્રિયાની પૂર્ણતાની ટોચે પહોંચેલા મહાપુરૂષનું મંગલાચરણ કરવાથી કાર્યસિદ્ધિ શીઘ્ર થાય છે. એજ કારણથી પ્રસ્તુત ગ્રન્થકાર મહાત્મા પણ, સચરાચર જગતના ભાવથી ઉત્પતિ સ્થિતિ અને લયને જાણનારા સર્વજ્ઞ ભગવંતને તે કોટિમાં સ્થાપી સંપૂર્ણ હદે પહોંચેલા તે પરમાત્માનીજ પ્રથમ સ્તુતિ કરે છે. વળી અંતિમ તીર્થંકર

પરમાત્મા શ્રી મહાવીર સ્વામી અનંત ગુણવાળા અને અચિંત્ય સામર્થ્યવાળા છે, તો પણ અહીં ગ્રન્થની સિદ્ધિ માટે ઉપયોગી ગુણો દેખાડવા પૂર્વકજ તેમની સ્તુતિ કરે છે. તે પ્રથમપદ "જોઇમિય" થી જણાવે છે કે વીરપ્રભુ જ્યોતિષ છે, એટલે જેમના નામમાત્રથી જ્યોતિષની સિદ્ધિ થાય છે. કેમકે–ઉત્તરોત્તર બળ દેખાડવામાં સમસ્ત નક્ષત્ર અને ગ્રહના બળ કરતાં ધર્મને અધિક બળવાન કહેલ છે. અથવા જ્યોતિમય એટલે જે પ્રભુ ઝળહળતા જ્ઞાનથી યુક્ત છે. વળી "જોઇગુરૂ" એ વિશેષણથી જણાવે છે કે–જે પરમાત્મા જ્યોતિશ્ચક્રના સામર્થ્યવાળા છે અને તેથીજ તેમના પૂજ્ય છે, એવા વીર પરમાત્માને નમસ્કાર કરીને દિનશુદ્ધિ દીપીકા નામના ગ્રન્થને હું કરૂં છું. આથી ગ્રન્થકારે ગ્રન્થનું નામ સૂચવ્યું છે, અને ગ્રન્થનો વિષય પણ સ્પષ્ટ કર્યો છે. એટલે–જ્યોતિષશાસ્ત્ર ગણિત મુહૂર્ત અને ફલાદેશ એમ ત્રણ સંજ્ઞાથી વિભકત છે, મુહૂર્ત જ્યોતિષ પણ લગ્નના બળથી તથા દિવસની શુદ્ધિથી તપાસાય છે, તે પૈકીમાં પ્રતિષ્ઠામાં લગ્નની શુદ્ધિ લઈ કામ કરવું વધારે જરૂરી છે, બાકીના દરેક કાર્યો તો દિન શુદ્ધિથીજ કરી શકાય છે, માટે આમાંથી લગ્નશુદ્ધિનો વિષય ન ચર્ચતાં માત્ર દરેક કાર્યોમાં કેટલી દિનશુદ્ધિ જોઇએ ? તે વાત આ ગ્રંથથી સ્પષ્ટ કરાશે. આટલી ભલામણ ગ્રંથકાર સૂરિજી ગ્રંથના નામથીજ જણાવે છે. આ ગ્રંથ કેવો છે ? તે જણાવવા સૂરિજી "પયડત્થ" એ શબ્દથી કહે છે કે, દીપિકાથી દરેક પદાર્થો પ્રગટપણે જોઈ શકશે, અથવા આબાલગોપાલ પણ તેના અર્થને સહેલાઈથી સમજી શકશે. વળી ગ્રંથકાર જણાવે છે.–કે **जोइदीवाउ** એટલે કેટલાક જ્યોતિષદીપકો છે, તેમાંથી આ દિનશુદ્ધિ દીપિકા પ્રગટાવેલ છે. ॥ ૧ ॥

આ રીતે મંગલાચરણ કરી સૂરિજી પ્રથમ વારના અધિપતિઓ તથા તેમના સ્વભાવને જણાવતા કહે છે—

रवि-चंद-भोम-बुह-गुरु-
सुक्कसणिया कमेण दिणनाहा ।
चं सु गु सोमा मं स र,
कूरा य बुहो सहायसमो ॥ २ ॥

અર્થ–રવિ સોમ મંગળ બુધ ગુરૂ શુક્ર અને શનિ, એ દિવસોના સ્વામી છે. (આ સાતે દિનનાથો વારાફરતી આવે છે.) જે માંહેના ચંદ્ર શુક્ર અને ગુરૂ સૌમ્ય સ્વભાવવાળા છે મંગળ શનિ અને રવિ કુર સ્વભાવના છે, બુધ મધ્યમ–સહાયક સમાન છે,

વિવેચન–રવિ આદિ સાતે ગ્રહો એકેક દિવસનો ભોગ લ્યે છે, જેથી જે ગ્રહનો જે દિવસ હોય તે તે ગ્રહના વાર તરીકે એટલે રવિવાર સોમવાર એમ બોલાય છે. (આ વાર લાવવા માટે

એવી સામાન્ય રીતિ છે કે-ચૈત્ર શુદિ એકમથી ગયેલા માસને દોઢા કરી ગત તિથિ જોડી સાતથી ભાગ દેવો, જેટલા આંક શેષ રહે તેટલો વર્ષેશવારથી ૧ ઈષ્ટવાર જાણવો.

જેમકે શકે ૧૮૪૫ માં આસો શુદિ ૧૦ દિન કયો વાર હતો ?, તે જાણવું હોય તો ચૈત્ર શુદિ ૧ ને રવિવારથી અધિક જેઠ સહિત ભાદરવા સુધી ૭ માસ ગયા છે, તેને દોઢા કરી ગત તિથિ મેળવતાં શુક્રવાર આવે છે. (આ ગણના સ્થૂલ છે, તેથી વારની આસપાસનો વાર પણ આવે છે.) આ વારો પોતપોતાના કાર્યમાં તુરત ફળ દેવાવાળા છે, અને બીજા વારના કાર્યમાં હાનિ કરનારા છે, તે દરેકનું ૩/૪ બળ હોય છે. વારોનું કાર્ય નારચંદ્રમાં નીચે મુજબ જણાવેલ છે—

"गुरुर्विवाहे गमने च शुक्रः,
युद्धे च भौमो नृपदर्शनेऽर्कः ।
ज्ञाने च सौम्यः सुव्रते च शौरिः,
सर्वेषु कार्येषु बली शशाङ्कः १

અર્થ—"વિવાહમાં ગુરૂ, જવામાં શુક્ર, યુદ્ધમાં મંગળ, રાજાના દર્શનમાં રવિ, જ્ઞાનમાં બુધ દીક્ષામાં શનિ, અને સર્વ કાર્યોમાં ચંદ્ર-સોમ બળવાન છેઃ" યતિ વલ્લભમાં કહ્યું છે કે-

"राज्याभिषेक विवाहे,
सत्क्रियासु च दीक्षणे ॥
धर्मार्थकामकार्ये च,
शुभा वाराः कुजं विना. ॥१॥

અર્થ—રાજ્યભિષેક વિવાહ શુભક્રિયા તથા ધર્મ અર્થ અને કામના કાર્યમાં મંગળ સિવાયના દરેક વાર શુભ છે.

સોમ બુધ ગુરૂ અને શુક્રવારમાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે, પણ રવિ મંગળ અને શનિવારે તો તે વારમાં કરવાનાં કામોજ સિદ્ધ થાય છે. તેને માટે કહ્યું છે કે-રવિવારે રાજ્યનાં દરેક કામો પુણ્ય અને ઉત્સવ, મંગળવારે આરંભ-સમારંભવાળાં ક્રુરકામો, અને શનિવારે દીક્ષા વાસ્તુશીલા ખાત ગૃહારંભ વિગેરે સ્થિર અને ક્રુરકાર્યો કરવા તે તુરત સિદ્ધિને માટે છે; તે સિવાયના કાર્યો બાકીના વારમાં કરવાથી સિદ્ધ થાય છે.

---

૧ ચૈત્રશુદિ એકનો વાર વર્ષેશ, મેષસંક્રાન્તિનો વાર મંત્રી, કર્ક સંક્રાન્તિનો વાર શસ્યેશ, શુદિ એકમનો વાર માસેશ, અને સાત સાત દિવસે બદલાતો વાર દિનેશ કહેવાય છે. જેમાં સ્વામી તરીકે તે નામના ગ્રહો હોય છે.

ઉત્તરાર્ધ શ્લોકથી ગ્રહો-વારો કેવા કેવા સ્વભાવના છે, અને તેથી તેના સ્વભાવને યોગ્ય શું શું કાર્ય છે, તે સમજી શકાય છે. તેમાં જણાવેલ છે કે-સોમ ગુરૂ અને શુક્ર એ સૌમ્ય વારો છે, તે વારોમાં શાંતિનાં કાર્યો સિદ્ધ થાય છે. રવિ મંગળ અને શનિ એ કુર ગ્રહો છે, તેમાં કુર કાર્યો કરવાથી સિદ્ધ થાય છે. બુધવાર પણ સૌમ્ય છે, પણ બુધ નામનો ગ્રહ સહચારી છે, એટલે સૌમ્ય કે કુર ગ્રહના સ્વભાવને અનુસરે છે. તાત્પર્ય કે-લગ્નકુંડલીમાં સૌમ્યગ્રહ સાથે સૌમ્ય સ્વભાવવાળો અને કુર ગ્રહ સાથે કુરતાવાળો બની રહે છે. માટે તેને મધ્યમ સ્વભાવી કહેલ છે. બુધવારે શાંતિના અને બુદ્ધિચાતુરીનાં કાર્યો તુરત ફળ આપે છે. સામાન્ય રીતે આ સાતે વારનાં કાર્યો પોતપોતાના વારમાં કરવાં, પણ પ્રતિકૂલ વારોમાં કરવા નહિં વારના દોષો રાત્રિએ નિર્બળ થઈ જાય છે, જેથી કુર વારોની કુરતા પણ રાત્રિએ રહેતી નથી. વળી લલ્લ તો કહે છે કે-

विष्टयामङ्गारके चैव, मध्याह्नात् परतः शुभम् ।

અર્થ—"વિષ્ટિ કે મંગલવારે મધ્યાહ્ન પછી શુભ છે."

આ ગાથાથી વારોની પેઠે ગ્રહોના પણ નામ અને સ્વભાવ સૂચવ્યા છે, જે ગ્રહગોચરમાં બરાબર સમજાવાશે. વારોની પેઠે ગ્રહો પણ સૌમ્ય અને કુર કાર્યોમાં પોતાના કાર્યોનો ઉપચય અને બીજા ગ્રહના કાર્યોમાં અપચય-અપૂર્ણતા કરે છે. આ સિવાય બીજી રીતે પણ વારની ચરાદિ સંજ્ઞા છે—

चरः स्थिरस्तथोग्रश्च, मिश्रो लघुरथो मृदुः ।
तीक्ष्णश्च कथिता वाराः, प्राच्यैः सूर्योदयः क्रमात् ॥१॥

અર્થ—પ્રાચીન પુરૂષોએ રવિ વિગેરે સાત વારોને અનુક્રમે ચર, સ્થિર, ઉગ્ર, મિશ્ર, મૃદુ, તીક્ષ્ણ કહેલા છે.

હવે સાત વારને આશ્રીને કાળહોરા કહે છે—

चं स गु मं र सु बु वलय
कमसो दिणवारमाइउ किच्चा ।
सड्ढ घडी दो माणा,
होराहिंव पुण्णफलजणया ॥ ३ ॥

અર્થ—ચંદ્ર શનિ ગુરૂ મંગળ રવિ શુક્ર અને બુધના વલયાકારમાં દિવસના વારને મુખ્ય કરીને અઢી અઢીની ઘડીની હોરા આવે છે, જે પોતાના વારની સાથે આવે તો પરિપૂર્ણ ફળ આપે છે.

વિવેચન—એકેક હોરા અઢી અઢી ઘડીની હોય છે, એમ રાત્રિ દિવસની ૬૦ ઘડીમાં ચોવીસ હોરા આવે છે. તેમાં એવો ક્રમ છે કે-પ્રથમ સવારમાં પહેલી હોરા બેસતા વારની હોય છે. ત્યાર પછી અનુક્રમે છઠ્ઠા છઠ્ઠા વારની હોરા આવે છે. આજ વાત મૂળ ગાથામાં ગ્રહોના વલયાકારથી જણાવેલ છે. એટલે સોમવારે પહેલી હોરા ચંદ્રની, બીજી શનિની, ત્રીજી ગુરૂની, ચોથી મંગળની, પાંચમી રવિની,

છઠ્ઠી શુક્રની, સાતમી બુધની, આઠમી ચંદ્રની; એમ અનુક્રમમે ગણ્યા જતાં ચોવીશમી હોરા ગુરૂની આવે છે. વળી બીજે દિવસે સવારે મંગળવાર હોવાથી પહેલી મંગળની હોરા આવે છે. આ રીતે દરેક વારમાં સાતે વારની હોરા આવે છે, તે પોતાના વારના કાર્યમાં ૧/૪ ફળ આપે છે, જેથી દરેક વારો પોતપોતાની હોરામાં કરેલા કાર્યને સંપૂર્ણ વીશવશા ફળ આપે છે. તેમજ સૌમ્ય વારોની હોરાના યોગમાં કરેલ કાર્ય પણ સંપૂર્ણ શુભ ફળ આપે છે, પણ અશુભ ગ્રહની હોરા અને ક્રુરવાર હોય તો તે સર્વથા સારા કાર્યમાં ગ્રહણ કરવા નહિં. વાર કે હોરા બેમાંથી એક સારૂં હોય તો તેમાં પણ શુભ કાર્ય કરી શકાય છે. હોરા માટે કહ્યું છે. કે—

लग्नं पञ्चचतुर्वर्ग, दूष्यते क्रूरहोरया ।
अपिं षड्वर्गसंशुद्धं, कुलिकेन विहन्यते ॥ १ ॥

અર્થ—ગ્રહોનાં પાંચ કે ચાર વર્ગવાળું પણ લગ્ન ક્રુર હોરા વડે દૂષિત થાય છે અને છ વર્ગથી શુદ્ધ લગ્ન કુલિક વડે હણાય છે.

દિન હોરા યન્ત્ર.

રવિ	સોમ.	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	શુભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ

રાત્રિ હોરા યન્ત્ર.

રવિ	સોમ.	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ

હોરાની પેઠે ચોઘડીયા પણ આ ગાથામાં કહેલ વલયાકાર ગ્રહોના વારાફરતી આવે છે. તે ચોઘડીયા એક અહોરાત્રિમાં સોળ આવે છે, તેના નામ ગ્રહોના સ્વભાવને મળતા નીચે મુજબછે—

"उद्वेगा-ऽमृत-रोगाश्च, लाभ-शुभौ चलस्तथा ।
कालश्च दिवसे षड्भिः, रात्रौ पञ्चभिरेव च ॥१॥

અર્થ—ઉદ્વેગ અમૃત રોગ લાભ શુભ ચળ અને કાળ, એ નામો દરેક વારના પ્રારંભમાં પહેલા ચોઘડીયાના હોય છે. ત્યાર પછી દિવસે છઠ્ઠા છઠ્ઠા નામવાળા ચોઘડીયા આવે છે. એટલે રવિવારે પહેલું ચોઘડીયું ઉદ્વેગ, બીજું ચળ, અને ત્રીજું લાભ; એમ આઠમું ઉદ્વેગ આવે છે. ત્યાર પછી રાત્રે પહેલું ચોઘડીયું પોતાનાથી પાંચમા વારનું હોય છે, અને ત્યાર પછી રાત્રિના

દરેક ચોઘડીયા પણ પાંચમા પાંચમા નામના આવે છે. જેમકે-રવિવારની રાત્રે પહેલું ચોઘડીયું શુભ છે, જે દિવસના છેલ્લા ઉદ્વેગથી પાંચમું છે. પછી બીજું અમૃત, અને આજ રીતે આઠમું શુભ આવે છે. બીજે દિવસે તો સોમવાર હોવાથી પહેલું ચોઘડીયું પોતાનું અમૃત છે. આ ચોઘડીયાઓનું ફળ સામાન્ય રીતે નામ પ્રમાણે છે. અહીં ઉદ્વેગ વિગેરેને "ચોઘડીયું" એવી સંજ્ઞાથી ઓળખાવે છે, પણ તે ચાર ચાર ઘડીનાં હોતાં નથી જેથી અહીં વારનો પ્રારંભ થાય ત્યારથી સૂર્યાસ્ત સુધીમાં જેટલી ઘડી વાર હોય તેના આઠમા ભાગને "ચોઘડીયું" એવી સંજ્ઞા આપેલ છે; જેનું બીજું નામ અર્ધપ્રહર (અર્ધો પહોર) પણ છે. જે દિવસે ત્રિશ ઘડીનો વાર હોય તે દિવસે ચોઘડીયું અર્ધ પ્રહર–પોણા ચાર ઘડીનું હોય છે. અત્યારના જ્યોતિષીઓ આ ચોઘડીયાની પ્રવૃત્તિને બહુ માન્ય રાખે છે.

આ સિવાય એક શુભાશુભ ઘટી યંત્ર (જૈન ચોઘડીયાં) પણ ઉપલબ્ધ થાય છે, તે પણ સૂક્ષ્મબુદ્ધિથી રચાયેલું છે, અને વિશ્વાસ કરવા લાયક છે. કેટલાક લોકો તે ઉપરથી પણ શુભાશુભ સમય કાઢે છે.

દિવસનાં ચોઘડીયાં.

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ

રાત્રિનાં ચોઘડીયાં

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ
ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ
લાભ	શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચળ	કાળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

શુભાશુભ ઘટી યંત્ર (જૈન ચોઘડીયાં)

આસો, કાર્તિક, માગશર અને પોષ માસના દિવસની ઘડીયો.

રવિવાર	અ–૬ ચ–૮ અ–૮ શૂ–ર મ–ર શૂ–ર ચ–ર
સોમવાર	અ–૪ ચ–૪ અ–૬ ચ–૧૬
મંગળવાર	અ–ર શૂ–ર અ–૧૦ ચ–૬ શૂ–૬ ચ–૪
બુધવાર	શૂ–ર મ–૪ અ–ર શૂ–ર ચ–૪ શૂ–ર અ–૪ શૂ–૧૦
ગુરૂવાર	અ–૪ ચ–૬ અ–૪ શૂ–૪ ચ–૪ શૂ–૪ અ–૪
શુક્રવાર	અ–ર ચ–૬ અ–૬ ચ–૬ અ–૮ શૂ–ર
શનિવાર	શૂ–૪ ચ–૪ અ–૪ શૂ–૮ અ–૬ શૂ–૪

આસો, કાર્તિક, માગસર અને પોષ માસની રાત્રિની ઘડીયો.

રવિવાર	શુ-૨ ચ-૪ અ-૬ ચ-૬ અ-૪ ચ-૪ શુ-૨ ચ-૨
સોમવાર	ચ-૪ અ-૮ ચ-૮ અ-૨ ચ-૬ શુ-૨
મંગળવાર	ચ-૬ અ-૨ શુ-૨ અ-૧૨ મ-૨ અ-૪ શુ-૨
બુધવાર	મ-૪ અ-૪ ચ-૮ અ-૬ શુ-૮
ગુરૂવાર	શૂ-૮ અ-૨ ચ-૬ અ-૪ ચ-૬ મ-૨ શૂ-૨
શુક્રવાર	ચ-૪ અ-૮ શૂ-૪ મ-૨ ચ-૬ અ-૬ શૂ-૪
શનિવાર	ચ-૪ અ-૪ ચ-૬ અ-૪ શૂ-૪ ચ-૪ અ-૨ શૂ-૨

મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, શ્રાવણ અને ભાદરવા માસની દિવસની ઘડીયો.

રવિવાર	મ-૨ ચ-૨ અ-૮ ચ-૬ શૂ-૧૦ મ-૨
સોમવાર	અ-૪ ચ-૮ અ-૬ ચ-૬ અ-૪ શૂ-૨
મંગળવાર	ચ-૪ શૂ-૨ અ-૬ ચ-૪ શૂ-૨ અ-૨ શૂ-૪ અ-૬
બુધવાર	ચ-૪ અ-૪ શૂ-૨ ચ-૪ મ-૨ અ-૪ ચ-૪ અ-૪ શૂ-૨
ગુરૂવાર	અ-૬ ચ-૪ અ-૪ શૂ-૨ અ-૧૪
શુક્રવાર	શૂ-૨ અ-૧૬ ચ-૮ અ-૨ શૂ-૨
શનિવાર	શૂ-૪ ચ-૪ શૂ-૪ અ-૪ શૂ-૪ ચ-૬ શૂ-૪

મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, શ્રાવણ અને ભાદરવાની રાત્રિની ઘડીયો.

રવિવાર	શૂ-૪ મ-૪ ચ-૨ શૂ-૨ અ-૪ શૂ-૨ ચ-૬ શૂ-૬
સોમવાર	ચ-૨ અ-૬ ચ-૬ અ-૮ ચ-૮
મંગળવાર	અ-૬ શૂ-૨ અ-૨ ચ-૪ મ-૨ શૂ-૪ અ-૬ શૂ-૪
બુધવાર	શૂ-૪ અ-૬ શૂ-૪ ચ-૬ શૂ-૪ અ-૬
ગુરૂવાર	ચ-૪ મ-૪ અ-૨ ચ-૮ અ-૪ શૂ-૪ અ-૪
શુક્રવાર	શૂ-૨ ચ-૪ અ-૬ શૂ-૪ અ-૬ મ-૨ શૂ-૬
શનિવાર	શૂ-૨ ચ-૪ અ-૬ ચ-૪ અ-૬ ચ-૨ શૂ-૬

જેઠ અને અષાડ માસના દિવસની શુભાશુભ ઘડીયો.

રવિવાર	શૂ-૪ અ-૮ ચ-૬ અ-૬ ચ-૪ શૂ-૨
સોમવાર	ચ-૮ અ-૪ શૂ-૨ ચ-૪ અ-૬ મ-૬
મંગળવાર	અ-૪ ચ-૪ શૂ-૨ અ-૬ ચ-૬ મ-૨ ચ-૪ અ-૨
બુધવાર	શૂ-૨ ચ-૪ અ-૮ ચ-૬ અ-૮ શૂ-૨
ગુરૂવાર	અ-૨ શૂ-૪ ચ-૬ અ-૬ શૂ-૨ ચ-૪ અ-૬
શુક્રવાર	શુ-૨ અ-૧૬ ચ-૮ અ-૨ શુ-૨
શનિવાર	શૂ-૪ ચ-૪ શૂ-૪ અ-૪ શૂ-૪ ચ-૬ શૂ-૪

જેઠ અને અષાડ માસની રાત્રિની શુભાશુભ ઘડીયો.

રવિવાર	અ-૪ શૂ-૪ ચ-૪ અ-૬ ચ-૮ શૂ-૪
સોમવાર	શૂ-૪ ચ-૮ અ-૪ ચ-૪ શૂ-૨ ચ-૪ શૂ-૪
મંગળવાર	ચ-૬ અ-૬ ચ-૪ અ-૨ શૂ-૨ ચ-૪ અ-૪ શૂ-૨
બુધવાર	અ-૮ ચ-૨ શૂ-૪ અ-૪ શૂ-૬ અ-૬
ગુરૂવાર	મ-૪ અ-૪ શૂ-૨ ચ-૪ શૂ-૨ અ-૬ ચ-૬ શૂ-૨
શુક્રવાર	શૂ-૨ ચ-૪ અ-૬ શૂ-૪ અ-૬ મ-૨ શૂ-૬
શનિવાર	શૂ-૨ ચ-૪ અ-૪ ચ-૪ અ-૬ ચ-૪ અ-૨ શૂ-૪

આ શુભાશુભ ઘટીયંત્રમાં લગ્ન, મુહૂર્ત, ચોઘડીયા, હોરા, કુલિક, ઉપકુલિક, કાળવેળા, અર્ધપ્રહર, સુવેળા વિગેરેની આવશ્યક શુદ્ધિનો સમાવેશ થાય છે. આ યંત્રની ઘડીયોની શરૂઆત સૂર્યોદયથી થાય છે. તેમાં મ—મહેન્દ્ર અને અ—અમૃતની ઘડીયો શુભ છે, અને ચ—ચક્કર, શૂ—શૂન્યની ઘડીયો અશુભ છે. એટલે **મહેન્દ્ર** શુભ, **અમૃત** શુભ, **ચક્કર** વિલંબ કરાવનાર, અને **શૂન્ય** વિઘ્ન કરાવનાર, છે. (આ સંબંધમાં વિશેષ શિવચક્રમાંથી તપાસવું.) ॥ ૩ ॥

હવે વારનો પ્રારંભ ક્યારે થાય તે કહે છે—

विच्छिअ-कुंभाइ तिए, निसिमुहि विस-धणुहि कक्कि–तुलि मज्झे ।
मक – मिहुण – कन्न – सिंहे, निसि अंते संकमइ वारो ॥ ४ ॥

અર્થ—વૃશ્ચિક અને કુંભાદિ ત્રણ સંક્રાંતિમાં વારની પ્રવૃત્તિ પ્રારંભમાં થાય છે,

વૃષ, ધન, કર્ક, અને તુલા સંક્રાંતિમાં મધ્યરાત્રે વારની પ્રવૃત્તિ થાય છે, તથા મકર, મિથુન કન્યા અને સિંહ સંક્રાંતિમાં રાત્રિના અંતભાગમાં વાર બેસે છે.

વિવેચન—વારની શરૂઆત સૂર્યોદયથી થાય એવું હોતું નથી, પણ તે આ ગાથાના કહેવા પ્રમાણે સંક્રાંતિને આશ્રીને જુદે જુદે વખતે બેસે છે. મેષ વિગેરે બાર રાશિ છે. તેમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં બદલાય તેનું નામ સંક્રાંતિ કહેવાય છે. તે સંક્રાંતિઓ પણ બાર છે. જ્યારે સૂર્ય વૃશ્ચિક, કુંભ, મીન, અને મેષમાં હોય ત્યારે રાત્રિના આદિ ભાગથી વાર ગણાય છે. સૂર્ય, વૃષ, કર્ક, તુલા, અને ધન રાશિમાં હોય ત્યારે મધ્યરાત્રિથી વારની ગણના થાય છે, વળી મિથુન, સિંહ, કન્યા અને મકરરાશિમાં સૂર્ય હોય ત્યારે વાર રાત્રિના અંતભાગમાં સંક્રમે છે—બદલાય છે. આ વખતના સ્પષ્ટીકરણ માટે દિનમાન અને રાત્રિમાનની આવશ્યકતા છે, તે દિનમાન જાણવા માટે સ્થૂલ ઉપાય આ પ્રમાણે છે—

મકરથી માંડીને મિથુન સુધીની છ સંક્રાંતિમાં અનુક્રમે દિનમાન વૃદ્ધિ પામતું હોય છે. તેમાં મકર સંક્રાંતિમાં પહેલે દિવસે દિનમાન ૨૬ ઘડી ૧૨ પળ, કુંભમાં ૨૬ ઘડી ૪૮ પળ, મીનમાં ૨૮ ઘડી ૧૪ પળ, મેષમાં ૩૦ ઘડી વૃષમાં ૩૧ ઘડી ૪૬ પળ, અને મિથુન સંક્રાંતિમાં ૩૩ ઘડી અને ૧૨ પળનું દિનમાન હોય છે. કર્ક સંક્રાંતિમાં પહેલે દિવસે ૩૩ ઘડી અને ૪૮ પળનું ઉત્કૃષ્ટ દિનમાન હોય છે, ત્યારે પછીની કર્કથી ધન સુધીની છ સંક્રાંતિમાં દિનમાન ઘટતું જાય છે. જેથી સિંહ સંક્રાંતિમાં ૩૩ ઘડી ૧૨ પળ, કન્યામાં ૩૧ ઘડી અને ૪૬ પળ, તુલામાં ૩૦ ઘડી, વૃશ્ચિકમા ૨૮ ઘડી ૧૪ પળ, ધન સંક્રાંતિને પહેલે દિવસે ૨૬ ઘડી ૪૮ પળ, દિનમાન હોય છે, અને તેના ત્રિશ દિવસો જતાં મકર સંક્રાંતિમાં વળી ૨૬ ઘડી અને ૧૨ પળનું દિનમાન હોય છે. આ દિનમાનમાં હંમેશાં કેટલી વૃદ્ધિ-હાનિ થાય છે? તેને માટે માસમાં વધેલા કે ઘટેલા પળને ત્રિશે ભાગ દેવાથી હંમેશના દિવસનું પ્રમાણ આવે છે—

१–१२ २–५२ ३–३२ ३–३२ २–५२ १–१२

"एकार्के पक्षद्विशराः त्रिदन्ताः, त्रिदन्तपक्षद्विशराः कुसूर्याः ।
मृगादिषट्केऽहनि वृद्धिरेवं, कर्कादिषट्केऽपचितिपलाद्याः ॥१॥"

અર્થ—મકર સંક્રાંતિમાં દરેક દિવસે ૧ પળ ૧૨ વિપળ, કુંભમાં ૨ પળ ૫૨ વિપળ, મીનમાં ૩ પળ ૩૨ વિપળ, મેષમાં ૩ પળ ૩૨ વિપળ, વૃષમાં ૨ પળ ૫૨ વિપળ, અને મિથુનમાં ૧ પળ ૧૨ વિપળની વૃદ્ધિ થાય છે. અને ત્યાર પછીની છએ સંક્રાંતિમાં પ્રત્યેક દિવસે આ છ સંક્રાંતિમાં દર્શાવેલ પળ અને વિપળોની અનુક્રમે હાનિ થાય છે. એક અહોરાત્રિ

દિનમાનનું યંત્ર.

સંક્રાંતિઓ	મેષ	વૃષભ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
પ્રથમ દિનમાન ઘટી—પળ	૩૦—૦	૩૧-૪૬	૩૩-૧૨	૩૩-૪૮	૩૩-૧૨	૩૧-૪૬	૩૦	૨૮-૧૪	૨૬-૪૮	૨૬-૧૨	૨૬-૪૮	૨૮-૧૪
હાનિ—વૃદ્ધિ દિનમાન	વૃદ્ધિ	વૃદ્ધિ	વૃદ્ધિ	હાનિ	હાનિ	હાનિ	હાનિ	હાનિ	હાનિ	વૃદ્ધિ	વૃદ્ધિ	વૃદ્ધિ
પ્રતિદિન હાનિ વૃદ્ધિના પળો	૩—૩૨	૨—૫૨	૧—૧૨	૧—૧૨	૨—૫૨	૩—૩૨	૩—૩૨	૨—૫૨	૧—૧૨	૧—૧૨	૨—૫૨	૩—૩૨
પ્રતિમાસ વૃદ્ધિ હાનિના પળો	૧૦૬	૮૬	૩૬	૩૬	૮૬	૧૦૬	૧૦૬	૮૬	૩૬	૩૬	૮૬	૧૦૬
સંક્રાંતિના કુલ (પૂર્વ) પળો	૧૮૦૦	૧૯૦૬	૧૯૯૨	૨૦૨૮	૧૯૯૨	૧૯૦૬	૧૮૦૦	૧૬૯૪	૧૬૦૮	૧૫૭૨	૧૬૦૮	૧૬૯૪
માસનો યોગ	ચૈત્ર	વૈશાખ	જેઠ	અષાડ	શ્રાવણ	ભાદરવો	આસો	કાર્તિક	માગશર	પોષ	મહા	ફાગણ
ઋતુ	વસંત	ગ્રીષ્મ	ગ્રીષ્મ	વર્ષા	વર્ષા	શરદ	શરદ	હેમંત	હેમંત	શિશિર	શિશિર	વસંત
અયન	ઉત્તર	ઉત્તર	ઉત્તર	દક્ષિણ	દક્ષિણ	દક્ષિણ	દક્ષિણ	દક્ષિણ	દક્ષિણ	ઉત્તર	ઉત્તર	ઉત્તર

૬૦ ઘડીની હોય છે, તેમાંથી દિનમાનની ઘડી અને પળ બાદ કરતાં બાકી રહેલ ઘડી અને પળ જેટલું રાત્રિમાન હોય છે. (જુઓ-દિનમાનનું યંત્ર.) વારની પ્રવૃત્તિ માટે આવી રીતે રાત્રિમાન કાઢી તેનો આદિ, મધ્ય કે અંતભાગ શોધી વારની ગણના કરવી.

આ ગાથામાં દર્શાવેલ વારની પ્રવૃત્તિ અત્યારે ક્યાંઈ દૃષ્ટિગોચર થતી નથી. તેવીજ રીતે બીજું પણ એક વારની ભોગ્ય ઘડીયોનું માપ મળે છે, તે ઉપરથી પણ કોઇ વાર બેસારતું નથી, તે આ પ્રમાણે—

"राम रस नन्द बाणा, वेदाऽष्टौ सप्त दश हताः कार्याः ।
मन्दादीनां दिनतः, क्रमेण भोग्यस्य नाड्यः स्युः ॥१॥

અર્થ—શનિવારના સવારથી આરંભીને દરેક વારોની ભોગ્ય ઘડીઓ અનુક્રમે ૩૦-૬૦-૯૦-૫૦-૪૦-૮૦ અને ૭૦ છે. એટલે શનિવારના સવારથી શુક્રવારની રાત્રિના અંતે આ ઘડીઓ પૂરી થાય છે. આ ગણના અનુસારે શનિવારની રાત્રે રવિવાર બેસવાથી શનિવાર સૂતો ગણાય છે. માટે શનિવારની રાત્રિ શુભ કહેવાય છે.

ઉદયપ્રભસૂરિજી વારપ્રવૃત્તિ માટે કહે છે કે—

"वारादिरुदयादूर्ध्वं, पलैर्मेषादिगे रवौ ।
तुलादिगे त्वधस्त्रिंशत्, तद्युमानान्तरार्धजैः ॥१॥

અર્થ—દિનમાનની ઘડી પળ અને ત્રીશની વચ્ચે જેટલું આંતરૂં હોય તેને અર્ધ કરવાથી આવેલ ઘડી અને પળે વારનો પ્રારંભ થાય છે. વળી મેષાદિ છ રાશિમાં સૂર્યોદય હોય ત્યારે સૂર્યોદય પછી અને તુલા વિગેરે છ રાશિમાં સૂર્ય હોય ત્યારે સૂર્યોદયની પહેલાં તેટલી ઘડીયે વારની શરૂઆત થાય છે. જેમકે—કર્ક સંક્રાંતિમાં ૩૩ ઘડી ૪૮ પળનું દિનમાન હોય ત્યારે ૩૦ની સાથે સરખાવતાં ૩ ઘડી ૪૮ પળ વધે છે, તેને અર્ધા કરતાં સૂર્યોદય પછી ૧ ઘડી ૫૪ પળ જતાં કર્ક સંક્રાંતિને પહેલે દિવસે વારપ્રવૃત્તિ થાય છે. આજ રીતે મકર સંક્રાંતિના પહેલે દિવસે સૂર્યોદય પહેલાં ૧ ઘડી ૫૪ પળ બાકી રહેતાં વારની શરૂઆત થાય છે.

ભાસ્કરાચાર્યને સમ્મત થઈ શ્રીપતિ દેશાંતર ચરના સંસ્કારથી વાર પ્રવૃત્તિ માને છે, જે રીતિને સંક્ષેપથી મુહૂર્ત ચિંતામણિમાં એક શ્લોકથી સમજાવે છે કે—મધ્યરેખાના દેશોથી પૂર્વ-પશ્ચિમમાં જે નગરની વાર પ્રવૃત્તિ જાણવી હોય તે નગર અને મધ્યરેખાના યોજનને

પોણા કરી પંદર ઘડીમાં હીનાધિક કરવા, એટલે મધ્યરેખાથી તે નગર પૂર્વમાં હોય તો તે પળો બાદ કરવા, અને પશ્ચિમમાં હોય તો તે પળો વધારવા. પછી આ સંખ્યાવડે તે ઈષ્ટ દિવસના અર્ધ દિનમાનમાં ઘડીનું આંતરૂં કાઢવું. જો તે સંસ્કાર સંખ્યા દિનાર્ધમાનથી ઓછી હોય તો તે આંતરા પ્રમાણુ ઘડીથી સૂર્યોદય પછી વાર પ્રવેશ જાણવો, અને તે સંખ્યા દિનાર્ધમાનથી અધિક હોય તો સૂર્યોદય પહેલાં આંતરા પ્રમાણુ ઘડી–પળથી વાર પ્રવૃત્તિ જાણવી. જેમકે—બનારસની વાર પ્રવૃત્તિ જાણવી હોય તો, તે નગર મધ્યરેખાવાળા કુરૂક્ષેત્રથી ૬૩ યોજન છે, તેને પોણા કરતાં ૪૭ (૪૭।) આવે છે, બનારસ મધ્યરેખાથી પૂર્વમાં હોવાથી ૧૫ ઘડીમાંથી ૪૭ પળ બાદ કરતાં ૧૪ ઘડી ૧૩ પળ આવે છે. ઈષ્ટ દિવસનું અર્ધદિનમાન ૧૭ ઘડી ૨ પળ છે, જેના કરતાં ૧૪ ઘડી ૧૩ પળ ઓછા છે, અને બન્ને વચ્ચે ૨ ઘડી ૪૯ પળનું આંતરૂં છે, તો બનારસમાં ૩૪ ઘડી ૪ પળનું દિનમાન હોય ત્યારે સૂર્યોદય પછી ૨ ઘડી ૪૯ પળે વાર પ્રવૃત્તિ થાય છે. આ સિવાય બીજી રીતિઓ પણ મળે છે, આ વાર પ્રવૃત્તિ હોરા અર્ધપ્રહર આદિ માટે જરૂરી છે, પણ તિથિ અને નક્ષત્રથી થતા યોગોમાં તો વાર સૂર્યોદયથી ગણાય છે. ॥ ૪ ॥

હવે વારને આશ્રીને **સુવેળા** કહે છે—

चउघडिअ सुवेला एग दो छच सूरे,
पण इग अड सोमे अट्ठ चऊ सत्त भोमे ।
छ तिअ अड बुहम्मि पच दो सत्त जीवे,
छ अडिग चउ सुक्के तिन्नि सत्तट्ठ पंच ॥५॥

અર્થ—રવિવારે પહેલુ બીજું અને છઠું ચોઘડીયું, સોમવારે પાંચમું પહેલું અને આઠમું ચોઘડીયું, મંગળવારે આઠમું ચોથું અને સાતમું ચોઘડીયું, બુધવારે છઠું ત્રીજું અને આઠમું ચોઘડીયું, ગુરૂવારે પાંચમું બીજું અને સાતમું ચોઘડીયું, શુક્રવારે છઠું આઠમું પહેલું અને ચોથું ચોઘડીયું, તથા શનિવારે ત્રીજું સાતમું આઠમું અને પાંચમું ચોઘડીયું સુવેળા છે.

વિવેચન—અહીં દિવસના અષ્ટમાંશ એટલે અર્ધ પ્રહરને ચોઘડીયું એવી સંજ્ઞા આપેલ છે. તે ઉત્કૃષ્ટ દિનમાન હોય ત્યારે ચાર ઘડીથી અધિક, અને જઘન્ય દિનમાનમાં ચાર ઘડીથી ઓછા પ્રમાણુવાળું હોય છે. દિવસના આઠ ચોઘડીયામાં કેટલાક ચોઘડીયા કુલિક કંટક વિગેરે દોષોથી દુષિત છે, માટે જેટલા ચોઘડીયાં શુભ છે તેની તારવણી કરી તેને

સુવેળા તરીકે ઓળખાવેલ છે. આ ચોઘડીયાની શુદ્ધિ માત્ર દિવસ માટેજ છે, અને આગળના શ્લોકમાં કહેવાતા કંટક કુલિક અર્ધપ્રહર વિગેરે પણ દિવસેજ સમજી લેવા, કેમકે અર્ધપ્રહર વેળા વિગેરે સૂર્યને આશ્રીને આવે છે

રવિવારે પહેલું પાંચમું અને છઠું ચોઘડીયું સુવેળા છે, સોમવારે પહેલું પાંચમું અને આઠમું ચોઘડીયું સુવેળા છે, મંગળવારે ચોથું સાતમું અને આઠમું ચોઘડીયું સુવેળા છે, બુધવારે ત્રીજું છઠું અને આઠમું ચોઘડીયું સુવેળા છે, ગુરૂવારે બીજું પાંચમું અને સાતમું ચોઘડીયું સુવેળા છે, શુક્રવારે પહેલું ચોથું છઠું અને આઠમું ચોઘડીયું સુવેળા છે. અને શનિવારે ત્રીજું પાંચમું સાતમું અને આઠમું ચોઘડીયું સુવેળા છે આમાં રવિવારથી ગુરૂવાર સુધીના વારોના બાકીના પાંચ પાંચ ચોઘડીયાં કુલિક આદિથી દૂષિત છે, પણ શુક્રવારે સાતમા ચોઘડીયામાં બે દોષો સાથે રહેલા છે, તેમજ શનિવારે છઠ્ઠા ચોઘડીયામાં બે દોષો સાથે રહેલા છે, માટે આ બન્ને વારના ચાર ચાર ચોઘડીયાં અશુભ હોવાથી બાકીના ચાર ચાર સુવેળા કહેલ છે. ॥ ૫ ॥

હવે કુલિક વિગેરે ચાર **કુવેળા** કહે છે--

रवि–बुह-सुक्का-सत्त उ, हायंता कुलिअ कंट उवकुलिआ ।
अड ति छ इग चउ सग, दो सूराइसु कालवेलाओ ॥६॥

અર્થ—રવિવાર બુધવાર અને શુક્રવારના સાતમા ચોઘડીયાથી એકેક ઓછું કરવાથી દરેક વારના કુલિક કંટક અને ઉપકુલિક યોગો થાય છે. તથા રવિ આદિ સાતે વારોનું અનુક્રમે આઠમું, ત્રીજું, છઠું, પહેલું, ચોથું, સાતમું અને બીજું ચોઘડીયું કાલવેળા કહેવાય છે.

વિવેચન—આ કુયોગો પણ દિવસના અષ્ટમાંશને આશ્રીને કહેલા છે, તેથી રાત્રે તે યોગો હોતા નથી, અને અહિં અષ્ટમાંશનો સમય પણ પૂર્વની પેઠે ચાર ઘડીથી ન્યૂનાધિક જાણવો. તેમાં રવિવારના સાતમાં અષ્ટમાંશે કુલિક યોગ હોય છે, ત્યાર પછીના દરેક વારે એકેક સંખ્યાએ ઓછા અષ્ટમાંશમાં અર્થાત્ સોમવારે છઠ્ઠા, ભોમવારે પાંચમા, બુધવારે ચોથા, ગુરૂવારે ત્રીજા, શુક્રવારે બીજા અને શનિવારે પહેલા દિનાષ્ટમાંશમાં કુલિકયોગ આવે છે.

આ યોગ લાવવા માટે એવી પણ ગણુતરી છે કે–પોતાનાથી શનિવાર જેટલામો હોય તે વારનો તેટલામો દિનાષ્ટમાંશ કુલિક હોય છે. અથવા અવળી રીતે ગણતાં શનિવારથી પોતે

જેટલામો વાર હોય તેટલામો પોતાનો અષ્ટમાંશ કુલિક કહેવાય છે. આ રીતે પણ ઉપર કહેલા અર્ધપ્રહરોજ કુલિક યોગવાળા થાય છે. કુલિકમાં શુભ કાર્ય કરવાનો સર્વથા નિષેધ છે, તે માટે વ્યવહાર પ્રકાશમાં કહ્યું છે કે—

"छिन्नं भिन्नं नष्टं, ग्रहजुष्टं पन्नगादिभिर्दष्टम् ।
नाशमुपयाति नियतं, जातं कर्माऽन्यदपि तत्र ॥१॥

અર્થ—કુલિકમાં છેદાયેલ, ભેદાયેલ, ભૂતે ગ્રહણ કરેલ, કે સર્પે ડંસેલ હરકોઇ વસ્તુ (પ્રાણી કે બીજો પદાર્થ) અવશ્ય નાશ પામે છે; તથા તેમાં કરેલ બીજાં કાર્યો પણ નાશ પામે છે.

દિનાષ્ટમાંશમાં કુલિક હોય છે એ કથનમાં શ્રીમાન્ નરચંદ્રસૂરિ સમ્મત છે, પણ ઉદયપ્રભસૂરિ ઉપર કહેલ દિનાષ્ટમાંશમાં પ્રથમ અર્ધભાગ વર્જી બીજા અર્ધભાગના મુહૂર્તમાં કુલિકયોગ હોવાનું જણાવે છે. તેઓ કહે છે કે—પોતાથી શનિવાર જેટલામો હોય તેની બમણી સંખ્યાવાળું દિવસનું મુહૂર્ત કુલિકયોગવાળું હોય છે, અને રાત્રિએ તેથી એકેક ઓછી સંખ્યાવાળું મુહૂર્ત કુલિક હોય છે આ રીતે રવિવારથી શનિવાર સાતમો વાર હોવાથી રવિવારે દિવસે ચૌદમું અને રાત્રે તેરમું મુહૂર્ત; સોમવારના દિવસે બારમું અને રાત્રે અગીયારમું; એમ અનુક્રમે શનિવારે દિવસે બીજું અને રાત્રિએ પહેલું મુહૂર્ત કુલિક હોય છે. પંદર દિવસના અને પંદર રાત્રિના એમ કુલ ત્રીશ મુહૂર્તો છે. તેનું પ્રમાણ પણ દિનમાન અને રાત્રિમાનના પંદરમા ભાગનું હોવાથી ઉત્કૃષ્ટ દિનમાનમાં બે ઘડીથી અધિક અને જઘન્ય દિનમાનમાં બે ઘડીથી ઓછું આવે છે.

આગમમાં ત્રીશ **મુહૂર્ત**ના નામ આ પ્રમાણે છે—૧ રૂદ્ર ૨ શ્રેયાન્ ૩ મિત્ર ૪ વાયુ ૫ સુપ્રતીત ૬ અભિચંદ્ર ૭ માહેન્દ્ર ૮ બલ ૯ બ્રહ્મા ૧૦ બહુ સત્ય ૧૧ ઈશાન ૧૨ ત્વષ્ટા ૧૩ ભવિતાત્મા ૧૪ વૈશ્રમણ ૧૫ વારણ ૧૬ આનંદ ૧૭ વિજય ૧૮ વિશ્વસેન ૧૯ પ્રજાપતિ ૨૦ ઉપશમ ૨૧ ગંધર્વ ૨૨ અગ્નિવેશ ૨૩ સત્યવૃષભ ૨૪ આતપવાન ૨૫ અર્થવાન્ ૨૬ ઋણવાન્ ૨૭ ભૌમ ૨૮ વૃષભ ૨૯ **સર્વાર્થસિદ્ધિ** ૩૦ રાક્ષસ. પુરાણ ગ્રંથોમાં પણ આની જેવાજ થોડા ફેરફાર સાથે મુહૂર્તોનાં નામો છે, અને તેમાં કહેલ છે કે દિવસના ક્ષણોમાં શ્વેત (શ્રેયાન્) ૩ મૈત્ર ૫ સાવિત્ર (સુપ્રતીત) ૬ વૈરાજ (અભીચંદ્ર) ૮ અભિજિત્ (બલ) ૧૦ બલ (બહુ સત્ય) અને ૧૧ વિજય (ઈશાન) મુહૂર્તો શુભ છે.

જ્યોતિષ ગ્રન્થોમાં નક્ષત્રના નામના અનુસારે મુહૂર્તના નામો કલ્પેલાં છે. દિવસના પંદર **ક્ષણોના** નામ-૧ આર્દ્રા ૨ અશ્લેષા ૩ અનુરાધા ૪ મઘા ૫ ધનિષ્ઠા ૬ પૂર્વાષાઢા ૮ અભિજિત્ (અભીચ) ૯ રોહિણી ૧૦ જયેષ્ઠા ૧૧ વિશાખા ૧૨ મૂલ ૧૩ શતતારા ૧૪ ઉત્તરાફાલ્ગુની અને ૧૫ પૂર્વાફાલ્ગુની છે. રાત્રિના પંદર ક્ષણોના નામ ૧ આર્દ્રા ૨ પૂ. ભા. ૩ ઉ. ભા. ૪ રેવતિ ૫ અશ્વિની ૬ ભરણી ૭ કૃત્તિકા ૮ રોહિણી ૯ મૃગશિર ૧૦ પુનર્વસુ ૧૧ પુષ્ય ૧૨ શ્રવણ ૧૩ હસ્ત ૧૪ ચિત્રા અને ૧૫ સ્વાતિ છે.

ત્રીશ મુહૂર્તના સ્વામીના નામ-શિવ, ભૂજંગ, મિત્ર, પિતૃ, વસુ, જલ, વિશ્વ, વિરંચિ, બ્રહ્મા, ઈંદ્ર, અગ્નિ, નિશાચર, વરૂણ. અર્યમા, યોનિ, રૂદ્ર, અજ, અહિર્બુધ, પુષા, દસ્ત્ર, અંતક, અગ્નિ, ધાતા, ઈન્દુ, અદિતિ, ગુરૂ, હરિ, રવિ, ત્વષ્ટા, અને અનલ છે. આ દરેક મુહુર્તમાં દિવસનું આઠમુ મુહૂર્ત અભીચ દક્ષિણ દિશા વિના સર્વ દિશાના ગમનમાં દીક્ષા અને પ્રતિષ્ઠાદિ સમસ્ત કાર્યમાં સર્વ સિદ્ધિને દેવાવાળું છે, કેમકે પૂર્વની અને પછીની એકેક ઘડી મળીને કુલ બે ઘડીનો સૂર્ય ઉત્પાત, વિષ્ટિ, વ્યતિપાત, દગ્ધતિથિ અને પાપગ્રહાદિ સર્વ દોષોને બાળી નાખે છે. આ મુહૂર્તોમાંથી કયા કયા મુહૂર્તો કુલિક છે તે માટે કહ્યુ છે કે—

"सोमे ब्राह्मः कुजे पैत्रः, सुराचार्ये च राक्षसः ।
शुक्रे ब्राह्मः शनौ रौद्रो, मुहुर्त्ताः कुलिकोपमाः ॥१॥"

અર્થ—સોમવાર મંગળવાર ગુરૂવાર શુક્રવાર અને શનિવારે અનુક્રમે બ્રહ્માનું મુહૂર્ત, પૈત્ર મુહૂર્ત, રાક્ષસ મુહૂર્ત, બ્રહ્માનું મુહૂર્ત, અને રૂદ્રનું મુહૂર્ત કુલિક થાય છે. કુલિક માટે કહ્યું છે કે-કુલિક છ વર્ગે શુદ્ધ લગ્નને પણ હણે છે.

કંટકયોગ બુધવારના દિવસે સાતમા ચોઘડીયામાં હોય છે, અને ત્યારપછી દરેક વારે એકેક ઓછા આંકવાળા ચોઘડીયામાં કંટકયોગ હોય છે. આ રીતે બુધવારે સાતમો, ગુરૂવારે છઠ્ઠો. શુક્રવારે પાંચમો, શનિવારે ચોથો, રવિવારે ત્રીજો, સોમવારે બીજો અને મંગળવારે પહેલો દિનાષ્ટમાંશ કંટકયોગ હોય છે. આજ અષ્ટમાંશો લાવવા માટે એવી પણ ગણના છે કે ઇષ્ટવારથી મંગળવાર જેટલામો હોય તેટલામો અષ્ટમાંશ અથવા અવળી રીતે મંગળવારથી પોતે જેટલામો વાર હોય તેટલામો અર્ધપ્રહર કંટક થાય છે.

શુક્રવારના દિવસે સાતમું ચોઘડીયું ઉપકુલિક છે, એજ રીતે પછીના દરેક વારમાં એકેક સંખ્યાથી ઓછા થતાં ચોઘડીયાં ઉપકુલિક છે. બીજી રીતે ગણીએ તો-પોતાથી ગુરૂવાર જેટલામો હોય તેટલામું ચોઘડીયું, તેમજ ત્રીજી રીતે-વામગણનાથી ગુરૂવારથી પોતે જેટલામો

વાર હોય તેટલામું ચોઘડીયું ઉપકુલિક છે. આ ત્રણે રીતે ગણતાં શુક્રવારે સાતમું, શનિવારે છઠ્ઠું, રવિવારે પાચમું, સોમવારે ચોથું, મંગળવારે ત્રીજું અને ગુરૂવારે પહેલું ચોઘડીયું ઉપકુલિક છે.

આ ત્રણે યોગોનો એવો ક્રમ છે કે–જે વારે જે ચોઘડીયું કુલિક હોય તેનાથી પૂર્વના પાંચમાં વારનું ચોઘડીયું ઉપકુલિક અને તેથી પૂર્વના પાંચમા વારનું ચોઘડીયું કંટક હોય છે. આ ત્રણે કુયોગો સારા કામમાં વર્જ્ય છે.

ગાથાના પૂર્વાર્ધથી ત્રણ યોગ દેખાડી ઉત્તરાર્ધથી **અટ્ઠ** ઈત્યાદિ શબ્દથી કાળવેળા દેખાડે છે. અનુક્રમે રવિવારે આઠમું ચોઘડીયું, સોમવારે ત્રીજું, મંગલવારે છઠ્ઠું, બુધવારે પહેલું ગુરૂવારે ચોથું, શુક્રવારે સાતમું, અને શનિવારે બીજું ચોઘડીયું કાળવેળા છે. દરેક વારને ત્રણે ગુણી ગુણાકારમાંથી ત્રણ બાદ કરવાથી કાળવેળાનું ચોઘડીયું આવે છે. જેમકે–શનિવાર સાતમો છે, તેને ત્રણે ગુણવાથી એકવીશ, અને તેમાંથી ત્રણ બાદ કરતાં ૧૮ રહે છે. હવે ચોઘડીયા આઠ છે, માટે આઠથી ભાગતાં પૂર્ણાંકમાં બે અને શેષ બે રહે છે. તો આ શેષ રહેલ બીજું ચોઘડીયું શનિવારે કાળવેળા છે, તે શુભ કાર્યમાં ગ્રહણ કરવું નહિ ॥ ૬ ॥

હવે **અર્ધપ્રહર** અને તેની ખાસ વર્જ્ય ઘડીઓ કહે છે–

ता चउजुअ अद्धपहरा, तेसिं सोलडदुतीसदुएगचऊ ।
चउसट्ठी मज्झपला, हेया पुव्वाउ दिसि छट्ठी ॥७॥

અર્થ—કાળવેળામાં ચાર ભેળવીયે તો વર્જ્ય અર્ધપ્રહર આવે છે. અને રવિ આદિ સાત વારોમાં અનુક્રમે અર્ધપ્રહરના મધ્યના સોળ, આઠ, બત્રીશ, બે, એક ચાર અને ચોસઠ પળો પૂર્વાદિક છઠ્ઠી છઠ્ઠી દિશાએ યાત્રાદિકમાં વર્જવા યોગ્ય છે.

વિવેચન—સાતે વારોમાં જે જે ચોઘડીયાં કાળવેળા છે તેનાથી પાંચમું પાંચમું ચોઘડીયું વર્જ્ય અર્ધપ્રહર હોય છે, જેથી કાળવેળામાં ચાર મેળવતાં વર્જ્ય ચોઘડીયાં આવે છે. વળી તેવીજ રીતે વર્જ્ય અર્ધપ્રહરમાં ચાર મેળવતાં કાળવેળા પણ આવે છે. જેમકે–રવિવારે આઠમું ચોઘડીયું કાળવેળા છે, તેમાં ચાર મેળવતાં (બારમું અને આઠે ભાગતા શેષ રહેલું) ચોથુ ચોઘડીયું રવિવારે વર્જ્ય અર્ધપ્રહર છે.

દિવસના શુભાશુભ ચોઘડીયા.

	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
૧	સુવેળા	સુવેળા	કંટક	કાળવેળા	ઉપકુલિક	સુવેળા	કુલિક
૨	સુવેળા	કંટક	વર્જ્ય	ઉપકુલિક	સુવેળા	કુલિક	કાળવેળા
૩	કંટક	કાળવેળા	ઉપકુલિક	સુવેળા	કુલિક	વર્જ્ય	સુવેળા
૪	વર્જ્ય	ઉપકુલિક	સુવેળા	કુલિક	કાળવેળા	સુવેળા	કંટક
૫	ઉપકુલિક	સુવેળા	કુલિક	વર્જ્ય	સુવેળા	કંટક	સુવેળા
૬	સુવેળા	કુલિક	કાળવેળા	સુવેળા	કંટક	સુવેળા	વર્જ્ય ઉપકુલિક
૭	કુલિક	વર્જ્ય	સુવેળા	કંટક	સુવેળા	કાળવેળા ઉપકુલિક	સુવેળા
૮	કાળવેળા	સુવેળા	સુવેળા	સુવેળા	વર્જ્ય	સુવેળા	સુવેળા

દરેક વારના આંકને ત્રણે ગુણી એક મેળવવાથી પણ આ વર્જ્ય અર્ધપ્રહરોના આંકો આવે છે. અથવા કાળવેળાના આંકોને અનુક્રમે માંડી પાંચનો આંક વધારવો, જેના પાંચમા આંકથી રવિવાર વિગેરે સાત વારના વર્જ્ય અર્ધપ્રહરો આવે છે. જેમકે —૮–૩–૬–૧–૪–૭ ૨–૫ તેમાંથી પાંચમે આંકે રહેલું ચોથું ચોઘડીયું રવિવારે વર્જ્ય અર્ધપ્રહર છે.

પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય ઉત્તર અને ઇશાન, એ આઠ દિશા છે. તે પૈકી ઉપરોકત રવિવાર વિગેરે સાત વારોના વર્જ્ય અર્ધપ્રહરના મધ્યના સોળ વિગેરે પળોમાં અનુક્રમે પૂર્વથી માંડી છઠ્ઠી છઠ્ઠી દિશાએ યાત્રા કરવી નહિં. કેમકે તે અત્યંત વર્જ્ય કાળ છે. તે આ પ્રમાણે—

રવિવારે **ચોથા** અર્ધપ્રહરના મધ્યની સોળપળમાં **પૂર્વ** દિશાની યાત્રા વર્જ્ય છે.
સોમવારે **સાતમા** અર્ધપ્રહરના મધ્યની **આઠ** પળમાં **વાયવ્ય** ખુણાની યાત્રા વર્જ્ય છે.
મંગળવારે **બીજા** અર્ધપ્રહરના મધ્યની **બત્રીશ** પળમાં **દક્ષિણ** દિશાની યાત્રા વર્જ્ય છે.
બુધવારે **પાંચમા** અર્ધપ્રહરના મધ્યની **બે** પળમાં **ઇશાન** ખુણામાં યાત્રા વર્જ્ય છે.
ગુરૂવારે **આઠમા** અર્ધપ્રહરના મધ્યની **એક** પળમાં **પશ્ચિમ** દિશાની યાત્રા વર્જ્ય છે.
શુક્રવારે **ત્રીજા** અર્ધપ્રહરના મધ્યનો **ચાર** પળમાં **અગ્નિ** ખુણાની યાત્રા વર્જ્ય છે.
શનિવારે **છઠ્ઠા** અર્ધપ્રહરના મધ્યની **ચોસઠ** પળમાં **ઉત્તર** દિશાની યાત્રા વર્જ્ય છે.
પળ આદિ માટે નીચે પ્રમાણે કોષ્ટક છે—

સાઠ વિપળ (એક ગુરૂ અક્ષર બોલવાનો કાળ) નો એક **પળ.**
સાઠ પળ (કામક્રીડા છંદ બોલતાં લાગતો કાળ) ની એક **ઘડી.**
બે ઘડીનું એક **મુહૂર્ત.**
સાઠ ઘડી અથવા ત્રીશ મુહૂર્તનો એક **દિવસ.**
ત્રીસ દિવસનો એક **માસ.**
બે માસની એક **ઋતુ**
ત્રણ ઋતુનું એક **અયન.**
અને બે અયનનું એક **વર્ષ** થાય છે.

સાઠ વિલિપ્તાની એક **લિપ્તા,** સાઠ લિપ્તાનો એક **અંશ** ત્રીશ અંશની એક **રાશિ,** બાર રાશિનું એક **ભગણ** અને સૂર્યના એક ભગણચક્રથી એક **સૌર વર્ષ** થાય છે. (આ ભગણમાં ફરતાં સૂર્યને એક વર્ષ થાય છે, જે તેનું સૌરવર્ષ કહેવાય છે.) વળી **કળા** અને **વિકળા**નાં લિપ્તા અને વિલપ્તા એવાં બીજા નામો છે.

મુહૂર્ત ચિંતામણિની ટીકામાં વારની કેટલીક વિષ ઘડીઓ વર્જવાનું કહેલ છે.

नखा द्वयं द्वादश दिक् च शैलाः, बाणाश्च तत्त्वानि यथाक्रमेण।
सुर्यादिवारेषु परं चतस्त्रो, नाड्यो विषं स्यात् खलु वर्जनीयम् ॥१॥

અર્થ—રવિ આદિ સાત વારોમાં ૨૦-૨-૧૨-૧૦-૭-૫-૨૫ ઘડી પછીની ચાર ઘડીઓ વિષ હોવાથી વર્જવા લાયક છે.

આ ગ્રન્થમાં દિનશુદ્ધિ દેખાડવાની હોવાથી ગ્રહગોચર વિગેરેનુ વિવેચન કરેલ નથી. પણ તે કેટલેક સ્થાને જરૂરી હોવાથી બીજા ગ્રન્થોના આધારે આગળ સવિસ્તર વર્ણવેલ છે, પણ તેઓની **ગતિ** અને **નામો** અહીંજ કહીએ છીએ.

રવિ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ, એ સાત ગ્રહો દરેક ગ્રન્થોમાં વર્ણવ્યા છે. તે સિવાય કેટલાક જ્યોતિશાસ્ત્ર ગ્રન્થોમાં રાહુ અને કેતુની પણ અગત્ય મનાય છે, તો તે બન્નેને સાથે ગણતાં નવ ગ્રહો છે. પણ આ બન્ને ગ્રહો હંમેશાં સામસામા સ્થાનમાં, પોતાની રાશથી સાતમી રાશિમાં સમનવાંશે અને સમત્રિશાંશે હોય છે, એટલે રાહુના સારા કે ખરાબ ફળ ઉપરજ કેતુનું ફળાફળ વિચારાય છે. તે નવે ગ્રહોનું ગ્રહ ગોચર આ પ્રમાણે છે:—

રવિ એક રાશિમાં એક માસ રહે છે, અને એક દિવસમાં રાશિનો એકેક અંશ એમ

ત્રીસ દિવસમાં આખી રાશિ ભોગવી બીજી રાશિમાં સંક્રમે છે. તેજ રીતે ચંદ્ર ૧૩૫ ઘડીમાં, મંગળ દોઢ માસમાં, બુધ એક માસમાં, ગુરૂ તેર માસમાં, શુક્ર એક માસમાં, શનિ અઢી વર્ષમાં તથા રાહુ અને કેતુ દોઢ વર્ષમાં એકેક રાશિનો ઉપભોગ કરે છે. આ દરેક ગ્રહો અનુક્રમે મેષાદિ બાર રાશિમાં ભમે છે. પણ રાહુ અને કેતુ તે બાર રાશિમાં અવળી રીતે ફરે છે, કેમકે તેમની વામગતિ ગણાય છે. ચન્દ્ર વગરના આઠે ગ્રહોને રાત્રિનો એકેક ત્રિશાંશ ભોગવવામાં ૧-૧॥-૧ ૧૩-૧-૩૦-૧૮ અને ૧૮ દિવસ લાગે છે, અને ચન્દ્રને સાડાચાર ઘડી લાગે છે. તથા રાશિનો દ્વાદશાંશ ભોગવવાને ત્રીશાંશ કાળથી ૨॥ ગણો, દ્રેષ્કાણ ભોગમાં ત્રીશાંશથી દશ ગણો, હોરાભોગમાં ત્રીશાંશથી ૧૫ ગણો અને રાશિભોગમાં ત્રીશાંશથી ત્રીશ ગણો કાળ લાગે છે તથા રાશિનો નવાંશ ભોગવવાને રવિને દિન ત્રણ ઘડી વીશ, ચન્દ્રને ઘડી પંદર, મંગળને દિન પાંચ બુધને દિન ત્રણ ઘડી વીશ, ગુરૂને દિન તેંતાલીશ ઘડી વીશ, શુક્રને દિન સાત ઘડી વીશ શનિને દિન સો, રાહુને દિન સાઠ, તથા કેતુને દિન સાઠ લાગે છે.

રાશિના અર્ધા ભાગને હોરા, ત્રીજા ભાગને દ્રેષ્કાણ અને તેથી અધિક ગમે તે ભાગને તેટલામો અંશ એવા નામથી સંબોધાય છે. જેમકે—રાશિનો નવમો ભાગ તે નવમાંશ, બારમો ભાગ તે દ્વાદશાંશ અને ત્રીશમો ભાગ ત્રિશાંશ વિગેરે. આ ગ્રહો પૂર્વમાં ઉગે છે, અને પશ્ચિમ માં આથમે છે. પણ બુધ અને શુક્ર પૂર્વમાં પણ આથમે છે, અને પશ્ચિમમાં પણ ઉગે છે. તેમાં સૂર્ય ચાર પહોર આથમે છે, અને તે સિવાયના ગ્રહો સૂર્યના અમુક અંશમાં જવાથી અસ્ત પામે છે. અસ્ત અને ઉદયના અંશોનું પ્રમાણ આ પ્રમાણે છે—

સૂર્યના ૧૨ ત્રીશાંશ મધ્યે ચન્દ્ર, ૧૭ ત્રીશાંશ મધ્યે ભોમ, ૧૩ ત્રીશાંશ મધ્યે બુધ ૧૧ ત્રીશાંશ મધ્યે ગુરૂ, ૯ ત્રિશાંશ મધ્યે શુક્ર અને ૧૪ ત્રીશાંશ મધ્યે શનિ અસ્ત પામે છે. સૂર્યના તે ત્રીશાંશ બહાર હોતાં ગ્રહોનો ઉદય જ હોય છે. તે અસ્ત પામેલા મંગળ આદિ ગ્રહો ચાર માસ, સોળ દિવસ, બત્રીશ દિવસ, નવ દિવસ અને બેતાલીશ દિવસ અસ્ત રહી ઉગે છે. ચન્દ્ર બે દિવસ અસ્ત રહી ત્રીજે દિવસ ઉગે છે અને બુધ તથા શુક્ર પૂર્વમાં આથમે ત્યારે છત્રીશ અને સત્યોતેર દિવસ પછી ઉગે છે. વળી ઉદ્‌ગમનના દિવસથી માંડીને ચંદ્ર દિવસ અઠ્યાવીશ, મંગળ દિન છસો સાઠ, બુધ દિવસ છત્રીશ, ગુરૂ દિવસ ત્રણસો બોંતેર, શુક્ર દિન બસો એકાવન અને શનિ દિન ત્રણસો બેંતાલીશ સુધી અસ્ત થતો નથી.

સૂર્ય રાશિથી બાર રાશિમાં ફરતાં મંગળ વિગેરે પાંચે ગ્રહો કયા ભાવને પામે છે?' તે માટે **પ્રશ્નશતકની** વૃત્તિમાં કહેલ છે કે—

सुर्यमुक्ता उदीयन्ते, शीघ्रा अर्के द्वितीयगे।
समं तृतीयगे यान्ति, मन्दा भानौ चतुर्थगे ॥१॥

वक्राः पञ्चम-षष्ठेऽर्के तेऽतिवक्राः नगाष्टगे ।
नवमे दशमे मार्गाः, सरला लाभ रिष्फगे ॥२॥
[सरला लाभगे व्यये ॥२॥ पाठान्तर]

અર્થ—સૂર્યથી છુટા થયા પછી સર્વ ગ્રહો ઉદય પામે છે, સૂર્ય બીજી રાશિમાં જાય ત્યારે તે શીઘ્ર ગતિવાળા થાય છે, સૂર્ય ત્રીજી રાશિમાં જતાં તે સમગતિ કરે છે, સૂર્ય ચોથી રાશિમાં જતાં મંદગતિવાળા થાય છે, સૂર્ય પાંચમે છઠે હોય ત્યારે વક્ર થાય છે, સુર્ય સાતમે આઠમે હોતાં અતિવક્ર થાય છે, સૂર્ય નવમે દશમે જતાં માર્ગગામી થાય છે. અને સૂર્ય અગીયારમી બારમી રાશિયે જાય ત્યારે સરલ થાય છે. આ રીતિ મંગળ ગુરૂ અને શનિને આશ્રીને છે, બાકી બુધ અને શુક્ર તો સૂર્યની પાસેજ અતિચારી થાય છે.

જ્યારે ગ્રહો સિધી ગતિમાંથી વામ ગતિવાળા થઈ પાછલી રાશિમાં જાય ત્યારે તે **વક્રી** કહેવાય છે અને મંગળ વિગેરે વક્રી થયા પછી અનુક્રમે ૬૫-૨૧-૧૧૨-૫૨ અને ૧૩૪ દિવસ વક્રગતિવાળા* રહે છે.

ગ્રહો નિત્યની સામાન્ય ગતિ કરતાં વધારે ઝડપથી રાશિનો ભોગ કરે ત્યારે તે **અતિચાર** ગમન કહેવાય છે. તેઓના અતિચાર દિવસ કેટલા છે તે લલ્લ એક શ્લોકથી જણાવે છે—

पक्षं दशाहं त्रिपक्षी, दशाहं मासषट्त्रयी ।
अतिचारः कुजादीना-मेष चारस्त्वितोऽपरः ॥१॥

અર્થ—મંગળ બુધ ગુરૂ શુક્ર અને શનિના અતિચારના દિવસો અનુક્રમે ૧૫-૧૦-૪૫ -૧૦ અને ૧૮૦ છે, ત્યાર પછીના દિવસો ચાર ગતિવાળા કહેવાય છે.

આ મંગળ વિગેરે પાંચ ગ્રહો વક્રી થયા હોય તો પછીની રાશિનું અને અતિચારી થયા હોય તો પૂર્વની રાશિનું ફળ આપે છે. પ્રશ્નપ્રકાશકાર તો કહે છે કે— ગુરૂ અને શનિ તો પોતાની વિદ્યમાન રાશિનું ફળ આપે છે. **નારચંદ્ર ટીપ્પણ** માં કહ્યુ છે કે-વક્રી કે અતિચારી ગુરૂ વિનાના દરેક ગ્રહો પૂર્વ રાશિનું ફળ આપે છે. દરેક ગ્રહો આ પ્રમાણે ફળ આપે છે—

पक्षं दशाहं मासं च, दशाहं मासं पञ्चकम् ।
वक्रेऽतिचारे भौमाद्याः पूर्वराशिफलप्रदाः ॥१॥

અર્થ—વક્રી કે અતિચારી મંગળ વિગેરે ૧૫-૧૦-૩૦-૧૦ અને ૧૫૦ દિવસ સુધી પૂર્વરાશિ (વક્રી કે અતિચારી થવાની રાશિ) નું ફળ આપે છે. મુહૂર્ત ચિંતામણિમાં વક્રી

*વક્રી ગ્રહે ભોગવાતું નક્ષત્ર અપદ્ધારિત કે વિડવર કહેવાય છે.

અતિચારી ગુરૂના દિવસ ૨૮ વર્જ્ય કહ્યા છે. પણ પ્રધાન ગોચર બળ કે લગ્ન હોય અથવા ગુરૂ ત્રિકોણ ધન સ્ત્રી કે લાભ રાશિમાં જતો હોય તો ગુરૂ શુભ છે. મંગળ વિગેરે ગ્રહો અનુક્રમે ૭૪૫–૯૨–૧૪૪–૫૨૪–૨૪૦ દિવસ માર્ગગતિ કરે છે.

આ ગ્રહોમાંથી સૂર્ય અને સોમ રાશિના આદિ ભાગમાં, ગુરૂ અને શુક્ર રાશિના મધ્ય ભાગમાં, ચંદ્ર અને શનિ રાશિના અંત ભાગમાં તથા બુધ આખી રાશિમાં ફળદાયક છે. આ પ્રમાણે સ્થૂલ **ગ્રહગતિ** જાણવી.

હવે ગ્રહના નામો કહીએ છીએ–ચંદ્ર, બુધ, ગુરૂ, અને શુક્ર સૌમ્ય ગ્રહો છે તથા રવિ, વદી ચૌદશથી શુદી એકમ સુધીનો કૃશ ચંદ્ર, મંગલ ક્રુર ગ્રહ સાથે રહેલો બુધ, શનિ અને રાહુ ક્રુર ગ્રહો છે. નરપતિ જયચર્યામાં કહ્યું છે કે—

राहु–केतू सदा वक्रौ, सदा शीघ्रौ विधूष्णगू ।
क्रूरा वक्रा महाक्रूरा; सौम्या वक्रा महाशुभाः ॥१॥
शूक्रेन्द्र योषितौ मन्द–बुधौ क्लीबौ परे नराः ॥

અર્થ—રાહુ અને કેતુ નિરંતર વક્રી ગ્રહ છે, સૂર્ય ચન્દ્ર નિરંતર અતિચારી ગ્રહ છે. અને ક્રુર ગ્રહો વક્રી થાય તો મહાક્રુર થાય છે, તેમજ સૌમ્ય ગ્રહો વક્રી થાય તો મહાસૌમ્ય થાય છે. શુક્ર અને ચન્દ્ર સ્ત્રીગ્રહ છે, બુધ અને શનિ નપુંસક છે, તથા રવિ મંગળ અને ગુરૂ પુરૂષ ગ્રહ છે.

રવિ, સોમ, મંગળ અને ગુરૂ તથા બુધ, શુક્ર શનિ અને રાહુ, એ ચાર ચાર પોતપોતામાં મિત્રગ્રહ છે. અને સામ સામા શત્રુગ્રહ છે. પોતપોતામાં પણ સૌમ્યની સૌમ્ય સાથે અને ક્રુરની ક્રુર સાથે અતિ મૈત્રી છે અને સામાન્ય રીતે સામાસામામાં સૌમ્યને સૌમ્ય સાથે અને ક્રુરને ક્રુર સાથે અતિ શત્રુભાવ છે. ગ્રહોની **મૈત્રી** અને **શત્રુભાવ** સૂક્ષ્મતાથી આ પ્રમાણે છે.

રવિને શુક્ર શનિ શત્રુ છે, બુધ મધ્યમ છે, અને બીજા મિત્ર છે.

ચંદ્રને રવિ અને બુધ મિત્ર છે, અને બીજા મધ્યસ્થ છે.

મંગળને બુધ શત્રુ છે, શુક્ર શનિ મધ્યસ્થ છે, અને બીજા મિત્ર છે.

બુધને ચંદ્ર શત્રુ છે, રવિ શુક્ર મિત્ર છે, અને બાકીના મધ્યમ છે.

ગુરૂને બુધ શુક્ર શત્રુ છે, શનિ મધ્યસ્થ છે અને બીજા મિત્રો છે.

શુક્રને રવિ સોમ શત્રુ છે, બુધ શનિ મિત્ર છે અને મંગળ ગુરૂ મધ્યસ્થ છે.

શનિને ગુરૂ મધ્યસ્થ છે, બુધ શુક્ર મિત્ર છે, અને બાકીના ત્રણ શત્રુ છે.

લગ્ન કુંડળીમાં પોતાથી બીજે, ત્રીજે, ચોથે, દશમે, અગીયારમે અને બારમે સ્થાને રહેલો ગ્રહ તત્કાળ મિત્ર છે, અને બાકીના સ્થાનમાં રહેલો ગ્રહ તત્કાળ શત્રુ કહેવાય છે. મિત્ર ગ્રહો તત્કાળ મિત્ર થાય તો તે વધારે સારા છે, અને શત્રુ ગ્રહો તત્કાળ શત્રુ થાય તો તે વધારે અશુભ છે.

શનિ અને બુધ રવિ અને ચન્દ્રના પુત્રો છે.

गुर्वर्कार्कीन्दवः कुल्याः, उपकुल्यः कुजः सितः ।
तमश्चाथ बुधो मिश्र-स्तत्र नक्षत्रवत् फलम् ॥१॥

અર્થ—સૂર્ય ચંદ્ર ગુરૂ અને શનિ કુલ્ય છે. મંગળ અને શુક્ર ઉપકુલ્ય છે તથા બુધ અને રાહુ કુલ્યોપકુલ્ય છે. તે સર્વ વારોનું સ્થિરબળ ચરબળ અને મધ્યમબળ રૂપી ફળ કુલ્યાદિ નક્ષત્રની પેઠે જાણવું–

બીજા સંયોગી થનારા **ગ્રહ નામો** નીચે મુજબ છે :–

૧ ચૈત્ર શુદી એકમને દિવસે જે ગ્રહનો વાર હોય તે ગ્રહ વર્ષેશ (વર્ષાધિપતિ) કહેવાય છે.

૨ મેષ સંક્રાંતિના વારનો ગ્રહ મંત્રી કહેવાય છે.

૩ કર્ક સંક્રાંતિના વારનો ગ્રહ શસ્યેશ કહેવાય છે.

૪ દરેક માસની શુદિ એકમના વારનો ગ્રહ માસેશ ગણાય છે.

૫ હંમેશના વારનો ગ્રહ દિનેશ ગણાય છે.

૬ હોરાનો પતિ હોરેશ કહેવાય છે.

૭ રાશિના (આગળ કહેવાશે તે) પતિ ગ્રહો તે તે રાશિના સ્વામી છે.

૮ રવિની રાશિમાં અમુક અંશે ગયેલા ગ્રહો અસ્ત કહેવાય છે.

૯ રવિથી અમુક અંશ દૂર રહેલા ગ્રહો ઉદયી કહેવાય છે.

૧૦ વામ ગતિવાળો ગ્રહ વક્રી કહેવાય છે. રાહુ અને કેતુ સદા વક્રી છે.

૧૧ નિત્યના વેગ કરતાં અધિક ઝડપથી ચાલનારો ગ્રહ અતિચારી છે. સૂર્ય અને ચંદ્ર સદા શીઘ્ર (અતિચારી) છે.

૧૨ સમ ગતિશીલ ગ્રહ માર્ગી કહેવાય છે.

૧૩ ઉદય પછી અને અસ્ત થવા પહેલાં સાત દિવસ સુધી ગ્રહ બાળ અને વૃદ્ધ કહેવાય છે. તથા થોડા દિવસથી ઉદય પામેલો અને અસ્ત થવામાં સન્મુખ થયેલો ગ્રહ પણ **બાળ** અને **વૃદ્ધ** કહેવાય છે.

૧૪ ઘણા દિવસથી ઉગેલો વૃદ્ધ નહિ થયેલો, અને વિશાળ બિંબવાળો ગ્રહ વિપુલ કહેવાય છે.

૧૫ સૂર્યરાશિથી બહુ દૂર થઈ આકાશમાં દેખાય એટલે સ્પષ્ટ કિરણવાળો હોય તે ગ્રહ સ્નિગ્ધ છે.

૧૬ નક્ષત્રના એકજ પાદમાં ભેગા થયેલા ગ્રહો કે તારાઓ યુદ્ધસ્થ ગ્રહો કહેવાય છે.

૧૭ યુદ્ધ પછી શુક્ર વિના બીજો ઉત્તરગામી ગ્રહ જયી છે.

૧૮ યુદ્ધ પછી દક્ષિણગામી ગ્રહ હારેલો—પીડિત કહેવાય છે.

૧૯ રાહુ પાસે રહેલા રવિની પેઠે ક્રુરથી જીતાયેલો ગ્રહ ક્રુરાક્રાન્ત કહેવાય છે.

૨૦ प्रविविक्षुः प्रविष्टो वा, सूर्यराशौ विरश्मिकः ।

સૂર્ય રાશિમાં પ્રવેશ કરવાવાળો કે તેમાં ગયેલો ગ્રહ વિરશ્મિક થાય છે.

૨૧ क्रूराक्रान्तः क्रूरयुतः क्रूरदृष्टस्तु यो ग्रहः ।
विरश्मितां प्रपन्नश्च, स विनष्टो बुधैः स्मृतः ॥१॥

પદ્મપ્રભસૂરિ કહે છે કે—ક્રુરથી જીતાયેલો, ક્રુરની સાથે રાશિના એક નવાંશમાં રહેલો ક્રુરની સંપૂર્ણ દૃષ્ટિથી દેખાયેલો અને સૂર્યની રાશિમાં પેસવાવાળો ગ્રહ વિનષ્ટ થાય છે.

૨૨ ઇષ્ટ દિવસે ગોચર અને પ્રતિકૂલ વેધથી શુભ થયેલ ગ્રહ સદ્યઃ સફળ કહ્યો છે.

૨૩ ઇષ્ટ દિવસે ગોચર અને અનુકૂલ વેધથી અશુભ થયેલ ગ્રહ સદ્યઃ અફળ મનાય છે.

૨૪ જન્મ કુંડલીમાં હરકોઈ ગ્રહથી ઉપચયના ૩–૬–૧૦–૧૧ સ્થાને રહેલા ગ્રહો પૂર્વ ગ્રહના **તાન**–પરસ્પર કાર્યના પોષણ કરનારા ગણાય છે.

૨૫ લગ્નસ્થગ્રહ સ્વરાશિથી ચોથા અને દશમા સ્થાનમાં રહેલ ગ્રહનો યોગ પામે તો પરસ્પર કારક કહેવાય છે.

૨૬ કેન્દ્રમાં રહેલ સ્વસ્થ ઉચ્ચ (દીપ્ત) અને ત્રિકોણસ્થ ગ્રહો પરસ્પર કારક છે.

૨૭ ઇષ્ટ દિવસે સૂર્યના ઉદય અને અસ્ત સ્થાનથી ઉત્તર તરફ ઉગીને આથમનાર ગ્રહ ઉત્તરચર છે.

૨૮ ઇષ્ટ દિવસે સૂર્યના ઉદય સ્થાનમાં ઉગી સૂર્યના અસ્ત સ્થાનમાંજ અસ્ત થનાર–અર્થાત સૂર્યના ભ્રમણ મંડળમાંજ ચાર કરનાર ગ્રહ અંતશ્ચર છે.

૨૯ સૂર્યોદય સ્થાનથી દક્ષિણમાં ઉદય પામી દક્ષિણમાં આથમનાર ગ્રહ દક્ષિણચર છે.

૩૦ શીઘ્ર ગતિવાળો ગ્રહ મંદ ગતિવાળા ગ્રહના એક ત્રીશાંશમાં મળે, અને ત્યાર પછી તેમાં પાછળ રહે ત્યાં સુધી તે શીઘ્રગતિવાળો ગ્રહ **મુથુશિલ** કે **ઇથિ શાલ** (યોગવાળો) કહેવાય છે.

૩૧ મંદ ગતિવાળા ગ્રહના એક ત્રીશાંશમાં મળી આગળ નીકળી તેજ રાશિને ભોગવનાર શીઘ્ર ગતિવાળો ગ્રહ **મુશરીફ** કહેવાય છે.

૩૨ એક ત્રીશાંશમાં થોડા દિવસ ભોગવનાર ગ્રહ શીઘ્રગામી હોય છે. લગ્ન ગ્રહોની આ પ્રમાણે ૧૧ અવસ્થા દેખાડે છે.

૩૩ પોતાની રાશિમાં રહેલ ગ્રહ **સ્વસ્થ** કહેવાય છે.

૩૪ ઉચ્ચ સ્થાને રહેલ ગ્રહ **દીપ્ત** કહેવાય છે.

૩૫ મધ્ય ઘરમાં રહેલ ગ્રહ **મુદિત** છે.

૩૬ પોતાના વર્ગમાં રહેલ ગ્રહ **શાંત** કહેવાય છે.

૩૭ પ્રગટ કિરણવાળો ગ્રહ **શક્ત** છે.

૩૮ નીચ સ્થાનને ઓળંઘી સર્વોચ્ચ સ્થાન સન્મુખ થયેલ ગ્રહ **પ્રવૃદ્ધવીર્ય** હોય છે.

૩૯ દુષ્ટ સ્થાનમાં પોતાના અંશમાં રહેલ સૌમ્ય ગ્રહ **અધિવીર્ય** મનાય છે.

૪૦ સૂર્યથી હણાયેલો ગ્રહ **વિકલ** થાય છે.

૪૧ શત્રુ સ્થાનમાં રહેલો ગ્રહ **ખલ** છે.

૪૨ બીજા ગ્રહથી યુદ્ધમાં જીતાયેલો ગ્રહ **પીડિત** કહેવાય છે.

૪૩ પોતાની નીચ રાશિમાં ઠરેલ ગ્રહ **દીન** મનાય છે.

૪૪ છ વર્ગ પૈકીના પોતાના ત્રણ, ચાર કે પાંચ વર્ગમાં રહેલ ગ્રહ **સ્વવર્ગી** કહેવાય છે.

૪૫ પર ગ્રહના હોરાદિ ત્રણ, ચાર કે પાંચ વર્ગમાં રહેલ ગ્રહ **પરવર્ગી** અથવા **અન્યવર્ગી** મનાય છે.

૪૬ ભાવ રાશિ અને દિવસ આશ્રીને થતા ચાર હર્ષસ્થાન પૈકીના હરકોઈ હર્ષસ્થાનમાં રહેલ ગ્રહ **હર્ષી** મનાય છે.

૪૭ હરકોઈ રાશિ ભાવ નક્ષત્ર વિગેરેમાં રહેલ ગ્રહ તે નામની સાથે "સ્થ' કે "ગ" શબ્દ જોડવાથી સમજી શકાય છે. જેમ કે—પોતાની રાશિમાં રહેલ ગ્રહ **સ્વસ્થ** અથવા **સ્વરાશિગ** કહેવાય છે.

૪૮ પોતપોતાની દિશા કે વિદિશાના લગ્નભુવનોમાં રહેલો ગ્રહ **લલાટસ્થ** કહેવાય છે. લગ્નને પૂર્વ દિશામાં કેન્દ્રોને ચાર દિશામાં અને કેન્દ્ર મધ્યના યુગ્મ સ્થાનોને વિદિશામાં સ્થાપવાથી આઠ દિશામાં બાર ભુવનોનો સમાવેશ થાય છે. લલાટસ્થ ગ્રહનું બીજું નામ **સન્મુખગ્રહ** છે.

[જુઓ ગ્રહ ચક્ર.]

卐 ગ્રહચક્ર 卐

નામ	રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.	રાહુ	કેતુ		
ત્રિશાંશ ભોગ દિન	દિન ૧	ઘડી ૪॥	દિન ૧॥	દિન ૧	દિન ૧૩	દિન ૧	દિન ૩૦	દિન ૧૮	દિન ૧	૧/૩૦	૧
દ્વાદશાંશ ભોગ દિન	૨-૩૦	ઘડી ૧૧।	૩-૪૫	૨-૩૦	૩૨-૩૦	૨-૩૦	૭૫-૦	૪૫-૦	૪૫-૦	૧/૧૨	૨
નવમાંશ ભોગ દિન–ઘડી	૩-૨૦	૦-૧૫	૫-૦	૩-૨૦	૪૩-૨૦	૩-૨૦	૧૦૦-૦	૬૦-૦	૬૦-૦	૧/૯	૩
દ્રેષ્કાણ ભોગ દિન	૧૦	ઘડી ૪૫	૧૫	૧૦	૧૩૦	૧૦	૩૦૦	૧૮૦	૧૮૦	૧/૩	૪
હોરા ભોગ માસ	૦॥	ઘડી૬૭॥	૦।।।	૦॥	૬॥	૦॥	૧૫	૯	૯	૧/૨	૫
રાશિ ભોગ માસ	૧	ઘડી૧૩૫	૧॥	૧	૧૩	૧	૩૦	૧૮	૧૮	૧	૬
ભગણ ભોગ વર્ષ	૧	દિન ૨૭	૧॥	૧	૧૩	૧	૩૦	૧૮	૧૮	....	૭
અસ્ત ત્રિશાંશો	....	૧૨	૧૭	૧૩	૧૧	૯	૧૪	....	....	....	૮
અસ્તકાળ દિન	૦॥	૨	૧૨૦	૧૬	૩૨	૯	૪૨	(પૂર્વમાં બુધ ૩૬ શુક્ર ૭૭)			૯
ઉદયકાળ દિન	૦॥	૨૮	૬૬૦	૩૬	૩૭૨	૨૫૧	૩૪૨	....	....		૧૦
વક્રી દિન	....	....	૬૫	૨૧	૧૧૨	૫૨	૧૩૪	....	....		ક ૧૧

ઉદય પછી વક્રી	૦ ૦ ૦	૦ ૦ ૦	૨૯૪	૩૦	૧૨૮	૨૭૨	૧૦૧	(મતાંતર મં. ૭૩૫ ગુ. ૧૧૭)		
અતિચાર દિન	....	....	૧૫	૧૦	૪૫	૧૦	૧૮૦	....	....	૧૨
માર્ગ દિન	....	....	૭૪૫	૯૨	૧૪૪	૫૨૪	૨૪૦	....	....	૧૩
વિમાર્ગી ફળ દિન	....	....	૧૫	૧૦	૩૦ (૨૮)	૧૦	૧૫	....	....	૧૪
વર્ણ	લાલ	ધોળો	લાલ-ધોળો	લીલો	પીળો	ધોળો	કાળો	કાળો	કાળો	૧૫
આકૃતિ–૧	ચતુષ્કોણ	સ્થૂલ	ચોરસ	ગોળ	ગોળ	(ષં) ખંડ	દીર્ઘ	દીર્ઘ	દીર્ઘ	ક ૧૬
આકૃતિ–૨	હ્રસ્વ	હ્રસ્વ	હ્રસ્વ	મધ્યમ	દીર્ઘ	હ્રસ્વ	દીર્ઘ	દીર્ઘ	દીર્ઘ	ખ ૧૬
સ્વભાવ	ક્રુર	સૌ. ક્રુર	ક્રુર	સૌ. ક્રુર	સૌમ્ય	સૌમ્ય	ક્રુર	ક્રુર	....	૧૭
લિંગ	પુરૂષ	સ્ત્રી	પુરૂષ	નપુ. (સ્ત્રી ન.)	પુરૂષ	સ્ત્રી	નપુ (સ્ત્રી. ન.)	પુ. (ન.)	પુ. (ન)	ક ખ ૧૮
પરસ્પર મૈત્રી	સો. મ. ગુ.	ર. મ. શુ.	રવિ-સો. ગુ.	શુ. શ. રા.	ર. સો. મં.	બુ શ. રા.	બુ. શુ. રા.	બુ. શુ. શ.	....	૧૯
મિત્ર ગ્રહો	સો. મ. ગુ.	રવિ–બુધ	રવિ-સો ગુ.	રવિ. શુ.	ર. સો. મં.	બુ શ.	બુ. શુ.	પાતાલી ૧૧-૧૨-૧૦ – ૨-૩-૪ સ્થાને રહેલા ગ્રહો સારા છે		૨૦
મધ્યમ ગ્રહો	બુધ	મં. ગુ. શુ. શ.	શુ. શ.	મં. ગુ. શ.	શ.	મં. ગુ.	ગુરૂ			૨૧
શત્રુ ગ્રહો	શુક્ર–શનિ	+	બુધ	ચંદ્ર	બુ. શુ.	ર. સો.	ર. સો મં.			૨૨
પરસ્પર બળ	૭	૬	૨	૩	૪	૫	૧			૨૩
યોગ	કુલ્ય	કુલ્ય	ઉપકુલ્ય	મિશ્ર	કુલ્ય	ઉપકુલ્ય	કુલ્ય	મિશ્ર	....	૨૩
કાળબળ	અયન	મુહૂર્ત	દિન	ઋતુ	માસ	પક્ષ	વર્ષ	....	....	૨૪
ઋતુબળ	વર્ષા	શરદ્	ગ્રીષ્મ	હેમંત	શિશિર	વસંત	શિશિર	....	....	૨૫
રાશિબળ	પુરૂષ	સ્ત્રી રાશિ	પુ. રાશિ	પુ. રાશિ	પુ. રાશિ	સ્ત્રી રાશિ	પુ. રાશિ	....	....	૨૬
રાશિઅંશ ફળ	આદિમાં	અંતમાં	આદિમાં	આખીમાં	મધ્યમાં	મધ્યમાં	અંતમાં	....	....	૨૭
કાળબળ	મધ્ય	પરાહ્ન	મધ્ય	પ્રાતઃ	પ્રાતઃ	પરાહ્ન	સંધ્યા	સંધ્યા	સંધ્યા	૨૮
સ્વઘર	સિંહ	કર્ક	વૃષ–મેષ	કં. મિ.	ધ. મી.	વૃષ–તુ.	મ. કું.	કન્યા	મીન	૨૯
ઉચ્ચ ઘર	મેષ	વૃષભ	મકર	કન્યા	કર્ક	મીન	તુલા	મિથુન	ધન	૩૦

નીચ ઘર	તુલા	વૃશ્ચિક	કર્ક	મીન	મકર	કન્યા	મેષ	ધન	મિથુન	૩૧
પરમાંશ	૧૦	૩	૨૮	૧૫	૫	૨૭	૨૦	૧૫	૧૫	૩૨
મૂળ ત્રિકોણ	સિંહ	વૃષભ	મેષ	કન્યા	ધન	તુલા	કુંભ	કુંભ	સિંહ	૩૩
ભાગ–ભાગા	આ ૨.	નં. ૩	આ. ૧૨	આ. ૧૫	આ. ૧૦	આ. ૧૫	આ. ૧૦	....	....	૩૪
અયનબળ	ઉત્ત.	ઉત્ત.	દક્ષિ.	દક્ષિ.	દક્ષિ.	દક્ષિ.	દક્ષિ.	....	....	૩૫
પક્ષબળ	કૃષ્ણ	શુકલ	કૃષ્ણ	શુકલ	શુકલ	શુકલ	કૃષ્ણ	કૃષ્ણ	કૃષ્ણ	૩૬
દિન–રાત્રિ બળ	દિન	રાત્રિ	રાત્રિ	અહોરાત્રિ	દિન	દિન	રાત્રિ	....	....	૩૭
લગ્ન દિશા બળ	૧૦	૪	૧૦	૧	૧	૪	૭	....	....	૩૮
”		સ્થાપનાથી		ઉત્ક્રમે						૩૯
૧ હર્ષસ્થાન	૯	૩	૬	૧	૧૧	૫	૧૨	....	....	૪૦
૨ હર્ષસ્થાન	મેષ	વૃષ	મકર	કન્યા	કર્ક	મીન	તુલા	મિથુન	ધન	૪૧
૩ હર્ષસ્થાન	દિવસ	રાત્રિ	દિવસ	રાત્રિ	દિવસ	રાત્રિ	રાત્રિ	....	....	૪૨
૪ હર્ષસ્થાન	૧૦+૧ ૪+૭	૧+૪ ૭+૧૦	એમ પુરૂષ ગ્રહોનું રવિ પેઠે અને સ્ત્રી ગ્રહોનું સોમ પેઠે જાણવું.							૪૩
પસંદસ્થાન	૧૦	૧૦	૧૦	૧	૧૦	૭	૧–૩–૧૧	....	....	૪૪
પૂર્ણ દૃષ્ટિ	૭	૭	૪–૭–૮	૭	૫–૭–૯	૭	૩–૭–૧૦	૫–૭–૯ ૧૨	....	૪૫
પાદોન દૃષ્ટિ (પોણી)	૪–૮	૪–૮	+	૪–૮	૪–૮	૪–૮	૪–૮	૪–૮	....	૪૬
અર્ધ દૃષ્ટિ	૫–૯	૫–૯	૫–૯	૫–૯	+	૫–૯	૫–૯	૫–૯	....	૪૭
એક પાદ દૃષ્ટિ (પા)	૩/૧૦	૩/૧૦	૩/૧૦	૩/૧૦	૩/૧૦	૩/૧૦	+	૩/૧૦	....	૪૮
ગોચર શુદ્ધિ	૩–૬–૧૦ ૧૧	૨–૩–૫– ૬–૭–૯– ૧૦–૧૧	૩–૬–૧૦ ૧૧	૨–૩–૫ ૭–૯–૧૦ ૧૧	૨–૫–૭ ૯–૧૦ ૧૧	૨–૩–૭ ૯–૧૦ ૧૧	૩–૬–૧૦ ૧૧	૩–૬	૩–૬	૪૯
લલાટ ગ્રહસ્થાન	૧	૫–૬	૧૦	૪	૨–૩	૧૧–૧૨	૭	૮–૯	....	૫૦
ચાર્વ્યાદિ	ચાર્યી	ચાર્યી	ચાર્યી	સ્થાયી	સ્થાયી	ચાર્યી	સ્થાયી	....	....	૫૧

જન્મ નક્ષત્રો	વિ.	કૃ.	પુ ષા.	શ્ર.	પુ. ફા.	જ્યે.	રે.	ભ.	અ.	૫૨
કાર્યબળ	નૃપદર્શન	સર્વ	યુદ્ધ	જ્ઞાન	વિવાહ	ગમન	દિક્ષા	....	....	૫૩
લગ્ને ફળ	વ્યાલ	....	રસાતળ	....	....	....	ક્ષય	તમ	અંતક	૫૪
દૃષ્ટિ સ્વભાવ	ઉર્ધ્વ	સમ	ઉર્ધ્વ	તિર્યગ્	સમ	તિયગ્	અધો	અધો	અધો	૫૫
સર્વ દિગ્બળ	પૂ	૫	દ	વા.	ઉ	અ.	ઈ.	નૈ.	નૈ.	૫૬
દિગ્બળ	દક્ષિણ	ઉત્તર	દક્ષિણ	પૂર્વ	પૂર્વ	ઉત્તર	પશ્ચિમ	....	....	૫૭
દિગ્મુખ	પૂર્વ	પશ્ચિમ	દ.	ઉ.	ઉ.	પૂર્વ	પશ્ચિમ	દ.	દ.	૫૮
કુંડળીબળ દિગીશ	પૂર્વ	વાયુ	દક્ષિણ	ઉત્તર	ઈશાન	અગ્નિ	પશ્ચિમ	નૈઋત્ય	....	૫૯
વેદ	....	....	સામ	અથર્વ	ઋજુ.	યજૂ	....	....	....	૬૦
લોક	નૃપ	નૃપ	નાગ	સ્વર્ગ	સ્વર્ગ	નાગ	નાગ	નાગ	નાગ	૬૧
જાતિ	ક્ષ.	વૈ.	ક્ષ	શૂ.	બ્રા.	બ્રા.	અંત્યજ	અં	અં.	૬૨
જાતિ	રાજા	તપસી	સોની	બ્રાહ્મણ	વણિક્	વૈશ્ય	ભીલ	વૃષલ	વૃષલ	૬૩
અધિકાર	રાજા	રાજા	નેતા	કુમાર	પ્રધાન	મંત્રી	દાસ	....	....	૬૪
પ્રાણીવર્ગ	ચતુષ્પદ	સરીસૃપ	ચતુષ્પદ	પક્ષિ	દ્વિપાદ	દ્વિપાદ	પક્ષિ	સરિસૃપ	સરિસૃપ	૬૫
સ્થાન–૧	પશુ ભૂ	જળ	દગ્ધ	કાષ્ઠ	મંદિર	જળ	અગ્નિ	અગ્નિ	અગ્નિ	૬૬
ભ્રમણસ્થાન	વનચર	જળચર	વનચળ	ગામચર	ગામચર	જળચર	વનચર	વનચર	વનચર	૬૭
પ્રીતિસ્થાન	દેવ	....	અગ્નિ	ક્રીડા	ખજાનો	શય્યા	મલીન	....	....	૬૮
સ્થાન–૨	લીંબડો	જળ	કુંટકી	ઉકરડો	ચૈત્ય	જળ	ગર્તા	ગર્તા	....	પ્રશ્નવૃત્તિ
દેહાંગ	આત્મા	મન	સત્ત્વ	વાક્બુદ્ધિ	જ્ઞાનસુખ	મદન	દુઃખ	....	....	૭૦
દેહધાતુ	અસ્થિ	લોહી	માજાર	ત્વક્	મેદ	વીર્ય	શિરા	....	....	૭૧
ગુણ	સત્ત્વ	સત્ત્વ	તમસ્	રજસ્	સત્ત્વ	રજસ્	તમસ્	....	....	૭૨
તત્ત્વ	અગ્નિ	જળ	અગ્નિ	પૃથ્વી	આકાશ	જળ	વાયુ	વાયુ	....	૭૩
મૂળાદિ	મૂળ	ધાતુ (જી)	ધાતુ	જીવ (ધા.)	જીવ	મૂળ	ધાતુ	ધાતુ	....	પ્રશ્નવૃત્તિ ૭૪
વય (યોગપૃચ્છા)	આધેડ	મધ્યમ	તરુણ	બાળક	આધેડ	મધ્યમ	વૃદ્ધ	વૃદ્ધ	વૃદ્ધ	૭૫
સ્થિતિ	જીર્ણ	જીર્ણ	નવ્ય	દગ્ધ	વિચિત્ર	દૃઢ	ઉત્તમ	....	....	૭૬
સૂત્રાયુ જ્ઞાન	ધ્વજ	ધૂમ	સિંહ	શ્વાન	વૃષ	ખર	ગજ	કાક	૦	ખ

માતા	અદિતિ	અત્રિ.	પૃથ્વી	રોહિ.	ફાલ્ગુન	મહા	છાયા	સિંહિકા	અશ્લી	૭૫
પિતા	અબ્ધિ	અબ્ધિ		ચંદ્ર	ચિત્રશિ	ભૃગુ	રવિ	તમ	ધૂમ	૭૬
યુદ્ધજાતિ	દંડ	દામ	દંડ	ભેદ	સામ	સામ	ભેદ	ભેદ	....	૭૭
ધાતુ-૧	તાંબુ	મણિ	સોનું	કાંસું	રૂપું	મુક્ત	સીસું	....	....	૭૮
ધાતુ-૨ (ભુવન.)	મોતી	રૂપું	ત્રપુ (સીસું)	સ્વર્ણ	સહેમ રત્ન	રૂપું	લોહ	અસ્થી	....	૭૯
વસ્ત્ર	સ્થૂલદંત	નવું	દગ્ધ	છિદ્રિત	નવું-જુનું	ટકાઉ	જુનું	....	....	૮૦
પિત્તાદિ રોગ જ્ઞાન	પિત્ત	કફ	પિત્ત	સમ	સમ	કફ	વાત	વાત	વાત	૮૧
"	પિત્ત	કફ	ગરમી	ત્રિદોષ	દમ	શ્લેષ્મ	વાયુ			૮૨
ધાતયોગ (પ્રશ્ન)	અગ્નિ	જળ	અસ્ત્ર	જ્વર	અજીર્ણ	તૃષા	ભૂખ	(મંગળ-૨-સન્નીપાત)		૮૩
રસ (પ્રશ્ન.)	કટુ	ક્ષારામ્લ	કટુ	કસાણ	કસાણ મધુર	ક્ષારામ્લ	તીખો	તીખો	તીખો	૮૪
અષ્ટોત્તરી દશા	આ	મ	હસ્ત	અ	ધ	કૃ	પુષા	ઉ. ભા		૮૫
વર્ષ	પુ	પૂ. ફા.	ચિત્રા	જ્યે.	શ	રો	ઉષા	રે		
	પુ	ઉ. ફા.	સ્વાતિ	મૂળ	પૂ. ભા.	મૃ	આભ.	અ	....	
જ્યો. ચં	અ		વિ.				શ્ર	ભ		
૩/૪)	૬	૧૫	૮	૧૭	૧૯	૨૧	૧૦	૧૨		
વિંશોત્તરી	કૃત્તિ	રોહિ.	મૃગ	અશ્લે.	પુન	પૂ. ફા.	પુષ્ય	આર્દ્રા	મઘા	૮૬
દશા વર્ષ જ્યો. ચં	ઉ-ફા ઉષા	હસ્ત શ્રવ	ચિત્રા ધનિ	જ્યેષ્ઠા રેવ	વિશા. પૂ-ભા	પૃષા ભર.	અનુ. ઉ-ભા	સ્વાતી શત	મૂળ આશ્વ.	
૩/૨	(૧) ૬	(૨) ૧૦	(૩) ૭	(૭) ૧૮	(૫) ૧૬	(૯) ૧૯	(૬) ૧૭	(૪) ૭	(૮) ૨૦	
માસ દશાક્રમ	૧	૨	૩	૪	૬	૮	૫	૭	....	૮૭
માસ દશાકાળ-દિન	૨૦	૫૦	૨૮	૫૬	૫૮	૭૦	૩૬	૪૨	....	૮૮
માસ દશાંત	૦-૨૦	૨-૧૦	૩/૮	૫/૪	૮/૮	૧૨/૦	૬/૧૦	૯/૨૦	....	૮૯
માસ દશાફળ	ચિન્તાનાશ	ધર્મલાભ	રોગ-મૃત્યુ	સંપદા	સુખ	અભીષ્ટ	મંદકાળ	બંધન	....	૯૦
ઉત્તરોત્તર બળ	૭	૬	૨	૩	૪	૫	૧	....	....	ક-ખ૯૧
વસા	૩॥	૫	૧॥	૨	૩	૨	૧॥	૧॥		
ગ્રહેશ જિનો નેષ્ટગ્રહ શાંત	પદ્મપ્રભ	ચંદ્રપ્રભ	વાસુ-પૂજ્ય	વિમલનાથ	આદિનાથ	સુવિધિનાથ	મુનિ સુવ્રતજી	નેમીનાથ	મલ્લીનાથ પાર્શ્વનાથ	૯૨
વર્ગ	અ	ય-શ	ક	ટ	ત	ચ	પ	ઞ	કૈ	૯૩

॥ ग्रहचक्र समास ॥

હવે **તિથિદ્વાર**માં આચાર્ય સદોષ તિથિ વર્જવાની સૂચના કરે છે, પણ તેમાં વર્ષ અને માસની શુદ્ધિ અવશ્ય જોવી પડે છે. તોતે બીજા ગ્રન્થોને અનુસારે સંક્ષેપથી કહીએ છીએ.

ચોથા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી રહેતાં વીર પ્રભુ **દીવાળીને** દિને નિર્વાણપદ પામ્યા છે. વીર નિર્વાણ પછી ૪૭૦ વર્ષે **વિક્રમસંવત્** શરૂ થયો છે, તથા વિક્રમસવંતના પ્રારંભથી એકસો પાંત્રીશ વર્ષ અને પાંચ માસ જતા **શક સંવત્** પ્રવર્ત્યો છે. પ્રદ્યુમ્ન સૂરિ કહે છે કે—

छवाससएहिं सम्मं, पंचहिं वासेहिं पंचमासेहिं ।
सिद्धिगयस्स राया, "सगुत्ति" नामेण विक्खाओ ।१।
॥४९६॥

અર્થ—મહાવીર પ્રભુ મોક્ષ ગયા પછી ૬૦૫ વર્ષ અને પાંચ માસ થતાં **શક** નામે વિખ્યાત રાજા થયેલ છે.

આધુનિક લૌકિક જ્યોતિષશાસ્ત્ર શકસવંતની ગણનાથી જ ચાલે છે, પણ સામાન્ય પ્રવૃત્તિમાં વિક્રમ સવંતના વર્ષો લેવાય છે. વળી પૂર્વકાળે વર્ષ પ્રારંભ શ્રાવણ વદી એકમ (ગુજરાતી અષાડ વદી એકમ) થી થતો હતો. અત્યારે પૂર્વદેશમાં ચૈત્રશુદી એકમથી થતો મનાય છે. કેટલેક સ્થાને અસાડ શુદી બીજથી અને કેટલેક સ્થાને કાર્તિક શુદી એકમથી વર્ષ પ્રારંભ મનાય છે.

અયનાંશ લાવવાની રીતિમાં અષાઢથી પ્રારંભ થતા વિક્રમ વર્ષનો ઉપયોગ થતો સમજી શકાય છે, વળી સંવતનો પ્રારંભ તો ચૈત્ર શુદી એકમથી જ ગણાય છે.

આ સિવાય **ચંદ્રપન્નત્તિમાં** પાંચ પ્રકારનાં વર્ષો જણાવતાં ગુરૂ અને શનિની ગતિને આધારે બે જાતિનાં વર્ષો દેખાડેલાં છે. તે પૈકીના ગુરૂવર્ષનો વિષય મૌહુર્તિક ગ્રન્થોમાં ચર્ચેલ છે, જેનું સંક્ષિપ્ત કથન નીચે મુજબ છે.

નારચંદ્રમાં કહેલ છે કે—

सिंहस्थिते देवगुरौ च कन्या, विवाहिताः पच करोति भर्ता ।
विवाह-क्षौरं व्रतबन्ध-दीक्षा, यात्रा प्रतिष्ठा च विवर्जनीया ॥१॥
शोको विवाहे मरणं व्रते स्यात, क्षौरै दरिद्रं विफला च यात्रा ।
मौर्ख्यं च दीक्ष्ये विघ्नं प्रतिष्ठिते, सिंहस्थिते सर्वविवर्जनीयम् ॥२॥

रविक्षेत्रगते जीवे, जीवक्षेत्रगते रवौ।
दीक्षामुपस्थापनां वा, प्रतिष्ठां च न कारयेत् ॥३॥

અર્થ—સિંહનો ગુરૂ હોય તો પુરૂષ ઉપરા-ઉપરી પાંચ કન્યા સાથે વિવાહ કરે છે; અર્થાત્ ચાર સ્ત્રી મૃત્યુ પામે છે. માટે સિંહસ્થ ગુરૂમાં વિવાહ, મુડન, વ્રતબંધન, દીક્ષા, પ્રવાસ અને પ્રતિષ્ઠા વિગેરે કાર્યનો ત્યાગ કરવો [૧] સિંહસ્થ ગુરૂ હોય તો વિવાહમાં શોક, વ્રતમાં મૃત્યુ, મુંડનમાં દરિદ્રતા, યાત્રામાં નિષ્ફળતા, દીક્ષામાં મૂઢતા અને પ્રતિષ્ઠામાં વિઘ્ન વિગેરે ફળો મળે છે, માટે સિંહસ્થ ગુરૂમાં સર્વ કાર્યનો ત્યાગ કરવો. [૨] રવિના ક્ષેત્ર સિંહ રાશિમાં ગુરૂ હોય અને ગુરૂનાં ક્ષેત્ર ધન તથા મીન રાશિમાં રવિ હોય ત્યારે દીક્ષા ઉપસ્થાપના (વડી દીક્ષા) તથા પ્રતિષ્ઠા કરાવવી નહિં. તેમજ સિંહસ્થ ગુરૂમાં ઉજમણું, નવું વ્રતગ્રહણ વિગેરે વર્જવા. [૩] સપ્તર્ષિ કહે છે કે—સિંહસ્થ ગુરૂ હોય ત્યારે વિવાહ કરવો નહિ, પણ ગંગાની ઉત્તર તરફ અને ગોદાવરીના મધ્ય પ્રદેશમાંજ સિંહસ્થ ગુરૂ ત્યજવો.

શૌનક વિગેરે કહે છે કે-સિંહસ્થ ગુરૂ મઘા નક્ષત્રમાં હોય ત્યાં સુધીજ અશુભ છે. પારાશર કહે છે કે—સિંહસ્થ ગુરૂ સિંહ રાશિના પ્રથમ પાંચ નવાંશ ભોગવે ત્યાં સુધીજ અશુભ છે, અને ત્યાર પછી શુભ છે. મુહુર્તચિંતામણિકાર તો કહે છે કે—સિંહસ્થ ગુરૂ હોય તો પાંચમો સિંહનવમાંશજ સર્વથા ઇષ્ટ છે, માટે તેનો ત્યાગ કરી દીક્ષા, પ્રતિષ્ઠા વિવાહ આદિનું મુહુર્ત લેવું.

મેષમાં જ્યારે ગુરૂ હોય ત્યારે સિંહસ્થ ગુરૂનો દોષ હણાય છે, મુહૂર્ત ચિંતામણિમાં પણ આ સ્પષ્ટ વિધાન છે. કેટલાક આચાર્યો સિંહસ્થ ગુરૂની નિર્દોષતા માટે કહે છે કે—

सिंहट्ठिअ जइ जीवो, मंहभुतं होइ अह रवि मेसे।
तो कुणइ निव्विसंकं, पाणिग्गणाइ कल्लाणं ॥१॥

અર્થ—સિંહસ્થિત ગુરૂ જો મઘા નક્ષત્ર ભોગવી લ્યે, અથવા મેષ રાશિમાં રવિ હોય, તો નિઃશંકપણે પાણિગ્રહણ વિગેરે કલ્યાણ-માંગલિક કાર્ય કરવા ॥ ૧ ॥

નીચ રાશિનો ગુરૂ પણ શુભ કાર્યમાં વર્જેલ છે, તે વિષે વિવાહ પટલમાં કહ્યુ છે કે-

वाक्पतौ मकरराशिमुपेते, पाणिपीडन विधिर्न विधेयः।
तत्र दूषण मुशन्ति मुनीन्द्राः केवलं परमनीचनवांशे ॥१॥

અર્થ—ગુરૂ મકરરાશિમાં આવે ત્યારે વિવાહ કરવો નહિ. પરંતુ કેટલાક મુનિઓ મકરના નીચ નવાંશમાંજ દોષ માને છે.

લોકશ્રી વિગેરે ગ્રન્થનાં આધારે પાંચ ત્રિશાંશો પરમ નીચ અંશો છે, તેથી કેટલેક સ્થાને પાંચ નીચાંશો ત્યાજ્ય કહ્યા છે બૃહજ્જાતક નારચંદ્ર વિગેરેમાં મકરના પાંચમાં ત્રિશાંશને પરમ નીચ કહેલ છે, તેથી મકરના પાંચમાં ત્રિશાંશે રહેલ ગુરૂ સર્વથા વર્જ્ય છે; પરંતુ અહીં તો જ્યોતિષ શાસ્ત્રના નેતાઓ પાંચે ત્રિશાંશોને સર્વથા શ્રેષ્ટ માને છે.

વળી **લુપ્તસંવત્સર** દોષ આ પ્રકારે થાય છે–કુંભ મીન મેષ કે વૃષ રાશિમાંથી કોઈ પણ રાશિને ગુરૂ ભોગવતો હોય, તે રાશિમાંથી અતિચારી થઈ શીઘ્ર ગતિ કરે અને પીસ્તાલીશ દિવસના અતિચાર પછી માર્ગી થાય ત્યાર પછી કેટલેક દિવસે વક્રી થતાં વામગતિ કરે; ત્યારે તે જો પૂર્વે ભોગવેલ રાશિમાં ન આવે તો તે વર્ષ લુપ્તસંવત્સર થાય છે. *મુહૂર્ત ચિંતામણિમાં કહ્યું છે કે–ગુરૂ તે ચારજ રાશિમાં અતિચાર કરે તો લુપ્તસંવત્સરનો દોષ નથી. તથા આ દોષ ખાસ કરીને રેવા અને ગંગાના મધ્યપ્રદેશમાં વર્જ્ય છે. વળી આરંભસિદ્ધિની ટીકામા દૂષણરૂપ લોપગત નામે દોષ આ પ્રમાણે થાય છે.

अभिजिद्–वारुणाऽऽदित्य-रेवती संगते सति ।
तदा लोपगते जीवे, विवाहादि विवर्जयेत् ॥१॥

અર્થ—અભિજિત્ શતભીષા પુનર્વસુ અને રેવતી નક્ષત્રમાં જોડાયેલો ગુરૂ લોપગત કહેવાય છે, તે વખતે વિવાહ વિગેરે શુભ કાર્ય કરવાં નહિ.

આ પ્રમાણે **ગુરૂવર્ષનું** વિધાન અન્ય ગ્રન્થોમાં વિસ્તારથી વર્ણવેલ છે. સૂર્ય એક રાશિમાં ભ્રમણ કરતાં જેટલો કાળ કાઢે તે એક સૌરમાસ કહેવાય છે. એમ બાર રાશિમાં ભ્રમણથી **સૌરવર્ષ** થાય છે અને સાઠ સૂર્યમાસનો એક પાંચ વર્ષવાળો **યુગ થાય** છે.

શુદિ એકમથી અમાવાસ્યા પર્યંતના દિવસોથી કાર્તિક ચૈત્ર વિગેરે ચાન્દ્રમાસો થાય છે. અને તે બાર માસનું એક **ચાન્દ્રવર્ષ** તથા બાસઠ ચાન્દ્રમાસનો એક યુગ થાય છે.

ચન્દ્રને ભોગવ્યા પછી તે નક્ષત્ર ફરીવાર ચંદ્રના ભોગમાં આવે તે દરમ્યાન ગયેલા દિવસો **નક્ષત્રમાસ** કહેવાય છે. આવા સડસઠ નક્ષત્રમાસનો એક **યુગ** થાય છે.

મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન એમ સૂર્યની બાર સક્રાંતિના બાર **સૂર્યમાસો** છે. ચૈત્ર, વૈશાખ, જેઠ, અસાઢ,, શ્રાવણ ભાદરવો, આસો. કાર્તિક

***गोऽजान्त्यकुम्भे तरलेऽतिचारगे, नो पूर्वराशिं गुरुरेति वक्रितः ।**
तदा विलुप्ताब्द इहातिनिंदितः शुभेषु रेवासुरनिम्नगान्तरे ॥१॥

માગશર પોષ મહા અને ફાગણ, એ બાર **ચંદ્રમાસો** છે. આ બારે સંક્રાંતિ અને બારે માસો ઘણું કરીને સાથેજ હોય છે. એટલે–મેષ સંક્રાંતિ અને ચૈત્ર સાથે હોય છે, અને તેજ ક્રમથી મીન અને ફાગણ સાથે હોય છે. (અહીં વદિ ૧ થી શુદિ પૂર્ણિમાં સુધીના ચંદ્રમાસ લેવા.) વળી ચૈત્રાદિ દરેક માસની પુનમે સાંજે સંધ્યાકાળે ઘણું કરીને તેના નામવાળા ચિત્રા વિશાખા જયેષ્ઠા વિગેરે નક્ષત્રોનો ઉદય થાય છે. દિનશુદ્ધિમાં નક્ષત્રમાસની અને લગ્નશુદ્ધિમાં સૌરમાસની બહુ આવશ્યકતા રહેલી છે.

વૃષ આદિ બબ્બે સૌરમાસમાં યાને વૈશાખ વિગેરે બબ્બે ચંદ્રમાસમાં એકેક ઋતુ બદલાય છે. આ ઋતુ છ છે, તેના નામ નીચે મુજબ છે.

ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હેમંત, શિશિર અને વસંત.

વળી સૂર્ય કર્કાદિ છ રાશિમાં હોય ત્યારે દક્ષિણ તરફના માંડલામાં ફરે છે, તેથી તે ભ્રમણ **દક્ષિણાયન** કહેવાય છે. આ દક્ષિણાયન શુભ કાર્યમાં વર્જ્ય છે. સૂર્ય ધનમાંથી નીકળી મકર આદિ છ રાશિમાં ભ્રમણ કરે ત્યારે **ઉ-તરાયન** કહેવાય છે, જેમાં દરેક શુભકાર્યો કરી શકાય છે.

હવે કયા કયા માસો શુભ છે, તે શ્રી હરિભદ્રસૂરિ કહે છે–

"मिगसिराइ मासट्ठ, चित्त पोसाहिए वि मुत्तु सुहा ।"

અર્થ—"ચૈત્ર, પોષ અને અધિક માસ વર્જીને માગશર વિગેરે આઠ માસ શુભ છે." ઉદયપ્રભસૂરિ કહે છે કે—

"रवौ मकरकुम्भस्थे, मेषादि त्रयगेऽपि च,"

અર્થ—સૂર્ય જ્યારે મકર કુંભ મેષ વૃષ અને મિથુનનો હોય ત્યારે વિવાહ દીક્ષા કે પ્રતિષ્ઠાનું મુહૂર્ત લેવું શુભ છે." તેમજ—

"माघ–फाल्गुनयो राध–ज्येष्ठयोश्चाऽपि मासयोः ।"

અર્થ—મહા ફાગણ વૈશાખ અને જેઠમાં લગ્ન શુભ છે." તથા કેટલાક હીન જાતિના લગ્ન માટે કાર્તિક અને માગશર માસ પણ સારા છે. તે માટે વ્યવહાર પ્રકાશમાં કહ્યું છે કે— દેવ ઉઠી અગીયારશ પછી ગુરૂ રવિ શુદ્ધ હોય, અને ક્રુર ગ્રહ રહિત નક્ષત્રમાં ચંદ્ર બળવાન્ હોય તો શુભ કાર્ય થઇ શકે છે. આવીજ રીતે અષાડ શુદિ દશમ સુધીનો પ્રથમ ત્રિજો ભાગ મિથુન સંક્રાંતિવાળો હોય તો તે શુભ છે, એમ ત્રિવિક્રમ કહે છે.

વળી જેઠ માસ શુભ કહેલ છે, છતાં તેને માટે વિશેષ એટલું છે કે—વર અને કન્યા બન્ને પોતાના ભાંડુંમાં (ભાઈ-બેનમાં) મોટા હોય તો તેનો જેઠમાસમાં વિવાહ કરવો નહિં. પણ વર-કન્યામાંથી જો એક જ્યેષ્ઠ હોય તો જેઠ માસ અશુભ નથી. આવીજ રીતે બીજા કાર્યોને આશ્રીને હર્ષ પ્રકાશમાં કહ્યું છે કે—

"सुहकज्जे वज्जे, सव्वेहिंपि जिट्ठस्स जिट्ठं ति ।"

અર્થ—"સર્વ શુભ કાર્યમાં જ્યેષ્ઠ (મોટા પુત્ર-પુત્રી) અપત્યને જેઠ માસ વર્જવો જોઇએ."

હરિભદ્રસૂરિએ માગશર આદિ આઠ માસ કહેવાથી ચોમાસામાં શુભ કાર્યોનો નિષેધ કર્યો છે, તેમજ નામગ્રહણ પૂર્વક પોષ અને ચૈત્ર માસનો નિષેધ કર્યો છે. જો કે-રત્નમાલાના ભાષ્યમાં તથા બીજા કોઈ ગ્રન્થમાં તે માસના એકેક પક્ષ શુભ હોવાનું સૂચવ્યું છે. પરંતુ શ્રીપતિ દવજ્ઞ વલ્લભ વિગેરે પંડિતો તો ઉત્તરાયણ હોવા છતાં પોષ અને ચૈત્ર માસ શુભ હોવાનો સર્વથા ઇનિકાર કરે છે.

આવીજ રીતે ધનાર્ક અને મીનાર્ક પણ શુભ કાર્યમાં વર્જ્ય કહેલાં છે. વિદ્યાધરી વિલાસમાં આ પોષ ચૈત્ર ધન અને મીનનો અપવાદ આ પ્રકારે છે—

"झषो न निन्द्यो यदि फाल्गुने स्यात, अजस्तु वैशाखगतो न निन्द्यः ।
मध्वाश्रितौ द्वावपि वर्जनीयौ, मृगस्तु पोषेऽपि गतो न निन्द्यः" ॥१॥

અર્થ—"ફાગનમાં મીનનો સૂર્ય હોય, વૈશાખમાં મેષનો સૂર્ય હોય, અને પોષમાં મકરનો સૂર્ય હોય, તો તે નિન્ધ નથી-શુભ છે. માત્ર ચૈત્ર માસમાં મીન કે મેષ સંક્રાન્તિ હોય તો તે સર્વથા ત્યાગ કરવા. આ ઉપરથી ધનાર્ક અને ચૈત્રમાસ સર્વથા અશુભ હોવાનું સમજી શકાય છે. કેટલાક પંડિતો આ શ્લોકના બીજા અને ત્રીજા ચરણનો ફેરફાર કરી એવું જણાવે છે કે-ચૈત્રમાસમાં મેષનો સૂર્ય પણ નિંદ્ય નથી.

અધિક માસ પણ શુભકાર્યમાં નિષેધેલ છે, આથી ક્ષય માસનો પણ નિષેધ સમજી લેવાનો છે. કહ્યુ છે કે—

"यस्मिन्मासे न संक्रान्तिः संक्रान्ति द्वयमेव च ।
मलमासः स विज्ञेयः, सर्वकार्येषु-वर्जितः ॥१॥

અર્થ—"જે માસમાં સૂર્યસંક્રાંતિ થઇ ન હોય, અથવા બે વાર સૂર્યસંક્રાન્તિ થઈ હોય

તે સર્વકાર્યમાં વર્જવા લાયક મલમાસ કહેવાય છે." આ બન્ને પ્રકારના મલમાસને કાલનિર્ણય ગ્રન્થમાં વિશેષ સ્પષ્ટ કરે છે—

असंक्रान्तिमासोऽधिमासः स्फुटं स्यात, द्विसंक्रान्तिमासः क्षयाख्यः कदाचित् ।
क्षयः कार्तिकादित्रये नाऽन्यतः स्यात्, ततो वर्षमध्येऽधिमास द्वयं स्यात् ॥१॥

અર્થ—"જે માસમાં સૂર્યસંક્રાન્તિ ન હોય તે અધિક માસ કહેવાય છે, અને એક માસમાં બે સંક્રાન્તિ હોય તો એક ક્ષયમાસ કયારેકજ આવે છે. અને ત્યારે કાર્તિકાદિ ત્રણ માસ પૈકીનો માસજ ક્ષય પામે છે. વળી જે વર્ષમાં એક માસનો ક્ષય થાય તેજ વર્ષમાં બીજા બે માસો વધે છે." જેમ સૂર્યને સ્પર્શનારી તિથિ પ્રમાણ છે; તેમજ સંક્રાન્તિવાળો માસજ પ્રમાણ છે. હવે ધારો કે-વૈશાખ વદિ ૦)) ના દિવસે સુર્યસંક્રાન્તિ થઈ હોય, અને ત્યારપછી એક માસ ઓળંઘી ત્રીજા માસમાં શુદિ એકમને દિનેજ સૂર્યસંક્રાન્તિ થાય તો વચલો સંક્રાન્તિ વગરનો માસ અધિકમાસ કહેવાય છે. તે અધિક માસ શુભકાર્યમાં વર્જ્ય છે. વળી એકજ માસમાં શુદિ એકમ અને વદિ અમાસના મધ્યમાં બે સંક્રાન્તિ થાય, તો કાર્તિક–માગશર કે પોષ માસનો ક્ષય થાય છે; એટલે આવા સંયોગો તે ત્રણ માસમાંજ થાય છે, અને તે ક્ષયમાસનો ભોગ પૂર્વ માસમાં થાય છે, એટલે તે શુભકાર્યમાં વર્જ્ય છે. પરંતુ આ ક્ષય માસવાળા વર્ષમાં બે અધિકમાસ ચોકકસ આવે છે. તેમાં કયો માસ વૃદ્ધિમાસ ગણવો? તે માટે કાલનિર્ણય ગ્રન્થના આધારે આટલું વિશેષ છે :-

"मासद्वयेऽब्दमध्ये तु, संक्रान्ति र्न यदा भवेत् ।
प्राकृतस्तत्र पूर्वः स्यात्, अधिमासस्तथोत्तरः ॥१॥

અર્થ—"એક વર્ષમાં (ક્ષય માસ થવાથી) જુદા જુદા બે માસમાં સંક્રાન્તિ થતી નથી, એટલે બે વૃદ્ધિ માસ બને છે ત્યારે પ્રથમ બેવડાયેલો માસ પ્રાકૃત–શુભકાર્ય કરવા યોગ્ય મનાય છે, અને બીજો બેવડાયેલ માસ અધિકમાસ ગણાય છે.

પ્રાચીન આર્ય જ્યોતિષના અનુસારે વીશ વર્ષમાં આઠ અધિકમાસ આવતા હતા, અને તેમાં પોષ તથા અસાડની વૃદ્ધિ થતી હતી. પણ આધુનિક ગણિત પ્રમાણે ઓગણીશ વર્ષમાં આઠ અધિકમાસ આવે છે, અને મહા તથા ફાગણ વિના દરેક માસ વધે છે. પંન્યાસ નેમકુશલ ગણિ કહે છે કે— "માઘ ફાગણ ત્રુટે નહિ, વધે નહિં કોઇ કાળ; ॥૧૫॥

એકસો અઠયાશી વર્ષમેં, બૌંતેર અધિકા માસ;
ક્ષય માસ દો દાખીયા, **નેમકુશલ** પંન્યાસ. ॥ ૧૬ ॥

અધિક માસ લાવવાનું કરણગણિત આ પ્રમાણે છે—

વર્તમાન શક વર્તમાન ૯૨૫ બાદ કરી બાકી રહેલા આંકને ૧૯ થી ભાગ દેવો, અને જે શેષ રહે તે ઉપરથી માસનો આંક શોધવો બીજી રીત એવી છે કે–વિક્રમ સંવત્‌માં ૪ મેળવી ૧૯ થી ભાગ દેવો, અને શેષ રહેલ આંક ઉપરથી અધિક માસ શોધવો. શેષ રહેલ આંકોમાં ૦ આવે તો જેઠ, ૨ વધે તો આસો (કાર્તિક), ૫ વધે તો શ્રાવણ, ૮ શેષે જેઠ, ૧૧ વધે તો વૈશાખ, ૧૩ આવે તો ભાદરવો, અને ૧૬ શેષ રહે તો અસાડ માસની વૃદ્ધિ થશે એમ જાણવું. જેમકે–શાકે ૧૮૪૫માં કયો માસ વધે છે? તે જાણવું હોય તો, શકમાંથી ૯૨૫ બાદ કરતાં ૯૨૦ રહે છે, તેને ૧૯ થી ભાગતાં ભાગમાં ૪૮ અને શેષમાં ૮ આવે છે. આ રીતે ૮ શેષ રહે તો જેઠ માસ વધે એમ નક્કી છે, તેથી શાકે ૧૮૪૫માં જેઠ માસ વધે છે. ચૈત્રથી આરંભ થતા વિક્રમ સંવત ૧૯૮૦ માં પણ ૪ મેળવી ૧૯ થી ભાગતાં શેષ ૮ વધે છે. તે દિવસની પંચાગશુદ્ધિ તપાસીયે તો પણ આ સ્થૂલ રીતિ પ્રમાણે જેઠ માસની વૃદ્ધિ થયેલ છે; કેમકે–વૈશાખ વદિ ૧૪ દિને વૃષનો રવિ થયો હતો, એટલે પ્રથમ જેઠ શુદિ એકમ અને બુધવારે વૃષનો સૂર્ય હતો ત્યાર પછી પ્રથમ જેઠ વદિ અમાસ દિને મિથુનમાં સૂર્ય સંક્રમણ થયું હતું, જેથી દ્વિતીય જેઠ શુદિ એકમ અને શુક્રવારે મિથુનનો સૂર્ય હતો, પછી તે માસમાં સૂર્ય સંક્રાંતિ થઈ નહિ. અશાડ શુદિ એકમ અને શનિવારે પણ મિથુનના ૨૭ મા અંશે સુર્યની સ્થિતિ હતી તથા અસાડ શુદિ ત્રીજ અને સોમવારે કર્કમાં સૂર્ય પ્રવેશેલ છે, તેથી આ રીતે બે જેઠ થયા હતા. આવીજ રીતે દર ત્રીજે વરસે ગયેલા અધિક માસથી બત્રીશ માસ, સોળ દિવસ અને ચાર ઘડી જતા નવો **અધિકમાસ** આવે છે.

આ અધિક માસની પેઠે ક્ષયમાસ બહુ વાર આવતો નથી, તે તો કયારેકજ આવે છે. ૧૮૮ વર્ષમાં અધિક માસ ૭૨ આવે છે, ત્યારે ક્ષય માસ બે આવે છે. અને તેમાં પણ એવી રીત છે કે–એક ક્ષય માસ આવ્યા પછી ૧૪૧ વર્ષ જતાં નવો ક્ષય માસ આવે છે. અને વળી ૧૯ વર્ષે બીજો ક્ષયમાસ આવે છે. આ રીતે વિક્રમ સંવત ૧૮૯૮માં ક્ષયમાસ હતો, અને હવે સંવત ૨૦૪૦ માં ક્ષયમાસ આવી ગયો. આ અધિકમાસ અને ક્ષયમાસમાં શુભ કાર્ય વર્જવા જોઇએ. નરચંદ્રસૂરિ માસશુદ્ધિમાં કહે છે કે—

> **"हरिशयनेऽधिकमासे, गुरुशुक्रास्ते न लग्नमन्वेष्यम् ।**
> **लग्नेशांशाधिपतयो, नीचाऽस्तगमे च न शुभं स्यात" ॥१॥**

અર્થ—"હરિશયન (ચોમાસા) માં, અધિક માસમાં ગુરૂ અને શુક્રના અસ્ત કાળમાં તથા લગ્નાધિપતિ કે નવાંશ પતિ નીચ સ્થાનમાં હોય અથવા અસ્ત પામ્યા હોય ત્યારે લગ્ન લેવું નહિ; કેમકે તેમાં કાર્ય કરવાથી શુભ થતું નથી. અશુભ થાય છે.

દરેક કાર્તિકાદી બાર માસમાં ચંદ્રની ગતિથી શુકલ અને કૃષ્ણ એમ બબ્બે પક્ષ હોય

છે, અને એકેક પક્ષમાં પંદર પંદર તિથિઓનો સમાવેશ થાય છે.

શ્રી રત્નશેખરસૂરીશ્વર વર્ષ અને માસની શુદ્ધિ જોવાનું ગૌણ રાખી તિથિશુદ્ધિ કહે છે–

नंदा भद्दा य जया, रित्ता पुणा य तिहि सनामफला ।
पडिवइ छट्ठि इगारसि, पमुहा उ कमेण नायव्वा ॥८॥

અર્થ—નંદા, ભદ્રા, જયા, રિક્તા, અને પૂર્ણા, એમ ક્રમે પોતાના નામ સદૃશ ફળ આપનારી તિથિઓ છે, અને તે અનુક્રમે એકમ છઠ અને અગીયારશથી પ્રારંભીને જાણવી ॥ ૮ ॥

વિવેચન—એકેક પક્ષની અંદર તિથિઓના નંદા, ભદ્રા, જયા, રિક્તા અને પૂર્ણા એ મુખ્ય પાંચ નામો છે, અને તે નામોમાં એકમથી પ્રારંભીને પાંચ તિથિઓનો સમાવેશ થાય છે. એટલે પંદર તિથિઓના વારાફરતી તે તે પાંચ નામો આવે છે. સામાન્ય રીતે આ તિથિઓમાં શું કાર્ય કરવું હિતકર છે, તેનો ખુલાસો પણ નંદા વિગેરે તિથિઓના નામ ઉપરથી મળે છે. અર્થાત્ નંદા વિગેરે પાંચ નામો પણ યથાર્થ છે. આ કથનનું તારણ આ પ્રમાણે છે.—એકમ છઠ અને અગીયારશ, આ ત્રણ તિથિઓ **નંદા** છે, અને તેમાં આનંદના–ઉત્સવ ચિત્ર વાસ્તુ નૃત્ય વિગેરે કાર્યો કરાય છે. બીજ, સાતમ અને બારશ, આ ત્રણ તિથિઓ **ભદ્રા** છે, તેમાં વિવાહ પ્રયાણ શાંતિક પૌષ્ટિક વિગેરે ભદ્રિક કામો કરાય છે. ત્રીજ, આઠમ અને તેરશ, આ ત્રણ તિથિઓ **જયા** છે, તેમાં વાદ યુદ્ધ વિગેરે જય ફળવાળા કાર્યો કરાય છે. ચોથ, નોમ અને ચૌદશ, આ ત્રણ તિથિઓ **રિક્તા** છે, તેમાં વધ બંધ અગ્નિ વિષ વિગેરે કાર્યો કરાય છે. પાંચમ, દશમ અને પુનમ, આ ત્રણ તિથિઓ **પૂર્ણા** છે, તેમાં દીક્ષા યાત્રા વિવાહ વિગેરે શુભ કાર્યો કરાય છે. આ તિથિઓના ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ ભાગ પડે છે. શ્રી ઉદય પ્રભ સૂરિ કહે છે કે—

"हीना मध्योत्तमा शुक्ला, कृष्णा तु व्यत्यया तिथिः"

અર્થ—શુક્લ પક્ષની નંદા વિગેરે નામવાળી પાંચ પાંચ તિથિઓ અનુક્રમે હીન; મધ્યમ અને ઉત્તમ છે, અને કૃષ્ણ પક્ષમાં તેથી ઉલટી રીતિ છે; એટલે ઉત્ક્રમે–ઉત્તમ, મધ્યમ અને હીન છે. આ સિવાય માસના ત્રણ ભાગ પાડીને તેના દસ દસ દિવસો ઉત્તમ, મધ્યમ અને હીન હોવાનું કેટલાક આચાર્યો કહે છે. કેટલાએક તો બન્ને પક્ષની બે આઠમથી ઉત્તમ અને અધમ દિવસો સૂચવે છે, જ્યારે ક્યાંક માત્ર વદિ દશમથી સાત દિવસો અધમ જણાવ્યા છે. અને સૂક્ષ્મ દૃષ્ટિએ તો વદિ ચૌદશથી એકમ સુધીના ત્રણ દિવસો સર્વથા વર્જ્ય છે.

હવે વર્જ્ય તિથિઓ કહે છે—

छट्ठी रित्तट्ठमी बारसी अ अमावसा गयतिही उ ।
वुड्ढि तिहिकूरदड्ढा, वज्जिज्ज सुहेसु कम्मेसु ॥९॥

અર્થ—છઠ્ઠ, રિક્તા,* આઠમ, બારશ, અમાસ, ક્ષય તિથિ, વૃદ્ધિ તિથિ, ક્રૂર તિથિ અને દગ્ધ તિથિ, આ તિથિઓ શુભ કાર્યમાં વર્જવી.

વિવેચન—છઠ્ઠ ચોથ નોમ ચૌદશ આઠમ બારશ અને અમાસ, આ તિથિઓમાં શુભ કાર્ય કરવાથી તે કાર્ય સિદ્ધ થતું નથી. શુકલ કે કૃષ્ણ, એમ ગમે તે પક્ષની આ તિથિઓ શુભકાર્યમાં વર્જ્ય છે. ઉદયપ્રભસૂરી નવમીને કોઈક શુભ કાર્યમાં સ્વીકારવાનું કરે છે. પણ તે દિવસે પ્રયાણ કે પ્રવેશ કરવાનો સર્વથા નિષેધ કહે છે, કેટલાકના મતે છઠ્ઠ અને બારશ ધ્રુવ કાર્યમાં શુભ કહેલી છે, પણ પ્રવાસમાં સર્વથા વર્જેલ છે લલ્લ–ચૌદશના દિવસે યાત્રાને વર્જ્ય કહે છે. આ દરેક તિથિઓ **પક્ષછિદ્ર** કહેવાય છે. તે શુભ કાર્યમાં વર્જ્ય હોવાથી અશુભ કાર્યમાં વિશેષ સિદ્ધિકર પણ મનાય છે. અર્થાત્ શુભ તિથિઓ શુભકાર્યમાં સારી છે, તેમ અશુભ તિથિઓ અમુક શુભમાં (બીજી વાર ન કરવા પડે તેવા સ્થિરમાં) તથા અશુભ કાર્યમાં સારી છે. લલ્લ કહે છે કે—

"स्युर्यन्त्र मन्त्र रक्षा दीक्षा–क्षुद्रेषु कर्मसु स्नाने ॥
रिक्ता दर्शाष्टम्यः शस्ताः"

અર્થ—"યંત્ર, મંત્ર, રક્ષા, દીક્ષા, ક્ષુદ્ર કાર્યો અને સ્નાનમાં રિક્તાતિથિ, અમાવાસ્યા અને આઠમ શુભ છે." મુહૂર્ત ચિંતામણિકાર દરેક તિથિઓની અમુક ચાર ઘડીઓને વર્જ્ય કહે છે.—

"तिथीं-षु–नागा-ऽद्रि-गिरी–षु–वारिधि-
गजा–ऽद्रि–दिक्–पावक–विश्व–वासवाः ॥
मुनी-भसंख्या प्रथमातिथेः क्रमात्,
परं विषं स्याद् घटिका चतुष्टयम् ॥१॥

અર્થ—"શુકલપક્ષ કે કૃષ્ણપક્ષની સાઠ ઘડી પ્રમાણવાળી પ્રતિપદાથી દરેક તિથિઓની અનુક્રમે ૧૫–૫–૮–૭–૭–૫–૪–૮–૭–૧૦–૩–૧૩–૧૪–૭–૮ ઘડી પછી ચાર ચાર **વિષઘટિકાઓ** છે ॥૧॥ વળી તેજ ગ્રન્થમાં **પક્ષછિદ્ર** તિથિઓ માટે આ વિશેષ છે–ચોથની આઠ ઘડી,

* ચોથ, નોમ અને ચૌદશ

છઠ્ઠની નવ ઘડી, આઠમની ચૌદ ઘડી, નોમની પચ્ચીશ ઘડી, બારશની દશ ઘડી, અને ચૌદશની દશ ઘડી અશુભ છે; અને તેટલી ઘડીઓ ભોગવ્યા પછીની તેજ છિદ્રતિથિઓ પણ શુભ છે. આ વર્જ્ય ઘડીઓ ૬૦ ઘડી પ્રમાણવાળી તિથિની છે, પણ તિથિમાનમાં અમુક ઘડીઓની વૃદ્ધિ હાનિ થતાં તિથિમાં જેટલી વૃદ્ધિ હાનિની ઘટિકા હોય છે તેટલા પળની વૃદ્ધિ હાનિવાળી જ આ ઘડીઓ લેવાય છે. તથા ક્ષયતિથિ અને વૃદ્ધિતિથિ પણ શુભ કાર્યમાં વર્જ્ય છે.

સૂર્યોદય થાય ત્યારે જે તિથિ હોય તે તિથિ પ્રમાણ છે, અને તેજ તિથિ બે સૂર્યોદયને જુવે તો **વૃદ્ધિતિથિ** કહેવાય છે, તેમાં પહેલી વૃદ્ધિતિથિ અને બીજી પ્રકૃતતિથિ છે. વળી જે તિથિ * સૂર્યોદયને ન જુવે તે પૂર્વની તિથિમાં લય પામવાથી **ક્ષયતિથિ** કહેવાય છે. અથવા જે તિથિ ત્રણ વારને સ્પર્શ કરે તે **વૃદ્ધિ** કે **ફાલ્ગુતિથિ** કહેવાય છે. અને જે ત્રણ તિથિઓ એક વારમાં આવે તે પૈકીની વચલી **ક્ષયતિથિ** કહેવાય છે. આ બન્ને તિથિઓની દરેક ઘડીઓ શુભકાર્યમાં ત્યાજ્ય છે. જેમકે શુદિ બીજ અને સોમવાર હોય, પછી સોમવારની રાત્રિના અંતભાગની ૪૫ પલ બાકી રહેતાં ત્રીજનો પ્રારંભ થાય અને મંગળવાર પૂર્ણ થતાં સુધી ત્રીજ રહે, તેમજ બુધવારના સવારે ઘડી એક ૧ પછી ચોથ બેસે, તો અહીં સોમ, મંગળ અને બુધ એમ ત્રણ વારને સ્પર્શનારી ત્રીજ વૃદ્ધિતિથિ કહેવાય છે. વળી તે મંગળવાર અને બુધવાર એમ બે વારના સૂર્યોદયને જુવે છે, તો મંગળવારે ત્રીજ વૃદ્ધિરૂપે તથા બુધવારે ત્રીજ સ્વાભાવિકરૂપે મનાય છે. એટલે સોમવારની રાત્રિથી બુધવારના સવાર સુધીની ત્રીજની ૬૧ા। શુભ કાર્યમાં વર્જ્ય છે, પણ બુધવારે ૧ ઘડી પછી વૃદ્ધિતિથિનો દોષ નાબુદ થાય છે. આજ રીતે સોમવારે સવાર ઘડી એક આઠમ હોય, અને પછી નોમનો પ્રારંભ થાય છે. છેવટે સોમવારની રાત્રિના અંતમાં ઘડી ૦ાા બાકી રહેતાં દશમનો પ્રારંભ થાય, તો અહીં આઠમ નોમ અને દશમ એમ ત્રણ તિથિઓ સોમવારે આવે છે, તે પૈકીની વચલી નોમ છે. તે સૂર્યોદય થયા પછી શરૂ થઈ અને બીજા સૂર્યોદય પહેલાં પૂર્ણ થઈ જાય છે, તેથી નોમ ક્ષયતિથિ છે; અને સોમવારે નોમની ઘડી ૫૮ાા શુભકાર્યમાં વર્જ્ય છે.

આ ક્ષયતિથિમાં કાર્યનો ક્ષય થાય છે, અને વૃદ્ધિતિથિમાં કાર્ય કરવાથી ઉત્પાત થાય છે, માટે ક્ષયતિથિ અને વૃદ્ધિતિથિનો શુભકાર્યમાં સર્વથા ત્યાગ કરવો હિતાવહ છે, સારંગમાં કહે છે કે—

"यथाऽग्निरम्बुना लग्नं, तथा वृद्धि–क्षये तिथेः ।"

અર્થ—"જેમ જળ વડે અગ્નિ નાશ પામે છે તેમ તિથિનો વૃદ્ધિ–ક્ષય હોતા લગ્ન નાશ પામે છે." વળી કુરતિથી તથા દગ્ધતિથિ પણ વર્જવા લાયક છે. આ બન્ને તિથિનું લક્ષણ

---

* સૂર્યોદય પછી પળ ૩૭થી અધિક પ્રમાણવાળાં તિથિ અને નક્ષત્ર પ્રમાણ છે, એમ ઉમાસ્વાતિ મહારાજનું કથન હોવાનું સાંભળ્યું છે.

ગ્રન્થકારેજ નીચેની ગાથાઓમાં આપીને સ્પષ્ટ કરેલ છે. આ સિવાય બીજા પણ કેટલાક દિવસના દોષો ત્યાગ કરવા, તે માટે નરચંદ્રસૂરિ કહે છે કે—

"त्यज संक्रमवासरं पुनः, सह पूर्वेण च पश्चिमेन च ।"

એટલે—"સંક્રાન્તિનો દીવસ, તેની પહેલાનો દિવસ અને પછીનો દિવસ, એમ **ત્રણ દિવસ** ત્યાજ્ય છે." પણ ઘણા આચાર્યોનો એવો મત છે કે—અત્યંત આવશ્યક કાર્ય હોય, અને ત્રણ દિવસનો ત્યાગ ન થઈ શકે તેમ હોય, તો સંક્રાંતિના સમયથી પહેલી અને પછીની **સોળ સોળ ઘડીઓ** વર્જવી.

સૂર્યચંદ્રનું* ગ્રહણ થાય તો ગ્રહણનો દિન, તે પહેલાનો એક દિન, અને તે પછીના સાત દિન એમ કુલ નવદિવસ વર્જવા તેમાં આ પ્રમાણે વિશેષ છે.

"सर्वग्रस्तेषु सप्ताहं, पञ्चाहं स्याद् दलग्रहे ।
त्रिद्वयेकार्धाङ्गुलग्रासे, दिनत्रयं विवर्जयेत् ॥१॥"

અર્થ—"સૂર્ય કે ચંદ્ર આખો ઢંકાય તેવું **ખગ્રાસ** હોય તો ગ્રહણ પછીના સાત દિવસ વર્જવા, અર્ધગ્રાસમાં પાંચ દિવસ ત્યજવા, અને ત્રણ, બે, એક કે અર્ધા આંગુલના ગ્રાસમાં ત્રણ દિવસ વર્જવા" એમ અંગિરસ કહે છે. આ દિવસો **ગ્રહણદગ્ધ** કહેવાય છે.

જન્મતિથિનો ત્યાગ કરવો, અને તે તિથિથી ત્રીશ દિવસવાળો જન્મમાસ ત્યજવો. આ બાબતમાં એટલું વિશેષ છે કે જન્મકાળના દિવસ–રાત્રિ, અને શુક્લપક્ષ તથા કૃષ્ણપક્ષના વિપર્યાસથી જન્મતિથિ અને જન્મમાસનો દોષ શમે છે. એટલે માગશર શુદિ સાતમે રાત્રે જન્મ થયો હોય તો સાતમનો દિવસ પણ ક્યારેક કાર્યમા લઇ શકાય છે. એમ માસને માટે પણ યથાનુકુળ શુધ્ધિ તપાસવી. ગુરૂ અને શુક્રના અસ્ત દિવસો ત્યજવા, તથા તે બન્નેના અસ્ત પહેલાંના વૃદ્ધદશાના દિન **૧૫ અને ૫**, તથા ઉદય પછીના બાલક દશાના દિવસો **૫** અને ૩ ત્યજવા. શુક્રનો વિલોમ ઉદયાસ્ત થાય ત્યારે મૂલથી **ત્રણ ગણા** ૯ અને ૧૫ દિવસ

---

* બૃહજ્જ્યોતિષસારમાં કહ્યું છે કે—રાહુનુ વિમાન કાળાવર્ણનતું છે જે બ્રહ્માજીના વરદાનથી પર્વકાળમાં દેખાય છે, તે સિવાય દેખાતું નથી.

જે ગ્રહણ હોય તે ગ્રહણ અઢાર વર્ષને દશ કે અગ્યાર દિવસે (દિ૦ ૬૫૮૫ ક૦ ૭ મિ૦ ૧૨ થતાં) આવે છે. આ ગ્રહણની ભુલથી ચીનમાં જ્યોતિર્વિદ હિનેહાને મારી નાંખ્યો હતો. (ખગોળવિદ્યા ૧૮–૨૦)

ત્યજવા દૈવજ્ઞ વલ્લભકહે છે કે—

"राह्नो दृष्टे शुभं कर्म,वर्जयेद दिवसाष्टकम् ।
त्यचत्वा वेतालसंसिद्धि, पापदम्भमयं तथा ॥१॥"

અર્થ—"ભૂતસાધન, પાપ અને દંભ સિવાયના શુભ કાર્યો રાહૂ દર્શન પછી આઠ દિવસ કરવા નહિં." સૂર્ય-ચંદ્ર અવરાતાં રાહૂદર્શન ગ્રહણને દિવસે થતું હોવાથી આ વચનો પણ ગ્રહણને આશ્રીને કહેલ છે. કેતુના ઉદયને દિવસે પણ શુભ કાર્ય સફળ થતું નથી. (આ ૫૮) ઉદયપ્રભસૂરિ પૂર્વાહ્નને શુભ કહે છે. મધ્યાહ્ન અને મધ્યરાત્રિનો કાળ અશુભ છે. ગદાધર કહે છે કે—આ મુહૂર્તકાળના મધ્યભાગથી પહેલાની અને પછીની દસ દસ પળો વર્જ્ય છે. માતા-પિતાની મૃત્યુતિથિં, માતા રજસ્વલા હોય તેટલા દિવસો, જન્મ-મૃત્યુનાં સૂતક-દિવસો, દુશ્ચિહ્ન, અને **મનોભંગ** પણ લૌકિક, પ્રવૃતિમાં વર્જ્ય કહેલ છે, શ્રીહરિભદ્રાચાર્ય કહે છે કે—

વીશશી સદીના કેટલાએક ચંદ્ર ગ્રહણો નીચે મુજબ છે.

૧૯૭૭ આસો ૧૫ રવિ.
(તા. ૧૬-૧૦-૨૧)
૧૯૭૮ ભાદરવો, ૦)) ગુરૂ.
(તા. ૨૦-૯-૨૨)
૧૯૮૦ મહા, ૧૫, બુધ.
(તા. ૨-૨-૨૪)
૧૯૮૦ શ્રાવણ, ૧૫, ગુરૂ.
(તા. ૧૪-૮-૨૪)
૧૯૮૧ મહા, ૧૫, રવિ.
(તા. ૮-૨-૨૫)
૧૯૮૧ શ્રાવણ, ૧૫, ભોમ.
૧૯૮૨ પોષ, ૦)) ગુરૂ.
૧૯૮૪ જેઠ, ૧૫, રવિં
૧૯૮૪ આસો, ૦)), સોમ.
૧૯૮૫ ચૈત્ર, ૦)) ગુરૂ.
૧૯૮૭ ચૈત્ર, ૧૫, ગુરૂ.
૧૯૮૭ ભાદરવો, ૧૫, બુધ.
૧૯૮૮ ભાદરવો, ૧૫, બુધ.
૧૯૮૯ શ્રાવણ, ૦)), સોમ.
૧૯૯૦ મહા, ૦)), ભોમ.
૧૯૯૦ અશાડ, ૧૫, ગુરૂ.
૧૯૯૧ પોષ, ૧૫, શનિ.
૧૯૯૨ પોષ, ૧૫, બુધ.
૧૯૯૨ જેઠ, ૦)), શુક્ર.
૧૯૯૨ (૩) અશાડ, ૧૫, શનિ.
૧૯૯૫ કાર્તિક, ૧૫, સોમ.
૧૯૯૫ વૈશાખ, ૧૫, બુધ.
૧૯૯૭ કાર્તિક, ૧૫, ગુરૂ.
૧૯૯૭ ભાદરવો, ૧૫, શુક્ર.
૧૯૯૭ ભાદરવો, ૦)), રવિ.
૧૯૯૮ ફાગણ, ૧૫, સોમ
૨૦૦૦ અશાડ, ૦)), રવિ.

રાહુની પેઠે બુધ અને શુક્રના તારાઓ આડે આવવાથી પણ સૂર્ય બિંબાધિક્રમણ થાય છે, પણ તેથી દિનશુદ્ધિમાં દોષ કે સૂતક મનાતાં નથી.

"रयच्छन्नमब्भच्छन्नं, पयंडपवणं तहा समुग्घायं ।
सुरधणुपरिवेस दिसादाहाइजुअं दिणं दुट्ठम् ॥१॥

અર્થ—આકાશમાં ધુળ છવાઇ ગઇ હોય, ચારે તરફ વાદળાંનો આ ટોપ ચડયો હોય, પ્રચંડ પવન વાતો હોય, મહાન્ શબ્દો થતા હોય, આકાશમાં ઇંદ્ર–ધનુષ્ય ખેંચાયું હોય, ચંદ્ર–સૂર્યની ફરતું કુંડાળુ દેખાતું હોય તથા સર્વ દિશાઓ બળતી દેખાતી હોય; આવા સંયોગોવાળો દિવસ દુષ્ટ છે. ॥૧॥ સારંગ કહે છે કે—

"निर्घातो-ल्का–महीकम्प-ग्रहभेदादिदर्शने ।
आपञ्चवासरादूढा, नाशमाप्नोति कन्यका" ॥१॥

અર્થ—"નિર્ધાત ઉલ્કા ભુકંપ અને ગ્રહભેદ જોવામાં આવે ત્યારથી પાંચ દિવસમાં વિવાહીત થયેલ કન્યા મૃત્યુ પામે છે, એટલે અશુભ છે." ॥૧॥ આ ઉપલક્ષણથી દિકપાત, વિજળીનું પડવું, ગામનો નાશ, શીવાશબ્દ, દંડ, પરિઘ અને ધુમકેતુનું દેખાવું વિગેરે પણ અશુભ છે, તે દરેક ઉત્પાતોમાં સાત દિવસ દુષ્ટ છે એમ મુહૂર્તચિંતામણીની ટીકામાં કથન છે. ॥૯॥

હવે કુરતિથિઓ કહે છે—

मेसाइ चउसु चउरो, तिही कमेणं च पुण सव्वेसु ।
एवं परउ सकूररासि, असुहा तिही वज्जा ॥१०॥

અર્થ—**મેષાદિક ચાર રાશિમાં કુર ગ્રહ હોય તો અનુક્રમે નંદા વિગેરે ચાર તિથિઓ પૂર્ણા સહિત વર્જ્ય છે. એજ રીતે આગળ પણ બન્ને રાશિચતુષ્કમાં પૂર્ણા સહિત અનુક્રમે નંદાદિ ચાર ચાર તિથિઓ વર્જ્ય જાણવી. ॥૧૦॥**

વિવેચન—પંદર તિથિઓમાંથી પૂર્ણા બાદ કરતાં બાકી બાર તિથિ રહે છે, તે બાર રાશિના સંબધવાળી તિથિઓ છે. તથા પૂર્ણાની ત્રણ તિથિઓ અનુક્રમે મેષ, સિંહ અને ધનથી ચાર ચાર રાશિઓના સબંધવાળી છે. હરકોઈ રાશિમાં સૌમ્યગ્રહ હોય તો તેના સંબધવાળી તિથિ શુભ કહેવાય છે. અને રાશિમાં રવિ, મંગળ, શનિ તથા રાહુ પૈકીનો કુર ગ્રહ હોય તો તેના સંબધવાળી **કુરતિથિ** કહેવાય છે. આ રીતિની મૂળ શ્લોકથી એવી સ્પષ્ટતા થાય છે કે—

મેષથી સિંહથી અને ધનથી આરંભીને ત્રણ ત્રણ ચતુષ્ક કરવા. તેમાં પહેલા ચતુષ્કની અનુક્રમે પ્રતિપદા બીજ, ત્રીજ અને ચોથ તિથિઓ છે. તથા પાંચમ ચારે રાશિની તિથિ છે.

અર્થાત્–મેષ રાશિના એકમ અને પાંચમ, વૃષભની બીજ અને પાંચમ, મિથુનની ત્રીજ અને પાંચમ, એમ તિથિઓ છે. બીજા સિંહ ચતુષ્કની છઠ્ઠ, સાતમ, આઠમ અને નોમ તિથિ અનુક્રમે છે, તથા દશમ સિંહાદિ ચારે રાશિની તિથિ છે. વળી ત્રીજા ધન ચતુષ્કની તિથિઓ અનુક્રમે અગીયારશ, બારશ, તેરશ તથા ચૌદશ છે, અને પૂર્ણિમા ચારે રાશિની તિથિ છે. કોઈપણ પણ રાશિમાં ક્રુર ગ્રહ આવતાં તેની તિથિ ક્રુર થાય છે, ને તે તિથિ શુભ કામમાં વર્જવી.

કેટલાક કહે છે કે—તે રાશિના નામવાળાનેજ આ તિથિ વર્જ્ય છે; અન્ય આચાર્યો કહે છે કે—આ બાર રાશિની ક્રુર તિથિઓને માત્ર અનુક્રમે પહેલો, બીજો, ત્રીજો અને ચોથો ભાગ (૧૫ ઘડી) ત્યજવો. એટલે–મેષ, સિંહ અને ધન રાશિમાં ક્રુર ગ્રહ હોય તો ૧–૬–૧૧ અને પૂર્ણામાંથી જે ક્રુર તિથિ હોય તેની પ્રથમની પંદર ઘડી ત્યજવી, અને વૃષ, કન્યા તથા મકર રાશિમાં ૨–૭–૧૨ અને પૂર્ણાની બીજી પંદર ઘડી વર્જવી જોઇએ. ॥૧૦॥

સુર્યદગ્ધા તિથિ કહે છે—

छग चउ अट्ठमि छट्ठी, दसमट्ठमि बार दसमि बीया उ।
बारसि चउत्थि बीआ, मेसाइसु सूरदड्ढ दिणा ॥११॥

અર્થ—**મેષ વિગેરે બાર રાશિમાં સૂર્ય હોય ત્યારે અનુક્રમે ૬–૪–૮–૬–૧૦–૮–૧૨–૧૦–૨–૧૨–૪–૨ તિથિઓ સૂર્યદગ્ધા છે.**

વિવેચન—જેમ રાશિમાં ક્રુર ગ્રહ હોય તો અમુક ક્રુર તિથિઓ થાય છે, તેમ દરેક રાશિમાં સૂર્ય હોય ત્યારે અમુક અમુક તિથિઓ અશુભ થાય છે તે **સૂર્યદગ્ધા** કહેવાય છે. તે તિથિઓ સૂર્યના ચાર ઉપરથી આ પ્રમાણે છે—સૂર્ય મેષમાં હોય ત્યારે છઠ્ઠ તિથિ સૂર્યદગ્ધા છે, ત્યાર પછી અનુક્રમે વિષમરાશિની દગ્ધાતિથિના આંકમાં દશ અને સમરાશિની દગ્ધાતિથિના આંકમાં ચારની સંખ્યા મેળવી બારે ભાગવાથી પછીની દરેક રાશિની સૂર્યદગ્ધ તિથિઓ આવે છે. આ રીતે વૃષ સંક્રાન્તિમાં ચોથ, મિથુનમાં આઠમ, કર્કમાં છઠ્ઠ, સિંહમાં દશમ, કન્યામાં આઠમ, તુલામાં બારશ, વૃશ્ચિકમાં દશમ, ધનમાં બીજ, મકરમાં બારશ, કુંભમાં ચોથ, અને મીન સંક્રાન્તિમાં બીજ **દગ્ધાતિથિ** છે.

દગ્ધાતિથિ લાવવાની બીજી એવી રીતે છે કે—સૂર્ય સંક્રાન્તિની વિષમરાશિમાં પાંચ અને સમરાશિમાં બે ઉમેરી બારથી ભાગ દેવાથી શેષ દગ્ધાતિથિઓ આવે છે. જેમ કે—પહેલી મેષ રાશિમાં પાંચ ઉમેરવાથી છઠ્ઠ દગ્ધાતિથિ આવે છે. તથા સમરાશિમાં મીનની બારની સંખ્યામાં બે ઉમેરવાથી ચૌદ થાય છે, તેને બારથી ભાગવાથી શેષ રહેલ બીજ મીનસક્રાન્તિની દગ્ધાતિથિ છે. આ રીતે ચંદ્રની રાશિથી પણ **ચંદ્રદગ્ધા** તિથિઓ થાય છે. જો કે નક્ષત્ર અને

તિથિના સંયોગોમાં વિશેષ શુદ્ધિ થતી હોવાથી રાશિ અને તિથિના કુયોગનો સહેલાઈથી પરિહાર થાય છે, તો પણ ચંદ્રદગ્ધા તિથિઓની સ્થૂળ શુદ્ધિ પણ આવશ્યક છે. કેમકે આવી કેટલીક સ્થૂળ રીતિઓ પણ જ્યોતિર્વિદોને સમ્મત હોય છે, તેમજ એક રાશિમાં સવાબે નક્ષત્રનો ભોગ થતો હોવાથી રાશિઓ વડે નક્ષત્રના અમુક પાયાની શુદ્ધિ પણ જુદી પડે છે. વળી લગ્નકુંડલીમાં સૂક્ષ્મ નવાંશ બળ હોવા છતાં લગ્નબળ સામાન્ય મનાતું નથી. તથા **સિદ્ધછાયા** ધુલિલગ્ન અને અભીચ મુહુર્ત નિર્દોષ હોવા છતાં તે સિવાયની બીજી શુદ્ધિ પણ બહુશ્રુત સમ્મત હોવાથી નિષ્ફળ નથી. હર્ષ પ્રકાશમાં ચંદ્રદગ્ધા તિથિઓ આ પ્રકારે છે.

"कुंभधणे अजमिहुणे, तुलसीहे मयर मीण विसकक्के ।
विच्छियकन्नासु कमा, बीआइसमतिहिओ ससि दड्ढा" ॥१॥

અર્થ—"કુંભ અને ધનનો ચંદ્ર હોય ત્યારે બીજ, મેષ અને મિથુનના ચંદ્રમાં ચોથ, તુલા અને સિંહના ચંદ્રમાં છઠ્ઠ, મકર અને મીનના ચંદ્રમાં આઠમ, વૃષ અને કર્કમાં દશમ, કન્યા અને વૃશ્ચિકમાં બારશ તિથિ ચંદ્રદગ્ધ છે. ॥૧॥"

દગ્ધાતિથિનો જન્મેલ પ્રાયઃઅલ્પ આયુષ્યવાળો હોય છે. આ તિથિમાં હજામત, નવું વસ્ત્ર પહેરવું, ગૃહ પ્રવેશ, શસ્ત્ર ગ્રહણ, યાત્રા, ખેતી વિવાહ વિગેરે કાર્યો કરવાથી કાર્યસિદ્ધિ થતી નથી; પણ ઉલટી નુકસાની થાય છે. લલ્લ કહે છે—નક્ષત્રના જેટલા તારાઓ છે તેટલામી તિથિ તે નક્ષત્રના યોગમાં **નક્ષત્રદગ્ધ** તિથિ કહેવાય છે. વળી તે વિશેષ નિયમ જણાવે છે કે—તારાને તુલ્ય એવા વર્ષ માસ દિવસ વડે કરીને નક્ષત્રનું ફળ પરિપકવ થાય છે.

મુહૂર્ત ચિંતામણિમાં કહ્યું છે કે—આઠ વિષમતિથિઓ **કુલ્ય** છે. આઠમ, બારશ અને ચૌદશ **ઉપકુલ્ય** છે, તથા બીજ, છઠ્ઠ અને દશમ **કુલ્યોકુલ્ય** છે. આ સંજ્ઞાનું ફળ નક્ષત્રની કુલ્યોકુલ્ય સંજ્ઞાની પેઠે જાણવાનું છે, જે રાજાની યાત્રામાં વિશેષ ઉપયોગી છે. (મુ. પ્ર. ૧૧)

તિથિચક્ર.

નામ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૦))
સંજ્ઞા શુકલમાં કૃષ્ણમાં પક્ષ છિદ્ર વર્જ્યઘડી	નંદા હીન શ્રેષ્ઠ	ભદ્રા હીન શ્રેષ્ટ	જયા હીન શ્રેષ્ઠ	રિકતા હીન શ્રેષ્ઠ વર્જ્ય ૮	પૂર્ણા હીન શ્રેષ્ઠ	નંદા મધ્ય મધ્ય વર્જ્ય ૯	ભદ્રા મધ્ય મધ્ય	જયા મધ્ય મધ્ય વર્જ્ય ૧૪	રિકતા મધ્ય મધ્ય વર્જ્ય ૨૫	પૂર્ણા મધ્ય મધ્ય	નંદા શ્રેષ્ઠ હીન	ભદ્રા શ્રેષ્ઠ હીન વર્જ્ય ૧૦	જયા શ્રેષ્ઠ હીન	રિકતા શ્રેષ્ઠ હીન વર્જ્ય ૫	પૂર્ણા શ્રેષ્ઠ +	પૂર્ણા + હીન વર્જ્ય
કાર્યો (કરવાના)	ઉત્સવ ચિત્ર વાસ્તુ	લગ્ન યાત્રા શાંતિક	વાદ યુદ્ધ	વધ અગ્નિ વિષ	દીક્ષા યાત્રા લગ્ન	આનંદ ચિત્ર વાસ્તુ	લગ્ન યાત્રા શાંતિક	વાદ યુદ્ધ	વધ અગ્નિ વિષ	દીક્ષા યાત્રા લગ્ન	ઉત્સવ ચિત્ર વાસ્તુ	લગ્ન યાત્રા શાંતિક	વાદ યુદ્ધ	વધ અગ્નિ વિષ	દીક્ષા યાત્રા લગ્ન	+
વર્જ્ય ચતુષ્ઘટી પ્રારંભ	૧૫	૫	૮	૭	૭	૫	૪	૮	૭	૧૦	૩	૧૩	૧૪	૮	૭	૭
ક્રુર તિથિઓ ,, વર્જ્ય પાદો	મેષ ૧	વૃષ ૨	મિથુન ૩	કર્ક ૪	મે૦ક૦ ૧–૪	સિંહ ૧	કન્યા ૨	તુલા ૩	વૃ૦ ૪	સિં.વૃ. ૧–૪	ધન ૧	મકર ૨	કુંભ ૩	મીન ૪	ધ.મી. ૧–૪	

તિથિનાં નામ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
સૂર્ય દગ્ધા		ધન મીન		વૃષ કુંભ		મેષ કર્ક		મિથુન કન્યા		સિંહ વીંછી		તુલા મકર			
ચંદ્રદગ્ધા		કુંભ ધન		મેષ મિથુન		તુલા સિંહ		મકર મીન		વૃષ કર્ક		કન્યા વીંછી			
નક્ષત્રદગ્ધા	આ. ચિત્રા સ્વા.	પૂ. ઉ. રે.	શ્વિ. ભ મૃ. તિ. જ્યે. ભિ. શ્ર	પુન. વિ. નુ.	રોગ શ્વે. મ. હ.	કૃ.		ધ.		શત.	મૂળ				
કુલ્યાદિ શુદિના— કરણો વદિના— કરણો વિષ્ટિ	કુલ્ય કિંસ્તુ રબવ બા. કા.	મિશ્ર બાલ કાલ તૈ. ગ.	કુલ્ય તૈતિ. ગર વ. વિ. કૃ. રાત્રિ	વણિક વિષ્ટિ બ. બા. શુ. રાત્રિ	કુલ્ય બવ બા. કૌ. ત.	મિશ્ર કૌ. ત ગ. વ.	કુલ્ય ગર. વણિ વિ. બ. કૃ. દિન	ઉપ. વિષ્ટિ બ. બા. કૌ. શુ. દિન	કુલ્ય બા. કૌ. તૈ. ગ.	મિશ્ર તૈ. ગર વ. વિ. કૃ. રાત્રિ.	કુલ્ય વ. વિ. બ. બા. શુ. રાત્રિ.	ઉપ બવ. બા કૌ. તૈ.	કુલ્ય કૌ. ત. ગ. વ.	ઉપ. ગર વ. વિ. શકુનિ કૃ. દિન	કુલ્ય વિષ્ટિ બવ ચતુ. નાગ શુ. દિન
સન્મુખ ભદ્રા જયવિષ્ટિ			પ્ર. ૮ ઈશાન ઘડી ૨૧ પછી	પ્ર. ૫ પશ્ચિમ ઘડી ૨૭ પછી			પ્ર. ૩ દક્ષિણ ઘડી ૧૩ પછી	પ્ર. ૨ અગ્નિ ઘડી ૫ પછી		પ્ર. ૬ વાય. ઘડી ૫ પછી	પ્ર. ૭ ઉત્તર ઘડી ૧૩ પછી			પ્ર. ૧ પૂર્વ ઘડી ૨૭ પછી	પ્ર. ૪ નૈ. ઘડી ૨૧ પછી

હવે કરણદ્વાર કહે છે—

सउणि चउप्पय नागा, किंत्थुग्गा किण्ह चउद्दसि निसाओ ।
थिरकरण तीस गडिआ, परओ चलकरण एयाइं ॥१२॥

અર્થ—**વદિ ચૌદશની રાત્રિથી ત્રીશ ઘડીવાળા શકુનિ ચતુષ્પદ નાગ અને કિંસ્તુઘ્ન નામના ચાર સ્થિરકરણો આવે છે, અને ત્યારપછી નીચે મુજબ ચર (ફરતા) કરણો આવે છે. ॥૧૨॥**

વિવેચન—પંચાંગની સામાન્ય ગણનામાં દિવસ તિથિ અને નક્ષત્રની સાઠ ઘડીઓ (અંશો) હોય છે, તેથી જ્યાં જ્યાં તિથિયોગ વિગેરેની છુટક ધ્રુવ ઘડીની સંખ્યા આવે છે. ત્યાં ત્યાં ૬૦ ઘડી પ્રમાણે માનીને તે કથન કરેલ હોય છે. પણ તિથિઓ નક્ષત્ર અને યોગો ૬૦ ઘડીથી વિશેષાધિક પ્રમાણવાળા પણ હોય છે, ત્યારે તેની નિયમિત કરેલી ૬૦ ઘડીઓમાં પણ આ વિશેષાધિકનો સંસ્કાર કરવો પડે છે. આ સંસ્કાર કરવાની સહેલી રીતે એ છે કે—તિથિ વિગેરે ઘડી ૬૦ થી જેટલી ઘડી અને પળ ઓછા—વધુ થાય તેટલાજ પળ અને વિપળોની હાનિ–વૃદ્ધિ કરવાથી તિથિના સાઠમા ભાગવાળી ધ્રુવઘડી (અંશો) આવે છે. જેમ કે—પ્રતિપદ્ ૬૨ ઘડી હોય, અને તેની પંદર ઘડી પછીની ચાર વિષ ઘડી શોધવી હોય, તો અહીં તિથિના માનમાં બે ઘડી અધિક હોવાથી દર ઘડીએ બે પળનો એમ પંદર ઘડીએ ત્રીશ પળનો વૃદ્ધિ સંસ્કાર આવે છે. તે પંદરમાં ઉમેરતાં પ્રતિપદની શરૂઆતથી ઇષ્ટ ઘડી ૧૫॥ પછી વિષઘટીનો પ્રારંભ થાય છે. તે પણ ચાર ઘડીની છે, તેમાં પણ આઠ પળોની વૃદ્ધિ થતાં ઘડી ૧૯॥ પળ ૮ સુધી વિષતિથિ આવે છે. નક્ષત્ર અને યોગમાં પણ આવીજ રીતે ઇષ્ટઘડી લાવવી પડે છે. અર્થાત્ સામાન્ય રીતે દર્શાવેલ દરેક ઘડીઓ તિથિ વિગેરેના માનના સાઠમા ભાગ પ્રમાણે લેવી.

આવીજ રીતે તિથિમાનના અર્ધભાગને જ્યોતિર્વેદો **કરણ**ની સંજ્ઞાથી ઓળખે છે, અને ૬૦ ઘડી પ્રમાણે તિથિના આધારે કરણની ત્રીશ ઘડી હોય છે, પણ તિથિમાં વૃદ્ધિ–હાનિ થતાં કરણમાનમાં પણ તિથિનો અર્ધ ભાગજ લેવાય છે. આગળ કહેવાતા **વિષ્ટિ** (ભદ્રા) કરણની પુચ્છ ઘડી કાઢવા માટે પણ તિથિમાનની વૃદ્ધિ–હાનિનો સંસ્કાર કરવો, અને નક્ષત્રને આશ્રીને રાશિની ઘડી ૧૩૫ હોય છે તેમાં પણ દર ઘડીએ વૃદ્ધિ–હાનિના પલાદિની વૃદ્ધિ–હાનિ કરવી.

કારણો હંમેશાં બે હોય છે, તે હિસાબે એક માસમાં ત્રીશ તિથિના ૬૦ કરણો આવે છે. તે પૈકીના વદિ ચૌદશની રાત્રિથી પ્રારંભ થતાં ત્રીશ ત્રીશ ઘડીના પ્રમાણવાળા શકુનિ વિગેરે ચાર **સ્થિરકરણો** છે. આ ચાર કરણો તેજ વખતે આવતા હોવાથી સ્થિર કહેવાય છે.

એટલે વદિ ચૌદશની રાત્રે શકુનિ અમાસના દિવસે ચતુષ્પદ, અમાસની રાત્રે નાગ અને શુદિ એકમના દિવસે કિંસ્તુઘ્ન કરણ હોય છે.

આ સિવાય બવ વિગેરે સાત **ચર**કરણ છે, તે બાકી રહેલા ૫૬ કરણના કાળને સાડી ત્રણ તિથિના આંતરે વારાફરતી આઠ આઠ વાર ભોગવે છે. તેનું પ્રથમ સપ્તક શુદિ એકમની રાત્રિથી શુદિ ચોથની રાત્રિ સુધી, બીજું સપ્તક શુદિ પાંચમના દિવસથી આઠમના દિવસ સુધી, ત્રીજું સપ્તક આઠમની રાત્રિથી શુદિ અગીયારશની રાત્રિપર્યંત, ચોથું ચક્ર શુદી બારશના દિવસથી પૂર્ણિમાના દિવસ સુધી, પાંચમું સપ્તક પૂર્ણિમાની રાત્રિથી વદિ ત્રીજની રાત્રિ સુધી, છઠ્ઠું સપ્તક વદિ ચોથના દિવસથી વદિ સાતમના દિવસ પર્યંત, સાતમું ચક્ર વદિ સાતમની રાત્રિથી દશમની રાત્રિ સુધી, અને આઠમનું સપ્તક વદિ અગીયારશના દિવસથી કૃષ્ણપક્ષની ચૌદશના દિવસ સુધી આવે છે. એટલે તે સાતે ફરતા ચરકરણો છે. સહેલાઈથી ચરકરણો જાણવાનો એવો નિયમ છે કે—કૃષ્ણપક્ષની ઇષ્ટ તિથિને બમણી કરવાથી અને શુકલપક્ષની તિથિને એક ઓછી કરી બમણી કરવાથી આવેલ સંખ્યાને સાતે ભાગવી, જેથી ભાગમાં સપ્તક અને શેષમાં દિવસના બવાદિ કરણ આવે છે, અને તેનાથી બીજું કરણ તેજ તિથિની રાત્રે હોય છે, જેમ કે—શુદિ બીજમાંથી એક ઘટાડી બમણું કરવાથી બેનો આંક આવે છે, તેથી શુદિ બીજના દિવસે બીજું બાલવ અને રાત્રે ત્રીજું કોલવ કરણ હોય છે. વળી કૃષ્ણપક્ષની બીજનું કરણ જાણવું હોય તો તેમાં કાંઈ ઘટાડવાની જરૂર નથી, માટે તિથિના આંકને બમણા કરવાથી ચાર થાય છે, તો વદિ બીજના દિવસે ચોથું અને રાત્રે પાંચમું કરણ આવે છે. ॥૧૨॥

હવે ચરણકરણનાં નામ અને ફળ કહે છે—

बव-बालव-कोलव-तेतिलक्ख गर-वणिअ-विट्ठिनामाणो
पायं सव्वे वि सुहा, एगा विट्ठी महापावा ॥ १३ ॥

અર્થ—બવ, બાલવ, કૌલવ, તૈતિલાક્ષ, ગર, વણિજ અને વિષ્ટિ; પ્રાયઃ એ કરણો શુભ છે. પણ અંતિમ વિષ્ટિ મહાપાપ-અતિશય દુષ્ટ કરણ છે ॥૧૩॥

વિવેચન—ઉપરની ગાથામાં ચરની સંજ્ઞાથી સંબોધેલ બવ, બાલવ, કૌલવ, તૈતિલાક્ષ ગર, વણિજ અને વિષ્ટિ એ સાત કરણો છે તેમાં તૈતિલાક્ષનાં **સ્ત્રીલોચન** અને **તૈતિલ** એવાં પણ નામાંતરો છે, અને વિષ્ટિનું બીજું નામ **ભદ્રા** છે. આ સાતમાંથી છ કરણો ઘણા કામમાં શુભ છે. મૂળ ગાથામાં સવ્વે શબ્દ મૂકયો છે, પણ ચોથા પાદમાં ભદ્રા-વિષ્ટિને નિંદ્ય કહી છે; માટે સર્વ શબ્દથી સાતે કરણો આવી જાય છે છતાં છ શુભ છે એમ જાણવું. તેમજ ભદ્રા

દરેક કાર્યોમાં દુષ્ટ નથી. કેટલાક કાર્યોમાં અનિંદ્ય પણ છે. નારચંદ્રની ટીપ્પણીમાં કહ્યું છે કે–

"दाने चाऽनशने चैव, घातपातादि कर्मणि ।
खराऽश्वप्रसवे श्रेष्ठा, भद्राऽन्यत्र न शस्यते" ॥१॥

અર્થ—"દાન, અનશન, ઘાત, પાતકર્મ, તથા ઘોડા અને ગધેડાની પ્રસૂતિમાં ભદ્રા શ્રેષ્ઠ છે; અન્યકાર્યમાં શ્રેષ્ઠ નથી" ॥ ૧ ॥ અન્ય સ્થાને આજ વાતને પુષ્ટ કરતાં કહ્યું છે કે–

"युद्धे भूपतिदर्शने भय-वने घाते च पाठे हठे,
वैद्यस्वागमने जलप्रतरणे शत्रोस्तथोच्चाटने ॥
सिंहोष्ट्रखरमाहिषे अजमृगे अश्वे गृहे पातने,
स्त्रीसेवा ऋतुमर्दनेषु शकटे भद्रा सदा गृह्यते" ॥१॥

અર્થ—"યુદ્ધમાં, રાજાના દર્શનમાં, ભયમાં, વનમાં, હણવામાં, પાઠમાં, હઠ કરવામાં, વૈદ્યને બોલવવામાં, પાણીમાં તરવામાં, શત્રુનું ઉચ્ચાટન કરવામાં, સિંહ, ઉંટ, ગધેડો, પાડો, બકરો હરણ અને ઘોડો વિગેરેના કાર્યમાં, ઘરમાં, પાતનમાં, સ્ત્રીસેવામાં, ઋતુ કાર્યમાં, મર્દનમાં અને વાહનમાં **ભદ્રા** ગ્રહણ કરાય છે; એટલે આ કાર્યોમાં ભદ્રા—વિષ્ઠિ દુષ્ટ નથી." ॥ ૧ ॥ એક સ્થાને તો ભદ્રાને સર્વથા **શુભજ** કહેલ છે.

"सुर-भे वत्स ! या भद्रा, सोमे सौम्ये सिते गुरौ ।
कल्याणी नाम सा प्रोक्ता, सर्वकार्याणि साधयेत्" ॥१॥

અર્થ—હે વત્સ! દેવનક્ષત્રમાં સોમ, બુધ, શુક્ર અને ગુરૂવારે જે ભદ્રા આવે છે, તે **કલ્યાણી** નામે હોઇ સર્વકાર્યને સાધે છે" ॥ ૧ ॥

વળી મૂળ ગાથામાં છ કરણોને પ્રાયઃ શુભ કહેલ છે. અહીં પ્રાયઃ શબ્દ મૂકવાથી ગ્રન્થકારે તે કરણો ક્યારેક શુભ નથી એવી સૂચના પણ કરેલ છે, કેમકે સૂર્યસંક્રાન્તિમાં અમુક કારણો અશુભ ફળ પણ આપે છે. વારને આશ્રીને નારચંદ્રમાં નીચે મુજબ ભદ્રાના નામાંતરો છે.

"सौम्यवारेण कल्याणी, रवौ पुण्यवती तथा ।
विष्टिः शनश्चरे प्रोक्ता, भौमे भद्रा प्रकीर्तिता" ॥१॥

અર્થ—"વિષ્ટિ બુધવારે **કલ્યાણી**, રવિવારે **પુણ્યવતી**, શનિવારે **વિષ્ટિ**, અને સોમવારે **ભદ્રા**, કહેવાય છે." ॥૧॥ મૂળગાથાના છેલ્લા પાદમાં કહ્યું છે કે—વિષ્ટિકરણ મહા-

દુષ્ટ છે. ભદ્રા–વિષ્ટિના અશુભપણા માટે ગ્રન્થાંતરમાં કહ્યું છે કે—

"यदि भद्राकृतं कार्यं, प्रमादेनापि सिध्यति ।
प्राप्ते तु षोडशे मासे, समूलं तद्विनश्यति ॥१॥

અર્થ—કદાચ ભદ્રામાં કરેલ કાર્ય ભુલથી સિદ્ધ થયુ હોય તો પણ સોળમો માસ આવતાં તો તે મૂળથી નાશ પામે છે." (॥૧॥) ॥૧૩॥

હવે વિષ્ટિ ક્યારે આવે તે સ્પષ્ટ કરે છે—

किण्हे पक्खे दिणे भद्दा, सत्तमी अ चउद्दसी ।
रत्ति दसमि तीआए, सुक्के एग दिणुत्तरा ॥१४॥

અર્થ—કૃષ્ણપક્ષમાં સાતમ અને ચૌદશના દિવસે, તથા દશમ અને ત્રીજની રાત્રે ભદ્રા (વિષ્ટિ) હોય છે, અને શુક્લપક્ષમાં એક સંખ્યાથી અધિક ઉપરોક્ત તિથિઓમાં ભદ્રા હોય છે ॥૧૪॥

વિવેચન—ચરકરણ લાવવાની રીત પ્રમાણે ગણતાં કૃષ્ણપક્ષમાં સાતમ અને ચૌદશને દિવસે (તિથિના પૂર્વભાગમાં) વિષ્ટિકરણ હોય છે, અને તેજ પક્ષમાં ત્રીજ અને દશમની રાત્રે (તિથિના ઉત્તર ભાગમાં) ભદ્રા–વિષ્ટિકરણ હોય છે. શુક્લપક્ષમાં—કૃષ્ણપક્ષની તિથિઓમાં એક સંખ્યા ઉમેરવાથી આવેલ તિથિઓમાં તેજ વખતે અથાત્ ચોથ અને અગીયારશની રાત્રિએ (તિથિના પશ્ચિમાર્ધમાં) અને અષ્ટમી તથા પૂર્ણિમાના દિવસે (તિથિના પૂર્વદલમાં) વિષ્ટિકરણ હોય છે.

દરેક ગ્રન્થમાં વિષ્ટિને અતિનિંદ્ય કહેલ છે, પણ તે ક્યારે આવે છે તે જાણવું અતિ જરૂરી છે; એટલા માટે આ ગાથા પૂર્ણ ઉપકારક છે. આ ગાથામાં દર્શાવેલ વખત વિષ્ટિનો સ્થિરકાળ છે, આ નિયતકાળથી ભ્રષ્ટ થયેલ ભદ્રા (વિષ્ટ) નિર્બળ છે. તે માટે કહ્યું છે કે—

" या विष्टिरक्रम प्राप्ता "

" ક્રમસર નહિ આવેલ વિષ્ટિ દુષ્ટ નથી." ઉદયપ્રભસૂરી કહે છે કે—ભદ્રના (વિષ્ટિના) કાળમાં દિવસ–રાત્રિનો ફેરફાર થવાથી તે દુષ્ટ રહેતી નથી, અથાત્ રાત્રિની ભદ્રા દિવસે હોય અને દિવસની ભદ્રા રાત્રે હોય તો ભદ્રા દોષ રહેતો નથી, તે સમયે સર્વકાર્યો કરવામાં હરકત નથી. તેમજ અન્ય દિવસની ભદ્રા અન્ય (બીજે) દિવસે આવે તો પણ અદૂષિત છે. ॥૧૪॥

પ્રવાસમાં વર્જ્ય ભદ્રનાં સ્થાન અને કાળ કહે છે—

चउद्दसी अट्ठमी सत्तसीए, राका चउत्थी दसमीइ भद्दा ।
एगारसी तीअ कमा दिसाहिं, तस्संखजामेऽभिमुहाऽतिपावा ॥१५॥

અર્થ—ચૌદશ, આઠમ, સાતમ, પુનમ, ચોથ, દશમ, અગીયારશ અને ત્રીજની ભદ્રા અનુક્રમે ૧ પૂર્વાદિ આઠ દિશા-વિદિશામાં અને દિશાની સંખ્યાવાળા એકેક પહોરમાં સન્મુખ હોય છે તે અતિ દુષ્ટ છે ॥૧૫॥

વિવેચન—દિવસની ભદ્રા દિવસના ચાર પહોરમાં અને રાત્રિની ભદ્રા રાત્રિના ચાર પહોરમાં પુર્વાદિ આઠ દિશા વિદિશામાં વર્જ્ય છે. તેમાં દિશા અને પહર તો સમાન આંક-વાળાજ લેવાના છે. અર્થાત્ પહેલે પહોરે પુર્વમાં, બીજે પ્રહોરે અગ્નિખુણામાં; એમ વર્જવાના છે. પણ ભદ્રાની તિથિઓ આડી અવળી છે, જેનો ક્રમ ચૌદશ વિગેરે સંખ્યાથી આપેલ છે. ત્રણના મેળાપથી ભદ્રાની સન્મુખતા આ પ્રમાણે છે–

ચૌદશે પહેલા પહોરમાં પૂર્વદિશાએ ભદ્રા સન્મુખ છે, આઠમે અગ્નિખુણામાં બીજા પ્રહરમાં સન્મુખ ભદ્રા છે, સાતમે ત્રીજા પહોરે દક્ષિણમાં, પુનમે ચોથા પહોરે નૈઋત્યમાં, ચોથ તિથિએ પાંચમાં પહોરે પશ્ચિમમાં, દશમે છઠ્ઠા પહોરે વાયવ્યમાં, અગીયારશે સાતમા પહોરે ઉત્તરમાં અને ત્રીજની રાત્રે આઠમા પહોરે ઈશાનખુણામાં સન્મુખ ભદ્રા છે. પ્રયાણાદિક કાર્યમાં સન્મુખ ભદ્રા અશુભ છે, અને પાછળની ભદ્રા શુભ છે. માટે સન્મુખની ભદ્રાને અતિ દુષ્ટ જાણી તેનો ત્યાગ કરવો. પ્રવાસની વર્જ્યભદ્રા જાણવાને બીજી રીતનો પણ શ્લોક મળે છે.

घुजाहणी सिते पक्षे, गृछियूढ सितेतरे ।
व्यञ्जनै स्तिथयो ज्ञेयाः, स्वरेश्च प्रहरा दिशः" ॥१॥

અર્થ–શુકલપક્ષમાં **ઘુજાઢ** અને ણી, તથા કૃષ્ણપક્ષમાં **ગૃછિયૂ** અને ઢ ભદ્રા લાવવાના અક્ષરો છે, તેમાં વ્યંજનના આંકથી તિથિઓની સંખ્યા અને સ્વરના આંકથી પ્રહર તથા દિશાની સંખ્યા જાણવી" ॥ ૧ ॥ જેમકે-ઘ એ ચોથો વ્યંજન છે, અને ઉ પાંચમો સ્વર છે; તેથી શુદીમાં ચોથને દિવસે [રાત્રે] પાંચમા પહોરે પાંચમી (પશ્ચિમ) દિશામાં જનારને સન્મુખ ભદ્રા છે. આ પ્રમાણે દરેક તિથિ માટે વ્યંજન અને સ્વરની સંજ્ઞાથી સમજી લેવુ. નારચંદ્રમાં

---

૧ પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર અને ઈશાન; એ આઠ દિશા-વિદિશા છે. જુઓ પ્રયાણદ્વાર ગાથા ૭૨ નું વિવેચન.

કહ્યુ છે કે-

विष्टिवक्रेषु यो गच्छेत, क्रोशमेकं च मानवः ।
तस्यागतिं न पश्यामि, नदीनामिव सागरात्" ॥८॥

અર્થ-જેમ નદીઓ સમુદ્રમાં જાય છે અને પાછી વળતી નથી તેમ જે મનુષ્ય પ્રતિકુળ વિષ્ટિ હોય ત્યારે એક એક પણ ગાઉં જાય, તો તે પાછો વળે નહીં એમ હું જોઉં છું.

ભદ્રાની શુભાશુભ ઘડી અને તેનું ફળ કહે છે-

पण दुग दस पण पण तिअ
विठ्ठि घडी वयण कंठ उरु नाही ।
कडी पुच्छगाय सिंद्धि,
खय निस्स कुबुद्धि कलह विजयकरा ॥१५॥

અર્થ—વિષ્ટીની પાંચ, બે, દસ, પાંચ, પાંચ અને ત્રણ ઘડીઓ અનુક્રમે મુખ, કંઠ, છાતિ, નાભિ, કેડ અને પુચ્છમાં છે; જે સિદ્ધિ, ક્ષય, નિર્ધનતા, કુબુદ્ધિ, કલહ અને વિજય કરે છે ॥ ૧૬ ॥

	સ્થાન	મુખ	ગળું	હૃદય	નાભિ	કેડ	પુચ્છ
વિષ્ટિચક્ર	ઘડી	૫	૨	૧૦	૫ (૪)	૫ (૬)	૩
	ફળ	સિદ્ધિ	ક્ષય	નિર્ધનતા	કુબુદ્ધિ	કલહ	જય

વિવેચન—– વિષ્ટિકરણ ત્રીશ ઘડીનું છે, તેમાં પણ કેટલીક ઘડીઓ શુભ અને કેટલીક અશુભ છે. અહીં સાઠ ઘડીનું તિથિમાન માની ત્રીશ ઘડીનું કરણ કહેલ છે, પણ તિથિની ઘડીઓ ન્યુનાધિક હોય ત્યારે કરણની ઘડીઓમાં પણ વૃદ્ધિ-હાનિ થાય છે; તેથી ઇષ્ટ ઘટી લાવવાને તિથિની ન્યુનાધિક ઘડી-પલ જેટલો પલ અને વિપલનો દરેક પલમાં સંસ્કાર આપવો પડે છે. અથવા કરણમાનની ન્યુનાધિક ઘડીઓથી બમણા પલની હાનિ-વૃદ્ધિ કરવાથી શુદ્ધ ઘડી આવે છે. દાખલા તરીકે-પૂર્ણિમાં તિથિ ૫૮ ઘડીની હોય તો વિષ્ટિ ૨૯ ઘડીની આવે છે. તેમાં દર ઘડીએ તિથિમાનમાં બે ઘડી ન્યુન હોવાથી બે પલની, અથવા વિષ્ટિમાન એક ઘડી ન્યુન હોવાથી એકથી બમણાં એવા બે પલની હાનિ થાય છે. જેથી પાંચ ઘડીનો કાલ શુદ્ધ ચાર ઘડી અને પચાસ પલ થતાં પૂર્ણ થાય છે. એમ દરેક ઘડીમાં વૃદ્ધિ-હાનિની તરતમતા તપાસવાની છે.

ત્રીશ ઘડીઓમાંથી વિષ્ટિના પ્રત્યેક અંગમાં નીચે મુજબ ઘડીઓ રહેલી છે. પાંચ ઘડીઓ વિષ્ટિના મુખમાં છે, ત્યાર પછીની બે ગળામાં, દસ હૃદયમાં, પાંચ નાભિમાં, પાંચ કેડમાં, અને ત્રણ ઘડીઓ પુચ્છમાં છે વિષ્ટિના મુખની ઘડીઓમાં કાર્ય કરવાથી સિદ્ધિ થાય છે, વિષ્ટિના કંઠની ઘડીઓમાં કાર્ય કરવાથી કાર્યનો ક્ષય થાય છે, છાતીમાં કાર્ય કરવાથી નિર્ધનતા થાય છે. વિષ્ટિની નાભિની ઘડીઓમાં કાર્ય કરવાથી કુબુદ્ધિ ઉપજે છે, કેડમાં કાર્ય કરવાથી કલહ થાય છે અને વિષ્ટિનાં પુચ્છની ઘડીઓમાં કાર્ય કરવાથી અવશ્ય જય થાય છે.

ઉદયપ્રભસૂરિ નાભિમાં ચાર અને કેડમાં છ ઘડીઓ હોવાનું જણાવે છે. કેટલાકના મતે ભદ્રાનું મુખ અને પુચ્છ પણ ત્યાજ્ય છે, તેઓ કહે છે કે–દિવસની ભદ્ર. સર્પિણી હોય છે, અને રાત્રિની ભદ્રા વીંછણ હોય છે, તેમાં સર્પિણીનું મુખ અને વીંછણનું પુચ્છ ત્યજવું. બીજે સ્થાને શુકલપક્ષની ભદ્રાને સર્પિણી અને કૃષ્ણપક્ષની ભદ્રાને વીંછણ કહે છે. ઉદયપ્રભસૂરિ તો ભદ્રાના મુખને અશુભ જ કહે છે–

"विष्टेर्विदध्युरिह कार्य-वपुः-स्व-बुद्धि–
प्रेम-द्विषां क्षयमिमेऽवयवाः क्रमेण" ॥

અર્થ—વિષ્ટિના (મુખ કંઠ હૃદય નાભિ કેડ અને પુચ્છ) અવયવો અનુક્રમે કાર્ય, શરીર ધન, બુદ્ધિ, પ્રેમ અને શત્રુનો નાશ કરે છે." વિષ્ટિનો પ્રારંભ મુખની પહેલી ઘડીથીજ થાય એવો નિયમ હોતો નથી, માટે પુચ્છની ઘડી લાવવા આ પ્રમાણે કહ્યું છે.

"दशम्यामष्टम्यां प्रथम घटिकापञ्चकपरं,
हरिद्यौसप्तम्यां त्रिदशघटिकान्ते त्रिघटिकम् ।
तृतीयायां राका-सुच गतसविंशैकघटिके,
ध्रुवं विष्टेः पुच्छं शिवतिथिचतुर्थ्योश्च विगलत् ॥१॥

અર્થ—"દશમ અને આઠમે પ્રથમની પાંચ ઘડી પછી, અગીયારશ અને સાતમે પ્રથમની તેર ઘડી પછી, ત્રીજ અને પુનમે એકવીશ ઘડી પછી, અને ચોથ તથા ચૌદશે (સત્યાવીશ ઘડી પછી) છેલ્લા ભાગમાં ત્રણ ઘડી પ્રમાણ વિષ્ટિનું પુચ્છ આવે છે અને પછી મુખથી આરંભી કટિ પર્યંત અંગો આવે છે. ॥૧॥

નરચંદ્ર સૂરિ તો બીજી રીતે પણ આ વાતનું સમર્થન કરે છે કે—

"आपदे (आदौ) घटिकाः पञ्च, वर्तमाने दश स्मृताः ।
मध्ये च द्वादश प्रोक्ता, अन्ते च घटिकात्रयम् ॥९॥

आदौ धनविनाशाय, वर्तमान भयंकरी ।
मध्ये प्राणहरी ज्ञेया, विष्टिपुच्छे ध्रुवं जयः" ॥२॥

અર્થ—"વિષ્ટિની આદિમાં પાંચ ઘડી, વર્તમાનમાં દશ ઘડી, મધ્યમાં બાર ઘડી, અને અંતમાં – પુચ્છમાં ત્રણ ઘડી છે. ॥૧॥ જેમાંની પ્રારંભની ઘડીઓ હોય તો ધનનો વિનાશ કરે છે, વર્તમાન ઘડીઓ ભય નીપજાવે છે, મધ્યની ઘડીઓ પ્રાણ હરે છે. અને વિષ્ટિના પુચ્છની ઘડીઓ નિશ્ચયે જય આપે છે." ॥૨॥

વિષ્ટિના પુચ્છમાં કાર્ય કરવાથી અવશ્ય જય થાય છે, તેમાં અસાધ્ય કાર્યો પણ સિદ્ધ થાય છે. લલ્લ કહે છે કે—

"शुभा-ऽशुभानि कार्याणि, यान्यासाध्यानि भूतले ।
नाडीत्रयमिते पुच्छे, भद्रायास्तानि साधयेत" ॥१॥

અર્થ—"હરકોઇ શુભ કે અશુભ અસાધ્ય પણ કાર્ય વિષ્ટિના પુચ્છની ત્રણ ઘડીમાં કરવાથી સિદ્ધ થાય છે. વિષ્ટિની કાર્યને આશ્રીને ત્રણે લોકમાં સ્થિતિ કહેલ છે.

ભૂપાળવલ્લભ કહે છે કે—

"कन्या-तुला-मकर-धन्विषु नागलोके,
मेषा-लि-वैणिक-वृषेषु सुरालये स्यात् ।
पाठीन-सिंह-घट-कर्करकेषु मर्त्ये,
चन्द्रे वदन्ति मुनयस्त्रिविधां हि विष्टिम्" ॥१॥

અર્થ—"કન્યા, તુલા, મકર અને ધનનો ચંદ્ર હોય ત્યારે વિષ્ટિ નાગલોકમાં હોય છે, મેષ, વૃશ્ચિક, મિથુન અને વૃષભનો ચંદ્ર હોય ત્યારે વિષ્ટિ દેવલોકમાં હોય છે, તથા મીન સિંહ, કુંભ અને કર્કનો ચંદ્ર હોય ત્યારે વિષ્ટિ મૃત્યુલોકમાં હોય છે; એમ ત્રણ પ્રકારની વિષ્ટિ મુનિઓ કહે છે."

આ સ્થાનના ફળ માટે કહ્યું છે કે—

स्वर्गे भद्रा भवेत्सौख्यं, पाताले च धनागमः ।
मृत्युलोके यदा भद्रा, तदा कार्यं न सिध्यति ॥१॥

અર્થ—કોઈપણ કાર્ય કરતાં જો સ્વર્ગે ભદ્રા હોય તો સૌખ્ય થાય છે, પાતાળમાં હોય તો ધનની પ્રાપ્તિ થાય છે અને મૃત્યુલોકમાં ભદ્રા હોય તો કાર્ય સિદ્ધ થતું નથી. એમ બૃહજ

જ્યોતિઃસાર (યોગ પ્રકરણ શ્લોક ૨૧) માં કહ્યું છે.

હવે કરણની અવસ્થાઓ બતાવે છે—

किंत्थुग्घ सउणि कोलव, उड्ढकरण तिन्नि तिन्नि सुत्ताइं ।
तेइल नाग चउप्पय, पण सेस निविट्ठकरणाइं ॥१७॥

અર્થ—કિંસ્તુઘ્ન, શકુનિ અને કૌલવ એ ત્રણ ઉર્ધ્વકરણ છે, તૈતિલ, નાગ અને ચતુષ્પદ એ ત્રણ સુપ્તકરણો છે. તથા બાકીના પાંચ નિવિષ્ટકરણો છે. ॥૧૭॥

વિવેચન—કિંસ્તુઘ્ન, શકુનિ અને કૌલવ ઉભેલા કરણો છે, તૈતિલ, નાગ, અને ચતુષ્પદ ત્રણ સુતેલા કરણો છે તથા બવ, બાલવ, ગર, વણિજ અને વિષ્ટિ એ પાંચ બેઠેલા કરણો છે. જે કરણમાં સૂર્યસંક્રાન્તિ થાય તે કરણની અવસ્થા સૂર્યસંક્રાન્તિને લાગુ પડે છે. એટલે સૂર્યસંક્રમણ ઉભા કરણમાં થાય તો ઉર્ધ્વસંક્રમણ, સૂતેલા કરણોમાં સુપ્તસંક્રમણ અને બેઠેલા કરણોમાં નિવિષ્ટ સંક્રમણ કહેવાય છે. વળી **પૂર્ણભદ્ર** ચોથી અવસ્થા દેખાડતા કહે છે કે—બે કરણની સંધિમાં થયેલ સંક્રાન્તિ સુપ્તોત્થિતા કહેવાય છે. નારચંદ્રમાં તો બવ, બાલવમાં નિવિષ્ટ, ગર તૈતિલ તથા વિષ્ટિમાં સુપ્ત અને બાકીમાં ઉર્ધ્વસંક્રમણ થવાનું કહેલ છે.

આ સંક્રાન્તિની અવસ્થાથી શુભાશુભ વર્ષનું જ્ઞાન થાય છે. કહ્યું છે કે—સંક્રાન્તિ ઉભી હોય તો સુકાળ, બેઠી હોય તો રોગ, અને સૂતી હોય તો દુકાળ થાય છે; પણ સુપ્તોત્થિતા સંક્રાન્તિ સર્વથા અશુભજ છે. તથા શીયાળામાં સૂતેલી, ઉનાળામાં ઉભેલી અને ચોમાસામાં બેઠેલી સંક્રાન્તિ શુભ છે. નારચંદ્ર ટીપ્પણમાં સંક્રાન્તિમાં નામો દેખાડી ફળવિશેષતા સ્પષ્ટ કરી છે, જે નીચે મુંજબ છે—

"रव्यादिषु संक्रांतिः, ध्वांङ्क्षिर्महोदरी च घोरा च ।
मन्दाकिनी च मन्दा, मिश्रनाम्नी च रात्रिचरी ॥१॥
मन्दा कुरुते वृष्टिं, मन्दाकिनी रसक्षयम् ।
ध्वाङ्क्षी च वायते वातं: घोरा शस्त्रभयंकरी ॥२॥
महोदरा चौरभयं, मिश्रिका च जने शुभम् ।
सर्वेषां कर्षकाणां च, राक्षसी विफलप्रदा" ॥३॥

અર્થ—"રવિ વિગેરે સાત વારોમાંથનારી સંક્રાન્તિના નામો અનુક્રમે–ધ્વાંક્ષિ, મહોદરી, ઘોરા, મંદાકિની, મંદા, મિશ્રા અને રાક્ષસી છે ॥૧॥ તેમાં–મંદા વૃષ્ટિ કરે છે, મંદાકિની રસનો નાશ કરે છે, ધ્વાંક્ષી પવન ફુંકાવે છે, ઘોરા યુદ્ધ કરાવે છે ॥૨॥ મહોદરા ચોરની

રંજાડ વધારે છે, મિશ્રા મનુષ્યોમાં સુખ કરે છે અને રાક્ષસી સર્વ ખેડુતોમાં નિષ્ફળતા આપે છે. ॥૩॥

"घोराऽर्कवारे क्रूरर्क्षे, ध्वाङ्क्षेन्दौ क्षिप्रतारकैः ।
महोदरी चरे भौमेः मैत्रे मन्दाकिनो बुधे ॥४॥
मन्दा गुरौ ध्रुवे धिष्ण्ये, मिश्रा मिश्रोडुभिर्भृगौ ।
राक्षसी दारुणे मन्दे, सन्क्रान्तिः सवितुर्भवेत् ॥५॥
आनन्दयन्ति घोराद्याः, शूद्रान वैश्यांश्च तस्करान् ।
नृपान् विप्रान् पशून् म्लेच्छान्, एताः संक्रान्तयः क्रमात् ॥६॥

અર્થ—"રવિવારે ક્રુર નક્ષત્રમાં ઘોરા, ચંદ્રવારે (સોમવારે) ક્ષિપ્રનક્ષત્રમાં ધ્વાંક્ષા, ભોમવારે ચર નક્ષત્રમાં મહોદરી, બુધવારે મૈત્ર નક્ષત્રમાં મંદાકિની ॥૪॥ ગુરૂવારે ધ્રુવ નક્ષત્રમાં મંદા, શુક્રવારે મિશ્ર નક્ષત્રમાં મિશ્રા અને શનિવારે દારૂણ નક્ષત્રમાં રાક્ષસી નામની સૂર્ય-સંક્રાન્તિ થાય છે. ॥૫॥ ઘોરા વિગેરે સંક્રાન્તિઓ અનુક્રમે શુદ્ર, વૈશ્ય, તસ્કર, નૃપ, વિપ્ર, પશુ અને મ્લેચ્છોને આનંદિત કરે છે. ॥૬॥

અહીં ઘોર વિગેરે સંક્રાન્તિના નામો એકલા વારના યોગે એકલા નક્ષત્રના યોગે અને બન્નેના યોગે એમ ત્રણ રીતે પડે છે. બૃહજ્જ્યોતિઃસારમાં પણ આજ રીતે કહ્યું છે.

વળી મનુષ્યને શુભાશુભ સંક્રાન્તિ માટે કહ્યું છે કે સંક્રાન્તિના નક્ષત્રથી જન્મ નક્ષત્ર સુધી ગણી ત્રણ ત્રણ નક્ષત્રોનું ફળ તપાસવું. આવી રીતે નવત્રિકનું ફળ અનુક્રમે ૧ પંથા, ૨ ભોગ, ૩ ભોગ, ૪ વ્યથા ૫ વસ્ત્રપ્રાપ્તિ, ૬ વસ્ત્ર, ૭ હાનિ, ૮ ધનાપ્તિ ૯ ધનાપ્તિ છે. ઇષ્ટ જન્મ નક્ષત્રનો આંક જે ત્રિકમાં આવે તે ત્રિકનું ફળ જ ઇષ્ટજન્મ નક્ષત્રનું ફળ સમજવું.

હવે નક્ષત્રદ્વાર કહે છે—

**ति ति छ पण ति एग चऊ, ति छ पण दु दु पणिग एग चउ चउरो ।
ति इगार चउ चउ तिगं, ति चउ सयं दु दुग बत्तीसं ॥१८॥
इअ रिक्खाणं कमसो, परिअरतारामिई मुणेयव्वा ।
तारासमसंखागा, तिहि वि रिक्खेसु वज्जिज्जा ॥१९॥**

અર્થ—ત્રણ, ત્રણ, છ, પાંચ, ત્રણ, એક, ચાર, ત્રણ, છ, પાંચ, બે, બે, પાંચ, એક, એક, ચાર, ચાર, ત્રણ, અગ્યાર, ચાર, ચાર, ત્રણ, ત્રણ, ચાર, સો, બે, બે, અને બત્રીશ; ॥૧૮॥ એ પ્રમાણે અનુક્રમે નક્ષત્રોના તારાની સંખ્યા જાણવી. આ તારાની સમાન સંખ્યાવાળી તિથિ તે તે નક્ષત્રમાં વર્જ્ય છે.

વિવેચન—નક્ષત્રો અઠયાવીસ છે, તેનું સવિસ્તાર સ્વરૂપ આ પ્રમાણે છે.—

"अश्विनी भरणी चैव, कृतिका रोहिणी मृगः ।
आर्द्रा पुनर्वसु पुष्य-स्ततोऽश्लेषा ततो मघा ॥१॥
पूर्वाफाल्गुनी तस्माच्चै-वोत्तराफाल्गुनी करः ।
चित्रा स्वातिर्विशाखाऽनु-राधा ज्येष्ठा मूलं तथा ॥२॥
पूर्वाषाढोत्तराषाढा-ऽभिच्छ्रवणं धनिष्ठिका ।
शतं पूर्वोत्तराभाद्रौ, रेवती भगणः स्मृतः" ॥३॥

અર્થ—અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગશર, આર્દ્રા, પુનર્વસુ; પુષ્ય, અશ્લેશા મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, જયેષ્ઠા, મુલ, પૂર્વાષાઢા, ઉત્તરષાઢા, અભીજિત્ (અભીચ્), શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી; એમ અઠયાવીશ નક્ષત્રો છે. જ્યોતિર્વિદોએ આ નક્ષત્રમાળની **ભગણ** (નક્ષત્રોનો સમુદાય) એવી સંજ્ઞા રાખેલ છે. આ નક્ષત્રો નિરંતર પૂર્વ દિશામાં ઉદય પામી પશ્ચિમમાં આથમે છે. તેમાંથી અત્યારે કયું નક્ષત્ર છે? તે જાણવા માટે તેની આકૃતિ તથા તારાની સંખ્યાનું જ્ઞાન અતિ આવશ્યક છે. તેમાંથી નક્ષત્રોના તારાઓની સંખ્યા તો અહીં મુળ ગ્રંથકારે આપી છે. અને આકૃતિ તથા પૂર્વનક્ષત્રથી કેટલી ઘડીના આંતરે મધ્યમાર્ગથી કઈ દિશામાં કયું નક્ષત્ર ઉદય પામે? તે બીજા ગ્રન્થોમાં આ પ્રમાણે કહ્યું છે—

૧. **અશ્વીની** નક્ષત્ર પૂર્વ નક્ષત્રના ઉદય પછીના ૯૬ પળ જતાં ઉત્તરમાં ઉદય પામે છે, તેની આકૃતિ ઘોડાના સ્કંધ જેવી અને તારા ત્રણ છે. ૨. **ભરણી** અશ્વિનીના ઉદય પછી **૧૨૦** પળ જતાં ઉત્તર માર્ગમાં ઉગે છે, તેની આકૃતિ ત્રિખુણી અને તારા ત્રણ છે. ૩. **કૃત્તિકા ૧૦૮** પળ **પછી** ઉત્તરમાં ઉગે છે, તેની આકૃતિ ખુરપા જેવી અને તારા ત્રણ છે. ૪. **રોહિણી** પળ **૧૧૫** પછી દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ શકટ જેવી અને તારા પાંચ છે. ૫. **મૃગશર ૧૨૦** પળે મધ્યચારથી દક્ષિણમાં ઉદય પામે છે, તેની આકૃતિ હરણના માથા જેવી અને તારા ત્રણ છે. ૬. **આર્દ્રા** પળ ૧૩૪ પછી દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ મણી જેવી અને તારા એક છે. ૭. **પુનર્વસુ ૧૪૮** પળ જતાં ઉત્તરમાં ઉગે છે, તેની આકૃતિ ઘર (તુલા) જેવી અને તારા ચાર છે. ૮. **પુષ્ય** પળ ૧૫૧ પછી મધ્યમાર્ગમાં ઉદય પામે છે, તેની આકૃતિ બાણ અથવા વર્ધમાનક જેવી અને તારા ત્રણ છે. ૯. **અશ્લેષા** પળ ૧૫૩ જતાં દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ પતાકા (ચક્ર) જેવી અને તારા ૭ છે. બીજે સ્થાને અશ્લેષાની આકૃતિ ગોમુત્રિકા–સર્પિણી જેવી પણ કહી છે. ૧૦ **મઘા**

પળ ૧૫૨ પછી મધ્ય માર્ગમાં ઉગે છે, તેની આકૃતિ પ્રાકાર જેવી અને તારા પાંચ છે. મઘાના પાંચ તારા લેતાં સૂક્ષ્માવલોકનથી માળા જેવી પણ આકૃતિ દેખાય છે. પાસેનો એક તારો વધારતાં દાતરડા જેવી વક્રાકૃતિ થાય છે અને પાસેનો એક બીજો તારો વધારતાં પ્રાકાર–કિલ્લા જેવું સ્વરૂપ દેખાય છે. ૧૧–૧૨ **પૂર્વાફાલ્ગુની** ૧૫૩ પળ પછી અને **ઉત્તરાફાલ્ગુની** ૧૪૮ પળ જતાં ઉત્તરમાં ઉગે છે; તે બન્નેની આકૃતિ પલ્યંક (એકેકની અર્ધ પલ્યંક) જેવી અને તારા બબ્બે છે. ૧૩ **હસ્ત** ૧૪૭ પળ જતાં ઉત્તરમાં ઉગે છે, તેની આકૃતિ હાથના પંજા જેવી અને તારા પાંચ છે. ૧૪ **ચિત્રા** ૧૪૬ પળ જતાં દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ અણુવિંધેલા મોતી અથવા મુખ જેવી છે. અને તારો એક છે. ૧૫ **સ્વાતિ** ૧૪૭ પળ જતાં ઉત્તરચારમાં ઉગે છે, તેની આકૃતિ પરવાળા જેવી અને તારો એક છે. ૧૬ **વિશાખા** ૧૪૮ પળ જતાં દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ ઘોડાના ડામણ જેવી અને તારા ચાર છે. વળી પાસેનો એક તારો લેતાં તેની આકૃતિ તોરણ જેવી થાય છે. ૧૭ **અનુરાધા** વિશાખાના ઉદય પછી ૧૫૩ પળ જતાં દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ મોતીની માળા કે સાંબેલા જેવી છે, અને તારા ચાર (ત્રણ) છે. ૧૮ **જ્યેષ્ઠા** ૧૫૨ પળ જતાં દક્ષિણમાં ઉગે છે, તેનો આકાર હાથીના દાંત જેવો અને તારા ત્રણ છે. ૧૯ **મૂળ** ૧૫૩ પળ જતાં દક્ષિણમાં ઉદય પામે છે. તેની આકૃતિ વીંછીના પુચ્છ જેવી અને તારા ૧૧ છે. ૨૦ **પૂર્વાષાઢા** ૧૫૧ પળ જતાં દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ હાથીના પગલા જેવી અને તારા ચાર છે. ૨૧ **ઉત્તરાષાઢા** ૧૪૮ પળ જતાં દક્ષિણમાં ઉગે છે, તેની આકૃતિ સિંહ નિષિદન (બેઠક) જેવી અને તારા ચાર છે. ૨૨ **અભીચ** પળ * + + + જતાં ઉત્તરમાં ઉદય પામે છે, તેની આકૃતિ શીંગોડા જેવી અને તારા ત્રણ છે ૨૩ **શ્રવણ** ઉત્તરાષાઢાના ઉદય પછી પળ ૧૩૪ જતાં ઉત્તરમાં ઉદય પામે છે, તેની આકૃતિ કાવડ કે ત્રાજવા જેવી અને તારા ત્રણ છે. ૨૪ **ધનિષ્ઠા** ૧૨૦ પળ જતાં ઉત્તરમાં ઉદય પામે છે, તેની આકૃતિ સૂપડા જેવી અને તારા ચાર છે. ધનિષ્ઠામાં પાસેનો તારો લેતાં પક્ષીના પાંજરા જેવી આકૃતિ થાય છે. ૨૫ **શતભીષા** પળ ૧૧૫ જતાં મધ્યચારમાં ઉગે છે, તેની આકૃતિ પાથરેલ ફૂલ જેવી અને તારા સો છે. ૨૬–૨૭ **પૂર્વાભાદ્રપદ** ૧૦૮ પળે અને **ઉત્તરાભાદ્રપદ** ૧૦૨ પળે ઉત્તરમાં ઉદય પામે છે, તે બન્ને ભેગાની આકૃતિ ચોખંડી વાવ જેવી અને તારા બબ્બે છે. ૨૮ **રેવતી** નક્ષત્ર ઉત્તરાભાદ્રપદના ઉદય પછી ૯૬ પળે મધ્યમાં ઉગે છે, તેની આકૃતિ નાવ અથવા મુરજ કે ઢાળેલા પલંગ જેવી અને તારા બત્રીશ છે.

અહીં અભીચ સિવાયના સત્યાવીશ નક્ષત્રમાં અશ્વિનીથી ચિત્રા સુધીના નક્ષત્રોનો જે

---

* અભીચનો ઉદય, ૨૪૮ પળોએ થાય છે, તે પૂર્વાષાઢાથી સમજાય છે.

જલપળોએ ઉદય થાય છે, ઉત્ક્રમથી તેજ જલપળોએ સ્વાતિથી રેવતી પર્યંત નક્ષત્રોનો ઉદય થાય છે; તથા જે જે દિશામાં ઉદયસ્થાન દર્શાવેલ છે તે દિશામાં તેનો ચાર હોય છે. પરંતુ ચંદ્રચારની અપેક્ષાએ તેની દિશા જુદી જુદી હોય છે, માત્ર પોત પોતાનો ચાર ઉપરોક્ત રીતે હોય ઈત્યાદિ **વ્યવહાર પ્રકાશ** વિગેરેમાં કહ્યું છે.

આ નક્ષત્રો નિરંતર ઉદય પામી અસ્ત પામે છે, અને તેમાં એક–બીજાનું ઉદયાંતર ઉપર પ્રમાણે છે; પણ તેમાં દરેક ગ્રહો પોતાની ધીમી કે ઉતાવળી ચાલને લીધે અલ્પાધિક મુદત કાઢે છે. આ રીતે ચંદ્રના ભોગમાં આવેલું નક્ષત્ર **દિન નક્ષત્ર** કહેવાય છે. તેના સંબંધમાં કહ્યું છે કે—

"युज्यन्ते षड् द्वादश, नव चेति निशाकरेण धिष्ण्यानि ।
प्राग्-मध्य-पश्चिमार्धैः, पौष्णैषाऽऽखण्डलादीनि" ॥१॥

અર્થ— "પૌષ એટલે રેવતીથી માંડીને છ નક્ષત્રો પૂર્વયોગી–ચંદ્રની આગળ ચાલનારા છે, આર્દ્રાથી પ્રારંભીને બાર નક્ષત્રો ચંદ્રની સાથે રહેનારા હોવાથી મધ્ય ભાગયોગી છે અને આખંડલ એટલે જ્યેષ્ઠા વિગેરે નવ નક્ષત્રો ચંદ્રની પાછળ ચાલનારા હોવાથી પશ્ચિમાર્ધયોગી છે." ॥ ૧ ॥ આ યોગ ઉપરથી પરસ્પર સંબંધ જોવાય છે; એટલે પૂર્વ યોગીમાં વિવાહ, સેવા કે મિત્રાઈ કરવામાં આવે તો મુખ્ય–શેઠ વર વિગેરે પ્રત્યે ગૌણ–નોકર સ્ત્રી વિગેરેનો બહુ પ્રેમ થાય છે, પશ્ચિમાર્ધયોગી નક્ષત્રમાં વિવાહ, સેવા વિગેરે કાર્ય કરવામાં આવે તો ગૌણ પ્રત્યે મુખ્ય અધિક ચાહનાવાળો રહે છે, અને મધ્યમયોગી નક્ષત્રમાં વિવાહ વિગેરે કરવાથી પરસ્પર ગાઢ પ્રીતિ રહે છે.

ભરણી, આર્દ્રા, અશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા અને શત ભિષા નક્ષત્રો પંદર મુહૂર્તીયા છે. રોહિણી, વિશાખા, પુનર્વસુ, અને ત્રણ ઉત્તરા નક્ષત્રો પીસ્તાળીશ મુહૂર્તીયા છે. તથા * અભીચ સિવાયના બાકીના પંદર નક્ષત્રો ત્રીશ મુહૂર્તીયા છે.

અહીં નક્ષત્રના જેટલા મુહૂર્તો કહ્યાં છે તેટલાં મુહૂર્ત સુધી ચંદ્ર તેની સાથે રહે છે, અને સૂર્યનો નક્ષત્રભોગ પણ આ ગણનાને અનુસરતો છે, એમ પ્રાચીન જ્યોતિષશાસ્ત્રની માન્યતા હતી; પરંતુ હાલમાં તો લગભગ ૩૦ મુહુર્તની ૬૦ ઘડી સુધી દરેક નક્ષત્ર સાથે ચંદ્ર રહે છે એવી માન્યતા છે; એમ શ્રીમદ્ **આવશ્યક સૂત્રની** બૃહદ્વૃત્તિના **ટીપ્પણકમાં**

---

* અભીચ ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્તવાળું નક્ષત્ર છે, પણ તેનો પાસેના નક્ષત્રમાં સમાવેશ થાય છે, જે આગળ કહેવાશે.

કહ્યું છે. તો પણ આ મુહૂર્તીયા નક્ષત્રની સંજ્ઞાનો ઉપયોગ અત્યારે નવા ચંદ્ર દર્શનમાં સૂર્યસંક્રાન્તિમાં તથા કાળધર્મ પામેલા સાધુની પછવાડે નવા દર્ભના પુતળા કરવામાં થાય છે. **રત્નમાલામાં** કહ્યું છે કે— શુદિ બીજને દિવસે ચંદ્ર જોવો, ત્યારે જો પીસ્તાળીશ મુહૂર્તીયું નક્ષત્ર હોય તો ધાન્ય સસ્તું થાય છે, ત્રીશ મુહૂર્તીયું નક્ષત્ર હોય તો અનાજના ભાવ સરખા રહે છે, અને પંદર મુહુર્તીયું નક્ષત્ર હોય તો અનાજ મોંઘું થાય છે. આ પ્રમાણે દરેક માસના ભાવ નીકળી શકે છે.

સત્યાવીશ નક્ષત્રમાં કૃત્તિકા મૃગશીર્ષ પુષ્ય મઘા વિગેરે બાર નક્ષત્રોનાં નામો કાર્તિકાદિ બાર માસને અનુસરતા છે. ઘણું કરીને તેઓ પોતપોતાના માસની પુનમે દિન નક્ષત્ર તરીકે આવે છે, અને સૂર્યના ભોગવાળું ચાલુ નક્ષત્ર દરેક માસની અમાસે દિન નક્ષત્ર તરીકે આવે છે; અને ત્યાર પછી હમેશાં એકેક દૈનિક નક્ષત્રનો ફેરફાર થાય છે.

અઠયાવીશે નક્ષત્રોના અશ્વનીકુમાર વિગેરે જુદા જુદા સ્વામીઓ છે, જેની પ્રતિષ્ઠામાં તે નક્ષત્રો શુભ મનાયેલા છે. આ પ્રમાણે તિથિ કરણ વિગેરે પણ પોતપોતાના સ્વામીની પ્રતિષ્ઠામાં અતિ આવશ્યક્તાવાળા મનાયેલ છે. તે વિષે સવિસ્તર બીના બીજા ગ્રન્થોથી જાણી લેવી; કેમકે **જિનેશ્વરદેવ** સમુચ્ચયપણે દરેક નક્ષત્રના સ્વામી છે, જેથી નક્ષત્ર વિગેરેના અધિપતિઓ સંબંધે અહીં કાંઈ ઉલ્લેખ કર્યો નથી.

પ્રસંગોપાત નક્ષત્રની સંજ્ઞાઓ અને ફળ કહીએ છીએ; જેમાંનું કેટલુંક તો આ ગ્રન્થમાં જ આગળ કહેવાશે, પરંતુ સરળતા માટે અહીં જ વર્ણવીએ છીએ.

પુનર્વસુ, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા અને શતભીષા નક્ષત્રો ચર તથા ચલ કહેવાય છે, અશ્વિની, પુષ્ય, હસ્ત અને અભિજિત્ નક્ષત્રો લઘુ તથા ક્ષિપ્ર છે, મૃગશિર, ચિત્રા, અનુરાધા અને રેવતી નક્ષત્રો મૃદુ તથા મૈત્ર છે, ત્રણ ઉત્તારા અને રોહિણી ધ્રુવ તથા સ્થિર છે. આર્દ્રા, અશ્લેષા, જ્યેષ્ઠા અને મૂળ દારૂણુ તથા તીક્ષ્ણ છે, ત્રણ પૂર્વા ભરણી અને મઘા, ક્રુર તથા ઉગ્ર છે. કૃત્તિકા અને વિશાખા મિશ્ર તથા સાધારણ છે. આ નક્ષત્રોનાં જેવાં નામ છે તેવું કાર્ય તે નક્ષત્રોમાં કરવાથી કાર્યસિદ્ધિ થાય છે; પણ એટલું વિશેષ છે કે તીક્ષ્ણ અને ઉગ્ર નક્ષત્રનાં કાર્યો મિશ્રમાં પણ કરાય છે, તેમજ ઉગ્રનાં કાર્ય દારૂણમાં પણ કરાય છે; પરંતુ તીક્ષ્ણ, ઉગ્ર કે મિશ્રનાં કાર્ય મૃદુ, ધ્રુવ, ક્ષિપ્ર કે ચર નક્ષત્રોમાં કરાતાં નથી. વળી કૃત્તિકા, ત્રણ પૂર્વા, આર્દ્રા, વિશાખા, ભરણી, અશ્લેષા. અને શતતારા શાંતકાર્યમાં પ્રાયઃ ત્યાજ્ય છે, સામાન્ય રીતે તે તે નક્ષત્રોમાં આ પ્રમાણે કાર્યની વહેંચણી કરેલ છે—

"कुर्यात प्रयाणं लघुभिश्चरैश्च, 'मृदुध्रुवैः शान्तिकमाजिमुग्रैः ।
व्याधि प्रतिकारमुशन्ति तीक्ष्णैः मिश्रैश्च मिश्रं विधिमामनन्ति" ॥१॥

અર્થ—"લઘુ અને ચરમાં પ્રયાણ, કરીયાણું, વાહન વિગેરે કરવું; મૃદુ અને ધ્રુવમાં શાંતિ, ઘર, અભિષેક, ગીત, મંગલ, વિગેરે કરવું; ઉગ્રમાં યુદ્ધ, ઠગાઈ, ઘાત, વિષ, ઉચ્છેદન, અગ્નિ વિગેરે કરવું; તીક્ષ્ણમાં વ્યાધિનો ઉપાય, મંત્ર, તંત્ર, ભેદ વિગેરે કરવું; અને મિશ્રમાં સંબંધ, ધાતુ, અગ્નિકર્મ વિગેરે કરવું." ॥ ૧ ॥ આજ ગ્રન્થમાં આગળ કહેલ છે. કે તીક્ષ્ણ નક્ષત્રમાં ચિકિત્સા અને મૃદુમાં ગ્રહણ–ધારણ કરવું તથા વળી બીજે કહ્યું છે કે ઋણ લેવું ને દેવું તે ક્ષિપ્ર નક્ષત્રમાં શુભ છે.

"लहू चरे सुहारंभो, उग्ग खित्ते तवं चरे ।
धुवे पुरपवेसाइ, मीसे संधिक्कियं करे" ॥१॥

અર્થ—"લઘુ અને ચર નક્ષત્રમાં શુભ કાર્યનો પ્રારંભ કરવો, ઉગ્રમાં તપ, ધ્રુવમાં નગર પ્રવેશાદિ. અને મિશ્રમાં સંધિનાં કાર્યો કરવાં." વળી કહ્યું છે કે—

"कुल्यभान्यश्विनी पुष्यो, मघा मूलोत्तरात्रयम् ।
द्विदैवतं मृगश्चित्रा, कृत्तिका वासवानि च ॥१॥
उपकुल्यानि भरणी, ब्राह्मं पूर्वात्रयं करः ।
ऐन्द्रमादित्यमश्लेषा, वायव्यं पौष्णवैष्णवे ॥२॥
कुल्योपकुल्यभान्यार्द्रा-ऽभिजिन्मैत्राणि वारुणम् ।
कुल्यादीनि फलवन्ति, स्थाने स्थानान्तरे द्वये" ॥३॥ [स्व.]

અર્થ—"અશ્વિની, પુષ્ય, મઘા, મૂલ ત્રણ ઉત્તરા, વિશાખા, મૃગશિર, ચિત્રા, કૃત્તિકા અને ધનિષ્ઠા; એ બાર નક્ષત્રો કુલ્ય છે. ॥ ૧ ॥ ભરણી, રોહિણી, ત્રણ પૂર્વા, હસ્ત, જ્યેષ્ઠા, પુનર્વસુ, અશ્લેષા, સ્વાતિ, રેવતી અને શ્રવણ; આ બાર નક્ષત્રો ઉપકુલ્ય છે. ॥ ૨ ॥ તથા આર્દ્રા, અભિજિત્, અનુરાધા અને શતતારા, કુલ્યોપકુલ્ય છે. તેમાં કુલ્ય નક્ષત્રો સ્થાનમાં ફલવાળા છે, ઉપકુલ્ય નક્ષત્રો સ્થાનાંતરમાં ફલવાળા છે, અને કુલ્યોપકુલ્ય નક્ષત્રો બન્ને રીતે સાધારણ ફલવાળા છે. એટલે—કુલ્યમાં જન્મેલ દાતાર થાય છે, ઉપકુલ્યમાં જન્મેલ પ્રવાસી, સેવક કે નોકર બને છે અને કુલ્યોપકુલ્યોમાં જન્મેલ દાતાર પણ થાય છે અને નોકર પણ થાય છે. ॥ ૩ ॥" કુલ્ય નક્ષત્રમાં યુદ્ધ થાય તો સ્થાયી રાજા જય પામે છે, ઉપકુલ્યમાં પ્રગટેલ યુદ્ધમાં ચડી આવેલો રાજા જીતે છે અને કુલ્યોપકુલ્યે સંધિ થાય છે; એમ **ઉદયપ્રભસૂરિ** કહે છે.

વળી ત્રણ પૂર્વા, ભરણી, કૃત્તિકા, અશ્લેષા, મઘા, વિશાખા અને મુલ; એ નવ નક્ષત્રો અધોમુખવાળા છે. ત્રણ ઉત્તરા, રોહિણી, આર્દ્રા, પુષ્ય, શ્રવણ (ત્રય), ધનિષ્ઠા, અને શતભિષા;

એ નવ નક્ષત્રો ઉર્ધ્વમુખ છે. તથા બાકીના નવ નક્ષત્રો તિર્યગ્ મુખવાળા છે. આ અધો-મુખવાળા નક્ષત્રોમાં વાવ, ભોયરૂં નિધાન ખાઈ આદિનું ખોદવું, ખાતકર્મ કરવું, જુગટું રમવું, ગુફામાં પેસવું. લખવું, ધાતુકર્મ અને રાજાની સાથે લડાઈ કરવી, વિગેરે જેમાં નીચે મુખ રાખીને કરી શકાય તેવાં સર્વ કાર્ય કરવાથી સિદ્ધ થાય છે. અને ઉર્ધ્વ (ઉંચા) મુખવાળા નક્ષત્રોમાં કિલ્લો, તોરણ, વૃક્ષ, ઉદ્યાન, અભિષેક, ધ્વજ અને છત્ર વિગેરે ઉંચે મુખ રાખીને કરવાનાં કાર્યો સિદ્ધ થાય છે. તથા તિર્યગ્મુખવાળા નક્ષત્રોમાં ખેતી, વ્યાપાર, સંધિ, યાન, વાહન, પલાણ અને યાત્રા વિગેરે સામી દૃષ્ટિ રાખીને કરતાં કાર્યો સિદ્ધ થાય છે.

વળી અશ્વિનીથી રેવતી સુધીનાં અઠ્યાવીશ-નક્ષત્રો અનુક્રમે વારા ફરતી કાણાં, ચીમડાં, દેખતાં અને આંધળાં છે. આ ઉપરથી ચોરાયેલી વસ્તુનું સ્વરૂપ સમજી શકાય છે.

અશ્વિની આદિ નક્ષત્રોનું **ત્રિનાડી ચક્રમાં** અનુક્રમે આદિ, મધ્ય, અંત, અંત, મધ્ય અને આદિ સ્થાન છે; નક્ષત્રોના આ સ્થાન ઉપરથી સંબંધ અને મૃત્યુ તપાસાય છે.

અશ્વિની આદિ નક્ષત્રોની **યોનિ** અનુક્રમે-ઘોડો, હાથી, બકરો, સાપ, સાપ, કુતરો, બીલાડો' બકરો, બીલાડો, ઉંદર, ઉંદર, બળદ, પાડો, વાઘ, પાડો, વાઘ, હરણ, હરણ, કુતરો, વાનર, નોળીઓ, નોળીઓ, વાનર, સિંહ, ઘોડો, સિંહ, બળદ, અને હાથી છે. તેમાંના ઘોડો અને પાડો, હાથી અને સિંહ બકરો અને વાનર, સાપ અને નોળીઓ, કુતરો અને હરણ, બીલાડો અને ઉંદર તથા ગાય (બળદ) અને વાઘ એ પશુઓ પરસ્પર વૈરિ હોવાથી તેમનાં નક્ષત્રો પણ પરસ્પર **વૈરનક્ષત્ર** કહેવાય છે, જે વિવાહ દીક્ષા વિગેરેના સંબંધમાં જોવાય છે અને વૈરનક્ષત્રવાળાનો સંબંધ વર્જ્ય છે.

અશ્વિની વિગેરે નક્ષત્રોનો અનુક્રમે–દેવ, મનુષ્ય, રાક્ષસ, મનુષ્ય, દેવ, મનુષ્ય, દેવ, દેવ, રાક્ષસ, રાક્ષસ, મનુષ્ય, મનુષ્ય, દેવ, રાક્ષસ, દેવ, રાક્ષસ, દેવ, રાક્ષસ, રાક્ષસ, મનુષ્ય, મનુષ્ય, વિદ્યાધર, દેવ રાક્ષસ, રાક્ષસ, મનુષ્ય, મનુષ્ય અને દેવ ગણ કહેવાય છે. આ ગણની તપાસણી પણ વિવાહાદિ સંબંધમાં જરૂરી છે. તેમાં પોતાના ગણમાં સારો, બીજામાં મધ્યમ, અને રાક્ષસ ગણમાં કરેલ સબંધ અનેષ્ટ છે.

અશ્વિની આદિ દરેક નક્ષત્રોના નીચે મુજબ ચાર ચાર અક્ષરો છે, જે પૈકી (માં) નક્ષત્રના એકેક પાયા (ચતુર્થાંશ) નો એકેક અક્ષર છે—

૧ અશ્વિની–ચુ–ચે–ચો–લા.	૧૫ સ્વાતિ–રૂ–રે–રો–ત.
૨ ભરણી–લિ–લુ–લે–લો.	૧૬ વિશાખા–તિ–તુ–તે–તો.
૩ કૃત્તિકા–અ–ઇ–ઉ–એ.	૧૭ અનુ૦–ન–નિ–નુ–ને.
૪ રોહિણી–ઓ–વ–વિ–વુ.	૧૮ જ્યેષ્ઠા–નો–ય–યી–યુ.
૫ મૃગશર–વે–વો–ક–કિ.	૧૯ મૂળ–યે–યો–ભ–ભિ.
૬ આર્દ્રા–કુ–ઘ–ઙ–છ	૨૦ પૂ૦ ષા૦–ભુ–ધ–ફ–ઢ.
૭ પુનર્વસુ–કે–કો–હ–હિ.	૨૧ ઉ૦ ષા૦–ભે–ભો–જ–જી.
૮ પુષ્ય–હુ–હે–હો–ડા.	૨૨ અભિજિત્–જુ–જે–જો–ખા.
૯ અશ્લેષા–ડિ–ડુ–ડે–ડો.	૨૩ શ્રવણ–ખિ–ખુ–ખે–ખો.
૧૦ મઘા–મ–મિ–મુ–મે.	૨૪ ધનિષ્ઠા–ગ–ગિ–ગુ–ગે.
૧૧ પૂ૦ ફા૦–મો–ટ–ટિ–ટુ.	૨૫ શતતારા–ગો–સ–સી–સુ.
૧૨ ઉ૦ ફા૦–ટે–ટો–પ–પિ.	૨૬ પૂ૦ ભા૦–સે–સો–દ–દિ.
૧૩ હસ્ત–પુ–ષ–ણ–ઠ.	૨૭ ઉ૦ ભા૦–દુ–શ–ઝ–થ.
૧૪ ચિત્રા–પે–પો–ર–રિ.	૨૮ રેવતી–દે–દો–ચ–ચિ.

આ અક્ષરો એકાશી પદોવાળા **સર્વતો ભદ્ર ચક્રમાં** તથા નામ પાડવામાં જરૂરી છે. જો કે ઙ, ઝ ણ વિગેરે અક્ષરો ઉપરથી નામ પડાતું નથી, પણ તે સર્વતોભદ્ર ચક્રના પાદ-વેધમાં જરૂરના હોવાથી નક્ષત્રોના પાયામાં તેમનો પણ સંગ્રહ કરેલ છે.

હરકોઈ બાળકનો નક્ષત્રના જે પાયામાં જન્મ થાય તે પાયાનો અક્ષર પ્રથમ રાખીને તેનું નામ પાડવામાં આવે છે. હ્રસ્વ ઉપરથી હ્રસ્વ અને દીર્ઘ બન્ને પડે છે, વળી અનુસ્વર અને વિસર્ગ કાંઇ વિકાર કરનારા મનાતા નથી. તથા ઙ અને ગ, તથા બ અને વ અક્ષરો નામની આદિમાં એક સરખા મનાયા છે. તેમજ મુળ અક્ષર કાયમ રાખી સંયુકતાક્ષરવાળું નામ પણ પાડી શકાય છે, અને સ્વર સયુંકતાક્ષર પછી મૂકાય છે. વળી અહીં જે સ્વર વિના એકલા અક્ષરો કહેલા છે તે પાયામાં તે અક્ષરના બારે સ્વરો ગ્રહણ કરાય છે. જેમકે–કોઈ બાળકનો પૂર્વાષાઢાના બીજા પાદમાં જન્મ થયો હોય તો **ધ** અક્ષર ઉપરથી ધારસી તથા **ધ્રુ** શબ્દ ઉપરથી **ધ્રુવ** વિગેરે નામો પડે છે. આવી રીતે જન્મનક્ષત્ર ઉપરથી નામ પડાય છે. વળી કેટલાકના જન્મનક્ષત્રના નામો હોવા છતાં ઉલ્લાપન માટે બીજા નામો પણ પડે છે, આ નામો પણ જ્યોતિર્વિદોને પ્રમાણ છે. તે ઉલ્લાપન નામ ઉપરથી આવતા નક્ષત્રની **નામનક્ષત્ર** એવી સંજ્ઞા છે. વિવાહ સંબંધ તથા શુભાશુભ કાર્યમાં જન્મનક્ષત્ર અને નામનક્ષત્રની આ પ્રમાણે વહેંચણી કરેલ છે—

વિવાહ દીક્ષા પ્રતિષ્ઠા વિગેરેમાં સાધ્ય-સાધકનો યોનિ વિગેરેથી સંબંધ જોવાય છે; તેમાં જન્મનક્ષત્ર ગ્રહણ કરવું, અને જન્મનક્ષત્ર ન મળે તો નામનક્ષત્ર લેવું. પણ યાદ રાખવું કે—હરકોઈ એકનું જન્મનક્ષત્ર ન મળતું હોય તો પછી બન્નેનો નામનક્ષત્રથી સંબધ તપાસવો. સામાન્ય રીતે તો એમ છે કે યોનિ, ગણ, રાશિ, તારા અને નાડી વેધ જન્મનક્ષત્રથી તથા વર્ગ મૈત્રી અને લેણાદેવી નામનક્ષત્રથી જોવાં વળી કાર્યને આશ્રીને કહ્યું છે કે—

"ग्रामे नृपतिसेवायां, संग्रामव्यवहारयोः ।
चतुर्षु नामभं, योज्यं शेषं जन्मनि योजयेत" ॥१॥

અર્થ—"ગામ, રાજસેવા, યુદ્ધ અને વ્યવહારમાં નામનક્ષત્ર; અને શેષ કાર્યોમાં જન્મનક્ષત્ર ગ્રહણ કરવું" ॥૧॥ વળી મુહુર્તમાર્તંડમાં કહ્યું છે કે—

"देशे ग्राम गृहज्वरव्यवहृतिद्यूतेषु दाने मनौ,
सेवाकाङ्क्षिणीवर्गसंगरपुनर्भूमेलकेनामभम् ।
जन्मर्क्ष परतो वधूपुरुषयोर्जन्मर्क्षमेकस्य चेद्,
ज्ञातं शुद्धमितो विलोक्य च तयोर्नामर्क्षयोर्मेलकः" ॥१॥

અર્થ—દેશ, ગામ અને ઘરના પ્રવેશમાં, રોગમાં વ્યવહારમાં (વેપારમાં), જુગાર રમવામાં, દાન દેવામાં, યંત્રની પ્રાપ્તિમાં, સેવામાં, કાંકણી પામવામાં, અષ્ટવર્ગ મેળવવામાં યુદ્ધમાં, પુનર્ભૂમાં અને મેળમાં નામનક્ષત્ર તથા નામરાશિનો ચંદ્ર જોવો અને બીજા કાર્યમાં જન્મનક્ષત્ર તથા જન્મરાશિનો ચંદ્ર ગ્રહણ કરવો. પણ જો વધુ પુરૂષના મેળાપમાં માત્ર એકનું જન્મનક્ષત્ર મળે તો વિશેષ શુદ્ધિ તપાસી બન્નેનો નામ નક્ષત્રથી મેળાપ કરવો. ॥ ૧ ॥ જ્યોતિર્નિબંધકારને પણ આ વાત સમ્મત છે. તથા શાર્ઙ્ગધર કહે છે કે—

"विवाहघटनं चैव, लग्नजं ग्रहजं बलम् ।
नामभात् चिन्तयेत्सर्वं, जन्म न ज्ञायते यदा" ॥१॥

અર્થ—"જો જન્મનક્ષત્ર ન મળી શકે તો વિવાહકાર્ય, લગ્નનું બળ અને ગ્રહનું બળ, નામ નક્ષત્રથી તપાસવાં. ॥૧॥

દરેક મનુષ્યના જન્મનક્ષત્ર વિગેરે છ પ્રકારના નક્ષત્રો છે. જેમાં પહેલું જન્મનક્ષત્ર, દસમું કર્મ, સોળમું સંઘાત, અઢારમું સમુદય, ત્રેવીશમું વિનાશ અને પચ્ચીશમું માનસ નક્ષત્ર કહેવાય છે. તેમાં જન્મનક્ષત્ર સર્વ શુભકાર્યમાં વર્જ્ય છે.

આ ઉપરાંત બીજા ત્રણ નક્ષત્રો લેતાં રાજાને નવ નક્ષત્રો હોય છે. જે દિવસે રાજાનો રાજ્યાભિષેક થયો હોય તે સાતમા પ્રકારનું **અભિષેક** નક્ષત્ર કહેવાય છે, અને આઠમો પ્રકાર જાતિ નક્ષત્રના કોષ્ટક અનુસારે પુષ્ય તથા ઉત્તરા રાજાના **જાતિ** નક્ષત્રો છે, અને નવમા પ્રકારનું **દેશ**નક્ષત્ર હોય છે. આદ્રાથી માંડીને ત્રણ ત્રણ નક્ષત્રો પૂર્વાદિ આઠ દિશાના અને કૃત્તિકા રોહિણી તથા મૃગશર મધ્યભાગના દેશનક્ષત્રો છે, તે લાવવાની આ રીતિ છે—

"कर्णिकाष्ट दैलराढये, पद्मे नाभौ दलेषु च ।
प्राच्यादिस्थेषु भानीह, न्यस्याग्निभत्रयादित:" ॥१॥

અર્થ—એક કર્ણિકા અને આઠ પાંખડીવાળું કમળ કરવું. અને તેની નાભિમાં તથા પૂર્વાદિ દિશામાં રહેલી પાંખડીઓમાં.અનુક્રમે કૃતિકાથી આરંભીને ત્રણ ત્રણ નક્ષત્રો મૂકવા તથા સ્થુલ રીતે આ નક્ષત્રો અનુક્રમે પાંચાળ, મગધ, કલિંગ, અવન્તિ, આનર્ત, સિંધુ, સૌવીર હારહર, મદ્ર, અને કોણિંદ, દેશના મનાય છે. આ રીતે પૃથ્વીના નવ ભાગ કરી દરેક દેશો પણ લેવાય છે.



આ નવ પ્રકારના નક્ષત્રો કુરગ્રહની પીડા વિગેરે નવ પ્રકારે દૂષિત થાય છે ત્યારે તે પોતાના માલીકનું અનિષ્ટ કરે છે. નવ પ્રકારનો દોષ આ પ્રમાણે છે—

"केत्वर्कार्किभिराक्रांन्तं, भौमवक्रभिदाहतम् ।
उल्का ग्रहण दग्धं च, नवधाऽपि न भं शुभम्" ॥१॥

અર્થ—કેતુ રવિ અને શનિ ગ્રહે આક્રમેલું, મંગલ વક્રીગ્રહ અને બીજા નક્ષત્રે હણેલું તથા ઉલ્કાનક્ષત્ર, ગ્રહણનક્ષત્ર અને દગ્ધનક્ષત્ર; એ નવ પ્રકારે દોષિત થયેલ નક્ષત્ર શુભ નથી." ॥ १ ॥

રવિગ્રહ ચૈત્ર માસમાં મેષરાશિ ભોગવે છે, અને ત્યારેજ અશ્વિની નક્ષત્રમાં પ્રવેશ કરે છે. ત્યાર પછી તેર કે ચૌદ ચૌદ દિવસના ભોગવડે કરીને એક વર્ષમાં દરેક નક્ષત્રોને ભોગવે છે. સૂર્ય જે નક્ષત્રમાં હોય તે **રવિનક્ષત્ર** કહેવાય છે. આ રવિનક્ષત્રની રવિયોગ ઉપગ્રહ આડલ વિગેરેમાં જરૂર પડે છે. આ રીતે દરેક ગ્રહો પોતાના રાશિભોગના ચાર નવમાંશ ૪/૯ ભાગમાં

એકેક નક્ષત્રનો ભોગ લ્યે છે, અને તે દરેકના ભોગ્ય નક્ષત્રોની જુદા જુદા સ્થાને આવશ્યકતા જોવાયેલ છે.

આ સિવાય નક્ષત્રોની જાતિ, ગ્રહભુકિતનું માન, પરિઘ આદિના સ્થાન સંજ્ઞાનક્ષત્રો વિગેરે ૧ અધિકાર અન્ય ગ્રન્થોમાં વિસ્તારથી વર્ણવ્યો છે, વિશેષ જાણવા ઇચ્છનારે તે ત્યાંથી જોઈ લેવો. અહીં તો માત્ર મુહૂર્ત વિભાગમાં જરૂરી નક્ષત્ર ગોચર પરિપૂર્ણ થયું.

મૂળ ગ્રન્થમાં દોઢ શ્લોકથી નક્ષત્રોના તારાની સંખ્યા આપી છે, અને અર્ધા શ્લોકથી કહે છે કે—નક્ષત્રના જેટલા તારાઓ હોય છે તે તે આંકવાળી : તિથિ તે નક્ષત્રના યોગમાં **દગ્ધ** થાય છે. અશ્વિની નક્ષત્રમાં ત્રીજ, ભરણી નક્ષત્રના ત્રણ તારાઓ હોવાથી તેમાં પણ ત્રીજ, એમ દરેક નક્ષત્રની અશુભ તિથિઓ સમજવાની છે. જે નક્ષત્રના પંદરથી અધિક તારા છે તે તારાની સંખ્યાને ૧૫ ભાગી શેષ રહેલી આંકવાળી તિથિ તે નક્ષત્રમાં વર્જ્ય કરાય છે. આ રીતે શતભિષા નક્ષત્રમાં દશમ અને રેવતી નક્ષત્રમાં બીજ તિથિ અશુભ છે. જે શુભકાર્યમાં વર્જ્ય છે.

ઉદયપ્રભસૂરિ તો કહે છે કે–પુનર્વસુ નક્ષત્રના ત્રણ તારા છે, એટલે તેમની માન્યતાએ ત્રીજને દિને પુનર્વસુ નક્ષત્ર હોય તો ત્રીજ નક્ષત્ર દગ્ધ થાય છે, પણ ચોથ થતી નથી. બીજા ગ્રન્થોમાં કેટલાક તારાની વિશેષ સંખ્યા પણ મળે છે, અને તે એકેક તારાની વૃદ્ધિમાં નક્ષત્રની આકૃતિમાં પણ ફેરફાર થાય છે. પણ તે નક્ષત્રની ઓળખાણ માટે વિશેષ તારાઓ ગણાવ્યા હોવાથી તે તારાઓને વર્જ્ય તિથિ લેવામાં ગણવા નહિં.

લલ્લ તારાની સમાન સંખ્યાવાળી તિથિને નક્ષત્રદગ્ધ તિથિ ઓળખાવી વિશેષ કહે છે કે—

"तारासमैरहोभिर्मासैरब्देश्च धिष्ण्यफलपाकः" ।

અર્થ—"તારાને તુલ્ય દિવસ માસ અને વર્ષો વડે નક્ષત્રનું ફળ પરિપકવ થાય છે." આ સિવાય બીજી પણ નક્ષત્રની શુદ્ધિ આ પ્રમાણે જોવી. શુભ કાર્યમાં તીક્ષ્ણ ઉગ્ર અને મિશ્ર નક્ષત્રો વર્જવાં. કહ્યું છે કે—

"प्रायः शान्ते कार्ये न योजयेत कृत्तिका स्त्रिपूर्वाश्च ।
वारुणरौद्रे च तथा द्विदैवतं याम्यमश्लेषाम्" ॥

અર્થ–"પ્રાયઃ કરીને શાંત કાર્યમાં કૃત્તિકા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, શતભિષા આર્દ્રા,

---

૧ મુહૂર્તનાં નામો નક્ષત્ર સમાન હોવાથી મુહુર્તોનો સંજ્ઞા, પરિઘ, વર્જ્યાવર્જ્ય ફળ, વિગેરે સવસ્વ અધિકાર નક્ષત્રના જેવો સમજવો.

નક્ષત્ર ચક્ર

નંબર	નામ	ઉદય પળ	દિશા	તારા	આકૃતિ	ચંદ્રયોગ	મુહૂર્ત	દિવસ	સ્વામી દેવતા	સંજ્ઞા સ્વભાવ	કુલ્યાદિ
૧	અશ્વિની	૯૬	ઉત્તર	૩	અશ્વમુખ	પૂર્વ યોગી	૩૦	૧૫	અ. કુ.	લઘુ	કુલ્ય
૨	ભરણી	૧૦૨	ઉત્તર	૩	ત્રિકોણ		૧૫	૧૫	યમ	ક્રુર	ઉપ.
૩	કૃત્તિકા	૧૦૮	ઉત્તર	૩	ક્ષુરપ્ર		૩૦	૧૫	અગ્નિ	મિશ્ર	કુલ્ય
૪	રોહિણી	૧૧૫	દક્ષિણ	૫	શકટ		૪૫	૧૫	બ્રહ્મા	ધ્રુવ	ઉપ.
૫	મૃગશિર	૧૨૦	દક્ષિણ	૩	હરણશીર		૩૦	૧૫	ચંદ્ર	મિત્ર	કુલ્ય
૬	આર્દ્રા	૧૩૪	દક્ષિણ	૧	મણિ		૧૫	૮	શિવ	દારૂણ	મિશ્ર
૭	પુન.	૧૪૮	ઉત્તર	૪	તુલા	યોગી	૪૫	૭	અદિતિ	ચર	ઉપ.
૮	પુષ્ય	૧૫૧	મધ્ય	૩	બાણ		૩૦	૧૫	ગુરુ	લઘુ	કુલ્ય
૯	અશ્લે.	૧૫૩	દક્ષિણ	૬	પતાકા		૧૫	૧૫	સર્પ	દારૂણ	ઉપ.
૧૦	મઘા	૧૫૨	મધ્ય	૫	કિલ્લો		૩૦	૧૫	પિતર	ક્રુર	કુલ્ય
૧૧	પૂ. ફા.	૧૫૩	ઉત્તર	૨	લીંટી		૩૦	૧૫	ભગ	ક્રુર	ઉપ.
૧૨	ઉ. ફા.	૧૪૮	ઉત્તર	૨	લીંટી		૪૫	૧૫	અર્યમા	ધ્રુવ	કુલ્ય
૧૩	હસ્ત	૧૪૭	ઉત્તર	૫	પંજો		૩૦	૧૫	રવિ	લઘુ	ઉપ.

૧૪	ચિત્રા	૧૪૬	દક્ષિણ	૧	મોતી	મધ્યમ	૩૦	૧૫	ત્વષ્ટ્રા	મૈત્ર	કુલ્ય
૧૫	સ્વાતિ	૧૪૭	ઉત્તર	૧	પરવાળો		૧૫	૧૫	વાયુ	ચર	ઉપ.
૧૬	વિશાખા	૧૪૮	દક્ષિણ	૪	ડામણુ		૪૫	૧૫	ઈન્દ્રાગ્નિ	મિશ્ર	કુલ્ય
૧૭	અનુ.	૧૫૩	,,	૪	માળા		૩૦	૮	મિત્ર	મૈત્ર	મિશ્ર
૧૮	જ્યેષ્ઠા	૧૫૨	,,	૩	દાંત		૧૫	૭	ઇંદ્ર	દારૂણ	ઉપ.
૧૯	મૂળ	૧૫૩	,,	૧૧	વીંછીઆંકડો		૩૦	૧૫	રાક્ષસ	દારૂણ	કુલ્ય
૨૦	પૂ. ષા.	૧૫૧	,,	૪	હસ્તિ પદ		૩૦	૧૫	જળ	ધ્રુવ	ઉપ.
૨૧	ઉ. ષા.	૧૪૮	,,	૪	શય્યા	પશ્ચિમી યોગી	૪૫	૧૫	વિશ્વદે	ધ્રુવ	કુલ્ય
૨૨	અભીચ્	—	ઉત્તર	૩	શીંગોડું		૯ ૨૭/૬૭	૭	બ્રહ્મા	લઘુ	મિશ્ર
૨૩	શ્રવણ	૧૩૪	,,	૩	કાવડ		૩૦	૮	વિષ્ણુ	ચર	ઉપ.
૨૪	ધનિષ્ઠા	૧૨૦	,,	૪	સૂપડું		૩૦	૧૫	વસુ	ચર	કુલ્ય
૨૫	શત.	૧૧૫	મધ્ય	૧૦૦	જથ્થો		૧૫	૭	વરૂણ	ચર	મિશ્ર
૨૬	પૂ. ભા.	૧૦૮	ઉત્તર	૨	લીંટી		૩૦	૮	અજૈક	ક્રુર	ઉપ.
૨૭	ઉ. ભા.	૧૦૨	,,	૨	લીંટી		૪૫	૧૫	અહિ	ધ્રુવ	કુલ્ય
૨૮	રેવતી	૯૬	મધ્ય	૩૨	નાવ	પૂર્વ.	૩૦	૧૫	પુષ્પા.	મૈત્ર	મિશ્ર

નક્ષત્ર ચક્ર

નંબર	નામ	મુખ	નેત્ર	યોનિ	વૈરયોનિ	ગણ	નાડી	અક્ષરો	રાશિ	જાતિ	લિંગ
૧	અશ્વિની	તિ	મંદ	ઘોડો	પાડો	દેવ	આ	ચુ ચે ચો લા	મેષ	વણિક્	પુરૂષ
૨	ભરણી	અ	ચિપ	હાથી	સિંહ	મનુ	મ	લિ લુ લે લો	મેષ	ચંડાલ	પુરૂષ
૩	કૃત્તિકા	અ	સુ	બકરો	વાન	રા.	અં	અ ઈ ઉ એ	મે. વૃ.	બ્રાહ્મણ	પુરૂષ
૪	રોહિણી	અ	અંધ	સાપ	નોલી	મનુ	અં	ઓ વા વિ વુ	વૃષ	ખેડુત	પુરૂષ
૫	મૃગસર	તિ	મંદ	,,	,,	દેવ	મ	વે વો ક કિ	વૃ. મિ	સેવક	પુરૂષ
૬	આર્દ્રા	ઉ	ચિમ	કુતરો	હરણ	મનુ	આ	કુ ઘ ઙ છ	મિથુ.	ઉગ્ર	સ્ત્રી
૭	પુનર્વસુ	તિ	સુ	બીલા	ઉંદર	દેવ	આ	કે કો હ હિ	મિ. ક.	વણિક્	સ્ત્રી
૮	પુષ્ય	ઉ	અંધ	બકરો	વાનર	દેવ	મ	હુ હે હો ડ	કર્ક	રાજા	સ્ત્રી
૯	અશ્લે.	અ	મંદ	બીલા	ઉંદર	રા.	અં	ડિ ડુ ડે ડો	કર્ક	ચંડાલ	સ્ત્રી
૧૦	મઘા	અ	ચિમ	ઉંદર	બીલા	રા.	અં	મ મિ મુ મે	સિંહ	ખેડુ	સ્ત્રી
૧૧	પૂ. ફા.	અ	સુ	,,	,,	મનુ	મ	મો ટ ટિ ટુ	સિંહ	બ્રાહ્મણ	સ્ત્રી
૧૨	ઉ. ફા.	ઉ	અંધ	બળદ	વાઘ	મનુ	આ	ટે ટો પ પિ	સિં. ક.	રાજા	સ્ત્રી
૧૩	હસ્ત	તિ	મંદ	પાડો	ઘોડો	દેવ	આ	પુ ષ ણ ઠ	કન્યા	વણિક્	સ્ત્રી

૧૪	ચિત્રા	તિ	ચિપ	વાઘ	બળદ	રા.	મ.	પે પો ર રિ	ક. તુ.	સેવક	સ્ત્રી
૧૫	સ્વાતિ	તિ	સુ	પાડો	ઘોડો	દેવ	અં	રૂ રે રો ત	તુલા	ઉગ્ર	સ્ત્રી
૧૬	વિશાખા	અ	અંધ	વાઘ	બળદ	રા.	અં	તિ તુ તે તો	તુ. વૃ.	ચંડાલ	નપું.
૧૭	અનુ.	તિ	મંદ	હરણુ	કુતરો	દેવ	મ	ન નિ નુ ને	વૃ.	ખેડુત	નપું.
૧૮	જ્યેષ્ઠા	તિ	ચિમ	,,	,,	રા.	આ	નો ય યિ યુ	વૃશ્ચિ.	સેવક	નપું.
૧૯	મૂળ	અ	સુ	કુતરો	હરણુ	રા.	આ	યે યો ભ ભિ	ધન	ઉગ્ર	પુરૂષ
૨૦	પૂ. ષા.	અ	અંધ	વાનર	બકરો	મનુ	મ	ભુ ધ ફ ઢ	ધન	બ્રાહ્મણ	પુરૂષ
૨૧	ઉ. ષા.	ઉ	મંદ	નોળીયો	સાપ	મનુ	અં	ભે ભો જ જિ	ધ. મ.	રાજા	પુરૂષ
૨૨	અભીચ	ઉ	ચિ.	નોળીયો	સાપ	વિદ્યાધર	મ	જુ જે જો ખા	મકર	વણિક	પુરૂષ
૨૩	શ્રવણુ	ઉ	સુ	વાંદર	બકરો	દેવ	અં	ખિ ખુ ખે ખો	મકર	ચંડાલ	પુરૂષ
૨૪	ધનિષ્ઠા	ઉ	અંધ	સિંહ	હાથી	રા.	મ	ગ ગિ ગુ ગે	મ.કું.	સેવક	પુરૂષ
૨૫	શત.	ઉ	મંદ	ઘોડો	પાડો	રા.	આ	ગો સ સિ સુ	કુંભ	ઉગ્ર	પુરૂષ
૨૬	પૂ. ભા.	અ	ચિમ	સિંહ	હાથી	મનુ	આ	સે સો દ દિ	કું.મી.	બ્રાહ્મણ	પુંરૂષ
૨૭	ઉ. ભા.	ઉ	સુ	બળદ	વાઘ	મનુ	મ	દુ શ ઝ થ	મીન	રાજા	પુરૂષ
૨૮	રેવતી	તિ	અંધ	હાથી	સિંહ	દેવ	અં	દે દો ચ ચિ	મીન	ખેડુત	પુરૂષ

નક્ષત્ર ચક્ર

નં.	નામ.	દેશ દિશા	ઘાતક તિથિ	ચંદ્ર માર્ગ દિશા	પૂર્ણિમા	શુભાશુભ	ક્ષેત્ર
૧	અશ્વિની	ઈશાન	જયા	ઉ-તર	આસો	શુભ	સમ
૨	ભરણી	,,	જયા	,,		નાશ	અર્ધ
૩	કૃતિકા	મધ્ય	નંદા	મધ્ય	કાર્તિક	નાશ	સમ
૪	રોહિણી	,,	પૂર્ણા	,,		સિદ્ધિ	દવ્ય.
૫	મૃગશર	,,	જયા	દક્ષિણ	માગશર	શુભ	સમ
૬	આર્દ્રા	પૂર્વ	નંદા	,,		શુભ	અર્ધ
૭	પુન.	,,	રિકતા	મધ્ય		મધ્ય	દવ્ય.
૮	પુષ્ય	,,	જયા	દક્ષિણ	પોષ	શુભ	સમ
૯	અશ્લે.	અગ્નિ	નંદા	,,		શોક	અર્ધ.
૧૦	મઘા	,,	રિકતા	મધ્ય	મહા	નાશ	સમ
૧૧	પૂ. ફા	,,	ભદ્રા	ઉ-તર		મૃત્યુ	સમ
૧૨	ઉ. ફા.	દક્ષિણ	ભદ્રા	,,	ફાગણ	વિદ્યા	દવ્ય.
૧૩	હસ્ત	,,	પૂર્ણા	દક્ષિણ		લક્ષ્મી	સમ
૧૪	ચિત્રા	,,	નંદા	મધ્ય	ચૈત્ર	શુભ	સમ
૧૫	સ્વાતિ	નૈઋર્ત્ય	નંદા	ઉ-તર		અશુભ	અર્ધ
૧૬	વિશાખા	,,	રિકતા	મધ્ય	વૈશાખ	અશુભ	દ્વય.
૧૭	અનુ.	,,	રિકતા	,,		સિદ્ધિ	સમ
૧૮	જયેષ્ઠા	પશ્ચિમ	જયા	,,	જેઠ	ક્ષય	અર્ધ
૧૯	મૂળ	,,	નંદા	દક્ષિણ		હાનિ	સમ
૨૦	પૂ. ષા.	,,	રિકતા	,,	અસાડ	હાનિ	સમ
૨૧	ઉ. ષા.	વાયવ્ય	રિકતા	,,		બુદ્ધિ	દ્વય
૨૨	અભીચ	,,		ઉ-તર		વૃદ્ધિ	સમ
૨૩	શ્રવણ	,,	જયા	,,	શ્રાવણ	સુખ	સમ
૨૪	ધનિષ્ઠા	,,	પૂર્ણા	,,		શુભ	સમ
૨૫	શત.	ઉ-તર	નંદા	,,		શુભ	અર્ધ
૨૬	પૂ. ભા.	,,	ભદ્રા	,,		મૃત્યુ	સમ
૨૭	ઉ. ભા.	,,	ભદ્રા	,,	ભાદરવો	લક્ષ્મી	દ્વય
૨૮	રેવતી	ઈશાન	નંદા	,,		કામ	સમ

વિશાખા ભરણી અને અશ્લેષા નક્ષત્રો વર્જવા." દરેક નક્ષત્રોની અમુક ઘડીઓ પછી ચાર **વિષઘટિકા** આવે છે, જે શુભકાર્યમાં વર્જ્ય છે; એમ મુહૂર્ત ચિંતામણિમાં કહેલ છે. પણ બીજા ગ્રન્થોમાં તો નક્ષત્રની આદિની અને અંતની ચાર ચાર ઘડીઓ ત્યાજ્ય કહી છે,

"धिष्ण्यस्यादावन्ते, त्यजेच्चतस्त्रो घटीः कर ग्रहणे ।
यदि शुद्धे द्वे धिष्ण्ये, विवाह योग्ये तदा श्रेष्ठे" ॥१॥

અર્થ—"વિવાહમાં દરેક નક્ષત્રની આદિની ચાર અને અંતની ચાર ઘડીઓ ત્યાજ્ય છે, પણ પાસેપાસેના બન્ને નક્ષત્રો વિવાહયોગ્ય - શુભ હોય તો તેની સંધિઘટિકા વર્જવાની જરૂર નથી" ॥૧॥ **વિવાહવૃન્દાવનમાં** નક્ષત્ર સંધિદોષ સવા ઘડીનો કહેલ છે. વળી **વિક્રમ** તો દરેક ગ્રહના **સંક્રમણમાં** નક્ષત્રનો સંધિદોષ જણાવે છે તથા આગળ કહેવાશે તે ગડાંતયોગ પણ શુભકાર્યમાં વર્જ્ય છે. શ્રીમન **હરિભદ્રાચાર્ય** વર્જ્ય નક્ષત્રની નામાવળી આપતાં કહે છે કે—

"सणिमंगलाण पुरओ, धूमियमालिंगियं च तज्जुत्तं ।
आलिंगिअस्स पच्छा, जं रिक्खं तं भवे दड्ढं ॥१॥
संझागयं धूमियमालिंगिय दड्ढ विद्ध सोवग्गहं ।
लत्तापाएक्कगलदूसिअं इअ दुट्ठ रिक्खाइं ॥२॥

અર્થ—"શનિ અને મંગળની સામેનું નક્ષત્ર **ધુમિત** કહેવાય છે, શનિ કે મંગલની સાથે જોડાયેલું નક્ષત્ર **આલિંગિત** કહેવાય છે, તથા આલિંગિતની પછવાડે રહેલું–શનિ મંગળે ભોગવેલું નક્ષત્ર **દગ્ધ** કહેવાય છે ॥ ૧ ॥ સંધ્યાકાળે ઉદય પામેલું નક્ષત્ર ૧, શનિ અને મંગળે ભોગવવાનું ભોગવતું કે ભોગવેલ ધુમિત આલિંગિત અને દગ્ધ : નક્ષત્ર ૨–૩–૪, વેધ ૫, ઉપગ્રહ ૬, લત્તા ૭, પાત ૮ અને એકાર્ગલ ૯ ના દોષવાળું નક્ષત્ર **દુષ્ટ** કહેવાય છે ॥ ૨ ॥" ઉપરોક્ત વેધ આદિ પાંચ દોષો નક્ષત્ર શુદ્ધિ જોવા વખતે મૂળ ગ્રન્થકાર આગળ જણાવશે. વળી કહ્યું છે કે—

"संझागयं रविगयं, विड्डरं सग्गहं विलंबं च ।
राहुहयं गहभिन्नं, विवज्जए सत्त नक्खत्ते" ॥१॥

અર્થ—"સંધ્યાનું સૂર્ય ભોગવાતું, વક્રીગ્રહવાળું–વિડ્ડર, સ્વતઃ ક્રૂરગ્રહવાળું–સંગ્રહ રવિના નક્ષત્ર પછી રહેલું–વિલંબિત રાહુએ જેમાં સૂર્ય–ચંદ્રનું ગ્રહણ કર્યું હોય તે તથા ગ્રહ જેને ભેદીને જાય તે; આ સાત પ્રકારનું નક્ષત્ર વર્જવું ॥ ૧ ॥

ગ્રહણ થાય ત્યારે **રાહુ** જોયેલો કહેવાય છે. તે જે નક્ષત્રમાં જોવાયેલો હોય અર્થાત જે

નક્ષત્રમાં સુર્ય-ચંદ્રનું ગ્રહણ થયું હોય તે નક્ષત્ર ત્યાજ્ય છે. આ નક્ષત્ર છ માસે શુદ્ધ થાયછે. નારચંદ્રની ટીપ્પણીમાં ગ્રહની દષ્ટિથી ભેદાયેલ નક્ષત્રની ગ્રહભિન્ન એવી સંજ્ઞા આપેલ છે કેટલાક આચાર્યો કહે છે કે—

भुक्तं भोग्यं च न त्याज्यं, सर्वकर्मसु सिद्धिदम् ।
यत्नात् त्याज्यं तु सत्कार्ये नक्षत्रं राहुसंयुतम् ॥

અર્થ—"કુરગ્રહે ભોગવેલ ભોગવાતું કે ભોગ્ય નક્ષત્ર સર્વકર્મમાં સિદ્ધિ દેવાવાળું હોવાથી ત્યાજ્ય નથી, પરંતુ શુભ કાર્યમાં રાહુ વડે કરીને યુકત નક્ષત્રનો યત્નથી ત્યાગ કરવો" ॥ ૧ ॥ **મુહુર્ત ચિંતામણિમાં** વિલગ્નની નામાવળી આપતાં નક્ષત્રો માટે કહે છે કે—

"क्रूराक्रान्तविमुक्तभं ग्रहणभं यत्क्रूरगन्तव्यभं,
त्रेधोत्पातहतं च केतुहतभं सन्ध्योदितं भं तथा ।
तद्वच्च ग्रहभिन्नयुद्धगतभं सर्वानिमान संत्यजेद्,
उद्वाहे शुभकर्मसु ग्रहकृतान् लग्नस्य दोषानपि" ॥१॥

અર્થ—"કુરગ્રહવાળું નક્ષત્ર, કુરગ્રહે ભોગવી છોડી દીધેલ નક્ષત્ર, ગ્રહણ નક્ષત્ર, કુરગ્રહે ભોગવવાનું નક્ષત્ર, ત્રણ ઉત્પાતવાળું નક્ષત્ર, કેતુથી હણાયેલ નક્ષત્ર સંધ્યાકાળે ઉગેલું નક્ષત્ર, ગ્રહથી ભેદાયેલ નક્ષત્ર અને ગ્રહના યુદ્ધવાળું નક્ષત્ર અશુભ છે; તેથી વિવાહ તથા બીજા શુભ કાર્યમાં આ નક્ષત્રોનો ત્યાગ કરવો, તેમજ ગ્રહ અને લગ્નના દોષો પણ ત્યજવા, ॥૧॥" તેજ શ્લોકની ટીકામાં કહ્યુ છે કે દિવ્ય ભૌમ અને આંતરિક્ષ એમ ત્રણ પ્રકારના ઉત્પાત છે તેમાં, દિગદાહ ઉલ્કા, મહાવાયુ, ભૂકંપ, ધુમકેતુ અને ગ્રહણ વિગેરેનો સમાવેશ થાય છે. આ ત્રણે પ્રકારના ઉત્પાતથી હણાયેલ નક્ષત્ર છ માસ ત્યાજ્ય છે. આરંભસિદ્ધિની **ટીકામાં** કહ્યુ છે કે— કુર-ગ્રહોએ ભોગવેલ નક્ષત્રમાં સ્વાભાવિક કુરગ્રહ રવિ, મંગળ, શનિ અને રાહુના નક્ષત્રો વર્જ્ય છે, પણ ક્ષીણચંદ્ર કે પરના સંયોગથી કુર થયેલ બુધનાં નક્ષત્ર વર્જ્ય મનાતાં નથી.

રાહુદર્શનના નક્ષત્રની પેઠે જે નક્ષત્રમાં **કેતુ** દેખાય તે નક્ષત્ર પણ ત્યાજ્ય કહેલું છે. જેમ ગ્રહણને દિવસ રાહુદર્શન થાય છે તેમ સ્પસ્ટ કેતુદર્શન થતું નથી. પણ જે નક્ષત્રમાં કેતુઉદય થયો હોય તે નક્ષત્રમાં કેતુને જોયેલો કહેવાય છે. ગ્રહોમાં રાહુગ્રહની વામગતિ છે, અને તેની સાતમી રાશિમાં સમાન અંશે રહીને કેતુ પણ વામગતિ કરે છે. તેનું ઉદય નક્ષત્ર જાણવાને મુશ્કેલી હોવાથી **ત્રિવિક્રમ શતકની** ટીકામાં આ પ્રમાણે સરસ રીતિ દેખાડી છે.

મેષાદિ રાશિમાં સૂર્ય હોય અને રેવતી આદિ બાર નક્ષત્રમાં રાહુ હોય તો, ભાદરવા આદિ બાર માસના બીજા પખવાડીયામાં કેતુનો ઉદય થાય છે. અને તેના બાર ઉદય નક્ષત્રો અનુક્રમે-પુષ્ય, રોહિણી, આર્દ્રા, પુનર્વસુ. અશ્લેષા, ચિત્રા, મૂળ, સ્વાતિ, મૂળ, જ્યેષ્ઠા, શ્રવણ અને શતભિષા છે. આ નક્ષત્રમાં કેતુ ઉદય પામી છ માસ સુધી તેમાંજ રહે છે, માટે તે નક્ષત્ર છ માસ સુધી શુભકાર્યમાં વર્જવું.

ભુવનદીપકની વૃત્તિમાં કહ્યું છે કે—

"राहवास्यपुच्छस्थ इत्यबलो ग्रहः" ।

અર્થ—"રાહુનું નક્ષત્ર મુખનક્ષત્ર કહેવાય છે, અને તેથી પંદરમું પુચ્છ નક્ષત્ર કહેવાય છે તેમાં રહેલ ગ્રહ નિર્બલ છે." મુહૂર્ત ચિંતામણિમાં કહ્યું છે કે—રાહુએ ભોગવાતું એક નક્ષત્ર **કર્તરી**, રાહુ ભોગ્ય તેર નક્ષત્રો **મૃત**, રાહુના નક્ષત્રથી **૧૫** મું નક્ષત્ર **ગ્રસ્ત** અને રાહુભુકત તેર નક્ષત્રો **જીવ નક્ષત્રો** છે. તેઓમાં મૃત ગ્રસ્ત કર્તરી અને જીવ નક્ષત્રો ઉત્તરોત્તર પણે દુષ્ટ અશુભ મધ્યમ અને શુભ છે. (રાહુની ગતિ વક્ર હોય છે તે ધ્યાન રાખવું.) નક્ષત્રના દોષોનો પરિહાર ઉદયપ્રભસૂરિ આ પ્રમાણે કહે છે—

"घिष्ण्यं कार्याय पर्याप्तं, चन्द्रभोगाद् ग्रहाहतम् ।
शुद्धं षड्भिर्भवेद् मासै-रुपरागपराहतम्" ॥१॥

અર્થ—"ગ્રહથી હણાયેલ નક્ષત્ર દોષમુકત થઈ ચંદ્રના ભોગમાં આવ્યા પછીથી શુભકાર્યને માટે યોગ્ય થાય છે અને ગ્રહણથી હણાયેલ નક્ષત્ર છ માસે શુદ્ધ થાય છે" ॥૧॥ **લલ્લ** કહે છે કે—દુષિત નક્ષત્ર સૂર્યના ભોગમાં તપી ચંદ્રના ભોગમાં શાંત થતાં શુભ કાર્યમાં ગ્રહણ કરાય છે. કેટલાક આચાર્યો કહે છે કે—ગ્રહણનું નક્ષત્ર સૂર્યના ભોગમાં આવ્યા પછી શુદ્ધ થાય છે. **સપ્તર્ષિઓ** કહે છે કે—એક માસમાં બે ગ્રહણ થાય તો બીજું ગ્રહણ થતાં પહેલા ગ્રહણથી દુષિત નક્ષત્ર શુદ્ધ થાય છે અને બીજા ગ્રહણનું નક્ષત્ર છ માસે શુદ્ધ થાય છે, **વિવાહ વૃન્દાવનમાં** કહ્યું છે કે—જે નક્ષત્રમાં રાહુ-કેતુ દેખાયા હોય તે નક્ષત્ર તથા પરસ્પર ગ્રહના ભેદવાળું નક્ષત્ર છ માસે શુદ્ધ થાય છે. ઉલ્કાપાત અને ચંદ્ર–સૂર્યના પરિવેષવાળું નક્ષત્ર છ માસ સુધી અશુભ છે. **રત્નમાલા ભાષ્યમાં** કહ્યું છે કે, ભૌમ આદિ ઉત્પાતથી તથા ગ્રહના યુદ્ધથી દુષિત નક્ષત્ર ચંદ્રના ભોગથી શુદ્ધ થાય છે

વળી ઉદયપ્રભસૂરિ પુષ્યનું બળ દેખાડતા કહે છે કે—

"कार्यं वितारेन्दुबलेऽपि पुष्ये, दीक्षां विवाहंच विना विदध्यात्,
पुष्यः परेषां हि बलं हिनस्ति, बलं तु पुष्यस्य न हन्युरन्ये" ॥१॥

અર્થ—"તારા અને ચંદ્રનું બળ ન હોવા છતાં દીક્ષા અને વિવાહ વિનાના સર્વ કાર્યો પુષ્પ નક્ષત્રમાં કરવા; કેમકે પુષ્ય નક્ષત્ર કામને અતિ પોષણ કરનાર હોવાથી દીક્ષા અને **વિવાહમાં વર્જ્ય** કહેલ છે. બાકી નિર્બળચંદ્ર, નિર્બળ તારા, કુવાર, કુતિથિ, કુયોગ, ગ્રહવેધ, **કુરગ્રહાક્રમણ**, ખાત, પરિઘદંડ; વિગેરે પુષ્યથી થયેલા કે બીજાથી થયેલા તમામ દોષો હોવા છતાં પુષ્યનક્ષત્રમાં દરેક કાર્ય કરી શકાય છે; કેમકે તેના દોષને બીજા હણી શકે તેમ નથી. તેમજ પોતાના કે બીજાનાં દોષને હણવા તે **પોતેજ** સમર્થ છે. ॥૧૯॥

અભિજિત્ નક્ષત્રની સમજણ તથા તેની આવશ્યકતા ગ્રન્થકાર દર્શાવે છે.

ऊखा अंतिमपायं, सवणपढमघडिअचऊअभीइठिइ,
लत्तोवग्गहवेहे, एगग्गलपमुहकज्जेसु ॥२०॥

અર્થ—ઉત્તરાષાઢા નક્ષત્રનો છેલ્લો પાયો અને શ્રવણ નક્ષત્રની પહેલી ચાર ઘડી. આટલી ઘડી સુધી અભિજિત્ નક્ષત્રની સ્થિતિ હોય છે, લત્તા ઉપગ્રહ વેધ, અને એકાર્ગલ વિગેરે કાર્યોમાં તેની જરૂર પડે છે. ॥૨૦॥

વિવેચન—નક્ષત્રો સત્યાવીશ છે; પણ ઘણે સ્થાને સમ નક્ષત્ર તરીકે અઠ્યાવીશ નક્ષત્રની જરૂર પડે છે, માટે એ નક્ષત્રની સંધિમાં નવા નક્ષત્ર તરીકે **અભીચ્** ની ચુંટણી કરેલ છે. વળી નવા આરાના પ્રારંભમાં ચંદ્રની સ્થિતિ માટેનું નક્ષત્ર કાંયમ કરવા માટે આ નક્ષત્રોના કાળ સ્પષ્ટ કરેલ છે; આધુનિક ગણનાનાં અભીચ્ નક્ષત્રની ઓગણીશ ઘડીવાળી સ્થિતિ મનાય છે. તે માટે ઉત્તરાષાઢાની પંદર ઘડી અને શ્રવણની ચાર ઘડીમાં અભિચનો ભોગકાળ આવે છે. લત્તા, ઉપગ્રહ, વેધ અને એકાર્ગલ આદિમાં આ નક્ષત્રની જરૂર પડે છે. આદિ શબ્દથી–સર્વતોભદ્રચક્ર, વામવેધ, દક્ષિણવેધ, પરિઘ, વિગેરેમાં પણ અભીચ્ નક્ષત્ર અલગ મનાય છે, પણ પાત, તારા, શશિ, રવિયોગ, ઉપગ્રહયોગ વિગેરેમાં આ નક્ષત્રની જરૂર ન હોવાથી તેઓમાં સત્યાવીશ નક્ષત્રની ગણના કરાય છે. આ નક્ષત્રની પણ સામાન્ય વિશેષ સંજ્ઞાઓ પ્રથમના શ્લોકમાં ચર્ચેલ છે, તેથી તે સંબંધી અહીં કંઈ કહેલ નથી. **વ્યવહાર પ્રકાશમાં** કહ્યું છે **કે—અભિજિત નક્ષત્રમાં કરેલુ કાર્ય સફલ થાય છે. માત્ર તેમાં ઉત્પન્ન થયેલું બાળક જીવતું નથી,** આ પ્રમાણે નક્ષત્રનો અધિકાર પૂર્ણ થયો.

પંચાંગ શુદ્ધિમાં તિથિ, વાર, નક્ષત્ર, કરણ અને યોગની શુદ્ધિ જોવાય છે; જેમાં યોગની શુદ્ધિ આગળ કહેવાશે, અને બાકીની ચાર શુદ્ધિઓ કહેવાઈ ગઈ છે. તેઓનું પરસ્પર વિશેષ અને બળાબળ નીચે મુજબ છે—

મુહૂર્તમાં અભીચ મુહૂર્ત બળવાન છે. ભદ્રાના અંગોમાં પુંછ વધારે બળવાન છે. વ્યવહાર પ્રકાશ કહે છે કે—

"धिष्ण्यानां मौहुर्तिकमुदयात् सितरश्मि योगाच्च
अधिकबलं यथोत्तरमिति" ।

અર્થ—નક્ષત્રમાં મુહૂર્તબળ, ઉદયબળ અને ચંદ્રબળ યથોત્તરપણે અધિકાધિક બળવાન્ છે." શૌનક કહે છે કે—

"नक्षत्रवत् क्षणानां बलमुक्तं द्विगुणितं स्वनक्षत्रे"

અર્થ—મુહૂર્તનું બળ નક્ષત્ર જેવું છે. પણ તેમાં પોતાના નક્ષત્રમાં બમણું બળ આવે છે." **દેવજ્ઞવલ્લભ**માં કહ્યું છે કે—

"कृष्णपक्षे निषिद्धेषु, वारधिष्ण्यक्षणादिषु ।
संकीर्णानां प्रशंसन्ति, दारकर्म न संशयः ॥१॥

અર્થ—કૃષ્ણપક્ષમાં નિષેધેલ વાર નક્ષત્ર અને મુહૂર્તાદિમાં સંકરજાતિના વિવાહ સંશય વિનાજ પ્રશંસનીય છે. અર્થાત્ સંકરજાતિના વિવાહમાં તે બળવાન્ છે. ॥ ૧ ॥" **વ્યવહારસાર**માં કહ્યું છે કે—

"तिथि धिष्ण्यंच पूर्वार्धे, बलवद् दुर्बलं ततः ।
"नक्षत्रं बलवद् रात्रौ, दिने बलवती तिथिः" ॥१॥

અર્થ—"દિવસ કે રાત્રિના પૂર્વાર્ધમાં તિથિ અને નક્ષત્ર બળવાન્ છે અને ત્યાર પછી તે નિર્બળ થાય છે. નક્ષત્રનું બળ રાત્રે હોય છે અને તિથિનું બળ દિવસે હોય છે" ॥ ૧ ॥ **હર્ષ પ્રકાશમાં** કહ્યું છે કે—

"कुतिहि कुवार कुजोगा, विठ्ठिविअ जम्मरिक्ख दड्ढ तिही ।
मज्झण्ह दिणाओ, परं सव्वंपि सुभं भवेऽवस्सम्" ॥१॥

અર્થ—"કુતિથિ, કુવાર, કુયોગ, વિષ્ટિ, જન્મ નક્ષત્ર અને દગ્ધતિથિ; એ સર્વ મધ્યાહ્ન પછી અવશ્ય શુભ થાય છે" ॥ ૧ ॥ યોગાધિકારમાં કુયોગની જેટલી ઘડીઓ વર્જ્ય કહીશું તેટલી ઘડી સુધીજ તેઓનું બળ રહે છે. દૂષિત નક્ષત્રનું દુષ્ટપણું છ માસ પર્યંત રહે છે. **લલ્લ** કહે છે કે—

"विष्ट्यामङ्गारके चैवः व्यतिपातेऽथ वैधृते ।
प्रत्यरे जन्म नक्षत्रे, मध्याह्नात् परतः शुभम्" ॥१॥

અર્થ—વિષ્ટિ, અંગારક, વ્યતિપાત, વૈધુત, સાતમી તારા અને જન્મનક્ષત્રનું દુષ્ટબળ મધ્યાહ્ન પર્યંત હોય છે. પછી તે શુભ થાય છે" ॥૧॥ **લલ્લ** કહે છે કે—

स्वार्धे नक्षत्रफलं, तिथ्यर्धे तिथि फलं समादेश्यम् ।
होरायां वारफलं, लग्नफलमंशके स्पष्टम् ॥१॥

અર્થ—"નક્ષત્રનું ફળ પોતાના પૂર્વાર્ધમાં, તિથિનું ફળ તિથિના પૂર્વાર્ધમાં, વારનું ફળ હોરામાં અને લગ્નનું ફળ નવાંશમાં સ્પષ્ટ છે" ॥૧॥ **ગણિવિદ્યા પ્રકીર્ણક**માં કહ્યું છે કે—દિવસ, તિથિ, નક્ષત્ર, કરણ, ગ્રહ દિનમુહૂર્ત, શકુન, વિલગ્ન, નિમિત્ત, ભાવ અને ધર્મ અધિકાધિક બળવાન છે. વળી કહ્યું છે કે—

"एग चउ अट्ठ सोलस, बत्तीसा सट्ठी सयगुण फलाइं ।
तिहि रिक्ख वार करण, जोगो तारा ससंकबलम्" ॥१॥

અર્થ—"તિથિ, નક્ષત્ર, વાર, કરણ, જોગ, તારા અને ચંદ્રનું અનુક્રમે—એક, ચાર, આઠ સોળ, બત્રીશ, સાઠ અને સો ગણું બળ છે ॥૧॥ તથા કહ્યું છે કે—

"दग्धे तिथौ कुवारे च, नाडिकानां चतुष्टयम्" ।

અર્થ—"દગ્ધતિથિ અને કુવારની ચાર ઘડી અશુભ છે. એટલે ચાર ઘડી તેનું બળ રહે છે, પછી નિર્બળ થાય છે." **ચવજ્ઞ વલ્લભમાં** કહ્યું છે કે—તિથિ, ક્ષણ, નક્ષત્ર અને વારનું માધ્ય યોગથી થાય છે; અર્થાત્ તે પાંચમાં યોગ અધિક બળવાન્ છે. વેધ, લત્તા, પાત, કુયોગો વિગેરેની તેના નિયત કરેલા દેશમાં પ્રતિકૂળતા હોય છે; એમ **મુહૂર્ત ચિંતામણિ** વિગેરેમાં કહેલ છે. કુયોગની અપેક્ષાએ સિદ્ધિયોગ વધારે બળવાન્ છે, તેમજ ભદ્રા સંવર્તકાદિથી અમૃતસિદ્ધિ યોગ અધિક સામર્થ્યવાળો છે. **આરંભસિદ્ધિમાં** કહ્યું છે કે—સર્વ કુયોગોનો ચોથો ભાગ અવશ્ય વર્જ્ય છે. કુમારયોગ અને રાજયોગની અપેક્ષાએ કર્ક યમઘંટ વિગેરે અધિક બળવાન્ છે, એમ આરંભસિદ્ધિની **ટીકામાં** કથન છે. સર્વ યોગમાં રવિયોગ અતુલ બળવાળો છે. વળી કહ્યું છે કે—લગ્નકુંડલી વિના વાર અને નક્ષત્રથી ઉત્પન્ન થતા યોગો બળવાનજ છે. વાર નક્ષત્ર અને યોગોથી થતા દોષો પૈકીના ઘણા-ખરા માટે કહ્યું છે કે—

"एषां मध्यादेकेनाऽपि हि दोषेण दुष्यते लग्नम्" ।

અર્થ—"આ દરેકમાંથી એક દોષથી પણ દૂષિત થયેલ લગ્ન દુષ્ટ છે" પરંતુ—

"अयोगास्तिथिवारर्क्ष-जाता येऽमी प्रकिर्तीताः ।
लग्ने ग्रहबलोपेते, प्रभवन्ति न ते क्वचित्" ॥१॥

અર્થ—તિથિ વાર અને નક્ષત્રના કુયોગો બલોપેત લગ્ન હોય તો નાશ પામે છે અર્થાત્ એકાર્ગલ પાત, કર્તરી વિગેરે તમામ દોષો સૂર્ય ચંદ્ર અને ગુરૂના બળથી નાશ પામે છે.

હવે બાર **રાશિ** કહી દેખાડે છે, અને કઈ રાશિમાં કેટલાં નક્ષત્રો આવે? તે દર્શાવે છે—

कित्ति मिग पुण असेसा, उ-फ चि विसा उ-ख घणी पू-भा ।
रेवइ अ एग दु ति, चउ पायंता बार रासि कमा ॥२१॥

અર્થ—કૃતિકા, મૃગશર, પુનર્વસુ, અશ્લેષા, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, ઉત્તરાષાઢા, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદ અને રેવતી; એ બાર નક્ષત્રના અનુક્રમે એક, બે, ત્રણ અને ચાર પાયાના અંતમાં બાર રાશિનો સમાવેશ થાય છે ॥ ૨૧॥

વિવેચન—નક્ષત્રગોચરનું સંપૂર્ણ જ્ઞાન થવાથી **રાશિગોચર** સ્હેજે સમજી શકાય તેમ છે, માટે ગ્રન્થકાર નક્ષત્ર ઉપરથી જ રાશિનુ જ્ઞાન સ્પષ્ટ કરે છે. સત્યાવીશ નક્ષત્રનો એક **ભગણ** થાય છે, તેના બારમા ભાગનું નામ **રાશિ** છે; એટલે સવાબે નક્ષત્રની એક રાશિ થાય છે. સામાન્ય રીતે ચંદ્રનક્ષત્ર ૬૦ ઘડીનું મનાય છે, અને ચંદ્રની રાશિ ૧૩૫ ઘડીની મનાય છે. તેવી જ રીતે ઉદય, અસ્ત આદિનું માન પણ નક્ષત્રથી સવાબે ગણું હોય છે. હવે તે રાશિ કયા નક્ષત્રના કયા પાદમાં પૂર્ણ થય? તે માટે ઉપરની ગાથામાં કહ્યું છે કે—કૃત્તિકાનો પહેલો પાયો ભોગવાતાં મેષરાશિ પણ ભોગવાઈ રહે છે; એટલે મેષનો પ્રારંભ અશ્વિનીથી થાય છે, અને ભોગ્યકાળ કૃત્તિકાના પ્રથમ પાયે પૂર્ણ થાય છે. પછી કૃત્તિકાના બીજા પાદના પ્રારંભથી વૃષરાશિની પ્રવૃત્તિ થાય છે અને મૃગશરના બીજા પાયે પૂરી થાય છે. આ રીતે પ્રથમની રાશિ પૂર્ણ થતાં તુરત જ નક્ષત્રના બીજા પાયામાં નવી રાશિની શરૂઆત થાય છે. વળી મિથુનરાશિ પુનર્વસુના ત્રીજા પાયે, કર્કરાશિ અશ્લેષાના ચોથા પાદમાં, સિંહરાશિ ઉત્તરાફાલ્ગુનીના પહેલે પાયે, કન્યારાશિ ચિત્રાના બીજા પાયે, તુલારાશિ વિશાખાના ત્રીજે પાયે, વૃશ્ચિકરાશિ જ્યેષ્ઠાના ચોથા પાયે, ધનરાશિ ઉત્તરાષાઢાના પ્રથમ પાયે, મકરરાશિ ધનિષ્ઠાના બીજા પાયે, કુંભરાશિ પૂર્વાભાદ્રપદના ત્રીજા પાયે અને મીનરાશિ રેવતી નક્ષત્રના ચતુર્થ પાદમાં પૂર્ણ થાય છે. નક્ષત્રની પેઠે નિરંતર આ રાશિનો પૂર્વમાં ઉદય અને પશ્ચિમમાં અસ્ત થાય છે. રાશિનું મૂળ નામ **લગ્ન** છે અને લગ્નકુંડલીમાં પણ લગ્નમાં જ રાશિના ગ્રહો સ્થપાય છે. પણ તે લગ્ન અને ગ્રહોના સંયોગોમાં **રાશિ** એવી સંજ્ઞાથી ઓળખાવાય છે; જેની દરેક શુદ્ધિમાં પરમ આવશ્યકતા મનાયેલ છે.

હવે નક્ષત્રની પેઠે **રાશિદ્વાર** તથા લગ્નદ્વાર કહીએ છીએ. મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન; એ બાર રાશિનાં નામ છે. તેમાં

સત્યાવીશ નક્ષત્રના ભગણુનો સમાવેશ થાય છે, એટલે સવાબે નક્ષત્રથી દરેક રાશિનો ઉદય થાય છે. હવે તેમાંથી અત્યારે કઈ રાશિનો ઉદય છે? તેનો નિશ્ચય ઈષ્ટ ઘટીથી થાય છે. દેહચ્છાયાની રીતિથી ઈષ્ટ ઘટીનું માન આવે છે. **પ્રશ્નશતક**માં કહ્યું છે કે—

"नन्दाऽष्टनेत्रे व्याद्याङ्घ्रि, सर्पिच्छाया पदाहृतेः ।
भूनलब्धं तदर्ङ्कार्धं, जाता शेषा घटी दिवः" ॥१॥

અર્થ—"પોતાની છાયામાં જેટલાં પગલાં થાય તેમાં પ્રથમનું પગલું છોડી બાકીની સંખ્યામાં સાત ઉમેરવા, પછી તે વડે ૨૮૯ ને ભાગ દેવો, ભાગમાં આવેલ અંકમાં એક ઓછો કરી તેના અર્ધા કરવા. આ રીતે જે આંક આવે તેટલી સૂર્યોદયથી ઘડી જાણવી મધ્યાહ્ન પછી આ રીતે જે આંક આવે તે સૂર્યાસ્તની શેષ ઘડી જાણવી." ॥ ૧ ॥

પદ્મપ્રભસૂરિ—છાયાપાદથી ઈષ્ટઘટિકા લાવવાની રીતે આ પ્રમાણે જણાવે છે—શરીરની છાયા આગલા પગથી ગણીને માપે અને તેમાં સાત ઉમેરે. પછી આ સંખ્યા વડે જો મકરાદિ છ રાશિમાં સૂર્ય હોય તો ૧૪૪ ને ભાગ આપે, અને કર્કાદિ છ રાશિનો સૂર્ય હોય તો ૧૩૫ ને ભાગ આપે. ભાગમાં જે આંક આવે તેમાં દિવસના પૂર્વભાગમાં એક આંક ઘટાડવો, જેથી આવેલી સંખ્યા પ્રમાણે ઈષ્ટ ઘડી જાણવી અને દિવસના બીજા ભાગમાં-બપોર પછી ભાગના આંકમાં એક સંખ્યા ઉમેરવાથી સૂર્યાસ્તમાં શેષ ઘડી બચે છે. આજ રીતે પાદછાયામાં ૬ ઉમેરી ૧૦૨ ને ભાગવાથી પણ ભાગમાં ઈષ્ટ ઘડીનો આંક આવે છે. આ સિવાય ત્રીજી રીત પણ નીચે મુજબ છે—

બેસી દક્ષિણ મુખ વામ કરની ઉભી ધરો વેંતને,
પૂર્વ પડી જે છાય તેજ કરથી માપી લીઓ આંગુલે;
મેલી આંગલ ચૌદ અર્ધ કરીને ભાંગો વિશાધિક સો,
ભાગ પડી ઘડી જાણ માપ કરીએ વીશાંગુલે સાત જો. ॥ ૧ ॥

અર્થ—"દક્ષિણ દિશા સન્મુખ બેસી ડાબા હાથની વેંત ઉંચી કરવી, તેની છાયાના અંગુલ કરવા, અને તેમાં ચૌદ ઉમેરી તેના અર્ધા કરવા. પછી તે સંખ્યા વડે ૧૨૦ ને ભાગ દેવો, જેથી ભાગમાં ઇષ્ટ ઘડી આવે છે." જેમકે—એક વેંતની છાયા ૨૦ આંગળ થાય, અને તેમાં ૧૪ ઉમેરતાં ૩૪ થાય છે, જેના અર્ધા ૧૭ થાય છે. અને ૧૨૦ ને ૧૭થી ભાગ દેતાં ૭ ઘડી અને અર્ધી પળ આવે છે.

હેમહંસગણિ કહે છે કે—ઈષ્ટ શંકુ છાયાનાં પગલાંના પ્રમાણમાં સાત ઉમેરી તેના કુલ આંગળ કરવા અને તેમાંથી મધ્યાહ્નના છાયાંગુલ ઘટાડવા, જેથી સ્પષ્ટ છાયાંગુલ આવે છે.

વળી ઈષ્ટ દિવસના ઘડી તથા પળના માનને ૪૨ થી ગુણવા, જે ગુણાકાર આવે તેને સ્પષ્ટ છાયાંગુલથી ભાગવાથી ઈષ્ટ છાયાની ઈષ્ટ ઘડી આવે છે. જેમકે-ઈષ્ટ શંકુ છાયા પ્રમાણ ૨-૧૦ છે, તેમાં ૭ ઉમેરાતાં ૯-૧૦ થાય, જેના કુલ આંગળ ૧૧૮ થાય. તેમાંથી મધ્ય છાયાંગુલ ૧૯ બાદ કરતાં શેષ સ્પષ્ટ છાયાંગુલ ૯૯ રહે છે. ઈષ્ટ દિનમાન ઘડી ૩૧ પળ ૫૦ વિપળ ૪૧ છે, તેને ૪૨ થી ગુણતાં ૧૩૩૭-૨૮-૪૨ આવે છે. આ આંકને ૯૯ થી ભાગતાં ઈષ્ટકાળ-૧૩ ઘડી ૧૧ પળ આવે છે

નારચંદ્ર ટિપ્પણમાં દરેક સંક્રાન્તિની સ્થૂલ મધ્યાહ્ન છાયા લાવવા માટે કહ્યું છે કે—

"त्रिद्वयेकखेन्दु पक्षाग्नि-युगेषुषट शरा युगाः ।
क्रमान्मीनाराशीनां. मध्यपादाः प्रकीर्तिताः" ॥१॥

અર્થ— "મીન વિગેરે રાશિનો સૂર્ય હોય ત્યારે મધ્યાહ્નકાળે મનુષ્યની છાયાનું પ્રમાણ ત્રણ, બે, એક, શૂન્ય, એક, બે, ત્રણ, ચાર, પાંચ છ, પાંચ અને ચાર પગલાં હોય છે." ॥ ૧ ॥ બીજે ઠેકાણે કહ્યું છે કે—

"ज्येष्ठाद्दिनाद् दिनं शोध्यं. शेषाद्दशगुणात् स्वतः ।
त्यजेत् सप्तशरै ५७र्लब्धं. सूर्यैः १२र्माध्यांद्व्रयः स्मृताः ॥१॥

અર્થ— "મોટા દિનમાનમાંથી ઈષ્ટ દિવસનું દિનમાન બાદ કરવું અને બાકી રહેલા પળોને દસે ગુણવા. પછી તે ગુણાકારને ૫૭ થી ભાગ દેવો, જેથી ઈષ્ટ દિવસના મધ્યાહ્નકાળના છાયાંગુલ આવે છે. અને તેને બારથી ભાગવાથી ઈષ્ટ દિવસના મધ્યાહ્નના પાદ (પારૈયા) તૈયાર થાય છે. સ્થૂલ દિનમાન લાવવાની રીતિ પૂર્વે **વિચ્છિય ગાથા ૪** ના વિવેચનમાં દર્શાવેલ છે.

સૂર્ય જે રાશિ-લગ્નમાં હોય તે લગ્નનો હંમેશાં સવારે પહેલો ઉદય થાય છે અને ત્યાર પછી અનુક્રમે બીજા લગ્નોનો ઉદય થાય છે તેમાં અત્યારે ક્યા લગ્નનો ઉદય થયો છે તે સૂર્યોદય પછીની દરેક ઈષ્ટ ઘડી ઉપરથી નીચે મુજબ શોધાય છે. તેમાં સૂર્યે ઈષ્ટ લગ્નકાળે ચાલુ રાશિના કેટલા અંશ ભોગવ્યા છે તે પ્રથમ લાવવું, તે રીત માટે કહ્યું છે કે—

सूर्याध्यासितराशेर्मानै रविभुक्तनाडिकाभिहते ।
संक्रान्तिभोगभुक्ते लब्धं यत् सूर्यभुक्तं तत्" ॥१॥

અર્થ— "સૂર્યે ચાલુ રાશિમાં જેટલી ઘડીનો ભોગ લીધો હોય તેનો આંક સ્પષ્ટ કરવો; પછી તેને સૂર્યની રાશિના પળથી ગુણવા અને અંતરાલભુક્તથી ભાગતાં (રાશિની અંતરભુક્તિથી ભાગતાં) સૂર્યભુક્ત આવે છે." ॥ ૧ ॥

દરેક રાશિની આંતરભુક્તિથી આ પ્રમાણે છે—

[21]कुभुज [57]नागेन्द्रिय [85]शरवसु, [97]मुनिनिधि [88]वस्वष्ट [62]भुजरस [27]क्षैं ।

स्वङ्गष ससकलिप्ता-ऋणमथैकगुणाः [31]खयुग [40]सुर [33] [31]शिवैः शेषैः ॥१॥

અર્થ—પૂર્વ રાશિની ૧૮૦૦થી અધિક ૨૧ વિગેરે આંતરભુક્તિ થયા પછી મેષ વિગેરે છ રાશિ આવે છે.

પૂર્વ રાશિની ૧૮૦૦ માંથી બાદ કરેલ ૭ વિગેરે આંતરભૂક્તિ થયા પછી તુલાદિ છ રાશિ આવે છે. અર્થાત્—મેષની ૧૮૫૭, વૃષની ૧૮૮૫, મિથુનની ૧૮૯૭, કર્કની ૧૮૮૮, સિંહની ૧૮૬૨, કન્યાની ૧૮૨૭, તુલાની ૧૭૯૩, વૃશ્ચિકની ૧૭૬૯, ધનની ૧૭૬૦ મકરની ૧૭૬૭, કુંભની ૧૭૮૯, અને મીનની ૧૮૨૧ આંતરભુક્તિના અંકો છે" ॥ ૧ ॥ મુહૂર્ત ચિંતામણીકાર બીજી રીતે સૂર્યભુક્તિ લાવે છે—

"मेषादिगेऽ र्के [58]ऽष्ठशरा [57]नगाक्षाः, [57]सप्तेषवः [57]सप्तशरा [58]गजाक्षाः ।

[59]गोक्षाः [60]खतर्काः [61]कुरसाः [61]कुतर्काः, [61]क्वङ्गानि [60]षष्ठि [59]नवपञ्च भुक्तिः ॥१॥

અર્થ—"મેષ વિગેરે બાર રાષિમાં સૂર્ય જાય ત્યારે તેની સ્થુલભુકેત અનુક્રમે ૫૮, ૫૭, ૫૭, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૧, ૬૧, ૬૦ અને ૫૯ કળાની હોય છે. આ સ્થૂલ ગતિ વડે સંક્રાન્તિની ભુક્તિઘડી ગુણવી, તેને ૬૦ થી ભાગવાથી ભાગમાં સ્પષ્ટ રાશિના ભુકત અંશો આવે છે; અને શેષમાં ભુકતકળા આવે છે." ॥ ૧ ॥

સૂર્યભુકત પળોમાં ઇષ્ટિ લગ્નનો ત્ર્યંશ નાખવાથી સ્પષ્ટ સૂર્યભુકત **નિરયન** પળો તૈયાર થાય છે. ભુકત પળોને રાશિના કુલ પળોમાંથી બાદ કરતાં ભોગ્ય પળો તૈયાર થાય છે. એ ભોગ્ય પળો જેટલો કાળ વ્યતીત થતાં નવી રાશિની શરૂઆત થાય છે આ દરેક રાશિના પળોને ઇષ્ટ ઘડીમાંથી શોધતાં (બાદ કરતાં) ઇષ્ટિ ઘડીમાંથી જે રાશિના પળો બાદ ન થઈ શકે તે લગ્ન ઇષ્ટ ઘડી વખતે ઉદયમાન છે એમ જાણવું જેમકે—મેષની સંક્રાન્તિ પછી ઓગણીશમે દિવસે લગ્નશુદ્ધિ કરવી હોય તો પ્રથમ તેની ભુકત ઘડીઓ તૈયાર કરવી, એટલે સંક્રાન્તિને દિવસે તે રાત્રિની પાંચ ઘડી બાકી રહેતાં સૂર્ય મેષ રાશિનો થયેલ છે, અને તે દિવસે સૂર્યે પાંચ ઘડી મેષરાશિ ભોગવી છે. ત્યાર પછી સત્તર દિવસની ૧૦૨૦ ઘડીઓ ભોગવી છે, અને ઓગણીશમે દિવસે ૧૩ ઘડીનું લગ્ન શોધવું છે, એટલે ત્યાં સુધી મેષનો ભોગ લીધેલ છે; તેથી ઇષ્ટ સમય સુધીમાં કુલ ઘડી ૧૦૩૮ ગઈ છે. હવે ૧૦૩૮ ને મેષના પળો ૨૨૫ થી ગુણતાં ૨૩૩૫૫૦ થાય છે, તેને આંતરભુક્તિ ૧૮૫૭ થી ભાગતાં ભાગમાં ૧૨૫, અને શેષમાં ૧૪૨૫ આવે છે. આ શેષની રકમ ભાજકના અર્ધથી વધારે છે, માટે તેનો પૂર્ણ આંક એક લેતાં ૧૨૬ આવે છે.

આ મેષરાશિના સૂર્યભુક્ત પળો કહેવાય છે, તેમાં મેષના પળો ૨૨૫ નો ત્ર્યંશ ૭૫ ઉમેરવાથી સ્પષ્ટ સૂર્યભુક્ત પળો ૨૦૧ તૈયાર થાય છે, અને તેને મેષના ૨૨૫ પળમાંથી બાદ કરતાં ૨૪ પળો હવે સૂર્યને ભોગવવાના બાકી છે. એટલે—ચોવીશ પળ સુધી મેષલગ્ન છે, પછી વૃષનો ઉદય થશે, જેનાં પળો ૨૫૬ છે, તે પછી ૩૦૫ પળ પ્રમાણ મિથુનનો ઉદય છે. આ રીતે આ ત્રણ લગ્નમાં સૂર્યોદયથી ૫૮૫ પળોનો કાળ વ્યતીત થાય છે; અને ત્યાર પછી ૩૪૧ પળના માપવાળી કર્કરાશિ ઉગે છે, જેમાં સૂર્યોદયથી ૯૨૬ પળ સુધીનો કાળ વ્યતીત થાય છે; એટલે સૂર્યોદયથી ૯ ઘડી અને ૪૫ પળથી ૧૫ ઘડી અને ૨૬ પળ સુધી કર્ક લગ્ન છે, અર્થાત્ ૧૩ મી ઘડી વખતે કર્ક લગ્ન છે.

પ્રશ્નશતકકાર—સ્થૂલ લગ્ન લાવવા માટે જણાવે છે કે—

पञ्चवेदे यामगुण्ये, रविभुक्तदिनान्विते ।
त्रिंशद्भुक्ते स्थितं यत्तद्, लग्नं सूर्योदयर्क्षतः ॥१॥

અર્થ—"ગત પ્રહરને ૪૫ ધ્રુવાંકથી ગુણી તેમાં સૂર્યભુક્ત દિવસો મેળવવા અને તેને ૩૦ થી ભાગતાં, ભાગમાં જે આંક આવે તેટલામું સૂર્યરાશિથી ઇષ્ટલગ્ન જાણવું એટલે સૂર્ય જે રાશિમાં હોય તેને પ્રથમ લગ્ન સ્થાપવું અને ત્યારપછી ભાગમાં જેટલામો આંક હોય તેટલામું લગ્ન જાણવું. તથા શેષ રહે તેટલામો ઇષ્ટ લગ્નનો ત્રીશાંશ જાણવો." ॥ ૧ ॥ આ રીતે પહોર ઉપરથી લગ્ન લાવવાની રીત દર્શાવી છે, તેનું કારણ એટલું જ છે કે–જ્યારે મોટું દિનમાન હોય છે ત્યારે લગ્નો પણ મોટા પ્રમાણવાળા હોય છે, અને પહોર તે દિવસનો ચોથો ભાગ હોવાથી તેનું પ્રમાણ પણ મોટું હોય છે; પરંતુ આ સ્થૂલ ગણના હોવાથી આ ગણનાને અનુસારે જ ઘડીની ગણત્રી કરી લગ્ન બેસાડવું.

દિવસના ત્રીશાંશનું નામ **ધ્રુવઘટી** છે. એટલે–દિનમાન નાનું હોય કે મોટું હોય તો પણ તેના સરખા ત્રીશ ભાગ કરવા. જો ત્રીશ ઘડીનું દિનમાન હોય તો એકેક ઘડીની ધ્રુવઘટી થાય છે, જો ૩૧ ઘડીનું દિનમાન હોય તો ૧ ઘડી અને ૨ પળની ધ્રુવઘટી થાય છે. આ પ્રમાણે ધ્રુવઘટી જાણવી. આ દરેક ધ્રુવઘટીના ૬ **ધ્રુવાંક પળો** છે. તે વડે સૂર્યોદયથી ગત ધ્રુવઘટીકાને ગુણી તેમાં સૂર્યસંક્રાન્તિના ભુક્ત દિવસો ઉમેરવા, પછી તેને ત્રીશથી ભાગ આપવો, જેથી ભાગમાં ચાલુ સંક્રાન્તિથી જેટલામું લગ્ન ચાલતું હોય તેનો આંક આવે છે અને શેષમાં ઇષ્ટકાળનો ત્રીશાંશ રહે છે. અહીં દિનમાનની ત્રીશ ઘડીથી વૃદ્ધિ કે હાનિ હોય તો દરેક ઘડીએ દશ ધ્રુવાંકનો ફેર આવે છે. જેમકે–મેષ સંક્રાન્તિના અઢારમા દિવસે ૧૩ ઘડી અને ૧૨ પળનું લગ્ન આણવું હોય તો તે દિવસનું દિનમાન ૩૧ ઘડીનું હોવાથી ધ્રુવઘટી દશ અક્ષર વધારે છે. તેથી ૧૩ ઘડી અને ૧૨ પળને ૬ પળ અને ૧૦ વિપળથી ગુણતાં ૮૨ આવે છે, તેમાં ગત સંક્રાન્તિના ૧૬ દિન ઉમેરતાં ૯૮ આવે છે, તેને ત્રીશથી ભાગતાં ગતલગ્ન ૩ અને

ગતઅંશ ૮ આવે છે. અર્થાત્ તે વખત કર્ક રાશિનો નવમો ત્રીશાંશ વિદ્યમાન છે.

પ્રશ્નશતક **વૃત્તિમાં** સ્થૂલ લગ્નની રીત આ પ્રમાણે દર્શાવી છે—

उदयान्नाडिकाजाता, यास्तदर्धसंख्यया ।
सूर्यभादस्ति यद् भं नु, तद्राशेर्लग्न निर्णयः ॥१॥

અર્થ—"સૂર્યોદયથી જેટલી ઘડી ગઇ હોય તેને અર્ધ કરવી અને જે આંક આવે સૂર્યનક્ષત્રથી તેટલામાં નક્ષત્રનો ઉદય થયો છે. આ પ્રમાણે ઉદિત નક્ષત્ર ઉપરથી રાશિ સ્થિર કરવી, અને રાશિ ઉદયમાન હોય તેજ ઇષ્ટ લગ્ન છે એમ જાણવું." આ સ્થુલ લગ્નની રીતિથી સંધિલગ્નની સ્પષ્ટતા થતી નથી. તો પણ સામાન્ય રીતે તાત્કાલિક લગ્ન અલ્પપ્રયાસે શોધી શકાય છે.

જ્યોતિર્વિદો **નિરયનલગ્ન** કરતાં **સાયનલગ્નને** વધારે મતબાર માને છે (પસંદ કરે છે) તે માટેની રીતિ નીચે મુજબ છે. **ભાસ્કરાચાર્ય** ભૂમધ્યરેખા દોરતા જણાવે છે કે—

पुरी रक्षसां देवकन्याऽथ काञ्ची, सितः पर्वतः पर्यलीवत्सगुल्मम् ।
पुरी चोज्जयिन्याह्वया गर्गराटं, कुरुक्षेत्रमेरू भुवो मध्यरेखा ॥१॥

અર્થ—"ભૂમિની મધ્યરેખા લંકા, દેવકન્યા, કાંચી, શ્વેતપર્વત, ગુલ્મસાથેનો પર્યલીવાન, ઉજ્જયિની, ગર્ગરાટ, કુરૂક્ષેત્ર અને મેરૂ છે." ॥ ૧ ॥

કરણકુતુહલમાં કહ્યું છે કે—જે દિવસે મેષનો રવિ થાય તે દિવસની પહેલાના અયનાંશના દિવસો મૂકી પછીના દિવસે મધ્યાહ્નકાળે શરીરની જે અંગુલ અને વ્યંગુલ છાયા હોય તે અક્ષપ્રભા–વિષુવચ્છાયા કહેવાય છે. તેને અનુક્રમે ૧૦–૮–૧૦ થી ગુણી અંત્ય ગુણાકાર સંખ્યાને ત્રણે ભાગવી, તે ત્રણ **ચરખંડો** કહેવાય છે. જેમ કે—મધ્યદેશમાં મધ્યાહ્ન છાયા ૫ અંગુલ અને ૮ વ્યંગુલ છે, તેને ઉપરોક્ત સંખ્યાએ ગુણતાં ૫૧–૪૧–૫૧ આવે છે. અંતિમ સંખ્યાને ત્રણથી ભાગતાં સત્તર આવે છે. તેથી મધ્યદેશના ચરખંડો ૫૧–૪૧ અને ૧૭ છે. મેષાદિ લગ્નોનું લંકોદયમાન ૨૭૮, ૨૯૯, ૩૨૩ ક્રમે ઉત્ક્રમે ઉત્ક્રમે અને ક્રમે છે તેમાં ઇષ્ટદેશના ચરખંડો અનુક્રમમાં અનુક્રમથી બાદ કરતાં તથા ઉત્ક્રમમાં ઉત્ક્રમે મેળવવાથી મેષાદિ છ લગ્નના પળમાન તૈયાર થાય છે. અને છએને ઉલટાવી નાખતાં તુલાદિ છ રાશિની લગ્નપળો આવે છે.

મધ્યદેશના ચરખંડો ૫૧–૪૧ અને ૧૭ છે, તો તે સ્થાનનું લગ્નમાન લાવવા માટે તેને લંકોદયના લગ્નપળમાંથી બાદ કરવા જેમ કે—

રાશિ નામ	મેષ મીન	વૃષભ કુંભ	મિથુન મકર	કર્ક ધન	સિંહ વૃશ્ચિક	કન્યા તુલા
લંકાના લગ્ન પળો	૨૭૮	૨૯૯	૩૨૩	૩૨૩	૨૯૯	૨૭૮
મ. ચરખંડો	હ્રા. ૫૧	હ્રા. ૪૧	હ્રા. ૧૭	વૃ. ૧૭	વૃ. ૪૧	વૃ. ૫૧
મધ્યદેશના પળો	૨૨૭	૨૫૮	૩૦૬	૩૪૦	૩૪૦	૩૨૯

અણહીલ્લપુર પાટણના ચરખંડો ૫૩–૪૩ અને ૧૮ છે, હવે અણહીલ્લપુર પાટણના લગ્નપળો કહીએ છીએ.

मेषस्तत्त्वयमैः २२५ रसेषुयमलै २५६, राशिर्वृषोऽम्भोपलैः,
पञ्चव्योमहुताशनै ३०५ श्च मिथुनः, कर्कः कुवेदाग्निभिः ३४१।
सिंहःपाणिपयोधिपावक ३४२ मितैः, कन्या कुलोकर्त्रिकैः ३३१,
एतेऽप्युत्क्रमतस्तुलादय इह स्युर्गौर्जरे मण्डले ॥१॥

અર્થ—"ગુર્જર દેશમાં લગ્નપળો મેષના ૨૨૫, વૃષભના ૨૫૬, મિથુનના ૩૦૫, કર્કના ૩૪૧, સિંહના ૩૪૨ અને કન્યાના ૩૩૧ છે. આ છએ સંખ્યાને ઉલટાવવાથી તુલાના ૩૩૧, વૃશ્ચિકના ૩૪૨, ધનના ૩૪૧, મકરના ૩૦૫, કુંભના ૨૫૬ અને મીનના ૨૨૫ છે." ॥૧॥

સ્પષ્ટ સૂર્યની રીતિ—ચાલુ સંક્રાન્તિની ગત ઘડીને ૩૦ થી ગુણી આંતરભુક્ત ઘટિકાથી ભાગવાથી ભાગમાં અંશ આવે છે, અને તેને ૬૦ થી ગુણી આંતરભુક્તિથી ભાગતાં કળા–વિકળા વિગેરે પણ આવે છે. જેમકે—સંક્રાન્તિ દિવસની શેષઘડી ૨૨, મધ્યના દિવસ ૧૬ ની ઘડી ૯૬૦, ઇષ્ટ દિન ગત ઘડી ૧૨ પળ ૨૨, એટલે મેષાર્કના ૧૭ મા દિવસે ઇષ્ટ કાલે ગત ઘડી ૯૯૪, પળ ૨૨ છે, તેને ૩૦ થી ગુણી ૧૮૫૭ થી ભાગતાં અંશ ૧૬ કળા - અને વિકળા ૩૦ આવે છે. એટલે તે દિવસે કર્ક લગ્નના કન્યા નવમાંશમાં સૂર્ય ૦–૧૬–૩–૩૦ છે, તેમાં અયનાંશ ઉમેરવા.

દરેક વર્ષનો અયનાંશ કળા ૧ વિકળા ૧ અને પરમ વિકળા ૨૦ છે, તે વર્ષો **વિક્રમાબ્દ** ૫૭૯ અથવા શકાબ્દ ૪૪૪ થી ગણાય છે. અને ૧૪૦૪ વર્ષો સુધી દર વર્ષે અયનાંશની વૃદ્ધિ થાય છે, જે ૧૪૦૪ માં વર્ષે અંશ ૨૩ કળા ૫૫ અને વિકળા ૧૨ વધે છે. પછી વળી ૧૪૦૪ વર્ષો સુધી અયનાંશો ઘટે છે. ઘણા જ્યોતિર્વિદો કાંઇક અધિક એવી કળા ૧ ના સ્થૂલ અયનાંશને જ સમ્મત છે. આ અયનાંશો લગ્નક્રાન્તિ અને ચરમાં ઉપયોગી છે. આ અયનાંશને સ્પષ્ટ સૂર્યમાં મેળવવાથી સાયનાંશ સૂર્ય થાય છે. જેમકે—મધ્યદેશમાં વિક્રમ સંવત્ ૧૫૧૫૨ વૈશાખ શુદિ ૭ પુષ્ય નક્ષત્રને દિને મેષ સંક્રાન્તિના સત્તરમા દિવસે સ્ફૂટ સૂર્ય ૦–૧૬–૩–૩૦ છે,

અને તે વર્ષ વિક્રમાબ્દ ૫૭૯ પછી ૯૪૩ મું છે, જેના સ્થૂલ અયનાંશો ૦–૧૫–૩૪–૦ આવે છે. તેને સ્પષ્ટ સૂર્યમાં મેળવતાં **સાયનાંશ** સ્પષ્ટ સૂર્ય ૧–૧–૩૭–૩૦ છે. એટલે મેષ રાશિ પછી વૃષ રાશિનો સૂર્ય થાય છે. આ લગ્નમાં છનો આંક મેળવવાથી રાત્રિનું લગ્ન આવે છે.

અંશ, કળા, વિકળાને લગ્નપળોથી ગુણી ત્રિશથી ભાગતાં પળો આવે છે. જેમ કે— વૃષના સૂર્યના અંશ ૧ કળા ૩૭ વિકળા ૩૦ છે, તેને ૨૫૬ થી ગુણી ૩૦ થી ભાગતાં પળો ૧૪ આવે છે, તે ભુક્તપળો છે, બાકી રહેલ અંશ ૨૮–૨૨–૨૦ છે, તેને ૨૫૬ થી ગુણી ત્રીશથી ભાગતાં ૨૪૨ પળ આવે છે તે ભોગ્ય છે.

ત્રીશાંશ ૩ અને કળા ૨૦ નો એક નવમાંશ થાય છે, અને અંશ ૧ કળા ૭ નો એક પ્રવૃત્ત્યંશ (સપ્તવિંશત્યંશ) થાય છે. ઇષ્ટ લગ્નના ભુક્ત ત્રીશાંશો અયનાંશ અને પ્રવૃત્ત્યંશનો સરવાળો કરી ચાલુ લગ્નની ભુક્તઘડી લેવી. જેમ કે–કર્ક લગ્નનો ત્રીજો નવમાંશ લેવો હોય તો, બે નવમાંશના ત્રીશાંશ ૬ કળા ૪૦, અયનાંશ–અંશ ૧૫ કળા ૩૪ અને પ્રવૃત્ત્યંશ ૧ કળા ૭ નો સરવાળો અંશ ૨૩ કળા ૨૧ આવે છે. તેને કર્કના પળ ૩૪૧ થી ગુણી ત્રીશથી ભાગતાં કર્કલગ્નના ભુક્તપળો ૨૬૫ અને વિપળ ૨૪ આવે છે.

સૂર્યરાશિના ભોગ્યપળો, દરેક મધ્યલગ્નના પળો અને ચાલુ લગ્નના ભુક્તપળો મેળવવાથી ગતપળો અને ગતઘડી આવે છે. જેમકે—સાયન સૂર્યવાળા વૃષના ભોગ્ય પળો ૨૪૨, મધ્યલગ્ન મિથુનના પળ ૩૦૫ અને કર્કના ભુક્તપળો ૨૬૫ નો સરવાળો પળ ૮૧૨ છે, અર્થાત્ ઘડી ૧૩ અને પળ ૩૨ ગત કાળ છે. અને ત્યાર પછી કર્કલગ્નનો કન્યા નવમાંશ શરૂ થાય છે. ત્યાર પછીના દરેક નવમાંશ લાવવા માટે પણ અંશકળાની કાળ કરી મેળવતાં જવું. જેમકે–કર્કલગ્નના એક નવમાંશના ૩૮ પળો છે, તેને કર્કના સિંહ નવમાંશમાં મેળવતાં કન્યાનો ભુક્તનવાંશ કાળ આવે છે. આવી રીતે સિંહના નવાંશના ભુક્તપળોમાં ૩૮ થી પાંચ ગણા ૧૮૯ ઉમેરતાં મકરનો નવાંશ ભુક્ત આવે છે, ત્યાર પછી કુંભનો નવાંશ થાય છે. અથવા મધ્યના સિંહથી કુંભ સુધીના નવાંશો ૫, તેને ૩૪૧ થી ગુણી ૯ થી ભાગતાં ૧૮૯ પળો આવે છે, તેને સિંહના નવાંશમાં ઉમેરતાં કુંભનો નવાંશ થશે.

હેમહંસગણિ નિરયન લગ્ન માટે કહે છે કે–રાત્રિનું લગ્ન લાવવામાં સાતમી રાશિનું ઉપર પ્રમાણે કરવું.

વળી સૂર્યલગ્નની ભોગ્યઘડી, મધ્યલગ્નની ઘડીઓ, ઇષ્ટ લગ્નના ગત નવમાંશની ઘડીઓ, ઇષ્ટ લગ્નનો ત્રીજો ભાગ, ૧ અને ઇષ્ટ લગ્નનો પ્રવૃત્ત્યંશનો સરવાળો કરતાં ઇષ્ટ નવાંશના

૧. આ ઉમેરો અંશ ૧૧ અને કળા ૭ નો થાય છે.

ઘડીપળ આવશે જેમ કે–સૂર્યભોગ્ય પળ ૩૦, મધ્ય લગ્ન વૃષપળ ૨૫૬, મિથુન પળ ૩૦૫, કર્કનાગત બે નવાંશ પળ ૭૬, લગ્નત્ર્યંશ પળ ૧૧૪ અને પ્રવૃત્ત્યંશપળ ૧૨ નો સરવાળો પળ ૭૯૩ થયા. અર્થાત્ ઘડી ૧૩ અને પળ ૧૩ પછી કર્કલગ્નમાં કન્યાનો નવાંશ છે. આ નિરયન લગ્નમાં સાયન રીતિથી થોડો ફેરફાર છે, પણ દોષ મનાતો નથી.

રાત્રે લગ્ન લાવવું હોય તો ઉદયમાન નક્ષત્ર ઉપરથી લગ્નનો નિર્ણય કરવો, કેમકે–જે માથે નક્ષત્ર હોય તેનાથી આઠમા નક્ષત્રનો પૂર્વમાં ઉદય હોય છે, સાયનસૂર્યના અંશને દૈનિક વૃદ્ધિ પામતા પળોથી ગુણી તે ઉમેરતાં સ્પષ્ટ સાયનસૂર્યનું **દિનમાન** થશે. જેમકે—વૃષાર્કના અંશ ૧ કળા ૩૭ છે, તેને વૃષરાશિની દૈનિકવૃદ્ધિ પળ ૨ વિપળ ૫૨ થી ગુણતાં ઇષ્ટ દિવસના વૃદ્ધિપળ ૪ વિપળ ૩૯ આવે છે. તેને અહર્માન ઘડી ૩૧ પળ ૩૬ માં વધારતાં ઇષ્ટ દિનમાન ૩૧ પળ ૫૦ વિપળ ૩૯ થાય છે.

ઇષ્ટ દિનમાનને ૨૧૦ થી ગુણી દિન પૂર્વાર્ધના ગત અને ઉત્તરાર્ધના શેષ, ઇષ્ટ ઘડીપળથી ભાગતાં ઇષ્ટકાળના અંગુલવ્યંગુલ આવશે. તેમાં મધ્યાહ્ન છાયાના અંગુલવ્યંગુલ ઉમેરી સાત ઘટાડતાં ઇષ્ટકાળની **છાયા** આવશે. જેમકે—ઇષ્ટ અહર્માન ઘડી ૩૧ પળ ૫૦ વિપળ ૩૯ ને ૨૧૦ થી ગુણી ઇષ્ટકાળના પળ ૮૧૨ થી ભાગતાં પાદ ૮ અંગુલ ૨ અને વ્યંગુલ ૫૧ આવે છે તેમા મધ્યાહ્ન છાયા પાદ ૧ અંગુલ ૭ અને વ્યંગુલ ૩૩ ઉમેરી સાત બાદ કરતાં પાદ ૨ અંગુલ ૧૦ અને વ્યંગુલ ૨૪ આવે છે. આ પ્રમાણે લગ્ન લાવવાની રીતિ છે, તે વિષે વિશેષ જાણવા ઇચ્છનારે **કરણ કુતૂહલ** અને આરંભ સિદ્ધિની **ટીકા** તપાસવાં.

હવે રાશિની વર્ગશુદ્ધિ કહીએ છીએ.

દરેક રાશિના ત્રીશમા ભાગનું નામ **ત્રીશાંશ** છે, અને ત્રીશાંશના સાઠમા ભાગનું નામ **લિપ્તા** કે **કળા** છે, જે પરથી હોરાદિની સ્પષ્ટતા થાય છે.

૧ હોરા—લગ્નના નવસો કળા પ્રમાણ બે ભાગ થાય છે, તેમનું નામ હોરા હોય છે. તેઓના સ્વામી ચંદ્ર અને સૂર્ય છે. જો એકી લગ્નની હોરા હોય તો પહેલી હોરાનો સ્વામી રવિ અને બીજી હોરાનો ચંદ્ર છે. જો બેકી લગ્નની હોરા હોય તો પહેલી હોરા ચંદ્રની છે, અને બીજી હોરા રવિની છે અહીં ચંદ્રની હોરા દીક્ષા તથા પ્રતિષ્ઠામાં ગ્રાહ્ય છે.

દ્રેષ્કાણ—લગ્નના ત્રીજા ભાગનું નામ દ્રેષ્કાણ છે, જે ૬૦૦ કળાના માનવાળો હોય છે. તેમાં પહેલો દ્રેષ્કાણ પોતાની રાશિનો, બીજો પાંચમી રાશિનો, અને ત્રીજો નવમી રાશિનો હોય છે. અને જે જે રાશિનો દ્રેષ્કાણ હોય છે તેના પતિઓ તે દ્રેષ્કાણના પતિઓ થાય છે.

જેમકે—વૃષરાશિમાં વૃષભ કન્યા અને મકર નામવાળા દ્રેષ્કાણુ આવે છે અને તેના પતિ શુક્ર બુધ અને શનિ છે. દ્રેષ્કાણુનો પતિ શુભસ્થાનમાં હોય તો તે મુહૂર્ત શ્રેયસ્કર છે.

સપ્તમાંશ—રાશિના સાતમાં ભાગનું નામ સપ્તમાંશ છે; જેમાં એકી રાશિમાં પોતાનાથી સાત રાશી સુધીના સપ્તમાંશો આવે છે; અને બેકી રાશિમાં પોતાની સાતમી રાશિથી પોતા સુધીના સપ્તમાંશો આવે છે. એટલે મેષમાં મેષથી તુલા સુધીના, અને વૃષભમાં વૃશ્ચિકથી વૃષભ સુધી સપ્તમાંશો હોય છે. તથા તે તે સપ્તમાંશવાળી રાશિના અધિપતિઓજ સપ્તમાંશના અધિપો થાય છે. આ સપ્તમાંશ બહુ પ્રમાણભૂત મનાતા નથી. તેથી છ વર્ગશુદ્ધિમાં તેની જરૂર મનાતી નથી.

નવમાંશ—લગ્નના નવમા ભાગનું નામ નવમાંશ છે, જે ૨૦૦ લિપ્તા પ્રમાણ હોય છે. (તે નવાંશો દરેક ચતુષ્કમાં પહેલી દસમી સાતમી અને ચોથી રાશિના નામથી શરૂ થાય છે, એટલે–મેષ વૃષભ મિથુન અને કર્ક, એ પહેલું એક ચતુષ્ક છે; સિંહ કન્યા તુલા અને–વૃશ્ચિક બીજું ચતુષ્ક છે, ધન મકર કુંભ અને મીન ત્રીજું ચતુષ્ક છે.) નક્ષત્રનો એક પાયો એ જ રાશિનો નવાંશ છે. તે નવાંશો અનુક્રમે મેષ મકર તુલા અને કર્કથી શરૂ થાય છે. એટલે મેષના નવાંશો મેષથી ધન સુધી છે, વૃષના નવાંશો મકરથી કન્યા સુધીના હોય છે, મિથુનના નવાંશો તુલાથી મિથુન પર્યંતના હોય છે, અને કર્કના નવાંશો કર્કથી મીન સુધીના હોય છે. આજ રીતે સિંહ કન્યા તુલા અને વૃશ્ચિકના નવાંશો પણ મેષથી, મકરથી, તુલાથી અને કર્કથી શરૂ થાય છે, ત્યાર પછી ધનાદિ રાશિચતુષ્કમાં પણ તેજ રીતે નવાંશો આવે છે, અને ઇષ્ટ નવાંશની રાશિના સ્વામી તેજ તે નવાંશના સ્વામી છે, જેમાં બળવાન્ સ્વામીનો નવાંશ અને બને ત્યાં સુધી સૌમ્ય ગ્રહનો નવાંશ શુભકાર્યમાં ગ્રહણ કરવો, આ નવાંશોમાં ત્રીજો, ચોથો, પાંચમો, સાતમો અને નવમો અંશ જન્મરાશિમાં શુભકર છે. છઠ્ઠો અંશ મધ્યમ છે, અને બીજા અધમ છે; એમ **પૂર્ણભદ્ર** કહે છે. રાશિના નામવાળો નવમાંશ **વર્ગોત્તમ** કહેવાય છે. ચરરાશિમાં પહેલો, સ્થિર રાશિમાં બીજો અને દ્વિસ્વભાવમાં ત્રીજો નવાંશ સ્વનામવાળો હોય છે, અને તેજ વર્ગોત્તમ છે. રાશિનો અંત્ય ભાગ અલ્પ બળવાળો હોય છે, તેથી દરેક છેલ્લા નવાંશો ત્યાજ્ય છે, પણ છેલ્લો નવાંશ વર્ગોત્તમ હોય તો તે શુભ છે, અને તેમાં શુભ કાર્ય કરી શકાય છે. વર્ગોત્તમમાં નવમાંશમાં રહેલો ગ્રહ પણ વર્ગોત્તમ મનાતો હોવાથી અત્યંત બળવાન્ છે, અને બાકીના સ્થાનમાં તે મિશ્રફળ આપવાવાળો થાય છે.

દરેક ગ્રંથકારો છ વર્ગમાં નવાંશની શુદ્ધિને જ પ્રથમ ગ્રાહ્ય માને છે, અને તેની શુદ્ધિથી બીજી કોઇક શુદ્ધિ ન હોય તો પણ દરકાર રાખતા નથી. **દૈવજ્ઞ વલ્લભ** કહે છે કે—શુભ લગ્ન હોય, છતાં નવાંશ ક્રુર હોય તો તે ઈષ્ટ ફળને આપતું નથી; અને લગ્ન ક્રુર હોય પણ

અંશ સૌમ્ય હોય તો તે સુખકારક છે. કેમકે **લલ્લ** કહે છે કે—સૌમ્યગ્રહ ક્રુર અંશમાં ક્રુર થાય છે, અને ક્રુરગ્રહ સૌમ્ય અંશમાં સૌમ્ય થાય છે; તથા તેની દૃષ્ટિ પણ પોતાના નવાંશી સ્વભાવ પ્રમાણેજ સૌમ્ય કે ક્રુર પડે છે. સૌમ્ય ગ્રહની ચાર પાંચ અને છ વર્ગથી શુદ્ધિ નીચેના નવાંશમાં આવે છે. જે અલ્પાધિક પ્રમાણમાં સર્વથા શુભ કાર્યમાં ગ્રાહ્ય છે. મેષ લગ્નમાં ૭–૯, વૃષમાં ૩–૫, મિથુનમાં ૬, કર્કમાં ૧–૩, સિંહમાં ૬, કન્યામાં ૩, તુલામાં ૮–૯, વૃશ્ચિકમાં ૪, ધનમાં ૬–૭–૯, મકરમાં ૫, કુંભમાં ૬–૮ અને મીનમાં ૧–૩, નવાંશો શુભ છે.

અણહિલ્લપુરમાં દરેક લગ્નના નવાંશ પળો નીચે મુજબ છે:—

લગ્ન	પળ	અક્ષર	વ્યક્ષર	મિનિટ	સેકન્ડ
મેષ, મીન	૨૫	૦	૦	૧૦	૦
વૃષ, કુંભ	૨૮	૨૬	૪૦	૧૧	૨૨ ૨/૩
મિથુન, મકર	૩૩	૫૩	૨૦	૧૩	૩૩ ૨/૩
કર્ક, ધન	૩૭	૫૩	૨૦	૧૫	૯ ૧/૩
સિંહ, વૃશ્ચિક	૩૮	૦	૦	૧૫	૧૨
કન્યા, તુલા	૩૬	૪૬	૪૦	૧૪	૪૨ ૨/૩

૪ દ્વાદશાંશ—રાશિના બારમા ભાગનું નામ દ્વાદશાંશ છે, જે ૧૫૦ લિપ્તાનો હોય છે. દરેક રાશિમાં પ્રથમ પોતાનો દ્વાદશાંશ હોય છે, અને પછી અનુક્રમે પછીની દરેક રાશિના દ્વાદશાંશો આવે છે, જેથી બારમો દ્વાદશાંશ પોતાની પૂર્વ રાશિનો આવે છે, જેમકે વૃષ લગ્નમાં પહેલો દ્વાદશાંશ વૃષનો, બીજો મિથુનનો, પાંચમો કન્યાનો, નવમો મકરનો, અને બારમો મેષનો દ્વાદશાંશ આવે છે. જે રાશિ દ્વાદશાંશના નામમાં હોય તેનો જે પતિ હોય તેજ દ્વાદશાંશનો પતિ મનાય છે. ઈષ્ટ દ્વાદશાંશ પતિ શુભ હોય તો શ્રેષ્ઠ છે અહીં પહેલા પાંચમા અને નવમા દ્વાદશાંશથી દ્રેષ્કાણ (લગ્ન ત્ર્યંશ) નો પ્રારંભ થાય છે માત્ર ત્યાર પછીના ત્રણ દ્વાદશાંશનો પતિ એક જ હોવાથી તે સંજ્ઞા જુદી પાડી છે.

૫ સપ્તવિંશત્યંશ—રાશિના સત્તાવીશમા ભાગનું નામ સપ્તવિંશત્યંશ છે, જેનું બીજું નામ પ્રવૃત્ત્યંશ છે. તે ૬૭ લિપ્તા પ્રમાણ હોય છે, અને તેની જરૂરીયાત લગ્ન બનાવવામાં હોય છે. જો કે અહીં અંશ વિભાગમાં પ્રવત્ત્યંશ ગણાવીએ છીએ, પણ ષડ્વર્ગ શુદ્ધિમાં તેની આવશ્યકતા નથી.

૬ **ત્રીશાંશ**—રાશિના ત્રીશમા ભાગનું નામ ત્રીશાંશ છે, જેનું ૬૦ લિપ્તાનું પ્રમાણ હોય છે. એકી લગ્નમાં પહેલા પાંચ ત્રીશાંશનો સ્વામી મંગળ છે, બીજા પાંચ ત્રીશાંશનો, સ્વામી શનિ છે, પછીના આઠ ત્રીશાંશનો સ્વામી ગુરુ છે, સાત ત્રીશાંશનો સ્વામી બુધ છે તથા છેલ્લા પાંચ ત્રીશાંશનો સ્વામી શુક્ર છે. અને બેકી લગ્નમાં તેથી ઉલટો ક્રમ છે. એટલે—પાંચ સાત આઠ પાંચ અને પાંચ ત્રીશાંશના સ્વામી અનુક્રમે શુક્ર, બુધ, ગુરૂ, શનિ અને મંગળ છે. અહીં સામાન્ય રીતે સૌમ્યગ્રહના ત્રીશાંશમાં મુહૂર્ત કરવું શ્રેષ્ઠ છે. આ બારે રાશિના ઉત્તમ ત્રીશાંશો આ પ્રમાણે છે—મેષ ૨૧, વૃષ ૧૪–૨૦, મિથુન ૧૭, કર્ક (૪) ૮, સિંહ ૧૮, કન્યા ૮, તુલા ૨૪, વૃશ્ચિક ૧૨, ધન ૧૭, મકર ૧૪, કુંભ ૨૬ અને મીન (૪) ૮ ત્રીશાંશો શુભ છે. **અણુહિલ્લપુર** પાટણમાં મેષાદિ રાશિનુ ત્રીશાંશમાન નીચે મુજબ છે.

રાશી	પળ	અક્ષર	રાશી	પળ	અક્ષર
મેષ, મીન	૭	૩૦	કર્ક, ધન	૧૧	૨૨
વૃષભ, કુંભ	૮	૩૨	સિંહ, વૃશ્ચિક	૧૧	૨૪
મિથુન, મકર	૧૦	૧૦	કન્યા, તુલા	૧૧	૨

આ હોરા, દ્રેષ્કાણ, નવમાંશ, દ્વાદશાંશ અને ત્રીશાંશની શુદ્ધિ તે પંચવર્ગ શુદ્ધિ કહેવાય છે, તેને લગ્ન સાથે ગણતાં ષડ્‌વર્ગ શુદ્ધિ થાય છે. છ વર્ગથી શુદ્ધ લગ્ન અતિ શ્રેષ્ઠ કહેવાય છે. આ છ વર્ગ પૈકી પાંચ વર્ગનો પતિ તો એક ગ્રહ પણ હોય છે, પરંતુ કોઈ પણ ગ્રહ એકી સાથે છ વર્ગનો પતિ હોઈ શકતો જ નથી, કેમકે હોરાના પતિ સૂર્ય અને ચંદ્ર છે; અને ત્રીશાંશના પતિ મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ જ છે. એટલે સાત ગ્રહોને એકેક વર્ગનું સ્વામિત્વ નથી. વર્ગફળ માટે કહ્યું છે કે—

लग्ने नूनं चिन्तयेद्देहभावं, होरायां वै संपदाद्यं सुखं च ।
स्याद् द्रैष्काणे भ्रातृजं भावरूपं, सप्तांशे स्यात् सन्ततिः पुत्र-पुत्री
नूनं नवांशेऽपि कलत्रभावं, स्याद्द्वादशांशे पितृ-मातृ सौख्यम् ।
त्रिंशांशके कष्टफलं विलोक्यं, होरागमे होरविदो विदन्ति ॥२॥

અર્થ—"જ્યોતિર્વિદો લગ્નમાં દેહભાવ, હોરામાં લક્ષ્મી અને સુખ, દ્રેષ્કાણમાં બંધુ સ્નેહ, સપ્તાંશમાં પુત્ર–પુત્રીરૂપ સંતતિ, ॥ ૧ ॥ નવાંશમાં સ્ત્રી, દ્વાદશાંશમાં માતા–પિતાનું સુખ, અને ત્રીશાંશમાં કષ્ટ સંબંધી વિચાર કરે છે." ॥ ૨ ॥

એકેક રાશિમાં સવા બે નક્ષત્રનો સમાવેશ થાય છે, અને સવા બે નક્ષત્રના નવ પાયા (ચતુર્થાંશ) તે રાશિનો નવાંશ કહેવાય છે. તેનો ક્રમ નીચે મુજબ છે—

અશ્વિની ૪	ભરણી ૪	કૃત્તિકા ૧	મેષ
કૃત્તિકા ૩	રોહિણી ૪	મૃગશર ૨	વૃષભ
મૃગશર ૨	આર્દ્રા ૪	પુનર્વસુ ૩	મિથુન
પુનર્વસુ ૧	પુષ્ય ૪	અશ્લેષા ૪	કર્ક
મઘા ૪	પૂર્વા ફાલ્ગુની ૪	ઉત્તરા ફાલ્ગુની ૧	સિંહ
ઉત્તરા ફાલ્ગુની ૩	હસ્ત ૪	ચિત્રા ૨	કન્યા
ચિત્રા ૨	સ્વાતિ ૪	વિશાખા ૩	તુલા
વિશાખા ૧	અનુરાધા ૪	જ્યેષ્ઠા ૪	વૃશ્ચિક
મૂળ ૪	પૂર્વાષાઢા ૪	ઉત્તરાષાઢા ૧	ધન
ઉષા ૩ (અભીચ)	શ્રવણ ૪	ધનિષ્ઠા ૨	મકર
ધનિષ્ઠા ૨	શતભીષા ૪	પૂર્વાભાદ્ર પદ ૩	કુંભ
પૂર્વાભાદ્ર પદ ૧	ઉત્તરાભાદ્ર પદ ૪	રેવતી ૪	મીન

બાર રાશિના અક્ષરો માટે કહ્યું છે કે—

मेषे स्यात् चुलआं वृषे इच मताः युग्मे कघा ङा छहाः,
कर्के हीड हरौ मटा कनिषु वै टोपाः षणाठा मताः ।
तौलौं रात अलौ नतोय धनुषः ये भा धफा ढा मताः ।
भोजा खा ग मृगे घटे गुसद वै मीने दिशा झा थचा ॥१॥

અર્થ—મેષના ચુ ચે ચો લા લિ લુ લે લો અ, વૃષના ઈ ઉ એ ઓ વ વિ વુ વે વો, મિથુનના ક કિ કુ કે કો ઘ ઙ છ હ, કર્કના હિ હુ હે હો ડ ડિ ડુ ડે ડો, સિંહના મ મિ મુ મે મો ટ ટિ ટુ ટે, કન્યાના ટો પ પિ પુ પે પો ષ ણ ઠ, તુલાના ર રિ રૂ રે રો ત તિ તુ તે, વૃશ્ચિકના ન નિ નુ ને નો તો ય યિ યુ, ધનના યે યો ભ ભિ ભુ ભે ધ ફ ઢ, મકરના ભો જ જી જુ જે જો ખ ખિ ખુ ખે ખો ગ ગિ, કુંભના ગુ ગે ગો સ સિ સુ સે સો દ, અને મીનના દ દિ દુ દે દો શ લ થ ચ ચિ, અક્ષરો છે." ॥ ૧ ॥

આ દરેક શબ્દોમાં સ્વરોનો સમાવેશ કરતાં ઉપરોક્ત શ્લોકમાં કહેલ શબ્દક્રમ તૈયાર થાય છે. એટલે કે—ચુ–લા–આ મેષ, ઈ–વા વૃષ, કા ઘ ઙ છ હા મિથુન, હી ડા કર્ક, મા ટા સિંહ, ટો પા ષ ણ ઠ કન્યા, રા તા તુલા, તો ના યા વૃશ્ચિક યે ભા ધ ફા ઢ ધન, ભો જા

ખા ગા મકર, ગૂ સા દા કુંભ, અને દિ શા લ થ ચા મીન, આ પ્રમાણે રાશિ અક્ષરો છે. પણ અહીં દર્શાવેલ સ્વરોમાં હ્રસ્વ–દીર્ઘનો ભેદ રાખ્યો નથી. જેમકે–**લ**, ઉપરથી લ, અને લા બન્ને આવે છે, વળી પછીના દરેક સ્વરોનો પણ સમાવેશ થાય છે; જેમકે—લા ઉપરથી **લી લૂ** લે લો, એમ દરેક સ્વર આવી જાય છે. પરંતુ એક જ શબ્દની બીજી વાર યાદી આવે છે તો પૂર્વનો સ્વરક્રમ પછીના સ્વર સુધી ગણાય છે. જેમકે—મિથુનમાં હા છે, અને કર્કમાં હી છે, તો હા માત્ર મિથુનમાં છે, અને કર્કમાં હી હૂ હે હો આવી જાય છે.

હવે લગ્ન અને રાશિઓનું સ્વરૂપ વિવરીએ છીએ—

મેષાદિ રાશિઓનો **રંગ** અનુક્રમે—લાલ, ધોળો, હરિત (પીળો–લીલો), લાલ, ધોળો, કાબરચિત્રો, કાળો, પિંગ, (પીળો–રાતો), પિંગ કાબરચિત્રો, પીળો અને ધુમ્રો (મેલો) છે, મેષાદિ બારે રાશિઓ પૂર્વાદિ ચાર દિશાના અનુક્રમે પતિ છે એટલે–મેષ સિંહ અને ધન પૂર્વ દિશાના **પતિ** છે, વૃષભ, કન્યા અને મકર દક્ષિણ દિશાના પતિ છે, મિથુન તુલા અને કુંભ પશ્ચિમના પતિ છે, તથા કર્ક વૃશ્ચિક અને મીન ઉત્તર દિશાના **સ્વામી** છે. આનું પ્રયોજન યાત્રામાં હોય છે. મેષાદિ બારે રાશિઓની અનુક્રમે ચર સ્થિર અને દ્વિસ્વભાવ **સંજ્ઞાઓ** છે. એટલે મેષ ચર વૃષ સ્થિર અને મિથુન દ્વિસ્વભાવ; એમ દરેકમાં સમજી લેવું. અહીં દ્વિસ્વભાવનો અર્થ મિશ્રસ્વભાવ થાય છે, જેમા પૂર્વાર્ધ સ્થિર અને ઉત્તરાર્ધ ચર હોય છે. આ સંજ્ઞા જન્મફળ અને ચોરયેલ વસ્તુમાં જરૂરી છે.

દરેક એકી રાશિનો ક્રુર અને બેકી રાશિનો સૌમ્ય **સ્વભાવ** છે. તેમજ ક્રુર ગ્રહની રાશિઓ ક્રુર અને સૌમ્ય ગ્રહની રાશીઓ અક્રુર છે આ રીતે મેષ સિંહ મકર વૃશ્ચિક અને કુંભ ક્રુર છે, બાકીની રાશિઓ સૌમ્ય છે. આ સિવાય સૌમ્ય ગ્રહની દૃષ્ટિવાળી રાશી સૌમ્ય છે, અને ક્રુર ગ્રહ યુકત તથા ક્રુર ગ્રહની દૃષ્ટિવાળી રાશિ ક્રુર છે. એકી રાશિ **પુરૂષ** રાશિ છે, અને બેકી રાશિ સ્ત્રીરાશિ છે. મેષ વૃષભ મિથુન કર્ક ધનુષ અને મકર રાશિઓ રાત્રિએ **બળવાન** છે, તથા સિંહ કન્યા તુલા વૃશ્ચિક કુંભ અને મીન રાશિઓ દિવસે બળવાન્ છે દિવસની બળવાન્ છ રાશિઓનું ઉદય પામતી વખતે મસ્તક પહેલું દેખાતું હોવાથી તે **શીર્ષોદય** રાશિ કહેવાય છે. રાત્રિની બળવાન્ રાશિઓની પુંઠ પ્રથમ ઉંગતી હોવાથી તેઓ **પૃષ્ઠોદય** કહેવાય છે. પણ મીન રાશિ બન્ને રીતે ઉગે છે. તેથી તે **શીર્ષપૃષ્ઠોદય** અથવા **ઉભયોદય** રાશિ મનાય છે. શીર્ષોદય રાશિ યાત્રાદિકમાં શુભ છે; અર્થાત્ દિવસની બળવાન્ રાશિએ યાત્રા કરવી અને તે પણ દિવસે શ્રેયસ્કર છે. રાશિઓના સ્વામીઓ માટે કહ્યું છે કે–

मेषादीशाः कुजः शुक्रो, बुधश्चन्द्रो रविर्बुधः ।
शुक्रः कुजो गुरुर्मन्दो, मन्दो जीव इति क्रमात् ॥१॥

અર્થ- "મેષાદિ રાશિઓના સ્વામી અનુક્રમે—મંગળ, શુક્ર, બુધ ચંદ્ર, રવિ, બુધ, શુક્ર મંગળ, ગુરૂ, શનિ, શનિ અને ગુરૂ છે" ॥ ૧ ॥ જે જે રાશિના ગ્રહો અધિપતિ છે તે તે રાશિઓ પોતપોતાના પતિના ઘર (ભુવન) તરીકે ગણાય છે, અને રાહુનું ઘર કન્યા છે.

सूर्यादीनामुच्चाः, अजवृषमृगयुवतिकर्कमीनतुलाः ।
दिग्गुप्त्यष्टाविंशति-तिथीषु भ विंशतिभिरंशैः ॥१॥

અર્થ—"રવિ વિગેરે સાત ગ્રહોના ઉચ્ચ સ્થાનો અનુક્રમે—મેષ, વૃષભ, મકર, કન્યા, કર્ક મીન અને તુલા છે. આ સ્થાન ગ્રહોનું હર્ષસ્થાન કે વિલાસભુવન છે, તેમાં રહેલ ગ્રહો બળવાન્ કે હર્ષી મનાય છે. વળી રવિ વિગેરે ગ્રહો પોત-પોતાના ઉચ્ચસ્થાનના અનુક્રમે—દસ, ત્રણ, અઠ્યાવીસ, પંદર, પાંચ સત્યાવીશ, અને વિશમા ત્રિશાંશ સુધીના અંશો પરમ ઉચ્ચ છે એવો સંપ્રદાય છે. એટલે—મેષનો રવિ ઉચ્ચ છે, પણ તેમાં મેષના દસ અંશ સુધી રવિ પરમોચ્ચ છે, અને ત્યાર પછીના ૨૦ અંશોમાં રવિ માત્ર ઉચ્ચ છે; એમ દરેક ગ્રહ માટે સમજી લેવું" ॥ ૧ ॥ રાહુનું ઉચ્ચસ્થાન મિથુન છે, અને કેતુનું ઉચ્ચસ્થાન ધન છે. **પ્રશ્નશતક વૃત્તિ** વિગેરેમાં તો કહે છે કે—ગ્રહો ઉચ્ચસ્થાનના કથિત અંશોમાંજ માત્ર ઉચ્ચ છે, પણ કથિત અંશ સુધીના દરેક અંશોમાં ઉચ્ચ નથી. જેમકે—સૂર્યનું ઉચ્ચસ્થાન મેષ છે, અને પરમોચ્ચ સ્થાન મેષનો દસમો અંશ છે; તેથી મેષના નવ અંશ સુધી સૂર્ય ઉચ્ચ છે, મેષના દસમાં ત્રીશાંશે સૂર્ય પરમોચ્ચ છે, અને અગીયારથી ત્રીશમા ત્રીશાંશ સુધી સૂર્ય ઉચ્ચ છે. તાજક ગ્રન્થોમાં તો પરમોચ્ચ ત્રીશાંશ પછી ગ્રહો તેજહીન થાય છે એવો નિર્દેશ ઉચ્ચસ્થાન માટે **ત્રૈલોક્ય પ્રકાશમાં** કહ્યું છે કે—

लग्ने तुङ्गे सदा लक्ष्मी-स्तुर्ये तुङ्गे धनागमः ।
तुङ्गेजायास्तगे तुङ्गे, खे तुङ्गे राज्यसंभवः ॥१॥
लाभे तुङ्गे महालाभो, भाग्ये तुङ्गे च दीक्षितः ॥

અર્થ—લગ્નકુંડલીમાં પહેલું, ચોથું, સાતમું અને દસમું સ્થાન ઉચ્ચગ્રહયુક્ત હોય તો; અનુક્રમે—અક્ષય ધન, ધનવૃદ્ધિ, સુલક્ષણી સ્ત્રી, અને રાજ્ય મળે છે. તથા અગીયારમે ભુવને ઉચ્ચગ્રહ હોય તો મહાન્ લાભ થાય છે, અને નવમે સ્થાને ઉચ્ચગ્રહ હોય તો દીક્ષા લ્યે છે."

બીજા ગ્રંથોમાં કહ્યું છે કે—જન્મનારની જન્મકુંડલીમાં એક ઉંચો ગ્રહ હોય તો તે માંડલિક ત્રણઉંચે રાજા, પાંચ ઉંચે વાસુદેવ, છ ઉંચે ચક્રવર્તી, અને સાત ઉંચે તીર્થંકર થાય છે. અહીં રાહુ ઉચ્ચનો હોય ત્યારે કેતુ પણ ઉચ્ચનો મનાય છે, તેથી નવ ગ્રહોમાંથી સાત ગ્રહો ઉચ્ચના હોવા જોઇએ એવું કથન છે છતાં કદાચ ઉચ્ચ ગ્રહ બહુ બળયુક્ત હોય અને સ્વગ્રહી કે ત્રિકોણસ્થ ગ્રહ પુષ્ટ હોય,

અથવા **નવમાંશ** કુંડલીમાં ઉચ્ચનો હોય. તેના બળને પણ બમણું કલ્પી ઉચ્ચની સંખ્યા ગ્રહણ કરી હોય એમ સમજાય છે. આ સિવાય ૮૮ ગ્રહ પૈકીના હરકોઈ ઉચ્ચગ્રહનો પણ સમાવેશ થાય છે, અને તેથીજ **કલ્પસૂત્રમાં પ્રભુ મહાવીરની** જન્મરાશિ પર ત્રીશમો **ભસ્મગ્રહ** હોવાનો નિર્દેશ છે. સત્ય બીના તત્કાળ ગમ્ય છે. બાકી એટલું તો ચોક્કસ છે કે–નવ ગ્રહો પૈકીના બુધ, સિવાયના આઠે ગ્રહો એકી સાથે ઉચ્ચ થઈ શકે તેમ છે.

સ્વગ્રહી માટે **જન્મકુંડલી**માં કહ્યું છે કે—

त्रिभिः स्वस्थानैगर्मन्त्री, त्रिभिरुच्चैर्नराधिपः ॥

અર્થ—"જન્મકુંડળીમાં ત્રણ ગ્રહો સ્વગ્રહી હોય તો મંત્રી, અને ત્રણ ગ્રહો ઉચ્ચ હોય તો રાજા થાય છે.

દરેક ગ્રહોને પોતાના ઉચ્ચ સ્થાનથી સાતમી રાશિ **નીચ સ્થાન** છે. જેથી રવિ વીગેરેનું નીચસ્થાન અનુક્રમે—તુલા, વૃશ્ચિક, કર્ક, મીન, મકર, કન્યા, મેષ, ધન અને મિથુન રાશિઓ છે. અને જેમ ઉચ્ચરાશિના દશ વિગેરે અંશો પરમોચ્ચ છે, તેમ નીચરાશિના પણ તેજ અંશો પરમ નીચ છે. એટલે તુલા વિગેરે રાશિઓના અનુક્રમે ૧૦–૩–૨૮–૧૫–૫–૨૭ અને ૨૦ ત્રીશાંશોમાં રવિ વિગેરે નવ ગ્રહો પરમ નીચના હોય છે. જેમકે–રવિનું સ્થાન તુલા છે. અને રવિનું પરમ નીચ સ્થાન તુલાના દશ અંશ કે દશમો અંશ છે. તે પછીના ૨૦ અંશો તો માત્ર નીચસ્થાન કહેવાય છે. આ બાબતની વિશેષ સમજણ ઉચ્ચ પ્રમાણે છે.

જન્મ કુંડલીના નીચ ગ્રહો માટે કહ્યું છે કે—

त्रिभिर्नीचैर्भवेद् दासः, त्रिभिरस्तमितैर्जडः ।

અર્થ—જેની જન્મ કુંડલીમાં ત્રણ નીચગ્રહો હોય તે દાસ થાય છે, અને અસ્તના ત્રણ ગ્રહો હોય તે જડ થાય છે." વળી કહ્યું છે કે—

अन्धं दिगम्बरं मुर्खं परपिण्डोपजीविनम् ।
कुर्यातामतिनीचस्थौ, पुरुषं चन्द्र-भास्करौ ॥१॥

અર્થ—જન્મકુંડલીમાં અતિ નીચ સ્થાને રહેલા ચંદ્ર અને સૂર્ય પુરૂષને અંધ ગરીબ મૂર્ખ, અને ભિક્ષુક બનાવે છે. ॥ ૧ ॥

सिंहोवृषोऽजो प्रमदा धनुश्च, तुलाघटोकुम्भ-हरी त्रिकोणम् ॥

અર્થ—સૂર્યાદિ નવ ગ્રહોના અનુક્રમે–સિંહ, વૃષ મેષ, કન્યા, ધન, તુલા, કુંભ, અને સિંહ ત્રિકોણ સ્થાનો છે." જ્યોતિર્વિદો આ સ્થાનોનું બળ પણ ઉચ્ચથી જરા ન્યૂન કલ્પે છે.

ઉપરોક્ત પોતાની રાશિ, પોતાનું ઉચ્ચસ્થાન અને પોતાના ત્રિકોણમાં રહેલ ગ્રહો શ્રેષ્ટ મનાય છે. તેઓના શ્રેષ્ટ ત્રિશાંશની સ્પષ્ટતા **પ્રશ્નશતક વૃત્તિમાં** આ પ્રમાણે દેખાડી છે— મેષમાં બાર ત્રીશાંશો મંગળનો ત્રિકોણ, અને ૧૮ ત્રીશાંશો મંગળનું ઘર છે. વૃષમાં બે ત્રીશાંશ ચંદ્ર ઉચ્ચ, એક ત્રીશાંશ પરમોચ્ચ, અને ૨૭ ત્રીશાંશ ચંદ્ર ત્રિકોણ છે. સિંહમાં–વીશ ત્રીશાંશ રવિનો ત્રિકોણ, અને દસ ત્રીશાંશ રવિનું ઘર છે. કન્યામાં–ચૌદ ત્રીશાંશો બુધના ઉચ્ચ છે, પંદરમો ત્રીશાંશ પરમોચ્ચ છે, પાંચ ત્રીશાંશો બુધના ત્રિકોણ છે, અને દસ ત્રીશાંશો બુધનું ઘર છે. તુલામાં–પંદર ત્રીશાંશો શુક્રનો ત્રિકોણ છે, બાકીના ત્રીશાંશો શુક્રનું ઘર છે. ધનમાં—દશ ત્રીશાંશો ગુરુનો ત્રિકોણ છે, અને વીશ ત્રીશાશો ગુરુનું ઘર છે. **કુંભમાં–વીશ** ત્રીશાંશો શનિનો ત્રિકોણ છે, અને દશ ત્રીશાંશો શનિનું ઘર છે.

ઉચ્ચગ્રહ પોતાના ઉચ્ચસ્થાનના પતિ સાથે મિત્ર હોય છે, અને પોતાના ભુવનથી સાતમા ભુવનના પતિનો શત્રુ હોય છે. આ પ્રમાણે ઉચ્ચસ્થાનાદિથી કેટલાએક ગ્રહોનો મૈત્રીભાવ અને શત્રુપણું હોવાનું સમજી શકાય છે. રાશિના રસ, શરીર, માન, વાસસ્થાન, ભ્રમણસ્થાન, પ્લવત્વ, પ્રમાણાભા, શટકા, લગ્નમાન અને તત્ત્વ વિગેરે બીજા ગ્રન્થોથી જાણવું.

(રાશિચક્ર જુઓ)

હવે **લગ્ન શુદ્ધિ** કહીએ છીએ—

ઇષ્ટ કાળ વખતે જે રાશિ ઉદય પામતી હોય તે તાત્કાલિક લગ્ન કહેવાય છે, તેને મુખમાં સ્થાપી પછીની દરેક રાશિઓને વામક્રમથી અનુક્રમે બાર સ્થાને સ્થપાય છે; અને જે જે રાશિમાં જે જે તાત્કાલિક ગ્રહ હોય છે તે તેમાં મૂકાય છે, તેનું નામ **લગ્નકુંડળી** છે. આ લગ્નકુંડળી માટે એક ચતુષ્કોણમાં છ લીંટીથી બાર ખાના તૈયાર કરાય છે. તેમાં ઇષ્ટકાળની ચંદ્રની રાશિ મુખમાં સ્થાપી બાકીના ભાગોમાં તાત્કાલિક ગ્રહયુક્ત બીજી રાશિ ગોઠવવાથી રાશિકુંડળી કે **ચંદ્રકુંડળી તૈયાર** થાય છે. તથા ઇષ્ટ નવાંશરાશિને મુખમાં મૂકી પછીની રાશિઓ વામક્રમે મૂકવાથી તથા તેમાં ગ્રહો સ્થાપવાથી **નવાંશકુંડળી** થાય છે. આ રીતે જન્મ, પ્રશ્ન, પ્રતિષ્ઠા, વિવાહ, વિગેરે માટે લગ્ન-કુંડળી, ચંદ્રકુંડળી અને **નવાંશકુંડળી** તૈયાર કરાય છે.



લગ્ન ચક્ર

નામ	મેષ મીન	વૃષ કુંભ	મિથુન મકર	કર્ક ધન	સિંહ વૃષભ	કન્યા તુલા
લંકા લગ્ન પળ	૨૭૮	૨૯૯	૩૨૩	૩૨૩	૨૯૯	૨૭૮
મધ્યદેશ પળ	૨૨૭	૨૫૮	૩૦૬	૩૪૦	૩૪૦	૩૨૯
જોધપુર પળ	૨૧૮	૨૫૧	૩૦૩	૩૪૩	૩૪૭	૩૩૮
રાજસ્થાન પળા	૨૩૩	૨૬૩	૩૦૫	૩૪૫	૩૨૫	૩૨૩
દિલ્લી પળા	૨૧૪	૨૪૦	૩૦૧	૩૪૫	૩૫૧	૩૪૨
લગ્ન પળ (પાટણ)	૨૨૫	૨૫૬	૩૦૫	૩૪૧	૩૪૨	૩૩૧
હોરા પળ	૧૧૨	૧૨૮	૧૫૨	૧૭૦	૧૭૧	૧૬૫
વિપળ	૩૦	૦	૩૦	૩૦	૦	૩૦
દ્રેષ્કાણ પળ	૭૫	૮૫	૧૦૧	૧૧૩	૧૧૪	૧૧૦
વિપળ	૦	૨૦	૪૦	૪૦	૦	૨૦
નવાંશ પળ	૨૫	૨૮	૩૩	૩૭	૩૮	૩૬
અક્ષર	૦	૨૬	૫૩	૫૩	૦	૪૬
વ્યક્ષર	૦	૪૦	૨૦	૨૦	૦	૪૦
દ્વાદશાંશ પળ	૧૮	૨૧	૨૫	૨૮	૨૮	૨૭
વિપળ	૨૫	૨૦	૨૫	૨૫	૩૦	૩૫
ત્રીશાંશ પળ	૭	૮	૧૦	૧૧	૧૧	૧૧
વિપળ	૩૦	૩૨	૧૦	૨૨	૨૪	૨
પ્રમાણુભા	૨૦	૨૪	૨૮	૩૨	૩૬	૪૦
શટકા	૨૦૦	૨૪૦	૨૮૦	૩૨૦	૩૬૦	૪૦૦
લગ્ન મિનિટ	૯૦	૧૦૨	૧૨૨	૧૩૬	૧૩૬	૧૩૨
સેકન્ડ	૦	૨૪	૦	૨૪	૪૮	૨૪
હોરા મિનિટ	૪૫	૫૧	૬૧	૬૮	૬૮	૬૬
સેકન્ડ	૦	૧૨	૦	૧૨	૨૪	૧૨
દ્રેષ્કાણ મિનિટ	૩૦	૩૪	૪૦	૪૫	૪૫	૪૪
સેકન્ડ	૦	૮	૪૦	૨૮	૩૬	૮
નવાંશ મિનિટ	૧૦	૧૧	૧૩	૧૫	૧૫	૧૪
સેકન્ડ	૦	૨૨	૩૩	૯	૧૨	૪૨
પ્ર.	૦	૪૦	૨૦	૨૦	૦	૪૦
દ્વાદશાંશ મિનિટ	૭	૮	૧૦	૧૧	૧૧	૧૧
સેકન્ડ	૨૨	૩૨	૧૦	૨૨	૨૪	૨
ત્રિશાંશ મિનિટ	૩	૩	૪	૪	૪	૪
સેકન્ડ	૦	૨૪।।।	૪	૩૨।।।	૩૩।।।	૨૪।।।

રાશિ—લગ્ન ચક્ર.

નામ.	મેષ	વૃષ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
શુભ ત્રિશાંશો	૨૭	૨૦	૧૭	૪-૮	૧૮	૪-૮	૨૪	૧૨	૧૭	૨૨	૨૬	૪—૮
નક્ષત્રપાદ	અશ્વિની ભરણી કૃ. ૧	કૃ ૩ રોહિણી મૃગ. ૨	મૃગ ૨ આર્દ્રા પુન. ૩	પુન. ૧ પુષ્ય અશ્લેષા	મઘા પૂર્વા ફા. ઉ. ફા. ૧	ઉ. ફા. ૩ હસ્ત ચિત્રા ૨	ચિત્રા ૨ સ્વાતિ વિશા. ૩	વિ. ૧ અનું. જ્યેષ્ઠા	મૂળ પૂ. ષા. ઉ. ષા. ૧	ઉ ષા. ૩ શ્રવણ ધાન. ૨	ધનિ ૨ શત પૂ.ભા. ૩	પૂ.ભા. ૧ ઉ. ભા. રેવતી
મધ્યાહ્ન છાયા	૩	૨	૧	૦	૧	૨	૩	૪	૫	૬	૫	૪
આંતર-ભુક્તિ	૧૮૫૭	૧૮૮૫	૧૮૯૭	૧૮૮૮	૧૮૬૨	૧૮૨૭	૧૮૯૩	૧૭૬૯	૧૭૬૦	૧૭૬૭	૧૭૮૯	૧૮૨૧
સ્થૂલભુ-ક્તિ કળા	૫૮	૫૭	૫૭	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૧	૬૧	૬૦	૫૯
શુભ નવમાંશો	૭ ૯	૩ ૫	૬	૧ ૩	૬	૩	૮ ૯	૪	૬-૭ ૯	૫	૬—૮	૧—૩

રાશિ–લગ્ન ચક્ર.

નામ.	મેષ	વૃષ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
ચંદ્ર દ્વાદશાંસ	પ્રો.	હુત	મૃત	જય	હાસ	હર્ષ	રતિ	નિદ્રા	સ્તુતિ	જરા	ભય	સુખિતા
માસ	ચૈત્ર	વૈશાખ	જેઠ	અષાડ	શ્રાવણ	ભાદરવો	આસો	કાર્તિક	માગ.	પોષ	મહા	ફાગણ
ઋતુ	વસંત	ગ્રીષ્મ	ગ્રીષ્મ	વર્ષા	વર્ષા	શરદ	શરદ	હેમંત	હેમંત	શિશિર	શિશિર	વસંત
રવિદગ્ધા તિથિ	૬	૪	૮	૬	૧૦	૮	૧૨	૧૦	૨	૧૨	૪	૨
ચંદ્રદગ્ધા તિથિ	૪	૧૦	૪	૧૦	૬	૧૨	૬	૧૨	૨	૮	૨	૮
કુર તિથિ	૧–૫	૨–૫	૩–૫	૪–૫	૬–૧૦	૭–૧૦	૮–૧૦	૯–૧૦	૧૧–૧૫	૧૨–૧૫	૧૩-૧૫	૧૪-૧૫
અક્ષરો ૧	અ લ ઈ	બા વા ઉ	ક છ ઘ	ડા હા	મા ટા	પા ઠ ણ	રા તા	નો યા	ભ ઢ ફ ધ	ખા જા	ગો સા	દા ચા ક્ષા થા
અક્ષરો ૨	ચૂ લા આ	ઇ વા	કા ઘા ઙ છ હા	હી ડા	મા ટા	ટો પા ષ ણ	રા તા	તો ના યા	યે ભા ધા ફા ઢા	ભો જા ખા ગા	ગૂ સા દા	દિ શા ઝ થ ચા

સ્વરૂપ	અજ	બળદ	દંપતી	કાચબો	શૈલાચારી	કન્યા	ત્રાજવું	વીંછી	અશ્વનર	મૃગ	ઘડાવાળો નર	માછલું
દેહાંગ	એક	એક	બે	એક	એક	એક	એક	એક	બે	એક	એક	બે
ચંદ્રાકાર	સમાન	સમાન	હળ	નિર્મળ	વાંકો	શૂળી	શૂળી	વાંકો	નિર્મળ	હળ	સમાન	અલ્પ-વાંકો
ચંદ્રાકાર	દ. ઉંચો	સમાન	ઉ. ઉંચો	હળ	ધનુષ્ય	શૂળી	શૂળી	ધનુષ્ય	હળ	ઉ. ઉંચો	સમાન	દ. ઉંચો
રંગ	લાલ	શ્વેત	હરિત	લાલ	પાંડુ	વિચિત્ર	કાળો	પિંગ	પિંગ	ચિત્રો	પીળો	ધુમ્રો
,,			પી. લી.	શ્વે.લાલ	ધોળો		મેચક	લા. પી.	લા. પી		બભ્રુ	મલાઢય
દિશાઓ	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર
સ્વભાવ	ચર	સ્થિર	દ્વિ	ચર	સ્થિર	દ્વિ.	ચર	સ્થિર	દ્વિ.	ચર	સ્થિર	દ્વિ.
સ્વભાવ	ક્રુર	સૌમ્ય	ક્રુર	સૌમ્ય	ક્રુર	સૌમ્ય	ક્રુર	સૌમ્ય	ક્રુર	સૌમ્ય	ક્રુર	સૌમ્ય
ગ્રહભાવ	ક્રૂર				ક્રુર			ક્રુર		ક્રુર	ક્રુર	
એકી-બેકી	એકી	બેકી	એકી	બેકી	એકી	બેકી	એકી	બેકી	એકી	બેકી	એકી	બેકી
લિંગ	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.	પું.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.	પુ.	સ્ત્રી.
કાળબળ	રાત્રિ	રાત્રિ	રાત્રિ	રાત્રિ	દિન	દિન	દિન	દિન	રાત્રિ	રાત્રિ	દિન	દિન

રાશિ-લગ્ન ચક્ર

નામ	મેષ	વૃષ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
ઉદય	પૃષ્ઠ	પૃષ્ઠ	શિર	પૃષ્ઠ	શિર	શિર	શિર	શિર	પૃષ્ઠ	પૃષ્ઠ	શિર	ઉભય
સ્વામીગ્રહો	ભોમ	શુક્ર	બુધ	સોમ	રવિ	બુધ	શુક્ર	ભોમ	ગુરૂ	શનિ	શનિ	ગુરૂ
ઉચ્ચ ગ્રહો	રવિ	સોમ	રાહુ	ગુરૂ	૦	બુધ	શનિ	૦	કેતુ	ભોમ	૦	શુક્ર
નીચ ગ્રહો	શનિ	૦	કેતુ	ભોમ	૦	શુક્ર	રવિ	સોમ	રાહુ	ગુરૂ	૦	બુધ
બલી ગ્રહો	૫	રવિ સોમ	૫	ર. સો.	૫	ર. સો.	૫	ર. સો.	૫	ર. સો.	૫	ર. સો.
ષડષ્ટક	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન	મેષ	વૃષ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા
ફળ	પ્રીતિ	શત્રુ	પ્રીતિ	શત્રુ	પ્રીતિ	શત્રુ	પ્રીતિ	શત્રુ	પ્રીતિ	શત્રુ	પ્રીતિ	શત્રુ
બીયાબારૂં	મીન	મેષ	વૃષ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ
ફળ	શ્રેષ્ઠ	અશુભ	શ્રેષ્ઠ	અશુભ-તર	શ્રેષ્ઠ	શુભ	શ્રેષ્ઠ	અશુભ	શ્રેષ્ઠ	અશુભ	શ્રેષ્ઠ	અશુભ
નવ પંચક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન	મેષ	વૃષ	મિથુન	કર્ક
ફળ	શુભ	શુભ	શુભ	મધ્યમ	શુભ	મધ્યમ	શુભ	શુભ	શુભ	શુભ	મધ્યમ	મધ્યમ

૧	ત્રિકોણ	ઉચ્ચ			મૂ. ત્રિ.	ઉચ્ચ	ત્રિકોણ		મૂ. ત્રિ.		ત્રિકોણ
૧	ત્રિકોણ	ઉચ્ચ			,,	,,	,,		,,		,,
૧	ત્રિકોણ	પરમોચ્ચ			,,	,,	,,		,,		,,
૨	ત્રિકોણ	ચંદ્ર ત્રિ.			,,	,,	ત્રિકોણ		,,		,,
૫	ત્રિકોણ	,,			,,	,,	શુક્રગૃહ		,,		,,
૨	ત્રિકોણ	,,			,,	,,	,,		ગુરૂગૃહ		,,
૨	ભો. ગૃ.	,,			,,	ઉચ્ચ	,,		,,		,,
૧	ભો. ગૃ.	,,			,,	પરમોચ્ચ	,,		,,		,,
૩	ભો. ગૃ.	,,			,,	ત્રિકોણ	,,		,,		,,
૨	ભો. ગૃ.	,,			,,	ત્રિકોણ	,,		,,		,,
૧૦	ભો. ગૃ.	,,			રવિગૃહ	બુધગૃહ	,,		,,		શનિગ્રહ

ત્રીશાંશો

રાશિ–લગ્ન ચક્ર.

નામ.	મેષ	વૃષ	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃશ્ચિક	ધન	મકર	કુંભ	મીન
રાશિ-પુરૂષાંગ	શિર	મોઢું	છાતી	હૃદય	પેટ	કેડ	પેડું	મેહન	ઉરૂ	જાનુ	જંઘા	પગ
માન	હ્રસ્વ	હ્રસ્વ	સમ	સમ	દીર્ઘ	દીર્ઘ	દીર્ઘ	દીર્ઘ	સમ	સમ	હ્રસ્વ	હ્રસ્વ
પ્લવત્વ-દિશા	દક્ષિણ	અ.	ઉ.	વા.	પૂ.	ઉ.	અ.	દ.	ઇ.	પ.	પ.	ઇ.
જાતિ	પશુ	પશુ	મનુષ્ય	કીટ	પશુ	મનુષ્ય	મનુષ્ય	કીટ	મ. પ.	મ. કી.	જળચર	જળચર
ગાત	ચતુષ્પદ	ચતુષ્પદ	દ્વિપદ	અપદ	ચતુષ્પદ	દ્વિપાદ	દ્વિપાદ	અપદ	દ્વિ. ચ.	દ્વિ. અ.	અપદ	અપદ
વાસભૂમિ	ઝોંક	ગોકુળ	નૃત્યભૂ	યુદ્ધ	વન	અંતઃપુર	સ્વ.	રણ	જળ શિ.	ભાંડ	જળ	ભૂમિ
વિશેષ સ્થાન	કેદરાત્રિ	કૃષ્ણાદિ	શિલ્પ	પુલિન	દુર્ગવન	રાંધણીયું	દુકાન	વાલ્મક	યજ્ઞ	જળ	દ્યૂત	તીર્થ
ભ્રમણ-સ્થાન	અ. ગ્રા.	અ. ગ્રા.	ગ્રામ	જળ	વન	ગ્રામ	ગ્રાંમ	પ્રવાસી	ગ્રા. વ.	વ. જ.	ગ્રામ	જળ
....	ક્રિય	તાવુરી	જીતુમ	કુલિર	લય	પાથોન	જુક	કૌર્ય	તૌક્ષિક	આકો	ત્વસ્ભે	અંત્યભં
વાચા	અવ્યક્ત	અ.	વ્યક્ત	મૂક	અ.	વ્ય.	વ્ય.	અ.	વ્ય.	અ.	અ. વ્ય.	મૂક
વિષ્ટિ	સ્વર્ગ	સ્વર્ગ	પાતાળ	પાતાળ	મનુષ્ય	પાતાળ	પાતાળ	મનુ.	પા.	સ્વર્ગ	મનુ.	મનુ.
પ્રસવકારક	અલ્પ	બહુ	અલ્પ	બહુ	અલ્પ	અલ્પ		બહુ		અલ્પ		બહુ
તત્વ	અગ્નિ	પૃથ્વી	વાયુ	જળ	અગ્નિ	પૃથ્વી	વાયુ	જળ	અગ્નિ	પૃથ્વી	વાયુ	જળ

આ સિવાય હોરાદ્રેષ્કાણુ વિગેરેની કુંડળીઓ તથા ચલિતકુંડળી (ભાવકુંડળી) પણ વિવિધ રીતે તૈયાર થાય છે. લગ્નકુંડળીમાં તૈયાર થતા બાર ભાવોના નામ નીચે મુજબ છે—

लग्नाद् भावास्तनु-द्रव्य-भ्रातृ-बन्धु-सुता-ऽरयः ।
स्त्री-मृत्यु-धर्म-कर्मा-ऽऽय-व्ययाश्च द्वादश स्मृता ॥१॥

અર્થ—પ્રથમ સ્થાનથી બાર ભાવો અનુક્રમે-૧ તનુ, ૨ ધન, ૩ *ભ્રાતૃ, ૪ *બન્ધુ, ૫ પુત્ર, ૬ શત્રુ, ૭ સ્ત્રી, ૮ મૃત્યુ, ૯ ધર્મ, ૧૦ કર્મ, ૧૧ લાભ અને ૧૨ વ્યય છે." ॥ ૧ ॥

ભાવોના વિશેષ નામો આ પ્રમાણે છે—

केन्द्रं चतुष्टयं कंटकं, च लग्नास्तदशम चतुर्थानाम् ।
संज्ञा परतः पणफर-मापोक्लिममस्य यत्परतः ॥१॥
त्रिषडेकादशदशमाना-मुप चयं सुतधर्मयोस्त्रिकोणम् ॥

અર્થ—"૧–૪–૭–૧૦ ભુવનનાં નામો કંટક ચતુષ્ટય અને કેન્દ્ર છે, પછીના ચાર ચારના નામો પણ, ફર, અને આપોક્લિમ છે, એટલે ૨–૫–૮–૧૧ ભુવનના નામ પણ ફર છે, તથા ૩–૬–૧૨ ભુવનનું નામ આપોક્લિમ છે. ॥ ૧ ॥ ૩–૬–૧૦–૧૧ ભુવનનું નામ ઉપચય છે, અને ૫–૯ ભુવનનું નામ ત્રિકોણ છે." આ દરેકનાં ફળ માટે કહ્યું છે કે—

पणफराद् भाविकार्यं, ज्ञेयमापोक्लिमाद् गतम् ।
केन्द्रे सर्वग्रहाः पुष्टाः, त्रैकालिकफलप्रदाः ॥१॥

અર્થ—પણ ફરથી ભાવીકાર્ય જણાય છે. આપોક્લિમથી ભૂતકાળનું કાર્ય જણાય છે, અને કેન્દ્રમાં રહેલા સર્વ પુષ્ટગ્રહો ત્રણે કાળનું ફળ આપનાર છે.

ઉપચય ભુવનો સ્થાનની વૃદ્ધિ કરનારાં છે, તેમાં પાપગ્રહો પણ શુભ ફળદાયક છે, જ્યારે બાકીના સ્થાનો અપચય નામવાળા હોવાથી હાનિ કરનારા છે, જેમાં રહેલ ગ્રહ અતિ પ્રયત્ને પણ કાર્યસિદ્ધિ કરાવી શકતો નથી.

૧. લગ્ન, તનુ, કેન્દ્ર, ચતુષ્ટય, મૂર્તિ, કંટક, ઉદય, કલ્પ, અને આદ્ય; એ પ્રથમ ભાવના નામો છે.

૨. ધન, પણ, કોષ, કુટુંબ; એ બીજા ભાવના નામો છે.

૩. સહજ, ભ્રાતૃ, વિક્રમ, દુશ્ચિક્ય, ઉપચય, આપોક્લિમ; એ ત્રીજા ભાવના નામો છે.

---

*. સહોદર, * સુહૃદ્-મિત્ર.

૪. સુખ, અંબુ, સુહૃદ્, મંદિર, પાતાલ, હિબુક, કેન્દ્ર, ચતુષ્ટય કંટક, બંધુ, માતૃ, ચતુરસ્ર, ગૃહ, અને વાહન, એ ચોથા ભાવના નામો છે.

૫. સુત, પણ, ફર, ત્રિકોણ, બુદ્ધિ, વાચા; એ પાંચમા ભાવના નામો છે.

૬. અરિ, આપોક્લિમ, ઉપચય, દ્વેષ, અને ક્ષત એ છઠ્ઠા ભાવના નામો છે.

૭. સ્ત્રી, કામ, ધુન, ધુન, અસ્ત, કેન્દ્ર, ચતુષ્ટય, કંટક, જામિત્ર, (વિવૃતિ), અને સ્મર, એ સાતમા ભાવના નામો છે.

૮. મૃત્યુ, છિદ્ર, ચતુરસ્ર, પણ, ફર, આયુષ્ય, યામ્ય, નિધન અને લય એ આઠમા ભાવના નામો છે.

૯. ધર્મ, ત્રિકોણ, ત્રિત્રિકોણ, આપોક્લિમ, ભાગ્ય, (ભવ) ગુરુ અને તપ, એ નવમા ભાવના નામો છે.

૧૦. મધ્ય, મેષુરણ, વ્યોમ, ઉપચય, ચતુષ્ટય, કેન્દ્ર, કંટક, પિતૃભુવન, કર્મ, વ્યાપાર, આજ્ઞા, માન, આસ્પદ અને મધ્ય; એ દસમા ભાવના નામો છે.

૧૧. આય, ઉપચય, સર્વતોભદ્ર, પણ, ફર, ભવ, આગમ, એ અગીયારમા ભાવના નામો છે,

૧૨. વ્યય, આપોક્લિમ, રિષ્ય, અને અંત્ય; એ બારમા ભાવના નામો છે.

આ બાર ભાવના નામોમાં કેટલાક રૂઢ નામો છે, અને કેટલાક અન્વર્થ નામો છે. અન્વર્થ નામો લગ્નકુંડળીમાં પોતાની સંજ્ઞા પ્રમાણેના કાર્યમાં વિચારાય છે.

બાર રાશિના બાર લગ્નોમાં પ્રારંભેલા કયા કયા કાર્યો સિદ્ધ થાય છે, તે માટે દૈવજ્ઞ **વલ્લભ** કહે છે કે—

૧. **મેષ** લગ્નમાં રાજ્યાભિષેક, વિરોધ, સાહસ, કૂટકર્મ અને ધાતુવાદનાં કાર્ય સિદ્ધ થાય છે.

૨. **વૃષ** લગ્નમાં વિવાહ, ગૃહપ્રવેશ, કન્યાનું વાગ્દાન (વેસવાળ) ક્ષેત્રનો આરંભ, પશુનો ક્રય–વિક્રય અને ધ્રુવકાર્યો સિદ્ધ થાય છે.

૩. **મિથુન**માં વિવાહ, ગૃહપ્રવેશ, કન્યાસંબંધ, ક્ષેત્રારંભ, પશુનો વ્યાપાર, ધ્રુવકાર્યો, વિદ્યા, શિલ્પ અને અલંકાર વિગેરે કાર્યો સિદ્ધ થાય છે.

૪. **કર્ક**માં મૃદુકર્મ, શુભકર્મ, પૌષ્ટિક કાર્ય, ભોગ, સેવા અને જળ સંબંધી કાર્યો સિદ્ધ થાય છે.

૫. **સિંહ**માં રાજ્યાભિષેક, વિરોધ, સાહસ, કૂટકર્મ, ધાતુવાદ, વ્યાપાર, શત્રુસંધિ અને રાજસેવા સિદ્ધ થાય છે.

૬. **કન્યા** લગ્નમાં–શિલ્પ, ઔષધ, ભૂષણ, વ્યાપાર વિગેરે ચર અને સ્થિર કાર્યો સિદ્ધ થાય છે.

૭. **તુલા** લગ્નમાં સર્વે ચરકાર્યો, સ્થિરકાર્યો, ખેતી, સેવા, યાત્રા, વ્યાપાર શિલ્પ, ઔષધ વિગેરે સિદ્ધ થાય છે.

૮. **વૃશ્ચિક** લગ્નમાં–રાજસેવા, ચોરી, વિગેરે દારૂણકર્મ, ઉગ્રકાર્ય અને ધ્રુવકાર્ય સિદ્ધ થાય છે.

૯. **ધન** લગ્નમાં—યાત્રા, યુદ્ધ, વ્રત, વિગેરે શુભકાર્યો સિદ્ધ થાય છે.

૧૦. **મકર** લગ્નમાં—સર્વ ચરકાર્ય તથા નીચકાર્ય, ક્ષેત્રનો આશ્રય, જલમાર્ગે ગમન વિગેરે સિદ્ધ થાય છે.

૧૧. **કુંભ** લગ્નમાં—સમુદ્ર ગમન, વહાણને તૈયાર કરવું. બીજ વપન, ભેદ, દંભ, વ્રત તથા દરેક નીચકાર્ય સિદ્ધ થાય છે.

૧૨. **મીન** લગ્નમાં—વિદ્યા, અલંકાર, શિલ્પ, પશુકર્મ, વહાણયાત્રા, અભિષેક વિગેરે સમસ્ત માંગલિક કાર્ય સિદ્ધ થાય છે.

પહેલા ભુવનમાં મેષાદિક લગ્નસ્થાને હોય અને તે શુદ્ધ હોય તો ઉપરોક્ત કાર્યોને સફળ કરે છે. પણ એટલું વિશેષ છે કે—તે લગ્નમાં ક્રુર ગ્રહ હોય તો ક્રુરકાર્ય અને શુભ ગ્રહ હોય તો શુભકાર્ય પ્રારંભ કરવાથી સિદ્ધ થાય છે.

શુભ કાર્યોની લગ્નકુંડળીની સામાન્ય ગોચારશુદ્ધિ નીચે પ્રમાણે છે, દૈવજ્ઞ **વલ્લભ** કહે છે કે—

लग्नादुपचयस्थेऽर्के-ऽन्त्यास्तकर्मायगे विधौ ।
क्षोणिपुत्रेऽर्कपुत्रे च, दुश्चिक्यरिपुलाभगे ॥१॥
त्यक्त रिष्याष्टमे सौम्ये, जीवेष्टारिव्ययोज्झिते ।
सर्वकार्याणि सिध्यन्ति, त्यक्तद्यूसप्तमे सिते ॥२॥

અર્થ—"લગ્નથી ૩–૬–૧૦–૧૧ સ્થાને રવિ, ૨–૭–૧૦–૧૧ સ્થાને સોમ, ૩–૬–૧૧ સ્થાને ભોમ તથા **શનિ**, ૧૨ અને ૮ સિવાયના સ્થાનમાં બુધ, એટલે ૧–૨–૩–૪–૫–૬–૭–૯–૧૦–૧૧ સ્થાને બુધ, ૬–૮–૧૨ સિવાયના સ્થાને ગુરુ, એટલે ૧–૨–૩–૪–૫–૭–૯–૧૦–૧૧ સ્થાને ગુરુ તથા ૬ અને ૭ સિવાયના ભુવનમાં શુક્ર; એટલે–૧–૨–૩–૪–૫–૮–૯–૧૦–૧૧–૧૨ સ્થાને શુક્ર સર્વ કાર્યને સાધે છે. રાહુ–કેતુનું ફળ શનિ જેવું જ મનાય છે. એટલે ૩–૬–૧૧ સ્થાને રાહુ અને કેતુ શુભ છે."

ઉદયપ્રભસૂરિ કહે છે કે—

त्रिकोणकेन्द्रायगतैः शुभग्रहैः, विसप्तमेनाऽसुरपूजितेन ।
स्युः क्रूरचद्रै रिपुविक्रमायगैः, कर्तुः श्रियः सन्निहिताश्च देवता ॥१॥

અર્થ—"સૌમ્યગ્રહો ત્રિકોણ, કેન્દ્ર અને લાભમાં હોય, સાતમા સિવાય કોઈ પણ સ્થાનમાં શુક્ર હોય, રિપુ સહજ અને આયસ્થાનમાં ક્રુરગ્રહ હોય, તો કાર્ય કરનારને લક્ષ્મી મળે છે અને પ્રતિષ્ઠા કરી હોય તો પ્રતિમાના સાન્નિધ્યમાં દેવતા રહે છે." ॥ ૧ ॥ શ્રીમાન **હરિભદ્રાચાર્ય** કહે છે કે—

छट्ठे दुगे अ छट्ठे, आइमपणदसमयम्मि अतिअट्ठे ।
चउनवदसगे तिच्छगे, सव्वेगारे न बारसमे ॥१॥

અર્થ—"૬–ભુવને રવિ, ૨–ભુવને ચંદ્ર, ૬–ભુવને ભૌમ, ૧–૨–૩–૪–૫–૧૦ ભુવને બુધ, ૩–૮ વર્જીને એટલે–૧–૨–૪–૫–૬–૭–૯–૧૦–૧૧ (૧૨) ભુવને ગુરુ, ૪–૯–૧૦ મે ભુવને શુક્ર અને ૩–૬ ભુવને શનિ સારા છે. સર્વ ગ્રહો અગ્યારમે સ્થાને સારા છે, અને સર્વ ગ્રહો બારમે ભુવને અશુભ છે." ॥ ૧ ॥

अहवा इगदुगचउपच-नवमदमा सुहा सोमा ।
कूरा छट्ठा चंदो, बीओ सव्वेवि इक्कारा ॥१॥

અર્થ—"અથવા ૧–૨–૪–૫–૯–૧૦ સ્થાને સૌમ્યગ્રહો, ૬ ઠ્ઠે સ્થાને ક્રુરગ્રહો, બીજે સ્થાને ચંદ્ર અને ૧૧ સ્થાને સર્વ ગ્રહો શુભ છે.

पापोऽपि कर्तुजन्मेशः, केन्द्रस्थः शस्यते ग्रहः ।
अशून्यानि च केन्द्राणि, मूर्तौ जीवज्ञभार्गवाः ॥१॥

અર્થ—કર્ત્તા–પ્રતિષ્ઠાચાર્ય, પ્રતિષ્ઠાપક શ્રાવક, શિષ્ય અને ગુરુ વિગેરેના જન્મનો ક્રુર સ્વામી પણ કેન્દ્રમાં હોય તો શુભ છે. કેન્દ્રસ્થાનો ખાલી ન હોય તો શુભ છે, તથા ગુરુ બુધ અને શુક્ર લગ્નમાં હોય તો શ્રેષ્ઠ છે." ॥ ૧ ॥

पञ्चभिः शस्यते लग्नं, ग्रहैर्बलसमन्वितैः ।
चतुर्भिरपि चेत्केन्द्रे, त्रिकोणे वा गुरुर्भृगुः ॥१॥
त्रय सौम्यग्रहा यत्र, लग्ने स्युर्बलवत्तराः ॥

અર્થ—"પાંચ બળવાન્ ગ્રહોવાળું લગ્ન શ્રેષ્ઠ છે, અથવા કેન્દ્ર અને ત્રિકોણમાં ગુરુ અને શુક્ર હોય તો ચાર બળવાન ગ્રહોવાળું લગ્ન પણ વખાણ કરવા લાયક છે. જે લગ્નમાં

ત્રણ સૌમ્યગ્રહો બળવાન્ હોય તે લગ્ન પણ શ્રેષ્ઠ છે."

હવે અશેષ **ગોચરશુદ્ધિ** કહીએ છીએ.

જે વિલગ્ન શુદ્ધિ, ઉદયાસ્તશુદ્ધિ, ગ્રહોનું નૈસર્ગિક બળ, ચેષ્ટા વિગેરે બળ, વામવેધ, જન્મરાશિ, ગોચર, ગ્રહોની નિર્બળતા, પરસ્પર બળાબળ, રેખાવર્ગ અને શુભયોગો વિગેરેથી શોભિત લગ્ન તે **સંપૂર્ણશુદ્ધ** લગ્ન કહેવાય છે. અને તેમાં વિલગ્નો વિગેરે જેટલા પ્રકારની પ્રતિકુળતા હોય તેટલા પ્રમાણમાં તે **દુષિત** લગ્ન કહેવાય છે. જેમાં લગ્ન કુંડળીને દુષિત કરનારાં વિલગ્નો નીચે મુજબ છે.

न जन्मराशौ नो जन्म, राशिलग्नेऽन्तमाष्टमे ।
न लग्नांशाधिपे लग्नात्, षष्टाष्टमगते विदुः ॥१॥

અર્થ—"જન્મરાશિ, જન્મરાશિનું લગ્ન, જન્મરાશિથી આઠમું લગ્ન, જન્મરાશિથી બારમું લગ્ન, છઠ્ઠે સ્થાને રહેલ ઈષ્ટ લગ્નાધિપતિ, છઠ્ઠે સ્થાને રહેલ ઈષ્ઠ નવાંશાધિપતિ અને આઠમે સ્થાને રહેલ નવાંશાધિપતિ હોય તો લગ્ન લેવું નહિ." ॥ ૧ ॥ આ પ્રમાણે **નરચંદ્રસૂરિ** કહે છે.

ઉદયપ્રભસૂરિ કહે છે કે-જન્મકુંડળીનું લગ્ન અને તેથી આઠમું તથા બારમું લગ્ન ત્યજવું.

ગર્ગ તો કહે છે કે—ચોથું લગ્ન પણ ત્યાજ્ય છે.

चतुर्थद्वादशो कार्यै, लग्ने बहुगुणे यदि ।
अष्टमं तु न कर्तव्यं, यदि सर्वगुणान्वितम् ॥१॥

અર્થ—"બહુગુણ યુક્ત ચોથું અને બારમું લગ્ન લેવું. પણ સર્વ ગુણ યુક્ત આઠમું લગ્ન તો અવશ્ય લેવું નહીં." ॥ ૧ ॥

બૃહસ્પતિ કહે છે કે—લગ્નેશ અને અષ્ટમેશ મિત્ર હોય તો લગનરાશિ અને અષ્ટમરાશિનો દોષ નથી. **સારંગ** કહે છે કે—ચોથું અને આઠમું લગ્ન મિત્ર હોય, અને બુધ ગુરુ–શુક્રથી દેખાતાં હોય તો શુભ છે. છઠ્ઠે સ્થાને લગ્નપતિ કે નવાંશપતિ હોય તો લગ્નસ્થ ગુરુ પણ દોષને ભાંગી શકતો નથી. તથા આઠમે સ્થાને રહેલ લગ્નાધિપતિ ઈષ્ટિ લગ્નદ્રેષ્કાણથી બાવીશમે દ્રેષ્કાણે હોય તો તે વધારે અશુભ છે, અને તેઓ પ્રાયઃ સ્થાનરાશિના અંકવાળા વર્ષે ફળ આપે છે. બારમા સ્થાનમાં રહેલ લગ્નાધિપતિ પણ અશુભ છે. નવાંશાધિપતિ છઠ્ઠે, આઠમે, કે બારમે સ્થાને સ્વગૃહી હોય તો તે નવાંશો શુભ છે.

રત્નમાલાના ભાષ્યમાં તો કહ્યું છે કે-જન્મરાશિ અને જન્મલગ્નથી આઠમી અને બારમી રાશિના સ્વામીઓ પણ વર્જવા. **મુહૂર્ત ચિંતામણિકાર** કહે છે કે—

जन्मलग्नोभयोः मृत्यु-राशौ नेष्टः करग्रहः ।
एकाधिपत्ये राशीशो, मैत्रे वा नैव दोषकृत् ॥१॥

અર્થ—"જન્મરાશિ અને જન્મલગ્નના સ્વામીઓ મૃત્યુસ્થાને હોય તો વિવાહ કરવો નહીં પણ તે બન્ને સ્થાનનો અધિપતિ એક જ હોય અથવા બંને સ્થાનના અધિપતિ ગ્રહો મિત્ર હોય તો દોષ નથી." ॥ ૧ ॥ વળી તેમાં જ કહેલ છે કે—**આઠમા સ્થાનમાં** મીન, વૃષ, કર્ક, વૃશ્ચિક, મકર અને કન્યારાશિ હોય તો તે દોષજનક થતા નથી. **નરચંદ્રસૂરિ** કહે છે કે—

जन्मराशि विलग्नाभ्यां, रन्ध्रेशो रन्ध्रसंन्थितः ।
त्याज्यौ क्रूरान्तरस्थौ, लग्नपीयूषरोचिषौ ॥१॥

અર્થ—"જન્મરાશિ અને જન્મલગ્નથી આઠમા સ્થાનનો પતિ ઇષ્ટિકાળમાં આઠમા સ્થાને રહ્યો હોય તો તે ત્યજવું, તથા બે ક્રુરગ્રહના મધ્યમાં લગ્ન કે ચંદ્ર રહ્યા હોય તો તે લગ્ન પણ ત્યજવું." ॥ ૧ ॥ **મુહૂર્ત ચિંતામણિકાર** કહે છે કે— સોમ ૨-૩ સ્થાને શુભ છે, જ્યારે ૬-૮ સ્થાનનો ચંદ્ર વરનો નાશ કરે છે. વિવાહકુંડળીમાં ૧-૬-૮ સ્થાને ભોમ હોય તો તે વરનો નાશ કરે છે, અને રવિ ૭ સ્થાને શુભ છે. નિંદ્યસ્થાનના ક્રુર ગ્રહો શુભ મનાય છે. **ઉદયપ્રભ** સૂરિ કહે છે કે—કેન્દ્ર અને ત્રિકોણમાં રહેલા બુધ ગુરુ કે શુક્રથી જોવાયેલો ક્રુર ગ્રહ નિંદ્યસ્થાનમાં હોય તો પણ નિંદ્ય નથી. બીજે કહ્યું છે કે—શત્રુના ઘરમાં રહેલ અથવા નીચ શુક્ર છઠ્ઠે સ્થાને દુષ્ટ હોતો નથી. રિપુના ઘરમાં રહેલ નીચનો કે અસ્ત પામેલો મંગળ આઠમે સ્થાને હોય તો તે લગ્નને દોષિત કરતો નથી. નીચ નવાંશનો ચંદ્ર ૬-૮-૧૨ સ્થાને હોય તો પણ દોષ નથી. **પ્રશ્નશતક**માં કહ્યું છે કે—

त्रिकोणकण्टकोच्चस्थै-र्ज्ञेज्यशुक्रैर्यदीक्षितः
पापोऽप्यनिष्टभावस्थो, नारिष्टायाऽन्यथाऽधम ॥१॥

અર્થ—ત્રિકોણ કંટક અને ઉચ્ચમાં રહેલ, બુધ ગુરૂ શુક્રથી જોવાયેલ અને અનિષ્ટ સ્થાનમાં રહેલ પાપગ્રહ પણ અનિષ્ટ નથી. પણ એવો સંયોગ ન હોય તો તે અધમ છે." ॥ ૧ ॥ **દૈવજ્ઞ વલ્લભમાં** કહ્યું છે કે—

लग्नस्थेऽपि गुरो दुष्टः शुक्रः षष्ठोऽष्टमो कुजः ।

અર્થ—"લગ્નમાં ગુરૂ હોય તો પણ છઠ્ઠો શુક્ર અને આઠમો મંગલ દુષ્ટ છે." **ગર્ગ** તો

મંગળ માટે કહે છે—

लग्नाद् भौमेऽष्टमगे, दम्पत्योर्वह्निना मृतिः समकम् ।
जन्मनि योवाऽष्टमगः, तस्मिन् लग्नगते वाऽपि ॥१॥

અર્થ—"લગ્નકુંડળીમાં આઠમે સ્થાને ભૌમ હોય, અથવા જે ગ્રહ જન્મકુંડળીમાં આઠમે સ્થાને રહેલો હોય તે ગ્રહ પહેલા ભુવનમાં હોય, તો નવા પરણનાર દંપતિનું એક સાથે અગ્નિથી મૃત્યુ થાય છે." ॥ ૧ ॥ **ભાસ્કર** કહે છે કે જન્મચંદ્રકુંડળી કે જન્મલગ્નકુંડળીમાં આઠમા ભુવનનો સ્વામી જે ગ્રહ હોય તે ઈષ્ટ લગ્નકુંડળીમાં પણ આઠમે સ્થાને આવે, અથવા લગ્નમાં આવે, તો તેઓનો તેઓની રાશિનો અને તેઓના નવાંશનો ત્યાગ * ૧ કરવો. **વિવાહ વૃન્દાવનમાં** કહ્યું છે કે—જન્મરાશિ કે જન્મલગ્નમાં વૃષભ કે વૃશ્ચિક હોય તો તે આઠમા ભુવનમાં રહેલ દુષ્ટ નથી.

નિષિદ્ધ ગ્રહોનો પણ શુભ કાર્યમાં ત્યાગ કરવો. લગ્નમાં દુષ્ટ ગ્રહો હોય તો તે અનિષ્ટ યોગ છે. **દૈવજ્ઞ વલ્લભ** કહે છે કે—

लग्नेस्थे तपने व्यालो, रसातलमुखः कुजे ।
क्षयो मन्दे तमो राहौ, केतावन्तकसंज्ञितः ॥१॥
योगेष्वेषु कृतं कार्यं, मृत्युदारिद्र्यशोकदम् ।

"લગ્નમાં સૂર્ય હોય તો **વ્યાલ**, મંગળ હોય તો **રસાતલમુખ**, શનિ હોય તો **ક્ષય**, રાહુ હોય તો **તમ** અને કેતુ હોય તો **અન્તક** યોગ થાય છે. આ યોગોમાં કરેલ કાર્ય મૃત્યુ દારિદ્ર્ય અને શોક આપે છે." **નારચંદ્રસૂરિ** કહે છે કે—

क्रूरैस्तनुगैर्मर्म, पञ्चमनवमे कण्टकं भवति ।
दशमचतुर्थे शल्यं, जामित्रे भवति तच्छिद्रम् ॥१॥
मर्मणि वेधे मरणं, कण्टकविद्धे च रोगपरिवृद्धिः ।
शल्ये शस्त्रविघातं, छिद्रे छिद्रं भवेत् त्रिगुणम् ॥२॥

અર્થ—ક્રુરગ્રહો ૧ સ્થાને હોય તો મર્મ, ૫–૯ સ્થાને કંટક, ૪–૧૦ સ્થાને શલ્ય અને ૭ સ્થાને છિદ્રયોગ થાય છે, ॥ ૧ ॥ મર્મના વેધથી મૃત્યુ, કંટકના વેધથી રોગની વૃદ્ધિ, શલ્ય યોગથી શસ્ત્રવિઘાત અને છિદ્રયોગથી ત્રણ ગણા છિદ્રો થાય છે." ॥ ૨ ॥ **લલ્લ** કહે છે કે—

क्रूरग्रहं न लग्ने, कुर्यान्नवपञ्चमधने वा ।

* ૧ જન્મરાશિની પેઠે જન્મનક્ષત્ર પણ શુભ કાર્યમાં વર્જવું.

અર્થ—"૧–૯–૫–૨ ભુવનમાં ક્રુર ગ્રહ હોય તો લગ્ન કરવું નહિ, (લેવું નહિ)." **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—

लग्नाम्बुस्मरगो राहुः, सर्व कार्येषु वर्जितः ।

અર્થ—"૧–૪–૭ ભુવનમાં રહેલ રાહુ સર્વ કાર્યમાં વર્જ્ય છે."

મિત્રથી જોવાયેલ બળવાન્ મંગલકેન્દ્ર ૮–૯–૧૨ મા સ્થાનમાં હોય તો તે ભદ્રને ભાંગી નાંખે છે.

निधनव्ययधर्मस्थः, केन्द्रगो वा धरासुतः ।
अपि सौख्यसहस्त्राणि, विनाशयति पुष्टिमान ॥१॥

અર્થ—"નિધન, વ્યય, ધર્મ અને કેન્દ્રમાં રહેલ પુષ્ટ મંગળ હજારો સુખોનો પણ નાશ કરે છે." ॥ ૧ ॥

बलीयसि सुहृद्दृष्टे,केन्द्रस्थे रविनन्दने ।
त्रिकोणके च नेष्यन्ते, शुभारम्भा मनीषिभि ॥१॥

અર્થ—"મિત્રની દૃષ્ટિવાળો, બળવાન્, શનિ કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો બુદ્ધિવાનો શુભકાર્યનો આરંભ ઈચ્છતા નથી." ॥ ૧ ॥ ત્રિવિક્રમ કહે છે કે—

त्याज्या लग्नेऽब्धयो मन्दात्, षष्ठे शुक्रेन्दुलग्नपाः ।
रन्ध्रे चन्द्रादयः पञ्च, सर्वैस्तेऽब्जगुरू समौ ॥१॥

અર્થ—"લગ્નમાં શનિ વિગેરે ચાર ગ્રહો એટલે-શનિ, રવિ, સોમ, ભોમ, છઠ્ઠે ભુવને શુક્ર, ચંદ્ર અને લગ્નપતિ, આઠમે સ્થાને ચંદ્ર વિગેરે પાંચ ગ્રહો એટલે—સોમ, ભોમ, બુધ, ગુરૂ અને શુક્ર તથા સાતમા સ્થાનમાં સર્વ ગ્રહો ત્યજવા; પરંતુ કેટલાક વિદ્વાનોની એવી માન્યતા છે કે—સાતમા સ્થાનના ચંદ્ર અને ગુરૂ સરખા છે." ॥ ૧ ॥ **શૌનક** કહે છે કે—

लग्नस्थो वरमरणं, राहुर्दिशति द्युने कनीमरणम्

અર્થ—વિવાહ કુંડળીના લગ્નસ્થાનમાં રાહુ હોય તો વર મરે છે, **અને સાતમે સ્થાને** રાહુ રહ્યો હોય તો કન્યા મૃત્યુ પામે છે" લગ્નનો સ્વામી અસ્ત ક્રુર ગ્રહયુક્ત અથવા ક્રુર ગ્રહની દૃષ્ટિવાળો હોય તો તે અશુભ છે તેમજ—

अरिगय नीए वक्के, अत्थमिए लग्गरासिनिसिनाहे ।
अबले रविगुरुसुक्के, सामिअदिट्ठं चयह लग्गं ॥१॥

અર્થ—"જો લગ્નપતિ અને ચંદ્ર શત્રુઘરના નીચ, વક્રી, કે અસ્ત પામેલા હોય; તથા રવિ ગુરૂ અને શુક્ર નિર્બળ હોય, તથા લગ્નમાં સ્વામીની દૃષ્ટિ ન પડતી હોય તો તે લગ્નનો ત્યાગ કરવો." ॥ ૧ ॥ **લગ્નમાં ચંદ્ર** હોય તે પણ લગ્ન દુષ્ટ મનાયેલ છે. **લલ્લ** તો કહે છે કે—

सौम्यग्रहयुक्तमपि प्रायः शशिनं वर्जयेल्लग्ने ।

અર્થ— "સૌમ્ય ગ્રહ સાથે પણ રહેલ ચંદ્રને સામાન્યતયા પ્રાયઃ લગ્નમાં વર્જવો." લગ્નભુવનમાં જે જે ગ્રહોનો નિષેધ છે તેના **નવાંશોનો** પણ ત્યાગ કરવો. એટલે—ચંદ્ર મંગલ શનિ રાહુ અને રવિ જે રાશિમાં હોય તે રાશિના નામનો અંશ પણ ત્યાજ્ય છે.

નવાંશની શુદ્ધિમાં એ લક્ષ્ય રાખવું કે—લગ્નકુંડળીમાં ઈષ્ટ નવાંશજ સ્થિર છે, તેની પૂર્વના નવાંશો પણ સ્થિર છે, પરંતુ પછીના નવાંશો ચર છે. પછીના નવાંશો બીજા ભુવનના ગણાય છે. આવી રીતે બારે ભુવનના નવાંશો ફરે છે જેમકે—કન્યાલગ્નનો છઠ્ઠો નવાંશ લેવો હોય તો કન્યાના છ નવાંશો કન્યાલગ્નના જાણવા અને પછીના ત્રણ નવાંશો તુલાના જાણવા, આવી જ રીતે કન્યામાંથી આવેલા ત્રણ નવાંશો તુલાના થયા અને તુલાના છ નવાંશો મેળવતાં તુલાલગ્ન પૂરૂં થાય છે. વળી તુલાના શેષ ત્રણ નવાંશો અને વૃશ્ચિકના છ નવાંશોથી વૃશ્ચિકલગ્ન બને છે. આજ રીતિથી બારે ભુવનના નવાંશો ફરે છે, અને પછીના નવાંશો પછીની રાશિમાં જાય છે. આ રીતિથી નીપજાવેલ ફળ તે **ભાવફળ** કહેવાય છે. અહીં બીજા સ્થાનમાં ગયેલ ગ્રહ દોષકારક થતો હોય તો તે દોષનો પણ ત્યાગ કરવો. જેમકે—કન્યાલગ્નનો છઠ્ઠો મિથુનાંશ ઈષ્ટ અંશ છે, અને કન્યાથી છઠ્ઠી કુંભરાશિના આઠમા નવાંશે મંગળ છે પણ કુંભનો આઠમો નવાંશ મીનમાં જતો હોવાથી મંગળ પણ હવે મીનમાં છે. એટલે—મંગળ લગ્નથી છઠ્ઠો હતો, પણ ભાવફળમાં સાતમો આવ્યો છે, અને સાતમા સ્થાનનો મંગળ દુષ છે તથા લગ્નને નિર્બળ કરે છે, તેથી કન્યાલગ્ન **દૂષિત** જાણવું. ચંદ્ર ભાવફળમાં આઠમો થતો હોય તો સર્વ ગ્રહો શુભ હોવા છતાં લગ્ન લેવું નહીં. ભાવની સ્પષ્ટતામાં થયેલા દોષો દૂષણરૂપ છે, પણ ભાવસ્પષ્ટતા થયેલા **ગુણો ગુણરૂપ** નથી. જેમકે—સૂર્ય સાતમા સ્થાનમાં હોય, અને ભાવફળમાં આઠમા સ્થાનમાં જતો હોય, તો પણ તે સાતમા સ્થાનમાં છે એમ માનવું. અથવા ચોથા સ્થાનમાં રહેલ શુક્ર ભાવસ્પષ્ટતા કરતાં પાંચમાં સ્થાનમાં જતાં શુભ થતો હોય, તો પણ તે ચોથા સ્થાનમાં છે એમ માની લગ્નનો નિષેધ કરવો. અર્થાત્-લગ્નકુંડળીના ગુણો ગુણરૂપે અને **દોષો દોષરૂપેજ** રહે છે, પણ ભાવસ્પષ્ટતા કરતાં થયેલ ગુણો ગુણરૂપે ફળતા નથી, જ્યારે દોષો દોષરૂપે પરિણમે છે.

કર્તરી, જામિત્ર, યુતિ, ક્રાંતિસામ્ય અને બુધપંચક **દોષો** પણ શ્રેષ્ઠ કાર્યમાં વર્જ્ય છે.

કર્તરી—બે ક્રુર ગ્રહની મધ્યમાં જો ચંદ્ર કે લગ્ન રહેલ હોય તો **કર્તરી** દોષ થાય છે. એટલે ધનભુવનમાં અને વ્યયમાં ક્રુર ગ્રહ હોય તો લગ્ન સંબંધી ક્રુર કર્તરી દોષ થાય છે. તથા ચંદ્રની બન્ને બાજુ ક્રુર ગ્રહ હોય તો ચંદ્રની ક્રુર કર્તરી થાય છે. વળી તેમાં બીજા ભુવનમાં વક્રી ક્રુર ગ્રહ હોય અને બારમા ભુવનમાં અતિચારી ગ્રહ હોય તો લગ્નને કે ચંદ્રને ક્રુર સાથે તુરતમાં અથડાવાનો સંભવ રહે છે, તેથી તે **અતિદુષ્ટ** કર્તરી મનાય છે; જ્યારે બન્ને ગ્રહો સમાન ગતિવાળા હોય તે **મધ્યદુષ્ટ** કર્તરી થાય છે. તેમજ ધનભુવનનો ગ્રહ મધ્યમ ગતિવાળો હોય અથવા અતિચારી હોય, અને વ્યયસ્થાનનો ગ્રહ અલ્પ ગતિવાળો હોય અથવા વક્રી હોય, તો **અલ્પ** કર્તરીયોગ થાય છે. આ યોગ વિવાહ દીક્ષા અને પ્રતિષ્ઠામાં વર્જવાનો છે.

ઉદયપ્રભસૂરિ કહે છે કે—

नेष्टौ लग्नविधू केन्द्र-स्थितसौम्यौ तु तौ मतौ ।

અર્થ—"કર્તરી અને જામિત્ર યોગ નેષ્ટ છે, પણ પોતાના કેન્દ્રમાં સૌમ્યગ્રહ રહ્યા હોય તો નેષ્ટ લગ્ન અને ચંદ્ર બન્ને ઈષ્ટ છે, અર્થાત્–લગ્નથી કે ચન્દ્રના ભુવનથી ૧–૪–૭–૧૦ સ્થાને સૌમ્ય ગ્રહ હોય તો તે શુભ છે. **ભાર્ગવ** કહે છે—લગ્નકર્તરી મૃત્યુ કરે છે, અને ચન્દ્રકર્તરી રોગ કરે છે, પણ ધનમાં સૌમ્યગ્રહ હોય અને વ્યયમાં ગુરૂ હોય તો કર્તરી દોષનો ભંગ થાય છે.

મુહૂર્ત ચિંતામણિમાં કહ્યું છે કે—કર્તરીકારક ગ્રહ રિપુગૃહમાં નીચનો કે અસ્તનો હોય તો કર્તરીનો દોષ લાગતો નથી. બીજે કહ્યું છે કે—ગુરૂ બળવાન્ હોય અને ત્રીજે કે અગ્યારમે સ્થાને રવિ, હોય તો કર્તરીભંગ થાય છે.

વ્યવહાર પ્રકાશમાં કહ્યું છે કે—'ચન્દ્રની બન્ને બાજુ પંદર અંશમાં ક્રુર ગ્રહ હોય તો વર્જ્ય જ છે. અન્યસ્થાને તો કહેલ છે કે—ચંદ્ર અને લગ્નના બાર અંશમાં ક્રૂર ગ્રહ હોય તો તે કોઈ પણ કાર્યમાં શુભ નથી. **પદ્મપ્રભસૂરિ** તો વિશેષમાં જણાવે છે કે—રાહુ અને મંગળની વચ્ચે ચન્દ્ર હોય તો ચંદ્રની ક્રુરતર્કરી થાય છે, અને રાહુ તથા શનિની મધ્યમાં રવિ હોય તો **રવિની** ક્રુરકર્તરી થાય છે.

જામિત્ર—લગ્ન કે ચન્દ્રથી સાતમું ભુવન શુક્ર કે ક્રુર ગ્રહ યુક્ત હોય તો તે જામિત્ર દોષ કહેવાય છે. સાતમા ભુવનનું નામ જામિત્ર છે, તેથી તે સંબંધીનો દોષ પણ **જામિત્ર** એવી સંજ્ઞાથી ઓળખાય છે, અને તે પણ મહા દુષ્ટ છે. **સારંગ** કહે છે કે—સાતમા ભુવનમાં રવિ, શુક્ર, શનિ અને રાહુ હોય તો વિવાહિત કન્યા વિધવા થાય છે, અને મંગળ હોય તો કન્યા મૃત્યુ પામે છે. બીજે સ્થાને કહ્યું છે કે—તે કન્યા હરકોઈ રીતે દુઃખી થાય છે. **હરિભદ્રસૂરિ** ફરમાવે

છે કે—દીક્ષાકુંડળીમાં મંગળ, શુક્ર કે શનિ ચંદ્રથી સાતમા હોય તો દીક્ષિત માણસ **કુશીલ,** શસ્ત્રઘાટ અને રોગથી પીડાય છે. **શ્રીમાન્ ઉદયપ્રભસૂરિ** તો દીક્ષા અને વિવાહ માટે લગ્નથી સાતમા સ્થાનના હરકોઈ શુભાશુભ ગ્રહથી જામિત્ર દોષ થયાનું જણાવે છે. **સપ્તર્ષિ** કહે છે કે—

वैधव्यं सापत्न्यं, वन्ध्यात्वं निष्प्रजत्वं दौर्भाग्यम् ।
वेश्यात्वं गर्भच्युति-रर्काद्या लग्नतोऽस्तगाः कुर्युः ॥१॥

અર્થ—"લગ્નથી સાતમે ભુવને રહેલ સૂર્ય વિગેરે ગ્રહો–વિધવાપણું, શોક્ય, વાંઝીયાપણું, સંતતિનાશ, દુર્ભાગ્ય, વેશ્યાકર્મ અને ગર્ભપાતનાં દુઃખો કરે છે." ॥ ૧ ॥ **શૌનક** કહે છે કે—વિવાહકુંડળીમાં બુધ આઠમો હોય તો ત્રણ માસમાં કન્યા મરે છે, અને બુધ સાતમો હોય તો કન્યાજ સાત વર્ષમાં પતિને મારે છે. **દેવલ ઋષિ** કહે છે કે—સાતમે સ્થાને ગુરૂ અને શુક્ર હોય તો અનુક્રમે પુરૂષના તથા કન્યાના આયુષ્ય અને સૌભાગ્યનો નાશ થાય છે, **દૈવજ્ઞ વલ્લભમાં** કહ્યું છે કે—જો જામિત્ર સ્થાનમાં બે ક્રુર ગ્રહ અને બે સૌમ્ય ગ્રહ હોય તો કન્યા ત્રણ વર્ષમાં ભયંકર દારિદ્રય પામે છે. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—કેન્દ્રમાં રહેલ સૌમ્યો જામિત્ર દોષનો નાશ કરે છે, તથા સાતમા સ્થાન સિવાય કેન્દ્ર અને ત્રિકોણમાં રહેલ બુધ અથવા ગુરૂ પાદોન કે સંપૂર્ણ દૃષ્ટિથી ચંદ્રને દેખે તો ચંદ્રના જામિત્ર દોષનો ભંગ થાય છે. ઇષ્ટ નવમાંશથી પંચાવનમા નવમાંશે શુક્ર કે ક્રુર ગ્રહ હોય તો **પરમ જામિત્ર** દોષ થાય છે, જે સર્વથા ત્યાજ્ય છે. સ્ત્રીઓના જામિત્ર સ્થાન માટે એવો નિયમ છે કે—સાતમા સ્થાનમાં ક્રુર ગ્રહો હોય, પણ લગ્નપતિ કે સૌમ્યગ્રહની દૃષ્ટિ કે યુતિ ન થતી હોય, તો તે યુવતિ પુત્ર વગરની થાય છે. તથા સપ્તમેશ, શુક્ર અને રવિ તે યુવતિના સ્વામી, સાસુ અને સસરો છે, તો તે ત્રણ કુંડળીમાં ઉચ્ચ હોય તો પતિ વગેરેને સુખકર છે.

યુતિ—ચન્દ્રની સાથે બીજો ગ્રહ હોય તો **યુતિદોષ** થાય છે.

विवाह दीक्षयोर्लग्ने, द्यूनेन्दू ग्रहवर्जितौ ।

અર્થ—"વિવાહ અને દીક્ષાની લગ્નકુંડળીમાં સાતમું સ્થાન તથા ચન્દ્ર ગ્રહ વિનાના હોય તો શ્રેયસ્કર છે."

चन्द्रे सूर्यादि संयुक्ते, दारिद्र्यं मरणं शुभम् ।
सौख्यं सापत्न्य-वैराग्यं, पापद्वययुते मृतिः ॥१॥

અર્થ—"વિવાહ કુંડળીમાં રવિ વિગેરે ગ્રહોની સાથે રહેલો ચન્દ્ર કન્યાને અનુક્રમે દરિદ્રતા, મૃત્યુ, શુભ, સુખ, શોક્યની પીડા અને વૈરાગ્ય આપે છે. અને જો બે પાપગ્રહની

સાથે ચન્દ્ર હોય તો મૃત્યુ થાય છે." ॥ ૧ ॥ એમ **મુહૂર્ત ચિંતામણિમાં** કહ્યું છે દેવજ્ઞવલ્લભ તો કહે છે કે—એકથી અધિક ક્રુર કે સૌમ્ય ગ્રહ સાથે રહેલો ચન્દ્ર દીક્ષિતને મૃત્યુ આપે છે.

चन्द्रः क्रमाद् ग्रहैः साक-मग्निभयमग्निभयं ।
संपदं महिमानं च, सौख्यं मृत्युं करोति हि ॥१॥

અર્થ—"ગ્રહો સાથે રહેલ ચંદ્ર અનુક્રમે અગ્નિભય, સંપદા, મહિમા, સુખ અને મૃત્યુ કરે છે." ॥ ૧ ॥ આ ઉપરથી બુધ ગુરૂ અને શુક્ર સાથેનો ચન્દ્ર શુભ છે, અને બીજા સાથે રહેલ ચન્દ્ર અશુભ છે, પણ વિવાહમાં તો સર્વથા ચંદ્રની યુતિ ત્યજવી. **વિવાહ** કુંડળીમાં રાહુ અને કેતુ સાથે ચંદ્ર હોય તો કન્યા દુઃશીલ અને પરિવ્રાજિકા (કાપાલિની) થાય છે. ચંદ્ર જુદા નક્ષત્રમાં હોય, ગ્રહોની જમણી બાજુએ ચાલતો હોય તો એક રાશિમાં બીજા ગ્રહ સાથે રહેલ ચંદ્ર **દોષકર** નથી.

लग्नाम्बुसप्तव्योमस्थौ, भवेत् क्रूरग्रहोविधो ।
आपीडा चैव संपीडा, भृग्वाद्याः वर्तिताः क्रमात् ॥१॥

અર્થ—"ચંદ્રથી ૧-૪-૭-૧૦ મા ભુવનમાં ક્રુરગ્રહ હોય તો અનુક્રમે આપીડા, સંપીડા, ભૃગ્વાદ્ય અને વર્તિતા યોગ થાય છે." ॥ ૧ ॥ જેમાં કાર્ય કરવાથી પોતાનો બંધુનો સ્ત્રીનો અને કાર્યનો નાશ થાય છે.

विलग्नस्थोऽष्टमो राशि-र्जन्मलग्नात् सजन्मभात् ।
न शुभः सर्वकार्येषु, लग्नाचन्द्रस्तथाऽष्टमः ॥१॥

અર્થ—"જન્મલગ્ન કે જન્મનક્ષત્રથી આઠમી રાશિ લગ્નમાં હોય, તથા આઠમા ભુવનમાં ચંદ્ર હોય તે સર્વ કાર્યમાં શુભ નથી. ચંદ્રના યુતિદોષની નિવૃત્તિ પણ થાય છે. પરંતુ સંયોગી ગ્રહના ઉદયાસ્ત કાલાંશોના મધ્યભાગમાં થતા યુતિદોષ અતિ દુષ્ટ છે, અને તેની પહેલાનાં કે પછીના થનાર યુતિદોષનું ફળ ઇચ્છામાત્ર છે એમ **શૌનક** કહે છે.

ક્રાન્તિસામ્ય—સૂર્ય અને ચંદ્રના ભુકત રાશિ અંશ કલા અને વિકલાને એકઠા કરવાથી જો સંપૂર્ણ છ અને બારનો આંક આવે તો **ક્રાન્તિસામ્ય** દોષ થાય છે. તેમાં છ રાશિવાળા ક્રાંતિસામ્યનું નામ **વ્યતિપાત** અને બાર રાશિવાળા ક્રાન્તિસામ્યનું નામ **પાત** તથા **વૈધૃત** છે. સૂર્યનક્ષત્ર અને ચંદ્રનક્ષત્રના સમન્વયથી **વિષ્કંભાદિ** સત્યાવીશ યોગ થાય છે, તેમાં ગંડથી વજ્ર અને શુકલથી પ્રીતિ સુધીના યોગોમાં **ક્રાન્તિસામ્યનો** સંભવ રહે છે. આ ક્રાન્તિસામ્યના ત્રણ દિવસો વર્જવા.

गतमेष्यद्वर्तमानं, सुखलक्ष्म्यायुषां क्रमात् ।
क्रान्तिसाम्यं सृजेद् हानिं, त्र्यहं तेनाऽत्र वर्ज्यताम् ॥१॥

અર્થ—પૂર્વ દિવસે થયેલ ક્રાન્તિસામ્ય, પછીના બીજે દિને થનારૂં ક્રાન્તિસામ્ય અને વર્તમાન દિવસનું ક્રાન્તિસામ્ય; અનુક્રમે સુખ લક્ષ્મી અને આયુષ્યનો નાશ કરે છે. માટે ક્રાન્તિસામ્યનો દિવસ, તેની પહેલાંનો દિવસ અને પછીનો દિવસ; એમ ત્રણ દિવસ વર્જવા." ॥ ૧ ॥ કેટલાક આચાર્યો તો ક્રાન્તિસામ્યનો એક દિવસ વર્જવાનું કહે છે, જ્યારે કેટલાક તો વિષવ્યાસ અંગની જેમ માત્ર વ્યતિપાત ક્રાન્તિસામ્ય દોષવાળા દિનભાગનેજ અશુભ માને છે, અને બાકીના વારને કાર્ય કરવામાં નિર્દોષ માને છે.

તેના ફળ માટે **વલ્લભ** કહે છે કે—

खड्गाहतोऽग्निना दग्धो, नागदष्टोऽपि जीवति ।
क्रान्तिसाम्य कृतोद्वाहो, म्रियते नाऽत्र संशयः ॥१॥

અર્થ—"તરવારથી ઘવાયેલો, અગ્નિથી દાઝેલો અને સર્પથી ડંસાયેલો પણ જીવે છે. પરંતુ ક્રાન્તિસામ્યમાં વિવાહિત થયેલ તો મૃત્યુજ પામે છે એમાં સંશય નથી." ॥ ૧ ॥ ક્રાન્તિસામ્ય તો છ કે બાર રાશ્યંક આવે ત્યારેજ થાય છે. એટલે—તેમાં એક અંશનો પણ ફેરફાર હોય તો ઇષ્ટકાળે ક્રાન્તિસામ્ય હોતું નથી. જો અધિક અંશ આવે તો ક્રાન્તિસામ્ય થઈ ગયું છે, અને ઓછા અંશ આવે હવે ક્રાન્તિસામ્ય થશે એમ સમજવાનું છે. અને તે ઉપરથી ક્રાન્તિસામ્યની ઘડી-પળ શોધી ક્રાન્તિસામ્યનો નિશ્ચતકાળ કરવાની જરૂર છે. તે માટે એવી રીતિ છે કે-**સાયન** સૂર્ય અને ચન્દ્રના રાશિ અંશ કળા અને વિકળાનો સરવાળો કરવો. જો છ કે બારનો રાશ્યંક આવે તો ઇષ્ટકાળે ક્રાન્તિસામ્ય છે, પણ જો વધારે અંશ કળા આવે તો તેની વિકળા કરવી. બીજી તરફ **સાયન** સૂર્યની ગતિ કળા વિકલા અને ચન્દ્રની ગતિ કળા વિકળાનો સરવાળો કરી સ્પષ્ટ કળા કરવી, પછી આ ગતિ વિકળા વડે ઉપરોક્ત વિકળાને ભાગ દેવો, જેથી ભાગમાં ગત દિવસ આવશે. વળી શેષને ૬૦ થી ગુણી ગતિવિકળાથી ભાગવાથી ગત ઘડી વિગેરે આવશે. અને જો છ કે બારથી ઓછા અંશ હોય તો તેની પણ વિકલા કરી તેને ગતિવિકળાવડે ભાગવાથી ક્રાન્તિસામ્યના શેષ દિન ઘડી પલ વિગેરે આવશે. જેમકે—સંવત ૧૫૧૨ ના વૈશાખ શુદિ ૧૦ ગુરૂવારે મઘા નક્ષત્રમાં ઘડી ૧ પળ ૪૫ પછી ધ્રુવનો પ્રથમ પાદ ભોગવાયેલ છે. તે કાળે સૂર્ય ૦-૧૮-૫૦-૨૬ છે, સાયન સૂર્ય ૧-૪-૨૪-૨૬ છે, ગતિ કળા વિકળા ૫૭-૫૮ છે, ચન્દ્ર ૪-૧૧-૨-૩૦ છે, સાયન ચન્દ્ર ૪-૨૬-૩૬-૩૦ છે, અને ગતિકળા ૭૫૦ છે; તેમને એકઠા કરવાથી ૬-૧-૦-૫૬ થાય છે, તો અહીં ક્રાન્તિસામ્ય વીતી

ગયું છે. તેમાં ભુક્ત વિકળા **૩૬૫૬** છે, અને સૂર્ય–ચન્દ્રની ગતિવિકળા ૪૮૪૭૮ છે, એટલે **૩૬૫૬** ને ૪૮૪૭૮ થી ભાગતાં દિન ૦ ઘડી ૪ અને પળ ૩૧ આવે છે. તો ઘડી ૪ અને પળ **૩૧** પહેલાં ક્રાન્તિસામ્ય થયું હતું.

બુધપંચક—સદ્યોરિષ્ટ યોગ પણ ત્યજવો, જેનું નામ **બુધપંચક** અને **બાણપંચક** છે.

ઉદયથી ગયેલું લગ્નનું પ્રમાણ, સંક્રાન્તિ ભુક્ત દિવસ, અને એક મેળવી બુધને પાંચ સ્થાને જુદો જુદો લખવો. પછી તેમાં અનુક્રમે ૬–૩–૧–૮ અને ૭ ઉમેરી ૯ થી ભાગ દેવો. જો શેષમાં પાંચ વધે તો બાણપંચક થાય છે, જે પાંચેનું ફળ અનુક્રમે કંકાસ, અગ્નિભય, નૃપભય, ચોર ઉપદ્રવ, અને મૃત્યુ છે; માટે પ્રતિષ્ઠા તથા વિવાહમાં તેનો ત્યાગ કરવો.

બીજે સ્થાને કહ્યું છે કે–તિથિ, વાર, નક્ષત્ર અને લગ્નના આંકને એકઠા કરી તેમાં જુદા જુદા ૧–૩–૪–૬ અને ૮ ઉમેરી ૯ થી ભાગ દેવો, જો શેષમાં ૫ વધે તો **દિનત્યાજય** બુધપંચક થાય છે. જેમાં કાર્ય કરવાથી અનુક્રમે–રોગ, અગ્નિભય, નૃપભય, ચોર, પીડા અને મૃત્યુ થાય છે; તેથી તે દિવસ ત્યજવું.

પાંચે રાશિના શેષ સરવાળાને નવથી ભાગતાં શેષમાં પાંચ રહે તો **રાત્રિત્યાજય** બાળપંછક થાય છે; અને તે વખતે કાર્ય કરવાથી સર્પનો ભય થાય છે. અહીં લગ્ન ઇષ્ટકાળનું રાત્રિનું લેવું.

નારચંદ્રમાં તો કહ્યું છે કે–ભાગમાં આવેલ આંકનાં સરવાળાને ૯ થી ભાગતાં શેષ ૫ વધે તો રાત્રિત્યાજય પંચક થાય છે.

જયોતિષ હીરમાં કહ્યું છે કે–પુરૂષનામ, નક્ષત્ર અને રવિ નક્ષત્રનો સરવાળો કરી ૯ થી ભાગ દેવો. જે શેષ આંક રહે છે તેનાં નામ અનુક્રમે–ખર, હય, ગજ; મેષ, જંબુક, સિંહ, કાક, મોર અને હંસ છે. આમાં ખર, મેષ, જંબુક સિંહ, અને કાક; એ પાંચયોગો દુષ્ટ છે. આવીજ રીતે ઇષ્ટ ચંદ્રનક્ષત્ર અને પુરૂષનામ નક્ષત્રના સરવાળાને ૧૨ થી ભાગ દેવો. જે શેષ રહે તેનાં નામ અનુક્રમે–હાથી, બળદ, પાડો, હંસ, શ્વાન, કાગડો, હંસ, મેષ, ગધેડો, જંબુક, નાગ અને ગરૂડ છે. આ દરેકનું ફળ નામ પ્રમાણે છે.

વળી પણ કહ્યું છે. કે–ચૈત્રાદિ ગત માસને બમણા કરી તેમાં વર્તમાન મહિનાના દિવસો મેળવી સાતે ભાગ દેવો. તેમાં જે શેષ રહે તેનું ફળ–લક્ષ્મી, કલહ, આનંદ, મૃત્યુ, ધર્મ, સમ અને વિજય છે. **આરંભસિદ્ધિ**માં સમને બદલે ક્ષય ફળ દર્શાવ્યું છે.

રવિનક્ષત્રથી ચાલુ દિનાંક તિથિ વાર અને નક્ષત્રના સરવાળાને ૯ થી ભાગતાં શેષમાં સાત વધે તો **હિંબર** નામનો નિંદ્ય યોગ થાય છે. આ યોગની વિશેષ પ્રવૃત્તિ દક્ષિણમાં છે **અન્યસ્થળે** કહ્યું છે કે–

गततिथ्यायुतलग्ने, नन्दहतेः पंचकं क्रमाज्ज्ञेयम् ।
मृतिरग्निर्नो नृपति-र्नो चोरो नो गदो नेति ॥१॥

અર્થ–" શુદિ ૧ થી ચાલુ તિથિ સુધિમાં ગતતિથિ અને લગ્નનો સરવાળો કરી તેને ૯ થી ભાગ દેવો. શેષમાં ૧ થી ૯ સુધીના આંક રહે તેના નામ અનુક્રમે–૧ મૃત્યુપંચક, ૨ અગ્નિપંચક, ૩ નોપંચક; ૪ નૃપપંચક, ૫ નિષ્પંચક, ૬ ચોરપંચક, ૭ નિષ્પંચક, ૮ રોગ-પંચક, અને ૯ નિષ્પંચક છે ॥ ૧ ॥"

याने चौरं व्रते रोगं, ग्रहारम्भेऽग्निपञ्चकम् ।
चतुर्थ राजसेवायां, मृत्युं सर्वत्र वर्जयेत् ॥२॥

અર્થ–"પ્રયાણમાં ચોરપંચક, વ્રતમાં રોગપંચક, ઘર વાસ્તુમાં અગ્નિપંચક, રાજકાર્યમાં રાજપંચક, અને સર્વ કાર્યમાં મૃત્યુપંચક વર્જવા ॥ ૨ ॥"

જેમકે–૧૯૪૮ ના કાર્તિક શુદિ **૧૫** સુધીમાં તિથિ ૧૩ ગઈ છે, અને પુનમના સવારે સાતમું તુલાલગ્ન છે તેનો સરવાળો ૨૦ થાય છે. તેને ૯ થી ભાગતાં શેષમાં ૨ રહે છે. તો કાર્તિક શુદિ ૧૫ ના સવારે **અગ્નિપંચક** છે; તેથી તે દિને ઘરનું હરકોઈ કાર્ય કરવું નહીં તથા કૃતિકાદિ નક્ષત્ર અને પાંચથી ભાંગતાં શેષ રહેલ તિથિ, તેને ભેગા કરી બારથી ભાગ દેવો; જો શેષમાં ૨–૫ અને ૯ આવે તો તે દિવસે કાર્ય કરવું નહિ.

લગ્નના ઇષ્ટ નવાંશના નામવાળી રાશિ સ્વામિયુકત કે સ્વામિદષ્ટ ન હોય અને ઇષ્ટ નવાંશથી પંચાવનમં નવાંશના નામવાળી રાશિ સ્વામિયુક્ત કે સ્વામિદષ્ટ ન હોય તો તેનો ત્યાગ કરવો. પણ ઇષ્ટ નવાંશ અને જામિત્ર નવાંશની રાશિઓ સ્વામિયુકત કે સ્વામીની દષ્ટિવાળી હોય તો શુભ છે.

લગ્નપતિ, નવાંશપતિ, અને ચંદ્ર; નીચ સ્થાનના, અસ્ત, ક્રુરની સાથે રહેલા, ક્રુરથી જોવાયલા અથવા શત્રુ ઘરના હોય તો તેનો પણ શુભકાર્યમાં ત્યાગકરવો હિતકારક છે.

આ પ્રત્યેક વિલગ્નો લગ્નને નિર્બળ કરી નાખે છે. આ સિવાય **ક્રુરવાર** ક્રુરગ્રહયુકતનક્ષત્ર, વિષ્ટિ, કંટક, કુલિક, વ્યતિપાત, વૈધૃત, અને વેધ, વિગેરે પણ લગ્નને નિર્બળ કરી નાંખે છે. ઉપરોકત પ્રત્યેક દોષો **એકસત્તાક** છે એટલે તેઓ નિર્બળ ન હોય તો એકાકી જ લગ્નબળને હણી નાંખે છે.

અને **ગણુસાત્તાક** વિલગ્નો નીચે મુજબ છે જે પૈકીના બે ત્રણ સાથે મળીને લગ્નને દૂષિત કરી નાખે છે—

૧. **ચન્દ્રની મૃતાવસ્થા**—યમ, સર્પ, રાક્ષસ અને અગ્નિના મુહૂર્તો, એટલે—૨–૧૨–૨૦–૨૧–૨૨–૩૦ મુહૂર્તો અને ક્ષયતિથિ કે વૃદ્ધિતિથિ; આ ત્રણનો યોગ થાય તો લગ્ન અશુભ ફળ આપે છે.

૨. ક્રુર ગ્રહની **લત્તા** હોય, અને બૃહદ્ આયુધવાળો પાત હોય, તો તે લગ્નમાં કરેલ કાર્ય અશુભને માટે થાય છે.

૩. લગ્નમાં કર્તરી દોષ હોય, લગ્નેશ સાથે ક્રુર ગ્રહ હોય અને સૌમ્ય ગ્રહો પણ ક્રુર કે આપોકિલમમાં હોય, તો લગ્ન અશુભને માટે થાય છે.

૪. જન્મરાશિ, સૌમ્ય ગ્રહયુક્ત કે સૌમ્યગ્રહથી જોવાયેલી ન હોય, લગ્ન પણ સૌમ્યગ્રહની દૃષ્ટિવાળું ન હોય, અને કેન્દ્રમાં સૌમ્યગ્રહો ન હોય, તો આ ત્રણ યોગથી થયેલ વિલગ્ન લગ્નશુદ્ધિને નષ્ટ કરે છે.

૫. શુદ્ધિને વિષે સૂર્ય અને ગુરૂ સમરેખાવાળા હોય; અને લગ્નમાં પણ મધ્યમ ફળવાવાળા હોય, તથા કેન્દ્રમાં બે સૌમ્યગ્રહો ન રહ્યા હોય, તો પણ શુભકાર્યમાં વર્જ્ય વિલગ્ન થાય છે.

૬. ચન્દ્ર શુક્ર સાથે હોય, નવમે ભુવને એકલો પાપગ્રહ હોય, અને બારમે સ્થાને શનિ હોય, તો દુષ્ટ યોગ થાય છે.

૭. ફાગણ માસમાં મીનસંક્રાન્તિ હોય, જન્મતિથિ હોય, જન્મમાસ હોય, અને બારમું કે ચોથું લગ્ન હોય, તો તે વખતનું લગ્ન અશુભ ફળ આપે છે.

આ દરેક દોષોમાં ગંડાંત વિષ્ટિ પરમજામિત્ર વેધ વિગેરે કેટલાક દોષો અસાધ્ય છે, જે મિષ્ટાન્નમાં પડેલા ગરલ (વિષ)ની પેઠે વિશાળ ગુણસમૂહને પણ દૂષિત કરી નાખે છે. તથા કેટલાક દોષો સાધ્ય છે, જેનો પ્રતિકાર થઈ શકે છે, એ સવિસ્તર બીના આરંભસિદ્ધિની **ટીકા**માં છે.

વિલગ્નશુદ્ધિ નીચે પ્રમાણે છે—

तिथिवासर नक्षत्र-योगलग्नक्षणादिजान् ।
सबलान् हरतो दोषान्, गुरुशुक्रौ विलग्नगौ ॥१॥

त्रिकोणकेन्द्रगावापि, भङ्गं दोषस्य कुर्वते ।
वक्रनीचारिगावापि, ज्ञजीवभृगुभानवः ॥२॥

અર્થ—"લગ્નમાં રહેલ ગુરૂ અને શુક્ર-તિથિ, વાર, નક્ષત્ર, યોગ, લગ્ન અને ક્ષણાદિથી થયેલા બળવાન્ દોષોને હણે છે ॥ ૧ ॥ તથા ત્રિકોણ અને કેન્દ્રમાં રહેલા બુધ, ગુરૂ શુક્ર, પણ દોષનો નાશ કરે છે, તેમજ વક્રી, નીચ, કે શત્રુગૃહી બુધ, ગુરૂ, શુક્ર અને રવિ શુભ હોય તો દોષનો નાશ કરે છે." ॥ ૨ ॥

વક્રી નીચ કે શત્રુગૃહિ ગુરૂ પણ પોતાના ઉચ્ચમાં સ્વગૃહમાં અને બુધ શુક્રની સાથે રહ્યો હોય તો શુભ છે.

एकार्गलोपग्रहपातलत्ता जामित्रकर्तर्युदयादिदोषाः ।
लग्नेऽर्कचन्द्रेज्यबले विनश्यन्त्यर्कोदये यद्वदहो तमांसि ॥१॥

અર્થ—"જેમ સૂર્યોદય થતાં અંધકારનો નાશ થાય છે, તેમ સૂર્ય, ચન્દ્ર અને ગુરૂવડે બળવાન્ લગ્ન હોય તો-એકાર્ગલ, ઉપગ્રહ, પાત, લત્તા, જામિત્ર, કર્તરી અને ઉદય વિગેરે નાશ પામે છે." ॥ ૧ ॥

ઉદયપ્રભસૂરિ કહે છે કે—

लग्नजातान्नवांशोत्थान्, क्रूरदृष्टिकृतानपि ।
हन्याज्जीवस्तनौ दोषान्, व्याधीन् धन्वन्तरिर्यथा ॥१॥

અર્થ—"જેમ ધન્વતરિ વ્યાધિઓને દૂર કરે છે તેમ લગ્નમાં રહેલ ગુરૂ, લગ્નથી થયેલા નવાંશથી થયેલા ક્રુર દૃષ્ટિથી થયેલા સમસ્ત દોષોને હણે છે." ॥ ૧ ॥

કેન્દ્ર અને ત્રિકોણમાં રહેલ ગુરૂની દૃષ્ટિથી ક્રુર ગ્રહોપણ સૌમ્ય થાય છે.

सौम्यवाक्पतिशुक्राणां, य एकोऽपि बलोत्कटः ।
क्रूरैरयुक्तः केन्द्रस्थः, सद्योऽरिष्टं पिनष्टि सः ॥१॥

અર્થ-"બુધ, ગુરૂ અને શુક્ર પૈકીનો હરકોઈ એક ગ્રહ બળવાન્ હોય, ક્રુર ગ્રહની સાથે ન હોય, અને કેન્દ્રમાં રહ્યો હોય, તો તે તત્કાળના અરિષ્ટનો નાશ કરે છે ॥ ૧ ॥" **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે-

हन्ति शतं दोषाणां, शशिजः समुदायिनां हि केन्द्रस्थः ।
शुक्रो हन्ति सहस्त्रं, बली गुरुर्लक्षमेकं हि ॥१॥

અર્થ—"કેન્દ્રમાં રહેલ બુધ એક સાથે રહેલા સો દોષોને, શુક્ર હજાર દોષોને, અને બળવાન્ ગુરૂ લાખ દોષોને હણે છે." ॥ ૧ ॥

૩–૬–૧૧ ભૂવનમાં રહેલ રવિ પણ સામાન્ય દોષોને નાશ કરે છે, સર્વ ગ્રહોવડે બળવાન્ લગ્ન ન મળે તો.

त्रयः सौम्यग्रहा यत्र, लग्ने स्युर्बलवत्तराः
बलवत्तदपि विज्ञेयं, शेषैर्हीनबलैरपि ॥१॥

અર્થ–" જે લગ્નમાં ત્રણ સૌમ્યગ્રહો બળવાન્ હોય, તે લગ્ન બીજા હીન બળવાળા ગ્રહો હોવા છતાં બળવાન છે. ॥ ૧॥

પ્રથમ ભુવનનું નામ **ઉદય** છે, અને સાતમા ભુવનનું નામ **અસ્ત** છે; તેથી તેના ઉદિત અને અસ્તગત નવાંશથી જે શુદ્ધિ નિશ્ચિત કરાય છે તે **ઉદયાસ્તશુદ્ધિ** કહેવાય છે.

पश्यन्नंशाधिपो लग्नं, भवेदुदयशुद्धये ।
अस्तांशेशस्तु लग्नास्त-मस्तशुद्धयै विलोकयन् ॥१॥

અર્થ–"લગ્નકુંડળીમાં ઉદિત નવમાંશનો પતિ નવમાંશને જુવે તો તે ઉદયશુદ્ધિને માટે થાય છે, અને સાતમા નવમાંશનો પતિ સાતમા સ્થાને જોતો હોય તો તે અસ્તશુદ્ધિ માટે થાય છે." ॥ ૧ ॥

યતિવલ્લભમાં તો કહ્યું છે કે–ઈષ્ટરાશિનો ઈષ્ટ નવમાંશ તે **ઉદયાંશ**, અને ઈષ્ટરાશિથી સાતમી રાશિનો તેટલામોજ નવમાંશ, અર્થાત ઈષ્ટ નવમાંશથી સાતમો કે પંચાવનમો નવમાંશ તે **અસ્તાંશ** કહેવાય છે. પોતપોતાના પતિવડે આ ઉદયાંશ અને અસ્તાંશના તુલ્ય નામવાળી રાશિ જોવામાં કેટલાક આચાર્યો ઉદયાસ્તની શુદ્ધિ કહે છે. તથા લગ્નકુંડળીમાં ઈષ્ટ નવમાંશનો પતિ લગ્નને જોતો હોય. અને સપ્તમ નવાંશપતિ અસ્તભુવનને જોતો હોય, તો પણ ઉદયાસ્તની શુદ્ધિ છે; એમ **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે **ભાસ્કર** કહે છે કે–

नाथाऽयुक्तेक्षिताः लग्न-भार्या पुत्र नवांशकाः ।
क्रमात् पुंस्त्रीसुतान् घ्नन्ति, न घ्नन्ति युतवीक्षिताः ॥१॥

ભાવાર્થ–"નવમાંશ કુંડળીમાં લગ્ન કલત્રભુવન અને પુત્રભુવનના અંશો પોત પોતાના પતિ સાથે જોડાયેલા કે પતિથી જોવાયેલા ન હોય તો ક્રમે પુરૂષ, સ્ત્રી અને પુત્રનો નાશ કરે છે. પણ પોતાનાં પતિ સાથે જોડાયેલા કે પતિની દૃષ્ટિવાળા હોય તો પુરૂષનો, સ્રીનો કે પુત્રનો નાશ કરતા નથી" આ ઉદયાસ્તની શુદ્ધિ દરેક કાર્યમાં તપાસવી.

નારચન્દ્રમાં કહ્યું છે કે–કેવલ અસ્તશુદ્ધિની જરૂર છે, પણ અસ્તશુદ્ધિ હોવીજ જોઇએ એવો કાંઈ નિયમ નથી; માત્ર સ્ત્રીને અસ્તશુદ્ધિ જોઇએ.

ઉદયપ્રભ સૂરિ કહે છે કે–પ્રતિષ્ઠા અને દીક્ષામાં અસ્તશુદ્ધિ હોવી જોઇએ એવો આગ્રહ નથી, જ્યારે **હરિભદ્ર સૂરિ** તો કહે છે કે–વ્રત અને પ્રતિષ્ઠામાં ઉદય અને અસ્તની શુદ્ધિ વગરનું લગ્ન પણ કેટલાક આચાર્યો શુભ માને છે. આ મત ઘણાને સમ્મત છે.

અસ્તશુદ્ધિનો પ્રસંગ હોવાથી **ગ્રહોની અસ્તદશા** પણ વિચાર્ય છે. સૂર્યના ૧૨–૧૭–૧૩–૧૧–૯ અને ૧૪ ત્રિશાંશ મધ્યે ચન્દ્રાદિ ગ્રહો અસ્ત પામે છે, અને સૂર્ય રાત્રિના ચાર પહોર આથમે છે. અહીં સૂર્યાસ્ત હોય તો દીક્ષા અને પ્રતિષ્ઠા વર્જ્ય છે. સૂર્યના કિરણોમાં ચન્દ્ર અસ્ત પામે તે દિવસો પણ શુભ કાર્યમાં વર્જ્ય છે અને ચન્દ્ર નિર્બળ હોય તો તારાબળથી કામ ચાલે છે.

ગુરૂ અને શુક્રનો અસ્ત હોય તો લગ્ન અશુભ છે, કેમકે ગુરૂ–શુક્રના અસ્તમાં વિવાહ કરવાથી પુરૂષ અને સ્ત્રીનું મૃત્યુ થાય છે.

जीर्णः शुक्रोऽहानि पञ्च प्रतीच्यां, प्राच्यां बाल स्त्रीण्यहानि स हेय ः।
त्रिघ्नान्येवं तानि दिग्वैपरीत्ये, पक्षं जीवोऽन्ये तु सप्ताहमाहुः ॥१॥

અર્થ—"શુક્ર પશ્ચિમમાં પાંચ દિવસ વૃદ્ધ હોય છે, અને પૂર્વમાં ત્રણ દિવસ બાળક હોય છે; તેથી વિપરીત ઉદયાસ્તમા ત્રણ ગુણી અવસ્થા હોય છે. એટલે શુક્ર પૂર્વમાં પંદર દિવસ વૃદ્ધ અને પશ્ચિમમાં નવ દિવસ બાળક હોય છે. તે બાળ અને વૃદ્ધ શુક્ર પ્રતિષ્ઠા ઉદ્યાપન વિગેરે સમસ્ત શુભ કાર્યમાં વર્જવો. તથા ગુરૂ પંદર દિવસ બાળક અને પંદર દિવસ વૃદ્ધ રહે છે, તેનો શુભ કાર્યમાં ત્યાગ કરવો. કેટલાક તો ગુરૂ અને શુક્રના બાળક અને વૃદ્ધપણાના સાત સાત દિવસ કહે છે." ॥ ૧ ॥

અન્યસ્થાને બાળક ગુરૂના ત્રણ દિવસ અને વૃક્ષ ગુરૂના પાંચ દિવસ વર્જ્ય કહ્યા છે. **ઉદયપ્રભસૂરિના** મત પ્રમાણે અસ્તદિન સાથે ગણતાં ગુરૂના દિન ૬૨, શુક્રના દિન **૧૩ અને** પૂર્વાસ્ત શુક્રના દિન ૧૦૧ શુભ કાર્યમાં ત્યાજ્ય છે.

દીક્ષામાં બળવાન્ શુક્રને અશુભ માન્યો છે, તેથી શુક્રાસ્તમાં કે શુક્રના નિર્બળપણામાં દીક્ષા દેવી શુભકારક છે.

તથા **સારંગ** કહે છે કે—ગુરુ અથવા શુક્ર અસ્ત પામે, અને તેજ કાળે જો બુધનો ઉદય થાય, તો આવા વખતમાં વિવાહિત થયેલ કન્યા આઠ પુત્રની માતા થાય છે. અસ્ત પામેલો બુધ શુભ કાર્યમાં મધ્યમાં ફળવાળો છે.

દૈવજ્ઞ વલ્લભમાં કહ્યું છે કે—

राहौ दृष्टे शुभं कार्यं, वर्जयेद् दिवसाष्टकम् ।
त्यक्त्वा वेतालसंसिद्धिं, पापदं भयदं तथा ॥१॥

અર્થ—"રાહુનાં દર્શન થાય ત્યારથી આઠ દિવસ સુધી ભૂત સાધના, પાપ દેનાર તથા ભય કરાવનાર કાર્ય સિવાયનાં શુભકાર્યો કરવાં નહીં." ॥ ૧ ॥ અને કેતુના ઉદયના દિવસે પણ શુભ કાર્ય સફળ થતું નથી.

અસ્તગ્રહના રાશિ લગ્ન અને નવાંશ શુભ કાર્યમાં વર્જ્ય છે.

હવે **જન્મ રાશિ ગોચર** અને **વામવેધ** કહીએ છીએ—

शिष्य स्थापक कन्यानां, जीवेन्द्वर्कबलानि च ।

અર્થ—ઈષ્ટ લગ્નકાળે દીક્ષા લેનાર શિષ્ય, પ્રતિષ્ઠા કરાવનાર તથા પરણનાર કન્યાનાં ગુરુ, ચન્દ્ર અને સૂર્યનાં બળ જોવાં." અને ગુરુ વર અને પ્રતિમાનું ચન્દ્રબળ જોવું, જે જન્મ રાશિથી જોવાય છે.

ઇષ્ટકાળની ગ્રહકુંડલી તૈયાર કરવી, પછી જન્મ રાશિને લગ્નમાં સ્થાપી શુદ્ધિ તપાસવી, જે નીચે મુજબ છે—

જન્મ રાશિથી ૩–૬–૧૦–૧૧ સ્થાને રવિ હોય, ૧–૩–૬–૭–૧૦–૧૧ મે સ્થાને ચંદ્ર હોય, ૩–૬–૧૧ સ્થાને મંગળ હોય, ૨–૪–૬–૮–૧૦–૧૧ સ્થાને બુધ હોય, ૨–૫–૭–૯–૧૧ સ્થાને ગુરુ હોય, ૧–૨–૩–૪–૫–૮–૯–૧૧–૧૨ મે સ્થાને શુક્ર હોય, ૩–૬–૧૧ મે સ્થાને શનિ હોય અને ગત ગ્રહની રાહુની રાશિથી ૩–૬–૧૦–૧૧ ભુવને રાહુ હોય તો શુભ છે.

વળી શુક્લપક્ષ હોય તો જન્મ રાશિથી ૨–૫–૯ મા સ્થાને રહેલ ચન્દ્ર પણ શુભ છે. **પૂર્ણભદ્ર** કહે છે કે–૮ મે સ્થાને રહેલ શુક્ર શુભ નથી. કેટલાક આચાર્યો તો કહે છે કે–ઇષ્ટકાળનો સ્પષ્ટ રાહુ પણ જન્મ રાશિથી ૩–૬–૭–૧૦–૧૧ ભુવને હોય તો શુભ છે.

તથા મેષ વિગેરે બાર રાશિવાળાને અનુક્રમે ૧–૫–૯–૨–૬–૧૦–૩–૭–૪–૮–૧૧ અને ૧૨ મો ચન્દ્ર **ઘાતચન્દ્ર** કહેવાય છે; તેનો દરેક કાર્યમાં ત્યાગ કરવો.

त्रिषष्टदशमे चैवै-कादशमे विशेषतः ।
शरीरे पुष्टिकर्ता च, शनिः प्रोक्तो न संशयः ।

અર્થ—"જન્મરાશિથી ૩–૬–૧૦ અને ૧૧ મે સ્થાને રહેલ શનિ શરીરને પુષ્ટ કરે છે, તેમાં સંશય નથી." ॥ ૧ ॥

જન્મરાશિથી ૫–૭–૯ સ્થાને રહેલ શનિ મધ્યમ છે, અને જન્મરાશિથી ૧–૨–૪–૮ અને ૧૨ મા સ્થાને રહેલ શનિ દુષ્ટ છે.

શનિ એક રાશિમાં ૨॥ વરસ રહે છે, તેથી જ્યારે જન્મરાશિથી ૧–૨–૪–૮ કે ૧૨ મી રાશિમાં શનિ હોય ત્યારે **પનોતી** બેઠી કહેવાય છે. તેમાં જન્મરાશિથી ૧૨–૧ અને ૨ ભુવનમાં શનિ ફરે છે ત્યારે ૭॥ વરસ જાય છે, તે સાડાસાત (સાર્ધસપ્ત, હાડહતી) વર્ષની પનોતી એવા નામથી પ્રસિદ્ધ છે.

જે દિવસે શનિની **પનોતી** બેસે તે દિવસે જન્મરાશિથી ૧–૬–૧૧ સ્થાને ચન્દ્ર હોય તો **સોનાને** પાયે, ૨–૫–૯ સ્થાને ચન્દ્ર હોય તો રૂપાને પાયે, ૩–૭–૧૦ મે સ્થાને ચન્દ્ર હોય તો ત્રાંબાને પાયે, અને ૪–૮–૧૨ મે સ્થાને ચન્દ્ર હોય તો લોઢાને પાયે પનોતી બેઠેલી જાણવી. આ રીતે લોઢાની અને સોનાની પાયે બેઠેલી પનોતી દુઃખકારક છે.

જન્મના **રાશિગોચર**ની પેઠે જન્મના **નક્ષત્રગોચર**ની શુદ્ધિ પણ જરૂરી છે, તેમાં શનિની ગોચરશુદ્ધિ માટે ઉદયપ્રભસૂરિ કહે છે કે–તાત્કાલિક શનિનક્ષત્રથી જન્મનક્ષત્ર સુધી ગણવું અને જેટલામું નક્ષત્ર થાય તેનું ફળ તપાસવું, જે આ પ્રમાણે છે—

૧–પીડાકારક, ૪–ધનકારક, ૬–પંથકારક, ૪–બંધનકારક, ૫–ધર્મ કરાવનારા, ૩–લાભ દેનારા, ૨–સન્માન કરાવનારા, ૧–પરાભવ કરાવનારા અને ૧–મૃત્યુ કરાવનાર નક્ષત્રો મનાય છે.

આ પ્રમાણે પોતાની જન્મરાશિથી અને તે ન મળે તો અવકહડા ચક્ર અનુસારે નામરાશિથી ગ્રહગોચર શુદ્ધિ તપાસવી, પણ તેમાં રવિ સોમ અને ગુરૂની ગોચર શુદ્ધિ અતિ આવશ્યક છે.

જન્મરાશિથી શુભાશુભ ગ્રહની પેઠે મહાદશા અને અંતરદશાથી પણ ગ્રહોનું ફળ જોવાય છે, પણ તે અહીં આવશ્યક નથી, તેથી મહાદશાનું સ્વરૂપ દેખાડેલ નથી. પરંતુ યાત્રાદિકમાં જરૂરી દિનદશા સ્થૂલદષ્ટિએ બતાવીએ છીએ.

પોતાના નામની રાશિમાં જે દિવસે સૂર્યનું સંક્રમણ થાય તે દિવસથી આરંભીને ચાલતા દિવસો સુધીના દિવસો ગણવા. જેટલા દિવસો ગયા હોય તેમાં અનુક્રમે—દિન ૨૦ રવિની, દિન ૫૦ ચંદ્રની, દિન ૨૮ મંગળની, દિન ૫૬ બુધની, દિન ૩૬ શનિની, દિન ૩૩ ગુરુની, દિન ૩૩ રાહુની, દિન ૩૪ કેતુની અને દિન ૭૦ શુક્રની દિનદશા છે. આ દિનદશાનો જે ગ્રહ

હોય તે ગ્રહ **દશાપતિ** કહેવાય છે. તેનું ફળ અનુક્રમે હાનિ, ધન પ્રાપ્તિ, રોગ, લક્ષ્મી, બંધન, ભય અને ધન પ્રાપ્તિ છે.

રવિ સોમ અને ગુરુનું ગ્રહગોચર અનુકૂળ ન હોય તો ગ્રહોથી અષ્ટવર્ગની શુદ્ધિ જોવી. **નારચંદ્ર**માં કહ્યું છે કે—

रविशशिजीवैः सबलैः, शुभदः स्याद् गोचरोऽथ तदभावे ।
ग्राह्याऽष्टवर्गशुद्धि-र्जननविलग्नग्रहेभ्यस्तु ॥१॥

અર્થ—"બળવાન્ રવિ, ચન્દ્ર અને ગુરુ વડે ગોચર શુભદાયી થાય છે, પણ તેમ ન હોય તો જન્મથી, લગ્નથી અને ગ્રહોથી કરાયેલ અષ્ટવર્ગની શુદ્ધિ લેવી." ॥ ૧ ॥

સૂર્યાદિ ગ્રહમાં હરકોઈ ગ્રહ નિર્બળ, પ્રતિકૂળ કે નેષ્ટ હોય તો અનુક્રમે—પદ્મપ્રભસ્વામી, ચન્દ્રપ્રભસ્વામી, વાસુપૂજ્યસ્વામી, વિમલનાથ, આદિનાથ, સુવિધિનાથ, મુનિસુવ્રતસ્વામી, નેમિનાથ અને પાર્શ્વનાથ પ્રભુની પરિકર (પરઘર)વાળી પ્રતિમાની પૂજા કરવાથી શાંતિ થાય છે. *

વેધ વિના કાર્ય કરનાર મનુષ્ય પાછો પડે છે, માટે ગોચરશુદ્ધિ કર્યા પછી દરેક ગ્રહોને વેધથી થયેલ અશુદ્ધિ અને વામવેધથી થયેલ શુદ્ધિ તપાસવી. ગોચરથી શુભ થયેલો હરકોઈ ગ્રહ વેધકસ્થાનમાં રહેલ ગ્રહ વડે વિંધાયાથી અશુભ થાય છે, અને ગોચર વડે દુષ્ટ થયેલ ગ્રહ વેધ્યસ્થાનમાં રહેલ ગ્રહથી વામવેધે વીંધાયાથી શુભ થાય છે, તથા દુષ્ટગ્રહ પણ સૌમ્ય થાય છે.

ગ્રહોના શુભસ્થાનો અને વેધક સ્થાનો, આ પ્રમાણે છે—

રવિનું શુભસ્થાન ૩–૬–૧૦–૧૧ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૯–૧૨–૪–૫ છે.

ચન્દ્રનું શુભસ્થાન ૧–૩–૬–૭–૧૦–૧૧ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૫–૯–૧૨–૨–૪–૮ છે

મંગળનું શુભસ્થાન ૩–૬–૧૧ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૧૨–૪–૯ છે.

બુધનું શુભસ્થાન ૨–૪–૬–૮–૧૦–૧૧ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૫–૩–૯–૧–૮–૧૨ છે.

ગુરૂનું શુભસ્થાન ૨–૫–૭–૯––૧૧ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૧૨–૪–૩–૧૦–૮ છે.

શુક્રનું શુભસ્થાન ૧–૨–૩–૪–૫–૮–૯–૧૧–૧૨ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૮–૭–૧–૧૦–૯–૫–૧૧–૩–૬ છે.

---

* પરિકરવાળી પ્રતિમાના આસનમાં નવગ્રહના ચિહ્નો હોય છે તો તેની પૂજા કરવી, પણ તે ન મળે તો પછી પરિકરથી રહિત પ્રતિમાની પૂજા કરવી.

શનિનું શુભસ્થાન ૩–૬–૧૧ છે, અને અનુક્રમે વેધકસ્થાન ૧૨–૯–૪ છે.

આ રીતે શુભસ્થાનમાં રહેલો ગ્રહ તેટલામાં વેધકસ્થાનમાં રહેલ હરકોઈ ગ્રહે વીંધાવાથી અશુભ થાય છે, અને વેધક સ્થાનમાં રહેલો અશુભ ગ્રહ શુભસ્થાનના ગ્રહથી વીંધાતાં સબળ થાય છે. પણ પિતા ગ્રહ અને પુત્રગ્રહોનો પરસ્પર વેધ થતો નથી. જેમકે—

ત્રીજા સ્થાનમાં શુભ રવિ હોય, અને નવમા સ્થાનમાં મંગળ હોય, તો રવિનો વેધ થાય છે અને અશુભ બને છે. તથા નિર્બળ રવિ નવમા ભુવનમાં હોય તો ત્રીજા સ્થાનમાં રહેલ મંગળના વામવેધથી શુભ બને છે. પણ મંગળને સ્થાને શનિ હોય તો આ ફેરફાર થતો નથી, તથા સોમ અને બુધનો પણ વેધ થતો નથી. (જુઓ–વામવેધ ચક્ર)

વામવેધ ચક્ર

શુભ સ્થાનો	રવિ.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુક્ર.	શનિ.
૧		૫				૮	
૨				૫	૧૨	૭	
૩	૯	૯	૧૨			૧	૧૨
૪				૩		૧૦	
૫					૪	૯	
૬	૧૨	૧૨	૪	૯			૯
૭		૨			૩		
૮				૧		૫	
૯					૧૦	૧૧	
૧૦	૪	૪		૮			
૧૧	૫	૮	૯	૧૨	૮	૩	૪
૧૨						૬	

હવે ગ્રહોનું બળાબળ કહીએ છીએ—

પૂર્વદિશાનો પતિ સૂર્ય છે. ત્યાર પછીની–અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર અને ઈશાનના અધિપતિ અનુક્રમે–શુક્ર, મંગળ, રાહુ, શનિ, ચંદ્ર, બુધ અને ગુરૂ છે. તથા બ્રાહ્મણ વર્ણના સ્વામી ગુરૂ અને શુક્ર છે. ક્ષત્રિય વર્ણના સ્વામી રવિ અને મંગળ છે, વૈશ્ય વર્ણનો સ્વામી ચંદ્ર છે, શુદ્રોના સ્વામી બુધ છે, અને સૂત્રધાર વિગેરે સંકર જાતિનો સ્વામી શનિ છે.

લગ્નભુવનમાં બારમું, પહેલું અને બીજું સ્થાન પૂર્વદિશામાં છે, તેમાં ગુરૂ અને બુધ બળવાન્ છે. ત્રીજું, ચોથું અને પાંચમું ભુવન ઉત્તરદિશામાં છે, તેમાં શુક્ર અને ચંદ્ર બળવાન્ છે. છઠ્ઠું, સાતમું અને આઠમું ભુવન પશ્ચિમ દિશામાં છે, તેમાં શનિ બળવાન્ છે. તથા નવમું, દશમું અને અગિયારમું ભુવન દક્ષિણ દિશામાં છે. તેમાં રવિ અને મંગળ બળવાન્ છે.

ચન્દ્રથી ઉપચય સ્થાનમાં રહેલ ગ્રહોની ચન્દ્ર સાથે **તાન** સંજ્ઞા થાય છે, તથા પરસ્પર એક–બીજાથી ઉપચય સ્થાનમાં રહેલ ગ્રહોની **તાન** સંજ્ઞા થાય છે. આ તાન સંજ્ઞાવાળા ગ્રહો એક–બીજાના કાર્યને વિસ્તારે છે.

કેન્દ્રમાં રહેલા સ્વગૃહી ઉચ્ચસ્થ અને ત્રિકોણસ્થ ગ્રહો પરસ્પર **કારક** હોય છે, જેમાંનો દસમાં ભુવનમાં રહેલ ગ્રહ **અતિકારક** હોય છે. ચન્દ્રની દ્રષ્ટિથી આ કારક ગ્રહો વિશેષ બળવાન્ છે. આ સિવાય બીજી રીતે પણ કારક ગ્રહો હોય છે. **ઉદયપ્રભસુરિ** કહે છે કે—જન્મપતિ અથવા લગ્નપતિ ક્રુર હોય, લગ્નમાં હોય પણ જો તાન કે કારક હોય તો શુભ છે. આ સિવાયનો સૌમ્યગ્રહ પણ અશુભ છે બીજે કહ્યું છે કે—

शुभराशौ शुभांशे वा, कारके धनवान् भवेत्
तदंशके शुभे केन्द्रे, राजा नूनं प्रजायते ॥१॥

અર્થ—"જેની જન્મકુંડલીમાં શુભરાશિ અને શુભ નવાંશવાળો કારક હોય તે ધનવાન્ થાય છે. તથા કેન્દ્રનો શુભ કારકાંશ હોય તો તે નિશ્ચયે રાજા થાય છે. ॥૧॥"

ગ્રહોનું **હર્ષસ્થાન** ચાર પ્રકારેછે. પહેલું હર્ષસ્થાન પોતપોતાનું ઉચ્ચ સ્થાન છે. બીજું હર્ષસ્થાન સાતે ગ્રહોનું અનુક્રમે-નવમું, ત્રીજું, છઠ્ઠું, પહેલું, અગીયારમું, પાંચમું અને બારમું ભુવન છે. ત્રીજું હર્ષસ્થાન–સ્ત્રીગ્રહોનું રાત્રિ કે સંધ્યા, તથા પુરૂષ અને નપુંષક ગહોનું દિવસ છે તથા ચોથું હર્ષસ્થાન પુરૂષ નપુંશક ગ્રહોનું કેન્દ્ર પાંચ, છ, અગ્યાર અને બારમું ભુવન છે, તથા સ્ત્રીગ્રહોનું કેન્દ્ર બીજું, ત્રીજું, આઠમું અને નવમું ભુવન છે. આ ચારે પ્રકારના હર્ષસ્થાનમાં રહેલો ગ્રહ **હર્ષી** મનાય છે.

દરેક ગ્રહો પોતાના તાત્કાલિક ભુવનથી ત્રીજે અને દશમે સ્થાને એક પાદ દ્રષ્ટિથી, પાંચમે અને નવમે ભુવને બે પાદ દ્રષ્ટિથી, ચોથે અને આઠમે ભુવને ત્રણ પાદદ્રષ્ટિથી, તથા સાતમે સ્થાને સંપૂર્ણ દ્રષ્ટિથી જુએ છે. વળી શનિને એક પાદદ્રષ્ટિ, ગુરૂને બે પાદદ્રષ્ટિ, અને મંગળને ત્રણ પાદદ્રષ્ટિ હોતી નથી, એટલે તેઓ તે સ્થાન પણ સંપૂર્ણ દ્રષ્ટિથી જુએ છે. **જ્યોતિષસારમાં** દ્રષ્ટિપાતનાં સ્થાનો બીજાં દેખાડેલ છે, પણ તે માન્યતા અત્યારે પ્રસિદ્ધ નથી. સૌમ્યગ્રહ વડે દેખાયેલો કે મિત્રગ્રહની દ્રષ્ટિવાળો ગ્રહ બળવાન્ છે.

પ્રશ્ન પ્રકાશમાં કહ્યું છે કે—

पापः[1] शीघ्रः[2] शुभो वक्री,[3] बालो[4] वृद्धो[5]ऽरिभा[6]ऽस्तग ।
नीच[7]: पापान्तरे[8]ऽष्टस्थ,[9] इत्युक्तो बलवर्जितः ॥१॥

અર્થ—અતિચારી ક્રુરગ્રહ, વક્રી શુભગ્રહ, બાળ, વૃદ્ધ, શત્રુના ઘરમાં રહેલો, અસ્ત પામેલો, નીચ સ્થાને રહેલો, ક્રુર ગ્રહ સાથે જોડાયેલો, (બે ક્રુર ગ્રહની મધ્યમાં રહેલો) અને આઠમાં ભુવનમાં રહેલો ગ્રહ નિર્બળ છે. **ભુવનદીપક**ની વૃત્તિમાં છે કે—

स्व[1]-मित्र[2]नीचगो वक्रः,[3] स्वराश्य[4]स्ता[5]ऽरिवर्गगः ।
लग्नाद् द्वादशगः[6] षष्ठः,[7] क्रूरैर्युक्तो[8]ऽथ वीक्षितः[9] ॥१॥
याम्यो[10] राहास्य[11]-पुच्छस्थो,[12] बालो[13] वृद्धो[14]ऽस्तगो[15] जितः[16] ।
मुथुशिले[17] मूशरिफे,[18] पापैरित्यबलो ग्रहः ॥२॥

અર્થ—"સ્વનીચ સ્થાનમાં રહેલો, મિત્રના નીચ સ્થાનમાં રહેલો, વક્રી પોતાના ઘરથી સાતમા સ્થાનમાં રહેલો, શત્રુના છ વર્ગમાં રહેલો, બારમે ભુવને રહેલો, છઠે સ્થાને રહેલો ક્રુર ગ્રહોથી જોડાયેલો ક્રુર ગ્રહોથી જોયેલો ॥૧॥ દક્ષિણાયનમાં રહેલો, રાહુના મુખ નક્ષત્રમાં રહેલો, રાહૂના નક્ષત્રથી પંદરમાં નક્ષત્રમાં રહેલો, બાલ ગ્રહ વૃદ્ધ ગ્રહ, અસ્ત પામેલો ગ્રહ યુદ્ધમાં જીતાયેલો તથા શીઘ્ર ગતિવાળા ક્રુર ગ્રહથી થયેલ મૂથુશિલ અને મુશરિફ યોગવાળો નિર્બળ ગ્રહ છે. ॥૨॥ (આ. ૪–૪૭)

આ ઉપરથી એટલું પણ સ્પષ્ટ થાય છે કે--પોતાના કે મિત્રના નીચ નવાંશમાં રહેલો ગ્રહ, અધિ શત્રુના છ વર્ગમાં રહેલો ગ્રહ અલ્પ બિંબવાળો, રૂક્ષ બિંબવાળો, કાંતિ રહિત યુદ્ધમાં દક્ષિણગામી, ઉત્તરગામી શુક્ર પણ નિર્બળ છે, આપોકિલમમાં રહેલા ગ્રહો નિર્બળ છે, અને પણ ફરમાં રહેલા ગ્રહો મધ્યમ બલી છે. **લલ્લે** દેખાડેલી અગ્યાર અવસ્થાવાળા

ગ્રહો પૈકીના વિકલ, ખલ, પીડીત અને હીન ગ્રહ નિર્બળ છે.

દૈવજ્ઞવલ્લભ કહે છે કે–– સૌમ્યદૃષ્ટ અશુભ ગ્રહ તથા શત્રુદૃષ્ટ કે ક્રુરદ્રષ્ટ સૌમ્ય ગ્રહ પણ નિષ્ફળ છે.

ગ્રહોનું બળ વીશ પ્રકારે છે.

स्व[1]-मित्र[2]-र्क्षो[3]च्च[4]-मार्गस्थ[5]-स्व[6]-मित्रवर्ग[7]गो-दित[8]: ।

जयी[9] चोत्तरचारी[10] च, सुहृत्[11]-सौम्यावलोकित[12]: ॥१॥

त्रिकोणा[13]-ऽऽयगतो[14] लग्नाद्, हर्षी[15] वर्गोतमांशग[18]: ।

मुथुशिलं[19] मूशरिफं[20], यदि सौम्यैर्ग्रहै: सह ॥२॥

सर्वयोगे भवेदेवं, बलानां विंशतिर्ग्रहे ।

यावद्बलयुता: खेटा-स्तावद्विंशोपका: फलम् ॥३॥

અર્થ––"સ્વગૃહી, મિત્રગૃહી, પોતાના નક્ષત્રમાં રહેલો ઉચ્ચનો હોય, માર્ગી, પોતાના છ વર્ગમાં રહેલો, મિત્રના વર્ગમાં રહેલો, ઉદય પામેલો, જય પામેલો, ઉત્તર ચારી મિત્રની દ્રષ્ટિવાળો સૌમ્ય ગ્રહની દ્રષ્ટિવાળો ॥૧॥ ત્રિકોણમાં રહેલો, લગ્નથી આય (૧૧) ભુવનમાં રહેલો, હર્ષી, વર્ગોત્તમનવાંશમાં રહેલો, સૌમ્ય ગ્રહો સાથે મુથુશિલ યોગવાળો અને સૌમ્ય ગ્રહો સાથે મૂશરિફ યોગવાળો ગ્રહ સંપૂર્ણ બળવાન છે. ॥૨॥

આ પ્રમાણે સર્વ યોગ થવાથી ગ્રહમાં વીશવસા બળ થાય છે, તેથી જેટલા ગ્રહ બળવાન્ હોય તેટલા વસા ફળ મનાય છે. ॥૩॥ ૫––૫૪

આ ઉપરથી મિત્રના નવાંશમાં રહેલો, અધિમિત્રની રાશિમાં રહેલો, અધિમિત્રના નવાંશમાં રહેલો, લગ્નના ઉદિતાંશમાં રહેલો, ઘણા દિવસથી ઉદય પામેલો, સ્થૂલ બિંબવાળો, વિપુલ, સ્પષ્ટ કિરણવાળો, અને સ્નિગ્ધ ગ્રહ પણ બળવાન્ છે. તથા વર્ષેશ, માસેશ, દિનેશ, હોરેશ, કારક, તાન અને સદ્યઃસફલ ગ્રહ પણ બળવાન્ છે.

લલ્લે કહેલા દીપ્ત, સ્વસ્થ, મુદિત, શાંત, શક્ત, પ્રવૃદ્ધવીર્ય અને અધિવીર્ય ગ્રહ પણ બળવાન છે.

સ્ત્રી રાશિમાં સ્ત્રી ગ્રહો બળવાન છે, પુરૂષ રાશિમાં અસ્ત્રી ગ્રહો બળવાન છે, શુકલ પક્ષમાં સૌમ્ય ગ્રહો બળવાન છે, અને કૃષ્ણપક્ષમાં ક્રુર ગ્રહો બળવાન છે. ત્રણ ત્રણ લગ્નથી

થયેલ ચાર દિશામાં ઉપર દર્શાવેલ ગ્રહો પણ બળવાન છે. ગુરૂ, શુક્ર અને રવિ દિવસે બળવાન છે. ચંદ્ર, મંગળ અને શનિ રાત્રે બળવાન છે, બુધ અહોરાત્રિમાં બળવાન છે, રવિ અને ચંદ્ર ઉત્તરાયણમાં બળવાન છે, તથા બીજા પાંચ ગ્રહો વક્રી હોય તો બળવાન છે. કેટલાકના મતે વક્રી ગ્રહ નેષ્ટ છે, કેમકે બળવાન વક્રી ગ્રહ દુષ્ટ છે, અને બળવાન સ્નિગ્ધ ગ્રહ શુભ છે. પણ **પાકશ્રી**માં તો મુળ ત્રિકોણ અને વક્ર ગતિનું સમાન ફળ દેખાડેલ છે. અને **નરપતિ-જયચર્યામાં** કહે છે કે—સૌમ્ય ગ્રહો વક્રી થાય તો અતિશુભ છે, તથા ક્રુર ગ્રહો વક્રી થાય તો અધિક ક્રુર છે.

ગ્રહોના નૈઃસર્ગિક બળ માટે કહ્યું છે કે—

मन्दारसौम्यवाक्पति-सितचन्द्रार्को यथोत्तरं बलिनः
नैःसर्गिकबलमेतद् बलसाम्ये स्यादधिकचिन्ता ॥१॥

અર્થ—"શનિ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, ચંદ્ર અને સૂર્ય અલ્પ ઉત્તરોતર પણે અધિક બળવાળા છે, આ નૈઃસર્ગિક બળ છે. તેનો વિચાર બલ સામ્યતામાં આવશ્યક છે. ॥૧॥

પૂર્ણભદ્રમાં કહ્યું છે કે—

लग्नस्याद्यन्तमध्येषु, बलं पूर्णाल्पमध्यमम् ।

અર્થ—"લગ્નના આદિ અંત અને મધ્યમમાં અનુક્રમે પૂર્ણ અલ્પ અને મધ્યમબળ છે.

લલ્લ કહે છે કે—

"लग्नफलं त्वंशके स्पष्टम्"

અર્થ—"લગ્નનું ફળ અંશમાં સ્પષ્ટ છે, એટલે લગ્નથી નવાંશ અધિક બળવાન્ છે."

ગ્રહોનું એક પાદ દૃષ્ટિથી પાંચ વસા, બે પાદ દૃષ્ટિથી દસ વસા, ત્રણ પાદ દ્રષ્ટિથી પંદર વસા, અને સંપૂર્ણ દૃષ્ટિથી વીશ વસા ફળ છે. **મુહુર્તસારમાં** કહ્યું કે—

वर्ष-मासःद्यु-होरेशैर्वृद्धिः पञ्चोत्तरा फले ।

અર્થ—"વર્ષેશ, માસેશ, દિનેશ અને હોરેશ ગ્રહથી ફળમાં પાંચ પાંચ વસાની વૃદ્ધિ થાય છે, એટલે વર્ષેશ પાંચ વસા માસેશ દસ વસા, દિનેશ પંદર વસા અને હોરેશ વીશ વસા ફળ આપે છે તથા **ત્રૈલોક્ય પ્રકાશમાં** કહ્યું છે કે—

रूपा २० र्घ १० पाद ५ वीर्याः स्युः केन्द्रादिस्था नभश्चराः ।

અર્થ—"આપોક્લિમમાં રહેલા ગ્રહો પાંચ વસા, પણ ફરમાં રહેલા ગ્રહો દસ વસા, અને કેન્દ્રમાં રહેલા ગ્રહો વીશ વસા ફળ આપે છે."

अध्धुट्ठवीसा रविणो, पण ससिणो तिन्नि हुन्ति तह गुरुणो ।
दो दो बुह-सुक्काणं, सड्ढा सणि-भोम-राहूणं ॥१॥

અર્થ—"સૂર્યના સાડાત્રણ, ચંદ્રના પાંચ, ગુરુના ત્રણ, બુધ તથા શુક્રના બે અને શનિ, મંગળ તથા રાહુના દોઢ દોઢ વસા હોય છે. ॥૧॥ આ સર્વ મળીને વીશ વસા થાય છે. સર્વ કાર્યમાં દરેક રેખાવાળા ગ્રહો વડે વીશ વસાવાળું લગ્ન થાય છે.

જન્મરાશિ ગોચર કરતાં ગ્રહની અષ્ટવર્ગ શુદ્ધિ વધારે બળવાન્ છેઃ—

स्वक्षेत्रस्थे बलं पूर्ण, पादोनं मित्रभे गृहे ।
अर्ध समगृहे ज्ञेयं, पादं शत्रुगृहे स्थिते ॥१॥
वक्रगृहे फलं द्विघ्नं, त्रिगुणं स्वौचसंस्थिते ।
स्वभावजं फलं शीघ्रे, नीचस्थोऽर्ध फलं ग्रहः ॥१॥ (म० ४४)

અર્થ—"ગ્રહોનું પોતાના ક્ષેત્રમાં સંપૂર્ણ, મિત્રની રાશિમાં પોણું સમાન ગ્રહની રાશિમાં અર્ધું, શત્રુના ઘરમાં ચોથા ભાગનું બળ છે. ॥૧॥ તથા વક્રી ગ્રહનું બમણું, ઉચ્ચ ગ્રહનું ત્રણગણું, અતિચારીનું સ્વાભાવિક હોય તેટલું અને નીચ ગ્રહનું અર્ધ ફળ મળે છે. ॥૨॥" આ વક્રી ગ્રહોનું સ્વાભાવિક ફળ શુભ હોય તો શુભફળ બમણું અને સ્વાભાવિક અશુભ ફળ હોય તો તે બમણું થાય છે, તે પ્રમાણે દરેકમાં જવાનું છે. **પ્રશ્ન પ્રકાશમાં** કહ્યું છે કે—

त्रिद्वयेकगुणार्धबलः खगः उच्चगवक्रशीघ्रनीचस्थः ।

અર્થ—"ઉચ્ચ, વક્રી, શીઘ્ર અને નીચ સ્થાને રહેલા ગ્રહોનું બળ અનુક્રમે ત્રણગણું, બમણું, એક ગણું અને અર્ધું છે."

ત્રૈલોક્ય પ્રકાશમાં કહ્યું છે કે—

मित्र-स्वर्क्ष-त्रिकोणोच्चे, फलं दत्तेऽङ्घ्रिवृद्धितः ।

અર્થ—"મિત્ર સ્થાનમાં, પોતાના ઘરમાં, ત્રિકોણમાં, ઉચ્ચ સ્થાનમાં રહેલ ગ્રહ એકેક પાદની વૃદ્ધિથી ફળ આપે છે.

બૃહ**જ્જાતની વૃત્તિ**માં કહ્યું છે કે—તિથિથી ચંદ્ર સો ગણ્ અને ચંદ્રથી લગ્ન હજાર ગણું બળવાન છે. તેનાથી પણ હોરા, દ્રેષ્કાણ, નવાંશ, દ્વાદશાંશ અને ત્રીશાંશ ઉત્તરો-તર પાંચ પાંચ ગણા વધારે બળવાન્ છે **શૌનક** કહે છે કે—

रूपं ग्रहस्य वर्गे, स्वदिने द्विगुणं स्वकालहोरायाम ।
त्रिगुणमरिवर्गयोगे, फलस्य पात्यस्तृतीयांसः ॥१॥

અર્થ—"ગ્રહનું ફળ પોતાના વર્ગમાં સરખું છે. પોતાને દિવસે બમણું છે, પોતાની કાળહોરામાં ત્રણગણું છે અને શત્રુના વર્ગને યોગે ત્રીજા ભાગનું છે ॥૧॥" **લલ્લ** કહે છે કે—

बलिनः कण्टकसंस्था, वर्षाधिपमासदिवसहोरेशाः ।
द्विगुणशुभाशुभफलदा, यथोत्तरं ते परिज्ञेयाः ॥१॥

અર્થ—"કેન્દ્રમાં રહેલા વર્ષેશ, માસેશ, દિનેશ અને હોરેશ બળવાન્ છે; તથા ઉત્તરોત્તર બમણા બમણા શુભાશુભ ફળને આપનારા છે. ॥૧॥

पूर्णं खेष्टाकबलं २०, ऊनं पादेन गोचरं १५ प्रोक्तम् ।
वेधोत्थमर्धबलं १०, पादबलं द्रष्टितः खचरे ॥१॥

અર્થ—"ગ્રહોનું આઠ ગ્રહોમાં સંપૂર્ણ, ગોચરનું પોણું, વેધનું અર્ધું અને દ્રષ્ટિનું એક પાદ બળ હોય છે ॥૧॥

દૈવજ્ઞ વલ્લભ કહે છે કે—

बलवानुदितांशस्थः, शुद्धं स्थानफलं ग्रहः ।
दद्याद् वर्गोत्तमांशे च, मिश्रं शेषांशसंस्तिः ॥१॥

અર્થ—"ઉદયના નવાંશમાં અને વર્ગોત્તમ નવાંશમાં રહેલો ગ્રહ બળવાન્ છે. અને તે સ્થાનનું ફળ પૂર્ણ આપે છે તથા બીજા નવાંશોમાં રહેલો ગ્રહ મધ્યમ ફળ આપે છે ॥૧॥

સમરાશિમાં શુક્ર તથા ચન્દ્રનું અને વિષમ રાશિમાં બાકીના ગ્રહોનું પાંચ વસા બળ છે. પહેલા મધ્યમ અને છેલ્લા દ્રેષ્કાણમાં ક્રમે પુરૂષ ગ્રહો, નપુંસક ગ્રહો, અને સ્ત્રી ગ્રહોનું એક ચતુર્થાંશ બળ છે. બીજે સ્થાને તો કહ્યું છે કે—ગ્રહોનું પોતાના ઘરમાં અર્ધું, મિત્રગ્રહની રાશિમાં ચોથા ભાગનું, અધિમિત્રની રાશિમાં દોઢ ચોથા ભાગનું, સમગ્રહ મિત્ર તથા અધિમિત્રની રાશિમાં આઠમાં ભાગનું, શત્રુરાશિમાં સોળમાં ભાગનું અને અધિશત્રુ ગ્રહની રાશિમાં બત્રીસમા ભાગનું બળ હોય છે. વળી કહ્યું છે કે–દરેક ગ્રહોનું ઉચ્ચમાં ૬૦ વસા, ત્રિકોણમાં ૪૫ વસા, પોતના ઘરમાં ૩૦ વસા, અધિમિત્રની રાશિમાં ૨૨॥ વસા, મિત્રના ઘરમાં ૧૫ વસા,

સમના ઘરમાં ૭ા વસા, શત્રુના ઘરમાં ૩ાા વસા, અધિશત્રુના ઘરમાં ૨ (૧-૨૮/૩૨ સાઠમાંથી બત્રીશમાં ભાગ જેટલું) વસા, નીચ સ્થાનમાં ૦ વસા, બળ હોય છે. આ દરેક **વસાને** ૬૦ માંથી બાદ કરવાથી અશુભ ફળના વસા આવે છે. દરેક બળ લખી સરવાળો કરવાથી તાત્કાલિક લગ્નનું **સ્થાન**બળ તૈયાર થાય છે.

હવે પ્રત્યેક ગ્રહનું વિશિષ્ટ સામર્થ્ય કહીએ છીએ. **નારચન્દ્ર**માં કહ્યું છે કે—

न तिथिर्न नक्षत्रं, न वारो न च चन्द्रमाः
लग्नमेकं प्रशंसन्ति, त्रिषडेकादशे रवौ ॥१॥

અર્થ—"ત્રીજે. છઠ્ઠે અને અગ્યારમે ભુવને રવિ હોય તો તે લગ્ન પ્રશંસાપાત્ર છે, પછી તિથિ નક્ષત્ર વાર કે ચન્દ્રની જરૂરી રહેતી નથી. ॥૧॥"

कर्तुरनुकूलयोगिनि, शुभेक्षिते शशिनि वर्धमाने च ।
तारायोगेऽभीष्टे, सर्वेऽर्थाः सिद्धिमुपयान्ति ॥१॥

અર્થ—"કર્તાને અનુકૂલ યોગવાળો, શુભ ગ્રહે જોયેલો અને વૃદ્ધિ પામતો ચન્દ્ર હોય; તથા શુભ તારાનો યોગ હોય તો સર્વ કાર્યો સિદ્ધ થાય છે. ॥૧॥"

सर्वत्राऽमृतरश्मे-र्बलं प्रकल्प्याऽन्यखेटजं पश्चात् ।
चिन्त्यं, यतः शशाङ्के, बलिनि समस्ता ग्रहाः सबलाः ॥१॥

અર્થ—"પ્રથમ સર્વત્ર ચન્દ્રનું બળ કલ્પીને પછી બીજા ગ્રહોનું બળ ચિંતવવું, કેમકે—ચન્દ્ર બળવાન હોય તો સર્વ ગ્રહો બળવાન હોય છે. ॥૧॥

શ્રીમાન **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—

सौम्य-वाक्पति-शुक्राणां, य एकोऽपि बलोत्कटः ।
क्रूरैरयुक्तः केन्द्रस्थः, सद्योऽरिष्टं पिनष्टि सः ॥१॥

અર્થ—"બુધ, ગુરૂ અને શુક્ર પૈકીનો હરકોઇ એક ગ્રહ બળવાન હોય, ક્રુર ગ્રહ તેની સાથે ન રહેલો હોય અને પોતે કેન્દ્રમાં હોય તો તાત્કાલિક દુષ્ટ યોગનો નાશ કરે છે. ॥ ॥ (૫-૫૪)

बलिष्ठः स्वोच्चगो दोषा-नशीतिं शीतरश्मिजः ।
वाक्पतिस्तु शतं हन्ति, सहस्रं चाऽसुरार्चितः ॥२॥

અર્થ—"બળવાન અને ઉચ્ચ સ્થાનમાં રહેલો બુધ એંશી દોષોને, ગુરૂ સો દોષોને,

અને શુક્ર હજાર દોષોને હણે છે. ॥૨॥

बुधो विनाऽर्केण चतुष्टयेषु, स्थितः शतं हन्ति विलग्नदोषान् ।
शुक्रः सहस्त्रं विमनोभवेषु, सर्वत्र गीर्वाणगुरुस्तु लक्षम् ॥३॥

અર્થ—"સૂર્ય સાથે નહીં રહેલો અને ચાર કેન્દ્ર સ્થાનમાં રહેલો બુધ લગ્નના સો દોષોને, સૂર્ય સાથે નહીં રહેલો અને સાતમા ભુવન સિવાયના ત્રણ કેન્દ્રસ્થાનમાં રહેલો શુક્ર હજાર દોષોને, તથા સૂર્ય વિનાનો અને ચાર કેન્દ્રસ્થાનમાં રહેલો ગુરુ લાખ દોષોને હણે છે. ॥૩॥" **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે—

त्रिकोण-केन्द्रगा वाऽपि, भङ्गं दोषस्यकुर्वते ।
वक्र-नीचा-ऽरिगा वाऽपि ज्ञ-जीव-भृगवः शुभाः ॥२॥

અર્થ—"બુધ, ગુરુ અને શુક્ર ત્રિકોણ કે કેન્દ્રમાં હોય તો દોષોનો નાશ કરે છે, અને તેઓ વક્ર નીચ કે શત્રુ સ્થાનના હોય તો પણ શુભ છે. ॥૧॥"

લગ્નમાં રહેલા ગુરૂ અને શુક્ર તિથિ, વાર, નક્ષત્ર, યોગ, લગ્ન અને મુહૂર્તના બળવા દોષોનો નાશ કરે છે.

वक्रा-ऽरि-नीचराशिस्थः, शुभकृत् प्रोच्यते गुरुः ।
स्वोच्चांशस्थः स्ववर्गस्थो भृगुणा ज्ञेन वा युतः ॥१॥

અર્થ—"ગુરુ વક્ર હોય, શત્રુના ઘરનો હોય, અથવા નીચ સ્થાનનો હોય, પણ તે ઉચ્ચ અંશમાં હોય, પોતાના વર્ગમાં હોય અને બુધ અને શુક્રની સાથે રહ્યો હોય તો શુભ છે. ॥૧॥ **શ્રી હરિભદ્રસૂરિ** કહે છે કે—

लग्गगओ चउ-सत्तम-दशमो अ गुरु भवे बलवं ।

અર્થ—"પહેલે, ચોથે, સાતમે તથા દસમે ગુરુ હોય તો બળવાન છે."

હવે ગ્રહોની **રેખા** કહીએ છીએ.

શ્રી ઉદયપ્રભસૂરિ કહે છે કેઃ—

गोचरेण ग्रहाणां चेद, आनुकूल्यं न दृश्यते ।
जन्म-लग्न-ग्रहेभ्योऽष्ट—वर्गेणालोकयेत्तदा ॥१॥

અર્થ—"જો ગ્રહોનું ગોચર વડે કરીને અનુકુલપણું ન દેખાતું હોય તો જન્મથી, લગ્નથી તથા ગ્રહોથી થતા અષ્ટવર્ગ વડે જોવું ॥૧॥" એક સ્થાને કહ્યું છે કે—ગ્રહ

ગોચર અને અષ્ટવર્ગ પૈકીની એક શુદ્ધિ તો જોઈએ, પણ વિવાહ અને દીક્ષામાં અષ્ટવર્ગ વધારે બળવાન છે

तस्मादष्टकशुद्धि-गुरोर्विलोक्या रवेश्च चन्द्रस्य ।
निधनान्त्याम्बुगतेष्वपि, रेखाधिक्यात् सुशुद्धिः स्यात् ॥१॥

અર્થ—"તેથી ગુરુ, રવિ અને ચન્દ્રની અષ્ટવર્ગશુદ્ધિ જોવી, કેમકે-તેઓ ચોથે આઠમે અને બારમે સ્થાને રહ્યા હોય તો પણ રેખાની અધિકતાથી સારી શુદ્ધિ થાય છે. ॥૧॥" આ રેખા જન્મકુંડલીના લગ્ન અને સૂર્યાદિથી જોવાય છે.

લગ્નથી ૩–૪–૬–૧૦–૧૧–૧૨, સૂર્યથી ૧–૨–૪–૭–૯–૧૦–૧૧, ચંદ્રથી ૩–૬–૧૦–૧૧ મંગળથી ૧–૨–૪–૭–૯–૧૦–૧૧, બુધથી ૩–૫–૬–૯–૧૦–૧૧–૧૨, ગુરૂથી ૩–૫–૯–૧૧, શુક્રથી ૬–૭–૮ અને શનિથી ૧–૨–૪–૭–૯–૧૦–૧૧, સ્થાને તાત્કાલિક સૂર્ય હોય તો શુભ રેખા આવે છે.

લગ્નથી ૩–૬–૧૦–૧૧, સૂર્યથી ૩–૬–૮–૧૦–૧૧, ચંદ્રથી ૧–૩–૬–૧૦–૧૧, મંગળથી ૨–૩–૫–૬–૯–૧૦–૧૧, બુધથી ૧–૩–૪–૫–૭–૮–૧૦–૧૧ ગુરૂથી ૧–૪–૭–૮–૧૦–૧૧–૧૨, શુક્રથી ૩–૪–૫–૭–૯–૧૦–૧૧, અને શનિથી ૩–૫–૬ સ્થાને તાત્કાલિક **ચન્દ્ર** હોય તો શુભ રેખા આપે છે.

લગ્નથી ૧–૩–૬–૧૦–૧૧, રવિથી ૩–૫–૬–૧૦–૧૧, સોમથી ૩–૬–૧૦–૧૧, મંગળથી ૧–૨–૪–૭–૮–૧૦–૧૧, બુધથી ૩–૫–૬–૧૧, ગુરૂથી ૬–૧૦–૧૧–૧૨, શુકથી ૬–૮–૧૧–૧૨, અને શનિથી ૧–૪–૭–૮–૯–૧૦–૧૧ સ્થાને તાત્કાલિક **મંગળ** હોય તો શુભ રેખા આપે છે.

લગ્નથી ૧–૨–૪–૬–૮–૧૦–૧૧, રવિથી ૫–૬–૯–૧૧–૧૨ સોમથી ૨–૪–૬–૮–૧૦–૧૧, મંગળથી ૧–૨–૩–૪–૫–૭–૮–૯–૧૦–૧૧, બુધથી ૧–૩–૫–૬–૯–૧૦–૧૧–૧૨ ગુરૂથી ૬–૮–૧૧–૧૨, શુક્રથી ૧–૨–૩–૪–૫–૮–૯–૧૧, અને શનિથી ૧–૨–૩–૪–૫–૭–૮–૯–૧૦–૧૧ મા સ્થાને તાત્કાલિક **બુધ** હોય તો શભ રેખા આપે છે.

લગથી ૧–૨–૪–૫–૬–૭ ૯–૧૦–૧૧, સૂર્યથી ૧–૨–૩–૪–૭–૮–૧૦–૧૧, સોમથી ૨–૫–૭–૯–૧૧, મંગળથી ૧–૨–૪–૭–૮–૧૦–૧૧, બુધથી ૧–૨–૪–૫–૬–૯–૧૦–૧૧, ગુરૂથી ૧–૨–૩–૪–૭–૮–૧૦–૧૧, શુક્રથી ૨–૫–૬–૯–૧૦–૧૧ અને શનિથી ૩–૫–૬–૧૨ મા ભુવને તાત્કાલિક **ગુરૂ** હોય તો શભ રેખા આવે છે.

લગ્નથી ૧–૨–૩–૪–૫–૮–૯–૧૧, અર્કથી ૮–૧૧–૧૨ સોમથી ૧–૨–૩–૪–૫–૮–૯–૧૧–૧૨, મંગળથી ૩–૫–૬–૯–૧૧–૧૨, બુધથી ૩–૫–૬–૯–૧૧, ગુરૂથી ૫–૮–૯–૧૦–૧૧, શુક્રથી ૧–૨–૩–૪–૫–૮–૯–૧૦–૧૧, અને શનિથી ૩–૪–૫–૮–૯–૧૦–૧૧ મા સ્થાને રહેલ તાત્કાલિક **શુક્ર** શુભ છે.

લગ્નથી ૧–૩–૪–૬–૧૦–૧૧; રવિથી ૧–૨–૪–૭–૮–૧૦–૧૧, ચંદ્રથી ૩–૬–૧૧, મંગળથી ૩–૫–૬–૧૦–૧૧–૧૨, બુધથી ૬–૮–૯–૧૦–૧૧–૧૨, ગુરૂથી ૫–૬–૧૧–૧૨, શુક્રથી ૬–૧૧–૧૨, અને શનિથી ૩–૫–૬–૧૧ મા સ્થાને રહેલ તાત્કાલિક **શનિ** શુભ રેખા આપે છે.

લગથી ૩–૫–૭–૯–૧૨, રવિથી ૧–૨–૩–૪–૭–૮–૧૦, સોમથી ૧–૩–૫–૭–૮–૯–૧૦–૧૨, મંગળથી ૧–૩–૫–૧૨, બુધથી ૨–૪–૭–૮–૧૨, ગુરૂથી ૧–૨–૪–૭–૮–૧૨, શુક્રથી ૬–૭–૧૧–૧૨, અને શનિથી ૩–૫–૭–૧૧ મા સ્થાને તાત્કાલિક **રાહુ** રહ્યો હોય તો શુભ રેખા આપે છે. કેટલાએક આચાર્યોના મત પ્રમાણે રાહુની રેખા બીલકુલ નથી, તેથી તે રેખા ન ગણીએ તો ઉત્કૃષ્ટ **છપ્પન** રેખાઓ આવે છે. અને રાહુની રેખા ગણીએ તો ઉત્કૃષ્ટ ચોસઠ રેખાઓ હોય છે. રાહુને પોતાના સ્થાનથી રેખા આવતી નથી.



આ **રેખા** લાવવા માટે એવી રીત છે કે—પ્રથમ જન્મ કુંડળીને સ્થાપન કરી લગ્નાદિથી તાત્કાલિક સૂર્યને આશ્રીને જેટલા સ્થાનમાં રેખા પડતી હોય તેટલા સ્થાનમાં સીધી રેખા મૂકવી, અને બાકીના સ્થાનમાં ૦ મૂકવી. આ રીતે જન્મકુંડળીમાં સુર્યની કુલ રેખા ૪૮ થાય છે. એજ પ્રમાણે જન્મકુંડળીને જુદી જુદી સ્થાપી દરેક ગ્રહોની રેખા લાવવી તે જન્મકુંડળીમાં રવિ આદિ ગ્રહોની ૪૮–૪૯–૪૦–૫૮–૫૬–૫૨ અને ૫૯ રેખાઓ થાય છે. તથા રાહુની રેખા લાવીએ તો ૪૩ રેખા થાય છે.

હવે રેખાવાળી પોતપોતાની કુંડલીમાં તાત્કાલિક સુર્યાદિ ગ્રહો સ્થાપવા, તે સ્થાનમાં જેટલી રેખા આવે તે તે ગ્રહોની શુભ રેખા જાણુવી. આ રીતે પ્રત્યેક ગ્રહની વધારેમાં વધારે આઠ રેખા આવે છે. દરેક ગ્રહની એકથી આઠ રેખાના ફળ માટે **નારચન્દ્ર ટીપ્પણુમાં** કહ્યું છે કે—

कष्टं स्यादेक रेखायां, द्वाभ्यामर्थक्षयो भवेत् ।
त्रिभिः क्लेशं विजानीयात्, चतुर्भिः समता मता ॥१॥
पञ्चभिश्चित्तसौख्यं स्यात्, षड्भिरर्थागमो भवेत् ।
सप्तभिः परमानन्द–श्चाऽष्टभिः परमं पदम् ॥२॥

અર્થ—"એક ગ્રહની એક રેખા હોય તો કષ્ટ, બે રેખા હોય તો ધનહાનિ, ત્રણુ રેખા હોય તો કલેશ. ચાર રેખા હોય તો સમાનતા, ॥ ૧ ॥ પાંચ રેખા હોય તો ચિત્તનું સુખ, છ રેખા હોય તો ધન પ્રાપ્તિ, સાત રેખા હોય તો પરમાનંદ અને આઠ રેખા હોય તો પરમ પદની પ્રાપ્તિ થાય છે." ॥ ૨ ॥

આ રીતે ચાર રેખાથી મધ્યમ, ઓછી રેખાથી હીન, અને અધિક રેખાથી અધિક ફળ કહેલ છે. જો અષ્ટવર્ગનું શ્રેષ્ટ બળ હોય તો ગોચરફળ નિષ્ફળ થાય છે. ॥૩॥ અર્થાત—ઘણી રેખાઓ હોય તો અશુભગોચર ગ્રહ પણુ શુભ થાય છે અને ઘણાં મીંડાંઓ હોય તો શુભ-ગોચર ગ્રહ પણુ અશુભ થાય છે.

બીજે સ્થાને કહ્યું છે કે—જો લગ્નપતિની શુભ રેખાઓ હોય તો સર્વ ગ્રહથી થયેલ મધ્યમ શુધ્ધિ પણુ શ્રેઠ છે. તેમજ લગ્નપતિની મધ્યમ રેખા હોય અને મિત્રગ્રહની અધિક રેખા હોય તો તે પણુ પ્રશસ્ય છે. છતાં જો લગ્નપતિની રેખાનું બળ ન હોય તો વેધથી શુભ-દાય ગ્રહ આવવાથી તે પણુ શુધ્ધ મનાય છે. સમાન રેખાવાળો સૂર્ય બીજે પાંચમે કે નવમે ભુવને હોય તો તે શ્રેષ્ઠ છે.

પ્રત્યેક તાત્કાલિક ગ્રહની જે રેખા હોય તે ભેગી કરવી, તો સોળથી છપ્પન સુધીની રેખાઓ આવે છે. અને રાહુની ગણીએ તો ચોસઠ રેખાઓ આવે છે. આમાં સત્તરથી છવીશ સુધીની રેખાઓ અશુભ છે, ત્યાર પછી છપ્પન સુધીની રેખાઓ શુભ શુભતર અને શુભતમ છે'

સર્વ રેખા કુંડળી.

તાત્કાલિક ગ્રહોની રેખા ૩૩



રેખાના ફળ માટે **નારચન્દ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—તાત્કાલીક સર્વ ગ્રહની સત્તરથી એકત્રીશ રેખા આવે તો—અનુક્રમે ૧૭ નાશ, ૧૮ ધનક્ષય, ૧૯ બંધુપીડા, ૨૦ કજીયો, ૨૧ મનોવ્યાધિ ૨૨ દીનતા, ૨૩ ત્રણ વર્ષની હાનિ, ૨૪ ઓચિંતો દ્રવ્યનાશ, ૨૫ સર્વથા દ્રવ્યક્ષય, ૨૬ કલેશ, ૨૭ સમતા, ૨૮ દ્રવ્યપ્રાપ્તિ, ૨૯ સન્માન, ૩૦ અતિ સન્માન, અને ૩૧ દ્રવ્ય—સુખની વૃદ્ધિનું ફળ મળે છે.

કાર્યસિદ્ધિમાં **ગ્રહયોગની** પણ અતિ આવશ્યકતા છે. **દૈવજ્ઞ વલ્લભ**માં કહ્યું છે કે—

तिथि-क्षण-भ-वाराणां, साध्यं योगेन सिध्यति ।
तस्मात् सर्वेषु कार्येषु, ग्रहयोगान् सुचितन्येत् ॥१॥

અર્થ—"તિથિ, મુહૂર્ત, નક્ષત્ર, અને વારના કાર્યો યોગ વડે સિદ્ધ થાય છે; માટે સર્વ કાર્યના ગ્રહયોગોનો વિચાર કરવો. ॥ ૧ ॥

તે ગ્રહયોગો નીચે પ્રમાણે છે, **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—

१ लाभेऽर्कारौ शुभा धर्मे, श्रीवत्सो यत्ररौ शनिः ।
२ अर्धेन्दुर्विक्रमे मन्दो, रविर्लाभे रिपौ कुजः ॥१॥

ગ્રહ રેખા ચક્ર, રેખા પ્રદ ગ્રહ કોષ્ટક

૦	લગ્ન	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
રવિ	૩–૪–૬–૧૦–૧૧–૧૨	૧–૨–૪–૭–૯–૧૦–૧૧	૩–૬–૧૦–૧૧	૧–૨–૪–૭–૯–૧૦–૧૧	૩–૫–૬–૯ ૧૦–૧૧–૧૨	૩–૫–૯–૧૧	૬–૭–૮	૧–૨–૪–૭–૯–૧૦–૧૧
સોમ	૩–૬–૧૦–૧૧	૩–૬–૮–૧૦–૧૧	૧–૩–૬–૧૦–૧૧	૨–૩–૫–૬–૯–૧૦–૧૧	૧–૩–૪–૫ ૭–૮–૧૦–૧૧	૧–૪–૭–૮–૧૦–૧૧–૧૨	૩–૪૫–૭–૯–૧૦–૧૧	૩–૫–૬
મંગળ	૧–૩–૬–૧૦–૧૧	૩–૫–૬–૧૦–૧૧	૩–૬–૧૦–૧૧	૧–૨–૪–૭–૮–૧૦–૧૧	૩–૫–૬–૧૧	૬–૧૦–૧૧–૧૨	૬–૮–૧૧–૧૨	૧–૪–૭–૮–૯–૧૦–૧૧
બુધ	૧–૨–૪–૬–૮–૧૦–૧૧	૫ં–૬–૯–૧૧–૧૨	૨–૪–૬–૮–૧૦–૧૧	૬–૧૨ સિવાય	૧–૩–૫–૬–૯–૧૦–૧૧–૧૨	૬–૮–૧૧ ૧૨	૧ થી ૫–૮–૯–૧૧	૬–૧૨ સિવાય
ગુરૂ	૧–૨–૪–૫–૬–૭–૯–૧૦–૧૧	૧–૨–૩–૪–૭–૮–૧૦–૧૧	૨–૫–૭–૯–૧૧	૧–૨–૪–૭–૮–૧૦–૧૧	૧–૨–૪–૫–૬–૯–૧૦–૧૧	૧–૨–૩–૪–૭–૮–૧૦–૧૧	૨–૫–૬–૯–૧૦–૧૧	૩–૫–૬–૧૨
શુક્ર	૧ થી ૫–૮–૯–૧૧	૮–૧૧–૧૨	૧ થી ૫–૮–૯–૧૧–૧૨	૩–૫–૬–૯–૧૧–૧૨	૩–૫–૬–૯–૧૧	૫–૮–૯–૧૦–૧૧	૧ થી ૫ ૮ થી ૧૧	૩–૪–૫–૮–૯–૧૦–૧૧
શનિ	૧–૩–૪–૬–૧૦–૧૧	૧–૨–૪–૭–૮–૧૦–૧૧	૩–૬–૧૧	૩–૫–૬–૧૦–૧૧–૧૨	૬–૮ થી ૧૨	૫–૬–૧૧–૧૨	૬–૧૧–૧૨	૩–૫–૬–૧૧
રાહુ	૩–૫–૭–૯–૧૨	૧–૨–૩–૪–૭–૮–૧૦	૧–૩–૫–૭–૮–૯–૧૦–૧૨	૧–૩–૫–૧૨	૨–૪–૭–૮–૧૨	૧–૨–૪–૭–૮–૧૨	૬–૭–૧૧–૧૨	૩–૫–૭–૧૧

પોતાનાથી એટલે સ્વરાશિથી ગણવું જે કુલ મેળવવાથી ૬૪ રેખાઓ થાય છે.

અર્થ—અગ્યારમા ભુવનમાં રવિ અને મંગળ હોય, નવમા ભુવનમાં સૌમ્યગ્રહો હોય, છઠ્ઠા સ્થાનમાં શનિ હોય, તો **શ્રીવત્સ** યોગ થાય છે (૧) ત્રીજા સ્થાનમાં શનિ હોય, અગ્યારમા ભુવનમાં રવિ હોય, અને છઠ્ઠા સ્થાનમાં મંગળ હોય તો **અર્ધેન્દુ** યોગ થાય છે (૨) આ બન્ને યોગો અતિ શુભ છે. ॥ ૧ ॥

३ शङ्खः शुभग्रहैर्बन्धु-धर्मकर्मस्थितैर्भवेत् ।
४ ध्वजः सौम्यै विलग्नस्थैः, क्रूरैश्च निधनाश्रितैः ॥२॥

અર્થ—"ચોથા નવમા અને દસમા ભુવનમાં શુભ ગ્રહો હોય તો **શંખયોગ** થાય છે. (૩) લગ્નમાં સૌમ્ય અને આઠમાં ભુવનમાં ક્રુર ગ્રહો રહ્યા હોય તો **ધ્વજયોગ** થાય છે. (૪) આ બન્ને યોગો અતિ શ્રેષ્ઠ છે ॥ ૨ ॥

५ गुरुर्धर्मे व्यये शुक्रो, लग्ने ज्ञः श्चेत् तदा गजः ।
६ कन्यालग्नेऽलिगे चन्द्रे, हर्षः शुक्रेज्ययोर्मृगे ॥३॥

"નવમા ભુવનમાં ગુરૂ, બારમામાં શુક્ર, અને લગ્નમાં **બુધ** હોય તો **ગજયોગ** થાય છે. **રત્નમાલાના** મત પ્રમાણે તો બારમા ભુવનના શુક્રને બદલે અગ્યામા ભુવનમાં શનિ રહ્યો હોય તો ગજયોગ કહેલો છે. (૫) લગ્નમાં કન્યારાશિ હોય, વૃશ્ચિક રાશિમાં ચન્દ્ર હોય, અને મકરમાં શુક્ર તથા ગુરૂ હોય તો **હર્ષયોગ** થાય છે. (૬) આ બન્ને યોગો અતિશ્રેષ્ઠ છે." ॥૩॥

७ धनुरष्टमगैः सौम्यैः, पापैर्व्ययगतैर्भवेत्
८ कुठारो भार्गवे षष्टे, धर्मस्थेऽर्के शनौ व्यये ॥४॥
९ मुशलो बन्धुगे भौमे, शनान्त्येऽष्टमे विधौ ।
१० चक्रं च प्राचि चक्रार्धे, चन्द्रात् पाप-शुभैः क्रमात् ॥५॥
११ कूर्मं पुत्रार्थखधान्त्ये-ष्वारमन्देन्दुभास्करैः ।
१२ वापी पापैस्तु केन्द्रस्थै-र्योगाः स्युर्द्वादशेत्यमी ॥६॥

અર્થ—"આઠમા સ્થાનમાં સૌમ્ય અને બારમા સ્થાનમાં–પાપગ્રહો હોય તો **ધનુષ યોગ** થાય છે. (૭) છઠ્ઠા સ્થાનમાં શુક્ર, નવમાં સ્થાનમાં સૂર્ય અને બારમાં સ્થાનમાં શનિ હોય તો **કુઠાર યોગ** થાય છે. **રત્નમાલાના** મત પ્રમાણે નવમા સ્થાનના સૂર્યને બદલે ચોથા સ્થાનમાં બુધ હોય તો **કુઠાર યોગ** થાય છે. (૮) ॥ ૪ ॥ ચોથા સ્થાનમાં મંગળ, બારમા સ્થાનમાં શનિ અને આઠમાં સ્થાનમાં ચન્દ્ર હોય તો **મુશલ યોગ** થાય છે. **રત્નમાલાના** મત પ્રમાણે

ચોથા સ્થાનના મંગળને બદલે પહેલા સ્થાનમાં સૂર્ય હોય તો **મુશલ** યોગ કહેવાય છે. (૯) ભાવકુંડળીનાં પૂર્વાર્ધ ચક્રમાં ઈષ્ટ નવાંશવાળ દસમાથી ચોથા ભુવન સુધીમાં પ્રથમ ચન્દ્ર હોય, અને પછીના સ્થાનોમાં એકાંતરે પાપગ્રહો અને સૌમ્ય ગ્રહો હોય તો **ચક્રયોગ** થાય છે. (૧૦) ॥ ૫ ॥ પાંચમાં સ્થાનમાં મંગળ, બીજા સ્થાનમાં શનિ, આઠમા સ્થાનમાં ચન્દ્ર, અને બારમા સ્થાનમાં સૂર્ય હોય, તો **કૂર્મયોગ** થાય છે. **રત્નમાલા**ના મત પ્રમાણે બીજા સ્થાનમાં શુક્ર, છઠ્ઠા સ્થાનમાં શનિ આઠમા સ્થાનમાં ચન્દ્ર અને બારમા સ્થાનમાં સૂર્ય હોય, તો **કૂર્મયોગ** યોગ થાય છે, (૧૧) તથા કેન્દ્રમાં પાપગ્રહો રહ્યા હોય તો **વાપીયોગ** થાય છે. (૧૨) આ પ્રમાણે બાર યોગો છે. ॥ ૬ ॥ જેમા છેલ્લા છ યોગો અતિ દુષ્ટ છે."

१३-१९ आनन्द–जीव–नन्दन–जीमूत–जय–स्थिरा–ऽमृता योगाः ।
ज्ञ–गुरु–सितैः प्रत्येकं, द्विकत्रिकैश्चापि लग्न गतैः ॥७॥
योगा यथार्थनामानः, सर्वेषूत्तमकर्मसु ।
ऐश्वर्य–राज्य–साम्राज्य–विधातारः क्रमादमी ॥८॥

અર્થ–"બુધ ગુરૂ અને શુક્ર ગ્રહોમાંથી હરકોઈ એક બે કે ત્રણ ગ્રહ લગ્નમાં હોય તો આનન્દ, જીવ, નન્દન, જીમૂત, જય, સ્થિર, અને અમૃત યોગો થાય છે. અર્થાત–લગ્નમાં બુધ હોય તો **આનંદ**, ગુરૂ હોય તો **જીવ**, શુક્ર હોય તો **નન્દન**, બુધ અને ગુરૂ હોય તો **જીમૂત**, બુધ અને શુક્ર હોય તો **જય**, ગુરૂ અને શુક્ર હોય તો **સ્થિર** તથા બુધ, ગુરૂ અને શુક્ર હોય તો **અમૃતયોગ** થાય છે (૧૩ થી ૧૯) ॥ ૭ ॥ આ યોગો સર્વ ઉત્તમ કાર્યમાં યથાર્થ નામવાળા છે. તથા અનુક્રમે ઐશ્વર્ય રાજ્ય અને સામ્રાજ્યને કરનારા છે. અર્થાત્ એકેક ગ્રહવાળા યોગો ઐશ્વર્ય કરે છે, બબ્બે ગ્રહવાળા યોગો રાજ્ય આપે છે, અને ત્રણ ગ્રહવાળો યોગ ચક્રવર્તીની પદવી કે સૂરિપદ આપે છે." ॥ ૮ ॥

પૂર્ણિભદ્ર કહે છે કે—

उदय–ट्ठमगे मम्मं, नव–पंचम्मि क्रूरकंटयं भणियं ।
दसम–चउत्थे सल्लं, क्रूरउदयत्थितं छिद्दं ॥१॥
मम्मदोसेण मरणं, कंटयदोसेण कुलक्खओ होइ ।
सल्लेण राय सत्त्तू, छिद्दे पुत्तं विणासेह ॥२॥

અર્થ–"ક્રુર ગ્રહો પહેલે અને આઠમે સ્થાને રહ્યા હોય તો **મર્મ**, (૧) પાંચમે અને નવમે ભુવને રહ્યા હોય તો **કુરકંટક**, (૨) ચોથે અને દશમે સ્થાને રહ્યા હોય તો **શલ્ય**,

(૩) તથા પહેલે અને છેલ્લે સ્થાને રહ્યા હોય તો **છિદ્રયોગ,** (૪) થાય છે. ॥ ૧ ॥ તેમાં મર્મદોષ વડે મરણ, કટંક દોષ વડે કુલનો નાશ, શલ્ય દોષ વડે રાજા સાથે વૈર અને છિદ્ર દોષ વડે પુત્રનો નાશ થાય." ॥ ૨ ॥

यदि सर्वग्रहदृष्टि–र्लग्ने परिपतति दैवतवशेन ।
तद् भवति नृपतियोगः, कल्याण परम्पराहेतुः ॥३॥
अन्योन्यस्योच्चराशिस्थौ, यदि स्यातां ग्रहौ तदा ।
राजयोगं जिनाः प्राहु-र्दर्शने तु महाफलम् ॥४॥

અર્થ—"જો સર્વ ગ્રહોની દષ્ટિ ભવિતવ્યતાના યોગથી એક સાથે લગ્નમાં પડતી હોય, તો કલ્યાણની પરંપરાનો સાધનાર **રાજયોગ** થાય છે. ॥ ૩ ॥ જો બે ગ્રહ પરસ્પર એક–બીજાના ઉચ્ચ સ્થાનમાં રહ્યા હોય તો **રાજયોગ** થાય છે, વળી તેમનું પરસ્પર દર્શન થાય તો મહાન્ ફળ મળે છે એમ જિનેશ્વરો કહે છે." ॥ ૪ ॥

પૂર્વે કહેલા કર્તરી, જામિત્ર, યુતિ, ક્રાન્તિસામ્ય અને બુધપંચક પણ અશુભ યોગો છે; જ્યારે કારક, તાન અને હર્ષયોગ શુભ છે. **હેમહંસગણિ** કહે છે કે—

वर्गोत्तम गते लग्ने, चन्द्रे वा चन्द्र वर्जितैः ।
चतुराद्यैर्ग्रहैर्दृष्टे, नृपा द्वाविंशतिः स्मृताः ॥२॥

અર્થ—"ચન્દ્ર વિનાના ચાર પાંચ કે છ ગ્રહોની દષ્ટિવાળાં લગ્ન કે ચન્દ્ર વર્ગોત્તમ નવાંશમાં હોય તો **બાવીશ રાજયોગો** થાય છે." ॥ ૧ ॥

તે બાવીશ રાજયોગો આ પ્રમાણે છે—લગ્ન ઉપર ચંદ્ર સિવાયના છ ગ્રહોમાંથી હરકોઈ ચાર ગ્રહોની દષ્ટિ પડતી હોય તો ચૌદ ભેદ થાય છે, હરકોઈ પાંચ ગ્રહોની દષ્ટિ પડતી હોય તો સાત ભેદ થાય છે, અને છએ ગ્રહોની એક સાથે દષ્ટિ પડતી હોય તો એક ભેદ થાય છે. આ પ્રમાણે સર્વ ભેદો મેળવતાં વર્ગોત્તમ લગ્નને આશ્રીને બાવીશ રાજયોગો થાય છે. આ યોગોમાં કઈ રાશિનું કયું લગ્ન હોવું જોઈએ ? એવો કંઈ નિયમ નથી, તેથી હરકોઈ રાશિના વર્ગોત્તમમાંશમાં લગ્ન હોય તો **રાજયોગ** થાય છે. આજ રીતે હરકોઈ રાશિમાં વર્ગોત્તમમાં રહેલો ચન્દ્ર હોય અને તેને ચાર, પાંચ કે છ ગ્રહોની દષ્ટિ પડતી હોય તો પણ બાવીશ **રાજયોગો** થાય છે.

वक्रा-ऽर्कजा-ऽर्क-गुरुभिः सकलै स्त्रिभिश्च,
स्वोच्चेषु षोडश नृपाः कथितैकलग्ने ।

લગ્ન ભુવન ચક્ર.

ભુવન	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
નામ	લગ્ન	ધન	સહજ	સુખ	સુત	અરિ	સ્ત્રી	મૃત્યુ	ધર્મ	વ્યોમ	આય	વ્યય
યાત્રા નામ	તનુ	કોષ	ભટ	યાન	મંત્રી	અરિ	વર્ત્મ	જીવિત	મન	ભાગ્ય	લાભ	મંત્રી
દિશા	પૂર્વ	પૂર્વ	ઉત્તર	ઉત્તર	ઉત્તર	પશ્ચિમ	પ.	પ.	દ.	દ.	દ.	પૂર્વ
રોગ પ્રશ્ન	વૈદ્ય	+	+	ઔષધ	૦	૦	રોગ	૦	૦	રોગી	૦	૦
ગોચર શુદ્ધિ	બુ ગુ. શું.	સો. બુ. ગુ. શુ.	ર. મં. બુ.ગુ.શુ. રા. શ.	બુ. ગુ શુ.	બુ. ગુ. શુ.	ર. મં. બુ. શ. રા	સો. બુ. ગુ. શુ.	૦	બુ. ગુ. શુ.	ર. સો. બુ. ગુ. શુ.	ર.સો.બુ. મં.ગુ.શુ. રા. શુ.	૦
રાહુ ફળ	અશુભ	મધ્ય	શુભ	અશુભ	મધ્યમ	શુભ	અશુભ	મધ્ય	મધ્ય	અશુભ	શુભ	મધ્ય
ગ્રહ દિગ્બળ	ગુ. બુ.	૦	૦	ચંદ્ર શુ.	૦	૦	શનિ	૦	૦	ર. ભોમ	૦	૦
દુષ્ટ યોગ	ગુરૂ	૦	૦	૦	૦	શુક્ર	૦	ભોમ	૦	૦	૦	૦
શ્રી વત્સ યોગ	૦	૦	૦	૦	૦	શનિ	૦	૦	સૌમ્ય	૦	રવિ, મં.	૦
અર્ધેન્દુ યોગ	૦	૦	શનિ	૦	૦	ભોમ	૦	૦	૦	૦	રવિ	૦
શંખ યોગ	૦	૦	૦	શુભ	૦	૦	૦	૦	શુભ	શુભ	૦	૦

ધ્વજ યોગ	સૌમ્ય	૦	૦	૦	૦	૦	૦	કુર	૦	૦	૦	૦
ગજ યોગ	બુધ	૦	૦	૦	૦	૦	૦	૦	ગુરૂ	૦	(શનિ)	શુક્ર
હર્ષ યોગ	કન્યા	૦	ચંદ્ર	૦	શુ૦ગુ૦	૦	૦	૦	૦	૦	૦	૦
ધનુષ્ય યોગ	૦	૦	૦	૦	૦	૦	૦	સૌમ્ય	૦	૦	૦	પાપ
કુઠાર યોગ	૦	૦	૦	(બુધ)	૦	શુક્ર	૦	૦	સૂર્ય	૦	૦	શનિ
મૂશળ યોગ	(સૂર્ય)	૦	૦	મંગળ	૦	૦	૦	ચન્દ્ર	૦	૦	૦	શનિ
ચક્ર યોગ	પા૦સૌ૦	પા૦સૌ૦	પા૦સૌ૦	૦	૦	૦	૦	૦	૦	ચં૦	પા૦સૌ૦	પા૦સૌ૦
કુર્મ યોગ	૦	શનિ	૦	૦	મંગળ	૦	૦	ચન્દ્ર	૦	૯	૦	રવિ
વાપી યોગ	પાપ	૦	૦	પાપ	૦	૦	પાપ	૦	૦	પાપ	૦	૦
મર્મ યોગ	કુર	૦	૦	૦	૦	૦	૦	કુર	૦	૦	૦	[મૃત્યું કરે]
કુર યોગ	૦	૦	૦	૦	કુર	૦	૦	૦	કુર	૦	૦	[કુળ હણે]
શલ્ય યોગ	૦	૦	૦	કુર	૦	૦	૦	૦	૦	કુર	૦	[નૃપ વૈર]
છિદ્ર યોગ	કુર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	[પુત્રનાશ]	કુર

द्वयेकाश्रितेषु च तथैकतमे विलग्ने,
स्वक्षेत्रगे शशिनि षोडश भूमिषाः स्युः ॥१॥

અર્થ– "મંગળ, શનિ, સૂર્ય અને ગુરૂ એ ચાર ગ્રહો કે તેમાંના હરકોઈ ત્રણ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હોય, અને તેમાંનો એક ગ્રહ લગ્નમાં હોય, તો સોળ **રાજયોગ** થાય છે. વળી ચન્દ્ર પોતાના ઘરમાં, અને તે ચાર ગ્રહો પૈકીના હરકોઈ બે ગ્રહો કે એક ગ્રહ ઉચ્ચ સ્થાનમાં હોય, અને ચારમાંનો એક ગ્રહ લગ્નમાં હોય, તો પણ સોળ રાજયોગ થાય છે." ॥ ૧ ॥ આ રીતે કુલ **બત્રીશ રાજયોગ** થાય છે. આ દરેક શ્રેષ્ઠ રાજયોગો છે, તે સિવાય બીજા શ્રેષ્ઠ તથા મધ્યમ રાજયોગો પણ થાય છે. (જુઓ **લગ્ન ભુવન** ચક્ર.)

હવે ચન્દ્રની અવસ્થાઓ તથા તેઓનાં ફળ કહે છે—

गय हरिअ मया मोया, हासा किड्डा रई सयणमसणं ।
तावा कंपा सुत्था, ससिवत्था बार नामफला ॥२२॥
पइरासि बारसंसा, असुहाउ चए जओसुहोवि ससी ।
एयाहिं हवइ असुहो, सुहाहिं असुहो वि होइ सुहो ॥२३॥

અર્થ—ગતા, હતા, મૃતા, મોદા, હાસા, ક્રીડા, રતિ, શયન, અશન, તાપા, કંપા અને સ્વસ્થા; એમ ચન્દ્રની બાર અવસ્થા છે, જે યથાર્થ નામવાળી છે. ॥૨૨॥

દરેક રાશિના બાર બાર અંશો છે. શુભ ચન્દ્ર હોય તો પણ તેમાંના અશુભ અંશો વર્જવા; કેમકે—અશુભ અંશો વડે શુભ ચન્દ્ર પણ અશુભ થઈ જાય છે, અને શુભ અંશો વડે અશુભ ચન્દ્ર પણ શુભ થઈ જાય છે. ॥ ૨૩ ॥

વિવેચન—ચંદ્રની ભ્રમણ કરવાની બાર રાશિ છે, તેમાં પ્રત્યેક રાશિનો ચન્દ્ર બાર અવસ્થામાં પરિવર્તન પામે છે; એટલે–રાશિના દરેક દ્વાદશાંશનો ભોગ કરતાં ચંદ્રની **ગતા** વિગેરે અવસ્થાઓ હોય છે. અહીં વિશેષ એટલું છે કે–બારે અવસ્થા ક્રમે બાર રાશિની પહેલી અવસ્થાઓ છે. તેથી મેષના ચંદ્રની પહેલી અવસ્થા **મૃતા,** વૃષની પહેલી અવસ્થા હૃતા, એમ મીનના ચંદ્રની પહેલી અવસ્થા **સ્વસ્થા** છે; અને ત્યાર પછી દરેક દ્વાદશાંશમાં ચંદ્રની બીજી ત્રીજી અવસ્થાઓ હોય છે. તેમાં ગતા (પ્રોષિતા), હૃતા, મૃતા, નિદ્રા, જ્યા અને કંપા અવસ્થાઓ અશુભ છે અને બાકીની અવસ્થાઓ શુભ છે. ચંદ્ર અશુભ હોવા છતાં શુભ અવસ્થાથી શુભ થાય છે, અને ચંદ્ર શુભ હોવા છતાં અશુભ અવસ્થાથી અશુભ થાય છે. તાત્કાલિક લગ્નના દરેક કાર્યમાં ચંદ્રનું બળ અવશ્ય હોવું જોઈએ.

लग्नं देहः षट्कवर्गोऽङ्गकानि, प्राणश्चन्द्रो धातवः खेचरेन्द्राः ।
प्राणे नष्टे देहधात्वङ्गनष्टा, यत्नेनाऽतश्चन्द्रवीर्यं प्रकल्प्यम् ॥१॥

અર્થ—"લગ્ન શરીર છે, છ વર્ગ અંગો છે, ચંદ્ર પ્રાણુ છે અને ગ્રહો ધાતુરૂપ છે. તેઓમાંથી પ્રાણુનો નાશ થતાં શરીર, ધાતુ અને અવયવોનો નાશ થાય છે, માટે કાળજીથી ખાસ કરીને ચંદ્રનું બળ લેવું." ॥ ૧ ॥

લગ્નબળની પેઠે મુહૂર્તના બળમાં પણુ ગ્રહગોચર, વાર, હોરા તથા ચંદ્રની અનુકૂલતા જરૂરી છે. તે ચંદ્રનું બળ પંદર પ્રકારે છે, જેમાંથી હરકોઈ બળ અવશ્ય ગ્રહણુ કરવાનું છે. ચંદ્રનું પહેલું બળ રાશિ ગોચર છે. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—

लग्ने गुरोर्वरस्याऽथ, ग्राह्यं चान्द्रबलं बुधैः ।
शिष्य-स्थापक-कन्यानां, जीवे-न्द्व-र्कबलानि च ॥१॥

અર્થ—"પંડિતોએ લગ્નમાં ગુરુ અને વરને ચંદ્રનું બળ જેવું. તથા શિષ્ય, પ્રતિષ્ઠા કરાવનાર અને કન્યાને ગુરૂ ચંદ્ર અને સૂર્યનું બળ જેવું." ॥ ૧ ॥

જન્મરાશિથી ત્રીજે, છઠ્ઠે, દસમે અને અગ્યારમે ભુવને રહેલો સૂર્ય શુભ છે અને બીજે પાંચમે તથા નવમે ભુવને રહેલો સૂર્ય મધ્યમ છે, **વારાહી સંહિતા**માં કહ્યું છે કે—જન્માદિ સ્થાનમાં રહેલ સૂર્ય અનુક્રમે—સ્થાનનાશ, ભય, લક્ષ્મી, પરાભવ, દીનતા, શત્રુક્ષય, પ્રયાણુ, દેહપીડા, અશાંતિ, સિદ્ધિ, ધનપ્રાપ્તિ અને વ્યય આપે છે. બીજે પાંચમે સાતમે નવમે અને અગ્યારમે ભુવને રહેલો ગુરૂ શુભ છે. **વારાહી સંહિતા**માં જન્મરાશિથી બાર સ્થાનમાં રહેલા ગુરૂ માટે કહ્યું કે—જન્મથી પ્રાથમિક સ્થાનોમાં રહેલો ગુરૂ અનુક્રમે—રોગ, ધન, કલેશ, ખર્ચ, સુખ, ભય, રાજસન્માન, ધનપ્રાપ્તિ, લક્ષ્મી, અપ્રીતિ, લાભ અને હૃદયપીડા વિસ્તારે છે.

चन्द्रो जन्मत्रि-षट्सप्त-दशै-कादशगः शुभः ।
द्वि-पञ्च-नवमोऽप्येवं, शुक्लपक्षे बली यदि ॥१॥

અર્થ—"જન્મરાશિથી પહેલા, ત્રીજા, છઠ્ઠા સાતમા, દશમા અને અગ્યારમા સ્થાને રહેલો ચન્દ્ર શુભ છે. તથા શુકલપક્ષમાં બળવાન્ હોય તો બીજા પાંચમા અને નવમા સ્થાનમાં રહેલો ચંદ્ર પણ શુભ છે." ॥ ૧ ॥ **નારચંદ્ર ટીપ્પણુ**માં ચંદ્રગોચર માટે કહ્યું છે કે—

जन्मस्थः कुरुते पुष्टिं, द्वितीये नास्ति निर्वृतिः ।
तृतीये राजसन्मानं, चतुर्थे कलहागमः ॥१॥

જન્મરાશિ ચક્ર

સ્થાન.	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
શુભગ્રહ	ચંદ્ર	બુ.શુ.	ર.ચં.મં.	બુધ	ગુરૂ	ર.ચં.મં.	ચં.ગુ.	બુ.શુ.	ગુ. શુ.	ચં.બુ.	દરેક	શુ.
સ્થાન	શુક્ર	શુ.	શુ.શ.રા.	શુક્ર	શુક્ર	બુ.શ.રા.				રા.		
શુભ રવિ		મધ્યમ	શુભ		મધ્ય	શુભ			મધ્યમ	શુભ	શુભ	
રવિ ફળ	સ્થાનનાશ	ભય	લક્ષ્મી	પરાભવ	દીનતા	શત્રુક્ષય	પ્રયાણ	દેહપીડા	અશાંતિ	સિદ્ધિ	ધનાપ્તિ	વ્યય
શુભ ગુરૂ		શુભ			શુભ		શુભ		શુભ		શુભ	
ગુરૂ ફળ	રોગ	ધન	ક્લેશ	ખર્ચ	સુખ	ભય	રાજપ્રેમ	ધન	લક્ષ્મી	અપ્રીતિ	લાભ	છાતીપીડા
શુભ ચંદ્ર	શુભ	શુ. શુ.	શુભ		શુ.શુ.	શુભ	શુભ		શુ. શુ.	શુભ	શુભ	
ચંદ્ર ફળ	પુષ્ટિ	પીડા	રાજમાન	કલહ	ધનનાશ	ધાન્યાપ્તિ	રાજમાન	પ્રાણભય	કાર્યહાનિ	સિદ્ધિ	વિજય	મૃત્યુ
ગમન ચંદ્ર	માથે	હાથે	માથે	હાથે	માથે	પીઠે	પાદે	પીઠે	પીઠે	હૃદયે	હૃદયે	પાદે
ગ. ચં. ફળ	દ્રવ્ય	આશાપૂરી	દ્રવ્ય	આશાપુરી	દ્રવ્ય	નિરાશા	ક્લેશ	નિરાશા	નિરાશ	સુખ	સુખ	ક્લેશ
પ્રવેશ ચંદ્ર	આરોગ્ય	ધનહાનિ	ધનાપ્તિ	સુખપ્રદ	પુત્રપ્રદ	અરિપ્રદ	સ્ત્રીપ્રદ	પ્રાણપ્રદ	વ્યાધિપ્રદ	અર્થદ	ધનદ	ભયદ
ગ્રામ ચંદ્ર	ભય	શુભ	ભય	સમ	શુભ	ભય	ભય	સમ	શુભ	શુભ	શુભ	સમ
શનિ	દુષ્ટ	દુષ્ટ	ઉત્તમ	દુષ્ટ	મધ્ય	ઉત્તમ	મધ્ય	દુષ્ટ	મધ્યમ	ઉત્તમ	ઉત્તમ	દુષ્ટ

पञ्चमेऽर्थपरिभ्रंशः, षष्टे धान्यसमागमः ।
सप्तमे राज पूजा च, अष्ठमे प्राणसंशयः ॥२॥
नवमे कार्यहानिच, सिद्धिश्च दशमे भवेत् ।
एकादशे जयो नित्यं, द्वादशे मृत्युमादिशत् ॥३॥

અર્થ—"ચન્દ્ર જન્મરાશિનો હોય તો પુષ્ટિ, જન્મરાશિથી બીજો હોય તો મનની પીડા ત્રીજો હોય તો રાજસન્માન, ચોથો હોય તો કલહ, ॥ ૧ ॥ પાંચમો હોય તો ધન નાશ, છઠ્ઠો હોય તો ધાન્યપ્રાપ્તિ, સાતમો હોય તો રાજસન્માન, આઠમો હોય તો પ્રાણભય, ॥ ૨ ॥ નવમો હોય તો કાર્યનો નાશ, દસમો હોય તો સિદ્ધિ, અગ્યારમો હોય તો વિજય અને બારમો હોય તો મૃત્યુ કરે છે" ॥ ૩ ॥ (જુઓ-**જન્મરાશિ ચક્ર.**)

જન્મનો ચંદ્ર શુભ છે, પણ કેટલાક કાર્યમાં તે પણ અશુભ છે **લલ્લ** કહે છે કે—

गृहप्रवेशमाङ्गल्यं, सर्वमेतत्तु कारयेत ।
क्षौरकर्म विवादं च, यात्रां चैव न कारयेत् ॥१॥

અર્થ—"પોતાના નક્ષત્રમાં, પોતાના લગ્નમાં, પોતાના મુહૂર્તમાં અને પોતાની તિથિમાં ગૃહપ્રવેશ વિગેરે સમસ્ત માંગલિક કાર્ય કરવું. પણ હજામત, વિવાદ અને યાત્રાનાં કાર્યો કરવા નહીં." ॥ ૧ ॥ તથા તાત્કાલિક લગ્નમાં જન્મરાશિનું લગ્ન વર્જ્ય છે, તેમજ જન્મનું નક્ષત્ર પણ વર્જ્ય છે. **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—

यात्रा युद्ध विवाहेषु, जन्मेन्दौ रोगसम्भवे ।
क्रमेण तस्करा भङ्गो, वैधव्यं मरणं भवेत् ॥१॥

અર્થ—"જન્મનો ચંદ્ર હોય ત્યારે પ્રયાણ કરે, યુદ્ધમાં જાય, વિવાહ કરે અને રોગી બને તો તેઓને અનુક્રમે-ચોરનો ભય, પરાજય, વિધવાપણું અને મૃત્યુ થાય છે." ॥ ૧ ॥

જન્મનક્ષત્રમાં દીક્ષા પ્રતિષ્ઠા યાત્રા વિગેરે વર્જ્ય છે, પણ મધ્યાહ્ન કાળ પછી અથવા ગ્રહોના બળવાળું લગ્ન હોય તો (મધ્યાહ્ન પહેલાં પણ) જન્મનક્ષત્રનો દોષ હણાય છે. સ્ત્રીઓના ચંદ્રબળ માટે **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે—કન્યાને પૈતૃક ચન્દ્રબળ, સીમંત કે લગ્નવાળીને પોતાનું ચંદ્રબળ અને સધવાને પતિનું ચન્દ્રબળ શુભ છે.

બારમોચંદ્ર પણ કેટલાક કાર્યમાં શુભ છે—

नखच्छेदे च पुण्ये च, राज्ञां च मिलने तथा ।
पाणिग्रहे प्रयाणे च, शशी द्वादशमः शुभः ॥१॥

અર્થ—"નખછેદન; પુણ્યનું કાર્ય, રાજાને મળવું, વિવાહ અને પ્રવાસમાં **બારમોચંદ્ર** શુભ છે." ॥ ૧ ॥

શુભ ચંદ્ર પણ કેટલીક રાશિવાળાને **ઘાતચંદ્ર** હોય છે. દરેક રાશિવાળાનું ઘાતચક્ર આ પ્રમાણે છે—

चन्द्र-भूत-ग्रहा नेत्रा, रस-दिग्-वह्नि-सागराः
वेदा-ऽष्टक-शिवा-ऽऽदित्या, घातचन्द्राःप्रकीर्तिताः ॥१॥

અર્થ—મેષાદિબાર રાશિવાળાને પોતાની રાશિથી અનુક્રમે-પહેલો, પાંચમો, નવમો, બીજો, છઠ્ઠો, દસમો, ત્રીજો, સાતમો, ચોથો, આઠમો, અગ્યારમો અને બારમો ચન્દ્ર ઘાતચંદ્ર છે." ॥ ૧ ॥

તેથી મેષાદિ રાશિવાળા **પુરૂષોને** અનુક્રમે-મેષ, કન્યા, કુંભ, સિંહ, મકર, મિથુન, ધન, વૃષભ, મીન, સિંહ, ધન અને કુંભનો ચંદ્ર **કાળચંદ્ર** છે. મેષાદિ રાશિવાળી **સ્ત્રીઓને** અનુક્રમે-મેષ, ધન, ધન. મીન, વૃશ્ચિક, વૃશ્ચિક, મીન, મકર, કન્યા, ધન, મિથુન અને કુંભનો ચંદ્ર **ઘાતચંદ્ર** છે. મેષાદિ રાશિવાળાને અનુક્રમે-કાર્તિક, માગશર, અષાડ, પોષ, જેઠ, ભાદરવો, મહા, આસો, શ્રાવણ, વૈશાખ, ચૈત્ર અને ફાલ્ગુન; એ **ઘાતમાસ** છે, મેષાદિ રાશિવાળાને અનુક્રમે-નંદા, પૂર્ણા, ભદ્રા, ભદ્રા જયા, પૂર્ણા, રિક્તા, નંદા, જયા, રિક્તા, જયા અને પૂર્ણા તિથિ **ઘાતતિથિ** છે. મેષાદિ રાશિવાળાને અનુક્રમે-રવિવાર, શનિવાર, ચન્દ્રવાર, બુધવાર, શનિવાર, શનિવાર, ગુરૂવાર, શુક્રવાર, શુક્રવાર, મંગળવાર, ગુરૂવાર અને શુક્રવાર **ઘાતવારો** છે.

मघा हस्त-स्वात्यनुराधा, मूल-श्रवण-तारकाः ।
रेवती रोहिणी भरणी-आर्द्रा-ऽश्लेषास्तु घातकाः ॥१॥

અર્થ—"મેષાદિ રાશિવાળાને અનુક્રમે-મઘા, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, શ્રવણ, શતતારા, રેવતી, રોહિણી, ભરણી, આર્દ્રા અને અશ્લેષાઃ તે **ઘાતનક્ષત્રો** છે." ॥ ૧ ॥

અન્ય ગ્રંથોમાં ધન અને મકર રાશિવાળાને અનુક્રમે ભરણી અને રોહિણી ઘાતનત્રક્ષ કહેલ છે.

મેષાદિ રાશિવાળાને અનુક્રમે-બવ, શકુનિ, ચતુષ્પાદ, નાગ; બવ, કૌલવ, તિતિલ, ગર, તૈતિલ, શકુનિ, કિંસ્તુઘ્ન અને ચતુષ્પાદ, એ **ઘાતકરણો** છે. મેષાદિ રાશિવાળાને અનુક્રમે-

વિષ્કંભ, શૂલ, પરિઘ, વ્યાઘ, ધૃતિ, શૂલ, શૂલ, વ્યતિપાત વરિયાન, વૈધૃતિ, ગંડ અને વૈધૃતિ, એ **ઘાતયોગો** છે.

एतानि मेषादिषु राशिघातान्, तिथ्यादि वाराणि च ऋक्ष-चन्द्रान् ।
संग्राम-यात्रा-नृपदर्शने च, वर्ज्येत् शुभे कर्मणि नाऽत्र दोषः ॥१॥

અર્થ—"આ મેષાદિની રાશિઘાત–તિથિઓ, વારો, નક્ષત્રો અને રાશિઘાત ચંદ્રો યુદ્ધ, યાત્રા અને રાજદર્શનમાં વર્જવા. બાકીના શુભકાર્યોમાં તેનો દોષ હોતો નથી." ॥ ૧ ॥

મેષાદિ રાશિવાળાનો અનુક્રમે–પહેલો, ચોથો, ત્રીજો, પહેલો, પહેલો, પહેલો, ચોથો, પહેલો, પહેલો, ચોથો, ત્રીજો અને ચોથો ગ્રહ **અશુભગ્રહ** છે. મેષાદિ રાશિવાળાનાં અનુક્રમે–મેષ, મિથુન, કન્યા, મકર, વૃષભ, સિંહ, મીન, મિથુન, સિંહ, વૃશ્ચિક, મેષ અને કર્કનાં લગ્નો **ઘાતલગ્ન** છે.

रात्रीश-सौम्यौ भृगु-सूर्य-भौमाः, जीवोऽर्कपुत्रोनृषभादिकानाम् ।
एकैक वृद्धया किल कालचन्द्रात्, प्रोक्ता मुनीन्द्रैरपि कालखेटाः ॥१॥

"**અર્થ**—"મુનીન્દ્રોએ કાળચંદ્રથી એકેક સ્થાનની વૃદ્ધિવાળા અનુક્રમે–ચન્દ્ર, બુધ, શુક્ર, રવિ, ભોમ, ગુરૂ, શનિ અને રાહુને **ઘાતીગ્રહ** કહેલા છે." ॥ ૧ ॥ અહીં એવું કહેવાનું છે કે—જે રાશિને જેટલામો ચંદ્ર કાલચન્દ્ર હોય, તે રાશિવાળાને ત્યારપછીની રાશિમાં રહેલા બુધ વિગેરે પણ **ઘાતકગ્રહો** છે. આ જ્ઞાન ઘાતચંદ્ર જાણ્યા પછી તુરત જણાય તેમ છે, તેથી "કાલચંદ્રથી" એવું પદ દર્શાવ્યું છે. તેમજ ગ્રહોનાં નામોમાં ચંદ્રને પ્રથમ સ્થાપન કર્યો છે. જેમ કે—

મેષરાશિવાળાને મેષનો ચંદ્ર કાળચંદ્ર છે, તો ત્યાર પછીની રાશિનો બુધ અને ત્રીજી રાશિનો શુક્ર **કાળગ્રહ** કહેવાય છે. આ રીતે મેષ રાશિવાળાને–મેષનો ચંદ્ર, વૃષનો બુધ, મિથુનનો શુક્ર, કર્કનો રવિ, સિંહનો મંગળ, કન્યાનો ગુરૂ. તુલાનો શનિ અને વૃશ્ચિકનો રાહુ કાળગ્રહ છે. તથા વૃષરાશિવાળાને પોતાની રાશિથી પાંચમાથી બારમા ભુવનમાં રહેલા અનુક્રમે–ચન્દ્ર, બુધ, શુક્ર, રવિ, ભોમ, ગુરૂ, શનિ અને રાહુ **કાળગ્રહો** છે. આ રીતે દરેકમાં સમજી લેવું. અન્ય સ્થાને ત્રીજા શુક્રને સ્થાને શનિ અને સાતમા શનિને સ્થાને શુક્રને ઘાતિગ્રહ જણાવેલ છે.

આ ઘાતચક્ર જન્મરાશિથી તપાસવું, પણ તે ન મળે તો નામ રાશિથી તપાસવું.

जइ नो नज्जइ जम्मण-रासी तो गणह नामरासीओ ।
अवकहडाचक्काओ, सा नज्जइ त्तं पुण पसिद्धं ॥१॥

રાશિઘાત ચક્ર

રા.	ચં.	સ્ત્રી.	મા.	તિ.	વા.	ન.	ક.	યો.	લ.	ર.	સો.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	રા.
મે.	મે.	મે.	કા.	નં.	ર.	મ.	બ.	વિ.	મે.	૪	૧	૫	૨	૬	૭	૩	૮
વૃ.	ક.	ધ.	મા.	પૂ.	શ.	હ.	શ.	શૂ.	મિ.	૮	૫	૯	૬	૧૦	૧૧	૭	૧૨
મિ.	કું.	ધ.	અ.	ભ.	સૌ.	સ્વા.	ચ.	પ.	ક.	૧૨	૯	૧	૧૦	૨	૩	૧૧	૪
ક.	સિં.	મી.	પો.	ભ.	બુ.	નુ.	ના.	વ્યા.	મિ.	૫	૨	૬	૩	૭	૮	૪	૯
સિ.	મ.	વીં.	જે.	જ.	શ.	મૂ.	બ.	ધ્રુ.	વૃ.	૯	૬	૧૦	૭	૧૧	૧૨	૮	૧
ક.	મિ.	વીં.	ભા.	પૂ.	શ.	શ્ર.	કૌ.	શૂ.	સિં.	૧	૧૦	૨	૧૧	૩	૪	૧૨	૫
તુ.	ધ.	મી.	મ.	રિ.	ગુ.	શ.	તિ.	શૂ.	મી.	૬	૩	૭	૪	૮	૯	૫	૧૦
વૃ.	વૃ.	મ.	આ.	નં.	શુ.	રે.	ગ.	વ્ય.	મિ.	૧૦	૭	૧૧	૮	૧૨	૧	૯	૨
ધ.	મી.	ક.	શ્રા.	જ.	શુ.	રો.	તિ.	વ.	સિં.	૭	૪	૮	૫	૯	૧૦	૬	૧૧
મ.	સિં.	ધ.	વૈ.	રિ.	મં.	ભ.	શ.	વૈ.	વીં.	૧૧	૮	૧૨	૯	૧	૨	૧૦	૩
કું.	ધ.	મિ.	ચૈ.	જ.	ગુ.	આ.	કિં.	ગં.	મે.	૨	૧૧	૩	૧૨	૪	૫	૧	૬
મી.	કું.	કું.	ફા.	પૂ.	શુ.	શ્લે.	ચ.	વૈ.	ક.	૩	૧૨	૪	૧	૫	૬	૨	૭

અર્થ—"જો જન્મરાશિ ન જણાય તો નામરાશિથી ગણવું અને તે નામરાશિ **અવકહડા** ચક્રથી જાણવી. વળી તે અવકહડા ચક્ર પણ પ્રસિદ્ધ છે." ॥ ૧ ॥

જન્મરાશિ અને નામરાશિનો ખુલાસો અમે નક્ષત્રના વિવરણમાં કરી ગયા છીએ, તે ત્યાંથી જોઈ લેવો. (જુઓ–**રાશિઘાતચક્ર**)

ચંદ્રનું બીજું બળ **નવાંશ ગોચર** છે શુભ નવાંશમાં રહેલો ચંદ્ર શુભ છે અને અશુભ અંશમાં રહેલો ચંદ્ર અશુભ છે.

ચંદ્રનું ત્રીજું બળ **વામવેધ** છે.

इन्दोस्तनौ त्रि-रिपु-मन्मथ-खाऽऽयगस्य,
धी-धर्म-रिष्य-धन-बन्धु-मृतौ स्थितैश्च ॥

અર્થ—"પહેલે, ત્રીજે, છઠ્ઠે, સાતમે, દસમે અને અગ્યારમે ભુવને રહેલ ચંદ્રનો અનુક્રમે–પાંચમે, નવમે, બારમે, બીજે, ચોથે અને આઠમે ભુવને રહેલા ગ્રહો વડે **વેધ** થાય છે." આમાં પહેલું વિગેરે સ્થાનો ચંદ્રના શુભ સ્થાનો છે અને પાંચમુ ભુવન વિગેરે ચંદ્રના અશુભ સ્થાનો છે. તો ચંદ્ર પોતાના શુભ સ્થાનમાં હોય તે શુભ છે. પણ તેટલામાં જ અશુભ સ્થાનમાં કોઈ ગ્રહ હોય તો તેથી ચંદ્ર વીંધાય છે, અને અશુભ બને છે. હવે ચંદ્ર પોતાના અશુભ સ્થાનમાં હોય અને તેટલામાં જ ચંદ્રના શુભ સ્થાનમાં કોઈ ગ્રહ પડયો હોય, તો તે ચંદ્રને **વામવેધ** કરે છે. આ રીતે વીંધાયેલ અશુભ ચંદ્ર પણ શુભ બને છે.

ચંદ્રનું ચોથું બળ **ચંદ્રનો અષ્ટવર્ગ** છે.

शश्युपचयेषु लग्नात्, साऽऽद्यमुनिस्वात् कुजात्सनवधीस्वे ।
सूर्यात् साष्टस्मरगः, त्रिषडायसुतेषु सूर्यसुतात् ॥१॥
ज्ञात् केन्द्रत्रिसुताया–ऽष्टगो गुरोर्व्ययायमृत्युकेन्द्रेषु ।
त्रिचतुःसुतनवदश-सप्तमायगः चन्द्रमाः शुक्रात् ॥२॥

અર્થ—"જન્મકુંડળીના લગ્નથી ઉપચયમાં રહેલો, ચંદ્રથી ઉપચય, આદ્ય અને મુનિભુવનમાં રહેલો, મંગળથી ઉપચય, નવમ, ધી અને સ્વભુવનમાં રહેલો, સૂર્યથી ઉપચય, અષ્ટમ અને કામભુવનમાં રહેલો, શનિથી ત્રીજું, છઠ્ઠું, આય અને સુતભુવનમાં રહેલો, ॥ ૧ ॥ બુધથી કેન્દ્ર. ત્રીજું, સુત, આય અને અષ્ટમ ભુવનમાં રહેલો, ગુરૂથી વ્યય, આય, મૃત્યુ અને કેન્દ્રભુવનમાં રહેલો, તથા શુક્રથી ત્રણ, ચાર, પાંચ, નવ, દસ, સાત અને અગ્યારમા ભુવનમાં રહેલો તાત્કાલિક **ચંદ્ર** શુભ છે; અને તે અનુકૂળ સ્થાને શુભ રેખા આપે છે." ॥ ૨ ॥



ચંદ્રનું પાંચમું બળ **અવસ્થા** છે. ચંદ્રની દરેક રાશિમાં ગતા વિગેરે બાર અવસ્થા બદલાય છે. દરેક રાશિની પહેલી અવસ્થા પોતાના અંક પ્રમાણેના અંકવાળી હોય છે, જે ઉપર કહેવાઈ ગયેલ છે.

ચંદ્રનું છઠ્ઠું બળ **પક્ષ** છે.

शुक्लपक्षे बली चन्द्र-स्ताराबलमकारणम् ।
पत्यौ स्वस्थे गृहस्थे च, न स्त्री स्वातन्त्र्यमर्हति ॥१॥

અર્થ—"ચંદ્ર પક્ષમાં (શુકલપક્ષમાં) ચંદ્ર બળવાન છે, તે વખતે તારાનું બળ બીન જરૂરી છે. કેમકે—પતિ સ્વસ્થ હોય અને ઘરમાં હોય તો, સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય નથી." ॥ ૧ ॥

सिय पडिवयाओ चंदो मज्झिमबलो मुणेअव्वो ।
तत्तो अ उत्तमबलो, अप्पबलो तईअदसमम्मि ॥१॥

અર્થ—"શુદિ એકમથી દસ દિવસ ચંદ્ર મધ્યમ બળવાળો જાણવો, પછીના દસ દિવસ ઉત્તમ બળવાળો જાણવો અને ત્રીજા દસ દિવસમાં અલ્પ બળવાળો જાણવો." ॥ ૧ ॥

हीन-मध्यो-च्चबलता, तिथिवत्तु हिमद्युतेः ।

અર્થ—ચંદ્રનું હીનબળ, મધ્યમબળ અને ઉચ્ચબળ તિથિની પેઠે જાણવું." જેમ શુકલપક્ષનો ચંદ્ર બળવાન્ છે, તેમ શુભ ચંદ્રનું બળ પણ શુકલપક્ષને મળે છે.

सितपक्षादौ चन्द्रे, शुभे शुभः पक्षकोऽशुभे त्वशुभः ।
बहुले गोचरशुभदे, न शुभः पक्षोऽशुभे तु शुभः ॥१॥

અર્થ—"જો શુક્લપક્ષના પ્રારંભમાં ચંદ્ર શુભ હોય, તો આખું પખવાડીયું શુભ જાણવું અને અશુભ ચંદ્ર હોય તે અશુભ જાણવું તથા કૃષ્ણ પક્ષમાં ગોચરથી શુભ ચંદ્ર હોય તો આખું પખવાડીયું અશુભ અને અશુભ ચંદ્ર હોય તો શુભ જાણવું." ॥ ૧ ॥

ચંદ્રનું સાતમું બળ **તારા** છે. કૃષ્ણપક્ષમાં ચંદ્રને બદલે તારાનું બળ આવશ્યક છે, તેમાં છઠ્ઠી, ચોથી અને નવમી તારા હોય તો તે શ્રેષ્ઠ છે.

ચંદ્રના **આઠબળ** મિત્રગ્રહ તથા સૌમ્યગ્રહના યોગથી થાય છે. ચંદ્ર ૮ મિત્રની સાથે હોય, ૯ મિત્રના ઘરમાં હોય, ૧૦ મિત્રના નવાંશમાં હોય, અથવા ૧૧ મિત્રની દૃષ્ટિવાળા સ્થાનમાં હોય, તો બળવાન્ છે. તેમજ ૧૨ સૌમ્યગ્રહના ઘરમાં, ૧૩ અથવા સૌમ્યની સાથે, ૧૪ અથવા સૌમ્યના નવાંશમાં. ૧૫ અથવા સૌમ્યગ્રહની દૃષ્ટિવાળા ભુવનમાં રહેલ **ચંદ્ર** બળવાન્ છે. મિત્રની પેઠે અધિમિત્રિના યોગથી પણ ચંદ્રબળ મનાય છે.

अशुभोऽपि शुभश्चन्द्रः, सौम्य मित्रगृहांशके ।
स्थितोऽथवाऽधिमित्रेण, बलिष्टेन विलोकितः ॥१॥

અર્થ—"સૌમ્યગ્રહના કે મિત્રગ્રહના સ્થાનમાં અથવા નવાંશમાં રહેલ અશુભ ચંદ્ર પણ શુભ છે; અથવા બળવાન્ અધિમિત્રની દૃષ્ટિવાળો પણ અશુભ ચંદ્ર શુભ છે." ॥ ૧ ॥

અહીં પક્ષબળ, વેધબળ, તારાબળ, ગોચરબળ અને અષ્ટકવર્ગ ઉત્તરોત્તરપણે બળવાન્ છે અને ચન્દ્ર બલિષ્ટ હોય તો સર્વગ્રહો બળવાન્ છે.

લલ્લ કહે છે કે—

शशिबल संयुत संक्रमाद् बलं भानोः ।
सूर्यबले सति सर्वेऽप्यशुभाः खेचराः शुभदाः ॥

અર્થ—સૂર્યનું બળ ચંદ્રના બળવાળી સંક્રાન્તિ થવાથી હોય છે. અને સૂર્ય બળવાન્ હોય ત્યારે સર્વ અશુભ ગ્રહો પણ શુભ ફળ દેવાવાળા થાય છે." (આ. ૨–૪૬ ની ટિકા)

નિર્બળ ચંદ્ર માટે કહ્યું છે કે—

नीचः क्रूरग्रहैर्युक्तो, अस्तगो रिपुक्षेत्रगः ।
वक्री चन्द्रो विबलो, वर्जितोऽयं शुभे समे ॥१॥

અર્થ—"નીચ, ક્રુર, ગ્રહ સાથે જોડાયેલો, અસ્ત સ્થાનમાં ગયેલો, રિપુના ઘરમાં ગયેલો

અને વક્રી ચંદ્ર નિર્બળ છે; તે શુભ કાર્યમાં વર્જેલ છે." ॥ ૧ ॥ ચંદ્રનું વિશેષ બળાબળ સર્વગ્રહના અધિકારથી જાણવું.

ઉપરોક્ત પંદર બળના પ્રકારથી નિર્બળ ચંદ્રની અનુકૂળતા સર્વથા ન થાય તો **શિવ ચક્રનું** બળ લેવું; કેમકે શિવચક્ર ચંદ્રાદિકના પ્રતિકૂળપણાને હણે છે, જે સંબંધે અમે આગળ કહીશું.

આ સિવાય **પંથરાહુથી** પણ ચંદ્ર જોવાતું સમજી શકાય છે. તે આ પ્રમાણે છે—એક ચતુર્નાડી ચક્ર કરવું, તેમાં અનુક્રમે અઠ્યાવીશ નક્ષત્રની સ્થાપના કરવી. આ નાડીના નામ અનુક્રમે **ધર્મમાર્ગ, અર્થમાર્ગ, કામમાર્ગ** અને **મોક્ષમાર્ગ** છે. તેની સ્થાપના આ પ્રમાણે છે—

ધર્મ—	અ	પુ	આ	વિ	અ	ધ	શ
અર્થ—	ભ	પુ	મ	સ્વા	જ્યે	શ્ર	પૂ
કામ—	કૃ	આ	પુ	ચિ	મૂ	અ	ઉ
મોક્ષ—	રો	મૃ	ઉ	હ	પૂ	ઉ	રે

આ ચાર માર્ગમાં રહેલ સૂર્ય અને ચંદ્ર ઉપરથી જે યોગ ઉત્પન્ન થાય છે તેની સંજ્ઞા **પંથારાહુ** થાય છે તેનું ફળાફળ નીચે મુજબ છે—

धर्ममार्गगते सूर्ये, अर्थांशे चन्द्रमा यदि ।
तत्र यातुर्भयं तस्य, दुष्टग्रह स्थितो यदि ॥१॥
धर्ममार्गस्थिते सूर्ये, कामांशे चन्द्रमा यदि ।
विग्रहं दारुणं चैव, चौराकुलसमुद्भवम् ॥२॥
धर्ममार्गगते सूर्ये, मोक्षे चन्द्रगते यदि ।
महालाभो भवेत्तस्य, शुभग्रह स्थितो यदि ॥३॥
धर्ममार्गगते सूर्ये, चन्द्र तत्रैव संस्थिते ।
संहारं च भवेत्तत्र, भङ्गजातः प्रजायते ॥४॥

અર્થ—"ધર્મમાર્ગમાં સૂર્ય હોય અને અર્થમાર્ગમાં ચંદ્ર હોય તો તથા દુષ્ટ ગ્રહનો યોગ હોય તો જનારને ભય કરે છે, ॥ ૧ ॥ ધર્મમાં સૂર્ય હોય અને કામમાં ચંદ્ર હોય તો વિશાળ યુદ્ધ તથા ચોરનો ભય થાય છે, ॥ ૨ ॥ ધર્મમાર્ગમાં સૂર્ય હોય અને મોક્ષમાર્ગનો

ચંદ્ર હોય તથા શુભ ગ્રહનો યોગ તો મહાન્ લાભ થાય છે, ॥ ૩ ॥ ધર્મમાર્ગમાં સૂર્ય રહ્યો હોય અને ચન્દ્ર પણ તેજ માર્ગમાં હોય તો સંહાર તથા નાસભાગ થાય છે." ॥ ૪ ॥

अर्थमार्गगते सूर्ये, चन्द्रे कामांशसंस्थिते ।
सर्वसिद्धिर्भवेत्तस्य, सौ(स्य)म्यग्रह स्थितो यदि ॥५॥
अर्थमार्गगते सूर्ये, चन्द्रे मोक्षांशसंस्थिते ।
सर्वसिद्धिर्भवेत्तस्य, प्रियं हर्षश्च संभवेत ॥६॥
अर्थमार्गगते सूर्ये, चन्द्रो धर्मस्थितो यदि ।
गजलाभो भवेत्तत्र, तस्य श्रीः सर्वतोमुखी ॥७॥
अर्थमार्गगते सूर्ये, चन्द्रे तत्रैव, संस्थिते ।
प्रथमं जायते तस्य, तत्र भङ्गो भविष्यति ॥८॥

અર્થ—"અર્થમાં સૂર્ય હોય અને કામાંશમાં ચંદ્ર હોય તથા સૌમ્યગ્રહનો યોગ હોય તો સર્વ સિદ્ધિ મળે છે, ॥૫॥ અર્થમાં સૂર્ય હોય અને મોક્ષમાં ચંદ્ર હોય તો સિદ્ધ મળે છે, પ્રિય મળે છે, અને હર્ષ થાય છે, ॥૬॥ અર્થમાર્ગમાં સૂર્ય હોય અને ધર્મમાર્ગમાં ચંદ્ર હોય તો હાથીનો લાભ થાય છે તથા ચારે તરફથી લક્ષ્મી આવે છે, ॥ ૭ ॥ અર્થમાર્ગમાં સૂર્ય હોય અને ચંદ્ર પણ તેજ માર્ગમાં હોય તો પ્રારંભેલ–શરૂઆતનું કાર્ય નાશ પામે છે." ॥ ૮ ॥

काममार्गगते सूर्ये, चन्द्रे मोक्षगते नवा ।
रत्नलाभो भवेत्तस्य, काञ्चनं तत्र पश्यते (दृश्यते) ॥६॥
काममार्गगते सूर्ये, चन्द्रो धर्मस्थितो यदि ।
गजा वाजी च लभ्यन्ते, राजसन्मान संभवेत् ॥१०॥
काममार्गगते सूर्ये, वित्तांशे चन्द्रमा यदि ।
जायते शम्बलं तत्र, विघ्नभङ्गो भविष्यति ॥११॥
काममार्गगते सूर्ये, चन्द्रे तत्रैव संस्थिते ।
विग्रहं दारुणं चैव, हतसैन्यं विनिर्दिशेत् ॥१२॥

અર્થ—"કામમાર્ગમાં સૂર્ય હોય અને મોક્ષમાર્ગમાં ચંદ્ર હોય તો રત્નનો લાભ થાય છે તથા સોનું જોવાય છે, ॥ ૯ ॥ કામમાં સૂર્ય હોય અને ધર્મમાં ચંદ્ર હોય તો હાથી ઘોડા તથા રાજસન્માન મળે છે, ॥ ૧૦ ॥ કામમાં સૂર્ય હોય અને અર્થાંશમાં ચંદ્ર હોય તો ભોજનની સહાય મળે છે, તથા વિઘ્નોનો નાશ થાય છે, ॥ ૧૧ ॥ કામાંશમાં સૂર્ય હોય અને તેજ માર્ગમાં ચંદ્ર હોય તો મહાન્ યુદ્ધ તથા સૈન્યની હાર થાય છે." ॥ ૧૨ ॥

मोक्षमार्गगते सूर्ये, चन्द्रो धर्मस्थितो यदि ।
हेमलाभो भवेत्तस्य, सर्वकामः(र्ये) प्रशस्यते ॥१३॥
मोक्षमार्गे गते सूर्ये, वित्तांशे चन्द्रमागते ।
निष्फलं च भवेत् कार्यं, चौर-राज्य-रिपुभयम् ॥१४॥
मोक्षमार्गगते सूर्ये, कामांशे चन्द्रमा यदि ।
सर्वसिद्धिमवाप्नोति, कार्यं विजयवर्धनम् ॥१५॥
मोक्षमार्गगते सूर्ये, चन्द्रे तत्रैव संस्थिते ।
विग्रहं दारुणं चैव, विघ्नं भङ्गो भविष्यति ॥१६॥

અર્થ—"મોક્ષમાર્ગમાં સૂર્ય હોય અને ધર્માંશમાં ચંદ્ર હોય તો સોનાનો લાભ થાય છે તથા સર્વકાર્ય પ્રશંસા પામે છે, ॥ ૧૩ ॥ મોક્ષમાં સૂર્ય હોય અને ધનમાં ચંદ્ર હોય તો તેમાં કરેલ કાર્ય નિષ્ફળ થાય છે તથા ચોર, રાજા અને શત્રુનો ભય થાય છે, ॥ ૧૪ ॥ મોક્ષ માર્ગમાં સૂર્ય હોય અને કામાંશમાં ચંદ્ર હોય તો કાર્ય સર્વ સિદ્ધિને પામે છે તથા વિજયની વૃદ્ધિ થાય છે, ॥ ૧૫ ॥ મોક્ષ માર્ગમાં સૂર્ય હોય અને ચંદ્ર પણ તેજ માર્ગમાં હોય તો મોટું યુદ્ધ, વિઘ્ન અને કાર્યનો નાશ થાય છે." ॥ ૧૬ ॥

જો કે ઉપરોક્ત ફળ સામાન્ય રીતે યાત્રા અને યુદ્ધ માટેનું છે, પણ તેજ રીતે **પંથારાહુ** દરેક કાર્યમાં ફળ આપે છે. કહ્યું છે કે—

यात्रा-युद्धे विवाहे च, वाणिज्ये कृषिकर्मणि ।
प्रवेशे सर्वव्यापारे, पन्थाराहुः प्रशस्यते ॥१७॥

અર્થ—"યાત્રા, યુદ્ધ, વિવાહ, વ્યાપાર, ખેતી, પ્રવેશ અને સર્વકાર્યમાં પંથારાહુ પ્રશંસાય *૧." ॥ ૧૭ ॥

***૧** જે હસ્ત લિખિત પ્રતિમાં પંથારાહુની નોંધ હતી તેજ પ્રતિમાં સુપ્ત જાગૃત, ચંદ્રની પૃચ્છા હતી. એટલે હરકોઈ પ્રશ્ન પૂછે કે–આ ધાડપાડુ ગામ ભાંગશે? ત્યારે સૂર્ય નક્ષત્રથી ચંદ્રનક્ષત્ર સુધી ગણવું, પછી પ્રથમ નક્ષત્ર ત્રિશૂલની અણીએ મૂકી બીજાં નક્ષત્રો ત્રિશૂલમાં ગોઠવવાં. તે દરેક નક્ષત્રોનું ફળ આ પ્રમાણે છે—સૂતે ચંદ્રે ધાડપાડુ ફાવે નહીં. જાગતે ચંદ્રે જાણ થાય, યુદ્ધ થાય અને માર ખાય તથા ગર્ભના ચંદ્રે વગર મહેનતે ગામને લુંટી જાય. એમ જાણવું.

હવે શ્રેષ્ઠ ચંદ્રદર્શન કહે છે—

दाहिणुच्चो समो चंदो, उत्तरुच्चो हलोवमो ।
धणु वक्को अ सूलाभो, मेसासु अ कमुक्कमा ॥२४॥



મેષાદિ રાશિમાં અનુક્રમે અને ઉત્ક્રમે દક્ષિણ તરફ ઉંચો, સમાન, ઉત્તર દિશામાં ઉંચો, હળ જેવો, ધનુષ્ય જેવો, વાંકો અને શૂલ જેવો નવિન ચંદ્ર ઉદય પામે તે શુભ છે. ॥ ૧૪ ॥

વિવેચન—ચંદ્ર શુભ હોય તો દરેક પ્રકારની શુદ્ધિ થાય છે, તેમજ ચંદ્રનો ઉદય શુભ હોય તો તે ઉપરથી પણ ભવિષ્યનું સત્ય જ્ઞાન થાય છે. આ ચંદ્ર ઉપરથી બે પ્રકારની અનુકૂળતા જોવાય છે, તે માટે કહ્યું છે કે—

यादृशेन शशाङ्केन, संक्रान्तिर्जायते रवेः ।
तन्मासि तादृशं प्राहुः, शुभाऽशुभं फलं नृणाम् ॥१॥

અર્થ—"સૂર્યની સંક્રાન્તિ જેવા ચંદ્ર વડે થતી હોય, તે માસમાં મનુષ્યોનું તેવું શુભાશુભ ફળ પંડિતોએ કહ્યું છે." ॥ ૧ ॥ એટલે—ગોચર તારાબળ કે શુભ અવસ્થાથી ચંદ્ર બળવાન્ હોય ત્યારે સૂર્ય બારમા વિગેરે અશુભ સ્થાનમાં સંક્રમે તો પણ તે શુભ છે. તેમજ શુદિ એકમની શરૂઆત થાય ત્યારે શુભ ચંદ્ર હોય તો તે આખું પખવાડીયું શુભ જાય છે તથા દરેક શુદિ બીજે ઉદય પામતો ચંદ્ર જુદી જુદી આકૃતિમાં હોય છે. તેમાંથી કઈ આકૃતિ શુભ છે? અને કઈ આકૃતિ અશુભ છે? તેનો મેળ સૂર્યની સંક્રાન્તિથી જોવાય છે, આ અનુકૂળતા માટે મૂળ ગ્રન્થકારે ગાથામાં ચંદ્રની આકૃતિઓજ બતાવી છે. એટલે કે—નવીન ઉદય પામતો ચંદ્ર મેષ સંક્રાન્તિમાં દક્ષિણમાં ઉંચો હોય, વૃષ સંક્રાન્તિમાં સમ હોય, મિથુન સક્રાન્તિમાં ઉત્તર તરફ ઉંચો હોય, કર્ક સંક્રાન્તિમાં હળ સમાન હોય, સિંહ સંક્રાન્તિમાં ધનુષ્ય જેવો વાંકો હોય અને કન્યા સંક્રાન્તિમાં શૂળ જેવો હોય; તો તે શુભ છે અને ત્યાર પછીની છ સંક્રાન્તિમાં ઉલટા ક્રમની આકૃતિવાળો હોય એટલે—નવીન ઉદય પામતો ચંદ્ર સૂર્યની તુલા સંક્રાન્તિમાં શૂળ સમાન, વૃશ્ચિકમાં ધનુષ્ય સમાન, ધનમાં હળ સમાન, મકરમાં ઉત્તર તરફ ઉંચો, કુંભમાં સમાન અને મીનમાં દક્ષિણ તરફ ઉંચો હોય તો તે શુભ છે. અમુક કાળના ચંદ્રોદયના ફળ માટે **નારચંદ્ર ટીપ્પણમાં** કહ્યું છે કે—

चिड्वरं स्यात् समे चन्द्रे, सुभिक्षं चोत्तरोन्नते ।
ईति-राजभयं शूले, दुर्भिक्षं दक्षिणोन्नते ॥१॥

उत्तरे श्रृङ्गोन्नते वृष्टि-र्दक्षिणे राजविड्वरम् ।
समे महार्घतां याति, ज्ञातव्यं चन्द्रमोदये ॥२॥

અર્થ—"સમાન ચંદ્રે વિડવર, ઉત્તર તરફ ઉંચી અણીવાળા ચંદ્રે સુભિક્ષ, શૂળ સમાન ચંદ્રે ઇતિભય અને રાજભય તથા દક્ષિણ તરફ ઉંચા ચંદ્રે દુર્ભિક્ષ થાય છે. ॥ ૧ ॥ વળી ઉત્તર તરફ ઉંચી અણીવાળા ચંદ્રે વૃષ્ટિ, દક્ષિણ તરફ ઉંચી અણીવાળા ચંદ્રે રાજાનો ભય અને સમ ચંદ્રે અનાજ મોંઘું થાય છે. એ પ્રમાણે ચંદ્રના ઉદયનું ફળ જાણવું." ॥ ૨ ॥

જે જે સંક્રાન્તિમાં ચંદ્રની જે જે આકૃતિ હોવી જોઈએ તે કરતાં બીજી આકૃતિ થતાં શું ફળ મળે છે? તે ઉપરના શ્લોકોથી સમજી શકાય છે. વળી કહ્યું છે કે—

रक्ते रसाः क्षयं यान्ति, शुक्ले वृष्टि समागमः ।
कृष्णे मृत्युं विजानीयात् शुभिक्षं पीतवर्णके ॥३॥
श्वेतवर्णे भवेद् वृष्टि-धूम्रे लोको विनश्यति ।
शान्तं रक्ते तु ज्ञातव्यं, अपि (पीत) कृष्णे महद् भयम् ॥४॥

અર્થ—"નવીન ઉદય પામતો ચંદ્ર લાલ હોય તો રસનો ક્ષય, ધોળો હોય તો વૃષ્ટિ, કાળો હોય તો મૃત્યુયોગ, અને પીળો હોય તો સુભિક્ષ થાય છે, ॥ ૩ ॥ વળી બીજા મત પ્રમાણે કહે છે કે—ધોળો ચંદ્ર હોય તો વૃષ્ટિ, ધુમાડા જેવો હોય તો લોકોનો નાશ, લાલ હોય તો શાંતતા (મંદતા) અને (પીળો) કૃષ્ણ ચંદ્ર હોય તો મહાન્ ભય થાય છે." ॥ ૪ ॥

अद्द भरणी असलेसा जिट्ठा, अन्नइ साइ सइभिस छट्ठा ।
एहे रिक्खे जइ उग्गमइ मयंका, तो महिमंडल रूलइक रंका ॥५॥

અર્થ—આર્દ્રા, ભરણી, અશ્લેષા, જ્યેષ્ઠા, સ્વાતિ અને શતભીષા; એ છ નક્ષત્રોમાં જો નવિન ચંદ્ર ઉદય પામે તો મહીમંડળમાં ભયંકર હાહાકાર પ્રવર્તે છે અને પ્રજા રાંકની જેમ રઝળે છે." ॥ ૫ ॥ વળી મેષ અને તુલા સંક્રાન્તિ માટે કહ્યું છે કે—

भानूदये विषुवती जगतां विपत्तिः,
मध्यंदिने सकलसस्यविनाशहेतुः ।
अस्तंगते सकल सस्य समृद्धि वृद्धिः,
क्षेमं सुभिक्षमतुलं निशि चाऽर्ध रात्रे ॥२॥

અર્થ—"વિષુવતી સંક્રાન્તિ સૂર્યોદયકાળે થાય તો જગતને વિપત્તિ કરે છે, મધ્યાહ્નકાળે થાય તો સકલ ધાન્યનો નાશ કરે છે, સૂર્યાસ્તકાળે થાય તો દરેક વનસ્પતિ અને અન્નને નીપજાવે છે તથા મધ્યરાત્રે થાય તો અતુલસુખ અને સુભિક્ષ * કરે છે."

ग्रहनिर्मुक्ते चन्द्रे, सप्ताहान्तर्यदा प्रचुरवृष्टिः ।
क्षेमंसुभिक्षमतुलं, भूपाः सुस्थाः सुवृष्टिश्च ॥७॥

અર્થ—"ચંદ્ર ગ્રહની યુતિથી જુદો પડે, ત્યાર પછી સાત દિવસમાં જો પ્રચુર વૃષ્ટિ થાય તો જગતમાં અતુલ સુખ અને સુભિક્ષ થાય છે, રાજાઓ આનંદિત થાય છે અને વૃષ્ટિ પણ અનુકૂળ થાય છે." ॥ ૭ ॥

હવે પ્રસંગ હોવાથી **ત્રૈલોક્ય પ્રકાશ**માં કહેલ **દિવ્યકાળ**નો અલ્પ નિર્દેશ કરીએ છીએ—

---

* ૧ ચંદ્રનો પ્રસંગ હોવાથી ગ્રહણને માટે પણ **નારચંદ્ર ટીપ્પણના પ્રથમ પ્રકીર્ણકમાં** કહ્યું છે કે—

उपचयसंस्थं शस्तं, मध्यं द्विपञ्चनवमेषु ।
शेषैरशुभं विद्यात, नूनं रवि-चन्द्रयोर्ग्रहणम् ॥४००॥

इतिग्रहण राहुफलम् ।

पष्यन् ग्रस्तं सौम्यो, घृत–मधु–तैल क्षयाय राज्ञांच ।
भौमः समरविमर्दं, शशिरविकोपं तस्कर भयं च ॥४०१॥
शुक्रः सस्य विनाशं, नाना क्लेशांश्च जनयति धरित्र्याम् ।
रविजः करोत्यवृष्टिं, दुर्भिक्षं संक्षयं च सस्यानाम् ॥४०२॥
यदशुभमवलोकनाभि–रुक्तं ग्रहयुक्तं ग्रहणे प्रमोक्षणे वा ।
सुरपति गुरुणा विलोकितेन, शममुपयाति जलैरिवाऽग्निरिद्धः ॥४०३॥
ग्रहनिमुक्ते चन्द्रे० ॥४०४॥

इतिग्रहणदिनफलम् ।

અહીં કહેલ ગ્રસ્ત શબ્દ ઉપરથી હરકોઈ રાહુ સાથે રહેલો ગ્રહ સમજાય છે. પણ જો શ્લોક ૪૦૧ માં શશિરવિ ને બદલે શરીર–વિ. એવો પાઠ હોય તો વધારે ઠીક છે—

शुक्रास्ते भाद्रमासे शुभमगणगते वाक्पतौ सौख्यहेतौ,
ज्येष्ठाद्याहे सुवारे शशिसितभगणेषूदिते निश्यगस्ते ।
क्रूरेभूपादिवर्गे विघ्रदिनि समये मङ्गले वक्रितेऽपि,
चाषाढ्याः पूर्वधिष्ण्ये प्रहरवसुगते जायते दिव्यकालः ॥१॥

અર્થ—ભાદ્ર માસમાં શુક્રાસ્ત, શુભ રાશિમાં ગમન, અનુકૂળ ગુરૂ, જ્યેષ્ઠાના પ્રથમ દિવસના વાર ચંદ્ર શુક્ર નક્ષત્ર, રાત્રે ઉગેલો અગસ્તિ; વર્ષનો કુર રાજા વિગેરે વધતો-ઘટતો કાળ, વક્રી મંગળ, અષાઢી પૂર્ણિમાનું પૂર્વા નક્ષત્ર અને પૂર્ણ પ્રહરનો ભોગ; આ સંયોગો હોય તો **દિવ્યકાળ** થાય છે." ॥ ૧ ॥

વિશેષ આ પ્રમાણે છે—

शुक्रस्याऽस्तमने वृष्टि-रुदये च बृहस्पतौ ।
चलिताङ्गारके वृष्टि-स्त्रिधा वृष्टिः शनैश्चरे ॥१॥

અર્થ—"શુક્રના અસ્તમનમાં, ગુરૂના ઉદયમાં, મંગળના રાશિના ત્યાગમાં અને શનિના ઉદય અસ્તમન વક્રતા કે માર્ગીપણામાં અવશ્ય વૃષ્ટિ થાય છે." ॥ ૧ ॥ પણ અષાઢમાં બુધનો ઉદય થતાં, શ્રાવણમાં શુક્રાસ્ત થાય તો દુષ્કાળ પડે છે અને એક રાશિ ઉપર શુક્ર થતાં શનિ અસ્ત પામે તો પણ તે અશુભ છે.

ચોમાસામાં આર્દ્રાદિ સાત નક્ષત્રમાં હરકોઈ ગ્રહ આવે ત્યારે વૃષ્ટિ થાય છે. તથા ચોમાસામાં ચિત્રા સ્વાતિ તથા વિશાખા, નક્ષત્રમાં વૃષ્ટિ ન થાય તો તે માસમાં વૃષ્ટિ થતી નથી. અશ્લેષા નક્ષત્રમાં બુધ, શુક્ર અને મંગળ હોય ત્યારે વૃષ્ટિ થાય છે. તુલા રાશિમાં એક સાથે મંગળ અને શુક્ર સંક્રમે તો તે અશુભ છે. રેવતી કે ભરણી નક્ષત્રમાં જ્યારે જ્યારે શનિ આવે છે ત્યારે ત્યારે અનાજ મોંઘું થાય છે. સિંહ રાશિમાં બુધ, શુક્ર અને ચંદ્ર, એ ત્રણ ભેગા થાય તો તે દિવસોમાં વૃષ્ટિ થાય છે. શ્રવણમાં કુર ગ્રહ આવે ત્યારે અનાજ મોંઘું થાય છે, બૃહસ્પતિના ઉદયકાળે વૃષ્ટિ થાય છે; પણ કર્કમાં ગુરૂ હોય ત્યારે તુલાનો મંગળ અને મીનનો શનિ હોય તો જગત્ પીડાય છે.

જેઠ શુદિ એકમ, દિવાળી અને સૂર્યના આર્દ્રા પ્રવેશને દિને સૌમ્યવાર હોય તો શુભ છે, આર્દ્રા પ્રવેશ પણ રાત્રિકાળે થાય તે વધારે શુભ છે. અને તેમાં વૃષલગ્ન તથા બુધનો સંયોગ હોય તો અત્યંત લાભકારક છે.

ચોમાસામાં જે જે દિવસે ચંદ્ર અને મંગળ એક રાશિમાં મળે તે તે દિવસે વૃષ્ટિ થાય છે. ચંદ્ર, મંગળ, અને ગુરૂ એ રાશિમાં મળે તો બહુ વૃષ્ટિ થાય છે. એક નક્ષત્રમાં રાહુ અને ચંદ્ર

મળે તો પણ વૃષ્ટિ છે. સૂર્યની પછીની રાશિમાં શુક્ર હોય અને તે અરસામાં જેટલો વખત ચંદ્રનો યોગ રહે તેટલો વખત અનાજ સસ્તુ થાય છે. ચિત્રા, અનુરાધા, જ્યેષ્ઠા, કૃત્તિકા, રોહિણી, મઘા, મૃગશીર્ષ, મૂલ, અષાઢા અને વિશાખાની ઉત્તરમાં ચંદ્ર ચાલે તો વર્ષભરમાં સારો વરસાદ થાય છે. શુક્રનું અસ્તમન અને પછી ઉદય એ બન્ને શુક્લ પક્ષમાંજ થાય તો અશુભ છે.

આષાઢમાં શુભવારે રોહિણી, અખાત્રીજનું રોહિણી, માગશર પોષ અમાસનું મલ, શ્રાવણી પૂનમે શ્રવણ, અને કાર્તિકી પૂર્ણિમાએ કૃત્તિકા નક્ષત્ર હોય તો શુભ છે. જેઠ શુદિ અગ્યારશ, બારશ અને તેરશને દિને ચિત્રા, સ્વાતિ કે વિશાખા નક્ષત્ર હોય, તથા વરસાદની તૈયારી દેખાય, તો ચોમાસામાં સારો વરસાદ પડે છે.

જે સાલમાં અગસ્તિનો તારો રાત્રિએ ઉગે તે વર્ષ શુભ જાણવું. મંગળ વક્રી થાય તો શુભ છે, મંગળ ચલિત થતાં અવશ્ય વૃષ્ટિ થાય છે, બુધ વક્રી થાય તો જગત્‌માં મહોદય થાય છે, શુક્ર વક્રી થતાં જગત ચેન કરે છે, અને શનિ વક્રી થતાં જગત્‌માં રોગ ફેલાય છે. શનિ કે મંગળ–હસ્ત મઘા, રેવતી કે આર્દ્રામાં વક્રી હોય તો પૃથ્વીમાં યુદ્ધ જામે છે.

નારચંદ્ર ટીપ્પણના (ભાષાંતર) માં કહ્યું છે કે—જો બુધ, ગુરૂ અને શુક્રમાંના બે ગ્રહોનો મેળાપ થાય તો તે જગતને આનંદ આપે છે, શનિ અને રાહુ હરકોઈ એક રાશિ પર આવે તો અનાજ મોંઘું થાય છે, અને લોકો પીડા પામે છે. સૂર્ય, મંગળ, બુધ બૃહસ્પતિ અને શનિ જોએક રાશિમાં આવે તો રાજા–પ્રજા પીડા પામે છે. તથા રાહુ અને શનિ વિનાના હરેક ગ્રહો એક રાશિ પર આવે તો બહુ નુકશાનકારક નથી, પણ જો સાત ગ્રહ એક રાશિમાં ભેગા મળે તો લાંબા કાળ સુધી જગતમાં અસંતોષ, બેકારી, યુદ્ધ અને મનુષ્યોનો નાશ થાય છે.

આ પ્રમાણે સામાન્ય રીતે દિવ્યાદિવ્ય કાળ સંબંધી ભવિષ્યનુ સામાન્ય જ્ઞાન થાય છે, જેનું અશેષ સ્વરૂપ બીજા ગ્રન્થોથી તપાસવું.

હવે તારાનું દ્વાર કહે છે—

जम्मा कम्मं च आहाणं, तारा अट्ठट्ठ अंतरे ।
सस्स नाम फला सव्वा, अंतरा नामिआ ॥२५॥

અર્થ—જન્મ કર્મ અને આધાન એ ત્રણ તારાઓ આઠ આઠ તારાઓના આંતરે આવે છે. તે પોતપોતાના નામ પ્રમાણે ફળ દેનારી છે. અને મધ્યની તારાઓનાં નામ આ પ્રમાણે છે—

વિવેચન—તારા નવ છે, તેને જાણવાની રીત આ પ્રમાણે છે—

જન્મનક્ષત્રથી અને તેની ખબર ન હોય તો નામનક્ષત્રથી આરંભીને નવ નવ નક્ષત્રની એક, એમ સત્યાવીશ નક્ષત્રની ત્રણ ઓળી કરવી. તેમાં ત્રણે નવકના પહેલા નક્ષત્રો, પહેલી તારા, બીજા નક્ષત્રો બીજી તારા એમ આગળ ત્રણે ઓળીના નવમાં નક્ષત્રે અને નવમી તારા ગણાય છે. એટલે-સત્યાવીશ નક્ષત્રમાંથી નવ-નવના આંતરે રહેલ ત્રણ ત્રણ નક્ષત્રોની એકેક તારા હોય છે.

(તારા કોષ્ટક)

૧	પુ જન્મ- ૧	અ ૨	મ ૩	પૂ૦ ફા. ૪	ઉ૦ ફા. ૫	હ ૬	ચિ ૭	સ્વા ૮	વિ ૯
૨	અ કર્મ- ૧૦	જ્યે ૧૧	મૂ ૧૨	પૂ૦ષા. ૧૩	ઉ૦ ષા. ૧૪	શ્ર ૧૫	ધ ૧૬	શ ૧૭	પૂ. ભા. ૧૮
૩	ઉભા૦ આધાન ૧૯	રે ૨૦	અ ૨૧	ભ ૨૨	કૃ ૨૩	રો ૨૪	મૃ ૨૫	આ ૨૬	પુ૦ ૨૭
નામ	૧	સંપત્ ૨	વિપત્ ૩	ક્ષેમા ૪	યામા (પ્રત્યંશા)	સાધના ૬	નિધના મૃતિ	મૈત્રી ૮	પરમ- મૈત્રી

જેમકે—જન્મનક્ષત્ર પુષ્પ હોય તો તેમાં પહેલા નવકની આઠ આઠ નક્ષત્રના આંતરે રહેલી પહેલી, અને દશમી ઓગણીશમી તારાનું નામ અનુક્રમે જન્મ, કર્મ અને આધાન છે. જે પોતપોતાનાં નામ સદશ ફળ આપે છે. જન્મનક્ષત્રથી કે નામ નક્ષત્રથી ઇષ્ટ નક્ષત્ર સુધી ગણતાં જે સંખ્યા આવે, તેને નવથી ભાગતાં જે શેષ રહે તેટલામી તારા ઈષ્ટ દિવસે છે આ રીતે પણ તારા શોધી શકાય છે.

ગુરૂ=શિષ્ય વર=સ્રી રાજા=નોકર ગામ=રહેવાશી વિગેરેમાં પરસ્પરની તારા શોધવી હોય, તો એકના જન્મનક્ષત્રથી બીજાના જન્મનક્ષત્ર સુધીની સંખ્યાને નવથીભાગી શેષ રહેલ અંકથી પરસ્પરની તારા શોધી શકાય છે, જે પૈકીની પરસ્પરની ત્રીજી, પાંચમી અને સાતમી તારા નેષ્ટ કહી છે. તેમજ **સારંગે** પણ ઘરધણીની અને ઘરની તારા શોધવામાં આજ નિયમ સ્વીકાર્યો છે.

गणयेत् स्वामिनक्षत्राद्, यावद्धिष्ण्यं ग्रहस्य च ।
नवभिस्तु हरेद् भागं, शेषं ताराः प्रकीर्तिताः ॥१॥

અર્થ—"ગ્રહ સ્વામીના નક્ષત્રથી ગ્રહનક્ષત્ર સુધી ગણી તેને નવથી ભાગવા, અને શેષ રહે તે તારા જાણવી ॥૧॥

આ તારા વાસ્તુશાસ્ત્રમાં ઉપયોગી છે. આ વાસ્તુશાસ્ત્રની નવ તારાનાં નામ–શાંતા, મનોરમા, ક્રુરા, વિજ્યા, કલહોદ્ભવા, પાદમીની, રાક્ષસી, વીરા અને આનંદા છે.

જન્મ, કર્મ અને આધાનની મધ્યમાં રહેલ બીજીથી નવમી સુધીની આઠ તારાઓનાં નામ આ પ્રમાણે છે—

संपई आवई खेमा, जामा साहण निद्धणा ।
मित्ती परममित्ती अ, दुट्ठा ति सग पंचमा ॥२६॥
जम्माहाणा विवज्जिज्जा, गमे एयाहिं वाहिओ,
कट्ठेण जीवई किण्हे, पक्खे चंदुत्तरा इमा ॥२७॥

અર્થ—સંપત, આપત, ક્ષેમા, યામા, સાધના, નિર્ધના, મૈત્રી, અને પરમમૈત્રી; એ બાકીના આઠ તારાઓ છે. નવ તારામાંથી ત્રીજી, સાતમી અને પાંચમી તારા દુષ્ટ છે. ॥૨૬॥ જન્મ અને આધાન તારા ગમનમાં વર્જ્ય છે, તથા ત્રીજી પાંચમી અને સાતમી જન્મ અને આધાન તારામાં રોગી થયો હોય તે કષ્ટે જીવે છે, આ તારાઓ કૃષ્ણપક્ષમાં ચંદ્ર કરતા વધારે શ્રેષ્ઠ હોય છે ॥૨૭॥

વિવેચન—ત્રણે નવકની પહેલી તારાઓ ઉપર કહ્યા પ્રમાણે જેમ જન્મ, કર્મ અને આધાનના નામથી ઓળખાય છે તેમ ત્રણે નવકની બીજીથી નવમી સુધીની આઠે તારાઓ જુદા જુદા ત્રણ નામથી ઓળખાતી નથી, પણ ત્રણે તારા એકસરખા નામથી જ ઓળખાય છે. એટલે સત્યાવીશ નક્ષત્રની નવ તારાઓ જ થાય છે. તેમાંથી બીજીથી નવમી તારાઓનાં નામ આ પ્રમાણે છે.

જન્મનક્ષત્રથી ૨–૧૧–૨૦ મું નક્ષત્ર તે બીજી સંપત તારા, ૩–૧૨–૨૧ મું નક્ષત્ર તે ત્રીજી વિપદ્ તારા, ૪–૧૩–૨૨ મું નક્ષત્ર તે ચોથી ક્ષેમા, ૫–૧૪–૨૩ મું નક્ષત્ર તે પાંચમી યામા, ૬–૧૫–૨૪ મું નક્ષત્ર તે છઠ્ઠી સાધના, ૭–૧૬–૨૫ મું નક્ષત્ર તે સાતમી નિર્ધના, ૮–૧૭–૨૬ મું નક્ષત્ર તે આઠમી મૈત્રી અને ૯–૧૮–૨૭ મું નક્ષત્ર તે નવમી **પરમમૈત્રી** તારા કહેવાય છે.

આ નવ તારાઓમાં જન્મ, આધાન, વિપદ્ યમા અને નિધના તારાઓ દુષ્ટ છે. તે તારામાં ગમન કરવું શ્રેષ્ઠ નથી, તેમજ તે તારા વિષે જેને રોગ ઉત્પન્ન થયો હોય તે કષ્ટે જીવે છે; એટલે–બીજા ગ્રહોની અનુકૂળતા હોય તો લાંબું દુઃખ ભોગવે છે અને બીજા ગ્રહોની પ્રતિકૂળતા હોય તો રોગી મૃત્યુ પામે છે.

લલ્લ તો કહે છે કે—

यद्यपि स्याद् बली चन्द्र–स्तारा तथाप्यनिष्ठदा ।

અર્થ—"જો ચંદ્ર બળવાન્ હોય તો પણ દુષ્ટ તારાઓ અનિષ્ટ કરે છે." **ઉદયપ્રભ સૂરિ** કહે છે કે–જન્મ, આધાન, વિપદ્, યમા અને નિધનાના અગ્યાર નક્ષત્રમાં ક્ષૌરકર્મ અને યાત્રાનો ત્યાગ કરવો. અને શુકલપક્ષમાં પણ આ તારાને વિષે રોગ થાય તે રોગી બહુ કલેશ ભોગવે છે કે મૃત્યુ પામે છે, તો પછી કૃષ્ણપક્ષ માટે તો પૂછવું જ શું ?

આધાન માટે **લલ્લ** કહે છે કે—

यात्रायुद्ध विवाहेषु, जन्मतारा न शोभना ।
शुभान्यशुभकार्येषु, प्रवेशे च विशेषतः ॥१॥

અર્થ—"જન્મતારા યાત્રા, યુદ્ધ અને વિવાહમાં સારી નથી, પણ બીજાં શુભ કાર્યોમાં શુભ છે અને પ્રવેશકાર્યમાં વિશેષ શુભ છે." ॥ ૧ ॥ અર્થાત્–જન્મના ચંદ્રની પેઠે જન્મની તારા ગૃહપ્રવેશ અને માંગલિક કાર્યોમાં શુભ છે. પણ ક્ષુરકર્મ, વિવાદ, યુદ્ધ, યાત્રા, વિવાહના કાર્યોમાં અને રોગોત્પત્તિમાં અશુભ છે. જન્મનક્ષત્રની પેઠે આધાન નક્ષત્ર માટે જાણવું એટલે જન્મનક્ષત્રનાં વર્જ્ય કાર્યો આધાનમાં પણ વર્જવાં અને જન્મનક્ષત્રનાં પ્રશસ્ત કાર્યો આધાનમાં પણ પ્રશસ્ત છે, માટે કરવા.

કર્મ સંપત્ અને મૈત્રી તારાઓ મધ્યમ છે; તથા ક્ષેમા સાધના અને પરમમૈત્રી તારાઓ શ્રેષ્ઠ છે. તે માટે કહે છે કે—

शेषासु तारासु व्याधिः, साध्यो नृणां भवति जातः
व्याधिवद्वबोद्धव्याः, सर्वारम्भाश्च तारासु ॥२॥

અર્થ—"મનુષ્યને બાકીના તારાઓમાં ઉત્પન્ન થયેલો વ્યાધિ સાધ્ય થાય છે. દરેક તારાને વિષે કરેલાં સમસ્ત કાર્યોના આરંભો વ્યાધિની પેઠે (શુભાશુભ) ફળવાળા જાણવા." ॥૨॥

ऋक्षं न्यूनं तिथिर्न्युना, क्षपानाथोऽपि चाऽष्टमः
तत्सर्वं शमयेत्तारा, षट्-चतुर्थ-नवस्थिता ॥३॥

અર્થ—"નક્ષત્ર અશુભ હોય, તિથિ અશુભ હોય અને ચંદ્ર પણ આઠમો હોય; તે સર્વને છઠ્ઠી, ચોથી અને નવમી તારા શમાવી દે છે." ॥ ૩ ॥

લલ્લ દુષ્ટતારા માટે કહે છે કે—

प्रत्यरे जन्मनक्षत्रे, मध्याह्नात् परतः शुभम् ।

અર્થ—"સાતમી તારા અને જન્મનક્ષત્રમાં મધ્યાહ્ન પછીનો કાળ શુભ છે." આ ઉપરથી ત્રીજી પાંચમી જન્મતારા અને આધાનતારા પણ મધ્યાહ્ન પછી દુષ્ટ ફળ આપી શકતી નથી એમ જાણવું.

શુકલપક્ષમાં ચંદ્રનું બળ જોવાય છે. જ્યારે કૃષ્ણ પક્ષમાં ચંદ્રને બદલે તારાનું બળ જોવાય છે. તે માટે કહ્યું છે કે—

चन्द्राद बलवती तारा, कृष्णपक्षे तु भर्तरि ।
विकले प्रोषिते च स्त्री, कार्यं कर्तुं यतोऽर्हति ॥१॥

અર્થ—"કૃષ્ણપક્ષમાં ચંદ્ર કરતાં તારા બળવાન્ છે, કારણ કે—સ્વામી વિકલાંક હોય કે સ્વામી હાજર ન હોય તો તેનું કાર્ય સ્ત્રી કરી શકે છે." ॥ ૧ ॥ **વ્યવહાર પ્રકાશમાં** કહ્યું છે કે—

कृष्णास्याऽष्टम्यर्धा-दनन्तरं तारकाबलं योज्यम् ।
प्रतिपत्प्रान्तोत्पन्नं, सन्ध्याकालोदयं यावत् ॥१॥

અર્થ—"કૃષ્ણપક્ષની અષ્ટમીના અર્ધભાગથી પ્રારંભીને શુદિ એકમના અંતે આવતા સંધ્યાકાળનો ઉદય થાય ત્યાં સુધી તારાનું બળ ગ્રહણ કરવું." ॥ ૧ ॥ એટલે બળવાન્ તારા ચંદ્રની જ ગરજ સારે છે, કેમકે જો બલિષ્ઠ તારા હોય તો કૃષ્ણપક્ષનો ચંદ્ર પણ બળવાન્ જ મનાય છે. માત્ર જો શુકલપક્ષ હોય તો તારાનું બળ જોવાનું નથી. ॥ ૨૭ ॥

હવે યોગદ્વાર કહે છે—

चउ छट्ठ नवम दसमं, तेरस वीसं च सूररिक्खाओ ।
ससिरिक्खं होइ तया, रविजोगो असुहसयदलणो ॥२८॥

અર્થ—સૂર્યના નક્ષત્રથી ચોથું, છઠ્ઠું નવમું, દસમું, તેરમું અને વીશમું ચંદ્ર નક્ષત્ર હોય તો રવિયોગ થાય છે; આ યોગ સેંકડો અશુભનો નાશ કરનાર છે.

વિવેચન—સૂર્યથી ભોગવાતું નક્ષત્ર **રવિનક્ષત્ર** કહેવાય છે. અને ચંદ્રથી ભોગવાતું નક્ષત્ર **દિનનક્ષત્ર** કે **ચંદ્રનક્ષત્ર** કહેવાય છે, તેમાંથી સૂર્યનક્ષત્ર, ચંદ્રનક્ષત્ર, તિથિ અને વાર પૈકીના બે ત્રણ કે ચારનો સંયોગ થવાથી નવા નવા યોગો તૈયાર થાય છે. આજ રીતે લગ્ન કુંડળીમાં પણ લગ્ન ગ્રહ અને રાશિના સંયોગથી યોગો થાય છે, જે પૂર્વે કહી ગયા છીએ.

ત્રિવિક્રમ કહે છે કે—યોગોમાં દુષ્ટયોગ, સામાન્ય યોગ, સુયોગ, સિદ્ધિયોગ અને અમૃતસિદ્ધિયોગ એ પાંચ વર્ગ છે. જેનું ફળ અનુક્રમે—અત્યંત અસિદ્ધિ, દૈવયોગે સિદ્ધિ, વિલંબે સિદ્ધિ, ઇચ્છિત સિદ્ધિ અને ઇચ્છાધિક સિદ્ધિ છે.

અહીં આચાર્ય મહારાજ પ્રથમ મહા બળવાન્ એવા રવિયોગને દેખાડે છે. તે લાવવાની એવી રીત છે કે—સૂર્યનક્ષત્રથી ચંદ્રનક્ષત્ર સુધી ગણવું અને જેટલામું ચંદ્રનક્ષત્ર આવે તેટલામો તે યોગ કહેવાય છે, આ રીતે અભીચ્ નક્ષત્રને નહીં ગણવાથી સત્યાવીશ યોગો થાય છે. જેમાંના કેટલાક યોગો શુભ છે. જ્યારે કેટલાક યોગો અશુભ છે.

નારચંદ્ર ટીપ્પણમાં રવિનક્ષત્રથી સત્યાવીશ નક્ષત્રમાં કરેલ કાર્યનું ફળ નીચે મુજબ આપ્યું છે.

रविरिक्खम्मि अ मरणं, बीए कलहं भयं च तह तइए ।
होइ चउत्थे सुक्खं, पुत्तवहं पंचमे रिक्खे ॥१॥
छट्ठे जिणेइ सत्तुं, मित्तविणासं च सत्तमे रिक्खे ।
मरणं अट्ठमरिक्खे, पूआलाहो अ नवमम्मि ॥२॥
दसमम्मि लाभसिद्धि, इक्कारसमे पडेइअ पयाओ ।
बारसमे अइदुहिओ, तेरसमे अइसुही होइ ॥३॥
चउद्दसमे नाइमेओ, वज्जपाओ भवेइ पन्नरसमे ।
सोलसमे धनहाणी, सत्तरमाइ तिन्निओ ॥
धणहरणाईणि कुव्वन्ति ॥४॥

वीसइमो रविभोगो, रज्जं पकरइ हीणवंसस्स ।
सम्ममिणं मुणिऊणं, जइअव्वं सुकलपक्खम्मि ॥५॥
अइआइं सत्र वज्जह, दिणमग्गेण तिव्वदुक्खाइं ।
सो तेण होइ दुहिओ, जो ठावइ कीलमात्तंपि ॥६॥

इति रवियोग फलम् ।

અર્થ—"સૂર્ય નક્ષત્રમાં મૃત્યુ ૧. સૂર્ય નક્ષત્રથી બીજા નક્ષત્રમાં કલહ. ૨, ત્રીજામાં ભય ૩. ચોથમાં સુખ ૪. પાંચમામાં પુત્રવધ ૫. ॥ ૧ ॥ છઠ્ઠામાં શત્રુને જીતે ૬, સાતમામાં મિત્રની હાનિ ૭. આઠમામાં મૃત્યુ ૮. નવમામાં પૂજાલાભ ૯. ॥ ૨ ॥ દશમામાં લાભસિદ્ધિ ૧૦, અગ્યારમામાં સ્થાનભ્રંશ ૧૧. બારમા નક્ષત્રમાં અતિદુઃખ ૧૨. તેરમામાં સુખ ૧૩. ॥ ૩ ॥ ચૌદમામાં જ્ઞાતિભેદ ૧૪. પંદરમામાં વજ્રપાત ૧૫. સોળમામાં ધનહાનિ ૧૬. સત્તર અઢાર તથા ઓગણીશમામાં ધનહરણ વિગેરે ૧૭–૧૮–૧૯. ॥ ૪ ॥ વીશમા નક્ષત્રમાં હીનવંશવાળાને પણ રાજ્યલાભ તેમજ શુકલપક્ષમાં વીશમા નક્ષત્રમાં કાર્ય કરવાથી અતિશય લાભ ૨૦. ॥ ૫ ॥ તથા સૂર્યનક્ષત્રથી એકવીશ, બાવીશ, ત્રેવીશ, ચોવીશ, પચ્ચીશ છવ્વીશ અને સત્યાવીશમા નક્ષત્રમાં કાર્ય કરવાથી તીવ્ર દુઃખ વિગેરે ફળ મળે છે એટલે ખીલો માત્ર ઠોકે તો પણ તે દુઃખી થાય છે. ૨૧–૨૭ ॥ ૬ ॥

સુર્યનક્ષત્રથી ઇષ્ટ ચંદ્રનક્ષત્ર સુધી થનારા સત્યાવીશ યોગોમાં ચોથા, છઠ્ઠા, નવમા, દસમા, તેરમા અને વીશમા ચંદ્રનક્ષત્રથી થનાર યોગ મહા સિદ્ધિને કરનાર રવિયોગ કહેવાય છે. આ યોગના બળ માટે **યતિવલ્લભ**માં કહ્યું છે કે–શુદ્ધ લગ્નના બળ જેવું રવિયોગનું બળ છે. **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—સિંહના ભયથી નાસેલા હજારો ગજોની પેઠે રવિયોગથી નાશ પામેલા ગ્રહો આકાશમાં દેખાતા નથી.

આ છએ રવિયોગના ફળ માટે **હર્ષપ્રકાશ**માં કહ્યું છે કે—

एयाणं फलं कमसो, विउलं सुक्खं ४ जयं च सत्तूणं ६ ।
लाभं च ९ कज्जसिद्धि १०, पुत्तुप्पत्ती अ १३ रज्जं च २० ॥१॥

અર્થ—"આ છએ રવિયોગોનું ફળ અનુક્રમે—ચોથે વિપુલ સુખ, છઠ્ઠે શત્રુજય, નવમે લાભ, દસમે કાર્ય સિદ્ધિ, તેરમે પુત્રજન્મ અને વીશમે રાજ્યપ્રાપ્તિ છે." ॥ ૧ ॥

બાકીના યોગોમાં કેટલાક દુષ્ટ યોગો છે અને કેટલાક મધ્ય યોગો છે. તે માટે **આરંભસિદ્ધિ**માં કહ્યું છે કે—સૂર્ય નક્ષત્રથી ચંદ્રનું નક્ષત્ર–પહેલું, પાંચમું, સાતમું, આઠમું, અગ્યારમું, પંદરમું અને સોળમું હોય તો મૃત્યુ (પ્રાણહર) યોગ થાય છે. નારચંદ્ર સૂરિ કહે છે કે—

1 2 3 4 5 6 7 8
विद्युन्मुख शूलाऽशनि, केतू-ल्का वज्र-कम्प-निर्घाताः ।
5 8 14 18 19 22 33 24
ङ ज ढ द ध फ ब भ संख्ये रविपुरत उपग्रहा धिष्ण्ये ॥१॥

અર્થ—"આ શ્લોકમાં કક્કાવળીના સંકેતથી આંકની સૂચના કરેલ છે. તો સૂર્યનક્ષત્રથી પાંચમા, આઠમા, ચૌદમા, અઢારમા, ઓગણીશમા, બાવીસમા, ત્રેવીશમા અને ચોવીશમા ચંદ્રનક્ષત્ર ઉપગ્રહ સંજ્ઞાવાળા છે. તેનાં નામ અનુક્રમે વિદ્યુન્મુખ, શૂલ, અશનિ, કેતુ, ઉલ્કા, વજ્ર, કંપ અને નિર્ઘાત છે." ॥ ૧ ॥

વિવાહાદિક કાર્યમાં આ આઠે ગ્રહોનું અનુક્રમે-પુત્ર મરણ, પતિ મરણ, વજ્રપાત, પતિનાશ, ધનનાશ, દુઃશીલતા, સ્થાનભ્રંશ અને કુલક્ષય છે. **ઉદયપ્રભસૂરિ** તો સૂર્યનક્ષત્રથી-સાતમા, પંદરમા, એકવીશમા અને પચ્ચીશમા ચંદ્રનક્ષત્રને પણ ઉપગ્રહ તરીકે ઓળખાવે છે. આ ઉપગ્રહો પણ અનિષ્ટ ફળને આપનારા છે.

નારચંદ્ર ટીપ્પણમાં પણ સાતમા ઉપગ્રહને અતિદુષ્ટ માને છે—

सूर्यर्क्षात् सप्तमं ऋक्षं, भस्मयोगं तु तद् भवेत् ।
यत्किञ्चित् क्रियते कार्यं, तत्सर्वं भस्मसाद् भवेत् ॥१॥

અર્થ—"સૂર્યનક્ષત્રથી સાતમું નક્ષત્ર હોય તે **ભસ્મયોગ** કહેવાય છે, આ યોગમાં જે જરાપણ કાર્ય કરાય તો તે સર્વકાર્ય નાશ પામે છે." ॥ ૧ ॥

જ્યોતિષ હીરમાં કહ્યું છે કે-"સૂર્યનક્ષત્રથી પંદરમું નક્ષત્ર હોય તે **દંડયોગ** બને છે, અને તે અશુભ છે."

સૂર્યનક્ષત્રના આંકને દસ, અગીયાર, પંદર, અઢાર, ત્રેવીશ, અને એકવીસમાંથી બાદ કરતાં જે આંક આવે તેટલામાં અશ્વિની વિગેરે નક્ષત્રો દુષ્ટ છે, બીજી રીતે ગણીયે તો-સત્યાવીશમાંથી બાદ કરેલ સૂર્યનક્ષત્રના આંકમાં અથવા સૂર્યનક્ષત્રથી અશ્વિની નક્ષત્ર જેટલામું હોય તે આંકમાં પણ દસ વિગેરે છ સંખ્યા મેળવતાં જે જે આંક આવે તેટલામું ચંદ્રનક્ષત્ર અશુભ છે. જે દરેકનું નામ **પાતયોગ** થાય છે. (ગાથા ૧૩૯)

અભિજિત્ નક્ષત્ર જુદું ગણતાં સૂર્યનક્ષત્રથી ચંદ્રનક્ષત્ર સુધીના અઠયાવીશ યોગો થાય છે, તેમાંનો **આડલયોગ** નેષ્ટ છે. **નરપતિ જયચર્યા**માં કહ્યું છે કે—

सूयभाद् गणयेन्दोर्भं, सप्तभिर्भागमाहर ।
शून्यं द्वौ वा न शेषौ चे-दाडलो नास्ति निश्चितम् ॥१॥

અર્થ—"સૂર્યનક્ષત્રથી ચંદ્રનક્ષત્ર સુધીના આંક ગણી તેને સાતથી ભાગ દેવો, જો શેષમાં શૂન્ય કે બેનો આંક ન રહેતો **આડલયોગ** નથી એમ સમજવું. આ ઉપરથી એવું

સૂચન છે કે—જો શેષમાં બે કે શૂન્ય રહેતો તે દિવસે આડલયોગ હોય છે." ॥ ૧ ॥ આ રીતે ગણીએ તો સૂર્ય નક્ષત્રથી બીજે, સાતમે, નવમે, ચૌદમે, સોળમે, એકવીશમે, ત્રેવીશમે અને અઠયાવીશમે સ્થાને રહેલ ચંદ્રનક્ષત્રમાં આડલયોગ છે. આ યોગનો પણ શુભકાર્યમાં ત્યાગ કરવો, પણ યાત્રામાં તો આ યોગ વિશેષે કરીને વર્જવો.

સૂર્ય નક્ષત્રથી બારમું નક્ષત્ર પણ સૂર્યની લાતથી દૂષિત છે. **મુહુર્તચિંતામણિમાં** કહ્યું છે કે—સૂર્ય નક્ષત્રથી છઠ્ઠુ, તેરમું, વીશમું અને સત્યાવીશમું નક્ષત્ર **ભ્રમણયોગ** છે, તે યાત્રામાં ત્યાજ્ય છે અને આડલયોગ દરેક શુભકાર્યમાં વર્જ્ય છે.

ઉપર જેમ સૂર્યનક્ષત્રથી ચંદ્રનક્ષત્રમાં શુભાશુભ યોગો થાય છે, તેમ દરેક ગ્રહના યોગોથી પણ શુભાશુભ યોગો થાય છે. પૂર્ણિમાના ચંદ્રનક્ષત્રથી આઠમું, મંગળના નક્ષત્રથી પહેલું, બીજું, ત્રીજું અને અઠયાવીશમું, બુધના નક્ષત્રથી ત્રેવીશમું, ગુરૂના નક્ષત્રથી છઠ્ઠું, શુક્રના નક્ષત્રથી પચ્ચીશમું અને સત્યાવીશમું શનિના નક્ષત્રથી પહેલું, બીજું, આઠમું અને અઠયાવીશમું તથા રાહુ નક્ષત્રથી પહેલુ, બીજું, નવમું, પંદરમું, એકવીશમું અને સત્યાવીશમું નક્ષત્ર દુષ્ટ છે; કેમકે—આ નક્ષત્રોમાં ધૂમિત આલિંગિત દગ્ધ લત્તા અને પાત વિગેરે યોગો થાય છે, જેનો શુભકાર્યમાં સર્વથા ત્યાગ કરવો. લત્તા અને પાત સંબંધે વિશેષ વર્ણન (ગાથા ૧૩૫–૧૩૬ માં) આગળ કહેવાશે તથા **સદ્યોરિષ્ટ**ના બુધપંચક વિગેરે યોગો પૂર્વે કહેવાઇ ગયા છે. ચાર વસ્તુના સંયોગથી જે યોગો થાય છે તેવા યોગો દરેક ગ્રન્થોમાં દૃષ્ટિગોચર થતા નથી. પણ **આરંભસિદ્ધિ**માં **પાકશ્રી** ગ્રન્થના આધારે નીચે મુજબ શુભાશુભ યોગો કહેલ છે.

"વદિ એકમથી શરૂ થતાં પૂર્ણિમા પર્યંત કાર્તિક કે માગશરમાં પાંચમ દિને ગુરૂવાર અને પુનર્વસુ નક્ષત્ર હોય, પોષ કે મહાની છઠ્ઠને દિને શુક્રવાર અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય, ફાગણ કે ચૈત્રની તેરશે બુધવાર અને વિશાખા નક્ષત્ર હોય, વૈશાખ કે જેઠની એકમે ઉત્તરાફાલ્ગુની કે મૂલ નક્ષત્ર હોય, અષાઢ કે શ્રાવણની બીજે સોમવાર અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર હોય તથા ભાદરવો કે આસો માસની સાતમ દિને શનિવાર અને રોહિણી નક્ષત્ર હોય તો તે દરેક શુભયોગો છે."

"અને કાર્તિક કે માગશરની દશમે મંગળવાર અને આર્દ્રા હોય, પોષ કે મહામાસની અગીયારશે ગુરૂવાર અને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર હોય, ફાગણ કે ચૈત્રની બારશે શુક્રવાર અને સ્વાતિ નક્ષત્ર હોય, વૈશાખ કે જેઠની તેરશે શનિવાર અને શ્રવણ નક્ષત્ર હોય, અષાઢ કે શ્રાવણની ચૌદશે બુધવાર અને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર હોય તથા ભાદરવો કે આસો માસની પૂર્ણિમા દિને રવિવાર અને કૃત્તિકા નક્ષત્ર હોય; તો તે દરેક યોગો અશુભ છે."

કેટલાક આચાર્યો તિથિવાર રાશિ અને સમયનો શુભ **કુલ્યયોગ** કહે છે. તે આ પ્રમાણે છે

નન્દાતિથિએ સવારે મંગળવાર અને મેષ કે વૃશ્ચિક લગ્ન હોય, ભદ્રા તિથિએ પ્રથમ પ્રહરના અંતે બુધવાર અને મિથુન, કર્ક કે કન્યા લગ્ન હોય, જયા તિથિમાં મધ્યાન્હે ગુરૂવાર અને સિંહ ધન કે કુંભ લગ્ન હોય, રિક્તા તિથિ દિને ત્રીજા પ્રહરના અંતે શુક્રવાર અને વૃષ કે તુલારાશિ હોય તથા પૂર્ણા તિથિએ સૂર્યાસ્તકાળે શનિવાર અને મકર કે મીન શશિ હોય તો તે તિથિઓ **કુલજા** કહેવાય છે.

તથા રવિ નક્ષત્રથી ચંદ્રનક્ષત્રનો આંક-શુકલ એકમથી ચાલુ તિથિ, વાર અને નક્ષત્રનો સરવાળો કરી નવથી ભાગતાં શેષ સાત રહેતો **હિંબરયોગ** થાય છે તે દુષ્ટ યોગ છે. (મૂ.)

હવે તિથિ, વાર અને નક્ષત્ર, એ ત્રણ મળવાથી જે જે યોગો થાય તે નીચે મુજબ છે. તેમાં પ્રથમ **કુમારયોગ** કહે છે—

सोमे भोमे बुहे सुक्के, अस्सिणाइं विइंतरा ।
पंचमी दसमी नंदा, सुहो जोगो कुमारओ ॥२९॥

અર્થ—સોમ, મંગળ, બુધ કે શુક્રમાંથી એક વાર હોય, બબ્બેના આંતરે રહેલાં અશ્વિની વિગેરે નક્ષત્રોમાંથી એક નક્ષત્ર હોય અને પાંચમ દશમ કે નંદામાંથી એક તિથિ હોય; તો * કુમારયોગ થાય છે.

વિવેચન—કુમારયોગ તિથિ વાર અને નક્ષત્ર, એ ત્રણથી થાય છે. તેમાં જે દિવસે સોમ, મંગળ, બુધ કે શુક્ર, એ ચાર વાર પૈકીનો એક વાર હોય અને તેજ દિવસે એકમ, પાંચમ, છઠ, દશમ અને અગીયારશ એ પાંચ તિથિમાંથી હરકોઈ એક તિથિ હોય તથા અશ્વિની નક્ષત્રથી પ્રારંભીને બબ્બે નક્ષત્રો મૂકીને ત્રીજા ત્રીજા નક્ષત્ર હોય; તો **કુમાર** નામે શ્રેષ્ઠ યોગ થાય છે. અહીં અશ્વિની વિગેરે ત્રીજાં ત્રીજાં નક્ષત્રો અશ્વિની રોહિણી પુનર્વસુ મઘા હસ્ત વિશાખા મૂલ શ્રવણ અને પૂર્વાભાદ્રપદ, એ નવ છે.

---

* **यौगः कुमारनामा, शुभः कुजज्ञेन्दुशुक्रवारेषु ।**
अश्वाद्यैर्द्व्यन्तरितै-र्नन्दादशपञ्चमीतिथिषु ॥ (आरंभ० १।३५)
राजयोगो भरण्याद्यै-र्द्व्यन्तरै र्भैः शुभावहः ।
भद्रा तृतीयाराकासु, कुजज्ञभृगुभानुषु ॥(आरंभ० १।३६)
त्रयोदश्यष्टमी रिक्ता, स्थविरे स्याद् गुरुशनी ॥ (नार०)

કુમારયોગના બળ માટે નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું છે કે—

कुमारोदयवेलायां, लाभो भवति पुष्कलः ।
रोगी भव्यो जयो युद्धे, यात्रा भवति सिद्धिदा ॥१॥
बङ्गालमुनिभिः प्रोक्तः कुमार योगो दिनेसदोषेऽपि ।
अस्मिन् कार्यं दीक्षा विवाहयात्रा प्रतिष्ठादि ॥२॥

અર્થ—કુમારયોગની શરૂઆતના કાળમાં પુષ્કળ લાભ થાય છે, તે વખતે રોગી થયેલ મનુષ્ય જલદી સારો થાય છે, યુદ્ધે ગયેલ જય પામે છે અને પ્રવાસ પણ ફળદાયક નીવડે છે. ॥ ૧ ॥ બંગાલમુનિએ કહેલ કુમારયોગ દુષિત દિન હોવા છતાં પણ દીક્ષા વિવાહ યાત્રા અને પ્રતિષ્ઠા વગેરેમાં ગ્રાહ્ય છે.” ॥ ૨ ॥

લગ્નશુદ્ધિમાં તો કહ્યું છે કે—

घरवेस-मित्तया-धम्म-सिप्प-विज्जाइया सुहा भावा ।
कायव्वा एएणं, विरूद्धयोगं विवज्जित्ता ॥१॥

અર્થ—“વિરૂદ્ધ યોગ ન હોય તો આ કુમારયોગ વડે ઘરપ્રવેશ, મિત્રતા, ધર્મ, શિલ્પ અને વિદ્યા વિગેરે શુભ કાર્યો કરવાં” ॥ ૧ ॥ અહીં જે વિરૂદ્ધયોગની સૂચના કરી છે તે વિરૂદ્ધ યોગો કકચ સંવર્તક કાણ અને યમઘંટ છે. એટલે-સોમવારે અગીયારશ અને વિશાખા, મંગળવારે દશમ અને પૂર્વાભાદ્રપદ, બુધવારે પડવો મૂલ અને અશ્વિની તથા શુક્રવારે રોહિણી હોય અને કુમારયોગ થતો હોય તો તે કુમારયોગ સુખકારક નથી. એમ **લગ્નશુદ્ધિ** પ્રકરણમાં કહેલું છે. પણ બીજા ગ્રંથોમાં તો અશુભ દિવસો હોય છતાં કુમારયોગનું બલવાનપણું દેખાડયું છે.

હવે રાજયોગ કહે છે—

सूरे सुक्के बुहे भोमे, भद्दा तीया य पुण्णिमा ।
बिन्तरा भरणीमुक्खा, राजजोगो सुहावहो ॥३०॥

અર્થ—રવિ, શુક્ર, બુધ કે મંગળવારે ભદ્રા ત્રીજ કે પુનમ હોય અને બબ્બેના આંતરાવાળા ભરણી વિગેરે નક્ષત્રો હોય, તો સુખકારક રાજયોગ થાય છે.

વિવેચન—રવિ, મંગળ, બુધ અને શુક્ર, એ ચાર પૈકીનો એકવાર હોય; તે સાથે બીજ, ત્રીજ, સાતમ, બારશ કે પૂર્ણિમા તિથિ હોય અને તેજ દિવસે ભરણીથી ત્રીજા,

ત્રીજા, એટલે-ભરણી, મૃગશર, પુષ્ય, પૂર્વાફાલ્ગુની, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, ધનિષ્ઠા ઉત્તરાભાદ્ર-પદ એ નવ નક્ષત્રમાંથી હરકોઈ એક નક્ષત્ર હોય તો **રાજયોગ** થાય છે. આ યોગ પણ શુભ માંગલિક કાર્યોમાં સુખકારક છે.

હેમહંસગણિ કહે છે કે–સંવર્તક, ક્રકચ, વજ્ર, મુશલ, ઉત્પાત અને કાણ વિગેરે કુયોગો હોય ત્યારે કુમારયોગની પેઠે રાજયોગમાં પણ શુભ કાર્ય કરવાં હિતકર નથી. પણ સામાન્ય રીતે તો દરેક ગ્રન્થોમાં રાજયોગને બલિષ્ઠ યોગ તરીકે વર્ણવેલ છે. આ યોગનું બીજું નામ **તરૂણયોગ** છે. એટલે કુમાર, તરૂણ (યુવાન) અને સ્થવિર, એ ત્રણ યોગો સત્યાવીશ નક્ષત્ર તથા નંદા ભદ્રા અને રિક્તામાંથી અનુક્રમે તૈયાર થાય છે. આ ત્રણે યોગોમાં અભિજિત્ નક્ષત્ર અલગ ગણાતું નથી. રવિ, કુમાર અને રાજયોગ માટે **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—

रविजोगे राजजोगे, कुमारजोगे असुद्धदिअहे वि ।
जं सुहकज्जं किरइ तं सव्वं बहुफलं होइ ॥१॥

અર્થ—"અશુભ દિવસ હોવા છતાં પણ રવિયોગ રાજયોગ અને કુમારયોગમાં જે શુભ કાર્ય કરાય છે તે કાર્ય બહુ ફળદાયક થાય છે." ॥ ૧ ॥ **જ્યોતિષહીર**માં કહ્યું છે કે—

गृहप्रवेशो मैत्री च, विद्यारम्भादिसत्क्रिया ।
राजपट्टाभिषेकादि, राजयोगेऽभिधीयते ॥१॥

અર્થ—"ગૃહપ્રવેશ, મૈત્રી, વિદ્યારંભ વિગેરે સત્કાર્યો અને રાજાનો પટ્ટાભિષેક વિગેરે, રાજયોગમાં કરાય છે." ॥ ૧ ॥

હવે **સ્થવિરયોગ** કહે છે—

थविरो गुरु सणि तेरसि, रित्तट्ठमि कित्तिआ दुगंतरिआ ।
रुअच्छेआणसणाई, अगुणकरणं इहं कुज्जा ॥३१॥

અર્થ—ગુરૂવાર કે શનિવાર, રિક્તા કે આઠમ તિથિ અને બબ્બેના આંતરે રહેલ કૃત્તિકા વિગેરે નક્ષત્રો એક જ દિવસે આવે તો સ્થવિરયોગ થાય છે. આ યોગમાં ફરીથી નહીં કરવાનાં–વ્યાધિનો ઉપચાર અને અનશન વિગેરે કાર્યો કરવાં.

વિવેચન—એક જ દિવસે ગુરૂવાર હોય કે શનિવાર હોય, ચોથ, આઠમ, નોમ કે ચૌદશમાંથી એક તિથિ હોય તથા કૃત્તિકાથી ત્રીજું ત્રીજા, એટલે–કૃત્તિકા, આર્દ્રા, અશ્લેષા,

ઉત્તરાફાલ્ગુની, સ્વાતિ, જ્યેષ્ઠા, ઉત્તરાષાઢા, શતભીષા અને રેવતી, એ નવ નક્ષત્રમાંથી એક નક્ષત્ર હોય; તો **સ્થવિર** નામનો યોગ થાય છે, જેનું બીજું નામ **સ્થિરયોગ** છે. આ યોગમાં કરેલ કાર્યોનું પુનરાવર્તન રહેતું નથી, માટે જે જે કાર્ય એક જ વાર કરવાનાં હોય તે કાર્ય સ્થવિર યોગમાં કરાય છે. કેમકે આ યોગમાં કરેલ કાર્ય બીજીવાર તેજ કાર્ય કરવાની જરૂર ન રહે એવું સ્થિર થાય છે. તે માટે **પાકશ્રી** ગ્રન્થમાં કહ્યું છે કે—

अणसणखिलवाहिरिणं रिउरणदिव्वं जलासए बंधो ।

અર્થ—"સ્થિવિર યોગમાં અનશન, ખળું, વ્યાધિ છેદ, ઋણ વાળવું, શત્રુવધ, યુદ્ધ, દિવ્યપરિક્ષા અને જલાશય બાંધવું વિગેરે કાર્યો કરવાં." કુમારયોગ રાજયોગ અને સ્થવિરયોગ એ ત્રણે યોગો શુભ છે.

તિથિવાર અને નક્ષત્રથી થનારા બીજા શુભાશુભ યોગો નીચે મુજબ છે. **મુહૂર્ત ચિંતામણિ**માં કહ્યું છે કે—

वर्जयेत् सर्वकार्येषु, हस्तार्के पञ्चमीतिथौ ।
भौमाऽश्विनीं च सप्तम्यां, षष्ठयां चन्द्रैन्दवं तथा ॥१॥
बुधानुराधां चाष्टम्यां, दशम्यां भृगुरेवतीम् ।
नवम्यां गुरुपुष्यं चै-कादश्यां शनिरोहिणीम् ॥२॥

અર્થ—"પાંચમ ને રવિવારે હસ્ત નક્ષત્ર હોય, સાતમને ભોમવારે **અશ્વિની** નક્ષત્ર હોય, છઠ્ઠને સોમવારે મૃગશીર્ષ નક્ષત્ર હોય, આઠમ ને બુધવારે અનુરાધા નક્ષત્ર હોય, દશમ ને શુક્રવારે રેવતી નક્ષત્ર હોય, નોમને ગુરૂવારે પુષ્ય નક્ષત્ર હોય, તથા અગીયારશને શનિવારે રોહિણી નક્ષત્ર હોય તો **મૃત્યુ**યોગ થાય છે. આ મૃત્યુયોગમાં શુભકાર્યનો ત્યાગ કરવો."

અમૃતસિદ્ધિ યોગમાં પાંચમ વિગેરે સાત તિથિ અનુક્રમે આવતાં આ યોગ થાય છે, તેથી તે અમૃતસિદ્ધિ યોગનો ઘાતક છે, એમ **હેમહંસગણિ** કહે છે.

આરંભસિદ્ધિની ટીકામાં કહ્યું છે કે :—

कत्तियपभइ चउरो, सणिबुहससिसूरवारजुत्त कमा ।
पंचमि बीइ इगारसी, बारसि अवला सुहे कज्जे ॥१॥

અર્થ—"શનિવાર, બુધવાર, સોમવાર અને રવિવારે અનુક્રમે પાંચમ, બીજ, અગીયારસ

અને બારશ તિથિ હોય, તથા કૃત્તિકા, રોહિણી, મૃગશર અને આર્દ્રા, એ કૃત્તિકાદિ ચાર નક્ષત્ર હોય તો શુભ કાર્યને નિર્બળ કરનારો **અબલાયોગ** થાય છે ॥૧॥ **નારચંદ્ર**માં જન્મવિષયોગ માટે કહ્યું છે કે—

शन्यश्लेषा द्वितीयाभिः, सप्तमी भोमवारुणी ।
कृत्तिका द्वादशीसूर्ये, रेवत्यां विषसंज्ञकम् ॥१॥

અર્થ—"બીજ ને શનિવારે અશ્લેષા હોય, સાતમ ને ભોમવારે શતભિષા નક્ષત્ર હોય, તથા બારશ ને રવિવારે કૃત્તિકા નક્ષત્ર હોય અથવા રેવતીનો ગંડાંત યોગ હોય તો **વિષયોય** થાય છે."

બીજે કહ્યું છે કે—આ ત્રણ તિથિ વાર અને નક્ષત્રો ગમે તે રીતે પરસ્પર યોગ પામે તો **કન્યાવિષયોગ** થાય છે. આ જન્મવિષયોગ, ત્રણ ગંડાંત, ભોમવાર, ચૌદશ, અભિજિત્, મૂલ, જ્યેષ્ઠા અને અશ્લેષામાં જન્મેલ બાલક **વિષબાલક** કહેવાય છે, જે ઘણે ભાગે કુટુંબનો નાશ કરે છે.

જ્યોતિષહીરમાં કહ્યું છે કે—

तिथिवार रिक्खइक्कं, मिलिअंकाइ कहिय सव्वंकं ।
पण इगारस तेरस, सत्तर ओगणिस तेवीसं ॥१॥
पणवीस गुणतीसा, इगतीस सइतीस एगयालीसा ।
तेयाली सइताला, पमुहा सव्वेहिं मंगल्लं ॥२॥

અર્થ—"તિથિ વાર અને નક્ષત્ર એ ત્રણેનો સરવાળો કરતાં **સર્વાંકયોગ** થાય છે. તેમાં પાંચ, અગીઆર; તેર, સત્તર, ઓગણીશ, ત્રેવીશ, પચ્ચીશ, ઓગણત્રીશ, એકત્રીશ, સાડત્રીશ, એકતાલીશ, તેંતાલીશ અને સુડતાલીશનો આંક આવે તો તે મંગલકારણ સર્વાંકયોગ છે. ॥ ૧–૨ ॥"

વળી પણ કહ્યું છે કે—વાર તિથિ અને નક્ષત્રના સરવાળાને બેથી ગુણી છથી ભાગતાં શેષમાં શૂન્ય આવે તો **દુઃખપ્રદયોગ** થાય છે. ત્રણથી ગુણી સાતથી ભાગતાં શેષમાં શૂન્ય આવે તો **ધનનાશકયોગ** થાય છે અને ચારથી ગુણી આઠથી ભાગતાં શેષમાં શુન્ય આવે તો **મૃત્યુયોગ** થાય છે. આ ત્રણે યોગો અશુભ છે.

હવે શુભાશુભ કાર્યને વધારનારા દ્વિપુષ્કર ત્રિપુષ્કર અને પંચક કહે છે—

मंगल गुरु सणि भद्दा, मिग चित्त धणिट्ठिआ जमलजोगो ।

किति पुण उ-फ विसाहा, पू-भ-उ-खाहिं तिपुक्करओ ॥३२॥
पंचग धणिट्ठअद्धा मयकिय वज्जिज्ज जामदिसि गमणं ।
एसु तिसु सुहं असुहं, विहिअं, दुति पण गुणं होइ ॥३३॥

અર્થ—ભદ્રા તિથિવાળા મંગળ, ગુરૂ કે શનિવારે મૃગશર, ચિત્રા અને ધનિષ્ઠા નક્ષત્ર હોય તો યમલયોગ થાય છે અને કૃત્તિકા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, વિશાખા, પૂર્વા ભાદ્રપદ કે ઉત્તરાષાઢા નક્ષત્ર હોય તો ત્રિપુષ્કર યોગ થાય છે. ॥૩૨॥

ધનિષ્ઠાના અર્ધા ભાગથી રેવતી પર્યંત પંચક કહેવાય છે, તેમાં મૃતક કાર્ય અને દક્ષિણ દિશામાં ગમન વર્જવું. આ ત્રણે યોગમાં કરેલાં શુભ કે અશુભ કાર્યો બમણાં, ત્રણ ગણાં અને પાંચ ગણાં થાય છે. ॥ ૩૩ ॥

વિવેચન—મંગળવાર ગુરૂવાર કે શનિવારમાંથી એક વાર હોય, બીજ સાતમ કે બારશમાંથી એક તિથિ હોય, અને તેજ દિવસે મૃગશર ચિત્રા કે ધનિષ્ઠામાંથી એક નક્ષત્ર હોય તો **યમલયોગ** થાય છે. આ યોગ કરનારાં મૃગશર ચિત્રા અને ધનિષ્ઠા નક્ષત્રો બે પાદવાળાં છે, તેથી આ યોગનું બીજું નામ **દ્વિપુષ્કર** પણ છે. અર્થાત્—મંગળ, ગુરૂ, શનિ, ભદ્રા અને દ્વિપાદ નક્ષત્રમાં દ્વિપુષ્કર યોગ થાય છે. યમલ યોગમાં જે હાનિ–વૃદ્ધિવાળું કાર્ય કરાય છે તે બમણું થાય છે, તેથી આ યોગમાં અનિષ્ટ કાર્ય કરવું નહિં, પણ ઈષ્ટજ કાર્ય કરવું.

મંગળવાર, ગુરૂવાર કે શનિવારમાંથી એક વાર હોય, બીજ સાતમ કે બારશ પૈકીની એક તિથિ હોય, અને તેજ દિવસે કૃત્તિકા પુનર્વસુ ઉત્તરાફાલ્ગુની વિશાખા. પૂર્વાભાદ્રપદ કે ઉત્તરાભાદ્રપદ એ છ નક્ષત્રોમાંથી એક નક્ષત્ર હોય, તો **ત્રિપુષ્કર** યોગ થાય છે, અહીં આવેલ કૃત્તિકા વિગેરે છ નક્ષત્રો ત્રણ પાદવાળા છે. ત્રિપુષ્કર યોગમાં પણ ઈષ્ટ કાર્ય કરવું, કેમકે આ યોગમાં કરેલું કાર્ય ત્રણ ગણું થાય છે.

ધનિષ્ઠા નક્ષત્રના બે પાયાથી પ્રારંભીને રેવતી સુધીનાં નક્ષત્રો **પંચક** કહેવાય છે. એટલે–ધનિષ્ઠા નક્ષત્રના છેલ્લા બે પાયા, શતભીષા, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ અને રેવતી, આ પાંચ નક્ષત્રનું નામ પંચક છે. બીજા ગ્રન્થોમાં ધનિષ્ઠાથી પ્રારંભીને રેવતી સુધીના પાંચ નક્ષત્રને પંચક કહેલ છે. અને કેટલાક ગ્રન્થોમાં શ્રવણથી ઉત્તરાભાદ્રપદ સુધીના પાંચ નક્ષત્રોને પંચક તરીકે ઓળખાવેલ છે. આ નક્ષત્રોમાં કાર્ય કરવાથી પાંચ ગણું થાય છે. તેથી પંચકમાં દક્ષિણ દિશામાં ગમન કરવું નહિં અને મૃત્યુ સંબંધીનાં કાર્યો પણ કરવાં નહિં. પણ **આરંભ-**

સિદ્ધિની ટીકામાં કહ્યું છે કે—અકસ્માત કોઈ મૃત્યુ પામે તો શબની સાથે દર્ભનાં ચાર પૂતળાં રાખવાં, અને તેઓનો પણ શબની સાથે અગ્નિ સંસ્કાર કરવો, જેથી મરનારના ગોત્રમાં બીજા કોઇનો નાશ થતો નથી, એમ **ગરૂડપુરાણ**માં દહનવિધિનો પાઠ છે.

પંચકમાં ઇષ્ટ કાર્ય કરવાનો નિષેધ નથી, કેમકે—પંચકના નક્ષત્રોમાં દીક્ષા આપી શકાય છે. વળી જિનમંદિરનું ખાત મૂહૂર્ત, જિનબિંબનો પ્રવેશ, જિનેશ્વરની પ્રતિષ્ઠા, અને યાત્રા પણ કરી શકાય છે, એમ આ ગ્રન્થમાંજ કહેલ છે. તથા પંચકમાં દક્ષિણ દિશામાં જવાનો નિષેધ છે પણ આજ ગ્રંથમાં શ્રવણ અને રેવતી નક્ષત્રમાં સર્વ કાળે સર્વ દિશામાં ગમન કરવાનું સ્વીકાર્યું છે. **વ્યવહાર સાર**માં તો કહ્યું છે કે—

धनिष्ठा धननाशाय, प्राणघ्नी शततारका ।
पूर्वायां दण्डयेद् राजा, उत्तरा मरणं ध्रुवम् ॥१॥
अग्निदाहश्च रेवत्या-मित्येतत् पञ्चके फलम् ॥

અર્થ—"ધનિષ્ઠામાં કાર્ય કરવાથી ધનનો નાશ થાય, શતતારામાં કાર્ય કરવાથી પ્રાણનો નાશ થાય, પૂર્વાભાદ્રપદમાં કાર્ય કરવાથી રાજદંડ થાય, ઉત્તરામાં કાર્ય કરવાથી નિશ્ચયે મૃત્યું થાય, અને રેવતીમાં કાર્ય કરવાથી અગ્નિદાહ થાય, એ પ્રમાણે પંચકનું ફળ જાણવું."

એક* સન્નવિચારમાં કહ્યું છે કે— મકર અને કુંભનો ચંદ્ર હોય ત્યારે, એટલે કે— ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભીષા અને પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર એ **શરણ પંચક** છે.આ શરણ પંચકનો અવશ્ય ત્યાગ કરવો.

યોગ યંત્રકં.

યોગ નામ.	વાર	તિથિ	નક્ષત્ર
કુમાર યોગ	સોમ, ભોમ	૧–૫–૬	અ. રો. પુન. મ. હ.
	બુધ, શુક્ર.	૧૦–૧૧	વિ. મૂ. શ્ર. પૂ–ભા.
રાજયોગ	રવિ, ભોમ,	૨–૩–૭	ભ. મૃ. પુષ્ય પૂ–ફા. ચિ.
	બુધ, શુક્ર.	૧૨–૧૫	અનુ. પૂષા. ધ. ઉભા.
સ્થવિર યોગ	ગુરૂ, શનિ.	૪–૮–૯	કૃ. આ. શ્લે. ઉફા. સ્વા.
		૧૩–૧૪	જ્યે. ઉષા. શ. રે.
દ્વિપુષ્કર	મ. ગુ. શ.	ભદ્રા	મૃ. ચિ. ધનિ.
ત્રિપુષ્કરયોગ	મંગલ, ગુરૂ, શનિ.	૨–૭–૧૨	કૃ. પુન. ઉફા. વિ. પૂભા. ઉષા.

* ભારતવર્ષ ૫/૨/૬ (વર્ષ ૫, અંક ૧૨) બંગાળી જુના હસ્તલિખિત પત્રના આધારે.

અમૃત સિદ્ધિધ્ન મૃત્યુયોગ		
રવિ	૫	હસ્ત
સોમ	૬	મૃગશર
મંગળ	૭	અશ્વીનિ
બુધ	૮	અનુરાધા
ગુરૂ	૯	પુષ્ય
શુક્ર	૧૦	રેવતી
શનિ	૧૧	રોહિણી

અબલા યોગ		
રવિ	૧૨	આદ્રા
સોમ	૧૧	મૃગશર
બુધ	૨	રોહિણી
શનિ	૫	કૃતિકા

વિષયોગ		
શની	૨	અશ્લેષા
મંગળ	૭	શતભિષા
રવિ	૧૨	કૃતિકા

હવે વિષ્કંભાદિક યોગની વર્જ્ય ઘડીયો કહે છે—

पण छस्सग नव घडिआ, विक्खंभ दुगंड सूल वाघारं
परिहद्धदिणं वज्जे, विहिइ विईपाय सयलदिणं ॥३८॥

અર્થ—વિષ્કંભ એગંડ શુલ અને વ્યાઘાતની પાંચ છ સાત અને નવ ઘડીઓ વર્જ્ય છે, પરિઘનો અર્ધ દિવસ વર્જ્ય છે તથા વૈધૃતિ અને વ્યતિપાતનો આખો દિવસ વર્જ્ય છે.

વિવેચન—નિરંતર વિષ્કંભ વિગેરે સત્યાવીશ યોગો વારાફરતી આવ્યા કરે છે. તેમના નામ **આરંભસિદ્ધિ**માં નીચે મુજબ છે—

विष्कम्भः प्रीतिरायुष्मान्, सोभाग्यः शोभनस्तथा ५ ।
अतिगण्डः सुकर्मा च, धृतिः शूलं तथैव च ९ ॥१॥
गण्डो वृद्धिर्ध्रुवश्चैव, व्याघातो हर्षणस्तथा १४ ।
वज्रं सिद्धिर्व्यतिपातो, वरियान् परिघः शिवः २० ॥२॥

सिद्धः साध्यः शुभः शुक्लो, ब्रह्मा चैन्द्रोऽथ वैधृतिः २७ ।
इति सान्वयनामानो, योगाः स्युः सप्तविंशतिः ॥३॥

અર્થ—"વિષ્કંભ, પ્રીતિ, આયુષ્યમાન્, સૌભાગ્ય, શોભન, અતિગંડ, સુકર્મા, ધ્રુતિ, શુલ (॥ ૧ ॥), ગંડ, વૃદ્ધિ, ધ્રુવ, વ્યાઘાત, હર્ષણ, વજ્ર, સિદ્ધિ, વ્યતિપાત, વરિયાન્, પરિઘ, શિવ (॥ ૨ ॥), સિદ્ધ, સાધ્ય, શુભ, શુકલ, બ્રહ્મા, ઐન્દ્ર અને વૈધૃતિ, એ પ્રમાણે નામ પ્રમાણે ગુણવાળા સત્યાવીશ યોગ છે. (॥ ૩ ॥) તેમાંના વિષ્કંભ અતિગંડ શુલ ગંડ વ્યાઘાત વજ્રપાત વ્યતિપાત પરિઘ અને વૈધ્રુતિ, એ નવ યોગો અશુભ છે. તેઓનો શુભ કાર્યમાં ત્યાગ કરવો.

આ યોગોની વિશેષ ક્રૂરતા માટે **નારચન્દ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—

विक्खंभ सूल गंडे, अइगंडे वज्ज तहय वाघाए ।
वइधिइ सूराइकमा, अइदुट्ठा मूलजोगाओ ॥१॥

અર્થ—"રવિવાર વિગેરે સાત વારોની સાથે અનુક્રમે-વિષ્કંભ શૂલ ગંડ અતિગંડ વજ્રપાત વ્યાઘાત અને વૈધ્રુતિ, એ સાત યોગ આવે તો તે મૂળ સ્વભાવથી પણ અતિ દુષ્ટ છે. ॥ ૧ ॥

પણ કદાચ અશુભયોગો લેવા પડે તો તેની આદિની જે અવશ્ય વર્જવાની ઘડીઓ છે તેનો તો અવશ્ય ત્યાગ કરવો. તેથી મૂળ શ્લોકમાં કહ્યું છે કે-વિષ્કંભની પાંચ ઘડી, ગંડ અને અતિગંડની છ ઘડી, શુલની સાત ઘડી, અને વ્યાઘાતની નવ ઘડીઓ વર્જ્ય છે. પરિઘ યોગનો અર્ધભાગ વર્જ્ય છે. વૈધ્રુતિની દરેક ઘડીઓ અને વ્યતિપાતની પણ દરેક ઘડીઓ વર્જ્ય છે.

ઉદયપ્રભસૂરિ વિશેષ કહે છે કે-વજ્રયોગ પણ દુષ્ટ છે, તેની નવ ઘડીઓ અતિ દુષ્ટ છે. તથા વ્યતિપાત વૈધૃતિ અને પરિઘ સિવાયના બીજા અશુભ યોગોનો આદિનો ચોથો ભાગ વર્જ્ય છે.

વ્યતિપાત અને વૈધૃતિના નિવારણ માટે લલ્લ કહે છે કે-

विष्टयामङ्गारके चैव, व्यतिपातेऽथ वैधृते+मध्याह्नत्परतः शुभं ।

અર્થ—"વિષ્ટિ, અંગારક. વ્યતિપાત અને વૈધ્રુત યોગમા મધ્યાન્હ પછીનો કાળ શુભ છે. એટલે કે-આવશ્યક કાર્યમાંજ આ રીતિએ શોધેલો કાળ ઉપયોગમાં લેવાય છે."

હવે આનંદાદિક ઉપયોગો અને તેઓનું ફળ કહે છે-

अस्सिणि मिग अस्सेसा, हत्थऽणुराहा य उत्तरासाढा ।
सयभिस कमेण एए, सूराइसु हुन्ति मुहरिक्खा ॥३५॥

निअवारे निअरिक्खे, मुहगणिए जत्तियं ससिरिक्खं ।
तावंतिमोवऔगो, आनंदाई सनामफलो ॥३६॥

અર્થ—અશ્વિની, મૃગશિર, અશ્લેષા, હસ્ત, અનુરાધા, ઉત્તરાષાઢા અને શતભીષા, આ સાત નક્ષત્રો અનુક્રમે-રવિ આદિ વારોને વિષે (આનંદાદિક ઉપ-યોગો માટે) મુખ નક્ષત્રો છે ॥ ૩૫ ॥ તેમાં પોતાના વારે પોતાના મુખ નક્ષત્રથી જેટલામું ચંદ્ર નક્ષત્ર આવે, તેટલામો આનંદાદિક ઉપયોગ જાણવો. તે ઉપયોગો પોતાના નામ પ્રમાણે ફળ આપનારા છે. ॥ ૩૬ ॥

વિવેચન—અભીજિત્ સાથેના અશ્વિની વિગેરે અઠયાવીશ નક્ષત્ર સાત વારની સાથે સાથે હોય ત્યારે **આનંદ** વિગેરે અઠયાવીસ **ઉપયોગ** થાય છે. રવિવાર વિગેરે સાત વારોમાં અશ્વિનીથી પાંચમાં પાંચમાં નક્ષત્રો મુખમાં મૂકવા. આ નક્ષત્રો તે વારે હોય તો પહેલો આનંદ નામનો ઉપયોગ થાય છે. ભરણી વિગેરે પાંચમા પાંચમા નક્ષત્રો સાત વારોમાં અનુક્રમે હોય તો બીજો **કાલદંડ** ઉપયોગ થાય છે. આ પ્રમાણે અઠયાવીશ ઉપયોગ થાય છે, મૂળ ગાથામાં આ રીતિ બહુ સ્પષ્ટ કરી છે. એટલે કે રવિવારે અશ્વિની, સોમવારે મૃગશર, ભોમવારે અશ્લેષા, બુધવારે હસ્ત, ગુરૂવારે અનુરાધા, શુક્રવારે ઉત્તરાષાઢા અને શનિવારે શતભીષા મુખનક્ષત્ર છે. આ મુખનક્ષત્ર પોતાના વાર સાથે હોય ત્યારે આનંદ નામનો પહેલો યોગ થાય છે. ત્યાર પછી ઈષ્ટ વારે તેના મુખ નક્ષત્રથી જેટલામું દિનનક્ષત્ર હોય તેટલામો યોગ આવે છે. અર્થાત્—રવિવારનું મુખનક્ષત્ર અશ્વિની છે, તે રવિવારે અશ્વિની હોય, તો પહેલો યોગ, ભરણી હોય તો બીજો યોગ, એમ રવિવારે અશ્વનીથી જેટલામું નક્ષત્ર આવે તેટલામો યોગ જાણવો. તથા સોમવારે મૃગશર નક્ષત્ર હોય તો પહેલો યોગ, આર્દ્રા હોય તો બીજો યોગ, હસ્ત હોય તો નવમો વજ્રયોગ, એમ સોમવારે મૃગશરથી જેટલામું નક્ષત્ર હોય તેટલામો ઉપયોગ જાણવો. આજ રીતે દરેક વારે પોતપોતાના મુખનક્ષત્રથી જેટલામું નક્ષત્ર હોય તેટલામો યોગ હોય એમ જાણવું.

અથવા ઉપયોગ લાવવાની બીજી રીત એવી છે કે—રવિવારે આનંદ, સોમવારે રાક્ષસ મંગળવારે અમૃત, બુધવારે મૃત્યુ, ગુરૂવારે મનોજ્ઞ, શુક્રવારે વજ્રપાત અને શનિવારે સૌમ્ય, એ સાત અશ્વિની નક્ષત્રથી થનારા મૂળયોગ છે, અને ભરણી વિગેરે નક્ષત્રોની સાથે ત્યાર પછીના યોગો અનુક્રમે આવે છે. આ રીતે દરેક વારે અઠયાવીશ નક્ષત્ર સાથે પોતાના મૂળ યોગથી આરંભીને અઠયાવીશ ઉપયોગ થાય છે, અઠયાવીશ ઉપયોગોનાં નામ આ પ્રમાણે છે.

आणंद कालदंडं, परिजा शुभ सोम धंस धज वच्छो ।

वज्जो मुग्गर छत्तो, मित्तो मणुन्नो य कंपो य ॥१॥
लुंपक पवास मरणं, वाही सिद्धि सूल अमिअ मुसलं ।
गज मातंग खय खिप्पं, थिरो य वद्धमाण परियाणं ॥२॥

અર્થ—આનંદ કાલદંડ, પ્રજા (પ્રાજાપત્ય), શુભ, સૌમ્ય, ધ્વાંક્ષ, ધ્વજ, શ્રીવત્સ, વજર, મુદ્ગર, છત્ર, મિત્ર મનોજ્ઞ, કંપ ॥ ૧ ॥ લુંપક, પ્રવાસ, મરણ, વ્યાધિ, (કાણુ) સિદ્ધિ, શુલ, અમૃત, મુશલ, ગજ, માતંગ, ક્ષય, ક્ષિપ્ર, (ચર), સ્થિર અને વર્ધમાન, એ અઠયાવીશ ઉપયોગો જાણુવા ॥૨॥

આ યોગોમાં પ્રજા શબ્દથી પ્રજાપતિ કે પ્રાજાપત્ય નામ લેવું, પ્રજાયોગનું બીજું નામ ધુમ્ર છે. ક્ષિપ્ર શબ્દથી ચરયોગ લેવો. શુભ યોગનાં સુરોત્તમ અને પ્રજાપતિ એવાં બે નામો છે. મનોજ્ઞાદિ આઠ યોગોની અનુક્રમે–માનસ, પદ્મ, લંબક, ઉત્પાત, મૃત્યુ, કાણુ, સિદ્ધિ અને શુભ, એવી પણ સંજ્ઞાઓ છે. ગજ યોગનું બીજું નામ ગદ છે, અને ક્ષય યોગનું બીજુ નામ રાક્ષસ છે, આ દરેક યોગો પોતાનાં નામ પ્રમાણે ફળ આપે છે. *

---

* आनन्दो धनलाभाय, कालदण्डे महद् भयम् ।
प्राजापत्यस्तु पुत्राय, शुभे सर्वं शुभं भवेत् ॥१॥
सौम्ये सर्व क्रिया सिद्धिः ध्वाङ्क्षो क्षुद्राय मानसे ।
ध्वजेन कोटिरर्थः स्यात्, श्रीवत्साद् रत्नसंचयः ॥२॥
वज्रो वज्रभयं दद्याद्, मुद्गरान्मरणं ध्रुवम् ।
छत्रे नृपसुखं दद्याद्, मित्रे मित्रसमागमः ॥३॥
मनोज्ञो मनसः सौख्यं, कम्पः सभयमापदम् ।
लुम्पको लुम्पते चौरान्, प्रवासाच्च जनच्युतिः ॥४॥
मरणे मृत्यु माप्नोति, व्याधौ व्याधि सदाऽऽपदो ।
सिद्धौ सर्वक्रियासिद्धिः, शूले शूलसमुद्भवः ॥५॥
अमृतो हरते पापं, मूशलो बन्धुनाशनः ।
गजेन धनलाभः स्यात्, मातङ्गेनाऽनलाद् भयम् ॥६॥
क्षये क्षयो नरेशस्य, क्षिप्रे क्षिप्रं शुभाशुभम् ।
स्थिरे स्थिराणि कार्याणि, वर्धमानेन वर्धनम् ॥७॥

[नारचन्द्र टिप्पन.]

યોગચક્ર

	નામ	રવિ	સોમ	ભોમ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
૧	આનંદ	અશ્વિ	મૃગ	અશ્લે	હસ્ત	અનુ	ઉષા	શત
૨	કાલદંડ	ભ	આ	મ	ચિ	જ્યે	અભિ	પૂભા
૩	પ્રાજાપત્ય	કૃ	પુન	પૂફા	સ્વા	મૂ	શ્ર	ઉભા
૪	સુરોત્તમ	રો	પું	ઉફા	વિ	પૂષા	ધ	રે
૫	સૌમ્ય	મૃગ	અશ્લે	હ	અનુ	ઉષા	શત	અશ્વિ
૬	ધ્વાંક્ષ	આ	મ	ચિ	જ્યે	અ	પૂભા	ભ
૭	ધ્વજ	પુન	પૂફા	સ્વા	મૂ	શ્ર	ઉભા	કૃ
૮	શ્રીવત્સ	પુ	ઉફા	વિ	પૂષા	ધ	રે	રો
૯	વજ	અશ્લે	હ	અનુ	ઉષા	શત	અશ્વિ	મૃ
૧૦	મુદગર	મ	ચિ	જ્યે	અ	પૂભા	ભ	આ
૧૧	છત્ર	પૂફા	સ્વા	મૂ	શ્ર	ઉભા	કૃ	પુન
૧૨	મિત્ર	ઉફા	વિ	પૂષા	ધ	રે	રો	પુ
૧૩	મનોજ્ઞ	હસ્ત	અનુ	ઉષા	શત	અશ્વિ	મૃ	શ્લે
૧૪	કંપ	ચિ	જ્યે	અ	પૂભા	ભ	આ	મ
૧૫	લુંપક	સ્વા	મૂ	શ્ર	ઉભા	કૃ	પુન	પૂફા
૧૬	પ્રવાસ	વિ	પૂષા	ધ	રે	રો	પુ	ઉફા
૧૭	મરણ	અનુ	ઉષા	શત	અશ્વિ	મૃ	શ્લે	હ
૧૮	વ્યાધિ-કાણ	જ્યે	અભિ	પૂભા	ભ	આ	મ	ચિ
૧૯	સિદ્ધિ	મૂ	શ્ર	ઉભા	કૃ	પુન	પૂફા	સ્વા
૨૦	શુલ (ભ)	પૂષા	ધ	રે	રો	પુ	ઉફા	વિ
૨૧	અમૃત	ઉષા	શત	અશ્વિ	મૃ	શ્લે	હ	અનુ
૨૨	મુશલ	અભિ	પૂભ	ભ	આ	મ	ચિ	જ્યે
૨૩	ગજ	શ્ર	ઉભા	કૃ	પુન	પૂફા	સ્વા	મૂ
૨૪	માતંગ	ધ	રે	રો	પું	ઉફા	વિ	પૂષા
૨૫	રાક્ષસ	શત	અશ્વિ	મૃ	શ્લે	હા	અનુ	ઉષા
૨૬	ચર	પૂભા	ભ	આ	મ	ચિ	જ્યે	અ
૨૭	સ્થિર	ઉભા	કૃ	પુંન	પૂફા	સ્વા	મૂળ	શ્ર
૨૮	વર્ધમાન	રે	રો	પુ	ઉફા	વિ	પૂષા	ધ

આ અઠ્યાવીશ યોગમાં–કાલદંડ, ધ્વાંક્ષ, વજર; મુદ્દગર, કંપ. લુંપક, પ્રવાસ, મરણ, વ્યાધિ, શુલ, મુશલ, માતંગ અને ક્ષય યોગો અશુભ છે. બાકીના યોગો શુભ છે. આ દરેક યોગો પોતપોતાનાં નામ પ્રમાણે ફળ આપે છે

નારચંદ્ર ટીપ્પનમાં કહ્યું છે કે—અશુભ યોગોનો સર્વથા ત્યાગ ન થઈ શકે તેમ હોય તો સર્વ કુયોગની બે ઘડી વર્જવી, તથા ઉત્પાત મૃત્યુ અને કાણની સાત છ અને પાંચ ઘડી વર્જવી. બીજા ગ્રન્થમાં કહ્યું છે કે—કાલદંડની ૬૦ ઘડી, કાણની ૬૦ ઘડી, ઉત્પાતની ૬૦ ઘડી, મૃત્યુની ૬૦ ઘડી; ઝંદની ૭ ઘડી, ધ્વાંક્ષની ૫ ઘડી, વજની ૫ ઘડી, મુદ્દગરની ૫ ઘડી લુંબકની ૪ ઘડી, પદ્મની ૪ ઘડી ,ચરની ૩ ઘડી, મુશલની ૨ ઘડી, અને ધુમાક્ષની ૧ ઘડી અશુભ છે.

આ યોગો, વાર અને નક્ષત્ર એ બેના મેળાપથી થાય છે. પહેલાના શ્લોકોમાં ત્રણ વસ્તુના મેળાપથી થનારા યોગ દર્શાવ્યા છે, તેથી ક્રમશઃ બે વસ્તુના યોગ દર્શાવતાં વિષ્કંભાદિક તથા આનંદાદિક યોગ દર્શાવ્યા છે.

જોકે વાર તિથિ કે નક્ષત્રથી થનારા યોગો પ્રસિદ્ધ છે, પણ **જ્યોતિષહીર**માં લઘુ દિનશુદ્ધિ દેખાડતાં માસ અને તિથિનો **સર્વાંકયોગ** આપેલ છે. તે આ પ્રમાણે—

ચૈત્રાદિ ગત માસને બમણા કરી તેમાં ચાલુ માસના ગત દિવસો મેળવવા અને આ સંખ્યાને સાતથી ભાગ દેવો. ભાગ આપતાં જે શેષમાં રહે તેનાં આ પ્રમાણે નામો છે—

सिरिंय कलहे य आणंदं, मिय धम्म तपस विजयं ।

અર્થ—"શ્રી, કલહ, આનંદ, મૃત્યુ, ધર્મ તપસ અને વિજય" આ સાતે યોગોનાં પોતાનાં નામ પ્રમાણે ફળ છે, જે પૈકીના તપસનું ફળ સમભાવવાળું છે.

પ્રથમ વાર અને તિથિના શુભયોગ કહે છે—

नवमेगट्ठमी सूरे, सोमे बीआ नवमिआ ।
भोमे जयाय छट्ठी अ, बुहे भद्दा तिही सुहा ॥३७॥
गुरु ऐगारसी पुन्ना, सुक्के नंदा य तेरसी ।
सणिम्मि अट्ठमी रित्ता, तिही वारेसु सोहणा ॥३८॥

અર્થ—રવિવારે નોમ એકમ અને આઠમ, સોમવારે બીજ અને નોમ, ભોમવારે જયા અને છઠ્ઠ, બુધવારે ભદ્રા, ગુરૂવારે અગીયારશ અને પૂર્ણા, શુક્રવારે નંદા અને તેરશ તથા શનિવારે આઠમ અને રિક્તા તિથિ શોભન છે.

વિવેચન—આ ગાથાઓમાં તિથિ અને વારથી થનારા સિદ્ધિયોગો દર્શાવ્યા છે, તે આ પ્રમાણે—રવિવારે એકમ આઠમ કે નોમ હોય, સોમવારે બીજ કે નોમ હોય, મંગળવારે ત્રીજ છઠ્ઠ આઠમ કે તેરશ હોય, બુધવારે બીજી સાતમ કે બારશ હોય, ગુરૂવારે પાંચમ દશમ અગ્યારશ કે પુનમ હોય, શુક્રવારે એકમ છઠ્ઠ અગ્યારશ કે તેરશ હોય અને શનિવારે ચોથ આઠમ નોમ કે ચૌદશ હોય તો **શુભયોગ** થાય છે

લગ્નશુદ્ધિ માં તો રવિવાર અને સોમવારના યોગમાં માત્ર આઠમ અને નોમ એમ એકેક તિથિઓજ કહી છે.

જે જે તિથિ અને વારના શુભયોગો કહ્યા છે તે પોતપોતાની તિથિ કે વારના ઇષ્ટકાર્યના સાધક છે પણ પોતપોતાના તિથિ કે વારમાં નિષેધેલ કાર્યને તે સફળ કરતા નથી. કેમકે—સૌમ્ય તિથિ કે વારથી થયેલ શુભયોગ સૌમ્ય કાર્યને સાધે છે, જ્યારે ક્રુરતિથિ અને વારથી થયેલ શુભ યોગ ક્રુરકાર્યને સાધે છે. જેમકે—મંગળવારે સિદ્ધિયોગ થાય તો તેમાં મંગળવારનાં આરંભ—સમારંભનાં ક્રુર કામો સિદ્ધ થાય છે, પણ ખેતી વ્યાપાર વિગેરે સોમવારનાં વિદ્યા યાત્રા વિગેરે ગુરૂવારનાં, કે દીક્ષા વિગેરે શનિવારનાં કાર્યો સિદ્ધ થતાં નથી.

આજ રીતે તિથિ વાર કે નક્ષત્રથી થતા દરેક શુભા-શુભ યોગમાં અનુકુળ અને પ્રતિકુળ કાર્યની પ્રસંગાનુકુલ સામાન્ય સફળતા અને વિફળતા જાણવી. શનિવાર અને રિક્તાના સિદ્ધિયોગ માટે આ નિયમ દેખાતો નથી, તેને માટે નારચંદ ટીપ્પણમાં કહ્યું છે કે—

नवमी चउत्थीइं चउद्दसींइं, जइ सणिवार लहिज्ज ।
एकइ कज्जइ निग्गया, कज्जसयाइं करिज्ज ॥१॥

અર્થ—"નોમ ચોથ અને ચૌદશે જો શનિવાર હોય તો એક કાર્ય માટે નીકળેલ મનુષ્ય સેંકડો કાર્ય સાધી શકે છે. ૧",

હવે વારને આશ્રીને શુભયોગકારક નક્ષત્રો કહે છે—

रेवस्सिणी धणिट्ठा य, पुण पुस्स तिउत्तरा ।
सूरे, सोमम्मि पुस्सो अ, रोहिणी अणुराहया ॥३९॥
भोमे मिगं च मुलं च, अस्सेसा अस्सेसा रेवई तहा ।
बुहे मिगसिरं पुस्सा,-सेसा सवण रोहिणी ॥४०॥
जीवे हत्थऽस्सिणी पू-फ, विसाहादुग रेवई ।

सुक्के उ-फा उ-खा हत्थं, सवणाणु पुण स्सिणी ॥४१॥
सणिम्मि सवणं पू-फा, महा सयभिसा सुहा ।
पुव्वत्ततिहिसंजोगे, विसेसेण सुहावहा ॥४२॥

અર્થ—રવિવારે રેવતી અશ્વિની ધનિષ્ઠા પુનર્વસુ પુષ્ય અને ત્રણ ઉત્તરા સોમવારે પુષ્ય રોહિણી અને અનુરાધા, ભોમવારે મૃગશર મૂળ અશ્લેષા અને રેવતી, બુધવારે મૃગશર પુષ્ય અશ્લેષા શ્રવણ અને રોહિણી, ગુરૂવારે હસ્ત અશ્વિની પૂર્વાફાલ્ગુની વિશાંખાદ્વિક કે રેવતી, શુક્રવારે ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા હસ્ત શ્રવણ અનુરાધા પૂનર્વસુ અને અશ્વિની, તથા શનિવારે શ્રવણ પૂર્વાફાલ્ગુની મઘા અને શતભીષા નક્ષત્ર શુભ છે. અને ઉપર કહેલ તિથિનો સંયોગ થાય તો વિશેષ શુભ છે.

વિવેચન—સાતે વારમાં સિદ્ધિયોગ કરનારાં નક્ષત્રો આ ચાર ગાથામાં ગણાવ્યા છે. તેમાં ત્રિઉત્તરા શબ્દથી ઉત્તરા ફાલ્ગુની ઉત્તરા ભાદ્રપદ અને ઉત્તરાષાઢા એ ત્રણ નક્ષત્ર લેવાના છે, તથા વિશાખાદ્વિક શબ્દથી વિશાખા અને અનુરાધા એ બે નક્ષત્રો લેવાના છે. વિશેષ અર્થ સુગમ છે.

આરંભસિદ્ધિમાં તો સાત વારના શુભયોગમાં આ પ્રમાણે ઘણાં નક્ષત્રોની નામાવલી આપી છે–રવિવારે અશ્વિની રોહિણી મૃગશર પુનર્વસુ પુષ્ય ઉત્તરાફાલ્ગુની હસ્ત મૂલ ઉત્તરાષાઢા ધનિષ્ઠા ઉત્તરાભાદ્રપદ અને રેવતી નક્ષત્ર હોય, સોમવારે–રોહિણી મૃગશર પુષ્ય ઉત્તરાફાલ્ગુની હસ્ત અનુરાધા શ્રવણ અને શતતારા નક્ષત્ર હોય, મંગળવારે–અશ્વિની કૃત્તિકા મૃગશર પુષ્ય અશ્લેષા ઉત્તરાફાલ્ગુની વિશાખા મૂળ ઉત્તરાભાદ્રપદ અને રેવતી હોય, બુધવારે–કૃતિકા રોહિણી મૃગશર પુષ્ય ઉત્તરાફાલ્ગુની હસ્ત અનુરાધા જ્યેષ્ઠા પુર્વાષાઢા અને શ્રવણ નક્ષત્ર હોય, ગુરૂવારે–અશ્વિની પુનર્વસુ પુષ્ય અશ્લેષા પુર્વફાલ્ગુની સ્વાતિ વિશાખા અનુરાધા પૂર્વાષાઢા ધનિષ્ઠા પૂર્વાભાદ્રપદ અને રેવતી નક્ષત્ર હોય, શુક્રવારે–અશ્વિની મૃગશર પુનર્વસુ પૂર્વાફાલ્ગુની હસ્ત અનુરાધા પૂર્વાષાઢા ઉત્તરાષાઢા શ્રવણ ધનિષ્ઠા અને રેવતી હોય, તથા શનિવારે–અશ્વિની રોહિણી પુષ્ય મઘા સ્વાતિ અનુરાધા શ્રવણ ધનિષ્ઠા અને શતતારા નક્ષત્ર હોય તો તે શુભ છે. આ શુભ યોગમાં અમૃત સિદ્ધિયોગ સિદ્ધિયોગ અને દરેક સામાન્ય શુભયોગનો સમાવેશ થાય છે.

લગ્નશુદ્ધિ અને **નારચંદ્ર**ના શુભયોગોમાં પણ કેટલાક નક્ષત્રનો ફેરફાર છે. **આરંભસિદ્ધિ**માં તો કહ્યું છે કે—એક સાથે શુભયોગ અને અશુભયોગ થાય તો તેમાં અશુભ યોગનું બળ હણાય છે. વાર તિથિનો અને વાર નક્ષત્રનો સિદ્ધિયોગ એક દિવસે આવે

તો તે અમણું ફળ આપનારો વિશેષ સિદ્ધિયોગ કહેવાય છે.

હવે અમૃતસિદ્ધિયોગ કહે છે—

हत्थं मिगऽसिणो चेवा-ऽणुराहा पुस्स रेवई ।
रोहिणी वारजोगेणा–ऽमिअसिद्धिकरा कमा ॥४३॥

અર્થ—હસ્ત મૃગશર અશ્વિની અનુરાધા પુષ્ય રેવતી અને રોહિણી અનુક્રમે સાતવારની સાથે અમૃતસિદ્ધિયોગ કરનારા છે.

વિવેચન—રવિવારે હસ્ત નક્ષત્ર હોય, સોમવારે મૃગશર હોય મંગળવારે અશ્વિની હોય બુધવારે અનુરાધા હોય ગુરૂવારે પુષ્ય નક્ષત્ર હોય, શુક્રવારે રેવતી નક્ષત્ર હોય, અને શનિવારે રોહિણી નક્ષત્ર હોય તો અમિતસિદ્ધિને દેવાવાળો અમૃતસિદ્ધિ યોગ થાય છે. તેના બળ માટે **હર્ષપ્રકાશમાં** કહ્યું છે કે—

भद्रा संवर्तकाद्यैश्चेत्, सर्वदुष्टेऽपि वासरे ।
योगोऽस्त्यमृतसिद्ध्याख्य, सर्व दोषक्षयस्तदा ॥१॥

અર્થ—ભદ્રા અને સંવર્તક વિગેરેથી દુષ્ટ થયેલ દિવસે પણ જો અમૃતસિદ્ધિયોગ હોય તો સર્વ દુષણોનો ક્ષય થાય છે ॥ ૧ ॥

રત્નમાલા ભાષ્યમાં પણ કહ્યું છે કે—અમૃતયોગમાં કરેલ કાર્યની અવશ્ય સિદ્ધિ થાય છે. કેટલાક આચાર્ય કહે છે કે—આ સાતે અમૃતસિદ્ધિ યોગમાં અનુક્રમે પાંચમથી અગ્યારસ સુધીની સાત તિથિઓ હોય તો મૃત્યુયોગ થાય છે. જે અમે તિથિ વાર અને નક્ષત્ર એ ત્રણના યોગમાં દેખાડી ગયા છીએ વળી મુહુર્ત ચિંતામણીમાં પણ કહ્યું છે કે—

गृह प्रवेशे यात्रायां, विवाहे च यथाक्रमम् ।
भौमेऽश्विनी शनौ ब्राह्मं, गुरौ पुष्यं च वर्जयेत् ॥१॥

અર્થ—ગૃહપ્રવેશ યાત્રા અને વિવાહમાં અનુક્રમે—ભોમવારે અશ્વિની હોય, શનિવારે રોહિણી હોય, અને ગુરૂવારે પુષ્ય હોય તો તે વર્જ્ય છે, વિવાહની પેઠે **દિક્ષામાં** પણ ગુરૂવારે પુષ્ય નક્ષત્ર હોય તો શુભ નથી. આ રીતે અમુક કાર્યોમાં નિષેધેલ અમૃતસિદ્ધિયોગ અશુભ છે.

હવે ઉત્પાતાદિ ચાર યોગ કહે છે—

वारेसु कमसो रिक्खा, विसांहाइ चऊ चऊ ।
उप्पाय मचचुकाणाक्ख–सिद्धिजोगावहा भवे ॥४४॥

અર્થ—વારોની સાથે રહેલ અનુક્રમે વિશાખાદિ ચાર ચાર નક્ષત્રો અનુક્રમે ઉત્પાત મૃત્યુ કાણાક્ષ અને સિદ્ધિયોગવાળા થાય છે.

વિવેચન—આનંદાદિ અઠ્યાવીશ ઉપયોગમાં દેખાડેલ પ્રવાસ, મરણ, વ્યાધિ સિદ્ધિયોગોનું બીજુ નામ ઉત્પાત મૃત્યુ કાણાક્ષ અને સિદ્ધિ છે. અને તે દરેક કાર્યમાં વિશેષ મહત્ત્વાવાળા હોવાથી ફરીવાર ગણાવેલ છે. તે લાવવા મૂળ ગાથામાં કહ્યું છે કે—વિશાખાથી સ્વાતિ સુધીના અઠ્યાવીશ નક્ષત્રોમાંથી એકેક વારની નીચે ચાર ચાર નક્ષત્રો સ્થાપવાં તેમાં પહેલા નક્ષત્રો સાથે ઉત્પાત, બીજા નક્ષત્રો સાથે મૃત્યુ ત્રીજા નક્ષત્રો સાથે કાણ, અને ચોથા નક્ષત્રોસાથે સિદ્ધિયોગ થાય છે.

એટલે રવિવારને વિશાખાએ ઉત્પાત, રવિવારે ને અનુરાધાએ મૃત્યુ, રવિવાર ને જ્યેષ્ઠાએ કાણ, તથા રવિવારને મુળ નક્ષત્રે સિદ્ધિયોગ થાય છે આ રીતે દરેક વારમાં ચાર ચાર નક્ષત્રના યોગે ઉત્પાત વિગેરે ચાર ચાર યોગો તૈયાર થાય છે, જેમાં ઉત્પાત મૃત્યુ અને કાણયોગો અશુભ છે. જ્યારે સિદ્ધિયોગ શુભ છે. જેમાંથી અશુભ યોગનો શુભ કાર્યમાં સર્વથા ત્યાગ કરવો. કાર્ય કર્યા વિના ન ચાલી શકે તેવું હોય ત્યારે **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—

सर्वेषां हि कुयोगानां, वर्जयेद् घटिकाद्वयम् ।
उत्पातमृत्युकाणानां, सप्त षट् पञ्च नाडिकाः ॥१॥

અર્થ—"સર્વ કુયોગની બે ઘડી વર્જવી, તથા ઉત્પાત મૃત્યું અને કાણ યોગની અનુક્રમે સાત છ અને પાંચ ઘડી વર્જવી. ॥ ૧ ॥ સિદ્ધિયોગ સર્વ કાર્યમાં શુભ જ છે.

હવે યમઘંટ અને જન્મ નક્ષત્ર કહે છે—

म वि आ मू कि रो ह, सुराइस वज्जणिज्ज जमघंटा ।
भ चि उ-ख ध उ-फा जे रे, इअ असुहा जम्मरिक्खा य ॥४५॥

અર્થ—રવિ આદિ સાત વારની સાથે અનુક્રમે—મઘા વિશાખા આર્દ્રા મૂળ કૃતિકા રોહિણી અને હસ્ત નક્ષત્રો હોય તો યમઘંટ નામનો વજર્ય યોગ થાય છે. તથા ભરણી ચિત્રા ઉત્તરાષાઢા ધનિષ્ઠા ઉત્તરાફાલ્ગુની જ્યેષ્ઠા અને રેવતી નક્ષત્રો હોય તો અશુભ છે. અને રવિ આદિના જન્મ નક્ષત્રો પણ અશુભ છે.

વિવેચન—રવિવારે મઘા, સોમવારે વિશાખા, મંગળવારે આર્દ્રા, બુધવારે મૂળ, ગુરૂવારે કૃત્તિકા, શુક્રવારે રોહિણી અને શનિવારે હસ્ત નક્ષત્ર હોય તો **યમઘંટ** યોગ થાય છે. આ યોગ અતિ દુષ્ટ છે, તેની દુષ્ટતા માટે લલ્લ કહે છે કે—

यमघन्टे गते मृत्युः, कुलोच्छेदः करग्रहे ।
कर्तुर्मृत्युः प्रतिष्ठायां, पुत्रो जातो न जीवति ॥१॥

અર્થ—"યમઘંટમાં ગમન કરવાથી મૃત્યુ થાય છે, વિવાહ કરવાથી કુલનો ઉચ્છેદ થાય છે, પ્રતિષ્ઠા કરવાથી પ્રતિષ્ઠાકારનું મૃત્યુ થાય છે, તથા પુત્રનો જન્મ થયો હોય તો તે જીવતો નથી." ॥ ૧ ॥

અતિ જરૂરી કાર્ય હોય અને યમઘંટના દોષ વિના બીજી દરેક રીતે સાનુકુળતા હોય, તો યમઘંટની અમુક અતિદુષ્ટ ઘડીઓ વર્જવાથી યમઘંટના દોષનો પરિહાર થાય છે, એવું જ્યોતિર્વિદોનું મંતવ્ય છે. તેમાં કેટલાક આચાર્ય કહે છે કે—અતિ આવશ્યકતામાં યમઘંટની આદિની નવ ઘડીઓનો ત્યાગ કરવો. બીજા તો કહે છે કે—બુધવાર અને શનિવારના યમઘંટની અંત્યની ત્રીશ ત્રીશ ઘડીઓ, તથા બાકીના રવિ વિગેરે પાંચ વારના યમઘંટમાં આદિની અનુક્રમે પંદર છ, અગીયાર, સાડાસાત અને સાઠ ઘડીઓનો ત્યાગ કરવો.

લગ્નશુદ્ધિમાં યમઘંટની દૂષિત ઘડીઓ માટે કહ્યું છે કે—

पनरस तेरऽट्ठारस, एगा सग सत्त अट्ठ घडिआओ ।
जमघंटस्स उ दुट्ठा, रविमाइसु सत्तवारेसु ॥१॥

અર્થ—રવિવાર વિગેરે સાત વારે અનુક્રમે યમઘંટની દુષ્ટ ઘડીઓ—પંદર તેર, અઢાર, એક, સાત, સાત અને આઠ છે." ॥ ૧ ॥

આ શ્લોકોમાં યમઘંટનો પરિહાર કહ્યો છે, પરંતુ વ્યતિપાત વૈધૃત અને યમઘંટનો સર્વથા ત્યાગ કરવો એ વધારે હિતકર છે. બીજા ગ્રંથોમાં તો સોમવારે અશ્વિની, મંગળવારે મઘા, બુધવારે આર્દ્રા અને પૂર્વા ફાલ્ગુની, ગુરૂવારે શ્રવણ, શુક્રવારે સ્વાતિ, તથા શનિવારે પુર્વાષાઢા, ઉત્તરાષાઢા અને રેવતી હોય તો પણ યમઘંટ યોગ કહ્યો છે.

મૂળ ગાથામાં ઉત્તરાર્ધથી એ અશુભ યોગો કહ્યા છે તે કથન પ્રમાણે રવિવારે ભરણી સોમવારે ચિત્રા મંગળવારે ઉત્તરાષાઢા બુધવારે ધનિષ્ઠા, ગુરૂવારે ઉત્તરાફાલ્ગુની, શુક્રવારે જ્યેષ્ઠા, અને શનિવારે રેવતી નક્ષત્ર હોય તો કુયોગ થાય છે. અન્ય ગ્રંથોમાં આ યોગનું નામ **વજ્રમુશળ** કહેલ છે તેના ફળ માટે હીરજ્યોતિષમાં કહ્યું છે કે—

गइ जन्मरिसी एए, वज्जे विवाह किरिए विहवं ।
गमणारंभे मरणं, चेइयठवणेविद्धंसं ॥१॥

सेवाइ हवइ निप्फल, करसण अफलो य दाहं गिहपवेसे ।
विज्जारंभे य जडं, वत्थुवावरइ भसमसायं ॥२॥

અર્થ—"શુભ કાર્યમાં આ ગ્રહ જન્મનક્ષત્રનો ત્યાગ કરવો. કેમકે–તેમાં વિવાહ કરે તો વિધવા થાય છે, ગમન કરે તે મૃત્યુ પામે છે ચૈત્યની પ્રતિષ્ઠા કરે તો મંદિરનો ધ્વંશ થાય છે. સેવા કરે તો નિષ્ફળ જાય છે, ખેતી કરે તો નકામી થાય છે, ઘરમાં પ્રવેશ કરે તો અગ્નિ ઉત્પન્ન થાય છે, વિદ્યાનો આરંભ કરે તો જડ થાય છે, અને જે વસ્તુ વાપરે તે વસ્તુ ભસ્મસાત્ થાય છે ॥ ૧–૨ ॥" આ યોગમાં દીક્ષા લેનાર પણ વ્રતથી પડે છે, એમ નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું છે.

જે ગ્રહનું જે જન્મ નક્ષત્ર હોય તે પોતપોતાના ગ્રહના વારે આવે તો **જન્મગ્રહ** નામનો કુયોગ થાય છે.

* ગ્રહોના જન્મ નક્ષત્રો આ પ્રમાણે છે.

विशाखा कृतिकाप्यानि, श्रवणो भाग्य मिज्यभम् ।
येवतियाम्यमश्लेषा, जन्मर्क्षाण्यर्कतः क्रमात् ॥१॥

અર્થ— રવિ વિગેરે નવ ગ્રહના જન્મનક્ષત્રો અનુક્રમે વિશાખા, કૃત્તિકા, ઉત્તરાષાઢા શ્રવણ, પુર્વાફાલ્ગુની, મૃગશર, રેવતી, ભરણી અને અશ્લેષા છે. (૪૨)

લલ્લ કહે છે કે કુરગ્રહ ઉલ્કા વિગેરેથી પીડાતા નક્ષત્રનો ગ્રહ યાત્રા કુંડળીનાં લગ્નમાં આવે તો તે અશુભ છે.

અન્ય ગ્રંથોમાં વાર અને નક્ષત્રના બીજા પણ કુયોગો કહેલા છે, જે આ પ્રમાણે છે— રવિ વિગેરે સાત વારોમાં અનુક્રમે ભરણી, પુષ્ય, ઉત્તરાષાઢા, આર્દ્રા, વિશાખા, રેવતી અને શતભીષા નક્ષત્ર હોય તો **શત્રુયોગ** થાય છે, પ્રીતિના કાર્યમાં આ યોગ વર્જવો.

રવિ વિગેરે સાત વારોમાં અનુક્રમે–ઉત્તરાષાઢા, આર્દ્રા, વિશાખા, રોહીણી, શતભીષા, મઘા અને મુળ નક્ષત્ર હોય તો **ચરયોગ** થાય છે, જે સ્થિર કાર્ય માટે અશુભ છે.

રવિવારે મઘા કે ધનિષ્ઠા, સોમવારે મુળ કે વિશાખા, મંગળવારે કૃતિકા કે ભરણી બુધવારે પુનર્વસુ કે રેવતી, ગુરૂવારે અશ્વિની કે ઉત્તરાષાઢા, શુક્રવારે રોહીણી કે અનુરાધા

* ગ્રહો જન્મ નક્ષત્રમાં મદોન્મત્ત રહે છે, તેથી સ્વકાર્ય કરી શકતા નથી. આ પણ ગ્રહનું એક નિર્બળ સ્થાન છે. એમ સમજાય છે.

અને શનિવારે શ્રવણ કે શતતારા નક્ષત્ર હોય તો **યમદંષ્ટ્રા યોગ** થાય છે; આ યોગ દરેક કાર્યમાં અશુભ છે, **આરંભસિદ્ધિ** વિગેરે ગ્રંથોમાં જે સાત વારના અશુભ નક્ષત્રોની નામાવલી આપી છે તેમાં આ દરેક કુયોગોનો સમાવેશ થઈ જાય છે.

હવે એક વર્જ્ય યોગ તથા કર્ક યોગ કહે છે.

गुरि सयभिस सणि उत्तर-साढा एया विवज्जए पायं ।
बारसि एगेगहीणा, सूराइसु कक्कजोगु चए ॥४६॥

અર્થ—ગુરૂવારે શતભીષા અને શનિવારે ઉત્તરાષાઢા નક્ષત્ર હોય તો તે પ્રાયઃ વર્જ્ય છે. તથા રવિ આદિ વારને દિવસે બારશ વિગેરે એકેક હીણુ તિથિ હોય તો કર્કયોગ થાય છે, તે પણ ત્યાજ્ય છે.

વિવેચન—મુળ ગાથામાં પુર્વાર્ધથી–ગુરૂવારે શતભીષા નક્ષત્ર હોય અને શનિવારે ઉત્તરાષાઢા હોય, એમ બે વારના કુયોગો દેખાડ્યા છે. તે બન્ને યોગો શુભકાર્યમાં પ્રાયઃ વર્જ્ય છે. **આરંભસિદ્ધિ**માં તો આ બન્ને યોગોને વર્જ્યકહેલ છે. કેમકે–ગુરૂવારે શતભીષા નક્ષત્ર હોય તો **ચરયોગ** અને શનિવારે ઉત્તરાષાઢા નક્ષત્ર હોય તો **યમઘંટ** (મતાંતર) થાય; છે જે બન્ને યોગો **દિનશુધ્ધિના** પ્રણેતાને માન્ય છે.

ગાથાના ઉત્તરાર્ધથી વાર અને તિથિના કુયોગોનો પ્રારંભ કહે છે, તેમાં અહીં તો માત્ર કર્કયોગજ દેખાડે છે રવિ વિગેરે સાત વારને વિષે અનુક્રમે બારશથી પ્રારંભીને એકેક ઓછી તિથિ હોય તો **કર્કયોગ** થાય છે. એટલે–રવિવારે બારસ, સોમવારે અગીયારસ મંગળવારે દશમ બુધવારે નોમ, ગુરૂવારે આઠમ શુક્રવારે સાતમ અને શનિવારે છઠ્ઠ તિથિ આવે તો કર્કયોગ થાય છે. આ યોગ લાવવાની બીજી એવી રીત છે કે—વાર અને તિથિની સંખ્યા ભેગી કરવાથી તેરનો આંક આવે ત્યારે કર્કયોગ થાય છે, કર્કયોગનો શુભ કાર્યમાં ત્યાગ કરવો. તેનું બીજું નામ **ક્રકચયોગ** પણ છે.

હવે વારને આશ્રીને અશુભ તિથિઓ કહે છે—

छट्ठि सत्तमि इगार, चउद्दसी सुरि, सोमि सगबार तेरसी ।
मंगले इग इगारसी, बुहे वज्जए इग चउद्दसी जया ॥४७॥
छट्ठि चउत्थि सह भद्दया, गुरु सुक्कि बीअ सह तीइ रित्तया ।
पुन्न सत्तमि सणिम्मि सव्वहा, वज्जए इअ तिही विसेसओ ॥४८॥

અર્થ—રવિવારે છઠ્ઠ, સાતમ, અગીયારસ અને ચૌદશ, સોમવારે સાતમ, બારશ અને તેરશ, મંગળવારે એકમ અને અગીયારશ, બુધવારે એકમ ચૌદશ અને જયા, ગુરૂવારે છઠ્ઠ ચોથ અને ભદ્રા, શુક્રવારે બીજ ત્રીજ અને રિક્તા, તથા શનિવારે પૂર્ણા અને સાતમ તિથિ વિશેષ કરીને વર્જ્ય છે.

વિવેચન—રવિવારે છઠ્ઠ, સાતમ, અગીયારશ અને ચૌદશ હોય તો અશુભ છે, સોમવારે સાતમ, બારસ અને તેરશ તિથિ હોય તો અશુભ છે, મંગળવારે–એકમ અને અગીયારશ હોય તો અશુભ છે. બુધવારે–એકમ, ત્રીજ, આઠમ, તેરશ અને ચૌદશ હોય તો અશુભ છે, ગુરૂવારે–બીજ, ચોથ, છઠ્ઠ, સાતમ અને બારશ હોય તો અશુભ છે, શુક્રવારે–બીજ ત્રીજ, ચોથ નોમ અને ચૌદશ હોય તો અશુભ છે, તથા શનિવારે પાંચમ સાતમ દશમ અને પુનમ હોય તો અશુભ છે. આ સર્વ અશુભ તિથિઓનો શુભકાર્યમાં સર્વથા ત્યાગ કરવો.

આ વાર અને તિથિઓના સર્વ કુયોગોનાં નીચે પ્રમાણે નામો છે.

નારચંદ્રમાં કહ્યું છે કે—રવિવારે નંદા, સોમવારે ભદ્રા મંગળવારે નંદા, બુધવારે જયા, ગુરૂવારે ભદ્રા, શુક્રવારે રિક્તા અને શનિવારે પુર્ણા તિથિ હોય તો **મૃત્યુયોગ** થાય છે. રવિ વિગેરે સાત વારને વિષે અનુક્રમે–બારશ અગીયારશ, પાંચમ, ત્રીજ, છઠ્ઠ, ત્રીજ અને નોમ તિથિ હોય તો **દગ્ધયોગ** થાય છે.

રવિવારે સાતમ, સોમવારે છઠ્ઠ, ભોમવારે પાંચમ, બુધવારે ચોથ, ગુરૂવારે ત્રીજ, **શુક્ર**વારે બીજ, અને શનિવારે એકમ હોય તો **ફાંકડુંઘર** નામનો કુયોગ થાય છે. એટલે કે–વાર અને તિથિને ભેગ કરતાં આઠનો આંક આવે તો આ યોગ થાય છે. આ યોગનું બીજુ નામ **ચોથનું ઘર** પણ છે. તે ગ્રામપ્રવેશ, યાત્રા, ચોમાસાનો પ્રવેશ, વિહારમાં વર્જવો કેટલાક **આચાર્ય**ના મત પ્રમાણે ફાંકડું ઘર ચંદ્ર કરતાં પણ વધારે બળવાન્ છે, માટે અનુકૂળ ચંદ્ર **હોય તો** પણ ફાંકડાં ઘરનો અવશ્ય ત્યાગ કરવો

તથા વાર અને તિથિના *દિવસો ભેગા કરતાં જે આંક આવે તેને ચારથી ભાગતાં શેષમાં શૂન્ય આવે તો **ચોથનું ઘર** નામનો યોગ થાય છે. આ યોગ પણ ગમનાગમન પ્રવેશ વિગેરેમાં સર્વથા વર્જ્ય છે. **નારચંદ્ર જ્યોતિષમાં** કહ્યું છે કે–

प्रतिपत् तृतीया सौम्ये, सप्तमी शनिसूर्ययोः ।
षष्ठी गुरौ द्वितीया च, शुक्रे संवर्तको भवेत ॥१॥

---

*એ તિથિ ભેગી થતી હોય તો એક દિવસ, અને વૃદ્ધિતિથિ હોય તો બે દિવસ ગણવામાં લેવા.

યોગ ચક્ર

	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
સિદ્ધિયોગ	અશ્વિ પુન. પુષ્ય. ઉત્તરા રેવતી	રોહિ. પુષ્ય અનુ.	મૃગ. અશ્લે. મુલ રેવતી	રોહિણી મૃગ. પુષ્ય અશ્લે. શ્રવણ	અશ્વિ. પુ. ફા. હસ્ત વિશા. અનુ. રેવતી	અશ્વિ. પુન. ઉ–ફા. હસ્ત અનુ. ઉ–ષા. શ્રવણ	મઘા પુ. ફા. શ્રવણ શત
સિદ્ધિયોગ (આ. સિ.)	અશ્વિ. રોહિ. મૃગ. પુન. પુષ્ય ઉ–ફા. હસ્ત મુળ ઉ. ષા. ધનિ. ઉ. ભા. રેવતી	રોહિણી મૃગ. પુષ્ય. ઉ–ફા. હસ્ત શ્રવણ શત.	અશ્વિ. કૃત્તિ. મૃગ. પુષ્ય અશ્લે. ઉ–ફા. વિશા મુલ ઉ–ભા. રેવતી	કૃત્તિ રોહિ. મૃગ. પુષ્ય ઉ–ફા. હસ્ત અનુ. જ્યે. પુ–ષા. શ્રવણ	અશ્વિ. પુન. પુષ્ય અશ્લે. પુ–ફા. સ્વાતિ વિશા. અનુ. પૂ–ષા ધનિ પૂ–ભા રેવતી	અશ્વિ મૃગ. પુન. પૂ. ફા હસ્ત અનુ. પૂ. ષા ઉ. ષા. શ્રવણ ધનિ. રેવતી	અશ્વિ. રોહિ. પુષ્ય મઘા સ્વાતિ અનુ. શ્રવણ ધનિં. શત
અમૃતસિદ્ધિ	હસ્ત	મૃગશર	અશ્વિની	અનુરાધા	પુષ્ય	રેવતી	રોહિણી
ઉત્પાત	વિશાખા	પુ–ષા	ધનિષ્ઠા	રેવતી	રોહિણી	પુષ્ય	ઉ–ફા.
મૃત્યુ	અનુરાધા	ઉ–ષા	શત.	અશ્વિ.	મૃગ.	અશ્લે.	હસ્ત

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	
કાણ	જ્યેષ્ઠા	અભિચ	પૂ–ભા.	ભરણી	આર્દ્રા	મઘા	ચિત્રા
સિદ્ધિ	મૂલ	શ્રવણ	ઉ–ભા.	કૃત્તિકા	પુન	પૂ. ફા.	સ્વાતિ
યમઘંટ	મઘા	વિશાખા	આર્દ્રા	મુલ	કૃત્તિ.	રોહિ.	હસ્ત
(યમઘંટ)		અશ્વિની	મઘા	આ.	શ્રવણ	સ્વા.	(ષા. રે.)
				પૂ. ફા.			
વજ્ર							
મુશલ	ભરણી	ચિત્રા	ઉ. ષા.	ધનિ.	ઉ. ફા.	જ્યે.	રેવતી
ત્યાજ્ય-					શત.		ઉ–ષા.
શત્રુ	ભરણી	પુષ્ય	ઉ. ષા.	આર્દ્રા	વિશા.	રેવ.	શત.
ચર	ઉ. ષા.	આર્દ્રા	વિશા.	રોહિ.	શત.	મઘા	મુલ.
યમ-	મઘા	મુલ	કૃત્તિ.	પુન.	અશ્વિ.	રોહિ	શ્રવ
દંષ્ટ્રા	ધનિષ્ઠા	વિશા.	ભરણી	રેવ.	ઉ–ષા.	અનુ.	શત.
ક્રકચ–કર્ક	૧૨	૧૧	૧૦	૯	૮	૭	૬
દગ્ધ	૧૨	૧૧	૫	૩	૬	૩	૯
ચોથ ઘર	૭	૬	૫	૪	૩	૨	૧
સંવર્તક	૭	(૭–૧૩)	(૧૪)	૧–૩	૬ (૯)	૨ (૩)	૭ (૫)
મૃત્યુ-	૬–૭	૭–૧૨		૧–૩–૮	૪–૬	૨–૩	૭
ચોગ	૧–૧૪	૧૩	૧–૧૧	૧૩–૧૪	ભદ્રા	રિક્તા	પૂર્ણા
સિદ્ધિ-ચોગ	૧૧–૮ ૯	૨–૯	૬ જયા	ભદ્રા	પૂર્ણા ૧૧	૧૩ નંદા	૮ રિક્તા

યોગચક્ર

	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
અશ્વિની	સિદ્ધિ	યમ.	અમૃત	મૃત્યુ	દંષ્ટ્રા-સિદ્ધિ	સિદ્ધિ	....
ભરણી	શત્રુ-વજ્ર	....	દંષ્ટ્રા	કાણ	....	....	....
કૃત્તિકા	...	...	દંષ્ટ્રા	સિદ્ધિ	યમ	....	....
રોહિણી	...	સિદ્ધિ	....	ચર—સિદ્ધિ	ઉ.	યમ.—દંષ્ટ્રા	અમૃત
મૃગશર	...	અમૃત	સિદ્ધિ	સિદ્ધિ	મૃત્યુ	....	....
આર્દ્ર	...	ચર	યમ.	(યમ.) શત્રુ.	કાણ	....	....
પુનર્વસુ	સિદ્ધિ	...	....	દંષ્ટ્રા	સિદ્ધિ	સિદ્ધિ	....
પુષ્ય	સિદ્ધિ	શત્રુ—સિદ્ધિ	....	સિદ્ધિ	અમૃત	ઉત્પાત	....
અશ્લેષા	...	...	સિદ્ધિ	સિદ્ધિ	....	મૃત્યુ	....
મઘા	યમ-દંષ્ટ્રા	...	(યમ.)	...	....	કાણ—ચર	સિદ્ધિ
પૂ. ફા.	...	...	...	(યમ.)	સિદ્ધિ	સિદ્ધિ	સિદ્ધિ
ઉ. ફા.	સિદ્ધિ	...	....	....	વજ્ર	સિદ્ધિ	ઉત્પાત
હસ્ત	અમૃત	....	....	....	સિદ્ધિ	સિદ્ધિ	મૃત્યુ

ચિત્રા	....	વજ્ર	....	....	....	....	કાણુ
સ્વાતિ	....	....	....	....	....	(યમ.)	સિદ્ધિ
વિશાખા	ઉત્પાત	યમ–દંષ્ટ્રા	ચર	....	શત્રુ–સિદ્ધિ	....	....
અનુરાધા	મૃત્યુ	સિદ્ધિ	....	અમૃત	સિદ્ધિ	દંષ્ટ્રા-સિદ્ધિ	....
જ્યેષ્ઠા	કાણુ	....	...	....	....	વજ્ર	....
મુળ	સિદ્ધિ	દંષ્ટ્રા	સિદ્ધિ	યમ.	....	....	ચર
પૂર્વાષાઢા	....	ઉત્પાત	....	....	....	...	(યમ)
ઉત્તરાષાઢા	ચર–સિદ્ધિ	મૃત્યુ	વજ્ર–શત્રુ	....	દંષ્ટ્રા	સિદ્ધિ	(યમ.) ત્યાજ્ય
અભીચ	...	કાણુ	....	....	....	....	....
શ્રવણ	....	સિદ્ધિ	....	સિદ્ધિ	(યમ.)	સિદ્ધિ	દંષ્ટ્રા–સિદ્ધિ
ધનિષ્ઠા	દંષ્ટ્રા	...	ઉત્પાત	વજ્ર	....	....	....
શતભિષા	...	....	મૃત્યુ	...	ત્યાજ્ય–ચર	....	શત્રુ–દંષ્ટ્રા સિદ્ધિ
પૂ. ભા.	....	....	કાણુ	....	....	....	....
ઉ. ભા.	સિદ્ધિ	....	સિદ્ધિ	....	....	....	....
રેવતી	સિદ્ધિ	...	સિદ્ધિ	ઉ. દંષ્ટ્રા	સિદ્ધિ	અમૃત–શત્રુ	(યમ.) વજ્ર

યમ–યમઘંટ, દંષ્ટ્રા–યમદંષ્ટ્રા, ઉ૦–ઉત્પાત, વજ્ર–વજ્રમુશલ. ( )–મતાંતર પાઠ.

અર્થ—બુધવારે એકમ ને ત્રિજ, શનિવારે અને રવિવારે સાતમ, ગુરૂવારે છઠ્ઠ, તથા શુક્રવારે બીજ હોય તો **સંવર્તક યોગ** થાય છે." ॥ ૧ ॥

જ્યોતિષ હીરમાં કહ્યું છે કે–સોમવારે સાતમ કે તેરશ, ભોમવારે ચૌદશ ગુરૂવારે નોમ, શુક્રવારે ત્રીજ, અને શનિવારે પાંચમ હોય તો પણ સંવર્તક યોગ થાય છે. આ યોગ પણ અશુભ છે.

હવે તિથિના યોગનો પ્રસંગ હોવાથી બે ગાથા વડે ગંડાંતયોગ તથા તેનું ફળ કહે છે.

चरमाइम तिहिलग्गरिक्ख, मज्झेगअद्धदोघडिआ ।
तिदुसत्तंतरि मुत्तुं, पुणो पुणो तिविह गंडंतं ॥४९॥
नट्ठं न लब्भए अत्थ, अहिदट्ठो न जीवइ ।
जाओ वि मरइ पायं, पत्थिओ न निअत्तइ ॥५०॥

અર્થ–છેલ્લાં અને પહેલાં તિથિ લગ્ન તથા નક્ષત્રની મધ્યે અનુક્રમે એક અરધી તથા બે ઘડીનો ગંડાંતયોગ આવે છે. તથા તિથિ વિગેરેમાં અનુક્રમે ત્રણ ત્રણ, બબ્બે, અને સાત સાતને આંતરે બબ્બેની વચ્ચે પણ તેટલાજ પ્રમાણવાળો ગંડાંતયોગ આવે છે. આ યોગમાં નાશ પામેલ વસ્તુ ફરી મળતી નથી, સર્પથી ડસાયેલો જીવતો નથી, જન્મેલ પ્રાયઃ જીવતો નથી અને પરદેશ જનાર પાછો આવતો નથી.

વિવેચન—ગંડાંતયોગ, તિથિગંડાંત, લગ્નગંડાંત અને નક્ષત્રગંડાંત એમ ત્રણ પ્રકારે છે. તે તિથિ વિગેરેમાં ત્રીજે ત્રીજે ભાગે બબ્બેના આંતરાની સંધિમાં આવે છે જેમકે–તિથિ પંદર છે, તેને ત્રીજે ત્રીજે ભાગે પાંચમ, દશમ અને પૂર્ણિમા છે; તો પાંચમ અને છઠ્ઠ, દશમ અને અગીયારસ તથા પુનમ અને એકમની સંધિમાં **તિથિગંડાંતયોગ** આવે છે. આવીજ રીતે લગ્ન અને નક્ષત્રમાં પણ ત્રીજે ત્રીજે ભાગે સમજવાનું છે. આજ વાતનું સ્પષ્ટીકરણ કરતાં મૂળ ગાથામાં કહ્યું છે કે છેલ્લી તિથિ પુનમ કે અમાસની અંતની ત્રીશ પળ અને પહેલી તિથિ એકમની આદિની ત્રીશ પળ, એમ સંધિની સાઠ પળવાળી એક ઘડી ગંડાંતયોગ છે. પછી ત્રણ ત્રણ તિથિનું આંતરૂ નાંખતાં જે તિથિ આવે તે અને તેની પછીની તિથિના મધ્યમાં ગંડાંત આવે છે. તેથી એકમ પછી ત્રણ તિથિનું આંતરૂં નાંખતાં પાંચમ તિથિ આવે છે, તો પાંચમની અને છઠ્ઠની મધ્યની એક ઘડી ગંડાંતયોગ છે. વળી છઠ્ઠથી ત્રણ તિથિનું આંતરૂં લેતાં દશમ અને અગીયારશની સંધિની એક ઘડી ગંડાંતયોગ આવે છે.

લગ્નગંડાંત. પણ છેલ્લા મીન લગ્નની અંતિમ પંદર પળ અને પ્રથમ મેષ લગ્નની આદિની પંદર પળ, એમ મધ્યની અર્ધી ઘડીનો આવે છે. પણ લગ્ન બાર છે, એટલે પછી બે બે લગ્નનું આંતરૂં મૂકતાં કર્ક અને સિંહ તથા વૃશ્ચિક અને ધન લગ્નની સંધિમાં પણ અર્ધી અર્ધી ઘડીનો લગ્નગંડાંત આવે છે.

આજ રીતિએ—છેલ્લું નક્ષત્ર રેવતી અને પ્રથમ નક્ષત્ર અશ્વિનીની મધ્યની બે ઘડી અને પછીના સાત સાત નક્ષત્રો મૂકતાં અશ્લેષા અને મઘા તથા જ્યેષ્ઠા અને મૂળ નક્ષત્રની સંધિની બબ્બે ઘડી **નક્ષત્રગંડાંત** આવે છે.

યોગ નામ	ઘડી	મધ્ય સ્થાનો		
લગ્ન ગંડાંત	૦॥	મીન–મેષ	કર્ક–સિંહ	વૃશ્ચિક–ધન
તિથિ ગંડાંત	૧	૧૫–૧	૫–૬	૧૦–૧૧
નક્ષત્ર ગંડાંત	૨	રેવતી–અશ્વિની	અશ્લેષા–મઘા	જ્યેષ્ઠા–મૂળ

અન્ય ગ્રન્થોમાં ગંડાંતનું ઘડી પ્રમાણ વિશેષ પણ મળી શકે છે. વળી **કેશવાર્ક** કહે છે કે—નક્ષત્રગંડાંતની પેઠે વિષ્કમ્ભાદિ સત્યાવીશ યોગોમાં પણ ત્રીજે ત્રીજે ભાગે પાંચ પાંચ ઘડીનો ગંડાંતયોગ આવે છે.

વિવાહ વૃંદાવનમાં તો દરેક નક્ષત્રની મધ્યમાં બે ઘડી ત્રીશ પળ, તિથિની મધ્યમાં બે ઘડી ચાલીસ પળ અને યોગની મધ્યમાં બે ઘડી સોળ પળ, શુભકાર્યમાં વર્જ્ય **સંધિ** નામનો દોષ કહ્યો છે, ગંડાંતયોગ–જન્મ, ગર્ભાધાન, યાત્રા, વ્રત, વિવાહ ક્ષોર, ગૃહપ્રારંભ તથા પ્રવેશ વિગેરે સર્વ કાર્યમાં અશુભ છે. કેમકે—મુળ ગાથામાંજ કહ્યું છે કે, આ યોગમાં જે વસ્તુ ખોવાઈ હોય તે વસ્તુ પાછી મળતી જ નથી, ગંડાંતયોગમાં જેને સર્પડંશ થયો હોય તે માણસ જીવતો નથી, ગંડાંતમાં જન્મેલ બાળક પ્રાયઃજીવતું નથી અને પરદેશ ગયેલો મનુષ્ય પાછો આવતો નથી.

અહીં ગંડાંતયોગમાં જન્મેલ બાળક માટે પ્રાયઃ શબ્દનો પ્રયોગ કર્યો છે, તેને માટે બીજે સ્થાને કહ્યું છે કે–જો બાળકના જન્મકાળે ગંડાંત હોય તો તે માતાપિતા કુળ કે બાળકનો નાશ કરે છે, પણ જો ગંડાંતમાં જન્મેલો બાળક જીવતો રહે તો ભવિષ્યમાં રાજ્ય જેવા અતુલ સુખને ભોગવવાવાળો થાય છે. (જુઓ ગાથા ૩૧ નું વિવેચન)

હવે વજ્રપાતયોગ કહે છે—

बीआणुराइ तीआ, तिगुत्तरा पंचमीइ महरिक्खं ।
रोहिणि छट्ठी करमूल, सत्तमी वज्जपाओऽयं ॥८९॥

અર્થ—બીજને અનુરાધા, ત્રીજને ત્રણ ઉત્તરા, પાંચમ અને મઘા, છઠ્ઠ ને રોહિણી, તથા સાતમ ને હસ્ત કે મૂળ હો તો વજ્રપાત યોગ થાય છે.

વિવેચન—આ ગાથાથી તિથિ અને નક્ષત્રનો યોગ દેખાડેલ છે. જો બીજને દિવસે અનુરાધા હોય, ત્રીજને દિવસે ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા કે ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર હોય, પાંચમને દિવસે મઘા હોય, છઠ્ઠને દિવસે રોહિણી નક્ષત્ર હોય, અને સાતમને દિવસે હસ્ત કે મુળ નક્ષત્ર હોય તો **વજ્રપાતયોગ** થાય છે. વજ્રપાત માટે **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—

अनुराधा द्वितीया च, तृतीया उत्तरात्रयम् ।
पञ्चमि मघसंयुक्ता, हंस्ते मूले च सप्तमी ॥१॥
षष्ठी च रोहिणी चैव, चित्रा-स्वाती त्रयोदशी ।
एषु योगेषु यत्कार्यं, षष्ठे मासे मृतिर्भवेत् ॥२॥

અર્થ—બીજે અનુરાધા, ત્રીજે ત્રણ ઉત્તરા, પાંચમે મઘા, સાતમે હસ્ત કે મૂળ, છઠ્ઠે રોહિણી, અને તેરશે ચિત્રા કે સ્વાતિ હોય; આ પ્રમાણેનો યોગ હોય, અને તેમાં જે મનુષ્ય કાર્ય કરે તે છ માસમાં મૃત્યુ પામે છે. ॥૧-૨॥" **જ્યોતિષ હીર**માં કહ્યું છે કે—

अट्ठमीसंयुता रोहिणी या ।

એટલે—આઠમ યુક્ત રોહિણી હોય તો વજ્રપાત યોગ થાય છે. **હર્ષપ્રકાશ**માં કહ્યું છે કે—વજ્રપાતમાં કાર્ય કરનારનું છ માસમાં મરણ થાય છે. આ યોગનું બીજું નામ **યમદંષ્ટ્રા** છે,

તિથિ અને નક્ષત્રના બીજા અશુભ યોગો આ પ્રમાણે છે, **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે--

चतुः पञ्चनवत्र्यष्ट-दिने कालमुखी क्रमात् ।
त्र्युत्तराभिर्मघाग्नेय-मैत्र्यब्राह्मभयोगतः ॥१॥

અર્થ—ચોથને દિવસે ત્રણ ઉત્તરા હોય, પાંચમે મઘા હોય, નોમને દિને કૃત્તિકા હોય ત્રીજને દિવસે અનુરાધા હોય અને આઠમને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો **કાલમુખી**

નામનો યોગ થાય છે ॥૧॥" **આરંભસિદ્ધિની ટીકા**માં કહ્યું છે કે—કાલમુખીમાં કાર્ય કરનારનું છ માસમાં મૃત્યુ થાય છે. કાલમુખી યોગનો ત્યાગ ન થઈ શકે તેવું હોય તો કહ્યું છે કે—

यमघण्टे नवाष्टौ च, कालमुख्यां विवर्जयेत् ।

અર્થ—"યમઘંટમાં નવ અને કાલમુખીમાં આઠ ઘડીનો અવશ્ય ત્યાગ કરવો."

એકમે મૂળ, પાંચમે ભરણી, આઠમે કૃત્તિકા, નોમે રોહિણી અને દશમે અશ્લેષા નક્ષત્ર હોય તો **જવાલામુખી** યોગ થાય છે. જવાલામુખી યોગમાં જન્મે તે મૃત્યુ પામે છે, ચૂડો પહેરે તે વિધવા થાય છે, અને પરણે તે મૃત્યુ પામે છે. વળી કહ્યું છે કે—

एएहिं जोगजाला, जम्मं जो हवइ सो मरइ बालो
उववसइ गेहसाला, परिहरइ वरइ जयमाला ॥१॥

અર્થ—આ જોગજ્વાલામાં જેનો જન્મ થાય તે બાળક મૃત્યુ પામે છે, ઘર તૈયાર કરે તો તે બેસી જાય છે, અને જવાલામુખી યોગનો ત્યાગ કરે તો તે જયમાલા વરે છે ॥૧॥"

નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું છે કે—સાતમને દિવસે ભરણી, નોમને દિવસે પુષ્ય, દશમને દિવસે અશ્લેષા અને તેરશને દિવસે ચિત્રા નક્ષત્ર હોય તો **વજ્ર્યયોગ** થાય છે.

હવે તિથિને વિષે મૃતક અવસ્થાવાળાં નક્ષત્રો કહે છે કે—

मूलऽद्दसाइचित्ता, असेससयभिसय कित्तिरेवइआ ।
नंदाए भद्दाए, भद्दवया फग्गुणी दो दो ॥५२॥
विजयाए मिग सवणा, पुस्सस्सिणि भरणि जिट्ठ रित्ताए,
आसाढदुग विसाहा, अणुराह पुणव्वसु महा य ॥५३॥
पुन्नाइ करधणिट्ठा, रोहिणि इअ मयगवत्थ रिक्खाइं ।
नंदिपइट्ठापमुहे, सुहकज्जे वज्जए मइमं ॥५४॥

અર્થ—નંદા તિથિએ મૂળ આર્દ્રા સ્વાતિ ચિત્રા અશ્લેષા શતભિષા કૃત્તિકા કે રેવતી, ભદ્રા તિથિએ-મૃગશર બે ભાદ્રપદ કે બે ફાલ્ગુની, વિજયા તિથિએ શ્રવણ પુષ્ય અશ્વિની ભરણી કે જ્યેષ્ઠા, રિકતા તિથિએ-બે આષાઢા વિશાખા અનુરાધા પુનર્વસુ કે મઘા, અને પૂર્ણા તિથિએ હસ્ત ધનિષ્ઠા કે રોહિણી હોય તો તે મૃતક અવસ્થાવાળાં નક્ષત્રો કહેવાય છે. મતિમાન પુરુષે તેમાં નંદિ પ્રતિષ્ઠા પ્રમુખ શુભ કાર્ય વર્જવાં.

વિવેચન—સુગમ છે.

આડલ, ભસ્મદંડ, ઉત્પાત, મૃત્યુ, કાણુ, યમઘંટ વજ્રમુશલ, શત્રુ, યમદષ્ટ્રા, ક્રકચ, દગ્ધ ચોથધર, સંવર્તક, યમલ, વજ્રપાત, કાલમુખી, જ્વાલામુખી, શુલ, કાળદંડ વિગેરે અશુભ યોગો છે.

સર્વ કુયોગોનો અપવાદ નીચે પ્રમાણે છે—

દરેક યોગની દુષ્ટ ઘડીઓનો અવશ્ય ત્યાગ કરવો. તેમાં જે યોગની દુષ્ટ ઘડીઓ કહી નથી તે દરેક અશુભ યોગની દુષ્ટ ઘડી બે જાણવી. તેને માટે કહ્યું છે કે—

सर्वेषां कुयोगानां, वर्जयेद् घटिकाद्वयम् ।

અર્થ—"સર્વ કુયોગોની બે ઘડી અવશ્ય વર્જવી." **ઉદયપ્રભસૂરી** કહે છે કે—

यत्प्रातिकूल्यं वाराणां, तिथिनक्षत्रसंभवम् ।

हूणवङ्गखसेष्वेव, तत् त्यजेदिति केचन ॥१॥

અર્થ—"તિથિ અને નક્ષત્રથી ઉત્પન્ન થયેલ વારની પ્રાતકુલતા હૂણદેશ, બંગદેશ અને ખસદેશ ત્યાજ્ય છે, એમ કેટલાએકનો મત છે. ॥૧॥"

મુહુર્ત ચિંતામણીમાં પણ આ શ્લોકને મળતું કથન છે.

હર્ષ પ્રકાશમાં કહ્યું છે કે—કુતિથિ કુવાર કુયોગ વિષ્ટિ જન્મનક્ષત્ર અને દગ્ધતિથિ, એ સર્વ મધ્યાહ્ન પછી અવશ્ય શુભ થાય છે.

જ્યોતિષ હીરમાં કહ્યું છે કે—

थिविरो य राजजोगं, कुमारजोगं य अमिअसिद्धिजोगं ।

सव्वकं रविजोगं, एए हि हणइ अवजोगं ॥१॥

અર્થ—"સ્થવિરયોગ, રાજયોગ, કુમારયોગ, અમૃતસિદ્ધિયોગ, સર્વાંકયોગ અને રવિયોગ આ સર્વ યોગ વડે અવયોગ હણાય છે. ॥૧॥"

ઉદયપ્રભસૂરિ પણ કહે છે કે—કુયોગ અને સિદ્ધિયોગ એકજ દિવસે આવે તો સિદ્ધિયોગ જય પામે છે.

તિથિ મૃત્યુયોગ.

નંદા	ભદ્રા	જયા.	રિક્તા	પૂર્ણા.
કૃત્તિકા, આર્દ્રા.	પૂર્વાફાલ્ગુની	અશ્વિની	પુનર્વસુ	રોહિણી
અશ્લેષા	ઉત્તરાફાલ્ગુની	ભરણી	મઘા, વિશાખા	હસ્ત
ચિત્રા, સ્વાતિ	પૂર્વાભાદ્રપદ	મૃગશર	અનુરાધા	ધનિષ્ઠા
મૂળ, રેવતી,	ઉત્તરાભાદ્રપદ	પુષ્ય, જ્યેષ્ઠા,	પૂર્વાષાઢા	
શતભીષા		શ્રવણ	ઉત્તરાષાઢા	

તિથિયોગચક્ર.

યોગ નામ.	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
ક્રકચ	૦	૦	૦	૦	૦	શ.	શુ.	ગુ.	બુ	મં.	સો.	ર.	૦	૦	૦
દગ્ધ	૦	૦	બુ.શુ.	૦	મં.	ગુ.	૦	૦	શ.	૦	સો.	ર.	૦	૦	૦
ચોથનું ઘર	શ.	શુ.	ગુ.	બુ.	મં.	સો.	ર.	૦	૦	૦	૦	૦	૦	૦	•
સંવર્તક	બુ.	શુ.	બુ.	૦	(શ.)	ગુ.	ર. શ.	૦	ગુ.	....	....	....	(સો.)	(મં.)	....
મૃત્યુયોગ	મં.ગુ.	ગુ.શુ.	બુ.શુ.	ગુ.શુ.	શ.	ર. ગુ.	ર.સો. ગુ. શ.	બુ.	શુ.	શ.	ર. મં.	સો.ગુ.	સો. બુ.	ર. બુ. શુ.	શ.
સિધ્ધિયોગ	ર. શુ.	સો. બુ	મં.	શ.	ગુ.	મં.શુ.	બુ.	ર. મં. શ.	ર.સો. શ.	ગુ.	ગુ.શુ.	બુ.	મં. શુ.	શ.	ગુ.
વજ્રપાત	....	અનુ.	ઉત.	....	મ.	રી.	હ. મૂ.	....	....	....	....	....	(ચિ. સ્વા.)	....	...
કાલમુખી	...	...	અનુ.	ઉત.	મ.	....	....	રો.	કૃ.	....	....	....	....	....	...
જ્વાલામુખી	મૂ.	...	...	....	ભ.	....	....	કૃ.	રો.	શ્લે૦	....	...	....	....	....
વર્જ્યયોગ	...	...	....	....	....	....	ભર	....	પુષ્ય	શ્લે૦	....	....	ચિ.	....	...

નક્ષત્રોની તીક્ષ્ણ વિગેરે સંજ્ઞા તથા તેનું ફળ કહે છે.

जिट्ठद्दाऽसेस मूलं च, तिक्खा रिक्खा विआहिआ ।
मिऊणि मिग चित्ता य, रेवई अणुराहया ॥५५॥
पुस्सो अ अस्सिणीहत्थं, अभीई लहुआ इमे ।
उग्गाणि पंच रिक्खाणि, तिपुव्वा भरणी महा ॥५६॥
चरा पुणव्वसु साई, सवणाइतिअं तहा ।
धुवाणि पुण चत्तारि, उत्तराणि अ रोहिणी ॥५७॥
विसाहा कित्तिआ चेव, दो अ मिस्सा विआहिआ ।
तिक्खे तिगिच्छं कारिज्जा, मिऊ गहणधारणे ॥५८॥
लहू चरे सुहारंभो, उग्गरिक्खे तवं चरे ।
धुवे पुरपवेसाई, मिस्से संधिकिअं करे ॥५९॥

અર્થ—જયેષ્ઠા આર્દ્રા અશ્લેષા અને મૂળ નક્ષત્રો તીક્ષ્ણ છે મૃગશર ચિત્રા રેવતી અને અનુરાધા નક્ષત્રો મૃદુ છે (૫૫) પુષ્ય અશ્વિની હસ્ત અને અભિજિત્ નક્ષત્રો લઘુ છે, ત્રણ પૂર્વા ભરણી અને મઘા નક્ષત્રો ઉગ્ર છે. (૫૬) પુનર્વસુ સ્વાતિ અને શ્રવણાદિ ત્રણ નક્ષત્રો ચર છે, ત્રણ ઉત્તરા અને રોહિણી એ ચાર નક્ષત્રો ધ્રુવ છે. (૫૭) તથા વિશાખા અને કૃત્તિકા નક્ષત્રો મિશ્ર છે. તેઓમાંથી તીક્ષ્ણ નક્ષત્રોમાં ચિકિત્સા કરવી, મૃદુ નક્ષત્રોમાં વસ્તુનું ગ્રહણ અને ધારણ કરવું, (૫૮) લઘુ અને ચર નક્ષત્રમાં શુભકાર્યનો આરંભ કરવો, ઉગ્ર નક્ષત્રમાં તપ આરંભવુ, ધ્રુવ નક્ષત્રમાં નગરપ્રવેશ વિગેરે કરવુ, અને મિશ્ર નક્ષત્રમાં સંધિનું કાર્ય કરવું.

વિવેચન—અર્થ સુગમ છે, માત્ર ત્રણ પૂર્વા શબ્દથી પૂર્વાફાલ્ગુની પૂર્વાષાઢા અને પૂર્વાભાદ્રપદ, શ્રવણાદિ ત્રણથી શ્રવણ, ધનિષ્ઠા, અને શતભીષા, તથા ત્રણ ઉત્તરા શબ્દથી ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રો લેવાના છે.

તિક્ખે વિગેરે દોઢ ગાથાથી તેનું કાર્ય કહે છે, તે આ પ્રમાણે છે—

તીક્ષ્ણ નક્ષત્રમાં રોગની ચિકિત્સા અને ઔષધનો પ્રારંભ કરવો, મૃદુ નક્ષત્રમાં લેવું-મુકવું અને શાંતિની ક્રિયા કરવી, લઘુ અને ચર નક્ષત્રોમાં શુભકાર્યનો પ્રારંભ કરવો, ઉગ્ર નક્ષત્રોમાં તપસ્યાની શરૂઆત કરવી, ધ્રુવ નક્ષત્રમાં નગરપ્રવેશ વિગેરે કાર્ય કરવા તથા મિશ્ર નક્ષત્રમાં સંધિનું કાર્ય કરવું.

આ નક્ષત્રોની-તીક્ષ્ણ, વિગેરે સંજ્ઞાઓ તથા તેનાં ફળ માટે વિશેષ જાણવા ઇચ્છનારે નક્ષત્ર દ્વારમાંથી જોઈ લેવું.

अथ कार्यखण्डः ॥

હવે ગમનદ્વાર કહે છે,

તેમાં પ્રથમ પ્રસ્થાનની મર્યાદા દેખાડે છે.

दसधणु उवरिं सयपंच, मज्झि पत्थाणि जाव दिण ति-चऊ ।
थायव्वं लग्गतिहीं-खणरिक्खससिबलं घित्तुं ॥६०॥

અર્થ—લગ્ન તિથિ ક્ષણ નક્ષત્ર અને ચંદ્રનું બળ ગ્રહણ કરીને દશ ધનુષ્યની ઉપર અને પાંચસો ધનુષ્યની અંદર ત્રણ–ચાર દિવસ સુધી પ્રસ્થાન સ્થાપવું,–સ્થાપી શકાય છે.

વિવેચન—યાત્રા માટે લગ્ન તિથિ ક્ષણ અને ચંદ્રબળની શુદ્ધિ હોય છે, તેમાંજ યાત્રાનું મુહૂર્ત સાધવાને માટે પ્રસ્થાન (પસ્તાનું) સ્થાપી શકાય છે. માટે લગ્ન વિગેરેની અનુકૂળતા જોઇને પ્રસ્થાન મૂકવું, અને તે નજીકમાં નજીક દસ ધનુષ્યની ઉપર અને દુરમાં દુર પાંચસો ધનુષ્યની અંદર મુકાય છે. એટલે દસ ધનુષ્યની અંદર કે પાંચસો ધનુષ્યની હદ બહાર પ્રસ્થાન સ્થાપી શકાતું નથી.

વળી તે પ્રસ્થાન ત્રણ–ચાર દિવસ સુધી રહી શકે છે, અને તે દરમ્યાન અવશ્ય પ્રયાણ કરવું પડે છે. પણ તે દિવસોની અંદર પ્રયાણ ન થાય અને પ્રસ્થાન પાછું લઈ આવે કે ત્યાંજ પડી રહેવા દો તો પ્રસ્થાનના મુહુર્તનું બળ રહેતું નથી. એટલે પછી નવું મુહુર્ત જોઈ ફરી પ્રસ્થાન કે પ્રયાણ કરી શકાય છે.

આરંભસિદ્ધિમાં—તો સામાન્ય વર્ગ, માંડલીક રાજા, અને પૃથ્વીપતિ રાજાને ઉદ્દેશીને પ્રસ્થાનના દિવસો અનુક્રમે પાંચ સાત; અને દસ ગણાવ્યા છે. તથા પ્રસ્થાનના દિવસે શ્રવણ નક્ષત્ર હોય તો તેજ દિવસે ધનિષ્ઠા પુષ્ય રેવતી નક્ષત્ર હોય તો બીજે દિવસે, અનુરાધા કે મૃગશીર્ષ નક્ષત્ર હોય તો ત્રીજે દિવસે, હસ્ત નક્ષત્ર હોય તો ચોથે દિવસે, અને અશ્વિની કે પુનર્વસુ નક્ષત્ર હોય તો પાંચમે દિવસે અવશ્ય આગળ પ્રયાણ કરવું; એમ પણ કહ્યું છે.

શુભ મુહૂર્તનો નિશ્ચય કરી ચાલ્યા પછી પાછા ઘેર ન અવાય ત્યાં સુધી તે મૂહૂર્તનું બળ ચાલે છે, અને જે કાર્ય માટે નીકળ્યા હોઇએ તે કાર્ય સફળ કરે છે. આ પ્રસ્થાન રાજા

આચાર્ય વિગેરેએ પોતાની જાતેજ કરવાનું છે, અને તેમાં ચંદનની પુજા કરવા પૂર્વક શસ્ત્ર, દર્પણ, અક્ષમાળા, પુંસ્તક, તથા શ્વેત વસ્ત્ર વિગેરે સ્થાપી શકાય છે; પણ શંખ, દારૂ, ઔષધ તેલ, મીઠું ગોળ, જોડા, કાળુંવસ્ત્ર, જીર્ણવસ્ત્ર, કે જીર્ણ વસ્તુ સ્થાપવી ઉચિત નથી; એમ **આરંભસિદ્ધિની ટીકા**માં કહ્યું છે.

પ્રયાણમાં અનુકુળ લગ્ન વિગેરેનું ફળ કહે છે.

पहि कुसलु लग्गि तिहि कज्ज सिद्धि लाभं मुहुत्तओ होइ ।
रिक्खेण आरोग्गं, चंदेणं सुक्खसंपत्ती ॥६१॥

અર્થ—પ્રયાણમાં શુભ લગ્ન હોય તો માર્ગમાં કુશળતા રહે છે, શુભ તિથિ હોય તો કાર્યની સિદ્ધિ થાય છે, શુભમુહુર્ત હોય તો લાભ થાય છે, શુભ નક્ષત્ર હોય તો શરીરે આરોગ્ય રહે છે, અને શુભ ચંદ્ર હોય તો સુખ સંપત્તિ મળે છે.

વિવેચન—પ્રયાણકાળે શુભ લગ્ન હોય તો પ્રયાણ કરનારના શરીરે કુશળતા રહે છે, વ્યાધિ કે શત્રુનો ભય થતો નથી. આ કથનથી ગ્રંથકાર સૂરિ મહારાજે યાત્રામાં લગ્નની આવશ્યકતા દેખાડી છે, પણ તે યુદ્ધ કરવા જનાર રાજા માટેજ જરૂરી છે; તેથી લગ્નના બલાબલ સંબંધી અહીં જરાય ઉલ્લેખ કર્યો નથી.

આરંભસિદ્ધિ—વિગેરે બીજા ગ્રન્થોમાં તે સબંધી જે જણાવેલ છે, તેનો સંક્ષેપ નીચે મુજબ છે.

પ્રયાણકાળે તાત્કાલિક લગ્ન કુંડળીમાં જન્મનું લગ્ન હોય, જન્મ લગ્નના ઉપચય સ્થાનનું લગ્ન હોય, જન્મકાળની સૌમ્ય ગ્રહવાળી–વેશી કે ક્રુર ગ્રહના ભોગ પછી ચંદ્રે શુદ્ધ કરેલ રાશિનું લગ્ન હોય ચોથે કે સાતમે સ્થાને સૌમ્ય ગ્રહવાળી જન્મ લગ્નની રાશિ હોય, જન્મ લગ્નથી છઠ્ઠા, આઠમા સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય, જન્મના ચંદ્રથી છઠ્ઠી, આઠમી રાશિનું લગ્ન ન હોય જન્મ લગ્નથી છઠ્ઠા, આઠમા સ્થાનની રાશિ લગ્નમાં ન હોય કર્ક, વૃશ્ચિક અને મીનનું લગ્ન કે નવાંશ ન હોય, જે દિશામાં પ્રયાણ કરવું હોય તે દિશાનું લગ્ન હોય; એટલે પુર્વમાં જવામાં મેષ, સિંહ અને ધન, દક્ષિણમાં જવામાં વૃષભ, કન્યા અને મકર, પશ્ચિમમાં જવામાં મિથુન, તુલા અને કુંભ, તથા ઉત્તરમાં જવામાં કર્ક, વૃશ્ચિક અને મીનનું લગ્ન હોય; સામાન્ય રીતે મિથુન, સિંહ, કન્યા, અને તુલાનું લગ્ન હોય; ઉર્ધ્વ મુખી હોરા હોય, શુભ દ્રેષ્કાણ હોય, બુધ, ગુરૂ અને શુક્રનો **નવાંશ** હોય, મિથુન, સિંહ, કન્યા અને તુલાનો દ્વાદશાંશ હોય, અને બુધ, ગુરૂ કે શુક્રનો ત્રીશાંશ હોય તો તે લગ્ન શુભ છે.

લલ્લ કહે છે કે—સ્વલગ્નનો યાત્રામાં ત્યાગ કરવો.

તાત્કાલિક પ્રયાણ કુંડલીમાં–રવિ ૩–૧૦–૧૧ મા ભુવનમાં હોય, સોમ ૧–૬–૮ સિવાયના હરકોઈ સ્થાનમાં હોય, ભોમ ૩–૧૦–૧૧ મે ભુવને હોય બુધ અને ગુરૂ ૬ સિવાયના હરકોઈ સ્થાનમાં હોય, શુક્ર ૬–૭ સિવાયના ભુવનમાં હોય, અને શનિ ૩–૧૧ મા ભુવનમાં હોય, **જન્મકુંડળીમાં**–છઠ્ઠે, અગીયારમે સ્થાને રહેલો ગ્રહ લગ્નમાં હોય, જન્મ લગ્નપતિનો મિત્રગ્રહ, જન્મરાશિનો મિત્રગ્રહ, દશાપતિનો મિત્ર, સંઘઃસફળજન્મલગ્નનો બળવાન્ ગ્રહ, જન્મેશનો તાન કે કારક ગ્રહ, લગ્નેશનો તાન અથવા કારક ગ્રહ તથા દિનપતિગ્રહ લગ્નમાં હોય, સૌમ્યગ્રહ બળવાન્ હોય, લગ્ન વીર્યવાળું હોય, લગ્ન કેન્દ્ર ગ્રહવાળું હોય, દિક્‌પતિ કેન્દ્રમાં હોય, બળવાન જન્મેશ અને લગ્નેશ કેન્દ્ર કે ઉપચયમાં હોય, રવિ, સોમ, ભોમ અને શુક્ર એ **ચાચી** ગ્રહો બળવાન્ હોય તો રાજાને પ્રયાણ કરવું હિતકારક છે.

લગ્ન સિવાયના બીજા તિથિ વિગેરે દરેક બળો દરેકને માટે ઉપયોગી છે.

પ્રયાણમાં શુભ તિથિ હોય તો જે કાર્ય કરવા જાય તે કાર્ય સફળ થાય છે, તેથી ૧–૨–૩–૪–૫–૭–૧૦–૧૧–૧૩ એ તિથિઓ નિર્દોષ હોય તો પ્રયાણ કરવું.

શુભ મુહુર્ત હોય તો પ્રયાણમાં લાભ થાય છે. **રત્નમાળા ભાષ્યમાં** કહ્યું છે કે—

अभिजिद् विजयो मैत्रः, सावित्रो बलवान् सितः
वैराजश्चेति सप्त स्युः, क्षणाः सर्वार्थसाधकाः ॥१॥

અર્થ—"સર્વ મુહુર્તોમાં ૮ અભિજિત્, ૧૧ વિજય, ૩ મૈત્ર, ૫ સાવિત્ર, ૧૦ બળ, ૨ શ્વેત, અને ૬ વૈરાજ; એ સાત મુહૂર્તો સર્વ કાર્યના સાધક છે. ॥૧॥" આ તથા બીજા શુભ ક્ષણો લેવા; અને તેમાં નાક્ષત્રિક સમાનતા મેળવી કાર્યફળ, દિક્‌શુળ, પરિઘ દંડ, કાળબળ, નક્ષત્રકાળ, સર્વમુખતા, વિગેરેનો નક્ષત્રની પેઠે વિચાર કરવો; પણ પ્રયાણમાં **જન્મ** મુહૂર્ત અવશ્ય વર્જવું.

પ્રયાણમાં શુભ નક્ષત્ર હોય તો શરીરમાં આરોગ્ય જળવાઇ રહે છે, પ્રયાણમાં અશ્વિની, મૃગશર, પુનર્વસુ, પુષ્ય, હસ્ત અનુરાધા, જયેષ્ઠા, મૂળ, અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી નક્ષત્રો શુભ છે. **શ્રી ઉદયપ્રભસૂરિ** તો કહે છે કે—

चौराणां शकुनैर्यात्रा, नक्षत्रैश्च द्विजन्मनाम् ।
मुहूर्तैः सिद्धयेऽन्येषां, राज्ञां योगैश्च ते त्वमी ॥१॥

અર્થ—"ચોર શકુન જોઇને પ્રયાણ કરે છે, બ્રાહ્મણો નક્ષત્રનું બલાબલ જોઇને પ્રયાણ

કરે છે, બીજા મનુષ્યો મુહુર્તના બળે યાત્રા કરે છે અને રાજા યોગનું બળ જોઇને યુધ્ધ યાત્રા કરે છે તે સિધ્ધિને માટે થાય છે ॥૧॥ અહીં જો કે 'ચાર વિભાગ પાડીને ચોર વિગેરેની યાત્રા કરવાનું સૂચવ્યું છે, પણ સામાન્ય રીતે તો તે દરેકને માટે જોવાય છે.

અહીં કહેલ શુકન તે—મુનિ કુંભ, કન્યા, ગાય, દહીં વિગેરે વસ્તુઓ જાણવી, અને સારા શુકન થયા પછી પ્રયાણ કરવું. પણ જો પહેલું શુકન અશુભ હોય તો અગીયાર શ્વાસોશ્વાસ સુધી રાહ જોઈ પ્રયાણ કરવું. બીજી વાર અપશુકન થાય તો સોળ શ્વાસોશ્વાસ સુધી સ્થિર રહીને ચાલવું અને ત્રીજી વાર અપશુકન થાય તો પ્રયાણ કરવું જ નહિ. રાજાની યુધ્ધયાત્રા માટેના યોગો જે પ્રથમ રાજયોગો કહ્યા છે ત્યાંથી તથા વિશેષ યોગો બીજા ગ્રંથોથી જાણવા પણ જો રાજાને દૈવયોગે તુરત યાત્રા કરવાની જરૂર પડી હોય (અને યાત્રાના યોગોની અનુકૂળતા આવવાનો સંભવ ન હોય) તો તે કેવળ લગ્નના બળથી પણ યાત્રા કરવાથી સિધ્ધિ પામે છે.

હવે પ્રયાણની અશેષ શુદ્ધિ કહે છે—તેમાં અયન, માસ, તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને દિશાની શુધ્ધિ તપાસવી. **અયન** માટે એવો નિયમ છે કે— સૂર્ય મકરાદિ છ રાશિમાં હોય તો ઉત્તર અને પૂર્વદિશામાં દિવસે ગમન કરવું અને સૂર્ય કર્ક વિગેરે છ રાશિમાં હોય તો દક્ષિણ અને પશ્ચિમ દિશામાં દિવસે ગમન કરવું; તથા ચંદ્ર, મકર વિગેરે છ રાશિમાં હોય તો ઉત્તરમાં અને પૂર્વદિશામાં, તથા કર્ક વિગેરે છ રાશિમાં હોય તો દક્ષિણ અને પશ્ચિમમાં રાત્રે પ્રયાણ કરવું એમ **લલ્લ** કહે છે રવિચાર અને ચંદ્રચારથી અયનના દોષનો પરિહાર થાય છે. પુર્વે શુભ કહેલા માસો પ્રયાણમાં વિશેષ શુભ માસો જાણવા.

હવે પ્રથમ પ્રયાણની શુભ તિથિઓ અને તેનું ફળ કહે છે—

पाडिवए पडिवत्ती, नत्थि विपत्ती भणन्ति बीआए ।
तइआइ अत्थसिद्धि, विजयंगी पंचमी भणिआ ॥६२॥
सत्तमिआ बहूलगुणा, मग्गा निक्कंटगा दसमिआए ।
आरुग्गिआ इगारसि, तेरसि रिउणो निविज्जिणइ ॥६३॥

અર્થ—ગમનમાં એકમ લાભ કરાવે છે, બીજ વિપદાઓનો નાશ કરે છે, ત્રીજ અર્થસિધ્ધિ કરાવે છે, પાંચમ વિજય પમાડે છે, સાતમ બહુ ગુણવાળી છે, દશમ માર્ગને નિષ્કંટક કરનાર છે, અગીયારશ આરોગ્ય આપનાર છે, અને તેરસ શત્રુઓનો જય આપનાર છે. ॥૬૨-૬૩॥

વિવેચન—બન્ને પક્ષની એકમ, બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગીયારશ અને તેરશ; એ તિથિઓ પ્રયાણ માટે શુભ કહેલી છે. તેમાં પણ શુદિ એકમ કરતાં વદિ એકમ, અને વદિ તેરશ કરતાં શુદિ તેરશ વધારે ફળ આપનાર છે. બાકી તો શુકલપક્ષ કે કૃષ્ણ-પક્ષની દરેક તિથિઓ પોતપોતાનું સમાન ફળ આપે છે. તેનું ફળ આ પ્રમાણે છે—

એકમને દિવસે ગમન કરે તો લાભ થાય છે, બીજે પ્રયાણ કરવાથી વિપદાઓનો નાશ થાય છે. ત્રીજે પ્રયાણ કરવાથી ઇચ્છિત વસ્તુની–ધનની પ્રાપ્તિ થાય છે, પાંચમે જવાથી વિજય મળે છે, સાતમે પ્રયાણ કરવાથી ઘણા લાભો થાય છે, દશમે પ્રયાણ કરવાથી જવાનો માર્ગ શત્રુ વગરનો અને અનુકુળ થાય છે, અગીયારશે પ્રયાણ કરવાથી આરોગ્યતા રહે છે, અને તેરશે ગમન કરવાથી શત્રુઓમાં જય મળે છે.

વર્જ્ય તિથિઓ કહે છે—

चाउद्दसिं पन्नरसिं, वज्जिज्जा अट्ठमिं च नवमिं च ।
छट्ठिं चउत्थिं बार-सिं च दुन्हं पि पक्खाणां ॥६४॥

અર્થ–પ્રયાણમાં બન્ને પખવાડિયાની ચૌદશ, પુનમ, આઠમ, નોમ, છઠ્ઠ, ચોથ અને બારશ તિથિ વર્જ્ય છે.

વિવેચન—પ્રયાણમાં ચોથ, છઠ્ઠ, આઠમ, નોમ, બારશ, પુનમ અને અમાસ તિથિઓનો અવશ્ય ત્યાગ કરવો. અહીં બન્ને પક્ષની તે તે તિથિ વર્જ્ય કહી છે. તેથી પુનમની સાથે અમાસનો પણ નિષેધ થઈ જાય છે. આ વર્જ્ય તિથિઓ માટે કહ્યું છે કે—

स्वीकुर्यान्नवमीं क्वाऽपि, न प्रवेश–प्रवासयोः ।

અર્થ—"કોઈક કાર્યમાં નવમી તિથિ ગ્રહણ કરવી, પણ પ્રવેશ અને પ્રવાસમાં તો નોમનો અવશ્ય ત્યાગ કરવો." તેમજ છઠ્ઠ અને બારશ પણ યાત્રામાં વિશેષ અશુભ છે. **શ્રીપતિ** કહે છે કે– ચૌદશ પણ યાત્રામાં વિશેષ અશુભ છે. **વ્યવહારસાર**માં કહ્યું છે કે—

पूर्णिमायां न गन्तव्यं, यदि कार्यशतं भवेत् ।

અર્થ—"સેંકડો કાર્ય હોય તો પણ **પૂર્ણિમાને** દિવસે ગમન કરવું નહિં. કેટલાએક ગ્રન્થોમાં શુદિ **એકમ** પણ વર્જ્ય કહેલ છે.

આ ઉપરાંત પક્ષછિદ્ર વૃદ્ધિતિથિ ક્ષયતિથિ કુરતિથિ, દગ્ધતિથિ અને જન્મતિથિનો અવશ્ય ત્યાગ કરવો. **યતિવલ્લભ**માં કહ્યું છે કે–દગ્ધતિથિને દિવસે યાત્રા ખેતી અને લગ્ન

નિરર્થક જાય છે. કરણોમાંથી વિષ્ટિનો અને વર્જ્ય પ્રહરનો પણ અવશ્ય ત્યાગ કરવો.

હવે પ્રયાણમાં વર્જ્ય વાર તથા યોગ કહે છે—

वज्जे वारतिअं कूरं, पडिवाय चउद्दसी ।
नयमट्ठमी इमाहिं तु, बुहो वि न सुहो गमे ॥६५॥

અર્થ—ગમનમાં ત્રણ ક્રુરવાર તથા એકમ ચૌદશ નોમ અને આઠમે આવેલો બુધવાર શુભકારક નથી.

વિવેચન—પ્રયાણ કરવામાં સોમવાર બુધવાર ગુરૂવાર અને શુક્રવાર શુભ છે, અને રવીવાર મંગળવાર તથા શનિવાર અશુભ છે. તેના ફળ માટે કહ્યું છે કે—

गमनेऽर्कादयो वाराः, क्रमशः कुर्वते फलम् ।
नैस्वं धनं रुजं द्रव्यं, जयं चैव श्रियं वधम् ॥१॥

અર્થ—"પ્રયાણ કરવામાં રવિ વિગેરે સાત વારો અનુક્રમે-૧ નિર્ધનતા, ૨ ધન, ૩ રોગ ૪ દ્રવ્ય, ૫ જય, ૬ લક્ષ્મી, અને ૭ વધ રૂપી ફળ આપે છે" ॥ ૧ ॥

અન્યસ્થાને કહ્યું છે કે—

શનિ સૂતો રવિ ઉઠતો, મંગળ ભાગતો જાણ સોમે શુક્રે સુરગુરૂ, જાતો મ કરિશ હાણ-૧
શનિ અંગારઇ જો ગયા, આઇચ્ચિં વિણુવિત્ત ભોલી મુદ્ધ કિં આઉલી નાહકિં ચાલ્હઇ વત્ત-૨

અર્થાત્—શનિવારની રાત્રે, રવિવારે સૂર્યોદયકાળે, મંગળવારે મધ્યાન્હ પછી સોમવારે શુક્રવારે કે ગુરૂવારે જા તો ઢીલ કરીશ નહીં અને જાઇશ તો હાનિ થશે નહિ (૧) હે ભોલી? મુગ્ધ ? જે શનિ મંગળ કે આદિત્યવારે ગયા છે તે ધન વિનાનાજ રહ્યા છે માટે નાહક એઓની વાત શું કહેવી ? (૨)

રાજાના પ્રયાણમાં રવિવાર શુભ છે. એટલે તે ગ્રહણ કરી શકાય છે, પ્રયાણમાં બુધવારનો નિષેધ નથી, પણ જો બુધવારે એકમ આઠમ નોમ અને ચૌદશમાંથી હરકોઇ તિથિ આવે તો ગમનમાં બુધવાર લેવો નહિ. એટલે-તે મિશ્ર ગ્રહ હોવાથી યાત્રામાં વર્જ્ય તિથિઓના સમાગમથી પોતે અશુભ થાય છે.

હર્ષપ્રકાશમાં તો કહ્યું છે કે-એકમ આઠમ નોમ અને ચૌદશે યાત્રા કરવી, પણ બુધવારે યાત્રા કરવીજ નહિ. અર્થાત્-બુધવાર પણ પ્રયાણ કરવામાં શુભ નથી. ઇષ્ટ લગ્નપતિ અને દિનપતિ એકજ હોય તો તે ગ્રહના વારમાં યાત્રા કરવી વધારે હિતકારક છે. કુલિક, કાળવેળા, વર્જ્ય અર્ધ પ્રહર, અને તેની ઇષ્ટ ઘડીઓ વિગેરેમાં અવશ્ય યાત્રા વર્જવી.

હવે શુભયોગો કહે છે—

(द्रुतविलंबित छंद)

दसमि पंचमि तेरसि बीअगो, भिगुसुओ गमणेऽतिसुहावहो ।
गुरु पुणव्वसु पुस्स विसेसओ, सयभिसा अणुराह बुहे तहा ॥६६॥

અર્થ—પ્રયાણમાં દશમ, પાંચમ, તેરશ કે બીજને દિવસે શુક્ર હોય તો અતિ સુખાવહ છે, ગુરૂવારે પુષ્ય કે પુનર્વસુ નક્ષત્ર હોય તો તે વિશેષ સુખાવહ છે, તથા બુધવારે શતભીષા અને અનુરાધા હોય તો તે પણ સુખાવહ છે. ॥૬૬॥

વિવેચન—યોગદ્વારમાં જે યોગો કહ્યા છે તે પૈકીના રવિ, કુમાર, રાજ, અમૃતસિદ્ધિ વિગેરે શુભ યોગો પ્રયાણમાં શુભ છે; અને એકાર્ગલ, યમદંષ્ટ્રા, ક્રકચ, મૃત્યુ, વજ્રપાત, અમૃતસિદ્ધિઘ્ન વિગેરે દુષ્ટ યોગો યાત્રામાં અશુભ છે. એમ હોવા છતાં પ્રયાણમાં બુધવાર અને તિથિનો અશુભ યોગ દર્શાવી પ્રસ્તુત ગાથામાં કેટલાક વિશેષ શુભયોગ દેખાડે છે, શુક્રવારે બીજ પાંચમ દશમ કે તેરશમાંથી હરકોઈ એક તિથિ હોય, ગુરૂવારે પુનર્વસુ કે પુષ્ય નક્ષત્ર હોય અને બુધવારે શતભીષા કે અનુરાધા નક્ષત્ર હોય તો તે પ્રયાણમાં સુખકર યોગો થાય છે

બીજા ગ્રન્થમાં તો **આડલયોગ** માટે કહ્યું છે કે—

"डलो यात्रासु रोधकृत्" એટલે–આડલ યોગ યાત્રામાં રોધ કરનાર છે. અને શનિવાર તથા રોહિણી નક્ષત્રનો **અમૃતસિદ્ધિ** યોગ પણ યાત્રામાં અવશ્ય વર્જવાનો છે. માટે આ બન્ને યોગમાં કોઈપણ કાળે યાત્રા કરવી નહિ **યતિવલ્લભ**માં કહ્યું છે કે.

चैत्राद्या द्विगुणा मासा, वर्तमानदिनैर्युताः ।
सप्तभिस्तु हरेद् भागं, यच्छेषं तद्दिनं भवेत् ॥१॥
श्रीदिनः कलहश्चैव, नन्दनः कालकर्णिका ।
धर्मः क्षयो जयश्चैति, दिना नामसदृक्फलाः ॥२॥

અર્થ—ચૈત્રથી પ્રારંભીને ગયેલા માસો બમણા કરવા, તેમાં રવિવારથી ચાલતા વાર સુધીના દિવસો ઉમેરવા, પછી સાતે ભાગ દેવો, અને જેટલા આંક શેષ રહે તેટલામો ઇષ્ટદિન જાણવો અનુક્રમે તે સાતે દિવસના નામ–૧ શ્રીદિન, ૨ કલહ, ૩ નંદન, ૪ કાલકર્ણિકા ૫ ધર્મ, ૬ ક્ષય, અને ૭ જય છે. તે દરેક દિવસોનું પોતાના નામ પ્રમાણે શુભાશુભ ફળ છે. આ યોગથી વારની શુદ્ધિ થાય છે, તેથી શુભદિન તપાસીને પ્રયાણ કરવું.

હવે પ્રયાણના નક્ષત્રો કહે છે—

सव्वदिसि सव्वकालं, सिद्धिनिमित्तं विहारसमयम्मि ।
पुस्सस्सिणि मिग हत्था, रेवइ सवणा गहेयव्वा ॥६७॥

અર્થ—વિહારમાં સિદ્ધને માટે સર્વ દિશામાં સર્વ કાળે-પુષ્ય, અશ્વિની, મૃગશર, હસ્ત, રેવતી અને શ્રવણ નક્ષત્ર ગ્રહણ કરવા. ॥ ૬૭ ॥

વિવેચન—કેટલાક નક્ષત્રો એવા છે કે-જે સર્વ દિશાના મુખવાળા અને સર્વ કાળમાં સાનુકૂળતાવાળા છે એટલે-તે નક્ષત્રોને પરિઘ નક્ષત્ર શૂળ વિગેરેમાં દિશાના નિમિત્તથી થનારી દુષ્ટતાની અસર થતી નથી પૂર્વાહ્ન મધ્યાહ્ન સંધ્યા વિગેરે કાળથી થનારી દુષ્ટતા અસર કરી શકતી નથી, અને સર્વ કાર્યને સાધે છે આવા નક્ષત્રો અશ્વિની, મૃગશર, પુષ્ય, હસ્ત, શ્રવણ અને રેવતી એમ છ છે. તે નક્ષત્રોમાં હરકોઇ વખતે હરકોઈ દિશામાં પ્રયાણ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે શ્રીમાન્ ઉદયપ્રભસૂરિજી મૃગશર અને શ્રવણને સર્વ કાલિન જણાવે છે. *

સર્વતો મુખી નક્ષત્ર માટે વિશેષતા એટલી છે કે—શ્રવણ નક્ષત્રમાં દક્ષિણમાં દિક્શૂળ હોય છે, હસ્ત અને રેવતી નક્ષત્રમાં ઉત્તરમાં દુષ્ટયોગ થાય છે, અને શ્રવણ નક્ષત્રમાં પશ્ચિમમાં દુષ્ટયોગ થાય છે. માટે તેનો ત્યાગ કરવો

જો કે છ નક્ષત્રો સર્વ દિશાના દ્વારવાળા છે. પણ આ નિષેધ નામ ગ્રહણ પૂર્વક કરેલ છે; માટે નિસિદ્ધ નક્ષત્રોનો ત્યાગ કરવો એ વધારે હિતકારક છે.

હવે પ્રયાણમાં શુભ મધ્યમ અને અશુભ નક્ષત્રો ગણાવે છે.

पुस्सऽस्सिणिमिगसिर-रेवइअं हत्था पुणव्वसू चेव ।
अणुराह जिट्ठमूलं, नव नक्खत्ता गमणसिद्धा ॥६८॥
रोहिणी तिन्नि उ पुव्वा, सवणधणिट्ठा य सयभिसा चेव ।
चित्ता साई एए, नव नक्खत्ता गमणि मज्झा ॥६८॥
कित्तिअभरणिविसाहा, अस्सेसमहउत्तरातिअं अद्दा ।
एए नव नक्खत्ता, गमणे अइदारुणा भणिया ॥७०॥

---

* અનુરાધાનો સ્વામી મિત્ર અને રેવતીનો સ્વામી પુષા છે જેથી ભાષાંતર કારે અહીં મૈત્ર શબ્દથી અનુરાધા નક્ષત્રનો સ્વીકાર કર્યો છે પણ મિત્ર અને પુષા એ બન્ને નામો સૂર્યનાજ છે એટલે અહીં મૈત્રનો અર્થ રેવતી લઇએ તોજ યથાર્થતા સચવાય છે.

અર્થ—પુષ્ય અશ્વિની, મૃગશર, રેવતી, હસ્ત, પુનર્વસુ, અનુરાધા, જ્યેષ્ઠા અને મુળ; એ નવ નક્ષત્રો ગમનમાં સિદ્ધિકારક છે (૬૮) રોહિણી ત્રણ પૂર્વા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ચિત્રા અને સ્વાતિ; એ નવ નક્ષત્રો ગમનમાં મધ્યમ છે (૬૯) કૃત્તિકા, ભરણી, વિશાખા, અશ્લેષા, મઘા ત્રણ ઉત્તરા અને આર્દ્રા; એ નવ નક્ષત્રો ગમનમાં અત્યંત દારૂણ છે. ॥ ૭૦ ॥

વિવેચન—સુગમ છે અન્ય સ્થાને તો કહ્યું છે કે—

अद्दह भरणी सयभिसा जिट्ठह मूल मघाइं ।
नट्ठो पिट्ठो गामिगयो वत्तजपुच्छइ कांइ ॥१॥

અર્થ—આદ્રા, ભરણી, શતભીષા, જ્યેષ્ઠા, મૂળ અને મઘા નક્ષત્રમાં નાશ પામેલ હણાએલ કે ગામ ગએલની વાતજ શું પુછવી ? (૧)

મુહુર્તચિંતામણીમાં કહ્યુ છે કે—યાત્રામાં અવશ્ય જવું હોય તે માટે કૃત્તિકા મઘા અને સ્વાતિનું પૂર્વાધ, તથા ચિત્રા, અશ્લેષા અને ભરણીનું ઉત્તરાધ વર્જ્ય છે. અને વર્જ્ય નક્ષત્રની પ્રારંભથી, ભરણીની ઘડી ૭, મઘાની ઘડી ૧૧, સ્વાતિ વિશાખા જયેષ્ઠા અને અશ્લેષાની ઘડી ૧૪, ત્રણ પૂર્વાની ઘડી ૧૬, અને કૃત્તિકાની ઘડી ૨૧, અવશ્ય વર્જ્ય છે, પણ **ઉસનસૂ**ના મત પ્રમાણે મઘા અને સ્વાતિ સર્વથા વર્જ્ય જ છે.

આ નક્ષત્રોમાં અભિજિત્ ગણેલ નથી. પણ ને નક્ષત્રમાં યાત્રા શ્રેષ્ઠજ કહી છે. તે માટે કહ્યું છે કે—

अभिजिति कृतप्रयाणः, सर्वार्थान्साधयेन्नियतम् ।

"અભિજિત્ નક્ષત્રમાં પ્રયાણ કરનાર સર્વ કાર્યને અવશ્ય સાધે છે." અહીં શ્રવણ નક્ષત્ર મધ્યમ કહેલ છે, પણ પૂર્વોક્ત ગાથા પ્રમાણે તે સર્વમુખી અને સર્વકાલીન હોવાથી શ્રેષ્ઠ છે. વ્યવહારમાં કોઈક એમ માને છે કે—વૃશ્ચિકના ચંદ્રમાં પ્રયાણ ન કરવું, પણ આ ગાથામાં તો અનુરાધા અને જ્યેષ્ઠા નક્ષત્રમાં ગમન કરવાથી સિદ્ધિ કહેલ છે; એટલે પૂર્વોક્ત માન્યતાને કાંઈજ પુષ્ટિ મળતી નથી, તેમજ રેવતી નક્ષત્રમાં પંચકનો બાધ પણ આવતો નથી.

નવીન દીક્ષીતના પ્રથમ વિહાર માટે કહ્યું છે કે—

आद्याटनं प्राथमिकल्पिकस्य मृदु ध्रुवक्षिप्रचरेषु भेषु ।

અર્થ—"નવીન દીક્ષીતનો પ્રથમ વિહાર મૃદુ—મૃગશર ચિત્રા અનુરાધા અને રેવતી, ધ્રુવ—ત્રણ ઉત્તરા અને રોહિણી, ક્ષિપ્ર—અશ્વિની પુષ્ય હસ્ત અભિજિત્, ચર—પુનર્વસુ સ્વાતિ શ્રવણ ધનિષ્ઠા અને શતભિષામાં શુભ છે. આ દરેકમાં પણ વિહારના નક્ષત્રોજ શ્રેષ્ઠ છે."

હવે પ્રયાણનો કાળ કહે છે— **इंद्रवज्रा छंद,**

धुवेहि मिस्सेहि पभायकाले, उग्गेहि मज्झन्हिलहू परन्हे ।
मिऊपओसे निसिमज्झि तिक्खे, चरे निसंते न सुहो विहारो ॥१॥

અર્થ—ધ્રુવ અને મિશ્ર નક્ષત્રમાં પ્રભાતકાળે, ઉગ્ર નક્ષત્રમાં મધ્યાહ્ને લઘુ નક્ષત્રમાં અપરાહ્ણકાળે, મૃદુ નક્ષત્રમાં રાત્રે, તીક્ષ્ણ નક્ષત્રમાં મધ્યરાત્રે, અને ચર નક્ષત્રમાં રાત્રિના અંતે વિહાર કરવો તે સુખકારક નથી ॥૭૧॥

વિવેચન—શ્રેષ્ઠ મધ્યમ કે નિંદ્ય નક્ષત્રોમાં આવશ્યક કાર્ય હોય, અને યાત્રા કરવી પડે; પણ અમુકકાળે તો યાત્રા કરવી હિતકરજ નથી. એટલે ધ્રુવ–રોહિણી ત્રણ ઉત્તરા મિશ્ર–વિશાખા અને કૃત્તિકા નક્ષત્ર હોય તો દિવસના પુર્વભાગમાં યાત્રા કરવી નહિં, ઉગ્ર નક્ષત્ર–ભરણી મઘા અને ત્રણ પુર્વમાં મધ્યાહ્ન કાળે યાત્રા કરવી નહિ, લઘુ નક્ષત્ર–અશ્વિની પુષ્ય હસ્ત અને અભિજિત નક્ષત્ર હોય તો દિવસના ઉત્તર ભાગમાં યાત્રા કરવી નહિ. મૃદુ નક્ષત્ર–મૃગશર ચિત્રા અને અનુરાધામાં રાત્રિના પુર્વભાગમાં પ્રયાણ કરવું નહિ, તીક્ષ્ણનક્ષત્ર–આર્દ્રા અશ્લેષા જયેષ્ઠા અને મૂળમાં મધ્યરાત્રિએ યાત્રા કરવી નહિ, તથા ચર નક્ષત્ર–પુનર્વસુ સ્વાતિ શ્રવણ ધનિષ્ઠા અને શતભિષા નક્ષત્રમાં મધ્યરાત્રિથી સવાર સુધીના કાળમાં યાત્રા કરવી નહિ, **લલ્લ** કહે છે કે—આ નિષેધેલ કાળમાં પ્રયાણ કરવાથી હરકોઇ જાતની નુકશાની થાયજ છે, માટે તેનો અવશ્ય ત્યાગ કરવો. **શ્રી ઉદયપ્રભસૂરિ** તો કહે છે કે—તીક્ષ્ણ નક્ષત્રમાં મધ્યાહ્ન અને ઉગ્ર નક્ષત્રમાં મધ્યરાત્રે યાત્રા કરવી નહિ. બીજા ગ્રન્થોમાં આથી વિશેષ પણ દિનશુદ્ધિ કહેલ છે.

સવારની સંધ્યા મધ્યાહ્ન અને સાંજની સંધ્યામાં સર્વ કાર્ય કરી શકાય છે, અને આવશ્યક કાર્ય હોય તો તાત્કાલિક લગ્નકુંડલીમાં સાતમે અથવા આઠમે ભુવને સૌમ્ય ગ્રહનો યોગ થતાં મધ્યાહ્ન કાળેજ પ્રયાણ કરવું, **વિજય**યોગમાં દક્ષિણમાં જવું હિતકારક નથી. તિથિ દિવસ બળવાન્ હોય તો દિવસે, અને નિર્બળ હોય પણ નક્ષત્ર બળવાન્ હોય તો રાત્રે પ્રયાણ કરવું. **નક્ષત્ર સમુચ્ચય**માં કહ્યું છે કે—

पूर्वाह्ने चोत्तरां गच्छेत्, प्राच्यां मध्यंदिने तथा ।
दक्षिणामपराह्ने तु, पश्चिमामर्धरात्रके ॥१॥

અર્થ—"દિવસના પુર્વકાળે ઉત્તરમાં, મધ્યાહ્ન કાળે પુર્વમાં, દિવસના પછીના ભાગમાં દક્ષિણમાં, તથા મધ્યરાત્રે પશ્ચિમ દિશામાં પ્રયાણ કરવું ॥૧॥" **લલ્લ** કહે છે—

निर्गमान्नवमे चाऽह्नि, प्रवेशं परिवर्जयेत् ।
शुभे नक्षत्रयोगेऽपि, प्रवेशाद् वाऽपि निर्गमम् ॥१॥

અર્થ—"નક્ષત્રયોગ શુભ છતાં પ્રયાણના દિવસથી નવમે દિવસે પુર પ્રવેશાદિ કરવા નહિ, તેમજ પ્રવેશના દિવસથી નવમે દિવસે પ્રયાણ પણ કરવું નહિં ॥૧॥" **મુહુર્ત ચિંતામણિની ટીકા**માં તો કહ્યું છે કે—પ્રવાસ અને પ્રવેશમાં પરસ્પર નવમી તિથિ, નવમો વાર, અને નવમું નક્ષત્ર વર્જવું. તથા **ગ્રન્થાંતર** મત પ્રમાણે તો નવમો માસ તથા નવમું વર્ષ પણ ત્યજવું.

પ્રયાણમાં ઉત્પાત વિગેરેથી થયેલ દુર્દિનનો ત્યાગ કરવો. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—

अकालिकीषु विद्युद्-गर्जितवर्षासु वसुमतीनाथः ।
उत्पातेषु च भौमा-ऽन्तरिक्षदिव्येषु न प्रवसेत् ॥१॥

અર્થ—"રાજા સામંત આચાર્ય વિગેરેએ વિજળી ગર્જના કે વૃષ્ટિ અકાળે થાય તો તો પ્રયાણ કરવું નહિ, તેમજ ભૂમિ આકાશ કે દિવ્યના ઉત્પાતમાં પણ પ્રયાણ કરવું નહિ, ॥૧॥" આવા સમયમાં સાત દિવસ પ્રયાણ કરી શકાય નહિ ભૂમિકંપ, ગ્રહણ, ઈન્દ્રધનુષ્ય, રજચ્છદ; અભ્રચ્છદ વિગેરે ઉત્પાતોનું વર્ણન તિથિદ્વારમાં કહી ગયા છીએ.

તથા—માન્ય પુરૂષની અવગણના કરીને, વડિલ પુરૂષને દુભવીને સ્ત્રીને રંજાડીને, બાળકને રોવરાવીને, કોઇને મારીને, મૈથુન સેવીને, ઋતુવાળી ભાર્યા મૂકીને, અપશુકન દેખીને, કે સુતકમાં પ્રયાણ કરવું નહિં, તેમજ–ઉત્સવ, ભોજન, સાધર્મિવાત્સલ્ય વિગેરે માંગલિક કાર્યોની પૂર્ણાહૂતિ થયા પસેલાં પ્રયાણ કરવું નહિ. ચૈત્ર કે વૈશાખ માસમાં કેતુ દર્શન થાય તો શુભ છે, બાકીના માસમાં કેતુદર્શન થયું હોય તો સોળ દિવસ સુધી પ્રયાણ કરવું નહિ, એમ **વરાહ** કહે છે.

સિદ્ધિ ઈચ્છાનાર પુરૂષે ચંદ્ર બળ કે તારાબળ જોઇને પ્રયાણ કરવું. તેમાં **ઘાતી** ન હોય તે પૂર્વે કહેલ શુભ ચંદ્ર તથા ચંદ્રની શુભ અવસ્થા હોય તો પ્રયાણમાં લાભકારક છે.

અન્ય સ્થાને કહ્યું છે કે--જન્મનો ત્રીજો અને પાંચમો ચંદ્ર માથે હોય છે, છઠ્ઠો આઠમો નવમો અને બારમો ચંદ્ર છાતીએ હોય છે, તથા બીજો અને ચોથો ચંદ્ર કરમાં હોય છે. તેમાં માથાનો ચંદ્ર ધાન્ય પ્રાપ્તિ કરાવે છે, છાતીનો ચંદ્ર ધન લાભ કરાવે છે, અને હાથનો ચંદ્ર સામાન્ય રીતે લાભ કરાવે છે. **નારચંદ્ર**માં તો કહ્યું છે કે–યાત્રા જન્મનો ચંદ્ર હોય તો ચોરનો ભય આવે છે **લલ્લ** પણ જન્મનક્ષત્રમાં અને જન્મચંદ્રમાં યાત્રાનો નિષેધ કરે છે.

કૃષ્ણપક્ષનો ચંદ્ર હોય તો તારાનું બળ જોવું. **ત્રિવિક્રમ** કહે છે કે,

त्यजेत कुतारां प्रस्थांने ।

અર્થ—"પ્રયાણમાં કુતારાનો ત્યાગ કરવો." અર્થાત પહેલી ત્રીજી અને સાતતી તારા અવશ્ય ત્યજવી.

લલ્લ કહે છે કે—

यात्रायुद्धविवाहेषु, जन्मतारा न शोभना ॥१॥
यच्च न जन्मनि कार्यं, वर्जनीयं तदाधाने ॥१॥

અર્થ—"યાત્રા યુદ્ધ અને વિવાહમાં જન્મતારા શુભ નથી, તેમજ જન્મતારામાં નિષેધેલ કાર્યને આધાનમાં પણ વર્જવું. ॥ ૧ ॥

હવે દિશાની શુદ્ધિ કરવા માટે પરિઘ વિગેરેનું સ્વરૂપ કહે છે—

पुव्वाइसु सग सग,
कित्तिआइं दिसि रिक्ख सदिसि हुन्ति सुहा ।
घर दिसि मज्झा वायग्गि,
परिहरेहा न लंघिज्जा ॥७२॥

અર્થ—પૂર્વાદિ દિશામાં કૃત્તિકાદિ સાત સાત નક્ષત્રો છે તે દિશાનાં નક્ષત્રો કહેવાય છે, જે પોતાની દિશામાં પ્રયાણ કરનારને સુખ કરનારા છે, પાસેની દિશામાં પ્રયાણ કરનારને મધ્યમ છે. તથા વાયવ્ય અને અગ્નિ ખુણાની પરિઘ રેખા દોરવી, અને આ રેખાનું ઉલ્લંઘન કરવું નહિ.

વિવેચન—આ દિશા જાણવા માટે એવી રીત છે કે-

૧ ચિત્રા અને સ્વાતિ નક્ષત્રનો મધ્યભાગ, મેષનો સૂર્ય તુલાનો સૂર્ય કૃત્તિકા નક્ષત્ર અને શ્રવણ નક્ષત્રનાં ઉદય સ્થાનો, તે બરાબર પૂર્વ દિશા છે,

પૂર્વ

---

o શ્રવણ

ચિત્રા o   o સ્વાતિ

o કૃતિકા

૨ ધ્રુ૦માકડીના આગળના બે તારા સાથે: સમાન લીંટીમાં આવેલ ધ્રુવ તારાનું સ્થાન તે ઉત્તર દિશા છે. આ સમાન લીંટી ફાગણ શુદિમાં સ્પષ્ટ દેખાય છે.

૩ એક વર્તૂલ કરી તેના મધ્યમાં શંકુ ખોડવો, અને સવાર તથા સાંજે પશ્ચિમ તથા પૂર્વમાં વર્તૂલની પડઘી ઉપર પડતી શંકુ છાયાના સ્થાને બે છાયાબિંદુ કરવા. આ છાયા ને મધ્યમાં રાખી શંકુને ઘસીને બે વર્તૂલ કરવા. આવી રીતે શંકુની પાસે ત્રણ વર્તૂલની મચ્છાકૃતિ થાય છે. તે મચ્છાકૃતિના મધ્યમાં શંકુને વીંધીને એક સીધી લીટી દોરવી. આ લીટીના બન્ને છેડે ઉત્તર અને દક્ષિણ દિશા આવે છે.



ઇશાન	પૂર્વ	અગ્નિ
ઉત્તર	દિક્ચક્ર	દક્ષિણ
વાયવ્ય	પશ્ચિમ	નૈઋત્ય

પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર અને ઇશાન; એ આઠ દિશાઓ છે. તેઓમાં પૂર્વ દક્ષિણ વગેરે ચાર દિશાઓ છે, અને અગ્નિ નૈઋત્ય વિગેરે ચાર વિદિશા--ખૂણાઓ છે. આ ખુણામા હંમેશાં દિશાઓનેજ અનુસરે છે. એટલે ચાર દિશાને આશ્રીને કોઇ કાર્યનો વિધિ-નિષેધ કર્યો હોય, અને વિદિશા માટે કાંઈ સ્વતંત્ર વિધિ-નિષેધ ન કર્યો હોય, તો તે ખુણાઓ પોતાની દિશાને અનુસરે છે. પૂર્વદિશાનું અગ્નિ કોણમાં, દક્ષિણ દિશાનુ નૈઋત્ય કોણમાં, પશ્ચિમ દિશાનું વાયવ્યમાં, અને ઉત્તર દિશાનું ઇશાન કોણમાં કાર્ય કરી શકાય છે. પૂર્વા વિગેરે આઠે દિશાના સ્વામીએ અનુક્રમે સૂર્ય, શુક્ર, ભોમ, રાહુ, શનિ, ચંદ્ર, અને બુધ અને ગુરૂ ગ્રહો છે.

મેષ સિંહ અને ધન રાશિ પૂર્વ દિશાની છે, વૃષ કન્યા અને મકર રાશિ દક્ષિણ દિશાની છે, મિથુન તુલા અને કુંભ રાશિ પશ્ચિમ દિશાની છે, તથા કર્ક વૃશ્ચિક અન મીન રાશિ ઉત્તર દિશાની છે. પૂર્વ વિગેરે ચાર દિશાના ભુવનો અનુક્રમે-પહેલું દસમું સાતમું અને ચોથું

છે. તથા અગ્નિ વિગેરે ચાર દિશાના ભુવનો અનુક્રમે-બારમું તથા અગીયારમું, નવમું તથા આઠમું, અને છઠ્ઠુ તથા પાંચમું, અને ત્રીજું તથા બીજું છે. એટલે-દિશાના એકેક ભુવન છે, અને વિદિશાના બબ્બે ભુવન છે.

સ્થાનાંગ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે-પૂર્વદિશામાં કૃત્તકા, રોહિણી, મૃગશર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય અને અશ્લેષા નક્ષત્રનાં દ્વાર દક્ષિણ દિશામાં મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ અને વિશાખા નક્ષત્રનાં દ્વાર છે. પશ્ચિમમાં અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, અભિજિત અને શ્રવણ નક્ષત્રનાં દ્વાર છે. તથા ઉત્તર દિશામાં ધનિષ્ઠા, શતભિષા, પૂર્વા ભાદ્રપદ, રેવતી, અશ્વિની અને ભરણી નક્ષત્રનાં દ્વાર છે. જે દિશામાં નક્ષત્રનુ દ્વાર હોય તે દિશા તે નક્ષત્રની ગણાય છે. અને પાસેની દિશા તે સ્વજન દિશા મનાય છે.

આ દિશાઓમાં અમુક નક્ષત્ર વાર વિગેરે હોય ત્યારે પરિધ દિક્શુળ વિગેરે હોય છે, જે પ્રયાણમાં વર્જ્ય કહેલા છે. તેમાંથી પરિઘ લાવવાની રીત આ પ્રમાણે છે-કૃત્તિકાદિ સાત સાત નક્ષત્રો અનુક્રમે પૂર્વ વિગેરે ચાર દિશામાં સ્થાપવા, અને અગ્નિ ખુણાથી વાયવ્ય ખુણા સુધી લાંબો પરિધ કરવો. અહીં જે નક્ષત્ર જે દિશામાં હોય તે નક્ષત્રમાં તે દિશામાં પ્રયાણ કરવું શુભકારક છે. એટલે-કૃતિકાદિ સાત નક્ષત્ર હોય તો પૂર્વમાં મઘા વિગેરે સાત નક્ષત્રો હોય તો દક્ષિણમાં, અનુરાધા વિગેરે સાત નક્ષત્રો હોય તો પશ્ચિમમાં, અને ધનિષ્ઠા વિગેરે સાત નક્ષત્રો હોય તો ઉત્તરમાં પ્રયાણ કરવું શ્રેષ્ઠ છે. આજ રીતે કૃતિકા મઘા અનુરાધા અને ધનિષ્ઠાથી પ્રારંભીને સાત સાત નક્ષત્રોમાં અનુક્રમે અગ્નિ નૈઋત્ય વાયવ્ય તથા ઈશાન ખુણામાં પ્રયાણ કરવું હિતકારક છે.

પ્રયાણમાં વાયવ્ય અને અગ્નિ ખુણામાં પરિધનું કોઇરીતે ઉલ્લંઘન કરવું નહિં, પણ પરિધની એક બાજુની ચાર દિશા અને બીજી બાજુની બીજી ચાર દિશા પોતપોતમાં ગૃહદિશા કે **સ્વજનદિશા** છે એ સ્વજનદિશામાં પ્રયાણ કરવું મધ્યમ ફળદાયકે છે અર્થાત્ ધનિષ્ઠાથી પ્રારંભીને અશ્લેષા સુધીનાં ચૌદ નક્ષત્ર હોય ત્યારે ઉત્તર ઈશાન પૂર્વ અને અગ્નિમાં, તથા મઘાથી પ્રારંભીને શ્રવણ સુધીના ચૌદ નક્ષત્ર હોય ત્યારે દક્ષિણ નૈઋત્ય પશ્ચિમ અને વાયવ્ય દિશામાં પ્રયાણ કરવું.

પૂર્ણભદ્ર કહે છે કે- સાત સાત નક્ષત્રમાં ફરતો સૂર્ય પુર્વ વિગેરે દિશાને અસ્ત કરે છે, તેથી તે દિશાઓની યાત્રા લક્ષ્મી પ્રાપ્ત કરાવે છે. અને અશ્વિની વિગેરે સાત સાત નક્ષત્રો અનુક્રમે રવિ વિગેરે સાત સાત **વારની** સાથે હોય તો પોતપોતાની દિશામાં પ્રયાણ કરનારને મહાફળની પ્રાપ્તિ કરાવે છે.

પરિઘના પરિહાર માટે કહ્યું છે કે-શુભ ગ્રહવાળું બળવાન્ યાત્રાલગ્ન હોય તો પરિઘનું પણ ઉલ્લંઘન કરી શકાય છે. અથવા ઉત્સુકતાથી પરિઘનું ઉલ્લંઘન કરવું પડે, પણ નક્ષત્રદિક્શૂળ અને દિકકીલને અવશ્ય ત્યાગ કરવો.



પરિઘ ચક્ર

હવે દિક્શૂળ કહે છે-

सूलं पुव्वि सणी सोमो, दाहिणाए दिसा गुरु ।
पच्छिमाइ रवी सुक्को, उत्तराए कुजो बुहो ॥७३॥

અર્થ—શનિ અને સોમ પૂર્વમાં, ગુરૂવારે દક્ષિણમાં, રવિ અને શુક્રે પશ્ચિમમાં તથા મંગળ અને બુધવારે ઉત્તરમાં શુળ હોય છે.

વિવેચન—શનિવાર અને સોમવાર હોય તો પૂર્વમાં શૂળ હોય છે, ગુરૂવારને દિવસે દક્ષિણમાં શૂળ હોય છે, રવિવાર અને શુક્રવારે પશ્ચિમમાં શૂળ હોય છે, તથા મંગળવાર અને બુધવારે ઉત્તરમાં શૂળ હોય છે. વારને આશ્રીને જે દિશામાં શૂળ હોય છે તે **દિક્શુળ** કહેવાય છે, દિક્શૂળનું બીજું નામ **નાગોકાળ** છે. બીજે ઠેકાણે કહ્યું છે કે–

"પૂર્વ સોમ શનિશ્ચર વારે, દક્ષિણ ગુરૂ એકલો નિવારે; પશ્ચિમ શુક્ર અર્ક રૂંધી, ઉત્તર મંગળ બુધ વિરોધી. ૧

શૂળ જે દિશામાં હોય ત્યાં પ્રયાણ કરનારને નુકશાની થાય છે, માટે દિક્શૂળની સામે પ્રયાણ કરવું નહિં. દિક્શૂળ ડાબી બાજુ કે પછવાડે હોય તો પ્રયાણમાં લાભ મળે છે, તે માટે કહ્યું છે કે–

"દિશાશૂળ લઈ જાય વામે, રાહુ યોગની પૂઠ;
સન્મુખ લ્યે જો ચંદ્રમા, લાવે લક્ષ્મી લુંટ ॥ ૧ ॥

એટલે-ડાબી બાજુનો દિશાશૂળ, પછવાંડેની યોગિની, અને સન્મુખનો ચંદ્ર અખૂટ લક્ષ્મી આપે છે.

તારચંદ્રમાં કહ્યું છે કે-

**न गुरौ दक्षिणां गच्छेद्, न पूर्वा शनिसोमयोः ।
शुक्रार्कयोः प्रतीचींन, नोत्तरां बुधभोमयोः ॥१॥**

અર્થ-"ગુરૂવારે દક્ષિણ દિશામાં જવું નહિં, શનિ અને સોમે પૂર્વ દિશામાં જવું નહિં, શુક્ર અને રવિવારે પશ્ચિમ દિશામાં જવું નહિં અને બુધ તથા મંગળવારે ઉત્તર દિશામાં જવું નહિં." ૧

પ્રયાણમાં વિદિક્‌શૂળ કરતાં દિક્‌શૂળની શુદ્ધિ અવશ્ય જોવી પડે છે.

હવે વિદિક્‌શૂળ કહે છે-

**ईसाणे अ बुहो मंदो, अग्गीई अ गुरूरवी ।
नेरइए ससी सुको, भूमो वाए विवज्जए ॥७४॥**

અર્થ—ઈશાનમાં બુધ અને શનિવાર, અગ્નિમાં ગુરૂ અને રવિ, નૈઋત્યમાં સોમ તથા શુક્રવાર, અને વાયવ્યમાં ભોમવાર વર્જવો. ॥ ૭૪ ॥

વિવેચન-વારને આશ્રીને ખુણામાં જે શૂળ હોય છે તે **વિદિક્‌શુળ** કહેવાય છે. તે આ પ્રમાણે છે-બુધવાર અને શનિવારે ઈશાનમાં વિદિક્‌શુળ હોય છે, રવિવાર અને ગુરૂવારે અગ્નિખુણામાં વિદિક્‌શુળ હોય છે, સોમવાર અને શુક્રવારે નૈઋત્ય કોણમાં વિદિક્‌શુળ હોય છે, તથા ભોમવારે વાયવ્ય ખુણામાં વિદિક્‌શુળ હોય છે.

ઉદયપ્રભસૂરિ શનિવાર : માટે કહે છે કે-શનિવારે વાયવ્ય કોણમાં વિદિક્‌શુળ હોય છે. પ્રયાણમાં વિદિક્‌શુળ કરાવનાર વારને વર્જવો. વિદિક્‌શુળની સામે જવું નહિં, અર્થાત્ જે વારે જે ખુણામાં શુળ હોય તે વારે તે ખુણામાં પ્રયાણ કરવું નહિં.

વારના શુળનો પરિહાર કહે છે-

**चंदणं दहि मट्टी अ, तिल्लं पिट्टं तहा पुणो ।
तिल्लं खलं च चंदिज्जा, सूराई सूलमुत्तरो ॥७५॥**

બુધ શનિ	પૂર્વ સો૦ શ૦ ષાઢા૦ જ્યે૦	રવિ ગુરૂ
મં૦ બુ હ૦ ફાલ્ગુ૦ વિ૦	દિક વિદિક શુળ	ગુરૂ વિ૦ શ્ર૦ ધ૦ પૂ૦ ભા૦
ભોમ	રવિ. શુક્ર રે. પુષ્ય મૂળ	સોમ શુક્ર

અર્થ— રવિ વિગેરે સાત વારોમાં અનુક્રમે-ચંદન, દહી, માટી, તેલ, લોટ, તેલ અને ખોળનું તિલક કરવાથી શુળને દોષ ઉતરી જાય છે.

વિવેચન—અવશ્ય જરૂરીયાત હોય, અને દિકશૂળ કે વિદિક્ શૂળમાં પ્રયાણ કરવું પડે; તો રવિવારે ચંદનનું, સોમવારે દહીનું, મંગળવારે માટીનું, બુધવારે તેલનું, ગુરૂવારે લોટનું, શુક્રવારે તેલનું, અને શનિવારે ખોળનું તિલક કરીને પ્રયાણ કરવું; જેથી શૂળને દોષ લાગતો નથી. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે-રવિ વિગેરે સાતવારમાં દિક્ શૂળ અને વિદિક્ શૂળનો નાશ કરવા માટે અનુક્રમે-ચંદન, દહીં, માટી, તેલ, પિષ્ટ (લોટ), ઘી, અને ખોળનું ચંદન કરવું **નારચંદ્ર ટીપ્પણમાં** કહ્યું છે કે-

रवि तंबोल मयंक दप्पण, थाणां चावउ धरणिनंदणु ।
गुलराउत्तह दहि गुरुवारइ, राइ चावओ सुक्करवारइ ॥
सणिसर वारइ वावडिंग चावइ, सव्वे अज्ज करि घर आवइ ।

અર્થ—"જો દિક્ શૂળની સામે જવું હોય તો રવિવારે તંબોલ ખાવું, સોમવારે દર્પણ જોવું, મંગળવારે ધાણા ચાવવા, બુધવારે ગોળ ખાવો, ગુરૂવારે દહીં પીવું, શુક્રવારે રાઈ ચાવવી, અને શનિવારે વાવડિંગ ચાવવા. આ પ્રમાણે કરવાથી દિકશૂળ સામે પ્રયાણ કરવા છતાં સર્વ કાર્ય સિદ્ધ કરી પાછા ઘરે અવાય છે"

આ ઉપરાંત શુળના હોમ પ્રયોગથી પણ દિકશૂળની શુદ્ધિ થાય છે, એમ સંભળાય છે.

હવે નક્ષત્રશૂળ કહે છે- (માલીની છંદ)

उदयदिसि भसूलं दो असाढा य जिट्ठा,
धणिसमणविसाहा पुव्वभद्दा जमाए ।
अह वरुणदिसाए रोहिणी पुस्स मूलं,
सुर गिरिदिसि हत्थी फग्गुणी दो विसाहा ॥७६॥

અર્થ—બે આષાઢા તથા જ્યેષ્ઠા નક્ષત્ર હોય તો પૂર્વમાં, ધનિષ્ઠા શ્રવણ વિશાખા અને પૂર્વાભાદ્રપદ નક્ષત્ર હોય ત્યારે દક્ષિણમાં, રોહિણી પુષ્ય તથા મુળ નક્ષત્ર હોય ત્યારે પશ્ચિમમાં, અને હસ્ત બે ફાલ્ગુની કે વિશાખા નક્ષત્ર હોય ત્યારે ઉત્તર દિશામાં નક્ષત્રશુળ હોય છે. ॥ ૭૬ ॥

વિવેચન—નક્ષત્રના નિમિત્તથી ચાર દિશામાં જે શૂળ હોય છે તે **નક્ષત્રશુળ** મનાય છે. તે આ પ્રમાણે–જ્યેષ્ઠા પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્ર હોય ત્યારે પુર્વમાં નક્ષત્રશુળ હોય છે, વિશાખા શ્રવણ ધનિષ્ઠા અને પુર્વાભાદ્રપદ નક્ષત્ર હોય ત્યારે દક્ષિણ દિશામાં નક્ષત્રશુળ હોય છે, રોહિણી પુષ્ય અને મૂળ નક્ષત્ર હોય ત્યારે પશ્ચિમ દિશામાં નક્ષત્રશુળ હોય છે, તથા પુર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની હસ્ત અને વિશાખા નક્ષત્ર હોય ત્યારે ઉત્તર દિશામાં નક્ષત્રશુળ હોય છે **ઉદયપ્રભસૂરિજી** પુષ્ય હસ્ત અને વિશાખામાં નક્ષત્રશુળ હોવાનું માનતા નથી, **પૂર્ણભદ્રાચાર્ય** શ્રવણ, વિશાખા, પુષ્ય, અને હસ્તમાં શુળ હોવાનું માનતા નથી, જ્યારે **નારચંદ્રસૂરિ** પુષ્ય અને હસ્તમાં પણ નક્ષત્રશુળ હોય એમ માને છે. જે દિશામાં નક્ષત્રશુળ હોય તે દિશાનો અવશ્ય ત્યાગ કરવો. **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે—

त्यजेल्लग्नेऽपि शूलर्क्षं, शूलर्क्षे नास्ति निवृत्तिः ।

અર્થ—"શુદ્ધ લગ્ન હોય છતાં નક્ષત્રશુળ વર્જવું, અને નક્ષત્રશુળમાં પ્રયાણ કરવાથી પાછું અવાતું નથી"**ઉદયપ્રભસૂરિ** કહે છે કે–બળવાન્ લગ્ન હોય તો પરિઘનું ઉલ્લંઘન કરવું પરંતુ નક્ષત્રશુળનો ત્યાગ કરવો.

યતિવલ્લભમાં કહ્યું છે કે–કદાચ ઉતાવળથી પરિઘદંડને ન વર્જી શકાય પણ **દિક્કીલ**નો અવશ્ય ત્યાગ કરવો જ્યેષ્ઠા પુર્વાભાદ્રપદ રોહિણી અને ઉત્તરા ફાલ્ગુનીનું નક્ષત્રશુળ પ્રયાણમાં અતિદુષ્ટ છે, જેનું બીજું નામ **નક્ષત્રકીલ** છે તે માટે કહ્યું છે કે–

ज्येष्ठा भाद्रपदा पूर्वा, रोहिण्युत्तरफाल्गुनी ।
पूर्वादिषु क्रमात् कीला, गतस्य तेषु नाऽऽगतिः ॥१॥

અર્થ—"પૂર્વ દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર દિશામાં અનુક્રમે–જ્યેષ્ઠા પુર્વાભાદ્રપદ રોહિણી

અને ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રો ખીલા જેવા છે, જેથી આ નક્ષત્રકીલમાં ગમન કરનાર પાછો વળતો નથી ॥ ૧ ॥ " વળી કહ્યું છે કે–

उत्तर हत्था दक्खिण चिता, पुव्वा रोहिणी सुणरे मिता ।
पच्छिम सवणा म कर गमणा, हरिहर बंभ पुरंदर मरणा ॥१॥

અર્થ—"હે મિત્ર ! સાંભળ; ઉત્તર તરફ હસ્ત નક્ષત્રમાં, દક્ષિણ તરફ ચિત્રા નક્ષત્રમાં, પુર્વ તરફ રોહિણી નક્ષત્રમાં, અને પશ્ચિમ દિશા તરફ શ્રવણ નક્ષત્રમાં ગમન કરીશ નહિ, કેમકે–તેમાં ગમન કરે તો વિષ્ણુ શંકર બ્રહ્મા અને ઇંદ્ર પણ મૃત્યુ પામે છે.

અન્ય સ્થાને કહ્યું છે કે–

પુષ્ય પુનર્વસુ પશ્ચિમ ચાલઈ, સર્પ મુખી સો અંગુલી ઘાલઈ; ઉત્તર હસ્તવત્ રેવઈ, જાવઈ, તે નર નિશ્ચે વલીં ન આવઈ. ૧ અશ્લેષા મઘ પુર્વ જંપઈ, જાઈ **લચ્છી** સરસી સંપઈ; અશ્વિની ભરણી દક્ષિણ ઓછ તો હક્કારઈ **જમ** મારગજંતો. ૨

હવે વત્સચાર કહે છે–

मीणाइ तिसंकंती, पच्छिमाइसु उग्गइ ।
वच्छो गमे पवेसे वि, न सुहो पिट्ठिसंमुहो ॥७७॥

અર્થ—વત્સ મીન વિગેરે ત્રણ સંક્રાંતિમાં પશ્ચિમ વિગેરે દિશામાં ઉગે છે, તે પ્રયાણમાં કે પ્રવેશમાં સન્મુખ કે પછવાડે હોય તો શુભ નથી. ॥ ૭૭ ॥

વિવેચન—વત્સ એ આકાશમાં ભ્રમણ કરતો એક આકૃતિવિશેષ છે, તે જુદી જુદી દિશામાં ઉદય પામે છે. તેના ઉદય માટે એવો નિયમ છે કે– જ્યારે મીન મેષ અને વૃષ સંક્રાંતિનો સૂર્ય હોય ત્યારે વત્સ પશ્ચિમ દિશામાં ઉગે છે, મિથુન કર્ક અને સિંહનો સૂર્ય હોય ત્યારે વત્સ ઉત્તરમાં ઉદય પામે છે, કન્યા તુલા અને વૃશ્ચિક રાશિનો સૂર્ય હોય ત્યારે વત્સ પુર્વમાં હોય છે તથા ધન મકર અને કુંભનો સૂર્ય હોય તથા વત્સ દક્ષિણમાં ઉદય પામે છે. આ વત્સ પ્રયાણમાં કે પ્રવેશમાં સન્મુખ કે પછવાડે હોય તો શુભ નથી **ઉદયપ્રભસૂરિ** કહે છે કે–

सम्मुखोऽयं हरेदायुः, पृष्ठे स्याद् धननाशकः ।
वामदक्षिणयोः किन्तु, वत्सो वाञ्छितदायकः ॥१॥

અર્થ—"આ વત્સ સન્મુખ રહ્યો થકો આયુષ્ય હરે છે, પાછળ રહ્યો થકો ધનનો નાશ કરે છે, પરંતુ ડાબો અને જમણો રહ્યો થકો વાંછિત પૂરે છે ॥ ૧ ॥ "

શિલ્પ ગ્રંથોમાં વત્સ સન્મુખ હોય ત્યારે વાસ્તુ દ્વાર અને પ્રવેશનો નિષેધ કર્યો છે. તેથી વત્સની અવશ્ય સન્મુખતા વર્જવા માટે કહ્યું છે કે–વત્સવાળી દિશાના સરખા સાત ભાગ કરવા; તે સાતે ભાગોમાં વત્સ અનુક્રમે પાંચ, દસ, પંદર, ત્રીશ, પંદર, દસ અને પાંચ દિવસ રહે છે. તેમાંથી મધ્યના ચોથા ભાગના ત્રીશ દિવસોમાં વત્સ હોય ત્યારે તેની સન્મુખતાએ બાર મૂકવું નહિં, પણ પાસેના પાંચમા ત્રીજા છઠ્ઠા બીજા સાતમાં અને પહેલા ભાગમાં વત્સ હોય, અને ચંદ્ર, વાર, નક્ષત્ર તથા તિથિનું બળ હોય ત્યારે ઘરનું બાર મૂકવામાં હરકત નથી. અર્થાત્–મધ્યની રાશિમાં વત્સ ઉદય પામે ત્યારે તેની સન્મુખતા વર્જવી.

લલ્લ તો કહે છે કે–એક નગરમાં કાર્યોમાં દુકાળમાં, રાષ્ટ્રના વિપ્લવમાં વિવાહમાં અને તીર્થયાત્રામાં વત્સ તથા શુક્રનો વિચાર કરવો નહિં.



સંક્રાંતિને આશ્રીને દરેક **ગ્રહોનો** જુદી જુદી દિશામાં વાસ હોય છે **સૂર્ય**–મીન, મેષ, વૃષનો પૂર્વમાં, મિથુન, કર્ક, અને સિંહનો દક્ષિણમાં, કન્યા, તુલા અને વૃશ્ચિકનો પશ્ચિમમાં તથા ધન, મકર અને કુંભનો ઉત્તરમાં હોય છે. **સોમ** મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ ગ્રહો–સિંહ, કન્યા અને તુલા સંક્રાંતિના હોય ત્યારે પૂર્વમાં, વૃશ્ચિક, ધન અને મકર સંક્રાન્તિ હોય ત્યારે દક્ષિણમાં, કુંભ, મીન અને મેષ સંક્રાન્તિના હોય ત્યારે પશ્ચિમમાં તથા વૃષભ, મિથુન અને કર્ક સંક્રાન્તિના હોય ત્યારે ઉત્તરમાં છે. **રાહુ**–ધન, મકર અને કુંભનો હોય તો પૂર્વમાં, મીન

મેષ અને વૃષનો હોય તો દક્ષિણમાં, મિથુન, કર્ક અને સિંહનો હોય તો પશ્ચિમમાં, તથા કન્યા, તુલા અને વૃશ્ચિકનો હોય તો ઉત્તરમાં વસે છે. **વત્સ** માટેનું ઉપર કહેવાઈ ગયું છે. **શિવ** માટે આગળ ગાથા ૮૧માં કહેવાશે. ગ્રહોના ભ્રમણ માટે **નારચંદ્રમાં** કહ્યું છે કે–સર્વ ગ્રહો ઉદયથી પ્રારંભીને અનુક્રમે આઠ પ્રહરમાં આઠે દિશાને સ્પર્શે છે.

હવે યોગિની કહે છે.

इगनवगाइकमा तिहि, पुव्वुत्तरअग्गिनेरदाहिणए ।
पच्छिम वाइ साणे, जोइणि सा वामपिट्ठिसुहा ॥७८॥
दिणदिसि धुरि चउघडिया, परओ पुव्वुत्तदिसिहि कमसो ।
तक्कालजोइणी सा, वज्जेयव्वा पयत्तेणं ॥७९॥

અર્થ—એકમ અને નોમથી પ્રારંભી આઠ તિથિમાં અનુક્રમે-પૂર્વ, ઉત્તર, અગ્નિ, નૈઋત્ય, દક્ષિણ, પશ્ચિમ વાયવ્ય અને ઈશાનમાં જોગણી હોય છે, તે પ્રયાણમાં ડાબી બાજુ પાછળ હોય તો શુભ છે ॥૭૮॥ તિથિની દિશામાં પહેલી ચાર ઘડી તત્કાળ યોગની હોય છે, અને પછી તે પૂર્વોક્ત યોગીનીની દિશામાં ચાર ચાર ઘડી ફરે છે, તેનો પણ પ્રયત્નથી ત્યાગ કરવો. ॥૭૯॥

વિવેચન—દિશાઓ આઠ છે અને તિથિઓ પંદર છે; એટલે એક એક દિશામાં બબ્બે તિથિની આવૃત્તિ થાય છે. માત્ર અહિં એક તિથિ ઘટે છે. માટે શુકલ પક્ષમાં ઈશાનમાં અને કૃષ્ણપક્ષમાં વાવ્યવ તિથિની બીજી આવૃત્તિ ન ગણવાથી બરાબર મેળ મળી રહે છે. આ રીતે યોગીની **પંદર** તિથિમાં વારાફરતી જુદી જુદી દિશામાં વાસ કરે છે.

આ રીતે યોગિની એક તિથિએ એક દિશામાં, એમ એકમથી પ્રારંભીને આઠમ સુધી તથા **નોમથી** પ્રારંભીને પૂર્ણિમા સુધી પૂર્વ વિગેરે આઠ દિશામાં વાસ કરે છે તેનો નિવાસક્રમ આ પ્રમાણે છે–એકમ અને નોમે પૂર્વમાં, બીજ અને દશમે ઉત્તરમાં, ત્રીજ અને અગીયારશે અગ્નિમાં, ચોથ અને બારશે નૈઋત્યમાં, પાંચમ અને તેરશે દક્ષિણમાં, છઠ્ઠ અને ચૌદશે પશ્ચિમમાં, સાતમ અને પુનમે વાયવ્યમાં, તથા આઠમ અને અમાસે ઈશાનમાં, યોગિની હોય છે. તે પ્રમાણમાં ડાબી બાજુ રહે તો શુભ છે. કેટલાક આચાર્યો બીજી રીતે છ દિશામાં યોગિની હોવાનું સૂચવે છે. આ યોગિની સન્મુખ કે જમણી બાજુ હોય તો અશુભ છે. અને ડાબી બાજુ કે પછવાડે હોય તો જય આપનાર છે કહ્યું છે કે—

योगिनी सुखदा वामे, पृष्ठे वाञ्छितदायिनी,
दक्षिणे धनहन्त्रीच, संमुखे मरणप्रदा ॥१॥

અર્થ—"યોગિની ડાબી બાજુ હોય તો સુખ આપે છે. પાછળ હોય તો વાંછિત પૂરે છે. જમણી બાજુ હોય તો ધન હરે છે. અને સામે હોય તો મૃત્યુ પમાડે છે ॥૧॥" **વ્યવહાર-પ્રકાશ**માં તો માત્ર સન્મુખ રહેલી યોગિનીજ દુષ્ટ માનેલ છે. **મુહુર્તચિંતામણિની ટીકા (સ્વરોદય)**માં કહ્યું છે કે....

दक्षे पृष्ठे योगिनी राहुयुक्ता, गच्छेद् युद्धे शत्रुलक्षं निहन्ति ।

અર્થ—"જમણી અથવા પાછળ રાહુ સાથે યોગિની રહી હોય, અને યુદ્ધમાં જાય તો લાખો શત્રુને હણે છે." યોગિનીનો અવશ્ય ત્યાગ કરવો, તેમ **તત્કાળ યોગિની** પણ વર્જ્ય છે. યોગિની હમેશાં પોતાના નિવાસની દિશાથી પ્રારંભીને આઠે દિશામાં ભમે છે, તે તત્કાળ યોગિની કહેવાય છે. તેના ભ્રમણ માટે સૂરિ મહારાજ કહે છે કે—

યોગિની જે તિથિએ જે દિશામાં હોય છે તે તિથિએ તે દિશામાં ચાર ઘડી રહે છે. ત્યાર પછી પોતાનાથી પછીની તિથિની દિશામાં એટલે–પૂર્વે કહેલ અનુક્રમે પૂર્વ, ઉત્તર, અગ્નિ, નૈઋત્ય, દક્ષિણ, પશ્ચિમ, વાયવ્ય અને ઈશાનમાં વારા ફરતી ચાર ચાર ઘડી ફરે છે. આ તત્કાળ યોગિનીનો ત્યાગ કરવો. **નારચંદ્ર**માં તો કહ્યું છે કે–જો અવશ્ય પ્રયાણ કરવું હોય તો યોગિ-નીની દ્રષ્ટિવાળી દિશા વર્જવી. તે દ્રષ્ટિ આ પ્રમાણે છે—

उड्ढं पनरस घडिआ, दसवामे दाहिणे अ दस पासे ।
अहे दस संमुह पनरस, जोइणीदिट्ठिओ वज्जिज्जा ॥१॥

"યોગિનીની દ્રષ્ટિ ઉંચે પંદર ઘડી, ડાબી બાજુ દશ ઘડી, જમણે પડખે દશ ઘડી, નીચે દશ ઘડી અને સન્મુખ ભાગમાં પંદર ઘડી હોય છે. આ દ્રષ્ટિઓનો પ્રમાણમાં ત્યાગ કરવો. ॥૧॥"

રાહુ વિચાર—

उदयत्थमणा चउ चउ, घडियाइं राहु पुव्वदिसि तत्तो ।
सिद्धीए दिसि छट्ठिं, गओ सुहो पुट्ठिदाहिणओ ॥८०॥

અર્થ—રાહુ દરરોજ સુર્યના ઉદય સમયે અને અસ્તકાળે ચાર ઘડી સુધી પુર્વદિશામાં હોય છે, ત્યાર પછી સિદ્ધિને માટે છઠ્ઠી છઠ્ઠી દિશામાં જાય છે, જે પછવાડે તથા જમણી બાજુ હોય તો શુભ છે.

વિવેચન—રાહુ હંમેશાં દિવસે અને રાત્રે ચાર ચાર ઘડી સુધી એકેક દિશામાં રહે છે. તે પ્રથમ સવારે સૂર્યોદય પછી ચાર ઘડી સુધી પૂર્વ દિશામાં રહે છે, અને ત્યાર પછી અનુક્રમે

છઠ્ઠી છઠ્ઠી દિશામાં; એટલે—વાયવ્ય, દક્ષિણ, ઇશાન, પશ્ચિમ, અગ્નિ, ઉત્તર અને નૈઋત્યમાં ચાર ચાર ઘડી રહે છે. આજ રીતે સૂર્ય અસ્ત થયા પછી રાત્રિની શરૂઆતથીજ વળી પૂર્વ વિગેરે છઠ્ઠી છઠ્ઠી દિશામાં ચાર ચાર ઘડી હોય છે. અહીં કહેલ ચાર ઘડીથી દિનમાન અને રાત્રિમાનનો **આઠમો ભાગ** યાને એકેક અર્ધપ્રહર લેવાનો છે.

દિન–રાત્રિનો રાહુચાર દેખાડવા માટે **નારચંદ્ર**માં આ પ્રમાણે બીજી રીત છે.

अष्टासु प्रथमाद्येषु, प्रहरार्धेष्वहर्निशम् ।
पूर्वस्यां वामतो राहु–स्तुर्यां तुर्यां व्रजेद् दिशम् ॥१॥

અર્થ—રાહુ હમેશાં પહેલાથી પ્રારંભીને આઠે પ્રહરોમાં અનુક્રમે–પૂર્વદિશાથી ડાબી બાજુની ચોથી ચોથી દિશામા જાય છે. ॥ ૧ ॥" બીજા ગ્રન્થોમાં યામાર્ધ રાહુ, કાળરાહુ, ખંડરાહુ, વારરાહુ; અને માસરાહુ એમ રાહૂના અનેક ભેદો દર્શાવ્યા છે.

જ્યોતિષ હીરમાં કહ્યું છે કે—રવિ વિગેરે સાતે વારોમાં અનુક્રમે નૈઋત્ય, ઉત્તર, અગ્નિ, પશ્ચિમ ઇશાન, દક્ષિણ અને પૂર્વ દિશામાં રાહુ હોય છે; અને ગુરૂવારે વાયવ્ય કોણમાં પણ રાહુ હોય છે આ **વારરાહુ** જમણી બાજુ કે પાછળ રાખવો તે શુભ છે. **શિલ્પ દીપક**માં કહ્યું છે કે—શનિવારે વાયવ્યમાં રાહુ હોય છે, જ્યારે પૂર્વરાહુ હોતો નથી. રાહુના સ્થાન અને ભ્રમણદિશા પ્રથમ કહેવાઈ ગયા છે, તે માસરાહુ કહેવાય છે.

પ્રયાણકાળે રાહુ જમણી બાજુ તથા પછવાડે હોય તો શુભ છે. * આરંભસિદ્ધિ અને **મુહુર્ત ચિંતામણિ**માં પણ જમણો અને પાછળનો રાહુ શુભ કહ્યો છે. **નારચંદ્ર**માં કહ્યું છે કે—"જયાય દક્ષિણો રાહુ :–જમણી તરફનો રાહુ જયને માટે થાય છે."

બીજે ઠેકાણે કહ્યું છે કે–રવિ વત્સ અને રાહુ સન્મુખ હોય તો આયુષ્યને હરે છે, અને બીજા ધનને પુષ્ટ કરે છે. **જ્યોતિષ હીર**માં કહ્યું છે કે—

संमुहराहो गमणं, न कीरइ विग्गह होइ पिसुणायं ।
गिहबार पमुहायं: वज्जे किरइ ता असुहायं ॥१॥

અર્થ—"સન્મુખ રાહુ હોય તો ગમન કરવું નહિં, અને ગમન કરાય તો લુચ્ચા સાથે કજીયો થાય છે. તેમજ ઘરનું બાર પ્રમુખ વર્જવા, કેમકે તે પણ અશુભ છે ॥ ૧ ॥"

---

* અસમુખવામો આ આરંભસિદ્ધિના મૂળનો અર્થ ભાષાંતરકારે અસન્મુખ અને વામ એવો અર્થ કરેલ છે, પરંતુ એનો બન્ને શબ્દમાં નિષેધવાચક અર્થ જોડવાથી અસન્મુખ અને અવામ એવો અર્થ થાય છે, **લેખક.**

ચો૦ ૪ ગુરૂવાર	ચો૦ ૧ શનિવાર ધન, મકર, કુંભ	ચો૦ ૬ મંગળવાર
ચો૦ ૭ સોમવાર કન્યા, તુલા, વૃષ	પૂર્વ **રાહુ ચાર** **સ્થાપના**	ચો૦ ૩ શુક્રવાર મીન, મેષ, વૃષ
ચો૦ ૨ ગુરૂવાર	ચો૦ ૫ બુધવાર મિથુન, કર્ક, સિંહ	ચો૦ ૮ રવિવાર

હવે શિવચાર કહે છે–

चितुत्तरिगदुमासा, दिसि विदिसि विसिह्नि सिवु तओ उदया ।
सिह्नि अढाई पणि घडि, दिसि विदिसिं पुट्ठिमुट्ठि सुहो ॥८१॥

અર્થ—શિવ ચૈત્રમાસ અને ઉત્તર દિશાથી પ્રારંભીને અનુક્રમે એકેક અને બબ્બે માસ ઉત્ક્રમે દિશા અને વિદિશામાં હોય છે, અને ઉદય પછી અનુક્રમે અઢી અઢી અને પાંચ પાંચ ઘડી અનુક્રમે દિશા અને વિદિશામાં ફરે છે તે પાછળ અને જમણો હોય તો શુભ છે ॥ ૮૧ ॥

વિવેચન—શિવની ગતિ સૃષ્ટિક્રમથી અવળી છે. તે ચૈત્ર માસમાં ઉત્તર દિશામાં હોય છે, અને પછી દિશામાં એકેક માસ અને વિદિશામાં બબ્બે માસ એમ ઉત્ક્રમે આઠે દિશામાં વસે છે આ રીતે શિવ ચૈત્રમાં ઉત્તરમાં, વૈશાખ અને જેઠમાં વાયવ્યમાં, અસાડમાં પશ્ચિમમાં, શ્રાવણ અને ભાદરવામાં નૈઋર્ત્યમાં, આસોમાં દક્ષિણમાં કાર્તિક અને માગશરમાં અગ્નિમાં, પોષમાં પૂર્વમાં, તથા મહા અને ફાગણ માસમાં ઇશાન દિશામાં વસે છે. વળી આ શિવ હમેશાં પોતાના વાસની દિશાથી અનુક્રમે દરેક દિશામાં અઢી અઢી ઘડી અને વિદિશામાં પાંચ પાંચ ઘડી ફરે છે. અર્થાત્–ચૈત્રનો શિવ હોય તો ઉત્તરમા ૨॥ ઘડી ઇશાનમં ૫ ઘડી, પૂર્વમાં ૨॥ ઘડી, અગ્નિમાં ૫ ઘડી, દક્ષિણમાં ૨॥ ઘડી, નૈઋર્ત્યમાં ૫ ઘડી, પશ્ચિમમાં ૨॥ ઘડી, અને વાયવ્ય કોણમાં ૫ ઘડી રહે છે.

બીજે સ્થાને મેષાદિ સંક્રાન્તિમાં ઉત્તરાદિ દિશામાં શિવનિવાસ કહેલ છે, પણ સ્થૂલ રીતે આ બન્ને માન્યતા સરખી છે. માત્ર સૂક્ષ્મ રીતિમાં જેમ સૂર્યના ત્રિશાંશો ભોગવાય છે.

અને ઉદય લગ્નમાં અમુક પળોનો ફેરફાર થાય છે, તેમ શિવના ત્રિશાંશો ભોગવાતાં દિશાના નિવાસમાં હમેશાં પાંચ પળોનો ફેરફાર પડે છે. એટલે ઉત્તરનો શિવ થતાં પહેલે દિવસે પાંચ પળ, બીજે દિવસે દસ પળ, ત્રીજે દિવસે પંદર પળ, એમ ઉત્તર દિશાના નિવાસમાં પાંચ પાંચ પળની વૃદ્ધિ થાય છે આખરે ત્રીશમે દિવસે દોઢસો પળ પર્યંત ઉત્તરમાં નિવાસ કરે છે. આ પાંચ પાંચ પળનો તફાવત આઠે દિશાના ભ્રમણમા રહ્યા કરે છે. આવી રીતે કાઢેલ **શિવભોગ** સૂક્ષ્મ પ્રમાણવાળો મનાય છે, અને આ સૂક્ષ્મ શિવભોગમાં કરેલ કાર્ય સિદ્ધ થાય છે.

આ નિત્ય ભ્રમણ કરતો શિવ પ્રયાણમાં પછવાડે કે જમણી બાજુ હોય તો શુભ છે. અન્ય સ્થાને તો કહ્યું કે–દક્ષિણમાં અને પાછળ રહેલો શિવ ચંદ્ર તારા અને ચંદ્રની અવસ્થા વિગેરેની પ્રતિકૂળતાનો નાશ કરે છે; વિવાદ, યુદ્ધ, ઝગડો, જુગાર તથા પ્રવાસમાં જય આપે છે; અને અશુભ સ્વરોદય, અપશકુન, ભદ્રા, કુગ્રહોનુંબળ, યોગિની અને દોષિત થયેલી દિશાઓ વિગેરેના દોષને હણી નાખે છે.

મહા ફાગણ ધ૦ ૫	પૂર્વ પોષ ધ૦ ૨॥	કાર્તિક માગસર ધ૦ ૫
ચૈત્ર ધ૦ ૨॥	**શિવચક્ર**	આસો ધ૦ ૨॥
વૈશાખ જેઠ ધ૦ ૫	અસાઢ ધ૦ ૨॥	શ્રાવણ ભાદરવો ધ૦ ૫

હવે રવિચાર કહે છે—

रवि रत्तिअंतपहराओ, पुव्वाइसु दुन्नि दुन्नि पहर कमा ।
दाहिणपुट्ठि विहारे, वामो पुट्ठि पवेसि सुहो ॥८२॥

અર્થ—રવિ યાત્રાના છેલ્લા પ્રહરથી બબ્બે પ્રહર પુર્વ વિગેરે ચાર દિશામાં રહે છે. તે વિહારમાં જમણો અથવા પાછળ, અને પ્રવેશમાં ડાબો અથવા પાછળ હોય તો શુભ છે ॥ ૮૨ ॥

વિવેચન—સૂર્ય રાત્રિના છેલ્લા પ્રહરે અને દિવસના પહેલા પ્રહરે પૂર્વ દિશામાં ફરે છે, દિવસના બીજા પ્રહરે અને ત્રીજા પ્રહરે દક્ષિણ દિશામાં ભમે છે. દિવસના ચોથા પ્રહરે અને રાત્રિના પહેલા પ્રહરે પશ્ચિમ દિશામાં ચાલે છે, તથા રાત્રિના બીજા અને ત્રીજા પ્રહરે ઉત્તર દિશામાં ફરે છે. આ રીતે હમેશાં આઠ પહોરમાં ચારે દિશાનું ભ્રમણ કરી લ્યે છે. અન્ય સ્થાને તો મીન મિથુન કન્યા અને ધનથી ત્રણ ત્રણ રાશિનો સૂર્ય અનુક્રમે પૂર્વ દક્ષિણ પશ્ચિમ અને ઉત્તરમાં વસે છે, અને આઠે દિશાનો સ્પર્શ લ્યે છે; એમ કહ્યું છે.

આ રવિ જમણે અથવા પાછળ રહ્યો હોય તે વિહારમાં શુભ છે, તથા ડાબો અથવા પાછળ રહ્યો હોય તો પ્રવેશમાં શુભ છે. લલ્લ જમણા સૂર્ય માટે કહે છે કે–

न तस्याऽङ्गारको विष्टि-र्न शनैश्चरजं भयम् ।
व्यतिपातो न दुष्येच, यस्याऽर्को दक्षिण स्थितः ॥१॥

અર્થ—"જેને પ્રવાસમાં જમણો સૂર્ય હોય તેને મંગળ, વિષ્ટિ અને શનિનો ભય નડતો નથી; વ્યતિપાત પણ દુષ્ટ રહેતો નથી ॥ ૧ ॥"

અયન વિભાગમાં તો સૂર્ય મકર વિગેરે છ રાશિમાં હોય તો ઉત્તરમાં તથા પૂર્વમાં અને કર્ક વિગેરે છ રાશિમાં હોય તો દક્ષિણ તથા પશ્ચિમ દિશામાં દિવસનું પ્રયાણ શુભ કહેલ છે.



હવે ચંદ્રચાર કહે છે—

ऊदयवसा अहवा दिसिदारभवसओ हवे ससीऊदओ ।
सो अभिमुहो पहाणो, गमणे अमिआइं वरसंतो ॥८३॥

અર્થ–ઉદયના વશથી, અથવા દિશાના વશથી, અથવા દ્વાર નક્ષત્રના વશથી ચંદ્રનો ઉદય કહેવાય છે. તે અમૃતને વરસાવતો ચંદ્ર પ્રયાણમાં સન્મુખ હોય તો પ્રધાન છે. ॥ ૮૩ ॥

વિવેચન-ચંદ્રનો ઉદય ત્રણ પ્રકારે થાય છે; ૧ પૂર્વ દિશામાં ઉગવું, ૨ દિશામાં વાસ

કરવો–ભમવું, તથા ૩ પૂર્વાદિ દ્વારવાળા નક્ષત્રો સાથે રહેવું. (આ ત્રણે પ્રકારે ઉદય પામેલો ચંદ્ર ચારે દિશામાં ભમે છે,) આ ત્રણ ઉદયથી સૂરિ મહારાજ એમ જણાવે છે કે–

૧ અસ્ત થયા પછી ઉદય પામતો ચંદ્ર સન્મુખ આવે તો તે **ઉદય સન્મુખ ચંદ્ર** કહેવાય છે.

૨ સિંહાદિ ત્રણ ત્રણ સંક્રાતિ વડે ચારે દિશામાં ઉદય પામતો ચંદ્ર, તથા ચારે કે આઠે દિશાને સ્પર્શ કરતો ચંદ્ર, સન્મુખ આવે તો તે **દિશાના વશથી સન્મુખ ચંદ્ર** કહેવાય છે.

૩ ચંદ્રથી ભોગવાતું નક્ષત્ર જે દિશાના દ્વારવાળું હોય તે દિશામાં **દ્વાર નક્ષત્રના વશથી ચંદ્રનો ઉદય** મનાય છે.

તેમજ સવા બબ્બે નક્ષત્ર પ્રમાણથી થતી રાશિમાં રહેલ ચંદ્ર, નક્ષત્રના વશથી પૂર્વાદિ દિશામાં મનાય છે.

તે માટે કહ્યું છે કે—

मेषे च सिंहे धनपूर्वभागे, वृषे च कन्या मकरे च याम्ये ।
युग्मे तुले कुम्भसु पश्चिमायां, कर्कालिमीनेषु तथोत्तरस्याम् ॥१॥

અર્થ—ચંદ્ર–મેષ સિંહ અને ધનનો થાય ત્યારે પૂર્વમાં, વૃષભ કન્યા અને મકરનો થાય ત્યારે દક્ષિણમાં, મિથુન તુલા અને કુંભનો થાય ત્યારે પશ્ચિમમાં, તથા કર્ક વૃશ્ચિક અને મીનનો થાય ત્યારે ઉત્તરમાં હોય છે. ॥ ૧ ॥ આ રીતે સન્મુખ આવેલો **ચંદ્ર નક્ષત્રના વશથી સન્મુખ** મનાય છે.

આ ચંદ્ર અમૃતને વરસતો હોય, એટલે– વિપુલ સ્નિગ્ધ, સ્પષ્ટ કિરણવાળો, ઉદય પામેલો, ગ્રહોથી નહિં પીડાયેલો અથવા ઉચ્ચ સ્થાનમાં રહેલો હોય; આવી રીતનો શુભ ચંદ્ર પ્રયાણમાં સન્મુખ હોય તો શ્રેષ્ઠ છે. **નારચંદ્ર ટીપ્પણ**માં તો સન્મુખ અને જમણો બન્ને ચંદ્રો શુભ કહ્યા છે.

संमुखे अर्थलाभं च, दक्षिणे सुखसंपदः ।
पश्चिमे कुरुते मृत्युं, वामे चन्द्रो धनक्षयम् ॥१॥

અર્થ–ચંદ્ર પ્રયાણમાં સન્મુખ હોય તો ધન પ્રાપ્તિ કરાવે છે.જમણી બાજુ હોય તો સુખ–સંપદા કરે છે, પાછળ હોય તો મૃત્યુ કરે છે, અને ડાબી બાજુ હોય તો ધનનો ક્ષય કરે છે. ॥૧॥ અન્ય સ્થાને કહ્યું છે કે–

करण भगण दोषं वार संक्रान्तिदोषं,
कुतिथि कुलिक दोषं याम यःमार्धदोषम् ।
कुजशनिरविदोषं राहुकेत्वादिदोषं,
हरति सकलदोषं चन्द्रमाः संमुखस्थः ॥१॥

(समयोचित पद्यमालिका)

અર્થ–"સન્મુખ રહેલો ચંદ્ર–કરણ નક્ષત્ર, વાર, સંક્રાન્તિ, કુતિથિ, કુલિક, પ્રહર, ચોઘડીયાં, મંગળગ્રહ, શનિગ્રહ, રવિગ્રહ રાહુ અને કેતુ વિગેરેના સમસ્ત દોષોને હરે છે ॥૧॥"

ચંદ્ર ચાર.



અયનવિભાગમાં તો ચંદ્ર મકર વિગેરે છ રાશિમાં હોય તો ઉત્તરમાં તથા પૂર્વમાં અને કર્ક વિગેરે છ રાશિમાં હોય તો દક્ષિણ તથા પશ્ચિમમાં રાત્રિનું પ્રયાણ શુભ કહેલ છે.

હવે શુક્ર ચાર કહે છે

जहिं उग्गइ जहिं दिसि, भमइ जहिं च दारभिड्डाइं ।
तिहुं परिसंमुह सुक्क पुण, उदउ जि इक्कु गणणाइ ॥८४॥

અર્થ–શુક્ર જે દિશામાં ઉગે છે, જે દિશામાં ભમે છે, અને જે દ્વારની સન્મુખ રહે છે તે ત્રણ પ્રકારે સન્મુખ શુક્ર કહેવાય છે; પણ જે ઉદયનો તે એકજ ગણાય છે. ॥ ૮૪ ॥

વિવેચન–શુક્ર અસ્ત થયા પછી પૂર્વ કે પશ્ચિમ દિશામાં ઉગે છે, સિંહદિ ત્રણ ત્રણ સંક્રાન્તિવડે ચારે દિશામાં વાસ કરે છે, અને આઠે દિશાનો સ્પર્શ કરે છે. તથા શુક્રથી ભોગવાનું નક્ષત્ર જે દિશાના દ્વારવાળુ હોય તે દિશામાં શુક્રનો ઉદય મનાય છે. આ ત્રણ

રીતિએ ઉદય પામેલો શુક્ર સન્મુખ આવે છે. પણ તેમાં પૂર્વ તથા પશ્ચિમમાં ઉદય પામેલો શુક્ર સન્મુખ હોય તો પ્રયાણમાં અશુભ છે.

કેટલાક મતમાં એક પણ સન્મુખ શુક્રને અશુભ કહ્યો નથી, જ્યારે કેટલાએક મતમાં ત્રણે પ્રકારનો શુક્ર વર્જેલ છે. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે-યાત્રામાં ત્રણે પ્રકારનો સન્મુખ શુક્ર ત્યાજ્ય છે. સન્મુખ શુક્રના ફળ માટે **નારચંદ્ર**માં કહ્યું છે કે-

अग्रतो लोचनं हन्ति, दक्षिणो ह्यशुभप्रदः ।
पृष्ठतो वामतश्चैव, शुक्रः सर्वसुखावहः ॥१॥

અર્થ—"શુક્ર સન્મુખ હોય તો નેત્રનો નાશ કરે છે, જમણો હોય તો નુકશાની કરે છે, અને ડાબો તથા પાછળનો સર્વ સુખ આપે છે, ॥ ૧ ॥" એક **જીર્ણપત્ર**માં કહ્યું છે કે-

गर्भिणी च सबाला च, नववधूर्भूप एव च ।
पदमेकं न गच्छन्ति, शुक्रे सन्मुख-दक्षिणे ॥१॥
गर्भिणी स्रवते गर्भ, सबाला म्रियते ध्रुवम् ।
नववधूर्भवेद् वन्ध्या, नृपः शीघ्रं विनश्यति ॥२॥

અર્થ-"સન્મુખ અને જમણો શુક્ર હોય તો ગર્ભિણી સ્ત્રી, પુત્રવતી સ્ત્રી, નવ પરિણીત વધુ, અને રાજા એક પણ ડગલું જતાં નથી ॥ ૧ ॥ કદાચ પ્રયાણ કરે તો ગર્ભિણીનો ગર્ભ પડે છે, પુત્રવતી મૃત્યુ પામે છે, નવીન પરણેલી સ્ત્રી વાંઝણી થાય છે, અને રાજા જલદી નાશ પામે છે. ॥ ૨ ॥"

સન્મુખ શુક્રનો અપવાદ આ પ્રમાણે છે—

एकग्रामे पुरे वासे, दुर्भिक्षे राजविद्रवे ।
विवाहे तीर्थयात्रायां, प्रतिशुक्रं न विद्यते ॥१॥

અર્થ-"એક ગામમાં, નગરમાં, દુકાળમાં, રાજાના ઉપદ્રવમાં, વિવાહમાં અને તીર્થયાત્રામાં શુક્રનો નિષેધ નથી. ॥ ૧ ॥"

सड बोले नहीं दोसं, गामं इग पुर इगेहि वासवसे ।
विवाहे कंतारे विदुर निव देवजाइहिं ॥१॥

અર્થ-"૧ એક ગામ, પુર કે પોતાનાં ઘરમાં નિવાસ, ૨ વિવાહ, ૩ વન, ૪ ભય, ૫ રાજાનું કાર્ય, અને ૬ દેવયાત્રા; એ છ બોલમાં શુક્રદોષ નથી ॥ ૧ ॥ **લલ્લ** કહે છે કે-

स्वभवन-पुरप्रवेशे, देशानां विभ्रमे तथोद्वाहे
नववध्वागमे च, प्रतिशुक्रविचारणा नास्ति ॥१॥

અર્થ—"પોતાનું ઘર અને પોતાના નગરના પ્રવેશમાં, દેશના ઉપદ્રવમાં, વિવાહમાં, અને **નવીન વધુ**ના આગમનમાં સન્મુખ શુક્રનો વિચાર કરવાનો નથી. ॥ ૧ ॥"
ત્રિવિક્રમ કહે છે કે—

यात्रासु च गवोढस्त्री-वर्जं संमुखदक्षिणौ ।

અર્થ—"નવીન વિવાહિત સ્ત્રીને છોડીને બીજાએ ગૃહ પ્રવેશમાં તથા યાત્રામાં સન્મુખ કે જમણા શુક્ર અને બુધને ત્યજવા.

पौष्णाश्विनीं पादमेकं, यदा वहति चन्द्रमाः ।
तदा शुक्रो भवेदन्धः, संमुखं गमनं शुभम् ॥१॥

અર્થ—"જ્યારે ચંદ્રમા **રેવતી નક્ષત્રથી અશ્વિની** નક્ષત્રના પહેલા પાદ સુધી હોય છે ત્યારે **શુક્ર અંધ** થાય છે. માટે તે વખતે સન્મુખ શુક્ર હોય છતાં ગમન કરવું શુભ છે ॥૧॥"
ઉદયપ્રભસૂરિ તો મંગળ અને બુધની પણ સન્મુખતા અશુભ માને છે.

તેઓશ્રી કહે છે કે—ત્રણે પ્રકારના પ્રતિકૂળ શુક્રથી પ્રતિકૂળ મંગળ વધારે કષ્ટકારક છે, અને ત્રણે પ્રકારનો પ્રતિકૂળ બુધ તેથી પણ અધિક કષ્ટકારક છે. અન્ય સ્થાને (એક જીર્ણ પત્રમાં) કહ્યું છે કે—

प्रतिशुक्रं प्रतिबुधं, प्रत्यङ्गारकमेव च ।
अपि शुक्रसमो राजा, हतसैन्यो निवर्तते ॥१॥

અર્થ—"પ્રતિકૂળ શુક્ર, પ્રતિકૂળ બુધ અને પ્રતિકુળ મંગળ હોય તો શુક્ર જેવો રાજા પણ પોતાનું સૈન્ય હણાવાથી પાછો ફરે છે ॥ ૧ ॥" **દૈવજ્ઞ વલ્લભમાં** કહ્યું છે કે—પ્રતિકુળ શુક્રમાં પ્રયાણ કરવું, પણ પ્રતિકૂળ બુધમાં પ્રયાણ કરવું જ નહિં.

અયન વિભાગમાં તો—શુક્ર ધનિષ્ઠાદિ નક્ષત્રમાં હોય ત્યારે દક્ષિણ તથા પશ્ચિમમાં, અને મઘા વિગેરે નક્ષત્રોમાં હોય ત્યારે ઉત્તરમાં તથા પૂર્વમાં પ્રયાણ શુભ કહેલ છે.

હવે પાશ તથા કાળ કહે છે—

सियपडिवयाउ पुव्वा-इसु पासु दसदिसिहिं कालु तयभिमुहो ।
कुज्जा विहारि वामो, पासो कालो उ दाहिणओ ॥८५॥

અર્થ-શુદિ એકમથી પ્રારંભીને પૂર્વ વિગેરે દસે દિશામાં પાશ હોય છે, અને તેની સન્મુખ કાળ હોય છે. વિહારમાં પાશને ડાબો કરવો, અને કાળને જમણો કરવો. ॥ ૮૫ ॥

વિવેચન-પૂર્વાદિ આઠ તથા ઉર્ધ્વ અને અધો, એમ દિશાઓ દસ છે, અને તિથિ ત્રીશ છે. તેથી એક માસમાં દરેક દિશામાં ત્રણ ત્રણ વાર **પાશ** આવે છે. તેમાં પહેલી વાર શુદિ એકમથી દશમ સુધી બીજી વાર શુદી ૧૧ થી વદિ પાંચમ સુધી તથા ત્રીજી વાર વદિ છઠ્ઠથી અમાસ સુધી અનુક્રમે પૂર્વાદિ દસ દિશામાં પાશ હોય છે. તેની સામેની દિશામાં **કાળ** હોય છે.

વિહારમાં દિક્પાશને ડાબો કરવો, એટલે-દિક્પાશ ડાબી બાજુ રહે તે દિશામાં વિહાર કરવો હિતકારક છે, અને કાળ તેની સન્મુખ હોવાથી વિહારમાં જમણી બાજુ આવે છે તે પણ શુભ છે. **મુહૂર્ત** ચિંતામણીમાં કહ્યું છે કે-

दक्षिणस्थः शुभः कालः, पाशो वामदिशि स्थितः ।

અર્થ-"જમણી બાજુ રહેલ કાળ અને ડાબી બાજુ રહેલ પાશ શુભ છે."

વાસ્તુ ગ્રન્થોમાં કહ્યું છે કે- શુદિ એકમથી પ્રારંભીને દસ દસ તિથિઓમાં અનુક્રમે-પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય **ઉર્ધ્વ**, પશ્ચિમ, વાયવ્ય, ઉત્તર, ઈશાન અને **અધો** દિશામાં **પાશ** હોય છે, અને પાશની સામેની દિશામાં **દિક્કાળ** હોય છે. આ રીતે પૂર્ણા તિથિમાં ઉર્ધ્વ અને અધો દિશામાં પાશ તથા કાળ હોવાથી ખાતમુહૂર્ત તથા ધ્વજારોપણ વિગેરે કાર્યો કરાતાં નથી **જ્યોતિષ સાર**માં વારને આશ્રીને કાળ અને પાશ આ પ્રમાણે કહ્યા છે—

दिणवारं पुव्वाई, कमेण संट्ठारि जत्थ ठाणि सणी ।
कालं तत्थ वि आणसु, तत्संमुह पासो-भणइ इगे ॥१॥

અર્થ—"ઇષ્ટ દિનવારથી પ્રારંભીને સાતે વારો અનુક્રમે પૂર્વ વિગેરે સાત દિશામાં સ્થાપવા. તેમાં જે દિશામાં શનિવાર આવે તે દિશામાં કાળ હોય છે કેટલાએક કહે છે કે— કાળની સન્મુખ પાશ હોય છે." ॥ ૧ ॥

બીજી રીતિએ કહીએ તો ઉત્ક્રમે કરીને ઉત્તરાદિ દિશામાં રવિ આદિ સાત વારોમાં કાળ હોય છે. એટલે-શનિવારે પૂર્વમાં, શુક્રવારે અગ્નિમાં, ગુરૂવારે દક્ષિણમાં, બુધવારે નૈર્ઋત્યમાં, મંગળવારે પશ્ચિમમાં, સોમવારે વાયવ્ય કોણમાં, અને રવિવારે ઉત્તર દિશામાં

કાળ હોય છે આ મતમાં તિથિને આશ્રીને પાશ અને કાળ હોતો નથી ઈશાન ખુણામાં પણ **કાળ** હોતો નથી, માત્ર **પાશ** હોય છે. કાલનું બીજું નામ **કાળરાહુ** પણ છે.

પ્રયાણદ્વારમાં પ્રવેશ સંબંધે પણ સામાન્ય અધિકાર જણાવેલ છે, પણ તેનું સમસ્ત સ્વરૂપ **ગૃહ પ્રવેશ**ના પ્રસંગથી જાણવું. (ગાથા ૮૮)

હવે હંસચાર કહે છે—

पुण्णनाडि दिसापायं, अग्गे किच्चा सया विऊ ।
पवेसं गमणं कुज्जा, कुणन्तो साससंगहं ॥८९॥

અર્થ—વિદ્વાન્ પુરુષ પૂર્ણ નાડી તરફના પગને આગળ કરીને શ્વાસને રૂંધતો પ્રવેશ અને ગમન કરે. ॥ ૮૯ ॥

વિવેચન—અહીં સૂરિ મહારાજ નાડી અને શ્વાસ ઉપરથી **પ્રાણવાયુ** જોઈને પ્રયાણ કરવાનું જણાવે છે. પ્રાણનું બીજું નામ **હંસ** છે. આ સંબંધનો સવિસ્તર અધિકાર **સ્વરોદય શાસ્ત્ર**માં છે, જે પૈકીનો કેટલોક અધિકાર નીચે મુજબ છે—

षट्शतांऽभ्यधिकान्याहुः, सहस्त्राण्येकविंशतिम् ।
अहोरात्रे नरे स्वस्थे, प्राणवायोर्गमागमः ॥१॥

અર્થ—"એક રાત્રિ–દિવસમાં સ્વસ્થ મનુષ્ય એકવીશ હજાર અને છસો શ્વાસ લ્યે છે. ॥૧॥"

प्राणायामो गतिच्छेदः, श्वासप्रश्वासयोर्यतः
रेचकः पूरकश्चैव, कुम्भकश्चेति स त्रिधा ॥२॥

અર્થ—"શ્વાસ અને ઉચ્છવાસની ગતિનો છેદ તે પ્રાણાયામ કહેવાય છે. તે રેચક પુરક અને કુંભક એમ ત્રણ પ્રકારે છે. ॥ ૨ ॥

वायोः प्रक्षेपणं रेचः, पूरणं स तु पूरकः ।
नाभिपद्मे स्थिरीकृत्य, रोधनं स तु कुंभकः ॥३॥

અર્થ—"વાયુને બહાર કાઢવો તે **રેચક**, વાયુ લેવો તે **પૂરક**, અને પવનને નાભિકમળમાં રૂંધવો–સ્થિર કરવો તે **કુંભક** કહેવાય છે." ॥ ૩ ॥

એ દરેક પ્રાણાયામનું જુદું જુદું ફળ કહ્યું છે—

इडा पिङ्गला सुषुम्णा, वामदक्षिणमध्यगा ।
शशिसूर्यशिवानां या, शान्तिक्रूरत्वशून्यदा ॥४॥

નામ દિશા.	યોગ.	પૂર્વ દિશા.	અગ્નિ ખુણો.	દક્ષિણ દિશા	નૈઋત્ય ખુણો.	પશ્ચિમ દિશા
સ્વામી	ગ્રહ	રવિ	શુક્ર	મંગળ	રાહુ	શનિ
સ્થાન	રાશિ	મે. સિ. ધ.	+	વૃ. ક. મ.	+	મિ. તુ. કું.
ભુવન	કુંડલી	૧	૧૨–૧૧	૧૦	૯–૮	૭
નક્ષત્રમુખો	નક્ષત્ર	કૃ. ૭	+	મ. ૭	+	અનુ. ૭
શુળ	વાર	સો. શ.	ર. શુ.	ગુરૂ	સો. શુ.	ર૦ શુ.
શુળ	નક્ષત્ર	ષા. જ્યે.	+	વિ.શ્ર.ધ.પૂભા.	+	રો.પુષ્ય.મૂ.
યોગિની	તીથિ	૧–૯	૩–૧૧	૫–૧૩	૪–૧૨	૬–૧૪
,,	તીથિ	નંદા	+	ભદ્રા	+	જયા
રાહુ	સંક્રાન્તિ	ધ. મ. કું.	+	મી. મે. વૃ.	+	મિ. ક. સિં.
,,	વાર		મંગળ	શુક્ર	રવિ	બુધ
,,	ચોઘડીયું	૧	૬	૩	૮	૫
સૂર્ય	સંક્રાન્તિ	મી. મે. વૃ.	+	મિ. ક. સિ.	+	ક. તુ. વૃ.
સૂર્ય	પ્રહર	૮–૧	+	૨–૩	+	૪–૫
ગ્રહચાર	સંક્રાન્તિ	સિ. ક. તુ.	+	વૃ. ધ. મ.	+	કું. મી મે.
ગ્રહસ્પર્શ	ઉદય–પ્રહર	૧	૨	૩	૪	૫
વત્સચાર	સંક્રાન્તિ	ક. તુ. વૃ.	+	ધ. મ. કુ.	+	મી. મે. વૃ.
શિવચાર	માસ	પોષ	કા. મા.	આસો	શ્રા. ભા.	અશાડ
,,	સૂર્યોદયઘડી	૨॥	૫	૨॥	૫	૨॥
ચંદ્રચાર	રાશિ	મે. સિ. ધ.	+	વૃ. ક. મ.		મિ. તુ. કુ.
દિશાપાશ	તિથિ	૧–૧૧–૬	૨–૧૨–૭	૩–૧૩–૮	૪–૧૪–૯	૫–૧૫–૧૦
દિગ્પાશ	તિથિ	૧–૧૧–૬	૨–૧૨–૭	૩–૧૩–૮	૪–૧૪–૯	૬–૧–૧૧
દિક્કાળ	તિથિ	૫–૧૫–૧૦	૬-૧-૧૧	૭–૨–૧૨	૮–૩–૧૩	૧–૧૧–૬
દિક્કાળ	વાર	શનિ	શુક્ર	ગુરૂ	બુધ	મંગળ
વિષ્ટિ	તિથિ+પ્રહર	૧૪+૧	૮+૨	૭+૩	૧૫+૪	૪+૫
ત્યાજ્યઘટી	વાર+ચોઘ	૨૦,૪=૧૬	શુ. ૩=૪	મં. ૨=૩૨		ગુ. ૮=૧
વાહન	પતિનું	હાથી	+	રથ	+	અશ્વ
દિકપાળ	દેવો	ઇંદ્ર	અગ્નિ	યમ	નૈઋતિ	વરૂણ

વાયવ્ય ખુણો	ઉત્તર દિશા	ઈશાન ખુણો	ઉર્ધ્વ	અધો.	વિશેષ
ચંદ્ર	બુધ	ગુરૂ			
+	ક. વૃ મી	+			
૬–૫	૪	૩–૨			
+	ધ. ૭	+			૧ શુભ
ભોમ	મ. બુ.	બુ. શુ.			૩–૪–શુભ
+	હ. ફા. વિ.	+			,,
૭–૧૫	૨–૧૦	૮–૦))			,,
+	રિક્તા	+	૫–૧૫–૧૦	૧૦,૫,૦))	,,
+	ક. તુ, વૃ.	+			૨–૩ શુભ
ગુરૂ	સોમ	ગુરૂ			
૨	૭	૪			
+	ધ. મ. કું.	+			
+	૬–૭	+	૧ અશુભ		
+	વૃ. મિ. ક.	+			
૬	૭–૬	૮			
+	મિ. ક. સિ.	+			૧ અશુભ
વૈ. જે.	ચૈત્ર	મ. ફા.			૨–૩ શુભ ૧–૨ શુભ
૫	૨	૫			
+	ક. વૃ. મી.	+			
૬–૧–૧૧	૭–૨–૧૨	૮–૩–૧૩	૯–૪–૧૪	૧૦–૫–૦))	૪–શુભ
૭–૨–૧૨	૮–૩–૧૩	૯–૪–૧૪	૫–૧૫–૧૦	૧૦–૫–૦))	,,
૨–૧૨–૭	૩–૧૩–૮	૪–૧૪–૯	૧૦–૫–૦))	૯–૪–૧૪	૨–શુભ
સોમ	રવિ	+			૨–૩ શુભ
૧૦+૬	૧૧+૭	૩–+૮			૧ અશુભ
સો. ૭=૮	+	બુ. ૫=૨	મધ્યની પળ		,,
+	પાલખી	+	દિશામાં		
વાયુ	કુબેર	ઈશાન	વર્જ્ય છે.		

અર્થ—ડાબી નાસિકામાં, જમણી નાસિકામાં, અને મધ્યમાં ચંદ્ર રવિ અને શિવની **ઇડિ પિંગલા** અને **સુષુમ્ણા** એમ ત્રણ નાડીઓ છે; જે અનુક્રમે શાંતિ, ક્રુરતા અને કાર્યની નિષ્ફળતા આપે છે. ॥ ૪ ॥

"ઇડા સુષુમ્ણા પિંગલા, વામ મધ્ય અવામ;
ચંદ્ર શિવ ને સૂર્યની, નાડી ત્રણ સુખધામ" ॥ ૧ ॥

અહીં બન્ને નાસિકામાં પવન ચાલતો હોય ત્યારે સુષુમ્ણા નાડી કહેવાય છે.

षट्त्रिंशद्गुरुवर्णानां, या वेला भणने भवेत् ।
सैववायोः सुषुम्णायां-नाडयां संचरतो लगेत ॥५॥

અર્થ—છત્રીશ ગુરૂવર્ણ બોલવામાં જેટલો વખત (૧૪ સેકંડ) જાય છે તેટલો વખત વાયુને સુષુમ્ણા નાડીમાં જાય છે, અને એક નાડીથી બીજી નાડીમાં સંચરવાને પણ તેટલોજ વખત લાગે છે. ॥ ૫ ॥

सार्धं घटीद्वयं नाडि-श्चन्द्रार्कयोरर्कोदयात् ।
शुक्लात् त्रीणि त्रीणि दिना-नि तयोरुदयः शुभः ॥६॥

અર્થ—ચંદ્ર અને સૂર્યની નાડી સૂર્યોદયથી અઢી અઢી ઘડી સૂધી રહે છે. તેમા શુકલપક્ષથી ત્રણ ત્રણ દિવસ અનુક્રમે ચંદ્રનાડી અને સૂર્યનાડીનો ઉદય થાય તો તે શુભ છે. ॥ ૬ ॥

નાડી તરફનું અંગ **પૂર્ણ** કહેવાય છે. હરકોઈ એક નાડીમાં વાયુ ચાલતો હોય પણ આવશ્યક પ્રસંગે બીજી નાડીમાં પણ અમુક રીતે નાડીનો સંચાર કરી શકાય છે.

निरुरुत्सेद् वहन्तीं यां, वामां वा दक्षिणामथ ।
तदङ्गं पीडयेत् सद्यो, यथा नाडीतरा भवेत् ॥७॥

અર્થ—ચાલતી ડાબી કે જમણી નાડીને રોકવાની ઇચ્છા થાય તો બીજી નાડી વહન થાય નહિં ત્યાં સુધી તે તરફના અંગને દાબી રાખવું જેથી તરતજ બીજી નાડી વહન થશે ॥૭॥

अग्रे वामे शशिक्षेत्रं पृष्ठ दक्षिणयो रवेः ।
लाभालाभौ सुखं दुःखं, जीवितं ज्ञायते ततः ॥८॥

અર્થ—આગળ અને ડાબી બાજુ શશિનું ક્ષેત્ર છે, તથા પાછળ અને જમણી બાજુ રવિનું ક્ષેત્ર છે, તેથી લાભ અલાભ સુખ દુઃખ જીવિત મૃત્યુ વિગેરે જણાય છે. ॥ ૮ ॥

अरघट्टीघटन्यायाद्, नाड्यां, वायुस्तु संचरेत् ।
पीतश्वेताऽरुणश्यामै-र्विन्दुभिर्ज्ञायते मरुत् ॥९॥

અર્થ—રેંટની ઘડીઓની પેઠે બન્ને નાડીઓમાં વાયુનો સંચાર થાય છે, અને તે વાયુ પીળા ધોળા લાલ તથા કાળા બિંદુથી જણાય છે. ॥ ૯ ॥

તે કર્ણ વિગેરેને હાથ શ્વાસ રૂંધી અવ્યગ્રપણે જોવાથીજ દેખી શકાય છે.

भूमि जलानलानिला-काशतत्त्वानि स्युः क्रमात् ।
पीतश्वेताऽरुणनील-श्यामवर्णानि नित्यशः ॥१०॥

અર્થ—પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશ, એ પાંચ તત્ત્વો અનુક્રમે પીળા ધોળા લાલ લીલા અને કાળા રંગવાળા છે. ॥ ૧૦ ॥ તે ભ્રકુટીમાં દેખાય છે.

पृथ्व्याः पलानि पञ्चाशत, चत्वारिंशत् तथाऽम्भसः ।
अग्नेस्त्रिंशत् तथा वायो-र्विंशतिर्नभसो दश ॥११॥

પૃથ્વીતત્ત્વના પળો ૫૦ જળતત્ત્વના ૪૦, અગ્નિતત્ત્વના ૩૦, વાયુતત્વના ૨૦ અને આકાશતત્વના ૧૦ છે. ॥ ૧૧ ॥

૧ **પૃથ્વીતત્વ**માં પૃથ્વીનું બીજ છે, વજ્રનું ચિહ્ન છે, ચાર ખુણાવાળી આકૃતિ છે, અને સોના જેવો વર્ણ છે. તેનો વાયુ પીળા વર્ણવાળો, ધીમી ગતિવાળો, સ્વચ્છ, અને શીતોષ્ણ સ્પર્શવાળો છે; જે સામેના બાર આંગળ પ્રમાણ ક્ષેત્રમાં ૫૦ પળ સુધી વહે છે.

૨ **જલતત્વ**માં વરૂણાક્ષર છે અર્ધચંદ્રની ગોળ આકૃતિ છે, અમૃતઝરો હોય તેવો શ્વેત વર્ણ છે; અને તેનો વાયુ શ્વેત ઠંડો તથા ઉતાવળી ગતિવાળો છે; જે સોળ આંગળ પ્રમાણ નીચેના ક્ષેત્રમાં ૪૦ પળ સુધી વહ્યા કરે છે.

૩ **વાયુતત્વ**માં ચંચળતા છે, દુઃખે જોઈ શકાય તેવી બિંદુની કે ધ્વજાની આકૃતિ છે, લીલી કાંતિ છે; અને તેનો વાયુ કાંઈક ઉનો અને ઠંડો, લીલો, તથા ત્રાંસી ગતિવાળો છે; જે આઠ આંગળ પ્રમાણ ત્રાંસા ક્ષેત્રભાગમાં ૨૦ પળ સુધી વહ્યા કરે છે.

૪ **અગ્નિતત્વ**માં ઉંચી જ્વાળાઓ છે, ભયંકર સ્વરૂપ છે, ત્રિકોણ આકૃતિ છે, સાથીયાનું ચિહ્ન છે, લાલ રંગ છે,અગ્નિ બીજ છે; અને તેનો વાયુ જ્વાળાની જેવી ગતિવાળો છે, જે ચાર આંગળ પ્રમાણ ઉર્ધ્વક્ષેત્રમાં ૩૦ પળ સુધી વહ્યા કરે છે.

સ્વરોદય તત્ત્વ ચક્ર

નામ	પૃથ્વી	જલ	અગ્નિ	વાયુ	આકાશ
રંગ	પીળો	ધોળો	લાલ	લીલો	કાળો
આકૃતિ	ચોરસ	અર્ધચંદ્ર	ત્રિકોણ	ધ્વજા	કણ ૦
ગતિ	સામે	નીચે	ઉપર	ત્રાંસી	સ્થિર
આંતરું	૧૨	૧૬	૪	૮	૧
કાલપળ	૫૦	૪૦	૩૦	૨૦	૧૦
સ્વાદ	મીઠો	કષાય	તિકત	ખાટો	કડવો
ગુણ	ગુરૂ	×	ઉષ્ણ	ગતિમય	સ્થિર
દિશા	૧ પશ્ચિમ	પૂર્વ	દક્ષિણ	ઉત્તર	ગરખડ
દિશા	૨ દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર	પૂર્વ	સ્થિર
દશા	નિરોગી	બળ	દુર્બળ	સાધારણ	રોગ
પ્રભાવ	સુખ	ઠંડક	ઉષ્ણતા	ઉડવું	પ્રકાશ
શબ્દ	હં	દં	રં	યં	નં
પ્રશ્ન	વનસ્પતિ	જીવન	ધાતુ	યાત્રા	ઠઠ્ઠા
ઉચિતકૃત્ય	ધૈર્ય	ઉતાવળ	શ્રમ	શકિત	અભ્યાસ
લગ્નફળ	રાજ્ય	ધન	હાનિ	ઉદ્વેગ	મૃત્યુ
કાર્ય	મૃત્યુકાળ	શાંતિક	ઉચ્ચાટન	સ્તંભન	સમાધિ
સ્વભાવ	સ્થિર	ચર	સમ	ઉતાવળું	વિચિત્ર
કાર્યફળ	સિદ્ધિ	સિદ્ધિ	મૃત્યુ	ક્ષય	નિષ્ફળ
સ્વામી	બુધ રવિ	સોમ રાહુ	શુક્ર મંગળ	ગુરૂ શનિ	શનિ શનિ
સ્થાન	જાંઘ	પગ	ખાંધ	નાભિ	મસ્તક
શુભાશુભ	શુભ	શુભ	મધ્યમ	વિમધ્યમ	અશુભ
કાર્યસિદ્ધિ	ધીમી	તુરત	શ્રમથી	નહિં	૦

કાર્યફળ	શાંતતા	શીતળતા	સંતાપ	ચંચળતા	૦—ધર્મેચ્છા
ચિંતવન	મૂળ	જીવ	તેજ	વાયુ	શુભ
પ્રાણી	બહુપદ	દ્વિપદ	ચતુષ્પદ	દ્વિપદ	અપાદ
અવસ્થા	જયા, હાસ્ય, ક્રિડા		નિદ્રા, ભોગ, (વેદ)		ગતા, હૃતા,
	રતિ, સુખિતા		તાપા, કંપા.		મૃતા
નક્ષત્ર	રોહિણી	આર્દ્રા	ભરણી	અશ્વિની	
	અનુ.	અશ્લેષા	કૃત્તિકા	મૃગશર	
	જયેષ્ઠા	મૂળ	પુષ્ય	પુનર્વસુ	
	ઉ. ષા.	પૂ. ષા.	મઘા	ઉ. ફા.	
	અભીચ	શત.	પૂ. ફા.	હસ્ત	
	શ્રવણ	ઉ. ભા.	સ્વાતિ	ચિત્રા	
	ધનિષ્ઠા	રેવતી	પૂ. ભા.	વિશાખા	
ઉત્પત્તિ	૫	૪	૩	૨	૧
ગુણ	ક્ષાંત	ક્ષાંતિ	ક્રોધ	ઇચ્છા	
ઇંદ્રિય	ગુદા	લિંગ	ચક્ષુ	ઘ્રાણ	શ્રવણ

૫ **આકાશતત્વ**માં શૂન્ય આકાર છે, કાળો વર્ણ છે, અને તેનો વાયુ સમજી ન શકાય તેવી ગતિવાળો છે, જે નાસિકા પાસેના ભાગમાં અથવા એક આંગળ પ્રમાણ ક્ષેત્રમાં વિચિત્ર (વિવિધ) રૂપે ૧૦ પળ સુધી વહ્યા કરે છે.

આ ત્રણ **નાડી**માં પાંચ **તત્વ**માં જ્યોતિષ શાસ્ત્રના દરેક પદાર્થોનો સમાવેશ થાય છે, તે આ પ્રમાણે.

૧ **ચંદ્ર નાડી**ની રાશિઓ—વૃષ સિંહ વૃશ્ચિક અને કુંભ, માસ–રાશિના ક્રમવાળા, પક્ષ–શુકલ, વાર–સોમ, બુધ, ગુરૂ અને શુક્ર, તિથિ–શુદિ ૧–૨–૩–૭–૮–૯–૧૩–૧૪–૧૫

વદિ–૪–૫–૬–૧૦–૧૧–૧૨ **નક્ષત્ર–અશ્વિની** ભરણી આર્દ્રા પુનર્વસુ પુષ્ય અશ્લેષા મઘા પૂર્વાષાઢા ઉત્તરાષાઢા શ્રવણ ધનિષ્ઠા ઉત્તરાભાદ્રપદ લગ્ન–સ્થિર દિશા પશ્ચિમ તથા દક્ષિણ, અંક–સમ, સ્વભાવ–ચર અને સૌમ્ય, ગ્રહો–સૌમ્ય.

૨ **સૂર્ય નાડી**ની રાશિઓ—મેષ કર્ક તુલા અને મકર માસ-રાશિના ક્રમ પ્રમાણે, પક્ષ–કૃષ્ણ, તિથિ શુદિમાં–૪–૫–૬–૧૦–૧૧–૧૨, વદિમાં ૧–૨–૩–૭–૮–૯–૧૩–૧૪–૦)) વાર–રવિ મંગળ અને શનિ, ગ્રહો–રવિ મંગળ શનિ રાહુ કેતુ, નક્ષત્ર કૃત્તિકા રોહિણી મૃગશર પૂર્વાફાલ્ગુની ઉત્તરાફાલ્ગુની હસ્ત ચિત્રા સ્વાતિ વિશાખા અનુરાધા જ્યેષ્ઠા મૂળ અભિજિત્ પુર્વાભાદ્રપદ અને રેવતી, લગ્ન–ચર, દિશા–ઉત્તર અને પૂર્વ, અંક–વિષમ, સ્વભાવ–સ્થિર તથા ક્રૂર.

૩ **સુષુમ્ણા નાડી**ની રાશિઓ—મિથુન કન્યા ધન અને મીન, લગ્ન–દ્વિસ્વભાવ, અંક–શૂન્ય, સ્વભાવ–દ્વિસ્વભાવ તથા સ્વસ્થ.

૧ **પ્રથમ પૃથ્વીતત્વ** છે તેનો ચંદ્રનાડી પતિ બુધ છે, સૂર્યનાડી પતિ રવિ છે, ચંદ્ર અવસ્થા–જયા હાસ્ય ક્રીડા રવિ અને સુખિતા છે, નક્ષત્રો–રોહિણી અનુરાધા જ્યેષ્ઠા ઉત્તરાષાઢા અભીચ્ શ્રવણ તથા ધનિષ્ઠા છે, સ્વભાવ સ્થિર છે, જે ધીમેથી કાર્યસિદ્ધિ કરે છે.

૨ **બીજું જળ તત્વ** છે તેનો ચંદ્ર નાડી પતિ સોમ છે, સૂર્ય નાડીપતિ રાહુ છે, ચંદ્ર અવસ્થા–જયા હાસ્ય ક્રીડા રતિ તથા સુખિતા છે, નક્ષત્રો–આર્દ્રા અશ્લેષા મૂળ પુર્વાષાઢા શતભીષા ઉત્તરાભાદ્રપદ અને રેવતી છે, તથા સ્વભાવ ચર છે જે તુરત કાર્ય સિદ્ધિને કરે છે

૩ **ત્રીજું અગ્નિ તત્વ** છે તેનો ચંદ્ર નાડી પતિ શુક્ર છે, સૂર્ય નાડી પતિ મંગળ છે, ચંદ્ર અવસ્થા–નિદ્રા ભોગ (વેદ) તાપા તથા કંપા છે, નક્ષત્રો–ભરણી કૃતિકા પુષ્ય મઘા પૂર્વાફાલ્ગુની સ્વાતિ તથા પુર્વાભાદ્રપદ છે; તથા સ્વભાવ સમ છે જે શ્રમથી કાર્યને સિદ્ધ કરે છે.

૪ ચોથુ તત્વ **વાયુ** છે. તેનો ચંદ્ર નાડી પતિ ગુરૂ છે સૂર્ય નાડી પતિ શનિ છે. ચંદ્ર અવસ્થા–નિદ્રા, ભોગ, તાપા તથા કંપા છે. નક્ષત્રો–અશ્વિની; મૃગશર પુનર્વસુ ઉત્તરાફાલ્ગુની હસ્ત, ચિત્રા તથા વિશાખા છે. સ્વભાવ–ઉતાવળો છે. જે કદાચ જ કાર્ય સિદ્ધિ કરે છે.

૫ પાંચમું **તત્વ** આકાશ છે, જેનો પતિ શનિ છે ચંદ્ર અવસ્થા–ગતા હૃતા તથા મૃતા છે. તેનો સ્વભાવ વિચિત્ર છે. જે કોઈ પણ કાર્યને સિદ્ધ કરતું નથી.

ઇષ્ટ નાડી અને તત્ત્વોના સંચારકાળે પોતાની રાશિ, તિથિ, વાર, નક્ષત્ર, અવસ્થા અને લગ્ન હોય; અનુકુળ દિશા તથા અંક હોય, અનુકુળ સ્વભાવનું કાર્ય હોય, અને સ્વામી પોતાના ઘરમાં હોય તો આ યોગ અત્યંત શુભ છે જેમકે–ગુરૂવાર શુદિ તેરશ, શ્રવણ નક્ષત્ર, વૃષ લગ્ન

કે સુખિતા અવસ્થા હોય, અને તેજ વખતે ચંદ્રનાડીનું જળતત્ત્વ ચાલતું હોય તો આ સમયમાં ગમન કરનારને તુરતજ કાર્યસિદ્ધિ અવશ્ય થાય છે.

સામાન્ય રીતે તે દરેકમાં નીચે મુજબ કાર્યો કરવાં, **નારચંદ્ર ટીપ્પણમાં** કહ્યું છે કે—

शशिप्रवाहे गमनादि शस्तं, सूर्ये प्रवाहे नहि किंचनापि ।
प्रष्टुर्जयः स्याद् वहमानभागे, रिक्ते नु भागे विफलं समस्तम् ॥१॥

અર્થ—"ચંદ્રનાડીમાં ગમન વિગેરે કાર્ય શુભ છે, સુર્યનાડીમાં કાંઈ પણ કરવું ઈષ્ટ નથી, પુર્ણાંગમાં પૃચ્છા કરનારનો જય થાય છે, અને રિક્ત ભાગમાં બધું નિષ્ફળ જાય છે. ॥૧॥"

પ્રભુ **હેમચંદ્રસૂરી** કહે છે કે—"ચંદ્રનાડી અભીષ્ટને સુચવે છે જેમાં મનોવાંછિત કાર્યો કરવાં તે શુભ છે. સૂર્ય નાડી અનિષ્ટસૂચક છે, જેમાં મૈથુન આહાર અને દીપ્ત કાર્યો કરવાં તે હિતકારક છે. સુષુમ્ણાનાડી નિવાણુ ફળ આપનાર છે, જેમાં ધર્મધ્યાન અધ્યયન અને સમાધિ કરવી હિતકારક છે. ૬૩–૬૪"

હેમહંસગણી કહે છે કે—

तत्त्वाभ्यां भूजलाभ्यां स्यात्, शान्ते कार्ये फलोन्नतिः ।
दीप्ताऽस्थिरादिके कृत्ये, तेजोवाय्वम्बरैः शुभम् ॥१॥

અર્થ—"ભૂતત્ત્વ અને જળતત્ત્વ વડે શાંત કાર્યમાં તથા અગ્નિતત્ત્વ, વાયુતત્વ અને આકાશતત્વ વડે દીપ્ત અને અસ્થિર કાર્યમાં સફળતા પમાય છે. ॥૧॥

पृथ्व्यप्तत्त्वे शुभे स्यातां, वह्निवातौ च नो शुभौ ।

અર્થ—"જીવિત, જય, લાભ, ધાન્યોત્પતિ, ખેતી, પુત્ર, યુદ્ધ, પ્રશ્ન, પ્રયાણ અને પ્રવેશમાં પૃથ્વી અને જળતત્વ શુભ છે.

चित्तस्थैर्यं शैत्यकामक्षयौ च, तापक्रोधौ चञ्चलत्वं च तुर्ये ।
धर्मप्रेमशून्यते स्युः क्रमेण, तत्त्वे तत्त्वे कार्यकर्तुः फलानि ॥१॥

અર્થ—કાર્ય કરનારને દરેક તત્ત્વોમાં અનુક્રમે ૧ ચિન્તની સ્થિરતા, ૨ શીતલતા અને કામક્ષય, ૩ સંતાપ અને કોપ; ૪ ચોથામાં ચંચલતા, તથા (પાંચમામાં) ધર્મવાસના અને અને શુન્યતાનું ફળ મળે છે ॥૧॥"

વળી ચંદ્રનાડી હોય તો દુર દેશમાં અને સૂર્યનાડી હોય તો નજીકમાં જવું ફળદાયક છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સુરિ કહે છે કે—"બંને નાડીના મંડલોમાં પ્રવેશ કરતા વાયુ શુભ છે. અને નીકળતા વાયુ અશુભ છે. ડાબે માર્ગે પ્રવેશ કરતા કે નીકળતા પૃથ્વી અને જળતત્ત્વો સિદ્ધિ આપનારા છે, તથા અગ્નિ અને વાયુ મધ્યમ છે. જમણે માર્ગે પ્રવેશ કરતા કે નીકળતા પૃથ્વી અને જળ મધ્યમ છે, તથા અગ્નિ અને વાયુ વિનાશ કરનારા છે ૫૮–૫૯–૬૦ સ્તંભાદિક કાર્યોમાં પવનને તથા વશીકરણ વિગેરેમાં અગ્નિતત્વને જોડવું ૫૨."

પરમયોગી શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે કે—

तत्व उदक भू शुभ कहे, तेज मध्यम फलदाय ।
हाण मृत्युदायक सदा, मारुत व्योम कहाय ॥२२९॥
ऊर्ध्व मृत्यु शांति अधो, उच्चाटण तिरिछाय ।
मध्य स्तंभन नभ विषे, वरजित सकल उपाय ॥२३१॥
थिर काजे परधान भू, चरमें सलिल विचार ।
पावक सम कारज विषे, वायु उचाटण हार ॥२३३॥
सिद्धि पृथ्वी जल विषे, मृत्यु अगन विचार ।
क्षयकारि वायु सिधि, नभ निष्फल चित्तधार ॥२३६॥
धीरजथी पृथ्वी विषे, जल सिद्धि तत्काल ।
हाण अग्नि वायु थकी, काज निष्फल नभ धार ॥२३७॥
मही उदक दोउं विषे, चन्द्रथान स्थितिरूप ।
चिदानंद फलं तेहनुं, जानो परम अनूप ॥३४४॥

પુર્ણાંગ માટે **શ્રી હેમચંદ્રસુરિ મહારાજ** કહે છે કે—

यत्त्यजेत् संचरन् वायु-स्तद्रिक्तमभिधीयते ।
संक्रमेद् यत्र तु स्थाने, तत् पूर्णा कथितं बुधैः ॥२२८॥

અર્થ—"પંડિતોએ ચાલતો વાયુ જે સ્થાનમાં ત્યાગ કરે તેને **રિક્ત** કહેલ છે, અને જે સ્થાનમાં પ્રવેશ કરે તેને **પુર્ણ** સ્થાન કહેલ છે. ॥૨૨૮॥ એટલે-જમણી કે ડાબી જે નાસિકામાં પવન ચાલતો હોય તે પૂર્ણ કહેવાય છે, અને પવનના સંચાર વિનાની નાસિકા રિક્ત (ખાલી) કહેવાય છે. તેમાં પૂર્ણ નાસિકા બળવાન્-**શુભ** છે, અને રિક્ત નાસિકા નિર્બળ **અશુભ** છે.

"ઘર રાજકુળ વિગેરેમાં પેસતાં કે નીકળતાં પૂર્ણાંગ પગ આગળ કરીને ચાલવાથી અભીષ્ટ સિદ્ધિ થાય છે.

કાર્યની સિદ્ધિ માટે (**ગુરુ૦ ૨૪૩ અરિ૦ ૨૪૫**) ગુરૂ, બંધુ, રાજા, અમાત્ય અને ઇચ્છિત આપનારને વહન થતી નાસિકા તરફ બેસારવા; સ્ત્રીઓને વશ કરવી હોય તો તેને પણ પૂર્ણાંગ તરફ બેસારવી" અને જયલાભ તથા સુખને ઈચ્છનાર પુરૂષે શત્રુ ચોર, લેણદાર બંડખોર કે કજીયાખોરને રિકતાંગ તરફ બેસારી કાર્ય કરવું." જેથી મનકામના સફળ થાય છે.

प्रविशत्पवनापूर्ण-नासिकापक्षमाश्रितम् ।
पादं शय्योत्थितो दद्यात्, प्रथमं पृथिवीतले ॥१॥

અર્થ--"સવારમાં શય્યામાંથી ઉઠેલા પુરૂષે પવનના સંચારથી પુર્ણ નાસિકા તરફના પગને પ્રથમ ધરતી ઉપર મૂકવો ॥૧॥" એમ **રત્નશેખરસૂરિ** કહે છે.

નાડી અને તત્ત્વોમાં કરવાનાં વિશેષ કાર્યો આ પ્રમાણે છે—

गमने प्रवेशकाले, दीक्षावाणिज्यनृपतिसेवायाम् ।
क्षुरकर्मविवाहेषु वामा नाडी शुभावहा ॥
गमागमे जीविते च, गृहक्षेत्रादिसंग्रहे ।
क्रये विक्रयणे दृष्टौ, सेवायां विद्विषो जये ॥
विद्यापट्टाभिषेकादौ, शुभेर्थे च शुभः शशी ।
लाभे दानेऽध्ययने, गुरुदेवाभ्यर्चने विषविनाशे ॥

અર્થ—"ગમન, પ્રવેશ, દીક્ષા, વ્યાપાર, રાજસેવા, હજામત અને વિવાહમાં ડાબી નાડી શુભ છે ॥૧॥ જવા-આવવામાં, જીવિતમાં, ઘર લેવામાં, ખેતર લેવામાં, ક્રય વિક્રયમાં, દ્રષ્ટિમાં સેવામાં, શત્રુજયમાં, ॥૨॥ વિદ્યામાં, પદવીમાં, અભિષેકમાં અને સમસ્ત શુભકાર્યમાં ચંદ્રનાડી શુભ છે. લાભમાં, દાનમાં અધ્યયનમાં, ગુરૂપૂજામાં, દેવપૂજામાં અને વિષના વિનાશમાં ડાબી નાડી શુભાવહ છે ॥૩॥

આ સિવાય-દ્રવ્યાર્જન, પર્વતારોહ, નદીતરણ, ખાત, પ્રતિષ્ઠા, કલશસ્થાપન, ઈંડું, ઉપાશ્રય દાનશાલા, ઘર, ગુફા, વસ્ત્ર, આભૂષણ, ભોજન, યાત્રા, સંઘમાળ, ખેતી, યોગાધ્યયન, નૃપમૈત્રી રાજ્યાભિષેક, સિંહાસન પર પગ મૂકવો; વિગેરે સૌમ્ય અને સ્થિર કાર્યો ચંદ્રનાડીમાં કરવાથી લાભકર છે.

प्रश्ने प्रारम्भणे चापि, कार्याणां वामनासिका ।
पूर्णा वाम्यां प्रवेशश्चेत्, तदा सिद्धिरसंशयः ॥१॥

અર્થ—"કોઈપણ કાર્યના પ્રારંભમાં કે પ્રશ્નમાં જો ચંદ્રનાડી વહેતી હોય કે વામનાડીમાં વાયુ પ્રવેશ થતો હોય તો તત્કાળ કાર્યસિદ્ધિ જાણવી ॥૧॥" ચંદ્રનાડીમાં પણ પૃથ્વી અને જલતત્ત્વ અવશ્ય ફળ આપનાર છે.

प्रश्ने युद्धविधौ वैरि-संगमे सहसाद्भये ।
स्नाने पानेऽशने चैव, सूर्यनाडिः प्रशस्यते ॥१॥

અર્થ—"પ્રશ્નકાર્યમાં, યુદ્ધમાં, વૈરિના મેળાપમાં, ઓચિંતા ભયમાં સ્નાનમાં, પીવામાં અને ખાવામાં સૂર્યનાડી પ્રશસ્ય છે ॥૧॥"

देवाराधनविद्यायां तन्त्रमन्त्रे रविः शुभः ।
गजवाजियानाऽस्त्रेषु, भूतविषविनाशने ॥१॥

અર્થ—"દેવ સાધનામાં, તંત્રમાં મંત્રમાં, હાથી ઘોડા વાહન અને હથીયાર લેવામાં ભૂત ઉતારવામાં તથા ઝેરના વિનાશમાં સૂર્યનાડી શુભ છે ॥૧॥ આ સિવાય શત્રુને જીતવાનું બીડું ઝડપવામાં, અમલદારને અરજી કરવામાં, વિઘ્નોહરવા માટે, શાંતિજલ નાખવામાં; ઋતુદાનમાં લઘુનીતિમાં, સુવામાં, નવા ચોપડા કરવામાં, વહાણુ ચલાવવામાં, પશુ ખરીદવામાં, અને કરજ દેવામાં સૂર્યની નાડી હિતને કરનારી છે. તથા સમસ્ત ચરકાર્યમાં સૂર્યનાડી લેવી, એમ **શ્રી ચિદાનંદજી** મહારાજ કહે છે.

विद्यारम्भे च दीक्षायां, शास्त्राभ्यास विवादयोः ।
राजदर्शनगीतादौ, ध्यानेकर्कस्तु प्रशस्यते ॥१॥

અર્થ—"વિદ્યારંભ, દીક્ષા, શાસ્ત્રાભ્યાસ, વિવાદ, રાજદર્શન, ગાયનનો પ્રારંભ અને ધ્યાનમાં સૂર્યનાડી પ્રશસ્ત છે ॥૧॥

जयजीवित लाभादि-कार्याणि निखिलान्यपि ।
निष्फलान्येव जायन्ते, पवने दक्षिणे स्थिते ॥२३३॥

અર્થ—"જો જમણી નાડીમાં પવન હોય તો જય જીવિત, અને લાભ વિગેરે સર્વ કાર્યો નિષ્ફળ થાય છે. ॥૨૩૩॥

સુષુમ્ણા નાડીમાં–આત્માધ્યાન, સમાધિ, યોગ, પ્રભુ ભજન, આત્મતત્ત્વ વિચાર, ઉદાસીનતા, મનન અને અભ્યાસ વિગેરે મનની સ્થિરતાથી સાધવાનાં કાર્યો કરવાં, પરંતુ પ્રતિષ્ઠા, પ્રયાણ, પ્રવેશ, દીક્ષા વિગેરે કોઈ પણ ચર કે સ્થિર કાર્યો કરવાં નહિ. તેમ

છતાં જો સુષુમ્ણા નાડીમાં તે કાર્યો કરાય છે તો હાની થાય છે, અડચણો આવે છે, ઉદ્વેગ અને કાર્યસિદ્ધિ થતી નથી.

પૃથ્વી—તત્વમાં શાંત તથા સ્થિર કાર્યો કરવાં, જે ધીમે ધીમે સિદ્ધ થાય છે, કાર્ય કરનારનું મન સ્થિર થાય છે. પૃથ્વીતત્વના યોગમાં છત્ર, ચામર, હાથી, ઘોડો, આરામ રાજ્ય અને મનની અભિલાષા વિગેરે મળે છે. પૃથ્વીતત્વના સામાન્ય તથા પૃચ્છાફળ માટે કહ્યું છે કે–

जीवितक्षय धनलाभ फुन, मित्र धर्म जुध रूप ।
गमनागमन विचारमें, जानो मही अनूप ॥२३१॥

જળ—તત્વમાં શાંત તથા ચર કાર્યો કરવાં, જે તત્કાળ સિદ્ધ થાય છે, મનમાં શીતળતા વ્યાપે છે, કામનો ક્ષય થાય છે. આ તત્વના યોગમાં રાજ્ય, પુત્ર, સ્વજન, મિત્રો અને સારી વસ્તુનો લાભ થાય છે.

અગ્નિ—તત્વમાં કાર્ય કરતાં મૃત્યુ કે હાનિ થાય છે, ક્યારેક સમ કે ઉચાટનનાં કાર્યો સિદ્ધ થાય છે. આ તત્વના યોગમાં ભય, શોક, રોગ, દુઃખ, વિઘ્ન અને દાહ થાય તેવા પ્રસંગો છે; પણ તેમાં યુદ્ધનું કાર્ય કરવું તે લાભ કારક છે.

વાયુ—તત્વમાં કાર્ય કરવાથી ક્ષય કે હાનિ થાય છે, જેમાં સ્તંભ અને ઉચ્ચાટનનાં કાર્યો કરાય છે. વાયુતત્વના યોગમાં ખેતી નિષ્ફળ જાય છે; મૃત્યુનોભય, કજીયો, વેર અને ત્રાસ થાય છે **સમીરની પૃચ્છામાં** પણ એજ ફળ કહ્યું છે.

આકાશ—તત્વમાં ધ્યાન યોગ અને અભ્યાસનાં કાર્યો કરવાં, પરંતુ કોઈ પણ સ્થિર ચર વિગેરે કાર્ય કરવાં નહિ, છતાં તેવાં કાર્ય કરે તો નિષ્ફળ થાય છે તેના સામાન્ય તથા પૃચ્છા ફળ માટે કહ્યું છે કે—

व्योम चलत कारज सहू, करिये नाहीं मीत ।
ध्यान योग अभ्यासकी, धारो यामें रीत ॥१॥

આ સ્વરોદયની મહત્તા માટે કહ્યું છે કે—

तिथि वार नक्षत्र फुनि, करण योग दिक्शूल ।
लक्षणपात होरा लिये, दग्ध तीथि अरु मूल ॥३३७॥
वृष्टि कील कुलिका लगन, व्यतिपात स्वर भान ।
शुक्र अस्त अरु जोगणी, यमघटादिक जान ॥३३८॥
इत्यादिक अपयोगको, यामें नहि विचार ।

ऐसो ए स्वर ज्ञान नित, गुरुगमथी चित्त धार ॥३३९॥
साधन बिन स्वरज्ञानको, लहे न पूरन भेद ।
चिदानंद गुरुगम बिना, साधन हुत सखेद ॥३४२॥
"मुग्धधीर्यः समीरस्थ–संक्रान्तिमपि वेत्ति न ।
तत्वंनिर्णयवार्ता स, कथं कर्तु प्रवर्तते ? ॥२६५॥"

અર્થ—"જે મુગ્ધ બુદ્ધિવાળો વાયુ સંચારને પણ જાણતો નથી, તે તત્ત્વ નિર્ણયની વાત કરવાને કેમ તૈયાર થાય ! ॥ ૨૬ ॥"

આ પ્રમાણે સ્વરોદય ઉપરથી મૌહુર્તિક જ્ઞાન થાય છે. તેમજ પ્રશ્ન ફળ, જીવિત, મૃત્યુ, યુદ્ધ, રોગપરીક્ષા, પુત્ર–પુત્રી, નાડી વાયુગતિ, પરશરીર પ્રવેશ વિગેરેનું પણ જ્ઞાન થાય છે; જે અપ્રાસંગિક હોવાથી અહીં દર્શાવેલ નથી. આ ક્રિયામાં ચિત્તનો સંક્લેશ વધારે રહે છે. કહ્યું કે—

पूरणे कुम्भने चैव, रेचने च परिश्रमः ।
चित्तसंक्लेशकणाद्, मुक्तेः प्रत्यूह कारणम् ॥५॥

અર્થ—"પૂરણ કુંભ અને રેચનમાં પરિશ્રમ પડે છે, તથા ચિત્તનો સંક્લેશ થાય છે, જેથી આ ક્રિયા મુક્તિનું કારણ નથી. ॥ ૫ ॥"

આરંભસિદ્ધિ તથા **નારચંદ્ર ટીપ્પણમાં** કહ્યું છે કે ચંદ્ર નાડીના પૃથ્વીતત્વમાં તથા જળ તત્વમાં સર્વ શુભ કાર્ય કરવું જેથી **હેમ હંસગણિજી** કહે છે કે–ચંદ્ર નાડીનું પૃથ્વીતત્વ અને જળતત્વ લેવું તે ઇષ્ટ છે. તેમજ ઇષ્ટ લગ્નનું પણ પૃથ્વીતત્વ અને જળતત્વ લેવું જોઇએ. કહ્યું છે કે—

पृथ्वी राज्यं १ जलं वित्तं २ वह्निर्हानिं ३ समीरणः ।
उद्वेगं ४ गगनं दत्ते पञ्चतां सर्वलग्नतः ॥१॥

અર્થ—"સર્વકાર્યના લગ્નમાં પૃથ્વીતત્વ રાજ્યને, જળતત્વ ધનને, વહ્નિતત્વ હાનિને, વાયુતત્વ ઉદ્વેગને, અને આકાશતત્વ મૃત્યુને પમાડે છે. ॥ ૧ ॥"

લગ્નનાં તત્વો જાણવા માટે એવી રીત છે કે-સમલગ્નનોમાં અનુક્રમે અને વિષમલગ્નોમાં ઉત્ક્રમે પૃથ્વી જળ અગ્નિ વાયુ અને આકાશ એ પાંચ તત્વો હોય છે. જે અનુક્રમે ઇષ્ટલગ્નનાં દસ, આઠ, છ, ચાર અને બે ત્રીશાંશ સુધી રહે છે. તેમાં પૃથ્વી અને જળ તત્વોના પણ છ કે પાંચ વર્ગ વડે શુદ્ધ હોય તો તે અત્યંત શુભ છે. તે આ પ્રમાણે—

૧ મેષ લગ્નમાં સાતમા અંશના પહેલા અઢાર પળોમાં લગ્નની અશુદ્ધિ છે, પાંચ વર્ગની શુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે.

૨ મેષ લગ્નમાં નવમા નવાંશના છેલ્લા અઢાર પળોમાં પાંચ વર્ગની શુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે.

૩ વૃષ લગ્નમાં ત્રીજા નવાંશના પ્રથમના સાત પળોમાં છ વર્ગની શુદ્ધિ અને પૃથ્વી તત્વ છે.

૪ વૃષ લગ્નમાં પાંચમા નવાંશના પહેલા ચૌદ પળોમાં છ વર્ગની શુદ્ધિ છે, અને જળ તત્વ છે.

૫ મિથુન લગ્નમાં છઠ્ઠા નવાંશના પહેલા આઠ પળોમાં છ વર્ગની શુદ્ધિ છે, અને જળ તત્વ છે.

૬. મિથુન લગ્નમાં છઠ્ઠાજ નવાંશમાં દ્વાદશાંશની અશુદ્ધિ છે, પાંચ વર્ગની શુદ્ધિ છે, અને જળ તત્વ છે ॥ ૩ ॥

૭ કર્ક લગ્નમાં પહેલા અંશના પહેલા અઠ્યાવીશ પળોમાં છ વર્ગની શુદ્ધિ અને પૃથ્વી તત્વ છે.

૮ કર્ક લગ્નમાં ત્રીજા નવાંશમા છ વર્ગની શુદ્ધિ અને પૃથ્વીતત્વ છે. ॥ ૪ ॥

૯ સિંહ લગ્નમાં છઠ્ઠા નવાંશના દસ પળ પછી અઠયાવીશ પળોમાં પાંચ વર્ગની શુદ્ધિ છે, લગ્નની અશુદ્ધિ છે. અને જળ તત્વ છે ॥ ૫ ॥

૧૦ કન્યા લગ્નમાં ત્રીજા નવાંશના નવ પળ પછીના સત્યાવીશ પળોમાં છ વર્ગની શુદ્ધિ અને પૃથ્વી તત્વ છે ॥ ૬ ॥

૧૧ તુલા લગ્નમાં આઠમા નવાંશના પ્રથમના અઢાર પળોથાં છ વર્ગની શુદ્ધિ અને પૃથ્વી તત્વ છે.

૧૨ તુલા લગ્નમાં નવમાઅંશના છેલ્લા સત્યાવીશ પળોમાં છ વર્ગની શુદ્ધિ અને પૃથ્વી તત્વ છે. ॥ ૭ ॥

૧૩ વૃશ્ચિક લગ્નમાં ચોથા અંશના પહેલા ૨૮ પળોમાં પાંચ વર્ગની શુદ્ધિ છે, લગ્નની અશુદ્ધિ છે, અને જળ તત્વ છે. ॥ ૮॥

૧૪ ધન લગ્નના સંપૂર્ણ છઠ્ઠા અંશમાં દ્રેષ્કાણુની અશુદ્ધિ છે, પાંચ વર્ગની શુદ્ધિ છે, અને જળ તત્વ છે.

૧૫ ધન લગ્નમાં સાતમા નવાંશના છેલ્લા નવપળોમાં પાંચ વર્ગની શુદ્ધિ છે, દ્વાદશાંશની અશુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે.

૧૬ ધન લગ્નમાં નવમા અંશના પહેલા નવ પળોમાં પાંચ વર્ગની શુદ્ધિ છે, દ્વાદશાંશની અશુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે. ॥ ૯ ॥

૧૭ મકર લગ્નમાં પાંચમા અંશના પહેલા સોળ પળોમાં લગ્નની અશુદ્ધિ છે, પાંચ વર્ગની શુદ્ધિ છે, અને જળ તત્વ છે. ॥ ૧૦ ॥

૧૮ કુંભ લગ્નમાં છઠ્ઠા નવાંશના છેલ્લા વીશ પળોમાં લગ્નની અશુદ્ધિ છે, પાંચ વર્ગની શુદ્ધિ છે, અને જળ તત્વ છે.

૧૯--૨૦ કુભ લગ્નમાં આઠમા વૃષ નવાંશના છેલ્લા ચૌદ પળોમાં, અને નવમા મિથુન નવાંશના પહેલા સાત પળોમાં, એમ કુલ એકવીશ પળોમાં લગ્નની અશુદ્ધિ છે; પાંચ વર્ગની શુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે. ॥ ૧૧॥

૨૧ મીન લગ્નમાં પ્રથમ નવાંશના પ્રથમના અઢાર પળોમાં છ વર્ગની શુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે.

૨૨ મીન લગ્નમાં સંપૂર્ણ ત્રિજા કન્યા અંશમાં પચ્ચીશે પળોમાં છ વર્ગની શુદ્ધિ છે, અને પૃથ્વી તત્વ છે,

ગ્રન્થકાર સૂરિ મહારાજ પણ પ્રસ્તુત ગાથાથી જણાવે છે કે–વિદ્વાન્ પુરૂષે જે નાસિકામાં પવન ચાલતો હોય તે પગને આગળ કરીને તથા શ્વાસનો સંગ્રહ કરીને પ્રયાણ તથા પ્રવેશ કરવો. પૂર્ણ નાડીનો પગ ત્રણ ડગલાં સુધી આગળ ચલાવવો, એવો પણ અન્યસ્થાને ઉલ્લેખ છે. તેના ફળ માટે **યતિવલ્લભ**માં કહ્યું છે કે—

वहनाडिगतो वाच्यो, दक्षिणेऽर्केऽर्थलब्धये ।
रिक्तनाडिगतः शत्रु-र्जीयते ष्ठगे रवौ ॥१॥

અર્થ—"પૂર્ણ નાડીનો પગ સ્થાપી સૂર્યને જમણો રાખી ગમન કરનારને અર્થની પ્રાપ્તિ થાય છે. અને પૂર્ણ નાડીનો પગ સ્થાપી સૂર્યને પછવાડે રાખી પ્રયાણ કરનાર રિકત નાડી તરફ રહેલા શત્રુને જીતે છે. ॥ ૧ ॥ તથા—

प्राणप्रवेशे वहनाडिपादं, कृत्वा पुरो दक्षिणमर्कबिम्बम् ।
प्रदक्षिणीकृत्य जिनं च याने, विनाऽप्यहःशुद्धिमुशन्ति सिद्धिम् ॥१॥

અર્થ—"પ્રાણનો પ્રવેશ થયે છતે ચાલતી નાડીનો પગ આગળ કરીને, સૂર્યને જમણો રાખીને, અને **જિનેશ્વરને** પ્રદક્ષિણા દઇને પ્રયાણ કરવાથી દિનશુદ્ધિ વિના પણ કાર્યસિદ્ધિને મેળવે છે ॥૧॥"

આથી પ્રયાણમાં સૂર્યને જમણો કે પાછળ રાખવો એ પણ અવશ્ય લક્ષ્યમાં રાખવાનું છે. **વિવેકવિલાસ**માં કહ્યું છે કે—"જમણી કે ડાબી એમ જે નાસિકામાં પવન ચાલતો હોય તે તરફનો પગ આગળ કરીને પોતાના ઘરમાંથી નીકળવું; જેથી હાનિ, કજીયો, ઉદ્વેગ, કાંટાની પીડા, અને વિવિધ જાતના ઉપદ્રવો, વિગેરે કાંઈ પણ થતું નથી; અને જનાર આનંદથી પાછો ફરે છે." કેટલાક આચાર્યો તો કહે છે કે—"દૂર દેશમાં જવું હોય તો ચંદ્રનાડીમાં, અને નજીકના દેશમાં જવું હોય તો સૂર્યનાડીમાં, પગ આગળ કરીને પ્રયાણ કરવું. પણ એટલું વિશેષ છે કે ચંદ્રનાડી હોય તો પૂર્વ ઉત્તરમાં અને સૂર્યનાડી હોય તો પશ્ચિમ, દક્ષિણમાં પ્રયાણ કરવું નહીં કેમકે તે દિશામાં દિગ્શુલ હોય છે.

વળી બાળક પુરૂષ કે સ્ત્રીની **છીંક** સામે કે જમણી બાજુ થાય તો અશુભ છે, પાછળ કે ડાબી બાજુ થાય તો શુભ છે. એમ જ્યોતિષહીરમાં કહેલ છે.

આ ઉપરાંત ચિત્તનો ઉત્સાહ, **આયંબિલ** તપ વિગેરે પણ પ્રવાસ અને પ્રયાણમાં સિદ્ધિને આપનારા છે. આ વ્યવહાર વર્તમાન કાળમાં વધારે જોઈ શકાય છે.

હવે **ચૈત્યદ્વાર** કહે છે—

चेइअसुअं धुवमिउ-करपुस्स धणिट्ठसयभिसासाई ।
पुस्सतिउत्तररेरो-करमिगसवणे सिलनिवेसो ॥८७॥

અર્થ—ધ્રુવ, મૃદુ, હસ્ત, પુષ્ય, ધનિષ્ઠા, શતભીષા અને સ્વાતિ નક્ષત્રમાં ચૈત્યસૂત્ર કરવું, તથા પુષ્ય, ત્રણ ઉત્તરા, રેવતી, રોહિણી, હસ્ત, મૃગશર અને શ્રવણ નક્ષત્રમાં શિલાસ્થાપન કરવું ॥૮૭॥

વિવેચન—પ્રથમ જિનમંદિર કે ઘર કરાવનાર પુરૂષે નૈમિત્તિક પુરૂષ પાસે જઇ અનુકુળ, મુહૂર્તમાં કાર્યનો પ્રારંભ કરવો, અને જ્યોતિર્વિદે પણ પૃચ્છા કરનારનાં કાર્યસિદ્ધિ, સુખ, આયુષ્ય, નિમિ-ત, શકુન, લેણા-દેણી, પ્રશ્ન બળ જોઈ આરંભ સમય કહેવો પ્રથમ પશ્ન કરનાર પુરૂષ પક્ષ પૂછતાં જે અંગોનો સ્પર્શ કરે તે સ્થાન યાદ રાખવું, અને તાત્કાલિક લગ્નકુંડલીના બારે ભુવનમાં ભાવના ક્રમથી માથું, મુખ, હાથ, છાતી, પેટ, કેડ, બસ્તિ, ગુહ્ય, સાથળ, ગોઠણ, પીંડી અને પગ એ બાર અંગો સ્થાપી અંગના ભાવ પરથી વાસ્તુબળ તપાસવું તે ભાવ શુભ ગ્રહોએ યુકત કે દુષ્ટ હોય તે પ્રમાણે સમય કહેવો.

નવા સ્થાનમાં ક્ષેત્ર ફળથી આય, વ્યય, નક્ષત્ર, ચંદ્ર અને તારા વિગેરેનું બળ નીચે મુજબ જોવું.

ભુવન દિશા—ઘરનું બારણું જે દિશા તરફ હોય તે દિશાને પૂર્વ દિશા કલ્પવી; અને પછી અનુક્રમે અગ્નિથી ઈશાન પર્યંત દિશા હોય છે. સામાન્ય રીતે વાસ્તુનો **જન્મમાસ** ભાદરવો, **જન્મતિથિ** ત્રીજ, **જન્મવાર** શનિ, **જન્મનક્ષત્ર** કૃતિકાનો પ્રથમ પાદ, **જન્મયોગ** વ્યતિપાત, **જન્મકરણ** વિષ્ટિ, અને **જન્મકાળ** રાત્રિનો આદિભાગ છે.

ઘરના નામ—ઘરના બારની પ્રદક્ષિણાના ક્રમે પૂર્વાદિ ચાર દિશામાં ઓસરી, ગોખર, ઓરડી, વિગેરેની વૃદ્ધિ હોય તો ધ્રુવ આદિ સોળ જાતિનાં ઘરો થાય છે. જેમાં બે અક્ષર અને ત્રણ અક્ષરવાળાં નામો છે.

૧ **ધ્રુવ**—ચારે તરફ વૃદ્ધિ વિનાનું ઘર.
૨ **ધન્ય**–દ્વાર બાજુની દિશામાં વૃદ્ધિવાળું ઘર.
૩ **જય** –બારણાની જમણી વૃદ્ધિવાળુ ઘર.
૪ **નંદ** –દ્વાર તરફ ને જમણી બાજુ વૃદ્ધિવાળું ઘર.
૫ **ખર** –પછીતમાં વૃદ્ધિવાળું ઘર
૬ **કાંત**–બાર તરફ અને પછીતમાં વૃદ્ધિવાળું ઘર.
૭ **મનોરમ**–બારની જમણી બાજુ અને પાછળના ભાગમાં વૃદ્ધિવાળું ઘર.
૮ **સુમુખ**–બાર તરફ, જમણી બાજુ અને પછવાડે વૃદ્ધિવાળું ઘર.
૯ **દુર્મુખ**–બારણાની ડબી બાજુ વૃદ્ધિવાળું ઘર.
૧૦ **ક્રુર**—બાર તરફ અને ડાબી બાજુ વૃદ્ધિવાળું ઘર
૧૧ **વિપક્ષ**–જમણી તરફ અને ડાબી બાજુ વૃદ્ધિવાળું ઘર.
૧૨ **ધનદ**– બાર તરફ, જમણી બાજુ અને ડાબી બાજુનું વૃદ્ધિવાળું ઘર.
૧૩ **ક્ષય**–બારની પછવાડે અને ડાબી બાજુ વૃદ્ધિવાળું ઘર
૧૪ **આક્રન્દ**–દ્વારની આગળ પાછળ અને ડાબી બાજુ વૃદ્ધિવાળું ઘર.
૧૫ **વિપુલ**–દ્વાર સિવાયની ત્રણે દિશામાં વૃદ્ધિવાળું ઘર.
૧૬ **વિજય**–ચારે બાજુ વૃદ્ધિવાળું ઘર.

આ ભેદોમાં નામ પ્રમાણે ગુણો છે જેમાં માત્ર પછવાડેની વૃદ્ધિવાળું અને જમણી તરફની વૃદ્ધિ ન હોય તો ડાબી બાજુની વૃદ્ધિવાળાં ઘરો અશુભ છે એટલે **ખર**, દુર્મુખ, ક્રુર ક્ષય અને આક્રંદ જાતિનાં ઘરો અશુભ છે; તથા ઘરધણીના નામના જેટલા અક્ષરો હોય તેટલા

અક્ષરના નામવાળું ઘર પણ અશુભ છે.

એક ઓરડાવાળા ઘરના સામાન્ય રીતે ઉપરોક્ત ૧૬ ભેદાંક આવે પણ સૂક્ષ્મતાએ તો ૧૦૪ ભેદો પડે છે તેમજ બે ઓરડાવાળા અને ત્રણ ઓરડાવાળા ઘરના ૧૫૨ અને ૧૭૨ ભેદ થાય છે.

* **ક્ષેત્રફળ**—ધનુષ, ગજ, હાથ અને આંગળ વડે કરીને ઇષ્ટ સ્થાનનું ક્ષેત્રફળ કાઢવું. ક્ષેત્રફળ કાઢતાં નગરમાં કે પુરના ક્ષેત્રફળમાં દંડથી, ઘરમાં ઘરધણી કે કારીગરના હાથથી અને દેવાલય, રંગમંડપ, ગર્ભગૃહ કે પ્રસાદમાં કાંબીક (ગજ) થી લંબાઈ અને પહોળાઇનું માપ લેવું. અને જો ગજ ૧ આદિનું પૂર્ણાંક માપ હોય નો થોડા આંગળોના વૃદ્ધિ–હાનિ કરવી, કેમકે તેમ ન કરાય તો આઠનો ભાગ પડતાં વિષમ આયજ આવશે માટે યથાર્થ આય–વ્યય લાવવા માટે આંગળોની વૃદ્ધિ–હાનિ કરવી.

ગૃહસ્થના ઘરનું ક્ષેત્રફળ લાવવું હોય ત્યારે બાજુની ભીંતની ગણત્રી કરવી નહિં, માત્ર ભીંતના મધ્ય ગર્ભભાગનું (ગાળાનું) જ માપ લેવું; અને ક્ષેત્રફળની બહારની ભૂમિમાં ભીંતો ચણાવવી, પણ દેવાલયની ભીંતો ક્ષેત્રફળની અંદર ચણાવવી. શિલ્પગ્રન્થોમાં ૨ જિનમંદિરના ગર્ભગૃહમાં (ગભારામાં) કે ઘરમાં જાળીયાં વિગેરે મૂકવાનો નિષેધ છે, છતાં મતાંતરને સંમત થઈ જાળીયાં કરાવવાં હોય તો બારણાની ઉંચાઈ અને ઘોડાનું પ્રમાણ લઇ જાળીયાં મૂકવાં અને તેનું પણ લંબાઈ–પહોળાઇનું ક્ષેત્રફળ કાઢી લેણા–દેણી ગણ વિગેરે તપાસવું. ગણમાં

---

* શિલ્પ ગ્રંથમાં એકથી બાર આંગળના નામ અનુક્રમે–૧ માત્રા, ૨ કાળ, ૩ પર્વ, ૪ મુષ્ટિ, ૫ તલ, ૬ કરપાદ, ૭ દષ્ટિ, ૮ તુણી, ૯ પ્રાદેશ, ૧૦ ક્ષયતાળ, ૧૧ ગોકર્ણ અને ૧૨ વિતસ્તી છે, ત્યાર પછી આ પ્રમાણે માપ છે. ૧૪ આંગળનો અનાહપદ ૨૧ આંગળની રત્ની, ૨૪ આંગળનો ગજ, ૧॥ ગજનો વાર. ૩॥ ગજનો પુરૂષ ૪ ગજનો ધનુષ્ય, ૪ ગજ ૧૦ આંગળનો દંડ, ૧,૦૦૦ ધનુષ્યનો કોષ, ૨ કોષનો ગવ્યૂતિ ૨ ગવ્યૂતિનો યોજન (શિલ્પ દીપક ભાષાંતર)

૨ गृहेषु यो विधिः कार्यो, निवेशन प्रवेशयोः ।
स एव विदुषा कार्यो, देवतायतनेष्वपि ॥१॥ (व्यवहार प्रकाश).
देवालयं वा भवेनं मठ स्याद्, भानोः करैर्वायुभिरेव भिन्नम् ।
तन्मूलभूसौ परिवर्जनीयं छाया गता तस्य गृहस्य कूपे ॥३॥३५॥
सूचिमुखं भवेच्छिद्रं, पृष्ठे यदा करोति च ।
प्रासादे न भवेत्पूजा गृहे क्रीडन्ति राक्षसाः ॥४॥३०॥

દેવગણ અને ન મળે તો મનુષ્યગણ લેવો ઇષ્ટ છે.

ઓરડા જેવી દેખાતી બંધ ઓરડી કરવી હોય તો તેનું ક્ષેત્રફળ કાઢી તેનો આય જોવો નહિ, પણ વ્યય કાઢી મૂળ ઘરના આય સાથે મેળવવો. એક ઓરડાના બે ભાગ કરવા હોય તો ઓરડાનો મુળ આયાદિક રહેતો નથી, માટે જમણી બાજુ મોટો અને ડાબી બાજુ નાનો ભાગ રાખી બન્ને ખંડના જુદા જુદા આય વ્યય વિગેરે તપાસવા પણ નળવેધ (બારણું અને પછીતની લંબાઈ કરતાં બન્ને બાજુની ભીંત વચ્ચેની લંબાઈ ઓછી થાય તે) ન થવો જોઇએ. દરેક સ્થાનોમાં પરશાળ, છુટી ઓસરી, જરૂખો, બારણાં વિગેરે ઘરની શોભા રૂપ હોવાથી તેની ગણત્રી મુળ સ્થાનના ક્ષેત્રફળમાં કરવી નહિ.

જેમકે—કુંભ રાશિમાં અને ધનિષ્ઠાના ત્રીજા પાયામાં જન્મેલ ગુણચંદ્ર નામના ધનિકને એક મકાન કરાવવું છે, જેની લંબાઈ હાથ ૭ આંગળા ૯ છે, અને પહોળાઈ હાથ ૫ આંગળ ૭ છે; તેનું ક્ષેત્ર ફળ કાઢવું હોય તો લંબાઈના આંગળ ૧૭૭ અને પહોળાઈના આંગળ ૧૨૭ ને પરસ્પર ગુણવાથી આંગળ ૨૨૪૭૯ નું ક્ષેત્રફળ આવે છે.

શિલ્પદીપકમાં ઘરની પેઠે મનુષ્યનું પણ **નામાંક** ફળ કાઢવાનું કહ્યું છે, અને ક્ષેત્રફળની પેઠે તેની ઉપર સંસ્કારો કરવાથી **આય** વિગેરે આવે છે. તેની રીત એવી છે કે—

અ ખ ડ અને ભ અક્ષરોનો ધ્રુવાંક ૧૪ છે.
આ ગ ઢ અને મ અક્ષરોનો ધ્રુવાંક ૨૭ છે.
ઇ ઘ ણ અને ય અક્ષરોનો ધ્રુવાંક ૨ છે.
ઈ ઙ ત અને ર અક્ષરોનો ધ્રુવાંક ૧૨ છે.
ઉ ચ થ અને લ અક્ષરોનો ધ્રુવાંક ૧૫ છે.
ઊ છ દ અને વ અક્ષરોનો ધ્રુવાંક ૮ છે.
એ જ ધ અને શ અક્ષરોનો ધ્રુવાંક ૪ છે.
ઐ ઝ ન અને ષ અક્ષરોનો ધ્રુવાંક ૩ છે.
ઓ ઞ પ અને ષ અક્ષરોનો ધ્રુવાંક ૫ છે.
ઔ ટ ફ અને હ અક્ષરોનો ધ્રુવાંક ૬ છે.
તથા—ક ઠ બ અને ક્ષ અક્ષરોનો ધ્રુવાંક ૯ છે.

पृष्ठे गवाक्षं न कर्तव्यं, वामाङ्गे परिवर्जयेत् ।
अग्रतश्च भवेच्छ्रेष्ठं, जायमानं सदा जयम् ॥४॥४३॥

બીજો માળ બારમા અંશે નીચે કરવો, તેમાં પાછળનાં જાળીયાં વિગેરેનો દોષ નથી.

મનુષ્યના નામના આદિ અક્ષરના ધ્રુવાંકને માણસના નામના અક્ષરો સાથે ગુણવાથી **નામાંક ફળ** આવે છે, અને તેને આઠે ભાગવાથી મનુષ્યનો **આય** આવે છે; તેની સાથે ઘરનો આય અનુકુળ હોય તો રાખવો, નહિં તો બદલવો જેમકે—ગુણચંદ્રના આદિ અક્ષર ગનો ધ્રુવાંક ૨૭ છે; અને નામના અક્ષરો ચાર છે તેનો ગુણાકાર કરવાથી નામાંક ફળ ૧૦૮ આવે છે, તેને આઠથી ભાગતાં ભાગમાં ૧૩ અને શેષમાં ૪ રહે છે એટલે- ગુણચંદ્રનો ચોથો **શ્વાન આય** આવે છે. હવે તેના ઘરમાં ધ્વાંક્ષાય આવે તો ગુણચંદ્રનું મૃત્યુ થાય, માટે તેનો ત્યાગ કરી બીજો આય લેવો ઈષ્ટ છે.

૨ આય—ક્ષેત્રફળને આઠે ભાગવાથી શેષાંક પ્રમાણે પૂર્વ અગ્નિ વિગેરે આઠ દિશાના બળવાળા–૧ ધ્વજ, ૨ ધુમ, ૩ સિંહ, ૪ શ્વાન, ૫ બળદ (ગાય), ૬ ખર, ૭ ગજ (હાથી), અને ધ્વાંશ (કાગડો) એમ આઠ આય આવે છે. આ આય નીચેના ઘરમાંજ લાવવાના છે. તે આઠ પૈકીના વિષમ (એકી–૧–૩–૫–૭) આયો શુભ છે. ગજનોઆય–પ્રાસાદ, પ્રતિમા, યંત્ર, મંડપ, શુચિસ્થાન, પતાકા, છત્ર, ચામર, વાવ, કૂવા, તળાવ, ટાંકુ, પાલખી, ગાદી, આભૂષણ, અગ્નિકુંડ, ચોરી, ધર્મશાળા, દેવાલય, સિંહાસન, અને મંદિર વિગેરેમાં શ્રેષ્ટ છે. વૃષ, સિંહ અને ગજના આય પ્રસાદ અને નગરના ઘરોમાં વધારે શ્રેષ્ટ છે, તથા બીજા આયો પોતપોતાના કાર્યમાં શ્રેષ્ઠ છે. વૃષ, ગજ, સિંહ અને ધ્વજ એ ચાર આયો શ્રેષ્ટ છે, પણ તેમાં ફેરફાર કરવાની જરૂર પડે તો પૂર્વના આયના કૃત્યમાં પાછળ–પાછળના આય લાવી શકાય છે; પરંતુ પાછળના આયના કૃત્યમાં પૂર્વ–પૂર્વનો આય લાવી શકાતો નથી. અર્થાત્–વૃષને સ્થાને ગજ સિંહ અને ધ્વજનો આય ગજને સ્થાને સિંહ અને ધ્વજનો આય, તથા સિંહને સ્થાને ધ્વજનો આય લાવી શકાય છે, પણ બીજાને સ્થાને વૃષનો આય લાવી શકાતો નથી. ઉદાહરણ જેમકે–પૂર્વોકત ક્ષેત્રફળ ૨૨૪૭૯ ને આઠે ભાગતાં શેષમાં ૭ રહે છે, તો તે ઘરમાં સાતમો આય **ગજ** આવે છે તે શ્રેષ્ટ છે. આ ગજને સ્થાને સિંહ કે ધ્વજનો આય લાવીએ તો પણ શુભ છે.

૩ ગૃહજન્મનક્ષત્ર—ક્ષેત્રફળના આંકને આઠે ગુણી સત્યાવીશે ભાગતાં શેષમાં જે આંક આવે તે અશ્વિનીથી પ્રારંભીને જેટલામું નક્ષત્ર હોય તેટલામુ ગૃહજન્મનક્ષત્ર કહેવાય છે. આ નક્ષત્રથી ગૃહપતિની સાથે ચંદ્ર, તારા, દ્વાર, વર્ગ, નાડી, યોની; લેણાદેણી અને ગણ વિગેરે તપાસવું.

૪ તારા—માલીકના જન્મનક્ષત્રથી ઘરના નક્ષત્ર સુધીના આંકને નવે ભાગી નવ તારા લેવી, જે પૈકીની ત્રીજી પાંચમી અને સાતમી તારા હોય તો અશુભ છે.

૫ **દ્વાર**—પરિઘ ચક્રની પેઠે પૂર્વાદિ ચાર દિશામાં કૃત્તિકા વિગેરે સાત સાત નક્ષત્રો સ્થાપી ગૃહજન્મનક્ષત્રથી ચંદ્ર તપાસવો, જે ગૃહસ્થના ઘરમાં જમણી કે ડાબી તરફનો હોય તો શુભ છે, પ્રાસાદ રાજમહેલ અને લક્ષ્મીમંદિર વિગેરેમાં સન્મુખ ચંદ્ર શુભ છે, તથા ઘરમાં એક નાડી–નાડીવેધ; અવિરૂદ્ધ યોનિ, લેણું અને દેવગણ હોય તો અત્યંત શ્રેષ્ઠ છે.

ઉદાહરણ જેમકે—ક્ષેત્રફળ ૨૨,૪૭૯ ને આઠે ગુણતાં ૧,૭૯,૮૩૨ થયા, જેને સત્યાવીશે ભાગતા શેષ ૧૨ રહે છે, તો તે ઘરનું જન્મનક્ષત્ર અશ્વિનીથી ગણતાં બારમું ઉત્તરાફાલ્ગુની આવે છે. તે દક્ષિણની ભીંતે આવે છે, આઠમી તારા છે, આદ્યનાડી છે, ગાયની યોનિ છે, અને મનુષ્ય ગણ છે.

૬ **રાશિ**—ક્ષેત્રફળને ૩૨ થી ગુણી ૧૦૮ થી ભાગવું, શેષ રહે તેમાં એક ઓછો કરી ૯ થી ભાગ દેવો. જેથી ભાગમાં ગત રાશિનો આંક અને શેષમાં ઇષ્ટરાશિનો ભોગ્ય નવાંશ આવે છે, આ રીતિથી પ્રીતિષડાષ્ટક બીયાબારમું અને ગ્રહમૈત્રી વિગેરે જોવું.

ઉદાહરણ જેમકે—ક્ષેત્રફળ ૨૨,૪૭૯ ને બત્રીશથી ગુણતાં ૭,૧૯,૩૨૮ થાય તેને ૧૦૮ થી ભાગતાં શેષમાં ૪૮ આવ્યા, તેમાથી એક ઓછો કરતાં ૪૭ રહ્યા, જેને ૯ થી ભાગવાથી ભાગમાં ૫ અને શેષમાં ૨ નો આંક આવે છે, એટલે પાંચમી સિંહરાશિ ભોગવાઈ ગઈ * છે, કન્યારાશિ ચાલે છે, બીજો નવાંશ કે ઉ. ફા. નો ત્રિજો પાદ ચાલે છે, ઘરધણીની કુંભરાશિ સાથે કન્યારાશિનું **પ્રીતિષડષ્ટક** છે જે શુભ છે.

૭ **વ્યય**—ઘરના સત્યાવીશ નક્ષત્રોમાં અનુક્રમે વારાફરતી શાંત ક્રૂર, પ્રદ્યોત; શ્રેયાન્, મનોરમ, શ્રીવત્સ વૈભવ અને ચિંતાત્મક નામના આઠ વ્યયો રહેલા છે. અર્થાત્,–ઘરનું અશ્વિની નક્ષત્ર હોય તો શાંત, ભરણી હોય તો ક્રૂર, રોહિણી હોય તો પ્રદ્યોત એમ અંતિમ રેવતી નક્ષત્ર હોય તો વ્યય આવે છે. આય આઠ છે તેમ વ્યય પણ આઠ છે. તેમાં ધ્વજ આયની સાથે શાંત વ્યય, અને બીજા દરેક આયની સાથે પોતાથી એક આંક ઓછો વ્યય શુભ છે. ચિંતાત્મક વ્યય ત્યાજ્ય છે.

(શિલ્પના મતાંતર પ્રમાણે તો ધ્વજ આયની સાથે અધિક આંકનો વ્યય હોય તો પણ હરકત નથી. (**શિલ્પદીપક ૩૫૮**)

---

* નક્ષત્ર પરથી રાશિ કાઢવી હોય તો ઉત્તરાફાલ્ગુની ૧૨×૪=૪૮÷૯=૫–૩/૯ ભુકત રાશિ ૫ સિંહ, અને કન્યાનો ત્રીજો નવાંશ, એટલે ઉત્તરાફાલ્ગુનીનો ચોથો પાદ આવે છે. એમ બીજા કન્યા નવાંશે નક્ષત્રનો ત્રિજો પાદ આવે છે. ભોગ્ય (ભોગવતા) નવાંશની સ્પષ્ટતા કરવા માટે ઉપર ૧ આંક ઓછો કરેલ છે.

આયના આંકથી વ્યયનો આંક અધિક હોય તો **રાક્ષસ વ્યય**, **સમાન** હોય તો **પિશાચવ્યય**, અને ઓછો હોય તો **યક્ષવ્યય**, કહેવાય છે. આ ત્રણમાં યક્ષ વ્યય શ્રેષ્ઠ છે. ઉદાહરણ—અશ્વિની નક્ષત્રથી શાંત વિગેરે વ્યય ગણતાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચોથો શ્રેયાન્ વ્યય આવે છે, તે યક્ષનો વ્યય છે. જે વ્યયથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

૮ **અંશ**—ક્ષેત્રફળનો આંક, ઘરનાનામના અક્ષરોનો આંક, અને વ્યયનો આંક, એ ત્રણનો સરવાળો કરી ત્રણથી ભાગ દેવો. તેમાં શેષમાં ૧, ૨ અને ૦ રહેવાથી અનુક્રમે **ઈંદ્ર યમ** અને **રાજા**ના અંશો આવે છે. આ ત્રણ અંશોમાં યમ અંશ અધમ છે, રાજાંશ મધ્યમ છે અને ઈંદ્રાંશ ઉત્તમ છે.

શિલ્પદીપકમાં કહ્યું છે કે—પ્રાસાદ, પ્રતિમા, પીઠ, વેદી, કુંડ, ધ્વજા, સુખસ્થાન, નાટકશાળા, ઉત્સવભૂમિ વિગેરેમાં ઈન્દ્રાંશ શ્રેષ્ઠ છે. વ્યંતરના મંદિર, ગ્રહભુવન, માત્રિકા પ્રાસાદ, વ્યાપાર સ્થાન, ક્ષેત્રપાળનું મંદિર, કમળનું ઘર, ખાટકીનું ઘર, આયુધશાળા, વિગેરેમાં યમાંશ દેવો સારા છે. અને સિંહાસન, શય્યા, ઘોડાર, હાથીશાળા, રાજ્ય સામગ્રીનું સ્થાન, કચેરી, નગર વિગેરેમાં નૃપાંશ દેવો શ્રેષ્ઠ છે. જેમકે—ક્ષેત્રફળનો આંક ૨૨,૪૭૯, ધ્રુવ ઘરના નામના અક્ષરોનો આંક ૨, અને શ્રેયાન્ વ્યયનો આંક ૪ છે, તે ત્રણનો સરવાળો કરતાં ૨૨,૪૮૫ થાય છે, જેને ત્રણથી ભાગતાં શેષ ૦ રહે છે. તો આરીતે નૃપાંશ થયો તે શુભ છે.

આ પ્રમાણે-નવા ઘરમાં, પ્રાસાદમાં, ગર્ભગૃહમાં, રંગમંડપમાં, ગભારાની બારી-બારણામાં, ચોતરામાં, અને ગામ વિગેરમાં નીચેની * ભૂમિમાં આય વ્યય વિગેરે તપાસવા; પણ મૂળ સ્થાન સાથે જોડાયેલ ખંડ. ઓસરી પરશાળ વિગેરેમાં આય વિગેરેની જરૂર નથી. આ રીતે ગુણ-દોષ તપાસી, સમાન વ્યયવાળું, અધિક વ્યયવાળું, યમના અંશવાળું, વિરૂદ્ધ રાશિવાળું, વિરૂદ્ધ તારાવાળું, અને ઘરધણીના નામના અક્ષર જેટલા અક્ષરવાળું નવું ઘર ત્યજવું. એમ શ્રી હેમહંસ ગણી કહે છે.

અન્ય સ્થાને કહ્યું છે કે—આયાદિક નવ અંગોમાંથી નવ સાત પાંચ અથવા ત્રણ અંગો શુભ હોય તો તે ઘર શ્રેષ્ઠ છે. તેથી અધિપતિ, ઉત્પાત, તત્ત્વ અને આયુષ્ય વિગેરેની પણ અનુકૂળતા જોવાય છે. તે નીચે પ્રમાણે છે.

---

* નીચેની ભૂમિમાં અને ઉપરના માળમાં ઉંચાઈ લંબાઈ અને પહોળાઈમાં તફાવત હોય છે, માટે માળવાળા ઘરમાં પણ નીચેની ભૂમિમાં જ આયવ્યવ વિગેરે જોવાં. પહેલી ભૂમિ કરતાં માળની ભુમિની ઉંચાઇ. બારમે ભાગે ન્યૂન (ઓછી) હોય છે.

૯ અધિપતિ—આય અને વ્યયનો સરવાળો કરી આઠે ભાગ દેવો, શેષમાં જેટલામો અંક રહે તેટલામો ઘરનો અધિપતિ જાણવો. આ અધિપતિ આઠ છે, અને તેઓના નામ અનુક્રમે–વિકૃત, કર્ણક, ધુમ્રદ, વિતથસ્વર, બિલાડો, દુંદુભિ, દાંત અને કાંત છે. તેમાથી એકી આંકના અધિપતિનું ઘર શુભ છે.

૧૦ વર્ગવેર—ઘર તથા ઘરધણીના નામના ગરૂડ વિગેરે વર્ગ શોધવા, અને તેમાં પરસ્પર વિરોધી વર્ગવાળા ઘરનો ત્યાગ કરવો.

૧૧ ઉત્પત્તિ—ઘરનાં નક્ષત્રોને પાંચથી ભાગ દેવો, શેષમાં રહેલા આંક ઉપરથી પાંચ પ્રકારની ઘરની ઉત્પત્તિ થાય છે, જે અનુક્રમે–૧ ઘણુંદાન, ૨ સુખ પ્રાપ્તિ, ૩ સ્ત્રી પ્રાપ્તિ, ૪ ધન પ્રાપ્તિ, અને ૫ પુત્ર પ્રાપ્તિ કરાવે છે.

૧૨ તત્વ—ક્ષેત્રફળને ૩ થી ગુણી પાંચથી ભાગ દેવાથી શેષમાં ઘરના પૃથ્વી આદિ પાંચ તત્વો આવે છે, તે પૈકીમાં જો પૃથ્વી તત્વવાળું ઘર હોય તો ધન–ધાન્યની વૃદ્ધિ વાળું થાય છે, લાંબુ આયુષ્ય ભોગવી જીર્ણ થાય છે. જળતત્વવાળું ઘર પાણીના ઝપાટાથી હચમચી જાય છે. અગ્નિ તત્વવાળા ઘરમાં અગ્નિદાહ થાય છે. વાયુ તત્વવાળા ઘરમાં વાયુનો પ્રકોપ થાય છે. અને આકાશ તત્વવાળા ઘરમાં કોઈ વાસ કરી શકતું નથી, છતાં કોઈ વાસ કરે તો અકસ્માત થાય છે, તેમજ સંતતિનો નાશ થાય છે.

૧૩ આયુષ્ય—ક્ષેત્રફળને આઠે ગુણવાથી જે આંક આવે તેટલી ઘડીઓનું કાંકરી–માટીવાળા ઘરનું આયુષ્ય જાણવું, ઇંટ માટી અને ચુનાના ઘરનું તેથી ૧૦ ગણું, ઇંટ પત્થર અને શીશાના ઘરનું ૯૦૦ ગણું, તથા ધાતુના ઘરનું ૧,૬૧,૦૦૦ ગણું આયુષ્ય જાણવું.

નિમિત્તીયાએ આ પ્રમાણે બળાબળ તથા ગામની લેણા દેણી જોઇ ઘરના પ્રારંભનો કાળ કહેવો, તે આ પ્રમાણે–બ્રાહ્મણ વિગેરે ચારેને ધ્વજ વિગેરે ચાર આયો અને અનુક્રમે પશ્ચિમ વિગેરે ચાર દિશાનાં બારવાળાં ઘર શ્રેષ્ઠ છે, કેમકે આયો પ્રવેશમાં સામા રહે તે લાભ-કારક છે. એટલે બ્રાહ્મણને પશ્ચિમાભિમુખ તથા ધ્વજના આયવાળું, રાજાને ઉત્તરાભિમુખ તથા સિંહના આયવાળું, વૈશ્યને પૂર્વાભિમુખ તથા વૃષના આયવાળું, અને શુદ્રને દક્ષિણ તરફના બારવાળું તથા ગજના આયવાળું, ઘર શ્રેષ્ઠ છે. શિલ્પ ગ્રન્થમાં તો કહ્યું છે કે–સિંહ, વૃશ્ચિક અને મીન રાશિવાળાએ પૂર્વમુખી, કર્ક, કન્યા અને મકર રાશિવાળાએ દક્ષિણમુખી, મિથુન, તુલા અને ધન રાશિવાળાએ પશ્ચિમમુખી, તથા મેષ, વષ અને કુંભ રાશિવાળાએ ઉત્તરમુખી ઘર કરવું તે શુભ છે.

ઘરના પ્રારંભમાં ખુંટી નાખી દોરી બાંધવી, ખોદવું અને શિલા સ્થાપવી; એમ ત્રણ ક્રિયાઓ કરાય છે. તે દરેક કાર્યમાં નીચે મુજબ શુદ્ધિ તપાસવી. **નારચંદ્ર**માં કહ્યું છે કે—

*** मार्गः पौषश्च वैशाखः, फाल्गुनः श्रवणस्तथा ।**
एते शस्ता गृहारम्भे, वास्तुशास्त्रप्रकीर्तिताः ॥१॥

અર્થ—"ઘરના પ્રારંભને વિષે વાસ્તુશાસ્ત્રમાં કહેલા માગશર, પોષ, વૈશાખ, ફાગણ શ્રાવણ માસ પ્રશસ્ત છે ॥૧॥"

દરેક માસમાં ગૃહારંભ કરવાના ફળ માટે નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું છે કે—

(मंदाक्रान्ता)

शोको धान्यं मृति-पशुहती द्रव्यवृद्धिर्विनाशौं,
युद्धं भृत्यक्षिति रथ धनं श्रीश्च वह्निभयं च ।
लक्ष्मीप्राप्तिः भवति भवनारम्भकर्तुः क्रमेण,
चैत्र्याद्यूचे मुनिरिति फलं वास्तुशास्त्रोपदिष्टम् ॥१॥

અર્થ—"ચૈત્રાદિ માસમાં ભવનનો પ્રારંભ કરનારને અનુક્રમે-શોક, ધાન્ય, મૃત્યુ, પશુ-નાશ, દ્રવ્યની વૃદ્ધિ, વિનાશ, યુદ્ધ, નોકરની હાનિ, ધન, શ્રી, અગ્નિભય, અને લક્ષ્મીની પ્રાપ્તિનું ફળ મળે છે; એ પ્રમાણે વાસ્તુશાસ્ત્રમાં કહેલ ફળ મુનિ જણાવે છે.

વળી ઉત્તરાભિમુખી તથા દક્ષિણાભિમુખ ઘરના પ્રારંભમાં મેષ, વષ; તુલા અને વૃશ્ચિક

*** चैत्रे शोककरं विन्द्यात् वैशाखे च धनागमः ।**
ज्येष्ठे चैव भवेत्कष्ट-माषाढे पशुनाशनम् ॥१॥
श्रावणे धनवृद्धिश्च, सुखं भाद्रपदे तथा ।
आश्विने कलहश्चैव, कार्तिके आयुरेव च ॥२॥
मार्गे च धनसंप्राप्तिः, पौषे च धन संपदः ।
माघे चाऽग्निभयं चैव फाल्गुने न शुभं भवेत् ॥३॥
(पाठान्तरे तु-) ज्येष्ठे मासे मरणं, भाद्रपदे तु धनशून्यम् ।
कार्तिके वृत्तिच्छेदः, फाल्गुने विपुलधनवृद्धिः ॥४॥ (नारचन्द्र टीप्पण)

કાર્તિકાદિ માસમાં ગૃહ પ્રારંભ કરવાથી ભર્તૃનાશ, ધનાપ્તિ, કામસંપદા, અગ્નિભય, શ્રી, શોક, ધન, પીડા, પશુનાશ, ધનવદ્ધિ, ઉજજડ, અને કલેશ થાય છે.

शिल्पदीपक १।१३

તથા પૂર્વાભિમુખ અને અને પશ્ચિમાભિમુખ ઘર માટે કર્ક, સિંહ, મકર અને કુંભ સંક્રાન્તિ શુભ છે; બાકીની સંક્રાન્તિ ચારે દિશાના ઘરમાં અશુભ છે કેટલાએક તો મેષાદિ, ધનાદિ અને સિંહાદિ રાશિમાં અનુક્રમે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશાના મુખવાળા ઘરનો નિષેધ કરે છે.

તિથિઓ ૧–૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩ અને ૧૫ શુભ છે. **શિલ્પ ગ્રન્થમાં** કહ્યું છે કે–પૂર્વમુખી દ્વારવાળું ઘર પુનમથી વદ આઠમ સુધી. ઉત્તરમુખી ઘર વદી ૯ થી ૧૪ સુધી, પશ્ચિમમુખી ઘર અમાસથી શુદિ ૮ સુધી, દક્ષિણાભિમુખી ઘર શુદિ ૯ થી ૧૪ સુધી કરવું નહિ. પણ ચતુર્મુખી દ્વારવાળા ઘરમાં આ તથા બીજા દિગ્દોષો હોતા નથી. રવિ, સોમ, બુધ, ગુરુ અને શુક્રવાર શુભ છે શુભ યોગ શુભ હોય તો મંગળ લેવાનું શિલ્પગ્રન્થો જણાવે છે, તેમજ શનિવારે ઘર પ્રારંભ વિગેરે સ્થિર કાર્ય કરવાનું **શ્રી હેમહંસ** ગણિ ફરમાવે છે.

कर्तुःस्थितिर्नो विधुवास्तुनोर्भे, पुरः स्थिते पृष्ठगते खनिष्यात् ।

અર્થ—ચંદ્ર નક્ષત્ર અને ઘર નક્ષત્ર સન્મુખ હોય તો ઘરધણી તેમાં વસી શકતો નથી, અને પાછળ હોય તો તે ઘરમાં ખાતર પડે છે. માટે આ રીતે તેમાં ખાત કરવું નહિ.” આ નિયમ માત્ર ગૃહસ્થના ઘર માટે છે.

ચંદ્રબળ તથા તારાબળ વિગેરે પણ તપાસવું.

વાસ્તુશાસ્ત્ર ગ્રન્થમાં કહ્યું છે કે–પાશ અને કાળ અધો અને ઉર્ધ્વ દિશામાં વાસ્તુ અને ધ્વજારોપણનાં કાર્ય કરવા નહિ. અર્થાત્–પૂર્ણાતિથિમાં ખાત અને ધ્વજારોપણનો નિષેધ છે. **બ્રહદ જ્યોતિષ સારમાં વૃષચક્રથી** જણાવે છે કે સૂર્ય નક્ષત્રથી ઇષ્ઠિ નક્ષત્ર સુધી ગણવું. જો ઇષ્ટ નક્ષત્ર પહેલા ૩ માં હોય તો લક્ષ્મી, અને ત્યાર પછીના અનુક્રમે ૪માં ઉજડ, ૪ માં સ્થિરતા ૪ માં લક્ષ્મી ૪ માં દરિદ્રતા ૪ માં ધન ૨ માં રોગ, અને ૩ માં મૃત્યુ થાય છે. આ વૃષચક્રના શુભ દિવસે ઘરનો પ્રારંભ કરવો.

ઘરના પ્રારંભમાં શુભ ગ્રહવાળા અને શુભ ગ્રહની દૃષ્ટિવાળા સ્થિર અથવા દ્વિસ્વભાવ રાશિમાં લગ્ન અને ચંદ્ર હોય, તથા દશમા સ્થાનમાં સૌમ્ય ગ્રહો હોય તો શ્રેષ્ઠ છે. ગુરૂ કેન્દ્રમાં હોય, લગ્નમાં સ્વગૃહી ચંદ્ર હોય, જન્મેશ રાશીશ સૂર્ય ચંદ્ર ગુરૂ તથા શુક્ર ઉચ્ચના હોય, સ્વગૃહી હોય, અસ્તના ન હોય, નીચના ન હોય, બળવાન્ હોય, અથવા દરેક ગ્રહો સ્વગૃહી મિત્રગૃહી કે ઉચ્ચ સ્થાનના હોય તો શુભ છે. સૌમ્ય ગ્રહો કેન્દ્ર કે ત્રિકોણમાં હોય, અને ક્રૂરગ્રહો ત્રીજે છઠ્ઠે તથા આઠમે સ્થાને હોય તો તે ગૃહ પ્રારંભ માટે શુભ છે તથા પ્રવે-

શમાં કહેવાશે. તેવી ગ્રહસંસ્થા હોય તો શ્રેષ્ટ છે. ખાંતમાં રવિ અને મંગળ સિવાયના ગ્રહોના નવાંશો શ્રેષ્ટ છે લગ્ન અને ગ્રહના બળથી ઘરનું આયુષ્ય પણ શોધી શકાય છે.

ભૂમિ પરીક્ષામાં જમીનને ખોદતાં હાડકું વિગેરે નીકળે છે તે *શલ્ય કહેવાય છે, તે **શલ્યની** શુદ્ધિ કરીને ઘર કરવું. તે માટે કહ્યું છે કે—

अधः पुरुष मात्रात्तु, न शल्यं दोषदं गृहे ।
जलान्तिकं स्थितं शल्यं प्रासादे दोषदं नृणाम् ॥१॥४०॥

અર્થ—"ઘરમાં પુરૂષ પ્રમાણ ભૂમિ સુધીના ભાગનું શલ્ય દુષ્ટ છે, પરંતુ પ્રાસાદ-મંદિરમાં તો જળ આવે ત્યાં સુધીના નીચેના ભાગમાં રહેલું શલ્ય મનુષ્યને દુઃખ આપનાર છે. અર્થાત્–ઘરમાં પુરૂષ પ્રમાણ અને મંદિરમાં પાણી આવે ત્યાં સુધી પાયો ખોદી શલ્યની શુદ્ધિ કરવી ।।૧।।"

---

* રાફડો, પોલાણ; ફાટ. હાડકું, ખોપરી, વાળ, રાખ વિગેરે શલ્ય કહેવાય છે; તે નીકળે તો નુકશાન કારક છે (શ્રાદ્ધવિધિ) હીન ભૂમિવાળું, ત્રીજા–ચોથા પહોરમાં વૃક્ષ કે ધ્વજાની છાયાવાળું, જિનમંદિરની પાછળ રહેલું, જિનમંદિરની છાયા કે દ્રષ્ટિવાળું, ગામના ઈશાન ખુણામાં રહેલું અન્યાયથી કરેલું, હલકા કાષ્ઠવાળું, વિરૂદ્ધ થાંભલાવાળું, મંદિર કુવો વિગેરેના પત્થર કે કાષ્ઠથી બનાવેલું, પોતાની મેળે ઉઘડતા બારવાળું, યુદ્ધચિત્ર, દેવચિત્ર અને રૂષિના ચિત્રવાળું, દુધ ઝરતા વૃક્ષવાળું, પ્રમાણ વગરનું, ઝાડ, ઘાણી, રેંટીયો, બીજા ઘરનો ખુણો, માર્ગ, ખીલો કોલુ, થાંભલો, અને કૂવો વિગેરેની સામેના બારવાળું, કારીગરો સાથે કપટ રમી કરાવેલું અને બહુ બારણાવાળું ઘર હાનિકારક છે.

સુભૂમિવાળું, ન્યાય દ્રવ્યથી કરેલું, ઉત્તમ પત્થર અને ઉત્તમ કાષ્ટવાળું, જયણાથી ઈંટ ચુનો તૈયાર લઈ તેનાથી કરેલું, પ્રાકાર, રાજમાર્ગ, કે ઘરના બે ખુણાની સામે રહેલ બારણા-વાળું, કારીગરને સતુંષ્ઠ રાખી કરાવેલું, કલશ, વ્રક્ષ, વેલા, ફળ, ફુલ, સરસ્વતી, લક્ષ્મી, નિધાન, વર્ધમાન આઠ મંગળ તથા ચૌદ સ્વપ્નના ચિત્રવાળું, સ્નાત્ર મહોત્સવ, સંઘ ભક્તિ, સુમુહૂર્ત અને શુભ શકુનમાં પ્રવેશ કરાયેલું ઘર શુભ છે.

ધર્મસ્થાનમાં કુવા, વાવ અને રાજમંદિર વિગેરેના કાષ્ઠ વાપરવામાં દોષ નથી. ઘરની જમણી બાજુ અગ્નિ, પાણી, વાયુ, દીવો અને ગાયનું સ્થાન બનાવવું. તથા ડાબી બાજુ ભોજન ધાન્ય, દ્રવ્ય, વાહન, અને દેવભૂમિ બનાવવા. **આરંભ સિદ્ધિ જૈન તત્વાદર્શ)**

ઘરની ઈશાન પૂર્વ પશ્ચિમ કે ઉત્તરમાં કુવો કરે તે શ્રેષ્ઠ છે **શિલ્પ** ૬–૭

ગૃહ આરંભના સ્થાન માટે **ઉદયપ્રભસૂરિ** કહે છે કે—ભાદરવો, આસો તથા કાર્તિક માસ હોય તો ઉત્તર દિશામાં માગશર, પોષ અને મહા માસ હોય તો પૂર્વ દિશામાં, ફાગણ, ચૈત્ર તથા વૈશાખ માસ હોય તો દક્ષિણમાં અને જેઠ, અસાડ કે શ્રાવણ માસ હોય તો પશ્ચિમ દિશામાં ખાત કરવું.

એક હસ્ત લિખિત **બંગાળી પ્રત**માં પણ આજ પ્રમાણે ખાતની દિશા કહેલ છે. (ભારત વર્ષ પ. ૧૨)

વાસ્તુશાસ્ત્રમાં કહ્યું છે કે—વૃષ (વૈશાખ) આદિ ત્રણ ત્રણ સંક્રાન્તિમાં અનુક્રમે વાયવ્ય નૈરૂત્ય, અગ્નિ અને ઇશાન ખુણામાં ખાત તથા શિલા સ્થાપન કરવું. **શીલ્પ** દીપકમાં કહ્યું છે કે–મિથુનાદિ ત્રણ ત્રણ સંક્રાન્તિમાં અનુક્રમે અગ્નિ, નૈરૂત્ય. વાયવ્ય અને ઈશાન ખુણામાં ખાત કરવું, પણ તેજ મકાનને પૂર્વ, દક્ષિણ, ઉત્તર અને પશ્ચિમ દિશામાં ખાત, શિલાસ્થાપન કે બારણું વિગેરે કાંઈ પણ કરવું નહિ, કેમકે—ખાત કુક્ષિમાં કરાય છે, જ્યારે ઉત્તર દિશામાં મુખ હોય છે, માટે તે દિશાનો ત્યાગ કરવો. (શિલ્પ૦ ૧।। ૪૨)

આ પ્રમાણે અન્ય ગ્રન્થોમાં વાસ્તુ વિચાર જણાવેલ છે, પરંતુ ગ્રન્થકાર સૂરિ મહારાજ આવી રીતે સમસ્ત દિનશુદ્ધિ જણાવતા નથી. એટલે કે—આ દરેકમાં માસ તિથિવાર વિગેરેની સામાન્ય દિનશુદ્ધિ તપાસવી, અને નક્ષત્રશુદ્ધિ દરેકમાં જુદી જુદી તપાસવી. આ ઉદ્દેશથી માત્ર ગૃહારંભના શુભ નક્ષત્રોજ જણાવે છે. તેઓ કહે છે કે—ચૈત્યનો પ્રારંભ કરતાં સૂત્રપાતમાં (ખીંટી સ્થાપી દોરી બાંધવામાં) રોહિણી અને ત્રણ ઉત્તરા એ ધ્રુવ નક્ષત્રો મૃગશર, ચિત્રા, અનુરાધા અને રેવતી, એ મૃદુ નક્ષત્રો; તથા હસ્ત, પુષ્ય. ધનિષ્ઠા, શતભીષા અને સ્વાતિ નક્ષત્ર શુભ છે. વળી **શિલા સ્થાપવામાં ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢાઃ ઉત્તરાભાદ્રપદ, રેવતી, રોહિણી, હસ્ત, મૃગશર, અને શ્રવણ નક્ષત્રો શ્રેષ્ઠ છે.**

આ બન્ને કાર્યમાં દુષ્ટ, ચર અને ક્રૂર નક્ષત્રોનો ત્યાગ કરવો. એક સ્થાને નોંધ છે કે ગૃહ પ્રારંભમાં શરણુ પંચક (મકર કે કુંભનો ચંદ્ર હોય ત્યારે ઉત્તરાષાઢા વિગેરે પાંચ નક્ષત્ર)નો ત્યાગ કરવો (હસ્તલિખિત બંગાળી પ્રત B ૫/૧૨) કૃતિકા નક્ષત્ર તો અવશ્ય ત્યજવું. શિલ્પ ગ્રન્થમાં કહ્યું છે કે—

अग्निनक्षत्रगे सूर्ये, चन्द्रे वा संस्थिते यदि ।
निर्मितं मंदिरं नूनं, अग्निना दह्यतेऽचिरात् ॥१॥

અર્થ—"અગ્નિ નક્ષત્રમાં સૂર્ય કે ચંદ્ર હોય તો તે વખતે કરેલું મંદિર અગ્નિ વડે અવશ્ય ટૂંકી મુદતમાં બળે છે ॥૧॥" ખાંતમાં સૂતિ પૃથ્વીનો યોગ હોય તો શ્રેષ્ટ છે.

નવા ઘરના બારણાની સ્થાપના માટે નીચે મુજબ તપાસવું—

ध्वजादिकाः सर्वदिशि ध्वजे सुखं, कार्यं हरौ पूर्वयमोत्तरे तथा ।
प्राच्यां वृषे प्राग्यमयोर्गजेऽथवा, पश्चादुदक्पूर्वयमे द्विजादितः ॥१॥

અર્થ—"ધ્વજ વિગેરે આઠ આયો લાવવા. પછી ધ્વજાય હોય તો સર્વ દિશામાં, સિંહાય હોય તો પૂર્વ દક્ષિણ તથા ઉત્તરમાં, વૃષાય હોય તો પૂર્વ દિશામાં, અને ગજાય હોય ત્યારે પૂર્વ તથા દક્ષિણ દિશામાં બારણું મૂકવું, અથવા બ્રાહ્મણ વિગેરે ચાર જાતિના ઘરમાં અનુક્રમે-પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ દિશાવાળાં બારણાં મુકવાં (શિ. ૬/૩)

અગ્નિ, નૈરૂત્ય, વાયવ્ય અને ઇશાનમાં ખાત કર્યું હોય તે અનુક્રમે * પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં બારણું મુકવું નહિ. તથા દ્વારચક્ર નીચે મુજબ તપાસવું—સૂર્ય નક્ષત્રથી અભિજિત્ નક્ષત્રની ગણનાથી ચંદ્રનક્ષત્ર સુધી ગણવું, અને ચાર ચાર નક્ષત્રનું ફળ તપાસવું. તે ચાર ચાર નક્ષત્રનું ફળ અનુક્રમે-લક્ષ્મી, નેષ્ટ, નેષ્ટ, સુખ, સુખ, મૃત્યુ અને કલહ છે (શિ૦ ૬ ૧૬) આ પ્રમાણે દ્વારચક્ર તપાસી શુભ નક્ષત્ર અને શુભ દિવસે બારણું મૂકવું.

હવે **પ્રવેશ**નાં નક્ષત્રો કહે છે—

सतभिसपुस्सधणिट्ठा, मिगसिरधुवमिउअएहिं सुहवारे ।
ससिगुरुसिए उइए, गिहे पवेसिज्ज पडिमाओ ॥८८॥

અર્થ—શતભિષા, પુષ્ય, ધનિષ્ઠા, મૃગશર, ધ્રુવ અને મૃદુ નક્ષત્રમાં શુભવારે; અને ચંદ્ર ગુરૂ તથા શુક્રનો ઉદય હોય ત્યારે પ્રતિમાનો ઘરમાં પ્રવેશ કરાવવો. ॥ ૮૮ ॥

*** मध्ये न स्थापयेद् द्वारं, गर्भे नैव परित्यजेत् ।**
किञ्चिन्मात्रे च ईशानं, द्वारं स्थापयेद ध्रुवम् ॥शि. ४।२।
कुक्षिद्वारं न कर्तव्यं, पृष्ठद्वारं विवर्जयेत् ।
पृष्ठे चैव भवेद्रोगी, कुलक्षयं विनिर्दिशेत् ॥

ઝાડ, ધાણી, રેંટીયો ઘરનો, ખુણો, શેરીમાર્ગ, ખીલો, ચીચોડો, થાંભલો અને વોફ સામે આવે કે વચમાં રહે તેમ બારણું મૂકવું નહિ. પણ તે વસ્તુ ઉંચાઇથી બમણી જમીન પછીની જમીનમાં દૂર હોય, ભીંતનું આંતરૂં હોય, સામે કિલ્લો કે રાજમાર્ગ હોય, અથવા સામે બે ખુણાની સંધિ થતી હોય તો બારણું મૂકવામાં હરકત નથી. (**શિલ્પદીપક ૩/૧૧**)

વિવેચન—સૂરિ મહારાજ જિનમંદિરમાં પ્રવેશ કરવાની દિનશુદ્ધિ દેખાડે છે. પણ નવું ગામ, નવું ઘર, સુધારેલ ઘર, રાજમહેલ, જિનમંદિર, વિગેરે દરેકમાં પ્રવેશ કરવા માટે એક સરખી દિનશુદ્ધિ જોવાય છે; જે નીચે મુજબ છે—

નવા ગામમાં તો અનુકૂળ રાશિ તથા કાંકણી વિગેરે તપાસી શુભ દિવસમાં પ્રવેશ કરવો તે માટે કહ્યું છે કે–પોતાની જન્મરાશિથી ગામની રાશિ પહેલી ત્રીજી છઠ્ઠી કે સાતમી હોય તો પોતાનું દ્રવ્ય નાશ પામે છે; અને પગલે પગલે પીડા થાય છે. ચોથી આઠમી કે બારમી રાશિ હોય તો દ્રવ્ય જ્યાં પેદા થાય ત્યાંજ ખર્ચાય છે–નાશ પામે છે. બીજી નવમી દસમી કે અગીયારમી હોય તો ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. **(આ. ૩ / ૨૩ ટીકા)**

શિલ્પગ્રન્થમાં કહ્યું છે કે–ગામ અને પોતાના બન્ને વર્ગને પાસે પાસે સ્થાપવા. પહેલાને બમણા કરી બીજા ઉમેરવા, અને આઠથી ભાગ દેવો. શેષ વધે તેટલી કાંકણી પહેલા વર્ગવાળો માગે છે. ઉત્ક્રમે સ્થાપી બીજા વર્ગ માટે પણ આજ રીતે તપાસવું. જેમકે–**વિશ્વનગરમાં ધનંજય** રહેવા ધારે છે. તો ગામનો વર્ગ સાતમો અને મનુષ્યનો વર્ગ પાંચમો છે. સાતને બમણા કરી પાંચ ઉમેરી આઠે ભાગતાં ત્રણ વધે છે. આ રીતે ગામ ધનંજય પાસે ૩ કાંકણી માગે છે. વળી પાંચને બમણા કરી સાત ઉમેરી આઠે ભાગતાં શેષમાં ૧ રહે છે, જેથી મનુષ્ય ગામ પાસે એક કાંકણી માગે છે. આ રીતે ગામ ધનંજય પાસે માગે છે એમ સમજી શકાય છે. બીજી રીતે ૫–૭÷૮=૭.૧+=૦॥, ૭–૫÷૮=૯+=૧॥, આ રીતે પ્રથમ અક્ષરવાળો દેવાદાર મનાય છે; એટલે–પુરૂષ ૧ વસાનો દેવાદાર છે. આ રીતે તપાસીને પ્રવેશની શુદ્ધિ લેવી.

મુહુર્ત ચિંતામણીમાં કહ્યું છે કે–પ્રવેશ માટે ઉત્તરાયણ, મહા, ફાગણ, વૈશાખ, અને જેઠ મહિના શ્રેષ્ટ છે; કાર્તિક તથા માગશર મધ્યમ છે. એક **બિંબ પ્રવેશવિધિ**માં કહ્યું છે કે–મહા માસમાં ગૃહ ચૈત્યમાં બિંબપ્રવેશ કરાવે તો તે અગ્નિનો ભય કરાવે છે, એટલે તે અશુભ છે; પણ શ્રાવણમાં બિંબપ્રવેશ રૂડો જાણવો.

તિથિઓમાં—૧–૨–૩–૭–૧૧ શુભ છે પ્રયાણથી નવમી તિથિ, વૃદ્ધિ તિથિ, હાનિતિથિ, રિક્તાતિથિ, દગ્ધાતિથિ, ક્રૂરતિથિ, આઠમ અને અમાસ વર્જ્ય છે છઠ્ઠ અને બારશ ધ્રુવ કાર્યમાં શ્રેષ્ઠ છે, પણ નોમનો તો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. વારમાં–સોમ ગુરૂ અને શુક્ર શુભ છે, બુધ અને શનિ મધ્યમ છે, રવિ અને મંગળવાર અશુભ છે, કેમકે તેમાં પ્રવેશ કરવાથી રોગ અને પ્રકોપ થાય છે, જો કે શનિવાર ક્રૂર છે, પણ ઘરના કાર્યમાં તે શુભ છે. પ્રયાણના વારથી નવમોવાર પણ ત્યાજ્ય કહેલો છે.

નક્ષત્ર માટે ગ્રન્થકાર સૂરિ મહારાજ પોતે કહે છે કે–જિન પ્રતિમાના પ્રવેશનાં શુભ નક્ષત્રો–રોહિણી, મૃગશર, * પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, ચિત્રા (સ્વાતિ), અનુરાધા, ઉત્તરાષાઢા, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્રપદ અને રેવતી છે. **ઉદયપ્રભસૂરિ** તો આ દરેક નક્ષત્રોને તથા સ્વાતિને **પ્રવેશનક્ષત્ર** તરીકે ઓળખાવે છે. અન્યસ્થાને પ્રવેશ નક્ષત્રમાં ચિત્રા સ્વાતિ અને શતભિષાનો સ્વીકાર કર્યો નથી. તે માટે કહ્યું છે કે—

ऋते चित्रां ध्रुवे मैत्रे, धनिष्ठापुष्ययोः शुभः ।
प्रवेशः सितेन्दुगुरौ, स्वस्य जिनबिम्बस्यच ॥१॥

અર્થ—"ચિત્રા વર્જીને ધ્રુવ, મૈત્ર (મૃદુ) ધનિષ્ઠા અને પુષ્ય નક્ષત્રમાં; તથા શુક્ર સોમ અને ગુરૂવારે પોતાનો તથા જિનબિંબનો પ્રવેશ કરાવવો તે શુભ છે. ॥૧॥" બિંબપ્રવેશ નક્ષત્રોમાં ઘરમાં પણ પ્રવેશ કરી શકાય છે. દૈવજ્ઞવલ્લભકારે દારૂણ, ઉગ્ર, મિશ્ર, ચર અને શિપ્ર નક્ષત્રમાં રાજાને પ્રવેશનો નિષેધ કરેલ છે. તે માટે કહેલ છે કે....

विशाखासु राज्ञी च तीक्ष्णेषु पुत्रः, प्रणाशं प्रयात्युग्रभेषु क्षितीशः ।
गृहं दह्यते वह्निना वह्नि धिष्ण्ये, चरैः क्षिप्रधिष्ण्यैश्च भूयोऽपि यात्रा ॥१॥

અર્થ—"વિશાખામાં ગૃહ પ્રવેશ કરવાથી રાણીનો નાશ થાય, તીક્ષ્ણમાં પુત્રનો નાશ થાય, ઉગ્રમાં રાજા મૃત્યુ પામે, **કૃતિકા**માં પ્રવેશ કરવાથી અગ્નિ વડે ઘર બળે; અને ચર તથા ક્ષિપ્ર નક્ષત્રમાં ફરીવાર યાત્રા કરવી પડે છે. ॥ ૧ ॥"

લલ્લ કહે છે કે—જે નક્ષત્રમાં કોઈ ગ્રહ ન હોય તે નક્ષત્ર પ્રવેશમાં વખાણવા લાયક છે, પણ રવિ, મંગળ અને શનિ ગ્રહવાળું નક્ષત્ર તો સર્વથા વર્જ્ય છે.

ઉદયપ્રભસૂરિ કહે છે કે—

विधाय वामतः सूर्यं, पूर्णकुम्भपुरस्सरः ।
गृहं यद्दिङ्मुखं तद्दिग्–द्वारधिष्ण्ये विशेषतः ॥१॥

અર્થ—સૂર્યને ડાબો રાખીને પૂર્ણ કુંભ સહિત જે દિશાના મુખવાળું ઘર હોય તે દિશાના દ્વારવાળા નક્ષત્રમાં પ્રવેશ કરવો તે વિશેષ શુભ છે ॥૧॥" **મુહુર્ત ચિંતામણિની**

---

* મૂળ પાઠમાં મૃદુ નક્ષત્રથી મૃગશરનું ગ્રહણ થાય છે, છતાં બીજીવાર મૃગશર નક્ષત્ર લખ્યું છે તે કેમ લખાયું છે તે સમજી શકાતું નથી. કદાચ પ્રવેશ કાર્યમાં મૃગશરની વિશિષ્ટતા દેખાડવી હોય, અથવા સ્વાતિને સ્થાને લેખન દોષથી મૃગશર લખાઈ ગયું હોય એમ માત્ર સંભવે છે.

ટીકામાં કહ્યું છે કે—નિર્ગમનથી નવમા નક્ષત્રમાં, નવમા માસમાં, નવમાં વર્ષમાં અને કુંભ ચક્રના વર્જ્ય નક્ષત્રોમાં પ્રવેશ કરવો નહિ. **ભાસ્કર** કહે છે કે —નવી વહુને રાત્રે અને વિવાહના નક્ષત્રમાં પ્રવેશ કરાવવો. **રત્નમાળા**માં કહ્યું છે કે—સ્ત્રીને સૂતિકા ઘરમાં અભિજિત્ અને શ્રવણની વચ્ચે પ્રવેશ કરાવવો. **લલ્લ** કહે છે કે—

स्वनक्षत्रे स्वलग्ने वा, स्वमुहूर्ते स्वके तिथौ ।
ग्रहप्रवेशमाङ्गल्यं, सर्वमेतत्तु कारयेत् ॥ १ ॥

અર્થ—"પોતાના જન્મ નક્ષત્રમાં, પોતાના લગ્નમાં, પોતાના મુહૂર્તમાં અને પોતાની તિથિમાં ગૃહ પ્રવેશ તથા સર્વ માંગલિક કાર્ય કરાવવાં ।।૧।।"

પ્રવેશમાં ચોથનું ઘર, ગંડાંત, અસ્થિર, મૃત્યુ, પંચક એકાર્ગલ અને વિષ્કંભ વિગેરે વિરૂદ્ધ યોગો; તથા વિવાહોક્ત (૨૧) દોષોનો ત્યાગ કરવો. વળી મંગળવાર સાથે અશ્વિની નક્ષત્રનો **સિદ્ધિયોગ** થાય છે, તેનો પણ ત્યાગ કરવો. અને કુમાર વિગેરે શુભ યોગોને ગ્રહણ કરવા. અનુકુળ ચંદ્ર અને તારા લેવા. જન્મ આધાન ચોથી, છઠ્ઠી અને નવમી **તારા** પ્રવેશમાં અત્યંત શુભ છે ગ્રન્થકાર સુરિ મહરાજ કહે છે કે—પ્રવેશમાં **ગુરૂ** તથા શુક્રનો ઉદય હોવો જોઈએ. આ ઉપરથી તેની બાળ અને વૃદ્ધદશાના દિવસોની શુદ્ધિ પણ વિચારવી, પરંતુ જુનું કે બળેલું ઘર નવું કર્યું હોય અને તેમાં પ્રવેશ કરવો તો અસ્ત વિગેરેનો વિચાર કરવો નહિ એમ **શિલ્પદીપક**માં કહ્યું છે. ચંદ્રાસ્તનો કાળ પણ વર્જ્ય છે.

ઉદયપ્રભસૂરિ કહે છે કે—પ્રવેશમાં જન્મ લગ્ન, જન્મ રાશિનું લગ્ન, જન્મ લગ્નથી ઉપચય (૩–૬–૧૦–૧૧) સ્થાનનું લગ્ન, જન્મ રાશિથી ઉપચય સ્થાનનું લગ્ન અને સ્થિર લગ્ન શુભ છે. તે દરેકના નવાંશો પણ શુભ છે. વૃષ અને કુંભ લગ્ન વિશેષ શ્રેષ્ઠ છે, અને અતિ આવશ્યક કાર્ય હોય તો દ્વિભાવ લગ્ન તથા દ્વિસ્વભાવ લગ્નના નવાંશ પણ શુભ છે. પરંતુ પ્રવેશમાં ચર લગ્નનો સર્વથા ત્યાગ કરવો. **લલ્લ** કહે છે કે—ચર લગ્નમાં નવાંશમાં પ્રવેશ કરવાથી અનુક્રમે ફરી પ્રવાસ, મૃત્યુ, રોગ અને ધનનો નાશ થાય છે. પ્રવેશની ગ્રહ સ્થાપના માટે **જ્યોતિસાર**માં કહ્યું છે કે—

किंदट्ठमंतिकूरा, असुहा तिइगारहा सुहा सव्वे ।
कूरा बीआ असुहा, सेससमा गिहपवेसे अ ॥१॥

અર્થ—"ગૃહ પ્રવેશ કરવામાં કેન્દ્ર, આઠમું અને અંત્ય સ્થાને રહેલ ક્રૂર ગ્રહો અશુભ છે, અને ત્રીજે અને અગીયારમે સ્થાને રહેલા સર્વ ગ્રહો શુભ છે, બીજે ભુવને રહેલ ક્રૂર ગ્રહો અશુભ છે અને બાકીના ભુવનમાં રહેલા ગ્રહો મધ્યમ છે. ।।૧।।"

ગ્રહો	અતિ ઉત્તમ	ઉત્તમ	મધ્યમ	અધમ
સૌમ્ય	૩–૧૧	કેન્દ્ર ત્રિકોણ	૫–૯	૦
ક્રૂર	૩–૧૧	૬	૨–૬–૮–૧૨	૧–૨–૪–૭–૮–૧૦–૧૨

પ્રવેશ કરનારને જોગણી ડાબી હોય, રાહુ જમણો કે પાછળ હોય, શિવ જમણો કે પાછળ હોય, રવિ ડાબો કે પાછળ હોય, કાળ જમણો હોય અને વત્સ જમણો કે ડાબો હોય તો તે અત્યંત હિતકારક છે. ચંદ્ર પછવાડે હોય તો અશુભ છે, પણ ગૃહસ્થના ઘરમાં સન્મુખનો ચંદ્ર પણ અશુભ છે અહીં **ચંદ્ર** અને **વાસ્તુ ચંદ્ર** એમ બંનેનો સ્વીકાર થાય છે. **ત્રિવિક્રમ** કહે છે કે—યાત્રા કે પ્રવેશમાં શુક્ર અને બુધ સન્મુખ કે જમણા રહ્યા હોય તો અશુભ છે. સ્વાભાવિક પોતાના ગામમાં કે પોતાના ઘરમાં પ્રવેશ કરવો હોય કે નવી વહુને તેડી લાવવી હોય તો સન્મુખ શુક્ર અશુભ નથી.

સન્મુખ વત્સનો ત્યાગ કરવો અને તેમ ન બની શકે એમ હોય તો પૂર્વોક્ત વત્સ દિશાના સાત ભાગ પૈકીના ચોથા ભાગના વત્સનો ત્યાગજ કરવો. **શિલ્પદીપકમાં** કહ્યુ છે કે ચાર મુખવાળા ઘર માટે આ વિચાર કરવો જ નહિ આ રીતે દિક્શૂળ વિગેરેની પણ યથાનુકુળ શુદ્ધિ તપાસવી.

મુહુર્ત ચિંતામણિમાં કહ્યું છે કે—એક દિવસ એક નગરમાંથી નીકળી અન્ય દિવસે અન્ય નગરમાં જવું હોય તો વિચાર કરીને આ સર્વ બાબતમાં તપાસ કરવી. પરંતુ રાજા એક દિવસ એક નગરમાંથી નીકળી તેજ દિવસે બીજા નગરમાં પ્રવેશ કરે તો નક્ષત્રશૂળ વારશૂળ પ્રતિશુક્ર યોગિની અસ્ત વિગેરે તપાસવાં નહિ. અને નિકળવાનું મુહુર્ત પણ જોવું નહી. માત્ર યથાવકાશ પંચાંગશુદ્ધિથી પ્રવેશ મુહુર્ત જોઈ પ્રવેશ કરવો.

ઉદયપ્રભસૂરિ કહે છે કે—દિવસના પૂર્વ ભાગે એટલે ચડતા પહોરમાં પ્રવેશ કરવો અને **નારચંદ્ર ટીપ્પણ**માં કહ્યું છે કે—શરીરની છાયાનું માપ લઇ છાયા લગ્નમાં પ્રવેશ કરવો જેમાં બીજી શુદ્ધિની આવશ્યકતા રહેતી નથી. તે આ પ્રમાણે

न लग्नं न ग्रहबलं, न चन्द्रो तारकाबलम् ।
विषमास्तु शुभाः पादाः, समाः पादा न तु शुभाः ॥१॥

અર્થ—"લગ્ન, ગ્રહબળ, ચંદ્ર કે તારાબળ તપાસવાં નહિં; પણ એકી પગલાં શુભ છે, અને બેકી પગલાં અશુભ છે. ॥૧॥"

શિલ્પ ગ્રન્થમાં કહ્યું છે કે—સૃષ્ટિમાર્ગ, સંહારમાર્ગ, પ્રતિકાયિક, હીનબાહુ, ઉત્સંગ અને પૂર્વબાહુ વિગેરે પ્રવેશના ભેદો તપાસી કુંભચક્રના નક્ષત્રમાં પૂર્ણકુંભ સહિત ઘરમાં પ્રવેશ કરવો. કુંભચક્રના નક્ષત્રો આ પ્રમાણે છે-(મુ. ચિ. ૧૩/૬)–સૂર્ય નક્ષત્રથી પ્રવેશ દિવસના ચંદ્ર નક્ષત્ર સુધી ગણવું: જો પ્રવેશ નક્ષત્ર પહેલું હોય તો અગ્નિદાહ થાય છે. ૨–૩–૪ અને ૫ મું હોય તો શૂન્ય ઘર થાય છે, ૬–૭–૮ અને ૯ મું હોય તો લાભ થાય છે, ૧૦–૧૧–૧૨ અને ૧૩ મું હોય તો ધનલાભ થાય છે, ૧૪–૧૫–૧૬ અને ૧૭ મું હોય તો કલહ થાય છે, ૧૮–૧૯–૨૦ અને ૨૧ મું હોય તો ઘરના ગર્ભનો વિનાશ થાય છે, તથા ૨૨–૨૩–૨૪–૨૫–૨૬ અને ૨૭ મું હોય તો સ્થિરતા થાય છે, એટલે રવિ નક્ષત્રથી પ્રથમના પાંચ નક્ષત્રો અશુભ છે. અને પછીના આઠ શુભ છે આઠ અશુભ છે તથા છ નક્ષત્ર શુભ છે, કુલ ચૌદ નક્ષત્રો સારા છે.

કુંભમાં નક્ષત્રસ્થાપના અને ફળ.

સ્થાન	મુખે	પૂર્વે	દક્ષિણે	પશ્ચિમે	ઉત્તરે	ગર્ભે	તળીએ	કંઠે
નક્ષત્રો	૧	૪	૪	૪	૪	૪	૩	૩
ફળ	અગ્નિ દાહ	વાસ શુન્ય	લાભ	ધન લાભ	કલહ	ગર્ભ-નાશ	સ્થિરતા	સ્થિરતા

शुद्धाम्बुरन्ध्रे विजनुभमृत्यौ व्यर्कार रिक्ताचरदर्शचैत्रे (शि. ६॥२०॥)

અર્થ—"ચોથું અને આઠમું સ્થાન શુદ્ધ હોય આઠમા ભુવનમાં જન્મ નક્ષત્ર ન હોય તથા રવિ, મંગળ, રિકતા, ચરલગ્ન, અમાસ અને ચૈત્ર ન હોય તો કુંભસ્થાપના શુભ છે."

पुर्णे तिथौ प्राग्वदने गृहे शुभैः, नन्दादिके याम्यजलोत्तरागमे । (शि. ६।२१)

અર્થ—"પૂર્વમુખી ઘરમાં પૂર્ણા તિથિ હોય અને દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તર દિશામાં અનુક્રમે નંદાદિ તિથિઓ હોય અને શુભ યોગો હોય તો શ્રેષ્ઠ છે."

હવે નક્ષત્રના મુખો અને ધ્વજારોપણના નક્ષત્રો કહે છે–

तिपुव्वमूलभरणी विसाहा, सेसा महा कित्ति अहोमुहाइं ।

रेवस्सिणी हत्थपुणाणुचित्ता, जिट्ठा मिगं साइ तिरिच्छगा य ॥८९॥

तिउत्तरदा सवणत्तिअं च, उड्ढमुहो रोहिणि पुस्सजुत्ता ।

भूमीहहराई गमणागमाई, धयावरोपाइ कमेण कुज्जा ॥९०॥

અર્થ— ત્રણ પૂર્વા, મૂળ, ભરણી, વિશાખા, અશ્લેષા, મઘા અને કૃત્તિકા નક્ષત્રો અધોમુખ છે. રેવતી, અશ્વિની, હસ્ત, પુનર્વસુ, અનુરાધા, ચિત્રા, જ્યેષ્ઠા મૃગશર અને સ્વાતિ નક્ષત્રો તીરછા છે. ॥૮૯॥ તથા ત્રણ ઉત્તરા, આર્દ્રા, શ્રવણ-ત્રિક, રોહિણી અને પુષ્ય નક્ષત્રો ઉર્ધ્વમુખ છે. તેઓમાં અનુક્રમે–ભૂમિઘર વિગેરે ગમનાગમન વિગેરે, અને ધ્વજારોપણ વિગેરે કાર્યો કરવા લાયક છે.

વિવેચન—દોઢ ગાથાનો અર્થ સુગમ છે. બીજી ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું છે કે— **અધોમુખ** નક્ષત્રમાં ભૂમિઘર વિગેરે કાર્ય કરવાં જોઇએ. અર્થાત્–જે કાર્ય કરતા નીચું મુખ-રાખવું પડે તે—ખાત, શિલાસ્થાપન, ખોદવું, ધૃત, ગુફામાં પ્રવેશ, ધાતુકર્મ, યુદ્ધ, અને ગણિતનું અધ્યયન વિગેરે કાર્યોમાં નીચા મુખવાળા નક્ષત્રો શ્રેષ્ઠ છે **તિરછાનક્ષત્ર**માં–ગમન પ્રવેશ વિગેરે કાર્ય કરવા જોઇએ. અર્થાત્–જેમાં સન્મુખ દ્રષ્ટિ રાખવી પડે તે યાત્રા, ખેતી, પશુદમન, વ્યાપાર, સંધિ, વહાણ, વાહન પ્રવેશ વિગેરે કાર્યોમાં તિર્યગ્મુખી નક્ષત્રો શ્રેષ્ઠ છે. **ઉર્ધ્વમુખનક્ષત્ર**માં—ધ્વજારોપણ વિગેરે કાર્યો કરવાં. આદિ શબ્દ ઉપરથી ધ્વજારોપણ, કલશા-રોપણ, દંડુ સ્થાપવું, છત્ર, અભિષેક, દુર્ગ, પ્રાકાર, તોરણ, વિગેરે ઉંચું મુખ રાખીને કરાતાં કાર્યો ઉર્ધ્વમુખવાળા નક્ષત્રમાં કરવાં. મૂળ ગાથામાં કહેલ ભુમિઘર અને પ્રયાણ પ્રવેશ સંબંધી મુહૂર્તો કહેવાઇ ગયાં છે, છતાં પણ અહીં અધોમુખ વિગેરે સંજ્ઞાઓ વડે નક્ષત્રોના યથાર્થ કાર્યોની માત્ર દિશા દેખાડી છે ધ્વજારોપણ સંબંધે નક્ષત્ર વિગેરે અહીં દર્શાવેલ નથી, પણ પ્રતિષ્ઠાની પેઠે ધ્વજારોપણ અને કલશસ્થાપનમાં સંપૂર્ણ શુદ્ધિની અપેક્ષા રહે છે, અને તેનો સંબંધ પ્રતિષ્ઠા સાથેજ હોય છે, તેથી તેનો અલગ વિચાર કરેલ નથી. તો પણ ધ્વજારોપણના સામાન્ય દિવસો જોઇએ તો ઊર્ધ્વ મુખ નક્ષત્રોમાંથી શુભ નક્ષત્રો તથા શુભ તિથિવાર યોગો અને ઉર્ધ્વ ધ્રુવચક્ર તપાસી દિવસ ગ્રહણ કરવો. વાસ્તુશાસ્ત્ર વિદ્વાનો કહે છે કે કાળપાશ અને યોગિની ઉર્ધ્વ દિશામાં હોય ત્યારે ધ્વજારોપણનું કાર્ય કરવું નહિ.

હવે **ષડાષ્ટકાદિ** દ્વાર કહે છે—

छट्ठट्ठमत्तं तह रिक्खजोणी, वग्गट्ठ नाडीगयरिक्खभावं ।
विसोवगा देवगणाइ एवं, सव्वं गणिज्जा पडिमाभिहाणे ॥९१॥

અર્થ—ષડાષ્ટકત્વ, નક્ષત્રયોનિ, વર્ગાષ્ટક, નાડિગત નક્ષત્રભાવ, વિંશોપક અને દેવગણાદિક; એ સર્વ પ્રતિમાનું નામપાડવામાં ગ્રહણ કરવાં ॥૯૧॥

વિવેચન—અંજનશલાકા અને જિનસ્થાપના કરનાર પુરૂષે કયા જિનેશ્વરની પ્રતિષ્ઠા કરાવવી ? તે તપાસવામાં **ષડાષ્ટકાદિ** જોવાય છે. તેથી સૂરિ મહારાજ કહે છે કે—પ્રતિમાનું નામ પાડવું હોય ત્યારે પ્રતિમાના નામમાં અને પ્રતિષ્ઠાપક ગૃહસ્થના નામમાં ષડાષ્ટક, નક્ષત્ર યોનિ આઠ વર્ગ નાડીનક્ષત્ર, લેણા–દેણી, અને નક્ષત્રના દેવાદિક ગણો; એ છ રીતનો વિચાર કરવો.

જિનેશ્વરના નામમાં આ છ પ્રકારનું જ બળ જોવાય છે પણ ગુરૂ–શિષ્ય, વર–કન્યા, મા–બાપ–પુત્ર વિગેરે સાધક–સાધ્યમાં તો વિશેષ બળો પણ જોવાય છે અને તે નીચે પ્રમાણે છે. *

वर्णो गणो युजिवश्यं, भयोनिराशिमेलता ।
ग्रहमैत्रीनाडिवेधौ, दम्पत्योः प्रीतिरष्टधा ॥१॥

અર્થ—"વર્ણ, ગણ, યુજિ, વશ્ય, નક્ષત્રયોનિ, રાશિમેળ, ગ્રહમૈત્રી અને નાડીવેધ; એમ આઠ રીતિથી દંપતીની પ્રીતિ હોય છે ॥૧॥" **ગર્ગાચાર્ય** તો કહે છે કે—

राशि-ग्रहमैत्री-गण-योनि-तारै-कनाथना-वश्यम् ।
स्त्रीदूर-नाडियुति-वर्ग-लभ्य-वर्ण-युजयो-द्वयेम्यपूज्याः ॥१॥

અર્થ—"ગુરુ–શિષ્ય, વર–વધૂ વિગેરે દ્વન્દ્વોમાં ૧ રાશિ, ૨ ગ્રહમૈત્રી, ૩ ગણ, ૪ યોનિ, ૫ તારા, ૬ એક નાથપણું, ૭ વશ્યતા, ૮ સ્ત્રી દૂર, ૯ નાડિવેધ, ૧૦ વર્ગ, ૧૧ લેણાદેણી, ૧૨ વર્ણ અને ૧૩ યુજીનો વિચાર કરવો ॥૧॥"

---

* **१ योनिनाडिगणः वश्यं विश्वा मैत्री स्वभावजा ।**
तारा वर्णविशुद्धिश्च, प्रीतिरष्टविधा स्मृता ॥ ३०२॥
गणऋक्षतारकाराशि वर्गनाडि विंशोपकैः ।
सद्वादशश्च तथा चिन्त्या, नामादौ धारणागतिः ॥३०३॥
वर्णो गणो० ॥ (नारचंद टीप्पनक) ॥
योनि १ गण २ राशिभेदाः ३ लभ्यं ४ वर्गश्च ५ नाडिवेधश्च ६ ।
नूतनबिम्बविधाने, षड्विधमेतद् विलोक्यं ज्ञै ॥१॥

આ રાશિકૂટાદિ નામ, નક્ષત્ર અને રાશિ ઉપરથી જોવાય છે. જિનેશ્વરોનાં નામ જન્મ અને જન્મરાશિ વિગેરે નીચે પ્રમાણે છે.

૧-વર્તમાન ચોવીશીના **જિનેશ્વરોનાં** નામ અનુક્રમે ૧ ઋષભદેવ, ૨ અજિતનાથ, ૩ સંભવનાથ, ૪ અભિનંદન સ્વામી, ૫ સુમતિનાથ, ૬ પદ્મપ્રભ, ૭ સુપાર્શ્વનાથ, ૮ ચંદ્રપ્રભ, ૯ સુવિધિનાથ, ૧૦ શીતલનાથ, ૧૧ શ્રેયાંસનાથ, ૧૨ વાસુપૂજ્ય સ્વામી, ૧૩ વિમળનાથ, ૧૪ અનંતનાથ, ૧૫ ધર્મનાથ, ૧૬ શાંતિનાથ, ૧૭ કુંથુનાથ, ૧૮ અરનાથ, ૧૯ મલ્લિનાથ, ૨૦ મુનિસુવ્રત સ્વામી, ૨૧ નમિનાથ, ૨૨ નેમિનાથ, ૨૩ પાર્શ્વનાથ, અને ૨૪ વર્ધમાન-સ્વામી છે. વર્ધમાન સ્વામીનું બીજું નામ મહાવીર સ્વામી પણ છે, જેનાથી વર્ગનો તફાવત પડે છે.

૨–ચોવીશ જિનેશ્વરનાં જન્મ નક્ષત્રો અનુક્રમે-૧ ઉત્તરાષાઢા, ૨ રોહિણી, ૩ મૃગશર, ૪ પુનર્વસું, ૫ મઘા, ૬ ચિત્રા, ૭ વિશાખા, ૮ અનુરાધા, ૯ મૂળ, ૧૦ પૂર્વાષાઢા, ૧૧ શ્રવણ, ૧૨ શતભિષા, ૧૩ ઉત્તરાભાદ્રપદ, ૧૪ રેવતી, ૧૫ પુષ્ય, ૧૬ અશ્વિની, ૧૭ કૃત્તિકા, ૧૮ રેવતી, ૧૯ અશ્વની, ૨૦ શ્રવણ, ૨૧ અશ્વિની, ૨૨ ચિત્રા, ૨૩ વિશાખા અને ૨૪ ઉત્તરાફાલ્ગુની છે.

૩–ચોવીશ જિનેશ્વરની જન્મરાશિઓ અનુક્રમે-૧ ધન, ૨ વૃષભ, ૩ મિથુન, ૪ મિથુન ૫ સિંહ ૬ કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક, ૯ ધન, ૧૦ ધન, ૧૧ મકર, ૧૨ કુંભ, ૧૩ મીન, ૧૪ મીન, ૧૫ કર્ક, ૧૬ મેષ, ૧૭ વૃષભ, ૧૮ મીન ૧૯ મેષ, ૨૦ મકર, ૨૧ મેષ, ૨૨ કન્યા ૨૩ તુલા અને ૨૪ કન્યા છે.

બાકી-નામ ઉપરથી ગણ યોનિ, નાડી, વર્ગ વિગેરે જોઇ લેવું. જિનેશ્વરોને **ઘાતચંદ્ર** વિગેરે હોતું નથી, છતાં પણ જાણવા ઇચ્છા થાય તો ચંદ્રદ્વારમાંના **ઘાતચક્ર** ઉપરથી જાણી લેવું.

પ્રથમ બે ગાથાથી **રાશિકૂટ** કહે છે.

विसमा अट्ठमे पीई, समाउ अट्ठमे रिउ ।
सत्तुछट्ठट्ठमं नाम-रासीहिं परिवज्जए ॥९२॥
बीयबारसंमि वज्जे नवपंचमगं तहा ।
सेसेसु पीई निद्दिट्ठा जइ दुच्चागहमुत्तमा ॥९३॥

અર્થ—વિષમ રાશિથી આઠમી રાશિમાં પ્રીતિ હોય છે, અને સમ રાશિથી આઠમી રાશિમાં શત્રુતા હોય છે; નામરાશિથી તે શત્રુષડાષ્ટકનો ત્યાગ કરવો ॥૯૨॥ બીયા-બારસું અને નવ-પંચમ પણ વર્જવું. શેષ રાશિઓમાં પ્રીતિ

જિન રાશિ ચક્ર.

નામ	લાંછન	નક્ષત્ર	રાશિ	યોનિ	વર્ગ	નાડી	ગણુ
૧ ઋષભદેવ	વૃષભ	ઉ. ષા.	ધન	નકુલ	ગરૂડ	અંત્ય	મનુ.
૨ અજિતનાથ	હાથી	રોહિણી	વૃષ	સાપ	ગરૂડ	અંત્ય	મનુ.
૩ સંભવનાથ	ઘોડો	મૃગ.	મિથુ.	સાપ	મેષ	મધ્ય	દેવ
૪ અભિનંદન	વાંદરો	પુન.	મિથુ.	માંજાર	ગરૂડ	આદ્ય	દેવ
૫ સુમતિનાથ	ક્રૌંચ	મઘા	સિંહ	ઉંદર	મેષ	અંત્ય	રાક્ષસ
૬ પદ્મપ્રભ	કમળ	ચિત્રા	કન્યા	વાઘ	ઉંદર	મધ્ય	રાક્ષસ
૭ સુપાર્શ્વનાથ	સ્વસ્તિક	વિશા	તુલા	વાઘ	મેષ	અંત્ય	રાક્ષસ
૮ ચંદ્રપ્રભ	ચંદ્ર	અનુ	વૃશ્ચિ.	હરણ	સિંહ	મધ્ય	દેવ
૯ સુવિધિનાથ	માછલું	મૂળ	ધન	કૂતરો	મેષ	આદ્ય	રાક્ષસ
૧૦ શીતળનાથ	વત્સ	પૂ. ષા.	ધન	વાંદર	મેષ	મધ્ય	મનુ.
૧૧ શ્રેયાંસનાથ	ગેંડો	શ્રવ	મકર	વાંદર	મેષ	અંત્ય	દેવ
૧૨ વાસુપૂજ્ય	પાડો	શત.	કુંભ	ઘોડો	મૃગ	આદ્ય	રાક્ષસ
૧૩ વિમળનાથ	વરાહ	ઉ. ભા	મીન	ગાય	મૃગ	મધ્ય	મનુ.
૧૪ અનંતનાથ	સિચાણો	રેવ	મીન	હાથી	ગરૂડ	અંત્ય	દેવ
૧૫ ધર્મનાથ	વજ્ર	પુષ્પ	કર્ક	બકરો	સાપ	મધ્ય	દેવ
૧૬ શાંતિનાથ	હરણ	અશ્વિની	મેષ	ઘોડો	મેષ	આદ્ય	દેવ
૧૭ કુંથુનાથ	બકરો	કૃત્તિ	વૃષ	બકરો	માંજાર	અંત્ય	રાક્ષસ
૧૮ અરનાથ	નંદાવર્ત	રેવ.	મીન	હાથી	ગરૂડ	અંત્ય	દેવ
૧૯ મલ્લિનાથ	કળશ	અશ્વિ	મેષ	ઘોડો	ઉંદર	આદ્ય	દેવ
૨૦ મુનિસુવ્રત	કાચબો	શ્રવણ	મકર	વાંદરો	ઉંદર	અંત્ય	દેવ
૨૧ નમિનાથ	કમળ	અશ્વિની	મેષ	ઘોડો	સાપ	આદ્ય	દેવ
૨૨ નેમિનાથ	શંખ	ચિત્રા	કન્યા	વાઘ	સાપ	મધ્ય	રાક્ષસ
૨૩ પાર્શ્વનાથ	સર્પ	વિશા.	તુલા	વાઘ	ઉંદર	અંત્ય	રાક્ષસ
૨૪ મહાવીરસ્વામી	સિંહ	ઉ. ફા.	કન્યા	વૃષભ	મૃ.+ઉ.	આદ્ય	મનુ.

નામ	વર્ણ.	તારા.	હંસ	અશુભ રાશિઓ
૧ ઋષભદેવ	ક્ષ.	૨૧	અગ્નિ	વૃ. વૃ. મ.
૨ અજિતનાથ	વૈ.	૪	ભૂ	મે. મી. ધન
૩ સંભવનાથ	શુ.	૫	વાત	વૃષ કર્ક વૃ.
૪ અભિનંદન	શુ.	૭	વાત	વૃ. કન્યા વૃ. ધ.
૫ સુમતિનાથ	ક્ષ.	૧૦	અગ્નિ	વૃષ કર્ક
૬ પદ્મપ્રભ	વૈ.	૧૪	ભૂ	મે. કર્ક તુલા
૭ સુપાર્શ્વનાથ	શુ	૧૬	વાત	સિંહ, કન્યા તુ. વૃશ્ચિ.મ.
૮ ચંદ્રપ્રભ	ક્ષ.	૧૭	અગ્નિ	મે. મિ. સિં કન્યા તુ.
૯ સુવિધિનાથ	ક્ષ	૯	અગ્નિ	વૃશ્ચિક મકર
૧૦ શીતળનાથ	ક્ષ	૨૦	અગ્નિ	વૃષ વૃ. મ.
૧૧ શ્રેયાંસનાથ	ક્ષ.	૨૦	અગ્નિ	મિ. ધ. કું.
૧૨ વાસુપૂજ્ય	શુ.	૨૪	વાયુ	મકર મીન
૧૩ વિમળનાથ	બ્રા.	૨૬	જળ	મેષ તુલા કુંભ
૧૪ અનંતનાથ	બ્રા.	૨૭	જળ	મેષ તુલા કુંભ
૧૫ ધર્મનાથ	બ્રા.	૮	જળ	મે. વૃષ મિ. સિં મીન
૧૬ શાંતિનાથ	ક્ષ.	૨	અગ્નિ	વૃષ કન્યા મીન
૧૭ કુંથુનાથ	વૈ.	૩	ભૂ	મેષ મિથુન ધન
૧૮ અરનાથ	બ્રા.	૨૭	જળ	મેષ તુલા કુંભ
૧૯ મલ્લિનાથ	ક્ષ.	૧	અગ્નિ	વૃષ તુલા મીન
૨૦ મુનિસુવ્રત	વૈ.	૨૧	ભૂ	સિંહ ધન કુંભ
૨૧ નમિનાથ	ક્ષ.	૧	અગ્નિ	વૃષ કન્યા મીન
૨૨ નેમિનાથ	વૈ.	૧૪	ભૂ	મે. સિં તુ. કુંભ
૨૩ પાર્શ્વનાથ	શુ.	૧૬	વાત	વૃષ કન્યા વૃ.
૨૪ મહાવીરસ્વામી	વૈ.	૧૨	ભૂ	મે. સિંહ તુલા

સ્થાપક રાશિકૂટ ચક્ર

સ્થાપકરાશિ	મેષ	વૃષ.	મિથુન	કર્ક	સિંહ	કન્યા	તુલા	વૃ.	ધન	મકર	કુંભ	મીન	ફળ
એક રાશિ	૧૬ ૧૯ ૨૧	૨ ૧૭	૩ ૪	૧૫	૫	૬ ૨૨ ૨૪	૭ ૨૩	૮	૧ ૯ ૧૦	૧૧ ૨૦	૧૨	૧૩ ૧૪ ૧૮	શુભ
બે બારૂ ૨+૧૨	૧૩ ૧૪ ૧૮	૩ ૪	૨ ૧૨	+ ૧૫	૧૫	૭ ૨૩	૬ ૨૨ ૨૪	૧ ૯ ૧૦	૮	૧૨	૧૧ ૨૦	૧૬ ૧૯ ૨૧	મધ્યમ
બે બારૂં ૨+૧૨ ૩+૧૧	૨ ૧૭	૧૬ ૧૯ ૨૧	૧૫	૩ ૪	૬ ૨૨ ૨૪	૫	૮	૭ ૨૩	૧૧ ૨૦	૧ ૯ ૧૦	૧૩ ૧૪ ૧૮	૧૨	અશુભ
	૩ ૪ ૧૨	૧૩ ૧૪ ૧૫ ૧૮	૫ ૧૬ ૧૯ ૨૧	૨ ૬ ૧૭ ૨૨ ૨૪	૩ ૪ ૭ ૨૩	૮ ૧૫	૧ ૫ ૯ ૧૦	૬ ૧૧ ૨૦ ૨૨ ૨૪	૭ ૧૨ ૨૩	૮ ૧૩ ૧૪ ૧૮	૧ ૯ ૧૦ ૧૬ ૧૯ ૨૧	૨ ૧૧ ૧૭ ૨૦	શુભ
સામીપ્રીત. ૪+૧૦	૧૧ ૧૫ ૨૦	૫ ૧૨	૬ ૧૩ ૧૪ ૧૮ ૨૨ ૨૪	૭ ૧૬ ૧૯ ૨૧ ૨૩	૨ ૮ ૧૭	૧ ૩ ૪ ૯ ૧૦	૧૧ ૧૫ ૨૦	૫ ૧૨	૬ ૧૩ ૧૪ ૧૮ ૨૨ ૨૪	૭ ૧૬ ૧૯ ૨૧ ૨૩	૨ ૮ ૧૭	૧ ૩ ૪ ૯ ૧૦	અતિશુભ
નવ પંચક	૧ ૫ ૯ ૧૦	૬ ૧૧ ૨૦ ૨૨ ૨૪	૭ ૨૩	૮	૧ ૯ ૧૦ ૧૬ ૧૯ ૨૧	૨ ૧૭	૩ ૪ ૧૨	+ ૧૫	૫ ૧૬ ૧૯ ૨૧	૨ ૧૭	૭ ૨૩	૮	મધ્યમ
નવ પંચક			૧૨	૧૩ ૧૪ ૧૮		૧૧ ૨૦		૩ ૧૪ ૧૮		૬ ૨૨ ૨૪	૩ ૪	૧૫	અશુભ
પ્રીતિ ષડષ્ટક	૮	૭ ૨૩	૧૧ ૨૦	૧ ૯ ૧૦	૧૩ ૧૪ ૧૮	૩ ૪	૨ ૧૭	૧૬ ૧૯ ૨૧	૧૫	૩ ૪	૬ ૨૨ ૨૪	૫	મધ્યમ
મૃત્યુ ષડષ્ટક	૬ ૨૨ ૨૪	૧ ૯ ૧૦	૮	૧૨	૧૧ ૨૦	૧૬ ૧૯ ૨૧	૧૩ ૧૪ ૧૮	૩ ૪	૨ ૧૭	૫	૧૫	૭ ૨૩	અશુભ
સમ ૭+૭	૭ ૨૩	૮	૧ ૯ ૧૦	૧૧ ૨૦	૧૨	૧૩ ૧૪ ૧૮	૧૬ ૧૯ ૨૧	૨ ૧૭	૩ ૪	૧૫	૫	૬ ૨૨ ૨૪	શુભ

કહેલી છે, પણ જો પરસ્પર ઉત્તમ ગ્રહો હોય તો દરેકમાં પ્રીતિ કહેલી છે ॥૯૩॥

વિવેચન—જન્મલગ્નની મૈત્રીથી દંપતીનો અંગ મેળાપ જોવાય છે, તેમ ચંદ્રના સ્થાનની મૈત્રીથી મનનો મેળાપ શોધાય છે. તેથી દંપતી આદિ સાધ્ય–સાધકના મનનો મેળાપ જોવા માટે **રાશિકૂટની** અવશ્ય જરૂર છે, અને તે રાશિકૂટ સાધ્ય–સાધકમાં પરસ્પરની જન્મરાશિથી અને તે ન મળે તો બંનેની નામ રાશિથી જોવું.

જેનું રાશિકુટ જોવું હોય તે બંનેની રાશિઓની ગણત્રી સાથે કરી પરસ્પરની રાશિઓનું આંતરૂં કાઢવું. આ આંતરમાં જે સંખ્યા આવે તે સંખ્યા ઉપરથી તે રાશિકુટ ઓળખાય છે. એટલે કે–જેનું રાશિકુટ જોવું હોય તેની રાશિઓ મેષ અને વૃષ હોય તો, બંનેની રાશિઓનાં આંકને સાથે ગણતાં પરસ્પરની રાશિઓનું આંતરૂં–બે અને બાર છે. અને આ આંતરામાં બે અને બારની સંખ્યા ઉપરથી આ રાશિકુટ બે–બારૂ કે **બીઆબારૂ** એવી સંજ્ઞાથી ઓળખાવાય છે. આજ રીતે પરસ્પરની છઠ્ઠી તથા આઠમી રાશિમાં ષડષ્ટક અને પાંચમી તથા નવમી રાશિમાં **નવ–પંચક** રાશિકુટ હોય છે

સૂરિ મહારાજ કહે છે કે—વિષમરાશિ આઠમી રાશિમાં પ્રીતિવાળી છે, જ્યારે સમરાશિ આઠમી રાશિ પ્રત્યે શત્રુ ભાવવાળી છે, એટલે—મેષ, મિથુન, સિંહ, તુલા, ધન, અને કુંભ રાશિને પોતાનાથી આઠમી રાશિ સાથે પ્રેમ હોય છે; તેથી તે **પ્રીતિષડાષ્ટક** કહેવાય છે. અને વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર તથા મીન; એ સમરાશિને પોતાનાથી આઠમી રાશિ સાથે શત્રુવટ હોય છે. ઉદયપ્રભ સૂરિ કહે છે કે—વિષમ રાશિથી છઠ્ઠી રાશિમાં **મૃત્યુષડાષ્ટક** છે અને વિષમ રાશિથી આઠમી રાશિમાં પ્રીતિષડાષ્ટક છે આ કથનમાં પણ ઉપરોકત આશય સ્પષ્ટ છે **શત્રુષડાષ્ટક** માટે **નારચંદ્ર**માં કહ્યું છે કે—

मकर सकेसरी मेष युवत्या, तुलहरमीनकुलीरघटाद्याः ।
धनवृषवृश्चिकमन्मथयोगे, वैरकरं च षडष्टकमेतत् ॥१॥

અર્થ—"મકર અને સિંહ, મેષ અને કન્યા, તુલા અને મીન, કર્ક, અને કુંભ, ધન અને વૃષભ, તથા વૃશ્ચિક અને મિથુનનો યોગ થાય તો વૈરને કરનારૂં ષડષ્ટક થાય છે. જો રાશિકૂટમાં પરસ્પર શત્રુષડષ્ટક હોય તો આઠમી રાશિવાળાનું મૃત્યુ થાય છે, કેમકે–શત્રુષડષ્ટકમાં સમરાશિ આઠમી રાશિને હણનારી છે. **નારચંદ્ર**માં તો કહ્યું છે કે—છઠ્ઠે સ્થાને રહેલી વિષમ રાશિવાળાનું મૃત્યુ થાય છે. અને જો પરસ્પર પ્રીતિ ષડષ્ટક હોય તો સુખ વધે છે. કેમકે—પ્રીતિ ષડષ્ટકમાં વિષમરાશિ આઠમી રાશિને સંપત્તિઓ આપે છે.

આ બંને ષડષ્ટકોમાંથી શત્રુષડષ્ટકનો ત્યાગ કરવો. કદાચ સાધ્યની રાશિથી આઠમે સ્થાને ગુરૂ વિગેરેની રાશિઓ હોય, અને શત્રુષડશષ્ટક હોય તો તે પ્રતિષ્ઠાપક વિગેરેનો ઘાત કરે છે; માટે શત્રુ ષડષ્ટક વર્જવું અને પ્રીતિ ષડષ્ટક લેવું.

શત્રુ ષડષ્ટકની પેઠે **બીઆ–બારમું** અને **નવ–પંચક** પણ અશુભ છે, માટે તેનો પણ ત્યાગ કરવો. આ રાશિકુટના ફળ માટે નારચંદ્રમાં કહ્યું છે કે—

शत्रुषडष्टके मृत्युः, कलहो नव पंचमे ।
द्विद्वादशशेतु दारिद्रं, शेषेषु प्रीति रुत्तमा ॥१॥

અર્થ—શત્રુષડષ્ટકમાં મૃત્યુ, નવપંચમમાં કલહ, બીઆબારામાં નિર્ધનતા અને બાકીનામાં ઉત્તમ પ્રીતિ થાય છે. શેષ રાશિકુટો એટલે—તૃતીયૈકાદશ, સપ્તમ–સપ્તમ (સામસામા), દશમ, ચતુર્થ અને એક રાશિ હોય તો તે શ્રેષ્ઠ છે; કેમકે—આ સ્થાનની રાશિઓ પરસ્પર મિત્રતાવાળી છે. એક રાશિ માટે **લલ્લ** કહે છે કે—

एकनक्षत्रजातानां, परेषां प्रीतिरुत्तमा ।
दम्पत्योस्तु मृतिः पुत्रा, भ्रातरो वाऽर्थनाशकाः ॥१॥

અર્થ—"એક નક્ષત્રમાં જન્મેલા દરેકને ઉત્તમ પ્રીતિ હોય છે, પરંતુ દંપતીનું મૃત્યુ થાય છે, અથવા તો પુત્રો અને ભાઈઓ ધનનો નાશ કરનારા થાય છે ॥૧॥" અહીં દંપતીમાં એક જન્મનક્ષત્ર હોવાનું દુષ્ટ ફળ દેખાડેલ છે. પણ તે બંનેનું જન્મનક્ષત્ર એક હોય અને રાશિ જુદી જુદી હોય, અર્થાત્ જન્મનક્ષત્ર એક હોવા છતાં નક્ષત્રપાદ જુદા જુદા હોય તો દંપતીમાં પ્રીતિ રહે છે. એક રાશિવાળા દંપતીનાં જન્મનક્ષત્ર જુદાં જુદાં હોય, પણ **નાડીવેધ** હોય તો તે પણ અશુભ છે.

પ્રીતિષડષ્ટક સપ્તમ–સપ્તમ વિગેરે શુભ રાશિકુટ હોય તો ગ્રહમૈત્રીનો વિચાર કરવાની જરૂર નથી, પણ અશુભ બીઆ–બારમું અને અશુભ નવ–પંચક હોય ત્યારે ગ્રહમૈત્રી જોવી પડે છે. એટલે બીઆ–બારમું તથા નવપંચકમાં પરસ્પર રાશિઓના સ્વામી એક હોય, મિત્ર હોય, કે એક મધ્યસ્થ હોય તો તે રાશિકૂટ પણ શુભ છે. અને તે બન્ને મધ્યસ્થ હોય, એક શત્રુ હોય, કે બન્ને શત્રુ હોય તો તે રાશિકૂટ અશુભ કે અશુભતર છે; **સારંગ** કહે છે કે—નાડી, યોનિ, ગણ અને તારા; એ ચારે શુભ હોય, અને રાશિના સ્વામીઓ પરસ્પર મધ્યસ્થ હોય તો પણ તે રાશિકૂટ શુભ છે. આ રીતે સિંહ અને સમરાશિઓને પોતાનાથી બીજી રાશિ સાથે થયેલાં બીઆબારમાં શુભ છે. અને બાકીનાં પાંચ બીઆબારમાં અશુભ છે. કર્ક, કન્યા,

કુંભ અને મીન રાશિઓને પોતાનાથી પાંચમી રાશિ સાથે થયેલાં નવ પંચમ મધ્યમ છે, અને બાકીનાં નવપંચમ શુભ છે. તૃતીયૈકાદશ વિગેરે શ્રેષ્ટ રાશિકૂટોના સ્વામીમાં **મૈત્રી** હોય તો તે શ્રેષ્ઠતર થાય છે.

નારચંદ્ર ટીપ્પણુમાં તો વિવાહ માટે શત્રુષડષ્ટકમાં પણ રાશીશની મૈત્રીનું ફળ સ્વીકાર્યું છે.

राशेरैकाधिपत्यं चेत्, स्वामिनो मित्रताऽथवा ।
तदा षडष्टकेऽपिस्याद्, विवाहः शुभकारकः ॥१॥

અર્થ—" જો બન્ને રાશિનો એક અધિપતિ હોય અથવા બન્નેના સ્વામી મિત્રો હોય તો ષડષ્ટકમાં પણ વિવાહ કરાય તે શુભ કારક છે ॥૧॥" આ દરેકના બળ માટે **શ્રી હેમહંસગણિ** કહે છે કે—"નક્ષત્રયોનિ, રાશિવૈશ્ય, ગ્રહમૈત્રી, રાશિકૂટ, તથા નાડિવેધ ઉત્તરા-ત્તર બળવાન્ છે, અને રાશિકૂટમાં પણ શુભ નવપંચમઃ બીઆબારમું, અને પ્રીતિષડષ્ટક ઉત્તરો-ત્તર શ્રેષ્ઠ છે. બૃહદ્ **જ્યોતિષ સારમાં** તો કહ્યું છે કેઃ—

वर्णो वश्यं तथा तारा, योनिश्च ग्रहमैत्रकम् ।
गणमैत्रं भकुटं च, नाडी चैते गुणाधिका ॥१॥

અર્થ—"૧ વર્ણ, ૨ વશ્ય, ૩ તારા, ૪ યોનિ, ૫ ગ્રહમૈત્રી, ૬ ગણુમૈત્રી, ૭ ભકૂટ, અને ૮ નાડી; તે ઉત્તરોત્તર અધિક બળવાન્ છે. ॥૧॥" અનુકુળ આંકડાનો સરવાળો કરતાં ૧૮ થી અધિક સંખ્યા આવે તો તે શુભ છે.

અન્ય ગ્રન્થોમાં વર્ણ વિગેરે આ પ્રમાણે વર્ણવેલ છે–

વર્ણ—પરસ્પર સાધ્ય–સાધકની મેષ વિગેરે રાશિથી ક્ષત્રિયાદિ વર્ણ શોધી તેનો મેળ તપાસવો. દંપતીમાં જે સ્ત્રી પતિથી ઉત્તમ વર્ણવાળી હોય તો પતિ અથવા પુત્ર જીવતા નથી. એમ સામાન્ય રીતે દરેકમાં ફળ સમજી લેવું.

સ્ત્રીદુર—કન્યાની રાશિથી નજીકની રાશિનો વર હોય તો તે શુભ છે અને વરથી નજીકની રાશિની કન્યા હોય તો તે અશુભ છે. પણ જો એકના સાસુ અને સસરો મૃત્યુ પામ્યા હોય તો દૂરનું નવપંચમ પણ શુભ છે. આજ રીતે ધનિકની રાશિથી પ્રતિમાની રાશિ દૂર હોય તેવાં પ્રીતિષડષ્ટકાદિ લેવાં શુભ છે. બીજું ન મળે તો એવું અરિષ્ટાષ્ટક પણ દુષ્ટ નથી. **(આ. ૩/૩૭ ટીકા.)**

રાશિકૂટ ચક્ર*

	મે	વૃ	મિ	ક	સિં	ક	તુ	વ	ધ	મ	કું	મી
મેષ	૧	અ	શુ	દે	શુ	શ	૦	પ્રી	શુ	શ્રે	શુ	શ્રે
વૃષ	અ૦	૧	શ્રે	શુ	શ્રે	શુ	પ્રી	૦	શ	શુ	દે	શુ
મિથુન	શુ	શ્રે	૧	ને	શુ	દે	શુ	શ	૦	પ્રી	મ	શ્રે
કર્ક	દે	શુ	ને	૧	શ્રે	શુ	શ્રે	મ	પ્રી	૦	શ	મ
સિંહ	શુ	શ્રે	શુ	શ્રે	૧	શુ	શુ	દે	શુ	શ	૦	પ્રી
કન્યા	શ	શુ	દે	શુ	શુ	૧	શ્રે	શુ	શ્રે	મ	પ્રી	૦
તુલા	૦	પ્રી	શુ	શ્રે	શુ	શ્રે	૧	અ	શુ	દે	શુ	શ
વૃશ્ચિક	પ્રી	૦	શ	મ	દે	શુ	અ	૧	શ્રે	શુ	શ્રે	શુ
ધન	શુ	શ	૦	પ્રી	શુ	શ્રે	શુ	શ્રે	૧	અ	શુ	દે
મકર	શ્રે	શુ	પ્રી	૦	શ	મ	દે	શુ	અ	૧	શ્રે	શુ
કુંભ	શુ	દે	મ	શ	૦	પ્રી	શુ	શ્રે	શુ	શ્રે	૧	અ
મીન	શ્રે	શુ	શ્રે	મ	પ્રી	૦	શ	શુ	દે	શુ	અ	૧

વશ્ય—રાશિઓના પરસ્પર વશપણા માટે કહ્યું છે કે– દિવસે વિષમરાશિને સમરાશિઓ વશ્ય છે, રાત્રે સમરાશિને વિષમરાશિઓ વશ્ય છે. દ્વિપદ રાશિને ચતુષ્પદ રાશિ વશ્ય છે, વૃશ્ચિક અને જળચર ભક્ષ્ય છે, સિંહ વશ્ય નથી. વૃશ્ચિકને સિંહ વશ્ય છે, સિંહને વૃશ્ચિક વિનાની બધી રાશિઓ વશ્ય છે. ધનુષને સર્વ રાશિઓ વશ્ય છે. કન્યાને પુરૂષરાશિઓ વશ્ય છે, વૃષભને મેષ વશ્ય છે, મકરને કર્ક તથા મીન વશ્ય છે. આ પ્રમાણે વશ્ય–અવશ્ય રાશિઓ તપાસી દ્વંદ્વનો સંબંધ જોડવો. અને તેમાં સાધ્યની વશ્યરાશિ હોય તે શુભ છે. (**આ. ૪/૩૧ ટીકા**)

* **સાંકેતિક શબ્દો**—દે–શ્રેષ્ઠતર, શ્રે–શ્રેષ્ઠ, શુ–શુભ, મ–મધ્યમ, અ–અશુભ, ને–નેષ્ટ–અશુભતર, શ–શત્રુ, પ્રી–પ્રીતિ.

તારા—આગળ નાડીવેધ પછી કહેવાશે.

યુજી—નક્ષત્રદ્વારમાં ચંદ્ર અને નક્ષત્રનો યોગ કહેવાઈ ગયો છે. તે વિવાહમાં ઈષ્ટ દિવસનાં નક્ષત્ર ઉપરથી જોવાય છે. એટલે—વિવાહના દિવસે પૂર્વયોગી નક્ષત્ર હોય તો સ્ત્રી પુરૂષ ઉપર, પશ્ચિમયોગી હોય તો પુરૂષ સ્ત્રી ઉપર અને **મધ્યમ યોગી નક્ષત્ર** હોય તો પરસ્પર બન્ને એક-બીજા ઉપર પ્રેમ રાખે છે. **દૈવજ્ઞ વલ્લભ** તો કહે છે કે —વિવાહના લગ્નમાં જે જાતિના ગ્રહ બળવાન્ હોય તે જાતિ બીજાને વધારે વહાલી લાગે છે. (આ. ૫/૧૧)

દંપતીના સંબંધમાં પાઘડીએ અને ઘાટડીએ મંગળ જોવાય છે, જો વરકન્યાની જન્મ-કુંડલીમાં ૧-૪-૭-૮-૧૨ ભુવનમાં મંગળ પડયો હોય તો તે વરને પાઘડીએ અને કન્યાને ઘાટડીએ છે. એમ કહેવાય છે પાઘડીઓ મંગળ કન્યાનો અને ઘાટડીઓ મંગળ વરનો નાશ કરે છે પણ મેષનો લગ્ને; વૃશ્ચિકનો ચોથે, કુંભનો આઠમે, અથવા મીનનો બારમે મંગળ હોય, અથવા નીચનો અસ્તનો કે શત્રુ ઘરનો મંગળ હોય, અથવા લગ્નમાં કે સાતમે ભુવને બળવાન ગુરૂ શુક્ર હોય, તો આ દોષનો નાશ થાય છે. વરને પાઘડીએ મંગળ હોય અને કન્યાને ઘાટડીએ શનિ હોય તો પણ મંગળનો દોષ રહેતો નથી; શત્રુના ઘરનો અસ્તનો કે વક્રી મંગળ હોય, અને બીજાને અસ્તનો ન હોય તો મધ્યમ મેળ રહે છે. આ સઘળી બીના તપાસી વર-કન્યાનો સંબંધ કરવો.

હવે બે ગાથાથી **નક્ષત્રયોનિ** કહે છે—

1 2 4 5 6 7 8 9
आस-गय-मेस-सप्पा सप्पा-साण-बिडाल-मेस-मञ्जारा ।
10 11 12 13 14 15 16
आखु दुग-गवी-महिसी, सग्घो महिसी पुणो वग्घो ॥९४॥
17 18 19 20 21 22 23 24 25
मिग-मिग-कुक्कुर वानर, नउलदुगं वानरो हरि तुरगो ।
26 27 28
हरि-पसु-कुंजर-एए, रिक्खाण कमेण जोणीओ ॥९५॥

અર્થ—અશ્વિની વિગેરે નક્ષત્રોની યોનિઓ અનુક્રમે—૧ ઘોડો, ૩ હાથી, ૩ ઘેટો, ૪ સાપ, ૫ સાપ, ૬ કુતરો, ૭, બિલાડો, ૮ ઘેટો, ૯ બિલાડો, ૧૦ ઉંદર, ૧૧ ઉંદર, ૧૨ ગાય (બળદ), ૧૩ ભેંસ, ૧૬ વાઘ, ॥૯૪॥ ૧૭ હરણ, ૧૮ હરણ, ૧૯ કુતરો, ૨૦ વાંદરો, ૨૧ નોળિયો, ૨૨ નોળિયો, ૨૩ વાંદરો, ૨૪ સિંહ, ૨૫ ઘોડો, ૨૬ સિંહ, ૨૭ ગાય (બળદ), અને ૨૮ હાથી છે. ॥૯૫॥

વિવેચન—બન્ને ગાથા સુગમ છે. નક્ષત્રની યોનિઓ નક્ષત્રદ્વારમાં દેખાડી ગયા છીએ. શ્રી ઉદયપ્રભસૂરિ મહારાજે ઉ. ભા નક્ષત્રમાં બકરાની યોનિ કહી છે.

હવે યોનિવૈર કહે છે—

गयसिंहमस्समहिसं, कपिमेसं साणहरिणऽहिनकुलं ।
गोवग्घ बिडालुंदर,, वेरं नामेसु वज्जिज्जा ॥९६॥

અર્થ— હાથી અને સિંહ, ઘોડો અને પાડો, વાંદરો અને ઘેટો, કુતરો અને હરણ, સાપ અને નોળિયો, ગાય-બળદ અને વાઘ, તથા બિલાડો અને ઉંદરને વૈર હોય છે; નામ પાડવામાં તેનો ત્યાગ કરવો. ॥૯૬॥

વિવેચન—બન્નેના જન્મનક્ષત્ર ઉપરથી અથવા બન્નેના નામનક્ષત્ર ઉપરથી યોનિ તપાસવી, પણ એકનું જન્મનક્ષત્ર અને બીજાનું નામનક્ષત્ર લઈ યોનિ તપાસવી નહિ. હાથી અને સિંહને, ઘોડો અને પાડાને, વાંદરો અને ઘેટાને, કુતરો અને હરણ, (શિયાળ)ને, સાપ અને નોળિયાને, બળદ (ગાય) અને વાઘ, તથા બિલાડી અને ઉંદરને પરસ્પર જાતિ વેર હોય છે. માટે પ્રતિમા અને પ્રતિષ્ઠાપકના નામમાં આ નક્ષત્રયોનિનું વેર આવતું હોય તો તેનો ત્યાગ કરવો. કદાચ યોનિવેર હોય, પણ તેમાં મુખ્ય-સાધક વિગેરેની બળવાન્ યોનિ હોય તો પણ શ્રેષ્ઠ છે. એટલે-મુખ્યના નામની યોનિ બિલાડો હોય, અને ગૌણના નામની યોનિ ઉંદર હોય તો પણ શ્રેષ્ઠ છે. **રત્નમાલા ભાષ્યકાર** તો કહે છે કે—આ યોનિની કલ્પના જ અસત્ય છે,

હાથી ભ૦ રે૦+સિંહ ધ૦ પૂ-ભા૦
ઘોડો અશ્વિ૦ શ૦+પાડો હ૦ સ્વા૦
વાંદરો પૂ ષા૦ શ્ર૦ + ઘેટો કૃ૦ પુષ્ય
કૂતરો આ૦ મુ૦ + હરણ અનુ૦ જયે૦
સાપ રો૦ મૃ૦ + નોળિઓ ઉ-ષા૦ ભિ૦
બળદ ઉ-ફા૦ ઉ-ભા૦ + વાઘ ચિ૦ વિ૦
બિલાડો પુન૦ શ્લે૦ + ઉંદર મ૦ પૂ-ફા૦

હવે **અષ્ટવર્ગ** કહે છે—

गरुडो बिडालसीहो, कुक्कुरसप्पो अ मूसगो हरिणो ।
मेसो अडवग्गपइ, कमेण पुण पंचमे वेरं ॥९७॥

અર્થ—ગરૂડ, બિલાડો, સિંહ, કૂતરો, સાપ, ઉંદર, હરણ અને ઘેટો; એ ક્રમે આઠ વર્ગના પતિ છે. તેમને પોતાથી પાંચમાં સાથે વેર હોય છે ॥૯૬॥

વિવેચન—અ, ક, ચ, ટ, પ, ય, અને શ; એ **આઠવર્ગો** છે. અને અનુક્રમે ગરૂડ વિગેરે આઠ તેના પતિઓ છે. એટલે—**અ** વર્ગના અક્ષરો અ ઈ ઉ એ ઓ છે, અને તેનો પતિ ગરૂડ છે. **ક** વર્ગના અક્ષરો ક ખ ગ ઘ ઙ છે, તેનો પતિ બિલાડો છે, **ચ** વર્ગના અક્ષરો ચ છ જ ઝ ઞ છે, તેનો પતિ સિંહ છે. **ટ** વર્ગના અક્ષરો ટ ઠ ડ ઢ ણ, છે, તેનો પતિ કૂતરો છે. **ત** વર્ગના અક્ષરો ત થ દ ધ ન છે, તેનો પતિ સાપ છે **પ** વર્ગના પ ફ બ ભ મ છે. તેનો પતિ ઉંદર છે. **ય** વર્ગના અક્ષરો ય ર લ વ છે, તેનો પતિ હરણ છે. **શ** વર્ગના અક્ષરો શ ષ સ હ છે, તેનો પતિ ઘેટો છે. આ આઠે વર્ગના સ્વામીઓને પોતપોતાથી પાંચમા વર્ગના સ્વામી સાથે વેર હોય છે; એટલે ગરૂડ અને સાપને બિલાડો અને ઉંદરને સિંહ અને હરણને, તથા કુતરો અને ઘેટાને પરસ્પર વૈર છે. માટે દ્વંદ્વના પ્રસિદ્ધ નામના આદિ અક્ષરોમાં વૈર હોય તો તે નામનો ત્યાગ કરવો. કયારેક વર્ગવેર હોય પણ ગુરુ-ધનિક વિગેરેના બળવાન વર્ગ હોય તો પણ તે શુભ છે.

હવે **નાડીવેધ** અને **વર્જ્ય તારા** કહે છે—

असिणाइ तिनाडीए, इगनाडिगयं सुहं भवे रिक्खं ।
गुरुसीसाणं तारा, वज्जिज्ज तिपंचसत्तत्था ॥१८॥

અર્થ—અશ્વિની આદિની ત્રણ નાડી કરવી. તેમાં ગુરૂ અને શિષ્યને એક નાડીમાં રહેલ નક્ષત્ર શુભ છે, અને ત્રીજી પંચમી તથા સાતમી તારા વર્જ્ય છે. ॥ ૯૮ ॥

વિવેચન—એક ત્રિનાડીચક્ર કરી તેમાં અનુક્રમે ત્રણ નાડીઓ દાખી શકાય એમ અશ્વિની વિગેરે સત્યાવીશ નક્ષત્રો સ્થાપવા, અને પછી ધનિક પ્રતિમા વિગેરેના નક્ષત્રો તપાસવા. અથવા અશ્વિની વિગેરે સત્યાવીશ નક્ષત્રોની અનુક્રમે અને ઉત્ક્રમે ત્રણ ત્રણ નક્ષત્રો સ્થાપી ત્રણ પંકિત કરવી.

૧ અ આ પુ ઉ હ જયે મૂ શ પૂ.
૨ ભ મૃ પું પૂ ચિ અ પૂ ધ ઉ.
૩ કૃ રો અ મ સ્વા વિ ઉ શ્ર રે.

આરીતે બન્નેનાં નક્ષત્રો એક નાડીમાં આવે તે **નાડી વેધ** કહેવાય છે. ગુરૂ અને શિષ્યના જન્મનક્ષત્ર કે નામ નક્ષત્રમાં આ નાડીવેધ હોય તો શ્રેષ્ઠ છે. **હર્ષ પ્રકાશમાં** કહ્યું

છે કે–નાડીવેધ પુત્ર, મિત્ર, સેવક, શિષ્ય, ઘર નગર અને દેશ માટે શ્રેષ્ઠ છે; માત્ર કન્યાને માટે શુભ નથી.

નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું છે કે—

प्रभुः पण्याङ्गना मित्रः देशो ग्रामः पुरं गृहम् ।
एकनाडीगता भव्या, अभव्या वेधवर्जिताः ॥१॥

અર્થ—એક નાડીમાં રહેલા સ્વામી, વેશ્યા, મિત્ર, દેશ, ગામ, પુર અને ઘર શ્રેષ્ઠ છે; અને તે દરેક નાડીવેધ વિનાના હોય તો અશુભ છે ॥ ૧ ॥"

ગ્રન્થકાર સૂરિ મહારાજે અહીં ઉત્તરાર્ધમાં ગુરૂ–શિષ્યનો નામ નિર્દેશ કરેલ હોવાથી ગુરૂ અને શિષ્યનો નાડીવેધ સ્વીકાર્યો છે, તેથી પ્રતિષ્ઠાપક અને પ્રતિમામાં નાડીવેધ શુભ નથી એમ માની શકાય છે. કેમકે **હર્ષ પ્રકાશ** અને **આરંભસિદ્ધિના વાર્તિક**માં પણ પ્રતિમાના નાડીવેધને શુભ કહેલ નથી. **નરપતિજયચર્યાકાર** તો દેવતા, ગુરૂ અને મંત્રમાં પણ નાડીવેધનું ફળ અનુક્રમે–દ્વેષ, રોગ અને મૃત્યુ દેખાડે છે. વરકન્યાના નક્ષત્રમાં નાડીવેધ વર્જ્યજ છે કેમકે તેઓને પાસેનાં નક્ષત્રનો નાડીવેધ હોય તો જલદી અને દુરના નક્ષત્રનો નાડીવેધ હોય તો ચિરકાળે પણ અવશ્ય વર, કન્યા, દંપતી, માતા અને પિતાનું મૃત્યુ થાય છે; માટે દંપતીમાં નાડીવેધનો અવશ્ય ત્યાગ કરવો. કદાચ નક્ષત્ર નાડીવેધનો ત્યાગ થઈ શકે તેમ ન હોય તો અશ્વિનીના પહેલા પાદથી દરેક નક્ષત્રના ચાર ચાર પાદની પંક્તિથી બાર રેખાવાળું નાડીચક્ર આલેખવું અને આવી રીતે થયેલ પાદવેધનો અવશ્ય ત્યાગ કરવો.

હર્ષપ્રકાશમાં કહ્યું છે કે–ગુરૂ શિષ્યને નાડીવેધ હોય તો વિરૂદ્ધ યોનિ પણ દોષકર નથી, પરંતુ તેમ ન હોય તો વિરૂદ્ધ યોનિનો ત્યાગ કરવો. એટલે–વિરૂદ્ધ યોનિથી નાડીવેધ બળવાન્ છે. અન્ય સ્થાને તો કહ્યું છે કે–રાશિ વિગેરે સર્વ પ્રશસ્ત ભેદોનો એક દંપતીનો નાડીવેધજ નાશ કરે છે.

ગ્રન્થકાર સૂરિ મહારાજ ગાથાના ઉત્તરાર્ધથી જણાવે છે કે–ગુરૂ અને શિષ્યના જન્મ નક્ષત્રથી ત્રીજી; પાંચમી અને સાતમી તારા હોય તો અશુભ છે. અહીં મુખ્યથી ગૌણની ત્રીજી, પાંચમી કે સાતમી તારા હોય તેજ વર્જવાની છે. કેમકે–તારાના અધિકારમાં–ચોથી છઠ્ઠી તથા દસમી તારાને શુભ, પહેલી, બીજી તથા આઠમી તારાને મધ્યમ અને બાકીનીને અશુભ કહેલ છે; જે સાધ્ય-સાધકમાં પરસ્પર મેળવતાં એકને શુભ અને બીજાને વર્જ્ય તારા આવવાનો સંભવ છે. માટે મુખ્યના નક્ષત્રમાં અશુભ તારા આવે તેનો ત્યાગ કરવો એજ

ઉચિત માર્ગ છે. રાશીશ મૈત્રી, એક નાથતા અને વશ્યની અનુકૂળતા હોવા છતાં દંપતીમાં તારાનો મેળ અવશ્ય જોવાય છે; જ્યારે જિનબિંબના અધિકારમાં **તારાના વિરોધનો** વિચાર કરતો નથી, અને તેથી ગ્રન્થકાર સૂરિ મહાજે પણ ગુરૂ-શિષ્યમાંજ વર્જ્ય તારા દેખાડે છે.

હવે **વિશોપક** લેણાદેણી કહે છે—

सिद्धसाहग धुरक्खर वग्गं-के कमुक्कमिण अट्ठविभत्ते ।
सेसअद्धकय लब्भविसो अ पच्छिमाउ खलु अग्गगएणं ॥९९॥

અર્થ—સિદ્ધ-સાધકના (નામના) આદિ અક્ષરના વર્ગાંકને ક્રમે તથા ઉત્ક્રમે મૂકી આઠે ભાગવા, અને તેનો શેષને અર્ધ કરતાં જે આંક આવે તે પહેલા પાસે આગળવાળાએ પ્રાપ્ત કરવાનો વિશોપક છે. ॥૯૯॥

વિવેચન—અ, ક, ચ, ટ, ત પ ય અને શ; એ આઠ વર્ગ છે. જેની લેણા-દેણી જોવી હોય તેના પ્રસિદ્ધ નામમાં જે આદિ અક્ષર હોય તેના વર્ગની સંખ્યાને ક્રમે જોડે જોડે મુકવી, પછી તેને આઠથી ભાગ દેવો, અને તેમાંથી શેષને અર્ધું કરવું. આ રીતે જે સંખ્યા આવે તેટલા **વસા** પહેલા આંકના વર્ગવાળા પાસે બીજા વર્ગવાળો માગે છે. પછી બન્નેના નામના આદિ આદિ અક્ષરવાળી સંખ્યાને ઉલટી રીતે સ્થાપવી, અને આઠે ભાગી શેષના અર્ધ કરી ઉત્ક્રમ સંખ્યાના પહેલા આંકના વર્ગવાળાનું દેણું કાઢવું, અને પછી યથાયોગ્ય લેણું-દેણુ વાળી બાકીની લેણા-દેણી નક્કી કરવી. આ રીતે દરેક સાધ્ય-સાધકમાં લેણા-દેણી જોવી, અને તેમાં લેણા-દેણીના વસા હોય તો તે સારૂં છે.

દેથદાર	લેણદાર							
વર્ગ	અ ૧	ક ૨	ચ ૩	ટ ૪	ત ૫	પ ૬	ય ૭	શ ૮
,, અ-૧ ,, ત-૫	૧॥	૨	૨॥	૩	૩॥	૦	૦॥	૧
,, ક-૨ ,, પ-૬	૨॥	૩	૩॥	૦	૦॥	૧	૧॥	૨
,, ચ-૩ ,, ય-૭	૩॥	૦	૦॥	૧	૧॥	૨	૨॥	૩
,, ટ-૪ ,, શ-૭	૦॥	૧	૧॥	૨	૨॥	૩	૩॥	૦

જેમકે—**કરમાશાહ અને ઋષભદેવની** લેણુ–દેણી જોવાની છે. તેના નામના આદિ અક્ષરો **ક** અને **ઋ** વર્ગ **ક** અને **અ** તથા વર્ગાંક **૨** અને **૧**છે. તે સંખ્યાને સાથે મૂકતાં **૨૧** આઠથી ભાગતાં શેષમાં **૫**, અને તેનું અર્ધ કરતાં **૨॥** રહે છે. તો **અ** વર્ગવાળો **ક** વર્ગવાળા પાસે ૨॥ વસા માગે છે પછી ૨૧ ને ઉલટી રીતે સ્થાપતાં **૧૨**, તેને આઠે **ભાગી શેષને અર્ધ** કરતાં ૨ રહે છે. જે **ક** વર્ગ **અ** વર્ગ પાસે માગે છે, અહિ ૨॥ માંથી ૨ બાદ કરતાં ઋષભદેવ કરમાશાહ પાસે ૦। વસો માગે છે, એમ જાણવું. આજ રીતે તેજપાળ આદિદેવ પાસે વસા ૨ અને ઋષભસેન પાસે વસો ૦ માગે છે.

હવે બે ગાથાથી ગણ કહે છે.

देवस्सिणि पुण पुस्सा, करसाइमिगाणुसवणरेवइआ ।
मणुअ तिपुव्वतिउत्तर, रोहिणि भरणी अ अद्दा य ॥१००॥
कित्तिअ विसाह चित्ता, धणिजिट्ठाऽसेसतिन्नि दुग रक्खा ।
सगणे पीई नरसुर, मज्झा सेसा पुणो असुहा ॥१०१॥

અર્થ—અશ્વિની, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, મૃગશર, અનુરાધા, શ્રવણ અને રેવતી (૯) નક્ષત્રનો દેવગણ છે. ત્રણ પૂર્વા, ત્રણ ઉત્તરા, રોહિણી, ભરણી અને આર્દ્રા (૯) નક્ષત્રનો મનુષ્ય ગણ છે ॥ ૧૦૦ ॥ તથા કૃતિકા, વિશાખા ચિત્રા, ધનિષ્ઠા, દ્વિક (ધ. શ.) જ્યેઠા દ્વિક (જ્યે. મૂ.) અને અશ્લેષા દ્વિક (અ મ.) નક્ષત્રોનો (૯) રાક્ષસગણ છે. તેઓમાં સાધ્ય-સાધકના નક્ષત્રોનો એકજ ગણ હોય તો પ્રીતિ રહે છે. મનુષ્યગણ અને દેવગણ હોય તો મધ્યમ પ્રીતિ રહે છે, અને શેષ ગણો હોય તો અશુભ છે. ॥ ૧૦૧ ॥

વિવેચન—નક્ષત્રદ્વારમાં ગણ દર્શાવેલ છે, તેથી બન્ને ગાથા સુગમ છે. માત્ર પૂર્વાથી–પૂર્વાફાલ્ગુની પૂર્વાષાઢા અને પૂર્વાભાદ્રપદ, ઉત્તરાથી ઉત્તરાફાલ્ગુની ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ તેમજ ધનિષ્ઠા જ્યેષ્ઠા અને અશ્લેષા એ ત્રણ દ્વિકથી–ધનિષ્ઠા અને શતભિષા, જ્યેષ્ઠા અને મૂળ તથા અશ્લેષા અને મઘા નક્ષત્રો જાણવાં. કેટલાએક કહે છે કે-અભિજિત નક્ષત્ર **વિદ્યાધરગણનું** છે.

અહીં સાધ્ય–સાધકના જન્મનક્ષત્રનો કે બન્નેના નામ નક્ષત્રનો ત્રણમાંથી હરકોઈ એક ગણ હોય તો બન્નેમાં અતિ પ્રીતિ રહે છે, એકનો દેવગણ અને બીજાનો મનુષ્યગણ હોય તો મધ્યમ પ્રીતિ રહે છે, તથા શેષગણો એટલે દેવ અને રાક્ષસ અથવા મનુષ્ય અને રાક્ષસ ગણના નક્ષત્રો હોય તો ને અશુભજ છે. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે–રાક્ષસગણ સાથે દેવગણ

હોય તો બન્નેમાં વૈર અને મનુષ્યગણ હોય તો બન્નેનું કે એકનું મૃત્યુ થાય છે.

કદાચ શુભરાશિકુટ, ગ્રહમૈત્રી, શ્રેષ્ઠયોનિ અને ગૌણનો મનુષ્યગણ હોય તો મુખ્યનો રાક્ષસગણ પણ શ્રેષ્ઠ છે.

ગણચક્ર

	સાધક—દેવ અ. મૃ. પુ. પુ. હ. સ્વા. અ. શ્ર. રે.	સાધક-મનુષ્ય ભ. રો. આ. પૂર્વા. ઉત્તરા	સાધક—રાક્ષસ કૃ. શ્લે. મ. ચિ. વિ. જ્યે. મૂ. ધ. શ,
સાધ્ય દેવ	અતિપ્રીતિ	મધ્યમપ્રીતિ	વૈર
સાધ્ય મનુષ્ય	મધ્યમપ્રીતિ	અતિપ્રીતિ	મૃત્યુ
સાધ્ય રાક્ષસ	વૈર	મૃત્યુ (શુભ)	અતિપ્રીતિ

કાર્ય દ્વાર.

સામાન્ય રીતે દરેક કાર્યોમાં શુભ માસ; પક્ષ, તિથિ કરણ, નક્ષત્ર અને વાર જોઈને મુહુર્ત લેવું; તો પણ દરેક કાર્યોમાં નક્ષત્રશુદ્ધિ વિશેષ જોવી પડે છે, જેથી ગ્રન્થકાર સૂરિ મહારાજે કાર્યદ્વારમાં વિશેષતાએ નક્ષત્રનીજ શુદ્ધિ દેખાડેલ છે, જે માટેની તિથિ વાર વિગેરેની શુદ્ધિ અન્ય ગ્રન્થોમાંથી ગ્રહણ કરવી.

અહીં પ્રથમ વિદ્યારંભના **વાર** અને **નક્ષત્રો** કહે છે—

> **गुरू बुहो अ सुक्को अ, सुंदरा मज्झिमो रवी ।**
> **विज्जारंभे ससी पावो, सणी भोमा य दारुणा ॥१०२॥**
> **मिगसिर-अद्दा-पुस्सौ, तिन्नि उ पुव्वा उ मूलमस्सेसा ।**
> **हत्थो चित्ताइ तहा दस, वुड्ढिकराइं नाणस्स ॥१०३॥**

અર્થ—વિદ્યારંભમાં ગુરૂ, બુધ અને શુક્ર સુંદર છે, રવિ મધ્યમ છે, સોમ દુષ્ટ છે, શનિ અને મંગળવાર દારુણ છે. ॥૧૦૨॥ મૃગશર, આર્દ્રા, પુષ્ય, ત્રણ ત્રણ પૂર્વા, મૂળ, અશ્લેષા, હસ્ત અને ચિત્રા; એ દસ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારાં છે. ॥૧૦૩॥

વિવેચન—વિદ્યારંભ કરવામાં ગુરૂવાર, બુધવાર અને શુક્રવાર શ્રેષ્ઠ છે, રવિવાર મધ્યમ છે, સોમવાર દુષ્ટ છે અને મંગળવાર તથા શનિવાર દુઃખ આપનાર છે. અન્ય સ્થાને રવિવારને

અક્ષર ચક્ર

અક્ષરો	રાશિ	નક્ષત્ર	યોનિ	ગણ	નાડી	યુજી	વર્ગ	જાતિ	સ્વામી	તાર
અ	મે.	કૃત્તિ	મેષ	રા.	અં.	પૂ.	અ.	ક્ષ.	ભૌ.	૩
ઈ ઉ એ	વૃ.	કૃત્તિ	મેષ	રા.	,,	,,	,,	વૈ.	શુ.	,,
ઓ	વૃ.	રોહિણી	સાપ	મ.	,,	,,	,,	વ.	,,	૪
કાકી	મિ.	મૃગ	સાપ	દે.	મ.	,,	ક	શુ.	બુ.	૫
કુ	મિ.	આર્દ્રા	ફૂત.	મ.	આ.	મ.	,,	શુ.	બુ.	૬
કે કો	મિ.	પુન	બિલા.	વિદ્યા	,,	,,	,,	,,	,,	૭
ખા	મ.	અભિ	નોળી.	દે	+	૫	,,	વૈ.	શ.	+
ખી ખુ ખે ખો	મ.	શ્રવ	વાનર	રા.	અં.	૫	,,	વૈ.	,,	૪
ગ ગી	મ.	ધનિ	સિંહ	રા.	મ.	૫	,,	વૈ.	,,	૫
ગુ ગે	કું.	,,	,,	,,	,,	,,	,,	શુ.	,,	,,
ગો	કું.	શત	ઘોડો	રા.	આ.	,,	,,	,,	,,	૬
ઘ ઙ	મિ.	આર્દ્રા	ફૂત.	મ.	આ.	મ.	,,	શુ	બુ	૬
ચા ચી	મી.	રેવ	હાથી	દે,	અં	પૂ	ચ	બ્રા.	ગુ	૯
ચુ ચે ચો	મે.	અશ્વિ	ઘોડો	દે.	આ.	પૂ	,,	ક્ષ.	મં.	૧
છ જ	મિ.	આર્દ્રા	ફૂત.	મ.	આ.	મ.	,,	શુ.	બુ.	૬
જા જી	મ.	ઉ. ષા.	નોળી.	મ.	અં.	૫	,,	વૈ	શ.	૩
જુ જે જો	મ.	અભિ	નોળી.	વિદ્યા	+	૫	,,	,,	,,	+
ઞ	મી	ઉ. ભા.	ગાય	,,	મ.	૫	,,	બ્રા.	ગુ.	૮
ટા ટી ટૂ	સિં.	પૂ ફા.	ઉંદર	મ.	,,	મ	,,	ક્ષ	સ	૨

ટે	સિં.	ઉ. ફા.	ગાય	મ.	આ.	મ.	ટ.	ક્ષ.	સૂ.	૩
ટો	ક.	ઉ. ફા.	,,	મ.	આ.	,,	,,	વૈ.	બુ.	૩
ડુ	ક.	હસ્ત	ભેંસ	દે	આ.	,,	,,	,,	,,	૪
ડા	ક	પુષ્ય	ઘેટો	,,	મ.	,,	,,	બ્રા.	ચં.	૮
ડીડુડેડો	કર્ક	અશ્લે.	બિલા	રા.	અં.	,,	,,	બ્રા.	,,	૯
ઢ	ધન	પુષા	વારેર	મ,	મ.	પ.	,,	ક્ષ.	ગુ.	૨
ણ	ક	હસ્ત	ભેંસ	દે.	આ.	મ.	,,	વૈ.	બુ.	૪
તા	તુ.	સ્વાતિ	,,	દે.	અં.	મ.	ત.	શુ.	શુ.	૬
તી તૂ તે	,,	વિશા	વાઘ	રા	અં.	,,	,,	,,	શુ.	૭
તો	વૃ	,,	,,	,,	,,	,,	,,	બ્રા.	મં.	૭
થ	મી.	ઉ. ભા.	ગાય	મ.	મ.	ય.	ત.	બ્રા.	ગુ.	૮
દ	કું.	પૂ. ભા.	સિંહ	,,	આ.	,,	,,	શુ.	શ.	૭
દિ	મી	,,	,,	,,	,,	,,	,,	બ્રા.	ગુ.	૭
દુ	,,	ઉ. ભા.	ગાય	,,	મ.	,,	,,	,,	,,	૮
દે દો	,,	રેવ.	હાથી	દે.	અં.	પૂ.	,,	બ્રા.	ગુ.	૯
ધ	ધ.	પૂ. ષા.	વાનર	મ.	મ.	પ,	,,	ક્ષ.	ગુ.	૨
નનૂનીને	વૃ.	અનુ.	હરણ	દે.	મ.	મ.	,,	બ્રા.	મ.	૮
નો	,,	જ્યે.	,,	રા.	આ.	પ.	,,	,,	,,	૯
પા પી	ક.	ઉ. ફા.	ગાય	મ.	આ.	મ.	પ.	વૈ.	બુ.	૩
પૂ	ક.	હસ્ત	ભેંસ	દે.	આ.	મ.	પ.	વૈ.	બુ.	૪
પે પો	ક.	ચિત્રા	વાઘ	રા.	મ.	,,	,,	,,	,,	૫
ફ	ધ.	પૂ. ષા	વાનર	મ.	મ.	પ.	,,	ક્ષ.	ગુ.	૨
બા બી બૂ	વૃ.	રોહિ.	સાપ	મ.	અં.	પૂ.	,,	વૈ.	શુ.	૪
બે બો	વૃ.	મૃગ	સાપ	દે.	મ.	પૂ.	,,	,,	,,	૫

ભા ભી	ધ.	મૂળ	કૂતરો	રા.	આ.	૫	૫	ક્ષ.	ગુ.	૧
ભૂ	ધ.	પૂ–ષા.	વાનરો	મ.	મ.	૫	,,	ક્ષ.	શુ.	૨
ભે	ધ.	ઉ–ષા.	નોળી	મ.	અં.	૫	,,	,,	,,	૩
ભો	મ.	,,	,,	,,	,,	,,	,,	વૈ.	શ.	૩
મા મી મૂ મ	સિં	મઘા	ઉંદર	રા.	અં.	મ	,,	ક્ષ.	સૂ	૧
મો	,,	પૂ–ફા	ઉંદર	મ.	મ.	મ	,,	,,	,,	૨
યા યી યૂ	વી.	જ્યે.	હરણ	રા.	આ	૫	ય	બ્રા.	મં.	૯
યે યો	ધ.	મૂળ	કૂતરો	,,	આ.	૫	,,	ક્ષ.	ગુ.	૧
ર. ઋ રા	તુ.	ચિત્રા	વાનરો	,,	મ.	મ	,,	શુ.	શુ.	૫
રૂ રે રો	,,	સ્વાતિ	ભેંશ	દે.	અં.	મ	,,	,,	,,	૬
લા	મે.	અશ્વિ.	ઘોડો	દે.	આ.	પૂ	,,	ક્ષ.	મં.	૧
લી લૂ લે લો	મે.	ભર.	હાથી	મ.	મ.	પૂ	,,	ક્ષ.	,,	૨
વા વી વૂ	વૃષ	રોહિ.	સાપ	,,	અં.	પૂ	,,	વૈ.	શુ.	૪
વે વો	વૃષ	મૃગ	,,	દે.	મ.	,,	,,	,,	,,	૫
શ	મી.	ઉ–ભા.	ગાય	મ.	,,	૫	શ	બ્રા.	ગુ.	૮
ષ	ક.	હસ્ત	ભેંશ	દે.	આ.	મ	,,	વૈ.	બુ.	૪
સસીસૂ	કુ.	શત.	ઘોડો	રા.	આ.	૫.	,,	શુ.	શ.	૬
સે સો	,,	પૂ–ભા.	સિંહ	મ.	,,	,,	,,	,,	,,	૭
હા	મિ.	પુન.	બિલા	દે.	,,	મ	,,	,,	બુ.	૬
હી	ક.	પુન.	,,	,,	,,	,,	,,	બ્રા.	ચં.	૬
હૂ હે હો	ક.	પુષ્ય	ઘેટો	દે.	મ.	મ.	શ.	બ્રા.	ચં.	૮

પણ શુભજ કહેલ છે. **નારચંદ્ર**માં કહ્યું છે કે—

विद्यारम्भे गुरुः श्रेष्ठो, मध्यमौ भृगु भास्करौ ।
मरणं मन्दभौम्यां, नो विद्या बुधसोमयोः ॥१॥

અર્થ—"વિદ્યારંભમાં ગુરૂ શ્રેષ્ઠ છે, શુક્ર અને રવિ મધ્યમ છે, શનિ અને મંગળ વડે મૃત્યુ થાય બુધ અને સોમવારે વિદ્યા ચડતી નથી ॥૧॥" **બ્રહદજ્યોતિઃસાર**માં કહ્યું છે કે--

विद्यारम्भः सुरगुरुसितज्ञेष्वभिष्टार्थदायी ।

અર્થ—"ગુરૂ, શુક્ર અને બુધવારે કરેલ વિદ્યારંભ અભીષ્ટ અર્થને દેનાર છે." **ઉદયપ્રભસૂરિજી** કહે છે કે—વિદ્યારંભમાં સાતવારો અનુક્રમે—આયુષ્ય, જડતા, મૃત્યુ, લક્ષ્મી બુદ્ધિ, સિદ્ધિ અને મૃત્યુ આપે છે.

ગ્રંથકાર સૂરિ મહારાજ બીજી ગાથાથી જ્ઞાન જાણવાના નક્ષત્રો જણાવતાં કહે છે કે— મૃગશર, આર્દ્રા, પુષ્ય, પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વા ભાદ્રપદ, મુળ, અશ્લેષા, હસ્ત, અને ચિત્રા, એ દસ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારાં છે. આ દસ નક્ષત્રોને **સ્થાનાંગસૂત્ર**માં જ્ઞાન ભણવામાં શ્રેષ્ઠ કહેલા છે. અન્ય સ્થાને બીજા પણ નક્ષત્રો કહ્યા છે **નારચંદ્ર** અને * ૧ **આરંભસિદ્ધિ**માં જ્ઞાન ભણવા માટે—અશ્વિની, મૃગશર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, પૂર્વાફાલ્ગુની હસ્ત, ચિત્રા, સ્વાતિ, મૂળ, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને પૂર્વાભાદ્રપદ એ સોળ નક્ષત્રો શુભ કહ્યા છે **બ્રહદજ્યોતિઃસાર**માં શતભિષાને ન સ્વીકારતાં અભીચ્ અને રેવતી સાથે સત્તર નક્ષત્ર, **મુહુર્તચિંતામણિ**માં આર્દ્રા નક્ષત્ર સિવાયના પંદર નક્ષત્ર પણ મતાંતરે તો ધ્રુવ મૈત્ર અને રેવતી નક્ષત્રને શુભ કહેલ છે.

જ્ઞાન પ્રાપ્તિ માટે બન્ને પક્ષની ૨–૩–૫–૬–૧૦–૧૧ અને ૧૨ તિથિઓ શુભ છે. વર્જ્ય તિથિઓ માટે **નારચંદ્ર**માં કહે છે કે—

पूर्णिमायाममावास्याम (?) ष्टम्यां च चतुर्दशौ (?)
सप्तम्यां च त्रयोदश्यां, विद्यारम्भे गलग्रहः ॥१॥

અર્થ—"પુનમ, અમાસ, આઠમ, ચૌદશ, સાતમ અને તેરશને દિને વિદ્યાનો આરંભ કરાય તો ગળું રૂંધાય છે ॥૧॥" સામાન્ય રીતે જ્ઞાન ભણવા માટે આ સમજવાનું છે, પણ જુદા જુદા કાર્યોની અપેક્ષાએ વિશેષ શુદ્ધિ આ પ્રમાણે છે—

*** विद्यारम्भोऽश्विनी मूल-पूर्वासु मृगपञ्चके ।**
हस्ते शतभिषक्स्वाति-चित्रासु श्रवणद्वये ॥१॥

મુહૂર્ત ચિંતામણિમાં કહ્યું છે કે—બાળક પાંચ વર્ષનો થાય ત્યારે ઉત્તરાયણમાં ૨–૩–૫–૬–૧૦–૧૧ અને ૧૨ તિથિને દિને, સોમ, બુધ, ગુરુ અને શુક્રવારે અશ્વિની આર્દ્રા પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતિ અનુરાધા, શ્રવણ, અને રેવતી નક્ષત્રમાં તથા સ્થિર લગ્નમાં **લિપીનો** પ્રારંભ કરવો.

शतद्वयेऽनुराधा''ऽऽर्द्रा–रोहिणी-रेवती-करे ।
पुष्य-जीवे बुधे कुर्यात्, प्रारम्भं गणितादिषु ॥१॥

અર્થ—"શતભિષા, પુર્વાભાદ્રપદ, અનુરાધા, આર્દ્રા, રોહિણી, રેવતી, હસ્ત અને પુષ્ય નક્ષત્રમાં ગુરૂ અને બુધવાર **ગણિત** વિગેરેનો પ્રારંભ કરવો. ॥ ૧ ॥"

रोहिण्यां पञ्चके हस्ते, पुनर्भे मृगभेऽश्विने (?)
पुष्ये शुक्रेज्यविद्वारे, शब्दशास्त्रं पठेत् सुधीः ॥१॥

અર્થ—"બુદ્ધિમાને રોહિણી, પંચક, હસ્ત. પુનર્વસુ. મૃગશર, અશ્વિની અને પુષ્ય નક્ષત્રમાં શુક્ર, ગુરૂ કે બુધવારે **વ્યાકરણ** ભણવું ॥ ૧ ॥" મૃદુ ધ્રુવ ક્ષિપ્ર અને ચર નક્ષત્ર, બુધ કે ગુરૂવાળું લગ્ન અને સૌમ્ય ગ્રહવાળું દશમ સ્થાન હોય ત્યારે **વિદ્યા** તથા **શિલ્પનો** પ્રારંભ કરવો. (૪૧)

નૃત્યારંભમાં પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, અનુરાધા, જ્યેષ્ઠા, ઉત્તરાષાઢા, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્રપદ અને રેવતી નક્ષત્રો; તથા અનુકુળ ચંદ્ર શુભ છે. **હેમહંસ** ગણિજી કહે છે કે–લગ્નમાં બુધ હોય, ગુરૂએ જોએલ બુધની રાશિમાં ચંદ્ર હોય અને ચોથામાં સૌમ્ય ગ્રહો હોય તો **નૃત્ય** તથા **કાવ્યનો** આરંભ કરવો

શુભ ગ્રહો ઉદયમાં હોય, પાપ ગ્રહો ઉદયના ન હોય અને બુધની રાશિમાં ચંદ્ર હોય તો **મંત્ર** વિગેરે ગ્રહણ કરવાં. અન્યસ્થાને કહ્યું છે કે—

श्रतणत्रये मघा पूर्वा–ऽनुराधा-रेवतीत्रये ।
पुनर्भे स्वातिभे सूर्ये, शुक्रे जैनागमं पठेत् ॥१॥

અર્થ—"શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, મઘા પૂર્વાફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, અનુરાધા, રેવતી, અશ્વિની, ભરણી, પુનર્વસુ અને સ્વાતિ નક્ષત્રમાં તથા રવિ અને શુક્રવારે **જૈનાગમ** ભણવું. ॥ ૧ ॥"

હવે એ ગાથાથી **લોચના** નક્ષત્રો કહે છે—

पुणव्वसु अ पुस्सो अ, सवणो अ धणिट्ठिया ।
एएहिं चउहिं रिक्खेहिं, लोअकम्माणि कारए ॥१०४॥
कित्तिआहिं विसाहाहिं, महाहिं भरणीहि अ ।
एएहिं चउहिं रिक्खेहिं, लोअकम्माणिवज्जए ॥१०५॥

અર્થ—પુનર્વસુ, પુષ્ય, શ્રવણ અને ધનિષ્ઠા આ ચાર નક્ષત્રમાં લોચકર્મ કરવું. ॥ ૧૦૪ ॥ કૃત્તિકા, વિશાખા, મઘા અને ભરણી આ ચાર નક્ષત્રમાં લોચકર્મ વર્જવું. ॥ ૧૦૫ ॥

વિવેચન—નવા બાળકને કે નવદીક્ષિત શિષ્યને પ્રથમ **ક્ષૌર** કે **લોચ** કરાવવો હોય ત્યારે પુનર્વસુ, પુષ્ય, શ્રવણ અને ધનિષ્ઠા નક્ષત્રો હોય તો અત્યંત શુભ છે, પણ કૃત્તિકા, વિશાખા. મઘા અને ભરણી એ ચારમાંથી હરકોઈ નક્ષત્ર હોય તો અત્યંત અશુભ છે. અહીં આપેલ કૃત્તિકાદિ ચાર નક્ષત્રોને **ગણિવિદ્યાપ્રકીર્ણક**માં પણ વર્જ્યજ કહ્યા છે.

આ આઠ સિવાયના બાકીનાં નક્ષત્રો ક્ષૌરકર્મમાં મધ્યમ અને વિમધ્યમ છે, જેની દરેક રીતની શુદ્ધિ અન્ય ગ્રન્થોમાં આ પ્રમાણે છે—પ્રથમના લોચમાં અને ક્ષૌરમાં ૨–૩–૫–૭–૧૦–૧૧–૧૨–૧૩ તિથિ, સોમ, બુધ, ગુરૂ અને શુક્રવાર, અશ્વિની, મૃગશર, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા સ્વાતિ, જ્યેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા અને રેવતી નક્ષત્ર. તેજ ક્ષણો, શુભ તારાબળ, કેન્દ્રિયા સૌમ્ય ગ્રહો અને ૩–૬–૧૧ સ્થાને ક્રૂર ગ્રહો હોય તો તે શુભ છે. ક્ષૌરમાં રિકતા અમાસ વર્જ્ય છે, કેન્દ્રિયા ક્રૂર ગ્રહો પણ અતિ અશુભ છે હર્ષપ્રકાશમાં કહ્યુ છે કે—"તારાસુદ્ધંખઉર" એટલે—તારાશુદ્ધ દિવસે ક્ષૌર કરવું." **વ્યવહાર પ્રકાશ**માં ચંદ્ર બળને પણ આવશ્યક માનેલ છે. **મુહુર્ત ચિંતામણી**માં કહ્યું છે કે–કર્ક, કન્યા,ધન અને કુંભનો સૂર્ય હોય ત્યારે જન્મમાસમાં, જન્મ નક્ષત્રમાં, દેવપૂજાના દિવસે અને અભિષેકના દિવસે પણ ક્ષૌર કરાવવું નહિ. **બ્રહ્જ્જ્યોતિઃસાર**માં કહ્યું છે કે–રવિવારે ક્ષૌર કરાવે તો એક માસ આયુષ્ય ઘટે છે. સોમવારે સાત માસ વધે છે, મંગળવારે આઠ માસ ઘટે છે, બુધવારે પાંચ માસ વધે છે, ગુરૂવારે દસ માસ વધે છે, શુક્રવારે અગીયાર માસ વધે છે; અને શનિવારે સાત માસ ઘટે છે.

ત્યાર પછીના નિરંતરના ક્ષૌર માટે એવો નિયમ છે કે–તેલ મર્દન કર્યું હોય, નાહ્યો હોય, જમ્યો હોય, આભૂષણ પહેર્યાં હોય, યુદ્ધ માટે તૈયાર થયો હોય, રજસ્વલા સ્ત્રી હોય

ત્યારે, વિદ્યારંભના દિવસે, રાત્રે, ત્રણે સંધ્યામાં, પર્વ દિવસે, ધર્મ મહોત્સવના દિવસે- **પ્રતિષ્ઠા** વિગેરે શુભ કાર્ય કર્યા હોય તે દિવસે, જન્મ દિવસે, જન્મ નક્ષત્રમાં, રિક્તા, અમાસ, પુનમ અને એકમ તિથિએ, ગત ક્ષૌર દિવસથી નવમે દિવસે, કૃત્તિકાદિ ચાર નક્ષત્રોમાં તથા લાગલાગટ છ કૃત્તિકામાં, આઠ રોહિણીમાં, ત્રણ અનુરાધામાં, ચાર ઉત્તરામાં, પાંચ મઘામાં અને એક મૂળમાં ક્ષૌર કરાવવું નહિં. વિશેષતા એટલી છે કે-રાજાની આજ્ઞાથી, મૃત્યુના સૂતકમાં, કેદમાંથી છુટતાં, યજ્ઞમાં, સ્ત્રીના કાર્યમાં; તીર્થમાં અને વ્રતાદિકમાં ક્ષૌર કરાવવું હોય તો ઉપરોક્ત વાર નક્ષત્ર, નવમો દિવસ વિગેરે શુદ્ધિ જોવાની આવશ્યકતાજ નથી.

રાજાના ક્ષૌર માટે **ઉદયપ્રભસૂરિ** કહે છે કે-રાજાએ પાંચમે પાંચમે દિવસે, શુભ તારાએ, અને શુભ કાળહોરામાં શ્મશ્રુકર્મ કરાવવું; તથા નખ ઉતારવા માટે ક્ષૌરનાં નક્ષત્રો, રવિ સિવાયના વારો અને તે દરેકની હોરા શુભ છે.

હવે **કર્ણવેધ** અને **રાજાના દર્શનનાં નક્ષત્રો** કહે છે--

मिग-अणु-पुण पुस्सा जिट्ठ-रेव-ऽस्सिणीआ,
सवण-कर-सचित्ता सोहणा कण्णवेहे ।
कर-सवण-ऽणुराहा रेव-पुस्स-ऽस्सिणीआ,
मिग-घणि-धुव-चित्ता दंसणे भूवईणां ॥१०६॥

અર્થ—કર્ણવેધમાં મૃગશર, અનુરાધા, પુનર્વસુ; પુષ્ય, જ્યેષ્ઠા, રેવતી, અશ્વિની, શ્રવણ, હસ્ત અને ચિત્રા નક્ષત્રો શુભ છે. તથા રાજાના દર્શનમાં હસ્ત, શ્રવણ, અનુરાધા, રેવતી, પુષ્ય, અશ્વિની, મૃગશર, ધનિષ્ઠા ધ્રુવ, અને ચિત્રા નક્ષત્રો સારાં છે.

વિવેચન—બાળકને કે મુનિરાજને **કર્ણવેધ** કરાવવો હોય ત્યારે જો મૃગશર, અનુરાધા પુનર્વસુ, પુષ્ય, જ્યેષ્ઠા, રેવતી, અશ્વિની, શ્રવણ, હસ્ત અને ચિત્રા નક્ષત્ર હોય તો શુભ છે. **ઉદયપ્રભસૂરિ** કર્ણવેધમાં ધનિષ્ઠા તથા ત્રણ ઉત્તરાનો અને **મુહુર્ત ચિંતામણિકાર**— રોહિણી, મુળ, શતભિષા, સ્વાતી તથા ત્રણ ઉત્તરા નક્ષત્રનો પણ સ્વીકાર કરે છે. અહીં નક્ષત્રોની શુદ્ધિ અતિ આવશ્યક માનેલ છે, પણ **મુહુર્ત ચિંતામણિ**માં કહ્યું છે કે—જન્મના વિષમ વર્ષે, ચોમાસુ, ચૈત્ર પોષ અને જન્મમાસ સિવાયના માસોમાં રિક્તા સિવાયની વિષમ તિથિઓમાં, રવિ, સોમ, બુધ કે ગુરુવારને દિવસે તથા મિથુન, કન્યા, ધન, કુંભ અને મીન લગ્નમાં કર્ણવેધ કરાવવો જોઇએ, **આરંભસિદ્ધિની ટીકા**માં કહ્યું છે કે-સૌમ્ય ગ્રહો ત્રીજા કે

અગીયારમાં ભુવનમાં હોય અને સૌમ્યગ્રહની દ્રષ્ટિ ક્રૂરગ્રહથી રહિત શુભ લગ્ન સ્થાનમાં જતી હોય તો કર્ણવેધ શુભ છે.

સૂરિ મહારાજ ઉત્તરાર્ધ ગાથાથી **નૃપદર્શનનાં નક્ષત્રો** દેખાડતાં કહે છે કે—રાજાના દર્શનમાં અશ્વિની, રોહિણી, મૃગશર, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા ત્રણ ઉત્તરા અને રેવતી નક્ષત્રો શુભ છે. અન્ય સ્થાને આ કાર્યમાં રવિવાર, મંગળવાર, ગુરૂવાર ૧–૩–૧૩–૧૫ તિથિઓ અને ભદ્રા કરણ શુભ કહેલા છે રવિવાર અને ભદ્રા વધારે શુભ છે. નૃપાદિકની સેવા માટે કહ્યું છે કે—પંડિત તથા લડવૈયાએ લગ્નમાં શુભ ગ્રહ હોય, ૧૦ કે ૧૧ સ્થળે રવિ કે મંગળ હોય, અને યોનિવૈર વિગેરેની શુદ્ધિ હોય તો સ્વામીનો આશ્રય કરવો. રાજા પાસે જતાં પુર્ણ નાસિકાનો પગ આગળ સ્થાપવો.

હવે **વસ્ત્રધારણ**ના વારો કહે છે કે—

सूरे जिण्णं ससी अद्दं, मालिणं सणिधारिअं ।
भोमे दुक्खावहं होइ, वत्थं सेसेहिं सोहणं ॥१०७॥

અર્થ—રવિવારે ધારેલ વસ્ત્ર (જલદી) જીર્ણ થાય છે, સોમવારે ધારેલ આર્દ્ર થાય છે, શનિવારે ધારેલ મલિન રહે છે, મંગળવારે દુઃખદાયક થાય છે અને બાકીના વારે ધારણ કરેલ વસ્ત્ર સારૂં છે. ॥૧૦૭॥

વિવેચન—નવું વસ્ત્ર ધારણ કરવામાં રવિ, સોમ, મંગળ અને શનિવાર નિંદ્ય છે; તથા બુધ, ગુરૂ, અને શુક્ર શુભ છે. તેમાં નવું વસ્ત્ર ધારણ કરવાને દિવસે રવિવાર હોય તો વસ્ત્ર ટુંક મુદતમાં જળી જાય છે, સોમવાર હોય તો ભીનુંજ રહ્યા કરે છે, અર્થાત્—ન્હાવાના કે વસ્ત્ર ધોવું પડે તેવા પ્રસંગો બહુ આવે છે; મંગળવાર હોય તો પહેરનારને શોક રહ્યા કરે છે. શનિવાર હોય તો મેલું રહ્યા કરે છે, અને બુધ, ગુરૂ, કે શુક્ર હોય તો દરેક રીતે આનંદ પ્રવર્તે છે. અન્ય સ્થાને કહ્યું છે કે—બુધ, ગુરૂ અને શુક્રવારે નવું વસ્ત્ર ધારણ કરવાથી ધન, જ્ઞાન અને સુખ મળે છે. **બ્રહદજ્યોતિઃસાર**માં કહ્યું છે કે—શુક્રવારે પહેરેલ નવું વસ્ત્ર પ્રિય-સંગમ માટે થાય છે અહીં દર્શાવેલ વારો વિશેષતાએ સાધુના શ્વેત વસ્ત્ર માટે છે એટલે દરેક પ્રકારનાં વસ્રો માટે સામાન્ય રીતે શુભાશુભ સમજવાના છે. જેથી કેટલાએક આચાર્યો વિવિધરંગી વસ્રો માટે કહે છે કે–મંગળ વિગેરે છ વારોમાં અનુક્રમે લાલ, લીલું શ્વેત, શ્વેત, કાળું અને પીળું વસ્ત્ર પહેરવું તે શુભ છે. અહીં એમ માની શકાય છે કે–બુધ ગુરૂ અને શુક્રવારે દરેક રંગનાં નવા વસ્ત્રો પહેરી શકાય છે વળી જે ગ્રહોનો જેવો રંગ છે તેવા રંગનાં

વસ્ત્રો તે ગ્રહના વારે ધારણ કરે તો વિરૂદ્ધ વાર પણ શુભ છે. નવી **કાંબળી** ધારણ કરવામાં રવિ પણ શુભ છે. નવા વસ્ત્રમાં દગ્ધા તિથિ અશુભ છે અને ૧–૨–૩–૧૩–૧૫ અતિ શુભ છે.

નક્ષત્રો માટે **ઉદયપ્રભસૂરિ** કહે છે કે–નવાં વસ્ત્ર ધારણ કરવામાં અશ્વિની, રોહિણી, **પુનર્વસુ**, પુષ્ય ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, ઉત્તરાષાઢા, ધનિષ્ઠા ઉત્તરા ભાદ્રપદ અને રેવતી નક્ષત્રો શુભ છે. તેની ટીકામાં કહ્યું છે કે–અશ્વિની વિગેરે નક્ષત્રોમાં નવું વસ્ત્ર ધારણ કરે તો અનુક્રમે ૧ નષ્ટ વસ્તુની પ્રાપ્તી, ૨ મૃત્યુ ૩ અગ્નિદાહ, ૪ અર્થ સિદ્ધિ, ૫ મૂષક ભય, ૬ મૃત્યુ, ૭ ધનપ્રાપ્તિ, ૮ ધનપ્રાપ્તિ, ૯ શોક, ૧૦ મૃત્યુ, ૧૧ રાજભય, ૧૨ સંપત્તિ, ૧૩ કાર્યસિદ્ધિ, ૧૪ વિદ્યાપ્રાપ્તિ, ૧૫ મિષ્ટાન્ન, ૧૬ પ્રીતિ, ૧૭ મિત્રપ્રાપ્તિ, ૧૮ વસ્ત્રહરણ, ૧૯ જળમાં નાશ, ૨૦ રોગ, ૨૧ અતિ મિષ્ટભોજન, ૨૨ નેત્ર વ્યાધિ, ૨૩ ધાન્યપ્રાપ્તિ, ૨૪ વિષભય, ૨૫ જળભય ૨૬ ધનપ્રાપ્તિ, અને ૨૭ રત્નપ્રાપ્તિ, એ પ્રમાણે ફળ મળે છે.

સૌભાગ્યને ઇચ્છતી સતી સ્ત્રીને અલંકાર અને લાલ વસ્ત્રો માટે મંગળ, બુધ, શુક્રવાર તથા અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, ધનિષ્ઠા અને રેવતી નક્ષત્રોજ શુભ છે; પણ વસ્ત્ર માટે કહેલા બીજા નક્ષત્રો અશુભ છે; અહીં વસ્ત્ર અને અલંકારો ધારણ કરવામાં વિશેષતા એટલી છે કે–ગુરૂ વડિલ અને રાજાએ આપેલ તથા વિવાહ ઉત્સાહ કે ઇનામમાં મળેલ વસ્ત્ર નિઃશંકપણે નિંદ્ય દિવસે પણ ધારણ કરવું.

બ્રહત્કલ્પસૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે–ગચ્છને લાયક વસ્ત્રની એષણા માટે નીકળેલ સાધુને જે પ્રથમ વસ્ત્ર મળે તે ફાટેલું, બળેલું અને મશ છાણ કે માટીથી ખરડાયેલું હોય તો તેના ત્રણ આડા અને ત્રણ ઉભા એમ નવ ભાગ કરવા. અને તેમાં અનુક્રમે—૧ દેવ, ૨ અસુર, ૩ દેવ, ૪ મનુષ્ય, ૫ રાક્ષસ, ૬ મનુષ્ય, ૭ દેવ, ૮ અસુર અને ૯ દેવની સ્થાપના કરવી. આ નવ ભાગમાંથી જે ભાગના મધ્યમાં ફાટયું, બળ્યું કે ખરડાયું હોય તો તેનું નિમિત્તજ્ઞાન આ પ્રમાણે છે—

"देवेसु उत्तमो लाभो, माणुसेसु अ मज्झिमो।
असुरेसुअ अ गेलन्नं, मरणं जाण रक्खसे ॥ १ ॥"

અર્થ—"જો તે બળેલા કે ફાટેલા વસ્ત્રનો ભાગ દેવના અંશમાં હોય તો તેના માલીકને ઉત્તમ લાભ મળે છે, મનુષ્યના અંશમાં મધ્યમ લાભ થાય છે, અસુરના અંશમાં રોગ થાય છે અને રાક્ષસના અંશમાં મૃત્યુ થાય છે. ॥ ૧ ॥" **લલ્લ** પણ કહે છે કે–દેવાદિ ચાર અંશમાં

કપાયું ફાટયું કે બળ્યું હોય તો માલીકને અનુક્રમે ભોગ. પુત્ર, રોગ અને મૃત્યુની પ્રાપ્તિ થાય છે. **ઉદયપ્રભસૂરિ** કહે છે કે–તે વસ્ત્ર ફાટે કે બળે ત્યારે તદ્દન વાપર્યાં વિનાનું હોય તો દેવવાદિક અંશમાં કહેલ ફળ વિશેષ પ્રમાણમાં મળે છે, અને તે વસ્ત્ર જેટલો વખત વાપરેલું હોય તેટલા પ્રમાણમાં ઓછું ઓછું ફળ મળે છે. જો દેવાદિક અંશના મધ્યમાં ફાટે કે બળે તોજ આ ફળ સમજવાનું છે. પણ હરકોઇ અંશના છેડામા ફાટ વિગેરે પડે તો તે શુભ અંશ હોય તો પણ તેનું ફળ અશુભ જ મળે છે. આ પ્રમાણે પથારી આસન વિગેરેમાં પણ શુભા–શુભ ફળ સમજવું.

વળી ચારેના અંશમાં ફાટે બળે કે ખરડાય ત્યારે કમળ, છત્ર, ધ્વજ, તોરણ, મૃગ, કચ્છપ અને અષ્ટ મંગળ વિગેરેની આકૃતિ થાય તો તે શુભ છે અને ખર, ઉંટ, કાક, સાપ, શિયાળ, ઘુવડ, કુતરો કે વરૂ વિગેરે આકૃતિ થાય તો દેવાંશ હોય છતાં અશુભ છે નાના બાળકને પ્રથમ વસ્ત્ર પહેરાવવું હોય ત્યારે ૧–૨–૩–૫–૭-૧૧–૧૩ તીથીઓ સોમ, બુધ, ગુરૂ શનિ, અશ્વિની, રોહીણી, હસ્ત, અશ્લેષા, વિશાખા, ત્રણ ઉત્તરા અને રેવતી શ્રેષ્ઠ છે.

નવાપાત્ર વાપરવાનાં નક્ષત્ર અને વાર કહે છે.

मिग–पुस्स-ऽस्सिणी हत्था–ऽणराहा चित्त-रेवई।
सोमो गुरु अ दो वारा, पत्तवावरणे सुहा ॥१०८॥

અર્થ—મૃગશર, પુષ્ય, અશ્વિની, હસ્ત, અનુરાધા, ચિત્રા અને રેવતી નક્ષત્રો; તથા સોમ અને ગુરૂ એમ બે વારો પાત્ર વાપરવામાં સારાં છે. ॥ ૧૦૮ ॥

વિવેચન—નવાં પાત્રાં વાપરવા હોય ત્યારે સોમવાર અને ગુરૂવાર તથા અશ્વિની, મૃગશર, પુષ્ય, હસ્ત, ચિત્રા, અનુરાધા અને રેવતી નક્ષત્રો હોય તો શુભ છે. અન્યસ્થાને બુધ સ્વાતિ અને શ્રવણ નક્ષત્રો પણ શુભ કહ્યા છે.

હવે નષ્ટ પ્રાપ્તિનાં નક્ષત્રો કહે છે—

जाम्माइसुहा चउ चउ, असिणाई काण चिपड सज्जंधा
दुसु वत्त जाइ सज्जे, अंधे लब्भइ गयं वत्थु ॥ १०९॥

અર્થ—દક્ષિણાદિ મુખવાળાં અશ્વિની વિગેરે ચાર ચાર નક્ષત્રો અનુક્રમે–કાંણાં ચીબડાં, સજ્જ અને આંધળાં છે. બે નક્ષત્રમાં વસ્તુ ચોરાઈ હોય તો તેની વાતો થાય છે, સજ્જ નક્ષત્રમાં ગઇ હોય તો મળતી નથી અને આંધળામાં ગઈ હોય

તો પાછી મળે છે ॥ ૧૦૯ ॥

વિવેચન—જે દિવસે વસ્તુ ચોરાઈ હોય તે દિવસનાં નક્ષત્ર ઉપરથી ચોરાયેલી વસ્તુ જાણવાની રીતિ આ ગાથામાં દેખાડેલ છે. અશ્વિની ભરણી વિગેરે ચાર ચાર નક્ષત્રોની અનુક્રમે કાણાં, ચીબડાં દેખતાં અને આંધળાં, એમ સંજ્ઞાઓ દેખાડી છે. એટલે દરેક સંજ્ઞામાં સાત સાત નક્ષત્રો ગણાય છે, જે અમોએ **નક્ષત્રદ્વાર**માં દર્શાવેલ છે. તે દક્ષિણાદિ મુખવાળાં કરવા. એટલે કાણાં, ચીબડાં, દેખતાં અને આંધળા નક્ષત્રમાં ગયેલ વસ્તુ અનુક્રમે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને પૂર્વ દિશામાં ગઈ છે એમ સમજવું. તેમાં પહેલી બે જાતિના નક્ષત્રોમાં વસ્તુ ગઇ હોય તો તે મળશે કે નહિં મળે ? એ પ્રમાણે વાતો થાય છે અર્થાત્ **કાણાં** નક્ષત્રમાં ગયેલ વસ્તુ બહુ મહેનતે મળે છે. **ચીબડા**માં ગયેલ વસ્તુ મળવાની આશા રહે છે, વસ્તુની ખબર મળે છે અને કદાચજ વસ્તુ મળે છે. **દેખતા** નક્ષત્રમાં ગયેલ વસ્તુ મળતીજ નથી. અને આંધળા નક્ષત્રની વસ્તુ સુખેથી મળે છે.

આરંભસિદ્ધિની ટીકામાં કહ્યું છે કે-કાંણા નક્ષત્રમાં ચોરાયેલ વસ્તુ અર્ધી પાછી મળે છે. આંધળા નક્ષત્રમાં ગયેલ બે પગવાળી કે ચાર પગવાળી વસ્તુ કષ્ટથી પાછી મળે છે. દેખતા નક્ષત્રમાં ગયેલ ત્રણ પાદવાળી—લંગડી વસ્તુ પણ પાછી મળે છે. તથા આંધળા નક્ષત્રમાં વસ્તુ નજીકમાંજ હોય છે. **બૃહજ્જ્યોતિઃસારમાં** કહ્યું છે કે—આંધળા, કાણાં અને ચિબ્બ નક્ષત્રમાં ગયેલ વસ્તુ અનુક્રમે તુરતમાં ત્રણ દિવસમાં અને ચોસઠ દિવસમાં મળે છે.

હવે **નષ્ટપ્રાપ્તિની** બીજી રીત કહે છે—

रविरिक्खा छब्बाला, बारस तरुणा नव परे थेरा।
थेरे न जाइ तरुणे-हिं जाइ बाले भमइ पासे ॥११०॥

અર્થ—રવિ નક્ષત્રોમાં છ બાળક છે, બાર જુવાન છે અને પછીનાં નવ સ્થવિર છે. તેમાં-સ્થવિર વૃદ્ધ નક્ષત્રમાં ગયેલ વસ્તુ જતી નથી, જુવાન નક્ષત્રની વસ્તુ જાય છે અને બાળક નક્ષત્રની વસ્તુ પાસે ભમે છે. ॥ ૧૧૦ ॥

વિવેચન—રવિ નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણવું. તેમાં પહેલાનાં છ નક્ષત્રો **બાળનક્ષત્રો** છે. વસ્તુ ચોરાઈ હોય ત્યારે આ છ પૈકીનું હરકોઈ નક્ષત્ર હોય તો જાણવું કે—ચોરાયેલ વસ્તુ પાસેની ભૂમિમાં છે, ઠેકાણે પડી નથી, તેમ દુર ગઈ નથી પછીનાં બાર નક્ષત્રો **જુવાન** છે. આ નક્ષત્રોમાં વસ્તુ ચોરાય તો જાય છે, પાછી આવતી નથી અને છેલ્લાં નવ નક્ષત્રો વૃદ્ધ છે જેમ **વૃદ્ધ** પુરૂષ હરી ફરીને ઘેર આવે છે, તેમ વૃદ્ધ નક્ષત્રમાં ગયેલ વસ્તુ

માલીકની પાસે પાછી આવે છે. રાશિ અને ગ્રહદ્વારા ગત વસ્તુનું જ્ઞાન સહેલાઇથી થાય છે માટે **શ્રી નરચંદ્રસૂરિ સવૃત્તિ પ્રશ્નશતક**માં કહે છે કે—

વસ્તુ ગઈ હોય ત્યારે તાત્કાલીક લગ્નકુંડળીમાં કે પ્રશ્ન કુંડળીમાં તપાસ કરવી લગ્નેશ ઉપરથી વસ્તુ સ્વામીનું ધનપતિ ઉપરથી ચોરાયેલી વસ્તુ આકૃતિ અને ધાતુ વિગેરે નું ધનેશ સાથેના ગ્રહોની સંખ્યાથી ચોરાયેલી વસ્તુની સંખ્યાનું સપ્તમેશ ગ્રહથી વસ્તુ સંતાડી હોય તે ઉપર નીચે સ્થાનનું; અષ્ટમેશ ઉપરથી ચોર ચોરની જાત, વય અને સંખ્યાનું; અષ્ટમેશવાળા ભુવન ઉપરથી ચોરનું નામ અને લગ્ન તથા લગ્નેશ ઉપરથી દિશાનું જ્ઞાન થાય છે. આ ચારે પતિ ગ્રહો પૂર્વાર્ધ કુંડળીમાં હોય તો વસ્તુ ધામમાં છે અને ઉત્તરાર્ધ કુંડળીમાં હોય તો વસ્તુ ધામ બહાર હોય છે તથા તે ચારેમાં જે બળવાન્ હોય તે ઉપરથી અનુક્રમે-દેશ, સ્થાન, ઘર કે ગામની અંદર કે બહાર છે એમ સમજવું

સ્થિર લગ્ન હોય, ધનેશ પુષ્ટ હોય, ધનને જોતો હોય અને અષ્ટમેશ નબળો હોય તો વસ્તુ ક્યાંક ભૂલથી મૂકાયેલ છે પણ સાંભરતી નથી, અથવા વસ્તુ ઘરમાંથી ગઈ નથી એમ જાણવું, પણ ચર લગ્ન હોય અને બીજું પણ વિપરીત હોય તો વસ્તુ ઘરમાં નથી, એમ જાણવું. વળી અષ્ટમેશ લગ્નમાં હોય, લગ્ન કેન્દ્ર અને લગ્નેશ શુભ ગ્રહવાળાં હોય, લગ્નેશ લગ્ન કે કેન્દ્રમાં હોય, અથવા શુભ ગ્રહો આઠમે કે બારમે ન હોય, અથવા લગ્નેશ અને એકાદશેસનો યોગ થાય તો જરૂર વસ્તુ પાછી મળે છે. તથા—લગ્ન લગ્નેશ અને કેન્દ્ર ક્રૂર ગ્રહવાળા હોય, અથવા અષ્ટમેશ સૌમ્યગ્રહ સાથે હોય, અને સૌમ્યગ્રહ સાથે કેન્દ્રમાં પડયો હોય અથવા મૃત્યુ અને વ્યય સિવાયના ભુવનોમાં ક્રૂર ગ્રહ પડયા હોય તો તે વસ્તુ જાય છે. પણ અષ્ટમેશ સાતમા ભુવનમાં હોય તો ચોર મૃત્યુ પામ્યો છે એ પ્રમાણે જાણવું.

અહીં સાતે ગ્રહના અનુક્રમે—મૂળ, ધાતુ, ધાતુ, જીવ, જીવ, મૂળ અને ધાતુ **દ્રવ્યો** છે. ચોરસ, સ્થૂળ, ચોરસ, ગોળ, ગોળ, ખંડ અને દીર્ઘ **આકૃતિઓ** છે. મોતી રૂપું ત્રાંબું સોનું, રત્ન, રૂપુ અને લોઢું (રાહુનું હાડકુ) અથવા ત્રાંબુ, મણિ, સોનું, કાંસુ, રૂપુ, મોતી અને લોઢું **ધાતુઓ** છે. પશુભૂમિ, જળ, દગ્ધસ્થાન, લાકડું, મંદિર, પાણી, અને અગ્નિ **સ્થાનો** છે. ઉંચી, સમ, ઉંચી; તીરછી, સમ, તીરછી અને નીચી **દ્રષ્ટિ** છે. ગ્રહોની **દિશા** અને **જાતિ** પહેલાં (પુષ્ઠ ૩ તથા ૨૮૩ માં) કહેવાય ગયા છે.

ચોર પ્રશ્નમાં બાર ભુવનના ચોરો અનુક્રમે—ઘરધણી, ભંડારી, ભાઈ, માતા. પુત્ર, શત્રુ, સ્ત્રી,

ચોરી અને રોગ-જ્ઞાન ચક્ર.

નક્ષત્ર	નેત્ર.	દિશા.	વસ્તુપ્રાપ્તિ વર્ષ+દિન	વાર યોગે રોગ પીડા દિન	રોગ પાદ. ૧	પાદ. ૨	પાદ. ૩
અ.	કા	દ	મળે	સો. શુ ૨૧	૧૦	૭૭	૩૨
ભ.	ચિ	પ	૩ દિન	૨૦ બુ. શ મૃ.	૯	૦	૦
કૃ.	દે	ઉ	ધીમે	ગુરૂ ૨૮	૫૦	૧૦	૦
રો.	આં	પૂ	તુરત	શ. ૭	૯	૧૩	૧૦
મૃ.	કા	દ	થોડું	ક્રૂર-મૃત્યુજ	૭	૧૩	૧૦
આ.	ચિ	પ	શોધવાથી	મ. શુ. મૃત્યુ	૧૫	૧૨	૪૯
પુ.	દે	ઉ	નહીં	સો. શુ. મૃત્યુ	૪૫	૭	૨૫
પુ.	આં	પૂ	મળે	ર. બુ. શ. ૨૫	૭	૧૨	૨૧
અ.	કા	દ	નહીં	સો. શુ. ૧૯	૯	૦	૪૫
મ.	ચિ	પ	મળે	ર. બુ. શ. ૧૩+મૃ	૭	૨૦	૦
પૂ.	દે	ઉ	નહિંજ	સો. ગુ. ૧૧	૧૩	૭	૦
ઉ.	આં	પૂ	તુ+૨૫	સો. શુ. (૨૫)	૧૪	૭	૮
હ.	કા	દ	વ-૩+૯૦+૩	ર. બુ. શ ૧૦	૮	૪	૫
ચિ.	ચિ	પ	૩૦+વ-૧	સો. ગુ (૧૭)	૩	૯	૧૦
સ્વા.	દે	ઉ	૮+ન	ર. બુ શ. ૧૦	૧૦	૧૨	૦
વિ.	આં	પૂ	૧	ર. શ. ૧૫	૪૮	૧૨	૨૫
અ.	કા	દ	૩+૧૦+૧૫	બુ. (૧૭)	૭	૧૫	૦
જ્યે.	ચિ	પ	વ-૧+૩૦+૩	ગુ. ૩૨+મૃ.	૪૫	૧૬	૦
મૂ.	દે	ઉ	નહિંજ	ર. સો. શ. (૭)	૧૫	૦	૦
પૂ.	આં	પૂ	તુરત	સો. બુ. ૫+૧૦	૯૦	૧૬	૦
ઉ.	કા	દ	૧૫+૨૫	ગુ. ૨૦	૧૫	૧૨	૨૦
અ.	ચિ	પ	નહીં	ર. બુ. ૨૦	×	×	×
શ્ર.	દે	ઉ	નહીં	ર. મં. મૃત્યુ	૭	૨૦	૧૬
ધ.	આં	પૂ	ન+મળે	ર. મં. (૧૫)	૨૭	૨૦	૯
શ.	કા	દ	૨૮	શુ. ગુ. ૮	૮	૧૮	૧૬
પૂ.	ચિ	પ	તુરત	ર. મ. ૧૦	૯	૦	૧૨
ઉ.	દે	ઉ	નહીં	સો. બુ. ૨૫	૧૦	૨૦	૨૦
રે.	આં	પૂ	૧૮	ગુ. શુ. ૧૫+(૧૫)	૮	૬૩	૦

લી. મુનિ રત્નવિજય. નારચંદ્ર

+ અથવા ( ) તેટલા દિવસમાં મરે, મૃ. મૃત્યુ.

રોગ શાંતિ દિન.

	પ્રહર ૧	પ્રહર ૨	પ્રહર ૩	પ્રહર ૪	શાંત
અ	૫	૦	૬	૧૩	૯
ભ	૭	૧૫	૯	૧૪	૧૧
કૃ	૧૫	૧૮	૨૨	૨૭	૯
રો	૧૭	૩	૨૧	૦	૭
મૃ	૨૨	૯	૩	૧૯	૩૦
આ	૧૧	૧૩	૦	૨૩	મૃ
પુ	૧૭	૧૫	૩	૭	૭
પુ	૨૩	૧૧	૧૦	૧૧	૭
અ	૯	૯	૨૫	૧૮	મૃ
મ	૨૬	૩	૧૭	૨૦	૨૦
પૂ	૨૦	૨૭	૧૫	૨૧	મૃ
ઉ	૦	૧૦	૦	૧૯	૭
હ	૨૩	૧૫	૭	૦	૧૫
ચિ	૧૧	૧૩	૨૫	૧૬	૧૧
સ્વા	૨૭	૨૦	૧૭	૨૨	મૃ
વિ	૨૩	૧૯	૨૩	૨૩	૧૫
અ	૨૫	૨૧	૨૮	૧૩	+
જ્યે	૧૭	૧૪	૦	૩૩	મૃ
મ	૦	૨૩	૯	૧૫	૯
પૂ	૧૫	૩૫	૧૮	૧૬	મૃ
ઉ	૧૫	૧૭	૧૧	૦	૩૦
અ	+	+	+	+	+
શ્ર	૧૪	૨૭	૧૩	૧૪	૧૧
ધ	૧૯	૦	૨૩	૨૦	૧૫
શ	૨૪	૦	૩	૨૪	૧૧
પૂ	૩૧	૧૫	૧૮	૩૧	મૃ
ઉ	૨૭	૧૨	૨૩	૧૧	૭
રે	૧૫	૧૯	૦	૨૦	+

લી. શુભસાગરગણી

ચોર, પૂજ્ય, રાજા, નોકર, અને રસોયો છે. વિશેષ જાણવા ઈચ્છનારે અન્ય પ્રશ્ન ગ્રન્થોમાંથી જોઈ લેવું.

સર્પદંશ વિષે કહે છે—

विसाहा कित्तिआ-ऽस्सेसा, मूलऽद्दा भरणी महा।
एयाहिं अहिना दट्ठा, कट्ठेणावि न जीवइ ॥१११॥

અર્થ—વિશાખા, કૃત્તિકા, અશ્લેષા, મૂળ, આર્દ્રા, ભરણી અને મઘામાં જેને સર્પ ડસ્યો હોય તે કષ્ટે કરીને પણ જીવે નહિ ॥ ૧૧૧ ॥

વિવેચન—ભરણી, કૃત્તિકા, આર્દ્રા, અશ્લેષા, મઘા, વિશાખા અને મુળ; આ નક્ષત્રો ક્રુર છે; તેથી તેમાં સર્પ ડસ્યો હોય તો તે મનુષ્ય કોઈપણ રીતે બચી શકતો નથી. **વિવેક-વિલાસ**માં તો અશ્વિની, રોહિણી, ત્રણ પૂર્વા, ૫–૬–૮–૯–૧૪ અને ૦)) તિથિઓ, રવિ મંગળ અને શનિવાર, સવાર–સાજની સંધ્યા અને સાંક્રાન્તિ કાળમાં પણ **ડંખમૃત્યુયોગ** કહેલ છે.

હવે **રોગશાન્તિ**નાં નક્ષત્રો કહે છે—

पुण-पुस्स-उफा-उभ-रो-हिणीहिं रोगोवसम सत्त दिणे।
मूल-स्सिणि-कित्ति नवमे, सवण-भरणि-चित्त-सयभिसेगदसे ॥११२॥
घणि-कर-विसाहिं पक्खे, मह वीसइमे उषा-मिगे मासे।
अणुराह-रेवइ चिरं, तिपुव्व-जिट्ठ-ऽद्द-ऽस्सेस-साइ मिइ ॥११३॥

અર્થ—પુનર્વસુ, પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાભાદ્રપદ અને રોહિણીમાં વ્યાધિ થયો હોય તો સાત દિવસે; મૂળ અશ્વીની અને કૃત્તિકામાં વ્યાધિ થયો હોય તો નવ દિવસે; શ્રવણ ભરણી ચિત્રા અને શતભિષામાં વ્યાધિ થયો હોય તો અગીયાર દિવસે; ॥ ૧૧૨ ॥ ધનિષ્ઠા, હસ્ત, અને વિશાખામાં વ્યાધિ થયો હોય તો પંદર દિવસે; મઘામાં વીશ દિવસે, ઉત્તરાષાઢા અને મૃગશરમાં વ્યાધિ થયો હોય તો એક મહિને; તથા અનુરાધા અને રેવતી નક્ષત્રમાં રોગ થયો હોય તો ચિરકાળે તેની શાતિ થાય છે, પણ ત્રણ પૂર્વા (પૂર્વાફાલ્ગુની પૂર્વાષાઢા પૂર્વાભાદ્રપદ) જ્યેષ્ઠા, આદ્રા, અશ્લેષા કે સ્વાતિમાં વ્યાધિ થયો હોય તો તેનું મૃત્યુ જ થાય છે ॥ ૧૧૩ ॥

વિવેચન—સ્પષ્ટ છે. **આરંભસિદ્ધિની ટીકા**માં કહ્યું છે કે—ઉત્તરાષાઢામાં રોગ થાય તો બે માસે મરે, અને અભીચમાં રોગ થાય તો બે માસે જીવે છે. વળી રોગશામક નક્ષત્રોને તારાની અનુકુળતા હોય તો જ રોગ શાંતિ થાય છે.*

चरलहु मिउ मूले रोगनिन्नास हेऊ,
हवइ खलु पउतं ओसहं वाहिआणं।
भिगु-ससि-पुण-जिट्ठा–ऽस्सेस-साइ महाहिं,
न य कहवि विहेयं रोगमुत्ते सिणाणं ॥११४॥

અર્થ—ચર, લઘુ, મૃદુ અને મૂળ નક્ષત્રોમાં રોગીને ઔષધ આપ્યું હોય તો તે રોગના નાશનો હેતુ થાય છે; અને રોગમુકત પુરૂષે કોઈપણ રીતે શુક્રવાર સોમવાર, પુનર્વસુ, જ્યેષ્ઠા, અશ્લેષા, સ્વાતિ અને મઘા નક્ષત્રમાં સ્નાન કરવું નહિં ॥ ૧૧૪ ॥

વિવેચન—પ્રથમ ઔષધ ખાવું હોય ત્યારે ચર, લઘુ, મૃદુ અને મૂળ નક્ષત્રો; અર્થાત અશ્વિની, મૃગશર, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, મૂળ, અભીચ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને રેવતી નક્ષત્ર હોય તો રોગનો નાશ થાય છે; અને દેહપુષ્ટિ થાય છે. અહીં વારો દર્શાવ્યા નથી. પણ ઔષધ લેવામાં રવિ અને સોમવાર શુભ છે; દ્વિસ્વભાવ લગ્ન તથા ભદ્રા કરણ સારાં છે. અન્ય સ્થાને વ્યાધિના પ્રતિકારમાં તિક્ષણ નક્ષત્ર ઉત્તમ માનેલ છે.

પ્રશ્નશતકમાં કહ્યું છે કે-પ્રશ્નકુંડળીમાં જન્મ નક્ષત્ર અશુભ છે, ૧–૪–૭–૧૦ ભુવનો અને તેના અધિપતિઓ અનુક્રમે–વૈદ્ય, ઔષધ, રોગ, અને રોગીના સંબંધવાળા છે. એટલે તે તે સ્થાનોની પરસ્પર મૈત્રી ઉપરથી વૈદ્ય ઔષધ વિગેરેની અનુકુળતા–મેળ, પરસ્પરની શત્રુતા ઉપરથી વૈદ્ય ઓષધાદિની પરસ્પર પ્રતિકૂળતા-કમેળ. શુભ ગ્રહોના સંયોગોથી વૈદ્ય વિગેરે વડે રોગહાનિ અને ક્રૂર ગ્રહોના સંયોગોથી વૈદ્ય વિગેરે વડે રોગ વૃદ્ધિ વિગેરેનું જ્ઞાન થાય છે.

વળી લગ્નમાં રહેલા ગ્રહો ઉપરથી પરિચારક પુરૂષો, તેની વયસ્થિતિ, જાતિ,વર્ણ ઉપવેશન વિગેરેનું ચતુર્થેશ ગ્રહ ઉપરથી કટુક વિગેરે રસવાળા ઔષધનું, ષષ્ઠેશથી કટુ વિગેરે

---

* મુનિ શ્રી રત્નવિજયજીએ (૫૦–૬૦ વર્ષ પૂર્વે) લખેલ એક જીર્ણ પત્રમાં વસ્તુ પ્રાપ્તિ અને નક્ષત્રવાર યોગે રોગ પીડા દીનનો કોઠો છે જેમાં આદ્રા ચિત્રા અને અનુરાધામાં માંદા પડેલાને જલંધર ખેન અને લોહીખંડવાથી મૃત્યુ જણાવેલ છે.

કઈ વસ્તુથી આ રોગ થયો છે તેનું; ૧–૪ બળવાન્ હોય અને ૭ મું નિર્બળ હોય તો શીઘ્ર રોગહાનિનું; સપ્તમસ્થ ગ્રહ સૌમ્ય પુષ્ટ હોય તો ઔષધ વગર સજ્જ થશે એવું; સપ્તમસ્થ કે સપ્તમેશ ગ્રહો ઉપરથી રોગ પરીક્ષાનું, અષ્ટમેશ ઉપરથી મૃત્યુનું–ઘાતક યોગોનું, અને **દશમ** ભુવનની ચરાદિ રાશિ ઉપરથી રોગીનું બેસવું ઉઠવું વિગેરે સ્થિતિનું, તથા **દશમેશ** ઉપરથી રોગીના જાતિવય વર્ણ વિગેરેનું જ્ઞાન થાય છે.

કાળજ્ઞાનમાં કહ્યું છે કે–આર્દ્રા, અશ્લેષા, મઘા, મૂળ, જ્યેષ્ઠા અને ભરણી નક્ષત્રમાં વૈદ્યને બોલાવવા જવું નહિ. છતે પણ હાથમાં વાંસ લઈ એકાકીપણે વૈદ્યને બોલાવવા જવું નહીં, કેમકે તે પ્રમાણે જાય તો રોગીનું સાત દિવસમાં મૃત્યુ થાય છે. સ્વાતિ, અશ્લેષા આર્દ્રા પૂર્વા અને જ્યેષ્ઠામાં રોગી થયેલને ઔષધ આપવામાં ફળની આશા રાખવી નહીં, અને સાધ્યાસાધ્યની તપાસ કરી ઔષધ આપવું.

આરંભસિદ્ધિની ટીકામાં કહ્યું છે કે–જાતકોકત રિષ્ટ યોગ ન હોય, આઠમે સ્થાને ક્રૂર ગ્રહો હોય, છઠ્ઠે, સાતમે અને બારમે સ્થાને ક્રૂર ગ્રહો નજ હોય અને સૌમ્ય ગ્રહો બળવાન હોય ત્યારે ઔષધનું સેવન શુભ કારક છે. [**આ. ૩–૮૨**]

ગ્રન્થકાર સૂરિમહારાજ ઉત્તરાર્ધ ગાથાથી કહે છે કે–રોગીને માથે પાણી નાખવું હોય ત્યારે સોમવાર શુક્રવારનો ત્યાગ કરવો અને બીજા વારો લેવા. **પુર્ણભદ્રા**માં બુધ તથા ગુરૂ અને **હર્ષપ્રકાશ**માં શનિવાર વર્જ્ય કહેલ છે. **નક્ષત્રો**માં પુનર્વસુ, જ્યેષ્ઠા, અશ્લેષા, સ્વાતિ અને મઘા પણ અશુભ છે.

અન્યસ્થાને કહ્યું છે કે–રવિ, મંગળ તથા શનિવાર, વિષ્ટિ, વ્યતિપાત, અશુભ ચંદ્ર તથા અશુભ તારા રોગીના અભ્યંગ સ્નાનને માટે અશુભ છે. [**આ. ૩–૭૦**] તેલ ચોળવાપૂર્વક સ્નાનને માટે આરંભસિદ્ધિમાં કહ્યું છે કે–આબાદીને ઈચ્છતા પુરૂષે ૨–૬–૮–૧૦–૧૩–૧૪–૧૫ તિથિ, રવિ, મંગળ, ગુરૂ અને શુક્રવાર, પર્વદિન, ગ્રહણદિન, સંક્રાતિદિન, વિષ્ટિકરણ, વૈધૃતિ અને વ્યતિપાત યોગમાં અભ્યંગ સ્નાન કરવું નહિં.

બ્રાહ્જ્જ્યોતિષસારમાં કહ્યું છે કે–રવિ વિગેરે સાતે વારોમાં અભ્યંગ–સ્નાન કરે તો અનુક્રમે તાપ, કાંતિ, મૃત્યુ, લક્ષ્મી, ધનનાશ, વિપત્તિ અને સંપત્તિ રૂપી ફળ મળે છે.

હવે મૃત્યુયોગ કહે છે—

नामनक्खत्तमक्किंकदु, एकनाडीगया जया ।
तया दिणे भवे मच्चू, नन्नहा जिणभासिअं ॥ ११६ ॥

અર્થ-જ્યારે નામરાશિનું નક્ષત્ર સૂર્ય અને ચંદ્ર એક રાશિમાં આવે ત્યારે તે દિને મૃત્યુ થાય છે, એમ જિનવચન છે, જે અન્યથા થતું નથી.

વિવેચન-જિનેશ્વર ભગવંતનું એવું વચન છે કે-ત્રિનાડીચક્રની હરકોઈ એક નાડીમાં જ્યારે રોગીનું નામનક્ષત્ર સૂર્યનક્ષત્ર અને ચંદ્રનક્ષત્ર એકી સાથે આવે ત્યારે તે રોગીનું મૃત્યુ થાય છે; આ વચનમાં કદાપિ ફેરફાર થતો નથી. અહીં નામનક્ષત્ર કહેલ છે, તેથી જન્મનક્ષત્ર લેવાય છે, પણ મુખ્યતા નામની છે.

અન્યસ્થાને તો કહ્યું છે કે-રોગીના જન્મનક્ષત્રની એક નાડીમાં જ્યાંસુધી સૂર્ય રહે ત્યાંસુધી કષ્ટ રહ્યા કરે છે, એક નાડીમાં ચંદ્ર હોય તો આઠ પહોર પીડા રહે છે અને તે સાથે ત્યાં ક્રૂર ગ્રહો હોય તો તેજવખતે મૃત્યુ થાય છે. [**આ. ૩-૬૭**] **આરંભસિદ્ધિ**માં કહ્યું છે કે-ત્રીજી, પાંચમી અને સાતમી તારામાં રોગ થાય તો અતિદુઃખ અથવા મૃત્યુ થાય છે અને પૂર્વે કહેલ પૂર્વા વિગેરે નક્ષત્રનો રોગી પણ મૃત્યુ પામે છે **નારચંદ્ર**માં કહ્યું છે કે-

"उरगवरणरौद्रा वासवैन्द्रो त्रिपूर्वा, यमदहनविशाखा पापवारेण युक्ता ॥
तिथिषु नवमी षष्ठी द्वादशी वा चतुर्थी, सहजमरणयोगो रोगिणो मृत्युरेव ॥१॥

અર્થ-"અશ્લેષા, શતભિષા, આર્દ્રા, ધનિષ્ઠા, જ્યેષ્ઠા, ત્રણ પૂર્વા, ભરણી, કૃતિકા અને વિશાખા નક્ષત્ર હોય, સાથે ક્રૂર વાર હોય અને તિથિઓમાં નોમ, છઠ્ઠ, બારશ કે ચોથ હોય તો સહેજે મૃત્યુ યોગ થાય છે, જેમાં રોગીનું મૃત્યુ જ થાય છે. ॥ ૧ ॥"

"नन्दा च वृश्चिके मेषे, भद्रा मिथुनकर्कयोः ।
कन्याराशौ तथा ज्ञेया, एषा कालस्य षड्घटी ॥ १ ॥
जया धनुःकुम्भसिंहे, रिक्ता तौलि वृषे तथा ।
पूर्णा मीनमकराभ्यां, कालोऽयं मुनिभाषितः ॥ २ ॥"

અર્થ-"વૃશ્ચિક તથા મેષમાં નંદા તિથિ હોય, મિથુન, કર્ક અને કન્યારાશિમાં ભદ્રા તિથિ હોય તો તેની છ ઘડી **કાળયોગ** છે. ધનુષ્ય, કુંભ અને સિંહમાં જયા હોય, તુલા તથા વૃષમાં રિકતા હોય અને મીન તથા મકરમાં પૂર્ણા હોય તો પણ કાળ યોગ છે એમ મુનિઓએ કહેલ છે ॥ ૧-૨॥"

અર્થાત્-નંદાદિ તિથિ પંચકમાં વૃશ્ચિક વિગેરે લગ્નનો ઉદય થાય તેટલો કાળ મૃત્યુયોગ છે જેમાં રોગ થયો હોય તો રોગી મૃત્યુ પામે છે. તેની ટીપ્પણીમાં કહ્યું છે કે-જન્મના

ચન્દ્રમાં કે યમદંષ્ટ્રા યોગમાં વ્યાધિ થાય તો પણ મૃત્યુ થાય છે.

કાળજ્ઞાનમાં કહ્યું છે કે–નંદાના મેષ અને વૃશ્ચિક લગ્નમાં, ભદ્રાના મિથુન અને કન્યા લગ્નમાં, જયાના કર્ક અને સિંહ લગ્નમાં, રિકતાના વૃષ, તુલા અને કુંભ લગ્નમાં, કે પૂર્ણાના મિથુન ધન અને મકર લગ્નમાં કોઈ રોગી થયો હોય તો તેના માટે આ **વિરૂદ્ધ તિથિપંચક** છે તથા—

"भौमकृतिकयोर्नन्दा, भद्रा च बुधनागयोः।
जया गुरौ मघायां च, रिक्ता शुक्र धनिष्ठयोः॥ १॥
भरण्या शनिवारे च, पूर्णाख्यतिथिपंचके।
योगेऽस्मिन व्याधिरुत्पन्नो, न सिध्यति कदाचन॥ २॥"

અર્થ—"ભોમ અને કૃતિકામાં નંદા તિથિ હોય, બુધ અને અશ્લેષામાં ભદ્રા હોય, ગુરૂ અને મઘામાં જયા હોય, શુક્ર અને ધનિષ્ટામાં રિકતા હોય, તેમજ શનિ અને ભરણીમાં પૂર્ણા તિથિ હોય, તો આ પ્રમાણેના તિથિપંચક યોગમાં ઉત્પન્ન થયેલ વ્યાધિ કોઈ રીતે સાધ્ય થતો નથી ॥ ૧-૨ ॥"

મુંડે માથે તેલ ચોપડી ગધેડે બેસી દક્ષિણમાં જવાનુ સ્વપ્ન આવે, સૂર્યોદયકાળે શિયાળ આરડતો સામે આવે, અતિ વિષ્ટા થાય, શરીરના રંગમાં વિકાર થાય, માનસિક શાંત ક્રોધી વિગેરે પ્રકૃતિનો અણુચિંતવ્યો ફેરફાર થાય, હરકોઈ સ્વભાવમાં તફાવત પડે, છાયામાં માથા વિનાનું ધડ જુએ, અર્ધી રાત્રે ઈન્દ્ર ધનુષ્ય દેખાય, એકીકાલે ચારે દિશામાં ઈન્દ્ર ધનુષ્ય દેખાય, ચંદ્રતારા વિગેરે રાત્રે ન દેખતાં દિવસે દેખાય, દિવસે ચંદ્રગ્રહણ જુએ અગ્નિજ્યોત નાશ પામે, અરૂંધતી (જિહ્વાગ્ર) ધ્રુવ (નાસાગ્ર) પાપણ અને તારા ન દેખાય, નેત્રો કાળાં–જ્યોતિહીન–ઉંડાં કે મંદ દષ્ટિવાળાં થાય, શબ્દ ન સાંભળે, દીવાને ઓલવાયાની વાસ ન જાણે; નાક–ધોળું, કાણું, સુકું, જાડું, વાંકું, સુંઘવામાં અશકત, ફાટેલ, પીડાવાળું, કે તનક મારતું થઈ જાય; મિત્રનું હિત વચન રૂચે નહીં, હૃદય પગ નાભી ટાઢા પડતાં માથામાં ગરમી વ્યાપે, માથામાં પરસેવો અને મુખમાં શ્વાસ થતાં હાથ પગ ગળું અને લમણાની આઠ ધમનીઓ ધીમી પડી જાય, પાંચે ઇંદ્રિયો પોત પોતાના કાર્યમાં મંદ શકિતવાળી બને, ગતિ–વાસ–સ્વાદ કે દેહરંગમાં ફેરફાર થતાં શરીરમાં કંપ દેખાય, જીભ–દાંત કાળા અને મોઢું લાલ થાય. વાત અને પિત્તની નાડીનું સ્થાન બદલાતાં ગળાંમાં કફ આવે, એક રોગના વેગમાં વેગથી બીજો રોગ ઉત્પન્ન થાય, લાળનો રંગ બદલતાં શ્વાસ કાસવાળો થાય તથા સ્વર બેસી

જાય, એક સાથે મંદસ્વર મલરોગ કાસ (ખાંસી) શ્વાસ શોષ હેડકી અને કુક્ષિશૂળ ઉપડે, અથવા આખા શરીરમાં સોજો થાય તો જાણવું કે રોગી બચે એવી આશા નથી*

નારચંદ્ર સૂરિજી કહે છે કે–રોગીની પ્રશ્નકુંડલી કે તાત્કાલિક લગ્નકુંડળીમાં ૬–૮–૧૨મું સ્થાન નિર્બળ હોય અને અન્ય સ્થાન પુષ્ટ હોય, અથવા ૬–૮ સ્થાનના પતિ તથા ચંદ્ર નિર્બળ હોય અને ૧–૧૦–૧૧ સ્થાનના પતિઓ પુષ્ટ હોય, અથવા ૧–૧૦ ભુવનપતિઓ પુષ્ટ હોય અને ૮ માનો પતિ અપુષ્ટ હોય, અથવા પૂર્ણચંદ્ર કે સૌમ્ય લગ્નપતિ સૌમ્યગ્રહની દૃષ્ટિ કે યુતિવાળી રાશિમાં હોય તો રોગી જીવે છે ૬–૮–૧૨ ભુવન તથા તેના પતિઓ પુષ્ટ હોય અને બીજા નિર્બળ હોય, અથવા ૬–૮ સ્થાનના પતિઓ અપુષ્ટ હોય, અને ૧–૧૦–૧૧ સ્થાનના પતિઓ અપુષ્ટ હોય અથવા ચંદ્ર લગ્નપતિ કે સૌમ્યેશ ૬–૮ કે ૧૨ ભુવનમાં પાપની દૃષ્ટિમાં કે ક્રૂર ગ્રહની સાથે હોય તો રોગી જીવતો નથી. ક્રૂર ગ્રહની દૃષ્ટિવાળો સૌમ્ય લગ્નેશ કે ચન્દ્ર લગ્નમાં હોય અથવા અન્ય રાશિમાં હોય તો રોગી કષ્ટે જીવે છે.

બીજી રીતે તપાસીએ તો–લગ્નાંશપતિ ઉદિત હોય અને અષ્ટમાંશપતિ અસ્તનો હોય, અથવા લગ્નાંશપતિ અને કર્માંશ (૧૦) પતિ પુષ્ટ હોય, તથા અષ્ટમાંશપતિ અપુષ્ટ હોય તો રોગી જીવે છે; અને તેથી ઉલટા ક્રમે અંશપતિઓ હોય તો રોગી મૃત્યુ પામે છે. અષ્ટમેશ કેન્દ્રમાં હોય તો તે મર્મ મૃત્યુયોગ છે. અને લગ્નપતિ અસ્તનો હોય તથા લગ્નમાં પહેલો દ્રેષ્કાણ હોય તો જાણવું કે રોગીનું બાવીશમા દ્રેષ્કાણે અર્થાત્ પાંચમે પ્રહરે મૃત્યુ છે. આ પ્રમાણે કાળનું જ્ઞાન **જાતકગ્રન્થોથી** જોઈ લેવું.

હવે **નાડીચક્રની** રચના કહે છે.

आई अद्दा मिगं अंते मज्झे मूलं पइट्ठिअं ।
रविन्दुजम्मनक्खत्तं, तिंविद्धो न हु जीवई ॥११६॥

અર્થ–પ્રથમ આર્દ્રા, **છેલ્લું મૃગશર, અને મધ્યમાં મૂલ નક્ષત્ર સ્થાપવું; પછી સૂર્યનક્ષત્ર ચંદ્રનક્ષત્ર અને જન્મનક્ષત્ર એ ત્રણેનો વેધ થાય તો તે જીવે નહિં. ॥ ૧૧૬ ॥**

વિવેચન–ત્રિનાડીવાળા સર્પની આકૃતિ કરવી, અને ત્રણે રેખાને દાબે એમ સિધિલીટામાં નક્ષત્રો સ્થાપવા. અથવા ત્રણ પંક્તિ કરવી; અને ક્રમે તથા ઉત્ક્રમે નક્ષત્રો સ્થાપવા, જેમાં પ્રથમ આર્દ્રા સ્થાપવું, અંતે મૃગશર સ્થાપવું અને મધ્યમાં મુળ નક્ષત્ર સ્થાપવું. અહીં મુળ નક્ષત્રને મધ્યમાં સ્થાપવાનું કહ્યું છે એટલે–અભીચ સિવાયના સત્યાવીશ નક્ષત્રો લેવા એવો પણ ખુલાસો થાય છે.

---

* આ સંબંધમાં વિશેષ જાણવા ઈચ્છનારે–યોગશાસ્ત્ર ચિદાનંદ સ્વરોદય, કાળજ્ઞાન. જાતક વિગેરે ગ્રન્થો; અને ઉપદેશમાળા ગાથાયંત્ર વિગેરે જોવા. ઉપદેશમાળા યંત્ર પરિશિષ્ટમાં દાખલ કરેલ છે.

નાડીચક્ર

નાડી ૧	આ	પૂ	ઉ	અ	જ્યે	ધ	શ	ભ	કૃ
નાડી ૨	પૂ	મ	હ	વિ	મૂ	શ્ર	પુ	અ	રો
નાડી ૩	પુ	અ	ચિ	સ્વા	પુ	ઉ	ઉ	રે	મૃ

પછી દરેક નક્ષત્રો ઉપર ઈષ્ટકાળના ગ્રહો સ્થાપવા અને જોવું જો રવિ નક્ષત્ર ચંદ્રનક્ષત્ર અને નામનક્ષત્ર એકજ પંક્તિમાં હોય તો રોગી જીવવાનો નથી.

યતિ વલ્લભમાં તો આંતરા–આંતરાના ત્રણ ત્રણ નક્ષત્રો ત્યજી આર્દ્રા વિગેરે ત્રણ ત્રણ નક્ષત્રની સવળી અને અવળી સ્થાપનાથી પંદર નક્ષત્રોનું **ભુજંગચક્ર** કરવાનું કહ્યું છે. અને અન્ય સ્થાને રવિગત નક્ષત્રથી પ્રારંભી આંતરાના ત્રણ ત્રણ નક્ષત્રો ત્યજી અનુક્રમે સવળા અને અવળા ત્રણ ત્રણ નક્ષત્રોનું **નાડીચક્ર** દર્શાવ્યું છે; જેમાં રોગીનું નક્ષત્ર ૧–પહેલી ૨–બીજી કે ૩–ત્રીજી નાડી ઉપર અને + નાડી બહાર હોય તો અનુક્રમે ૧ મૃત્યુ, ૨ મહાકષ્ટ, ૩ અલ્પકષ્ટ અને + આરોગ્યતારૂપ ફળ કહેલ છે. [**આ. ૩–૬૭**]

ભુજંગચક્ર

+	—		સ્વા	વિ	અ		રે	અ,	ભ.
૧	આ		ચિ		જ્યે		ઉ		કૃ
૨	પુ		હ		મૂ		પૂ		રો
૩	પુ		ઉ		પૂ		શ		મૃ
+	અ	મ,	પૂ.		ઉ,	શ્ર,	ધ.		—

રવિગત નાડીચક્ર

+	–		૧૦	૧૧	૧૨		૨૨	૨૩	૨૪
૧	૧		૯		૧૩		૨૧		૨૫
૨	૨		૮		૧૪		૨૦		૨૬
૩	૩		૭		૧૫		૧૯		૨૭
+	૪	૫	૬		૧૬	૧૭	૧૮		—

હવે **મૃતકાર્ય**નાં વર્જ્ય નક્ષત્રો કહે છે–

धुवमिस्सुग्गनक्खत्ता, मूलऽद्दा अणुराहया।
पंचगाई रवी भोमा, मयकज्जे विवज्जिया ॥ ११७॥

અર્થ– ધ્રુવ મિશ્ર અને ઉગ્ર નક્ષત્રો, મૂલ, આર્દ્રા, અનુરાધા, પંચકાદિ, રવિ અને ભોમવાર મૃતકાર્યમાં વર્જ્ય છે ॥ ૧૧૭ ॥

વિવેચન–મૃતકાર્યમાં ભરણી, કૃતિકા, રોહીણી આર્દ્રા, મઘા, વિશાખા, અનુરાધા મૂલ, ત્રણ પુર્વા અને ત્રણ ઉત્તરા નક્ષત્રનો ત્યાગ કરવો; રવિવાર અને ભોમવારનો ત્યાગ કરવો; તથા પંચકાદિ એટલે-પંચક, ત્રિપુષ્કર અને યમલ વિગેરે યોગનો પણ ત્યાગ કરવો.

આરંભસિદ્ધિની ટીકામાં તો કહ્યું છે કે–ડાહ્યા પુરૂષોએ અશ્વિની, પુષ્ય, હસ્ત, સ્વાતિ, જ્યેષ્ઠા, શ્રવણ અને રેવતી નક્ષત્રમાં તથા રવિ સિવાયના વારે પ્રેતક્રિયા કરવી. [૩–૬૧]

હવે **અગ્નિશંસ્કાર વિધિ** કહે છે-

दो पणयाल मुहुत्ते, तीसमुहुत्तेगपुत्तलं काउं।
नेरइअ दाहिणाए, महापरिट्ठावणं कुज्जा ॥ ११८॥

અર્થ–પીસ્તાળીસ મુહુર્તીયા નક્ષત્રોમાં બે અને ત્રીશ મુહુર્તીયા નક્ષત્રોમાં એક પુતળું કરી તેની નૈઋત્ય કે દક્ષિણમાં પરિષ્ઠાપના કરવી. ॥ ૧૧૮ ॥

વિવેચન–વ્યવહારમાન્યતા એવી છે કે–મનુષ્યના પ્રેતકાર્યમાં અમુક યોગો હોય તો તે કાર્ય કરવાનો પ્રસંગ બહુ વાર ઉપસ્થિત થાય છે, તેથી તે પ્રસંગનું નિવારણ કરવા માટે શું કરવું ? તે આ ગાથામાં જણાવેલ છે. જો કોઇની પરિષ્ઠાપન કે અગ્નિસંસ્કારની ક્રિયા કરવા વખતે પીસ્તાળીસ મુહુર્તના સંયોગવાળું નક્ષત્ર હોય તો ડાભ વિગેરેનાં બે પુતળાં કરવાં, અને ત્રીશ મુહુર્તના સંયોગવાળું નક્ષત્ર હોય તો એક પુતળું કરવું. પછી મરેલાનો જ્યાં અગ્નિસંસ્કાર કરે તેથી **નૈઋત્ય** ખુણામાં કે દક્ષિણ દિશામાં પુતળાંને સ્થાપી અગ્નિસંસ્કાર કે પરિસ્થાપના કાર્ય કરવું.

હવે બે ગાથાથી **નક્ષત્રના મુહુર્તો** કહે છે–

तिन्नि व उत्तराइं, पुणव्वसु रोहिणी विसाहा य।

एए छ नक्खत्ता, पणयालमुहुत्तसंजोगा ॥ ११९ ॥
सयभिस-भरणी साई, अस्सेस-जेट्ट-ऽद्दू छच नक्खत्ता ।
पनरस मुहुत्तजोगा, तीसमुहुत्ता पुणो सेसा ॥ १२० ॥

અર્થ ત્રણ ઉત્તરા, પુનર્વસુ, રોહિણી અને વિશાખા એ છ નક્ષત્રો પીસ્તાલીશ મુહુર્ત સુધી સંયોગવાળા છે. ॥ ૧૧૯ ॥

શતભિષા, ભરણી, સ્વાતિ, અશ્લેષા, જ્યેષ્ઠા અને આર્દ્રા એ છ નક્ષત્રો પંદર મુહૂર્ત સુધી સંયોગવાળા છે; અને બાકીનાં પંદર નક્ષત્રો ત્રીશ મુહૂર્ત સુધી સંયોગવાળાં છે. ॥ ૧૨૦ ॥

વિવેચન-સ્પષ્ટ છે, જે અમોએ **નક્ષત્રદ્વાર**માં દેખાડેલ છે.

બીજાં કેટલાએક કાર્યો માટે આરંભસિદ્ધિ વિગેરે ગ્રન્થોમાં નીચે પ્રમાણે કહેલ છે :-

નવા **ગામ**ના વસવાટમાં-અશ્વિની, રોહીણી, આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, મઘા, હસ્ત શતભિષા; સોમ, ગુરૂ, શુક્ર, ૧-૨-૩-૧૧-૧૫ તીથિ શુભ છે.

જાતકર્મ-માટે ચર, લઘુ, મૃદુ, અને ધ્રુવ નક્ષત્ર શુભ છે; મિશ્ર તીક્ષ્ણ અને ઉગ્ર નક્ષત્ર અશુભ છે; તથા કેન્દ્રીયા ગુરૂ-શુક્ર શુભ છે.

બાળકનું નામ પાડવા માટે જાતકર્મના શુભ દિવસોજ શુભ છે; પણ માતા-પિતાના યોનિ, ગણ, રાશિ અને તારાને અનુકૂળ નામ પાડવું

અગ્નિસ્થાપનમાં-કૃતિકા, રોહિણી, મૃગશર, પુષ્ય, ત્રણ ઉત્તરા, વિશાખા, જ્યેષ્ઠા અને રેવતી નક્ષત્ર; કેન્દ્રસ્થાનનો રવિ, ઉપચય સ્થાનનો ચન્દ્ર, પાંચમાં સ્થાનનો બુધ અને ત્રીજા છઠ્ઠા દશમા અગીયારમા સ્થાનના મંગળ શુક્ર તથા શનિ ગ્રહો શુભ છે. **મુહૂર્ત ચિંતામણી** (૨-૩૬) માં તો કહ્યું છે કે-તિથિ અને વારના આંકને જોડી ચારથી ભાગ દેવો. જો શેષમાં ૦ કે ૩ વધે તો અગ્નિનો વાસ ભૂમિમાં જાણવો, જેમાં સુખેથી હોમકાર્ય થાય છે. શેષમાં ૧ વધે તો અગ્નિનું નિવાસસ્થાન સ્વર્ગ જાણવું, જેમાં આણુનો નાશ થાય છે. અને શેષમાં ૨ વધે તો અગ્નિનો વાસ પાતાલમાં જાણવો, જેમાં અગ્નિ સ્થાપવાથી ધનનો નાશ થાય છે.

નવુ અનાજ ખાવા માટે-અશ્વિની, રોહિણી, મૃગશર, પુનર્વસુ, પુષ્ય, ત્રણ ઉત્તરા,

હસ્ત, ચિત્રા, શ્રવણ અને ધનિષ્ઠા નક્ષત્રો હોય; લગ્ન, કેન્દ્ર, ત્રિકોણ, મૃત્યુ અને વ્યય સ્થાનમાં સૌમ્ય ગ્રહો હોય; અને સંપૂર્ણ ચન્દ્ર કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો શુભ છે.

નવી દુકાનના પ્રારંભમાં ૨–૩–૯–૧૧–૧૩ તિથિઓ, બુધ, ગુરૂ અને શુક્રવાર, અશ્વિની રોહિણી, મૃગશર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, મઘા, હસ્ત, ચિત્રા, અનુરાધા, ત્રણ ઉત્તરા અને રેવતી નક્ષત્ર, લગ્ન સ્થાનમાં રહેલ ચંદ્ર–શુક્ર ૧–૨–૧૦–૧૧ ભુવનમાં રહેલ સૌમ્ય ગ્રહો અને આઠમા કે બારમા ભુવન સિવાયના સ્થાનોમાં રહેલ ક્રૂર ગ્રહો શુભ ફળદાયી છે–શુભફળ આપે છે.

જન્મરાશીથી કે જન્મલગ્નથી કુંભ સિવાયનું દસમું કે અગીયારમું સ્થાન લગ્નમાં હોય અને કેન્દ્ર ત્રિકોણ તથા ધન સ્થાનમાં શુભ ગ્રહ હોય ત્યારે ખરીદ-વેચાણ **વ્યાપાર** કરવો. પશુયોનિવાળા નક્ષત્રોમાં અનુકુળ પશુનો **ક્યવિક્રય** કરવો. ચર લગ્ન હોય, કેન્દ્ર ત્રિકોણમાં સૌમ્ય ગ્રહો હોય, અને ગ્રહ રહિત આઠમું ભુવન હોય તો **થાપણ** કે **વ્યાજે ધન** મૂકવું. ઉપચય સ્થાન પુષ્ટ હોય ત્યારે **વસ્ત્ર** વિગેરે ખરીદવું લગ્નમાં સૌમ્ય ગ્રહ હોય, દસમા કે અગીયારમા ભુવનમાં રવિ કે મંગળ ગ્રહ હોય, તો લડવૈયા કે વિદ્યાવાળાએ શેઠની **નોકરી** કરવી એ હિતકારક છે, એમ **આરંભસિદ્ધિના વાર્તિક**માં કહેલ છે.

અન્યસ્થાન (પં.) માં કહ્યું છે કે—અશ્વિની, ચિત્રા, સ્વાતિ, શ્રવણ, શતભીષા અને રેવતીમાં વસ્તુ **ખરીદવી** તથા ભરણી, કૃત્તિકા, આર્દ્રા, ત્રણ પૂર્વા અને વિશાખામાં સર્વ વસ્તુ **વેચવી.**

વ્યવહારસારમાં **વહાણ માટે** કહ્યું છે કે રેવતી નક્ષત્રમાં વહાણ તૈયાર કરવું, અશ્વિનીમાં કરીયાંણાં ભરવા. મૃગશર, હસ્ત, અનુરાધા, શ્રવણ કે ધનિષ્ઠામાં પ્રસ્થાન કરવું; અને મૃગશર પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા કે શ્રવણ નક્ષત્રમાં તથા સૌમ્ય સ્વામીવાળા જળચર રાશિલગ્નમાં વહાણ ચલાવવું; જેથી વ્યાપારીની કામના સિદ્ધ થાય છે. (આ૦ ૪ । ૧–૩૧)

શ્રીઉદયપ્રભ સૂરિજી કહે છે કે–લગ્નના દિવસની પહેલાં ત્રીજે છઠ્ઠે કે નવમે દિવસે કુસુંભમંડપનો પ્રારંભ, વેદિકા, વર્ણક, જુવારાવાવવાનું તથા કન્યાનું વેશવાળ વિગેરે કરવું નહિ. એટલે–તે સિવાયના શુભ દિવસે અને વિવાહના નક્ષત્રમાં વર્ણક વિગેરે કાર્યો કરવાં. તથા–કૃત્તિકા, ત્રણ પૂર્વા, સ્વાતિ, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ અને ધનિષ્ઠા નક્ષત્રમાં દંપતીના અનુકુળ રાશિ ગણ વિગેરે મેળવીને કુમારિકાનું **વેશવાળ** કરવું.

માંડવાની ખીલી નાખવા માટે સુર્ય ૧૧–૧૨–૧ રાશિમાં હોય તો નૈઋત્ય, ૨–૩–૪

રાશિમાં હોય તો અગ્નિ, ૫-૬-૭ રાશિમાં હોય તો ઈશાન, અને ૮-૯-૧૦ રાશિમાં હોય તો વાયવ્ય ખુણો શ્રેષ્ઠ છે.

વિવાહ માટે--મેષ, વૃષ, મિથુન, મકર અને કુંભનો સુર્ય હોય, મહા, ફાગણ, વૈશાખ અને જેઠ માસ હોય, ચૈત્રમાં મેષાર્ક હોય, પોષમાં મકરાર્ક હોય, અષાઢ શુદિ કે કાર્તિક વદિ હોય તો તે શુભ છે. પરંતુ જન્મમાસ, મકરસ્થ ગુરૂ, સિંહસ્થગુરૂ, જન્મદિવસ, જન્મનક્ષત્ર, અને વર-કન્યા બન્ને પહેલા ખોળાના ફરજંદ હોય તો જેઠ માસનો ત્યાગ કરવો. શુભતિથિઓ બુધ ગુરૂ શુક્ર અને રોહિણી, મૃગશર, મઘા, ત્રણ-ઉત્તરા, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મુળ કે રેવતી નક્ષત્રમાં વિવાહ શુભ છે.

સારંગ કહે છે કે--ક્રૂર ગ્રહોએ ભોગવેલ ભોગવાતું અને ભોગવવાનું નક્ષત્ર વિવાહમાં વર્જ્ય છે, નહિ તો તેમાં પરણેલ કન્યા ૩ વર્ષમાં વિધવા થાય છે, વૈશાખ વદિમાં ધનિષ્ઠાથી રોહિણી સુધીના નવ નક્ષત્ર, વસુનવક કે મડા-પંચક કહેવાય છે તે પણ વિવાહમાં ત્યાજ્ય છે.

વિવાહમાં ૨૧ દોષનો ત્યાગ કરવો. અને તે ન બની શકે તો-લત્તા, પાત (ચંડાયુદ્ધ), યુતિ, વેધ, જામિત્ર, બાણપંચક, એકાર્ગલ, ઉપગ્રહ, ક્રાંતિસામ્ય અને દગ્ધા; એ દસ દોષનો તો અવશ્ય ત્યાગ કરવો. યમઘંટમાં વિવાહ કરવાથી કુળનો ઉચ્છેદ થાય છે, એકાર્ગલમાં વિવાહ કરવાથી વૈધવ્ય મળે છે. જામિત્રમાં વિવાહ કરવાથી વૈધવ્ય, મૃત્યુ કુલટાવૃત્તિ, શોક, પીડા, વિગેરે દોષો ઉત્પન્ન થાય છે. લગ્નમાં ઉદયાસ્ત શુદ્ધિ પણ અવશ્ય જોવી.

ગૃહસ્થ વ્યવહારમાં વિવાહ એ આવશ્યક કાર્ય તરીકે મનાય છે, માટે તેમાં લગ્નબળ તપાસીને જ મુહુર્ત લેવું. **શ્રી ઉદયપ્રભસૂરિજી** વિવાહના લગ્નમાં રેખા આપનાર ગ્રહે માટે કહે છે કે--સુર્ય ૩-૬-૮-૧૧ સ્થાને હોય; ચંદ્ર ૨-૩-૧૧ ભુવને હોય, મંગળ ૩-૬-૧૧ ભુવને હોય, બુધ તથા ગુરૂ ૧-૨-૩-૪-૫-૬-૯-૧૦-૧૧ સ્થાનમાં હોય, શુક્ર ૧-૨-૩-૪-૫-૯-૧૦-૧૧ ભુવને હોય, શનિ ૩-૬-૮-૧૧ મે ભુવને હોય, તથા રાહુ ૨-૩-૫-૬-૮-૯-૧૦-૧૧ ભુવને હોય તો તે સારા છે આઠમે સ્થાને સુર્ય કે શનિ સિવાયના ગ્રહો ન હોય, ચંદ્ર અને શુક્ર છઠ્ઠે સ્થાને ન હોય, વ્યયભુવનમાં કેતુ ન હોય, તેવા મુહુર્તમાં વિવાહ કરવો તે શ્રેષ્ઠ છે.

ચરલગ્ન અને ચરરાશિસ્થ ચંદ્રપર સ્રીગ્રહોની દૃષ્ટિ હોય અને બળવાન્યાયી (રવિ ચંદ્ર ભોમ કે શુક્ર) ગ્રહો કેન્દ્રમાં હોય. અથવા મિથુન રાશિનો ચન્દ્ર પાપગ્રહોની દ્રષ્ટિવાળો હોય

તો તે સ્ત્રી **એકુપતિવ્રતથી** પડે છે રવિ સોમ મંગળ નીચના હોય; અથવા લગ્નપતિ શત્રુના ઘરમાં હોય, અથવા સાતમું સ્થાન નિર્બળ હોય તો તે સ્ત્રી વાંઝણી થાય છે સપ્તમેશ, સૂર્ય કે શુક્ર નિર્બળ હોય તો પતિ સાસરો કે સાસુને નુકશાન કરે છે. ઉદિતાંશ કે અસ્તાંશની શુદ્ધિ ન હોય તો વરકન્યાને અનિષ્ટ કરે છે. માટે આવા ગ્રહોવાળા મુહુર્તનો ત્યાગ કરવો.

વિવાહના વર્જ્ય ગ્રહો માટે **યતિવલ્લભ**માં કહ્યું છે કે-રવિ ૧-૭ ભુવને હોય, સોમ ૧-૬-૮ ભુવને હોય, ભોમ ૧-૭-૮ ભુવને હોય, બુધ ૭-૮ સ્થાને હોય, ગુરૂ ૮ સ્થાને હોય, શુક્ર ૬-૭-૮ ભુવને હોય, શનિ ૧-૭ ભુવને હોય; અને રાહુ ૧-૪-૭ ભુવને હોય તો તે લગ્નમાં વિવાહ કરવો નહિ વિવાહનાં લગ્નમાં મિથુન, કન્યા, તુલા અને ધનનો પૂર્વાર્ધ; એ અંશોજ શુભ છે, માટે તેનો સ્વીકાર કરવો. માત્ર બુધાસ્ત હોય તો ધનાંશનો અને ભોમાસ્ત હોય તો તુલાંશનો ત્યાગ કરવો.

વિવાહ કુંડળીની ગ્રહ સ્થાપના

	ઉત્તમ	મધ્યમ	અધમ
રવિ	૩-૬-૮-૧૧	૨-૪-૫-૯-૧૦-૧૨	૧-૭
સોમ	૨-૩-૧૧	૪-૫-૭-૯-૧૦-૧૨	૧-૬-૮
મંગળ	૩-૬-૧૧	૨-૪-૫-૯-૧૦-૧૨	૧-૭-૮
બુધ	૧-૨-૩-૪-૫-૬-૯-૧૦-૧૧	૧૨	૭-૮
ગુરૂ	૧-૨-૩-૪-૫-૬-૯-૧૦-૧૧	૭-૧૨	૮
શુક્ર	૧-૨-૩-૪-૫-૯-૧૦-૧૧	૧૨	૬-૭-૮
શનિ	૩-૬-૮-૧૧	૨-૪-૫-૯-૧૦-૧૨	૧-૭
રાહુ-કેતુ	૨-૩-૫-૬-૮-૯-૧૦-૧૧	૧૨	૧-૪-૭

સારંગ કહે છે કે—**નિર્ઘાત**, ઉલ્કાપાત, ભૂકંપ અને ગ્રહોનો ભેદ વિગેરે ઉત્પાતો હોય તો ત્યારથી પાંચ દિવસમાં વિવાહિત થયેલ કન્યા નાશ પામે છે, તથા પાણિગ્રહણને દિવસે કેતુનો ઉદય થાય તો દંપતીનું સાથેજ મૃત્યું થાય છે.

* **અપવાદ** આ પ્રમાણે છે-**વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે, દસ વર્ષથી અધિક

વયવાળી કન્યાના લગ્ન માત્ર લગ્નના બળથીજ થાય છે, સૂર્ય–ગુરૂની શુદ્ધિ જોવાની નથી, છતાં સૂર્ય–ગુરૂ અશુદ્ધ હોય તો પૂજા વડે તે દોષનો નાશ કરવો. **દૈવજ્ઞ વલ્લભ**માં કહ્યું છે કે—સંકર જાતિના વર કન્યાનો વિવાહ કૃષ્ણપક્ષમાં અને નિષેધેલ વાર નક્ષત્ર તથા ક્ષણાદિકમાં શુભ છે એ વાત નિઃસંશય છે.

રાજ્યાભિષેકમાં પણ શુભ વાર, તિથિ, નક્ષત્ર અને લગ્નબળની શુદ્ધિ તપાસવી, **યતિવલ્લભ**માં કહ્યું છે કે—

राज्याभिषेके विवाहे, सत्क्रियासु च दीक्षणे।
धर्मार्थकामकार्ये च, शुभा वाराः कुजं विना ॥१॥"

અર્થ—"રાજ્યાભિષેક, વિવાહ, શુભક્રિયા, દીક્ષા, ધર્મ, અર્થ અને કામની બાબતમાં મંગળ સિવાયના બીજા વારો શુભ છે. ॥ ૧ ॥"

તથા જન્મવાર, દશેશવાર, લગ્નેશવાર ચંદ્ર, ગુરૂ અને શુક્ર શુભ છે. અશ્વિની, રોહિણી, મૃગશર, પુષ્ય, ત્રણ ઉત્તરા, હસ્ત અનુરાધા, જયેષ્ઠા, અભિજિત, શ્રવણ અને રેવતી નક્ષત્રમાં રાજાને અભિષેક કર્યો હોય તો તે ચિરકાળસુધી પૃથ્વીનું રાજ્ય કરે છે. **શ્રી ઉદયપ્રભસૂરિજી** કહે છે કે—જન્મેશ, દશેશ, લગ્નેશ, દિનેશ, સૂર્ય અને મંગળ બળવાન્ હોય; ચંદ્ર, ગુરૂ અને શુક્ર ત્રિકોણ ઉચ્ચ સ્વઘર કે મિત્રઘરના હોય; વિપુલ હોય. પંચાંગ શુદ્ધિ હોય, ચંદ્રબળ–તારાબળ હોય, જન્મરાશિથી ઉપચય સ્થાનનું કે સ્થિર કે શીર્ષોદયી લગ્ન હોય, લગ્નમાં સૌમ્ય ગ્રહની સ્થિતિ કે દ્રષ્ટિ હોય, દરેક ગ્રહો ત્રીજે કે અગીયારમે હોય, પાપગ્રહો છઠ્ઠે હોય, સૌમ્ય ગ્રહો ધન ત્રિકોણ કે કેન્દ્રમાં હોય, અને આઠમું દસમું સ્થાન ગ્રહ શૂન્ય હોય ત્યારે રાજ્યાભિષેક કરવો શુભ છે.

સૂર્ય ૩–૧૧ ભુવને હોય, મંગળ ૬ ભુવને હોય, ગુરૂ ૧–૪–૫–૯–૧૦ ભુવને હોય શુક્ર ૧૦ સ્થાને હોય. શનિ ૩–૧૧ સ્થાને હોય તો આ ગ્રહો **ઉત્તમ** છે. પાપ ગ્રહો ૧–૨–૪–૫–૭–૮–૯–૧૦ ભુવનમાં હોય તો તેનો ત્યાગ કરવો. અને ચન્દ્ર કે સૌમ્ય ગ્રહો ક્રૂર ગ્રહની દ્રષ્ટિવાળા ૬–૮ ભુવનમાં હોય તો આ મુહુર્તને સર્વથા જતું કરવું, પણ અભિષેક

---

* નાગરો વિવાહમાં છઠ્ઠા આઠમાને ગણતા નથી. ભાર્ગવો ભાદરવા શુદિ ૧૦ દિને વિવાહ કરે છે ગૌડો ગોચરશુદ્ધ સૂર્યને અને અષ્ટવર્ગવાળા ગુરૂને ઇચ્છે છે. મહારાષ્ટ્રીઓ તેથી ઉલટું ઇચ્છે છે. લાટ ગુરૂ સૂર્યની બન્ને શુદ્ધિ ઇચ્છે છે માલવામાં ગોચર અપ્રમાણ છે. આ દરેક કુલધર્મો અને દેશધર્મો છે. **શ્રી હેમહંસગણીજી.**

કરવોજ નહિં. કેન્દ્રાદિમાં ક્રૂર ગ્રહ બળવાન્ હોય તો રાજા ક્રૂર થાય છે, અને કેન્દ્ર ત્રિકોણમાં શુભ ગ્રહો બળવાન્ હોય તો રાજા શાંત થાય છે. અન્ય સ્થાને કહ્યું છે કે—**સૂર્ય ૧૦ સ્થાને** હોય, પૂર્ણચંદ્ર ૪ સ્થાને હોય, અને ગુરૂ લગ્નમાં હોય ત્યારે ગુરૂવારને દિવસે રાજ્યાભિષેક તથા શુભ આયુષ્યનાં કાર્યો કરવા. **શ્રી** હરિભદ્રસૂરિજી કહે છે કે—રાજ્યાભિષેક અને **આચાર્યપદાદિ** રોહણ વિગેરે દરેક શુભ ક્રિયાઓમાં પ્રતિષ્ઠાની ઉત્તમ ગ્રહસ્થાપના પણ ઉત્તમ છે.

રાજ્યાભિષેક ગ્રહસ્થાપના

	ઉત્તમોત્તમ	ઉત્તમ	મધ્યમ	અધમ
રવિ શનિ રાહુ	૩–૧૧	૬	શેષ	૮–૧૨
સોમ બુધ		શેષ	૨	૬–૮–૧૨
મંગળ	૬	૩–૧૦–૧૧	શેષ	૮–૧૨
ગુરૂ	૧–૪–૫–૯–૧૦	૩–૭–૧૧	૨	૬–૮–૧૨
શુક્ર	૧૦	શેષ	૨	૬–૮–૧૨

દરેક પ્રકારનાં **અશુભ કાર્યોમાં** ક્રૂર નક્ષત્ર વિગેરેનો સ્વીકાર કરાય છે. **પૂર્ણભદ્રમાં** કહ્યું છે કે–રિકતા તિથિ, અશુભયોગ, ક્રૂરલગ્ન, અને કૃષ્ણપક્ષમાં **અશુભ** કાર્યોનો પ્રારંભ કરવો; અને તેથી વિપરીત હોય તો **શુભકાર્યોનો** પ્રારંભ કરવો. અર્થાત્ રિકતા આઠમ અમાસને દિવસે, ગ્રહણના દિવસોમાં, ભરણી મૃગશર મઘા અને મૂળ નક્ષત્રમાં, કુંભ લગ્નમાં બુધ હોય, ચોથા ભુવનમાં શુક્ર હોય, અને આઠમું સ્થાન શુદ્ધ હોય તો–ભૂત–વેતાલ સાધના, જંત્ર, મંત્ર, રક્ષા, શુદ્ર કાર્ય, પાપ, ભય અને દંભ વિગેરે કાર્યો કરી શકાય છે. તથા **શત્રુમારણ** વિગેરે પ્રયોગમાં–ચંદ્ર ક્રૂર ગ્રહના યોગ કે વર્ગમાં હોય, શત્રુની જન્મરાશિની કે લગ્નની આઠમી રાશિ લગ્નમાં હોય, અને રિષ્ટ યોગમાં બુધ બળવાન હોય તો આ મુહુર્ત સિદ્ધિકારક છે.

શુભકાર્યોમાં તો–સૌમ્યવાર, શુભ નક્ષત્રો અને શુભ ગ્રહયોગોનો સ્વીકાર કરવો. શુભ કાર્યમાં રવિ, સોમ, બુધ, ગુરૂ અને શુક્રવાર સારા છે. નક્ષત્ર માટે **ઉદયપ્રભસૂરિજી** કહે છે કે–વ્રત, નિયમ, પ્રાયશ્ચિત, યોગ, ઉપધાન, નાંદી વિગેરે ધર્મોત્સવાદિક કાર્યમાં–મંગળવાર, શનિવાર, ભરણી, કૃત્તિકા, આર્દ્રા, અશ્લેષા, મઘા ત્રણ પૂર્વા, વિશાખા, જયેષ્ઠા અને મૂળ નક્ષત્રનો અવશ્ય ત્યાગ કરવો. તથા **શાંતિક કાર્યમાં**–રોહિણી, મૃગશર, ત્રણ ઉત્તરા, ચિત્રા, અનુરાધા અને રેવતી નક્ષત્રો લેવાં. **વાર્તિકમાં** વિશેષ કહ્યું છે કે—

शान्तिकं पौष्टिकं कार्यं, ज्ञेज्यशुक्रार्कवासरे।
कन्याविवाहनक्षत्रे, पुष्याश्विश्रवणे तथा ॥ १ ॥"

અર્થ—બુધ, ગુરૂ, શુક્ર અને રવિવારે અશ્વિની, પુષ્ય અને શ્રવણ નક્ષત્રમાં તથા કન્યા વિવાહના—રોહિણી, મૃગશર, મઘા, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ અને રેવતી નક્ષત્રમાં શાંતિક તથા પૌષ્ટિક કાર્ય કરવું. ॥૧॥

હીરજ્યોતિષમાં કહ્યું છે કે—નંદા ભદ્રા જયા પુર્ણા તિથિમાં; વિષ્ટિ સિવાયના કારણોમાં રવિ સોમ બુધ ગુરુ અને શુક્રવારે; તથા અશ્વિની, રોહિણી, મૃગશર, પુનર્વસુ, પુષ્ય ત્રણ ઉત્તરા હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, શ્રવણ, ધનિષ્ઠા શતભિષા અને રેવતી; એ સોળ નક્ષત્રમાં પ્રાયશ્ચિત યોગસાધના અને તપસ્યાનો સ્વીકાર કરવો એ ફળદાયક છે. **એક પત્રમાં**—ગ્રહ પુજા અષ્ટો-તરી સ્નાત્ર શાંતિસ્નાત્ર વિગેરેમાં શનિવાર પુનર્વસુ અને ધનિષ્ઠાનો પણ સ્વીકાર કર્યો છે.

મુહુર્ત ચિંતામણિમાં કહ્યું છે. કે—

"क्षिप्रध्रुवान्त्यचरमैत्रमघासु शस्तं,
यत् शान्तिकं च सह पौष्टिकमङ्गलाभ्याम्।
खेऽर्के विधौ सुखगते तनुगे गुरौ नो,
मौढ्यादिदुष्टसमये शुभदं निमित्ते ॥ २-३४ ॥
शान्तिकर्माणि कुर्वीत, रोगे नैमित्तिके तथा।
गुरुभार्गवमौढ्येऽपि, दोषस्तत्र न विद्यते। (टीका) ॥
व्ययाष्टशुद्धोपचये, लग्नगे शुभदृग्युते।
चन्द्रे त्रिषड्व्योमायस्थे, सर्वारंभः प्रशस्यते ॥ २-४४ ॥"

અર્થ—ગ્રહશાંતિ ઉપદ્રવશમન વિગેરે શાંતિક, દેવ પુજા વિગેરે પૌષ્ટિક, અને દર્ભમૂળ વિગેરે મંગળ કાર્યો—અશ્વિની, રોહિણી, મૃગશર, પુનર્વસુ, પુષ્ય મઘા, ત્રણ ઉત્તરા, હસ્ત ચિત્રા સ્વાતિ, અનુરાધા, અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા શતભિષા અને રેવતી નક્ષત્રમાં તથા સૂર્ય ૧૦ મા ભુવને હોય ચંદ્ર ૪ સ્થાને હોય અને ગુરૂ ૧ ભુવનમાં હોય ત્યારે કરવા તે પ્રશસ્ત છે. પણ તે ગુરૂ—શુક્રનો અસ્ત વિગેરે હોય ત્યારે કરવાં નહિં માત્ર કેતુ વિગેરેનો ઉત્પાત વિગેરે હોય ત્યારે

કરવાં જેથી શુભ ફળ આપે છે. (૩૪) રોગ રોગોપદ્રવ કે નિમિત્ત વિગેરે હોય તો ગુરૂ-શુક્રના અસ્તાદિમાં પણ શાંતિકકર્મ કરવામાં દોષ નથી (?) તથા ૮-૧૨ સ્થાન ખાલી હોય, ઉપચય-ભુવન શુદ્ધ હોય; સૌમ્યગ્રહની દ્રષ્ટિ કે યુતિવાળું લગ્નભુવન હોય અને ચંદ્ર શુભદ્રષ્ટિ-યુતિ-વાળા લગ્નનાં કે ૩-૬-૧૦-૧૧ ભુવનમાં હોય તો તે સમયે કરેલાં દરેક કાર્યો પ્રશંસાને પાત્ર છે.

શાંતિકકાર્ય માટે **શ્રી હેમહંસગણિજી** કહે છે કે-મૂળ અથવા અશ્લેષામાં બાળકનો જન્મ થાય-ત્યારે સર્વ નક્ષત્રોને ભોગવનાર નવે ગ્રહોએ પણ જેમનાં ચરણકમળ સેવ્યા છે. એવા શ્રીમાન્ **અરિહંતની** તથા વિશેષે કરીને મૂળ નક્ષત્રમાં જ ઉત્પન્ન થયેલા શ્રી **સુવિધિનાથ** સ્વામીની **અષ્ટોત્તર શત પ્રકારી સ્નાત્ર પૂજા** શાસ્ત્રવિધિ પ્રમાણે મહોત્સવ-પૂર્વક ભણાવવી. એમ કરવાથી પણ સમગ્ર ક્ષુદ્ર ઉપદ્રવોની શાંતિ થયેલી સર્વત્ર **સાક્ષાત્** જોવામાં આવે છે. ગ્રહોની શાંતિ માટેનો વિધિ અમે **જન્મરાશિગોચર** માં જ કહી ગયા છીએ.

અન્ય સ્થાને તો કહ્યું છે કે--

"हिबुकेऽर्के गुरौ लग्ने, धर्मारम्भो रवेर्दिने।
गुरुज्ञलग्नवर्गे वा, शुभारम्भास्तयोर्बले ॥ १ ॥ "

અર્થ—રવિવારે સૂર્ય ૪ સ્થાનમાં હોય, ગુરુ ૧ ભુવનમાં હોય ત્યારે ધર્મનો પ્રારંભ કરવો. અથવા બુધ-ગુરૂના લગ્નમાં કે બુધ-ગુરૂના વર્ગમાં અથવા રવિ અને ગુરૂના બળમાં શુભ કાર્યનો પ્રારંભ કરવો **નંદીસ્થાપના** વિગેરે પણ આ યોગોમાં જ થાય છે. ટુંકમાં દરેક શુભકાર્યના નિર્દેશમાં સમુચ્ચય કથન એવું છે કે--

"व्ययनैधनसंशुद्धौ, सदृष्टोपचयोदये।
सर्वारम्भेषु संसिद्धि-श्चन्द्रे चोपचयस्थिते ॥ १ ॥"

અર્થ—૧૨-૮ ભુવન શુદ્ધ હોય જન્મરાશિ કે જન્મલગ્નથી ૩-૬-૧૦-૧૧ મી શુભદ્રષ્ટિવાળી રાશીનું લગ્ન હોય, અને ચન્દ્ર ૩-૬-૧૦-૧૧ ભુવને હોય તો પ્રારંભેલાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે. ॥૧॥ પ્રાયઃ કરીને ૮-૧૨ ભુવનમાં રહેલા શુભ ગ્રહો, તથા ૧-૪-૫-૭-૮-૯-૧૦ અને ૧૨ સ્થાનના પાપ ગ્રહો શુભ ફળ દેતા નથી "લગ્નનો" સૌમ્યગ્રહવાળો

શુભચદ્ર સર્વ કાર્યને સિદ્ધ કરતો નથી, તેમજ જન્મથી આઠમું ભુવન લગ્નમાં હોય તો શિવકારક નથી.

પાકશ્રી ગ્રન્થ (૫/૨) માં કહ્યું છે કે-કાર્તિક, માગશર અને પોષ માસનાં વૃષભલગ્નો, મહા ફાગણ અને ચૈત્ર માસનાં સિંહ લગ્નો, વૈશાખ જેઠ અને અષાઢનાં વૃશ્ચિક લગ્ન, અને શ્રાવણ ભાદરવો તથા આસો માસમાં કુંભલગ્નો **અમૃતલગ્નો** છે, જેના વર્ગોત્તમના મધ્યમ અંશના ઉદયમાં સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

આ સિવાય-મૌંજી બંધન, વિપ્રાધિકાર, સોળ સંસ્કાર, પશુખરીદી, હલવાહ, બીજવપન, કૃષિનક્ષત્ર, જળાશય અને વૃક્ષારોપણ વિગેરે અન્ય ગ્રન્થથી જાણવું.

હવે **શુધ્ધિદ્વાર** કહે છે,--

मास-दिण-रिक्खसुद्धिं, मुणिऊणं सिद्धच्छाय-धुवलग्गे।
बारंगुलम्मि सुद्धे, दिक्ख-पइट्ठाइअं कुज्जा ॥ १२१ ॥

અર્થ-માસ દિવસ અને નક્ષત્રની શુધ્ધિ જાણીને સિધ્ધચ્છાયા અને ધ્રુવલગ્નમાં અથવા દ્વાદશાંગુલ છાયામાં દીક્ષા તથા પ્રતિષ્ઠા વિગેરે કરવું. ૧૨૧

વિવેચન--શુભાશુભ માસ દિવસ અને નક્ષત્રનું વિવરણ આગળ કહેવાયેલ છે, તે દ્વારા દરેક પ્રકારની શુધ્ધિ જાણવી. તથા સિધ્ધછાયા અને શંકુછાયાનો વિસ્તાર આગળ ગાથા (૧૩૯-૧૪૧ માં) કહેવાશે, અને સ્થિર લગ્નનું વર્ણન રાશિલગ્ન દ્વારમાં કહેવાયેલ છે, તે દરેકની અનુકૂળતા જોઇને દીક્ષા પ્રતિષ્ઠા વિગેરે શુભ કાર્યો કરવાં.

હવે પ્રથમ ગ્રન્થકાર મહારાજ પોતે જ બે ગાથાથી **માસ અને દિવસની** શુધ્ધિ કહે છે--

हरिसयण अकम्मण, अहिअमास गुरिसुक्कि अत्थि सिसुवुड्ढे।
ससिनट्ठे न पइट्ठा, दिक्खा सुक्कऽत्थि वि न हुट्ठा ॥१२२॥
अवजोगकुलिअभद्दा, उक्काई जत्थ तं दिणं वज्जे।
संकंतिमाइदिणतिह, गहणे इगु आइ सग पच्छा ॥१२३॥

અર્થ-હરિશયન (ચોમાસું) અકર્મમાસ, અધિકમાસ, ગુરૂ-શુક્રનો અસ્ત,

ગુરૂ કે શુક્રની બાલ્યદશા કે વૃદ્ધાવસ્થા, અને ચન્દ્રનો અસ્તકાળ હોય ત્યારે પ્રતિષ્ઠા દીક્ષા વિગેરે કરવાં નહિં; પણ દીક્ષા માત્ર શુક્રાસ્તમાં દુષ્ટ નથી. ॥૧૨૨॥ અવજોગ, કુલિક, વિષ્ટિ, અને ઉલ્કા વિગેરે જે દિવસે હોય તે દિવસ વર્જ્ય છે. તથા સંક્રાંતિના પૂર્વના દિવસ સાથે ત્રણ દિવસો અને ગ્રહણમાં એક દિવસ પહેલાંનો એક દિવસ ગ્રહણનો તથા સાત દિવસ પછીના વર્જ્ય છે.॥૧૨૩॥

વિવેચન—આ બે ગાથામાં માસ અને દિવસની શુદ્ધિના અપયોગોની નામાવલી આપી છે. શુભકાર્યમાં તે દરેકનો અવશ્ય ત્યાગ કરવો, અપવાદ એટલો જ છે કે–પ્રતિષ્ઠામાં શુક્રાસ્તના દિવસો દુષ્ટ છે, પણ દીક્ષામાં શુક્રાસ્તનો દોષ હોતો નથી. આ ગાથામાં દર્શાવેલા કે નહિં દર્શાવેલા વર્ષ માસ, તિથિ, દિવસ, વાર, નક્ષત્ર, યોગ અને લગ્નકુંડળીના એકસત્તાક કે ગણસત્તાક વિલગ્નો નીચે મુજબ છે—

સિંહસ્થગુરૂ, ચોમાસું, **અધિકમાસ, ક્ષયમાસ, ધનાર્ક, મીનાર્ક**, પોષ, ચૈત્ર, જન્મમાસ, પક્ષચ્છિદ્ર, **વૃદ્ધિતિથિ, ક્ષયતિથિ, ક્રુરતિથિ, દગ્ધાતિથિ**, દગ્ધાતિથિની ઘડી ૪, જન્મતિથિ, વક્રી ગુરૂના દિવસો ૧૧૨, વક્રી શુક્રના દિવસો ૫૨, અતિચારી ગુરૂના દિવસો ૪૫, અતિચારી શુક્રના દિવસો ૧૦, બાળ–વૃદ્ધ–અસ્ત ગુરૂના દિવસો ૬૨, બાળ–વૃદ્ધ–અસ્ત શુક્રના દિવસો ૧૦૧ કે ૧૩, **સંક્રાન્તિના દિવસો ૩**, સંક્રાન્તિની આગળ–પાછળની ઘડી ૧૬, ગ્રહણદૂષિત્ત દિન ૯, ચન્દ્રનો અસ્તકાળ, ક્રૂરવાર, ક્રૂર વારની **હોરા**, કુવારની ઘડી ૪, દરેક વારની વિષઘડી, કુલિક ઉપકુલિક, કંટક, કાલવેળા, અર્ધપ્રહર, વિષ્ટિકરણ, ૨–૧૨–૨૦–૨૧–૨૨–૨૩ મુહૂર્તો, શિષ્ય સ્થાપક વર અને કન્યાનાં જન્મનક્ષત્રો, ક્રૂર ગ્રહે ભોગવેલ ભોગવાતું કે આક્રમણ કરેલું નક્ષત્ર, ગ્રહવિદ્ધનક્ષત્ર, ગ્રહભિન્ન નક્ષત્ર, ગ્રહણનું નક્ષત્ર, રાહુ–કેતુના દર્શનનું અશુદ્ધ નક્ષત્ર, ક્રૂર ગ્રહોની વિષઘડીઓ, ગ્રહનાં જન્મનક્ષત્ર, લત્તા, ઉપગ્રહ, પાત, ત્રણગંડાંત, વેધ, એકાર્ગલ, **વ્યતિપાત, વૈધૃત**, ભસ્મયોગ, દંડયોગ, અમૃતસિદ્ધિઘ્ન, કાલદંડ, ઉત્પાત મૃત્યુ, ક્રકચ, અતિદુષ્ટ વિષ્કંભાદિ સાતયોગો, વિષ્કંભ ઘડી ૫, ગંડઅતિગંડ ઘડી ૬, શુલ ઘડી ૭, વ્યાઘાત ઘડી ૯, ગદ ઘડી ૭, ધ્વાંક્ષ–વજ્ર–મુદગર ઘડી, ૫ લુંબક–પદ્મ ઘડી ૪, ચર ઘડી ૩, મુશલ ઘડી ૨, ધુમાક્ષ ઘડી ૧, ઉત્પાત ઘડી ૭, મૃત્યુ ઘડી ૬, કાણ ઘડી ૫, વજ્રપાત, યમદંષ્ટ્રા, જ્વાલામુખી, કાલમુખી ઘડી ૮, સર્વ કુયોગ ઘડી ૨, મૃત્યુયોગો, કર્તરી; જામિત્ર, પરમજામિત્ર, યુતિ, ક્રાંતિસામ્ય, બુધપંચક, મુખ્ય–ગૌણને બળ વિનાના સૂર્ય ચદ્ર, ગુરૂ, ગુરૂનો નિર્બળ ચન્દ્ર, ઘાતચન્દ્ર વિગેરે.

શિષ્ય–સ્થાપક વર કે કન્યાની જન્મરાશિકુંડળી કે જન્મલગ્નકુંડળીના ૧–૪–૮–૧૨ ભુવનનું

લગ્ન (૩૨), બન્ને જન્મકુંડળીના ૮ મા સ્થાનના ગ્રહોથી, ભોગવાતું લગ્ન, સૌમ્યગ્રહના બળથી રહિત જન્મરાશિનું લગ્ન, સૌમ્યગ્રહબલહીન કેન્દ્રવાળું લગ્ન, ચન્દ્રથી અશુદ્ધ થયેલ લગ્ન, ક્રૂર ગ્રહથી અશુદ્ધ થયેલ લગ્ન કે નવાંશ, અલ્પ રેખાવાળું લગ્ન, દુષ્ટ યોગ કારક **કુંડલીનું** લગ્ન, ઉદયાસ્તની શુદ્ધિથી રહિત લગ્ન, ૬–૫–૪ વર્ગની શુદ્ધિ વગરનું લગ્ન, વર્જ્ય નવાંશ, લગ્નથી કે ચન્દ્રથી સાતમે સ્થાને રહેલ ક્રૂર ગ્રહ કે શુક્ર, લગ્ન કુંડળી કે ભાવકુંડળીમાં અશુભ સ્થાને રહેલા ગ્રહો, નીચ ગ્રહો, અલ્પ રેખાવાળો ગુરૂ, નીચનો ચંદ્ર, ક્ષીણ ચંદ્ર ૬–૮ ભુવને રહેલ લગ્નપતિ કે નવાંશપતિ, નીચનોલગ્નેશ, નીચનો નવાંશેશ, દુશ્ચિહ્ન, * ઉત્પાતના દિવસો ૭, માત-પિતાની મૃત્યુતિથિ, રજસ્વલા માતાના દિવસો અને **મનોભંગ**.

આગળ **વિલગ્નશુદ્ધિ** (ગાથા–૨૧) માં તથા પોતપોતાના દ્વારમાં આ દરેક દોષો પૈકીના સાધ્ય દૂષણોની શુદ્ધિ દેખાડેલ છે, જે તપાસી દૂષણો ટાળીને શુદ્ધ દિવસ લેવો.

વળી પણ **દિનશુદ્ધિ** જ કહે છે—

सुद्धतिही सुहवारे, सिद्धाऽमियराजजोगपमुहाइं ।
जत्थ हवन्ति सुहाइं, सुहकज्जे तं दिणं गिज्जं ॥ १२४ ॥

અર્થ— જે દિવસે શુદ્ધ તિથિ અને શુભ વારની સાથે સિદ્ધિ, અમૃતસિદ્ધિ, કે રાજયોગ પ્રમુખ યોગો હોય તે દિવસ શુભકાર્યમાં ગ્રહણ કરવો. ॥૧૨૪॥

વિવેચન—પૂર્વોકત ગાથામાં દરેક પ્રકારના દોષો દેખાડેલ છે. તે દોષોથી રહિત દિવસ હોય; અને તેજ દિવસે ૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩–કે –૧૫ તિથિ હોય, સોમ બુધ ગુરૂ કે શુક્રવાર હોય; તથા રવિયોગ, કુમાર, રાજ, સ્થિર, સર્વાંક, અમૃતસિદ્ધિ, અમૃત અને સિદ્ધિ વિગેરે યોગો હોય; તો શુભ કાર્યો કરવાં.

આ ગાથામાં નક્ષત્રો માટે સ્પષ્ટતા કરી નથી, પરંતુ તે બાબત ગ્રન્થકાર સૂરિમહારાજ ઉલ્લેખ કરવાના છે. માટે અહીંશુભ નક્ષત્રો, શુભ લગ્ન, છ વર્ગની શુદ્ધિ, ગ્રહ ગોચર, બુધ ગુરૂ શુક્રનુ બળ, ધ્રુવચક્ર, શંકુછાયા, અભીચ્, વિજ્યયોગ, શિવચક્ર, ચંદ્રનાડી, ભૂતત્વ જળતત્વ **શકુન** નિમિત્ત અને ઉત્સાહનો પણ સ્વીકાર કરવો.

---

* જુઓ પૃષ્ટ ૫૮ ૫૯ તથા નીહાર (બરફ) વૃષ્ટિ ગ્રહયુદ્ધ, ગ્રહણ, વૃક્ષપાત, પાષણવૃષ્ટિ, ઋતુવ્યત્યય, જંતુની વિકૃત ઉત્પત્તિ, સૂર્ય ચંદ્રનો વિપર્યય, દેવ મૂર્તિનો ધ્વંસ વિગેરે. **(મેઘ મહોદય)**

હવે **દીક્ષાવ્દાર** કહે છે.

हत्थ–ऽणुराहा साई, सवणु–त्तर–मुल–रोहिणी–पुस्सा ।

रेवइ–पुणव्वसु इअ, दिक्ख –पइट्ठा सुहा रिक्खा ॥ १२५ ॥

અર્થ—હસ્ત, અનુરાધા, સ્વાતિ, શ્રવણ, ત્રણ ઉત્તરા, મૂળ, રોહિણી, પુષ્ય, રેવતી, અને પુનર્વસુ; આ દરેક નક્ષત્રો દીક્ષા અને પ્રતિષ્ઠામાં શુભ છે ॥ ૧૨૫ ॥

વિવેચન—પૂર્વોકત રીતે નિર્દોષ અને સગુણ દિવસ જોઇ **દીક્ષા પ્રતિષ્ઠા** વિગેરે શુભ કાર્યો કરવાં. પરંતુ દીક્ષા વિગેરેમાં બીજી શુધ્ધિ કરતાં નક્ષત્રશુધ્ધિમાં વિશેષ આવશ્યકતા છે, તેથી ગ્રન્થકાર સૂરિમહારાજે બે ગાથાથી દિક્ષા અને પ્રતિષ્ઠાના નક્ષત્રો જુદા દેખાડેલ છે. આ ગ્રન્થ તથા અન્ય ગ્રન્થોમાં દિક્ષા માટે નીચે પ્રમાણે શુદ્ધિ કહેલ છે—

દીક્ષામાં....કાર્તિક, માગશર, મહા, ફાગણ, વૈશાખ, જેઠ, અને અષાડ માસ સારા છે; માત્ર જ્યેષ્ઠ પુત્ર—પુત્રીની દીક્ષા હોય તો જેઠ માસનો ત્યાગ કરવો. તથા મેષ વૃષ મિથુન મકર અને કુંભની સંક્રાન્તિ પણ સારી છે. બાલવૃદ્ધ ગુરૂ–શુક્ર અને અસ્ત ગુરૂના દિવસો દીક્ષામાં નેષ્ટ છે.

લગ્નશુદ્ધિમાં કહ્યું છે કે—વ્રતગ્રહણ માટે રવિ, બુધ, ગુરૂ અને શનિવાર સુંદર છે; **નારચંદ્ર**માં સોમવારને શુભ કહેલો છે, અને **અન્યસ્થાને** બળવાન્ યોગ કે બળવાન્ લગ્નના દિવસે સોમ–શુક્રને પણ શુભ માન્યા છે.

લગ્નશુધ્ધિમાં બન્ને પક્ષની ૧–૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩ તિથિઓ વ્રતસ્વીકાર માટે ગુણવર્ધક માની છે, **કોઇસ્થાને** ૪–૧૨ તિથિએ દીક્ષા લેવાનું સ્વીકાર્યું છે, શ્રીમાન્ **ઉદયપ્રભ સૂરિજી** માત્ર પુનમનેજ દીક્ષા વર્જ્ય તિથિ માને છે. જ્યારે **લલ્લ** કહે છે કે–માત્ર દીક્ષા વિગેરેમાં રિકતા અમાવાસ્યા અને આઠમ તિથિ પ્રશસ્ત છે.

નક્ષત્રો માટે સૂરિ **મહારાજ** જ કહે છે કે—વ્રત ગ્રહણમાં અશ્વિની, રોહિણી, પુનર્વસુ. પુષ્ય, ત્રણ ઉત્તરા. હસ્ત, સ્વાતિ, અનુરાધા, મૂળ, શ્રવણ, શતભિષા, પૂર્વાભાદ્રપદ અને રેવતી નક્ષત્ર શુભ છે. શ્રીમાન્ **ઉદયપ્રભ** સૂરિજીએ દીક્ષાના **નક્ષત્રોમાં પુષ્ય અને પૂર્વાભદ્રપદ**નો સ્વીકાર કર્યો નથી, તેમજ પુષ્ય **નક્ષત્ર**માં તો વિવાહ અને દીક્ષાનો સર્વથા નિષેધ જ કર્યો છે. **અન્ય સ્થાને** દીક્ષામાં અશ્વિની શતભિષા અને પૂર્વાભાદ્રપદને બદલે મૃગશર મઘા અને ધનિષ્ઠા લઈ પંદર નક્ષત્રો શુભ કહ્યા છે; આર્દ્રા–ચિત્રા તથા વિશાખા ત્યાજ્ય કહ્યા છે, અને અભિજિત નક્ષત્ર સર્વ શ્રેષ્ઠ કહેલ છે.

૧ એક સ્થાનમાં ચારથી વધારે ગ્રહો હોય, ૨ અથવા જન્મરાશિપતિ શનિને જોતો હોય અને અને બીજા ગ્રહની દૃષ્ટિવાળા સ્થાનમાં ન હોય, ૩ અથવા જન્મરાશિપતિને બીજા ગ્રહ જોતા ન હોય પણ શનિ જોતો હોય તો **પ્રવ્રજ્યા યોગ** થાય છે; તેમાં દીક્ષા આપવી હિતકર છે. યમઘંટ, વજ્રમુશલ વિગેરે કુયોગોનો ત્યાગ જ કરવો, કેમકે તેમાં દીક્ષા લેવાથી દીક્ષિત મૃત્યુ પામે છે કે વ્રતથી ખડે છે. શુક્રાસ્તના દિવસો દુષ્ટ નથી. **શ્રી ઉદયપ્રભ સૂરિજી** મહારાજ **લગ્ન–અંશ** માટે કહે છે કે—

"व्रताय राशयो द्व्यङ्गाः स्थिराश्चापि वृषं विना।
मकरश्च प्रशस्याः स्युः, लग्नांशादिषु नेतरे ॥ २१ ॥"

અર્થ—"દીક્ષાના લગ્ન અને નવાંશ વિગેરેમાં દ્વિસ્વભાવ મિથુન, કન્યા, ધન અને મીન, વૃષ સિવાયની સ્થિર–સિંહ વૃશ્ચિક કુંભ અને મકર રાશિઓ શ્રેષ્ઠ છે, તે સિવાયની બીજી રાશિ શુભ નથી ॥૨૧॥" એટલે––મેષ, વૃષ, કર્ક અને તુલા રાશિનાં લગ્ન, નવાંશ કે દ્વાદશાંશ, એ કોઈનો પણ દીક્ષામાં સ્વીકાર કરવો નહિં.

નારચંદ્રમાં કહ્યું છે કે—

"वृश्चिकमिथुनधनुर्धर–कुम्भेषु शुभाय दीक्षणं भवति।
पञ्चमके तु नवांशे, वृषाजयोर्नान्यराशीनाम् ॥ १ ॥

અર્થ—"વૃશ્ચિક, મિથુન, ધન અને કુંભની દીક્ષા શુભ છે, વૃષભ–મેષનો પાંચમો નવાંશ શુભ છે, બીજી રાશિનો પાંચમો નવાંશ શુભ નથી. ॥૧॥"

હર્ષપ્રકાશમાં પણ મેષ અને વૃષ સિવાયની રાશિઓના પાંચમાં અંશોને કેટલાએક કારણે દુષ્ટ થતા હોવાથી દીક્ષા માટે નેષ્ટ માનેલ છે, જ્યારે વૃષાંશ તો શુક્રવારે હોય તો પણ શુભ છે.

ચંદ્ર અને શુક્રના બળવાનપણામાં દીક્ષા સર્વથા દેવીજ નહિં. **નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું** છે કે––૧ શુક્રવાર હોય, ૨ શુક્ર લગ્નમાં હોય, ૩ શુક્રનો નવાંશ હોય, ૪ લગ્ન કે સાતમા સ્થાનમાં શુક્રની સંપૂર્ણ દ્રષ્ટિ હોય અને ૫ શુક્રની રાશિ વૃષ કે તુલા હોય; અથવા ૧–સોમવાર હોય, ૨ લગ્નમાં ચંદ્ર હોય, ૩ ચંદ્રનો નવાંશ હોય, કે ૪ ચંદ્રની દૃષ્ટિ પડતી હોય તો દીક્ષા આપવી નહિં.

મંગળનો ષડ્ વર્ગ પણ નેષ્ટ છે.

"जीव-मन्द-बुधा-ऽर्काणां, षड्वर्गो वारदर्शने"

शुभावहानि दीक्षायां, न शेषाणां, कदाचन ॥ १ ॥"

અર્થ—"દીક્ષામાં ગુરૂ શનિ બુધ અને સુર્યના ષડ્વર્ગો વાર અને દ્રષ્ટિ શુભ છે, બાકીના ગ્રહો (ચંદ્ર મંગળ શુક્ર)ના ષડ્વર્ગોદિક શુભ નથી ॥૧॥ **નારચંદ્ર**માં ચંદ્રનો વર્ગ પણ સ્વીકાર્યો છે.

ઉદયાસ્તની શુદ્ધિ પણ લેવી, **નારચંદ્ર**માં કહ્યું છે કે અસ્તશુદ્ધિનો આગ્રહ નથી, પણ ઉદયની શુદ્ધિ તો જોઇએ જ.

એકંદરે **દીક્ષાના શુભ ત્રીશાંશો** આ પ્રમાણે છે મેષનો ૨૭ મો પળ અત્યંકળા ૨૦, વૃષના ૧૪–૨૦, મિથુનનો ૧૭, કર્કનો ૮, સિંહનો ૧૮, કન્યાનો ૮, પૂર્વકળા–૩૦, ધનનો ૧૭, મકરનો ૨૦, અને મીનનો ૮ મો ત્રીશાંશ વિગેરે વિગેરે. અમૃત સ્વભાવવાળાં લગ્નો (પૃષ્ઠ ૩૧૫) પણ દીક્ષામાં શ્રેષ્ઠ છે.

દીક્ષાકુંડળીની ગ્રહ સ્થાપના નીચે મુજબ છે—

ઉદયપ્રભસૂરિ મહારાજ કહે છે કે—કેન્દ્રમાં સૌમ્ય ગ્રહો ન હોય તો લગ્ન અને ચંદ્રના કર્તરી તથા જામિત્રનો ત્યાગ કરવો, જામિત્રસ્થાન અને ચંદ્રની ગ્રહયુતિ પણ નેષ્ટ છે.

નારચંદ્રમાં કહ્યું છે કે—

शुक्राङ्गारकमन्दानां, नाभीष्टः सप्तमः शशी ।
तमःकेतू तु दीक्षायां, प्रतिष्ठावत् शुभाशुभौ ॥ १ ॥
कलह-भय-जीवनाशन-धनहानि-विपत्ति-नृपतिभीतिकरः ।
प्रव्रज्यायां नेष्टो, भौमादियुतो क्षपानाथः ॥ २ ॥"

અર્થ—"શુક્ર મંગળ અને શનિથી સાતમો ચંદ્રનેષ્ટ છે, રાહુ અને કેતુ દીક્ષામાં પ્રતિષ્ઠાની પેઠે શુભાશુભ જાણવા ॥૧॥ દીક્ષામાં મંગળ વિગેરે ગ્રહોની સાથે રહેલ ચંદ્ર નેષ્ટ છે; અને અનુક્રમે–કલહ, ભય, મૃત્યુ, ધનહાનિ, દુઃખ અને રાજ ભય કરે છે. ॥૨॥"

આ યોગ-અસ્તકાળના ત્રીશાંશોના મધ્યમાં થાય તો તે દૂષિત છે, અને તે કાળાર્ધની પહેલાં કે પછી થાય તો અલ્પ દુષ્ટ છે (આ૦ ૫/૬૩) **લગ્નશુદ્ધિ**માં કહ્યું છે કે—શુક્ર મંગળ અને શનિથી સાતમો ચંદ્ર હોય ત્યારે દીક્ષિત થયેલ પુરૂષ અનુક્રમે શસ્ત્ર દુઃશીલતા અને વ્યાધિથી અવશ્ય પીડાય છે.

દૈવજ્ઞ વલ્લભ કહે છે કે—

द्वयाधै कुरैर्युते चन्द्रे, व्यसुः प्रव्रजितः शुभै ॥

અર્થ—"ચંદ્ર બે અથવા અધિક ક્રૂર કે શુભ ગ્રહ સાથે હોય ત્યારે દીક્ષા લેનાર મૃત્યુ પામે છે."

षड्द्वयैकादशपञ्चमो दिनकरः त्रिद्वयायषष्ठः शशी।
लग्नात सौम्यकुजौ शुभावुपचये केन्द्रे त्रिकोणे गुरुः ॥
शुक्रः षड्त्रिनवान्त्यगोऽष्टमसुतद्वयेकादशो मन्दगो।
लग्नांशादिगुरुज्ञचन्द्रमहसां शौरेश्च दीक्षाविधौ ॥ १ ॥
रविस्तृतीयो दशमः शशाङ्को, जीवेन्दुजावन्तिमनाशवर्ज्यौ।
केन्द्राष्टवर्ज्यो भृगुजस्त्रिशत्रु- संस्थः शनिः प्रव्रजने मतोऽन्यैः ॥ २ ॥

શ્રી નરચંદ્રસૂરિજી કહે છે કે—

અર્થ—"સૂર્ય ૨-૫-૬ કે ૧૧ સ્થાને હોય, ચંદ્ર ૨-૩-૬-૧૧ ભુવને હોય, મંગળ તથા બુધ ૩-૬-૧૦-૧૧ સ્થાને હોય, ગુરૂ ૧-૪-૫-૭-૯-૧૦ સ્થાને હોય, શુક્ર ૩-૬-૯-૧૨ સ્થાને હોય, અને શનિ ૨-૫-૮ કે ૧૧ ભુવને હોય, તથા ગુરૂ બુધ ચંદ્ર સૂર્ય કે શનિના લગ્ન અને નવાંશો હોય તો તે દીક્ષામાં ઉત્તમ છે ।।૧।। રવિ ૩ જો હોય, ચંદ્ર ૧૦ મો હોય, બુધ અને ગુરૂ ૮-૧૨ સિવાયના ભુવનમાં હોય, શુક્ર ૨-૫-૧૧ સ્થાને હોય, અને શનિ ૩-૬ ભુવને હોય તો બીજાઓએ દીક્ષામાં ઉત્તમ છે. ।।૨।।" એટલે-આ ગ્રહોની સ્થાપનામાં વિસંવાદ હોવાથી મધ્યમ છે.

આ સિવાયના ગ્રહસ્થાપના હોય તો તે અધમ છે **શ્રી ઉદયપ્રભસૂરિજી** તો ઉપરોક્ત ઉત્તમ-મધ્યમ બન્ને ગ્રહ સંસ્થાને દીક્ષામાં શુભ તરીકેજ ઓળખાવે છે. **હર્ષપ્રકાશ**માં એટલું વિશેષ છે કે—બુધ ૨-૫ સ્થાને, ગુરૂ ૧૧ સ્થાને, અને શનિ ૬ સ્થાને હોય તો ઉત્તમ છે; ચંદ્ર ૭ મો અને શનિ ૩ જો મધ્યમ છે, તથા શુક્ર ૧૧ મો અધમ છે.

હરિભદ્ર સૂરિ મહારાજ પણ ઉત્તમ ગ્રહસ્થાપના આપીને કહે છે કે–ગુરૂ ૧–૪–૭–૧૦ સ્થાને હોય, શુક્ર ૬–૧૨ સ્થાને હોય, અને શનિ ૨–૫–૬–૮–૧૧ ભુવને હોય તો શિષ્યને દીક્ષા દેવી. બુધ ૨–૫–૬–૧૧ સ્થાને હોય તો દીક્ષામાં શુભ છે, તથા ઉપચયસ્થાનમાં રહેલ મંગળ દીક્ષિતને જ્ઞાન અને તપસ્યાની વૃદ્ધિકરાવે છે.

રાહુ માટે **હર્ષપ્રકાશ**માં કહ્યું છે કે–રાહુ ૩–૬–૧૧ ભુવને ઉત્તમ, ૨–૫–૮–૯–૧૦–૧૨ સ્થાને મધ્યમ, અને ૧-૪–૭ ભુવને અધમ છે. **લલ્લ** કહે છે કે—

"मोक्षार्थिनां च दीक्षा, स्थिरोदये कर्मगे त्रिदशपूज्ये।
पापौर्धर्मप्राप्तै र्बलहीनैः प्रव्रजितयोगे ॥ १ ॥

અર્થ—"સ્થિર લગ્નમાં ગુરૂ ૧૦ સ્થાને હોય, ક્રુર ગ્રહો ૯ સ્થાને હોય તથા નિર્બળ હોય અને પ્રવ્રજ્યાયોગ હોય તો મોક્ષાર્થીને દીક્ષા આપવી. ॥૧॥"

આ રીતે **સામાયિક** કે **ઉપસ્થાપના**, એ બન્ને દીક્ષામાં શુભ દિવસ લેવો, ગુરૂને ચંદ્રબળ, તથા શિષ્યને રવિ, ચંદ્ર તારા અને ગુરૂબળ તપાસવા **શિષ્યનું નામ** પાડવામાં અષ્ટ વર્ગ જોવા. ગુરૂથી શિષ્યની તારા ૩–૫–૭ નેષ્ટ છે, ઇત્યાદિ પરસ્પરનો વિરોધ વર્જી રવિ–સોમ ગુરૂ બળવાન્ હોય એવી ગોચરશુદ્ધિથી પ્રથમાક્ષર લઇ શિષ્યનું નામ પાડવું.

સુરિપદ ઉપાધ્યાયપદ વિગેરે પદારોપણમાં પૂર્વોક્ત રાજ્યાભિષેકની શુદ્ધિ લેવી, અથવા તો પ્રતિષ્ઠાની ગ્રહકુંડળી લેવી. અહીં પણ આચાર્યને ચંદ્રબળ અને પદવી લેનારને રવિ ચંદ્ર તારા તથા ગુરૂનું બળ તપાસવું.

× लग्नाद् बान्धवचित्तवैरिषुशशी सूर्योऽशुमानेषु च (?)
प्रव्रज्यासु कुजेन्दुजावुपचये केन्द्रत्रिकोणे गुरुः।
मन्दो धीधनलाभनैधनगतः धर्मत्रिषष्ठ व्यये,
शुक्रः केतुविधुन्तुदौ त्रिरिपुगौ लाभेनवाऽप्युत्तमः ॥ १ ॥
गुरु-बुध-शशि-रवीणां षड्वर्गो ग्राह्यः [ग्रन्थान्तरात्]

[नारचन्द्र टिप्पनके]

નારચંદ્રમાં-ગુરૂ બુધ ચંદ્ર રવિ અને શનિનો ષડવર્ગ સ્વીકાર્યો છે. ટિપ્પનકમાં અને લગનશુદ્ધિમાં—ગુરૂ બુધ શશિ અને સુર્યનો ષડ્વર્ગ સ્વીકાર્યો છે. છેલ્લા બે સ્થાનોમાં શશિને સ્થાને શનિ માની લઇએ, તો પણ મૂળ પાઠમાં **ચંદ્રનુંજ** સ્પષ્ટ વિધાન છે.

—દીક્ષા કુંડળીની સ્થાપના—

ગ્રહો	ઉત્તમ	મધ્યમ.	અધમ
રવિ	૨–૫–૬–૧૧	૩	૧–૪–૭–૮–૯–૧૦–૧૨
સોમ	૨–૩–૬–૧૧	૧૦ (૭) *	૧–૪–૫–૭–૮–૯–૧૨
મંગળ	૩–૬–૧૦–૧૧	૦	૧–૨–૪–૫–૭–૮–૯–૧૨
બુધ	૩–૬–૧૦–૧૧ (૨–૫)	૧–૨–૪–૫–૭–૯	૮–૧૨
ગુરૂ	૧-૪-૫-૭-૯–૧૦ (૧૧)	૨–૩–૬–૧૧	૮–૧૨
શુક્ર	૩–૬–૯–૧૨	૨–૫–૧૧	૧–૪–૭–૮–૧૦ (૧૧)
શનિ	૨–૫–૮–૧૧ (૬)	૩–૬	૧–૪–૭–૯–૧૦–૧૨
રાહુ	(૩–૬–૧૧)	૨–૫–૮–૯–૧૦–૧૨	(૧–૪–૭)

હવે **પ્રતિષ્ઠાદ્વાર** કહે છે—

अस्सिणि-सयभिस-पू-भा एसु वि दिक्खा सुहा विणिद्दिट्ठा ।

मह-मिग-धणि पईट्ठा कुज्जा वज्जिज्ज सेसाई ॥ १२६ ॥

અર્થ—અશ્વિની, શતભીષા, અને પૂર્વાભાદ્રપદમાં દીક્ષા; તથા મઘા, મૃગશર અને ધનિષ્ઠામાં પ્રતિષ્ઠા શુભ કહી છે; અને બાકીનાં નક્ષત્રો વર્જ્ય છે. ॥૧૨૬॥

વિવેચન—પૂર્વોક્ત ગાથામાં દીક્ષા અને પ્રતિષ્ઠાનાં નક્ષત્રો સાથે કહ્યાં છે. પ્રસ્તુત ગાથાના પૂર્વાર્ધમાં દીક્ષાનાં નક્ષત્રો કહી ઉત્તરાર્ધ ગાથામા પ્રતિષ્ઠાનાં નક્ષત્રો જણાવ્યાં છે. દીક્ષા માટે આગળ કહેવાયું છે, હવે **પ્રાણપ્રતિષ્ઠા** અને **બિંબપ્રતિષ્ઠા** એમ બન્ને પ્રકારની પ્રતિષ્ઠા માટે દિનશુદ્ધિ તથા લગ્નશુદ્ધિ કહેવાય છે.

અહીં યોનિ–ગણ–રાશિ–ભેદ–લેણાદેણી–વર્ગ–નાડીભેદનો મેળ, બિંબપ્રવેશ વિધિ, આચાર્યને ચંદ્રબળ અને સ્થાપકને સુર્ય ચંદ્ર તારા જન્મનક્ષત્ર તથા ગુરૂનું બળ તપાસી પ્રતિષ્ઠાનો દિવસ લેવો.

---

* કૌસમાં બતાવેલા આંકો હર્ષપ્રકાશના મતાંતર સ્થાનો સમજવા.

પ્રતિષ્ઠામાં સિંહસ્થ ગુરૂના દિવસો, મકરના ગુરૂના દિવસો, ગુરૂ–શુક્રના વૃદ્ધ અસ્ત તથા બાલ્યાકાળના દિવસોના ત્યાગ કરવો.

ઉદયપ્રભસુરિજી કહે છે કે—પ્રતિષ્ઠામાં મહા, ફાગણ, વૈશાખ અને જેઠ માસ શુભ છે; કાર્તિક અને માગશર મધ્યમ છે. શ્રીમાન્ **હરિભદ્રાચાર્ય** કહે છે કે—માગશર, મહા, ફાગણ, વૈશાખ, જેઠ અષાડ, શ્રાવણ, અને ભાદરવો શ્રેષ્ઠ છે.

હર્ષ પ્રકાશમાં જ્યેષ્ઠ સંતાનના શુભ કાર્યમાં જેઠ માસ વર્જ્ય કહ્યો છે. તથા પ્રતિષ્ઠામાં પોષ ચૈત્ર ક્ષયમાસ અને અધિકમાસનો તો સર્વથા ત્યાગ કરવો. (આ માસ પુનમીયા સમજવા) **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે—ગુરૂ સૂર્ય અને નક્ષત્રની શુદ્ધિ હોય અને ચંદ્ર બળવાન્ હોય તો કાર્તિક શુદિ ૧૧ પછીના દિવસો શુભ છે.

વળી પ્રતિષ્ઠામાં–મેષ, વૃષભ, મિથુન, મકર અને કુંભ સંક્રાન્તિ શુભ છે, તથા ધન મીન સંક્રાન્તિ નિંદ્ય છે. કેટલાએક કહે કે—મેષ સંક્રાન્તિ ચૈત્રમાં હોય અને મકર સંક્રાન્તિ પોષમાં હોય તો તે નિન્દ્ય નથી. **નારચંદ્ર**માં કહ્યું છે કે—

"ञ्येकद्वितीयपञ्चम-दिनानि पक्षद्वयेऽपि शस्तानि ।
शुक्लेऽन्तिमत्रयोदश-दशमान्यपि प्रतिष्ठायाम् ॥ १ ॥"

અર્થ—"પ્રતિષ્ઠામાં બન્ને પક્ષની ૧–૨–૩–૫ શુભ છે, તથા શુદિ ૧૦–૧૩ અને ૧૫ પણ પ્રશસ્ત છે."

લગ્ન શુદ્ધિમાં પ્રતિષ્ઠાતિથિમાં માત્ર ત્રીજનું વિધાન નથી, તથા વિશેષમાં કહ્યું છે કે–શુદિ ૧૦ થી વદિ ૫ સુધી ચંદ્ર ઉત્તમ બળવાળો હોય છે, માટે સામાન્ય રીતે તે તિથિઓ ઉત્તમ છે, આથી ત્રીજ પણ ઉત્તમ મનાય છે.

હરિભદ્ર સુરિ મહરાજ સોમ બુધ ગુરૂ અને શુક્રવારને પ્રતિષ્ઠામાં શુભ માને છે.

ઉદયપ્રભ સુરિ મહારાજ માત્ર મંગળવારની પ્રતિષ્ઠાનો નિષેધ કરે છે, જ્યારે **રત્નમાલા**માં મંગળ સિવાયના દરેક વારો શુભ કહ્યા છે. કહ્યું છે કે—

"तेजस्विनी क्षेमकृदग्निदाह-विधायिनी स्याद् वरदा दृढा च ।
आनन्दकृत् कल्पनिवासिनी च, सूर्यादिवारेषु भवेत् प्रतिष्ठा ॥१॥

અર્થ—"રવિ વિગેરે સાત વારે કરેલ પ્રતિષ્ઠા અનુક્રમે ૧ પ્રતિષ્ઠાપકનું તેજ વધારે

છે, ૨ ક્ષેમ પ્રવર્તાવે છે, ૩ અગ્નિ પ્રકટાવે છે, ૪ મનોવાંછિત પૂરે છે, ૫ દઢ થાય છે, ૬ આનંદ આપે છે, અને ૭ અનેક કલ્પ પર્યંત સ્થિર રહે છે ॥૧॥" રત્નમાલા ભાસ્યમાં કહ્યું છે કે—રવિ વિગેરેના **ષડ્વર્ગ**માં પણ પ્રતિષ્ઠા માટે આજ ફળ જાણવું.

નક્ષત્ર માટે સૂરિ મહારાજ પોતેજ કહે છે કે—રોહિણી મૃગશર, પુનર્વસુ પુષ્ય, મઘા ત્રણ ઉત્તરા, હસ્ત, સ્વાતિ, અનુરાધા મૂળ, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી નક્ષત્ર પ્રતિષ્ઠામાં શુભ છે.

અન્યસ્થાને પણ એજ કહ્યું છે કે—

"बिना आर्द्रा शतं चित्रां, जिनं शुक्रार्केन्दुगुरौ।
चरे मैत्रे मघोर्ध्वास्य-हस्तमूलेषु स्थापयेत् ॥ १ ॥"

અર્થ—"શુક્ર રવિ સોમ કે ગુરૂવારે તથા શતભિષા વિનાના ચર, ચિત્રા વિનાના મૈત્ર, આર્દ્રા વિનાના ઉર્ધ્વમુખી, મઘા, હસ્ત અને મુળ નક્ષત્રમાં જિનેન્દ્રને સ્થાપવા ॥૧॥'

પ્રતિષ્ઠામાં યમઘંટ, ઉપગ્રહ વજ્ર મુશલ, બુધ પંચક, ધનુષ્ય, શલ્ય, એકાર્ગલ, પાત વિગેરે કુયોગોનો ત્યાગ કરવો; અથવા સોમ ગુરૂ અને શુક્ર વિગેરેના બળથી શુદ્ધિ કરવી. **નારચંદ્રસુરિ** મહારાજ કહે છે કે—

"द्विस्वभावं प्रतिष्ठासु, स्थिरं वा लग्नमुत्तमम्।
तदभावे चरं ग्राह्य-मुद्दामगुणभूषितम् ॥ १ ॥"

અર્થ—"જિનેશ્વર દેવની પ્રતિષ્ઠામાં દ્વિસ્વભાવ લગ્ન ઉત્તમ છે, સ્થિર લગ્ન મધ્યમ છે. અને તે બન્ને ન હોય તો બહુ ગુણવાળું ચર લગ્ન લેવું. ॥૧॥"

તથા—મિથુન કન્યા અને ધનનો પૂર્વાર્ધ નવાંશ ઉત્તમ છે, વૃષ સિંહ તુલા અને મીનના નવાંશ મધ્યમ છે, અને બાકીના નવાંશો કનિષ્ઠ છે.

નારચંદ્ર ટીપ્પણમાં બારે નવાંશના ફળ માટે કહ્યું છે કે * જો **પ્રતિષ્ઠામાં**--

---

* એક ટીપ્પકમાં આ પ્રમાણે વિશેષ છે--

प्रतिष्ठायामंशकफलं, व्याख्यातं शास्त्रबुद्धिना। श्लो० पा, १-२
त्रिभिरब्दैर्न संशयः। श्लो० ९, पा० ४
शक्राद्यैः ससुरासुरैः। श्लो० १०, पा० २

૧. મેષ નવાંશ હોય તો અગ્નિનો ભય થાય છે.

૨. વૃષાંશ હોય તો આચાર્ય અને સ્થાપકનું છ માસમાં મૃત્યુ થાય છે.

૩. મિથુનાંશ હોય તો નિરંતર શુભ થાય છે, ભોગ અને સિદ્ધિ મળે છે.

૪. કર્કાંશ હોય તો પ્રતિષ્ઠાપકનો પુત્ર મરે છે, છ માસમાં કુલનો નાશ થાય છે, અને છ વર્ષમાં નિશ્ચયે મુર્તિનો ધ્વંસ થાય છે.

૫. સિંહાંશ હોય તો આચાર્ય સલાટ અને શ્રાવકને શોક—સંતાપ થાય છે, પરંતુ તે પ્રતિમા લોકમાં વિશેષ ખ્યાતિ પામે છે, અને નિરંતર પુજાય છે

૬ કન્યાંશ હોય તો મુર્તિ વિશેષ પુજ્ય બને છે, અને પ્રતિષ્ઠા કરનાર સમૃદ્ધ બને છે, ચિરકાળ સુધી સુખી રહે છે.

૭. તુલાંશ હોય તો આચાર્યને ઉપદ્રપ–બંધન થાય છે, અને શ્રાવક બે વર્ષમાં મૃત્યુપામે છે.

૮. વૃશ્ચિકાંશ હોય તો રાજા કોપે છે. મહા અશાંતિ વ્યાપે છે, અને અગ્નિનો ઉપદ્રવ થાય છે

૯. ધનાંશ હોય તો ધન વધે છે, દેવો પરચો આપે છે, અને આચાર્ય તથા શ્રાવક નિરંતર આનંદ પામે છે.

૧૦ મકરાંશ હોય તો આચાર્ય શ્રાવક તથા શિષ્યનું મૃત્યુ થાય છે, અને મુર્તિનો વજ્રથી કે છત્રથી ત્રણ વર્ષમાં નાશ થાય છે.

૧૧ કુંભાંશ હોય તો પ્રતિષ્ઠા કરનાર ત્રણ વર્ષમાં જલો—દરથી અને જિનબિંબ એક વર્ષમાં પાણીથી નાશ પામે છે.

૧૨ મીનાંશ હોય તો તે મુર્તિ ઈંદ્ર સુર અસુર અને મનુષ્યથી નિરંતર પુજાય છે. માત્ર કરાવનાર મૃત્યુ પામે છે.

નવાંશ માટે સામાન્ય નિયમ એવો છે કે—જે નવાંશમાં સૌમ્ય ગ્રહપતિવાળા છ પાંચ કે ચાર વર્ગની શુદ્ધિ મળે તે **નવાંશ** પ્રતિષ્ઠા વિગેરેમાં ગ્રહણ કરવા. આવા નવાંશો અને શુદ્ધ ત્રિશાંશો આગળ **રાશિદ્વાર**માં દર્શાવેલ છે. (આ૦ ૨/૨૪)

રત્નમાલા ભાષ્યમાં કહ્યું છે કે–મંગળ સિવાયના ગ્રહોના છએ વર્ગો પ્રતિષ્ઠામાં શુભ છે.

द्वयोर्नवांशयोः शुद्धिः, प्रतिष्ठायां विलोक्यते ।
आद्येऽधिवासना बिम्बे, द्वितीये च शलाकिका ॥ १ ॥"

અર્થ—"એટલું ધ્યાન રાખવું કે—પહેલા નવાંશમાં **પ્રાણપ્રતિષ્ઠા,** અને બીજા નવાંશમાં **અંજનશલાકા** કરાય છે; માટે પ્રતિષ્ઠામાં એ નવાંશની શુદ્ધિ જોવાય છે. (તથા જુઓ આરંભસિદ્ધિ પૃષ્ઠ ૩૭૪)

પ્રતિષ્ઠાની **ગ્રહસ્થાપના** નીચે મુજબ છે—

ઉદયપ્રભસુરિ મહારાજ કહે છે કે—કેન્દ્રમાં સૌમ્ય ગ્રહો ન હોય તો લગ્ન અને ચંદ્રના—કર્તરી, જામિત્ર, બુધ પંચકનો ત્યાગ કરવો **નરચંદ્રસુરિ** મહારાજ કહે છે કે પ્રતિષ્ઠામાં મંગળ વિગેરે ગ્રહોની સાથે કે દષ્ટિમાં ચંદ્ર હોય તો અનુક્રમે અગ્નિનો ભય, સમૃદ્ધિ સિદ્ધપુજા, સમૃદ્ધિ, મૃત્યુ અગ્નિનો ભય થાય છે. (૧–૨) કેતુયુકત ચંદ્ર પણ અતિદુષ્ટ છે.

क्रूरग्रह संयुक्ते, दृष्टे वा शशिनि लुप्तकरे।
मृत्युं करोति कर्तुः, कृता प्रतिष्ठाऽयने याम्ये ॥३॥"

અર્થ—"ક્રૂરગ્રહ યુક્ત કે ક્રૂરગ્રહ દૃષ્ટ કે અસ્તનો ચંદ્ર હોય તથા દક્ષિણાયન હોય તો કરેલ પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠાપકનો નાશ કરે છે ॥૩॥"

"अङ्गारकः शनिश्चैव, राहुभास्करकेतवः।
भृगुपुत्रसमायुक्ताः, सप्तमस्थास्त्रिकापहाः ॥ ४ ॥
शिल्पि-स्थापक-कर्तृणां, सद्यः प्राणवियोजकाः।
तस्मात् सर्वप्रयत्नेन, सप्तमस्थान् विवर्जयेत् ॥ ५ ॥"

અર્થ—સાતમે સ્થાને રહેલ મંગળ, શનિ, રાહુ, સુર્ય, કેતુ અને શુક્ર શિલ્પી શ્રાવક અને આચાર્ય એ ત્રણના પ્રાણનો નાશ કરે છે; માટે દરેક રીતે સપ્તમસ્થ ગ્રહોનો ત્યાગ કરવો. ॥૪–૫॥"

"सूर्ये विबले गृहपो गृहिणी भृगलाञ्छने धनं भृगुजे।
वाचस्पतौ तु सौख्यं, नियमान्नाशं समुपयाति ॥ ६ ॥"

અર્થ—"પ્રતિષ્ઠામાં સુર્ય નિર્બળ હોય તો ઘરધણી ચંદ્ર નિર્બળ હોય તો સ્ત્રી, શુક્ર નિર્બળ હોય તો ધન, અને ગૂરૂ નિર્બળ હોય તો સુખ અવશ્ય નાશ પામે છે ॥૬॥"

૩–૬–૧૧ ભુવને રહેલ ક્રૂરગ્રહો મુર્તિને દેવના સાન્નિધ્યવાળી બનાવે છે, પ્રતિષ્ઠાલગ્નમાં ઉદયાસ્તની શુદ્ધિ જોવી, તો પણ અસ્તશુદ્ધિ માટે કાંઈ વિશેષ આગ્રહ નથી નદીનો

વેગ વૃક્ષોનો નાશ કરે છે, તેમ કેન્દ્ર અને સુતભુવનના ગુરૂ–શુક્ર લગ્નના દરેક દોષોનો નાશ કરે છે. **ઉદયપ્રભસૂરિ** મહારાજ કહે છે કે—ત્રિકોણ અને કેન્દ્રમાં રહેલ મંગળ અને શનિ મંદિરનો ધ્વંસ કરે છે, બળવાન મિત્રે જોયેલ ત્રિકોણ અને કેન્દ્રનો શનિ અથવા બળવાન મિત્રની દૃષ્ટિવાળો કેન્દ્ર ૮–૯ અને ૧૨ નો મંગળ મંગળનો નાશ કરે છે. કેન્દ્રમાં રહેલ બળવાન બુધ, ગુરૂ, શુક્ર અથવા ઉચ્ચના સૌમ્યગ્રહો દરેક દોષોનો નાશ કરે છે. લગ્નનો ગુરૂ લગ્ન નવાંશ અને દૃષ્ટિના તમામ દોષોનો નાશ કરે છે. તેમ જ કેન્દ્ર ત્રિકોણના બુધ, ગુરૂ અને શુક્રની દૃષ્ટિ પણ નિંદ્ય સ્થાનમાં રહેલ ક્રૂર ગ્રહના દોષને શમાવે છે.

વળી પણ કહ્યું છે કે—શૂન્ય કેન્દ્ર સ્થાનો કરતાં જન્મરાશિપતિ કે નામરાશિપતિના ક્રૂર ગ્રહો પણ કેન્દ્રમાં હોય તો તે શ્રેષ્ઠ છે.

અન્યસ્થાને કહ્યું છે કે—પ્રતિષ્ઠામાં લગ્નબળનીજ આવશ્યકતા છે. પ્રતિષ્ઠાના લગ્નમાં રવિ, શનિ કે વક્રીગ્રહ હોય, અથવા કેન્દ્ર અને ૯ મા ભુવનમાં ક્રૂરગ્રહો હોય તો **પ્રાસાદનો** નાશ કરે છે. શત્રુઘરના સર્વ ગ્રહો નેષ્ટ છે. રાહુ–કેતુ સાથેનો લગ્ન કે સાતમાં ભુવનનો **ચન્દ્ર** નેષ્ટ છે, પણ ગુરૂ–શુક્ર સાથે રહેલ કે જોવાએલ ચન્દ્ર શુભ છે. સર્વ ગ્રહો ૧૧ સ્થાને શુભ છે, ૧૨ મા ભુવને અશુભ છે. **લલ્લ** કહે છે કે—મેષ કે વૃષભનો ચંદ્ર કે સુર્ય હોય, મંગળ–બુધ હીનબળી હોય, અને શનિ બળવાન હોય તો **અરિહંત મુર્તિની પ્રતિષ્ઠા** કરવી

ત્રિવિક્રમ શતકમાં કહે છે કે—પ્રતિષ્ઠામાં ૧–૫–૭–૮ સ્થાનના પાપગ્રહો, ૮ સ્થાનના સૌમ્ય ગ્રહો, અને ૧–૬–૮ સ્થાનનો ચંદ્ર અતિદુષ્ટ છે. તેની **ટીકા**માં ૬ઠ્ઠા ચંદ્રને અમુક યોગના કારણે શુભ અને અન્યથા પ્રકારે અશુભ ઓળખાવ્યો છે, તેથી **લગ્નશુદ્ધિ** અને **પૂર્ણભદ્ર**માં તેને વર્જ્યો પણ છે. **નારચંદ્ર**માં ચાર પ્રકારે ગ્રહસભા છે.—

"शौरार्के क्षिति सूनव स्त्रि रिपुगा द्वित्रि स्थितश्चन्द्रमा,
एक द्वित्रिखपञ्चबन्धुषु बुधः शस्तः प्रतिष्ठाविधौ।
जीवः केन्द्रनवस्वधीषु भृगुजो व्योमत्रिकोणे तथा,
पातालोदययोः सराहु शिखिनः सर्वेऽप्युपान्त्ये शुभाः ॥१॥

खेऽर्कः केन्द्र नवारीगः शशधरः सौम्यो नवास्तारिगः,
षष्ठौ देवगुरुः सितस्त्रि धनगो मध्याः प्रतिष्ठाक्षणे।
अर्केन्दुक्षितिजाः सुते सहजगो जीवो व्ययास्तारिगः,
शुक्रो व्योमसुते विमध्यमफलं शौरिश्च सद्भिर्मतः* ॥२॥"

અર્થ—"પ્રતિષ્ઠામાં સુર્ય મંગળ અને શનિ ૩–૬ સ્થાને હોય, ચંદ્ર ૨–૩ ભુવને હોય, બુધ ૧–૨–૩–૪–૫–૧૦ ભુવને હોય, ગુરૂ ૧-૨-૩-૪–૫–૭–૯–૧૦ ભુવને હોય, શુક્ર ૧–૪–૫–૯–૧૦ ભુવને હોય, તથા રાહુ અને કેતુ સહિત સર્વ ગ્રહો ૧૧ ભુવને હોય તો તે ઉત્તમ છે ॥૧॥"

"સૂર્ય ૧૦ ભુવને હોય, ચંદ્ર ૧–૪-૬-૭-૯-૧૦ ભુવને હોય બુધ ૬–૭–૯ સ્થાને હોય, ગુરૂ ૬ સ્થાને હોય, અને શુક્ર ૨–૩ સ્થાને હોય તો તે **મધ્યમ** છે, તથા ૫ મો સુર્ય, ચંદ્ર મંગળ. ૩ જો ગુરૂ, ૬–૭–૧૨ મો શુક્ર, અને ૫–૧૦ મો શનિ **વિમધ્યમ** છે ॥૨॥" આથી શેષ રહેલ ગ્રહસંસ્થા કનિષ્ટ છે.

રાહુ–કેતુ માટે કહ્યું છે કે—૩–૬–૧૧ સ્થાને શ્રેષ્ઠ છે, અને ૧–૭ ભુવને તથા ચંદ્ર સાથે હોય તો કનિષ્ટ છે. **લગ્નશુદ્ધિ**માં તો કહ્યું છે કે—૩–૬–૧૧ સ્થાનનો રવિ, મંગળ, શનિ ૨–૩–૬–૧૧ ભુવનનો ચંદ્ર, ૧–૨–૩–૪–૫–૧૦–૧૧ સ્થાનનો બુધ, ૧–૨–૪–૫–૬–૭–૯–૧૦–૧૧ સ્થાનનો ગુરુ, અને ૧–૪-૯–૧૦–૧૧ ભૂવનનો શુક્ર **ઉત્તમ** છે. ૫ મો રવિ, ૧–૪–૫–૭–૯–૧૦ મો ચંદ્ર, ૫ મો મંગળ, ૬–૭–૯ મો બુધ, ૩ જો ગુરુ, ૨–૫–૬–૭ મો શુક્ર અને ૫–૮–૧૦ મો શનિ **મધ્યમ** છે. અને શેષ ગ્રહો **અધમ** છે.

આરંભસિદ્ધિમાં કહ્યું છે કે—પ્રતિષ્ઠામાં ૩–૬–૧૦–૧૧ મો રવિ, ૨–૩–૬–૯–૧૦–૧૧ મો ચંદ્ર, ૩–૬–૧૧ મો મંગળ, શનિ, ૮–૧૨ સિવાયના બુધ–ગુરુ, અને ૧–૪–૯–૧૦–૧૧ મો **શુક્ર ઉત્તમ** છે. ૧–૪–૫–૯–૧૦ મો શુક્ર, ૭ સહિત તેજ ભૂવનના બુધ-ગૂરુ, ૩–૬ ઠ્ઠા ચંદ્ર તથા ક્રૂર ગ્રહો, અને ૧૧ મા સર્વ ગ્રહો હોય તો પ્રતિષ્ઠાપકને લક્ષ્મી મળે છે અને પ્રતિમાની સાન્નિધ્યમાં દેવતા રહે છે.

પૂર્ણભદ્રાચાર્ય પ્રતિષ્ઠાકુંડળીના બારે ભુવનમાં રહેલ ગ્રહોનું ફળ આ પ્રમાણે કહે છે—

भौमे लग्नकलत्रनैधनगते, शुक्रेऽरिसप्ताष्टगे,
चन्द्रे रन्ध्र विलग्न षष्ठ निरधौ, लग्नास्तगे भास्करे ।
तद्वद् भानुसुते गुरौ निधनगे सौम्ये तु सप्ताष्टगे,
जायाम्भो निधिलग्नभाजि तमसि प्राहुर्न केतावपि ॥१॥
सर्वे परत्र वर्ज्या, जन्मस्मरगः शिखी शशियुतश्च ।
शुभद स्त्रिशत्रुसंस्थो, परत्र मध्यो विधुंतुदस्तद्वत् ॥२॥

नारचन्द्र टीप्पन ।

સૂર્ય બારે ભુવનમાં અનુક્રમે—૧ મંદિરધ્વંસ, ૨ હાનિ, ૩ ધનપ્રાપ્તિ ૪ સ્વજનપીડા, ૫ પુત્રપીડા, ૬ શત્રુક્ષય-શત્રુનો નાશ, ૭ સ્રીનું મૃત્યુ, ૮ પોતાનું મૃત્યુ, ૯ ધર્મનાશ, ૧૦ સુખ, ૧૧ ઋદ્ધિ અને ૧૨ શોક કરે છે.

ચંદ્ર બારે ભુવનમાં અનુક્રમે—પ્રતિષ્ઠાપકનો ઘાત, ધનપ્રાપ્તિ, સૌભાગ્ય, કજીયો, દીનતા શત્રુજ્ય. અસુખ, મરણ, વિઘ્ન, રાજમાન, વિષયવિકાર-વિકાર હાનિ, અને ધન નાશ કરાવે છે.

મંગળ બારે ભુવનમાં અનુક્રમે—દાહ, મંદિરધ્વંસ, પૃથ્વીની પ્રાપ્તિ, રોગ, શસ્રથી પુત્ર ઘાત, શત્રુક્ષય, સ્રીનાશ, સ્વજનનાશ, ગુણનાશ, રોગ, ધનપ્રાપ્તિ અને હાનિ કરાવે છે.

બુધ બારે ભૂવનમાં અનુક્રમે—પ્રતિમાનો અખંડ મહિમા, ધનલાભ, શત્રુનાશ, સુખ, પુત્રલાભ, શત્રુક્ષય, ઉત્તમસ્રીનો લાભ, આચાર્યઘાત, ધન, કાર્યસિદ્ધિ, આભરણલાભ અને લક્ષ્મીનો નાશ કરે છે.

ગુરૂ બારે ભુવનમાં અનુક્રમે—કીર્તિ, વૃદ્ધિ, સુખ, શત્રુક્ષય, પુત્રસુખ, સ્વજન શોક, સ્રીસુખ, આચાર્યઘાત, ધનપ્રાપ્તિ, લાભ, ઋદ્ધિ અને મૃત્યુ કરે છે.

શુક્ર બારે ભૂવનમાં અનુક્રમે—કાર્યસિદ્ધિ, ધન, માન, તેજ, સ્રીનું સુખ, અપયશ, પુત્ર-પ્રાપ્તિ, તથા ચૈત્યાદિ ભંગ, અસુખ, પૂજ્યતા, પૂજ્યતા, પૂજ્યતા અને પૂજ્યતા કરાવે છે.

શનિ બારે ભુવનમાં રહ્યો થકો અનુક્રમે—૧ પૂજાનો અભાવ, ૨ પ્રતિષ્ઠાપકનો નાશ, ૩ અતિવૈભવ, ૪ મંદિર તથા બંધુનો નાશ, ૫ પુત્રમૃત્યુ, ૬ રોગ અને શત્રુનો ક્ષય, ૭ સ્વજન અને સ્રીનું મરણ, ૮ સગાનો નાશ, ૯ પાપવૃદ્ધિ, ૧૦ કાર્યનાશ, ૧૧ વિવિધ સુખ સમૃદ્ધિ અને ૧૨ રોગ કરાવે છે.

રાહુને દરેક સ્થાને શનિના જેવો કલ્પેલ છે, છતાં **શ્રી ઉદયપ્રભસુરિ** મહારાજ કહે છે કે—રાહુ ૩-૬-૧૧ ભુવનમાં શ્રેષ્ઠ છે, ૧-૪-૭ ભુવનમાં **કનિષ્ટ** છે અને બાકીના ભૂવનોમાં **મધ્યમ** છે.

કેતુ પણ ૩-૬-૧૧ ભૂવને શ્રેષ્ટ છે.

નારચંદ્ર–પ્રતિષ્ઠાગ્રહ ચક્રમ્.

રવિ		સોમ	મંગળ	બુધ	ગૂરૂ	શુક્ર	શનિ	રા-કે
૧	અ	મ	અ	ઉ	ઉ	ઉ	અ	અ
૨	અ	ઉ	અ	ઉ	ઉ	મ	અ	મ
૩	ઉ	ઉ	ઉ	ઉ	વિ	મ	ઉ	ઉ
૪	અ	મ	અ	ઉ	ઉ	ઉ	અ	મ
૫	વિ	વિ	વિ	ઉ	ઉ	ઉ	વિ	મ
૬	ઉ	મ	ઉ	મ	મ	વિ	ઉ	ઉ
૭	અ	મ	અ	મ	ઉ	વિ	અ	અ
૮	અ	અ	અ	અ	અ	અ	અ	મ
૯	અ	મ	અ	મ	ઉ	ઉ	અ	મ
૧૦	મ	મ	અ	ઉ	ઉ	ઉ	વિ	મ
૧૧	ઉ	ઉ	ઉ	ઉ	ઉ	ઉ	ઉ	ઉ
૧૨	અ	અ	અ	અ	અ	વિ	અ	મ

શુભ પ્રતિષ્ઠા ચક્રમ્

ઉત્તમ		મધ્યમ	ઉત્તમ
રવિ.	૩–૬–૧૧	૫	૩–૬–૧૧+૧૦
સોમ	૨–૩–૬–૧૧	ત્રિકોણુ–કેન્દ્ર	૩–૬–૧૧+૨–૯–૧૦
મંગળ	૩–૬–૧૧	૫	૩–૬–૧૧+
બુધ	૮–૧૨ સિવાય	૬–૭–૯	૮–૧૨–સિવાય
ગૂરૂ	૮–૧૨ સિવાય	૩	૮–૧૨–સિવાય
શુક્ર	૧–૪–૯–૧૦–૧૧	૨–૫–૬–૭	૧-૪-૫-૯-૧૦-૧૧+૨-૩
શનિ	૩–૬–૧૧	૫–૮–૧૦	૩–૬–૧૧+
રાહુ–કેતુ	લગશુદ્ધિ	લગ્નશુદ્ધિ	૩-૬-૧૧+૫-૯ આ.સિદ્ધિ

પૂર્ણભદ્ર પ્રતિષ્ઠા—ગૃહ ફળ યંત્ર

રવિ		સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
૧ કર્તા-મંદિર	ધ્વંસ	મૃત્યુ	અગ્નિ	મહિમા	કીર્તિ	સિદ્ધિ	અપૂજા
૨ ધન	હાનિ	પ્રાપ્તિ	ધ્વંસ	પ્રાપ્તિ	વૃદ્ધિ	પ્રાપ્તિ	મૃત્યુ
૩	ધન	સૌભાગ્ય	ભૂલાભ	અશત્રુ	સુખ	માન	વૈભવ
૪ સ્વજન	પીડા	કલહ	રોગ	સુખ	વૃદ્ધિ	તેજ	ક્ષય
૫ સુત	પીડા	દૈન્ય	ઘાત	પ્રાપ્તિ	સુખ	સુખ	મૃત્યુ
૬ શત્રુ	મૃત્યુ	જય	નાશ	મૃત્યુ	શોક	અપશ	નાશ
૭ સ્ત્રી	મૃત્યુ	દુઃખ	મૃત્યુ	લાભ	પ્રાપ્તિ	પુત્રદા	મૃત્યુ
૮ મૃત્યુ	સ્વ.	પોતે	સગા	સૂરિ	ગુરૂ	દુઃખ	ગોત્ર
૯ ધર્મ	નાશ	વિઘ્ન	નાશ	પ્રાપ્તિ	પ્રાપ્તિ	પૂજ્યતા	ક્ષય
૧૦ કાર્ય	સુખ	માન	રોગ	સિદ્ધિ	લાભ	પૂજ્યતા	હાનિ
૧૧ પ્રાપ્તિ	ઋદ્ધિ	શાંતિ	ધન	ઘરેણાં	ઋદ્ધિ	પૂજ્યતા	સમૃદ્ધિ
૧૨ હાનિ	સુખ	ધન	સુખ	ધન	આયુ	પૂજ્યતા	દેહ

कारावगस्स जम्मे. दसमे सोलसमेऽठारसे रिक्खे ।
तेवीसे पणवीसे, न पइट्ठा कह वि कायव्वां ॥ १२७॥

અર્થ—પ્રતિષ્ઠાપકના જન્મનું દસમું, સોળસું, અઢારમું, ત્રેવીશમું અને પચ્ચીશમું નક્ષત્ર હોય તો કોઈપણ રીતે પ્રતિષ્ઠા કરવી નહિં ॥૧૨૭॥

વિવેચન—પ્રતિષ્ઠાનું ગમે તે શોભન નક્ષત્ર હોય પણ તે પ્રતિષ્ઠા કરાવનારના જન્મથી ૧-૧૦-૧૬-૧૮- ૩ અને ૨૫ મું નક્ષત્ર હોય તો સર્વથા નેષ્ટ છે. આ જન્મના નક્ષત્રોની પેઠે તારા, શશિ, લગ્ન ઘાતચંદ્ર, અને ગ્રહોની અનુકૂળતા પણ તપાસવી.

અન્ય દેવોની પ્રતિષ્ઠા માટે **રત્નમાલામાં** આ પ્રમાણે છે—ગણ પરિવૃઢ, રાક્ષસ, યક્ષ, ભૂત, અસુર, શેષનાગ અને **સરસ્વતી** વિગેરેની રેવતીમાં; બૌદ્ધની શ્રવણમાં, લોકપાલોની ધનિષ્ઠામાં, અને બાકીના ઇન્દ્રાદિક દેવોની સ્થિર નક્ષત્રમાં પ્રતિષ્ઠા કરવી. **સર્વદેવોની** પોત-પોતાનાં તિથિ, કરણ ક્ષણ અને નક્ષત્રમાં, અને **લેપ્યમૂર્તિની** ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં પ્રતિષ્ઠા કરવી.

સિંહલગ્નમાં સૂર્યની, કુંભમાં બ્રહ્માની, કન્યામાં વિષ્ણુની, મિથુનમાં શિવની, ચર લગ્નમાં ક્ષુદ્રદેવોની સ્થિરમાં (?) સર્વ દેવોની, અને દ્વિસ્વભાવમાં દેવીઓની પ્રતિષ્ઠા શ્રેષ્ઠ છે. **લલ્લ** કહે છે કે—સૌમ્યલગ્નમાં દેવોને ક્રૂર લગ્નમાં યક્ષ-રાક્ષસને અને સાધારણ લગ્નમાં ગણો તથા ગણપતિને સ્થાપવા.

લગ્નનો બુધ કેન્દ્રનો ગુરૂ અને ચોથા સ્થાનનો શુક્ર હોય ત્યારે ઈન્દ્ર, કાર્તિક સ્વામી, સૂર્ય, ચંદ્ર અને યક્ષની સ્થાપના કરવી. નવમી તિથિમાં શુક્રોદય હોય, બળવાન્ ચંદ્ર-ગુરૂ હોય અને દશમો મંગળ હોય ત્યારે **દેવી**ઓની મૂર્તિ સ્થાપવી. આ મુહૂર્તમાં ફેરફાર થાય તો-શિલ્પી, સુતાર અને પ્રતિષ્ઠાપકને વધ-બંધનાદિ દુઃખો થાય છે.

અહીં કોઈ શંકા કે-જેમ દિવસના પૂર્વભાગમાં ગૃહપ્રવેશ કરાવાય છે, તેમ પ્રતિષ્ઠા વિગેરે દિવસેજ કરવાં કે રાત્રે કરવાં ? એનું સમાધાન સૂર્યના ભુવન ઉપરથી થાય છે. કેમકે-સૂર્ય સવારથી બપોર સુધી ૧-૧૨-૧૧-૧૦ ભુવનમાં, બપોરથી સાંજ સુધી ૧૦-૯-૮-૭ ભુવનમાં, સાંજથી મધ્યરાત્રિ સુધી ૭-૬-૫-૪ ભુવનમાં અને મધ્યરાત્રિથી સવાર સુધી ૪-૩-૨-૧ ભુવનમાં હોય છે. હવે જે જે કાર્યની કુંડળીમાં જે જે ભુવનમાં સૂર્ય શુભ હોય તે તે કાર્યમા તે તે ભુવનના યોગમાં આવતો ઈષ્ટલગ્નના ઉદયવાળો દિનભાગ પણ શુભજ છે. પરંતુ અહીં યાદ રાખવું કે દિવસના ઉત્તરાર્ધમાં વિવાહનું લગ્ન લેવાય છે, પણ પ્રતિષ્ઠાનું લગ્ન લેવાતું નથી. માટે આ બાબતમાં સર્વથા **વૃદ્ધપરંપરા**ને અનુસરવું એજ વધારે પ્રમાણભૂત છે.

હવે **નક્ષત્રદોષ દ્વાર** કહે છે :-

संझागयं रविगयं, विड्डुरं सग्गहं विलंबं च।
राहुहयं गहभिन्नं, वज्जए सत नक्खत्ते॥ १२८॥
अत्थमणे संझागयं, रविगयं जत्थ ठिओ अ आइच्चो।
विड्डुरमवद्दारिय, सग्गह-कूरग्गहठिअं तु ॥ १२९॥
आइच्च पिट्ठओ ऊ, विलंबि राहुहयं जहिं गहणं।
मज्झेण गहो जस्स उ, गच्छइ तं होइ गह भिन्नं॥ १३०॥

અર્થ-શુભકાર્યમાં સંધ્યાગત, રવિગત, વિડ્વર, સગ્રહ, વિલંબિત, રાહુહત અને ગ્રહભિન્ન; એ સાત નક્ષત્રો વર્જ્ય છે (૧૨૮) અસ્તકાળે હોય તે સંધ્યાગત, સૂર્યવાળું તે રવિગત, વક્રીગ્રહવાળું તે વિડવર, ક્રુર ગ્રહવાળું તે સગ્રહ, (૧૨૯) સૂર્યની પૂંઠનું તે વિલંબિત, ગ્રહણવાળું તે રાહુહત અને જેના મધ્યમાંથી ગ્રહ જાય તે ગ્રહભિન્ન નક્ષત્ર કહેવાય છે. ॥ ૧૩૦ ॥

વિવેચન-હરકોઈ શુભકાર્યમાં શુદ્ધ નક્ષત્ર હોય; પણ તે સંધ્યાગત, રવિગત, વિડ્વર, સગ્રહ, વિલંબિત, રાહુહત, કે ગ્રહભિન્ન હોય તો નેષ્ટ છે. તેમાં સૂર્યનો અસ્ત થાય ત્યારે સંધ્યાકાળે જે નક્ષત્ર પૂર્વમાં ઉગે તે **સંધ્યાગત** કહેવાય છે સૂર્યથી ભોગવાતું નક્ષત્ર **રવિગત** કહેવાય છે, વક્રી ગ્રહથી ભોગવાતું નક્ષત્ર **વિડવર** કહેવાય છે, ક્રૂરગ્રહથી ભોગવાતું નક્ષત્ર **સગ્રહ**

છે, રવિ નક્ષત્રની પછીનું એટલે રવિએ ભોગવેલું નક્ષત્ર **વિલંબિત** કહેવાય છે, જે નક્ષત્રમાં ચંદ્ર-સૂર્યનું ગ્રહણ થાય તે નક્ષત્ર રાહુહત કહેવાય છે અને જે નક્ષત્રને ભેદીને-મધ્યમાં થઇને ગ્રહ જાય તે નક્ષત્ર **ગ્રહભિન્ન** કહેવાય છે. વિડવર અને રાહુહત નક્ષત્રનું બીજું નામ **અપદ્વારિત** અને **ગ્રહણદગ્ધ** છે. **નારચંદ્ર** ટીપ્પણમાં-ગ્રહની ડાબી અને જમણી દૃષ્ટિથી વિંધાએલ નક્ષત્રને **ગ્રહભિન્ન** કહે છે.

संझागयम्मि कलहो, होइ विवाओ विलंबिनक्खत्ते।
विड्डेरे परविजयो, आइच्चगए अनिव्वाणं ॥१३१॥
जं सग्गहम्मि कीरई, नक्खत्ते तत्थ विग्गहो होइ।
राहुहयम्मि मरणं, गहभिन्ने सोणिउग्गालो ॥१३२॥

અર્થ-સંધ્યાગત નક્ષત્રમાં કાર્ય કરવાથી કલહ, વિલંબિત નક્ષત્રમાં, વિવાદ, વિડવરમાં શત્રુનો જય, રવિગત નક્ષત્રમાં અશાંતિ, (૧૩૧) સગ્રહ નક્ષત્રમાં વિગ્રહ, રાહુહત નક્ષત્રમાં મૃત્યુ અને ગ્રહભિન્ન નક્ષત્રમાં કાર્ય કરવાથી લોહીનું વમન થાય છે. ॥ ૧૩૨ ॥

વિવેચન-ઇષ્ટકાર્યનું નક્ષત્ર શુદ્ધ હોવા છતાં સંધ્યાગત વિગેરે દોષવાળું હોય તો નુકશાની કરે છે. એટલે-સંધ્યાગત નક્ષત્ર કલહ કરાવે છે, વિલંબિત લડાવે છે, વિડવરિત શત્રુને લાભ અપાવે છે, રવિગત નક્ષત્ર શાંતિને હરે છે, સગ્રહ નક્ષત્ર વિગ્રહ કરાવે છે, રાહુહત મરણ આપે છે અને ગ્રહભિન્ન નક્ષત્ર લોહીની ઉલટી કરાવે છે.

હવે ઉપગ્રહો કહે છે:-

रविरिक्खाओ हेया,
उवग्गहा पंचम-ऽट्ठ-चउदसमा ॥
अट्ठारस उगुणीसा,
बावीसा तेवीस चउवीसा ॥१३३॥

અર્થ-રવિ નક્ષત્રથી પાંચમું, આઠમું, ચૌદમું, અઢારમું ઓગણીશમું, બાવિશમું, ત્રેવીશમું અને ચોવીશમું નક્ષત્ર ઉપગ્રહ છે અને ત્યાજ્ય છે. ॥૧૩૩॥

વિવેચન-રવિ નક્ષત્રથી ૫-૮-૧૪-૧૮-૧૯-૨૨-૨૩ અને ૨૪મું ચંદ્રનક્ષત્ર ઉપગ્રહ સંજ્ઞાવાળું થાય છે, જેનો શુભકાર્યમાં ત્યાગ કરવો. આ સંબંધી વિશેષ વિવરણ રવિયોગના વિવેચનમાં આપેલ છે.

વામદેવ કહે છે કે-ઉપગ્રહનો ગૌડદેશમાં ત્યાગ કરવો, અન્ય આચાર્યો કહે છે કે-ઉપગ્રહનો માલવ-સિંધમાં ત્યાગ કરવો.

હવે **એકાગલ** કહે છે—

सेगविसमजोगद्धं,
सम अद्ध चउद्संख सिररिक्खं।
दाउं चउद्दस सिलाए,
ससि–रवि इक्कग्गलं वज्जे ॥ १३४ ॥

અર્થ-વિષમ યોગમાં એક વધારી અર્ધ કરવું અને સમ યોગમાં અર્ધ કરી ચૌદ વધારવા; જે સંખ્યાવાળું શીર્ષનક્ષત્ર આવે છે. તેને ચૌદ શલાકા પર સ્થાપવાથી સામસામે ચન્દ્ર-સૂર્ય આવતાં એકાગલ યોગ થાય છે, જે વર્જ્ય છે ॥ ૧૩૪ ॥

વિવેચન-વિષ્કંભાદિ સત્યાવીશ યોગોમાંના પ્રીતિ આયુષ્માન્ વિગેરે શુભયોગોમાં એકાર્ગલ હોતોજ નથી; પણ ૧ વિષ્કંભ, ૬ અતિગંડ, ૯ શૂલ, ૧૦ ગંડ, ૧૩ વ્યાઘાત, ૧૫ વજ્ર, ૧૭ વ્યતિપાત ૧૯ પરિઘ અને ૨૭ વૈધૃતિ; એ નવ દુષ્ટ યોગોમાંજ એકાર્ગલનો સંભવ છે. તે લાવવાની રીત એવી છે કે–

એકી યોગમાં એક ઉમેરી અર્ધ કરતાં જે આંક આવે, અશ્વિનીથી તેટલામાં નક્ષત્રને **શિરનક્ષત્ર** કલ્પવું અને બેકી યોગમાં અર્ધા કરી ચૌદ વધારતાં જે સંખ્યા આવે તેટલામું નક્ષત્ર શિરનક્ષત્ર કલ્પવું. જેમકે-ઈષ્ટ દિવસે વિષ્કંભ યોગ હોય તો તેનો આંક ૧ વિષમ છે, જેમાં ૧ વધારતાં ૨ થયા, અર્ધ કરતાં ૧ ની સંખ્યા રહી. એટલે-વિષ્કંભ યોગમાં અશ્વિની **શિરનક્ષત્ર** જાણવું. અતિગંડ યોગ છઠ્ઠો છે, તેના અર્ધ કરી ચૌદ વધારતાં ૧૭મું અનુરાધા શિરનક્ષત્ર થાય છે. શૂળયોગમાં ૧ વધારી અર્ધ કરતાં ૫મું મૃગશર શિરનક્ષત્ર આવે છે. **લગ્નશુદ્ધિમાં** તો સ્પષ્ટ કર્યું છે કે–નવે દુષ્ટ યોગોના શિરનક્ષત્રો અનુક્રમે-અશ્વિની, અનુરાધા, મૃગશર, મૂળ, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા અને ચિત્રા છે.



હવે એક ઉભી અને તેર આડી, એમ ચૌદ રેખાઓ કરી મસ્તકના ભાગમાં **શિરનક્ષત્ર** સ્થાપી, બાકીની રેખાના અંતમાં દક્ષિણ બાજુથી અનુક્રમે સાભિજિત્ સત્યાવીશ નક્ષત્રો સ્થાપવા; પછી સૂર્ય–ચન્દ્રને પોતપોતાના નક્ષત્રમાં સ્થાપવા. આ રીતે જો સૂર્ય–ચંદ્ર એક રેખાના નક્ષત્રમાં આવે તો જાણવું કે **એકાર્ગલ** યોગ છે.

લગ્નશુદ્ધિમાં તો બીજી રીતે પણ કહ્યું છે કે–વિષ્કંભાદિ નવ યોગોનો જે આંક હોય, સૂર્ય-નક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર પણ તેટલા જ આંકનું હોય, તો **એકાર્ગલ** યોગ થાય છે. જેમકે–૯ મો શૂલયોગ છે, સૂર્ય અશ્વિનીમાં છે અને ચંદ્ર ૯ માં અશ્લેષામાં છે, તો જાણવું કે–એકાર્ગલ પણ શૂલયોગ છે, સૂર્ય મૃગશરમાં છે અને ચંદ્ર રોહિણીમાં છે તો માનવું કે એકાર્ગલ નથી.

આ યોગનું બીજું નામ **ખર્જુરયોગ** છે. તેનો શુભકાર્યમાં ત્યાગ કરવો. **નારચંદ્રટીપ્પણ**માં કહ્યું છે કે–

"यात्रायां मरणं विद्याद्, आरम्भे कार्यनाशनम् ।
वैधव्यं स्याद् विवाहे तु, दाहः स्याद् वसतां गृहे ॥१॥"

અર્થ–"એકાર્ગલ યોગ હોય તો યાત્રામાં મૃત્યુ થાય છે, આરંભેલ કાર્યનાશ પામે છે, વિવાહિત સ્ત્રી વિધવા થાય છે અને નવા વસાવેલ ઘરમાં આગ લાગે છે. ॥ ૧ ॥"

એકાર્ગલનો ત્યાગ થઈ શકે તેમ ન હોય તો **પાદવેધનો** અવશ્ય ત્યાગ કરવો.

એટલે–જે નક્ષત્રમાં એકાર્ગલ હોય તે નક્ષત્રના પહેલા, બીજા, ત્રીજા કે ચોથા પાદમાં એક ગ્રહ હોય અને સામેના નક્ષત્રના અનુક્રમે–ચોથા, ત્રીજા, બીજા કે પહેલા પાદમાં બીજો ગ્રહ હોય તો તે સંપૂર્ણ એકાર્ગલ થાય છે. આ યોગ અતિદુષ્ટ છે, માટે તેનો ત્યાગજ કરવો.





હવે પાતયોગ કહે છેઃ—

अस्से म चि अणु सव रे,

विसमारेहाउ सेसमभिलहिउं ।

रविरेहस्सिणि गणिए,

इट्ठे रिक्खे विसमि पाउ ॥ १३५ ॥

અર્થ—અશ્લેષા, મઘા, ચિત્રા, અનુરાધા, શ્રવણ અને રેવતી નક્ષત્રોપર વિષમ રેખા દોરવી અને સૂર્ય નક્ષત્રની રેખાથી તે વિષમ રેખા સુધીનું શેષ લેવું આ શેષ રવિ રેખાંક પ્રમાણે અશ્વિન્યાદિ નક્ષત્રો ગણી તે પર વિષમરેખા સ્થાપવી જો ઈસ્ટ નક્ષત્રપર તે વિષમરેખા આવે તો પાતયોગ જાણવો.

વિવેચન—સત્તાવીશ નક્ષત્રો સ્થાપી આશ્લેષા, મઘા, ચિત્રા અનુરાધા, શ્રવણ અને રેવતી આ છ નક્ષત્રો ઉપર 'ક' રેખા દોરવી અને સૂર્ય જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રની રેખાથી

આ વિષમ ઽ રેખા સુધીના આંક ગણી સૂર્ય નક્ષત્ર ઉપર સ્થાપવા, પછી અશ્વિની નક્ષત્રથી તે આંક પ્રમાણેના નક્ષત્રો ઉપર વિષમરેખા દોરવી. આ રીતે જે જે નક્ષત્રો ઉપર 'ઽ' રેખા પડે તે તે નક્ષત્રો પાતયોગથી દુષિત થાય છે, એટલે તે 'ઽ' રેખા ઇષ્ટ નક્ષત્રમાં હોય તો જાણવું કે ઇષ્ટ દિવસે પાતયોગ છે

જેમકે—કૃ રો મૃ આ પુ પુ અઽ મઽ પૂ ઉ હ ચિઽ સ્વા વિ અઽ જ્યે મૂ પુ ઉ શ્રઽ ધ શ પૂ ઉ રેઽ અહિં સૂર્યનુ' નક્ષત્ર કૃતિકા છે તો કૃતિકાની રેખાથી વિષમ રેખાના આંકો અનુક્રમે ૭–૮–૧૨–૧૫–૨૦ અને ૨૫ છે. અને અશ્વિનીથી તે આંક પ્રમાણે નક્ષત્રો ગુણતાં અનુક્રમે પુનર્વસુ ઽ પુષ્ય ઽ ઉ-ફા ઽ, સ્વાતિ ઽ, પુ-ભા ઽ અને ઉ-ભા ઽ નક્ષત્રો આવે છે જે પાતયોગથી દુષિત છે.

અર્થાત—રવિ નક્ષત્રથી આશ્લેષાદિ છ નક્ષત્રોનો જે આંક હોય તેજ આંકવાળા અશ્વિની આદિ નક્ષત્રોમાં પાત હોય છે.

લગ્ન શુદ્ધિમાં કહ્યું છે કે—રવિ નક્ષત્રથી જેટલામું અનુરાધા નક્ષત્ર હોય, અશ્વિનીથી તેટલામું અને ત્યારપછી છઠું, દશમું, બીજું અને પાંચમું નક્ષત્ર પાતયોગથી દૂષિત છે. **ઉદયપ્રભસૂરી** મહારાજ કહે છે કે–શૂલ, ગંડ, હર્ષણ, વ્યતિપાત, સાધ્ય અને વૈધૃતિ યોગના અંતમાં જે નક્ષત્ર હોય તેમાં વર્જ્ય પાતયોગ આવે છે.

નરપતિ જયચર્યાકાર કહે છે કે—છ પાતયોગનાં નામ અનુક્રમે પવન, અગ્નિ, કાળ, કિંકર, મૃત્યુકારક અને ક્ષયકાર છે; જેનાં નામ પ્રમાણેજ ફળ છે. **ત્રિશુલ**પાત, **ચંડ**પાત અને **ચંડાયુધ**, એ પાતનાં નામાંતરો છે. આ યોગમાં અભિજિત્ ગણવાનું નથી, તેથી સત્યાવીશ નક્ષત્રો ગણવાં. પાતયોગ અતિદુષ્ટ છે, તેનો શુભકાર્યમાં ત્યાગ કરવો.

નારચંદ્ર ટીપ્પણમાં કહ્યું છે કે—

"पातेन पतितो ब्रह्मा, पातेनैव च शंकरः ।
विष्णुः पतति पातेन, त्रैलोक्यं पातयेत् तथा ॥ १ ॥

એટલે—"બ્રહ્મા, શંકર અને વિષ્ણુ પાતથી પડ્યા છે, પાત ત્રણે લોકને પાડવામાં સમર્થ છે." **વામદેવ** કહે છે કે—કોશલમાં પાત વર્જવો, કોઈ કહે છે કે—અંગ–બંગમાં પાતદોષનો ત્યાગ કરવો.

હવે **લત્તા** કહે છે—

रविमुक्खा निअरिक्खा,
बार-ऽट्ठम-तिअ-तिवीसं छट्ठं च ।
पणवीस अडिगवीसं,
कुणन्ति लत्ताहयं रिक्खं ॥ १३६ ॥

અર્થ—રવિ વિગેરે ગ્રહો અનુક્રમે પોતાના નક્ષત્રથી બાર, આઠ, ત્રણ, ત્રેવીશ, છ, પચ્ચીસ, આઠ અને એકવીશમા નક્ષત્રને લત્તા પ્રહાર કરે છે. ॥ ૧૩૬ ॥

વિવેચન—અહીં અભિજિત સહિત અઠયાવીશ નક્ષત્રો લેવાં, તેમાં ગમે તે નક્ષત્રમાં રહેલ ગ્રહો અમુક નક્ષત્રને લાત મારે છે. એટલે–રવિ વડે ભોગવાતા નક્ષત્રથી ૧૨ મું નક્ષત્ર, ચંદ્રથી ૮મું, મંગળથી ૩ જું, બુધથી ૨૩ મું, ગુરૂથી ૬ ઠું શુક્રથી ૨૫ મું, શનિથી ૮ મું, અને રાહુથી ૨૧ મું નક્ષત્ર **લત્તા**ના દોષથી હણાય છે. બીજી રીતે કહીએ તો–જેમ ગાય, ભેંસ પાછળના પગથી પ્રહાર કરે છે, તેમ સૂર્યાદિ આઠે ગ્રહો પોતાના ભોગવાતા નક્ષત્રથી પાછળ રહેલા અનુક્રમે ૧૮–૨૨–૨૭–૭–૨૪–૫–૨૨ અને ૯ માં નક્ષત્રને પ્રહાર કરે છે.

શ્રીમાન **ઉદયપ્રભસૂરીજી** કહે છે કે—કેટલાએક મતમાં શુક્રથી ૨૭ મું અને રાહુથી ૯ મું નક્ષત્ર પણ લત્તાના દોષવાળું માન્યું છે. જે નક્ષત્રનો ત્યાગ કરવો, જ્યારે **ત્રિવિક્રમ** કહે છે કે—રાહુ ૨૦ માં નક્ષત્રને લાતપ્રહાર કરે છે.

અહીં ચંદ્રથી ૮ મું નક્ષત્ર લત્તાથી દોષિત માન્યું છે, પણ તેથી ઈષ્ટ દિવસ દુષ્ટ બની શકતો નથી. માટે **યતિવલ્લભ**માં કહ્યું છે કે—ચંદ્રે ગતપૂર્ણિમા જે નક્ષત્રમાં સમાપ્ત કરી હોય તે પૂર્ણિમાંના નક્ષત્રથી આઠમું નક્ષત્ર લત્તાથી હણાય છે.

લત્તાહત નક્ષત્ર અશુભ છે, માટે તેનો શુભ કાર્યમાં ત્યાગ કરવો. **પૂર્ણભદ્ર**માં કહ્યું છે કે—રવિ વિગેરેની લત્તાથી દૂષિત થયેલ નક્ષત્રમાં કાર્ય કરવાથી અનુક્રમે ૧ વૈભવનાશ ૨ ભય, ૩ મૃત્યુ, ૪ પોતાનો નાશ, ૫ નાનાભાઇનો નાશ, ૬ કાર્યનો નાશ, ૭ મૃત્યુ અને ૮ મૃત્યુ થાય છે. અહીં **વૃદ્ધો** કહે છે કે—સૌમ્ય ગ્રહની લત્તા અલ્પ દુષ્ટ છે, જે માત્ર નક્ષત્રના બળને હણે છે. અને ક્રુર ગ્રહની લત્તા અતિ દુષ્ટ છે, જે કાર્ય કરનારને દરિદ્રી બનાવે છે કે મારે છે. **અન્ય ગ્રન્થમાં** તો કેન્દ્રીઆ સૌમ્યગ્રહ હોયતો સૌમ્યગ્રહની લત્તાનો દોષ રદજ કર્યો છે. **વામદેવ** કહે છે કે—બંગાળમાં અને **કોઈ** કહે છે કે—સૌરાષ્ટ્ર તથા દક્ષિણમાં લત્તા દોષ વર્જવો.

હવે બે પ્રકારના **નક્ષત્રવેધ** કહે છે–

सत्त सिलाए कित्तिअ-माई रिक्खे ठवितु जोएह
गहवेहमिट्ठरिक्खे, उवरि अहो वा पयत्तेण ॥ १३७ ॥

અર્થ—સપ્તશલાકા ચક્રમાં કૃતિકાદિ નક્ષત્રો સ્થાપી ગ્રહવેધ તપાસવો અને ઉપર કે નીચે ઇષ્ટ નક્ષત્રનો વેધ થાય તો તેનો પ્રયત્નથી ત્યાગ કરવો. ॥ ૧૩૭ ॥

સપ્તશલાકા યંત્ર



વિવેચન—સાત ઉભી અને સાત આડી રેખાઓ દોરવી અને તેના ઉપરના છેડાથી અનુક્રમે કૃત્તિકાદિ ૨૮ નક્ષત્રો સ્થાપવા. પછી જે જે ગ્રહ નક્ષત્રમાં હોય તે તે ગ્રહ તે તે નક્ષત્રની પાસે મૂકવો. અહીં ઈષ્ટ નક્ષત્રની રેખાને બીજે છેડે જો કોઈપણ ગ્રહ હોય તો તે ગ્રહ વડે ઈષ્ટ નક્ષત્રનો **વેધ** થાય છે.

અભીચ્માં રહેલ ગ્રહથી રોહિણી નક્ષત્રનો વેધ થાય છે, જેથી આ વેધનું બીજું નામ **રોહિણી વેધ** પણ છે. આ ગ્રહથી વીંધાએલ નક્ષત્ર અશુભ છે, માટે તેનો પ્રતિષ્ઠાદિક શુભ કાર્યમાં ત્યાગ કરવો.

સુધી શ્રૃંગાર વાર્તિકમાં કહ્યું છે કે—સૌમ્ય અને ક્રૂર ગ્રહોનો વેધ થાય તો અનુક્રમે સુખ અને આયુષ્યનો સર્વથા નાશ થાય છે. **નારચંદ્ર ટીપ્પનક**માં કહ્યું છે કે–આંતરા રહિત મંગળ વિગેરે આઠ ગ્રહોથી વીંધાએલ નક્ષત્રમાં પરણેલ કન્યા અનુક્રમે–૩ કુલક્ષયકારી, ૪ વાંઝણી, ૫ તપસ્વિની. ૬ પુત્ર રહિત, ૭ દાસી, ૮ વેશ્યા, ૯ સ્વેચ્છાચારિણી અને ૧૦ વિધવા થાય છે.

મૂળગાથામાં કહ્યું છે કે–ઉપર નીચે વેધદોષનો ત્યાગ કરવો, આ વાકયથી એમ સૂચવ્યું છે કે–સન્મુખ વેધદોષ અવશ્ય ત્યાગ કરવા લાયક છે. **ઉદયપ્રભસૂરિ** મહારાજ કહે છે કે–ચંદ્રનો વેધ પાદાંતરિત હોય, એટલે ચંદ્ર ઈષ્ટ નક્ષત્રમાં ૧–૨–૩–૪ પાદમાં હોય, પણ બીજો ગ્રહ સામેના નક્ષત્રમાં હોવા છતાં અનુક્રમે ૪–૩–૨–૧ પાદમાં ન હોય તો આ **ગ્રહવેધ પાદાન્તારિત** થાય છે; તે દૂષણવાળો નથી, માટે તેનો ત્યાગ કરવો કે ન કરવો. **પૂર્ણભદ્રાચાર્ય** કહે છે કે–સર્પે ડંશેલ આંગળીનો છેદ કરાય છે તેમ માત્ર વેધવાળા પાદને ત્યજવો અને બીજા પાદોમાં નિઃશંક પણે કાર્ય કરવું, **જ્યારે કેશવાર્ક** તો કહે છે કે–જેમ એક ભાગમાં હણાયેલ હરણ મૃત્યુ પામે છે, તેમ એક પાદથી વીંધાયેલ નક્ષત્ર દુષ્ટજ થાય છે. **શ્રીપતિ** કહે છે કે–ક્રૂર ગ્રહે વીંધાયેલ અખું નક્ષત્ર છોડી દેવું અને સોમ્યગ્રહે વીંધાયેલ નક્ષત્રનો એક માત્ર પાદજ ત્યજવો. **વ્યવહાર પ્રકાશ**માં તો–સોમ્ય ગ્રહો પાદાંતરિત વેધ કરે અથવા સૌમ્ય ગ્રહો કેન્દ્રીઆ હોય તો વેધને શુભ માનેલ છે.

નક્ષત્રવેધના ભંગ માટે કહ્યું છે કે—

"लग्ने गुरुः सौम्ययुतेक्षितो वा, लग्नाधिपो लग्नगतस्तथा वा।
कालाख्यहोरा च यदा शुभा स्याद्, भ-वेधदोषस्य तदा हि भङ्गः॥१॥"

અર્થ—"વિવાહમાં ગુરૂ સૌમ્યગ્રહ યુકત હોય અથવા સૌમ્યગ્રહની દ્રષ્ટિમાં હોય અથવા

લગ્નપતિ હોય અથવા લગ્નમાં હોય, અને કાળહોરા શુભ હોય, તો નક્ષત્રવેધ નામના દોષનો ભંગ થાય છે. ॥ ૧ ॥"

આ તો સન્મુખ વેધનો અધિકાર છે, પણ સર્વતોભદ્રચક્ર વિગેરેમાં ત્રણ પ્રકારના વેધોને આવશ્યક માન્યા છે **નરપતિજયે** ચર્ચામાં કહ્યું છે કે–ગ્રહ જે નક્ષત્રમાં રહ્યો હોય ત્યાંથી જમણી; ડાબી અને સન્મુખ એમ ત્રણ દ્રષ્ટિથી ત્રણ વેધ કરે છે. વક્રીગ્રહોની જમણી દ્રષ્ટિ પડે છે, મધ્યગતિવાળા ગ્રહોની સન્મુખ દ્રષ્ટિ પડે છે અને અતિચારી ગ્રહોની ડાબી બાજુ દ્રષ્ટિ પડે છે. અર્થાત્–ઈષ્ટ નક્ષત્રથી તીરછી બે દિશામાં સિંહની દાઢાની જેવી રેખામાં જે બે નક્ષત્રો હોય તેમાં રહેલ વક્રી–અતિચારી ગ્રહોવડે ઇષ્ટ નક્ષત્ર બે વેધ પામે છે અને નાક સન્મુખ સીધી રેખામાં જે નક્ષત્ર હોય, તેમાં રહેલ ગ્રહથી સન્મુખ વેધ થાય છે. જેમકે–ઇષ્ટ ચંદ્રનક્ષત્ર મૃગશર છે. હવે મંગળ વિગેરે સાત વક્રીગ્રહ પૈકીના જે ગ્રહ ચિત્રાનક્ષત્રમાં હોય તે જમણી દ્રષ્ટિથી મૃગશરને વીંધે છે.

રવિ વિગેરે સાત અતિચારી ગ્રહોમાંનો જે ગ્રહ રેવતીમાં હોય તે વામદ્રષ્ટિથી મૃગશરને વીંધે છે. આ રીતે મૃગશર નક્ષત્ર બે બાજુ ગ્રહભિન્ન થાય છે અને મંગળ વિગેરે પાંચ મધ્યમ ગતિવાળા ગ્રહોમાંનો જે ગ્રહ ઉત્તરાષાઢામાં હોય તે ગ્રહ સન્મુખ દ્રષ્ટિથી મૃગશરને વીંધે છે.

पंचसिलाए दो दो, रेहा कोणेसु रोहिणीमुक्खा।
दिसि धुरि रिक्खा उ कमा, वए विलोइज्ज वेहमिहं ॥१३८॥

અર્થ—પંચશલાકા ચક્રમાં ખુણાની બે બે રેખા દોરી દિશાના મથાળેથી રોહિણી વિગેરે નક્ષત્રો અનુક્રમે સ્થાપવા અને આ વેધ વ્રતમાં જોવો. ॥ ૧૩૮ ॥

વિવેચન—પાંચ રેખા ઉભી અને પાંચ રેખા આડી દોરવી. પછી એક ખુણાથી બીજા ખુણા સુધીની એમ બબ્બે રેખા દોરવી અને સપ્ત રેખા ચક્ર પ્રમાણે સમ ઉભી રેખાના ઉપરના ભાગથી રોહિણી વિગેરે ૨૮ નક્ષત્રો સ્થાપવા તથા જે ગ્રહ જે નક્ષત્રમાં હોય તે ગ્રહ તે નક્ષત્રની બાજુમાં મૂકવા. અહીં પણ સન્મુખ રહેલ ગ્રહથી ઇષ્ટ નક્ષત્રનો વેધ થાય છે.

આ પંચ શલાકા ચક્રવેધમાં અને સપ્તશલાકા ચક્રવેધમાં આઠ નક્ષત્રનો તફાવત આવે છે. તે આકૃતી દ્વારા જોઈએ. આવી રીતે ગ્રહથી વીંધાયેલ નક્ષત્રનો દીક્ષામાં ત્યાગ કરવો

આ **પંચશલાકાવેધ** દીક્ષા અને વિવાહમાંજ જોવાય છે. **પૌર્ણભદ્ર**માં કહ્યું છે કે—આચાર્યપદ વિગેરેમાં સપ્તશલાકા ચક્રમાં અને વ્રતગ્રહણ વિગેરેમાં પંચશલાકાચક્રમાં કૃત્તિકાદિ નક્ષત્રો સ્થાપી ચંદ્રનો ગ્રહવેધ તપાસવો. આ ચક્રમાં પણ પાદાંતરિત બળ, વેધફળ, **વેધભંગ** વિગેરે સપ્તશલાકાની પેઠેજ જાણવું. ગ્રન્થાંતરમાં કહ્યું છે કે—તાત્કાલિક કાર્ય હોય અને કેન્દ્રમાં શુભ ગ્રહો હોય તો સૌમ્યગ્રહની લત્તા, પાત તથા ઉપગ્રહથી દૂષિત થયેલ નક્ષત્રનો પાદજ વર્જવો; પરંતુ કેન્દ્રમાં શુભ ગ્રહ ન હોય તો તે સંપૂર્ણ નક્ષત્ર જ ત્યાજવા યોગ્ય છે.

પંચશલાકા ચક્ર.



વિશેષ નક્ષત્રદોષો અને દોષશુદ્ધિ પ્રકાર આગળ નક્ષત્રદ્વારમાં કહી ગયા છીએ.

હવે **શીઘ્રસિદ્ધિદ્વાર** કહે છે, તેમાં પ્રથમ **છાયાલગ્ન** કહે છે—

सिद्धच्छायालग्गं, रवि–कुज–बुह–जीव संकुपाय कमा।

एगारस नव अड सग, अद्धट्ठा (नव) सेसवारेसु ॥ १३९ ॥

અર્થ—અનુક્રમે રવિ, મંગળ, બુધ અને ગુરૂવારે-અગીયાર, નવ, આઠ અને સાત; તથા શેષવારોમાં સાડા આઠ શંકુ પગલાં હોય ત્યારે સિદ્ધચ્છાયા લગ્ન હોય છે ॥૧૩૯॥

(**વિવેચન**—કોઈ પણ કાર્ય અવશ્ય કરવાનું હોય અને સર્વ પ્રકારની શુદ્ધિવાળો દિવસ ન હોય, તો તે પ્રસંગ **છાયાલગ્ન** વિગેરેથી કાર્ય કરી શકાય છે. મનુષ્યે પોતાની છાયાનું પોતાના પગલાથી જ માપ કરવું, અને રવિ વિગેરે સાત વારોમાં અનુક્રમે ૧૧–૮॥–૯–૮–૭–૮॥ અને ૮॥ પારેયાના માપની છાયા આવે તે છાયાલગ્ન છે એમ જાણવું.

અહીં મૂળ ગાથામાં **શંકુપાદ** એવો ઉલ્લેખ કર્યો છે. એટલે કે—મનુષ્યે પોતાની છાયા માપવી, અથવા સાત હાથ પ્રમાણ શંકુની છાયા માપવી, જેથી સિદ્ધ છાયા લગ્ન આવશે. આથી એ પણ સિદ્ધ થાય છે કે—સાત **આંગળનાં શંકુની** ઉપરોક્ત આંક પ્રમાણે અંગુલછાયા આવે તો પણ છાયાલગ્ન આવે છે. આ છાયાલગ્ન દરેક કાર્યની સિદ્ધિ કરનાર છે.

આરંભસિદ્ધિવાર્તિકમાં કહ્યું છે કે—આ છાયાલગ્ન માત્ર ૩૦ અક્ષર પ્રમાણ હોય છે, જેની શરૂઆત પગલાંની ઇષ્ટછાયા આવે તે પહેલાં ૧૫ અક્ષરથી થાય છે, અને પગલાની ઇષ્ટછાયા પછી પંદર અક્ષર સુધી રહે છે; માટે કાર્યનો પ્રારંભ અને પૂર્ણાહૂતિ તે દરમ્યાનજ કરવાં. પણ કાર્ય મોટું હોય તો પ્રારંભજ કરી દેવો, જેથી સિદ્ધ છાયા સાધેલી કહેવાય છે. વળી વિવાહના દોષના અધિકારમાં કહ્યું છે કે— વેધ પાત લત્તા કે ગ્રહવડે મલિન થયેલું નક્ષત્ર, ક્રૂર વાર, ગ્રહોનું જન્મનક્ષત્ર, વિષ્ટિ, અર્ધપ્રહર, કુલિક, ઉપગ્રહ, ક્રાંતિ અવસ્થા, કર્ક-ઉત્પાતાદિ દોષો, યમઘંટ નિર્બળચંદ્ર, એકાર્ગલ, ગંડાંત, અને રિક્તા–દગ્ધ તિથિઓ; આ અઢાર દોષો છે. શુદ્ધ નક્ષત્રના બળે કરીને જ્યારે **છાયાલગ્ન** વિગેરેમાં દીક્ષા પ્રતિષ્ઠા વિગેરે કાર્ય કરવાં હોય ત્યારે પણ આ **દોષો** અવશ્ય વર્જવા યોગ્ય છે, જેથી ઘટિકાલગ્નમાં તો આ દોષો સદંતર વર્જ્યજ છે.

નરપતિજય ચર્યામાં કહ્યું છે કે—અશુભ તિથિ, નક્ષત્ર, વાર, તારા, ચંદ્રબળ, અને ગ્રહો પણ સિદ્ધછાયાથી શુભભાવને પામે છે. **જોઈસહીર**ના અવતરણમાં કહ્યું છે કે—શુભ ગ્રહ અને લગ્નનો અભાવ હોવા છતાં આ છાયામાં ઉતાવળનાં પ્રયાણ, પ્રવેશ, પ્રતિષ્ઠા અને દીક્ષા વિગેરે કાર્યો કરવાથી જય મળે છે. આ યોગમાં શુભ શુકુન નિમિત્તની પણ આવશ્યકતા જોવાતી નથી. **નારચંદ્ર ટિપ્પનક**માં કહ્યું છે કે—

"जइ पुण तुरियं कज्जं, हविज्जलग्गं न लप्भए सुद्ध ।
ता छाया–धुवलग्गं, गहिअव्वं सयलकज्जेसु ॥ १ ॥
न तिथिर्न च नक्षत्रं, न वारा न च चन्द्रमाः ।
ग्रहा नोपग्रहाश्चैव, छायालग्नं प्रशस्यते ॥ २ ॥
न योगिनी न विष्ठिश्च, न शूलं न च चन्द्रमाः ।
एषा वज्रमयी सिद्धि–रभेद्या त्रिदशैरपि ॥ ३ ॥
यात्रा दीक्षा विवाहश्च, यदन्यदपि शोभनम् ।
निर्विशङ्केन कर्तव्यं, सर्वज्ञवचनं यथा ॥ ४ ॥"

અર્થ—"જો કાર્ય ઉતાવળું હોય અને શુભ લગ્ન ન મળતું હોય તો દરેક કાર્યોમાં **છાયાલગ્ન** અને **ધ્રુવલગ્ન** લેવાં, એમ **હર્ષપ્રકાશ**માં ઉલ્લેખ છે ॥ ૧ ॥ તિથિ, નક્ષત્ર, વાર, ચંદ્ર, ગ્રહ કે ઉપગ્રહ; એ બધાની કાંઈ જરૂર નથી; માત્ર છાયાલગ્નજ પ્રશંસાય છે ॥૨॥ આ છાયા તે દેવતાઓથી પણ અભેદ્ય વજ્રમયી સિદ્ધિ છે, ત્યાં પ્રતિકૂળ યોગિની, વિષ્ટિ, શૂળ; અને ચંદ્રમા પણ નકામા છે. ॥ ૩ ॥ છાયાલગ્નમાં યાત્રા, દીક્ષા, વિવાહ અને બીજાં શુભકાર્યો સર્વજ્ઞ ભગવાનના વચનની પ્રમાણે નિઃશંકપણે કરવાં ॥ ૪ ॥"

હવે ધ્રુવચક્ર કહે છે—

तिरिच्छगे धुवे दिक्खा-पइट्ठाइ सुहंकरे ।
उड्ढट्ठिए धयारोव-खित्तगाई समायरे ॥ १४० ॥

અર્થ—ધ્રુવ તીરછો હોય ત્યારે દીક્ષા-પ્રતિષ્ઠા વિગેરે શુભંકર છે, અને ધ્રુવ ઉર્ધ્વ હોય ત્યારે ધ્વજારોપણ-ક્ષેત્રપ્રવેશ વિગેરે કાર્યો કરવાં ॥ ૧૪૦ ॥

વિવેચન—ધ્રુવ તારાની નજીકમાં જે તારાનું ઝુમખું છે તેનું નામ **ધ્રુચક્ર** કે **ધ્રુમાંકડી** છે, તે ચક્ર ધ્રુવની ડાબું ભમતું ભમતું એક અહોરાત્રમાં બે વાર ઉભું અને બે વાર આડું થાય છે. આ રીતે તેના છેડાના બે તારા સરખી લાઈનમાં બરાબર ઉર્ધ્વ કે તીર્છા આવે ત્યારે ધ્રુવલગ્નમાં થાય છે.

ધ્રુચક્ર ઉભું છે કે આડું છે ? ધ્રુવલગ્ન ક્યારે હોય ? તે જાણવાનો આ પ્રકાર છે-**શિલ્પગ્રંથો**માં કહ્યું છે કે—આ ધ્રુમાંકડીની સમાન તારાઓ ફાગણ શુદિમાં સ્પષ્ટ દેખાય છે. **પૂર્વાચાર્યો** કહે છે કે—૧ ધ્રુવ મઘા અને ધનિષ્ઠાના ઉદય કાળે ઉર્ધ્વ હોય છે તથા અનુરાધા અને કૃતિકાના ઉદયકાળે તીર્છું હોય છે. ૨ ભરણી કે વિશાખા નક્ષત્ર મસ્તક ઉપરથી ઉતરે ત્યારે ધ્રુવ ઉર્ધ્વ હોય છે, અને અશ્લેષા કે શ્રવણ નક્ષત્ર આકાશના મધ્ય ભાગમાંથી નીચા નમવા માંડે ત્યારે ધ્રુવચક્ર આડું હોય છે. ૩ તથા ધ્રુવચક્ર મકર અને કર્ક લગ્નમાં ઉર્ધ્વ હોય છે, મેષ અને તુલા લગ્નમાં તીર્છું હોય છે, અને બીજા લગ્નમાં આડું—અવળું હોય છે. આ ઉપરાંત **ધ્રુયંત્ર** અને **હોકાયંત્રથી** પણ ધ્રુવનું સ્પષ્ટ જ્ઞાન થાય છે.

તે ધ્રુવ લગ્નનો સમય ઉદિત લગ્નના નવાંશ જેટલો હોય છે, અને અન્યમતે નવાંશકના મધ્યના ત્રીજા ભાગ જેટલો મનાય છે; એમ **આરંભસિદ્ધિના વાર્તિક**માં કહ્યું છે.

ગ્રન્થકાર સૂરિજી જણાવે છે કે-ધ્રુવચક્ર તીરછું હોય ત્યારે દીક્ષા પ્રતિષ્ઠા વિગેરે કાર્યો કરવાં; અને ધ્રુવચક્ર ઉર્ધ્વ હોય ત્યારે ધ્વજારોપણ પ્રવેશ ક્ષેત્રવાસ્તુ વિગેરે કાર્યો કરવા તે શુભ

છે. **હેમહંસગણિજી** કહે છે કે– સામાન્ય રીતે સ્થિર કાર્યમાં તીરછુ અને ચર કાર્યમાં ઉર્ધ્વ ચક્ર લેવું. તેથીજ ધ્રુવચક્ર ઉર્ધ્વ હોય ત્યારે સૂર્યને પાછળ કે જમણો રાખીને પ્રયાણ કરવું તે શ્રેષ્ટમાન્યું છે. **હર્ષપ્રકાશ**માં તો કહ્યું છે કે–જો કામ ઉતાવળું હોય અને શુદ્ધલગ્નનો અભાવ હોય તો સમગ્ર કાર્ય **છાયાલગ્ન** અને **ધ્રુવલગ્ન**માં કરવાં.

હવે **શંકુછાયા કહે છે—**

वीसं सोलस पनरस चउदस तेरस य बार बारेव
रविमाइसु बारंगुल–संकुच्छायंगुला सिद्धा ॥ १४१ ॥

અર્થ-બાર આંગળાના શંકુની છાયા રવિ વિગેરે વારોમાં અનુક્રમે–વીશ, સોળ, પંદર, ચૌદ, તેર, બાર અને બાર આંગળ પ્રમાણ હોય તો તે સિદ્ધછાયા કહેવાય છે. ॥ ૧૪૧ ॥

વિવેચન–પાદછાયા લગ્નમાં જેમ સાત હાથના શંકુનું માપ છે તેમ અહીં વીશ આંગળાના શંકુથી છાયામાપ લેવાનું છે અને તે છાયા રવિ વિગેરે સાત વારોમાં અનુક્રમે ૨૦–૧૬–૧૫–૧૪–૧૩–૧૨ અને ૧૨ આંગળ પ્રમાણ જ્યારે થાય ત્યારે **સિધ્ધિછાયા** હોય એમ જાણવું.

છાયાલગ્ન અને શંકુછાયાના કાળમાં કેટલોક તફાવત આવે છે પણ બળ–ફળ તો બંનેનું સમાનજ છે **જ્યોતિષહીર**માં તો શંકુછાયાની **અભીચ** એવી સંજ્ઞા આપેલ છે.

"बे वार अभीयं दिणमहीं, मासा अभियाई उ. सा. चउत्थपयं ।
सवणाइ घडी चारहीं, लहोयं करि कज्ज फल बहुयं ॥ १ ॥"

અર્થ—"અભીચ્ દિવસમાં બે વાર આવે છે, અને માસમાં ઉતરાષાઢાના ચોથા પાયાથી શ્રવણની ચાર ઘડી સુધી એક વાર આવે છે, તેમાં કાર્ય કરવાથી બહુ ફળ મળે છે. ॥ ૧ ॥"

મધ્યાહ્ન કાળની પહેલાની એક ઘડી અને પછીની એક ઘડી એમ બે ઘડી દરેક કાર્યમાં શ્રેષ્ઠ છે; જે વખતે ૮ મો **અભિજીત** ક્ષણ કહે છે જે કાળનું વિશેષ નામ **વિજયયોગ** છે. **હર્ષપ્રકાશ**માં કહ્યું છે કે—મધ્યાહ્ન કાળનો સૂર્ય ઉત્પાત, વિષ્ટિ, વ્યતિપાત, દગ્ધા તિથિ, અને પાપગ્રહના દરેક દોષોને દૂર કરે છે; માટે આઠમા અભિજિત્ ક્ષણમા માત્ર દક્ષિણ દિશાનાપ્રયાણ સિવાયના દીક્ષા, પ્રતિષ્ઠા, પ્રવેશ, પ્રયાણ વિગેરે દરેક કાર્યો કરવાં તે સુખકર છે.

પુર્ણભદ્ર કહે છે કે—સૂર્ય સવારથી મધ્યાહ્ન સુધી ગ્રહચક્રને ગળે છે, અને મધ્યાહ્ન કાળે વમે છે; જ્યારે ગ્રહચક્ર વિહ્વળ થતાં **વિજયયોગ** થાય છે, જેમાં કરેલ કાર્ય સુગાંતમાં પણ

કોઈ પ્રકારે નાશ પામતું નથી. **લલ્લ** પણ કહે છે કે—કૃષ્ણ ચક્ર લઈને મધ્યાહ્ન કાળે અભિજિત્ નક્ષત્રમાં સર્વ દોષોને હણે છે. **ગદાધર** સમયની શુધ્ધિમાં તો—મધ્યાહ્ન અને મધ્યરાત્રિના પ્રથમના ૧૦ અને પછીના ૧૦ એમ **મુહૂર્ત**કાળના ૨૦ પળો વર્જવાનું કહે છે.

લલ્લ તથા બીજા ઋષિઓએ આવશ્યક કાર્ય માટે ત્રિતાર- ઉષાકાળને શ્રેષ્ઠ કહ્યો છે.

હર્ષપ્રકાશમાં તો કહ્યું છે કે— સંધ્યા પ્રારંભ અને તારા દર્શનની મધ્યના કાળમાં પણ સર્વ કાર્યને સાધનાર **વિજય** નામે યોગ છે.

સંધ્યાકાળનું **ગોધુલિક લગ્ન** એ વિવાહમાં પ્રધાન લગ્ન છે. **ઉદયપ્રભસૂરિ** મહારાજ કહે છે કે—સંધ્યાકાળે ગાયની ખરીએ ઉડાડેલી ધુળવડે જણાતો કાળ તે ગોધુલિક લગ્ન છે.

મુહુર્ત ચિંતામણીની ટીકામાં કહ્યું છે કે—રવિનો અર્ધ કે ત્રીજો ભાગ બાકી રહે ત્યારથી બે ઘડી સુધી **ગોરજલગ્ન** હોય છે. **વરાહ** કહે છે કે—માગશર વિગેરે ચાર માસમાં સૂર્યનું બિંબ નિસ્તેજ થાય ત્યારથી, ચૈત્ર વિગેરે ચાર માસમાં સૂર્યબિંબ અર્ધું ઢંકાય ત્યારથી –અર્ધ સૂર્યાસ્તથી, અને શ્રાવણ વિગેરે ચાર માસમાં સૂર્યાસ્ત થાય ત્યારથી ગોરજ હોય છે.

દૈવજ્ઞ રામે કહ્યું છે કે— (મૂ૦ ચિં૦)

मन्दाक्रान्ता–"नाऽस्याभूक्षं न तिथिकरणं नैव लग्नस्य चिन्ता,
नो वा वारो न च लवनिधिर्नो मुहूर्तस्य चर्चा।
नो वा योगो न मतिभवनं नैव जामित्रदोषो,
गोधूलिः सा मुनिभिरुदिता सर्वकार्येषु शस्ता॥१॥"

અર્થ--'મુનિઓએ સર્વ કાર્યમાં ગોધુલિકને પ્રશસ્ત કહ્યું છે, જે હોય ત્યારે નક્ષત્ર, તિથિ, કરણ, લગ્ન, વાર, લવ, સમય, મુહૂર્ત, યોગ, આઠમું ભુવન, કે જામિત્ર વિગેરેનો કાંઈ વિચાર ચર્ચા કે દુષ્ટતા જોવાની જરૂર નથી. ॥૧॥"

સારંગ પણ કહે છે કે-ગોરજમાં છઠ્ઠા આઠમા ચંદ્ર સિવાયના જામિત્ર, ગ્રહ, ચંદ્ર, લગ્ન, હોરા, નવાંશ અને ભાવ વિગેરે કોઈ પણ પ્રકારના દોષનો વિચાર સરખો કરવો નહિં.

મુહુર્ત ચિંતામણીની **ટીકા**માં કહ્યું છે કે-આ શ્લોકો પ્રશંસા પરાયણ છે; માટે અમાવાસ્યા, ભદ્રા, ભરણી, વિગેરે, અને બીજા દરેક પ્રકારના શક્યદોષોનો પરિહાર કરી આ લગ્ન લેવું. **હેમહંસગણિ** મહારાજ કહે છે કે--પ્રથમ વર્ષ માસ પક્ષ અને દિવસની શુધ્ધિ જોઇ વિવાહનક્ષત્રમાંજ દેશ અને કુળના રીત-રીવાજોને અનુસરી ગોધુલિક લગ્ન લેવું. **લલ્લ** કહે છે કે-વીર્યશાલી શુધ્ધ લગ્ન હોય તો ગોરજ નકામું છે, માટે શુભ લગ્ન ન હોય ત્યારે ગોધુલિક લેવું.

ગોધુલિકના દોષો આ પ્રમાણે છે, દૈવજ્ઞ **મનોહર** કહે છે કે—

"कुलिकं क्रान्तिसाम्यं च, मूर्तौ षष्ठोऽष्टमः शशी।
पञ्च गोधुलिके त्याज्या, अन्ये दोषाः शुभावहाः ॥ १ ॥"

અર્થ—"કુલિક, ક્રાંતિસામ્ય, લગ્નનો છઠ્ઠો અને આઠમો ચંદ્ર, આ પાંચ દોષ ગોધુલિકમાં ત્યજ્ય છે; અને બીજા દોષો શુભ છે ॥૧॥"

આરંભસિદ્ધિમાં અર્ધયામ અને ભદ્રા પણ વર્જ્ય લખ્યા છે, આથી ગુરૂવાર અને શનિવારે ગોરજનો નિષેધ થાય છે. **કેશવાર્ક** કહે છે કે—કુલિક અને અર્ધયામની શુદ્ધિ માટે શનિવારે સુર્ય છતાં અને ગુરૂવારે સુર્યાસ્ત પછી લગ્ન લેવું. ૬–૮ સ્થાનનો ચંદ્ર કન્યાનો નાશ કરે છે, અને ૧–૮ સ્થાનનો મંગળ પતિનો નાશ કરે છે, માટે તેનો અને વ્યતિપાતનો સર્વથા ત્યાગ કરવો **વ્યવહાર પ્રકાશ**માં કહ્યું છે કે—ગોરજમાં સંગ્રહ નક્ષત્ર, ગ્રહણ નક્ષત્ર, આઠમું નક્ષત્ર, વૈધૃતિ, વ્યતિપાત, સંક્રાન્તિ, ૬–૮ મો ચંદ્ર, ક્ષીણ ચંદ્ર, અશુદ્ધ ૧–૮, મંગળ, રવિ–ગુરૂ, અને ૮ મા સ્થાનના સર્વ ગ્રહો દુષ્ટ છે.

નારચંદ્ર ટીપ્પનમાં કહ્યું છે કે—

लग्नाष्टमे चन्द्रज–चन्द्र–जीवे, भौमे तथा भार्गवजाष्टमे च।
मूर्तौ च चंद्रो नियमाच्च मृत्युः, गोधूलिकं स्यात्परिवर्जनीयम् ॥ १ ॥

અર્થ—"તાત્કાલિક કુંડળીમાં આઠમે ભુવને બુધ, ચંદ્ર, ગુરૂ, મંગળ કે શુક્ર હોય; અને લગ્નમાં ચંદ્ર હોય તો નક્કી મૃત્યુ થાય છે, માટે આ ગોધુલિક વર્જ્ય છે. ॥૧॥"
સંહિતાસારમાં ઉલ્લેખ છે કે—

"यत्रैकादशगश्चन्द्रो, द्वितीयो वा तृतीयगः।
गोधूलिका तु विज्ञेया, शेषा धूलिरिति स्मृता ॥ १ ॥"

અર્થ—"જે લગ્નમાં અગીયારમો બીજો અને ત્રીજો ચંદ્ર હોય તે ગોધુલિક લગ્ન જાણવું, અને બાકી તો ધુળ જાણવી. એટલે **૨–૩–૧૧ ચંદ્ર શુભ છે.**

અહીં રવિ ૭ મો છતાં શુભ છે. ॥૧॥"

ગોધુલિક લગ્ન ગોવાળ હીનવર્ણ અને પુર્વદેશના મનુષ્ય માટે શુભ છે પણ દૈવજ્ઞ **મનોહર** કહે છે કે ઘટી લગ્નના અભાવે બ્રાહ્મણ સિવાયનાને અને **ગદાધર** કહે છે કે—બ્રાહ્મણને પણ શુભ છે.

વાર દ્વારમાં દર્શાવેલ શુભાશુભ **ઘટી યંત્રનું** બીજું નામ **શિવચક્ર** છે, જે પણ દરેક કાર્યમાં અત્યંત શુભ છે* **શિવજ્ઞાન** (બંગાળી) માં કહ્યું છે કે--

"ज्योतिषेर मते शुद्ध दिन नाहि होय,
शिवज्ञान अत एव तारविनिमय ॥ १ ॥"

શિવાલીખીમાં કહ્યું છે કે--

"व्यतिपाते च संक्रान्तौ, भद्रायामशुभे दिने ।
शिवालिखितमालोक्य, सर्वकार्याणि साधयेत् ॥ १ ॥"

અર્થ--"વ્યતિપાત; સંક્રાન્તિ, વિષ્ટિ અને અશુભ દિવસે શિવાલિખિ જોઈને સર્વ કાર્ય કરવાં ॥૧॥"

દરેક શુભકાર્યમાં **શકુનની** પણ મહત્તા દેખાડેલ છે. **વ્યવહારપ્રકાશમાં** કહ્યું છે કે--

"नक्षत्रस्य मूहूर्तस्य, तिथेश्च करणस्य च ।
चतुर्णामपि चैतेषां, शकुनो दण्डनायकः ॥ १ ॥"

અર્થ--" નક્ષત્ર મુહૂર્ત તિથિ અને કરણ; એ ચારેનો દંડનાયક **શકુન** છે ॥ ૧ ॥" **લલ્લ** કહે છે કે-શકુન વિનાનું સર્વગુણોયુક્ત લગ્ન પણ ગ્રહણ કરવું નહિં. કેમકે નિમિત્તનો દંડનાયક શકુન છે. **હરિભદ્રસૂરિ** મહારાજ કહે છે કે-સુંદર લગ્નમાં પણ શુભ શકુન કે શુભ નિમિત્તના બળે કાર્યો કરવાં. અહીં શકુનથી--અંગ સ્ફુરણ, શકુન સ્વર, સામુદ્રિક, અષ્ટાંગ નિમિત્ત અને પ્રસન્ન ચિત્તતા વિગેરે જાણવાં.

ચિત્તોલ્લાસ માટે **ઉદયપ્રભસૂરિ** મહારાજ કહે છે કે-

"सकलेष्वपि कार्येषु, यात्रायां च विशेषतः ।
निमित्तान्यप्यतिक्रम्य, चिंत्तोत्साहः प्रगल्भते ॥१॥

અર્થ--સર્વ કાર્યોમાં અને વિશેષ કરીને યાત્રામાં નિમિત્ત કરતાં પણ ચિત્તોત્સાહ અધિક બળવાન છે. ॥ ૧ ॥"

---

*આ બાબતની મને ત્રણ પ્રતો મળી છે જે દરેકમાં અત્યંત તફાવત હોવાથી અહીં તે સંબંધે વિશેષ બાબતનો ઉલ્લેખ કર્યો નથી પણ શુભાશુભ ઘટીયંત્રમાં તેનો સમાવેશ કર્યો છે.

અંગસ્ફુરણ વિગેરે નિમિત્ત, અંગસ્પર્શ વિગેરે ઇંગિત, દુર્ગાદિ શકુન અને લગ્નાદિ જ્યોતિષથી ચિત્તોત્સાહનું બળ વિશેષ છે. એમ આ શ્લોકમાં સૂચન છે.

અંતિમ **નંદી** વિગેરેનું મુહૂર્ત કહે છે—

तिक्खु-ग्ग-मिस्सरिक्खाणि, चिच्चा भोम-सणिच्छरं।
पढमं गोअरं नंदी-पमुहं सुहमायरे ॥ १४२॥

અર્થ—તીક્ષ્ણ ઉગ્ર અને મિશ્ર નક્ષત્રો તથા મંગળ અને શનિવારને ત્યજીને બાકીના દિવસોમાં પ્રથમ ગોચરી તથા નંદી પ્રમુખ શુભ કાર્યો કરવાં ॥ ૧૪૨ ॥

વિવેચન—નવીન સાધુને પ્રથમ ગોચરી કરાવવી હોય અથવા વ્રત પ્રાયશ્ચિત યોગ ઉપધાન અને તપને માટે નાણુ મંડાવવી હોય તો–રવિ, સોમ, બુધ ગુરૂ અને શુક્રવાર તથા અશ્વિની, રોહિણી, મૃગશર, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉત્તરાષાઢા, અભીચ્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્રપદ કે રેવતી નક્ષત્ર શુભ છે.

આ બાબતમાં તિથિ વિગેરે શુદ્ધિ માટે **કાર્યદ્વાર**માં શાંત કાર્યોનું વિવરણ તપાસવું.

આ **ગ્રંથનુ ફળ** કહે છે.

इअ जोगपईवाओ, पयडत्थपएर्हि विहिअउज्जोआ।
मुणिमणभवणपयासं, दिणसुद्धिपईविआ कुणउ ॥१४३॥

અર્થ—આ યોગ પ્રદીપથી પ્રકટ અર્થોવડે ઉદ્યોત કરનારી દિનશુદ્ધિ-પ્રદીપિકા મુનિઓના મનોભવનમાં પ્રકાશ કરો ॥ ૧૪૩ ॥

વિવેચન—ગ્રન્થકાર સૂરિજીએ મહાગ્રન્થોરૂપી દીપકોમાંથી આ ગ્રન્થ બનાવ્યો છે જે પ્રકટ અર્થોવડે પ્રકાશ કરનાર છે અને સ્વતંત્ર દિવસનીજ શુદ્ધિ દેખાડે છે. તેથી આનું નામ **દિનશુદ્ધિ દીપિકા** રાખેલ છે આ દીપિકા મુનિઓનાં મનરૂપી ભવનમાં પ્રકાશ કરો.

અહીં મુનિઓને ઉદ્દેશીને આ ગ્રન્થ બનાવ્યો છે એમ સ્પષ્ટ વિધાન છે, કેમકે—અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન સાધુઓ માટે આવશ્યક છે; માત્ર તેઓ તેનો આરંભ–સમારંભમાં ઉપયોગ કરી શકતા નથી જ્યારે ગૃહસ્થો માટે તે આવશ્યક છે, પણ ગૃહસ્થો તેનો આરંભ–સમારંભમાં ઉપયોગ કરે તેમ છે; માટે આ ગ્રંથ મુનિઓના કરકમળમાં જાય, અને તેઓનાં હૃદયમાં અનવદ્ય કાર્યોના માર્ગ પ્રકાશે, એમ ગ્રન્થકાર સૂરિજીની ભાવના છે.

આ બાબતમાં **હેમહંસગણિજી** પણ કહે છે કે-મુનિઓ ગૃહસ્થોને ચૈત્યાદિનું મુહૂર્ત કહે તો પણ દોષ છે. માટે ચૈત્યરચના, તીર્થયાત્રા, આદિ માંગલિક કાર્યોનું મુહૂર્ત જ્યોતિષીઓ પાસેથી લેવું અને તેનો સમગ્ર સંવાદ જ્યોતિર્વિદ મુનિઓએ બતાવવો એજ યુક્તિયુક્ત છે, **પણ પોતે મુહૂર્ત** આપવું નહિ તથા આ એકાંતમાં ભણવું, પાપભીરૂ શિષ્યોને ભણાવવું. અને પંડિતોમાં જ્ઞાનપર્યાયની વૃદ્ધિ કરવી એ આ ગ્રન્થનું ફળ છે. આ રીતે જ્ઞાનપર્યાયની વૃદ્ધિને માટે બનાવેલ ગ્રન્થથી પરંપરાએ શુભ પરિણામ, પુણ્યોપાર્જન, સદ્જ્ઞાનનો લાભ અને શાશ્વતપદ મળે છે. એટલે-પાપભીરૂ મુનિઓના હાથમાં આ ગ્રન્થ જાય એજ હિતકારક છે.

હવે **ગ્રન્થસમાપ્તિ** કરે છે.

सिरिवयरसेणगुरुपट्ट-नाहसिरिहेमतिलयसूरीणं ।
पायपसाया एसा, रयणसिहरसूरिणा विहिया ॥१४४॥

અર્થ—રત્નશેખર સૂરિએ આ દિનશુદ્ધિ પ્રકરણ શ્રી વજ્રસેન ગુરૂના પટ્ટધર શ્રી હેમતિલકસૂરિના પાદ પ્રસાદથી રચ્યું છે ॥ ૧૪૪ ॥

વિવેચન – રત્નશેખરસૂરિ મહારાજે આ ગાથાથી પોતાના ગુરૂની પરંપરા અને ગુરૂકૃપાનું ફળ દર્શાવેલ છે એટલે-બૃહદ્‌ગચ્છાધિપતિ શ્રી **વજ્રસેન** ગુરૂ થયા જેમણે **ગુરૂગુણ ષડ્‌ત્રિંશિકા** વિગેરે ગ્રન્થોની રચના કરી છે તેમની પાટે **શ્રી હેમતિલકસૂરિજી** થયા જેમની કૃપાથી **રત્નશેખર સૂરિએ** આ **દિનશુદ્ધિ દીપિકા** રચના કરેલ છે.

इति रयणसेहरसूरिविरइआ । दिणसुद्धिपईविआ समत्ता ॥

અર્થ—આ પ્રમાણે રત્નશેખરસૂરિએ રચેલી દિનશુદ્ધિ-પ્રદીપિકા નામનો ગ્રન્થ સમાપ્ત થયો,

विश्वप्रभा–टीकाकर्तः प्रशस्ति :-

गुरुयशसि तपोगच्छेतिशस्तेप्रतिष्टे,
विजयकमलसूरि! सूरिसचक्रवर्ती: ।
भविकमधुपहृत्सु दत्तसम्यक्त्वपौष्प:,
समजनि भुवि पूज्योलब्धकीर्तिप्रशस्ति: ॥ १ ॥

અર્થ—મહા યશવાળા વિશાળ અને પ્રતિષ્ઠાવાળા **તપગચ્છમાં** જગત્પૂજ્ય મહાન્ **આચાર્ય શ્રી વિજયકમળસૂરિવર** થયા જેમણે કીર્તિની પરંપરા પ્રાપ્ત કરી છે, અને જેમણે ભવ્યજીવોરૂપી ભમરાના હૃદયમાં સમ્યક્ત્વરૂપી પરાગ સમર્પ્યો છે.

तच्छिष्यो विनयात् प्रवृद्ध विजयः प्रौढो गरिमप्रभः,
चारित्रेत्यभिधो बभूव विजयान्तस्तस्य शिष्याग्रणीः ।
विश्वोपकृतिकं यशोविजयजीनाम्ना च संस्थाप्य
सज्जैनं ज्ञानविवर्धनं गुरुकुलं यः स्वर्गभूमिमगात् ॥ २ ॥

અર્થ—તેમના અતિશય કાંતિવાળા પ્રૌઢ શિષ્ય મુનિ મહારાજ શ્રી **વિનયવિજયજી** થયા અને તેમના મુખ્ય શિષ્ય પૂજ્યપાદ મુનિ મહારાજ શ્રી **ચારિત્રવિજયજી (કચ્છી)** થયા જેઓ વિશ્વ ઉપર ઉપકાર કરનાર અને જ્ઞાનને ફેલાવનાર શ્રી **યશોવિજયજી જૈન ગુરૂકુળ** સ્થાપી સ્વર્ગભૂમિમાં ગયા.

तच्छिष्येण सुदर्शनेन मुनिना एषैव विश्वप्रभा,
गुप्ति-ज्ञान-जिनेषु वीरगमनाद् वर्षेषु चाऽऽपीतिभे ।
सौभाग्य प्रद पञ्चमी बूध दिने श्री मोहमय्यां कृता,
यावन्मेरु-मही-ख-चन्द्र-विबुधास्तावच्चिरं नन्दतात् ॥ ३ ॥

અર્થ—તેમના શિષ્ય **મુનિ દર્શનવિજયે-મુંબઈ નગરી**માં વીર નિર્વાણ સંવત ૨૪૫૩ ના કાર્તિક શુદિ ૫ બુધવારે અને પુર્વાષાઢા નક્ષત્રમાં આ **વિશ્વપ્રભાટીકા** રચી છે તે જ્યાં સુધી મેરૂપર્વત, પૃથ્વી, આકાશ, ચંદ્ર અને દેવો-પંડિતો રહે ત્યાં સુધી ચિરકાળ પર્યંત વૃદ્ધિ પામો-પ્રકાશ કરો.

मुनि दर्शनविजयसमर्थिता विश्वप्रभा-टीका समाप्ता

પરિશિષ્ટ ૧ લું.

જૈન પંચાંગ.

સંવત્સર—૧ બૃહસ્પતિ (નક્ષત્ર), ૨ યુગ, ૩ પ્રમાણ, ૪ લક્ષણ અને ૫ શનિ એમ પાંચ સંવત્સર છે.

(चंदपन्नति पाहुड १० पाहुड पाहुड २०)

૧ નક્ષત્ર સંવત્સર–બૃહસ્પતિ નક્ષત્રચક્રને ભોગવી લ્યે ત્યાં સુધીનો એટલે બાર વર્ષનો છે, જેના નામો શ્રાવણ થી આષાઢ સુધીનાં છે. તે સંવત્સર ($૩૨૭\frac{૫૧}{૬૭}$×૧૨=) $૩૯૩૩\frac{૯}{૧૭}$ દિવસ પ્રમાણ છે

૨ યુગ સંવત્સર—ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત; એમ પાંચ વર્ષના ૧૮૩૦ દિવસે પૂરો થાય છે, જેમાં ૧૨૪ પર્વ આવે છે.

૩ પ્રમાણ સંવત્સર–નક્ષત્ર દિન $૩૨૭\frac{૫૧}{૬૧}$, ચંદ્ર $૩૫૪\frac{૧૨}{૬૨}$, ઋતુ ૩૬૦, આદિત્ય ૩૬૬, અભિવર્ધિત $૩૮૩\frac{૪૪}{૬૨}$, એમ પાંચ પ્રકારે છે અથવા $૨૭\frac{૯\frac{૨૭}{૬૭}}{૩૦}$ (મુહૂર્ત $૮૧૯\frac{૨૭}{૬૭}$,) દિવસનો એક એવા ૬૭ નક્ષત્ર માસ, $૩૦\frac{૧}{૨}$ દિવસનો એક એવા ૬૦ સૂર્યમાસ, $૨૯\frac{૩૨}{૬૨}$ દિવસનો એક એવા ૬૨ ચંદ્રમાસ અને ૩૦ દિવસ એક એવા ૬૧ ઋતુમાસ; (કુલ દિવસ ૧૮૩૦) નો એક યુગ થાય છે.

૪ લક્ષણ સંવત્સર પણ ઉપરોક્ત પાંચ પ્રકારે છે, પરંતુ તેમાં માત્ર ચિન્હોની–લક્ષણોની પ્રાધાન્યતા છે એટલે ૧ નક્ષત્રનો યોગ, ઋતુનું પરિણમન અને અનુકુળ વૃદ્ધિનો એક સાથે મેળ થાય તે નક્ષત્ર સંવત્સર; ૨ પુનમે વિષમચંદ્રનક્ષત્ર હોય અને વિરસ કે પ્રતિકૂળ વૃષ્ટિ થાય તે **ચંદ્ર** સંવત્સર; ૩ અકાલે વૃક્ષો ફુલે ફળે અને વૃષ્ટિ ન હોય તે કર્મ સંવત્સર; ૪ સૂર્ય અલ્પવૃષ્ટિમાં પણ પૃથ્વી, પાણી અને વનસ્પતિના રસને ખીલવે તે **આદિત્ય** સંવત્સર; તથા ૫ સૂર્યના તાપથી તપેલાં ક્ષણ લવ ઋતુ દિવસ પરિણમે અને સ્થલભૂમિ ભરાઈ જાય તે **અભિવર્ધિત** સંવત્સર

૫ **શનિ સંવત્સર** અભિચાદિ નક્ષત્રોમાં શનિ ફરે ત્યાં સુધી હોય છે, જેના વર્ષ **૩૦** યાને દિવસો ૯૮૩૨$\frac{૫૬}{૬૭}$જાય છે.

બાર માસ (કાર્તિકાદિ)—પ્રીતિવર્ધન, શ્રેયાન્, શિશિર, શોભન, હેમવાન્, વસંત. કુસુમસંભવ. નિદાઘ, વનવિરોધ, અભિનંદન, સુપ્રતિષ્ઠ અને વિજય.

પાંચ તિથિનાં નામ—નંદા, ભદ્રા, જયા રિકતા અને પૂર્ણા

પાચ રાત્રિતિથિનાં નામ—ઉગ્રવતી, ભોગવતી, યશોમતી, સર્વસિદ્ધા અને શુભા.

પંદર દીવસનાં નામ—પૂર્વાંગ, સિદ્ધ, મનોરમ, મનોહર યશોભદ્ર, યશોધર, સર્વ કાર્ય સિદ્ધિ, ઇન્દ્ર, મૂર્ધાભિષિકત, સૌમનસ, ધનંજય, અર્થસિદ્ધિ, અભિજીત્, રત્યાશન્, શતંજય, અગ્નિવૈશ્ય.

પંદર રાત્રિનાં નામ—ઉત્તમા, સુનક્ષત્રા, ઈલાપત્યા, યશોધરા, સૌમનસી, શ્રીસંભૂતા વિજયા, વૈજયંતી, અપરાજિતા, ઈચ્છા, સમાહારા, તેજા, અતિતેજા અને દેવાનંદા.

ક્ષણ અને **કરણ**નાં નામો મૂળ તથા વિવેચનમાં આવી ગયા છે.

યુગ પ્રારંભ-યુગ, વર્ષ, અયન, ઋતુ, માસ, પક્ષ, અહોરાત્રિ, કરણ, નક્ષત્ર, મુહૂર્ત લવ, સ્તોક, પ્રાણ અને ઉચ્છ્વાસ; એમ ચૌદ વસ્તુના પ્રથમ સમયે યુગ બેસે છે. એટલે-શ્રાવણ વદિ એકમ, બાલવ કરણ અને અભિચ નક્ષત્રમાં યુગપ્રારંભ થાય છે. (જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ)

તિથિ-અહોરાત્રિના $\frac{૬૧}{૬૨}$ભાગની એક તિથિ હોય છે; તેથી બાસઠમી તિથિનો ક્ષય થાય છે અને અઢી અઢી વર્ષે એકેક માસની વૃદ્ધિ થાય છે.

ચંદ્ર નક્ષત્ર - અભીચ નક્ષત્ર ૯$\frac{૨૭}{૬૧}$ ($\frac{૨૧}{૬૭}$ અહોરાત્રિ) મુહૂર્ત સુધી, શતભિષાદિ **૧૫** મુહુર્ત સુધી શ્રવણાદિ સુધી **૩૦** મુહૂર્ત અને ઉત્તરા, ભાદ્રપદ વિગેરે **૪૫ મુહૂર્ત** સુધી ચંદ્રની સાથે રહે છે (જુઓ ગાથા– ૧૧૯–૧૨૦)

સૂય નક્ષત્ર-સૂર્ય અભિચને ૪ અહોરાત્રિ અને ૬ મુહૂર્ત ભોગવે છે. (ચન્દ્રભોગ $\frac{૨૭}{૬૭}$×૬૭ =યુગભોગ ૬૩૦÷૫, સૂર્યભોગ **૧૨૬** મુહૂર્ત÷૩૦=૪/૬), શતભિષા વિગેરેને ૬ અહોરાત્રિ **૨૧** મુહૂર્ત, શ્રવણ વિગેરેને **૧૩** અહોરાત્રિ **૧૨** મુહૂર્ત અને ઉત્તરાભાદ્રપદ વિગેરે નક્ષત્રને **૨૦** અહોરાત્રિ **૩** અને મુહૂર્ત ભોગવે છે. (ચં. પા. ૧૦),

પરિશિષ્ટ ૨ જું.

વીરવર્ષ નિર્ણય

આયુ વર્ષ ૭૨, આયુ ગર્ભથી ગણવો. આદિત્ય સંવત્સરે આયુદય હુઓ, તેના દિન ૩૬૬, ઋતુ સં દિન ૩૬૦ પાંચ વર્ષનો યુગ. એક યુગમાં આદિત્ય સંવત્સર દિન ૧૮૩૦ અને ઋતુસંવત્સરના દિન ૧૮૦૦ હોય, આદિત્ય સંવત્સર યુગમાં એક માસ થાકતા ઋતુ સંવત્સર લાગે. આ લેખે–

ઋતુ સંવત્સરના ચોથે માસે ગ્રીષ્મકાળે આષાઢ સુદિ ૬ દિને ચ્યવન, અહીંથી આદિત્ય સવંત્સર લેખે ૭૨ વર્ષે ઋતુ સંવત્સરયુગના ૧૪ માસ વધતા થયા, ત્યારે આષાઢ શુદ્ધિ ૬ થી ૧૪ મે માસે ભાદ્ર શુદિ ૬ દિને આદિત્ય સંવત્સરે ૭૦ વર્ષ થયા, ત્યાંથી બીજે ચંદ્ર સંવત્સરે નિર્વાણ થયું. અહીં ચંદ્ર સંવત્સરના ૩૫૪ દિન હોય, પહેલેથી ૧૨ દિન આદિત્ય સવંત્સર પૂર્ણ હોય, તે વારે બે કલ્યાણક તિથિઓ ઋતુ સંવત્સર લેખે લેવી, એમ જ્યોતિષ કરંડક અને કલ્પસૂત્રમાં કહ્યું છે. **પુષ્ફે ચંદ્રસંવચ્છરે** ઇત્યાદિ કલ્પસૂત્રમાં છે.

અહીં ઋતુ સંવત્સરના વર્ષ ૭૧ માસ ૨ થયા, ચંદ્ર સંવત્સરે ચોવીશ દિન વધતા લેવા. તેથી ભાદ્ર. શુદિ ૬ થી ૨૪ દિન વધતાં આસો વદિ ૧ દિને આદિત્ય સંવત્સરે ૭૨ વર્ષ થયા. તે સંવત્સર પૂર્ણ થતાં એક માસ ઉતરે ઋતુ સંવત્સર લાગે તે પૂંઠે લખ્યો છે. તે લેખે જેઠ શુદિ ૧૫ ગ્રીષ્મઋતુ પૂરી થઈ; અને આષાઢ વદિ ૧ થી વર્ષાઋતુ લાગી, ત્યારે આષાઢ તે શ્રાવણ થયે મારવાડી પંચાગ પ્રમાણેફેર દેખાય છે, જેથી લૌકિક આસો–આગમોક્ત કાર્તિક વદ ૦)) થઈ. ઇતિ ૭૨ વર્ષ.

इति जिनलाभसूरीणामाज्ञया पाठकरामविजयगणिनां कृता।

પરિશિષ્ટ ૩ જું.

–: લઘુ પંચાગ :–

તિથિ–સુર્યરાશિના અંશથી ચંદ્રરાશિના અંશના આંતરાને અઢીથી ગુણવું અને એક ઉમેરવો, જેથી ઇષ્ટ દિવસની તિથિ આવે છે.

તિથિ–ઇષ્ટ દિવસે માસનક્ષત્રથી ચંદ્ર નક્ષત્રનો જે આંક આવે તેટલામી તિથિ હોય છે. દરેક મહિનાઓ પુનમને દિવસે પોતાના નક્ષત્રને ભોગવે છે, જેથી આ ગણના વદિ ૧ થી ગણાય છે.

વાર–ચૈત્ર શુદિ ૧ થી શરૂ થતા ગત માસને દોઢા કરી ચાલુ માસની ગત તિથિ જોડી સાતથી ભાગદેવો; અહીં શેષમાં જેટલા વધે, વર્ષેશ (ચૈત્ર શુદિ ૧ ના) વારથી તેટલામો વાર ઇષ્ટ દિવસે જાણવો.

નક્ષત્ર ચૈત્ર–શુકલાદિ અથવા આશ્વિન કૃષ્ણાદિ ગતમાસને બમણા કરી તેમાં ગત તિથિ જોડવી, જેટલો આંક આવે તેટલામું નક્ષત્ર જાણવું.

નક્ષત્ર–શુદિ ૧ ના સૂર્ય નક્ષત્રના આંકમાં ગત તિથિના આંક ઉમેરવા જે સંખ્યા આવે તે ઇષ્ટ નક્ષત્ર જાણવું,

લગ્ન–દિનમાનના સરખા ત્રીશ ભાગ કરવા, આવા સૂર્યોદયથી ગત ત્રીશાંશને ૬ થી ગુણી સૂર્યસંક્રાંતિના મુકત દિવસો ઉમેરવા અને ત્રીશથી ભાગ દેવો, જેથી ભગમાં ઇષ્ટ લગ્ન અને શેષમાં ત્રીશાંશ આવે છે.

ઘડી–સૂર્ય લગ્નથી ચાલુ લગ્ન સુધીના આંકને પાંચથી ગુણવા અને આવેલ સંખ્યા તે ઇષ્ટ ઘડી જાણવી. (સ્થૂલ)

તારીખવાર–A ઇષ્ટ ઇસ્વીસનને ૨૮ થી ભાગ દેવો, જેના શેષમાં રહેલ આંક ઉપરથી જાન્યુઆરીની ૧ લી તારીખના વારો અનુક્રમે-રવિ, સોમ, મંગળ, બુધ શુક્ર, શનિ, રવિ, સોમ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, સોમ; મંગળ, બુધ, ગુરૂ, શનિ, રવિ, સોમ, મંગળ, ગુરૂ, શુક્ર, શનિ, રવિ, મંગળ, બુધ, ગુરૂ અને શુક્ર આવે છે. B આ ગણનામાં ચાર ચાર વર્ષની ૧ લી તારીખોના વારો સાથે અનુક્રમે સંબંધ જોઠાય છે, અને પછી પાંચમું વર્ષ એક વારનું આંતરૂં લ્યે છે. C પછી દરેક માસની ૧ લી તારીખે અનુક્રમે–૪ થો, ૧ લો, ૪ થો, ૩ જો, ૪ થો, ૩ જો, ૪ થો, ૪ થો, ૩ જો, ૪ થો અને ૩ જો વાર હોય છે. D માત્ર તફાવત એટલો છે કે–જે સનને ચારથી ભાગતાં શેષમાં ૦ આવે તે વર્ષમાં એક દિવસ વધતો હોવાથી માર્ચની ૧ લીએ ફેબ્રુઆરીની ૧ લી તારીખના વારથી ૨ જો વાર હોય છે. E અને તા ૧-૮–૧૫–૨૨–૨૯ નો એકજ વાર હોય છે. F જેમકે ઈ. સ. ૧૯૨૭ માર્ચની ૧૫ મી તારીખનો વાર કાઢવો છે, તો ૧૯૨૭÷૨૮=૬૮/૨૩, જાન્યુઆરી ૧ લીએ શનિવાર, ફેબ્રુઆરી ૧ લી મંગળ, માર્ચ ૧ લી મંગળ અને માર્ચ ૧૫ મીએ મંગળવાર.

પરિશિષ્ટ ૪ થુ.

—૦—

માસ વૃદ્ધિ–હાનિ વિચાર

કર્તા–પન્યાસ નેમકુશલજી

પ્રશ્નઃ–ગુરૂકો ચરણે લાગકે, કીની શિષ્ય અરદાસ;
સત્તાવનકી સાલમેં, કિયો પ્રશ્ન ગુરૂ પાસ. ૧
કુણ જાણે કીસી વર્ષમેં, કીસો વધેગો માસ;
કબ હોવે ક્ષય માસકો, સ્વામી મુજ પરકાશ. ૨

ઉત્તર–જ્ઞાનકુશલ ગુરૂ ભાગ્યથી, ગુરૂગમ પામી તેહ;
વર્ષ માસાધિક કાલના, લીખ દેખાઉં એહ. ૧
ફાગુણસુ સગ માસમેં, નહીં સંક્રાન્તિ તાસ;
ઉનસે આવતી સાલમેં, વધે પાછલો માસ. ૨
પાઠાંતરસેં કહત હું, દૂજી રીતકી ચાલ;
મધુમાસાદિક સાતમેં, એ પણ નેમ સંભાળ. ૩
માસ માંહી પલટે નહીં, રવિ જો બીજી રાસ;
યોગ બને જીસ વર્ષમેં, માસ અધિકકી આસ. ૪
સંવત (વિક્રમ) ચાર મિલાયકે, દે ઉણીસકા ભાગ;
સેસ રહ્યાસું ચૈત્રસે, **અધિક માસ**કો લાગ. ૫
તિન બચે દો ચૈત હોય, અગ્યારે વૈશાખ;
શૂન્ય અષ્ટસે જેઠ ઔર, સોલે અશાડ લાખ. ૬
પાંચ બચ્ચા શ્રાવણ યુગલ, તેરે ભાદ્રો જાણ;
દોય બચ્ચા આસો હુવે, પંડિત **નેમ** પિછાણ. ૭
શ્રાવણ જ્યેષ્ઠા વૈશાખ પુનિં, ભાદ્રવમાસ આષાઢ;
જેઠ કુઆર શ્રાવણ વડો, મધુ માસાદિક કાઢ, ૮
જેઠ માસકું વર્જકે, શેષ રહ્યા ખટ માસ;
ઓગણીશ વર્ષકે, આંતરે, આવે એહીજ ખાસ. ૯
જેઠ જેઠકે આંતરે, વીતે વર્ષ અગ્યાર;
દુજા આંતરા જેઠ બીચ, વર્ષ આઠ અવધાર. ૧૦

અબ કહું **ક્ષય માસકી**, રીતિ એહ સમજાય;
એકસો ઇકિતાલી વરસકું, ક્ષય માસ તબ થાય. ૧૧
કાર્તિકસું ગણતાં થકાં, તીન માસ લગી જોય;
ક્ષય સંક્રાન્તિ એકમેં, માસ ક્ષય જબ હોય. ૧૨
વેગો હોય તો ઇણુતરે. વર્ષ ઓગણિશ પર દેખ;
ક્ષય માસ પણ જાણવો, ઇનમેં મીન ન મેખ. ૧૩
ક્ષય માસકે વર્ષમેં, દેખો વળી વિશેષ;
તીન માસ આગે પીછે, માસ અધિક હોય પેખ. ૧૪
માહ ફાગણ તૂટે નહીં, વધી નહીં કોઈ કાળ;
નેમ કુશળ નિર્ણય કરી, બારે માસકી ચાલ. ૧૫
એકસો અઠયાશી વર્ષમેં, બૌંતેર **અધિક** માસ;
ક્ષય માસ **દો** દાખીયા, નેમકુશળ પંન્યાંસ. ૧૬
શીતલનાથ ઉદયપુર, **તપ** ગણુ શાલ નિવાસ;
વર્ષ ઓગણી અઠ્ઠાવને, લિખ્યો ચિત્ત ઉલ્લાસ. ૧૭
વીર સંવત્સર જાણીએ, ચોવીશ ને સગવીશ;
કાર્તિક કૃષ્ણકી અષ્ટમી, પુષ્ય રવિ શુભ દિસ. ૧૮

માસ વૃદ્ધિ-હાનિ યંત્ર (સ્વકૃત)

પારસનાથ પ્રણમી કરી, વિરચું યંત્ર વિચાર;
વધે માસ ત્રુટે જીકો, કરસ્યું સબ નિરધાર. ૧
લુંડ માસ ગણ્યો મધ્યમેં, ગ્રંથ વિશેષ નહીં લેણુ;
પર્વ-પ્રતિષ્ઠા દેવકી, કરો મતિ કોઈ સેણુ. ૨

ચૈત્રથી શરૂ થતાં પુનમીઆ માસવાળાં વિક્રમ વર્ષાંક.					અધિક માસ.	ક્ષય
૧૯૦૧	૧૯૩૯	૧૯૭૭	૨૦૧૫	૨૦૪૨	શ્રાવણ	=
૧૯૦૪	૧૯૪૨	૧૯૮૦	૨૦૧૮	૨૦૫૬	જેઠ	૧૮૯૮ વૃદ્ધિ-આસો
*	૧૯૪૫	૧૯૮૩	*	*	ચૈત્ર	ક્ષય-પોષ
૧૯૦૯	૧૯૪૭	૧૯૮૫	૨૦૨૩	૨૦૬૯	ભાદરવો	વૃદ્ધિ—ચૈત્ર =
૧૯૧૨	૧૯૫૦	૧૯૮૮	૨૦૨૬	૨૦૭૨	અષાડ	૨૦૪૦ વૃદ્ધિ-આસો
૧૯૧૫	૧૯૫૩	૧૯૯૧	૨૦૨૯	૨૦૭૫	જેઠ	ક્ષય—પોષ વૃદ્ધિ—ચૈત્ર
૧૯૧૭	૧૯૫૫	૧૯૯૩	૨૦૩૧	૨૦૭૭	આશ્વિન	=
૧૯૨૦	૧૯૫૮	૧૯૯૬	૨૦૩૪	૨૦૬૧	શ્રાવણ	૨૦૮૦
૧૯૨૩	૧૯૬૧	૧૯૯૯	૨૦૩૭	૨૦૮૩	જેઠ	૨૦૯૪
*	૧૯૬૪	*	૨૦૪૦	૨૦૮૫	ચૈત્ર	૨૦૯૬
૧૯૨૮	૧૯૬૬	૨૦૦૪	૨૦૫૦	૨૦૮૮	ભાદરવો	૨૦૯૯
૧૯૩૧	૧૯૬૯	૨૦૦૭	૨૦૫૩	૨૦૯૧	અષાડ	
૧૯૩૪	૧૯૭૨	૨૦૧૦	૨૦૪૫	૨૦૬૪	જેઠ	
૧૯૩૬	૧૯૭૪	૨૦૧૨	૨૦૩૯	૨૦૫૮	આશ્વિન	
૧૯૦૭	૧૯૨૬	૨૦૦૨	૨૦૪૮	૨૦૬૭	વૈશાખ	

—સંવત ૨૦૨૦ ના માગશર શુકલ તથા પોષ કૃષ્ણ પક્ષનો ક્ષય.
—સંવત ૨૦૩૯ ના પોષ શુકલ તથા મહા કૃષ્ણ પક્ષનો ક્ષય.

પરિશિષ્ટ ૫ મું.

ગ્રહ નામમાળા.

મંગળ—આર, વક્ર, લોહિતાંગ, મંગળ, અંગારક, પૃથ્વીપુત્ર, આષાઢાભૂ, નવાર્ચિ.

બુધ—બુધ, સૌમ્ય, પ્રહર્ષલ, જ્ઞ, પંચાર્ચિ, શ્રવિષ્ઠાભૂ, શ્યામાંગ, રોહિણીપુત્ર.

ગુરૂ—બૃહસ્પતિ, સુરાચાર્ય, જીવ, ચિત્રશિખંડિજ, વાચસ્પતિ, દ્વાદશાર્ચિ, ધિષ્ણ, ફાલ્ગુનીભૂ, ગીષ્પતિ, ઉતથ્યાનુજ, આંગિરસ, ગુરૂ.

શુક્ર—શુક્ર, મઘાભૂ, કાવ્ય, ઉશનસ્, ભાર્ગવ, કવિ, ષોડશાર્ચિ, દૈત્યગુરૂ, ધિષ્ણ્ય.
શ—શનિ, શનૈશ્ચર, છાયાસુત, અસિત, સૌરિ, સપ્તાર્ચિ, રેવતીભુ. મંદ, ક્રોડ, નીલવાસસ્.
રાહુ—સ્વર્ભાનુ, વિધુંતુદ, તમસ્, રાહુ, સૈંહિકેય, ભરણીભુ.
કેતુ—આહિક, અશ્લેષાભુ, શિખી, કેતુ.

अभिधानचिन्तामणि–देवकांड श्लोक ३०–३६.

પરિશિષ્ટ ૬ ઠું.

શુભ ત્રિશાંશસ્વામિ–ચક્ર.

લગ્ન	અંશ.	રા.	હો.	દ્રે.	નવમાંશ. ૨૦	૨૦	૨૦	દ્વાદશાંશ. ૩૦	૩૦	ત્રિ.	
મેષ	૨૧	મં	ચં	શુ	શુ	શુ	શુ	ગુ	ગુ	બુ	
,,	૨૭	મં	ચં	ગુ	મં	મં	ગુ	શ	શ	ગુ	
વૃષ	૧૪	શુ	ચં	બુ	શુ	શુ	શુ	શુ	શુ	ગુ	
,,	૨૦	શુ	ર	બુ	બુ	બુ	બુ	ગુ	ગુ	શ	મ.
મિ.	૧૭	બુ	શ	શુ	શ	શ	ગુ	ગુ	ગુ	ગુ	
કર્ક	૪	ચં	ચં	ચં	ચં	ર	ર	ર	ર	શુ	
,,	૮	ચં	ચં	ચં	બુ	બુ	બુ	બુ	શુ	બુ	મ.
સિંહ	૧૮	ર	ચં	બુ	બુ	બુ	બુ	શ	ગુ	ગુ	
કન્યા	૮	બુ	ચં	બુ	ગુ	ગુ	ગુ	મં	ગુ	બુ	
તુલા	૨૪	શુ	ચં	બુ	મં	શુ	શુ	ચં	ચં	બુ	
વીંછી	૧૨	મં	ચં	ગુ	શુ	શુ	શુ	ગુ	ગુ	બુ	
ધન	૧૭	ગુ	ચં	મં	ર	ર	ર	બુ	બુ	ગુ	
મક.	૧૪	શ	ચં	શુ	શુ	શુ	શુ	બુ	બુ	ગુ	
,,	૨૦	શ	ર	શુ	બુ	બુ	બુ	ર	ર	શ	
કુંભ	૨૬	શ	ચં	શુ	શુ	શુ	શુ	ગુ	ગુ	બુ	
મીન	૪	ગુ	ચં	ગુ	ચં	ર	ર	મં	મં	શુ	મ.
,,	૮	ગુ	ચં	ગુ	બુ	બુ	બુ	શુ	બુ	બુ	

પરિશિષ્ટ ૭ મું.

નામ.	મેષ.	વૃષભ.	મિથુન.	કર્ક.	સિંહ.	કન્યા.	તુલા.	વૃશ્ચિક.	ધન.	મકર.	કુંભ.	મીન.
ગુજરાતી	ઘેટું	બળદ	જોડકું	કાચબો	સિંહ	કન્યા	ત્રાજવું	વીંછી	ધનુષ્ય	મગર	ઘડો	બેમાછલાં
અંગ્રેજી	એરિસ	તોરસ	જીમીનિ	કેન્સ	લીઓ	વર્ગો	લીબ્રા	સ્કોરપીઓ	સેજીટેરીઅસ	કેપ્રીકોનર્સ	એકસીરીઅસ	પીસીજ
ઈજીપ્સીઅન	Choiae	Tyhi	Mechip	Phomen-oth	Pharm-onti	Pashons	Payni	Epiphi	Mesori	Photh	Pohi	Athyr
લેટીન	મીનરવા	વીનસ	સોલ	મરક્યુરિ	જ્યુપીટર	સીરસ	વલ્કન	માર્શ	ડીએના	વેસ્તા	જુનો	નેપચ્યુન
ઝંદ	ફરવરદીન	અરદીબહેસ્ત	ખોરદાદ	તીર	અમરદાદ	શહેરેવર	મહેર	આવા	આદર	દેહે	બહમન	અસ્પંદારમંદ
અરબી	હમલ	સૌર	જોવઝ	સરતાન	અશદ	સોમબોલ	મીજાન	અકબર	કાશ	જદય	દલવ	હુત
ફારસી	બરે	ગવ	દોપકેર	ખરચંગ	શિર	ખુશે	ત્રાજુ	કઝદુમ	કમાન	બોઝ	દુલ	માહી
દશાતાર	ચમકાટ	ગામ	દામરીર	મરચંગ	સાર	અદશેર	તુલાર	કાઝામ	કમાર	મઝદ	દાલ	રમીમ
હિંદનાં શહેરો.	વડોદરા મદ્રાસ મ્હૈસુર	સુરત	જળગાંવ	કલકત્તા હૈદ્રાબાદ	નડીયાદ (મુંબઇ)	પૂના નાગપુર	ગુજરાત (મુંબઇ)	મુંબઇ દિલ્હી મલ્હાર જંજીર	કાઠિયાવાડ મહારાષ્ટ્ર કોલ્હાપુર	બંગાળ (પંજાબ) અલ્હાબાદ		બનારસ પાનીપત પંજાબ
કાર્યવિચાર	બુદ્ધિ વિષયક			માતૃક			ઉત્પાદક			સેવક.		
	શારીરિક.				આધ્યાત્મિક				ધાર્મિક.			

મુંબઈ બાર વાગ્યે જુદા જુદા સ્થાનોનો ટાઈમ.

દિવસના બાર વાગ્યા પહેલાં A. M.

ન્યુયોર્ક ૨-૧૫	લંડન ૭-૦૦	બ્રુએન ૮-૦૩	કરાંચી ૧૧-૩૭
જેદ્દા ૪-૧૩	આમસ્ટર્ડામ ૭-૦૩	બર્લીન ૮-૦૩	શિકારપુર ૧૧-૪૩
રીઓડીજાનેરો ૪-૧૯	પેરીસ ૭-૨૦	કોન્સ્ટાંટીનોપલ ૮-૪૯	ભુજ ૧૧-૪૯
સાલોનિકા ૬-૩૦	લીસ્બન ૭-૪૫	સ્ટોકહોમ ૮-૨૨	રાજકોટ ૧૧-૫૨
ટીનરિફ ૬-૩૦	આલેકઝાંડ્રિઆ ૭-૧૦	સેંટપીટર્સબર્ગ ૮-૫૫	અમદાવાદ ૧૧-૫૯
ડબ્લીન ૬-૪૫	ક્રીસ્તીઆનીઆ ૭-૦૫	સ્મર્ના ૯-૦૦	મઝલીન ૧૨-૦૦
એડીનબરો ૬-૫૭	હેમ્બર્ગ ૮-૦૦	કેપટાઉન ૧૦-૧૫	મુંબઇ ૧૨-૦૦

દિવસના બાર વાગ્યા પછી P. M.

પુના ૧૨-૦૫	સ્ટાંડર્ડ ૧૨-૩૯	સીઆમ ૩-૨૦	ન્યુંઝીલેન્ડ ૬-૩૦
લાહોર ૧૨-૦૬	જગન્નાથ ૧૨-૫૦	હોંગકોંગ ૩-૨૦	આલાસ્કા ૮-૩૦
હરદ્વાર ૧૨-૨૧	કલકત્તા ૧-૦૨	ઝાંઝીબાર ૩-૩૦	
મદ્રાસ ૧૨-૩૦	રંગુન ૧-૩૦	આડેલેડ ૪-૨૦	
કોલંબો ૧૨-૩૦	સીંગાપુર ૨-૦૦	સીડની ૫-૧૫	

પરિશિષ્ટ ૮ મું.

પાદચ્છાયા ઘટિકા-લગ્નઘટિકા ચોપાઈ.

સરસતિ સામણી પ્રણમી પાય, સેવી સુંદર સહી ગુરૂરાય;
સૂરજ પ્રમુહ નમુ ગ્રહ રંગિ, **દિનપ્રમાણ** બોલિસું બહુ ભંગિ. ૧
સીર છાયા જબ પગ ઇકિ હોય, સત્તર પલ ઘડી દોઈ તવ જોય;
દોઈ પગે દિન પંનર ઘડી, પલ ઇકિ સહિત જાણવું ચડી. ૨
ત્રિહું પગે ઘડી હુએ તેર, પલ ચિહું સહિત એહ નહીં ફેર;
ચિહું પગલે પલઇકિ ઘડી બાર, ચડી ઘડી પય પંચ ઇગ્યાર ૩
છએ પગે દસ ઘડી પલ એક, પય સાતે ઘડી નવ સુવેક;
ઉપર પલ લીજે વળી ચાર, હવે વળી આઘું અવીચાર. ૪
પગ આઠે પલ નવ ઘડી આઠ, નવ પગે પળ દશ ઘડીઆ (?)
પગે દશ પલ દશ ઘડી સાત, જ્યોતિષ ગ્રન્થમાંહી એ વાત. ૫
ઘડી સાત ઉપર પલ દોઈ, પગ ઇગ્યારે વેલા હોઈ;
બાર પગે છ ઘડી પલ તેર, તેર ઘડી (છ) પલ સાતમોર ૬
પલ ઇકિ ઘડી (છ) ચઉદે પગે, પગ પનરે નર એહવું વદે;
ઘડી પંચ ઉપરે પલ સોલ, થાપી લગન કરૂં રંગરોળ. ૭
પગ સોળે એહવું વિચાર, ઘડી પંચ ને પલ ઇગ્યાર;
સત્તર પગે પલ છ ઘડી પંચ, પય અઢાર પચઈ (?) પલંચ ૮
પગ ઉગણિસે ઘટિકા ચાર, ઉપર પલ ઇગવિસ વિચાર;
ઘડી ચારિ પલ સત્તર વીશે, પલ તેર ચઉ ઘડીઉં ઇગવીસે ૯
પલ નવ ઘડી ચાર બાવીશે, પલ પંચ ઘડી ચઉપદત્રેવિશે;
પગ ચઉવીશે મન ધાર, પલ ઇકિ સહિત ઘડી તે ચ્યાર. ૧૦
ઘડી ત્રણ ને પલ અડવિશ, સિરછાયા જબ પગ પણ વીસ;
પલ પણવીશ ઘડી તે ત્રિન, પગ છબિસે જાણે મનિ. ૧૧
સત્યાવિશ પાય જબ હોઈ, ઘડી તિન પલ વિશ ને દોય;
અઠ્ઠાવિશ પગે ઘડી તીન, પલ ઉગણીસ ઉપરી તું મન. ૧૨
ઘડિ તિન પલ વિસજ પાય, ઉગણુતિસ કાય હુઈ છાય;
તેર પલ ઘડી તિન પયત્રીશ, એ નિરધાર વિશ્વા છે વિશ. ૧૩
પલ ઇગ્યાર ઘડી તિન સાર, પગ ઇગતિસે છઈ નિરધાર;
ત્રિણ ઘડી ઉપરિ પલ સાત, પગ બત્રિસે જાણે વાત. ૧૪

પય છતિસે બોલિઉં ઈમ, ઘડી દોઇ પલ સગતીસ સીમ;
પય સગતિસે પલ પણ ત્રિસ, સહિત ઘડી દોઇ ચડિઉં દિસ. ૧૫

પગ અડતિસે પલ તેતીસ, ઉગણચ્ચાલ પગે પલ તિસ;
ઉગણતિસ ચાલીશે કવે, ત્રિહું ઠામિ દોઇ ઘડી ચિંતવે. ૧૬

પય ઇચ્ચાલી ઘડી દોઈ કહી, ઉપર પલ સત્તાવીશ સહી;
પગ છાંયાલિ ઘડી દોઇ જોઇ, પંચવીશ પલ ઉપર હોય. ૧૭

ઇણિ પરે બોલું દિન પ્રમાણ, એહવું જ્યોતિષ માંહિ ઠાણ;
શ્રીગુરૂ **હેમવિમલસૂરીશ,** પભણે **સોમવિમલ** તસ શીષ. ૧૮

દૂહા–દિન પ્રમાણ જાણિ કરી, **લગ્ન**માં મન આણી,
ઘડી તિન પણયાલ પલ, **મેષ** લગને નર જાણિ. ૧૯

ઘડી ચ્યાર ને સોલ પલ, **વૃષ** લગને તે હોઈ;
ઘડી પંચ પલ પંચસીઓ, **મિથુન** લગન નિરહોઈ. ૨૦

ઘડી પંચ ઇગયાલ પલ, **કર્ક** લહું સુવિચાર;
સિંહ લગને ઘટી પંચપલ, બાયાલિસિઉં સાર. ૨૧

ઘડી પંચ ઇગતિસ પલ, **કન્યા** લહું મનિ;
તુલ લગનિ ઈગતિસ પલ, ઘડી પંચ સિઉ મનિ. ૨૨

અઠમીએ બાયાલ પલ, ઘટિકા ઉપર પંચ;
પંચ ઘડી ને જાણીઇં, પલ ઇગ્યાલીશ સંચ. ૨૩

પંચ ઘડી ને પંચ પલ, **મકર** લગન પ્રમાણ;
ચાર ઘડીને સોલ પલ, **કુંભ** લગને ઇયિ જાણ. ૨૪

મીન મેષ પરિમાનજો, ભાખિઉં જોતિષમાંહિ;
લગનમાન ઇણિ પરે ભણેઈ, **સોમવિમલ** ઉછાંહ. ૨૫

ઇતિ (પાટણ) લગન માન સંપૂર્ણ.

છાયા યંત્ર

પુરૂષ માન.	દિન ભાગ.	પારૈયાં	ઘડી. પળ.	પારૈયાં	ઘડી. પળ.
		૮૪	૧–૧૫	૮	૯–૨૦
૫૯।	૧ પળ	૬૪	૨–૫૦	૭	૧૦–૩૦
૫૯	૧૧૯ મો	૨૪	૩–૧૦	૬	૧૧–૨૫
૧॥	પાંચમો	૧૬	૪–૫	૫	૧૨–૯
૧	ચોથો (ઘ. ૯)	૧૨	૫–૧૨	૪	૧૩–૨૦
૦॥	ત્રીજો (ઘ.૧૨)	૧૧	૬–૯	૩	૧૪–૩૦
		૧૦	૭–૯	૨	૧૫–૨૬
(દિનમાન ઘડી ૩૬) સૂર્યમંડળ ૧નું માન		૯	૮–૧૫	૧	૧૬–૩૨
चंद पन्नत्ति पा. ९		—	સંક્રાન્તિ પાદ છાયા યંત્રમાંથી.		

પરિશિષ્ટ ૯ મું.

અથ ત્રૈલોક્ય પ્રકાશના અર્ઘકાંડ.

૧ સેતિકાદિ માનાર્ઘકાંડ.

૨ નરપતિ જય ચર્યાનો અર્ઘકાંડ ત્રૈલોક્ય પ્રકાશમાં છે.

करस्थं धारयेन्मूलं, केतकी–ताल वृक्षयोः ।
मदोन्मत्तो गजस्तस्य, दूरेणैव हि गच्छति ॥ १ ॥
अमृतोष्णा मरीचीनां, दिव्याङ्ग कोटिकारणम् ।
स्फुरद्धामण्डलव्याजाद्, दर्शयन्तं तु केवलम् ॥ २ ॥
वहन्तं तु भवोद्यानं, द्योतयन्तं जगत्त्रयम् ।
लक्ष्मीजन्मविधातारं, नत्वा पार्श्वं जिनेश्वरम् ॥ ३ ॥

श्रीमद्देवेन्द्र शिष्याणुः, सर्वशास्त्राब्धिपारगः ।
श्रीमान् हेमप्रभसूरि–रर्घकाण्डं स्मरत्यसौ ॥ ४ ॥
सेतिकामानपल्लीनां, संख्याज्ञानाय सांप्रतम् ।
बहुष्वप्यर्घकाण्डेषु, नव्यं शास्त्रं विरच्यते ॥ ५ ॥
एक विनार्घमध्येऽपि, घटिकार्धस्य कारणम् ।
ज्ञेयं त्रिशतषष्ट्यश्च, मूल्यनिश्चयहेतवे ॥ ६ ॥
चैत्रे यश्च प्रधानोऽर्घः, स पण्यार्घोऽत्र गृह्यते ।
प्रत्यहं प्रतिभं चापि, प्रतिपण्यं च नूतनः ॥ ७ ॥
त्रिशतषष्टि पण्यानां, चतुर्भेदवतामपि ।
प्रत्येकं गणिमादीनां, चैत्रार्घेणैव निर्णयः ॥ ८ ॥
वाग्देवी प्रसादाच्च, गुरोः शुद्धोपदेशतः ।
सत्यो भवति शास्त्रार्थो–ऽनुभवेनैव निश्चयः ॥ ९ ॥
वक्रं याति ग्रहः कश्चि–दाश्विनाषाढयोर्यदि ।
[illegible]तौलिनि संक्रान्तौ, कर्कतुलार्घसंभवः ॥ १० ॥

अथ नक्षत्रपिंडः ।

मृगश्चित्रा धनिष्ठा च, पुनर्वसु च वासवम् ।
शताख्यं चाग्निदेवं च, पञ्चत्रिंशत् शतं भवेत् ॥ ११ ॥
अश्विनी भरणी स्वातिः, कर्णश्च भवति पूनः ।
विशाखा रोहिणी पौष्ण–शतं सार्धं बुधैः स्मृतम् ॥ १२ ॥
आर्द्राऽनुराधिका धिष्ण्यं, शतं विंशति मिश्रितम् १२० ।
अधिकं पञ्चविंशत्या (सप्तत्या), पुष्यं हस्तं शतं स्मृतम् ॥१३॥
शतं च भवत्यश्लेषा, पञ्चनवति पूरितम् ।
एकादशाधिकान्यत्र–मघाशतनवानि च ९१९ ॥ १४ ॥
सप्तदशाधिकं चात्र, शतद्वयं च फाल्गुनी २१७ ।
द्वे च भाद्रपदे चैव–मेतद् ऋक्षचतुष्टयम् ॥ १५ ॥
पूर्वाषाढा शत द्वे च, पञ्चाशदधिके मते २५० ।
द्वे शते उत्तराषाढा, पञ्चपञ्चाशदुत्तरे २५५ ॥ १६ ॥
मूले षष्टिर्भवेदेवं, धिष्ण्यसंख्याः प्रकीर्तिताः ।
षण्णवतिः शतान्यष्टौ, चतुःसहस्रपिण्डकाः ॥ १७ ॥
नक्षत्रसंख्यापिण्ड—४८९६ ॥

अथ राशिपिण्डः—

सिंहधनुर्घटाः सर्वे, नवतिसंख्यका मताः ९० ।
शतसंख्यो भवेत् कर्क–स्त्वेकविंशतिमिश्रितः ॥ १८ ॥
पञ्चोत्तरशतं शेषा, मेषाद्य उदाहृताः १०५ ।
[illegible]शैव शतान्यत्रा–ऽप्येक त्रिंशद्युतानि च ॥१९॥
सर्वराशिसंख्यापिण्डः १२३१ कथितः

अथ ग्रहपिंडः ।

प्रत्येकं खलु खेटानां, संख्यां ब्रवीमि शाश्वतीम् ।
चन्द्र-बुध-कुजाः षष्टिः ६०, पञ्चत्रिंशच्छतं रविः १३५॥२०॥
गुरुश्च पञ्चपञ्चाशत् ५५, शुक्रोऽपि पञ्चसप्ततिः ७५ ।
पञ्चषष्टिः शनिश्चर्यो ६५, राहुर्नवतिसंख्यकः ९० ॥ २१ ॥
षट् शतान्यत्र ६०० जायन्ते, ग्रहाः सर्वेऽपि पिण्डिताः ।
ग्रहनक्षत्रराशीनां, संख्यां संमील्य चैकतः ॥ २२ ॥
गुणितं ग्रहसंख्येन, स्थाप्यं राशिद्वयं पृथक् ।
अधोराशेस्ततो भागं, गृह्णीयाच्चैत्रजार्घतः ॥ २३ ॥
यत्तत्र जायते लब्धं, भसंख्यां तत्रा निक्षिपेत् ।
मीलयित्वा च तां संख्यां, भागं गृह्णीत नरक्षयाम् ॥ २४ ॥
उपरिमे धृते राशौ, समृगाङ्कप्रवर्तनैः ।
अत्र च भवेल्लब्धं, संस्थाप्यं तदुपर्यधः (थ) ॥२५॥

अङ्के भाजिते लब्ध-मुपरि पूर्ववत् क्षिपेत् ।
त्र्यब्धौ च जायते योऽङ्क-स्तावत्यः सेतिका मताः ॥ २६ ॥

चतुर्भक्ते ततो जाता, माणकाः कणसंग्रहे ।
घृते धान्ये तिले तैले, मुष्टिभाण्डं सुगन्धकम् ॥ २७ ॥

अनेनैव क्रमेणात्र, सर्वेषामर्घ निश्चयः ।
त्रिगुणश्च भवेदर्घो-ऽप्युच्चैर्वक्रे च खेचरे ॥ २८ ॥

गेहे मित्रे स्वके चांशे, द्विगुणोऽर्घो ध्रुवं मतः ।
शनौ नीचे तथा पापे, तदंशेऽपि ग्रहे सति ॥ २९ ॥

अव्याधस्य बुधैर्ज्ञेयं, चाऽर्धमर्घपरीक्षणे ।
शेषेषु च यथासंख्यं, तथैवार्घ विनिर्दिशेत् ॥ ३० ॥

अङ्कद्विद्वयं कृत्वा, न्यस्यार्घ स्थानयोर्द्वयोः ।
चतुर्युग्मे चतुर्भाग-लब्धं क्षिपेत्तथोपरि ॥ ३१ ॥

अश्वयादि चतुष्कं च, आर्द्रादिषु चतुष्टयम् ।
मघाद्याः पञ्च धिष्ण्यानि, स्वाति त्रिकेन्द्रपञ्चकम् ॥ ३२ ॥

धनिष्ठाद्यं ततः षट्कं, चैवं भसार विंशतिः ।
पञ्चवेदेन भागोऽपि, गृह्यतेऽधमराशितः ॥ ३३ ॥

यत्तत्रापि पुनर्लब्धं, राशिस्तु शोध्यते ततः ।
त्रिपट्कं च न गृह्णीत, निम्नः संख्यास्तथाऽधमे ॥ ३४ ॥

गृहीत्वा तु पुनर्लब्धो, राशावुपरिमे न्यसेत् ।
उदयास्तमने वक्रे, ग्रहयो चन्द्र-सूर्ययोः ॥ ३५ ॥

ग्रहयुद्धे राशिसंक्रान्तौ, कणार्थस्त्वेष जायते ।
आदित्येनाऽथ पूर्णोऽर्थः, स्वदेशे चैव लभ्यते ॥ ३६ ॥

चन्द्रेण तु परदेशे, शुक्रेणाऽपि स्वमण्डले ।
पूर्वेणास्तमितः शुक्रः, पश्चिमस्यामुदेति चेत् ॥ ३७ ॥

स्वातित्रिके निजं भागं, शोधयत्यर्घपद्धतौ ।
अस्तमितः प्रतीच्यां चेद्, उदेति पूर्वतः पुनः ॥ ३८ ॥

तदा पञ्चसु ज्येष्ठादौ, पञ्चकं भागकं क्षिपेत् ।
यावन्तो ग्रहसंभोगा-स्तावत्संख्याः पृथक् पृथक् ॥ ३९ ॥

॥ इत्यर्घकाण्डः ॥

उदिताद्या ग्रहा यत्र, धिष्ण्ये तिष्ठन्ति संस्थिताः ।
तत्संक्रान्तद्राशेश्च, संख्यां संमीलय तावतीम् ॥ ४० ॥

हन्तव्यादग्रहेणैव, द्विस्थं राशिं ततः कुरु ।
द्विस्थस्याऽधः स्थितं राशिं, चैत्रार्घेण तु तं भजेत् ॥ ४१ ॥

यल्लब्धं तेन खेटेन, त्वेकीकृत्यापि मूलतः ।
पिण्डभागस्तु हन्तव्यो, लब्धमर्घं ततो भवेत् ॥ ४२ ॥

यल्लब्धा सेतिका शेष-चतुर्गुण्यं हुतं ततः ।
तेनैव पूर्वभागेण, भक्ते च मानका पुनः ॥ ४३ ॥

यच्छेषं तच्चतुर्गुण्यं, तेन भागेन पल्लिका ।
ततोऽपि मूललब्धार्घं, द्विधा कृत्वा पुनर्भजेत् ॥ ४४ ॥

स्वगेहे मित्रगेहे च, द्विगुणमेव विन्यसेत् ।
शत्रौ पापे च नीचे च, लब्धार्घं तत्र पातयेत् ॥ ४५ ॥

त्रिकवेदशराश्चैव, लब्धमुपरिमे क्षिपेत् ।
तल्लब्धं सेतिकामध्ये, वक्रे च त्रिगुणं क्षिपेत् ॥ ४६ ॥

संगुण्य भागकैः शेषं, लब्धं च माणकास्ततः ।
श्रीमद्धेमप्रभेणैवं, वर्त्मिनी दर्शिता स्वयम् ॥ ४७ ॥

॥ श्रीमद्देवेन्द्र शिष्य-श्रीहेमप्रभसूरिविरचितं चैत्रार्घकाण्डं समाप्तम् ॥

धने वक्रं यदा खेटाः, कुर्वन्ति मिलिता घनाः ।
तदा धान्य महार्घं स्यात्, सर्वपण्योघमध्यतः ॥ ४८ ॥

ऋणे वक्रं यदा यान्ति, सर्वेऽपि मिलिता ग्रहाः ।
तदा धान्यं महार्घं तु, जायते भुवि केवलम् ॥ ४९ ॥

अपात्रदानतोऽपुण्यं, पुण्यं सत्पात्रदानतः ।
इत्यपात्रे न दातव्य-मर्घकाण्डं महोदकम् ॥ ५० ॥

प्रतिमास्वल्पवेदानां, यावन्तः परमाणवः ।
तावद्युगसहस्राणि, कर्तुर्भोगभुजः फलम् ॥ ५१ ॥

॥ इति त्रैलोक्यप्रकाशः समाप्तः ॥

चन्द्रमा तात्कालिक जिस नवमांशमें आवे वो नवमांशका अंक लेना, यथा—मिथुनसंक्रान्ति समये चंद्रमा, मिथुनके नवमांशका अंक २, पीछे संक्रान्तिका मुहूर्त मेला करना, तो संक्रान्ति मुहूर्त १० युक्त ११, पीछे इस अंकक़ं सोमवारके ध्रुवांकसे गुणावना, आतं ६६३, इसमें अफीमका पञ्चक्षेप मिलाय देना, ८५ मिलानेसे आतं ७७८, इसकं ९ से भाग लेना ॥

अर्घकाण्डं लिख्यते.

अथाऽतः संप्रवक्ष्यामि, वर्षमासादिसंभवम् ।
येन विज्ञानमात्रेण, वणिजां सिद्धिरुत्तमा ॥ १ ॥

अश्लेषा स्वातिज्येष्ठार्द्रा, शततारा यमद्वयम् ।
पञ्चदश मुहूर्तानि, षडन्ये तानि कीर्तयेत् ॥ २ ॥

प्राजापत्योत्तरास्तिस्रो, विशाखा च पुनर्वसु ।
पञ्चाशीति मुहूर्तानि, शेषाणि त्रिंशसंख्यया ॥ ३ ॥

* भुक्तभुक्तिप्रमाणेन, मुहूर्त स्वांशसंख्यया ।
संक्रमो वर्तते यस्तु, ज्ञेयश्चन्द्रांशकस्तथा ॥ ४ ॥

* टीप्पणा—ऋक्षभुक्तेति । जे सक्रान्ति समे दिन नक्षत्र होई तेहना-नक्षत्रना जे मुहूर्त होई १५-३०-४५, तिण सेती भाग लीजे ।

स्वरादिगुणकाश्चैते पर्वताः प्रकृतिर्दिशः ।
नन्दे-बाणा नृपा वेदा, ज्ञातव्याः सर्वदा बुधैः ॥ ५ ॥

ध्येकं-रूपाब्धि-सैकैक-वेदवेकं तिथयस्तथा ।
वह्नि-बाहु महाश्चेन्द्र-स्वेस्व-वह्निवेदवः शुभाः ॥ ६ ॥

दशं वेदैकसंख्या च, स्वरे द्वादशके तथा ।
सर्वदा ते च विज्ञेया, दग्धाः शन्यर्कराहुभिः ॥ ७ ॥

तत्त्वे-त्रिंशद्-महा-ऽष्टैकं-प्रकृत्यादौ कवर्गजाः ।
संख्या चैवंविधा प्रोक्ता, शन्यार्कौ दहतः सदा ॥ ८ ॥

ऋक्षैस्यष्टयुग वह्नि-पञ्चेन्दु-भवनानि च ।
चादिसंख्या समाख्याता, दग्धा जीवार्किभूमुनैः ॥ ९ ॥

धृति-पञ्चाब्धि-वह्नीन्दु-भास्करैः सत्यरूपकम् ।
टादिसंख्या विजानीयाद्, दग्धा जीवार्किराहुभिः ॥ १० ॥

भानि विधौ-शरौखौणि, वसुपक्ष-गजेन्द्रवैः ।
तादिसंख्या भवत्येव, शुक्र-राहू तु दाहकौ ॥ ११ ॥

षट्त्रिंशद् भानि वरवेदाब्धि-दिशः सप्तेन्दवो मताः ।
संख्या पवर्गजा चेयं, शुक्रार्कौ दहतः सदा ॥ १२ ॥

भानि रुद्रा महा त्रिंशं-तत्त्वा-ऽऽशा-त्रिंशभास्कराः ।
य-शवर्गगता संख्या, दग्धत्वं चैव नाऽनयोः ॥ १३ ॥

जितनी घडीए पल संक्रान्ति होइ तितनी घडीए पले दिन नक्षत्रनी कितनी घडी-पल भोगवी ? ते घडीना पल करी आगला पल जोडीये राशिना मुहूर्तेषु भाग लेतां घडी-पल आव्या ते पलात्मक करीने क्रमशिला पलानी भाग लीजे, हुइ फल लीजि, ते मुहूर्त-नक्षत्रनां गतघडिना पाया, तिनमें अंका जितने अंके हुइ राशिनवांश गणतां येने आंक जोडीइ एक राशिना नवांश पछी संक्रान्तिवार होई, ते ध्रुवांक सेती गुणी पण्य-क्षेप जोडी ३ भाग

मंकनो १७ नो क्षेम छे, ३३ नो विचार छे.

एवं नामाक्षरैः संख्या, मात्रासंख्या तथैव च ।
उभौ तौ योजयेद् राशी, स भवेत् पण्यक्षेपकः ॥ १४ ॥

त्यजेत् क्रूराधिके रूपं, रूपं देयं शुभाधिके ।
न देयो नापि हर्तव्यः, सौम्यक्रूर समस्थिते ॥ १५ ॥

सपाद धिष्ण्ययुग्मेन, राशिमानं विधीयते ।
भूतैकपादे राशीनां, नवांशो जायते स्फुटः ॥ १६ ॥

चन्द्रो नवांशके यत्र, मुहूर्ते यत्र संक्रमः ।
संयोज्य गुणयेत् सर्वं, तदहर्वार संख्यया ॥ १७ ॥

ततस्तु योजयेत्तत्र, पण्यक्षेपं पुरोदितम् ।
त्रिभिर्भक्तावशेषेण, ज्ञेयः पण्यार्घ निर्णयः ॥ १८ ॥

श्रेष्ठो मध्योऽधमश्चार्घः, क्रमादेकादितो वदेत् ।
हानिः साम्यं तथा वृद्धिः, द्रव्यार्घोऽपि च जायते ॥ १९ ॥

लब्धं लब्धं पुनर्भाज्यं, त्रिभिरेव त्रिसंख्यया ।
हानिवृद्ध्यंशकास्तेऽत्र, वर्तमानार्घमानतः ॥ २० ॥

गुरुसंक्रान्तितो वर्षे, मासे भास्कर संक्रमात् ।
दिने वारोदयादेवं, त्रिधा द्रव्यार्घनिर्णयः ॥ २१ ॥

वेधद्रव्याक्षरा ये च, विद्धाः खेटैः शुभाशुभैः ।
सर्वतोभद्रचक्रे च, विशेषेण शुभाशुभम् ॥ २२ ॥

ग्रहसंख्या प्रमाणेन, हानिवृद्ध्यंशकास्ततः ।
क्रूरसौम्य विभागेन, कर्तव्याः सर्वदा बुधैः ॥ २३ ॥

॥ इत्यर्घकाण्डं सप्रयोजनं समाप्तम् ॥

रव्यादीनां ध्रुवाङ्काः ।

रवि	चन्द्र	मंगल	बुध	गुरु	शुक्र	शनि
७	२१	१०	९	३	१६	४

स्वराणां ध्रुवाङ्काः ।

अ	आ	इ	ई	उ	ऊ	ए	ऐ	ओ	औ	अं	अः	शनि–रवि–राहु.
१३	२१	१७	१८	१६	२३	१६	२५	१८	३३	१८	१४	दग्धाः

क वर्गे ध्रुवाङ्काः ।

क	ख	ग	घ	ङ	भौ० श०
२५	३०	९	१८	२१	दग्धाः

च वर्गे ध्रुवाङ्काः ।

च	छ	ज	झ	ञ	गु० श० मं०
२७	१६	३	१५	१४	दग्धाः

ट वर्गे ध्रुवाङ्काः ।

ट	ठ	ड	ढ	ण	गु०श०रा०
१८	३६	१३	१२	१७	दग्धाः

त वर्गे ध्रुवाङ्काः ।

त	थ	द	ध	न	राहु–शुक्र
२७	१३	३६	२८	१८	दग्धा

प वर्गे ध्रुवाङ्काः

प	फ	ब	भ	म	शनि–शुक्र
३६	२७	२८	१०	१७	दग्धाः

य वर्गे ध्रुवाङ्काः

य	र	ल	व
२७	११	९	३०

श वर्गे ध्रुवाङ्काः

श	ष	स	ह
२६	१०	३०	१२

बाजरी ६३, घी ३६, तेल ६७, गेहूँ ५८, रु ३३, मग ११, जार ८१, चोखा ७६, हीर ५३.

પરિશિષ્ટ ૧૦ મું.

श्रीउपदेशमाला गाथा–शकुन.

गाथा १ थी १००	गाथा १०१ थी २००
१०–उ म • म उ उ म उ उ उ	११०–० उ ० ० ० ० ० • म उ
२०–उ ० म ० उ उ उ उ ० ०	१२०–० • म उ उ ० • ० ० म
३०–• उ उ म म • ० ० ० ०	१३०–उ ० ० म ० ० ० • म उ उ
४०–• ० म उ म म ० ० म ०	१४०–० ० म० उ म म उ उ म
५०–० • ० ० म म म ० ० म	१५०–उ ० म • उ +• उ • • •
६० उ उ ० उ ० म म म म म	१६०–० • • उ म ० • म म म
७०–० • • म म उ उ ० ० ०	१७०–म • • म उ उ उ +म उ •
८०–• ० ० +म ० +म उ म • ०	१८०–० ० +० • • • ० • • •
९०–० • उ ० • • ० ० ० ०	१९०–० उ म • • • • • • •
१००–• म उ उ उ उ म म • •	२००–० +० • • • • • • • •

गाथा २०१ थी ३००	गाथा ३०१ थी ४००
२१०–० • ० • उ ० +० • उ म	३१०–म म म उ उ म म ० ० •
२२०–म उ • उ +०+० • • ० +०	३२०–० • • • ० • ० • उ उ
२३०–उ • • ० ० ० ० ० +० उ	३३०–उ म ० म उ उ • ० ० +म
२४०–उ उ उ उ ० ० • उ ० म	३४०–० ० ० • ० • ० ० • •
२५०–म उ म म ० ० उ म म +० ०	३५०–उ उ उ • ० • • उ उ उ
२६०–• उ म म म ० ० ० • ०	३६०–• उ • उ उ उ उ उ ० •
२७०–० • • • ० उ ० उ उ उ	३७०–• उ • • उ उ ० उ उ उ
२८०–उ उ म उ उ • ० ० म +०	३८०–उ • उ उ • ० उ उ • •
२९०–+म +म म ०० उ +म ०००	३९०–० • • उ उ • • उ उ उ
३००–उ उ • उ • • • • • •	४००–उउउउउ +म+म+म+म+म

गाथा ४०१ थी ५०६	गाथा ५०१ थी ५४४
४१०–म म म म म म म म म म	५१०–० उ • ० • • • +० ० •
४२०–म म म म म म म म म म	५२०–+म +म उ उ ० • +• म उ म
४३०–म ० म म म म • ० म +म	५३०–उ उ उ म ० उ उ उ • ०
४४०–० • • ० ० म उ ० म म	५४०–म • म +म म उ उ उ उ उ
४५०–० ० ० ×म ० ० ० उ उ उ	५४४–उ उ उ उ
४६०–० उ ० उ उ उ उ उ ० ०	
४७०–० उ ० ० उ उ ० उ उ उ	
४८०–उ ० उ उ ० ० उ उ ० ०	
४९०–० ० ० उ उ ० ० उ उ उ	
५००–उउउउउ +म ×म ×म +म ×म	

१	२	३	४	५
उ	म	+म	०	+०

॥ इति गाथायन्त्रम् ॥

मन्त्र–ॐ सच्चं भासेइ अरहा, सच्चं भासेइ केवली भयवं ।
एएणं सच्चेणं, सच्चं सच्चेणमे भवउ स्वाहा ॥ १ ॥

ॐ ह्रीँ अर्हं नमः ।

नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोयगुरू ।
उवएसमालमिणमो, वुच्छामि गुरूवएसेणं ॥ १ ॥
जगचूडामणिभूओ, उसभो वीरो तिलोयसिरितिलओ ।
एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ॥ २ ॥

વિધિ—શનિવારને દિવસે સંધ્યાકાળે સ્વચ્છ ભૂમિમાં કુમારીકાના હાથે પહેલી પંક્તિમાં ૬, બીજીમાં ૧૦ અને ત્રીજીમાં ૧૦ સુગંધરીની ઢગલી કરાવવી; પછી ૐ સચં. એ ગાથાને ૭, ૨૧ કે ૧૦૮ વાર ગણી સોપારી કે રૂપાનાણું મંત્રી તે ઢગલીની નીચે સ્થાપવું અને **નમિ.** જગ. એ બે ગાથાનો પાઠ બોલવો, તથા સોપારીની અક્ષતપૂજા કરવી. બીજે દિવસે સવારે ચોથા પ્રહારમાં શુભ ચોઘડીયામાં નમિ. જગ. એ બન્ને ગાથા ત્રણ વાર ભણી કુમારીકાના હાથે પહેલી પંક્તિની ઢગલી પર સોપારી મૂકાવવી, ત્યારપછી તે સોપારી એજ બે ગાથાને ત્રણ ત્રણ વાર ભણી બીજી પંક્તિ અને ત્રીજી પંક્તિની હરકોઈ ઢગલી પર મૂકાવવી. પછી પહેલી પંક્તિની ઢગલીથી સેંકડાનો, બીજી પંક્તિની ઢગલીથી દશકનો અને ત્રીજી પંક્તિની ઢગલીથી ગાથાનો આંક લેવો. આ રીતે જે આંક આવે, ઉપદેશમાલાની તેટલામી ગાથા લઈ તેનું ફલાફલ તપાસવું.

કોઈને **અનશન** કરવું હોય અને જો ગાથા **ઉત્તમ** હોય તો જાણવું કે–તેનું આયુષ્ય લાંબું છે, માટે અનશન દેવું નહીં, **મધ્યમ** ગાથા હોય તો આયુષ્ય છે એમ માની વિલંબ કરવો, અથવા સંપૂર્ણ વિચાર કરીને અનશન દેવું, **ચોકડી**વાળી મધ્યમ કે ચોકડીવાળી શુન્ય ગાથા હોય તો અનશન લેનારને કષ્ટ થાય, દીર્ઘરોગી રહે કે કલેશ થાય, અને **શુન્ય** (૦) ગાથા હોય તો જીવન ઓછું છે એમ જાણવું. અને તુર્તજ અનશન કરાવવું

વળી તે ગાથાના જેટલા અક્ષર હોય તેને ત્રણથી ભાગ દેવો; જો શેષમાં ૧ વધે તો પાંચ દિવસ પાંચ પહોર કે પાંચ ઘડી જીવે, ૨ વધે તો દસ દિવસ દસ પહોર કે દસ ઘડી જીવે, અને ૦ વધે તો તુરત મૃત્યુ પામે. **ઉત્તમ** ગાથાવાળાનું જીવન લાંબુ હોવાથી તેને ત્રણનો ભાગ દેવાની જરૂરી નથી. **મધ્યમ** ગાથાને ત્રણથી ભાગતાં શેષમાં ૧ વધે તો પાંચ દિવસ કે પાંચ પહોર કષ્ટ રહે, ૨ વધે તો દસ દિવસ કે દસ પહોર કષ્ટ રહે, અને ૦ વધે તો અલ્પ કષ્ટ થાય ને તુરતમૃત્યુ પામે. **શુન્ય** ગાથાના અક્ષરોને ત્રણથી ભાગતાં શેષમાં ૧ વધે તો પાંચ પહોર કે પાંચ ઘડી જીવે; ૨ વધે તો દસ પહોર કે દસ ઘડી જીવે અને ૦ વધે તો આયુષ્ય હોતું નથી, માટે અનશન કરવામાં વિલંબ કરવો નહીં.

આ વિધિથીજ રાજસેવા, પરદેશ, યુદ્ધ, રોગોત્પતિ, વ્યાપાર ગમન, પુત્ર–પુત્રીજન્મ ઈત્યાદિ પ્રસંગે જીવિતવ્ય વિગેરે શુભાશુભ જોવાય છે.

આ ઉપરાંત જીવિતવિજ્ઞાનના બીજા પાઠો આ પ્રમાણે છે.

१ अप्पहड्डयह वाहिय, निडड्डिअनामक्खर त्ति गुणिज्ज ।
विसमइं जीवइं समई, मरई अट्ठहि भाव हरिज्ज ॥ १ ॥

२ अप्पहड्डुयह वाहिय, नाभक्खर त्ति गुणिज्ज ।
कालेण (३) हरिअभाए, जीविअ–मरणे विआणिज्ज ॥ १ ॥
एगेणं बहुवाही, दोहिं अंकेहिं होइ नीरोगो ।
सुन्नेण होइ मरणं, कहिअं चूडामणी सारं ॥ २ ॥

३ तिथ्यङ्कं रोगिणोऽङ्कं तु, द्वौ क्षेप्याक्षर मन्यते ।
द्विगुणं कार्यते बुधः एकीकृत्य त्रिभिर्हरेत् ॥ १ ॥
एकस्य जीवितं दद्याद्, द्वाभ्यांक्लेशो भवेत्तथा ।
शून्ये मृत्युं विजानीयाद्, रोगिणं प्रश्नमेव च ॥ २ ॥

४—અશ્વિનીથી શરૂ થતું નક્ષત્ર, રવિ વિગેરે વાર, તિથિ અને ગાથાના અક્ષરનો સરવાળો કરી ૮ થી ભાગવું અથવા લગ્ન દેવું (?) શેષમાં એકી રહે તો ત્રણ દિવસ જીવે, શુન્ય વધે તો તેજ દિવસે મૃત્યુ અને બેકી રહે તો દિવસ ચાર જીવે.

૫ બીહુ જીવે, ત્રીહુ મરે, ચિહુ પિણ રોગ અનંત;
જો પણ મેલે બારમે, ઉઠે સિસ ધુણંત ॥ ૧ ॥

૨	૪
૩	૧૨

१ दिशाः प्रहर संयुक्ता–स्तारकाः वारमिश्रिताः ।
अष्टभिस्तु हरेद् भागं, शेषं प्रश्नस्य लक्षणम् ॥ १ ॥

पञ्चैके त्वरिता सिद्धिः, षट्तुर्ये च दिनत्रये ।
लिससके विलम्बः स्याद्, द्वौ चाष्टसु न प्राप्यते ॥ २ ॥

इति कार्यप्रश्नः ।

૨—બૃહજ્જ્યોતિષસારમાં કહ્યું છે કે—મઘાદિ ત્રણ નક્ષત્રમાં વસ્તુ ગઈ હોય તો સમીપમાં, હસ્તાદિ બારમાં બીજાના હાથમાં, શતભિષાદિ પાંચમાં પોતાના ઘરમાં અને કૃત્તિકાદિ આઠમાં વસ્તુ ગઈ હોય તો તે દૂર છે તથા ચંદ્રસ્થ છે એમ સમજવું તથા તિથિ, વાર, નક્ષત્ર અને પ્રહરનો આંક ભેગો કરી દશથી ગુણી સાતથી ભાગ દેવો અને શેષમાં જે આંક વધે તે ઉપરથી જાણવું કે ચોરાયેલ વસ્તુ અનુક્રમે–ભૂતલ, વાસણ, જલ; આકાશ, ઘાસ, છાણ અને રાખમાં છે.

इति गतवस्तु प्रश्न ॥

પરિશિષ્ટ ૧૧ મું.

मालषांने चस्मकौरा, बषतषांने मुस्तरी;
उज्हदी दुस्मन्नषांने, सुलह सुलहा मेदिनी १

અર્થ—ધનમાં શુક્ર, ભાગ્યમાં ગુરૂ અને શત્રુસ્થાને મંગળ હોય તો સુખેથી ધરતી ભોગવે.

बषतषांने मुस्तरी, चुमालषांने जुहरगर;
दुस्मन्नषांने नहस कउकब, साहि आलमबाजफर २

અર્થ—ભાગ્યભુવનમાં ગુરૂ, ધનનો શુક્ર અને શત્રુભુવનનો મંગળ હોય તો ફત્તેહવાળો પાતિશાહ થાય.

अवदातषांने मुस्तरी, वगंजषांने जुहरसुद;
वजीर कांसहसुवद कोकल, मालवाजर दरब्रूवद ३

અર્થ—કર્મભુવને ગુરૂ હોય, ધનનો શુક્ર હોય તો પાદશાહનો વજીર થાય, બાળકુવાળો અને ધનવંત થાય.

अवलिवुंवहु रहम ह्राज–ह, भूंमालषांने गरब्रूवद
सत्तरिगाइयां वाजकोकवसुवद साहि आलमसुववद

અર્થ—પહેલે બારમે બીજે અને સાતમે ભુવને ગ્રહ હોય તો પાતિશાહ થાય.

जुहरकोकवइक बुरज, चिहारमूया पंचम मुकांम;
अव्वलि वगर सुमषांनह, दरजानिगरा आराम् ५

અર્થ—શુક્ર પહેલા ભુવનમાં હોય અને બીજા ગ્રહો ચોથા પાંચમા નવમા પહેલા અને ત્રીજા ભુવનમાં હોય તો દિન દિન સુખ પામે.

दरहमलम रसम समचासद, दुस्मनां कुसवादि साह उमराउ;
सुवदि वसाही दोमी, सउर दरवासह चुमाह ॥ ६ ॥

અર્થ—લગ્નમાં મેષ રાશિમાં સૂર્ય હોય તો દુશ્મનોને મારે, પાદશાહ થાય કે ઉમરાવ થાય. આ રાજયોગ છે. વૃષના ઘરનો ચંદ્ર હોય તો પણ રાજયોગ છે.

सिरारीषगर दरजहीवासइ, कवीसीरहंगषे समीर;
जुहरदर माहिषुं आजद्, ससद् दउलतिवा वर्जार ॥७॥

અર્થ—મંગળ મકરમાં ઘર કરે તો મહાકવિ ધનિક અને રાજનો પ્રધાન થવાય, શુક્ર મીનના ઘરમાં પાંચમે આવે તો ધનવંત કે વજીર થાય.

संबुल उतारिद् सुवद् कातिब, इलमदार सायर कमाल:
मुस्तरी सरतांबु वासद्, सररहा वास्यदवामाल ॥ ८ ॥

અર્થ—કન્યાએ બુધ હોય તો + + + પૂરો વિદ્યાવંત ગુણવંત હોય, ગુરુનો કર્ક હોય તો પાતિશાહ હોય.

गम आज आयद् जुहलमीजां, वुवद् मोयदपे समीर:
रास जउंजीआं कझलव, जाफ जत सारिक वगीर ॥ ९ ॥

અર્થ—જો સાતમો શનિ હોય તો કદી ચિંતા ન થાય, પાતશાહનો પ્રધાન હોય; અને મિથુનમાં કેતુ કે રાહુ હોય તો જુઠાબોલો ધુર્ત-બુરો થાય.

એ પારસી છંદ

ઇતિ પારસી ભાષા ૭ + ક + નો શ્લોક છંદ ॥ ૭ ॥

પરિશિષ્ટ ૧૨ મું.

જિનબિંબ શિલ્પ-માન.

श्री गुरुभ्यो नमः।

अथ प्रतिमास्वरूप गुणागुण लिख्यते-

રૌદ્ર પ્રતિમા કરાવણહાર પ્રત્યે હણે, અધિકાંગ પ્રતિમા શિલ્પી પ્રત્યે હણે, પૂર્વલી અધિકાંગ પ્રતિમા દ્રવ્યનાશ કરે, કૃશોદરી પ્રતિમા દુર્ભિક્ષ કરે, વક્રનાસિકા અતિદુઃખ કરે, હ્રસ્વાંગ પ્રતિમા ક્ષય કરે, અનયન પ્રતિમા નયનનાશ કરે, સ્વલ્પ પ્રતિમા ભોગનાશ કરે,

હીણકટિ પ્રતિમા આચાર્યનો ઘાત કરે, જંઘાહીન પ્રતિમા ભાઈ, પુત્ર, મિત્રની હાંણ કરે, પગ–હાથ હીન પ્રતિમા ધનક્ષય કરે, તીર્ચ્છી–નીચી પ્રતિમા વિદેશગમન કરાવે, ઉન્નત પ્રતિમા ચિંતા કરે, અધોમુખી પ્રતિમા દુઃખ કરે, અન્યાય દ્રવ્યની પ્રતિમા પરિવારને માઠી, હીનાંગ અધિકાંગ પ્રતિમા આપણનો અને પરનો મહિમાનાશ કરે, નખભંગે વૈરીથી ભય ઉપજે, આંગલિભંગે દેશભંગ, બાહુભંગે બંધન હોય, નાસિકાભંગે કુલ ક્ષય કરે, પગભંગે ધનક્ષય કરે.

એક આંગુલથી માંડી અગ્યાર આંગળ પર્યંત ઘરે પૂજીયે, અધિકમાન પ્રતિમા દેહરે પૂજાયે. કાષ્ઠની, લેપની, દાંતની, પાષાણની અને લોહની પ્રતિમા ઘરે પૂજીયે નહીં.

ઉંચ દ્રષ્ટિ પ્રતિમા દ્રવ્ય નાશ કરે, તીરછી દ્રષ્ટિ પ્રતિમા ભોગ હાનિ કરે. સ્તબ્ધ દ્રષ્ટિ પ્રતિમા દુઃખ દે નિચી દૃષ્ટી પ્રતિમા કુલનાશ કરે સો વરસની પ્રતિમા ખંડિત થઈ હોય તો પૂજીયે; ઘણા કાલની પ્રતિમા જેમ પૂજાતી તેમ પરં સૌખ્યદાયક, મણિની પ્રતિમા લોકહિત કરે, સ્વર્ણની પુષ્ટિ કરે, રૂપાની કીર્તિ કરે, ત્રાંબાની પ્રતિમા વૃદ્ધિ કરે, શૈલની પ્રતિમા પૃથ્વીલાભ કરે. ઇતિ મંગલમ્.

અથ પ્રતિમા વિવરણ

મુખના ભાગ તેર જોઇએ,
તેનો વિવરણ લખ્યો છે.

૪ ભાગ લલાટના
૫ ,, નાસિકાના
૧ ,, ઉપરલા હોઠનો
૧ ,, મુખનો ઉકાસ; હેઠલા હોઠનો લાંક
૨ ,, હડપચીના

૧૩

બાહુ લંબાઈ ઇહાં જોઇએ, છપ્પન ભાગનો વિવરણ લખ્યો છે–

૧૩ ભાગ મુખ લંબાઈ
૩ ભાગ ગ્રીવા
૧૦ ભાગ હૃદય
૧૪ ભાગ નાભિ
૪ ભાગ કંદોરો
૪ ભાગ કરતલ
૮ ભાગ પગની પલાંઠી

૫૬

॥ इति प्रतिमा लघुविचार ॥

अथ प्रतिमाविचारः

૫૬ ભાગનો સરવાળો
૬ ભાગ કુણિકા
૮ ભાગ નસુરો પગ હેઠલ

—

૭૦ એમ કુલ ભાગ સીત્તેર

અથ વિચાર

૩૬ ભાગ સ્કંદ ખંભા
૨૨ ભાગ કક્ષાંતર
૧૨ ભાગ સ્તનાંતર
૧૬ ભાગ કટિ વિસ્તાર
૮ ભાગ બાહુમૂલ
૭ ભાગ કુણી
૭ ભાગ મસ્તકે
૪ ભાગ મણિબંધ

ઇતિ.

૧૬ ભાગ લલાટ વિસ્તાર
૪ ભાગ ચતુ વિસ્તાર

॥ ઇતિ ॥

૬ ભાગ સરખો પગ, પાછેરો ડાબો પગ તેમાથી કાઢવો

॥ ઇતિ ॥

૩ ભાગ કટિ–ભુજાન્તર
૨ ભાગ અંગુઠા જાડપણુ
૫ ભાગ અંગુલિ લંબાઈ
૬ ભાગ પગતલ વિસ્તાર

૧૦ ભાગ ગળાનો વિસ્તાર
૪ ભાગ મુખ વિસ્તાર
૩ ભાગ નાસિકા વિસ્તાર

॥ ઇતિ ॥

૨૮ ભાગ આસનાયામ
૧૩ ભાગ મસ્તકાયામ
૧૬ ભાગ નાસિકાયામ
૧૦ ભાગ કર્ણ–નાસાંતર

॥ ઇતિ ॥

૧૪ ભાગ કર્ણોદય
૧ ભાગ કર્ણપિંડ
૪ ભાગ કર્ણવિસ્તાર
૨ ભાગ કર્ણ પાછળ
૨ ભાગ ઉદય ઉંચરીદય
૧ ભાગ ઉદય
૧૬ ભાગ બાહિં હેઠલ
૧ ભાગ જંઘામૂળ વિસ્તાર
૮ ભાગ ઢીંચણ વિસ્તાર
૪ ભાગ ફુલ વિસ્તાર (?)
૫ ભાગ શ્રી વત્સ ઉન્નત
૩ ભાગ વિસ્તાર
૩ ભાગ ન (?) ઉંચો
૨ ભાગ બહિવર વિસ્તાર

॥ ઇતિ ॥

એક જીર્ણ પત્રના આધારે

दिनशुद्धि दिपिका.
अने
विश्वप्रभा-विवेचन.
समाप्त.

પરિશિષ્ટ ૧૩ મું.

શ્રી જિનબિંબ પ્રતિષ્ઠા

પ્રતિષ્ઠા શુભ માસ :– માર્ગશિર્ષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ અને જ્યેષ્ઠ **શુભતિથિ** સુદ ૨, ૩, ૫, ૬, ૧૦, ૧૧, ૧૩, ૧૫ વદ–૨–૩–૫ **શુભ વાર** : સોમ, બુધ, ગુરૂ, શુક્ર રવિ.

શુભ નક્ષત્ર :– રોહિ, મૃગ, પુન, પુષ્ય, મઘા ઉ. ફા., હસ્ત, સ્વાતિ, અનુરાધા મૂળ, ઉ. ષા. શ્રવણ, ધનિ ઉ. ભા. રેવતી વધારામાં શત, અશ્વિની યોગ : વિષ્કુંભ, અતિગંડ, શુલ, ગંડ, વ્યાઘાત, વજ્ર, વ્યતિપાત પરિઘ વૈધ્રુતિ આયોગોને છોડીને બાકીના લેવા.

શુભ લગ્ન : મિથુન, કન્યા, ધન, મીન, (વૃષભ સિંહ) **શુભ નવમાંશ** : મિથુન, કન્યા ધન, મીન, સ્થિર કરતા દ્વિસ્વભાવ લગ્નશ્રેષ્ઠ છતાં લગ્ન શુદ્ધિ મુખ્ય છે. **દિન શુદ્ધિ** : રવિયોગ રાજયોગ , કુમારયોગ, અમૃતસિદ્ધિ યોગ, શ્રેષ્ઠ, શુભ યોગો હોતાં અશુભ યોગો નાશ થાય છે.

બિંબ પ્રતિષ્ઠા: પ્રતિષ્ઠા કરનારના જન્મ નક્ષત્રથી ૧૦ મું ૧૮મું ને ૨૫મું નક્ષત્ર ત્વજવું ઉપર મુજબ શુભ યોગો અને ગુરૂ શુક્રના ઉદયમાં સંઘ, અને પ્રતિષ્ઠા કરનાર કરાવનારનું ચંદ્રબળ જોઈને જીનેશ્વર દેવની પ્રતિષ્ઠા કરવી. **પ્રતિમા પ્રવેશ** પુષ્પ, ધનિષ્ઠા મૃગશિર્ષ રોહિણી, ત્રણઉત્તરા, શત, ચિત્રા, અનુરાધા, રેવતી આ નક્ષત્રોમાં શુભ વાર દિન શુદ્ધિ, દિશા શુદ્ધિ કુંભ ચક્ર, ચંદ્રબળ જોઇને પ્રતિમાજીનો પ્રવેશ કરાવવો. દિક્ષા, પ્રતિષ્ઠાદિ મુહુર્તમાં લગ્ન શુદ્ધિ અને ષડવર્ગ શુદ્ધિનો ખાસ વિચાર કરવો

ધ્વજદંડની સ્થાપના અને ધ્વજારોપણ શ્રી જીનેશ્વર દેવની પ્રતિમાજીની પ્રતિષ્ઠા થાય તે જ દિવસે તેજ મુહૂર્તમાં ધ્વજદંડની સ્થાપના અને ધ્વજારોપણ તેજ મુહૂર્તમાં થાય.

હવે દર વર્ષે ધ્વજ બદલે તેમાં પ્રતિષ્ઠાનો દિવસ જ જોવાય અને સારા ચોઘડીયામાં મધ્યાન પૂર્વે ધ્વજારોપણ થાય.

ધ્વજદંડ જીર્ણ થઈ જાય અને નવીન ધ્વજદંડ સ્થાપવાનો હોય ત્યારે બની શકે. ત્યાં સુધી પ્રતિષ્ઠાનો જ દિવસ (વર્ષ ગાંઠનો દિવસ) લેવો છતાં તે અશક્ય અને તો વર્ષ ગાંઠથી ત્રણેક દિવસ આગળ પાછળનો હોય તો અતિ ઉત્તમ પણ લેવો. પરંતુ તેવા શુભ યોગમાં પણ વર્ષ ગાંઠનો દિવસ તો મૂળ હોય તે જ કાયમ રહે.

સુવર્ણ મહોત્સવ, હીરક મહોત્સવ અને શતાબ્દિ મહોત્સવ માટે એજ નિયમ સમજવો.

જિનબિંબ પ્રતિષ્ઠા : પ્રતિષ્ઠા કરનારના જન્મ નક્ષત્રથી ૧-૧૦-૧૬-૧૮-૨૩-૨૫, આટલા નક્ષત્રો વર્જવા. સુદ પાંચમ થી વદ પાંચમ સુધી શુભ કાર્ય કરી લેવા જોઇએ. પરંતુ વદ પાચમ પછી કાર્ય કરવું હોય તો તારાબળ જોવું.

તીર્થંકર	નક્ષત્ર	રાશિ	લાંછન	તીર્થંકર	નક્ષત્ર	રાશિ	લાંછન
૧ ઋષભદેવ	ઉ. ષા.	ધન	વૃષભ	૧૩ વિમલનાથ	ઉ. ભા.	મીન	વિરાહ
૨ અજીતનાથ	રોહિણી	વૃષભ	હાથી	૧૪ અનંતનાથ	રેવતી	મીન	સિચાણો
૩ સંભવનાથ	મૃગશીર્ષ	મિથુન	અશ્વ	૧૫ ધર્મનાથ	પુષ્પ	કર્ક	વજ્ર
૪ આભનંદન	પુનર્વસુ	મિથુન	વાનર	૧૬ શાંતિનાથ	ભરણી	મેષ	હરણ
૫ સુમતિલાલ	મઘા	સિંહ	કૌંચપક્ષી	૧૭ કંથુનાથ	કૃતિકા	વૃષભ	બકરો
૬ પદ્મપ્રભુ	ચિત્રા	કન્યા	પદ્મ	૧૮ અરનાથ	રેવતી	મીન	નંદાવ્રત
૭ સુપાર્શ્વનાથ	વિશાખા	તુલા	સાથીઓ	૧૯ મલ્લીનાથ	અશ્વિની	મેષ	કળશ
૮ ચંદ્રપ્રભુ	અનુરાધા	વૃશ્ચિક	ચંદ્ર	૨૦ મુનિસુવ્રત	શ્રવણ	મકર	કાચબો
૯ સુવિધિનાથ	મૂળ	ધન	મગરમચ્છ	૨૧ નમીનાથ	આશ્વની	મેષ	નીલકમલ
૧૦ શીતલનાથ	પૂ. ષા.	ધન	શ્રીવચ્છ	૨૨ નેમીનાથ	ચિત્રા	કન્યા	શંખ
૧૧ શ્રેયાસનાથ	શ્રવણ	મકર	ગેંડો	૨૩ પાર્શ્વનાથ	વિશાખા	તુલા	સર્પ
૧૨ વાસુપૂજ્ય	શતભિષા	કુંભ	પાડો	૨૪ મહાવીરસ્વામી	ઉ.ફા.	કન્યા	સિંહ

પરિશિષ્ટ ૧૪ મું

ખાત—મુહૂર્ત

ખાત દિશા મુહુર્તનો કોઠો

રાશિ	ઘરના ખાતમાં	જળાશય વાવ-કૂવો-તળાવ ના ખાતમાં	દેવાલયમાં	વિવાહમાં માણેક સ્તંભા રોપણમાં	ખાતાનો આરંભ કરવાનો ખૂણો
સૂર્ય	૫-૬-૭	૧૦-૧૧-૧૨	૧૨-૧-૨	૨-૩-૪	અગ્નિ
;;	૨-૩-૪	૭-૮-૯	૯-૧૦-૧૧	૧૧-૧૨-૧	નૈઋત્ય
,,	૧૧-૧૨-૧	૪-૫-૬	૬-૭-૮	૮-૯-૧૦	વાવવ્ય
,,	૮-૯-૧૦	૧-૩-૪	૩-૪-૫	૫-૬-૭	ઇશાન

પાયાનું મુહુર્ત :- અધોમુખ નક્ષત્રો-ભરણી કૃતિકા આશ્લેષા, મઘા, પૂફા, વિશાખા મૂળ, પૂ.ષા પુ,ભા. સોમ બુધ, ગુરૂ, શુક્રવારોમાં પોતાને તારાચંદ્ર બલ હોવાં ઘરનો પાયો ખોદાવવો.

સૂતેલી પૃથ્વી જોવાની રીત

જે દિવસે સૂર્યના નક્ષત્રથી ગણતાં ૫, ૭, ૯, ૧૨, ૧૯, ૨૬ એટલામું નક્ષત્ર આવે તો પૃથ્વી સૂતેલી જાણવી. તેમાં વાવ, તળાવ, કે ઘર બાંધવા નહિ. સંક્રાંતિદિનથી ૫–૭–૯–૧૫ ૨૧–૨૪ દિવસે સૂતેલી રહે છે.

ગ્રહારંભમાં પૃથ્વીની સુપ્તાદિ સ્થિતિ

શુકલ પ્રતિપદાથી મુહુર્તદિન પર્યંતની તિથિ, રવિવારથી વાર અને અશ્વિનીથી દિન નક્ષત્ર સુધી ગણી તે ત્રણેનો સરવાળો કરવો તેને ચારે ભાગતાં ૧ શેષ રહે તો ઉભી ૨ શેષ રહે તો બેઠી, ત્રણે શેષ રહે તો સૂતી અને ૦ શેષ રહે તો જાગતી જાણવી. ઉભી અને જાગતી ખરાબ બેઠી સ્થિતિ સારી અને કુવો ખોદાવવામાં સુતી સ્થિતિ સારી, માટે ઘરમાં બે શેષ રહે તેવી સ્થિતિવાળી પૃથ્વી હોતા સારી,

ગ્રહારંભમાં ખાતમુહુર્ત

શુભ માસ : માગસર, પોષ, ફાગણુ, વૈશાખ, શ્રાવણુ, વધારામાં કાર્તિક, માઘ અને જ્યેષ્ઠ પણ નારદ મતે સંમત છે. જ્યારે નીચેના માસોમાં દર્શાવેલ સૂર્ય સક્રાંતિઓ હોય ત્યારે શુભ બને છે.

કાર્તિક=વૃશ્ચિક   પોષ=મકર   માઘ=મકર–કુંભ   ફાલ્ગુન=કુંભ   ચૈત્ર=મેષ
જ્યેષ્ઠ=વૃષભ,   અષાઢ=કર્ક   ભાદરવો=સિંહ   અશ્વિન=તુલા

ગુરૂ, શુક્રનો અસ્ત ન હોવો જોઇએ. **વાર :** સોમ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ (રવિ–મંગળ વર્જ્ય છે.

ગ્રહારંભમાં વૃષચક્ર

સૂર્યનક્ષત્રથી મુહુર્ત દિનનક્ષત્રથી સુધી અભિજિત સાથે ગણના કરતાં પહેલાં ૫ અશુભ પછીના ૧૧ શુભ, પછીના ૧૧ અશુભ, આ મુહુર્ત ચિંતામણી મતે છે. સિવાય મુહુર્તમાર્તંડ મતે સૂર્ય નક્ષત્રથી દૈનિક ચંદ્ર નક્ષત્ર ૪ થી ૭, ૧૫ થી ૧૮, ૨૩ થી ૨૭મું નક્ષત્ર અશુભ છે.

ખાત મુહુર્ત માટે

દહેરાસર, ઉપાશ્રયમાં ખાત મુહુર્ત માટે શિલાસ્થાપન માટે વૈશાખ, શ્રાવણુ, માગશર, પોષ અને ફાગણ મહિના લેવા, બીજા વર્જ્યવા, **રાશી :** મીન, મેષ, વૃષભ, સંક્રાંતિમાં અગ્નિ ખુણામાં સૂર્ય હોય ત્યારે, મિથુન, કર્ક, સિંહ સંક્રાંતિમાં ઈશાન ખુણામાં સૂર્ય હોય ત્યારે

કન્યા તુલા, વૃષિક સંક્રાંતિમાં વાયવ્યમાં સૂર્ય હોય ત્યારે ધન, મકર, કુંભ, સંક્રાંતિમાં નૈઋત્યમાં **સૂર્ય હોય** ત્યારે **નક્ષત્રો** : મૃગશર, અનુરાધા, ચિત્રા રેવતી, ત્રણ ઉતરા રોહિણી હસ્ત. પુષ્ય, ધનિજ, શતભિષા અને સ્વાતી નક્ષત્ર લેવા, પણ શિલા સ્થાપનના નીચે મુજબ ના પુષ્ય, ત્રણઉતરા, રેવતી, હસ્તી, રોહીણી, મૃગશીર, શ્રવણ નક્ષત્રમાં થાય છે.

પરિશિષ્ટ ૧૫ મું

દીક્ષા

દીક્ષાના મુહુર્તો નક્ષત્રો અશ્વિની, રોહિણી, પુનર્વસુ, ત્રણ ઉત્તરા હસ્ત, સ્વાતિ અનુરાધા, મૂળ, શ્રવણ, શતભિષા, પૂર્વાભાદ્રપદા અને રેવતી **પુષ્ય** નક્ષત્રનો દિક્ષામાં ત્યાગ કરવો. શુભ **માસ** મૃગશિર્ષ, માઘ, ફાલ્ગુન અને વૈશાખ અને જ્યેષ્ઠ **શુભ તિથિ** : ૨, ૩, ૫, ૭, ૧૧, ૧૩ શુક્રના અસ્તમાં દીક્ષા થઇ શકે છે. **શુભ વાર** રવિ, બુધ, ગુરૂ અને શનિ.

શુભ નક્ષત્ર હોય પણ તે સંધ્યાગત, સૂર્યગત, વિડવર ગ્રહ સહિત વિલંબીત રાહુથી હણાયેલ કે ગ્રહથી ભેદાયેલ હોય તો તે પ્રકારના નક્ષત્રો દીક્ષામાં તજવા યોગ્ય છે.

કૃષ્ણપક્ષમાં સાતમ **પછી** દીક્ષા આપવી, જો કે ઉચિત નથી જ છતાં સંજોગોવશાત (મુહૂર્ત શ્રેષ્ઠ હોવાના કારણે) આપવી પડે તો ચંદ્ર ક્ષીણ થતો હોવાથી તારાનું બળ જોવું.

જન્મ સમયે ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે જ નક્ષત્ર તારા કહેવાય છે જન્મ નક્ષત્રથી ઇષ્ટ દિવસની ૩, ૫, ૭, ૧૦, ૧૪, ૧૬, ૨૧, ૨૩, ૨૫મી તારા (નક્ષત્ર) અશુભ જાણવી.

લગ્ન અથવા ણુપગ્રહથી સાતમે તથા પાપગ્રહથી યુક્ત ચંદ્ર ન હોવો જોઇએ.

જૈન દીક્ષા : પ્રવજ્યાની કુંડળીમાં ગ્રહોના ઉત્તમ સ્થાન : સૂર્ય ૨, ૫, ૬, ૧૧ ચંદ્ર ૨, ૩, ૬, ૧૧, મંગળ ૩, ૬, ૧૦, ૧૧. બુધ ૨, ૩, ૫, ૬, ૧૧, ગુરૂ ૧, ૪, ૫, ૯, ૧૦, ૧૧, શુક્ર ૩, ૬, ૯, ૧૨, શનિ ૨, ૫, ૬, ૮, ૧૧, રાહૂ ૩, ૬, કેતુ ૫, ૯, ૧૨ દીક્ષાને વિષે લગ્નમાં તથા નવમાંશમાં દ્રિસ્વભાવ રાશિઓ (મિથુન, કન્યા, ધન, મીન) વૃષભ વિના સ્થિર રાશિઓ, (સિંહ, વૃશ્ચિક, કુંભ અને મકર રાશિ એ શુભ છે. મેષ, વૃષભ, કર્ક અને તુલા રાશિનું લગ્ન દીક્ષા કુંડળીમાં અશુભ છે.

શુક્રનો ઉદય : એટલે શુક્ર લગ્નમાં રહ્યો હોય, શુક્રવાર હોય, લગ્નમાં શુક્રનું નવમાંશ હોય, તથા શુક્ર લગ્ન કે સાતમાં સ્થાને સંપૂર્ણ દૃષ્ટિથી જોતો હોય તેવા સમયમાં દીક્ષા મુહૂર્ત અશુભ, તેવી જ રીતે ચંદ્રનો ઉદય એટલે ચંદ્ર લગ્નમાં રહ્યો હોય. ચંદ્ર વાર (સોમવાર) હોય લગ્નમાં ચંદ્રનું નવમાંશ હોય અને ચંદ્ર લગ્ન કે સાતમા સ્થાનને સંપૂર્ણ દૃષ્ટિથી જોતો હોય તેવા સમયમાં દીક્ષા મુહૂર્ત આપવું નહિ.

પરિશિષ્ટ ૧૬ મું.

રાશિઓની સમજ આપતો કોઠો

ગુજરાતી નામ		અક્ષરો	રાશિ. રંગ ગ્રહોના નંગ	સ્વામીઓ	ચર સ્થિર દ્વિસ્વભાવ	તત્ત્વો
૧	મેષ	અ,લ,ઈ,	લાલ પરવાળુ	મંગળ	ચર	અગ્નિ
૨	વૃષભ	બ,વ,ઉ	ફિક્કો બ્લુ હીરો	શુક્ર	સ્થિર	પૃથ્વી
૩	મિથુન	ક,છ,ઘ	પીળો પાનુ	બુધ	દ્વિસ્વભાવ	વાયુ
૪	કર્ક	ડ,હ	લીલો મોતી	ચંદ્ર	ચર	જળ
૫	સિંહ	મ,ટ	નારંગી માણેક	સૂર્ય	સ્થિર	અગ્નિ
૬	કન્યા	પ,ઠ,ણ	ફિક્કો કાળો પાનુ	બુધ—રાહુ	દ્વિસ્વભાવ	પૃથ્વી
૭	તુલા	ર,ત	કીરમજી હીરો	શુક્ર	ચર	વાયુ
૮	વૃશ્ચિક	ન,ય	લાલતેજદાર પરવાળુ	મંગળ	સ્થિર	જળ
૯	ધન	ભ,ધ,ફ,ઢ	પીળો પોખરાજ	ગુરૂ	દ્વિસ્વભાવ	અગ્નિ
૧૦	મકર	ખ,જ	પાકો કાળો લીલમ	શનિ	ચર	પૃથ્વી
૧૧	કુંભ	ગ,શ	આસ્માની લીલમ	શનિ	સ્થિર	વાયુ
૧૨	મીન	દ,ચ,ઝ,થ	તેજદારસફેદ પોખરાજ	ગુરૂ	દ્વિસ્વભાવ	જળ

નવ ગ્રહોની સમજ આપતો કોઠો

ગુજરાતી નામ		અંગ્રેજી નામ		ગ્રહોના નંગ		ઊંચ	નીચ
૧	સૂર્ય	સન	આત્મા	લાલ	માણેક	મેષ	તુલા
૨	ચંદ્ર	મુન	મન	સફેદ	મોતી સફેદ	વૃષભ	વૃશ્ચિક
૩	મંગળ	માર્સ	ચેતના	લાલ	પરવાળો	મકર	કર્ક
૪	બુધ	મરકયુરી	વાણી	લીલો	નીલમ (પાનુ)	કન્યા	મીથુન
૫	ગુરૂ	જયુપીટર	જ્ઞાન	પીળો	પોખરાજ	કર્ક	મકર
૬	શુક્ર	વીનસ	સુખ	ધોળો	હીરો	મીન	કન્યા
૭	શનિ	સેટર્ન	કાલ પુરૂષ	આછો (કાળો)	શનિ (અકલ)	તુલા	મેષ
૮	રાહુ	નોડ	મદ	કાળો	ગેમેદ (અકલ)	મિથુન	ધન
૯	કેતુ	હાફનોડ		કાળો	લસણીયું (અકલ)	ધન	મિથુન
૧૦	પ્રજાપતી (હર્ષલ)	યુરેનન્સ					
૧૧	વરૂણ	નેપ્ચુન					
૧૨	પ્લુલો	પ્લુટો					

પરિશિષ્ટ ૧૭ મું

સંક્રાન્તીના દીવસો

	મહીનાનું નામ	દિવસો	સૂર્ય પ્રવેશ	રાશી	સૂર્યની સ્થિતિ નિશ્ચન
૧	જાન્યુઆરી	૩૧	૧૪	મકર	૧૫–૧ થી ૧૨–૨ સુધી
૨	ફેબ્રુઆરી	૨૮/૨૯	૧૩	કુંભ	૧૩–૨ થી ૧૪–૩ સુધી
૩	માર્ચ	૩૧	૧૫	મીન	૧૫–૩ થી ૧૩–૪ સુધી
૪	એપ્રિલ	૩૦	૧૪	મેષ	૧૪–૪ થી ૧૪–૫ સુધી
૫	મે	૩૧	૧૫	વૃષભ	૧૫–૫ થી ૧૫–૬ સુધી
૬	જુન	૩૦	૧૫	મીથુન	૧૬–૬ થી ૧૬–૭ સુધી
૭	જુલાઇ	૩૧	૧૭	કર્ક	૧૭–૭ થી ૧૬–૮ સુધી
૮	ઓગસ્ટ	૩૧	૧૬	સિંહ	૧૭–૮ થી ૧૬–૯ સુધી
૯	સપ્ટેમ્બર	૩૦	૧૭	કન્યા	૧૭–૯ થી ૧૭–૧૦ સુધી
૧૦	ઓકટોમ્બર	૩૧	૧૮	તુલા	૧૮–૧૦ થી ૧૬–૧૧ સુધી
૧૧	નવેમ્બર	૩૦	૧૭	વૃશ્ચિક	૧૭–૧૧ થી ૧૫–૧૨ સુધી
૧૨	ડીસેમ્બર	૩૧	૧૬	ધન	૧૬–૧૨ થી ૧૪–૧ સુધી

ચંદ્રમાસ નક્ષત્ર

	માસનું નામ	નક્ષત્ર	ચંદ્ર પ્રવેશ	ઋતુ
૧	કાર્તિક	કૃતિકા	સુદ ૧૫	હેમંત ઋતુ
૨	માર્ગશીર્ષ	મૃગશીર	,, ,,	શિશિર ઋતુ
૩	પોષ	પુષ્ય	,, ,,	,,
૪	માઘ	મઘા	,, ,,	વસંત ઋતુ
૫	ફાલ્ગુન	પૂ.ફા.ઉ.ફા.	,, ,,	,,
૬	ચૈત્ર	ચિત્રા	,, ,,	ગ્રીષ્મ ઋતુ
૭	વૈશાખ	વિશાખા	,, ,,	,,
૮	જ્યેષ્ઠ	જ્યેષ્ઠા	,, ,,	વર્ષા ઋતુ
૯	અષાઢ	ઉ.ષા.પુ.ષા.	,, ,,	,,
૧૦	શ્રાવણ	શ્રાવણ	,, ,,	શરદ ઋતુ
૧૧	ભાદ્રપદ	પુ.ભા.ઉ.ભા.	,, ,,	,,
૧૨	આસો	અશ્વિન	,, ,,	હેમંત ઋતુ

પરિશિષ્ટ ૧૮મું

❁ યાત્રા પ્રવાસ – પ્રવેશ – પ્રયાણ ❁

મનની પ્રસન્નતા અને શુભ શુકનો–શુભ નિમિ-તોથી કરાતી યાત્રા મુસાફરી ફળસિદ્ધિ આપનાર છે. અને પ્રવાસ કરતાં પહેલાં દિનશુદ્ધિ જોવી.

કોઠામાં આપેલી તિથિઓમાં ત્રીજનું જે ફળ આપ્યું છે, તેજ તેરશનું, ચોથનું અને ચૌદશનું એક ફળ, પાંચમ અને પૂર્ણિમાનું એક ફળ અમાવાસ્યા વર્જિત કરવી. એ મુહુર્તમાં જનારને સર્વોત્તમ સુખ મળે છે

કાર્તિક	માગશિર્ષ	પોષ	માઘ	ફાગણ	ચૈત્ર	વૈશાખ	જેઠ	આષાઢ	શ્રાવણ	ભાદરવો	આસો	ફળશ્રુતિ	પ્રહર ૧	પ્રહર ૨	પ્રહર ૩	પ્રહર ૪	પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર
૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	સુખ ઊપજે અને ક્લેશ ન થાય.	અર્થ	સુખ	શોક	સુખ	સુખ	ક્લેશ	ભય	દ્રવ્ય
૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	મહાભય ઉપજે અને પસ્તાવો થાય.	ભય	ક્લેશ	સુખ	સુખ	શૂન્ય	નાશ	દારિદ્ર	ચિંતા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	કાર્યસિદ્ધ, અર્થ પરિપૂર્ણ, સારી વાત સભળાય	લાભ	સુખ	સુખ	હાનિ	ક્લેશ	દુ ખ	ઈષ્ટ	ધન
૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	ક્લેશ થાય, પણ વસ્તુલાભ થાય.	ક્લેશ	ભલું	ક્લેશ	વિના	લાભ	સુખ	મંગલ	સુખ
૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	વસ્તુલાભ, સંકટ મટે, મિત્ર લાભ, કાર્યસિદ્ધિ થાય.	સંકટ	ક્લેશ	ભાગ્ય	સુખ	લાભ	ધન	ધન	સુખ
૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	ઘરની ચિંતા, ક્લેશ, મિત્રનુ સંકટ થાય.	સંકટ	ક્લેશ	ભય	અર્થ	ભય	લાભ	મૃત્યુ	લાભ
૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	ભાગ્યોદય, મિત્ર અને સાધનો મળી આવે.	વિના	લાભ	સુખ	સુખ	લાભ	કષ્ટ	લાભ	સુખ
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	બહુ ખરાબ. લેવાદેવી કરવી નહિ	૦	૦	૦	૦	કષ્ટ	સુખ	ક્લેશ	સુખ
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	અર્થસિદ્ધિ થાય, ભાગ્યોદય થાય.	લાભ	ભાગ્ય	મિત્ર	મિત્ર	સુખ	લાભ	સિદ્ધિ	કષ્ટ
૮	૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	સૌભાગ્ય મળે, પણ દિવસ ગત થાય.	લાભ	સંપુ	મરણ	કુશલ	ક્લેશ	કષ્ટ	દ્રવ્ય	ધન
૯	૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	ક્લેશ, દિવસ ગત થાય પણ નાશ ન થાય.	મરણ	અર્થ	કુશલ	મરણ	મૃત્યુ	લાભ	લાભ	શૂન્ય
૧૦	૧૧	૧૨	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	અર્થસિદ્ધિ, મિત્રલાભ, ભાગ્યોદય થાય.	મરણ	સુખ	સુખ	સુખ	શૂન્ય	સુખ	મૃત્યુ	કષ્ટ

મુસાફરીનું અને પ્રહર તથા દિશાઓનું ફળ જે માણસની જે તિથિએ, જે વખતે, જે દિશામા શુભ જણાય તે દિવસે, તે વખતે, તે દિશામા પરગામ જવા માટે ગોરખઆંક જોવાય છે; કોઠામા આપેલી તિથિઓમા ત્રીજનું જે ફળ આપ્યું છે તે જ તેરશનુ, ચોથનુ અને ચૌદશનુ તેમજ પાંચમ અને પૂર્ણિમાનુ એક ફળ. આ મૂહૂર્ત પ્રમાણે વર્તવાથી ચંદ્રદોષ, વિષ્ટિ (ભદ્રા), દિશાશૂલ, યોગિની, કાળ, ઘાતવાર વગેરેના દોષ નડતા નથી. આ પ્રમાણે ગોરખનાથને મત્સ્યેન્દ્રનાથે કહેલું છે. ઉદાહરણ તરીકે કાર્તિક શુદિ કે વદિ એકમે પ્રયાણ કરનારનુ કાર્ય સિદ્ધ થાય. પહેલા પહોરમા નીકળે તો અર્થલાભ, બીજા પહોરમા રાજ્યસુખ મળે ઈત્યાદિ. તેમ જ પૂર્વ દિશામાં જાય તો દ્રવ્ય મળે, દક્ષિણમા જાય તો દુ ખ થાય. ઈત્યાદિ સમજવુ

દિશાશૂળ જ્ઞાન–સોમ શનિવારે અને નોમ અષ્ટમ જયેષ્ઠા નક્ષત્રમાં પૂર્વમાં જવું નહિ.

ગુરૂવારે પંચકમાં અને પાંચમ તેરશે દક્ષિણમાં જવું નહિ.

રવિ શુક્રવારે છઠ્ઠી એકાદશી તેમજ રોહિણી નક્ષત્રમાં પશ્ચિમ દિશામાં જવું નહિ.

મંગળ, બુધવારે, બીજે અને દશમે ઉ. ફા નક્ષત્રમાં ઉત્તર દિશા તરફ જવું નહિ.

જોગણી – પડવો અને નોમે પૂર્વમાં, બીજ અને દશમીએ ઉત્તરમાં, ત્રીજ અને અગિયારસે અગ્નિકોણમાં, ચોથ અને બારસે નૈઋત્યમાં, પાંચમ અને તેરસે દક્ષિણમાં; છઠ્ઠ અને ચૌદસે પશ્ચિમમાં, સાતમે અને પૂનમે વાયવ્યમાં; આઠમ અને અમાસે ઈશાનમાં જોગણી જાણવી. જે દિશામાં જોગણી હોય તે દિશામાં મુસાફરી કરવી નહિ.

કાળ :- રવિવારે ઉત્તરમાં, સોમવારે વ્યાયવ્યકોણમાં, મંગળવારે પશ્ચિમમાં, બુધવારે નૈઋર્ત્યમાં ગુરૂવારે દક્ષિણમાં, શુક્રવારે અગ્નિકોણમાં અને શનિવારે પૂર્વમાં કાળ હોય છે. જે વારે જે દિશામાં કાળ હોય તે દિશામાં જવું નહિ.

ચંદ્રને રહેવાની દિશાઓં–મેષ, સિંહ અને ધનનો ચંદ્ર પૂર્વમાં રહે છે. વૃષભ કન્યા અને મકરનો ચંદ્ર દક્ષિણ દિશામાં; મિથુન, તુલા અને કુંભનો ચંદ્ર પશ્ચિમ દિશામાં કર્ક વૃશ્ચિક, અને મીનનો ચંદ્ર ઉત્તર દિશામાં રહે છે જે દિશામાં મુસાફરી કરવી છે તે જ દિશામાં ચંદ્ર હોય તો તેને સન્મુખ ચંદ્ર કહે છે, સન્મુખ ચંદ્ર હોતા અર્થનો લાભ કરે છે, જમણો ચંદ્ર સુખ આપે છે તથા પૃષ્ટસ્થ તથા ડાબો ચંદ્ર ખરાબ ફળ આપે છે માટે પૃષ્ઠસ્થ તથા વામચંદ્ર વાળી દિશામાં જવું નહિ. પોતાની રાશિથી **ઘાતતિથિ, ઘાતવાર ઘાતનક્ષત્ર** ઇત્યાદિ ઘાતકમાં અને યમઘંટમાં પ્રયાણ કરવું નહિ

પ્રસ્થાન–બહારગામ જતા આવશ્યક કામ આવી પડતા પ્રયાણ મુહુર્તમાં વિલંબ કરવો પડે તો કોઈ કોરૂં વસ્ત્ર, સોપારી ૧, હળદર, રૂપાનાણું અને ચોખા એ વસ્તુઓ પોતાના ઘર બહાર બીજા કોઇને ત્યાં મૂકી પ્રસ્થાન કરવું. આ પ્રસ્થાન ત્રણ અથવા વધારે પાંચ દિવસ સુધી ચાલે, પ્રયાણ કરતાં પહેલાં સારા, ખરાબ શુકન પણ જોવા.

સારા શુકન–કાળા સિવાયના વસ્ત્રો, આભૂષણ, પાણી ભરી આવતી સ્ત્રી, વાજિંત્ર, શબ્દ, શંખ, અરીસો, રાજા, ઘોડો, હાથી, ગાય, સૌભાગ્યવતી સ્ત્રી, ધોળુ પુષ્પ, કાળા અનાજ સિવાયનું ધાન્ય; ચોડિયું, દીવા, ધુમાડા વગરનો અગ્નિ, સુગંધિત પદાર્થો, ધોળો બળદ, વેશ્યા છત્ર, ચંદરવો, કુમારી કન્યાઓ, પોતાના અંતકરણને સંતોષ કરતી ચીજ, ધોયેલા વસ્ત્રવાળો ધોબી, દુર્વા, દર્ભ, રથ, જ્યોતિષી, બે બ્રાહ્મણો, મિત્ર, હરણ, માણસોના રૂદન વિનાનું શબ, દૂધ, દહીં વગેરે સારા શુકન ગણાય

ખરાબ શુકન–શબ, હાડકાં, લાકડાં, વિષ્ટા, ફોતરાં, પથ્થર, મીઠું, જોડા, ઘાસ, ખાંડેલા તલ, તલનો ખોળ, ઔષધ, કાળું ધાન્ય, રૂદન, છાસ, ચામડું, ગોળ, તેલ, લોઢું, કાદવ. ગાંડો માણસ;ઉલટી કરનાર, ભૂખ્યો માણસ, હિંસક, ખૂબ રોગી મનુષ્ય, લંગડો માણસ, ખોડવાળો માણસ, નગ્ન, સંન્યાસી, શત્રુ, ભગવાં લુગડા પહેરનાર, છુટા વાળવાળો, ચોર, તેલ ચોપડેલ માણસ, મલિન માણસ, ગર્ભવતી સ્ત્રી, વાંઝણી સ્ત્રી, કાળો બળદ, સર્પ, દેડકો, કાચીંડો, ઘો, ડુક્કર, સસલું, સંકોચ કરતાં પ્રાણી, બિલાડી, પાડો, ગધેડું, ઊંટ, છીંક થવી, કાંપતો માણસ, માર્ગ બંધ, આ બધા ખરાબ શુકન છે.

પ્રવેશ મુહુર્ત :

વાર :– રવિ, સોમ, ગુરૂ, શુક્ર, શનિ, **નક્ષત્રો** અશ્વિની, રોહિણી, મૃગ, પુષ્ય, ઉ. ફા. હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉ. ષા. અભિજિત ધનિષ્ઠા ઉ. ભા. રેવતી.

લગ્ન :– ૨–૫–૮–૧૧ (સ્થિર) રાશિના હોતા ૬-૮-૧૨ માં સ્થાનોની શુદ્ધિ હોતાં નગરમાં પ્રવેશ કરવો.

પ્રયાણમાં નિષેધ :–

બુધવાર–૨–૧૨ શુક્રવાર–૩–૧૩ રવિવાર–૪–૧૪

પરિશિષ્ટ ૧૯ મું.

મૈત્રી

નૈસર્ગિક ગ્રહ મૈત્રી ચક્ર :—

ગ્રહ	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રાહુ
મિત્ર	ચંદ્ર	સૂર્ય	સૂર્ય	સૂર્ય	સૂર્ય	બુધ	બુધ	બુધ
	મંગલ	બુધ	ચંદ્ર	શુક્ર	ચંદ્ર	શનિ	શુક્ર	શુક્ર
	ગુરૂ		ગુરૂ	રાહુ	મંગલ	રાહુ	રાહુ	શનિ
સમ		મંગળ	શુક્ર	મંગળ	શનિ	મંગળ		
	બુધ	ગુરૂ	શનિ	ગુરૂ	રાહુ	ગુરૂ	ગુરૂ	ગુરૂ
		શુક્ર						
				શનિ				
		શનિ						
શત્રુ	શુક્ર		બુધ	ચંદ્ર	બુધ	સૂર્ય	સૂર્ય	સૂર્ય
	શનિ	રાહુ	રાહુ		ચંદ્ર	ચંદ્ર	ચંદ્ર	ચંદ્ર
	રાહુ						મંગળ	મંગળ

❀ તાત્કાલીક મૈત્રિ ❀

જન્મ અથવા પ્રશ્નાદિકની કુંડલીમાં કોઈપણ સ્થાને કોઈપણ ગ્રહ હોય તેનાથી બીજે, ત્રીજે, ચોથે, દશમે, અગિયારમે કે બારમે સ્થાને રહેલા તેવા તેના મિત્રો થાય છે અને ઈતર સ્થાનમાં એટલે ૧–૫–૬–૭–૮–૯ સ્થાનમાં રહેલા તેના શત્રુ થાય છે.

❀ પંચધા મૈત્રીની સમજ ❀

નૈસર્ગિક મૈત્રી અને તાત્કાલિક મૈત્રી, બંનેમાં મિત્ર હોય તે અધિ મિત્ર કહેવાય. એકમાં મિત્ર અને બીજામાં સમ હોય તે મિત્ર કહેવાય. એકમાં શત્રુ અને બીજામાં મિત્ર હોય તે સમ કહેવાય. એકમાં સમ અને બીજામાં શત્રુ હોય તે શત્રુ કહેવાય. એકમાં શત્રુ હોય અને બીજામાં પણ શત્રુ હોય તે અધિ શત્રુ કહેવાય.

પરિશિષ્ટ ૨૦ મું.

અંગસ્ફુરણ અને તેનું ફળ

(કોઈ પણ કાર્યના આરંભ વખતે અકસ્માત થોડી ક્ષણો માટે અંગ ફરકે તેનું આ ફળ છે વાયુના પ્રકોપથી કે બીજા શારીરિક દોષોથી આંખ ફરકે તેનું ફળ મળતું નથી આવી જ રીતે કોઇ પણ જાતના બાહ્ય વિક્ષેપ વગર અકસ્માત ગરોળી પડે તો તેનું ફળ સમજવાનું છે)

સમજ

પુરૂષનું જમણું અંગ અને સ્ત્રીનું ડાબુ અંગ સમજવું, ગરોળી પતન માટે પણ ઉપર મુજબ સમજવું.

અંગ	ફળ
૧ મસ્તક	પૃથ્વીલાભ
૨ લલાટ	સ્થાનવૃદ્ધિ
૩ ભૂ-ન સામય	પ્રિયસંગમ
૪ નાક અને આંખની મધ્ય	સહાયલાભ
૫ મધ્ય માર્ગમાં	સંપત્તિ
૬ આંખના નાક તરફના ખુણામાં	શુભ વાર્તા
૭ આંખની ફરતા-ગોળ ભાગમાં	સંગ્રામમાં જય
૮ કાન	પ્રિયવાર્તાનું શ્રવણ
૯ ગાલ	સ્ત્રીલાભ
૧૦ નાસિકા	આનંદ
૧૧ અધરોષ્ઠ	ભોજ્ય અને ઈષ્ટનો સંગ
૧૨ કંઠ	ભોગલાભ
૧૩ ખભો	ભોગવૃદ્ધિ

ગરોળી શરીર પર પડે તેનું ફળ

સ્થાન	ફળ
૧ બ્રહ્મરંધ્ર	રાજ્યપ્રાપ્તિ
૨ લલાટ	સ્થાનલાભ
૩ કાન	ભૂષણપ્રાપ્તિ
૪ નેત્ર	પ્રિયદર્શન
૫ નાસિકા	સુગંધ
૬ મુખ	મિષ્ઠાન
૭ ગાલ	સુખ
૮ દાઢી	મહાભય
૯ ભૃકુટિ	વિગ્રહ
૧૦ કંઠ	દુઃખ
૧૧ પીઠ	કલહ
૧૨ પીઠની જમણી બાજુ	સુખ
૧૩ પીઠની ડાબી બાજુ	રોગ
૧૪ દક્ષિણ ખભો	વિજય
૧૫ વામ ખભો	શત્રુભય
૧૬ દક્ષિણ હાથ, કોણી, મણિબંધ	ઇષ્ટલાભ
૧૭ જમણો પોંચો	દ્રવ્ય લાભ
૧૮ જમણા પોંચાની પાછલી બાજુ	દ્રવ્યલાભ
૧૯ ડાબા હાથની કોણી અને મણિબંધ	ધનક્ષય
૨૦ ડાબો પોંચો	હાનિ
૨૧ ડાબા પોંચાની પાછલી બાજુ	ધનનાશ

૨૨ હૃદય, છાતી	રાજસન્માન
૨૩ દક્ષિણ છાતી	સૌભાગ્ય
૨૪ દક્ષિણ પડખું	ભોગપ્રાપ્તિ
૨૫ ડાબી છાતી	યશ
૨૬ ડાબુ પડખું	પીડા
૨૭ વામકુક્ષી	શૂળની પીડા
૨૮ દક્ષિણ કુક્ષી	પુત્રપ્રાપ્તિ
૨૯ પેટ	પુત્રપ્રાપ્તિ
૩૦ દક્ષિણ કેડ	વસ્ત્રલાભ
૩૧ ડાબી કેડ	સુખ નાશ
૩૨ નાભિ	મનોરથ સિદ્ધિ
૩૩ બસ્તિ દેશ	ગર્ભનાશ
૩૪ ગુહ્યભાગ	મૃત્યુ
૩૫ ગુદા	રોગ
૩૬ દક્ષિણ ઉરૂ	પ્રતિવર્ધન
૩૭ ડાબો ઉરૂ	મૃત્યુનું દુઃખ
૩૮ દક્ષિણ જાનુ	સૂખ
૩૯ ડાબો જાનુ	પશુનાશ
૪૦ દક્ષિણ પિંડી	સુખ
૪૧ ડાબી પિંડી	કલેશ
૪૨ જમણો ઘૂંટણ	અર્થવૃદ્ધિ
૪૩ ડાબો ઘૂંટણ	સ્ત્રીવિયોગ
૪૪ જમણી ઘૂંટી	પ્રિયાગમન
૪૫ ડાબી ઘૂંટી	નાશ
૪૬ પગનો આગલો ભાગ	મમતની સુખવાર્તા
૪૭ પગનો પાચલો ભાગ	ખરાબ વાત
૪૮ પગની ડાબી બાજુ	હાનિ
૪૯ પગની જમણી બાજુ	ધન
૫૦ આસપાસ	ક્ષતિ

કુંડલીના સ્થાનો



લગ્ન અને કેટલા સમયનું નવમાંશ શરૂ

રાશી	ક. મી. સે.	રાશી	ક. મી. સે.
મેષ–મેષ	૧–૪૩–૦૩	તુલા–તુલા	૨–૧૧–૦૩
વૃષભ–મકર	૧–૫૯–૨૩	વૃશ્ચિક–કર્ક	૨–૧૪–૧૪
મિથુન–તુલા	૨–૧૨–૨૪	ધન–મેષ	૨–૬–૨૮
કર્ક–કર્ક	૨–૧૩–૧૯	મકર–મકર	૧–૪૯–૫૩
સિંહ–મેષ	૨–૮–૧૧	કુંભ–તુલા	૧–૩૬–૫૫
કન્યા–મકર	૨–૬–૪૫	મીન–કર્ક	૧–૩૪–૨૧

જન્મ કુંડલી



સૂય	મંગળ	ચંદ્ર	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રાહુ	હર્ષલ	નેપ્ચુન
૩	૩	૫	૪	૬	૫	૦	૧૦	૫	૭
૨૧	૧૯	૧૭	૧૬	૫	૫	૨૮	૧૦	૧૨	૪
૨	૨૭	૧૪	૪૬	૨૯	૨૮	૨૮	૧૬	૩૨	૪૧
૧૧	—	૪૯	—	—	—	—	—	—	—

નવમાંશ કુંડલી



દ્વાદશાંશ કુંડલી



—: નવાંશ કાઢવાનો કોઠો :—

અ. ક.	મેષ	વૃ.	મિ.	ક.	સિં.	ક.	તુ.	વૃ.	ધ.	મ.	કું	મી.
૩ – ૨૦	૧	૧૦	૭	૪	૧	૧૦	૭	૪	૧	૧૦	૭	૪
૬ – ૪૦	૨	૧૧	૮	૫	૨	૧૧	૮	પે	૨	૧૦	૮	૫
૧૦ – ૦૦	૩	૧૨	૯	૬	૩	૧૨	૯	૬	૩	૧૧	૯	૬
૧૩ – ૨૦	૪	૧	૧૦	૭	૪	૧	૧૦	૭	૪	૧૨	૧૦	૭
૧૬ – ૪૦	૫	૨	૧૧	૮	૫	૨	૧૧	૮	૫	૧	૧૧	૮
૨૦ – ૦૦	૬	૩	૧૨	૯	૬	૩	૧૨	૯	૬	૨	૧૨	૯
૨૩ – ૨૦	૭	૪	૧	૧૦	૭	૪	૧	૧૦	૭	૩	૧	૧૦
૨૬ – ૪૦	૮	૫	૨	૧૧	૮	૫	૨	૧૧	૮	૪	૨	૧૧
૩૦ – ૦૦	૯	૬	૩	૧૨	૯	૬	૩	૧૨	૯	૫	૩	૧૨

નોટ :- ઉદાહરણની જન્મ કુંડલી નિચે મુજબની છે.

અ ૧૮/૫૭ રે ૭૨/૫૦ સ્ટા. ટા. ૧૫-૧૫

લગ્ન : ૮/૨૪/૫૩/૧૮" નું નિરયન છે.

卐 જન્મ કુંડલીનું વિવેચન 卐

સૂર્યના ગ્રહનું ફળ :– (નરચંદ્ર જ્યોતિષના આધારે)



સૂર્ય :– ૧) સૂર્ય પહેલા ભુવનમાં નીચનો હોય તો, માંદગી ભોગવવાળો હોય. સ્ત્રી કુટુંબનું સુખ ન હોય ચિંતાવાળો હોય. વાત, પિત્તથી દુઃખી હોય સુખ–દુઃખનો અનુભવી હોય. પરંતુ એના પર જો ગુરૂની દ્રષ્ટિ હોય અથવા ઉંચનો હોય તો શુભ ફળ આપે છે.

સૂર્ય :– ૨) સૂર્ય બીજા ભવનમાં હોય તો ચાર પગવાળા પશુનું સુખ હોય. સારા કામમાં ખર્ચ કરનાર થાય. સ્ત્રી કુટુંબ સાથે કુસુંપ થાય, સારૂ કામ કરવા જાય તો પણ નુકસાન થાય.

સૂર્ય :– ૩) સૂર્ય ત્રીજા ભુવનમાં હોય તો પરાક્રમી બને, શૂરવીર થાય, માનને મેળવવાળો થાય, સ્ત્રીના કલેશથી પરદેશ ફરવાવાળો થાય પરદેશમાં રહેવાની ઈચ્છા ધરાવતો રહે. સૂર્ય જલતત્વમાં (રાશિમાં) હોય તો પરદેશમાં ફર્યા કરે.

સૂર્ય :– ૪) સૂર્ય ચોથા ભુવનમાં હોય તો યશ મેળવે, સારો હોદ્દો મળે સંગ્રામમાં વૈરીથી દુઃખ મળે, ચિત્ત સ્થિર ન રહે.

સૂર્ય :– ૫) સૂર્ય પાંચમા ભુવનમાં હોય તો મોટા છોકરા તરફથી કલેશ થાય, ક્રોધી પ્રવૃત્તિ વાળો થાય, મંત્ર વિદ્યામા કુશળ હોય, કપટથી વસ્તુ મેળવવાળો થાય, આળસુ થાય, સંતાનમાં પહેલો પુત્ર થાય અને જો પુત્રી થઈ હોય તો ત્રણ કલાકમાં મરણ પામે, તેમજ પેટના રોગથી મરણાંત કષ્ટવાળો થાય

સૂર્ય :– ૬) સૂર્ય છઠ્ઠા ભુવનમાં હોય તો, વૈરીનો નાશ કરે અને તેના તરફથી ખર્ચમાં ઉતરવુ પડે, પોતાના જન્મ પછી મોસાળ પક્ષની હાનિ થાય, રસ્તામાં ચાલતા ચૌરાદિકનો ભય લાગે, ગર્મીના દર્દો થાય.

સૂર્ય :– ૭) સૂર્ય સાતમા ભુવનમાં હોય તો સ્ત્રી તરફથી કલેશ થાય, શરીરમાં પીડા થાય, ચિંતાથી ઉંઘ ન આવે, વ્યભિચારી હોય.

સૂર્ય :– ૮) સૂર્ય આઠમા ભુવનમાં હોય તો પરસ્ત્રી લંપટ હોય અને પોતાની સ્ત્રીને સુખ નહિ હોય તેમજ ગૃહ્ય સ્થાને ભગંદરનો રોગ થાય.

સૂર્ય :– ૯) સૂર્ય નવમા ભુવનમાં હોય તો મ્લેચ્છ જોડે સંબંધ રાખવાવાળો થાય, દુષ્ટ વિચારવાળો હોય, દંભી હોય ધર્મપ્રત્યે આદર ભાવ ના હોય, તેમજ ભાઇથી દુઃખને ભોગવવાળો બન છે.

સૂર્ય :– ૧૦) સૂર્ય દસમા ભુવનમાં હોય તો રાજ્યનો નેતા બને જન્મ પછી માતાને પીડા થાય અને પોતાને વાયુની પીડા થાય, સગા સબંધીઓનો વિયોગ થાય.

સૂર્ય :– ૧૧) સૂર્ય અગ્યારમાં ભુવનમાં હોય તો ધનવાન બને, શત્રુનો નાશ કરે, વૈભવ ભોગવે સંતાનથી ચિંતા વાળો બને.

સૂર્ય :– ૧૨) સૂર્ય બારમા ભુવનમાં હોય તો લાલચુ બને, કાકાને હાનિ પહોંચાડે, રસ્તે ચાલતાં પિતાને દુઃખ દે.

ચંદ્રના ગ્રહનું ફળ :— (ભુવન પ્રમાણે)



ચંદ્ર :– ૧) ચંદ્ર પહેલા ભુવનમાં હોય તો અને નીચેનો હોય તો માણસ મંદ વીર્યવાળો હોય, બાપનું સુખ થોડુ હોય, બળ ઓછુ હોય અને શરીરે દુબળો હોય પણ ઉંચનો તથા વૃષભ કે કર્ક રાશિનો હોય તો બધુજ સારૂ હોય છે, મન અસ્થિર હોય છે.

ચંદ્ર :– ૨) ચંદ્ર બીજા ભુવનમાં હોય તો દેવ સરખી સાહ્યબી ભોગવે સ્ત્રીને વલ્લભ હોય પણ કુટુંબનું સુખ થોડુ હોય.

ચંદ્ર :– ૩) ચંદ્ર ત્રીજા ભુવનમાં હોય તો કોઇપણ સ્ત્રીમાં ફસાય નહિ. તપ કરવાવાળો હોય. કુટુંબ પ્રત્યે સુખી હોય, ધર્મ પ્રત્યે રૂચિ હોય.

ચંદ્ર :– ૪) ચંદ્ર ચોથા ભુવનમાં હોય તો માતા તથા મિત્રનું સુખ સારૂ હોય, નીચનો હોય તો નહિ.

ચંદ્ર :– ૫) ચંદ્ર પાંચમા ભુવનમાં હોય તો પુત્રનું સુખ હોય બુધ્ધિશાળી હોય, ધનનો લાભ થાય, વેપારમાં લાભ થાય.

ચંદ્ર :– ૬) ચંદ્ર છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષ રૂપવાન હોય, જીતેલો શત્રુ સામો થાય, કફ થાય, ધનનો નાશ થાય.

ચંદ્ર :– ૭) ચંદ્ર સાતમા ભુવનમાં હોય તો સ્ત્રીઓ મોહિત બને, પોતાની સ્ત્રીનુ સુખ હોય, સ્ત્રીઓ પ્રત્યે પ્રીતી ધરાવનારો બને, હંમેશા મીઠાં-ભોજન મળે, લોભ પ્રકૃત્તિ વધારે હોય અને તેનો જન્મ અંધારીયામાં હોય; દુશ્મન તરફનું દુઃખ હોય.

ચંદ્ર :– ૮) ચંદ્ર આઠમા ભુવનમાં હોય, તો હંમેશા રોગી હોય હર હંમેશા ડોકટરનું ઘર ભરતો હોય. પચન ક્રિયા મંદ હોય, કુવા, વાવ, નદી યથાર્થ પાણીથી ઘાત હોય.

ચંદ્ર :– ૯) ચંદ્ર નવમા ભુવનમાં હોય તો બ્રાહ્મણ વિગેરે સ્તુતિ કરતા હોય, ભુકતભોગી અને નિરોગી હોય, પણ ચંદ્રમાની કળાની માફક ચઢતી કળાવાન હોય.

ચંદ્ર :– ૧૦) ચંદ્ર દસમા ભુવનમાં હોય તો બાપનું સુખ થોડુ હોય, સાહ્યબીને ભોગવનાર હોય, ધર્મિષ્ઠ હોય અને નવીન સાહ્યબી ભોગવનાર હોય છે.

ચંદ્ર :– ૧૧) ચંદ્ર અગ્યારમા ભુવનમાં હોય તો રાજ્યલક્ષ્મી મળે, યશ ઘણો મળે, શોભા મળે, સંતાન ઘણા મળે, ચંદ્ર નીચનો હોય તો અને શનિની કે મંગળની દ્રષ્ટિ પડતી હોય તો તેની ઘરવાળી તેનેજ ઝેર આપે, આપીને કહી દે અને ઝેર પીનાર બચી પણ જાય તેમજ લગ્ન ન થયા હોય તો પણ જેની સાથે મિત્રાચારી હોય તે લગ્ન તેનીજ સાથે થાય પણ તેને પુત્રી ન હોય. (બ્રહતપાલા ગ્રંથના આધારે)

ચંદ્ર :– ૧૨) ચંદ્ર બારમા ભુવનમાં હોય તો આંખ તથા શત્રુનો ભય રહે, ધનનો વ્યય થાય, પીતરાઈનો કલેશ સહન કરવો પડે, સ્ત્રી તરફનો પ્રેમ થોડો થાય, જુઠ્ઠો હોય.

મંગળના ગ્રહનું ફળ :– (ભુવન પ્રમાણે)



મંગળ :– ૧) મંગળ પહેલા ભુવનમાં હોય તો પુરૂષને લોઢા તથા અગ્નિ ઘાત આવે, માથામાં દર્દ રહે, નિર્ભય હોય અને તેની સ્ત્રીને બાળક જન્મે તો તે બાળક બુધ્ધિ હીન હોય, પ્રસુતી વખતે સ્ત્રીને પીડા થાય અને ફરજંદ ઓછા હોય.

મંગળ :– ૨) મંગળ બીજા ભુવનમાં હોય તો કુટુંબ ઝાઝું હોય, ધન ઝાઝું હોય પણ એને કામ ન આવે.

મંગળ :– ૩) મંગળ ત્રીજા ભુવનમાં હોય તો ધર્મ કરે પરંતુ પાછો પડે, પણ વ્યવહારમાં કુશળ હોય; ભાઈ–બેન તરફથી દુઃખ ભોગવે, અપયશ મળે.

મંગળ :– ૪) મંગળ ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષને મિત્રનું સુખ થોડુ હોય પરંતુ રાજ્ય તરફથી વસ્ત્ર તથા ધનની પ્રાપ્તિ થાય

મંગળ :– ૫) મંગળ પાંચમા ભુવનમાં હોય તો પુરૂષની જઠરાગ્નિનુ જોર સારૂ હોય છે. બળવાન હોય, પુત્રનું સુખ થોડુ હોય, કદાચીત્ બને તો એક પુત્રનું સુખ હોય, બુધ્ધિ પાપ માર્ગે પ્રર્વતાવે, હંમેશા ચિત્ત કલેશમય હોય, બુદ્ધિશાળી હોય.

મંગળ :– ૬) મંગળ છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષ વૈરીનો નાશ કરે છે. સંગ્રામમાં શુરવીર બને, મોસાળ પક્ષમાં અણબનાવ હોય, એકવાર ધન ગયેલુ પાછુ મેળવે.

મંગળ :– ૭) મંગળ સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષને સ્ત્રી તરફથી દુઃખ હોય, વેપારમાં લાભ મળે નહિ અને રીસાળી પ્રકૃતિ હોય.

મંગળ :– ૮) મંગળ આઠમા ભુવનમાં હોય તો તે પુરૂષ શરીરે ગુમડાથી પીડાવાળો હોય, પૈસા રહિત હોય મિત્ર ઉપર ઉપકાર કરે તો પણ તેના પર શત્રુ પણ રાખે.

મંગળ :– ૯) મંગળ નવમા ભુવનમાં હોય તો તે પુરૂષનો મોટો ભાઈ ન હોય, મોટા સાળાનું સુખ નહિ હોય, વેપારમાં થોડો લાભ મળે.

મંગળ :– ૧૦) મંગળ દસમા ભુવનમાં હોય તો તે પુરૂષ ગામમાં જ્ઞાતિમાં આગેવાન થાય, રાજ્ય કાર્યમાં કુશળ હોય, ખનીજ પદાર્થના વેપારમાં લાભ મળે.

મંગળ :– ૧૧) મંગળ અગ્યારમાં ભુવનમાં હોય તો પુત્રનું સુખ થોડુ મળે, વૈરી તરફથી દુઃખ હોય, કોઈપણ શત્રુ ફાવી શકે નહિ, ધનનો લાભ થાય (ખોટું આળ આવે)

મંગળ ;– ૧૨) મંગળ બારમા ભુવનમાં હોય તો વાહનનું સુખ મળે, પુરૂષના દેહે સુખ થોડુ હોય તેમજ સ્ત્રીના સુખમાં ખામી, રોગ શત્રુથી ઘેરાયેલો હોય અને ઇંદ્રિપણ જો રક્ષણ કરે તો પણ લોઢાની ઘાત જાય.

બુધના ગ્રહનું ફળ :– (ભવન પ્રમાણે)



બુધ :– ૧) બુધ પહેલા ભુવનમાં હોય તો તે માણસ નિરોગી હોય રૂપવાન જશવંત હોય, શાંત પ્રકૃતિવાળો હોય, જઠરાગ્ની તેજ હોય.

બુધ :– ૨) બુધ બીજા ભુવનમાં હોય તો તે માણસ બુધ્ધિવાન, ધનવાન, ઉદાર પ્રવૃત્તિવાળો, સભામાં શોભે તેવો હોય, સુખ સાહ્યબી વાળો હોય.

બુધ :– ૩) બુધ ત્રીજા ભુવનમાં હોય તો, વેપારી વર્ગથી મિત્રતા, ભાડુંવર્ગનું સુખ હોય, પોતાના કુળના પ્રમાણે આચારમાં વર્તવાવાળો હોય, વિનયવંત હોય, શાંત હોય, ત્યાગી તથા ભોગી હોય, સામી વ્યક્તિને આંખમાં આંજી દે છે.

બુધ :– ૪) બુધ ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષને સારા મિત્રનો સમાગમ થાય, રાજદરબારમાં હોદ્દો મળે, પોતાના હાથ નીચે ઘણા માણસો કામ કરે, બાપના ધનથી રહિત હોય છે. પોતાના ધનથી નિર્વાહ કરે છે.

બુધ :– ૫) બુધ પાંચમાં ભુવનમાં હોય તો તે પુરૂષને ધન મેળવવાની ઈચ્છા હંમેશાં રહે છે બુદ્ધિશાળી હોય કપટ સહિત પાપ કરે. પુત્રનો નાશ કરે.

બુધ :– ૬) બુધ છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષ ધનવાન હોય અને શત્રુનો નાશ કરે, સાધુનો ઉપદેશ સાંભળે, વાયુની પ્રકૃતિવાળો હોય, સારા માર્ગે ધન વાપરવાની ઈચ્છાવાળો અને શરીરે નિર્બળ હોય.

બુધ :– ૭) બુધ સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષને સ્ત્રીનું સુખ હોય તુચ્છ વીર્યવાળો હોય, બુધ તથા સૂર્ય બન્ને સાતમા ભુવનમાં ભેગા થયા હોય તો કંચનમય કાયાવાળો હોય, તેમજ પૈસાનું અભીમાન ન હોય.

બુધ :– ૮) બુધ આઠમા ભુવનમાં હોય તો તે માણસનુ સો વર્ષનુ આયુષ્ય હોય, દેશાવરમાં પ્રખ્યાત હોય. વેપાર તથા રાજ્ય તરફથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય, સ્ત્રીનુ સુખ સારૂ હોય અને બુદ્ધિવંત હોય.

બુધ :– ૯) બુધ નવમા ભુવનમાં હોય તો તે માણસ ધાર્મિક અને બુદ્ધિવંત હોય, સાધુપણું પામે, તીર્થયાત્રા કરે, કુળની કીર્તી વધારે.

બુધ :–૧૦) બુધ દસમા ભુવનમાં હોય તો તે પુરૂષ થોડું બોલવાવાળો થાય, સુખી હોય એક ઉપર ગુસ્સો થાય તો બીજા પર પ્રસન્ન બને, રાજા જેવુ મન હોય અને પિતાથી અધિક સુખી હોય.

બુધ :–૧૧) બુધ અગ્યારમા ભુવનમાં હોય તો તે પુરૂષને દરેક રીતે લાભ થાય પણ બુધ જો નીચેનો હોય તો દરેક રીતે દુઃખી અને શરીરે નબળો હોય.

બુધ :–૧૨) બુધ બારમા ભુવનમાં હોય તો તે પુરૂષ શત્રુથી ઘેરાયેલો રહે છે અને ધનનો નાશ થાય છે.



ગુરૂના ગ્રહનું ફળ (ભવન પ્રમાણે)

ગુરૂ :– ૧) ગુરૂ પહેલા ભુવનમાં હોય તો તે માણસ કાંતિવાન, શરીરે સુખી, દેવગતિએ જવાવાળો હોય, તેમજ સારા માર્ગે ધન ખરચનાર હોય છે.

ગુરૂ :– ૨) ગુરૂ બીજા ભુવનમાં હોય તો તે માણસ કવિ, બુદ્ધિમાન, તત્વવેત્તા, મોઢાના રોગવાળો, કષ્ટથી ધન મેળવે પણ પાસે રહે નહિ.

ગુરૂ :– ૩) ગુરૂ ત્રીજા ભુવનમાં હોય તો તે માણસને નાનાભાઈનું સુખ થોડું હોય, મિત્ર પર કરેલો ઉપકાર તે ભુલી જાય અને ભાગ્યનો ઉદય છતાં વેપારમાં લાભ મળે નહિ.

ગુરૂ :– ૪) ગુરૂ ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષને ઘર આંગણે ઘોડાનો હણહણાટ હોય, બ્રાહ્મણો તેની સ્તુતી કરે, વૈરી સેવક થઈ રહે, પણ ગુપ્ત ચિંતા રહે.

ગુરૂ :– ૫) ગુરૂ પાંચમાં ભુવનમાં હોય તો તે પુરૂષ સદા આનંદી હોય, વાકય ચાતુર્યવાળો હોય સર્વ કામમાં કુશળ પરંતુ પુત્ર હોવા છતાં દુઃખ ભોગવે છે.

ગુરૂ :– ૬) ગુરૂ છઠ્ઠા ભુવનમાં હોય તો તે મનુષ્યની નિરોગી કાયા હોય, શત્રુનો નાશ કરવાવાળો હોય છે. પોતાની લક્ષ્મીવડે પોતે પરણે, આનંદમાં રહે, પરંતુ મોસાળ પક્ષથી દુઃખી હોય.

ગુરૂ :– ૭) ગુરૂ સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષ ધનવાન, બુદ્ધિવાન, હોય અને સ્ત્રીનું સુખ હોય, પૈસા તરફ લોભની વૃત્તિ હોય, સંતાન ઘણા હોય અહંકારી હોય, દિવ્ય કાન્તિવાન હોય તથા અન્ય સંબંધવાળો હોય.

ગુરૂ :– ૮) ગુરૂ આઠમા ભુવનમાં હોય તો તે પુરૂષ રોગી હોય, રોગથી ઘેરાયેલો હોય પણ સદ્‌બુદ્ધિ થવાથી મરણ સુધરે.

ગુરૂ :– ૯) ગુરૂ નવમા ભુવનમાં હોય તો તે પુરૂષ ચાર માળના મકાનમાં રહેનાર હોય. રાજા તથા ભાઈને વ્હાલો હોય; વિનયવાળો હોય પણ ધર્મમાં શ્રધ્ધા રહિત હોય.

ગુરૂ :–૧૦) ગુરૂ દસમા ભુવનમાં હોય તો તે સુશોભિત મકાનમાં પિતાથી અધિક સુખ ભોગવનાર ચંદ્રમાથી અધિક કાન્તીવાળો, પુત્રથી અસંતોષી, અન્ન ઘણુ હોય અને અતિથિ ઘણા પોષાય.

ગુરૂ :–૧૧) ગુરૂ અગ્યારમા ભુવનમાં હોય તો તે પુરૂષ સંતોષી બુદ્ધિવાળો હોય, પાંચ પુત્રની પ્રાપ્તિ હોય, શુભ કાર્યમાં ધન વાપરે.

ગુરૂ :–૧૨) ગુરૂ બારમા ભુવનમાં હોય તો તે પુરૂષ અહંકારી, ધન ખર્ચનાર હોય, પારકા ધનને પચાવવાળો હોય, જેથી છેવટે પૈસાનો નાશ કરનારો હોય.

શુક્રના ગ્રહોનું ફળ (ભવન પ્રમાણે)



શુક્ર :– ૧) શુક્ર પહેલા ભવનમાં હોય તો તે પુરૂષ દેદીપ્યમાન હોય, સારી સોબત કરવાળો, ઘણી સ્ત્રીઓ હોય, ભાગ્યશાળી હોય, અન્ન ઘણું, સુખને ભોગવનારો હોય.

શુક્ર :– ૨) શુક્ર બીજા ભવનમાં હોય તો તે પુરૂષ મીઠીવાણી બોલનારો હોય. ડહાપણવાળો હોય, સુખી અને સારા વસ્ત્ર પહેરવાવાળો હોય.

શુક્ર :– ૩) શુક્ર ત્રીજા ભુવનમાં હોય તો તે માણસને સ્ત્રીનું સુખ તથા ભાઇનુ સુખ સારૂ હોય, પુત્રનું સુખ થોડુ હોય. લડાઈમાં કાયર હોય.

શુક્ર :– ૪) શુક્ર ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષને મોટાઇપણુ મળે બીજા કોઇથી દુઃખી થઈ શકે નહિ, બીજા ક્રોધ કરે તોયે શુ ? અને રૂઠયા તોયે શુ ? તુઠ્યા તોયે શુ ? માતાજીનું સુખ હોય ભાગ્ય વિના સંપૂર્ણ ભેટો મળે.

શુક્ર :– ૫) શુક્ર પાંચમા ભુવનમાં હોય તો સારૂ. પણ જો પાંચમા ભુવનમાં શુક્ર ન હોય તો, પુત્ર હોય તોયે શુ ? લક્ષ્મી હોય તોયે શુ ? મીઠા ભોજનથી બીજાને ઉપકાર ન કર્યો તોયે શુ ? વક્તચાતુરી ન આવડી તોયેશુ, ભણ્યા તોયે શુ ? અને ન ભણ્યા તોયે શુ ?

શુક્ર:– ૬) શુક્ર છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષને શત્રુનો વધારો થાય, સારા માર્ગે ધન વાપરે કોઇની મદદ લેવાથી ઉલટો દુઃખી થાય.

શુક્ર :– ૭) શુક્ર સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષ સ્ત્રીનું સુખ થોડુ હોય પણ પવિત્ર સ્ત્રી હોય તો પોતાના ઘરમાં સુખ આપે. સ્ત્રીની સાથે પરદેશ ફરી શકે નહિ માટે આતુરતાવાળો રહે.

શુક્ર :– ૮) શુક્ર આઠમા ભુવનમાં હોય તો તે પુરૂષને જુઠું બોલનાર હોય, લાંબા આયુષ્યવાળો હોય સંગ્રામમાં ધન ખર્ચે તેમ આવે.

શુક્ર :– ૯) શુક્ર નવમા ભુવનમાં હોય તો તે પુરૂષને ગામમાં વગર વ્યાજે રૂપીયા ધીરનાર હોય, ઘરમાં દાન ધર્મની ધ્વજા ફરકયા કરે પણ ભાઈઓના તાબે રહેનાર હોય.

શુક્ર :– ૧૦) શુક્ર દશમાં ભુવનમાં હોય તો તે મનુષ્ય પોતાના ગોત્રના બળને રૂંધનારો હોય, પરદેશમાં ફરી ધન ક્ષય કરે, માત્ર બોલવા માત્રથી ઉજળો છે.

શુક્ર :– ૧૧) શુક્ર અગ્યારમાં ભુવનમાં હોય તો તે પુરૂષ પુત્રવાન, જસવાન, રૂધ્ધિવાળો, બુધ્ધિવાળો, લક્ષ્મીવાન, લાભ મેળવનાર, દાનનો દાતા અને હંમેશા સાહ્યબીને ભોગવનારો હોય

શુક્ર :– ૧૨) શુક્ર બારમાં ભુવનમાં હોય તો તે પુરૂષને લાભ થોડો–નુકસાન વધારે, સારૂ સુખ ભોગવે, સારા કામો કરનાર છે, અને તેજમાં અંજાઈજાઈ પ્રતાપી અને મોસાળ પક્ષે સુખી હોય.

શનિના ગ્રહોનું ફળ (ભવન પ્રમાણે)



શનિ :- ૧) શનિ પહેલા ભુવનમાં હોય તો, બળ, બુધ્ધિ, પરાક્રમ હીન હોય, ગેર દ્રષ્ટિ કે પાણીના વિકારથી દુઃખ રહે. કાંઈક વિદ્વતાવાળો હોય પણ અહંકારી હોય.

શનિ :- ૨) શનિ બીજા ભુવનમાં હોય તો તે પુરૂષ સર્વભક્ષી બને, મિત્ર સાથે કલેશ થાય, સુખ રહિત હોય, કાંઈપણ આપવાની ઈચ્છા ન હોય તથા કુટુંબથી કંટાળેલો હોય.

શનિ :- ૩) શનિ ત્રીજા ભુવનમાં હોય તો તે પુરૂષના મનમાં ઉદ્વેગ રહ્યા કરે, ઉધમી હોય પણ જુઠું બોલતો હોય, કામમાં વિઘ્ન આવે. કોઈ માણસ માન સત્કાર કરે પણ તેની તેને કિંમત ન હોય

શનિ :- ૪) શનિ ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષ પિતાના સુખથી રહિત હોય, ઘર તથા ધનના દુઃખથી પીડીત હોય, મિત્ર તરફથી અપવાદ સહન કરતો હોય, મા-બાપને દુઃખદાયી હોય, બાળક તરફથી દુઃખને ભોગવે, શરીરે વાયુની પીડા રહ્યા કરે.

શનિ :- ૫) શનિ પાંચમા ભુવનમાં હોય તો તે પુરૂષ પ્રજા તરફથી દુઃખી હોય, લક્ષ્મી આવે ને જાય, બુદ્ધિશાળી અને આનંદી હોય પણ ધર્મ રહિત હોય, મિત્રાદિકથી દુઃખ પામે.

શનિ :- ૬) શનિ છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષને રાજાનો, ચોરનો ભય રહે, બળ, બુદ્ધિથી જીતી શકે નહિ. અર્થાત્ શત્રુનો નાશ કરે, ભેંસના વેપારમાં લાભ. મોસાળ પક્ષે દુઃખી હોય.

શનિ :- ૭) શનિ સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષને મિત્ર તથા સ્રી તરફથી મનમાં ઉદ્વેગ રહે, સ્રી તથા પોતે રોગિષ્ટ હોય; કાયરતા હોય, ઉત્સાહ તથા પરાક્રમ રહિત હોય.

શનિ :- ૮) શનિ આઠમાં ભુવનમાં હોય તો તે પુરૂષને વ્હાલેશ્રીનો વિયોગ થાય. શત્રુનો કલેશ, ધનનો નાશ, શરીર રોગી, ક્રોધમય દ્રષ્ટિ અને એની સાથે કોઈને ફાવે નહિ.

શનિ :- ૯) શનિ નવમા ભુવનમાં હોય તો તે પુરૂષની મતિ ઉજળી હોય પણ આચાર ભ્રષ્ટ હોય, યોગ શાસ્ત્રમાં પ્રવીણ, રાજાથી લાભ, મિત્ર તથા પુત્રથી દુઃખી હોય, અનાથનો પાલણહાર, સુખ ભાગવે યા સાધુ થાય.

શનિ :- ૧૦) શનિ દસમાં ભુવનમાં હોય તો તે પુરૂષને મા-બાપનું સુખ ન હોય, દરેક જગ્યાએ પ્રસિદ્ધ હોય, ખરાબ કામ કરવામાં આગેવાન હોય, છેવટે સુખી થાય પણ પૈસાથી દુઃખી રહે.

શનિ :- ૧૧) શનિ અગ્યારમાં ભુવનમાં હોય તો તે પુરૂષને સ્થિરચિત, આયુષ્યમાન, લક્ષ્મીવાન, નીરોગી, પુત્ર-પુત્રીઓથી સુખ હોય, બધા માણસોને પહોંચીવળે પણ પ્રપંચી હોય.

શનિ :- ૧૨) શનિ બારમા ભુવનમાં હોય તો તે પુરૂષ ખરાબ અને નિર્લજ હોય પણ શનિ લગ્નનો માલીક હોય તો લક્ષ્મીવાન હોય, ઘરની બહાર પ્રશંસા પામે પણ ઘરમાં દિલગીર હોય આંખની પીડા ભોગવે અને શત્રુનો નાશ કરવાવાળો હોય.

રાહુના ગ્રહોનું ફળ (ભવન પ્રમાણે)



રાહુ :- ૧) રાહુ પહેલા ભુવનમાં હોય તો તે પોતાના પરાક્રમથી બીજાને દબાવે. પોતાના તથા પારકાના કામો કરે અને પોતાની સ્ત્રી પરાક્રમી હોય, નાની વાતને મોટું સ્વરૂપ આપે.

રાહુ :- ૨) રાહુ બીજા ભુવનમાં હોય તો તે પુરૂષને કુટુંબનો વિરોધ હોય છતાં સિંહની માફક મ્હાલતો હોય, પૈસાનુ રક્ષણ કરે. તેમજ કુટુંબનો પરાભવ કરે, પોતાના શસ્ત્ર દ્વારા દુ:ખ થાય અને શત્રુના હાથમાં સપડાઈ જાય.

રાહુ :- ૩) રાહુ ત્રીજા ભુવનમાં હોય તો તે પુરૂષને બળ હોય સર્વ સ્નેહિ પ્રત્યેમાન હોય; જેથી એનો મહિમા ઘણો હોય અને જો કેતુ હોય, તો નિર્ભાગી હોય.

રાહુ :- ૪) રાહુ ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષની માતાને ઘણો રોગ હોય. મનમાં ઉદવેગ રહ્યા કરે. બહારના સુખ નકામા લાગે છે પણ જો રાહુ **મેષ, વૃષભ અને કર્ક**ના હોય તો સુખી અને **કન્યા અને મિથુનમાં** હોય તો રાજ તુલ્ય સુખ ભોગવે.

રાહુ :- ૫) રાહુ પાંચમા ભુવનમાં હોય તો તે માણસને પુત્ર સારા હોય અને સ્ત્રી તરફથી દુ:ખ હોય. પેટના દર્દથી પીડાતો હોય અને તે નિર્ભાગી હોય.

રાહુ :- ૬) રાહુ છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષ બળ, બુદ્ધિ અને વીર્યવંત હોય, વૈરી તરફથી મૃત્યુ થાય, કુટુંબ તથા મોસાળ પક્ષથી દુ:ખી હોય.

રાહુ :- ૭) રાહુ સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષની સ્ત્રી નાશ પામે એટલે એના તરફનુ દુ:ખ ભોગવવુ પડે તેની સ્ત્રી કાળા રંગની હોય અને તે પુરૂષને, ક્ષય, ધાતુ ભગંધર રોગવાળો જાણવો અને ઉપાય કરવાથી પણ ફેર પડે નહિ.

રાહુ :– ૮) રાહુ આઠમા ભુવનમાં હોય તો તે પુરૂષને રાજા તથા પ્રધાન મોટો કરીને માને. પણ ઘરના માણસથી નીંદિત હોય. એકવાર ભાગ્યોદય જાગે પણ વારંવાર ધનનો નાશ થાય, પિતાની લક્ષ્મીનુ સુખ થોડુ હોય કંઠમાળનો રોગ હોય.

રાહુ :– ૯) રાહુ નવમા ભુવનમાં હોય તો તે પુરૂષ લીધેલી પ્રતિજ્ઞા છોડે નહિ કુટુંબનો ત્યાગ કરે. પણ બીજા લોક માન આપે, તમાસો જોવા માટે આનંદી હોય.

રાહુ :– ૧૦) રાહુ દસમા ભુવનમાં હોય તો તે પુરૂષ ધનનો અહંકારી હોય, ખર્ચ કરનાર હોય, જગતમાં યશ મેળવનારો હોય, ચાર લોકમાં બેસનાર છે. લોકોનુ કામ કરવામાં આરામ મળે નહિ. મિત્રના દુઃખથી દુઃખી હોય અને રાહુના ઠેકાણે કેતુ હોય તો તે ખરાબ કામને કરવાવાળો થાય.

રાહુ :– ૧૧) રાહુ અગ્યારમાં ભુવનમાં હોય તો તે પુરૂષ બોલતાની સાથે ધન મેળવે. મહેનત તેમજ પરદેશ જવાની જરૂર ન પડે સામા પાસેથી ધન ચાલ્યુ આવે પણ પ્રપંચી હોય. કુટુંબ તરફથી શત્રુભાવ ઉભો થાય.

રાહુ :– ૧૨) રાહુ બારમા ભુવનમાં હોય તો તે પુરૂષ રાજાની શોભા પામે ભંડાર ભરપુર હોય ઘણા પ્રકારના ધનનો સંચય થાય. દેશમાં શ્રેષ્ઠ ગણાય. ધન ધાન્યથી ભરેલો હોય. કેટલાક આચાર્ય મ. નો આવો મત છે. બારમા ભુવનમાં રાહુ સાથે બીજા ગ્રહો પડ્યા હોય તો તે નિષ્ફળ જાય, તૃષ્ણા અનંતી વધે, જેથી દુઃખ પામે.

કેતુના ગ્રહોનું ફળ (ભવન પ્રમાણે)



કેતુ :– ૧) કેતુ પહેલા ભુવનમાં હોય તો તે પુરૂષને કુટુંબથી કલેશ, રોગીષ્ટ, સ્ત્રીની ચિંતા, પરદેશ ફરવાથી નિર્બળ થાય અને મન સદા ચિંતાતુર રહે.

કેતુ :– ૨) કેતુ બીજા ભુવનમાં હોય તો તે પુરૂષના ધનનો નાશ થાય, કુટુંબ સાથે અણબનાવ રાજા તરફથી પૈસાની ચિંતા, ખોટુ વચન બોલનાર પરંતુ જો કેતુ ઉંચનો હોય તથા સ્વગ્રહી હોય તો સર્વ કામમાં સારૂ ફળ મળે.

કેતુ :– ૩) કેતુ ત્રીજા ભુવનમાં હોય તો તે પુરૂષને શત્રુનો નાશ થાય, પોતાની મહેનતથી પૈસો ભેગો કરે, ભાઈઓનુ સુખ થોડુ અને કુટુંબનો વિયોગ થાય.

કેતુ :– ૪) કેતુ ચોથા ભુવનમાં હોય તો તે પુરૂષની માતાને પીડા થાય છે. **સજ્જન** સાથે કલહ થાય, પિતાના ઘરમાં ન રહે પશુ તરફથી દુઃખ મળે અને વાયુના રોગથી પીડા પામતો હોય.

કેતુ :– ૫) કેતુ પાંચમા ભુવનમાં હોય તો તે પુરૂષ પુત્ર તરફથી દુઃખી હોય, બુદ્ધિથી પૈસો મેળવે, ક્રુર કર્મ કરવામા કુશળ હોય, સાહસિક, નિર્દય હોય, દયાહીન હોય, પોતાના તથા પારકાના કુટુંબને દુઃખ આપે.

કેતુ :– ૬) કેતુ છઠ્ઠા ભુવનમાં હોય તો તે પુરૂષના શત્રુનો નાશ થાય સુખ થોડું, મોસાળ તરફથી દુઃખી, ધનની પ્રાપ્તિ થોડી અને પ્રેમ વિનાનો હોય.

કેતુ :– ૭) કેતુ સાતમા ભુવનમાં હોય તો તે પુરૂષને મુસાફરી કરતાં ધનનો નાશ થાય, વેપારમાં કોઈ વખત થોડો લાભ મળે, સ્ત્રીથી દુઃખી, શરીરે દુર્બળ, પણ કર્કનો કેતુ હોય તો શુભફળ આપે છે.

કેતુ :– ૮) કેતુ આઠમા ભુવનમાં હોય તો તે પુરૂષ ધન તથા ચારપગ વાળાથી દુઃખી હોય, શરીર તરફથી રોગી હોય, માણસો તરફથી ગુપ્ત ચિંતા થાય.

કેતુ :– ૯) નવમા ભુવનમાં કેતુ હોય તો તે પુરૂષ મ્લેચ્છો તરફથી ધન મેળવે ભાઇઓને પીડા કરે, શરીરે નિરોગી હોય ધર્મ રહિત હોય અને દાન–પુણ્ય વગરનો હોય.

કેતુ :– ૧૦) કેતુ દસમાં ભુવનમાં હોય તો તે પુરૂષને પિતાનું સુખ થોડુ હોય, શત્રુ ન હોય મહેનત કરી પોતાનુ જીવન ચલાવે, કુટુંબની પીડા કરે, પણ જો કન્યા રાશિનો કેતુ દસમા ભુવનમાં હોય તો તે વેપારમાં સુખી થાય.

કેતુ :– ૧૧) કેતુ અગ્યારમા ભુવનમાં હોય તો તે પુરૂષ વિદ્વતાનો દંભ કરે, પૈસાથી સુખી, સંતાનથી પીડાકરનારો, શરીરે સુંદર વાયુ પ્રકૃત્તિને લઈ કુટુંબને પીડા કરે, નીચ ધંધો કરે અને મ્લેચ્છોથી ધન મેળવે

કેતુ :– ૧૨) કેતુ બારમા ભુવનમાં હોય તો તે પુરૂષ માથા તથા નેત્રના દર્દ વાળો હોય, બુદ્ધિની ભ્રાંતિથી ખોટે રસ્તે પૈસાનો ખર્ચ કરનારો, શત્રુ વગરનો, મોસાળ પક્ષને દુઃખ દેનાર, શરીરે દુર્બળ.

✻ ગોચરના ગ્રહોનું પરિભ્રમણ ✻

૧) લગ્નમાંથી સૂર્ય પસાર થાય ત્યારે મગજ ગરમ રહે, પરંતુ જન્મનો શનિ–મંગળ–રાહુ અને કેતુ બેઠેલો હોય તો વધુ ઉશ્કેરાટ કરાવે અને તબીયત બગાડે, પરંતુ **શુક્ર ઉપરથી**

સૂર્ય પસાર થાય તો પ્રવાસ કરાવે **ગુરૂ ઉપરથી** સૂર્ય પસાર થાય તો મનને સ્થિર રાખે અને સ્થિર કાર્ય કરાવે, સ્થિર કાર્ય કરવાની પ્રવૃત્તિ કરાવે. **બુધની ઉપરથી** સૂર્ય પસાર થતો હોય તો કંઈક નવુ જાણવાની જિજ્ઞાસા બતાવે.

૨) બીજા ભુવનમાંથી સૂર્ય પસાર થાય ત્યારે જન્મનો શનિ–મંગળ–રાહુ–કેતુ બેઠેલો હોય તો પૈસાની નુકસાની કરાવે અને શુભ ગ્રહ હોય તો પૈસાની વૃધ્ધિ કરાવે.

૩) ત્રીજા ભુવનમાંથી સૂર્ય પસાર થાય ત્યારે જન્મનો શનિ–મંગળ–રાહુ અને કેતુ બેઠેલો હોય તો કુટુંબનો અસંતોષ નિર્માણ કરે અને શુભ ગ્રહ બેઠેલો હોય તો સુખી કરે, તેમજ ઝાડાનો રોગ કરાવે, ક્યાં તો ગરમીનો રોગ કરાવે.

૪) ચોથા ભુવનમાંથી સૂર્ય પસાર થાય ત્યારે જન્મનો શનિ–મંગળ–રાહુ અને કેતુ બેઠેલો હોય તો માનસીક અસંતોષ નિર્માણ થાય અને શુભગ્રહ બેઠેલો હોય તો ખરાબ વસ્તુને નષ્ટ કરે છે. કોરટ કચેરીના લફરા ચાલે, ભાગીદારીમાં અસંતોષ કરાવે, સ્ત્રી સાથે ઝગડા કરાવે.

૫) પાચમાં ભુવનમાંથી સૂર્ય પસાર થતો હોય ત્યારે આઠમા ભુવનમાં કોઈપણ પાપ ગ્રહ બેઠેલો હોય તો, દાઝવાના, પડવાના તથા આર્થિક નુકસાનના સંભવો રહે છે. પરંતુ શુભગ્રહ બેઠેલો હોય તો આર્થિક લાભ પણ થાય, જો તે સમયે પોતાની સ્ત્રીની પ્રસુતિ આવવાની હોય તો પુત્ર પણ થાય, પણ જો જન્મનો બુધ તથા ચંદ્ર તે જગ્યાએ તે બેમાંથી એક હોય તો પુત્રી થાય.

૬) છઠા ભૂવનમાંથી સૂર્ય પસાર થાય ત્યારે જો મંગળ બેઠેલો હોય તો ગુમડા થાય શનિ હોય તો ટાયફોડ થાય, રાહુ હોય અને શિયાળો હોય તો ન્યુમોનીયા થાય, ઉનાળો હોય તો ટાયફોડ થાય, ચંદ્ર હોય તો શરદી થાય, બુધ હોય તો ડાયાબીટીશ થાય, શુક્ર હોય તો શરીરની શકિત ક્ષીણ થાય, જો ગુરૂ હોય તો કોઈ દર્દનો સંભવ નથી પણ જો નીચનો ગુરૂ હોય તો શારિરીક થોડો નાશ થાય કુટુંબમાં વિખવાદ કરાવે, આર્થિક નુકસાન કરાવે.

૭) સાતમા ભુવનમાં ગુરૂ સિવાયનો કોઈપણ ગ્રહ હોય તો માનસિક, શારિરીક, આર્થિક દરેક રીતે સંતાપ કરાવે પણ જો ગુરૂ હોય તો અશુભ ફળનો નાશ કરે છે.

૮) આઠમા ભૂવનમાં સૂર્ય પસાર થતો હોય તો માંદગી લઈ આવે અથવા અકસ્માત્ કરાવે.

૯) નવમાં ભૂવનમાં સૂર્ય પસાર થતો હોય ત્યારે જો શુભગ્રહ હોય તો પ્રવાસ કરાવે, પાપગ્રહ જો હોય તો આર્થિક સ્થિતિ બગાડે.

૧૦) દસમા ભુવનપરથી સૂર્ય પસાર થતો હોય ત્યારે જન્મના રાહુ સિવાયના પાપગ્રહો બેઠા હોય તો ધંધા રોજગારની વૃધ્ધિ કરવે અને જો રાહુ બેઠો હોય તો ધંધા રોજગારનુ નુકસાન કરે.

૧૧) અગ્યારમા ભુવનપરથી સૂર્ય પસાર થતો હોય ત્યારે જન્મનો શનિ–મંગળ–રાહુ–કેતુ બેઠેલા હોય તો કુટુંબમાં અસંતોષ નિર્માણ કરે અને શુભગ્રહ બેઠેલા હોય તો સુખી કરે, તેમજ ઝાડાનો રોગ કરાવે, ક્યાં ગરમી કરાવે

૧૨) બારમા ભુવનપરથી સૂર્ય પસાર થતો હોય ત્યારે જો મંગળ બેઠેલો હોય તો ગુમડા થાય. શનિ હોય તો ટાયફોડ થાય, રાહુ અને શિયાળો હોય તો ન્યુમોનીયા થાય, ઉનાળો હોય તો ટાયફોડ થાય, ચંદ્ર હોય તો શરદી થાય, બુધ હોય તો ડાયાબીટીશ થાય, શુક્ર હોય તો શરીર શકિતક્ષીણ થાય, જો ગુરૂ હોય તો કોઈ દર્દનો સંભવ નથી. પણ જો નીચનો ગુરૂ હોય તો શારિરીક થોડો નાશ થાય, કુટુંબમાં વિખવાદ કરાવે, આર્થિક નુકસાન કરાવે.

૧) જન્મના **શનિ પરથી ચંદ્ર પસાર** થાય ત્યારે સવાબે દિવસ બહુ ખરાબ જાય શુભ કે અશુભ કાર્ય કરવુ નહિ.

૨) ૧–૩–૭–૧૧ આટલા ભુવનમાં શુક્ર બેઠો હોય અને એની ઉપરથી ચંદ્ર પસાર થાય તો જાતક માનસિક અશાંતિ ભોગવે છે.

૩) ગુરૂ પરથી ચંદ્ર પસાર થાય ત્યારે એજ સવાબે દિવસ સ્થિરતા રહે.

૪) ગોચરના શનિ પરથી ગોચરનો ચંદ્ર પસાર થાય ત્યારે સવાબે દિવસ શુભ કે અશુભ કાર્ય કરવું નહિ.

૫) ગુરૂ–ચંદ્રની યુતિ ગજકેશરી, રાજયોગ થાય, જન્મના ગુરૂ પરથી ચંદ્ર પસાર થાય ત્યારે કોઇપણ કાર્ય કરીયે તો પાર પડે.

૬) બુધ ઉપરથી ચંદ્ર પસાર થતો હોય ત્યારે **નવા જ્ઞાનની** શરૂઆત કરવી જોઇએ

જ્ઞાનયોગ.

૭) ગોચરનો બુધ અને ચંદ્રની યુતિ જ્ઞાનયોગ
ગોચરનો શનિ અને ચંદ્રથી યુતિ મહાપનોતિયોગ
ગોચરનો મંગળ અને ચંદ્રની યુતિ ધનયોગ
ગોચરનો શુક્ર અને ચંદ્રની યુતિ પ્રવાસયોગ

૮) પેરેલલ એટલે સારો યોગ ગુરૂ અને ચંદ્ર
પેરેલલ એટલે સારો યોગ બુધ અને ચંદ્ર
પેરેલલ એટલે સારો યોગ શુક્ર અને ચંદ્ર

યુતિ કે પેરેલલ શુભ ગ્રહ સાથે હોય તો સારા અને પાપ ગ્રહની સાથે યુતિ કે પરેલલ હોય તો ખરાબ.

ગોચરનો મંગળ............

૯) મંગળ પહેલા ભુવનમાં આવે તો ઉશ્કેરાટ કરાવે, પણ સ્વગ્રહી કે ઉંચનો હોય તો મજબુત કરે.

૧૦) મંગળ બીજા ભુવનમાં આવે તો અને સાથે ચંદ્ર કે શુક્ર જન્મના હોય ને તેની સાથે મંગળ આવે તો માણસને પૈસાની બહુ પ્રાપ્તિ થાય. શનિ, સૂર્ય સાથે બેઠેલો હોય ને મંગળ આવે તો ધનની હાનિ કરાવે.

૧૧) બીજા ભુવનમાં જન્મનો મેષ રાશિનો સૂર્ય હોય અને તેની સાથે ગોચરનો મંગળ આવે તો દોઢ મહિનામાં લાખોપતિ બને.

૧૨) ત્રીજા ભુવનમાં ૧–૮–૧૦ રાશી હોય અને તેમાં મંગળ આવે તો માણસ પુરૂષાર્થથી ખુબજ આગળ આવે છે. એમાં પણ મકર રાશિમાં જન્મનો શનિ બેઠો હોય તો અને એનાપર મંગળ આવે તો માણસ પરદેશ ગમન કરે.

૧૩) ચોથા ભુવનમાં મંગળ આવે તો અશાંતિ ઉત્પન્ન કરે તેમાં ૧–૮–૧૦ રાશિ હોય અને તેમા મંગળ આવે તો વૈભવ વિલાસ કરાવે.

૧૪) પાંચમા ભુવનમાં મંગળ આવે ત્યારે અકસ્માત કરાવે. પણ સ્વગ્રહી કે ઉંચની રાશિ હોય તો ધંધામાં લાભ કરાવે.

૧૫) છઠ્ઠા ભુવનમાં મંગળ આવે તો અને ઉનાળો આવે તો ગરમીનો રોગ કરાવે.

૧૬) સાતમાં ભુવનમાં શુક્ર બેઠો હોય અને ગોચરનો મંગળ આવે તો વિલાસ કરાવે તેમાં પણ સાતમા ભુવનમાં તુલા રાશિ હોય તો આવક પણ વધે ને વિલાસ પણ વધે.

૧૭) આઠમા ભુવનમાં મંગળ હોય તો અકસ્માત કરાવે.

૧૮) નવમા ભુવનમાં મંગળ હોય તો પૈસાનુ નુકસાન કરાવે ગમે તેટલુ નુકસાન થાય તો પચાવી શકે.

૧૯) દસમા ભુવનમાં મંગળ સ્વગ્રહી કે ઉંચનો હોય તો ખુબજ લાભ થાય.

૨૦) અગ્યારમા ભુવનમાં મંગળ હોય તો આર્થિક નુકસાન કરાવે.

૨૧) બારમા ભુવનમાં મંગળ હોય તો બધીજ વાતનું નુકસાન જો ગુરૂ હોય અગર ગુરૂની દ્રષ્ટિ પડતી હોય તો બધુજ ખરાબ થતુ અટકાવે.

ગોચરનો બુધ :–

૨૨) જન્મના પાપગ્રહની સાથે ગોચરનો બુધ આવે તો બગાડે અને શુભગ્રહની સાથે ગોચરનો બુધ આવે તો સુધારે.

ગોચરનો ગુરૂ :–

૨૩) લગ્ન સૂર્ય કે ચંદ્ર ઉપરથી જ્યારે ગુરૂ પસાર થાય ત્યારે નવિન કાંઈપણ નિર્માણ કરાવે.

૨૪) લગ્ન સૂર્ય કે ચંદ્રના બીજા ભુવન પરથી ગુરૂ પસાર થાય તો આર્થીક લાભ થાય.

૨૫) લગ્ન સૂર્ય કે ચંદ્રના ત્રીજા ભુવન પરથી ગુરૂ પસાર થાય તો જગ્યા બદલાવે ધંધો બદલાવે, સ્થાનાંતર કરાવે.

૨૬) લગ્ન સૂર્ય કે ચંદ્રના ચોથા ભુવન પરથી ગુરૂ પસાર થાય ત્યારે કર્ક રાશી સિવાયની કોઈપણ રાશિ હોય તો શુભ માર્ગે પૈસાનો વ્યય કરાવે. પણ જો કર્ક રાશિનો હોય તો આર્થીક નુકસાન કરાવે, કર્કનો ન હોય તો દાન કરાવે.

૨૭) **૫–૬–૭–૯–૧૧** આ ભુવન પરથી જ્યારે ગુરૂ પસાર થાય ત્યારે શુભફળ આપે છે. તેમજ આઠ ને બારમા ભુવનપરથી જ્યારે ગુરૂ પસાર થાય ત્યારે કર્ક રાશિ સિવાયની કોઈપણ રાશિનો હોય તો શુભ માર્ગે પૈસાનો વ્યય કરે પણ જો કર્ક રાશિનો હોય તો આર્થીક નુકસાન કરાવે.

ગોચરનો શુક્ર :–

૨૮) **૧–૩–૭–૧૧**મા ભુવનપરથી શુક્ર જ્યારે પસાર થાય ત્યારે માણસને વિલાસી બનાવે છે. તે શિવાયના સ્થાનોમાં શુક્ર ઉત્તમ ફળ આપે છે. તેમાં પણ **૧–૩–૭–૧૧**માં મંગળ બેઠો હોય ને શુક્ર આવે ત્યારે સંપૂર્ણ નૈતિક અધઃપતન કરાવે.

નોંધ :– જન્મ કુંડલીમાં મેષ ને વૃશ્ચિક રાશિમાં શુક્ર બેઠો હોય અથવા વૃષભને તુલામાં મંગળ બેઠો હોય તો અથવા ઉપરની ચારે રાશિમાં શુક્ર બેઠો હોય અથવા વૃષભ ને તુલામાં

મંગળ બેઠો હોય તો અથવા ઉપરની ચારે રાશિમાં શુક્ર, મંગળ ભેગા બેઠા હોય ત્યારે ભયંકર નૈતિક અધપતન કરાવે ને ચારિત્ર હીન બનાવે તેમાં પણ જો ચંદ્ર સાથે બેઠો હોય તો તે માણસ કોઇને પણ વફાદાર રહેતો નથી. જો શનિની દ્રષ્ટિ પડતી હોય તો ઉપરના અશુભ યોગો ખલાસ થઈ જાય છે. એટલે નીરસ જીવન બની જાય છે. પરંતુ જો શનિની દ્રષ્ટિમાં શુક્ર-મંગળ-ચંદ્ર આવી જતા હોય અને શનિની દ્રષ્ટિ પડતી હોય તો પ્રવજ્યા યોગ થાય છે. પરંતું ૧-૨-૭-૮ રાશિની અંદર શુક્ર-મંગળ અને ચંદ્ર ત્રણે એકજ ઘરમાં બેઠા હોય અને એના પર ગુરૂની દ્રષ્ટિ પડતી હોય તો સંપૂર્ણ અધઃપતન પણ થાય. પણ કોઇને ખબર પડે નહિ

ગોચરનો શનિ :-

૨૯) ૩-૮-૧૦માં સારૂ ફળ આપે છે. મકર કે કુંભ રાશિ હોય તો બાકી બધા ભુવન માટે ખરાબ છે. પરંતુ શનિ ઉપર ગુરૂની દ્રષ્ટિ હોય તો બગાડે નહિ.

૩૦) લગ્ન ચંદ્ર કે સૂર્ય સાતમા ભુવનમાં શનિ આવે ત્યારે કોર્ટ કચેરી કે ભાગીદારના લફરાં ઉભાં કરે.

૩૧) સૂર્ય-ચંદ્ર કે લગ્નથી શનિ બારમે આવે ત્યારે ગરમીના રોગ તથા ફોજદારી, કેસ વિગેરે થાય છે,

૩૨) ચંદ્રથી બારમે જ્યારે શનિ આવે ત્યારે (૭॥) વર્ષની પનોતી શનિની શરૂ થાય છે. ચંદ્રથી ત્રીજા ભુવનમાં શનિ જ્યારે આવે છે.ત્યારે (૭॥) વર્ષની પનોતી પુરી થાય છે.

ગોચરનો રાહુ :-

૩૩) રાહુ-લગ્ન સૂર્ય કે ચંદ્ર થી બારમે સારો, છઠ્ઠા ભુવનમાં રાહુ હોય તો આર્થીક સ્થિતિમાં સારો. પરંતુ માંદગી રખાવે, બાકી બધા ભુવનમાં ખરાબ. પરંતુ જે ઘરની સાથે નવ-પંચમ કરતો હોય તે ભુવનમાં સારૂ.

ગોચરનો કેતુ :-

૩૪) કેતુ-લગ્ન સૂર્ય કે ચંદ્રથી બીજા ભુવનમાં હોય તો સારો આઠમા ભવનમાં કેતુ હોય તો આર્થીક સ્થિતિમાં સારો.

હસ્ત રેખા વિભાગ

શ્રી હસમુખલાલ આર. ઝવેરી

卐 હાથના પ્રકાર 卐

જ્યોતિષ વિદ્યામાં **હસ્તરેખા** શાસ્ત્ર એક અજબ પ્રકારનું વિશેષ સ્થાન ધરાવતું શાસ્ત્ર છે. જન્માક્ષર અને જન્મ કુંડળી બે વ્યકિતઓના ઘણેભાગે મળતા આવે છે. પરંતુ **હસ્તરેખા** હાથ દરેક હાથના પ્રકાર અને તેની અંદરની નાની મોટી રેખાઓ કોઇપણ વ્યકિતની એક બીજાને મળતી આવતી નથી. માટે હાથ એ બ્રહ્માએ બનાવેલી અક્ષય જન્મ પત્રિકા છે. જેમાં રેખાઓ રૂપી ગ્રહો જીંદગી પર્યંત રહેલા હોય છે. આ ત્રણે લોકમાં હસ્તજ્ઞાન કરતાં શ્રેષ્ઠ બીજુ કોઇ જ્ઞાન નથી અને જ્ઞાન હાથમાંજ રહેલું છે. માટે સરસ્વતિએ પોતાના હાથમાં પુસ્તક (જ્ઞાન) ધારણ કર્યું છે. **શ્રી** કેવળજ્ઞાનનું સાધન હસ્ત-દર્શનમાં હોય છે. બીજે નહિ. માટે જ તીર્થંકરોની દરેક પ્રતિમાઓમાં તેમની દ્રષ્ટિને હાથ ઉપર જ દર્શાવવામાં આવી છે.

હસ્તરેખાનું જ્ઞાન માનવી માટે ઘણું ઉપયોગી છે. તે પોતાના જીવન વ્યવહારથી સાવચેત રહી શકે છે. રેખાઓનું જ્ઞાન તેને શારિરીક, આર્થિક અને ધાર્મિક રીતે માર્ગદર્શન કરાવે છે.

આપણને જળ, અગ્નિ કે વાહનોનો ભય જણાતો હોય તો તે સાવચેત રખાવે છે. રેખાઓ પરથી શરીરમાં ક્યારે રોગ થશે, ઓપરેશન થશે. તે જાણી શકાય છે.

હસ્તરેખાઓ પરથી સ્ત્રી કે પુરૂષ, સજ્જન, દંભી ચોર અથવા ખરાબ પ્રકૃતિનો છે. અથવા તેના ગુણ કે અવગુણ જાણી શકાય છે ચોરોને અથવા ગુનેગારોને પકડવા માટે અંગુઠા કે હાથની છાપ લઇને પકડી શકાય છે. કદાચ હાથની ચામડી સંજોગો-વશાત બળી જાય, અથવા તેજાબથી બાળી નાંખવામાં આવે તો પણ થોડા સમય બાદ એ રેખાઓ પાછી પહેલાંની જેમજ હાથ ઉપર પ્રગટી ઉઠે છે. **હસ્તરેખા** એ સિદ્ધ વિજ્ઞાન છે. આજના વિજ્ઞાન યુગમાં સંપૂર્ણ કસોટીમાંથી પાર પડયું છે. આજનો ભણેલો વર્ગ પણ હસ્તરેખાની અંધશ્રદ્ધાથી જોવાને બદલે વિદ્યાનું એક ચોકકસ ગણિત સમજી તેને સન્માને છે હાથની રેખામાં સમસ્ત સંસાર સમાએલો છે. એટલે **હસ્તરેખા** જાણવાની જરૂર રહે છે. અને કોઇપણ વ્યક્તિ પોતાનું ભાવી સરળતાથી જાણી શકે છે જમણો હાથ એટલે વર્તમાનકાળ અને ડાબો હાથ એટલે ભૂતકાળ

પુરુષોનો જમણો હાથ અને સ્ત્રીઓનો ડાબો હાથ જોવામાં આવે છે. કારણ કે સ્ત્રી એ પુરુષનું અર્ધું અંગ ગણાય છે. અને હૃદય ડાબી તરફ હોવાથી સ્ત્રીઓનો ડાબો હાથ જોવામાં આવે છે. પરંતુ ચોકકસ બાબતોનો નિર્ણય કરવા માટે સ્ત્રી અને પુરુષના બન્ને હાથ જોવામાં

આવે છે. ઘણીવાર બન્ને હાથોમાં અલગ અલગ રેખાઓ પડેલી હોય છે. જેથી વ્યકિતનો ભૂતકાળ અને વર્તમાન જાણી શકાય છે.

હસ્તરેખા શાસ્ત્રમાં હાથના સાત પ્રકારો પાડવામાં આવ્યા છે.

૧. ચોરસ ૨. પ્રાથમિક ૩. શંકુ આકાર ૪. ચપટો ૫. ફીલોસોફી ૬. ચિંતક ૭. મિશ્ર

ચોરસ હાથ

૧. **ચોરસ** :– હાથ એ સૌથી શ્રેષ્ઠ પ્રકારનો ગણાય છે. અને બીજાના હાથથી સહેલાઇથી અલગ પડી જાય છે. આ હાથમાં હથેળી તથા આંગળીઓ તથા આંગળાના ટેરવા ચોરસ હોય છે. આ હાથ કંઈક અંશે લાલ રંગનો અથવા આછો પીળાશ પડતો દેખાય છે.

ગુણ :– કોમળ સ્વભાવ, મીલનસાર, ઉત્સાહી, શિસ્તપ્રીય, વ્યવસ્થિત અને વ્યવહારૂ હોય છે. તેઓ વ્યવહારિક કામમાં કુશાગ્રબુદ્ધિ વાપરે છે. વડિલોની મર્યાદા સાચવે છે. પોતાની વાતને સાચી મનાવવામાં ઉસ્તાદ હોય છે. એમને સોપાયેલું કોઈપણ કાર્ય સંપૂર્ણ પણે સફળ કરે છે. પોતાના દેશના કાયદાને માન આપે છે. તેઓ મહત્વાકાંક્ષી હોય છે. પોતાના પ્રેમ, વહાલ કે લાગણીઓને કહી બતાવતા નથી. તેઓ તીક્ષ્ણબુદ્ધિના હોય છે. આવા મનુષ્ય જ્ઞાનની ઈચ્છાવાળા, મહેનતુ સર્વપ્રીય અને સંશોધક હોય છે. સ્વભાવે મિલનસાર ઉદાર હોવાથી લોક–ચાહના ઝડપથી મેળવી લે છે

ધંધો :– આ પ્રકારના હાથવાળા જાતકો–વેપારી, ડોકટર, વકીલ, વૈજ્ઞાનિક, કારખાના કે મિલમાલિક, જ્યોતિષ, વૈદ્ય, પત્રકાર, સામાજીક કાર્યકર્ત્તા વિદેશોમાં વેપાર ખેડનાર અને સંશોધન વૃત્તિવાળા બને છે.

પ્રાથમિક

૨. **પ્રાથમિક** :– પ્રાથમિક હાથ દેખાવમાં કદરૂપો હોય છે. અને કદમાં નાનો હોય છે. હાથ દેખાવમાં જાડો અને સખત હોય છે. આંગળીઓ ભરાવદાર, કડક, જાડી અને ખરબચડી હોય છે. આ હાથમાં રેખાઓ ઘણી ઓછી હોય છે. ઘણીવાર હાથ મોટા અને ભારે હોય છે. આંગળીઓ અને નખો ટુંકા હોય છે. આવો હાથ ખાસ કરીને નિચલા વર્ગના કામદારોના હાથમાં જોવામાં આવે છે.

ગુણ :– આવા જાતકો મંદબુદ્ધિ, પશુ જેવા અધમ, પાશવી વૃતિવાળા, જડ, મૂર્ખ, ક્રોધી, આસકત, ઠગારા, અમાનુષી હોય છે. આ લોકોમાં ભોજન, ઉંઘ અને વિષય–વાસના

અતિશય જોવામાં આવે છે. આવા હાથમાં મસ્તક રેખા નાની અને ઝાંખી હોય છે. આ લોકો બાંધાના ઘણા મજબુત હોય છે તેઓ સખત મહેનત કરી શકે છે. અને ભોજન પણ ખુબ જ કરી શકે છે, આ લોકોને, કલા સૌંદર્ય અને આધ્યાત્મિક દુનિઆ પણ ગમતી નથી. આત્મ-વિશ્વાસ સુધારવા માટે એમની પાસે સમય હોતો નથી. આવી વ્યકિતઓ વારંવાર ચીડાઈ જાય છે. તેમનામાં અસંતોષ વધારે હોય છે. માનસિક ઉશ્કેરાટના કારણે અપકૃત્ય કરતાં અચ-કાતા નથી, તેઓ આત્મ-વિશ્વાસ વગરના હોય છે. તેઓ જુના રીત-રીવાજોને માને છે. અંધ-શ્રધ્ધાળુ અને દયાળુ હોય છે.

ધંધો :– હોટલનો વેઈટર, મીલો અથવા કારખાનાનો મજુર, બસ કંડકટર, ડ્રાઈવર, પ્યુન, ફેરીયાઓ, હમાલ, પાટીવાળા કે ખેતી-વાડીનું કામકાજ કરનારા, પ્રિન્ટરો, ફોલ્ડરો, બાઈન્ડરો, માલની હેરફેર કરનારા વિગેરે સખત પરિશ્રમ કરનારા આ લોકો મહત્વકાંક્ષી હોતા નથી. આ લોકો ખાય છે, પીવે છે. અને મૃત્યુ પામે છે.

શંકુ આકારનો હાથ

૩. **શંકુ આકાર :**– સામાન્ય રીતે આ હાથ વિશાળ, ભરાવદાર અને આંગળીઓ મુળમાંથી ઉપર તરફ લીસી હોય છે. તેના ટેરવા ગોળ આકારના હોય છે. તેઓ લાબાં નખ ધરાવતા હોય છે. આવી વ્યકિતઓ સુંદર, વિલાસી ને રોમાન્સ પ્રિય હોય છે. તેમને સ્વેચ્છા-ચાર જોઈએ છે. તેઓ ભાગ્યેજ એક વાતને વળગી રહે છે. અને તેઓ પોતાના પ્રેમને પણ બદલી નાખે છે. એમનો મુડ પણ ઝડપથી બદલાય છે. એમની ધારણા સફળ ન થાય તો તેઓ નિરાશ બની જાય છે. તેઓ મિજાજ પણ ઝડપથી બદલે છે. અને શાંત થઈ જાય છે. આ લોકો આનંદના પ્રસંગે ભારે આનંદ અનુભવી શકે છે. સ્વભાવ વિલક્ષણ, સ્વાભિમાની, ગંભીર, પરોપકારી અને સાધુ-પુરૂષના સત્-સંગવાળો હોય છે. ઇશ્વર પર અતિ શ્રધ્ધા રાખ-વાવાળા, પ્રેમાળ અને ધર્મ કરવાવાળા હોય છે. સાબિતી વિના કોઈપણ વાત માનતા નથી. સ્વભાવે રહસ્યવાદી પણ હોય છે. આ જાતકો ખાસ કરીને સાધુ-સંત બને છે. તેઓ સંસારથી પર રહેનારાઓ હોય છે.

ચપટો હાથ

૪. **ચપટો હાથ :**– આ પ્રકારના હાથ ઉપરના માઉન્ટસ ચપટા હોય છે આંગળીઓ ચપટી અને પાતળી હોય છે. હાથમા નખ ચપટા હોય છે. અને નખની ચારેબાજુએ માઉન્ટસ ઉપસેલા હોય છે. અંગુઠો મોટો હોય છે. આવી જાતની વ્યકિત શકિતશાળી અને ઉત્સાહીત હોય છે. લહેરી, ચંચળ, ઉતાવળીયા સ્વભાવના, નવીન શોધખોળમા પ્રવીણ, સુધારક વિચારના

પોતાના વાતાવરણમાં નવીન ચિલો પાડનારા, આ લોકોની ચામડી કોમળ હોય છે. તેઓ બુદ્ધિવાદી, હોંશીયાર, હોય છે. પોતાનો કક્કો સાચો કરનારા હોય છે. અને બીજાના ઉપદેશને ગણકારતા નથી. જીવનની તમામ સારી વસ્તુઓ તેમને જોઈતી હોય છે તે મેળવવા તેઓ અથાગ પરિશ્રમ કરે છે. સ્વતંત્ર સ્વભાવના હોવાથી પોતાનો માર્ગ પોતેજ નક્કી કરે છે.

ફીલોસોફી (દાર્શનીક હાથ)

૫. ફીલોસોફી (દાર્શનીક હાથ) :– આવા હાથમાં આંગળીઓ લાંબી અને પર્વતોના ભાગ સાધારણ રીતે ગંથાયેલાં હોય છે. અને પ્રત્યેક આંગળી જોડાયેલી હોય છે. અંગુઠાનો ભાગ મોટે ભાગે વિશાળ હોય છે. આવા હાથવાળા માનવીઓની બુદ્ધિ તથા માનસિક પ્રગતિ સારી હોય છે. નખનું ટેરવું ઈંડાની આકૃતિ જેવું હોય છે. આવી વ્યક્તિઓ આચાર, વિચાર પાળનારી વ્યવહારીક, સંશોધન વૃત્તિવાળી, સાદા અને શાસ્ત્રીય વિષયોની આવડતવાળી હોય છે. પૈસાની બાબતમાં બહુજ બેદરકાર હોય છે. તેઓ બાહ્ય સૌંદર્ય કરતા આંતરીક સૌંદર્યને ચાહનાર હોય છે. આવા માણસો નાંણા પાછળ ન દોડતા જ્ઞાન અને સત્યની ખોજમાં હોય છે. એ લોકો દરેક વિષયમાં ઉંડા ઉતરવાની કોશીશ કરે છે. તેઓ તત્વજ્ઞાની, ધાર્મિક અને આત્મ સમર્પણ કરનારા હોય છે. તેઓ પોતે કોઈ વિશીષ્ટ વ્યકિત હોય, એમ ધારે છે. અને તે પ્રમાણે વર્તે છે.

ચિંતક હાથ

૬. ચિંતક હાથ :– આ પ્રકારની વ્યકિતઓના હાથની લંબાઈ ઓછી અને પહોળાઈ વધારે હોય છે. ભરાવદાર હથેળીની આંગળી પણ પહોળી અને ભરાવદાર હોય છે. અણીદાર આંગળીઓને લીધે આ હાથ બીજાઓ કરતાં જુદો પડે છે. આ હાથ નાનો અને નાજુક હોય છે. અંગુઠો સુડોળ હોય છે. આ લોકો કવિતા પ્રેમી, કળા પ્રેમી હોય છે. તઓ કલ્પનાશીલ હોય છે. આ જગતથી તેને અસંતોષ રહે છે. શેખચલ્લીના વિચારો આવે કાલ્પનીક સુદ્રષ્ટિમાં વિહરનારા હોય છે. તેઓ આળસુ હોય છે. તેઓ દરેક વ્યકિત ઉપર વિશ્વાસ મૂકનાર, અને તે વિશ્વાસનો લોકો ગેરલાભ ઉઠાવે છે. આમ છતાં તેઓ સ્વભાવે શાંત તથા સંતોષી હોય છે.

ધંધો :– મજુર, નાના દુકાનદાર, ખેડુત, ફેરી કરનારા કારીગર વગેરે આવો હાથ ધરાવનાર વ્યકિતઓ હોય છે.

મિશ્ર હાથ

૭. મિશ્ર હાથ :– આ હાથમાં દરેક આંગળીઓ અલગ–અલગ પ્રકારની હોવાથી મિશ્ર હાથ કહેવાય છે. આ લોકોની હથેળી ચોરસ હોય છે. આ લોકોનું ભવિષ્ય જોવામાં હથેળી કરતાં

આંગળીઓ અગત્યનો ભાગ ભજવે છે. આવી વ્યક્તિઓ ઉતાવળીયા, અસ્થિર વિચારના ઝડપી નિર્ણય કરનાર હોય છે.

આ પ્રકારના હાથમાં, આંગળીઓ ચોરસ તથા ઉપરથી અણીદાર હોય તો તેવી વ્યક્તિ દગાબાજ થાય છે.

મિશ્ર હાથ હોવાથી તેઓ દરેક બાબતની ખાસીયતો ઓછા વધતા પ્રમાણમાં ધરાવે છે. જો હથેળીમાં મસ્તક રેખા સારી હોય તો ગમે તેવા મુંઝવણ ભર્યા કાર્યો આસાનીથી ઉકેલી શકે છે

આ લોકોમાં બુદ્ધિ, ચાતુર્ય હોવા છતાં ઉતાવળીયા સ્વભાવને લીધે એકજ સ્થળે નિવાસ કરી શકતા નથી. આ લોકો સંગીત પ્રીય અને પ્રમાદી હોય છે. આવા મિશ્ર ગુણો અવગુણોના કારણે પોતાના કાર્યમાં ધારી સફળતા મેળવતા નથી.

卐 હાથના વળાંક 卐

૨. હાથના વળાંક :– હાથના ત્રણ પ્રકારના વળાંક હોય છે. (૧) અક્કડ હાથ (૨) સ્થિતિસ્થાપક સીધો હાથ (૩) વળતો હાથ.

અક્કડ હાથ

અક્કડ હાથ :– આવા હાથવાળા મનુષ્યો રાજકીય બાબતમાં શાહીવાદના પૂજારી હોય છે. તેને બાપદાદાના જુના રીતરીવાજો સારા લાગે છે, અને નવા રીત–રીવાજો ખોટા લાગે છે. ધર્મની બાબતમાં જુના મતના હોય છે. તેઓ વ્યાપારની બાબતમાં બાપદાદાનો જુનો ધંધો ચલાવી રાખે છે. નવા જમાના પ્રમાણે તેઓ પોતાનો મત કે ધંધો, રોજગાર બદલતા નથી. જુનો જમાનો સારો લાગે છે. અને નવા જમાનાને ધીક્કારે છે. પોતે મહેનત મજુરીથી પોતાનું ગુજરાન ચલાવે છે. અને બીજાને પણ મહેનત કરવાનું સૂચન કરે છે. આવા માણસો અંધ શ્રધ્ધાળુ અને વિશ્વાસુ હોય છે. પરંતુ જુની બાબતોમાંજ આવી વ્યક્તિઓ વિશ્વાસ ધરાવે છે અક્કડ હાથવાળા મનુષ્યો કોઈની પણ ગુપ્તવાત સંઘારી જાણે છે. સંજોગોના અતિશય દબાણને લીધે નવા જમાના પ્રમાણે તેઓ મરવા તૈયાર થાય છે. પરંતુ તેઓ પોતાની જુની ઘરેડ અને પોતાના રીત–રીવાજો બદલતા નથી, આવા મનુષ્યના હાથ અક્કડ બરછટ અને સખત હોય છે. તેની આંગળીઓ અંદરના ભાગ તરફ વળતી હોય છે આ લોકો બહુજ સાવચેત અને જડ હોય છે. હઠીલા અને દુરાગ્રહી હોય છે.

❀ સ્થિતિ સ્થાપક હાથ ❀

સ્થિતિ સ્થાપક હાથ :– આ પ્રકારનો હાથ સહેજ દબાણ આપતાં પાછળના ભાગમાં વળે છે. પરંતુ વધારે વળતો નથી. અને દબાણ દૂર કરતાં મૂળ સ્થિતિમાં આવી જાય છે. આવા હાથવાળા સ્ત્રી પુરૂષો મનના સંયમી અને સમય સંજોગોને અનુકુળ થઈ શકે છે. આ લોકોમાં આત્મવિશ્વાસ અને શ્રધ્ધા હોય છે તેઓ સાહસ કરવામાં પણ પાછળ પડતા નથી. તેઓ સાહસીક હોય છે. તેઓ ઉદાર હોય છે. પૈસાનો ઉપયોગ કરી જાણે છે. પણ ઉડાઉ નથી હોતા, તેઓ દયા દાનમાં માનનારા અને દયાળુ હોય છે. તેઓ ઉદાર, ઉત્સાહી અને સંયમી હોય છે. તેઓ સંજોગો પ્રમાણે બદલાતા રહે છે. તેઓ દરેક ને અનુરૂપ થઈ શકે છે. અથવા તો "જેવા સાથે તેવા થાય છે."

❀ વળતો હાથ ❀

વળતો હાથ :– વળતો હાથ સહેજ દબાણ આપવાથી પાછળ પુષ્કળ વળી જાય છે અને કાંડાના પાછલા ભાગ સાથે એક થવા માગતો હોય એટલી હદે વળાંક લે છે. આવા સ્ત્રી પુરુષો જમાના પ્રમાણે સંજોગો અને વાતાવરણ પ્રમાણે પલટાતી સ્થિતિને અનુરૂપ થઈ જાય છે. આ લોકો જુની વસ્તુ ભૂલી જાય છે., અને નવીન વસ્તુને આવકારે છે. પોતાના કોઈપણ નવા કાર્યમાં અથવા સાહસમાં તન મન અને ધનથી આખુ જીવન હોડમાં મૂકે છે અને પોતે સફળ થાય તો બાદશાહી જીવન ભોગવે છે અથવા નિષ્ફળ થઈને કંગાળ જીવન પણ જીવે છે. આ લોકોના જીવનનું સૂત્ર "આજે મોજમઝા અને જીવન માણી લો કાલ કોણે દીઠી છે". આ લોકો આજને માનતા હોય આજને ભોગવનારા હોય છે. અને આવતી કાલની કોઈપણ જાતની ફીકર હોતી નથી. આવા લોકો "દોરી ને લોટો" લઈને આવે છે ક્યાં રાજા અને ક્યાં તો ભિખારી બને છે. આ લોકોને એક ખરાબ આદત હોય છે. તેઓ એકીસાથે ઘણા કામ હાથ ઉપર લે છે. પરંતુ સમયના અભાવે બધાજ કાર્યો અધૂરા મૂકે છે. આ લોકો આરંભે સૂરા હોય છે અને કાંઈપણ કાર્ય છેક સુધી પૂરાં કરતા નથી. આવી વ્યક્તિઓમાં દરેક જાતની આવડત હોય છે એમ તેઓ માને છે, પરંતુ માસ્ટરી એક પણ વસ્તુઓમાં નથી હોતી આવા સ્ત્રી પુરૂષો હદથી વધારે દયાળુ, ઉદાર લાગણીપ્રધાન અને ઊડાઉ પણ હોય છે, એ લોકો ને પોતાના વિચારોને તરત જ અમલમાં મૂકે છે પણ એ વિચારો પર સમજણપૂર્વક અથવા શાંતિથી વિચાર કરતા નથી. આવી વ્યકિતઓ પોતાના મનને કાબુમાં રાખી એક પ્રકારની નોકરી કે ધંધો પૂરો કરે તો ધનવાન જરૂર થાય છે. પરંતુ મન ચંચળ હોવાને કારણે એક કરતા

અનેક ધંધામાં પડીને લાભ લેવાના સમયમાં જુનો ધંધો બદલી નવા ધંધામાં પડે છે અને સફળ થતા નથી માટે આવી વ્યકિતઓ સંયમ અને ધીરજથી એક વસ્તુ કે ધંધો પકડી રાખવાથી જીવનમાં આગળ વધે છે.

❁ નખ ❁

નખના લક્ષણો :- ડોકટરો અને વૈદ્યો રોગોના નિદાન માટે નખની સહાય લે છે. તેજ પ્રમાણે સામુદ્રિક શાસ્ત્ર જાણનાર માણસોનો સ્વભાવ, માનસિક વિકાસ, ગુણ, દોષ તથા રોગોનું નિદાન કરી શકે છે. આંગળીના અગ્ર ભાગમાં પુષ્કળ મજાતંતુઓ હોય છે. તેનો સંબંધ મગજ સાથે હોય છે. અને આ મજ્જાતંતુઓ દ્વારા માણસને સારા નરસાનું જ્ઞાન થાય છે. અને મજ્જા તંતુના લક્ષણ માટે નખની રચના થઈ છે. નખએ માનવીનું જીવન, આરોગ્ય અને સ્વભાવ દર્શાવે છે. દરેક વ્યકિતની આંગળીઓમાં જુદા જુદા પ્રકારના નખો હોય છે. નખ માટે લખવા બેસીએ તો આખો એક ગ્રંથ ભરાય પરંતુ આપણે અહીં મહત્વના નખોના આકાર અને રંગ ઉપર વિચાર કરશું.

❁ ટુંકા નખ ❁

ટૂંકા નખ :- ટુંકા પણ ચોરસ નખ ધરાવનાર વ્યકિત જીદ્દી સ્વભાવની, ઝડપથી ગુસ્સો કરનારી અને બધાની બાબતોમાં માથુ મારનારી હોય છે. આવા લોકો દીર્ઘ દ્રષ્ટિવાળા હોય છે તેઓ સાચું ખોટુ બરાબર સમજનારાઓ હોય છે. તેઓ હસમુખા, કલ્પનાશીલ જીજ્ઞાસુ અને દલીલ કરનારા હોય છે. આ લોકોને સાવચેત ન રહે તો હૃદયની બિમારી અને કોઇકવાર લકવાની બિમારી થાય છે.

❁ પહોળા નખ ❁

પહોળા નખ :- પહોળા લાંબા તથા ઉપરથી ગોળઆકાર નખવાળા માણસો વિવાદી વાચાળ, હઠીલા, કલાપ્રિય અને ખાઇપીને મજા કરવાળા હોય છે. પહોળા નખવાળા માણસોએ ગળાની અને ફેફસાની તકલીફોની સામે કાળજી રાખવી જોઇએ આવા નખો ધરાવનાર વ્યકિતઓ આવતી કાલની ચિંતા કરતા હોય છે.

❁ સાંકડા નખ ❁

સાંકડા નખ :- સાંકડા નખવાળા માનસિક દર્દથી પીડાતા હોય છે. તેઓ સંકુચિત

વિચારના હોય છે. જાડા, શુસ્ક અને બરછટ નખવાળા માણુસો વિષયાંધ વધારે હોય છે સૂકાઈ ગયેલા નખ ઉદાસ, નીરાશાવાદી અને ચીડયો સ્વભાવ બતાવે છે.

લાંબા નખ

લાંબા નખ :– આવા નખ ટોચ ઉપરથી ગોળાકાર અને નીચેથી પણુ ગોળાકાર હોય તો આવા લોકોને ફેફસાંની નબળાઈ, લોહીમાં ખામી અને ફીકકા નખ હોય તો ટીબીની શકયતા બતાવે છે.

લાંબા નખમાં અંદર રેસાઓ પડતા હોય તો કમજોરી અને નબળાઈ બતાવે છે. સાધારણુ ગાદ્દી જેવા આકારવાળા નખ ઉધરસ, કફ અને દમનો રોગ સૂચવે છે.

જે વ્યકિતના નખ માંસની અંદરથી નીકળતા લાલ અથવા ગુલાબી રંગના હોય તો તેઓ સુખી થાય છે.

સાંકડા નખવાળા માણુસો લોભી હોય છે. અને આ લોકોને બ્લડપેશરની શકયતા બતાવે છે. લાલ નખવાળા પૈસાદાર અને ક્રોધી હોય છે. અતિલાંબા નખ ક્રોધી અને જાલિમ સ્વભાવ બતાવે છે. ગુલાબી નખ સુખી અને તંદુરસ્તી બતાવે છે. જે સ્ત્રીઓના નખ લાલ રંગના હોય છે. તેઓ સુખી ભાવનાશીલ અને લાગણી પ્રધાન હોય છે. જે સ્ત્રીના નખો ઉપર સફેદ બિંદુ હોય તેવી સ્ત્રીઓ સ્વતંત્ર વિચારની હોય છે. જે સ્ત્રીના નખ સફેદ રંગના સોપારી આકારના હોય તેવી સ્ત્રીઓ ચાલબાજ હોય છે. જે સ્ત્રીના નખ નાના અને ગોળ હોય તેવી સ્ત્રી કર્કશા કહેવાય છે. જેના નખ નાના અને ખૂબ પહોળા ન હોય તેવા લોકો કુશાગ્ર બુદ્ધિવાળા હોય છે મોટા નખવાળા માણુસો ધંધો કરનારા હોય છે. જે વ્યકિતના નખ સફેદ તથા લાબાં હોય તેવો નીતીવાળા હોય છે. બંસીની માફક ગોળ નખવાળા વાયુના રોગથી પીડાય છે. ખુબ કોમળ નખવાળી સ્ત્રીઓ પણુ કોમળ અને નાજુક હોય છે. નખ ઉપર અર્ધચંદ્રકાર જેવો ડાઘ હોય એ લોકોને બ્લડ પ્રેસરનું દર્દ થાય છે. જે લોકોના અંગુઠા ઉપર સફેદ બિંદુઓ થયા હોય એ સમયમાં તેઓ એકબીજા પ્રેમમાં આવ્યા હોય છે અને કાળાબિંદુ હોય તો તેવી વ્યકિતઓ અતિ સેકસી હોય છે. ટચલી આંગળી (છેલ્લી આંગળી)માં સફેદ બિંદુ થાય તો અચાનક ધનલાભ સૂચવે છે. પણુ જો કાળો ડાઘ હોય તો અચાનક નુકશાન બતાવે છે. ત્રીજી આંગળી અથવા અનામિકા આંગળીમાં સફેદ ડાઘ હોય તો ધંધામા લાભ બતાવે છે. અને કાળો હોય તો નુકશાન બતાવે છે. બીજી આંગળી અથવા મધ્યમાં આંગળીમાં સફેદ

સફેદ ડાઘ હોય પાણીની મુસાફરી બતાવે છે. પહેલી આંગળી અથવા તર્જની આંગળી સફેદ ડાઘ હોય તો આર્થિક લાભ થાય અને કાળો ડાઘ હોય તો અપકિર્તી, નીચ કાર્ય સૂચવે છે કાળા નખ બહુ દુઃખ અને દરીદ્રતા બતાવે છે. માટી જેવા રંગના નખવાળાઓ ચોર, ખરાબ બુધ્ધિવાળા અને ખરાબ સંગતીવાળા હોય છે.

પીળો નખ કમળાનું સૂચન કરે છે.

અંગુઠો

અંગુઠો મનુષ્યના ચારિત્ર દર્શનનું ઉત્તમાઉત્તમ કામ કરે છે. દરેક વ્યકિતઓના હાથ પ્રમાણે અંગૂઠાઓ અલગ અલગ પ્રકારના હોય છે.

મોટો અંગુઠો : મોટા અંગુઠાવાળા મનુષ્યોમાં માનસિક શકિત વધારે હોય છે. આ લોકો સત્તા ભોગવવાવાળા હોય છે. આ લોકો ગુસ્સાવાળા અને મજબૂત ઇચ્છા શકિતવાળા, ધાર્યું કરવાવાળા હોય છે.

નાનો અંગુઠો : આવી વ્યકિતઓમાં પાસવીવૃત્તિઓનું જોર વધારે હોય છે. ઓછા ચારિત્રવાળા હોય છે. આ અંગુઠો સહેજ ટૂંકો અને જાડો હોય તો તે પશુ જેવા ગુણો ધરાવે છે. આ લોકો અભણ હોય છે અને પોતાની ઇચ્છાઓ પાર પાડવા હિંસા કે મારામારી કરે છે. આ લોકોનું ચારિત્ર સારું હોતું નથી. આ લોકો ક્ષણિકલાગણીને વશ થઈને આંધળીયા કરી બેસે છે.

અક્કડ અંગુઠો : આ અંગુઠો સિધો અને ટટ્ટાર હોય છે. આવા અક્કડ અંગુઠાવાળા મનુષ્યો દુનિયાદારીમાં અને વહેવારમાં પાક્કા હોય છે. આ લોકો ધન પ્રાપ્તિ માટે હોશીયાર હોય છે પરંતુ સ્વભાવે કડક અને કંજુસ હોય છે તેઓ સાવધ, અતડા અને ઘણીવાર એકલવાયા સ્વભાવના હોય છે. આ લોકો પૈસા બચાવી જાણે છે. અને ધનિક થાય છે. આવા લોકો સ્થિર મનથી એકજ ધંધાને વળગી રહે છે. અને જીવનમાં ખૂબજ આગળ વધે છે.

અક્કડ અંગુઠાવાળી વ્યક્તિઓ બહુ રાજી પણ થતી નથી અને બહુ દુઃખી પણ થતી નથી. આ લોકો બીજા ઉપર હુકમ ચલાવીસારામાં સારુ કામ કઢાવી લેવાની આવડત ધરાવે છે. આ લોકો ગુસ્સે પણ જલ્દી થાય છે અને બગડેલી બાજી સુધારી પણ લે છે અને તેઓ ધાર્યું કરવાવાળા હોય છે.

સિધો અંગુઠો

સિધો અને મોટો અંગુઠો હાથની બરાબર બાજુમાં બેઠેલો હોય છે. આવા સ્ત્રી, પુરૂષો સાવધ, દયા વિનાના, ઠંડા કલેજાના અને ક્રૂર હોય છે. આવી વ્યકિતઓ સમાજમાં જલ્દીથી મિકસ થતી નથી કારણ કે આ લોકો શંકુચિત મનના અને ઘમંડી હોય છે. તે પોતાના અને પારકાના રહસ્યો છુપાવનારા હોય છે તેઓ વધારે ઓળખાણથી ગભરાય છે. માટે આ લોકો ને મિત્રો બહુ ઓછા હોય છે.

કંદોરા આકારનો અંગુઠો

આ અંગુઠામાં બીજો વેઢો કંદોરાના આકારનો હોય છે. આવી વ્યકિત દેખાવમાં સારી, સુંદર અને પ્રતિભાશાળી હોય છે, આ લોકોની રીતભાત સારી અને સુંદર હોય છે, આ લોકો મીઠું બોલીને પોતાનો સ્વાર્થ સાધી લે છે. આ લોકોમાં ન્યાય શકિત અને વિચાર શકિત સારી હોય છે અને રાજકારણમાં હોંશિયાર હોય છે.

વળતો અંગુઠો



વળતા હાથની પ્રમાણે આ અંગુઠો પહેલા વેઢાની પાછલી બાજુએ ઘણો વળે છે. આવી વ્યક્તિઓ સ્વભાવે ઉદાર, ઉડાઉ, લાગણીવાળા અને હોંશિયાર હોય છે. સમય પ્રમાણે વર્તન કરનારા હોય છે. એનો સ્વભાવ આનંદી અને હસમુખી હોય છે. આવા સ્ત્રી, પુરુષો સામાના દિલ ઉપર પોતાની ઈમ્પ્રેસન સારામાં સારી પાડે છે. ઘણી વાર સંજોગો બદલાતા અથવા ધંધામાં નુકશાની જતાં તેઓ નિરાશ બની જાય છે. અને ગમે તેટલા અંધકારમાં પણ અને મુશ્કેલીમાં પણ તેઓ આગળ આવવાની આશા છોડતા નથી. વળતા

અંગુઠાવાળી વ્યક્તિઓ "આજ મોજ માણી લો કાલ કોણે દીઠી છે." આવા વિચારના હોવાથી ઘણી વાર રાજા જેવા થઈ જાય છે અને ઘણી વાર દુઃખી થઇને ભીખારી જેવા પણ થઇ જાય છે. આ લોકો સારા ખોટા પ્રસંગે ખર્ચો કરવામાં પાછું વાળીને જોતા નથી. અને પૈસાની જરૂરિયાત હોય છે ત્યારે બીજા પાસે હાથ લાંબો કરવો પડે છે. આ લોકો પાસે વહેવારનું જ્ઞાન તથા ગણતરીમાં હોંશિયાર હોતા નથી માટે જ જીવનમા તડકો–છાંયડો જોવો પડે છે.

ગદા જેવો અંગુઠો



આકૃતિ-૩
ગદા જેવો અંગુઠો.

આ અંગુઠામાં ઉપરનો ભાગ ઘણો વિકાસ પામીનો ગોળ આકાર ધારણ કરતો હોય છે. અને ગદા જેવો હોય છે. આ અંગુઠાને ખુની અંગુઠો પણ કહેવાય છે. આ અંગુઠો જાડો બરછટ; ખડબચડો અને બેડોળ હોય છે આવી વ્યકિતઓ ઘણી વાર ઠંડા મગજની અને શાંત દેખાય છે. પરંતુ આવેશ તથા ગુસ્સો આવતા મારામારી અને ખુન ઉપર પણ પહોંચી જાય છે. આ લોકોમાં જંગલી પ્રાણી જેવી તાકાત હોય છે. આ લોકો ભયંકર હઠિલા, અત્યંત ઝનૂની અને વિચિત્ર સ્વભાવવાળા હોય છે. આવી વ્યકિતઓ સાથે મિત્રતા પણ નકામી છે, માટેજ કહ્યું છે દુર્જન લોકોથી હંમેશાં દુર રહેવું.

નાનો અંગુઠો



આકૃતિ-૪
નાનો અંગુઠો.

નાના અંગુઠાવાળી સ્ત્રીઓ પ્રેમને ખાતર પરણે છે. પરંતુ સામેની વ્યકિત સારી છે કે નહિ અથવા પોતાનું ભરણ પોષણ કરે છે કે નહિ. પોતાને સારી રીતે રાખશે કે નહિ તેનો પણ વિચાર કરતી નથી. ઘણીવાર આવી સ્ત્રીઓ દુઃખ અને ગરીબાઈ સહન કરીને પ્રેમને ખાતર દારૂડિયા અથવા તો ચારિત્રહીન પુરૂષોને પરણીને પોતાનું જીવન પણ બરબાદ કરી નાખે છે.

મોટો અંગુઠો



આકૃતિ-૫
મોટો અંગુઠો.

મોટા અંગુઠાવાળી સ્ત્રી બહુજ સમજુ સંસ્કારી અને વિચારશીલ હોય છે. તે પ્રેમ કરીને પરણે છે અથવા તો પરણીને પોતાના પતિને અધિક પ્રેમ કરે છે, પરંતુ પોતાને લાયક પાત્ર સારુ છે કે નહિ અથવા તો પોતાનું ભરણ પોષણ સારી રીતે કરી શકશે કે નહિ તેની ખાસ કાળજી રાખે છે. બનતાં સુધી આવી સ્ત્રીઓ ધનિક અથવા વિદ્વાન પુરૂષોનેજ પરણે છે અને ગમે તેવા સંજોગોમાં પણ અથવા તો દુઃખના સમયમાં પણ તે પોતાની અને પોતાના પતિની આબરૂ અને પ્રતિષ્ઠા જાળવી રાખે છે આવી સ્ત્રીઓ બહુજ ઝડપથી સમાજમાં ઊંચુ સ્થાન પણ પ્રાપ્ત કરી શકે છે. આ લોકો આજ્ઞાકારી અને દૃઢ મનોબળ ધરાવે છે.

અંગુઠો મોટો અને ભરાવદાર હોય તો તે માણસ ઉદાર હોય છે. નાના અંગુઠાવાળા વિકારી અને ગુસ્સાવાળા હોય છે. જેનો અંગુઠો બહારની બાજુએ વળેલો હોય તો તે વ્યક્તિ વહેમી હોય છે. અંગુઠો મજબુત મોટો અને સિધો હોય તો આવી વ્યક્તિ હોદ્દેદાર, કાર્યલક્ષ અને હકુમત ધરાવનાર હોય છે ખાસ કરીને પોલીસના અધિકારીઓ આવો અંગુઠો ધરાવે છે. જે સ્ત્રીનો અંગુઠો જાડો અને ફેલાયેલો હોય તો તે વિધવા બને છે. અને અતિશય પાતળો અને લાંબો હોય તો તે સ્ત્રી દુઃખી થાય છે. અંગુઠાનો ત્રીજો ભાગ સારી રીતે ફેલાયેલો હોય તો તેવી વ્યક્તિ પ્રેમાળ – લાગણીવાળી અથવા તો પ્રેમ કરવાવાળી હોય છે. અંગુઠાના પહેલા વેઢા ઉપર શંખનું ચિન્હ હોય તો તે માણુસ મહેનત કરીને આગળ વધે છે. અંગુઠામાં જવનું ચિન્હ આર્થિક સુખ બતાવે છે. અંગુઠાના પહેલા વેઢા ઉપર જમણી બાજુ વળેલું ચક્ર હોય તો તે જન્મથી જ સુખી હોય છે. અંગુઠાનો પહેલો વેઢો ટૂંકો હોય તો તે અનિશ્ચિત વિચારના હોય છે. એકી સાથે ઘણા બધાકામ હાથમાં લઈને એકપણ કાર્ય પૂરૂ કરતા નથી.

આંગળિયો

તર્જની આંગળિ : આ આંગળિને ગુરુની આંગળી પણ કહેવાય છે. કારણકે આ આંગળીની નીચે ગુરુનો પર્વત આવેલો છે. આ આંગળી લાંબી હોય તો અભિમાની, અધિકાર વાળી, જુલમી અને વાસના પ્રિય હોય છે.

પ્રમાણમાં નાની હોય તો ઉત્સાહી, બીજાનું કાર્ય કરનાર, અનુભવી અને સાહસિક હોય છે. આ આંગળીમાં ટેરવા અણિદાર (અથવા પોઇન્ટેડ) હોય તો તેવી વ્યકિત ધાર્મિક, ઉત્સાહી અને વહેમી હોય છે. આજ આંગળીમાં મધ્યમ અથવા ચપટા ટેરવા હોય તો ધર્મમાં અંધશ્રદ્ધાળુ હોય છે.

આ આંગળી બીજી આંગળી એટલે કે શનિની આંગળી જેટલી લાંબી હોય તો એ વ્યકિત સત્તાપ્રિય હુકમ ચલાવવાળી અને ગુસ્સાવાળી હોય છે આ લોકો મહત્વકાંક્ષા ખુબજ ધરાવે છે. આ ગુરુની આંગળી ત્રીજી આંગળી એટલે કે સૂર્યની આંગળી (અનામિકા)ની જેટલી જ લંબાઇની હોય તો આ લોકોને ધન કિર્તિની મહત્વકાંક્ષા વધારે હોય છે. પરંતુ તર્જની અનામિકાથી મોટી હોય તો તે વ્યકિત પોતાની જવાબદારી પૂર્ણ કરી ઉચ્ચ અધિકાર પદ પ્રાપ્ત કરે છે. ગુરુની આંગળી સૂર્યની આંગળી કરતાં નાની હોય તો તે વ્યકિત ચતુર અને ચાલાક હોય છે. ગુરુની આંગળીને અંગ્રેજીમાં (Index Finger) કહે છે. આ આંગળી સિધી, લાંબી હોય તો આવા માણસો આપકર્મી, સદવિચારના, સ્થિર બુદ્ધિવાળા, કિર્તિમાન, પોતાનો મતલબ સાધવાવાળા અને અભિમાની હોય છે. પરંતુ આ આંગળી નાની હોય તો તેઓ ચપળ, મતલબી, સ્વાર્થી અને સુખના ઉપભોગી હોય છે. તેઓ આનંદી અને મિલનસાર હોય છે.

આ આંગળી જો અર્ધચંદ્રકાર હોય અને શનિની (બીજી આંગળી) ભેગી કરતાં વચમાં અર્ધ ગોળાકાર ખાલી જગ્યા હોય તો આવી વ્યકિતની યાદશકિત ખુબ ઓછી હોય છે અને જીવનમાં ભૂલો પણ ઘણી કરે છે અને આવા લોકોમાં એક ખાસ ખાસિયત હોય છે કે તેઓ ભાણે બેસીને શાંતિથી જમતા નથી. કોઇપણ કામના બહાના હિસાબે જમતાં જમતાં ઉઠી જવું પડે છે અને ઘરના કરતાં હોટલમાં વધારે જમતા હોય છે જે માણસની ગુરુની આંગળી પાતળી અને ચપટી હોય તો જડબુદ્ધિવાળા હોય છે. આ આંગળી બહુજ ટુંકી હોય આવી વ્યકિત પોતાની ઇચ્છા મુજબ કામ કરનારા અને પોતાના સ્વાર્થ માટે સામાનું નુકશાન કરતા પણ અચકાતા નથી. અને અતિશય સ્વાર્થી હોય છે. આ આંગળી પ્રમાણ કરતાં મોટી અને જાડી હોય તો નિર્દય થાય છે. ગુરુની આંગળીનો વળાંક શનિની આંગળી તરફ જતો હોય તેવા લોકો ઘમંડી થાય છે. ગુરુની આંગળીનો પહેલો વેઢો ખુબજ નાનો હોય અથવા નખની પાસે હોય તો વિધવા સાથે લગ્ન કરે છે. ગુરુની આંગળીના પહેલા વેઢામાં તારાનું ચિન્હ હોય તો સામાજીક કાર્યકર્તા બને છે અને ઘણી મુસાફરી પણ કરે છે. અને પુષ્કળ ધન કમાય છે. અને સંસ્કારી અને વહેવારિક કાર્યમાં કુશળ હોય છે.

(જુઓ આકૃતિ નં. ૬) પહેલા વેઢા ઉપર જો વર્તુળનું ચિન્હ હોય તો માણસની બધીજ ઇચ્છાઓ પૂર્ણ થાય છે. અને જો ત્રિશુળનું ચિન્હ હોય તો તે ઉદ્યોગોનો શોખીન

અને પ્રેમી થાય. અને પહેલા વેઢા ઉપર સીધી, ઉભી રેખા હોય તો નાસ્તિક થાય છે.

ગુરુની આંગળીનો બીજો વેઢો મોટો હોય તો તેઓ ધન પ્રાપ્તિ સારી કરે છે. બીજા વેઢા ઉપર વર્તુળ હોય તો કાર્ય સિદ્ધ થાય છે. બીજા વેઢા ઉપર એક અથવા બે ચોકડીનું ચિન્હ હોય તો સ્વપ્ને પણ ખ્યાલ ન આવે તેવા કોઈ મહાન મનુષ્યની મદદ મળે છે. અને જીંદગીમાં સુખી થાય છે. બીજા વેઢાઓ ઉપર જો સીધી રેખાઓ હોય તો ઘણાં ઉત્તમ કાર્યો થાય છે. અને વિજય મેળવે છે. પરંતુ જો આડી રેખાઓ હોય તો તે ચોર, જુઠ્ઠાં, પ્રપંચી અને ઘમંડી થાય છે.

ત્રીજો વેઢો :

આની ઉપર સીધી, ઊભી રેખા હોય તો ચોક્કસ પ્રગતિ અને ઉન્નતિ થાય છે. ત્રીજા વેઢા ઉપર તારાનું ચિન્હ હોય તો શરમ વિનાનો અને વ્યભિચારી થાય છે·

શનિની આંગળી

આને મધ્યમા અથવા (Middel Finger) વચલી આંગળી પણ કહે છે. શનિની આંગળી મન સાથે વધારે સબંધ ધરાવે છે. આ આંગળી લાંબી અને ચપટી હોય તો ગંભીર સ્વભાવના, દુઃખની કલ્પના કરવાવાળા અને શોકવૃતિ ધરાવનારા થાય છે. લાંબી અને બેડોળ હોય તો ખુની વૃત્તિ વધારે હોય છે. લાંબી અને અણીદાર હોય તો સ્વાર્થી વધારે હોય છે. લાંબી અને ચોરસ હોય તો ગંભીર સ્વભાવ હોય છે. આ આંગળી લાંબી અને ભરાવદાર હોય તો માણસોના મન પર નિર્ણય શકિતનું પરિણામ જલ્દી આવે છે. અને ભાગ્ય ઉપર આધાર રાખનારા હોય છે આ આંગળીનો આગળનો ભાગ ચોરસ અને પહેલો વેઢો રુષ્ટ પુષ્ટ હોય તો તેઓ ગણિત શાસ્ત્રમાં નિપૂર્ણ હોય છે શનિની આંગળી આગળથી અણિદાર હોય તો તે બીજાને ફસાવનાર હોય છે. આ આંગળી સારી દેખાવડી અને મધ્ય લંબાઈની હોય તો ખુબજ ગંભીર સ્વભાવના હોય છે. આ આંગળી પ્રમાણ કરતાં વધારે લાંબી હોય તેઓ દુર્દર્શિ હોવા છતાં પણ જીવનમાં મળતા અમુલ્ય પ્રસંગો ચુકી જાય છે. આ આંગળીનું ટેરવુ ગોળ આકારનુ હોય તો તેઓ ચંચળ હોય છે. આ આંગળી ટુંકી હોય તો તે વ્યકિત દરેક કાર્યમાં ફસાતી જાય છે અને તેઓ રોગી પણ હોય છે.

શનિની આંગળી ગુરૂની આંગળી તરફ વળતી હોય તો આત્મશ્રધ્ધાથી પોતાનું ભાગ્ય ખીલાવનાર હોય છે.

સૂર્ય તરફ શનિની આંગળી વળતી હોય તો ભગવાન ભરોસે આગળ વધે છે. તેઓ કલાપ્રિય હોય છે. જે સ્ત્રીને ગુરૂ અને શનિની આંગળીની બરાબરમાં છિદ્ર અથવા જગ્યા ન દેખાતી હોય તો વૃધ્ધાવસ્થામાં પુત્ર અને સંપત્તિનું સુખ સારૂ મળે છે. અને સૂર્ય અને શનિની આંગળીની વચમાં અંતર ન દેખાતુ હોય તો યુવાવસ્થામાં સારૂ સુખ મળે છે.

જુઓ આ. નં. ૬ શનિની આંગળીનો પહેલો વેઢો લાંબો હોય એ લોકો વહેમી અંધશ્રદ્ધાળુ અને આત્મઘાતના વિચાર કરનારા હોય છે. પહેલા વેઢા ઉપર સીધી, રેખા હોય તો ખરાબ કાર્ય કરવાના વિચારો, સિથિલ વૃત્તિવાળા અને નપુશંકતાની નિશાણીની શકયતા બતાવે છે.

◈ શનિની આંગળીનો બીજો વેઢો ◈

આ વેઢો લાંબો હોય તો આવા માણસો કાર્ય કુશળ ખેતી વાડી અને મશીનરીમાં રસ ધરાવે છે. આ લોકો વ્યવહારું અને ધીરે-ધીરે પ્રગતિ કરી પૈસા વાળા થાય છે.

◈ શનિની આંગળીનો ત્રીજો વેઢો ◈

ત્રીજા વેઢા ઉપર સીધી રેખા હોય તો તે લોકોને કાળી વસ્તુથી લાભ થાય છે. અને ત્રીજો વેઢો લાંબો હોય તો તે ગુપ્ત વિદ્યાના જાણકાર હોય છે. આ આંગળી ગાંઠોવાળી હોય તો ગણિત શાસ્ત્રમાં હોશિયાર હોય છે. ત્રીજા વેઢા ઉપર આડી રેખા હોય તોએ ભાગ્ય હિનતા બતાવે છે. સ્ત્રીઓની શનિની આંગળીના મૂળમાં અથવા બીજા વેઢા ઉપર તારાનું ચિન્હ હોય તો તેઓને સંતાન થતા નથી, ત્રીજા વેઢા ઉપર ત્રિકોણનું ચિન્હ હોય તો દુરાચારીપણું બતાવે છે. પહેલા વેઢા પર શંખનું ચિન્હ હોય તો વિધ્વાન થાય છે. શનિની આંગળીમાં યવનું ચિન્હ હોય તો તેને પુત્રીઓ વધારે થાય છે.

શનિની આંગળીનો ઉપરનો ભાગ ગોળાકાર હોય તો તે ઘોડાઓના શોખીન અને જાનવરો પર પ્રેમ વધારે હોય છે. શનિની આંગળી અને સૂર્યની આંગળી બરાબર હોય તો તે જુગારી સટોડીયા અને રેશના શોખીન હોય છે. શનિની આંગળી અને ગુરૂની આંગળી સરખી હોય તો તેનું મૃત્યુ જનાવરથી થાય છે. શનિની આંગળી વાંકી હોય તો તેનું સ્વાસ્થ્ય પણ સારૂ રહેતુ નથી અને ચારિત્ર પણ બરાબર રહેતુ નથી.



અનામિકા (Third Finger)

જુઓ આકૃતિ નં. ૬ (૩)

અનામિકાને સૂર્યની આંગળી પણ કહેવાય છે. આ આગળી નીચેથી ભરાવદાર અને નખપાસે પાતળી, અણીદાર હોય અને આખો હાથ ગાદીવાળો અને ભરાવદાર હોય તે શિલ્પવિદ્યામાં અથવા દરેક કળામાં નિષ્ણાત બને છે. અથવા તે કલાકાર બને છે. સૂર્યની આંગળી ટૂંકી હોય તો કળા સર્જનમાં લોભી થાય છે. ચોરસ રેખાવાળી હોય તો ધન પ્રાપ્તિ માટેજ કળાને ચાહનારા હોય છે. સૂર્યની આંગળી લાંબી હોય અને ભરાવદાર હોય તો સમાજમા સારો જસ ખાટી જાય છે અને કલા ઉપર આદરભાવ બતાવે છે. આ આંગળી માપ કરતા વધારે લાંબી હોય તો વેપારમાં કુશળ, બુદ્ધિશાળી, જુગારી અને પૈસા કમાવામા સતત ઉદ્યમ કરવાવાળા હોય છે. આ અનામિકા વાંકી હોય તો અપયશ વધારે મળે છે. આ લોકોને નિતિ જેવુ કંઈજ હોતુ નથી અને ચલતીકા નામ ગાડી જેવા હોય છે. ગુરૂની આંગળી કરતાં સૂર્યની આંગળી જરાક નાની હોય તો લગ્ન જીવન સફળ અને સુખી થાય છે. અને ધનિક થાય છે. અનામિકા આંગળીના પહેલા વેઢા ઉપર સીધી અને ઊભી રેખા હોય તો તે મનુષ્ય શોધખોળની વૃત્તિ વાળા અને પૈસો, માન અને આબરૂ મેળવનાર હોય છે. આવેઢા પર તારાનું ચિન્હ હોય તો પોતાના પરથી આગળ વધે છે. અને અનામિકાના પહેલા વેઢા ઉપર ત્રિકોણનું ચિન્હ હોય તે દુનિયામાં શ્રેષ્ઠ હુનર, ઉદ્યોગકરી બતાવીને વિજયી થાય છે. જો ચોકડીનું ચિન્હ હોય તો ધંધામાં આગળ વધવા માટે કુદરતી બક્ષિસ મળેલી હોય છે.

અનામિકાનો બીજો વેઢો

બીજાવેઢા ઉપર ત્રિકોણનું ચિન્હ હોય તો ધંધામાં સારી પ્રગતિ કરે છે. સીધી અને ઉભી રેખા હોય તો પોતાની બુદ્ધિથી ધન અને માન પ્રાપ્ત કરે છે. તારાનું ચિન્હ હોય તો દરેક કાર્યમાં કુદરતી રીતે વિજય મેળવે છે. અને આરામથી ધન મેળવે છે.

અનામિકાનો ત્રીજો વેઢો

ત્રીજા વેઢા ઉપર તારાનું ચિન્હ હોય તો પુષ્કળ ધન અને માન, આબરૂ મળે છે. ત્રિકોણ હોય તો તિવ્ર બુદ્ધિ અને ચાલાક થાય છે. અને ધન વૈભવ આરામથી મળે છે. સીધી અને ઊભી રેખા હોય તો પોતની બુદ્ધિથી બીજાઓ પાસેથી સારો લાભ મેળવે છે.

સૂર્યની આંગળી અને ગુરૂની આંગળી સરખી હોય તો તેઓ કારખાના અને મિલ માલીકો બને છે. સૂર્ય અને શનિની આંગળી બરાબર હોય અને સૂર્યની આંગળીનો

બીજો વેઢો લાંબો હોય અને મંગળનો પર્વત ભરાવદાર હોય તો તે વ્યકિત સટ્ટામાં પારંગત થાય છે. અને સટ્ટામાં સારો પૈસો કમાય છે. અને સટોરિયા કહેવાય છે.

અનામિકા આંગળી ચપટી હોય તો રસાયણ શાસ્ત્ર અને રંગના ધંધામાં હોંશિયાર હોય છે. એ લોકો કળાકૌશલ્યવાળા હોય છે. આ આંગળીનો વેઢો ચોરસ હોય તો તે માણસ પોતાની બુદ્ધિથી નવા ઉદ્યોગ ધંધા શોધી કાઢે છે. સૂર્યની આંગળી અર્ધ ચંદ્રાકારે વળેલી હોય તો તેઓ સટોડિયા, જુગારી, લોટરીમાં અને અચાનક ધન લાભની આશાવાળા હોય છે.

અનામિકા આંગળી અણિદાર નીચેથી ભરાવદાર અને ઉપરથી પોઈન્ટેડ હોય તો તે લોકો કોઈપણ વસ્તુની નકલ કરવામાં હોશિયાર હોય છે. અનામિકાનો પહેલો વેઢો ચપટો હોય અને આંગળી ગોળ હોય તો તે લોકો સારા ચિત્રો ઉતારે છે. આ લોકો કલાકાર અથવા તો ડાયરેકટર સારા બની શકે છે. આ લોકોને સંગીતમાં પ્રેમ હોય છે. પરંતુ પોતે ગાઈ શકતા નથી. અનામિકા આંગળી કઠણ દેખાય તો તે કલાકાર બને છે. આ આંગળીઓ ઉપર ખુબજ રેખાઓ હોય તો તે પુરૂષો સ્ત્રી ભોગી અને સ્ત્રીઓના ફંદામાં ફસાઈ આર્થિક નુકશાની કરે છે અનામિકાના ત્રીજા વેઢા ઉપર સીધી કે ઉભી અને ત્રણથી ચાર રેખા હોય તો તે વ્યકિત વિધ્વાન અને ન્યાયાધીશ બને છે. વાંકી ચૂકી રેખાઓ જીવનમાં અવરોધો લાવે છે. સૂર્યની આંગળી ઉપર બિંદુનું ચિન્હ હોય તો અચાનક ચોરીથી પોતાના જીવનમાં મોટું નુકશાન બતાવે છે. અનામિકા આંગળી છેલ્લી આંગળી અથવા બુધની આંગળી ઉપર વળેલી હોય તો તે એન્જિનીયર થાય છે. સૂર્યની આંગળીને અતિશય શુભ ગણવામાં આવે છે. કારણકે ધાર્મિક કાર્યોમાં, પૂજા કરવામાં કે ભગવાનને તિલક કરવામાં આજ આંગળીનો ઉપયોગ કરવામાં આવે છે. અનુભવે જણાયું છે કે સૂર્યની આંગળીની નશ નાભી તથા મન સાથે વધારે સબંધ ધરાવે છે. માટેજ આ આંગળીમાં કોઈપણ ગ્રહની વીટી પહેરવાથી અને તેના પર સૂર્યનો પ્રકાશ પડવાથી તેનો પ્રવાહ મન તથા નાભી પર અસર આપે છે. આ આંગળીના મૂળમાંથી એક રેખા નીકળીને પ્રથમ વેઢા સુધી જાય તો તે માણસો સારૂ ભાગ્ય ખીલવે છે. આવી આંગળી ખાસ કરીને મિલ માલિક, કારખાનાના માલિક અથવા મોટી કંપનીઓના માલિકની હોય છે. અનામિકા આંગળીના પ્રથમ વેઢાની ઉપર છેલ્લી આંગળી આવતી હોય તો તેવી વ્યકિત પોતાના કુટુંબમાં અગ્રગણ્ય હોય છે. અને પોતાના બળથી પૈસા ભેગા કરે છે. અનામિકા અને બુધની આંગળી વચ્ચે જગ્યા રહેતી હોય તો એ લોકોને ધંધા નિમિત્તે ખુબજ ખર્ચા કરવા પડે છે. આ આંગળી લાલાસ પડતી હોય તો તેઓ વાચાળ હોય છે. આ આંગળીના વેઢા સમ ચોરસ હોય તો સ્વાનુભવથી આગળ વધે છે. અને આ આંગળી પાછળ વળતી હોય તે એવા લોકો વહેમી હોય છે.

કનષ્ઠીકા (Fourth Finger)

જુઓ આકૃતિ નં. ૬ (૪) બુધની આંગળી ટેડી હોય તો ચાલુ પરિસ્થિતિને સમજવાની તેનામાં તીવ્ર શકિત હોય છે. લાંબી આંગળી હોય તો પ્રભાવશાળી અતિશય પ્રેમી અને સામા ઉપર છાપ પાડવા શકિત ધરાવે છે. આ આંગળી પ્રમાણ કરતાં વધારે લાંબી હોય તો આ વ્યવહાર, બહુ બોલનાર અને કાર્ય શકિતની અભાવ બતાવે છે. બુધની આંગળીના ટેરવા અણિદાર હોય તો વકૃતૃત્વ શકિત સારી અને સારો અભ્યાસ બતાવે છે અને ચોરસ ટેરવા હોય તો તે સારા વિચાર સારી બુદ્ધિ, વ્યવહારુ અને ખપ પુરતી જ વાત કરવાવાળા હોય છે. બુધની આંગળી વાંકી હોય તો તેઓ સ્વાર્થી અને મનના મેલા હોય છે. અને પોતાના સ્વાર્થ ખાતર બીજાને નુકશાન કરે છે. બુધની આંગળીનો આગળનો ભાગ સાધારણ વળેલો હોય તો મશીનરીથી લાભ બતાવે છે. બુધની આંગળીનો પહેલો વેઢો લાંબો હોય તો બોલવામાં ચતુર હોય છે અને વેઢો બહુજ લાંબો હોય તો અસત્યવાદી હોય છે. પહેલા વેઢા ઉપર આડી રેખા હોય તો વખા મારવાવાળા હોય છે અને પોતાને હોંશિયાર સમજે છે. પહેલા વેઢા ઉપર તારાનું ચિન્હ હોય તો તે માણસના લગ્ન થતા નથી.

બીજો વેઢો

બીજા વેઢા ઉપર સીધી, ઉભી રેખાઓ પોતાના જીવનમાં સુખ શાંતિ અને આબાદી મેળવે છે. અને આડી રેખા હોય તો જીવનમાં મુશ્કેલી આવે છે. બુધની આંગળી ઉપર બિંદુનું ચિન્હ હોય તો ચોર વૃત્તિ બતાવે છે. બુધની આંગળી ઉપર આગળના ભાગમાં ચક્ર હોય તો ચોર વૃત્તિ બતાવે છે. બુધની આંગળી ઉપર આગળના ભાગમાં ચક્ર હોય તો તે દરેક શાસ્ત્રના જાણકાર અને ધંધામાં પ્રગતિ કરે છે. બીજા વેઢા ઉપર બેત્રણ સીધી રેખા હોય તો ખરાબ ચાલ ચલગતવાળા હોય છે.

ત્રીજો વેઢો

ત્રીજા વેઢા ઉપર સીધી રેખા હોય તો તેને સુખ શાંતિ અને સ્વતંત્રતા મળે છે. અને આડી રેખા હોય તો જુઠી અને પ્રપંચી બને છે. દરેક કાર્યમાં વિઘ્ન આવે છે. અને બોલ્યા પ્રમાણે વર્તતો નથી.

(૬) હાથમાં ચિન્હો અને બત્રીસ લક્ષણોનો વિચાર

(૧) કમળ (૨) શંખ (૩) છત્ર (૪) રથ (૫) ધનુષ્ય (૬) વજ્ર (૭) હાથી (૮) કાચબો (૯) સમુદ્રો (૧૦) સાથીઓ (૧૧) અંકુશ (૧૨) વાવ (૧૩) તોરણ (૧૪) સિંહ (૧૫) ચામર

(૧૬) વૃક્ષ (૧૭) ચક્ર (૧૮) કલશ (૧૯) મહેલ (૨૦) મત્સ્ય (૨૧) વૃષભ (૨૨) યવ (૨૩) સ્તુપ (૨૪) પુષ્પમાળા (૨૫) મોર (૨૬) દર્પણ (૨૭) પર્વત (૨૮) મંદિર (૨૯) ધજા (૩૦) કમંડળ (૩૧) કમલ (૩૨) અભિશેક કળશ. આવા બત્રીસ લક્ષણો અતિ ધનવાન પુરુષોને હોય છે.

મણિબંધમાં મત્સ્યનું ચિન્હ હોય તો મુશાફરી કરનાર અને ધનિક થાય છે. અને જો શંખનું ચિન્હ હોય તો લખપતિ થાય છે. જેના હાથમાં દાંડી સહિત કમલનું ચિન્હ અને ધજા અને ચામર હોય તો ચક્રવર્તી રાજા થાય. જેના હાથમાં ધજા હોય તે પાછલી અવસ્થામાં સુખી થાય છે. હાથીના ચિન્હવાળો શુરવિર થાય છે. મોરના ચિન્હવાળો મોસાળથી સુખી હોય છે. અંકુશના ચિન્હવાળો અતિશય પ્રતિષ્ઠા ભોગવનાર થાય છે. મહેલના ચિન્હવાળો સુખી અને પૈસાવાળો થાય છે. માછલીના ચિન્હવાળો વૃદ્ધાવસ્થામાં સુખી થાય છે. વહાણવટુ ખેડવાવાળો થાય છે. સાથીયાના ચિન્હવાળો રાજ્યની ઊંચી પદવી ભોગવે છે. કાચબાના ચિન્હવાળો ભાગ્યશાળી રહે છે. રથના ચિન્હવાળો મોટા કુટુંબવાળો અને વાહનવાળો થાય છે. ધનુષ્યના ચિન્હવાળો લોકોનો પ્રેમ મેળવનાર થાય છે. ચામરના ચિન્હવાળો સરકારી હોદ્દો ધરાવે છે. કુંભની માળાવાળો ધનવાન અને કિર્તીવાન થાય છે. મુગટના ચિન્હવાળો રાજ્ય-માનનીય થાય છે. કમળના ચિન્હવાળો બહુ ભોગી થાય છે. સાપના ચિન્હવાળો મહા ક્રોધી અને ધનવાન થાય છે. ક્ષત્રના ચિન્હવાળો જિદ્દી અને પ્રતિષ્ઠિત થાય છે. જેના હાથમાં મૃદંગનું ચિન્હ હોય તે ક્ષમાવાન થાય છે. સરોવરના ચિન્હવાળો વાયુ વિકારવાળો થાય છે. સ્તુપના ચિન્હવાળા પોતાના કુળમાં મુખ્ય પુરુષ થાય છે. દશેય આંગળીયોમાં દશ ચક્ર હોય તો રાજા જેવો સુખી અથવા તો મહાન યોગી થાય છે. અને દશેય આંગળીયોમાં છીપ હોય તો કાયમ દુઃખી રહે છે. હાથમાં કોઈપણ જાતનું હથિયારનું ચિન્હ હોય તે કોઈનાથી પણ હારતો નથી. સદાય વિજયી રહે છે. જેના હાથમાં ત્રિશુળનું ચિન્હ હોય તે પુરુષ ધર્માત્મા, યજ્ઞ કરનાર, દાનવીર અને દેવગુરુની પૂજા કરનાર હોય છે.

(૭) હાથમાં આવેલી નિશાનીઓ અને પર્વતો



આકૃતિ-૭
ગુરૂનો પર્વત
અને ચિન્હો
૧. Δ ત્રિકોણ
૨. × ચોકડી
૩. ◡ કંકણ
૪. 卐 સાથીયો

જુઓ આકૃતિ નં. ૭ હાથમાં ચોરસ, ચોકડી, જાળી, દ્વિપ, ત્રિકોણ અને તારાની નિશાની અગત્યની હોય છે. ગુરુના પર્વત ઉપર ત્રિકોણનું ચિન્હ તેવા માણસો સમાજ સેવાના કાર્યોમાં હોશિયાર હોય છે. તેઓ સત્વગુણી કુશળ અને મુત્સદ્દી હોય છે. ખાસ કરીને ધારાસભાના પ્રમુખો અથવા રાજકારણની વ્યકિતમાં ત્રિકોણનું ચિન્હ

જોવા મળે છે. આવા માણસો સગાઈ કે લગ્નના સંબંધો જોડવામાં હોશિયાર હોય છે. ગુરુના પર્વતપર ત્રિકોણ અને સૂર્યરેખા સારી હોય તો તે માણસ પ્રધાનમંત્રી હોય છે. ગુરુના પર્વતપર ચોકડીનું ચિન્હ ધામધુમથી લગ્ન અને જીવન સંપૂર્ણ હાથ સારો હોય તો બતાવે છે. ચોરસની નિશાની હોય તો અનિષ્ટ અને કમનસીબી સામે રક્ષણ આપે છે. અને તમામ આફતોમાં રક્ષણ મળે છે. અને આ ચોરસ ચિન્હની નિશાની પિતાને પગલે ચાલનારા હોય છે. અને તેના વિચારોને અનુરૂપ થઈને રહે છે. આવા મનુષ્યો મહત્વકાંક્ષી અને આનંદી હોય છે. ગુરુના પર્વત ઉપર વર્તુળનું ચિન્હ દરેક કાર્યમાં ફતેહ અને માનકિર્તી પ્રાપ્ત કરે છે. ગુરુના પર્વત ઉપર સીધી ઉભી રેખા સુખનો વધારો કરે છે. અને ગુરુના પર્વત પર આડી રેખા એક અથવા વધારે હોય તો એ લોકો જ્ઞાનની જીજ્ઞાસાવાળા હોય છે. આવી રેખા ધરાવનાર માનવી ઉદાર, પરોપકારી, સેવાભાવી અને પોતાના જ્ઞાનનો લાભ સમાજને આપે છે. તેનામાં અંતઃસ્ફૂરણા હોય છે. નવા વિચારોને અપનાવવા અને સમજવા તૈયાર હોય છે.

ગુરુના પર્વત ઉપર જાળાનું ચિન્હ પ્રબળ સત્તા, અભિમાની, પોતાની આપબડાઈ અને વહેમી હોય છે. ગુરુના પર્વત ઉપર યવનું ચિન્હ ધનની પાયમાલી અને આબરૂની હાની બતાવે છે.

૮. શનિનો પર્વત



આકૃતિ-૮

જુઓ આકૃતિ નં. ૮માં (૧) શનિનો પર્વત વધુ પડતો વિકશેલો હોય તો તેવા સ્ત્રી પુરુષો બિકણ, ગંભીર, નિરાશમય અને વધુ પડતા ધાર્મિક હોય છે અને લોકોથી અલગ રહેવાનું પસંદ કરે છે. એ લોકોને અશુભ વિચારો ઘણા આવે છે. અને આપઘાત કરવાની વૃત્તિ ધરાવે છે.

શનિનો પર્વત, મધ્યમ ભરાવદાર હોય તો તે સ્ત્રી પુરુષો તત્વજ્ઞાની, સાહિત્યને જાણનારા, શાસ્ત્રીય સંગીત પસંદ કરનારા, લાગણી પ્રદાન અને એકાંત પ્રેમી થાય છે. આવા લોકો સાહસ કરતાં પહેલા ખુબજ વિચાર કરે છે. અને શનિનો પર્વત દબાયેલો હોય તો જીવનમાં નિરાશા, ચંચળવૃત્તિ અને આળસુપણુ બતાવે છે. Y આકૃતિ નં. ૮ માં (૨) આ પર્વત ઉપર તારાની નિશાની હોય તો ઝેર ખાવાથી અથવા વિજળી પડવાથી મરણ નિપજે છે.

આ. નં. ૮ માં (૩) આ પર્વત ઉપર ત્રિકોણુની નિશાની હોય તો તે વિજ્ઞાનની વિવિધ વસ્તુઓનો અભ્યાસ કરી, સંશોધન કરી વૈજ્ઞાનિક પણ બની શકે છે. આવા લોકોને દુરઉપયોગ કરવા માટે ગુપ્ત અને ગહન શાસ્ત્રો શીખવાની વૃત્તિ હોય છે.

આ. નં. ૮ માં (૪) શનિના પર્વત ઉપર વર્તુળ હોય તો તે પૃથ્વીમાંથી નીકળતી વસ્તુઓ અને ખાણોનો વેપારી બને છે. આ. ૮ માં (૫) ચોરસનું ચિન્હ હોય તો આવનારી મુસીબતોમાંથી બચાવે છે. શનિના પર્વત ઉપર એક સીધી રેખા હોય તો તે ભાગ્યશાળી ગણાય છે. જુઓ આ. નં. ૮ માં (૬) આ પર્વત ઉપર જાળાની નિશાની હોય તો જલ્દી ગુસ્સે થનાર અને કમનસીબ રહે છે. આ પર્વત ઉપર ચોકડીની નિશાની હોય તો અચાનક ધનલાભ બતાવે છે. આ પર્વત ઉપર આડી રેખા, ટાપુ અને ટપકાના ચિન્હો અચાનક આવનાક આવનારી આફતનું સુચન કરે છે.

૮. સૂર્યનો પર્વત

આ પર્વત અતિશય ભરાવદાર અને વિસ્તૃત હોય તો તેવા સ્ત્રીપુરુષો, બડાઈખોર બીજાઓ પોતાની પ્રસંસા કરે તેવી વિચારવાળા અને પોતેજ મહાન છે એવો દેખાવ કરવાવાળો હોય છે. મિથ્યાભિમાની છીછરી વૃત્તિનો અને ખુશામતખોર હોય છે.

આ પર્વત મધ્યમ ભરાવદાર અને મધ્યમ વિસ્તાર પામેલો હોય તો તે ધનકિર્તી અને વિજય પ્રાપ્ત કરે છે. કળા કૌશલ્યોના શોખીન અને આત્મ વિશ્વાસુ હોય છે. તે ઉદાર અને પરોપકારી થાય છે. તેની સુંદરતા અને ઝવેરાતોનો શોખીન હોય છે. સૂર્ય અને ગુરુના પર્વતો સારી રીતે વિસ્તાર પામતો હોય તો અવસ્ય ધનવાન અને કિર્તીવાન હોય છે. સૂર્યના પર્વત ઉપર તારાનું ચિન્હ જીવનમાં સફળતા મેળવે છે અને ઊંચો દરજ્જો ધરાવે છે અને સુખી થાય છે. સૂર્યના પર્વત ઉપર વર્તુળનું ચિન્હ નામના સિદ્ધિ અને યશ મેળવે છે.

સૂર્યના પર્વત ઉપર ત્રિકોણુની નિશાની, કળા, કૌશલ્યમાં નિપૂણ પ્રગતિ અને જાહેર જીવનમાં સફળતા બતાવે છે. સૂર્યના પર્વત ઉપર સીધી રેખા કુશાગ્ર બુદ્ધિ અને વિજયી હોય છે. ત્રિશૂળનું ચિન્હ ધન અને માન પ્રાપ્તિ કરાવે છે. જાળાની નિશાની અહંકારી સ્વભાવ, આડંબર, બડાઈખોર સૂચવે છે. ચોકડીની નિશાની કિર્તિ અને ધનનો નાશ બતાવે છે. અને ચોરસની નિશાની દરેક બદનામીમાંથી બચાવે છે. સૂર્યના પર્વત ઉપર ચોરસની નિશાની સમાજ અને ધંધામાં નામ, દામ, માન અને પ્રતિષ્ઠા અપાવે છે. તે ઘણી ભાષાઓનો જાણકાર હોય છે. અને જાહેર જીવનમાં ઘણોજ આગળ આવે છે. જેના હાથમાં સૂર્યનો પર્વત દબાયેલો

સૂર્યના પર્વત ઉપર ચોરસની નિશાની અનાજ અને ધંધામાં નામ,દામ, માન અને પ્રતિષ્ઠા અપાવે છે. તે ઘણી ભાષાઓના જાણકાર હોય છે. અને જાહેર જીવનમાં ઘણોજ આગળ આવે છે. જેના હાથમાં સૂર્યનો પર્વત દબાયેલો હોય તો તે લોકો પૈસાના પુજારી અને જડભરત હોય છે. આ પર્વત ઉપર એક ઉભી રેખા હોય તો તે લેખક, કાવ્ય અને સાહિત્ય પ્રેમી બને છે અને બે રેખા હોય તો સામાજીક કાર્યમાં આગળ આવે છે. અને લોકપ્રિય બને છે. તૂટેલી સૂર્ય રેખા ચઢતી પડતી અને સટ્ટા દ્વારા નુકશાન બતાવે છે.

૧૦ બુધનો પર્વત



આકૃતિ-૧૦
૧.✱ તારો
૨.X ચોકડી
૩.△ ત્રિકોણ
૪.Ψ ત્રિશુળ
૫.# જાળુ
૬.□ ચોરસ
૭.◯ જવ

છેલ્લી આંગળીની નીચે આવેલા ભાગને બુધનો પર્વત કહે છે. બુધનો પર્વત વધારે ઉપસેલો ખુબજ ફેલાયેલો હોય તો તેવા મનુષ્યો ધુતારા, ઢોંગી, ઠગ, લુચ્ચા તથા અપ્રમાણિક હોય છે. આ લોકો ગુપ્ત બીના કે વસ્તુઓ જાણવા છતાં પણ અજાણ થવાનો દેખાવ કરે છે. અને કયારે એ શું કરશે એ કોઇ જાણી શકતું નથી આવા લોકો માટે ભાગે સ્વાર્થી, દંભી અને ચીટર હોય છે. એને પોતાના સ્વાર્થ સિવાય કશું દેખાતુ નથી પોતાના સ્વાર્થ ખાતર સગાનું પણ નુકશાન કરતાં પણ વિચારતા નથી. બોલાવે મીઠાસવાળા અને હૃદયમાં હળાહળ ઝેર ભરેલુ હોય છે. માટે આવા મનુષ્યનો કદી પણ વિશ્વાસ કરવો જોઇએ નહિ તે ગમે ત્યારે પણ દગો કરી શકે છે.

બુધનો પહાડ મધ્યમ ભરાવદાર અને ફેલાયેલો હોય તો તેવા લોકો સારા વકતા થાય બુદ્ધિશાળી વેપારી થાય છે. અને પાકા ગણતરી બાજ થાય છે. તેઓ વિચાર, વાણી અને કર્તવ્ય ઝડપી કરનારા હોય છે. તે ઘણા પ્રવાસો કરે છે. અને શ્રીમંત થાય છે. તેઓ ધીરજવાન અને કાર્યપૂર્ણ કરનારા હોય છે. ખાસ કરીને ડોકટરો, વકીલો, લેખકો, પ્રોફેસરો અને વેપારીઓમાં આવો હાથ જોવા મળે છે. આ લોકો પ્રવાસના શોખીન હોય છે. અને પ્રવાસના સ્થળો ઝીણવટથી જુએ છે. અને તેનું વિગતવાર રસપ્રદ લખાણ લખે છે. તેઓ ગમેતેવી મુશ્કેલીઓનો સામનો કરી શકે છે. આ બુધનો પર્વત સૂર્યના પર્વત તરફ ઢળતો હોય તો તે વૈજ્ઞાનિક થાય છે. બુધનો પર્વત હાથના છેડા તરફ વળતો હોય તો તે પાકકો

વેપારી થાય છે. બુધનો પર્વત સારો અને મધ્યમ ઉપસેલો હોય તો તેના અક્ષર સુંદર અને ચોખ્ખા એક સરખા હોય છે.

બુધનો પર્વત સાવજ દબાયેલો હોય એવી વ્યકિત ગમે તેવા સારા વાતાવરણમાં પણ પણ ઉદાસજ હોય છે. તેઓ મિલનસાર હોતા નથી. વેપારમાં તેને નિષ્ફળતા મળે છે અને કોઈપણ પ્રકારનું સાહસ કરતાં ડરે છે.

જુઓ આકૃતિ નં. ૧૦ માં

(૧) બુધના પર્વત ઉપર તારાની નિશાનીવાળી વ્યકિત અવિશ્વાસુ કે ચોર પ્રકૃતિનો અને દગાબાજ હોય છે. અને તેને પૈસાની નુકશાની અને અપમાનો સહન કરવાં પડે છે.

(૨) બુધના પર્વત ઉપર ચોકડીની નિશાનીવાળી વ્યકિત અને જો આંગળી વાંકી દેખાતી હોય તો તેઓ ચોરી કરનાર, જુઠા અને સ્વાર્થી હોય છે.

(૩) બુધના પર્વત ઉપર ત્રિકોણની નિશાનીવાળી વ્યકિત રાજકારણમાં અને ભાષણ કરવામાં ઉસ્તાદ હોય છે.

બુધના પર્વત ઉપર એક સીધી રેખા હોય તો તેઓ ડોકટર બને છે અને અચાનક ધનપ્રાપ્તિ પણ કરે છે.

(૪) બુધના પર્વત ઉપર ત્રિશુળનુ ચિન્હ હોય તો તે રાજકારણમાં હોંશિયાર હોય છે.

બુધના બહારના ભાગમાંથી એક આડી રેખા આવી સૂર્ય રેખાને કાપે તો તેવા લોકો હંમેશાં જુઠુ બોલનારા હોય છે.

(૫) બુધના પર્વત ઉપર જાળીની નિશાની હોય તો આ લોકો કપટી. ઝનુની, સાહસ કરનારા અને અચાનક મૃત્યુ પામનારા હોય છે.

(૬) બુધના પર્વત ઉપર ચોકડીની નિશાનીવાળી વ્યકિત ચોર અને કપટી હોય છે.

(૭) બુધના પર્વત ઉપર ટાપુ અથવા ટપકાના નિશાનો ધંધામાં નિષ્ફળતા બતાવે છે.

બુધનો પર્વત સૂર્યના પર્વત તરફ ઝુકેલો હોય ધન રેખા સારી હોય. હાથ ભરાવદાર અને સુંદર હોય તો તેઓ સર્જન ડોકટર થાય છે.

બુધનો પર્વત બીજા મંગળની તરફ નમેલો હોય તેઓ આનંદી હોય છે. પરંતુ દુઃખ પ્રત્યેની પરવા હોય છે.

બુધના પર્વત ઉપર ચતુષ્કોણ મોટી કમ્પનીઓમાં ડાયરેકટર બનાવે છે. યશ, ધન અને ઉંચી પદવી બનાવે છે. અને નુકશાની સામે રક્ષણ અપાવે છે.

બુધના પર્વત ઉપર એક, બે કે ચાર રેખા હોય તો તેવી સ્ત્રીઓ લેડી ડોકટર અથવા નર્સ બને છે.

બુધના પર્વત ઉપર વચના ચિન્હવાળી વ્યકિત ચોરી કરવામાં ઉસ્તાદ, વ્યભિચારી અને વ્યાપારમાં નુકશાની બતાવે છે.

બુધ અને શુક્રના પર્વત વિકસેલા હોય તો સફળ અભિનેતા અથવા અભિનેત્રી બને છે.

૧૧. મંગળનો પર્વત



આકૃતિ-૧૧

મંગળનો પર્વત બે ભાગમાં વહેંચાયેલો હોય છે. એક ભાગ ગુરૂ અને શુક્રના પર્વતની વચ્ચે છે. અને બીજો ભાગ બુધ અને ચંદ્રના પર્વતની વચ્ચે છે. મંગળનો પર્વત અતિ ભરાવદાર અને અતિ વિસ્તાર પામેલો હોય તો તેવા માણસો બીન જરૂરી ઝઘડા કરનાર, ગુસ્સો કરનાર, બીજાને પીડા કરનાર, કરડાકી ભરેલી વાણી વાપરનાર, હિંસાખોર, લોહી તરસ્યા, ઝનુની, ખુબજ કામી, વ્યભિચારી અને ક્રુર હોય છે.

મંગળનો પર્વત મધ્યમ વિસ્તાર પામેલો હોય અને મધ્યમ ભરાવદાર હોય તેવા મનુષ્યો હિંમતવાળા, ધીરજવાળા, પરાક્રમી અને સંયમી હોય છે. અને તેઓ મોત સાથે બાથ ભિડવા તત્પર હોય છે. અને મંગળનો પર્વત સાવજ દબાયેલો હોય તો તેઓ બાયલા, નિર્બળ, નામર્દ અને કાયર થાય છે. મંગળનો પર્વત સારો હોય તો સર્જરીમાં એકદમ હોંશિયાર ડોકટર હોય છે.

મંગળના પર્વત ઉપરથી એક રેખા નિકળી લગ્નરેખા તરફ આવતી હોય અને લગ્નરેખા ફાંટાવાળી હોય તો છૂટા છેડાનો પ્રસંગ બને છે.

જુઓ આકૃતિ ૧૧માં ૧) મંગળના પર્વત ઉપર તારાની નિશાનીવાળો મનુષ્ય હત્યારો અને ઝનુની થાય છે.

જુઓ આકૃતિ ૧૧માં ૨, મંગળના પર્વત ઉપર તારાની નિશાનીવાળી વ્યક્તિ સર્જન ડોકટર થાય છે અથવા યુદ્ધ કળામાં હોંશિયાર થાય છે.

જુઓ આકૃતિ ૧૧માં ૩ મંગળના પર્વત ઉપર ચોકડીની નિશાનીવાળા કુટુંબને અચાનક આર્થિક મુશ્કેલીમાં આવવું પડે છે આ પર્વત ઉપર સીધી રેખા ઘણી જ હિંમત અને હોંશિયારી બતાવે છે.

જુઓ આકૃતિ ૧૧માં ૪ મંગળના પર્વત ઉપર ત્રિશુળનું ચિન્હ યુદ્ધ કળામાં નિષ્ણાત બનાવે છે. આ પર્વત ઉપર સમચોરસની નિશાની કૌટુંબિક મુશ્કેલીમાં રાહત અપાવે છે. આ પર્વત ઉપર કાળું બિંદુ હોય એવા માણસો ઘર, જમીન અને પૈસા માટે કોર્ટે ચડી કૌટુંબિક જીવન નષ્ટ કરી નાખે છે.

મંગળના પર્વત ઉપર અનેક આડી રેખાઓ હોય તો તેટલા શત્રુઓ વધારે હોય છે. પોતે ઝનુની સ્વભાવનો, વ્યભિચારી અને પ્રેમમાં પાસવીવૃત્તિ બતાવે છે. આ લોકો બે આબરૂ થઈ સમાજમાં ફરતા હોય છે.

મંગળનો પર્વત

મંગળના બંને પર્વતો ઉપસેલા હોય તેવા માણસો પથ્થર હૃદયના હોય છે. ખાસ કરીને લશ્કરના માણસો. જાસુસો અને ઈન્સ્પેકટરોના હાથમાં આવા પર્વત હોય છે. જે વ્યક્તિના હાથમાં બીજા પર્વતો કરતાં મંગળના બંને પર્વતો વધારે ઉપસેલા હોય તો તે વ્યક્તી જમીન અને સ્થાવર જંગમ મિલકતનો માલિક બને છે.

સ્ત્રીઓ ઉપર મંગળની અસર

સ્ત્રીઓના હાથમાં નડતો મંગળ અથવા અશુભ મંગળ હોય તો પોતાની આજીવીકાનું સાધન પોતેજ કરવું પડે છે. અને નાની ઉંમરથીજ નોકરી, ધંધો અથવા મહેનત કરવી પડે છે. મંગળની અશુભ અસરના કારણે માતા અથવા પિતાનું મૃત્યુ બતાવે છે. નાનપણથીજ ઘણું દુઃખ ભોગવવું પડે છે. અને કંટાળીને ઘણી વાર આત્મહત્યા કરવાનો વિચાર અથવા તો અવિચારી પગલું ભરે છે. મંગળ સાથે શુક્રની અશુભ અસર હોય તો નાનપણથીજ જાતીય સંબંધમાં આવવું પડે છે. અને બરબાદ થવું પડે છે. મોટી ઉંમર થવા છતાં પણ સગાઇ કે લગ્ન થતાં નથી અને લગ્ન થાય તો લગ્ન જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. સાસરા પક્ષ તરફથી ખુબજ દુઃખ અને ત્રાસ ભોગવવો પડે છે. અને પતિ પણ પોતાના વિચારોને અનુકુળ

મળતો નથી. મંગળ વધારે ખરાબ હોય તો પેઢુંને લગતી બિમારી, માસિકની અનિયમિતતા અને પેટમાં દુખાવો થાય છે. આવી સ્ત્રીઓને પ્રહરના રોગ પણ થાય છે. નાનપણમાં કમીના રોગ ગણુ થાય છે. અને કોઈકવાર કોઢ કે રકતપીતનું દર્દ થાય છે.

મંગળની અશુભ અસરને લીધે વિધવા થવાય છે. અથવા એકથી વધારે લગ્ન જીવનમાં આવવું પડે છે. અથવા ખાનગીરીતે બીજા પુરૂષ સાથે જાતિય સંબંધ હોય છે. પરંતુ જો બીજા સારા ચિન્હ હોય તો આવા યોગ બનતા નથી. અશુભ મંગળને લીધે ધંધાદારી, સિનેમાં કે નાટકમાં કામ કરે છે. સ્ત્રીઓની દલાલી કરે છે અને વેશ્યા વૃતિવાળુ જીવન વિતાવે છે. શુક્ર મંગળ બન્ને અશુભ હોય તો તેવી સ્ત્રીઓને સૌભાગ્યની દરેક વસ્તુઓ પ્રત્યે નફરત રહે છે. જેમકે ચાંદલો ન કરવો અથવા કાળો ચાંદલો કરવો, બંગડી ન પહેરવી અને આ લોકોનું લગ્ન જીવન નિષ્ફળ જાય છે. મોઢા ઉપર અથવા કપાળ ઉપર કોઇપણ જાતની નિશાની હોય તે લોકો મંગળની અસરવાળા હોય છે.

(૧૨) ચંદ્રનો પર્વત



આકૃતિ-૧૨
ચંદ્રનો પર્વત
૧.* તારો
૨.△ ત્રિકોણ
3.□ ચોરસ
૪.# જાળુ
૫.× ચોકડી

આ પર્વત શુક્રના પર્વતની સામે આવેલો છે. અને તે માનવીના મન ઉપર સારી ખોટી અસરો કરે છે. આ પર્વત અતિશય વિસ્તાર પામેલો અને ભરાવદાર હોય તો તે ગાંડપણની નિશાની હોય છે. આ પર્વત મધ્યમ વિસ્તાર પામેલો હોય તો તે લોકો કલ્પનાશીલ, લાગણીવાળા કવિતાઓના શોખીન, ગહન વિષયોને ચાહનારા અને સૌંદર્ય પ્રેમી હોય છે. આવા લોકો વ્યાજે લીધેલા પૈસા જલ્દી ચુકવવાની ઇચ્છાવાળા હોય છે. આ લોકો સદ્‌વિચારી અને સભ્ય હોય છે. કોઇકવાર આત્મવિશ્વાસની ખામી હોય છે. આ લોકો એકાંત પ્રિય, પ્રવાશી, કલ્પના-શીલ અને શેખ ચલ્લીના વિચારો કરતા હોય છે.

આ પર્વત સાવજ દબાયેલો હોય તેવા મનુષ્યો કલ્પના વિનાના, જડભરત અને ભવિષ્યની ચિંતા વગરના હોય છે. વહેમી હોય છે. અંધ શ્રધ્ધાળુ હોય છે.

(જુઓ આ. નં. ૧૨ માં) ચંદ્રના પર્વત ઉપર તારાની નિશાનીવાળી વ્યકિત પાણીમાં

ડુબવાથી મૃત્યુ બતાવે છે. અને આવા લોકો વિશ્વાસ ઘાતી પણ હોય છે. આ પર્વત ઉપર ત્રિકોણની નિશાનીવાળા માણસો જાદુગર અને મેલી વિદ્યામાં હોંશિયાર હોય છે. આ પર્વત ઉપર ચોરસની નિશાની દરેક આફતમાંથી બચાવે છે. આ પર્વત ઉપર સીધી ઉભી રેખા હોય તો અચાનક ઉપાધી બતાવે છે. આ પર્વત ઉપર જાળાની નિશાની હોય તો તેઓ ઘેલછાવાળા ગાંડા અને પાણી દ્વારા મૃત્યુ બતાવે છે. આ પર્વત ઉપર જેટલી આડી રેખા હોય તેટલા શત્રુઓ બતાવે છે. આ પર્વત ઉપર ચોકડીનું ચિન્હ પોતાની ધુનમાં મસ્ત રહેનાર અને સ્વપ્નમાં રાચનાર હોય છે.

ચંદ્રનો પર્વત સારો હોય તો કવિ અથવા લેખક થાય છે. પણ તે દુનિયાથી દાઝેલો હોય છે. આ પર્વત સારો હોવાથી સારી કલ્પના શકિત, વિચારોથી ભરપૂર, લલીત કલા, ચિત્ર કલા, આદિત્થ કલા, સંગીત અને મોજ શોખ કરવાવાળા હોય છે.

ચંદ્રનો પર્વત ખરાબ હોય અથવા દબાયેલો હોય તેવા લોકોને જલોદર, ટીબી, ઉન્માદ અને માનસિક દોષોથી પીડાય છે.

સૂર્ય અને ચંદ્રના પર્વત બીજા પર્વત કરતાં સારા હોય તેવા લોકો સાહિત્થ અને શિલ્પ શાસ્ત્રી બને છે. તેઓ ન્યાયપ્રિય અને લોકપ્રિય બને છે.

ચંદ્ર અને ગુરૂના પર્વતો ઉઠાવદાર અને સારા હોય તેવા લોકો ધર્મગુરૂ, પ્રોફેસર, સામાજિક કાર્યકર અને ધાર્મિક કથા કિર્તન કરનારા હોય છે.

ચંદ્ર અને બુધનો પર્વત સારો હોય તો તેઓ ભાગ્યશાળી, બુધ્ધિશાળી, વ્યાપારી, ન્યાયાધીશ, હાસ્ય કલાકાર અથવા વ્યંગ ચિત્રકાર બને છે.

ચંદ્ર મંગળના પર્વત સારા હોય તો મોજશોખવાળા, માન મર્તબ્યાવાળા, પૈસાદાર અને રૂઆબદાર જિંદગી ગાળે છે.

ચંદ્ર અને શુક્રના પર્વત સારા હોય તો આળસુ, એસઆરામી જિંદગીવાળા અને સુખ ભોગવનારા હોય છે. તેઓ વધુ વિષય વાસનાવાળા હોય છે.

જે સ્ત્રીઓના હાથમાં ચંદ્રનો પર્વત સારો હોય તેવી સ્ત્રીઓ સદાચારીણી, આનંદ, પ્રમોદ જીવન પસાર કરનાર અને ભોજન અતિ પ્રિય હોય છે. અને કોઈકવાર વ્યસન પણ કરે છે. જો ચંદ્રનો પર્વત મણિબંધ તરફ ઝુકેલો હોય તો તે લોકો દારૂ પીનારા, વ્યસની અને પ્રેમ કરવામાં ઉદાસીનતા ધરાવે છે ચંદ્રનો પર્વત ઘણોજ નાનો હોય તેઓ લાગણી વિનાના હોય છે

શુક્રનો પર્વત

અંગુઠાની નીચે આવેલા ઉપસેલા ભાગને અને ચંદ્ર પર્વતની સામેના ભાગને શુક્રનો પર્વત કહે છે.

શુક્રનો પર્વત અતિશય વિસ્તાર પામેલો હોય અને ભરાવદાર હોય તો આવા લોકો કામાતુર, કામી, દુષ્ટ, ખડાઈખોર, છળકપટ કરનાર, સ્વાર્થી હોય છે. આ લોકો શરમ વગરના અને સમાજના નિતિ નિયમોનો ભંગ કરનારા હોય છે. આ લોકોના શરીરમાં લોહી ઓછું હોય છે અને છાતીમાં દુખાવો થયા કરતો હોય છે.

જેના હાથમાં શુક્રનો પર્વત મધ્યમ સારો, ભરાવદાર હોય આવા સ્ત્રી પુરૂષો સુંદર, આકર્ષક ચહેરો, સાધારણ ઊંચા, દેખાવદાર તેમની ચામડી મુલાયમ હોય છે અને હસતી વખતે મોંમા ખાડા પડે છે. સ્વભાવે મોજશોખ કરવાવાળા અને વિલાસી હોય છે. અને આવા લોકોને સ્ત્રીઓનું આકર્ષણ ખુબજ હોય છે. આ લોકો પ્રેમાળ, માયાળુ, દયાળુ, બીજાનો સત્કાર કરનાર અને વિલાસી હોય છે. આવી વ્યક્તિઓ સંગીત જાણનાર, કલાકાર, ચિત્રકાર, મોજશોખની વસ્તુઓ વેચનાર, અત્તર અને સુગંધી પદાર્થો વેચનાર, ફિલ્મ કલાકાર અને ઝવેરી હોય છે.



આકૃતિ-૧૩
શુક્રનો પર્વત
૧.✳ તારો. ૭. X ચોકડી
૨.△ ત્રિકોણ. ૮. • કાળુ બિંદુ
૩.○ વર્તુળ. ૯. ⊂⊃ જવ
૪.□ ચોરસ
૫.Ψ ત્રિશુળ
૬.# જાળુ

ઉપર જણાવ્યા પ્રમાણે કે શુક્રનો પર્વત વિસ્તાર વગરનો અને દબાયેલો હોય આવા મનુષ્યો ઠંડા અને લાગણી વિનાના હોય છે.

ચંદ્ર અને શુક્રના બંને સારા વિસ્તાર પામેલા હોય આવા સ્ત્રી પુરૂષો પોતાના સ્વપ્નમાં કે કલ્પનાઓમાં પોતાના મનગમતા પાત્રનું અથવા સુંદર સ્ત્રીને પ્રેમ કરનારા હોય છે અને ચંચળ વૃત્તિના હોય છે.

શુક્ર અને મંગળના પર્વત ખરાબ હોય એવા માણસોને હરસ–મસા, આંતરડા અને લોહીને લગતા દર્દો થાય છે.

શુક્ર અને સૂર્યના પર્વત સારા હોય તો તેઓ વ્યાપારી અને કલાક્ષેત્રમાં આગળ હોય છે.

શુક્ર અને શનિના પર્વત સારા હોય તો તેઓ સાહસિક થાય છે.

શુક્ર અને ગુરૂના પર્વત સારા હોય તો ઉચ્ચ દરજ્જો મેળવે અને પ્રગતિ કરે છે.

શુક્ર અને મંગળનો પર્વત સારો હોય તેઓ સુંદર, આકર્ષક ચહેરાવાળા અને શોખીન સ્વભાવના હોય છે.

શુક્ર અને ચંદ્રના પર્વત સારા હોય તો સૌંદર્ય પ્રેમી અને સુંદરતાના પૂજારી હોય છે.

શુક્રનો પર્વત ખરાબ હોય અને બીજા ગ્રહો પણ શુભ અસર આપતા ન હોય આવા લોકોને લોહી વિકાર, રકતપીત, ટાઈફોઈડ, શીફીલીસ, ધોનેરીયા કોઈકને કીડનીને લગતા રોગો થાય છે.

શુક્ર અને મંગળનો પર્વત બગડેલો હોય અથવા શુક્ર ઉપર જાળીનું ચિન્હ હોય અને હ્રદય રેખા ગુરૂ અને શનિના પર્વતની વચ્ચે જતી હોય, અંગુઠો પાછળના ભાગમાં વળતો હોય તો આવા લોકો બીજી સ્ત્રીઓના પ્રેમમાં પડે છે. પરંતુ ત્યાં પણ પૂર્ણ સફળતા ન મળવાથી વેશ્યાઓમાં ફરનારા હોય છે. અને ગરમીને લગતા દર્દોનો ભોગ બને છે.

શુક્રનો પર્વત અતિશય નાનો અને સાંકડો હોય તો તે પુરૂષ નપુશંક બને છે.

આયુષ્ય રેખા શુક્રના પર્વત બાજુ જાય તો તેનું મૃત્યુ પોતાના જ દેશમાં થાય છે. અને રેખા જો ચંદ્ર તરફ જાય તો પરદેશમાં મૃત્યુ થાય છે.

જે સ્ત્રીઓનો શુક્રનો પર્વત સારો હોય તે વ્યાપાર ધંધામાં હોંશિયાર હોય છે. અને પગના અંગુઠા કરતા બીજી આંગળી મોટી હોય અને અલગ દેખાતી હોય તો તેવી સ્ત્રીઓને જાતિય બાબતોમાં ઘણોજ રસ હોય છે અને અતિ કામી વાસના પ્રિય હોય છે.

જુઓ આ ૧૩માં ૧) શુક્રના પર્વત ઉપર તારાની નિશાની વિજાતીય વ્યકિત તરફથી પ્રેમમાં નિરાશા મળે છે.

જુઓ. ૧૩માં ૨) શુક્રના પર્વત ઉપર ત્રિકોણની નિશાનીવાળી વ્યકિત ગણિત શાસ્ત્ર અને આંકડા શાસ્ત્રમાં હોંશિયાર થાય છે. અને પ્રેમ અને સ્નેહના સંબંધમાં પણ ગાઢતા આવે છે.

જુઓ આ. નં. ૧૩ માં ૩) શુક્રના પર્વત ઉપર વર્તુળની નિશાની પ્રેમના બંધનમાં બાંધવાની આગાહી કરે છે.

જુઓ આ. નં. ૧૩માં ૪) શુક્રના પર્વત ઉપર ચોરસની નિશાની જેલમાં જવાના પ્રસંગમાંથી બચાવે છે.

જુઓ આ. ૧૩માં ૫) ત્રિશુળની નિશાની ઉદાર અને માયાળુ વૃત્તિ બતાવે છે.

જુઓ આ. નં. ૧૩માં ૬) શુક્રના પર્વત ઉપર જાળાની નિશાની વિષયવાસનાવાળુ અને વિકારી જીવન ગુજારે છે.

જુઓ આ. નં. ૧૩માં ૨) શુક્રના પર્વતપર આડી રેખાઓ ચિંતાઓ બતાવે છે. અને ચોકડીની નિશાની પ્રેમમાં નિષ્ફળતા, નિરાશા અને આપત્તિ બતાવે છે.

શુક્રના પર્વત ઉપર કાળા ટપકાની નિશાની કામજવરની પીડા, વિકાર, વિષય લંપટતા અને તેને લગતા દર્દથી અને ચામડીના રોગથી પીડા પામે છે. આવા લોકોને ડાયાબીટીશ જેવા રોગો થાય છે.

શુક્રના પર્વત ઉપર તારાની નિશાનીવાળી વ્યાક્તઓના પિતા નાનાપણુમાંજ મૃત્યુ પામે છે અને આ નિશાની ડાબા હાથમાં હોય તો નાનપણુમાં માતા મૃત્યુ પામે છે. અને શુક્રના પર્વત ઉપર અથવા કોઈ રેખા ઉપર તારાની નિશાની હોય તો તેની પ્રેમિકા મૃત્યુ પામે છે. અથવા આવી સ્ત્રીને લીધે લગ્ન જીવનમાં મુશ્કેલી આવે છે.

જુઓ આ. નં. ૧૩માં ૨) શુક્રના પર્વત ઉપર ત્રિકોણુની નિશાનીવાળી વ્યક્તિઓ પાકી ગણત્રી બાજ અને બીજાની વાતોમાં જલ્દી આવતી નથી આવા માણસો પૈસા માટેજ બીજી સ્ત્રીઓને પ્રેમ કરે છે.

જે સ્ત્રીના અંગુઠાના મુળમાં અને શુક્રના પર્વત ઉપર બે ત્રણ ચોકડીની નીશાની હોય તે સ્ત્રી વ્યભિચારિણી અને કેવળ પૈસા માટેજ પ્રેમ કરે છે.

શુક્રનો પર્વત અને બુધનો પર્વત સારો હોય હાથ ભરાવદાર હોય, આંગળીઓ લાંબી અને અણિદાર હોય તો ફીલ્મ અર્ટીસ્ટ અથવા નાટકોમાં કામ કરે છે.

(જુઓ આ. નં. ૧૩ માં ૯) શુક્રના પર્વત ઉપર જવની નિશાની હોય તો તેવા લોકો ને પ્રેમ કરવાથી પૈસા મળે છે અને વારસો પણુ મળે છે.

(૧૪) આયુષ્ય રેખા

કોઈપણુ સ્ત્રી પુરૂષના હાથ જોતાં પહેલાં તે લોકોનું આયુષ્ય કેટલું છે તે આયુષ્ય રેખા ઉપરથી નકકી કરી અને હાથ ઉપરથી બીજી નિશાની ઉપરથી નકકી કરી ભવિષ્ય જોવુ જોઈએ

આયુષ્ય રેખા ગુરૂની આંગળીમાંથી જીવન પ્રવાહ લેનાર પહેલી રેખા છે. આ રેખા ગુરૂની આંગળીની નીચેથી, નીચલા મંગળ અને શુક્રના પર્વતની ઘેરની આગળ વધે છે. આ રેખા મનુષ્યની તંદુરસ્તી બતાવે છે. આ રેખા લાંબી, સ્પષ્ટ અને ઉભી હોય તો લાંબુ

જીવન આપે છે, આ રેખા ગુરૂના પર્વતમાંથી નિકળતી હોય અને તેનો વિસ્તાર મોટો હોય તો તે માણસને વિદ્વાન બનાવે છે. ઊંચા હોદ્દા પર લાવે છે. અને મહત્વાકાંક્ષી બનાવે છે. આયુષ્ય રેખા આયુષ્ય ઉપરાંત તમે શકિત શાળી છો કે નિરાશાવાદી છો તે પણ બતાવે છે.



આકૃતિ-૧૪
આયુષ્યરેખા

(જુઓ આ. નં. ૧૪) આયુષ્ય રેખા ગુરૂના પર્વતમાંથી નિકળે તો તે મનુષ્ય અતિશય લોભી, ધનની પ્રબળ ઈચ્છાવાળો, વિજયી, આબરૂવાળો, ઉત્સાહી અને મોટા મોટા નામાંકીત વ્યકિતઓની ઓળખાણ ધરાવનાર થાય છે. આયુષ્ય રેખા અંગુઠાની પાસેથી નીકળીને શુક્રના પર્વતને સાંકડો કરતી હોય તો તેવા લોકો લાગણી વિનાના, ઠંડા, સાંસારીક ઈચ્છા વગરના, સ્ત્રીઓને નફરત કરનારા અને કોઇકવાર આવા પુરૂષોને સંતાન હોતા નથી અથવા વાંઝીયા રહે છે. આવી વ્યકિત સાથે સ્ત્રીનું લગ્ન નિષ્ફળ જાય છે કારણ કે તે સ્ત્રીની ઈચ્છા પૂર્ણ કરી શકતો નથી અને પોતે અતિશય લોભી હોય છે. પરંતુ પોતાની મિલ્કત બીજાને માટે મુકીને જાય છે.



આકૃતિ-૧૫

અંગુઠો અને ગુરૂના પર્વતની વચ્ચેથી આયુષ્ય રેખા નીકળી શુક્રના પર્વતને પહોળો બનાવીને મણિબંધ તરફ જતી હોય આવા મનુષ્યો, ઉત્સાહી, શકિતશાળી, ઉદાર લાગણી પ્રધાન, મોટા દિલવાળા, આકર્ષક શકિતવાળા અને શોકસી હોય છે. તેની સાથે પરણાવેલી સ્ત્રીનું જીવન સફળતાને વરે છે. આવા લોકોનું આયુષ્ય પણ લાંબુ હોય છે આ રેખાની નીચે મણિબંધ પાસે ત્રિકોણની નિશાની બનતી હોય તો એના જીવનમાં સાહસ અને દેશ પરદેશની મુસાફરી ઘણી લખી હોય છે આછી પાતળી આયુષ્ય રેખાવાળા માણસો સ્વભાવે નરમ થોડી વારમાં કંટાળી જનારા, અશાંત, બેબાકળા અને નિરાશાવાદી હોય છે. આ લોકો સાચા, ખોટાની પરખ કરી શકતા નથી માંદગીથી જલ્દી કંટાળી જનાર, અપચાની અને ઝાડાની કાયમ

ફરીયાદ કરનારા હોય છે. અને અવાર નવાર માંદગીના હિસાબે ડોકટરો સાથે સારી ઓળખાણ થાય છે. અને ડોકટરોને કમાવી આપે છે.



આકૃતિ-૧૬
આયુષ્યરેખા
પહોળી
ને છીછરી.

પહોળી અને છીછરી આયુષ્ય રેખા શરીરમાં અશકિત અને બીમારી બતાવે છે. માંદલું શરીર, નબળું બંધારણ કમજોર, સહન શકિતનો અભાવ અને અવિશ્વાસુ હોય છે ઘણીવાર પોતાની જાતને રક્ષામાટે આવા લોકો મિત્ર અને સગાઓ વાળા ઉપર આધાર રાખે છે. અથવા જાતકો ઓછા મનના નિરાશાવાદી હોવાથી કોઈપણ કાર્યમાં આગળ વધી શકતા નથી આવા લોકો ઉદાસીન હોવાથી, લગ્ન કરવા ન જોઇએ, કારણ કે લગ્ન પછી તેમનું ઘર બિમારીને લીધે દવાખાનામાં ફેરવાઇ જાય છે. અને એ લોકોની કમાણી દવામાં સમાણી એવી હાલત થાય છે.

આજ પ્રમાણે આયુષ્ય રેખા સાંકળ વાળી હોય તો તેઓ પણ ભારે માંદગી ભોગવે છે. અને તેઓ ચિંતાતુર અતિશય હોય છે. અને અકસ્માત મૃત્યુ બતાવે છે. આવા લોકો કાયમ ઉપાધીવાળાજ હોય છે. અને જીંદગી ઉદાસ બનીનેજ ભોગવે છે. ઘણીવાર આવા લોકોની બાબતમાં જૂની કહેવાત સાચી પડે છે. 'રોતી જાયને મુવાની ખબર લાવે છે.' એવુ બને છે.

આયુષ્ય રેખાઓ યવની નિશાનીવાળી વ્યકિતને આંતરડાને લગતા રોગો થાય છે.



આકૃતિ-૧૭
૧. આયુષ્યરેખાને કાપતી આડીરેખાઓ
૨. રાહુ રેખા
3. તારો
૪. અંગુઠાનામુળમાં જતી રેખા
૫. • કાળો ડાઘ

આયુષ્ય રેખામાં તારાની નિશાની નાનપણમાં માતાનું મૃત્યુ બતાવે છે. આયુષ્ય રેખાની બાજુમાંથી નિકળતી બીજી રેખાને મંગળ રેખા કહે છે. એવી રેખાવાળી વ્યકિતને કુદરતી મદદ મળ્યા કરે છે. અકસ્માતથી બચાવે છે અને રોગ સામે પ્રતિકાર શકિત આપે છે. આવા લોકો સાહસિક પણ હોય છે.

(આકૃતિ નં. ૧૭માં ૨) આયુષ્ય રેખાને જે આડી રેખાઓ કાપે છે એને રાહુ રેખા

કહેવાય છે. અને જ્યાં જ્યાં કાપે છે. એ તે વર્ષોમાં અને સમયમાં ચિંતા, બિમારી, આર્થિક નુકશાની અને કૌટુંબિક મુશ્કેલીઓ વધારે હોય છે.

(આકૃતિ નં. ૧૭માં ૪) આયુષ્ય રેખામાંથી એક રેખા નિકળીને શુક્રના પર્વત ઉપરથી અંગુઠાના મુળમાં જાય તો તેવા માણુસો શોકસી અને વેશ્યા ગામીત થાય છે.

(આકૃતિ નં. ૧૭માં ૫) આયુષ્ય રેખા ઉપર કાળા ડાઘની નિશાની વાળાને નજીકના સંબંધીઓ તરફથી કોઈકવાર ઝેર દેવાનો પ્રયોગ થાય છે.

આયુષ્ય રેખાની શરૂઆતમાં સાંકળી હોય તો નાનપણમાં બિમારી બતાવે છે. વર્તુળની નિશાની હોય તો તેવી વ્યકિત શસ્ત્ર દ્વારા આંખ ગુમાવે છે.

આયુષ્ય રેખાના અંદરના ભાગમાં અને મંગળના પર્વતની પાસે ચતુષ્કોણનું ચિન્હ હોય તો તેને સરકારના ભયની મુશ્કેલી આવે અને જેલમાં જવાનો પ્રસંગ બને છે. જે સ્ત્રી પુરૂષને આયુષ્ય રેખાની શરૂઆતમાં હૃદય રેખા અને મસ્તક રેખા મળતી હોય તો તેઓનું અચાનક મૃત્યુ થાય છે.

આયુષ્ય રેખા સળંગ ન બનતાં તૂટેલી હોય તો એટલો સમય એને બિમારીમાં પસાર કરવો પડે છે. આયુષ્ય રેખામાંથી એક કે બે રેખા ગુરૂના પર્વત ઉપર જાય તો તેવા લોકો સત્તાવાન, ધનવાન, ઉચ્ચ પદવીવાળા, ધાર્મિક અને ભાગ્યશાળી થાય છે.

આયુષ્ય રેખામાંથી એક કે બે રેખા શનિના પર્વત તરફ જાય તેવા લોકોને જમીન, ઘર, સ્થાવર મિલ્કત અને કોન્ટ્રાકટના કામમાં સારો લાભ થાય છે

આયુષ્ય રેખામંથી એક રેખા સૂર્યના પર્વત ઉપર જાય તો તેને સમાજમાં ધન, માન, કિર્તી અને આબરૂ મળે છે.

આયુષ્ય રેખામાંથી એક રેખા બુધના પર્વત ઉપર જાય તો તે માણુસ ધંધામાં અતિશય પૈસા કમાય છે.

આયુષ્ય રેખામાંથી એક રેખા ઉપલા મંગળ તરફ જાય તો તેવી વ્યકિત સરકારી બળથી કે સાહસ ભર્યા કામથી નામ અને પૈસા કમાય છે

આયુષ્ય રેખામાંથી એક રેખા નીકળી ચંદ્રના પર્વત ઉપર જાય તો તેવા લોકો દેશ પરદેશ મુશાફરી કરે છે. અને ઘણીવાર કાયમ માટે પણ પરદેશ રહી જાય છે. ગુરૂના પર્વત ઉપરથી આયુષ્ય રેખા નીકળતી હોય તો તે વ્યકિત ખાનદાન કુટુંબમાં જન્મ લેનાર, લાંબા આયુષ્યવાળો, યસસ્વી અને જનસેવક થાય છે.

અંગુઠાના મૂળમાંથી નિકળતી આયુષ્ય રેખા અને શુક્રનો પર્વત સાંકડો હોય તો બનતાં સુધી તેને સંતાન થતા નથી.

આયુષ્ય રેખાની શરૂઆતમાં યવની નિશાની હોય તો વારસાગત રોગ બતાવે છે.

આયુષ્ય રેખાનાં અંતમાં જાળીની નિશાની હોય તો તે વ્યભિચારી હોય છે. અને જો ત્રિકોણની નિશાની હોય તો તે મનુષ્ય મહેનતુ થાય છે. અને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવે છે.

આયુષ્ય રેખાના અંતે ચીપીયાની નિશાની હોય તો તેને ઘડપણ સુધી સખત કામ કરવું પડે છે અને એ લોકોને આરામ મળતો નથી. અને પાછલી જીંદગી ગરીબીમાં જાય છે



આકૃતિ-૧૮
૧.આયુષ્ય રેખા
૨.મસ્તક રેખા
૩.હૃદય રેખા

(જુઓ આકૃતિ નં. ૧૮) આયુષ્ય રેખાથી મસ્તક રેખા છુટી પડતી હોય તો તેવા સ્ત્રી પુરૂષો સાહસિક, પોતાનું ધાર્યું કરવાવાળા, ઝનુની, ગુસ્સાવાળા અને શુક્રનો પર્વત ખરાબ હોય તો ચારિત્ર હીન થાય છે. આવા લોકો બિન્ધાસ પણે નાના મોટાની શરમ રાખ્યા વગર કડવું સત્ય બોલનાર હોય છે અને નાની નાની બાબતોમાં કજીયા કંકાસ કરે છે. આવેશમાં બોલ્યા પછી એ લોકો અફસોસ પણ કરતા હોય છે કે આવી રીતે બોલીને સામાને ખોટુ લાગે એવું વર્તન ન કરવું જોઇએ પરંતુ સહન શકિતના અભાવને લીધે ગુસ્સામાં આવી જઇને બેફામ અને બિન્ધાસ બોલનારા હોય છે. આવી વ્યકિત કયારે રાજી થશે અને કયારે નાખુશ થશે તે કહી શકાતુ નથી આ લોકો પોતે ઇચ્છે તો સામાન્ય ગુપ્ત વાતો કાયમ માટે સંગ્રહી શકે છે. પરંતુ પોતાનું અહિત થતું હોય તો તરતજ બદલો લે છે. આવી વ્યકિત ખુશ થાય તો બધુજ આપી દે છે અને નાખુશ થાય તો પોતે આપેલા ભેટ સોગાદો પણ પાછા માંગી લે છે. પરંતુ સાહસિક સ્વભાવના હિસાબે આવા લોકો સારા કાર્યો કરવા ધારે તો આસાનીથી કરી શકે છે. અને ખરાબ કાર્યો કરવા ધારે તો છેક છેલ્લી પાટલીએ એ બેસનારા હોય છે.



(આકૃતિ નં. ૧૯) જો આયુષ્ય રેખાથી મસ્તક રેખા અતિશય છુટી પડતી હોય મસ્તક રેખા શનિના પર્વત પાસે જઇ નીચે વળાંક લઇને ચંદ્રના પર્વતને મળતી હોય તો આવા લોકો અતિશય ઉડાઉ, ધંધામાં જોખમી સટ્ટો અને સાહસમાં માનનારા કામી અને ચારિત્ર વગરના હોય છે. આ લોકોને દુનિયામાં પૈસાથીજ સ્વર્ગ દેખાય છે. અને પૈસો મેળવવા માટે આકાશ પાતાળ એક કરે છે. ધંધામાં ખોટુ બોલવું કે ખોટુ કરવુ કે અનિતિનો પૈસો કમાવવો આ લોકોને મન રમત હોય છે. આ લોકોનો પ્રેમ પણ બહારનો દેખાવ હોય છે. ફકત સ્વાર્થી અને પૈસાના પૂજારી હોય છે. જીવન જીવી જાણવુ અને સ્વચ્છંદતાથી જીવન ભોગવી જાણવું તેવું માનનારા હોય છે એ લોકોને કાલની પરવા હોતી નથી.

(૧૫) મસ્તક રેખા

ગુરૂના પહાડની નીચેથી નિકળી મંગળ કે ચંદ્રના પર્વત તરફ જતી હૃદય અને આયુષ્ય રેખાની વચ્ચે સમાન અંતરે જતી રેખાને મસ્તક રેખા કહે છે. આ રેખા ખાસ કરીને માણસની માનસિક શકિત, વિચાર શકિત અને બુદ્ધિમતાનું સૂચન કરે છે.

આકૃતિ નં. ૨૦ જુઓ મસ્તક રેખા આયુષ્ય રેખાની અંદર થઇને મંગળના પર્વત તરફથી નિકળતી હોય તો આવા સ્ત્રી પુરુષો સ્વભાવે ક્રોધી, ઝનુની અને માનસિક શકિત કમજોરવાળા હોય છે અને મિત્રો ને પણ શત્રુમાં બદલી નાંખે છે.



આકૃતિ નં. ૨૦ માં ૨ સામાન્ય રીતે દરેકના હાથમાં ત્રણ રેખા હોય છે. (૧) આયુષ્ય રેખા (૨) મસ્તક રેખા (૩) હૃદય રેખા પરંતુ કેટલાક હાથમાં બેજ રેખા હોય છે. (૧) આયુષ્ય રેખા અને (૨) મસ્તક અથવા હૃદય રેખા હોય છે તો આ સમયે હૃદય અથવા મસ્તક રેખામાંથી કઇ રેખા અદ્રશ્ય હશે તે જાણવું મુશ્કેલ થાય છે. પરંતુ મોટે ભાગે મસ્તક રેખાજ હયાત હોય છે એમ માનવામાં આવે છે. જેના હાથમાં હૃદય રેખા વિનાની મસ્તક રેખા હોય તે લોકો લાગણી વિનાના, દયા વગરના, ક્રુર અને વખત આવે ઘાતકી, આચાર, વિચારના હોય છે. તેઓ કંજુસ લોભી અને વેરનો બદલો લેનારા હોય છે. પૈસા ખાતર ગમે તે કરનારા હોય છે.

મસ્તક રેખા આયુષ્ય રેખાને અડીને નિકળતી હોય તો પોતાના કાર્યમાં સાવધાની પૂર્વક ચાલનારા અને પોતાના કાર્યમાં સફળતા મેળવનારા હોય છે. લાંબી મસ્તક રેખાવાળા લોકો મજબુત માનસિક શકિત ધરાવે છે. અને ટૂંકી મસ્તક રેખાવાળા મનુષ્યો નબળા મનના અને અસ્થિર મગજના પણ હોય છે.



આકૃતિ-૨૧
૧ મસ્તક રેખા
૨. ચંદ્રનો-પર્વત.
૩. તારો

જુઓ આ. નં. ૨૧ મસ્તક રેખા ખુબજ વળાંક લઇને ચંદ્રના પર્વત પર જાય તો આવા લોકો કલ્પનાવાદી, દીવા સ્વપ્ન જોનારા અને કાર્ય શકિતના અભાવવાળા હોય છે. પોતના કોઇપણ કાર્ય સંપૂર્ણ કરી શકતા નથી. અને મસ્તક રેખા ઉપર ખરાબ નિશાની હોય તો આત્મહત્યા કરે છે.

મસ્તક રેખા અને આયુષ્ય રેખા બંને જોડાઇને આગળ જતી હોય તો તેવા માણસો એટલાજ સમય સુધી પોતાનો ભાગ્યોદય કરી શકતા નથી આવા લોકો શરમાળ અને કાર્યશકિત હોવા છતાં પણ અમલમાં મૂકી શકતા નથી.

મસ્તક રેખા ગુરૂના પર્વત પરથી નિકળતી હોય તો તેઓ દરેક કાર્ય વિચાર પૂર્વક કરવાવાળા, બુદ્ધિશાળી, ન્યાયપ્રિય, અને લાંબુ વિચારનારા હોય છે.



આકૃતિ-૨૨
૧. મસ્તક રેખા
૨. હૃદય રેખા
૩. ભાગ્ય રેખા

જુઓ આ. નં. ૨૧ મસ્તક રેખા નાની હોય અને તેના અંતે તારાની નિશાની હોય તો તે મનુષ્યનું મોત અકસ્માતથી થાય છે અને મસ્તક રેખા અને આયુષ્ય બંને ટૂંકી હોય અને બંને રેખા ઉપર તારાનું ચિન્હ હોય તો ભર યુવાનીમાં મોત થાય છે. આજ પ્રમાણે બંને રેખા ઉપર તારાની જગ્યા પર ચોકડીની નિશાની હોય તોપણ જુવાનીમાં મૃત્યુ પામે છે.

જુઓ આકૃતિ નં. ૨૨ મસ્તક રેખા આખા હાથની આસપાસ નીકળતી રેખા અથવા લાંબી હોય અને હૃદય રેખા નાની હોય તો આવા લોકો મનથી અને હૃદયથી કામ કરનારા હોય છે. લાગણીને દબાવી દે છે અને પોતાના મનથીજ ધારેલા કાર્ય પાર પાડે છે. આવા લોકો અતિ લોભી હોય છે. અને પોતાના પ્રેમને પણ ભૂલી જાય છે. દરેક વસ્તુ પોતાના સ્વાર્થને ખાતરજ જુએ છે. તેને લાગણી અને કરૂણાની અસર થતી નથી અને પોતના સ્વાર્થ ખાતર શરમ વિનાના થાય છે.



આકૃતિ-૨૩
૧. મસ્તક રેખા
૨. આયુષ્યરેખા
૩. તલની નિશાની
૪. ગુરુના પર્વત ઉપર ઉભી રેખાઓ

(જુઓ આકૃતિ નં. ૨૩) મસ્તક રેખા અને આયુષ્ય રેખા સાધારણ છુટી પડેલી હોય તો તે લોકો આત્મવિશ્વાસુ, પોતાનીજ જાત પર આધાર રાખનાર, હિંમતવાળા સ્વતંત્ર વિચાર ધરાવનારા થાય છે. પરંતુ મસ્તક રેખા વધારે પડતી છુટી પડેલી હોય તો આ લોકોને જીંદગીમાં ગંભીર ભૂલ કરીને પસ્તાવાનો પ્રસંગ આવે છે. ઘણીવાર આ લોકો ગુસ્સામાં ન કરવાના કામ કરી બેસે છે અને પછી પસ્તાવો કરે છે.

જુઓ આકૃતિ નં. ૨૩ (૩) મસ્તક રેખા ઉપર તલની નિશાની અભ્યાસમાં પ્રગતિ બતાવે છે. અને બુધની આંગળીનો પહેલો ભાગ લાંબો હોય તો તેની લેખન શકિત સારી

હોય છે. મસ્તક રેખા સારી હોય અને સારી રીતે ચંદ્રના પર્વત પર જતી હોય અને રેખાના અંતમાં ચીપીયાની નિશાની હોય તો તે કવિ કે લેખક બને છે.

જુઓ આકૃતિ નં. ૨૩ માં ૪) મસ્તક રેખામાંથી નાની નાની રેખાઓ ગુરૂના પર્વત પર જતી હોય તો તે લોકોને ભોગ, સુખ અને આશ્ચર્ય આપે છે અને આ રેખાઓ શનિના પર્વત તરફ જતી હોય તો પૈસાનું સુખ આપે છે.



આકૃતિ-૨૪
૧. મસ્તક રેખા
૨. આયુષ્ય રેખા
૩. હૃદય રેખા
૪. મસ્તકરેખાને અંતમાં ચીપીયો

જુઓ આકૃતિ નં. ૨૪ મસ્તક રેખા અયુષ્ય રેખાની નિચે થઇને મંગળના પર્વત પર થઇને નીકળતી હોય તો તેવા લોકો અસ્થિર મગજના હોય છે. આવા લોકો ઘણા બધા કાર્યો હાથમાં લે છે. પણ એકપણ કાર્ય પૂર્ણ કરતા નથી. આ લોકો ઘણી જાતના ધંધા કરે છે. અને લાભ મેળવવાનો હોય ત્યારે ધંધો બદલી કાઢે છે. આવા લોકો પોતાના વિચારો વરંવાર બદલતા હોય છે. આવા લોકો પોતેજ સાચા છે એ બતાવવા માટે જીદ્દી બને છે, આ લોકોમાં બે અવલક્ષણો હોય છે. (૧) તકરારી સ્વભાવ અને (૨) વારેવારે બદલાતું મન આવા લોકો કયારે શું કરશે એ સમજાતું નથી.

જુઓ આકૃતિ નં. ૨૪ (૪) મસ્તક રેખાના અંતમાં ચીપીયાની નિશાની હોય એક રેખા બુધ ઉપર જતી હોય અને બીજી ચંદ્ર પર જતી હોય તો તેઓ ખુબજ વિચાર શકિત વાળા હોય છે.

મસ્તક રેખા અને હૃદય રેખા બંને બહુ નજીક હોય આવા લોકો શંકુચિત વિચારના સ્વાર્થી હોય છે. આવા લોકોનો વિશ્વાસ કરાય નહિ.



આકૃતિ-૨૫
૧. મસ્તકરેખા તુટક
૨. આયુષ્ય રેખા
૩. સાંકળીવાળી હૃદય રેખા
૪. સળાંગ મસ્તક રેખા ગુરુના પર્વતમાંથી નીકળે છે.

જુઓ આકૃતિ નં. ૨૫
મસ્તક રેખા ચંદ્રના પર્વત પર જતી હોય અને હૃદય રેખા સાંકળી આકારની હોય તો તેને લકવો થાય છે.

જુઓ આ. નં. ૨૫ મસ્તક રેખા જો તુટેલી રેખા હોય તે બંને તેટલા સમય માટે એને મગજની બિમારી અથવા અસ્થિરતા અને ગાંડપણ આવે છે.

મસ્તક રેખામાંથી એક રેખા શનિ પર્વત પર જાય તો ધન લાભ સારો થાય છે અને બુધના પર્વત પર જાય તો ધંધામાં પ્રગતિ બતાવે છે.

મસ્તક રેખા અને હૃદય રેખા શરૂઆતથી કે છેક સુધી નજીક નજીક ચાલતી હોય તો આવા લોકો સ્વાર્થી પ્રેમી હોય છે.

જુઓ આકૃતિ નં. ૨૫ (૪) ગુરૂના પર્વતમાંથી નિકળતી મસ્તક રેખા શનિ અને સૂર્યના પહાડ તરફ આગળ વધી ચંદ્ર તરફ વળાંક લેતી હોય તેવા મનુષ્યો અતિશય શકિત-વાળા આત્મવિશ્વાસુ અને બીજાને સહેલાઈથી પોતાનામાં લઈ લેવાની શકિત ધરાવે છે. પોતાનું ધાર્યું કરવાવાળા અને મુત્સદ્દી હોય છે. કુષાગ્ર બુદ્ધિવાળા, પ્રભાવશાળી અને સમાજની સેવા કરવાવાળા હોય છે.

મસ્તક રેખામાંથી એક રેખા ગુરૂ ઉપર જતી હોય તો તેઓ સારી પ્રગતિ કરે છે અને સુખી થાય છે.

મસ્તક રેખા સીધી આગળ વધીને મંગળના પર્વત પર જાય આવા લોકો પોતાનો સ્વાર્થ સાધવામાં ઉસ્તાદ, પ્રબળ માનસિક શકિત ધરાવવાવાળા, પ્રબળ નિશ્ચયી અને વ્યવહારુ હોય છે. પોતાને જરૂરીયાત હોય એટલું સાંભળીને બીજી વસ્તુ ધ્યાનમાં રાખતા નથી કોઈ કોઈવાર આવા માણસો લાગણી વિનાના, ખાનદાન અને ક્રુર થઇ જાય છે. સંકુચિત વિચારોને હિસાબે મિત્રો ઘણા ઓછા હોય છે. પરંતુ આવા લોકો દુનિયાની પરવા કરતા નથી આ લોકોના જીવનમાં આદર્શ જેવું કશું હોતુ નથી અને નિરસ જીવન વિતાવે છે.

આકૃતિ-૨૬
૧.મસ્તકરેખા
૨.આયુષ્યરેખા

જુઓ આકૃતિ નં. ૨૬
મસ્તક રેખા શરૂઆતથી સીધી ચાલી અને શનિ અને સૂર્યની આંગળીનો પહેલો વેઢો લાંબો અને મજબૂત હોય તો તેઓ ઉત્તમ કલાકાર થાય છે. જો બીજો વેઢો મજબૂત હોય તો એ સૌંદર્યપ્રેમી અને ધનવાન થશે અને ભરાવદાર હશે તો બાહ્ય આંડબર કરવામાંથી ઊંચો નહિં આવે.

મસ્તક રેખા સીધી અને સરળ બુધના પર્વત પર જાય તો તે સુંદર ભાષા વાપરવાવાળો વકતા અને ભાષણ આપનાર થાય છે. બુધની આંગળીનો બીજો વેઢો બળવાન હોય તો તે વૈજ્ઞાનિક બને છે. અથવા વૈદ્ય કે ડોકટર બને છે. અગર શિક્ષક અથવા તો વકીલ બનશે અને ત્રીજો વેઢો મજબૂત હોય તો ધંધાથી કે સટ્ટાથી કે કાવાદાવા કરીને પૈસા ભેગા કરશે.

મસ્તક રેખા જો પાણીની જેમ વાંકીચૂકી ચાલતી હોય તો તે અસ્થિર મગજનું અને પોતાના વિચારો કે કાર્ય વારેઘડી બદલનાર હોય છે.

મસ્તક રેખા તૂટીને હૃદય રેખામાં મળી જાય તો તેવા લોકો લાગણીવશ થઈને મનનો કાબૂ ગુમાવી દે છે અને કોઈકવાર સરકારી ગુના કરી બેસે છે.



આકૃતિ-૨૭
૧.મસ્તક રેખા
૨. આયુષ્ય રેખા
3. હૃદય રેખા

જુઓ આ. નં. ૨૭

મસ્તક રેખા ગુરુ, શનિ, સૂર્ય અને બુધના પર્વતની નજીક હોય તો તે મનુષ્ય સ્વાથી' અને ઘાતકી થાય છે અને આવા લોકો અનિતિથી પૈસો કમાવવા માંગે છે. આવા લોકો કાળા-ધોળા કરતા અચકાતા નથી. ને ધંધામાં લોકોને તથા સરકારને છેતરે છે.



આકૃતિ-૨૮
૧.ચીપીયાવાળી મસ્તક રેખા
૨.આયુષ્ય રેખા
3. હૃદય રેખા
૪.✱ તારો
૫.× ચોકડી

જુઓ આ. નં, ૨૮

મસ્તક રેખા ચંદ્રના પર્વત ઉપર વળાંક લેતી હોય આવા મનુષ્યો કલ્પનામાં રાચનારા હોય છે એ લોકોને કાલ્પનિક સૃષ્ટિ ગમે છે. તેઓ દીવા સ્વપ્ન જુએ છે. આ લોકોને તર્ક અને કલ્પના કરવાની ઘેલછા હોય છે. આવી રેખા ખાસ કરીને કવિ, લેખક, નવલકથાકાર અને ભાષણ કરનારાઓના હાથમાં હોય છે. આ લોકો પોતાની ધૂનમાં મગ્ન હોય છે. આ રેખાને અંતે તારાની નિશાની હોય તો પાગલ બને છે. અને ચોકડીની નિશાની હોય તો પણ થોડા સમય માટે ગાંડો બને છે અને ટાપુ કે ટપકાની નિશાની હોય તો મગજ બહેરમારી જાય છે.

જુઓ આ. નં. ૨૮ મસ્તક રેખાના અંતમાં ચીપીયાની નિશાની હોય તો આ લોકોને દુનિયાદારી અને આધ્યાત્મિક જ્ઞાન હોય છે. આ લોકો લક્ષ્મી અને સરસ્વતી બંનેના સ્વામી હોય છે. તેઓ મુત્સદ્દી હોવાથી રાજકારણ ચલાવી શકે છે. આ લોકો ધારે તો વેપારમાં પણ આગળ વધે છે. અથવા તો ખેતીવાડી કરીને કે નોકરી કરીને પણ પૈસાવાળા થાય છે. આ

લોકો દ્વિઅર્થી બોલનારા હોય છે સમય આવે જુઠુ બોલતાં કે ફરી જતાં વાર લાગતી નથી.

જુઓ આ. નં. ૨૮ મસ્તક રેખામાં ચીપીયાની નિશાની સારા હાથમાં ઘણું સારૂ ફળ આપે છે. અને માણસ ધારે તો સારામાં સારો પૈસો અને સુખ ભોગવી શકે છે.

કોઈકવાર મસ્તક રેખાના અંતમાં ત્રણ પાંખીયા હોય છે. એક બુધ તરફ જાય છે બીજો મંગળ તરફ જાય છે અને ત્રીજો ચંદ્ર તરફ જાય છે આ મસ્તક રેખાને સારામાં સારી મસ્તક રેખા કહેવાય છે. આવા મનુષ્યો મોટા વેપારી, મોટો કવિ કે મહાન યોદ્ધો બને છે. આ લોકો ઓછી મહેનતે ઘણું બધું પ્રાપ્ત કરી શકે છે, અને જીંદગી વિજયી નિવડે છે.

મસ્તક રેખા ઉપર ત્રિકોણની નિશાની અતિશય પૈસો બતાવે છે. (અબજો પતિનો યોગ બતાવે છે)

મસ્તક રેખાના અંતમાં ચીપીયાની નિશાની હોય તેના એક છેડા ઉપર યવની નિશાની હોય તો તેવી વ્યકિતઓ હલકી જાતની વ્યકિતઓ સાથે ગુપ્ત સંબંધ રાખે છે, ટુંકી મસ્તક રેખા શનિની હોય તો તેને ગુપ્ત દર્દો થયા કરે છે. અને સૂર્યના પર્વત પાસે અટકેલી મસ્તક રેખાઓ યવની નિશાની હોય તો આંખોના રોગ બતાવે છે.

❁ (૧૬) હૃદય રેખા ❁

હૃદય રેખા હથેળીના ઉપરના ભાગમાં મસ્તક રેખાની ઉપરથી ગુરૂના પર્વતમાંથી નીકળી અથવા તો બુધના પર્વતમાંથી નીકળી આગળ વધે છે. બુધના પર્વત નીચે નિકળીને આ રેખા સૂર્ય, શનિ અથવા ગુરૂના પર્વત પાસે અટકે છે.



આકૃતિ-૨૯

જુઓ આ. નં. ૨૯, હૃદય રેખા જો સારી હોય તો સામાન્ય જાતિય વૃત્તિ બતાવે છે. અને સામાન્ય હોય તો સામાન્ય જાતિય પ્રવૃત્તિ બતાવે છે. આ રેખા બુધના પર્વતમાંથી નિકળી શનિના પર્વત સુધીજ પહોંચતી હોય તેવી વ્યકિતઓમાં સ્વાર્થીપણું અને પ્રેમ સંબંધમાં વાશનાનું પ્રાધન્ય બતાવે છે. જો હૃદય રેખા વળાંક લઈને ગુરૂના પર્વત પાસે અથવા તર્જની અને મધ્યમા આંગળીની વચ્ચે પૂર્ણ થતી હોય અને આ રેખામાં જો બીજી શાખાઓ અથવા કાપા ન પડતા હોય તો આવા સ્રી પુરૂષો એકવાર પ્રેમસંબંધમાં નિષ્ફળ જઈને બીજીવાર પ્રેમલગ્ન અથવા

પ્રેમ લગ્નમાં સફળ થાય છે. પતિ પત્નીને એક બીજા માટે કાયમ માટે અતિશય લાગણી અને પ્રેમ રહે છે. તેઓને એકબીજા વગર ચાલતું નથી. જો આ રેખાની અંદર અલગ શાખા અથવા કાપા પડયા હોય તો આ લોકો પ્રેમ સબંધમાં વારંવાર નિષ્ફળ જાય છે. અને આયુષ્ય રેખા અને મસ્તક રેખા બંને છુટી પડતી હોય તો આવા લોકોને લગ્ન પહેલા અને લગ્ન પછી પણ અન્ય પ્રેમ સંબંધ હોય છે. અને આગળ જણાવ્યા પ્રમાણે હૃદય રેખા સંપૂર્ણ સારી હોય, વળાંક લઈને તર્જની મધ્યમા આંગળીની વચમાં પૂર્ણ થતી હોય તો આવી વ્યકિત જેને પ્રેમ કરે છે, તેના માટે જાન આપવા તૈયાર રહે છે. અને દિવસ રાત પોતાના પ્રેમી પાત્ર માટે આકુળ વ્યાકુળ રહે છે. આવા લોકો નાજુક હૃદયના, કોમળ અને અતિશય લાગણીવાળા હોય છે. આ લોકોને પ્રેમની સામે પ્રેમ કે લાગણીનો રિસ્પોન્સ ન મળે તો દિલ પર ઊંડો આઘાત લાગે છે અને દુઃખી થાય છે. આવી રેખાવાળી સ્ત્રીઓને લાગણી હુકરાતા વાત વાતમાં ખોટું લાગી જાય છે. અને રિસાઈ જાય છે. પરંતુ જો મનાવવામાં આવે તો તાબડતોબ માની જાય છે. અને જો પ્રેમમાં નિષ્ફળતા મળે તો આપઘાત કરવાનાં પણ પગલાં લે છે. આ લોકોનો પ્રેમ આદર્શ પ્રેમ હોય છે અને પોતાના પ્રેમી પુરૂષ માટે ગમે તેવા ખરાબ સંજોગો કે ખરાબમાં ખરાબ સ્થિતિ પણ સ્વીકારવા તૈયાર રહે છે. માટેજ આવી સ્ત્રીઓ પોતાના પ્રેમી તરીકે દુનિયામાં નામ કાઢે છે. જેવાકે લૈલા મજનુ, શિરિફરહાદ, નળદમીયંતી, સત્યવાન સાવિત્રી જેવી હોય છે. ઘણી વાર તો આવા પ્રેમીઓ સારસની જોડી જેવા હોય છે. આ લોકો જીંદગીભર સમુદ્ર જીવન વિતાવીને એકબીજાના સુખ દુઃખના ભાગીદાર બને છે.



આકૃતિ-30
૧.મસ્તકરેખા
૨.આયુષ્યરેખા
૩. સીધીહૃદયરેખા

જુઓ આ. નં. ૩૦ જો હૃદય રેખા શનિના પર્વત પાસે પૂરી થતી હોય અને સીધી હોય તો આવા લોકો વ્યવહારુ અને બુદ્ધિશાળી હોય છે. આ લોકો પ્રેમ ઘેલા કે લાગણીવશ થતા નથી આ લોકો કઠણ કાળજાના હોય છે. અને પૈસાને જ જિંદગીમાં મહત્ત્વ આપનારા હોય છે. અને આ લોકો એમજ સમજે છે પૈસા વગરનો પ્રેમ લુખ્ખો અથવા ટકી શકતો નથી તેમ માનનારા હોય છે અને પોતાની દષ્ટિએ પ્રેમીઓને પાગલ અથવા તો ઘેલછાવાળા માને છે. આ લોકો જેવા સાથે તેવા બનનારા હોય છે. આ લોકો પ્રેમમાં ન માનનારા, વિલાસી જીવન

જીવવાવાળા અને આવા પુરુષો શારીરિક સંબંધથી પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. અને પ્રેમમાં શારિરીક સંબંધ ન હોય તો પ્રેમ ટકી શકતો નથી એમ માને છે. આવા સ્ત્રી પુરૂષો વિલાસી વાસનાપ્રિય અને વિકારી હોય છે. તે શરીરના સૌંદર્યને વધારે માને છે સુંદરતા મળતી હોય તો તે મેળવવા અથાગ પ્રયાસ કરે છે. આવા સ્ત્રી પુરૂષો ભ્રમર જેવા હોય છે.



આકૃતિ-૩૧

૧. મસ્તક રેખા
૨. આયુષ્ય રેખા
૩. ત્રણ ફાંટાવાળી હૃદય રેખા

જુઓ આ. નં. ૩૧ હૃદય રેખા બુધના પર્વતમાંથી નિકળી ત્રણ ફાંટા વાળી બને તો (૧) ગુરુ તરફ (૨) ગુરુ અને શનિની વચમાં (૩) શનિ તરફ હોય તો આવા લોકો સારા અને આદર્શપ્રેમી બને છે. આવા સ્ત્રીપુરુષો વ્યવહાર કુશળ, વિલાસી, મજબૂત હૃદયના અને પોતાના મન ઉપર સામ્રાજ્ય ભોગવનારા હોય છે. આ લોકો માયાળુ દયાળુ ઉદાર દીલના હોય છે આ લોકો પોતાના ભોગે બીજાના અથવા તો સમાજ સેવાના કાર્યો કરે છે. પોતે પરદુઃખ ભંજન હોવાથી બીજાનું ભલુ કરવા માટે તન, મન અને ધનથી સેવા કરે છે. આ લોકો બીજાનું દુઃખ જોઈ શકતા નથી. બીજાનું દુઃખ જોઈને પોતાનું હૃદય પણ દ્રવી ઉઠે છે. આ ત્રણ ફાંટાવાળી રેખામાં શનિ તરફનો ફાંટો વધારે મજબુત અથવા બળવાન હોય તો તેઓ મોજશોખવાળા અને વિલાસી થાય છે અને પોતાના મોજશોખ અને વિલાસની પાછળ પોતાના ધનની બરબાદી કરી નાંખે છે. આ લોકો સ્વાર્થી હોવાથી તેને સગાવાલા અને મિત્રો બહુ ઓછા તેની પાસે આવે છે. દયા અને લાગણી વગરના હોય છે. અને ત્રીજો ફાંટો ગુરૂ તરફ જતો વધારે સારો હોય તો મિત્રોમાં, સગાવાલાઓમાં અને કુટુંબમાં જસ મેળવવાવાળો ઉદાર અને પ્રેમાળ અને મીઠી જબાનવાળો હોય છે.



આકૃતિ-૩૨

૧. મસ્તક રેખા
૨. આયુષ્ય રેખા
૩. તુટક..તુટક હૃદય રેખા

જુઓ આ. નં. ૩૨ હૃદય રેખા આખી અથવા સળંગ જવાને બદલે તૂટક–તૂટક હોય અથવા બે ભાગ પડયા હોય તો અમુક સમય હૃદયને લાગતી બિમારી અથવા હાર્ટ એટેકનો રોગ બતાવે છે. સાંકળી આકારની હૃદય રેખા અસ્થિર પ્રેમ બતાવે છે. અને હાથમાં હૃદય રેખા ન હોય તો તે અતિશય સ્વાર્થી બને છે જો હૃદય રેખા પર કાળા ડાઘની નિશાની હોય તેઓ હૃદય અને ફેફસાની નિર્બળતા બતાવે છે. હૃદય રેખાની નીચે જો

જીણી-જીણી શાખા હોય તો તે સમય દરમ્યાન માનસિક અશાંતિને લીધે તબીયત બગાડે છે અને આવા સ્ત્રી પુરૂષોને એ સમયમાં બીજો પ્રેમ સબંધ અથવા લફરા થાય છે હૃદય રેખા ઉપર તારાનું ચિન્હ આંધળાંપણું બતાવે છે. જંજીરાકાર હૃદય રેખા શરીરમાં લોહીનું પરિભ્રમણ બરાબર નથી એમ સુચવે છે. અને આવી વ્યકિતને હૃદય રોગ થવાની શકયતા હોય છે. હૃદય રેખાની ઉપરની બાજુએ નાની નાની રેખાઓ અલગ-અલગ પ્રેમ સબંધ બતાવે છે. આ શાખાઓ હૃદય રેખાને કાપતી હોય તો પ્રેમ સબંધમાં અતિ મુશ્કેલીઓ પડે છે.



આકૃતિ-33
૧.મસ્તક રેખા
૨.આયુષ્ય રેખા
3.કાપતી-
હૃદયરેખા

જુઓ આ. નાં. ૩૩ હૃદય રેખા આગળ વધીને મસ્તક રેખાને કાપી નીચેથી નીકળીને પાછી ઉપર તરફ જાય તો એ વર્ષો દરમિયાન માણસને માનસિક બિમારી, તાવ, પાગલપણું અથવા તો અકસ્માતથી મૃત્યુ બતાવે છે. કોઇક વાર મગજમાં લોહીપણુ ચડી જવાનો રોગ થાય છે આવી રેખાવાળાને શનિનો પર્વત મજબૂત હોય તો એને લકવા અથવા તો સંધિવાની બિમારી લાગુ પડે છે. અને સૂર્યનો પર્વત મજબૂત હોય તો આવી રેખાવાળાને હૃદયની બિમારી, મોતીયો અથવા અંધાપો આવે છે. બુધનો પર્વત મજબૂત હોય તો આ રેખાવાળાને સ્નાયુઓની નબળાઈ, અપચો વગેરે બિમારી બતાવે છે.

હૃદય રેખા અતિ ટૂંકી એટલે કે ગુરુના પર્વત પાસે નીકળી શનિના પર્વત પાસે અટકી જાય તો તેવા લોકો જે વ્યકિતને ચાહે છે સંજોગો વસાત તેજ વ્યકિત તેને ધિક્કારે છે અને ચાહનાર વ્યકિત દુનિયાથી અને સમાજથી અલગ પડી જાય છે.



આકૃતિ-3૪
૧.મસ્તકરેખા
૨.આયુષ્ય રેખા
3.હૃદય રેખા

જુઓ આ. નં. ૩૪ હૃદય રેખા ગુરુના નિચાણના ભાગથી શરૂ થઈ સીધી સૂર્યના પર્વત પાસે અટકે તો આવા લોકો સૌંદર્ય પ્રેમી, કલાકાર અને આવા સ્ત્રી પુરુષો દેખાવડા કે સુંદર સ્ત્રી સાથે લગ્ન કરશે. અને સુખી જીવન વિતાવશે.

હૃદય રેખા ગુરુની નીચેથી નીકળી બુધના પર્વત પાસે અટકે તો આવા લોકો મનના મક્કમ પ્રેમાળ, બહાદુર, ધીરજવાળા હોય છે. આ લોકો સારા પ્રેમી અને પોતાનો

પ્રેમ ટકાવી રાખવામાં માને છે. આ લોકોની મિત્રતા પણુ લાંબી ટકે છે.

છીછરી અને પહોળી હૃદય રેખાવાળા માણુસો. લાગણી વેડામાં પોતાના જ પ્રેમની વાતો ગામમાં કરનારા હોય છે. અને સંજોગો વસાત બીજુ સારુ પાત્ર મળે તો જુના પ્રેમીને ભૂલી જાય છે. આ ચંચળ સ્વભાવના હોય છે. તેઓ કોઈને પણુ કાયમીપ્રેમ કરી શકતા નથી જ્યારે લાગણીનો ઉભરો આવે ત્યારે અતિશય પ્રેમ કરે છે અને ઉભરો શાંત પડતાં પ્રેમને ભૂલી જાય છે. આ લોકો આજે પ્રેમ કરે છે. અને કાલે ઝગડો અથવા તિરસ્કાર કરે છે. અને થોડા ટાઈમ પછી બોલવાના સંબંધ રહેતા નથી. તેઓ અતિશય શંકાશીલ હોય છે. તેઓ પ્રેમમાં અને તંદુરસ્તીમાં અતિશય ઢીલા હોય છે અને કાયમ ડોકટરના દર્દી થઈને ફરતા હોય છે.

જો હૃદય રેખા ગુરુના પર્વતના મધ્ય બિંદુમાં અટકતી હોય તો તેઓ પાછલી જીંદગીમાં સુખી થાય છે.


આકૃતિ-૩૫

જુઓ આ. નં. ૩૫, કોઈક વાર હૃદય રેખા, મસ્તક રેખા અને આયુષ્ય રેખા એત્રણે એકજ સ્થાનમાંથી નિકળે છે પરંતુ એ સારી નિશાની નથી કારણકે આત્રણ રેખાઓ સાથે નિકળવાથી વાહનનો અકસ્માત યોગ થાય છે અથવા તો ઝાડ પરથી કે દાદર પરથી પડવાથી વાગે છે. અને આ ત્રણ રેખામાંથી મસ્તક રેખા કે હૃદય રેખા તુટેલી હોય તો જ્ઞાનતંતુની અથવા તો લોહીના પરિભ્રમણુની બિમારી બતાવે છે જો હૃદય રેખા જાડી હોય તો પણુ તેના હૃદય ઉપર અસર કરે છે અથવા લોહીની અશુદ્ધિ અને ખસ ખરજવું જેવા રોગો થાય છે. અને ઘણીવાર માનસિક આવેગના હિસાબે વાળ ખરવા, માથામાંખોળી અથવા અકાળે વાળ સફેદ થવા જેવી ફરિયાદો થાય છે. અને ધીમે ધીમે વાળ ખરીને ટાલ પડે છે. જેની હૃદય રેખા અને મસ્તક રેખા જોડાયેલી હોય તો તે લોકો સ્વાર્થી અને બીજા ઉપર પરોપકાર કરનારા નથી હોતા. પોતાને ગરજ હોય ત્યાં સુધી સહાનુભુતિ દર્શાવી સબંધ રાખે છે. અને સ્વાર્થ પતી જતાં સબંધ તોડી નાખે છે.

હૃદય રેખામાંથી એક શાખા નિકળીને મસ્તક રેખાને છેદે તો એ સમયમાં અથવા બાપનું અચાનક મૃત્યુ થાય છે. હૃદય રેખા અને મસ્તક રેખાની બરાબર વચમાં ચોકડીની નિશાની હોય આવા લોકોને કુદરતી રીતે અંતઃકુર્ણા થાય છે અને આ લોકો સ્પસ્ટ વકતા બને છે અને ચંદ્રના પર્વત પર અર્ધ વર્તુળ અથવા ચંદ્ર વારે રેખા જતી હોય તો સારા જ્યોતિષ બની શકે છે. આ લોકો દીવાસ્વપ્ન જોવા વાળા, સ્વપ્નમાં રાચવાવાળા અને કુદરતની નજીક જવાવાળા હોય છે.

હૃદય રેખા ગુરૂના પર્વત પાસે તૂટેલી હોય તો આ લોકોમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. આવેશમાં જલ્દી આવનારા હોય છે. પ્રેમમાં નિષ્ફળતા બતાવે છે.

આ હૃદય રેખામાં બુધના પર્વત પાસે દ્વિપની નિશાની હોય તો આવા લોકોને અપચો, ગેસ, લીવરની મંદતા અને આંતરડામાં સોજો બતાવે છે. અને હૃદય રેખા તૂટક અથવા ભંગાણવાળી હોય અને આ ભંગાણો એક બીજાને આવરી લેતા હોય તો કુટુંબમાંથી નજીકના સગા સબંધીનું અવસાન બતાવે છે.

હૃદય રેખા ઉપરથી માણસનું જીવન, સ્વભાવ, સુખ, દુઃખ, આનંદ, આવેશ અને ઉર્મિઓ વગેરે સમજી શકાય છે. સામે વાળી વ્યકિત જીવનમાં વફાદાર રહેશે કે નહિ અથવા છેતરશે કે નહિ અથવા કોની સાથે સબંધ રાખવો અને ન રાખવો એ બતાવે છે.

જો હૃદય રેખા ઉપર કાળા ટપકા હોય તો એવા સમયે શારીરિક બિમારી, ચામડીને લગતા ચેપી રોગો અને મધ્ય ઉંમરમાં આંખે ચશ્મા આવે છે.

જો હૃદય રેખા સીધી જતી હોય અને તેની નીચે આડી સાખાઓ ઘણી હોય તો તેને સગાવહાલાથી, મિત્રોથી અને કુટુંબથી દુઃખ સહન કરવુ પડે છે અને જીવનમાં મુશ્કેલી વારે ઘડી આવે છે. અને આ રેખા લગ્ન રેખાને કાપતી હોય તો પતિ-પત્નિને છુટા છેડા આવે છે.

હૃદય રેખામાં શનિના પર્વત પાસે ટાપુની નિશાની હોય તો હૃદય અને આંખની બિમારી આવે છે.

જો હૃદય રેખા તૂટેલી હોય અને વચમાં સંધાતી ન હોય તો આવા સમયે હાર્ટફેઈલ થાય છે.

બુધના પર્વતમાંથી નીકળી સીધી હૃદય રેખા ગુરૂના પર્વત પર જાય અને એક સાખા શનિના પર્વત પર જાય તો તે વિદ્વાનોને પૂજનારો અને જમીન જાયદાદની ઘેલછાવાળો હોય છે, અને આજ પ્રમાણે એક શાખા ગુરૂના પર્વત તરફ જાય તો વડીલોનું માન ન રાખનારો લોભી અને સટ્ટાનો શોખીન થાય છે.

હૃદય રેખામાંથી એક શાખા નિકળીને સૂર્યના પર્વત ઉપર જાય તો આવા સ્રી પુરૂષોની કળા, સુંદરતા, ધન, માન, યશ અને આબરૂ વધે છે.

હૃદય રેખા પરથી એક શાખા ફુટીને બુધના પર્વત પર જાય તો તે વ્યકિત પોતાનાં બોલવાની કળા પરથી મોટો વેપારી બને છે અને સારામાં સારો પૈસો કમાય છે.

હૃદય રેખાનો રંગ લાલાસ પડતો હોય તો આવા લોકો પ્રેમ કરવામાં આતુર હોય છે. અને હૃદય રેખા ગુરૂના પર્વત પાસે બે ફાંટામાં હોય તો સાચો પ્રેમ બતાવે છે.

(૧૭) ભાગ્ય રેખા

ભાગ્યરેખાથી સ્રી પુરૂષ કઈ જાતના થવાના છે જેમકે શ્રીમંત કે નિર્ધન, સુખી કે દુઃખી, ઉત્સાહી કે ઉત્સાહ વગરના, યોગી કે ભોગી, રાજા કે રંક, પરાક્રમી કે પરાક્રમ વગરના અને જીંદગીમાં કઈ ઉંમરથી આગળ વધવાના છે તે ભાગ્ય રેખા પરથી જાણી શકાય છે. માટેજ કહ્યુ છે કે ભાગ્ય રેખા વગરનું માણુસ અભાગીયું કહેવાય છે તેને જીવનમાં ઘણી મુશ્કેલીઓ પડે છે.



આકૃતિ-૩૬
૧.આયુષ્ય રેખા
૨.મસ્તક રેખા
૩.હૃદય રેખા
૪.ભાગ્ય રેખા

(જુઓ આકૃતિ નં. ૩૬) ભાગ્ય રેખા આયુષ્ય રેખાને અડીને શનિના પર્વત પાસે સીધી જતી હોય તો તેવા મનુષ્યો વેપાર ધંધા કે નોકરીમાં પોતાનો વંશ વારસો જાળવી રાખે છે. એટલે કે પોતાના બાપદાદાનો અથવા કુટુંબીઓનો જે નોકરી કે વ્યવસાય હોય તેજ ધંધો પોતે કરે છે. આ લોકોને નજીકના સગાઓમાંથી પુષ્કળ મદદ મળે છે. આ લોકો નાનપણથી સુખી હોય છે.

મોટા કુટુંબમાં જનમ્યા હોય છે. અને કુટુંબના સગાવહાલાઓ તેઓને સંપૂર્ણ સાથ મળે છે. છતાં પણ અનુભવ પ્રમાણે ખાસ જોવામાં આવ્યુ છે કે આ લોકોના સગાવહાલા અને નજીકના લોહીની સગાઈવાળા પણ આ લોકોના લેણીયાત હોય છે. દરેક પ્રસંગે મળવા આવીને અથવા તો પ્રસંગે પ્રસંગે પોતાની જરૂરિયાત પ્રમાણે પૈસા માંગી જાય છે. અને આવી વ્યકિતને આપવા પડે છે. આ લોકો લાગણીશિલ હોવાને કારણે પોતાના સંજોગો સારા ન હોય તો પણ મિત્રો દ્વારા અથવા તો આડોસી પાડોસી પાસેથી પોતાની આબરૂ ઉપર ઉછીના લઈને સગાઓને મદદ કરે છે. છતાં પણ સગાઓ તરફથી યશ મળવાને બદલે

તમે ફકત તમારૂ કર્તવ્યજ બજાવ્યું છે એમ કરીને ઉભા રહી જાય છે. અને જ્યારે આવી વ્યકિતને ત્યાં સારા પ્રસંગો હોય અથવા એને કોઈની પણ જરૂરિયાત હોય ત્યારે આવા પ્રસંગે નજીકના સગાવહાલાઓ છટકી જાય છે. આવી વ્યકિતઓ સંસારમાં કે સગાઓમાં લોકોનું ગમે તેટલુ કરવા છતાં અને દાન ધર્મમાં પૈસા વાપરવા છતાં પણ એ લોકો પાસે પૂર્વભવના પૂણ્યને લીધે પૈસા ખૂટતાં નથી અને કાયમ માટે શ્રીમંત કે અતિ શ્રીમંત બનીનેજ રહે છે. ઘણીવાર લાગણી શિલ સ્વભાવને હિસાબે સગાસબંધીઓમાં આલોકોને ઘણું સહન કરવું પડે છે. છતાં પણ આ લોકો એકજ ધંધાને વળગીને જીવનમાં સારી રીતે આગળ વધે છે.



આકૃતિ-૩૭
૧.આયુષ્ય રેખા
૨.મસ્તક રેખા
3.હ્રુદય રેખા
૪.ભાગ્ય રેખા

જુઓ આકૃતિ ૩૭ : ભાગ્યરેખા આયુષ્ય રેખાથી દૂર અને મણિબંધમાંથી નિકળીને શનિના પર્વત તરફ જાય તો તેવા મનુષ્યો પોતાની જાતેજ નાનપણથી મહેનત મજુરી કરીને આગળ આવે છે. આ લોકોને સગા-વહાલાની, કુટુંબીઓ તરફથી કે મિત્રો તરફથી ઓછી મદદ મળે છે. છતાં પણ આવા મનુષ્યો પોતાના આત્મ વિશ્વાસથી જીવનમાં આગળ વધે છે. આજ રેખા જો મસ્તક રેખા પાસે પુર્ણ થતી હોય તો આ લોકોના જીવનમાં નાનપણથી લઈને ૩૪ કે ૩૫ વર્ષ સુધી સુખ સગવડ અને પૈસો રહે છે અને પછી જ જીવનમાં મુશ્કેલીઓ ચિંતાઓ અને પૈસા કમાવવા માટે અતિશય તકલીફ પડે છે.



આકૃતિ-૩૮

જુઓ આકૃતિ નં. ૩૮ : ભાગ્ય-રેખા મસ્તક રેખાની થોડી નીચેથી અને હ્રદય રેખાની થોડી ઉપર હોય તો આવા લોકોને મધ્ય ઉંમર એટલે કે ઉંમર ૨૮ થી ૪૫ સુધી પૈસાનું **સુખ સારૂં મળે છે.** પરંતુ બાળપણ અને વૃધ્ધાવસ્થા દુઃખી અથવા તકલીફ વાળી જાય છે.

ભાગ્ય રેખા હૃદયના પર્વતની ઉપરથી અને શનિના પર્વત સુધી જતી હોય તો આ લોકોની ૪૮ વર્ષ પછીની પાછલી જીંદગી સારી જાય છે અને શાંતીનું જીવન પસાર કરે છે. પરંતુ આ લોકોને બાળપણુ અને મધ્ય ઉંમર નિષ્ફળ, તકલીફો અને સંકટોવાળી પસાર થાય છે.



આકૃતિ-૩૯
૧.આયુષ્યરેખા
૨.મસ્તક રેખા
૩.હૃદય રેખા
૪.ભાગ્ય રેખા

(જુઓ આ. નં. ૩૯) : ભાગ્ય રેખા ચંદ્રના પર્વતમાંથી નિકળી સીધી શનિના પર્વત પાસે જઈને ગુરૂના પર્વત તરફ વળે છે તો આવા સ્ત્રી પુરૂષો પાછલી ઉંમરમાં સુખી અને ધાર્મિક જીવન ગુજારે છે આવા લોકો ૫૦ વર્ષની ઉંમર પછી ધાર્મિક કાર્યો અથવા ધરમમાં પૈસા વાપરવા અથવા તો મંદિરોનો જિર્ણોદ્ધાર કરવો, કુવા, તળાવ કે ધર્મશાળાઓ બંધાવવી અથવા તો કોલેજો સ્થાપવી અથવા પોતાના સમાજની ઉન્નતિ માટે સારા કાર્યો કરી ધન ખર્ચે છે ચંદ્રના પર્વત પરથી નિકળતી રેખાવાળા મનુષ્યો થોડા તરંગી, દીવા સ્વપ્ન જોવાવાળા અને જીવનમાં ચંદ્રની માફક ચડતી પડતી જોનારા હોય છે. ઘણીવાર આવી રેખાવાળા પુરૂષો બીજી સ્ત્રીઓથી અથવા પોતાની પ્રેમીકાઓની મદદ અને સલાહથી જીવનમાં આગળ વધનારા હોય છે. આવી વ્યકિતઓને પિતા સાથે વિચારોમાં મતભેદો પડે છે અને ઘણીવાર આવા લોકો પિતાથી અલગ રહીને સ્વતંત્ર રીતે આગળ વધે છે અને કોઇકવાર દુઃખી પણ થાય છે. આ ભાગ્યરેખા પરાધીન ભાગ્યોદય બતાવે છે. માટેજ આવા લોકોએ કોઇની પણ સાથે રહીને અથવા તો બીજાના હાથ નીચે કામ કરીને અથવા તો એમના ઉપર કોઇનો પણ કંટ્રોલ હોય તો આવા મનુષ્યો બહુજ ઝડપથી આગળ વધે છે અને પોતાનું પરાક્રમ કે વ્યક્તિત્વ ખીલવે છે. આવા લોકો આવનારી ગમે તેટલી મુશીબતોને હસતે મુખે સ્વીકારી લે છે. અને જીંદગી એક

સરખી જીવવાને બદલે ચડઉતરવાળી જીંદગી સારી રીતે જીવી ને જીંદગીની મજા માણે છે. આ લોકો ચંચળ મનના હોય છે. આરંભે સૂરા હોય છે પણ પોતાના વિચારોને હિસાબે એકજ કાર્યમાં લાંબો વખત ટકી શકતા નથી માટે જ આ લોકોને જીંદગીમાં ચડ ઉતર અને પોતે ઉભી કરેલી ઉપાધીઓ ભોગવવી પડે છે. ગમે તેવા દુઃખમાં પણ પોતાના મનનું સમતોલ પણ જાળવી રાખીને સમય અને સંજોગોને આધીન પોતાનું જીવન ગુજારે છે.



આકૃતિ-૪૦

૧. આયુષ્ય રેખા
૨. મસ્તક રેખા
૩. હ્રદય રેખા
૪. ભાગ્ય રેખા

(જુઓ આકૃતિ નં. ૪૦) જો ભાગ્ય રેખા ચંદ્રના પર્વત પરથી નીકળીને સીધી શનિના પર્વત પાસે જાય તો આ લોકોમાં પૈસા મેળવવાની જંખના અતિશય વધી જાય છે. જીંદગીમાં પૈસો એજ સર્વસ્વ છે. એમ માનીને સારામાં સારૂ ધન કમાઈ પોતાને માટે અથવા કુટુંબીઓ માટે સારી એવી મિલકત સ્થાવર જંગમ, જમીનો અને મકાનો બનાવે છે. આવા લોકો પૈસા કમાવા માટે સખત મહેનત કરીને જીંદગીમાં બીજા મોજ શોખ કરી શકતા નથી ફક્ત લોભીયાની જેમ પૈસા ભેગા કરી જાણે છે.

ચંદ્રના પર્વત પરથી આ રેખા તૂટક તૂટક આગળ વધે અથવા મસ્તક રેખા પાસે અટકી જાય તો આ લોકો નાની જીંદગીમાં ઘણી મુશ્કેલીઓથી આગળ આવે છે. નોકરી બદલવી પડે છે અથવા ધંધામાં અવાર નવાર નુકસાનીઓ આવે છે. અથવા તો જ્યારે ધંધામાં કમાવવાનું હોય ત્યારે એ સમયે જુનો ધંધો બદલીને નવા ધંધામાં ઝુકાવે છે આ લોકો અસ્થિર વિચારના હોય છે અને પોતે લીધેલા કોઈપણ કાર્યો પુરાં કરી શકતા નથી અને આખી જીંદગી દુઃખી અને સાધારણ રીતેજ પસાર કરે છે.



આકૃતિ-૪૧

૧. આયુષ્ય રેખા
૨. મસ્તક રેખા
૩. હ્રદય રેખા
૪. ભાગ્ય રેખા

(જુઓ આકૃતિ નં. ૪૧) જો ભાગ્ય રેખા ચંદ્રના મધ્ય ભાગમાંથી નિકળી મસ્તક રેખા પાસે થઈ હ્રદય રેખા પાસે અટકી જાય તો આ લોકો ને ૨૮ થી ૪૨ વર્ષ સુધીમાં સારો એવો પૈસો કમાય છે. આ લોકોનું બાળપણ અને પાછલી જીંદગી દુઃખમય પસાર થાય છે.

ચંદ્રના પર્વત ઉપરથી બે ભાગ્યરેખા નીકળતી હોય અને આગળ જઇને એક થતી હોય તો શરૂઆતમાં બે રીતે પૈસા મળે છે અથવા બે રીતના ધંધા હોય છે અને જ્યાં રેખા ભેગી થતી હોય ત્યાં કોઇપણ એક ધંધામાં નુકશાની અને બીજા ધંધામાં સફળતા મળે છે.



આકૃતિ-૪૨

૧. આયુષ્યરેખા
૨. મસ્તક રેખા
૩. હૃદય રેખા
૪. ભાગ્ય રેખા
૫.Δ ત્રિકોણ

(જુઓ આકૃતિ નં. ૪૨) ભાગ્ય રેખા ચંદ્રના પહાડ ઉપર થઇને શનિના પર્વત પર થઇને આંગળીના વેઢાને અડતી હોય અને શુક્ર અથવા શનિના પર્વત પર ત્રિકોણની નિશાની હોય તો તે વ્યક્તિનો ૨૮ થી ૩૨ વર્ષની ઉંમરમાં ભાગ્યોદય થાય છે. અને સાસરા પક્ષ તરફથી વારસો અથવા ધન મળે છે. અને આ લોકોની પાછલી જીંદગી સુખી જાય છે. જેની ભાગ્ય રેખા શરૂઆતથી અંત સુધી ચોખ્ખી અને સારી હોય એટલેકે કાપાઓ વગરની હોય તો આખુ જીવન સુખ અને આનંદથી ભરપુર હોય છે અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરીને ધન વૈભવ ભોગવે છે. પરંતુ ભાગ્ય રેખા શરૂઆતમાં સારી હોય અને વચમાં અને છેલ્લે ઝાંખી અને પાતળી હોય અથવા તૂટેલી હોય તો આ લોકોનું બાળપણ ઘણું સારૂ જાય છે પણ યુવાની અને વૃધ્ધાવસ્થા ચિંતાઓ અને મુસીબતથી ભરેલી હોય છે.



આકૃતિ-૪૩

૧.આયુષ્ય રેખા
૨.મસ્તક રેખા
૩.હૃદય રેખા
૪.ભાગ્ય રેખા
સીધી અને સારી

(જુઓ આકૃતિ નં.૪૩) : સારી ભાગ્ય રેખાવાળા મનુષ્યો તિવ્રબુદ્ધિવાળા, મક્કમ નિર્ણયવાળા, ઉદ્યમી, હોંશિલા, હોય છે અને હાથમાં આવેલી કોઈપણ તક જવા દેતા નથી આવા માણસો મહેનત કરીને, ઉદ્યમ કરીને સતત કાર્યશીલ રહીને જીવનમાં પૈસો અને સુખ ભોગવે છે. આ લોકો મુસીબતના સમયે માથે હાથ દઈને બેસી રહેતા નથી. નસીબમાં ગમે તે હોય પણ તેઓ સતત કાર્ય કરવામાં જ માનતા હોય છે. આ લોકો પુરૂષાર્થથીજ ભાગ્ય મેળવે છે અને પોતાનાથી જ પોતાનું ભાગ્ય ઘડે છે. છતાં એટલું તો

ચોક્કસ છે કે સારા હાથમાં સારી ભાગ્યરેખા અને બીજા ગ્રહો સારા પડ્યા હોય તો તેવા મનુષ્યો ઓછી મહેનતે થોડા સમયમાં ઘણું બધુ મેળવી શકે છે. આ લોકોને મુશીબત આવતી જ નથી અને કદાચ આવે તો સહેલાઈથી જતી રહે છે.



આકૃતિ-૪૪

ભાગ્યરેખા-૪ સાંકળીવાળી

(જુઓ આકૃતિ નં. ૪૪) હાથમાં જંજીર અથવા સાંકળવાળી ભાગ્યરેખા હોય તો એવા લોકોને ધન કમાવવાની બાબતમાં અતિશય મુસીબતનો સામનો કરવો પડે છે. અને સાંકળવાળો ભાગ જે સમયમાં આવતો હોય એ સમયમાં આવી વ્યક્તિ ઘણી હેરાન થાય છે અને નોકરી કે ધંધામાં નુકશાની ભોગવે છે. અને મુસીબતના સમયમાં આ લોકો પોતાની ફરજ ચૂકી જાય છે અને તે બેવફા નિવડે છે. આ સાંકળ રેખામાં વચ્ચે ટાપુની નિશાની હોય તો મુસીબતના સમયમાં ધંધામાં અતિશય નુકશાની કરીને ન કરવાના ધંધા પણ કરે છે અને ઘણી વાર ચારે બાજુથી આવતી મુશ્કેલી નો પણ પોતે સામનો કરી શકતા નથી અને નુકશાનીને પરિણામે આવતી કાલે શું ખાઈશું અને શું કરશું એની ચિંતા ઘણી હોય છે. માટેજ જે વર્ષોમાં ટાપુની નિશાની નુકશાની બતાવતી હોય તો એ સમય સંભાળી લેવાથી જીવનમાં મુશ્કેલી ઓછી આવે છે.



આકૃતિ-૪૫

૪. ઉપર નીચે રેખાવાળી ભાગ્ય રેખા

(જુઓ આકૃતિ નં. ૪૫) જો ભાગ્યરેખા માંથી નાની નાની રેખાઓ ફૂટીને આગળ વધતી હોય પર્વતના મૂળ પાસેથી તે આંગળીના મૂળ પાસે જતી હોય તો પોતે લીધેલા કોઈપણ કાર્યો પુર્ણ કરે છે. આવા લોકો મહત્વાકાંક્ષી પણ બને છે.

પરંતુ ભાગ્યરેખામાંથી નાની રેખા ફૂટીને હાથની નીચેના ભાગમાં એટલે કે મણિબંધ તરફ જતી હોય તો આવા લોકો નિરાશાવાદી હોય છે. અને પોતે લીધેલા કોઈપણ કાર્યો પુરાં કરી શકતા નથી.

જો કોઈપણ રેખા ભાગ્યરેખાની સાથે થઈને સીધી ઉપર તરફ જતી હોય તો એવા સમયે મનુષ્યને પ્રગતિમાં બળ આપે છે. અને એના ભાગ્યમાં ઉમેરો કરે છે. અને તેના જીવનમાં નાના મોટા ફાયદા કરે છે. અને કોઈપણ કાર્ય કરવા માટે આ સમય સારો રહે છે.

આકૃતિ-૪૬
ક. ચંદ્ર પરથી નીકળતી તુટેલી ભાગ્યરેખા

(જુઓ આકૃતિ નં. ૪૬) ભાગ્યરેખા ચંદ્રના પર્વતની ઉપર થઈને મસ્તક રેખા કે હૃદયરેખા પાસે તુટેલી હોય અને પછી શનિ કે ગુરૂના પર્વત તરફ વળતી હોય તો આ લોકોને નાનપણમાં તકલીફ, યુવાનીમાં સારૂ અને ૩૫ થી ૪૫ વર્ષ સુધીમાં અતિશય મુસીબતો આવે છે. અને આવા સમયમાં એ લોકો ધાર્યું હોય એવી પ્રગતિ કરી શકતા નથી અને હિંમત હારી હતાશ થઈ જાય છે. અને આ ઉંમરમાંજ એમના માટે અતિશય જવાબદારી હોય છે અને કુટુંબના ભરણ પોષણના કારણે એ લોકો આર્થિક મુશ્કેલીમાં આવી પડે છે અને દુનિયાદારીના તમામ અનુભવો આ વર્ષમાં થઈ જાય છે. સારી ખોટી વ્યક્તિઓનો અનુભવ પણ આ સમયે મળી જાય છે. અને ૪૬ વર્ષ પછીની જીંદગી સારી જાય છે. માટે આવા લોકોનું બાળપણ દુ:ખી, યુવાવસ્થા દુ:ખી અને પાછલી જીંદગી સારી જાય છે.

ઘણાના હાથમાં ભાગ્યરેખા હોતી નથી પરંતુ સૂર્યની આંગળી નીચે નાની સૂર્ય રેખા હોય છે. અને આ લીટી ઊંડી અને સારી હોય તો આવા લોકોનું જીવન પણ બાળપણ અને યુવાવસ્થા દુ:ખી જાય છે. અને વૃદ્ધાવસ્થા સુખી જાય છે.

જો ભાગ્યરેખા હથેળીની વચમાં થઈને સીધી ગુરૂના પર્વત પર જતી હોય તો આ લોકો અતિશય મહત્વાકાંક્ષી હોય છે. પોતે લીધેલા કાર્યો સંપૂર્ણ કરે છે. અને પોતે ઈચ્છેલી મહત્વાકાંક્ષા સુધી પહોંચે છે.

આકૃતિ-૪૭



૪. ભાગ્યરેખા ચંદ્રમાંથી નીકળી ગુરુના પર્વતને મળે છે.

(જુઓ આકૃતિ નં. ૪૭) ભાગ્યરેખા ચંદ્રના પર્વતપરથી નીકળીને ગુરૂના પર્વત પર જતી હોય તો આવા પુરૂષો કોઈપણ સ્ત્રીની મદદથી પોતાની મહત્વાકાંક્ષા પુરી કરે છે. અને જીવનમાં આગળ વધે છે.



આકૃતિ-૪૮
૪. ભાગ્યરેખા શનિના પર્વત ઉપર
૫. એક શાખા ગુરૂના પર્વત પર
૬. સૂર્યના પર્વતપર
૭. બુધના પર્વતપર

(જુઓ આકૃતિ નં. ૪૮) મણિબંધમાંથી નિકળતી ભાગ્યરેખા શનિના પર્વત તરફ જતી હોય અને એમાંથી બીજી એક શાખા ગુરૂના પર્વત તરફ જતી હોય તો આ લોકો રાજનિતિમાં કુશળ બને છે. અને પોતાની સત્તા અને શકિતથી લોકોને વશ કરીને પોતાનું ધાર્યું કરે છે. અને જીંદગીમાં સત્તા અને સુખ બંને મેળવે છે.

(જુઓ આકૃતિ નં. ૪૮) મણિબંધમાંથી નિકળેલી ભાગ્યરેખાની એક શાખા શનિના પર્વત પર અને બીજી શાખા સૂર્યના પર્વત પર જતી હોય તો આ લોકો ફિલ્મ આર્ટીસ્ટ, કલાકાર, નાટય કલાકાર અથવા વેપારી થાય છે.

(જુઓ આકૃતિ નં. ૪૮) જો ભાગ્યરેખા મણિબંધમાંથી નિકળીને સીધી શનિના પર્વત પાસે જતી હોય એક શાખા ગુરૂના પર્વત પર જતી હોય ને બીજી શાખા સૂર્યના પર્વત પર જતી હોય તો આવી વ્યકિત પોતાના ડહાપણથી, સત્તાથી, ધીરજથી ધન, માન અને કિર્તિ

પ્રાપ્ત કરે છે. તેનામાં આવડત અને બુદ્ધિ ચાતુર્ય સારૂ હોય છે. અને સારામાં સારો વેપારી બનીને જીવનમાં આગળ વધે છે.

(જુઓ આકૃતિ નં. ૪૮) જો ભાગ્યરેખા નીચેથી નીકળી શનિના પર્વત પાસે જતી હોય અને એક શાખા બુધના પર્વત પર જતી હોય તો આવા લોકો ધંધામાં અતિશય ચાલાક, ચપળ અને ચાતુર્યવાળા હોય છે. આ લોકો સારા વેપારી અથવા વૈજ્ઞાનિક થવાની શકયતા ધરાવે છે.

ભાગ્યરેખાને સમાંતર બીજી રેખા જતી હોય તો તેને પૈસાદાર મિત્રો મળે છે. અને આવી રેખા સ્ત્રીઓના હાથમાં હોય તો પૈસાદાર પુરૂષ સાથે લગ્ન થાય છે. ડબલ ભાગ્યરેખા સ્ત્રી તરફથી ધન અપાવે છે. ભાગ્યરેખા ઉપર વર્તુળ હોય તો ધંધામાં મુશ્કેલી આવે છે.

ભાગ્યરેખા મસ્તક રેખા પાસે અટકીજાય તો પોતાની ભૂલથી અથવા પોતાની મુર્ખાઈથી નુકશાની સહન કરવી પડે છે. અથવા આ સમયે જીવનમાં અવરોધો આવે છે. અને ભાગ્યરેખા હૃદયરેખા પાસે અટકી જાય તો પોતાના પ્રેમી કે પ્રેમીકાને લીધે જીવનમાં અવરોધો ઉભા થાય છે. અને તેની આગળ પ્રગતિ થતી નથી. શુક્રના પર્વત પરથી એક રેખા નીકળીને આયુષ્ય અને ભાગ્યરેખાને કાપતી હોય તો તે મનુષ્ય સ્ત્રીને કારણે અપઘાત કરે છે.



આકૃતિ-૪૯
૪. ભાગ્યરેખા ચંદ્ર પરથી નીકળી શનિના પર્વત ઉપર
૫. એક શાખા સૂર્યના પર્વત પર
૬. ∆ ત્રિકોણ
૭. એક શાખા ગુરુના પર્વત પર

(જુઓ આ. નં. ૪૯) જેના હાથમાં ભાગ્યરેખા ચંદ્રના પર્વત પાસેથી નીકળી શનિના પર્વત પર કોઈપણ અવરોધ વગર જતી હોય અને તેમાંથી એક સાખા સૂર્યના પર્વત પર જતી હોય અને હાથમાં બીજી અશુભ નિશાની ન હોય તો આવા માણસો શેર અને સટ્ટામાં અથવા વાયદા બજારમાં સારૂ ધન કમાય છે. અને ઉપર જણાવેલી બાબત પ્રમાણે સૂર્યના પર્વત પર ત્રિકોણની નિશાની હોય અને ભાગ્યરેખામાંથી એક શાખા ગુરૂના પર્વત પર જતી હોય તો તે માણસ વાયદાના વેપારની સાથે હાજરનો ધંધો અથવા

મિલ કે કારખાનાનો મોટો વેપાર કરતો હોય છે. અથવા સામાજીક કાર્ય કર્તા હોય છે. આવી ભાગ્યરેખા સાથે ગુરૂના પર્વત ઉપર અર્ધચંદ્રાકાર લાઈન હોય તો તેઓના સ્વપ્ના સાચા પડે છે. આ લોકોમાં આત્મ વિશ્વાસ વધારે હોય છે અને ગૃહિય શાસ્ત્રનો અત્યંત શોખ બતાવે છે.



આકૃતિ-૫૦
૪. સારી ભાગ્યરેખા
૫. ખરાબ સૂર્યપર્વત
૬. જાળુ ગુરુના પર્વતપર.

(જુઓ આ. નં. ૫૦) જો ભાગ્યરેખા સારી હોય પરંતુ ગુરૂ અને સૂર્યનો પર્વત ખરાબ હોય શુક્રના પર્વત પર જાળીની નિશાની હોય તો આવી વ્યકિતઓ અચાનક ધન કમાવવા માટે અનિતિના માર્ગે દોરાય છે. અને આ લોકો અતિશય મોજશોખ કરવાવાળા હોય છે. પરંતુ આવી વ્યકિત ધાર્મિક લાગણીવાળી હોય તો ધર્મને નામે સારો પૈસો વાપરે છે.

ભાગ્યરેખા એક કરતાં વધારે હોય તો તેવા લોકો એક મુખ્ય ધંધો અને જેટલી રેખા હોય એટલા બીજા ધંધા પણ કરતા હોય છે.

ભાગ્યરેખા આયુષ્ય રેખાની જેટલી નજીક હોય તો વધારે સારૂ કારણકે આવા લોકોને કુટુંબ પ્રત્યે લાગણી અને વફાદારી કાયમ રહે છે અને ભાગ્યરેખા આયુષ્ય રેખાથી જેટલી દુર હોય અથવા ચંદ્રના પર્વત પરથી નિકળતી હોય તો આવા લોકોને કુટુંબ સાથે ઓછુ બનતું હોય છે. પરંતુ બહારની વ્યકિતઓ સાથે અતિશય સારા સબંધ હોય છે.

ભાગ્યરેખા હાથના વચલા ભાગમાં થઈને મંગળના પર્વત પર થઈને સૂર્યના પર્વત તરફ જતી હોય અને હાથમાં કોઈપણ જાતની ખરાબ નિશાની ન હોય તો આવા માણસો લેખક, નાટ્ય લેખક અથવા ગ્રન્થકાર બને છે. અને ધીમે-ધીમે આર્થિક ઉન્નતિ સારી કરે છે.



આકૃતિ-૫૧
૪. ભાગ્યરેખા શનિ ઉપરથી નીકળી ગુરુના પર્વતપર
૫. સૂર્યરેખા
૬. ભાગ્યરેખા પર ચોરસ.

(જુઓ આકૃતિ નં. ૫૧) ભાગ્યરેખા ચંદ્રના પર્વત પરથી નિકળી શનિ કે ગુરૂના પર્વત પર જતી હોય અને ગુરૂનો પર્વત સારો હોય, સૂર્યરેખા સારી હોય અંગુઠો મજબૂત હોય, હાથ સમચોરસ અને ઉઠાવદાર હોય તો આવા લોકો શરૂઆતમાં નોકરી કરી ઉત્તરોત્તર સારી પ્રગતિ કરે છે. અને આ લોકો માન,

આબરૂ અને વૈભવ ભોગવે છે.

(જુઓ આ. નં. ૫૧ માં ૬) જો ભાગ્યરેખાની ઉપર કોઈપણ જગ્યાએ ચોરસની નિશાની થતી હોય તો તે સમયે ગમે તેવી મુશ્કેલીઓમાંથી મુકત થવાય છે. આ ચોરસ માટે એમ કહેવાય છે. કે એ સમય દરમિયાન એ વ્યકિત અતિશય મુશ્કેલીમાં આવે અને તે સમયમાં નોકરી કે ધંધો ગુમાવવો પડે અથવા તો ધંધામાં મોટી નુકશાની કરે પરંતુ એ લોકોને પૈસો જાય છે. પણ આબરૂ બચી જાય છે. માટેજ આ ચોરસની નિશાની ગમે તેવી મુશ્કેલીમાં પણ આબરૂ બચાવે છે.



આકૃતિ-૫૨

(જુઓ આ. નં. ૫૨) જે વ્યકિતનો આકર્ષક ચહેરો હોય પ્રભાવશાળી હોય, આંખો તેજસ્વી હોય, હાથના બધાજ આંગળામાં ચક્રની નિશાની હોય, અંગુઠામાં ચક્રની નિશાની હોય, બધીજ રેખાઓ સારી અને ઉઠાવદાર હોય, શરીર ઉપર તલની નિશાની હોય અથવા લાખા હોય, મણિબંધ ઉપર ત્રિકોણની નિશાની હોય તો આવા લોકોની બે ચાર પેઢીથી અતિ શ્રીમંતાઈ ચાલી આવતી હોય છે. અને આ લોકોને કોઈપણ જાતની આર્થિક મુશ્કેલીઓ ભોગવવી પડતી નથી. આ લોકોને આવક સારી હોય છે. અને આ લોકો ખુબજ શ્રધ્ધાળુ, લાગણીવાળા, ધાર્મિક, પરોપકારી અને નિખાલસ હ્રદયના હોય છે. અને ઉપરની નિશાનીઓ પ્રમાણે જો ભાગ્યરેખા ચંદ્રના પર્વતમાંથી નિકળતી હોય તો આવી વ્યકિત સ્વબળે આગળ વધીને અતિશય ધન સંપન્તિ પ્રાપ્ત કરે છે.

જે લોકોની ભાગ્યરેખા સારી હોય પણ શુક્રનો પર્વત નરમ હોય તો આ લોકો ગમે એટલો પૈસો કમાતા હોવા છતાંપણ મોજ, શોખમાં પૈસો ખર્ચી નાખે છે. અને લગ્નજીવન સારુ હોવા છતાંપણ, પત્ની સારી હોવા છતાંપણ બીજી સ્ત્રીઓમાં ફર્યા કરતા હોય છે. આ માટે શુક્રના પર્વત પર જાળીની નિશાની જરૂરી છે.

આયુષ્યરેખા સારી હોય અને ગુરૂ, શનિનો પર્વત સારો હોય તો આવા લોકો અતિશય ધર્મિક હોય છે. અને અતિશય મોજ, શોખ કરવાવાળા હોય છે. અને આયુષ્ય પણ સારુ ભોગવી શકે છે.

જે વ્યકિતને શુક્ર, ચન્દ્રના પર્વત સારા હોય અને પહોળાઈમાં વધારે હોય તો તેવા માણસો અતિશય મોજ શોખના સાધનો વસાવનાર અને હીરા, મોતી અને ઝવેરાતના શોખીન થાય છે. અને આવા લોકો ખુબજ આરામ પ્રિય હોય છે.



આકૃતિ-૫૩
૪. ભાગ્યરેખા
૫. △ ત્રિકોણ

(જુઓ આકૃતિ નં. ૫૩) ભાગ્યરેખા આયુષ્યરેખાને અડીને ચાલતી હોય તેવા માણસોને કુટુંબથી જુદા રહેતા હોય તો પણ કુટુંબની જવાબદારી નિભાવવી પડે છે.

(જુઓ આકૃતિ નં. ૫૩) જે માણસની ભાગ્યરેખા મણિબંધથી શરૂ થતી હોય તેવા લોકો ખાનદાન, ઈજ્જત, આબરૂવાળા હોય છે. અને તેના જન્મ સમયે આર્થિક સ્થિતિ સારી હોય છે. તેનું કુટુંબ મોટુ અને વધારે હોય છે. અને આ લોકોને જમીન, મકાન અને મિલકતનું સુખ સારૂ મળે છે.

(જુઓ આકૃતિ નં. ૫૩ [૫]) જે માણસના હાથમાં સારી ભાગ્યરેખા હોય અને મણિબંધ ઉપર ત્રિકોણની નિશાની હોય અને ભાગ્યરેખા ત્રિકોણ પરથી શરૂ થતી હોય તો તેવા માણસનો જન્મ ખાનદાન કુટુંબમાં થયો હોય છે. અને જીવનમાં ઘણી બધી મુશાફરીના યોગ આવે છે. અથવા પરદેશ જવાના યોગ પણ બને છે.



આકૃતિ-૫૪

(જુઓ આ. નં. ૫૪) મણિબંધમાંથી શરૂ થઈને ભાગ્યરેખા સીધી શનિના પર્વત પર જતી હોય તેથી હાથમાં બે ભાગ પડશે અને જો ડાબો ભાગ વધારે દેખાતો હોય તો આવી વ્યકિતએ પોતાની ઉન્નતિ માટે બીજાનો આધાર લેવો પડે છે. અને જમણી બાજુનો ભાગ વધારે હોય તો તે વ્યકિત સ્વતંત્ર રીતે પોતાની બુદ્ધિથી આગળ વધે છે.

જેની ભાગ્યરેખા ચંદ્રના પર્વત પરથી નિકળી હૃદયરેખા તરફ જતી હોય, ગુરૂનો પર્વત સારો હોય, મંગળનો પર્વત દબાયેલો હોય અને તેના ઉપર જાળીની નિશાની હોય તો આવા માણસો બીજાને માટે

જીવતા હોય છે. અને પોતાની જાત ઘસીને બીજાનું કામ કરતા હોય છે અને વારંવાર મુશ્કેલી ભોગવતા હોય છે. આવા માણસોને ઓળખાણ ઘણી હોય છે. પણ તેઓ તેનો લાભ મેળવી શકતા નથી. પણ છેલ્લી ઘડીએ તેઓના કામ બની જતા હોય છે.

ભાગ્યરેખા ગમે એટલી સારી હોય પરંતુ વચમાં કાપા કે ડાઘની નિશાની હોય તો ધંધામાં ગમે એટલી પ્રગતિ કરે તો પણ કાપાના સમયે કે ડાઘના સમયે અતિશય આર્થિક મુશ્કેલી ભોગવવી પડે છે. અને નુકશાની કરીને દેવું પણ ભરવું પડે છે.

(૧૮) સૂર્યરેખા



આકૃતિ-૫૫
૪. ભાગ્યરેખા
૫. સૂર્યરેખા

(જુઓ આ. નં. ૫૫) જેવી રીતે ભાગ્યરેખા અલગ–અલગ સ્થાનેથી નિકળે છે તેવી રીતે સૂર્યરેખા પણ અલગ–અલગ સ્થાનેથી નીકળે છે. અને જેના હાથમાં સૂર્યરેખા સારી અને સુરેખ હોય તો તે લોકો ધનવાન, કિર્તિવાન, કળાકાર અથવા કળાવાન, લલિતકળામાં હોશિયાર થાય છે. આ લોકો પોતાના બુદ્ધિ, ચાતુર્યથી સહેલાઈથી-મિત્રો બનાવી શકે છે. અને તેમની મૈત્રીનો લાભ ઉઠાવી શકે છે. આ લોકો તીવ્ર બુદ્ધિવાળા હોય છે. અને પોતાની છાપ બીજા ઉપર સુંદર રીતે પાડે છે. અને સમાજમાં અનેક માનવીઓના મન જીતીને પોતાના બુદ્ધિબળથી માન, કિર્તિ અને ધન પ્રાપ્ત કરી જીવનમાં આગળ વધે છે.

(જુઓ આ. નં. ૫૫) જો સૂર્યરેખાવાળા મનુષ્ય આળશ તજીને પ્રબળ પુરૂષાર્થથી આગળ વધે તો તે ધનવાન અને વિજયી બને.

(જુઓ આ. નં. ૫૫) હૃદયરેખા, મસ્તકરેખા અને સૂર્યરેખા સારી હોય તો તેઓ વિદ્વાન બને છે. અને આગળ આવે છે. ડબલ સૂર્યરેખા ધંધામાં પ્રગતિ બતાવે છે.



આકૃતિ-૫૬
૫. સૂર્ય રેખાને કાપતી આડીરેખાઓ.

(જુઓ આ. નં. ૫૬) સૂર્યના પર્વત પર નાની-નાની સૂર્ય રેખા હોય અને તેને આડી રેખા કાપતી હોય તો આવા લોકો ઘણા ધંધા કરવા છતાં પણ ધન કે યશ મેળવતા નથી અને વારે ઘડીએ ધંધા બદલતા રહે છે. ઘણા મનુષ્યના હાથમાં સૂર્યરેખા સૂર્યના પર્વત પરથી નિકળી હૃદયરેખા સુધી જતી હોય અને જો હાથમાં ભાગ્યરેખા ન હોય તો આવા લોકો પાછલી ઉંમરમાં એટલે કે ૫૦ વર્ષની ઉંમર પછી સારી પ્રગતિ કરે છે. અને સારો પૈસો કમાઇને સુખી જીવન વિતાવે છે.



આકૃતિ-૫૭
૪.ભાગ્યરેખા
૫.સૂર્ય રેખા
૬.ચંદ્રના પર્વત માંથી નીકળતી સૂર્યરેખા.

(જુઓ આ. નં. ૫૭) પરંતુ સારા હાથમાં સારી ભાગ્યરેખા સાથે ઉપર મુજબ સૂર્યરેખા પણ હોય તો તે લોકો જન્મથીજ સુખી, સાધન સંપત્તિવાળા એશઆરામ ભોગવવાવાળા અને વિલાસી થાય છે. અને સૂર્યરેખાને લીધે પાછલી જીંદગીમાં અતિશય ધન મળવાથી અતિશય સુખ ભોગવે છે. તુટેલી સૂર્યરેખા કુટુંબમાં તથા ધંધામાં હાનીના યોગો સુચવે છે.

(જુઓ આ. નં. ૫૭ [૬]) ચંદ્રના પર્વત પરથી નિકળી એક રેખા સૂર્યના પર્વત પર જાય તો આ લોકોને વારસો મળે છે. અને આવા લોકો લોક ઉપયોગી કાર્યો કરે છે.



આકૃતિ-૫૮
૪.ભાગ્યરેખા
૫.સૂર્યરેખા
૬.મંગળમાંથી નીકળતી સૂર્યરેખા
૭-આયુષ્ય રેખામાંથી નીકળતી સૂર્યરેખા
૮. Ψ ત્રિશુળ

(જુઓ આ. નં. ૫૮ [૬]) જો સૂર્ય રેખા મંગળના મેદાનમાંથી નિકળતી હોય તો તે લોકોને ધન મેળવવા ખુબજ મુશ્કેલી પડે છે.

(જુઓ આ. નં. ૫૮) સૂર્યરેખા જો ભાગ્યરેખામાંથી નિકળતી હોય, મસ્તક રેખા બરાબર વચલી આંગળી (મધ્યમાં)

પ્રમાણ કરતા વધારે લાંબી હોય તો તેઓ સટ્ટાના ધંધામાં હોંશિયાર હોય છે. અને ધન મેળવે છે.

(જુઓ આ. નં. ૫૮ [૭]) આયુષ્ય રેખામાંથી એક રેખા નીકળી સૂર્યના પર્વત તરફ જતી હોય તો તેઓને સ્ત્રી તરફથી ધન લાભ મળે છે.

સૂર્યના પર્વત ઉપર ત્રિશુળની નીશાની હોય તો તેઓ ખુબ પૈસાદાર થાય છે. અને તેની નામના ચારેબાજુ ફેલાય છે.

સૂર્યરેખા સર્પ આકાર જેવી હોય અને અનામિકા આંગળી મધ્યમાં કરતા વધારે લાંબી હોય તો તેઓ સટ્ટામાં નુકશાની કરે છે.

(જુઓ આ. નં. ૫૮ [૪-૫]) મણિબંધમાંથી નિકળતી રેખા સળંગ સૂર્યના પર્વત પર પહોંચે અને ભાગ્યરેખા સારી હોય તો તેવા મનુષ્યો પ્રતિષ્ઠિત અને ખાનદાન કુટુંબમાં જન્મ લઈને જન્મથીજ સુખ વૈભવ ભોગવીને જીંદગીમાં ઉત્તરો-તર પ્રગતિ કરે છે. આવા મનુષ્યોને જીંદગીમાં દુઃખ અથવા મુશ્કેલી કોને કહેવાય એ ખબર પડતી નથી. ફકત સુખ ભોગવવા માટેજ જન્મે છે. અને જીવનના અંત સુધી સુખ અને વૈભવમાંજ રાચે છે.



આકૃતિ-૫૯
૫.સૂર્યરેખા ચંદ્ર પરથી નીકળી છે.
૬.મસ્તકરેખા પરથી સૂર્યરેખા.
૭.હૃદયરેખા પરથી સૂર્યરેખા.

(જુઓ આ. નં. ૫૯) જો સૂર્ય રેખા ચંદ્રના પર્વતની નજીકથી નીકળીને અખંડ સૂર્યના પર્વત પર જતી હોય તો આ લોકોને ૨૫ વર્ષની ઉંમરથીજ ભાગ્યોદય થાય છે. અને આખી જીંદગીમાં ધન, વૈભવ, માન અને આબરૂ મળે છે.

(જુઓ આ. નં ૫૯ માં [૬]) સૂર્યરેખા મસ્તકરેખા પાસેથી નિકળી અખંડ સૂર્યના પર્વત પર જતી હોય તો ૩૬ વર્ષની ઉંમરે ભાગ્યોદય થાય છે અને સમાજમાં માન, કિર્તિ અને આબરૂ મેળવે છે.

(જુઓ આ. નં. ૫૯ માં [૭]) સૂર્યરેખા હૃદયરેખામાંથી નિકળી સૂર્યના પર્વત પાસે પુર્ણ થાય તો ૪૨ વર્ષ પછીની જીંદગી સુખી અને સારી નિવડે છે. અને લોક ઉપયોગી સમાજ સેવાના કાર્યો કરી શકે છે.

કોઈનો પણ હાથમાં ભાગ્યરેખા અથવા તો નાની કે મોટી સૂર્યરેખા હોવી જરૂરી છે. આ રેખાથી એ રેખાના સમયમાં માણસ પ્રગતિ કરીને આગળ વધે છે. પરંતુ જો કોઈના પણ હાથમાં આ બંને રેખા ન હોય તો મનુષ્ય સખત મજુરી કરીને ગરીબાઈ ભરેલુ જીવન વિતાવે છે. માટેજ જીવન સારી રીતે જીવવા માટે ધન અને વૈભવ માટે સૂર્યરેખા કે ભાગ્ય રેખા જરૂરી છે.



આકૃતિ-૬૦
૪. તુટક ભાગ્યરેખા.
પ. તુટક સૂર્યરેખા.

(જુઓ આ. નં. ૬૦ [પ]) સૂર્ય રેખા જો તુટક–તુટક હોય અને ભાગ્યરેખા પણ તુટક હોય તો આ લોકો ગમે એટલા હોંશિયાર હોવા છતાંપણ પોતાના દરેક કાર્યોમાં પાછા પડે છે. અને જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને આ લોકો અતિશય ખર્ચાળ હોવાથી પૈસાની બરબાદી કરી નાખે છે. અથવા તો વ્યાજે પૈસા મેળવી ફકત બીજાઓ માટેજ કમાતા હોય છે. અને આખરે પોતાની જીંદગીમાં કશુંજ બચાવી શકતા નથી.

સૂર્ય રેખા ચંદ્રના પર્વતમાંથી નિકળી અખંડ સૂર્યના પર્વત પર જાય અને સૂર્યની આંગળીનો પહેલો વેઢો અતિશય મજબૂત હોય તો આવા લોકો લેખક થાય છે. અને આંગળીના ટેરવા શંખ આકારના હોય તો કવિતા બનાવી કવિ બને છે. અને આંગળીઓ ગાંઠો–ગાંઠો વાળી અને ચોરસ હોય તો આ લોકો ઐતિહાસિક, કાવ્યો કે નવલકથા લખનારા હોય છે. આવા મનુષ્યોનો મંગળનો પર્વત વધારે સારો અને ભરાવદાર હોય તો આ લોકો વીર પુરૂષોના કાવ્યો લખનાર એ લોકોના ચારિત્રો લખનાર કે યુદ્ધનું વર્ણન સારી રીતે કરી શકે છે.

જો શુક્રનો પર્વત સારો હોય તો કરૂણ રસનો લેખક થાય છે તેના કાવ્યો કે વાર્તાઓ લોકોના દિલ પીગળાવી નાખે છે. અને લોકોની આખોમાં આસુ લાવી દે છે. અને શનિનો પર્વત મજબૂત હોય તો તેઓ રસાયણ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, કે વિજ્ઞાનને લગતા પુસ્તકો લખે છે.

આકૃતિ-૬૧
૪.ભાગ્યરેખા.
૫.મંગળમાંથી
નીકળતી
સૂર્યરેખા.

(જુઓ આ. નં. ૬૧ [૫]) સૂર્ય રેખા ઉપલા મંગળના પર્વત પરથી નિકળી સૂર્યના પર્વત પાસે જાય તો આવા લોકો ગમે તેવી મુસીબતોમાં પણ હિંમત હારતા નથી અને શાંત રીતે ધીરજથી પોતાના જીવનમાં આગળ વધે છે.

સૂર્ય રેખા ઉંડી અને સારી હોય તો મનુષ્ય સારી સર્જન શકિતવાળો અને સૌભાગ્યને પ્રાપ્ત કરનારો હોય છે.

સારી ભાગ્ય રેખા સુંદર હાથ અને અતિશય સારી સૂર્ય રેખાવાળા મનુષ્યો પોતાનું ઘર. બ્લોક કે મકાન અતિશય સોભાયમાન, ભપકા ભર્યું અને સામાને આંજી નાખે તેવું બતાવે છે આ લોકોના દરેક ઓરડાઓ સુંદર રીતે સણધારેલા હોય છે. અને આ રીતે પોતાની વિલાશીતા અને વૈભવ પ્રિયતા બતાવે છે.

સૂર્ય રેખાવાળા મનુષ્યને સૂર્યની આંગળીનો ત્રીજો વેઢો લાંબો હોય તો તેઓ નાટક, સિનેમા, કલાગૃહ કે ટીવી વિડીયોમાં મનોરંજન કરી પૈસા કમાય છે. આ લોકો સિને કલાકાર કે ટીવી કલાકાર તરીકે આગળ આવે છે. અને સૂર્યની આંગળીનો બીજો કે ત્રીજો વેઢો લાંબો અને ભરાવદાર હોય તો તેઓ સારા સંગીતકાર કે ડાન્સર થઈ શકે છે.



આકૃતિ-૬૨

૪.તુટક ભાગ્યરેખા.

પ.છીછરી સૂર્યરેખા.

(જુઓ આ. નં. ૬૨ [પ]) સાંકળ–સાંકળ વાળી કે છીછરી સૂર્ય રેખાવાળા માણસમાં કાર્યશકિતનો અભાવ હોય છે, બીજા ઉપર આધાર રાખનારા હોય છે. અને ઘણીવાર બીજાની નકલ કરીને જીવન ગુજારતા હોય છે.

(જુઓ આ. નં. ૬૨ [પ]) જો સૂર્યરેખા સળંગ ન જતાં હાથમાં આછી પાતળી થતી હોય તો આવા મનુષ્યો એકધારુ કાર્ય કરી શકતા નથી અને ઘણીવાર આળસુ બનીને જીવન બરબાદ કરી નાખે છે.

(જુઓ આ. નં. ૬૨) વાંકી–ચૂકી સૂર્ય રેખાવાળા મનુષ્યો અસ્થિર મગજ અને અસ્થિર વૃત્તિના હોય છે. આ લોકોમાં આત્મવિશ્વાસ હોતો નથી. ચારેબાજુથી કમાણી કરવામાટે બધેજ દોડા–દોડ કરે છે. અને પોતાની શકિતનો વ્યય કરી કોઈપણ ધંધામાં કમાઈ શકતા નથી

સૂર્ય રેખા ઉપર ટાપુની નિશાની હોય તો જીંદગીમાં મુશ્કેલી અને પરાજય બતાવે છે.



આકૃતિ-૬૩

૧.સૂર્યની આંગળી મોટી છે.

૨.શનીની નાનીઆ.

૪.ભાગ્યરેખા

પ.સારી સૂર્યરેખા.

૬.✻ તારો.

(જુઓ આ. નં. ૬૩) સૂર્યરેખાવાળાની સૂર્યની આંગળી શનિની આંગળી જેટલી લાંબી હોય તો આ લોકો વગર વિચાર્યે સટ્ટામાં ઝંપલાવે છે. અને જીવનમાં કાં આ પાર કાં ઉસ પાર વૃત્તિ રાખે છે પરંતુ આવા લોકોને ગુરૂ અને બુધનો પર્વત ભરાવદાર હોય આયુષ્ય, મસ્તક, હૃદય અને ભાગ્યરેખા સુંદર હોય તો આ લોકો અચાનક લખોપતિ કે કરોડપતિ બની જાય છે. પરંતુ ઉપર જણાવેલી બાબત પ્રમાણે કોઈપણ એકાદ ગૃહ કે રેખા નબળી હોય તો અચાનક ધન ગુમાવીને કરોડપતિમાંથી ભીખારી થઈ જાય છે.

(જુઓ આ. નં. ૬૩ [૬]) જો સૂર્ય રેખાના અંતમાં સૂર્યના પર્વતની પાસે તારાની નિશાની હોય તે મનુષ્ય શાંત ચિત્તવાળો, ચિત્રકાર, કવિ, લેખક, નટ, કલાકાર કે શિલ્પી થઈને જીવનમાં ચારે બાજુથી ધન અને માનની પ્રાપ્તિ કરશે.

(જુઓ આ. નં. ૬૩ [૬] સૂર્ય રેખાની શરૂઆતમાં અને અંતમાં બન્ને વખતે જ્યારે તારાની નિશાની હોય તો તેઓ આજીવન ધન, માન, કિર્તિ, આબરૂ, સુખ અને વૈભવ જીંદગી ભર ભોગવશે. જો એકથી વધારે સૂર્ય રેખા હોય તો એક કરતાં અનેક ધંધામાં સફળતા બતાવે છે. અને સુખી થાય છે. સૂર્ય રેખાને અંતમાં ત્રિશુળની નિશાની હોય તો તે સુખી જીવન અને આબરૂ ભર્યું જીવન વિતાવશે.

સૂર્ય રેખા સારી હોય પણ હથેળીમાં ઉંડાણ વધારે હોય તો આ લોકો ધારેલ પ્રગતિ કરી શકતા નથી અને ઘણીવાર આવા લોકો ચોર કે પાખંડી હોય છે.



આકૃતિ-૬૪
૫. શુક્રમાંથી સૂર્યરેખા.
૬. સૂર્યરેખા નીચે ચોરસ.

(જુઓ આ. નં. ૬૪) શુક્રના પર્વત પરથી નિકળતી સૂર્ય રેખા કોઈના પણ પ્રેમને લીધે જીવનમાં પ્રગતિ બતાવે છે.

સૂર્ય રેખાઓ તુટેલી હોય અથવા કાપાની હોય તો મુશ્કેલી બતાવે છે.

(જુઓ આ. નં. ૬૪ [૬] સૂર્ય રેખાના છેડે ચોરસની નિશાની હોય તો તે મનુષ્ય ગમે તેવી મુશ્કેલી માંથી બચી જાય છે.



આકૃતિ-૬૫.
૫. સૂર્યરેખા ગુરુના પર્વત પર.
૬. સૂર્યરેખા શનિપર.
૭. સૂર્યરેખા બુધપર.

(જુઓ આ. નં. ૬૫ [૫]) સૂર્ય રેખામાંથી એક રેખા નિકળીને ગુરૂના પર્વત તરફ જતી હોય તો તે માણસ સત્તાશાળી અને લોભને વશ થઈને પૈસા ભેગા કરે છે.

(જુઓ આ. નં. ૬૫ [૬]) સૂર્ય રેખામાંથીએક રેખા નિકળીને શનિના પર્વત પર જતી હોય તો આ લોકોને જમીન, ખાણ કે ખનીજ પદાર્થોથી અતિશય લાભ થાય છે

(જુઓ આ. નં. ૬૫ [૭]) સૂર્ય રેખામાંથી એક રેખા નિકળી બુધના પર્વત પર જાય તો વેપારી બુદ્ધિથી અતિશય ધન કમાય છે.

(જુઓ આ. નં. ૬૫) સૂર્યની રેખામાંથી એક શાખા શનિના પર્વત પર જાય અને બીજી શાખા બુધના પર્વત પર જાય તો આવા લોકો પોતાની વ્યાપાર બુદ્ધિથી ધંધામાં જમીન,

મિલ્કત કે મકાનમાં પૈસા રોકીને અતિશય પૈસાવાળા થાય છે. માટેજ સૂર્યની રેખાવાળી વ્યકિતઓ સૂર્યની જેમ પોતાનું જીવન પ્રકાશમય બનાવીને જીંદગી જીવી જાણે છે.

સૂર્ય રેખા ઉપર ચીપીયાની નિશાની હોય તો ઘણી મહેનત પછી આબરૂ અને ધન મળે છે.

સૂર્ય રેખા ઉપર તારાની નિશાની હોય તો મિત્રો દ્વારા ધન લાભ થાય છે. અને સૂર્ય રેખા ઉપર ટપકાની નિશાની હોય તો તે મનુષ્ય ધર્મિષ્ઠ અને સદ્‌ગુણી થાય છે.

સૂર્ય રેખા તુટેલી હોય તો નુકશાની કરાવે છે. સૂર્ય રેખા અને મસ્તક રેખાના સંગમ સ્થાને ટપકાની નિશાની હોય તો આંખના દર્દો થાય છે.

(૧૯) આરોગ્ય રેખા

આરોગ્ય રેખાને બુધની રેખા પણ કહેવામાં આવે છે. અને આ રેખા આત્મબળની પણ રેખા કહેવાય છે.



આકૃતિ-૬૬
૧.આરોગ્યરેખા.
૨.ચવની નિશાની.
૩.✱ તારો.

(જુઓ આ. નં. ૬૬) આયુષ્ય રેખા મસ્તક રેખા અને આરોગ્ય રેખા આ ત્રણે રેખાઓનો સંગમ થતો હોય તો અને આ ત્રિકોણ હથેડીમાં જેટલો મોટો દેખાતો હોય તે મનુષ્ય ઘણોજ પૈસાવાળો થાય છે. આવાં લોકો વિશાળ હૃદયના હોય છે. અને જો ત્રિકોણ નાનો હોય તો એ લોકો સુખી પણ સંકુચિત વિચારના હોય છે.

(જુઓ આ. નં. ૬૬ [૧]) આરોગ્ય રેખા હોવી એજ શરીરમાં બિમારી બતાવે છે. આ રેખા ન હોય તો શરીર તંદુરસ્ત બતાવે છે. અને આરોગ્ય રેખા હોવાથી શરીરમાં અવાર-નવાર રોગો બતાવે છે. વાંકી-ચુકી આરોગ્ય રેખા શરીર નબળુ રાખે છે. અને ઘણીવાર આ લોકો વિશ્વાસઘાતી પણ નિકળે છે. આરોગ્ય રેખા તુટેલી હોય તો પાચન શકિત નબળી પડે છે અને સાંકળવાળી હોય તો માથાનો દુઃખાવો આપે છે. આ રેખા ઉપર ટપકાની

નિશાની હોય તો એ પાકો ચોર હોય છે.

(જુઓ આ. નં. ૬૬ [૨]) આરોગ્ય રેખા ઉપર વર્તુળ કે ચોકડીની નિશાની હોય તો જીવનમાં ઘા વાગે છે. અને આ રેખા ઉપર યવની નિશાની હોય તો ઉંઘમાં બબડે છે. અને સ્ત્રીઓના હાથમાં આરોગ્ય રેખા ઉપર તારાની નિશાની હોય તો એને સુવાવડના સમયે અધિક દુઃખાવો રહે છે.

સાંકળ—સાંકળવાળી આરોગ્ય રેખાવાળા મનુષ્યો અનેક રોગોથી પીડાય છે અને ખાસ કરીને પાંડુ રોગથી પીડાય છે.

સાપોલીની જેમ વાંકી—ચુકી જતી આરોગ્ય રેખાવાળી વ્યકિત કાયમ સાજી માંદી રહ્યા કરે છે.

આરોગ્ય રેખા ઉપર તારાની નિશાની મૃત્યુ તુલ્ય દર્દ આપે છે. અથવા મૃત્યુ આપે છે.

આછી પતાળી આરોગ્ય રેખા અપચો અને પીત્તની બિમારી બતાવે છે. અને કોઈકવાર મગજે લોહી ચડી જવાનો રોગ થાય છે.



આકૃતિ-૬૭
૧. તુટક આરોગ્યરેખા
૨. યવની નિશાની

(જુઓ આ. નં. ૬૭ [૧]) કફ પ્રકૃતિ વાળા મનુષ્યોને આરોગ્ય રેખા ખરાબ હોય, કપાતી હોય તો આ લોકોને હૃદય રોગ અથવા ફેફસાના રોગ લાગુ પડે છે. આરોગ્ય રેખા બુધના પર્વતમાંથી નિકળી અને આયુષ્ય રેખાને કાપી આગળ વધે તો બિમારી ભોગવીને જ્યાં આગળ રેખા કપાય છે. એ ઉંમરે મૃત્યુ પામે છે. આ રેખા ઉપર જ્યાં જ્યાં ડાઘની નિશાની હોય અથવા તો જે સમય દરમ્યાન મસ્તક રેખા અને હૃદય રેખાને કાપે તે સમયે નાના મોટા રોગો થાય છે. અને મસ્તક રેખા પાસે ચોકડીની નિશાની હોય તો નબળી આંખો અથવા રતાંધળાં પણ સૂચવે છે.

(જુઓ આ. નં. ૬૭ [૨]) આરોગ્ય રેખા ઉપર યવની નિશાની શ્વાસ નળીમાં સોજો લોહીનું પરિભ્રમણ ઓછુ, ટી.બી. અથવા ફેફસાંના રોગો બતાવે છે. આ રેખા લાલાસ પડતી હોય તો લોહીમાં ગરમીનું પ્રમાણ વધારે બતાવે છે. વાંકી–ચુકી અને તુટેલી આરોગ્ય રેખા હૃદયની બિમારી અને ગુદાની બિમારી અને ચીડીયો સ્વભાવ બતાવે છે.



આકૃતિ-૬૮
૧. ઉંડી અને લાલ આરોગ્યરેખા.
૨. ◊ યવ.

(જુઓ આ. નં. ૬૮]૧] આરોગ્ય રેખા મસ્તક રેખા અને હૃદય રેખાની વચ્ચે ઉંડી અને લાલાસ પડતી હોય તો આ લોકોને હિસ્ટેરિયા, મૂર્છા, ઉન્માદ અને પક્ષઘાત અથવા લકવાની બિમારી બતાવે છે. સ્પષ્ટ અને ચોખ્ખી આરોગ્ય રેખા સારી યાદ શકિત અને ધંધા માટે સારી યોગ્યતા બતાવે છે. આ રેખા ઉપર યવની નિશાની ક્રોસ નિશાની ભવિષ્યમાં થનારા રોગોનું સૂચન કરે છે. કોંઈ મોટી રેખા આરોગ્ય રેખાને કાપી જતી હોય તો થયેલો રોગ જલ્દી મટતો નથી અંતે કોઇકવાર જીવલેણ નિવડે છે.

આરોગ્ય રેખા મસ્તક રેખા પાસે પૂર્ણ થતી હોય તો આવા મનુષ્યોએ અતિશય કામકાજ ન કરવું જોઇએ અથવા પોતાની શકિત બહારનું કામ ન કરવું જોઇએ નહિ તો ઘણી વાર નરવસ જેવા રોગ થાય છે. આ રેખામાંથી એક શાખા નિકળીને આયુષ્ય રેખાને અડતી હોય તો અસાધ્ય રોગ પણ થાય છે.

(જુઓ આ. નં. ૬૮ [૨]) આરોગ્ય રેખા અને મસ્તક રખાના અંતમાં યવની નિશાની હોય તો નબળા ફેફસા, ન્યુમોનિયા અને ટાઈફોઇડ થાય છે. અને મસ્તક રેખા, હૃદય રેખાના છેડે યવની નિશાની હોય તો નાક અને ગળાના રોગો બતાવે છે.

આરોગ્ય રેખા તુટેલી હોય અને શનિનો પર્વત મજબૂત હોય તો આલોકોને દાંતના રોગો થાય છે. આરોગ્ય રેખા ફકત મસ્તક રેખા અને હૃદય રેખાની વચમાંજ હોય તો મસ્તક સંબંધી રોગ બતાવે છે. આ રેખા બારીક અને સીધી હોય તો આ લોકો દયા વગરના હોય છે. આ રેખાને નાની નાની રેખાઓ કાપતી હોય તો એસિડિટીના લીધે માથાના રોગો થાય છે.

(૨૦) લગ્ન રેખા



આકૃતિ-૬૯
૧. સારી લગ્નરેખા.

(જુઓ આ. ૬૯ [૧]) લગ્નરેખા હાથમાં ઘણીજ નાની હોવા છતાપણ જીવનમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. આ રેખાથીજ બે આત્માઓનું મિલન અથવા સ્ત્રી-પુરૂષના લગ્ન થાય છે. આ રેખા હૃદય રેખાની ઉપર અને બુધના પર્વતની નીચે હોય છે. કોઈક વાર આ રેખા એક, બે કે ત્રણ પણ હોય છે. પણ મહત્વતો હૃદય રેખાની નજીકની રેખા ને અપાય છે. લગ્ન રેખા પાતળી, નાની, ડાઘ વગરની અને સુંદર હોય અને હૃદય રેખાની નજીક હોય તો ૧૮ થી ૨૨ વર્ષની ઉંમરમાં લગ્ન થઈ જાય છે. આ રેખા હૃદય રેખાથી દૂર હોય એટલે કે બુધના પર્વત અને હૃદય રેખાની બરાબર વચમાં હોય તો ૨૨ થી ૨૮ વર્ષ ની ઉંમરમાં લગ્ન થાય છે. અને લગ્ન રેખા હૃદય રેખાથી એકદમ દૂર અને બુધના પર્વતની પાસે હોય તો લગ્ન જીવન ૩૦ થી ૪૫ વર્ષની આસપાસમાં થાય છે.

આ રેખા ઉપરથી જીવન સાથી કેવો મળશે ? લગ્ન જીવન સુખ અને શાંતિ ભર્યું જશેકે નહિં કે છુટાછેડા આવશે અથવા તો લગ્ન પછી પણ બીજે લફરા કે અન્ય સંબંધો થશે કે નહિ તે દર્શાવે છે.

આ રેખા જેટલી સુંદર સ્પષ્ટ અને ડાઘવગરની લાલસ પડતી હોય તો લગ્ન જીવન સુખી અને આનંદી થાય છે. આ લોકોને એક બીજા માટે અતિશય પ્રેમ પણ રહે છે. જો આ રેખા ડાઘવાળી કે તુટેલી હોય તો લગ્ન જીવન તુટવાનુ કે બગડવાનું થાય છે. અને લગ્ન જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવે છે.



આકૃતિ-૭૦
૧. હૃદયરેખાને અડતી લગ્નરેખા.
૨. સૂર્યરેખાનેકાપતી લગ્નરેખા.
૩. ||| કાપતી લગ્નરેખા.

(જુઓ આ. ૭૦ [૧]) લગ્નરેખા આગળ વધીને હૃદય રેખાને અડતી હોય તો આ લોકોના જીવનમાં સ્ત્રી-પુરૂષને કાયમ ઝઘડા થતા હોય છે અને ઘણી વાર છુટાછેડા પણ લેવા પડે છે. આવી રેખા જો સ્ત્રીઓના હાથમાં હોય તો તેને દારૂડિયો પતિ મળે છે અને કજિયા કંકાસથી જીવન બરબાદ થઈ જાય છે. અને આ રેખા હૃદય-રેખાને કાપતી હોય તો છુટાછેડાનો પ્રસંગ બને છે.

(જુઓ આ. ૭૦ [૨]) લગ્નરેખા આગળ વધીને સૂર્યરેખાને કાપતી હોય તો પતિ પત્ની વચ્ચે વેરભાવ, ઈર્ષા અને ઝઘડા થયા કરે છે.

(જુઓ આ. ૭૦ [૩]) લગ્નરેખામાંથી ઘણી નાની રેખાઓ નિકળીને હૃદય રેખાને કાપતી હોય તો તે મનુષ્યની સ્ત્રી કાયમ બિમાર રહે છે અને બિમારીમાંજ મૃત્યુ પામે છે.

લગ્નરેખા આગળ વધીને બુધના પર્વત પર વળતી હોય તો આ લોકોના લગ્ન થતાં નથી અને જીવન ભર કુંવારા રહે છે.



આકૃતિ-૭૧.

૧. લગ્નરેખા.
૨. અંગુઠાના મુખમાંથી નીકળતી રેખા.

(જુઓ આ. ૭૧ [૨]) અંગુઠાના મૂળમાંથી કોઇ એક રેખા નિકળીને લગ્ન રેખાને કાપીને બુધની આંગળી પાસે જતી હોય તો તે પોતાના જીવન સાથીની હત્યા કરે છે. આ રેખા સર્પજિહ્વાકાર હોય તો મોટી ઉંમરે લગ્ન થાય છે અને બંને વચ્ચે ઝગડા થયા કરે અને આજ રેખા આ પ્રમાણે બુધની આંગળી તરફ વળેલી હોય તો તે પર સ્ત્રીમાં ફરનારો, વ્યભિચારી અને જો આ રેખા સ્ત્રીના હાથમાં હોય તો તે પર પુરૂષોમાં ફરનારી થાય છે અને ઘણી વાર પોતાના પ્રેમીને માટે થઇને પોતાના પતિને ઝેર આપે છે. આ રેખા ઉપર ચોકડીની નિશાની નિષ્ફળ લગ્ન જીવન બતાવે છે. આ રેખા ઉપર જાળીની નિશાની હોય તો તે પુરૂષ વિધુર બને છે. આ રેખા ઉપર ત્રિશૂળની નિશાનીવાળા માણસ વેશ્યાગામી અને ખરાબ કર્મ કરનારા થાય છે.

સ્ત્રીના હાથમાં લગ્નરેખા સારી હોય, પગનો અંગુઠો બીજી આંગળી કરતાં સાધારણ મોટો અને અણીદાર હોય તેવી સ્ત્રીઓ પતિને ઘણીજ વ્હાલી હોય છે અને હંમેશા તેને માનપાન મલ્યા કરે છે.

લગ્નરેખા નીચેની બાજુ વળેલી હોય તો બંને જણાને ઘણા સમય સુધી વિયોગ રહે છે અથવા એક જણનું મૃત્યુ થાય છે.



આકૃતિ-૭૨

(જુઓ આ. ૭૨) હૃદય રેખા ગુરુ અને શનિના પર્વતની વચમાં જતી હોય અને લગ્નરેખા હૃદય રેખાની નજીક હોય તો એ લાગણીશીલ અને પ્રેમાળ સ્વભાવને લીધે બીજાના પ્રેમમાં પડે છે. અને આ લોકોનો પહેલો પ્રેમ નિષ્ફળ જાય છે અને બીજા પ્રેમથી લગ્ન થાય છે અથવા વડીલોની સંમતિથી લગ્ન થાય છે પરંતુ આ લોકોનું લગ્ન જીવન પ્રેમાળ અને સુખી થાય છે. પણ ઘણીવાર આ લોકો પોતાના પહેલા પ્રેમીને પણ ભૂલી શકતા નથી.

(જુઓ આ. ૭૨ (×) લગ્ન રેખા સારી અને સુંદર હોય અને જે સ્ત્રીનો હાથ સુંદર અને કોમળ હોય, આંગળીઓમાં ચક્રની નિશાની હોય, ગુરુના પર્વત પર ચોકડીની નિશાની હોય, શરીરમાં તલની નિશાનીઓ હોય, ગાલમાં ખાડા પડતા હોય તો તે સ્ત્રીનો અતિશય ગરીબ કુટુંબમાં જન્મ થયો હોવા છતાં પણ તે સ્ત્રી અતિ ધનવાન થાય છે. સારો અને સુખી પતિ મળે છે અને સુખ વૈભવ ભોગવવા છતાં પણ તેનામાં અભિમાન આવતુ નથી. અનુભવથી જોવામાં આવ્યુ છે કે જે સ્ત્રી પુરૂષને દાઢીમાં ખાડો પડતો હોય તો તેને પ્રેમાળ સાસુ મળે છે અને જે સ્ત્રીને ગાલમાં ખાડા પડતા હોય તે પોતાના પતિને અતિશય વ્હાલી હોય છે.



આકૃતિ-૭૩.

(જુઓ આ. નં. ૭૩) જે સ્ત્રી પુરૂષને હૃદય રેખા સાંકળ વાળી હોય, અંગુઠો પાછળ વળતો હોય અને લગ્નરેખા એક કરતાં વધારે હોય તો આ લોકો લગ્ન પહેલાં બીજી વ્યકિતઓ સાથે પ્રેમ સંબંધમાં આવતા હોય છે અને પ્રેમમાં નિષ્ફળ જઈને બીજે ગમે ત્યાં લગ્ન કરી નાખે છે. (જુઓ આ. નં ૭૨ (×) જે સ્ત્રી પુરૂષના હાથમાં લગ્નરેખા સારી હોય, હૃદય રેખા ગુરૂ અને શનિના પર્વત પાસે જતી હોય અને ગુરૂના પર્વત પર ચોકડીની નિશાની હોય તો આવા લોકો પ્રેમ લગ્ન અથવા તો પોતાની ઈચ્છા મુજબના લગ્ન કરે છે.

જે પુરૂષના હાથમાં લગ્નરેખા વળીને હૃદય રેખાને અડતી હોય તો તેની પત્ની

અધવચ્ચેજ મૃત્યુ પામે છે અને લગ્ન રેખા ઉપરના ભાગમાં વળાંક લેતી હોય તો લગ્ન મોડા થાય છે. અથવા લગ્ન થતાં અટકી જાય છે.

આકૃતિ -૭૪.

(જુઓ આ. ૭૪) કોઈપણ સ્ત્રી પુરૂષના હાથમાં લગ્નરેખા ચિપિયાવાળી હોય અને હાથમાં શુક્ર મંગળના પર્વત ખરાબ હોય, આંખોના બહારના ભાગમાં કાળાશ દેખાતી હોય, હૃદય રેખા ઉપર અશુભ નિશાની હોય તો આવા લોકો લગ્ન પહેલાં ગમે તેવા સ્ત્રી પુરૂષોના સંબંધમાં આવી જાતિય જીવન ભોગવીને મુશ્કેલીમાં મુકાય છે. અને આ લોકોના ચંચળ મન હોવાથી વાસનામય અને વિલાસી જીવન વિતાવે છે. અને જો શુક્રનો પર્વત અતિશય ખરાબ હોય અથવા જાળી કે તારાની નિશાની હોય તો આ લોકોને ગરમીને લગતા રોગો થાય છે. અને આવી છોકરીઓના ૩૦ થી ૩૫ વર્ષ થવા છતાં પણ લગ્ન થતાં નથી.

(જુઓ આ. નં. ૭૪) લગ્નરેખા આગળથી ચિપિયાવાળી અને સાધારણ વાંકીચૂકી હોય તો આ લોકોનું લગ્નજીવન ઝઘડાળુ, કલેશમય અને નાની નાની બાબતોમાં વાંધા પડવાથી લગ્ન જીવનમાં છુટા છેડાના પ્રસંગો બને છે. જે સ્ત્રીની પગની આંગળીઓ અતિશય વાંકી ચૂકી હોય તો તેવી સ્ત્રીઓ પતિના મૃત્યુ બાદ વ્યભિચારિણિ બને છે. જે સ્ત્રીના હાથમાં રેખાઓ સારી હોય પરંતુ પગની આંગળી ટુકી અને ચપટી હોય તો ગરીબાઈ અને દાસી પણું ભોગવે છે. જે સ્ત્રીના સ્તન ઉપર વાળ હોય તો સારા લગ્ન થયા પછી પણ તરત વિધવા બને છે. પણ આવું ભાગ્યેજ જોવામાં આવે છે.

આકૃતિ-૭૫



(જુઓ આ. નં. ૭૫) જે પુરૂષના હાથમાં બે ત્રણ લગ્ન રેખા હોય શુક્રના પર્વત પર જાળી હોય અને એમાંથી અમુક રેખા નિકળીને બુધના પર્વત પાસે જતી હોય આવા લોકો પોતાની પત્ની હોવા છતાં પણ રખાત રાખે છે અથવા બીજી સ્ત્રીઓ સાથે સબંધ રાખે છે. જે સ્ત્રી પુરૂષોના હાથમાં ગુરુનો પર્વત દબાયેલો હોય શુક્રનો પર્વત ઉપસેલો જાળીવાળો અને ઘણી રેખાઓવાળો

હોય તો આ લોકો લગ્ન પછી પણ બીજા સ્ત્રી પુરૂષો સાથે વાશનામય સંબંધ રાખતા હોય છે અને આ લોકો ઘણી વાશનાવૃત્તિવાળા હોય છે.

જે સ્ત્રીઓના હાથમાં મસ્તક રેખા વળીને ચંદ્રના પર્વત પર જતી હોય, હૃદય રેખા વળાંકવાળી હોય, અંગુઠો પાછળના ભાગમાં વળતો હોય તો આવા સ્ત્રી પુરૂષો એક બીજાના પ્રેમમાં આવવા છતાં પણ પોતાનો પ્રેમ પ્રગટ કરી શકતા નથી આ લોકોનો પ્રેમ નિર્દોષ હોય છે. અને જેને પ્રેમ કરે છે એને કહી ન શકવાથી એને બીજાઓ સાથે લગ્ન કરવા પડે છે.

(જુઓ આ. નં. ૭૫) જે સ્ત્રીના હાથમાં લગ્ન રેખા બરાબર ન હોય શુક્ર અને મંગળનો પર્વત બરાબર ન હોય અને પગની છેલ્લી આંગળી જમીનને અડતી ન હોય એટલે કે ઊચી રહેતી હોય તો તેવી સ્ત્રીઓને બેથી ત્રણ વખત લગ્ન થાય છે. છતાં પણ તે ખરાબ અને વ્યભિચારી જીવન વિતાવે છે. ઘણીવાર સ્ત્રી અને પુરૂષના હાથમાં અમુક રેખાઓ સરખીજ હોય છે એટલે કે બંનેના હાથમાં હૃદયરેખા સરખી હોય છે. ગુરૂ, મંગળ અને શુક્રના પર્વત સારા અને સરખા હોય છે. તો આવા લોકો એક બીજાને પહેલી નજરેજ જોતાં ગમી જાય છે અને એ લોકોને પહેલી નજરેજ એમ લાગે છે કે એક બીજાથી ઘણા પરિચિત હોવા જોઇએ અને ધીરે ધીરે મુલાકાતો વધતાં પ્રેમ વધે છે અને પછી લગ્ન કરે છે.



આકૃતિ-૭૬

(જુઓ આ. નં. ૭૬) જો લગ્નરેખા બુધના પર્વતની નજીક હોય અને તેને એક રેખા કાપતી હોય તો આ લોકો ઉંમર લાયક થવા છતાં પણ ગમે એટલા છોકરા છોકરી જોવા છતાં પણ, આ લોકોને સગાઈની વાતો ચાલવા છતાં પણ ૩૨ કે ૩૫ વર્ષ સુધી લગ્ન થતાં જ નથી. અને છેવટે જેવુ મળે તેવુ અથવા તો બીજવર પસંદ કરીને લગ્ન કરવા ખાતર જ પરણી જાય છે. જેના લગ્ન રેખાના છેડામાં યવની નિશાની હોય તો આવો લોકો લગ્ન પછી પણ ગુપ્ત રોગથી પીડાતા હોય છે. આવી યવવાળી લગ્ન રેખા સ્ત્રીઓના હાથમાં હોય તો આ લોકોને માસિકની અનિયમિતના, અતિશય દુઃખાવો અથવા વધારે કે ઓછુ માસિક આવવું અને પેઢુ ને લગતા દર્દો જાય છે. અને આજ રેખામાં હૃદય રેખા સાંકળવાળી હોય અને હાથમાં ઘણી રેખાઓ એક બીજાને કાપતી હોય તો આવી સ્ત્રીઓ મોટી ઉંમરે

માસિકમાં આવે છે.

લગ્નરેખાની શરૂઆતમાં યવની નિશાની હોય તો પરસ્પર વિયોગ બતાવે છે. અને લગ્નરેખાના અંતમાં યવની નિશાની હોય તો વૃધ્ધાવસ્થામાં પુરૂષ સ્ત્રીનો ત્યાગ કરે છે.

આકૃતિ-૭૭

(જુઓ આ. નં. ૭૭) જે પુરૂષને લગ્નરેખા ઉપર તારાની નિશાની હોય તો તેની પત્નીને સુવાવડના સમયે અતિશય પ્રશ્રવ વેદના થાય છે અને અચાનક મૃત્યુ પણ થાય છે.

લગ્નરેખા સૂર્ય રેખાની નજીક પહોંચતી હોય અને લગ્નરેખા ઉપર તારાની નિશાની હોય તો આવા પુરૂષ પરણેલી સ્ત્રીના પ્રેમમાં આવે છે અને પરણેલી સ્ત્રી હોય તો બીજા પરણેલા પુરૂષના સબંધમાં આવે છે. પરંતુ આ લોકોની પ્રેમ કે તે લોકોની વાતો જાહેરમાં આવતી નથી અથવા બીજા લોકો જાણતા નથી અને એ લોકોની વાતો ગુપ્ત રહે છે.



આકૃતિ-૭૮

(જુઓ આ. નં. ૭૮) જે સ્ત્રીને લગ્નરેખાની નીચે નાની નાની રેખા હોય તો તે બિમાર અને રોગીષ્ટ રહે છે જે સ્ત્રીને લગ્નરેખા સારી હોય અને શુક્રનો પર્વત ભરાવદાર હોય અને તેના ઉપર ઝીણી ઝીણી રેખા હોય તો આવી સ્ત્રી વ્યભિચારિણી બનીને બીજા પુરૂષોના સંબંધમાં આવે છે અને જો પુરૂષના હાથમાં હોય તો તે ઘણી સ્ત્રીઓના સંબંધમાં આવી વાશનામય જીવન વિતાવે છે.

જેના હાથમાંથી ચંદ્રના પર્વત પરથી એક રેખા નિકળી ભાગ્ય રેખાને કાપી આગળ જતી હોય અને ત્યાંથી વળાંક લઇને પાછી ભાગ્ય રેખાને અડતી હોય તો તે લોકો ફકત પોતાની વાશના સંતોષવા માટે જ લગ્ન કરે છે આ લોકોનું લગ્ન જીવન સ્વાર્થવાળુ રહે છે. કાયમ એકબીજા માટે અસંતોષ રહે છે. અને લગ્નજીવન નિષ્ફળ જાય છે.



આકૃતિ-૭૯.

(જુઓ આ. નં. ૭૯) જે વ્યક્તિને હાથમાં લગ્ન રેખામાંથી એક સાખા નિકળીને હૃદય રેખાને અડતી હોય, મંગળ શુક્રના પર્વત ખરાબ હોય તો તે લોકો ખુબજ વ્યભિચારી, લંપટ, કુકર્મી અને અકુદરતી મૈથુન કરનારા તથા વેશ્યાગામી બને છે. પુરૂષોનાં ગુપ્ત ભાગ ઉપર તલની નિશાની હોય છે. અને સ્ત્રીઓને ગુપ્ત ભાગ ઉપર તલની નિશાની હોય તો તે વેશ્યા જેવું જીવન વિતાવે છે.

[૨૧] સંતાન રેખા



આકૃતિ-૮૦
૧. સંતાન રેખા.

(જુઓ આ. નં. ૮૦) લગ્ન રેખાની ઉપર જીણી-જીણી ઉભી રેખા હોય તેને સંતાન રેખા કહેવામાં આવે છે. આ રેખાઓ નાની મોટી અને જાડી પાતળી હોય છે. સીધી લાંબી અને મોટી રેખાને પુત્ર રેખા કહેવાય છે. અને નાની રેખાઓને કન્યા રેખા કહેવાય છે. આછી પાતળી કે કપાતી રેખાઓ સંતાનોનો નાશ સૂચવે છે. એથી અખંડ અને મોટી રેખાઓ હોય એટલે પુત્ર સંતાન અને નાની રેખાઓ હોય તો કન્યા સંતાન જો આ સંતાન રેખા વાંકી ચુકી હોય અને અસ્પષ્ટ હોય તો તે સંતાનો રોગીષ્ટ રહે છે. અને સંતાન રેખા સારી હોય તો તે સંતાનો મા-બાપને સુખ આપે છે

જે લોકોના હાથમાં શુક્રનો પર્વત સારો હોય છે. સંતાન રેખા મોટી અને મજબૂત હોય છે એ લોકોને અવશ્ય પુત્ર સંતાનજ પ્રાપ્ત થાય છે. જો સંતાન રેખાની શરૂઆતમાં યવની કે ચિપિયાની નિશાની હોય તો જન્મના બે ત્રણ વર્ષ દરમિયાન બાળકનું સ્વાસ્થ્ય નબળુ રહે છે. સંતાન રેખાની વચ્ચે જો તારાની નિશાની હોય તો તે ઉંમર દરમિયાન ઘાતક નિવડે છે. સંતાન રેખાની નીચે ચિપિયાની નિશાની અને તેની ઉપર તારા કે ડાઘની નિશાની હોય તો થોડો સમય જીવ્યા પછી મૃત્યુ આવે છે. સંતાન રેખા બરાબર ન હોય શુક્રના

પર્વત પર ઝીણી ઝીણી રેખાઓ હોય અને નડતો મંગળ હોય તો વારે ઘડીએ કસુવાવડો, ગર્ભપાત કે જન્મ પછી બાળકનું ઓછુ આયુષ્ય બતાવે છે. જે મનુષ્યના હાથમાં શુક્રનો પર્વત સાંકડો હોય આયુષ્ય રેખા ટુંકી હોય, શુક્રનો પર્વત દબાયેલો હોય તો આવા લોકો નપુસક થાય છે અથવા આવા લોકોને સંતાન હોતા નથી. સંતાન યોગ જોવા માટે સ્ત્રી પુરૂષ બંનેના હાથ જોવા ખૂબ જરૂરી છે. અને ખાસ કરીને સ્ત્રીના બંને હાથ જોવા ખુબ જરૂરી છે.

(૨૨) ચંદ્ર રેખા

ચંદ્ર રેખાથી ભૂતકાળમાં શું બની ગયું, વર્તમાનમાં શું બની રહ્યુ છે અને ભવિષ્યમાં શું બનશે એનો સચોટ ખ્યાલ આવે છે.

(જુઓ આ. નં. ૮૧ [૧]) આ ચંદ્ર રેખા ચંદ્રના પર્વતમાંથી નિકળી અર્ધ વર્તુળાકાર બુધના પર્વત પાસે જાય તો તેઓ ગુપ્ત વિદ્યાના જાણકાર, અંતર જ્ઞાની, અંતઃ સ્ફુર્ણાવાળા, મહાન જાદુગર, યોગી, ત્રિકાળદર્શી અથવા જ્યોતિષ બને છે.

(જુઓ આ. નં. ૮૧) ઘણીવાર ચંદ્ર રેખાવાળી વ્યકિતઓના સ્વભાવમાં અસ્થિરતા વધારે જોવા મળે છે. આવી રેખાવાળી વ્યકિતઓ મુલાયમ સ્વભાવવાળી, તિવ્ર સમાજ શકિતવાળા, સાવધાન, બીજાના આદેશ પ્રમાણે ચાલનારા અને સતેજ હોય છે.



આકૃતિ- ૮૧
૧. અર્ધવર્તુળ ચંદ્રરેખા

(જુઓ આ. નં. ૮૧) ચંદ્રના પર્વત ઉપર ઉભી રેખાઓવાળા પોતાના સ્નેહીઓથી વિરૂદ્ધ કાર્યો કરતા હોય છે. ચંદ્રના પર્વતમાંથી નિકળી એક રેખા બુધના પર્વત પર જાય એ માણુસ દૈવી શકિતના પ્રભાવથી ભવિષ્યવાણી કરી શકે છે. મન મોહન વિદ્યામાં નિપૂર્ણ હોય છે. અને આ લોકો મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.



આકૃતિ-૮૨.
૩.સૂર્યરેખાપર ચંદ્રરેખા. વારસો આપે છે

(જુઓ. આ. નં. ૮૨) ચંદ્રના પર્વતમાંથી નિકળતી રેખા મસ્તકરેખાને અડતી હોય અને ત્યાંથી બીજી રેખાઓની સાખા પણ નીકળતી હોય તો આવા લોકો દુશ્મનોથી ઘેરાયેલા હોય છે. શત્રુઓ દ્વારાજ મૃત્યુ થાય છે. ચંદ્રના પર્વત પરથી એક રેખા નિકળી મસ્તકરેખાને કાપતી ગુરૂના પર્વત પાસે જતી હોય તો તે વ્યકિત સ્વતંત્ર વિચારવાળી અને પોતાનાજ પગ પર આગળ વધનાર હોય છે. ચંદ્રના પર્વત પર નાની નાની રેખા હોય તો તે ગરીબાઈ બતાવે છે. ચંદ્રના પર્વત પર બે આડી રેખા હોય તો તે વ્યક્તિ કુટુંબથી દુર રહે છે અને આ આડી રેખાઓ અશુભ બનાવો બનવાની સૂચના કરે છે. ચંદ્રના પર્વતમાંથી એક રેખા નિકળી ભાગ્યરેખાને અડે તો તેજ વર્ષમાં ઘણો ખર્ચો કરવો પડે છે.

(જુઓ આ. નં. ૮૨ [૩]) ચંદ્રના પર્વત પરથી નિકળતી એક રેખા સૂર્યના પર્વત પર આવતી હોય તો આવા લોકોને વારસો મળે છે.

ચંદ્રના પર્વતમાંથી એક રેખા નિકળીને આયુષ્ય રેખાને મળતી હોય તો આ લોકોના જીવનમાં દેશ પરદેશની ઘણી મુસાફરીઓ લખી હોય છે. અથવા મણિબંધ ઉપર મોટો ત્રિકોણ થતો હોય તો તે લોકોના જીવનમાં પણ ઘણી મુશાફરી હોય છે.

મણિબંધમાંથી એક રેખા નિકળી ચંદ્રના પર્વત પર થઈને મંગળના પર્વત પાસે જાય તો આ લોકોને દરીયાઈ મુશાફરી થાય છે. કોઈપણ પ્રવાસ રેખાને બીજી કોઈ રેખા કાપતી હોય તો તે મુશાફરીમાં નિષ્ફળતા બતાવે છે. પ્રવાસ રેખા ઉપર યવની નિશાની મુશાફરીમાં નુકશાની બતાવે છે.

(૨૩) શુક્ર રેખા અથવા શુક્ર કંકણ

આ રેખાને શુક્ર કંકણ અથવા શુદ્ર મુદ્રિકા અથવા શુક્ર રેખા કહે છે.



આકૃતિ-૮૩
૧. શુક્ર કંકણ.

(જુઓ આ. નં. ૮૩ [૧]) સુંદર અને સોહાગી મનુષ્યના હાથમાં શુક્ર રેખા વિલાસી જીવન બતાવે છે. અશુભ નિશાનીઓવાળા મનુષ્યના હાથમાં શુક્ર રેખા કામી, ક્રોધી, વાત વાતમાં ચિડાઈ જનારા અને વિકારી કામ ક્રીડા બતાવે છે.

(જુઓ આ. નં. ૮૩ [૧]) શુક્ર રેખા અલગ–અલગ વ્યકિતઓના જીવનમાં તેમની પ્રકૃતિ પ્રમાણે અલગ–અલગ ફળ આપે છે. શુક્ર રેખાને કામ ધનુષ્ય રેખા પણ કરે છે. ઘણા લોકો આ રેખાને હૃદય રેખાની સિસ્ટર લાઈન કહે છે. જે વ્યકિતનો હાથ સુંદર અને સારો હોય, હૃદય રેખા સારી અને વળાંક વાળી હોય અને અખંડ શુક્ર કંકણ હોય તો આવા લોકો અતિશય સુખી, ભોગી, સારૂ ખાવા પીવાવાળા અને જીવન જીવવાવાળા હોય છે. સારા શુક્ર કંકણવાળા માણુસો પોતાના પ્રેમમાં તન, મન અને ધનનો ભોગ આપે છે. જે લોકોના હાથ જાડા, બરછટ અને કઠણ હોય, શુક્રનો પર્વત મોટો અને પોચો હોય અને તેમાં અનેક નાની મોટી રેખા આવેલી હોય તો આવા લોકો અતિશય ભોગી અને વિષય વાસનાવાળા થાય છે. આ લોકો પોતાની વાસના સંતોષવા માટે સમાજ કુટુંબ કે દુનિયાની પરવા કરતા નથી શુક્ર કંકણ તુટેલુ હોય અને હાથ બરાબર ન હોય તો ઉગતી જુવાનીમાં તેનુ પરિણામ ખરાબ આવે છે. આ લોકો ૧૬ થી ૨૫ વર્ષની અંદર જાતિય જીવનમાં આવી જઈને પોતાનું જીવન બરબાદ કરી નાખે છે.

આ શુક્ર કંકણ ગુરૂ અને શનિની આંગળીની વચ્ચમાંથી નિકળીને સૂર્ય અથવા બુધની આંગળી પાસે પૂર્ણ થાય છે. આ રેખા સળંગ અને આખી હોય તો આ લોકો વિલાસી, મોજીલા અને સુખ, ભોગવનારા હોય છે.



આકૃતિ-૮૪
૧. સંપૂર્ણ શુક્રકંકણ.

(જુઓ આ. નં. ૮૪ [૧]) શુક્ર રેખા ગુરૂની આંગળી નીચેથી નીકળી છેક બુધની આંગળી સુધી પહોંચે તો આવા લોકો ઉત્સાહી, સારી કલ્પના શક્તિવાળા, કલાકાર બને છે. ઘણીવાર આ લોકો સિનેમાના એક્ટરો, લેખકો તથા સારા કલાકારો બને છે

(૨૪) વિકાર રેખા

વિકાર રેખા ચંદ્રના પર્વતમાંથી નીકળી અર્ધચન્દ્રાકારે શુક્રના પર્વતમાં પૂર્ણ થાય છે. અને આ રેખા આયુષ્ય રેખાને કાપી આગળ વધે તો તે માણસ કામ ક્રિડા વૃત્તિમાં મરણ પામે છે. આ રેખા જે મનુષ્યના હાથમાં હોય છે. તે લોકો સંયમ વિનાના, સંભોગમાં માનનારા અતિશય છટકેલ લંપટ પણાની નિશાની છે. આ લોકોનું ચારિત્ર બિલકુલ સારૂ હોતુ નથી. અને ઘણીવાર સારા નરસાનો વિચાર કર્યા વગર જીવનમાં ભાન ભૂલીને ન કરવાનું કરી બેસે છે. આવી રેખાવાળા સ્ત્રી પુરૂષો પરસ્ત્રી સંભોગનાં પ્રશ્નો, વિકારી સ્વપ્નો વિકારી ઇચ્છાઓ અમલમાં મૂકે છે. ઘણીવાર આ લોકો દારૂડિયા, અફીણી કે ગંજેરી હોય છે, આ લોકોને એક હાથમાં દારૂની પ્યાલી અને બીજા હાથમાં સુંદરી હોય છે. આ વિકાર રેખાના હિસાબે મધુ પ્રમેહનો રોગ નાની જીંદગીમાં થાય છે.

આવી રેખાવાળા પુરૂષો સ્ત્રીના ઈશારે નાચનારા હોય છે. અને સ્ત્રીની ચડવણીથી ગમે તેવા ખરાબ કાર્યો કરતાં પણ અચકાતા નથી.

(૨૫) મંગળ રેખા



આકૃતિ-૮૫.
૧. મંગળરેખા

[જુઓ આ. ૮૫ (૧)] મંગળરેખા શુક્રના પર્વતની અંદર અને આયુષ્ય રેખાની બરાબર સાથે સાથે નિકળે છે અને આને આયુષ્ય રેખાની સિસ્ટર લાઈન પણ કહેવાય છે. કોઈપણ મનુષ્યના હાથમાં આ રેખા હોવી એ વરદાન રૂપ છે. કારણકે આ રેખાથી ગમેતેવી મુશીબત, અકસ્માત, દુર્ઘટના કે રોગમાંથી રક્ષણ આપે છે. આ રેખા આરોગ્યમાં સુધારો કરે છે અને તંદુરસ્ત બનાવે છે

મંગળ રેખા વાળા સ્ત્રી પુરૂષો હાથમાં લીધેલું કોઈપણ કાર્ય આસાનીથી પૂરૂં પાડે છે. મંગળ રેખા જેટલી લાંબી અને સારી હોય તો તે સમયમાં મનુષ્ય વધારે ઉત્સાહથી કાર્ય કરે છે. મંગળ રેખાને નાની નાની રેખાઓ કાપતી હોય તો તેનું આખું જીવન કજીયા કંકાસમાં અને ઝઘડામાં જીવન પૂર્ણ કરે છે.

(૨૬) ગુરુ કંકણ



આકૃતિ-૮૬.
૧.ગુરુ કંકણ.

(જુઓ આ. નં. ૮૬ (૧) આ રેખાનો ઉદય ગુરૂની આંગળી માંથી શરૂ થઈ અર્ધગોળાકારે ગુરુ અને શનિની આંગળીની વચમાંજ પૂર્ણ થાય છે અને આને ગુરુકંકણ અથવા સોલોમન રીંગ કહે છે. જેના હાથમાં ગુરુકંકણ હોય એ લોકોને જ્યોતિષ શાસ્ત્રનું જ્ઞાન, ખગોળ શાસ્ત્રનું જ્ઞાન, આકાશના તારા, નક્ષત્રો કે ગ્રહોનું જ્ઞાન, માનસ શાસ્ત્ર અને બીજી અનેક હૃદય, ગુપ્ત અને ગહન વિદ્યાઓ જાણવાનો શોખ હોય છે. અને હૃદય રેખા અને મસ્તક રેખાની વચ્ચે ચોકડીની નિશાની હોય તો આવા શાસ્ત્રોમાં તેઓ નામના મેળવે છે. અને દરેક કાર્યમાં સિદ્ધિ મેળવે છે.

(જુઓ આ નં. ૮૬) ગુરુ કંકણવાળી વ્યક્તિ ધાર્મિક વિચારની, લાગણી શીલ અને ધર્મ કે સારા માર્ગે પૈસા વાપરનારી હોય છે. ઘણીવાર આ રેખાથી માણસો સાધુ જેવું જીવન પણ ગુજારતા હોય છે.

(૨૭) શનિ કંકણ

શનિકંકણ શનિની આંગળી નીચેજ આવેલું હોય છે. પણ આ કંકણ હાથની અંદર સારુ ગણાતું નથી. આ રેખાવાળા મનુષ્યો અસ્થિર વિચારના, વારંવાર નોકરી કે ધંધો બદલનારા, કોઈપણ કાર્યો પૂરાં ન કરવાવાળા અને ઘણીવાર ગુનાહિત કાર્યો કરવાવાળા થાય છે અને જો હાથમાં અશુભ નિશાની હોય તો આવા લોકોને જેલમાં જવાના યોગ પણ આવે છે.

(૨૮) આંગળીઓ વચ્ચેનું અંતર

આંગળીઓ વચ્ચેના અંતરથી પણ મનુષ્યનો સ્વભાવ અને ભવિષ્ય જાણી શકાય છે. જો અંગુઠો અને ગુરુની આંગળી વચ્ચેનું અંતર વિશાળ હોય તો મનુષ્ય ઉદાર સ્વભાવનો, સ્વતંત્ર અને સ્વછંદી થાય છે. આ લોકો કોઈનો પણ કાબુ સહન કરી શકતા નથી. આવા લોકો બીજાને પરાધીન કે પરવશ બનતા નથી. જો ગુરુ અને અંગુઠા વચ્ચે ઓછી જગ્યા રહેતી હોય, અંગુઠો અક્કડ કે ન વળતો હોય તો આવા લોકો સંકુચિત વિચારના, કંજુસ, સ્વભાવના, વ્હેમીલા અને બીજાના વિશ્વાસે ચાલનારા હોય છે અને ઘણીવાર અતિગુસ્સામાં આવી ન કરવાનું પણ કરી બેસે છે.

ગુરૂની આંગળી અને શનિની આંગળી વચ્ચે અંતર વધારે હોય તો એ લોકો સ્વતંત્ર વિચારના, બીજાના વિચારમાં ન ખોવાઈ જતાં, પોતાના અભિપ્રાય ઉપર મુસ્તાક રહે છે.

સૂર્ય અને શનિની આંગળી વચ્ચે વધારે અંતર હોય તો તેઓ સ્વતંત્ર વિચારના અને પોતાના ભવિષ્ય માટે બેદરકાર રહે છે.

સૂર્ય અને બુધની આંગળી વચ્ચે અંતર વધારે હોય તો આ લોકો સારૂ કર્તવ્ય કરનારા અને ઉત્સાહી બને છે. પણ જો ઓછુ અંતર હોય તો પરાધીન જીવન જીવવાવાળા, જુના રિતરીવાજો ને માનનારા અને જડ ભરત જેવા હોય છે.

શુદ્ધિ–પત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૨૦	ભાવથી	ભાવની
૨	૩	જ્યોતિષ	જ્યોતિમય
૪	૧૭	મિશ્ર, મૃદુ	મિશ્ર, લઘુ, મૃદુ
૫	૨૪	શુભ	લાભ
૧૦	૨૬	પ્રવૃત્તિ પ્રારંભમાં	પ્રવૃત્તિ રાત્રિના પ્રારંભમાં
૨૮	૩	કેતુ–દિ–૧	કેતુ–દિ–૧૮
૨૯	૨૧	વૃષ–મેષ	વૃશ્ચિક–મેષ
૩૨	૧૩	આભ	અભિ
૩૨	૧૪	અ	આ
૪૪	૧૨	વીશશી	વીશમી
૪૫	૧૮	રાશિચષુષ્ક	શશિ–ચતુષ્ક
૫૦	૨	કિંશુગ્ગા	કિંશુગ્ધા
૬૮	ચક્રમાં	શે. પૂ. ઉ	શ. પૂ. ઉ.
૭૫	૧૨	અસ્મ	અસ્સ
૭૮	૧૯	વામપેધ	વામવેધ
૮૦	૧૬	માધ્ય	સાધ્ય
૮૩	૬	૧૧	૩૧
૮૩	૯	કમાન્મીનારાશિનાં	કમાન્મીનાદિરાશિનાં
૮૫	૨	૨૫	૨૨૫
૮૬	૨૨	૨૩૮	૨૭૮
૮૭	૩	૨૨૩	૩૨૩
૮૭	૨૫	૧૫૧૧૨	૧૫૧૨
૮૮	૧	૯૪૩	૯૩૩
૮૮	૧૬	૨૧૨	૮૧૨
૮૯	૧૦	૫૦	૪૦
૮૯	૧૩	૫૦	૪૦
૮૯	૧૪	૨	૧
૮૯	૧૪	૫૧	૫૭

૮૯	૧૫	૧૦	૯
૮૯.	૧૬	૨૪	૩૦
૯૮	૧૮	૨૫	૪૫
૯૮	૩૩	૨૨	૩૦
૯૯	૮	૮૯૩	૧૭૯૩
૧૦૯	૧૧	તથા ઇષ્ટ લગ્નાધિપતિ	તથા આઠમેરકેલ ઈસ્ટ લગ્નાધિપતિ
૧૧૪	૨૩	ક્રુર તર્કરી	ક્રુર કર્તરી
૧૨૩	૨૧	વૃક્ષ	વૃધ્ધ
૧૨૮	૨૦	કેન્દ્ર	કેન્દ્રે
૧૨૯	૨૦	રાહ	રાહુ
૧૩૦	૮	સૂશરિફૂં	મુશરિફૂં
૧૩૩	૨૦	સંસ્તિઃ	સ્થિતઃ
૧૩૬	૧૯	આપે છે.	આવે છે.
૧૩૯	૮	વર્ષની	વર્ગની
૧૪૧	૨૦	પુત્રાર્થરવ્ધાયન્ત્યે	પુત્રાર્થરન્ધ્રાયન્ત્યે
૧૪૨	૨૫	વિણાસેહ	વિણાસેઈ
૧૫૧	૧૧	નૃષભાદિ	વૃષભાદિ
૧૬૫	૬	ગ્રહસ્થ	ગૃહસ્થ
૧૮૨	૨૧	પદો	પદા
૧૮૪	૭	ઝહની	ગહની
૧૮૫	૬	ચા	આ
૧૮૮	૧૪	ઘટિકદ્રયમ્	ઘટિકદ્વાયમ્
૨૦૩	છેલ્લે	×	સંજ્ઞાખંડ સમાપ્ત
૨૧૨	૧૬	ને	તે
૨૧૨	૧૮	સાથયે	સાધયે
૨૧૪	૧૮	પસેલા	પહેલા
૨૧૫	૩	સાતતી	સાતમી
૨૧૫	૧૨	સુદ્ધા	સુહા
૨૧૭	૩	અમે	અને
૨૧૮	૭	લુહોં	લુહાં
૨૧૯	૫	તારાચંદ	નારચંદ
૨૨૧	૨	ઘણિસસણુ	ઘણિસવણુ

૨૨૨	૨૦	તથા	ત્યારે
૨૨૪	૬	પસ્મિ	પશ્ચિમ
૨૩૦	૧	દ્વોરવાળા	દ્વારવાળા
૨૩૩	૬	ગવોઢસ્ત્રી	નવોઢાસ્ત્રી
૨૩૫	૨૨	વેલો	લેવો
૨૩૬	૧૨	વાર	વાર–શનિ
૨૩૭	૧૭	૭–૬	૭
૨૩૯	૫	દાન	દાબી
૨૪૨	૧૩	રવિ	રતિ
૨૪૬	૧૭	ધ્યાનેકર્કસ્તુ	ધ્યાનેડર્કસ્તુ
૨૫૦	૨૧	ષષ્ઠગે	પૃષ્ઠગે
૨૫૩	૭	લંભાઈ	લંબાઈ
૨૫૩	૮	નો	તો
૨૫૬	૨૦	તોવ્યય	તો પ્રદ્યોતવ્યય
૨૫૮	૨૬	વષ	વૃષ
૨૬૦	૧૬	દિશામાંવાસ્તુ	દિશામાં હોય ત્યારે વાસ્તુ
૨૬૩	૨	સુખં	સુખં
૨૬૩	૨૪	વોક	કુવો
૨૬૬	૫	સ્વનક્ષત્રે	સ્વનક્ષત્રે
૨૭૭	૭	વિદ્યાહઃ	વિવાહ
૨૭૯	૧૮	સગ્ધો	વગ્ધો
૨૮૩	૧૮	દેથદાર	દેણુદાર
૨૮૩	૨૭	શ–૭	શ–૮
૨૮૪	૨૩	તક્ષા	તથા
૨૮૫	૧૮	લુહિદ્દકરાઇ	લુદ્ધિકરાઈ
૨૮૯	૩	ભૌમ્યાં	ભૌમાભ્યાં
૩૦૦	૫	અહિના	અહિણા
૩૦૦	૧૪	હીહીહિં	હિણીહીં
૩૧૨	૮	ધર્માધિકામ	ધર્માર્થકામ
૩૧૫	૧૧	ગોચરમાંજ	ગોચર (પૃ–૧૨૬)માંજ

૩૧૮	૩	યોગકારક	યોગ (પૂ.–૧૪૦) કારક
૩૧૮	૭	દુશ્ચિહન	દુશ્ચિરૂહન
૩૧૮	૨૪	પૃ. ૫૮–૫૯	પૃ. ૪૪–૪૫
૩૧૯	૧૮	માત્ર	મંત્ર
૩૨૩	૨૨	શ્રાંદ્ધઃ	શ્રાદ્ધઃ
૩૨૪	૧૩	કુન્ભ	કુમ્ભ
૩૨૫	૧૩	ત્ર્યૈક	ત્ર્યેક
૩૨૭	૨૩	દ્વારમાં	દ્વાર પૃ. ૯૧–૯૨ માં
૩૨૮	૧૫	શિલ્પી	શિલિપ
૩૩૩	૨૦	૩	૨૩
૩૩૪	૧૭	કુગ્ગહઠિઅં	કુરગ્ગહઠિઅં
૩૩૬	૭	ગુણુતા	ગણુતા
૩૩૯	૮	પુ. ભા.	પુ. ષા.
૩૩૯	૮	ઉ. ભા.	પુ. ભા.
૩૪૨	૨	ગ્રહનક્ષત્ર	ગ્રહ જે જે નક્ષત્ર
૩૪૪	૧૦	આગળ નક્ષત્ર	આગળ પૃ. ૭૫ નક્ષત્ર
૩૪૭	૨૨	કહે છે	હોય છે
૩૫૦	૧૪	સર્વગુણોયુક્ષ	સર્વગુણોપેત
૩૫૧	૧૨	તપાસવું	તપાસવું (પૃ. ૩૧૪)
૩૫૫	૫	$૩૯૩૩\frac{૯}{૧૭}$	$૩૯૩૩\frac{૯}{૬૭}$
૩૫૬	૬	ભોણુવતી	ભોગવતી
૩૫૬	૧૧	વૈજયંતી	વૈજયંતી–જયંતી
૩૫૮	૨૨	મુક્ત	ભુક્ત
૩૬૭	૪	૫૯	૫૯
૩૭૩	૨૦	ચંદ્રશ્ય	અદૃશ્ય
૩૭૬	૯	નિચેદૃષ્ઠિ	નિંચદૃષ્ટિ

કેટલાક ઠેકાણે મુદ્રણ દોષને કારણે હ્રસ્વ–દીર્ઘ માત્રા–રેફ–અનુસ્વાર વિસર્ગ જોડાક્ષર તેમજ જે યોગ્ય ન જણાય તે સુધારીને વાંચવું.